Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

(ભાગ-૧૮)

(સ્યાદ્વાદના બોલ-૨ થી ગાથા-૭૬,
શ્લોક-૪૭-૪૮ તથા ૨૪૮ થી ૨૬૩,
પ્રવચન-૫૦૪ થી ૫૩૪)

પ્રકાશક

સ્વ. શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર
(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)
હ : અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



| વિક્રમ સંવંત ૨૦૭૫ | વીર સંવંત ૨૫૪૫ | ઈ. સન ૨૦૧૮ |
|---|---|---|

**પ્રકાશન**

**માગશર વદ ૮, તા.૨૯-૧૨-૨૦૧૮, શનિવાર**

**શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ પદારોહણ દિન**

**પ્રાપ્તિ સ્થાન**

**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**

**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**

**પૂજા ઈમ્પ્રેશન્સ**


ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org





ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫

ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઈન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય.


તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૮ શ્રીમદ્ ભગવત કુંદકુંદાચાર્યદેવ પદારોહણ દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?
વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.

# સ્મરણાંજલિ





અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૫૦૪ | ૧૨–૦૫–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૧–૨ | ૦૦૧ |
| ૫૦૫ | ૧૩–૦૫–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૩ થી ૬ | ૦૧૭ |
| ૫૦૬ | ૧૪–૦૫–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૭ થી ૧૨ | ૦૩૪ |
| ૫૦૭ | ૧૫–૦૫–૧૯૬૮ | સ્યાદ્વાદ બોલ–૧૩–૧૪ | ૦૫૩ |
| ૫૦૮ | ૧૬–૦૫–૧૯૬૮ | ગાથા–૭૨ | ૦૭૦ |
| ૫૦૯ | ૧૭–૦૫–૧૯૬૮ | ગાથા–૭૨ | ૦૮૫ |
| ૫૧૦ | ૧૮–૦૫–૧૯૬૮ | ગાથા–૭૨, શ્લોક–૪૭ | ૧૦૧ |
| ૫૧૧ | ૧૯–૦૫–૧૯૬૮ | શ્લોક–૪૭, ગાથા–૭૩ | ૧૧૮ |
| ૫૧૨ | ૨૦–૦૫–૧૯૬૮ | ગાથા–૭૩ | ૧૩૫ |
| ૫૧૩ | ૨૧–૦૫–૧૯૬૮ | ગાથા–૭૩ | ૧૫૨ |
| ૫૧૪ | ૨૨–૦૫–૧૯૬૮ | ગાથા–૭૩ | ૧૬૮ |
| ૫૧૫ | ૨૩–૦૫–૧૯૬૮ | ગાથા–૭૪ | ૧૮૪ |
| ૫૧૬ | ૨૪–૦૫–૧૯૬૮ | ગાથા–૭૪ | ૨૦૦ |
| ૫૧૭ | ૨૫–૦૫–૧૯૬૮ | ગાથા–૭૪ | ૨૧૬ |
| ૫૧૮ | ૨૬–૦૫–૧૯૬૮ | ગાથા–૭૪–૭૫, શ્લોક–૪૮ | ૨૩૩ |
| ૫૧૯ | ૨૭–૦૫–૧૯૬૮ | ગાથા–૭૫ | ૨૪૯ |
| ૫૨૦ | ૨૮–૦૫–૧૯૬૮ | ગાથા–૭૫ | ૨૬૪ |
| ૫૨૧ | ૨૯–૦૫–૧૯૬૮ | ગાથા–૭૫ | ૨૮૦ |
| ૫૨૨ | ૩૦–૦૫–૧૯૬૮ | ગાથા–૭૫ | ૨૯૬ |

| | | | |
|---|---|---|---|
| ૫૨૩ | ૩૧-૦૫-૧૯૬૮ | ગાથા-૭૫ | ૩૧૧ |
| ૫૨૪ | ૦૧-૦૬-૧૯૬૮ | ગાથા-૭૫-૭૬ | ૩૨૬ |
| ૫૨૫ | ૦૨-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૪૮-૨૪૯ | ૩૪૩ |
| ૫૨૬ | ૦૩-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૪૯-૨૫૦ | ૩૬૦ |
| ૫૨૭ | ૦૪-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૫૧-૨૫૨ | ૩૭૬ |
| ૫૨૮ | ૦૫-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૫૨ થી ૨૫૪ | ૩૯૨ |
| ૫૨૯ | ૦૬-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૫૫-૨૫૬ | ૪૦૮ |
| ૫૩૦ | ૦૭-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૫૭ | ૪૨૪ |
| ૫૩૧ | ૦૮-૦૬-૧૯૬૮ | ગાથા-૨૫૮-૨૫૯ | ૪૪૧ |
| ૫૩૨ | ૦૯-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૫૯-૨૬૦ | ૪૫૫ |
| ૫૩૩ | ૧૦-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૬૦ થી ૨૬૨ | ૪૭૦ |
| ૫૩૪ | ૧૧-૦૬-૧૯૬૮ | શ્લોક-૨૬૩ | ૪૮૬ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧૮)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**વૈશાખ સુદ ૧૫, રવિવાર તા. ૧૨-૫-૧૯૬૮**
**સ્યાદ્‌વાદ બોલ-૧, ૨. પ્રવચન-૫૦૪**

આ સમયસાર અધિકાર છે. સર્વવિશુદ્ધજ્ઞાન. સમયસારનો સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. એમાં અહીંયાં અનેકાંતનો અધિકાર છે. શું કહે છે? દરેક ચીજ વસ્તુએ અદ્વૈત નામ એક હોવા છતાં દ્વૈતપણાનો તેમાં નિષેધ થઈ શકતો નથી. એટલે? દરેક વસ્તુ વસ્તુપણે એક એટલે અદ્વૈત અભેદ છે છતાં પરથી નથી અને સ્વથી છે એવું દ્વૈતપણું એમાં સંભવે છે. દ્વૈતપણું એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? પ્રત્યેક પદાર્થ અદ્વૈત એટલે પોતે વસ્તુ અસંખ્ય પ્રદેશ આદિ જે એક પ્રદેશી છે, અનંત પ્રદેશી આકાશ, પ્રત્યેક પોતાથી અદ્વૈત એટલે એકરૂપ હોવા છતાં તેનું દ્વૈતપણું નિષેધ કરી શકાય એવું નથી. એટલે કે પોતાપણે છે અને પરપણે નથી, એવું બેપણું રહેવું એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? પોતાપણે પણ રહે અને પરપણે પણ રહે એવો વસ્તુનો સ્વભાવ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? ઈ આવે છે, જુઓ!

**'સ્વભાવથી જ બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં...'** આ વિશ્વ ચૌદ બ્રહ્માંડ છે. એ પોતાના સ્વભાવથી ભરેલો છે, કોઈએ કરેલો નથી. છ દ્રવ્ય છે, ભગવાને જોયેલા છ દ્રવ્ય છે. એ છ પ્રકારના સ્વભાવો છે. એવા સ્વભાવથી. ભાષા પહેલી સ્વભાવ ... (લીધી છે). છ પ્રકારના સ્વભાવ એનાથી આ ભરેલો **'બહુ ભાવોથી ભરેલા આ વિશ્વમાં...'** નામ સમસ્ત પદાર્થમાં **'સર્વ ભાવોનું સ્વભાવથી અદ્વૈત હોવા છતાં...'** સ્વભાવથી પોતે પોતાનું એકરૂપ છે. જેનો એક પ્રદેશ હોય તે એક પ્રદેશરૂપ, અસંખ્ય હોય એ અસંખ્યરૂપ અને અનંત હોય એ અનંતરૂપ. એ એકરૂપ વસ્તુ અદ્વૈત છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



‘**છતાં, દ્વૈતનો નિષેધ કરવો અશક્ય હોવાથી...**’ છતાં પરપણે નહિ રહેવું-થવું એવો એનો સ્વભાવ છે. કહો, સમજાણું આમાં? ‘**સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે બન્ને ભાવોથી અધ્યાસિત છે...**’ એટલે બન્ને ભાવો તેમાં રહેલા છે. કહે છે ને? હમણાં પ્રશ્ન ન્યાં ઉઠ્યો હતો. ચંદ્રશેખર. જડની અસર આત્મામાં થાય. આપણે ચર્ચા કરીએ. તમારા સંપ્રદાયના. વિચાર કરીએ, ચર્ચાની ના પાડે છે. ચર્ચાનો બાપ થયોને તો શું થયું? કીધું, અમે કોઈની સાથે ચર્ચા કરતાં નથી. અમારી વાત ત્રણ કાળમાં ફરે એવી નથી. આવ્યા હતા. પ્રેમવિજયના શિષ્ય.

મુમુક્ષુ :- ભાનુવિજયના શિષ્ય.

ઉત્તર :- ભાનુવિજયના? ઠીક. પણ એણે કીધું એમ. .. પ્રેમવિજયના શિષ્ય. જીવા પ્રતાપ છે ને? કરોડપતિ. એના ભત્રીજા. જીવા પ્રતાપના.. પહેલા દિવસે આવ્યા અને સાંજે આવ્યા. અમારે તમારી સાથે વાત કરવી છે. લોકો એમ કહે છે.. અમારે વાંધા ઉઠે છે. કાનજીસ્વામી આમ કહે છે અને તમે આમ કહો છો, એવા પ્રશ્ન મને પૂછે છે. એ.. .. ભાઈ! માટે અમારે તમારી સાથે વાત વિચારવી છે. વાત વિચાર કરીએ. પાંચ-પચ્ચીસ માણસ ભેગા થઈને વિચાર કરીએ. .. ખબર પડે ને. આશ્વાસનના ખોટા જવાબ આપે છે. હજી પ્રશ્ન નીકળ્યો એની મેળાએ. આપણે તો કાંઈ.. જડ અસર કરે છે. અહીં ના પાડે છે. સમજાય છે કાંઈ? જડની અસર આત્મામાં-જ્ઞાનમાં જ્ઞેયની અસર પડે છે. જુઓ! આ ચશ્મા છે તો જણાય. ચશ્મા ન હોય તો જણાતું નથી. એ દાખલો આપ્યો એણે.

મુમુક્ષુ :- દેખાય છે ને.

ઉત્તર :- ધૂળેય દેખાતું નથી. સમજાય છે કાંઈ? કુદરતે પહેલો પ્રશ્ન જ ઈ બોલ્યા. એની મેળાએ, હોં! કીધું, અમે કોઈની સાથે વિચાર કરતાં નથી. અમારી વાત ત્રણ કાળમાં ફરે એવી નથી. તું માન, ન માન અમારે શું છે અહીં?

અહીં ઈ કહે છે, જુઓ! ‘**સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...**’ પ્રત્યેક પદાર્થ પોતાના સ્વરૂપે ટકેલી પ્રવૃત્તિરૂપ છે ‘**અને પરરૂપથી વ્યાવૃત્તિ વડે...**’ પરરૂપથી અભાવ વડે, નિવૃત્તિ વડે ‘**અધ્યાસિત...**’ એટલે રહેલી હોવાથી. દરેક ચીજ. જેમ આત્મા. આ કહે છે, ચશ્માની અસર. બિલકુલ જૂઠ છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા આ જ્ઞાનસ્વરૂપ છે. એ સ્વરૂપે છે અને આ જ્ઞેય સ્વરૂપે નથી. બરાબર હશે? માસ્તર! શું હશે આ? પંડિતો પ્રશ્ન કાઢે છે.

જ્ઞાનસ્વરૂપ છે ને આત્મા-જ્ઞાન. જ્ઞાનરૂપે જ્ઞાન છે અને આ જ્ઞેયરૂપે નથી. આ જ્ઞેય છે, એ જ્ઞેયરૂપે નથી. .. એણે દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ છે અસ્તિ. અને તે ચશ્મા જે જ્ઞેય છે તે પણે નથી. તેથી ચશ્માથી તેમાં જ્ઞાન થાય અને ન હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો અટકે એવું વસ્તુમાં છે નહિ. સમજાય છે? ચશ્મા હોય તો જ્ઞાન થાય ને? ચશ્મા ઉતારી દો. કોણ રાખે છે? રાખે કોણ? કહો, સમજાય છે કાંઈ? વજુભાઈ! ન્યાં ક્યાં હિંમતભાઈ હતા કે એને (કહીએ કે) પંડિતને પૂછો. અરે.. ભગવાન! શું કરે છે લોકો? વળી પાછા એમ કહે, કાનજીસ્વામી આમ કહે છે અને તમે આમ કહો છો. એવા અમને પ્રશ્ન પૂછે છે. માટે અમારે ચર્ચા કરવી છે.

ભાઈ! આ વસ્તુ વાદવિવાદની છે નહિ. એ વસ્તુ જ પોકાર કરે છે એમ અહીં કહે છે. વસ્તુ પોતે પોકાર કરે છે કે સ્વથી છે અને પરથી નથી. એમાં પ્રશ્ન ક્યાં છે એ વાતને. કોઈ પણ સમયના કોઈ પણ કાળમાં, કોઈ પણ પર્યાયને કાળે વસ્તુ જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનથી છે. અને ચશ્મા આદિ અને રાગાદિ જ્ઞેયથી જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? એવી જ વસ્તુની સ્થિતિ છે. એનું નામ અનેકાંત છે. અનેકાંતનો અર્થ એમ નથી કે જ્ઞાન જ્ઞાનથી પણ છે અને જ્ઞાન રાગ અને જ્ઞેયથી પણ છે એ અનેકાંત. એમ નહિ.

મુમુક્ષુ :- એ તો ફૂદડીવાદ છે.

ઉત્તર :- ફૂદડીવાદ છે. પણ તમે નહોતા ત્યાં. ગામમાં હતા, નહિ? ગામમાં તો હતા. સાંજે આવ્યા હતા. પાંચ જણ આવ્યા હતા ને. અરે..! ભગવાન!

મુમુક્ષુ :- ચર્ચા કરવી હોય તો અમે રહી જઈએ.

ઉત્તર :- હા, રહી જઈએ. કહો તો બે દી રહીએ, કહો તો છ દી રહીએ. એમાં છે ક્યાં? કીધું, અહીં કરતા જ નથી કોઈની સાથે. આહાહા..!

ખરેખર તો પરની અસર એટલે જ્ઞેયની જ્ઞાનમાં અસર માનનાર જડપણાના પરિણમનરૂપવાળો છું એમ માને છે. સમજાણું કાંઈ? બરાબર છે? ચંદુભાઈ! જડ એટલે જ્ઞેય. એ જ્ઞાનમાં કાંઈ ફેરફાર કરાવે છે. એટલે આના અસ્તિમાં એનો પ્રવેશ થઈને એને રોકે છે. એનો અર્થ ઈ કે જડપણાના પરિણમનમાં, પરિણમન મારામાં જડનું પરિણમન થઈ જાય છે. એને સ્વતંત્ર પરિણમન છે એની ખબર નથી. સમજાય છે કાંઈ? એ કહે છે, જુઓ!

**'સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવૃત્તિ...'** સમસ્ત એટલે છ દ્રવ્યો. ભગવાને છ દ્રવ્ય કહ્યા તે દરેક. એક રજકણે રજકણ. એ પોતે પરમાણુ સ્વપણે પ્રવૃત્તિ, બીજા પરમાણુપણે નિવૃત્તિ નામ વ્યાવૃત્તિ નામ અભાવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ ભેગા ત્રણ કાળમાં કરતાં નથી. એક રજકણ બીજા રજકણમાં આવીને ભેગું કામ કરતો હશે? ભેગું સમજો છો? સાથે કામ કરે છે એક પરમાણુ બીજી પરમાણુની સાથે? તો પરમાણુ રહી શકતો નથી. એક પરમાણુ પોતાથી પ્રવૃત્તિ અને બીજા પરમાણુથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યાવૃત્તિ-અભાવ. એ રીતે વસ્તુની રહીને ટકી રહી છે. અધ્યાસિતનો અર્થ એ ટકી રહી છે. એમ. એ જ એનો અધ્યાસ છે-એ જ એનો સ્વભાવ છે. કહો, સમજાણું? આ તો મોટો સિદ્ધાંત છે આખો. મોટા વાંધા આમાં.

ન્યાં અધિકાર ચાલતો હતો ૭૫ ગાથાનો. ૨૭૫. નિત્ય કર્મફળચેતનાને અભવી ભોગવે છે. અને નિત્ય જ્ઞાનચેતનાને અભવી શ્રદ્ધતા નથી. એ અધિકાર ચાલતો હતો. એટલે? પ્રશ્ન કેવો ... ચોટીલાવાળાના જમાઈ નહિ? માસ્તર આપણે આવે છે. કેવળચંદભાઈના જમાઈ. આમાં તો નિત્ય જ્ઞાનચેતના કીધી છે. નિત્ય જ્ઞાનચેતના કીધી. નિત્ય જ્ઞાન એટલે આત્માનું ચેતવું એટલે પર્યાયની વાત છે ત્યાં. અભવી એટલે કે... અભવીનો તો દૃષ્ટાંત આપ્યો છે. વ્યવહારના પક્ષવાળા એટલે કે ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ છે એનો જેને સ્વઆશ્રય અને સ્વપક્ષ નથી અને વ્યવહારથી ધર્મ માનનારા વ્યવહારના પક્ષને જ પોતાનું વાસ્તવિક સ્વરૂપ માને છે. એવા અભવી અને અભવી જેવા.

મુમુક્ષુ :- ભવી પણ અભવી જેવા.

ઉત્તર :- અભવીનો દાખલો આપ્યો છે. એમ કે અભવી નિત્ય રાગ અને શુભરાગ એને પોતાનું ચેતવું અને એનું સ્વરૂપ પોતાનું માને એને શ્રદ્ધે છે. અને નિત્ય જ્ઞાનચેતના, રાગ એટલે પરાશ્રય જે વિકલ્પ છે એનાથી રહિત ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. એવા જ્ઞાનની ચેતના નામ વર્તમાન અવસ્થાને પ્રગટ કરતો નથી માટે તેને શ્રદ્ધતો નથી. એમ છે. સમજાણું કાંઈ? ૨૭૫.

(અધ્યવસાયના) બે પ્રકાર લીધા છે ને ત્યાં? ત્યાં કહ્યું હતું, ભાઈ! જુઓ આ જડની અસર થાય, જડની અસર થાય. એ બે બોલમાં શેમાં ભળે? પ્રશ્ન.. એઈ..! ચંદુભાઈ! પૂછ્યું હતું કે નહિ? તમે થોડા છક થઈ ગયા હતા. અમારે ચંદુભાઈ જરી હળવે હળવે... બેમાં શું? જવાબ આણે ઝટ આપ્યો હતો, કેવો? હેમંત. હેમંતે તરત જવાબ આપ્યો. બેમાંથી ક્યુ? બેમાંથી પહેલું. જડની અસર આત્મા ઉપર પડનારા માનનારા નિમિત્તથી ત્યાં કાર્ય થાય, બે દ્રવ્યની એકતા માનનારામાં એ જાય છે. સમજાણું કાંઈ? પછી બીજો બોલ તો પરાશ્રય વિકલ્પ ઉઠે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, શ્રદ્ધા આદિ એ પરાશ્રય ભાવ છે. એ સ્વઆશ્રયને મદદ કરતો નથી માટે વ્યવહાર નિષેધ કરવા લાયક છે. અભવી વ્યવહારનો સદા આશ્રય કરે છે તો એને વ્યવહારથી કંઈ લાભ થતો નથી. તો પછી વ્યવહારનય નિષેધવા લાયક છે એમ સિદ્ધ કર્યું પાછું ૭૫ની છેલ્લી લીટીમાં. સમજાણું કાંઈ? ત્યાં તો મૂળ માણસ બધા આવતા બિચારા. ઘણાને હવે સાંભળવાનું મન થઈ ગયું છે. ... સાંભળો કાંઈક. આ વાત ફરે એવી નથી. પણ તમારે સમજવી પડશે. સમજાણું કાંઈ? વાડામાં બાંધીને બીજી વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરી હોય તો એ વસ્તુ આમ નહિ બેસે.

દરેક વસ્તુ કોઈની પણ ક્રિયા પરની કરે તો બેયની એકત્વબુદ્ધિ થતાં તે પહેલા મિથ્યાત્વ અધ્યવસાય મિથ્યાત્વમાં જાય છે. સમજાણું કાંઈ? પરને જીવાડી શકું, પરને મારી શકું, પરને લાભ આપી શકું, પરને અલાભ આપી શકું, પરને સુખ આપી શકું, પરને દુઃખ આપી શકું. પરથી મારું જીવતર થાય, મરણ થાય, સુખ-દુઃખ થાય એમ માનનારા બે પદાર્થને એક માનનારા નિમિત્તથી કાર્ય પરમાં થાય એમ માનનારા બે દ્રવ્યને એક માનનારા પહેલા અધ્યવસાયમાં જાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ફરીને કહીએ. ન્યાં મૂક્યું ને ચોખ્ખું. કીધું હતું કે નહિ? ચંદુભાઈ! ઘણાને પૂછ્યું હતું. બે બોલ છે. એક તો ભગવાને બંધ અધિકારમાં વ્યવહારનો નિષેધ પહેલો એ કર્યો કે કે પરને જીવાડું, મારું, સુખી-દુઃખી કરી શકું તો પરની પર્યાય આ કરું એમ માને તો એનું કર્તૃત્વ ત્યાં થાય છે. આ હું કરું એમ માને. એટલે પરના કારણે માનનારા બે દ્રવ્યની એકતાબુદ્ધિવાળા તીવ્ર અધ્યવસાય બેની એકતાવાળા મિથ્યાદષ્ટિ છે. સમજાય છે કાંઈ? અને એનું છૂટ્યા પછી.. ન્યાં તો એમ લીધું છે, ભગવાને જ્યારે પરદ્રવ્યની એકતાના અધ્યવસાયનો નિષેધ કર્યો તો અમે એમાંથી એમ કાઢીએ છીએ કે પરાશ્રય જે વ્યવહાર એ પણ સમાન જ છે. જેમ પરનું કરવું એ સમાન છે, એમ રાગ પણ સ્વભાવથી ભિન્ન છે. તો એ પણ વ્યવહારનો આશ્રયવાળો છે એનો પણ ભગવાને નિષેધ કર્યો છે. જેમ બે દ્રવ્યની એકતાનો નિષેધ કર્યો એમ સ્વભાવ અને વિકલ્પ વ્યવહારનો રાગ એ બેનો પણ ભગવાને નિષેધ કર્યો છે. ચંદુભાઈ! સમજાણું કાંઈ? ભારે કઠણ. કાંઈ કઠણ નથી પણ એણે એવા શલ્ય પકડી રાખ્યા છે ને કે એમાંથી એને ખસવું ગોઠતું નથી. કાંઈક નવું લાગે છે એને. નવું નથી, છે એવું છે આ તો અનાદિનું. સમજાણું કાંઈ? એટલે કે જે કોઈ એક તત્ત્વ બીજા તત્ત્વનું કાંઈ કરે-કર્તા, નિમિત્ત એ બીજી વાત છે, નિમિત્ત એક જાણવાલાયક ચીજ છે. પણ એ નિમિત્ત કરે કો'કનું, એ બે દ્રવ્યની એકતા, ભિન્નતા છે છતાં એકતા માને છે તે તીવ્ર મિથ્યાદષ્ટિ અધ્યવસાય બેની એકતા માનનારા છે. સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે કે અમે તો એમાંથી એમ કાઢીએ છીએ, જ્યારે પરવસ્તુની ક્રિયા પરવસ્તુ ન કરે તો એવા અધ્યવસાયનો ભગવાને નિષેધ કર્યો તો અમે કહીએ છીએ કે સ્વભાવ વસ્તુ ભગવાન એનાથી વિરુદ્ધ જે વિભાવનો વિકલ્પ પરાશ્રય છે એ પણ સમાન જ વ્યવહાર છે. જેમ ઓલા બેનો વ્યવહાર છે, એમ આ સ્વભાવ અને વિભાવનો વ્યવહાર સમાન છે. પરને આશ્રયે થતો દયા, દાન, વ્રત, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પણ સ્વભાવની

સાથે એકતા માનનારા એને વ્યવહારનો નિષેધ કરાવે છે. એ એક છે જ નહિ. વ્યવહાર ભિન્ન છે, ચૈતન્યસ્વભાવ ભિન્ન છે. સમજાણું કાંઈ? વ્યવહાર કરતાં કરતાં થાય. જેમ નિમિત્ત કરતાં કરતાં કાર્ય થાય. નિમિત્તથી કાર્ય થાય. એમ આ વ્યવહાર કરતાં (કરતાં થાય), બેય એક જ જાત છે, એમ કહે છે અહીંયા. સમજાણું કાંઈ?

એટલે અહીં કહે છે, દરેક વસ્તુ સ્વભાવથી રહેલી છે અને પરથી વ્યાવૃત્તરૂપ રહેલી છે. છે?

મુમુક્ષુ :- આમાં થોડીક ... વ્યાવૃત્ત...

ઉત્તર :- ઈ છે ને. '**(સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી હોવાથી અને પરરૂપથી ભિન્ન રહેતી હોવાથી દરેક વસ્તુમાં બન્ને ભાવો રહેલા છે)**.' એમ લખ્યું છે, ચોખ્ખું લખ્યું છે. ભાવોથી અધ્યાસિત છે એટલે અધ્યાસિત એટલે વસ્તુના સ્વભાવનો ભાવ જ એવો છે, એમ કહે છે. જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનરૂપે રહેલ છે અને રાગ ને વિકલ્પ ને નિમિત્ત જે જ્ઞેય છે એનાથી નિવૃત્તરૂપ રહેલ છે. એનાથી નિવૃત્તરૂપ રહેલું જ્ઞાન છે. છે? ભાઈને બતાવ્યું? નીકળ્યું નથી. સમસ્ત વસ્તુમાં કઈ વસ્તુ બાકી રહી ગઈ? કોઈ પરમાણુ, કોઈ આકાશ, કોઈ જ્ઞાયક, કોઈ સિદ્ધ?

'**(સમસ્ત વસ્તુ સ્વરૂપમાં પ્રવર્તતી...**' સ્વરૂપમાં રહેલી '**અને પરરૂપથી...**' વ્યાવૃત્ત. પરરૂપે નહિ થવું એવો એનો સ્વભાવ છે. પરરૂપે નહિ થવું એવો જ એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? ખરેખર જ્ઞાનમૂર્તિ ભગવાન રાગરૂપે નહિ થવું એવો એનો સ્વભાવ છે. નિમિત્તરૂપે તો ન થવું, રાગ એ પરજ્ઞેય છે. સમજાણું કાંઈ? એ વડે અધ્યાસિત છે. એટલે કે એ બે ભાવથી ભરેલી છે. એમ. સમજાણું કાંઈ? '**ત્યાં,...**' હવે ન્યાય આપે છે. '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા. કારણ કે આખા સમયસારમાં જ્ઞાનને જ આત્મા કહ્યો છે. જ્ઞાનમાં પછી બધા ભાવો આવી જાય છે. કારણ કે જ્ઞાન શ્રદ્ધા, ચારિત્ર આદિને જાણે છે. બધા અનંત ગુણને જાણે છે. એટલે જ્ઞાનમાત્ર આત્મા કહીને આખો આત્મા જ્ઞાનમાત્ર જ રહેલો છે. સમજાણું કાંઈ?

જ્ઞાન-ભગવાન ચૈતન્યપ્રકાશ એ જ્ઞાનભાવ જ્ઞાનમાત્ર ભાવ. માત્ર શબ્દે રાગ અને પર નહિ. એમ. એના જ્ઞાનમાં આનંદ આદિ અનંત ગુણો ભલે હો. '**જ્ઞાનમાત્ર ભાવ (-આત્મા),...**' ભાવ કીધો ને? જ્ઞાનમાત્ર ભાવ એટલે આત્મા. એમ. '**શેષ (બાકીના) ભાવો સાથે...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય એના જ્ઞાનભાવની સાથે રહેલા આનંદ આદિ ભાવવાળો આત્મા. એની સાથે '**નિજ રસના ભારથી...**' પોતાના શક્તિના સામર્થ્યના વજનથી એટલે કે સામર્થ્યથી '**પ્રવર્તેલા જ્ઞાતા-જ્ઞેયના સંબંધને લીધે...**' શું કહે છે? કે રાગ પુણ્યનો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વ્યવહાર વિકલ્પ અને નિમિત્ત એ બધા જ્ઞેય અને આ જ્ઞાતા. એ પોતે જાણવાના સંબંધનો પોતામાં સામર્થ્ય છે. જાણવું પોતાનું, રાગનું અને પરનું એવા પોતાના જ્ઞાતાસ્વભાવના સામર્થ્યને લીધે જ્ઞાતા અને જ્ઞેયનો સંબંધ આ રીતે હોવા છતાં. સમજાય છે કાંઈ? '**અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...**' ચશ્મા બદલે, રાગ બદલે તેથી '**જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને...**' રાગ બદલ્યો અને અહીં જ્ઞાન બદલ્યું. નિમિત્તો બદલ્યા, અહીં જ્ઞાન બદલ્યું. એમ માનીને '**જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને...**' પર બદલ્યા માટે હું પણ પરને લઈને બદલી ગયો. સમજાણું કાંઈ? જુઓ! રાગ વખતે રાગનું જ્ઞાન, દયાના ભાવ વખતે શુભ વખતે શુભનું જ્ઞાન, અશુભ વખતે અશુભનું જ્ઞાન. નિમિત્ત પલટ્યું તેથી મારું જ્ઞાન પલટ્યું. એટલે મારું જ્ઞાન જ્ઞેયને આધીન છે એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દરેક વસ્તુમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ પોતપોતાના .. લઈ શકાય?

ઉત્તર :- ઈ તમને પણ નહોતું બેઠું. ખબર છે કે નહિ? (સંવત) ૨૦૦૬ની સાલમાં. એને પણ ખબર નથી, ત્યારે એમ ને એમ છે. ખરું કે નહિ? ૨૦૦૬ની સાલમાં કહ્યું હતું ને એણે? ન્યાં અમરેલીમાં. નહિ? દાખલો .. આપ્યો હતો. ... એણે નથી સાંભળ્યું. એ સાંભળ્યું નથી. સંયોગથી જોનારા સ્વભાવની સ્વતંત્રતાને જોઈ શકતા નથી. શું કહ્યું સમજાણું? સંયોગથી જોનારા સ્વભાવની સ્વતંત્રતાને જોઈ શકતા નથી. સમજાય છે કાંઈ?

કહે છે, જ્ઞાનમાત્ર ભગવાન આત્મા શેષ બાકીના ભાવો સાથે. શેષ શબ્દે એ રાગ ને વિકલ્પ બધું આવી ગયું, હોં! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ, દયા, દાનનો વિકલ્પ નિમિત્તોના શરીરની ક્રિયાનું આમ આમ થવું, એ બધી પર્યાયો પર છે. એના કારણે જાણે મારા ભાવમાં જ્ઞેયના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને મારું જ્ઞાન પરિણમન એને બદલતા એને લઈને બદલી ગયું એમ અનાદિ કાળનો સંયોગદષ્ટિવાળો જ્ઞાનના પરિણમનને પરથી પરિણમન થાય એમ માનનારો છે. સમજાય છે કાંઈ?

અનેકાંત સિદ્ધ કરે છે. આ તો અનેકાંત ઓલા એમ કહે, પરથી થાય અને પોતાથી થાય એનું નામ અનેકાંત. એમ અનેકાંત ન હોય. એ તો ફૂદડીવાદ થઈ ગયો. એ માટે તો અહીં સ્વથી પ્રવૃત્તિ અને પરથી વ્યાવૃત્તિ એમ લીધું છે. સ્વથી પણ છે અને પરથી પણ છે એનું નામ અનેકાંત? સમજાણું કાંઈ? એક પણ બોલ, શાસ્ત્રનો સિદ્ધાંતનો સર્વજ્ઞનો એક પણ બોલ બરાબર સમજે, 'એગં જાણહિ સવ્વં જાણહિ'. એક ભાવને જાણે તો બધા ભાવને બરાબર જાણે. આવે છે ને? શ્લોક આવે છે, શ્લોક આવે છે જયસેનાચાર્યમાં. એક ભાવ જાણે એ બધા ભાવને જાણે. જયસેનાચાર્યમાં આવે છે. સમજાણું કાંઈ?

જ્યારે '**અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...**' દયા, દાનનો વિકલ્પ ફેરફાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય. દયાનો હિંસા થાય, હિંસાનો જૂઠાનો વિકલ્પ ઉઠે, અસત્ય આદિના વિકલ્પ વૃત્તિ ફરે. તેમ જ્યારે એને લઈને એનું જાણનારું જ્ઞાન એને લઈને થયું એમ જ્ઞેયને લઈને જ્ઞાન માનનારા બેની એકતા માનનારા મિથ્યાદૃષ્ટિ અધ્યવસાયમાં પડ્યા છે. સમજાણું કાંઈ? ઈ વાત છે પણ એને ગળે ઉતરે નહિ. નહિ, ચશ્માથી થાય. .. ભગવાન! તને ખબર નથી, પ્રભુ!

મુમુક્ષુ :- ચશ્માથી થાય એમ નહિ, ચશ્માની અસર થાય.

ઉત્તર :- ના, ના. ચશ્મા .. જડની અસર થાય એમ બોલ્યા અને પછી કહે, જુઓ આ ચશ્મા આમ ઉતાર્યા. જુઓ આ. એનાથી થાય છે એમ. જ્ઞાન એ હોય તો થાય, એ ન હોય તો ન થાય. ત્યારે આ હતું ત્યારે જ્ઞાનનું પરિણમન પોતાથી હતું અને આ નહોતું ત્યારે પણ જ્ઞાનનું પરિણમન પોતાથી થાય છે. કાળ બદલ્યો. કાળ બદલ્યો પણ એ સ્વકાળ પોતાથી છે કે પરથી છે? સમજાણું કાંઈ? આ હતું આમ અને એનો જ્ઞાનનો કાળ. અને આમ નહોતું એમાં જ્ઞાનનો કાળ. કાળ તો પોતાનો છે કે આને લઈને છે? સમજાણું કાંઈ?

'**જ્ઞેયોના પરિણમનને લીધે...**' એ જ્ઞેયનું પરિણમન થયું આ બધું. આ ચશ્મા ફરે, રાગ ફરે, શરીરની ક્રિયા ફરે, ભિન્ન ભિન્ન ફરે. સમજાણું? '**જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને...**' જ્ઞાનભાવને જ્ઞાન સ્વભાવને પર રૂપે માનીને, રાગ રૂપે માનીને, નિમિત્ત રૂપે માનીને, સંયોગી કોઈ ચીજ બદલતી ત્યાં દેખીને એના રૂપે માનીને '**(અર્થાત્ જ્ઞેયરૂપે અંગીકાર કરીને)...**' જ્ઞાનને રાગરૂપે અંગીકાર કરી, જ્ઞાનને ચશ્માના જ્ઞેય રૂપે અંગીકાર કરી જણાય તે પ્રમાણે જ્ઞાન ફરે છે પણ એ એને કારણે ફરે છે એમ જ્ઞેય રૂપે અંગીકાર કરી પોતાના જ્ઞાનની સ્વની અસ્તિનો શ્રદ્ધામાં નાશ કરે છે. સમજાણું કાંઈ?

'**અજ્ઞાની થયો થકો...**' સ્વરૂપની સ્વસત્તા જ્ઞાનથી જ્ઞાનમાં જ્ઞાનથી છે. જ્ઞાનમાં જ્ઞાનની સત્તા જ્ઞેયથી નથી. એમ નહિ માનનારો જ્ઞેયથી છે એમ માનનારો પોતાના જ્ઞાનના અજ્ઞાનને લીધે પોતાની હયાતીનો નકાર કરે છે. સમજાણું કાંઈ? આહાહા..! ત્યારે પેલા ... વિંછીયા બહુ પ્રશ્ન કર્યા. અહીંનું વાંચેને. ... માને પોતાનું બધું ઈ. અહીંનું વાંચીને વિરોધ કરે. નિશ્ચયથી તો આ તમે બોલો છો એ પણ બોલી શકતા નથી. ઈ બોલો છો એમાંથી બીજાને સમજાતું નથી તો પ્રચાર શું કરવા કરવો? એવા પ્રશ્ન. એઈ..! ચુનીલાલનો. ... છબીલ, છબીલને નામ? આ .. થાય, પર્યાય તો પર્યાયથી થાય. સ્વતંત્ર પર્યાયથી થાય, ફલાણું થાય. કીધું, પણ ઉત્પાદ-વ્યય ને ધ્રુવ તારા ૩૨ સૂત્રમાંથી એક પ્રશ્ન લાવ. પછી પ્રશ્ન કર બીજાનો. શોધજે ઉત્પાદ-વ્યય-ધ્રુવ ૩૨ સૂત્રમાં છે કે નહિ? કો'કના પ્રશ્ન અને કો'કનું લઈને પોતાની વાત કરે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ એટલા શબ્દો ૩૨ સૂત્રમાં, ૪૫માં પાઠમાં છે ક્યાંય? લાવ. ત્યારે કહે, હું તો તમારામાંથી પૂછું છું. વળી એમ કહે. જૈન સિદ્ધાંત પ્રવેશિકામાંથી પૂછું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છું કે પ્રમેય એટલે આ. તારા ૩૨, ૪૫માંથી લાવ. પ્રમેયનું શું છે? ... કો'કનું લઈને વાતું કરે અને પાછું કો'કની ના પાડે. ના, એમ હોય તો આમ થઈ જાય. એની સમયે પર્યાય થવાની હશે તે થશે. એમ તમારે સ્વતંત્ર સિદ્ધ કરવું છે. પણ અહીં તો દેખાય છે કે શુભ આવે, અહીં વ્યવહાર આવે, નિમિત્ત આવે તો થાય એમ દેખાય છે. દેખાણા. સમજાણું કાંઈ? ભારે.

અહીં ઇ કહે છે, એ તો નિજ શક્તિના સામર્થ્યથી પ્રવર્તેલો જ્ઞાતા એમ કહે છે. જ્ઞાતા પોતાની શક્તિથી પ્રવર્તેલો છે. જ્ઞેયનું જ્ઞાન કરે છે જ્ઞાન એ પોતાની શક્તિથી પ્રવર્તે છે. નિમિત્તના અસ્તિને કારણે જ્ઞાતા પોતાના શક્તિના સામર્થ્યને ભૂલીને પરની શક્તિથી પ્રવર્તે છે એમ છે નહિ. સમજાણું કાંઈ? જ્ઞાતા નિજ સ્વભાવના સામર્થ્યથી પ્રવર્તેલો જ્ઞાતા જ્ઞેયનો સંબંધ હોવા છતાં, આવો સંબંધ છે ફક્ત, જ્ઞાતા પોતાનો સ્વભાવ છે અને પેલું જ્ઞેય છે એટલું જાણે છે. એમ.

'**અને અનાદિ કાળથી જ્ઞેયોના પરિણમનને લીધે...**' અનાદિ કાળથી રાગ અને પુણ્યના વિકલ્પો ફરે, પાપના ફરે, સંયોગો ફરે તેના સ્વકાળે એમાં મારું જ્ઞાન પણ એને લઈને ફર્યું અને એને લઈને થયું એમ માનીને '**જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને...**' એટલે જ્ઞાનની પોતાની હયાતી પોતાથી અંગીકાર નહિ કરીને જ્ઞાનના ભાવને જ્ઞેયભાવે પરિણમતો માની, જ્ઞેયપણે અંગીકાર કરી પોતાના જ્ઞાતાપણાની અવસ્થાનો નાશ કરે છે. સમજાણું કાંઈ? ત્યારે '**અજ્ઞાની થયો થકો...**' જુઓ! આમાં ક્યાંય એમ નથી વાત કે કર્મને લઈને અજ્ઞાની થયો થકો. સમજાણું કાંઈ? એમ નથી ક્યાંય શબ્દ વાપર્યો કે કર્મને લઈને અજ્ઞાની થાય, કર્મ ખસે તો જ્ઞાની થાય. બિલકુલ જૂઠ છે. પરની સાથે કાંઈ સંબંધ છે જ નહિ.

અહીં તો '**જ્ઞેયોના પરિણમનને લીધે જ્ઞાનતત્ત્વને પર રૂપે માનીને અજ્ઞાની થયો થકો...**' એમ છે. રાગ અને પુણ્યના વિકલ્પો ફરે એવું જ્ઞાન એને લઈને ફરે છે એમ પરને પોતાપણે માનનારો અજ્ઞાની થયો થકો પોતાની જ્ઞાનની હયાતીને નાશ કરે છે અને પર રૂપે સ્વીકારે છે. આમાં કર્મ-બર્મ છે કે નહિ કાંઈ? ચંદુભાઈ! બીજા શાસ્ત્રમાં હશે કે નહિ? કર્મથી થાય, નથી? ૭૫ ગાથામાં નથી? રાગ-દ્વેષ વ્યાપ્ય છે અને કર્મ વ્યાપક છે. સમયસારમાં લખ્યું છે. અમે વાંચ્યું છે સમયસાર. એ તો સ્વભાવદષ્ટિના ભાનમાં સ્વભાવ એકરૂપ ચૈતન્યદ્રવ્યનો જ્યાં આશ્રય થયો એટલે હવે વિકારની પર્યાયનું સ્વભાવમાંથી પરિણમવું થાય એમ નથી. એથી તેને વિકારની પર્યાય પરથી ભિન્ન કરીને સ્વભાવ ઉપરનો આશ્રય લઈને સ્વભાવની દશા થઈ છે એટલે વિકારનું ક્ષણિક પરિણમન પરમાં જ્ઞેયમાં નાખીને કર્મને વ્યાપ્ય-વ્યાપક રાગ સાથે કર્મને ગણ્યો છે. સમજાણું કાંઈ? સ્વભાવમાં પડ્યો છે રાગ એટલે વ્યાપ્ય થાય?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ કહે છે ત્યાં.

ભગવાન ચૈતન્ય જ્ઞાનમૂર્તિ પ્રભુ એકલો આનંદકંદ છે. એની ખાણની સ્વભાવની દશા તો આનંદ અને જ્ઞાનની થાય. એની દશામાં રાગ થાય? સ્વભાવદષ્ટિમાં સ્વભાવ પરિણમતો હોવામાં રાગ રૂપે પરિણમે એ સ્વભાવમાં નથી માટે રાગરૂપ પરિણમન એનું નથી. એમ કહ્યું છે. પણ રાગ કર્મ કરાવે છે માટે વિકાર એનું કાર્ય છે એમ ન્યાં સિદ્ધ નથી કરવું. સમજાણું કાંઈ?

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું)...**' હવે સવળું લ્યે છે. અતત્. '**સ્વ-રૂપથી (-જ્ઞાનરૂપથી) તત્પણું પ્રકાશીને...**' જુઓ! ઓલું અતત્ હતું એને લઈને અંગીકાર કરતો હતો. '**સ્વ-રૂપથી (-જ્ઞાનરૂપથી) તત્પણું પ્રકાશીને (જ્ઞાન જ્ઞાનપણે જ છે...)**' જાણનાર જાણનારપણે છે. રાગ અને વિકલ્પના વ્યવહારને નિમિત્તને ફરતાં દેખી જ્ઞાન પણ પોતાને કારણે ફરતું પોતામાં પોતાને કારણે દેખીને જ્ઞાન જ્ઞાનપણે જ છે એમ પ્રગટ કરીને '**જ્ઞાતાપણે પરિણમનને લીધે...**' હું તો જાણનાર-દેખનાર જાણનાર-દેખનાર રૂપે પરિણમું. હું એ જ્ઞેયને કારણે જ્ઞેય રૂપે પરિણમતો નથી. આહા..! સમજાણું કાંઈ? સૂક્ષ્મ ભાવ છે, ભાઈ! ધર્મ ચીજ કોઈ જુદી વાત છે. ઈ કંઈ બહારથી ઉપરથી મળી જાય એવી નથી. મોટી ગડબડ છે અત્યારે. અનાદિની છે અહીં તો કીધું ને? ઈ તો અનાદિની ગડબડ છે. એને સ્વ અસ્તિ હું જ્ઞાનસ્વરૂપ છું. ક્ષણે ક્ષણે જ્ઞાનની પર્યાય જ્ઞાતાપણે પરિણમે છે એમ ન માનતા રાગ અને પરને બદલતા એ રૂપે હું પરિણમું છું એમ માનીને પોતાની હયાતીનો અભાવ માને છે અને પરની હયાતીપણે હું છું એમ માને છે. સમજાણું કાંઈ?

'**જ્ઞાતાપણે પરિણમનને લીધે જ્ઞાની કરતો થકો...**' લ્યો. જ્ઞાની કરતો થકો એમ છે. જુઓ! કર્તા થયો. જ્ઞાનસ્વરૂપ હું, જાણનાર જાણનાર એ અસ્તિપણું મારું. એવા અસ્તિપણાના જ્ઞાનપણાને જ્ઞાનપણે કરતો, જ્ઞેયપણે ન કરતો, ન માનતો, જ્ઞેયપણે ન થતો. એના સંબંધીનું જ્ઞાન પોતાનું તે જ્ઞાતા જ્ઞાતાપણે પરિણમતો, જ્ઞાતા જ્ઞાનપણાને કરતો '**જ્ઞાની કરતો થકો અનેકાંત જ (-સ્યાદ્વાદ જ) તેને ઉદ્ધારે છે...**' જુઓ! આ અનેકાંત થયું. સમજાણું કાંઈ? ઉદ્ધારે છે એટલે? જેવું છે તેવું તેને જીવતું રાખે છે. એ જ્ઞાનને જીવતું એટલે ટકતું રાખે છે. હું જ્ઞાનસ્વરૂપ આત્મા રાગાદિ જ્ઞેય રૂપે નહિ અને નિમિત્ત રૂપે નહિ, પરની અસર મને નહિ, મારી અસર જ્ઞેયને નહિ. સમજાણું કાંઈ? હું રાગ કરું એ નહિ. અને નિમિત્તને ફેરવું એવું નહિ. અને રાગ અને નિમિત્ત ફરતાં મારું જ્ઞાન એને લઈને ફરે એવો હું નહિ. સમજાણું કાંઈ?

'**જ્ઞાતાપણે પરિણમનને લીધે...**' એટલે કે તત્પણું પ્રકાશતો. જ્ઞાન જ્ઞાનસ્વરૂપે છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તે જાણનાર જાણનારપણે થયો થકો, પરિણમતો થકો પોતાની હયાતીનો ઉદ્ધાર એટલે છે તેવું એને ટકાવે છે. સમજાણું કાંઈ? પહેલું જ આવ્યું છે મુહૂર્તમાં ભાઈ. અનેકાંત મંગળિક. '**ઉદ્ધારે છે-નાશ થવા દેતો નથી.**' એટલે પર રૂપે પરિણમતો નથી, માનતો નથી અને પોતે પોતાના જ્ઞાન રૂપે પરિણમું છું એટલે પર રૂપે માનીને નાશ થવા દેતો નથી. ઈ એક બોલ થયો. કહો! સમજાણું કાંઈ?

'**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'ખરેખર આ બધું આત્મા છે**'...' એમ માને છે. રાગ પણ આત્મા. કેમ કે રાગનું જ્ઞાન થાય છે, શરીરનું જેવી શરીરની અવસ્થા (થાય) તેવું જ્ઞાન થાય છે. માટે જ્ઞાનમાં એ જ્ઞેય મદદગાર છે માટે જ્ઞેય અને જ્ઞાન બધા એક જ છે. એમ માનનારા વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે તેવું જ જ્ઞાન આત્મામાં થાય તેથી તે રાગ પણ જાણે જ્ઞાનનો જ ભાગ હોય એમ માનીને જ્ઞાનને સર્વસ્વપણે બધાપણે સ્વીકારીને જુદાપણાનો અજ્ઞાની નાશ કરે છે. સમજાણું કાંઈ? '**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...**' એટલે આત્મા. માથે આવ્યું હતું ને? જ્ઞાનમાત્ર ભાવ એટલે આત્મા. કૌંસમાં હતું પહેલા બોલમાં. એમ લઈ લેવું. '**જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...**' એટલે ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય ભિન્ન '**ખરેખર આ બધું આત્મા છે**' મારા જ્ઞાનમાં એ જણાય છે અને જેવું છે એવું જાણું છું માટે જાણનાર જ આ બધું સ્વરૂપ છે. મારાથી કોઈ ભિન્ન રાગ ને પુણ્ય ને વ્યવહાર કે નિમિત્ત ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ? આવા આવા ચોપડા ભણ્યા હોય ને આવી ખબર નહિ હોય? નવ પૂર્વ ભણ્યો છે. અગિયાર અંગ ભણ્યો છે. 'સબ શાસ્ત્રનકે નય ધારી હિયે' આવે છે ને?

મત મંડન ખંડન ભેદ લિયે,
વહ સાધન બાર અનંત કિયો,
તદપિ કછુ હાથ હજુ ન પર્યો.

શાસ્ત્રની વાતું .. પણ એ શાસ્ત્રને કહેવું છે, સ્વતંત્ર ભગવાન આત્મા એવો એને અંતરમાં અંતર્મુખ થઈને વિશ્વાસ આવ્યો નહિ. સમજાણું કાંઈ? આ જ્ઞાન.. જુઓને! એવા નિમિત્તો મળ્યા, સાંભળવા મળ્યા, સાંભળવા મળ્યું ત્યારે જ્ઞાન થયું ને? સાંભળવા નહોતું મળ્યું ત્યારે જ્ઞાન કેમ નહોતું? સમજાણું કાંઈ? પાલીતાણા બેઠા હોય અને અહીંયા બેઠા હોય એમાં જ્ઞાનમાં ફેર પડે છે કે નહિ? તો એ જ્ઞેયને સાંભળવાથી જ્ઞાન થાય કે નહિ? કહો. ફેર પડે તો એની પોતાની પર્યાયને કારણે ફેર પડે છે. પર્યાયનો કાળ બદલતો નથી? પરને લઈને ફેર પડ્યો એમાં ક્યાં આવ્યું? સમજાણું કાંઈ? આ તો હજી સામાન્ય વાત કરે છે ને. પછી સ્વકાળ ને એ બધું લેશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'એમ અજ્ઞાનતત્ત્વને સ્વ-રૂપે (જ્ઞાનરૂપે) માનીને...'** એટલે? એ પુણ્ય-પાપના રાગને જાણતું જ્ઞાન જાણે હું રાગ રૂપે છું અને એ વ્યવહાર છે તે મારા સ્વભાવને મદદગાર છે માટે તે વ્યવહાર રૂપે હું છું અને નિમિત્ત છે એ મને મદદગાર છે માટે હું નિમિત્ત રૂપે છું એમ માનીને પર રૂપે પોતાનો સ્વીકાર કરીને **'વિશ્વના ગ્રહણ વડે પોતાનો નાશ કરે છે...'** વિશ્વ નામ સમસ્ત પદાર્થ ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન અવસ્થા ધરતાં અને જ્ઞાનમાં તે પ્રકારે જણાતાં તે મારા સ્વરૂપમાં છે એવું જ મારું જ્ઞાન થાય માટે મારા સ્વરૂપે હું.. એના સ્વરૂપે હું છું અને મારા સ્વરૂપે બધુંય છે. સમજાણું કાંઈ? કહે છે ને? જીવન શોધન. વાંચ્યું છે એક ફેરી. (સંવત) ૧૯૯૧ પહેલા, ૧૯૮૯માં. આ કપાટ દેખાય છે, એમ કહે કે એ કપાટ વખતે એનું જ્ઞાન છે એ જ્ઞાનમાં જ્ઞેયની મદદ છે કે નહિ? એ પ્રકારનું અહીં જ્ઞાન છે તો એ વસ્તુ પણ જ્ઞાનમય છે. જ્ઞાનમય વિના જણાય કેમ? જીવન શોધનમાં. .. વાળા ગાંધીજી પાસે રહેતા ને. મળ્યા હતા ત્યાં ૧૯૯૫માં. દિશાએ ગયો હતો ત્યારે થોડી વાર. .. ઈ જાતની શ્રદ્ધા બેસી જાય ને. ઈ હમણાં આપણે નથી? ચુનીભાઈ છે ને લાઠીવાળા? એનો અભ્યાસ ઘણો. ચુનીભાઈ ત્યાં આવ્યા હતા. ચાર દી રહ્યા હતા. વડિયા. પણ.. એને વળી બેઠી નહિ. સાંભળવામાં માથું દુઃખે. સામાન્ય છે ઈ બરાબર બેસે છે, વ્યાપક. સામાન્ય એટલે શું પણ? કીધું. સામાન્ય પરમેશ્વર જે સામાન્ય કહે છે એ તો પોતે દ્રવ્યની વસ્તુ જે કાયમ એને સામાન્ય કહે છે. સામાન્ય એટલે વ્યાપકને સામાન્ય કહેતા નથી. અને વિશેષ એટલે એની અવસ્થાને વિશેષ કહે છે. એની અવસ્થા સામાન્યપણે ન રહેતા અવસ્થા બદલે એને વિશેષ કહે છે. એનું નામ સામાન્ય અને વિશેષ. આ તો સામાન્ય એટલે વ્યાપક અને વિશેષ એટલે નિવર્તન ભિન્ન ભિન્ન ભાસવું તે વિશેષ (એમ કહે). અભ્યાસી છે. અહીં રહી ગયો હતો. પણ અંદર બેઠું હોય ને.. નહિ. બધું ઈ રીતે બેસે છે. પછી કાઢ્યો. પત્ર કાઢીને બતાવ્યો શ્રીમદ્માંથી. મનસુખરામ સૂરીરામ ત્રિપાઠી. એના ઉપર એક પત્ર લખ્યો છે. કોઈ પણ પદાર્થની વ્યાખ્યા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી થઈ શકે. કોઈ પણ પદાર્થની વ્યાખ્યા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી થઈ શકે. છે, એમાં છે ને. એને બતાવ્યું હતું. કેટલાક કહે છે, શ્રીમદ્ પણ આમ કહેતા હતા, ફલાણું આમ કહેતા હતા. હવે તને ખબર નથી. મફતનો તું... શ્રીમદ્નો એક પત્ર છે. (પત્ર-૭૧) આ બતાવ્યો હતો ને. આ તો વડિયા બતાવ્યો હતો.

**'આ વેળા લુઘત્વભાવે એક પ્રશ્ન કરવાની આજ્ઞા લઉં છું.'** કોને કહે છે? મનસુખ સૂર્યરામ ત્રિપાઠી તે વખતે પ્રસિદ્ધ હતા. વેદાંતના જાણનાર. એના ઉપર (લખેલો છે). **'આપને લક્ષગત હશે કે પ્રત્યેક પદાર્થની પ્રજ્ઞાપનીયતા ચાર પ્રકારે છે. દ્રવ્ય (તેનો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વસ્તુસ્વભાવ)થી, ક્ષેત્ર (કંઈ પણ તેનું વ્યાપવું-ઉપચારે કે અનુપચારે)...'** અનુપચાર એટલે પોતાનું વ્યાપવું. ઉપચાર એટલે પરક્ષેત્રથી. '**કાળથી...**' એ શબ્દ લખ્યો નથી '**ભાવ (તેના ગુણાદિક ભાવ)થી. હવે આપણે આત્માની વ્યાખ્યા પણ એ વિના ન કરી શકીએ તેમ છે. આપ જો એ પ્રજ્ઞાપનીયતાએ આત્માની વ્યાખ્યા અવકાશાનુકૂળ દર્શાવો તો સંતોષનું કારણ થાય. આમાંથી એક અદ્ભુત વ્યાખ્યા નીકળી શકે તેમ છે;...**' વસ્તુની સ્વતંત્રતા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ એક એક અખંડ છે એ એમાંથી નીકળે છે. '**પણ આપના વિચારો આગળથી કંઈ સહાયક થઈ શકશે એમ ગણી આ પ્રયાચન કર્યું છે.**'

પ્રત્યેક વસ્તુ દ્રવ્ય એટલે ગુણ-પર્યાયનો પિંડ, ક્ષેત્ર એટલે એની પહોળાઈ, કાળ એટલે વર્તમાન અવસ્થા, ભાવ એટલે તેની ત્રિકાળી શક્તિઓ. આ વિના વસ્તુની વ્યાખ્યા થઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? આ થાય એટલે થઈ રહ્યું. એક એક વસ્તુ સ્વતંત્ર પોતાથી છે અને પરથી નથી. એવી અનંત વસ્તુ સ્વતંત્ર સિદ્ધ થઈ જાય છે. કોઈ કોઈનો કર્તા અને કોઈને કારણે કોઈનું ટકવું એમ બની શકતું નથી.

'**(સર્વ જગતને પોતારૂપ માનીને તેનું ગ્રહણ કરીને જગતથી ભિન્ન એવા પોતાને નષ્ટ કરે છે).**' અતત્‌નો બોલ છે ને? પહેલો તત્‌નો હતો. '**ત્યારે, (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરરૂપથી અતત્‌પણું પ્રકાશીને...**' ભગવાન જ્ઞાનસ્વરૂપે છે. પોતાના ભાવે છે, પોતાના સ્વભાવ સ્વરૂપે છે, પર રૂપે નથી. '**પરરૂપથી અતત્‌પણું પ્રકાશીને (અર્થાત્ જ્ઞાન પરપણે નથી એમ પ્રગટ કરીને) વિશ્વથી ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો...**' જુઓ! આખા રાગાદિ બધા પદાર્થથી જ્ઞાતા જ્ઞાનસ્વરૂપ ભિન્ન છે એમ પોતાના આત્માને જાણતો દેખાડતો થકો. આખા જગતથી '**ભિન્ન જ્ઞાનને દેખાડતો થકો અનેકાંત જ તેને પોતાનો (-જ્ઞાનમાત્ર ભાવનો) નાશ કરવા દેતો નથી.**' સમજાણું કાંઈ? બે બોલ થયા. તત્ અતત્.

તત્‌પણે છે અને અતત્‌પણે નથી. અહીં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની અસ્તિ નાસ્તિ નથી લેવું. અહીં તો જ્ઞાન અને જ્ઞેયનું એટલું લેવું છે. જ્ઞાન એવો ભગવાન આત્મા જ્ઞાનપણે છે, જ્ઞેયપણે નથી. બસ, એટલી વાત. સમજાણું? જ્ઞેય જ્ઞેયપણે છે, રાગાદિ ભાવ કે શરીરાદિની અવસ્થા તેના કાળે તેના પ્રકારે છે એ જ્ઞેયપણે છે. એ જ્ઞેય જ્ઞાનપણે નથી અને જ્ઞાન છે તે જ્ઞેયપણે નથી. લ્યો, આનું નામ અનેકાંત છે. આનું નામ અનેકાંત અમૃત છે. અને આ અનેકાંતની પ્રતીતિ થતાં એને અમૃતનો સ્વાદ આવ્યા વિના રહેતો નથી, એમ કહે છે. સમજાણું કાંઈ? કેમ? જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનસ્વભાવ એ સ્વભાવપણે છું. હું રાગ આદિ પણે નથી. એટલે લક્ષ છૂટી ગયું પરથી. સમજાણું કાંઈ? જ્ઞાન આત્મા, ભાવ આત્મા, જ્ઞાનમાત્ર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભાવ આત્મા આત્માપણે છે, એ જ્ઞેય રાગાદિ પણે નથી. એટલે દૃષ્ટિ પરથી ખસી ગઈ અને સ્વના અસ્તિમાં આવી. સ્વના અસ્તિમાં આવતા પરની નાસ્તિનું પરિણમન થતાં જ્ઞાન અને વૈરાગ્ય શક્તિ પ્રગટ થતાં અમૃતનો-આનંદનો સ્વાદ આવે. એને અનેકાંત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જ્ઞાન જ્ઞાનસ્વભાવે છે. અસ્તિ જ્ઞાનમાત્ર આત્મા આત્માપણે છે, જ્ઞાનપણે છે. જ્ઞાતા જ્ઞાતાપણે પોતાના સ્વભાવના સામર્થ્યથી ગમે તેટલા જ્ઞેયો ઝાઝાજા હોય માટે જાણવાનું સામર્થ્ય જ્ઞેયને લઈને આવે છે એમ નથી. જ્ઞાતા જ્ઞાનના સામર્થ્યમાં ગમે તેટલા જ્ઞેયોને સ્પર્શ્યા અડ્યા વિના તે સંબંધી અને પોતાના સંબંધીનું જ્ઞાતાપણાના સ્વભાવના સામર્થ્યથી પરિણમતું, પરરૂપે નહિ થતું. બસ! એનું નામ અનેકાંત અને એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાણું કાંઈ? આમાં કાંઈ બહુ ઝીણું નથી. હવે આપણે ઝીણું ક્યાં સુધી રાખવું છે પછી? કહો, સમજાણું? બે બોલ થયા.

ત્રીજો. '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...**' એટલે આત્મા. એમ બધામાં ઈ લેવું. ભગવાન જ્ઞાનસ્વરૂપ અનંત ગુણનો પિંડ એવો જ્ઞાનપ્રધાનથી જ્ઞાન આત્મા ચૈતન્યભાવ હોવાવાળો પદાર્થ '**અનેક જ્ઞેયાકારો વડે...**' જ્ઞેયોના આકાર નામ વિશેષ વડે. '**પોતાનો સકળ (-આખો અખંડ) એક જ્ઞાન-આકાર ખંડિત (-ખંડખંડરૂપ) થયો માનીને...**' શું કહે છે? જ્ઞાનસ્વભાવ ભગવાન અનેક જ્ઞેયોને જાણતા જાણે અનેક જ્ઞેયો રૂપે થઈ ગયો એમ પોતાનું એકપણું ખોઈને અનેકપણે થયો એમ અજ્ઞાની માને છે. જ્ઞાનનો સ્વભાવ છે અનેકને જાણે. પણ અનેકને જાણતા અનેકપણે થતો નથી. અનેકપણામાં જઈને અનેકપણાનું જ્ઞાન કરતો નથી. સમજાણું કાંઈ?

'**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે...**' જ્ઞેયના વિશષો વડે પોતાનો સકળ આખો અખંડ એ જ્ઞાન ખંડિત થયો માનીને. પણ એ જ્ઞાનનું અનેકપણાને જાણવું એ પણ જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે. અનેકપણે જાણતા તદ્દન ખંડ ખંડ જ થઈ ગયો છે એમ નથી. એ પર્યાયનો સ્વભાવ છે કે અનેકને પોતામાં રહીને, અનેકને પોતામાં રહીને અનેક સ્પર્શ્યા વિના અનેકપણાનું જ્ઞાન રૂપે પરિણમન થવું એ તો એનો પર્યાયનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વળી એમ કહે કે આવું જ્ઞાન કહો, વળી તમે પ્રતિમા ને દેરાસર (કરો), આ શું આખું દી? કરનારા તો કરે ને. વળી એક જણો કહે, હમણાં ભાઈએ ન કીધું? વાસંતીલાલ કો'ક આવ્યો હતો ને? બસ! ભગવાનની ભક્તિ-બક્તિ કંઈ નથી, આત્મામાં સમાઈ જાઓ. વાત તો સાચી છે, સમાઈ જાઓ. પણ સમાઈ ન જાય ત્યાં સુધી એને વિકલ્પ આવ્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? સમાય છે એને પણ એવો વ્યવહારનો વિકલ્પ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવ્યા વિના રહેતો નથી. પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી આવે પણ એ જ્ઞાનનું જ્ઞેય જાણે. સમજાણું કાંઈ?

જ્ઞાન સ્વરૂપ છે ઈ રાગને કરે કેમ? રાગને કરે કેમ? વ્યવહારને કરે કેમ? નિમિત્તને કરે કેમ? નિમિત્ત પાસે જ્ઞાન જાય કેમ? જ્ઞાન તો જ્ઞાન પાસે છે. .. જ્ઞાન જ્ઞાન પાસે, આત્મા આત્મા પાસે છે. ફક્ત એ વખતના જ્ઞાનનો સ્વભાવ તે પ્રકારનો રાગ છે તેને જાણવાનો છે અને તે પ્રકારનું સામે નિમિત્ત છે તેને જાણવાનું છે. એવો નકાર કરે તો જ્ઞાનના પર્યાયમાં તે પ્રકારના રાગ અને નિમિત્તનું જાણવું થાય છે એને ઉડાવી દે છે. સમજાણું કાંઈ? .. લાગે. આવી નિશ્ચયની વાત, વળી પાછા ભગવાનની પ્રતિમા ને મોટા હાથીના વરઘોડા. એઈ..! જલસા. ભગવાન! એ તને જ્ઞેયની પર્યાય જે પ્રકારે ભજવાની હોય તેને જ્ઞાન તે પ્રકારે તેનામાં ન જઈને પોતામાં રહીને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! ઈ હઠ કરે તો નહિ પાલવે. વસ્તુ સ્થિતિ છે એમ રહેશે. સમજાણું કાંઈ? કેમ કે જ્ઞાન જ્ઞાનપણે અનેકપણાનો રાગ આવ્યો, અનેકપણે જાણ્યું, ઈ જાણવાનો સ્વભાવ પોતે અનેકને જાણવું એ પર્યાયનો સ્વભાવ છે. અનેકને જાણે માટે ખંડ ખંડ થઈ ગયો છે એમ નથી. સમજાણું કાંઈ? અનેક આ શું? રાગનો ભાવ, આ ને આ બધો અનેક ભાવ. બાપુ! એ અનેકપણાની જે અવસ્થા પરમાં વર્તે છે એને જ્ઞાનમાં સ્વ કાળે અનેકને જાણતો પોતામાં રહીને પરને સ્પર્શ્યા વિના અનેકને જાણતા કાંઈ અનેકપણું જ્ઞાનમાં જાણવામાં આવ્યું માટે ખંડ થઈ ગયો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? પણ ઓલાને (થાય છે કે) અરે..! મારું જ્ઞાન ખંડ ખંડ થઈ ગયું. આ તો ઓલો વ્યવહારનો બોલ આવ્યો ને, ઈ કીધો. વ્યવહાર કેમ આવો આવે? નિમિત્ત કેમ આવા હોય? સાંભળને! સમજાણું કાંઈ? જ્ઞાનના એ પ્રકારના જાણવાના સ્વકાળના હયાતીમાં તેવા જ પ્રકારના અનેક પ્રકારના બાહ્ય પર્યાયો જ્ઞેયના ભજે એને જાણે. એ જાણતા, અનેકને જાણતા અનેક પરજ્ઞેય રૂપે થઈ ગયો છે એમ નથી. અનેકને જાણતા પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થયું છે. પણ અનેકને જાણતા અનેકપણામાં ગરીને અનેકપણા રૂપે થઈ ગયો છે એમ નથી. સમજાણું કાંઈ? 'પ્રભુનો માર્ગ છે શૂરાનો' ભાઈ આ તો. 'કાયરના કામ નહિ.' કાયરના કાળજા (કંપે). આવું કહે અને વળી આવો વ્યવહાર. પણ સાંભળને! એ વ્યવહાર અનેક થાય એને જાણનારો અનેકપણાનો જાણનારો પર્યાય નથી ત્યાં? સમજાય છે? અનેકને અનેકપણે જાણે. અનેકને અનેકપણે જાણતા એકમાં ખંડ ક્યાં થઈ ગયો છે? એમાં ક્યાં પર રૂપે થઈ ગયો છે? એમ કહે છે.

**'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે...'** આ શું બધું આ? હાથી, ફલાણો, હમણાં કાંઈક કીધું હતું ને? ... હાથી કેટલા હજારનું કરાવે. નહિ? ચાલે છે ને

હમણાં? મુંબઈ. ... બોરીવલી માટે. પાંચ-સાત હજારના હાથી. ભાઈ! આમાં દૃષ્ટિ શું એ બીજી વાત છે. પણ એ જ્ઞેયોનો એ પ્રકારનો પરિણમનનો કાળ છે. એને કોઈ પરિણમાવે અને ત્યાં ખડા-ઊભા કરે આ રીતે એવું નથી. અને એવા અનેક પ્રકારના જ્ઞેયોના પરિણમનના કાળમાં જ્ઞાન તેને અનેકપણાને જાણતું અનેકપણા રૂપે પરમાં થઈ ગયું છે એમ નથી. સમજાણું કાંઈ? '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે...**' જ્ઞેયોના વિશેષો વડે પોતાનું સકળ આખું અખંડ, એ જ્ઞાન વિશેષતા ખંડિત થઈ ગઈ. એક જ્ઞાનનો વિષય એકપણું ન રહ્યું. એકપણું ન રહ્યું. અરે..! પણ અનેકપણું જાણવાનો તારો સ્વભાવ છે. સમજાણું કાંઈ? '**ખંડિત થયો માનીને નાશ પામે છે,...**' ખંડ ખંડ થઈ ગયો. આહા..! આવા અનેક પ્રકારના રાગ, અનેક પ્રકારની આ ક્રિયાઓ મારી ઉપસ્થિતિમાં આ! એમ માનીને પોતે જાણે પરરૂપે થઈ ગયો હોય એમ માને છે. પણ એ ઉપસ્થિતિમાં હું તો મારા જ્ઞાનમાં અનેકને જાણનારો મારી અસ્તિમાં રહીને જાણું છું. હું પરરૂપે થયો નથી. ઈ બીજો બોલ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**વૈશાખ વદ ૧, સોમવાર તા. ૧૩-૫-૧૯૬૮**
**સ્યાદ્‌વાદ બોલ-૩થી ૬. પ્રવચન-૫૦૫**

હિન્દીમાં ૫૭૪. જુઓ! હિન્દી છે ને બીજા પુસ્તકો? થઈ રહ્યા છે? કોઈને ના હોય તો ઘો. શું કહે છે એમાં? અહીંયાં ચૌદ બોલ અનેકાંતના ચાલે છે. અનેકાંતમાં ગડબડ ચાલે છે ને અત્યારે? કે આત્મામાં એક સ્વભાવના આશ્રયે ધર્મ થાય અને અનેક સ્વભાવના આશ્રયે પણ ધર્મ થાય છે એનું અહીંયા ખંડન કરે છે. સમજાણું કાંઈ? એક સ્વભાવ આત્મા. શું કહે છે? જુઓ! ત્રીજો બોલ છે.

**'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ અનેક જ્ઞેયાકારો વડે (-જ્ઞેયોના આકારો વડે)...'** શું કહે છે જુઓ! આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞેયાકારો વડે. ભિન્ન ભિન્ન રાગ અને ભિન્ન ભિન્ન જે પરપદાર્થ છે એના આકારે પોતાની પર્યાય પોતામાં અનેક જ્ઞાનપર્યાયરૂપે પરિણમે છે. એ પરથી પરિણમતી નથી. સમજાણું કાંઈ પંડિતજી? શું કહ્યું જુઓ. જ્ઞાનમાત્રભાવ. ભગવાન જ્ઞાનસ્વરૂપી ચૈતન્ય પદાર્થ **'અનેક જ્ઞેયાકારો વડે...'** નિમિત્ત દ્વારા એટલી વાત છે હોં! જુઓ! નિમિત્ત દ્વારા તો આવ્યું. **'(જ્ઞેયોના આકારો વડે)...'** એટલે જે જ્ઞેય છે, પોતામાં જે રાગ થાય છે, નિમિત્ત છે એનો સ્વભાવ જે છે એના આકારે પોતાનું જ્ઞાન પોતામાં પરિણમે છે કે આ રાગ છે, આ દયા છે, આ વિકલ્પ છે, શરીર છે, શરીરમાં આવી ક્રિયા થાય છે. એમ પરના નિમિત્તથી પોતામાં પોતાને કારણે જ્ઞાનની પર્યાયનું અનેકરૂપ થવું પોતાનો સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

શ્રોતા :- ...

ઉત્તર **:-** આ તો વાત અનેકાંત છે. સભામાં નક્કી કર્યું ને? રસ્તામાં (વાત) ચાલી હતી. હમણા સભા થઈ ને, એમાં નક્કી કર્યું. કથંચિત્ વ્યવહારથી થાય, કથંચિત્ નિશ્ચયથી એવો નિકાલ કરો. પરિષદ સભામા એવું કાંઈક નક્કી થયું છે.

શ્રોતા :- વિદ્વત પરિષદ.

ઉત્તર **:-** વિદ્વત પરિષદમાં. જંગલમાં રસ્તામાં ચાલતા હતા. એ વાતનું અહીંયા ખંડન છે.

પોતાનું સ્વરૂપ જ્ઞાનસ્વભાવ આનંદ આદિ અનેક ભાવસ્વરૂપ છે. એ પર નિમિત્તના સંબંધમાં પોતાની પર્યાય, પોતાથી, પોતામાં અનેક અવસ્થારૂપ થાય છે. પણ એ અવસ્થા છે. અનેક છે. એવી અનેકતા નથી એમ નહિ. પણ અનેકના આશ્રયે ધર્મ થાય છે એમ નથી. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? સૂક્ષ્મ વાત અનેકાંતની. પશુ કહે છે અહીં તો. આગળ કહેશે. આમ ન સમજે તે પશુ છે.

ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે જ્ઞાનાનંદ રૂપે એક સ્વભાવ હોવા છતાં વર્તમાન જ્ઞાનની અવસ્થામાં અનંત જે છ દ્રવ્ય છે એ છ દ્રવ્યના લક્ષમાં પોતાની પર્યાયમાં અનેકરૂપનું પરિણમન અવસ્થામાં પોતાથી પોતામાં થાય છે. સમજાણું કાંઈ? તો કહે છે કે '**પોતાનો સકળ (આખો, અખંડ) એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને...**' અરે..! આ છ દ્રવ્યને જાણવું તે પોતાની પર્યાયમાં અનેકરૂપ થયો તો અનેકરૂપ થયો તો મેલ થયો એમ અજ્ઞાની માને છે. અનેકરૂપ જ્ઞાનનું પરિણમન થવું એ તો પર્યાયનો પોતાના અંશનો સ્વભાવ ધર્મ છે. છતાં અજ્ઞાની (માને છે કે) પરના નિમિત્તથી પોતામાં અનેકપણું થાય એ દોષ છે. એને કાઢી નાખો. તો પોતાનું સ્વરૂપ એકરૂપ રહે. એ ભ્રાંતિ છે, મિથ્યાત્વ, અજ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**પોતાનો સકળ એક જ્ઞાન-આકાર ખંડિત થયો માનીને નાશ પામે છે,...**' અરે..! હું અનેકરૂપ થઈ ગયો. પણ અનેકરૂપ તો પર્યાય થઈ છે. વસ્તુ તો એકરૂપ છે. સમજાણું કાંઈ? ઘણો સૂક્ષ્મ બોલ છે. વસ્તુ જે છે આત્મા અસંખ્ય પ્રદેશી એકરૂપ એ તો એક અવસ્થા એક જ ભાવરૂપ છે. એકભાવરૂપ છે. પણ એની પર્યાયમાં નિમિત્તના લક્ષે પોતાની યોગ્યતામાં અનેકરૂપ જ્ઞાનની પર્યાય થવી એ પણ પોતાની પર્યાયનો સ્વતઃસિદ્ધ ધર્મ છે. સમજાણું કાંઈ? એ નથી માનતો. ના અરે..! જ્ઞાન અનેકરૂપ કેમ થયું? તો અનેકમાં એક કરવા જાય છે તો અનેકનો નાશ કરે છે તો પર્યાયધર્મનો એ નાશ કરે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે આ.

અહીં તો ઈ કહે છે કે આત્માની જ્ઞાન પર્યાય છે ને વર્તમાન જ્ઞાન અવસ્થા, એમાં ભિન્ન ભિન્ન રાગ દયા, દાન, વિકલ્પ જે ઉઠે છે એ સંબંધીના જ્ઞાનની પર્યાય પોતાથી પોતામાં પરિણમે છે. રાગના જ્ઞાનરૂપ થાય છે, વિકાર થાય છે તેનું જ્ઞાન થાય છે તો પોતાની જ્ઞાન પર્યાયમાં અનેકપણું થવું, વિકારરૂપ થવું એ નહિ. સમજાણું કાંઈ? વિકારરૂપ અનેકપણું થવું એ અહીંયા નહિ, પણ વિકાર ભિન્ન ભિન્ન જે વ્યવહાર થાય છે એનું જાણપણું પોતાની પર્યાયમાં અનેકપણું થાય છે એ વાસ્તવિક છે. અનેકપણાનું જ્ઞાન એક સમયમાં થવું એ વાસ્તવિક છે. તો એ અનેકપણું થતાં એ ખંડ ખંડ થઈ ગયું એમ માનીને એ અનેકપણાનું જ્ઞાન કાઢી નાખે છે. તે આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ આ. અનેકાંતના ચૌદ બોલની ઘણી સૂક્ષ્મ વાત છે.

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...**' પર્યાય તો છે એમ કહે છે. હું દ્રવ્યથી, વસ્તુથી એકરૂપ જ છું. જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ એકરૂપ જ છું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એનો મને આશ્રય છે એમાં તો એકપણું જ છે. પણ એકપણું હોવા છતાં પર્યાયમાં અનેકપણું હોવા છતાં પોતાના સ્વભાવનો નાશ થતો નથી. ભારે! નવનીતભાઈ!

શ્રોતા :- ...

ઉત્તર :- હા, છે અનેક. અનેકપણું છે. જ્ઞાન કરવા માટે છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાય અનેકરૂપ થાય છે એવું જ્ઞાન કરવા માટે છે. આશ્રય કરવા માટે નહિ. અહીં વ્યવહાર નિશ્ચયનું બેયનું જ્ઞાન કરાવે છે. નિશ્ચય એકરૂપ છે, વ્યવહાર પર્યાય અનેકરૂપ છે. બેય છે. અનેકરૂપ છે તેને ન માને તો વ્યવહારનું માનવું ન થયું, તો તેને નિશ્ચયનો પણ આશ્રય નથી.

શ્રોતા :- આશ્રય લે તો...

ઉત્તર :- આશ્રય નહીં, આશ્રયનો પ્રશ્ન નથી અહીંયાં.

અહીં તો જ્ઞાનસ્વરૂપ ભગવાન ચિદ્‌ઘન છે એ એક સ્વભાવ છે અને પર્યાયમાં અનેકપણું થવું, પુણ્ય-પાપ રાગાદિ વ્યવહારનું પોતામાં જ્ઞાન થવું એ તો પોતાની પર્યાયનો ધર્મ છે. અહીં તો બીજી વાત છે ખરેખર તો. એ છ દ્રવ્યનું જ્ઞાન થવું એ પોતાની પર્યાયનો ધર્મ છે. છ દ્રવ્યનું જ્ઞાન થયું એ પોતે ન માને તો એ પોતાની પર્યાયને જ નથી માનતો અને છ દ્રવ્યને પણ નથી માનતો. સમજાણું કાંઈ? જુઓ! જ્ઞેયોના આકારે. છ દ્રવ્ય જેવા છે એવું પોતાની પર્યાયમાં જાણપણું થાય છે. અનેકપણાનું પરિણમન જ્ઞાનમાં જાણપણાનું થાય તો અનેકપણાનું જાણપણું થયું એ જાણવાલાયક છે. આદરવાલાયક નથી. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે, ભાઈ!

ચૈતન્ય એકરૂપ સ્વભાવ છે અને પર્યાયમાં એકપણું પોતાથી પર્યાયધર્મથી છે. પરને કારણે નહિ. એક અને અનેક બેય પોતાનો સ્વભાવ છે. પણ અનેકપણાનું પરિણમન થયું એ આશ્રય કરવાલાયક નથી. વ્યવહારને સિદ્ધ કરે છે. અનેક છે એમ સિદ્ધ કરે છે. આશ્રય કરવાલાયક નથી. આશ્રય સમજો છો? એનું લક્ષ કરીને લાભ થાય છે એમ નહિ. એકરૂપ ચિદાનંદ ભગવાન જ્ઞાનમૂર્તિ છે, એનો આશ્રય કરે છે તો આશ્રય કરવાથી પર્યાયમાં અનેકપણાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ આદિ પર્યાય થાય છે. અનેકપણું ન માને તો અનેકપણાની પર્યાયધર્મનો નાશ કરે છે. છ દ્રવ્યને નથી માનતો. પર્યાયનું અનેકપણું ન માને એ છ દ્રવ્યને નથી માનતો. પોતાની પર્યાયની જે અનેકતાનું થવું છે એને પણ માનતો નથી. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

ભગવાન આત્મા... જુઓ! '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...**' ભલે પર્યાયથી તો અનેક છે જ પણ હું વસ્તુ સ્વરૂપ છું, જ્ઞાનમાત્ર એકરૂપ છું. એમ સમ્યગ્દૃષ્ટિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાના એકરૂપ દ્રવ્યનો આશ્રય કરવાથી **'અનેકાંત જ તેને જિવાડે છે-'** અનેકપણું હોવા છતાં વસ્તુથી એક છું. એવું અનેકાંતપણું તો દૃષ્ટિમાં આશ્રય દ્રવ્યનો આવ્યો, પર્યાય અનેક છે એનું જ્ઞાન થયું. સમ્યગ્દર્શન થયું તો એમાં અનેકાંતના આનંદનો અનુભવ થાય છે. સમજાણું કાંઈ? જો અનેકપણાની પર્યાય છે એને ન માને તો એકાંત થયું. તો દ્રવ્યનો આશ્રય કરવાથી જે પર્યાય પ્રગટી તો પર્યાયની દૃષ્ટિ થઈ નહિ. પર્યાયને તો માને નહિ. અને પર્યાયને એકલી માને અને દ્રવ્ય ન માને તો દ્રવ્યનો આશ્રય કરવો છે એને તો માન્યું નહિ. તો દ્રવ્યનો આશ્રય કર્યા વિના અનેકપણું ઉત્પન્ન થતું નથી. સમજાણું કાંઈ? ચૌદેય બોલ સૂક્ષ્મ છે.

**'દ્રવ્યથી એકપણું પ્રકાશતો થકો...'** અહીં લેવું છે દ્રવ્યનો અર્થ કે પર્યાયમાં તો અનેકપણું માને છે. પણ વસ્તુ તરીકે હું અનેકરૂપ નથી થયો. એક વસ્તુ છે. વસ્તુ જે એકરૂપ છે એ અનેકરૂપ વસ્તુ નથી થઈ. સમજાણું કાંઈ? ભારે ધર્મ સમજવો. લ્યો! શું કહે છે, સમજાણું કાંઈ? પર્યાયમાં ભિન્ન ભિન્ન રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો ભિન્ન ભિન્ન વિકલ્પ થાય છે. અને સામે નિમિત્ત પણ ભિન્ન ભિન્ન ભગવાન દેવ-ગુરુ-શાસ્ત્રનું હોય. તો એ સંબંધીનું પોતામાં પોતાથી જ્ઞાનની પર્યાય અનેકરૂપ થાય છે. એ અનેકરૂપ થાય છે એ પોતાનો પર્યાયનો ધર્મ છે એમ કહે છે. અને એમ અનેકરૂપ થયું તો હું ખંડિત થયો એમ માનનારો પોતાની પર્યાયમાં અનેકરૂપ પરિણમનના અસ્તિત્વને સ્વીકારતો નથી. સમજાણું કાંઈ? અને અનેક છે એનો સ્વીકાર (કરે), અનેકપણાનો આશ્રય કરવાલાયક છે (એમ માને) તો પણ એણે અનેક અને એકને સ્વીકાર્યા નથી. સમજાણું કાંઈ? ઘણી સૂક્ષ્મ વાત છે. પંડિતજી! વીતરાગનું તત્ત્વ એવું છે. સર્વજ્ઞ પરમેશ્વર જેવું છે એવું તત્ત્વ કહ્યું એ અનેકાંત સ્વરૂપ છે.

અહીં તો ભગવાન આત્મા ચિદ્દ્ઘન જ્ઞાનરૂપ એકસ્વભાવ છે, દ્રવ્યથી. અને પર્યાયથી અનેક પર્યાયમાં પરિણમન થાય છે, એ હો. અનેકપણું પરિણમન થયું તો શું એકપણું દ્રવ્યનું નાશ પામે છે? વસ્તુ તો એકરૂપ છે જ. અને અનેકપણાનું પરિણમન થયું તો એને જાણવું કે આ છે, એ તો બરાબર છે. પણ એકનો પણ આશ્રય કરવો અને અનેકનો પણ આશ્રય કરવો એ અનેકાંત નથી એમ કહે છે અહીંયાં. તેથી દ્રવ્યની વાત લીધી છે. અનેકપણાનું પરિણમન છે તો પણ દ્રવ્યથી એક છું એવો આશ્રય સમ્યગ્દૃષ્ટિને કદી છૂટતો નથી. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે ઝીણું. આ ચૌદ બોલ જ એવા છે, ભાઈ!

વસ્તુ એવી છે ભગવાન આત્મા વસ્તુ જે જ્ઞાનભાવરૂપે ચૈતન્યબિંબ છે એ એકરૂપ ત્રિકાળ એક સ્વભાવ એનું માનવું ક્યારે થાય? કે પર્યાયનું લક્ષ છોડીને વસ્તુનું લક્ષ કરવાથી એક દ્રવ્યના આશ્રયે જે સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું એમાં અનેકપણાની પર્યાયનું પરિણમન થવું એ પર્યાયનો ધર્મ છે. પણ એ અનેકપણું પ્રગટ્યું છે એ દ્રવ્યને આશ્રયે પ્રગટ્યું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? અહીં વ્યવહાર વિકલ્પ અને નિમિત્તની વાત છે જ નહિ. અહીં તો નિમિત્ત અને રાગનું જ્ઞાન કરનાર પોતે પોતામાં નિજદ્રવ્યના આશ્રયે જે સમ્યગ્જ્ઞાનાદિ થયા એ જ્ઞાનમાં રાગાદિ ભિન્ન ભિન્ન જાણવાનું પરિણમન પોતામાં થાય, એ પોતાનો સ્વભાવ છે. તેથી કરી પોતાનું જ્ઞાન ખંડિત થઈ ગયું અને અનેકપણું પરિણમન થયું તો આત્માનો નાશ થયો એમ નથી. સમજાણું કાંઈ?

**'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...'** ચોથો. **'એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...'** જુઓ! અહીં ખુલાસો આવ્યો. **'અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે...'** જુઓ! ત્યાં ખુલાસો છે. શું કહે છે? ભગવાન! આ તો સૂક્ષ્મ વાત છે. ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વભાવ સ્વપરપ્રકાશક સ્વરૂપ છે. તો એવું જ્ઞાનસ્વરૂપ પોતાની પર્યાયમાં અનેકનું જ્ઞાન કરવું પોતાના જ્ઞેયાકારપણાનું પરિણમન થવું એ પોતાના જ્ઞાનની પર્યાયનો ધર્મ છે. પણ એ કહે છે કે અરે..! અનેકાકાર જ્ઞાન. જ્ઞાનને ગ્રહણ કરવા માટે અનેક જ્ઞેયાકારનો ત્યાગ (કરો). જેમ અરીસો છે ને અરીસો? દર્પણ. દર્પણ કહે છે ને. તો અરીસામાં કોલસા, કેરી આદિ સામે છે એ પ્રકારે ત્યાં પોતાની પરિણતિ સ્વચ્છતાને કારણે અરીસામાં એવી અવસ્થા થાય છે. પણ એ અવસ્થામાં જે કાળું-પીળું દેખાય છે, તો કહે છે, આ કાળું-પીળું દેખાય તો અરીસો મેલો થઈ ગયો. એમ માનીને એ કાળા-પીળાની અવસ્થાનો ત્યાગ કરે તો અરીસાની અવસ્થાનો પણ ત્યાગ થઈ જાય છે. સમજાણું કાંઈ? દર્પણ. દર્પણ છે. જેમ કોલસો અને કેરી અને બરફ અને અગ્નિ સામે પડ્યા છે. તો ત્યાં પણ તેની સ્વચ્છતાને કારણે અનેકરૂપ અરીસાની અવસ્થા થાય છે. એ અનેકરૂપ અવસ્થા અરીસાની દશા છે. પણ કોઈ એમ માને કે અરીસામાં આ તો મેલ થઈ ગયો. મેલ થઈ ગયો એને કાઢી નાખો. કાળા-પીળાની જે અવસ્થા છે એને કાઢી નાખો. એ તો અરીસાની અવસ્થા છે. અરીસાની અવસ્થા કાઢી નાખવાથી અરીસો રહેતો નથી.

શ્રોતા **:-** ...

ઉત્તર **:-** ત્યાં કાળું છે જ નહિ. એ તો અરીસાની અવસ્થા છે. સમજાણું કાંઈ? દર્પણમાં જે કાળું, પીળું, ઠંડો બરફ દેખાય છે. બરફ જેવું દેખાય. તો ત્યાં આંગળી અડાડે તો ઠંડું લાગે છે? ઠંડાપણું તો બરફમાં છે. દેખાય છે બરફ એ તો અરીસાની અવસ્થા છે. બરફ કે અગ્નિ ત્યાં નથી. બરફ અને અગ્નિ એમાં છે જ નહિ. અગ્નિના ભડકા દેખાય. અગ્નિ આમ આમ થાય ને? એ અગ્નિ છે જ નહિ. એ તો અરીસાની અવસ્થા છે. એ અવસ્થાને કાઢી નાખે કે અરેરે..! આ તો અગ્નિ અને બરફ આવી ગયા અંદર. એ થયું જ નથી. એ તો અરીસો પોતાની અવસ્થારૂપ થયો છે. એને કાઢી નાખવાથી અરીસાની અવસ્થાનો નાશ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


થાય છે. કાર્યનો નાશ થાય તો કારણનો નાશ દૃષ્ટિમાં (થઈ જાય છે). કારણનું અસ્તિત્વ દૃષ્ટિમાં રહેતું જ નથી. સમજાણું કાંઈ? આ તો લોજિકથી વાત છે. આહા..હા..!

**'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...'** ભગવાન આત્મા **'એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા માટે...'** મને તો જ્ઞાનની અવસ્થા જ એકલી થવી જોઈએ એમ અજ્ઞાની માને છે. પણ એ જ્ઞાનની જ અવસ્થા છે. રાગ અને દ્વેષ અને દયા, દાનના વિકલ્પનું જે જ્ઞાન થાય છે એ રાગનું જ્ઞાન એમ જાણે કે આ રાગ છે. તો એવું જ્ઞાનમાં રાગનું જ્ઞાન થાય છે. તો એ રાગનું જ્ઞાન છે તો અજ્ઞાનીને એમ લાગે છે કે અરે..! આ શું જ્ઞાન થયું? કાઢી નાખો રાગનું જ્ઞાન. પણ રાગનું જ્ઞાન કાઢી નાખવાથી તારી અવસ્થાનો નાશ થશે. એ તો જ્ઞાન રાગનું નથી. તારી અવસ્થાનું જ્ઞાન છે. સમજાણું કાંઈ? લોજિકથી-ન્યાયથી વાત છે આ.

**'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ એક જ્ઞાન-આકારનું ગ્રહણ કરવા...'** એકલો જ્ઞાન આકાર. જ્ઞાન-જ્ઞાન. પણ એ જ્ઞાનનો આકાર પર્યાયરૂપ જ છે. **'અનેક જ્ઞેયાકારોના ત્યાગ વડે...'** દેખો! એ અરીસાની અવસ્થા કાળી-પીળી દેખાય છે તો કાળી-પીળી કાઢી નાખો. પણ કાળી-પીળીને શું કાઢે? એ તો અરીસાની અવસ્થા છે. કાળી-પીળી અવસ્થા પરમાં છે એ અહીં આવી નથી. પોતાની પર્યાય છે કાળી-પીળી થવાની. એમ જ્ઞાનમાં રાગ-દ્વેષ, દયા-દાનના વિકલ્પનું જે જ્ઞાન થાય છે એ પોતાના જ્ઞાનની પર્યાય છે. રાગની પર્યાય નથી. સમજાણું કાંઈ? આ બધું તત્ત્વ સૂક્ષ્મ છે ભગવાનનું. લોકો માને છે ને કે કથંચિત્ એમ કહો. અનેકના આશ્રયે પણ જ્ઞાન અને એકના આશ્રયે પણ સમ્યક્ થાય એનું નામ અનેકાંત. એમ અનેકાંત છે જ નહિ. અનેકાંત પોતાની પર્યાયમાં અનેકપણાનું પરિણમન છે એને જાણવું, બસ એટલી વાત છે. જાણવાથી કાંઈ પોતાની પર્યાયમાં એકપણું થઈ ગયું એમ નથી. અનેક છે, જાણે. છ દ્રવ્યને જાણે. છ દ્રવ્યને પોતાની પર્યાય જાણે એ તો પર્યાયનો સ્વભાવ છે. છ દ્રવ્યને નથી જાણતો. ખરેખર તો છ દ્રવ્યને જાણવાની પર્યાય પોતાની પર્યાયને આત્મા જાણે છે. સમજાણું કાંઈ?

પોતાની પર્યાય એક સમયમાં અનેકપણે થાય છે એમ ન માને તો એ છ દ્રવ્યને માનતો નથી. સમજાણું કાંઈ? છ દ્રવ્યને માનતો નથી તો એક દ્રવ્યને માનતો નથી. એમ કહે છે અહીં તો. સૂક્ષ્મ વાત જગતને. ભગવાન ચૈતન્યબિંબ સૂક્ષ્મ સ્વભાવ (છે). એ એકરૂપ અંતરમાં હોવા છતાં પર્યાયમાં રાગાદિ ભિન્ન-ભિન્ન જ્ઞાન, ભિન્ન-ભિન્ન જ્ઞાનની પર્યાયરૂપ થાય તો અજ્ઞાની એ જ્ઞાનની પર્યાયમાં (એમ માને છે કે) આ કેમ દેખાયું? રાગાદિ કેમ જણાય છે? દ્વેષાદિ કેમ જણાયા? શરીર કેમ જણાયું? કોલસો કેમ જણાયું? વિષ્ટા કેમ જણાય છે? જણાઈ છે તો તારી પર્યાય થઈ છે. કોલસો ક્યાં છે ત્યાં? સમજાણું કાંઈ? ચંદુભાઈ! ભારે વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આહા..હા..!

**'જ્ઞેયાકારોના ત્યાગ વડે...'** જુઓ! મારી પર્યાયમાં આ વ્યવહાર કેમ ભાસે છે? વ્યવહાર કેમ ભાસે છે? ભેદ કેમ ભાસે છે? સમજ્યા? અજ્ઞાનીને એમ કે આ લોક કેમ ભાસે છે? લોક આવો છે, છ દ્રવ્ય આવા છે. શરીર આવું છે, રાગ આવો છે એમ કેમ ભાસે છે? એમ કેમ ભાસે છે શું, તારી જ્ઞાનની પર્યાયનો સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ?

સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી,
જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, નિજરૂપા પરરૂપા ભાસી.

એ શ્લોક છે બનારસીદાસમાં. અમૃતચંદ્રાચાર્યનો કડીનો.

જ્ઞેયશક્તિ દ્વિવિધા પ્રકાશી, સ્વપર પ્રકાશક શક્તિ હમારી.

સ્વને જાણવું અને પરને જાણવું એ અમારી શક્તિ છે. રાગ, વિકલ્પને જાણવું અને પોતાને જાણવું એ પોતાની શક્તિ છે.

સ્વપરપ્રકાશક શક્તિ હમારી, તાતૈ વચનભેદ ભ્રમ ભારી.

એ વચનભેદ શું? પરને કારણે થયું. પરનું જે જ્ઞાન થયું એ પરને કારણે થયું છે. એવા વચનના ભેદમાં ભ્રમ અજ્ઞાની કરે છે. એમ છે જ નહિ. પર સંબંધીનું જ્ઞાન પોતાથી થયું છે. પરથી નહિ. આ લાકડી દેખાય છે? ના. લાકડી સંબંધીનું જે જ્ઞાન છે એવી પોતાની જ્ઞાનની પર્યાય એનું જ્ઞાન કરે છે. તો એ સંબંધીનું જ્ઞાન પોતાનું છે. પોતાથી આત્મા દેખાય છે. પોતાની પર્યાયને દેખે છે. લાકડીને નહિ. ભારે ઝીણું! સમજાણું કાંઈ?

એ દૃષ્ટાંત આપ્યું છે ને? પરમાત્મપ્રકાશમાં આપ્યું છે. જળની સ્વચ્છતા છે જળની સ્વચ્છતા નદીમાં. તો એવી પાણીની સ્વચ્છતા દેખાય છે તો એની ઉપર જે તારાનું નક્ષત્ર મંડળ છે એ એમાં દેખાય છે. છે તો ત્યાં. એ અહીં નથી આવ્યું. પાણીની સ્વચ્છતામાં જે નક્ષત્ર મંડળના તારા દેખાય છે એ નક્ષત્ર તારા નથી. એ તો જળની વર્તમાન અવસ્થાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પંડિતજી! પાણી છે ને પાણી? મોટી નદીનો પટ હોય, એની ઉપર નક્ષત્ર હોય. અંદર દેખાય. શું નક્ષત્ર દેખાય છે અંદર? નક્ષત્ર તો ત્યાં રહ્યા. પાણીની સ્વચ્છતા દેખાય છે. તો પાણીની સ્વચ્છતામાં એ નક્ષત્ર આદિ દેખાય. કાઢી નાખો નક્ષત્ર આદિનો ભાવ. શું કાઢે? એ તો પાણીની સ્વચ્છતા છે. આહા..હા..!

એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનની અવસ્થામાં સ્વચ્છતામાં રાગ વ્યવહાર વિકલ્પ, દયા, દાન, વ્રત હોય તેને જાણે. જાણવામાં શું છે? જાણવું હોં! કરવા-ફરવાની અહીં વાત નથી. આહા..હા..! વ્યવહાર દયા, દાન, વિકલ્પનું કરવું એ તો જ્ઞાનનો સ્વભાવ છે નહિ. પણ એને જાણવું એ જ્ઞાનનો સ્વભાવ છે અનેકરૂપ થવું. એ અનેકરૂપ થવું એ વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે એમ કહે છે. અને અનેકરૂપ થતાં અનેકપણું કાઢી નાખો તો શું રહેશે? પાણીની સ્વચ્છતામાં નક્ષત્ર અને ચંદ્ર દેખાય છે એ કાઢી નાખો. શું રહેશે? જળની સ્વચ્છતાનો અભાવ કરવાથી દ્રવ્ય રહેશે નહિ. પર્યાય વિના દ્રવ્ય રહેતું નથી. પર્યાય વિના દ્રવ્ય રહેતું નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એમ ભગવાન જ્ઞાનમાં રાગ વ્યવહાર દયા-દાન ભિન્ન ભિન્ન સમ્મેદશિખર આદિ જે જણાય છે, પોતાના જ્ઞાનમાં તો એ દેખાય છે. પરંતુ એ નથી દેખાતું, ખરેખર તો એ સંબંધી પોતાના જ્ઞાનની પર્યાય પરિણમે છે તે દેખાય છે. પણ અનેકપણાનું ભાન એને ખુંચે છે. અરે..! આ ક્યાં ભાસ્યું? કાઢી નાખો અનેકપણાનું જ્ઞાન. તો અનેકપણાનું જ્ઞાન તો પોતાની પર્યાયનો ધર્મ છે. પંડિતજી! આહા..હા..!

શ્રોતા :- તો દ્રવ્ય ધર્મ અને પર્યાય ધર્મ બંને..

ઉત્તર :- પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થવું એ પોતાનો સ્વભાવ છે. છ દ્રવ્યનું જ્ઞાન થવું... છ દ્રવ્યમાં આવ્યું કે નહિ? આ તીર્થંકર છે, આ ભગવાન છે, આ સમ્મેદશિખર છે, આ શેત્રુંજય છે. સમજાણું કાંઈ? આ ગુરુ છે, આ શાસ્ત્ર છે. એ પોતાના જ્ઞાનની પર્યાયમાં પોતાની જાણવાની પર્યાયના અસ્તિત્વમાં એ જણાય છે. પણ એ નથી જણાતું, પોતાની પર્યાયને જાણે છે. સમજાણું કાંઈ? એમ પર્યાયનું અનેકપણું છે તેને કાઢી નાખે તો શું રહેશે? અનેકપણું જાણવું એ તો તારી પર્યાયનો ધર્મ છે.

તો કહે છે કે જ્ઞાનાકાર ખંડિત થયું માનીને.. સમજાણું કાંઈ? પોતાનો નાશ કરે છે. શું? જ્ઞેયાકારના ત્યાગ દ્વારા એ જ્ઞાનની પર્યાયમાં જે જ્ઞેય સંબંધી પોતાનું જ્ઞાન થયું તો જ્ઞેયાકારના ત્યાગ દ્વારા પોતાની પર્યાયનો ત્યાગ કરે છે. સૂક્ષ્મ વાત છે. આ તો મહા અધ્યાત્મ તત્ત્વ છે. સર્વજ્ઞથી સિદ્ધ થયેલું અને સ્વરૂપ પણ એવું જ છે.

'**ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે,...**' પાણીની સ્વચ્છતામાં નક્ષત્ર મંડળ દેખાય છે તો નક્ષત્ર મંડળને કાઢી નાખો તો સ્વચ્છતાની પર્યાયનો નાશ થયો. તો પર્યાયનો નાશ થતાં દ્રવ્ય પણ રહેતું નથી. પોતાની જ્ઞાનની પર્યાયમાં અનેકપણાનું જ્ઞાન થતાં એ અનેકપણું કાઢી નાખો તો પોતાની પર્યાય રહેતી નથી. પર્યાય નથી રહેતી તો દ્રવ્યને જાણનાર પર્યાયથી રહિત દ્રવ્ય પણ રહ્યું નહિ. સમજાણું કાંઈ?

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...**' જુઓ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનરૂપે તો હું એકરૂપે છું દ્રવ્યથી, પણ પર્યાયથી અનેકપણું થવું એ પોતાની પર્યાયનો ધર્મ છે એમ જાણતો થકો પોતાના અસ્તિત્વનો નાશ નથી કરતો. પોતાનું અસ્તિત્વ પર્યાયમાં આવું છે એમ જાણે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! '**પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...**' એટલે? અવસ્થાના જ્ઞાનમાં અનેક છ દ્રવ્ય જણાય,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દેવ-ગુરુ-શાસ્ત્ર જણાય, સ્ત્રી-કુટુંબ જણાય, ધર્માસ્તિ આદિ જણાય તો એ જાણવાની પર્યાયમાં અનેકપણાનું પરિણમન થયું તો મારી પર્યાય જ પ્રકાશિત થઈ છે, મારી પર્યાય જ પ્રકાશિત થઈ. પર પ્રકાશિત નથી થયું. પરથી નથી થયું. પર પ્રકાશિત નથી થયું. પર સંબંધીની પોતાની પર્યાય પ્રકાશિત પ્રગટ થઈ છે. કહો, સમજાણું કાંઈ? એવો ધર્મ છે અહીં ભગવાનનો. પર્યાયનું અનેકપણું જાણવું એ મારો સ્વભાવ છે. રાગાદિપણે થતું નથી પણ રાગાદિનું જ્ઞાન થવું એ પોતાનો સ્વભાવ છે એમ કહે છે. ઓહોહો..! સમજાણું કાંઈ?

ત્રિલોકનાથ ભગવાનના સમવસરણમાં ઊભો છે તો એને સમવસરણ દેખાય છે. પણ એ સમવસરણ નથી દેખાતું. ત્યારે? એ સંબંધીનું પોતાના જ્ઞાનની પર્યાયમાં એ સમયમાં થનારી જ્ઞાનની (પર્યાયમાં) અનેક પ્રકારે પરિણમન (થાય છે) તે દેખાય છે. તો એ કહે છે, અરે..! આ શું પરચીજ દેખાય છે? કાઢી નાખો એમાંથી. શું કાઢે? પર સંબંધીનું જ્ઞાન પોતાની પર્યાયનો ધર્મ છે. એમાંથી કાઢી નાખવાથી પર્યાય રહેતી નથી. પર્યાય રહેતી નથી તો જો કાર્ય નથી રહેતું તો કાર્યનું કારણ દૃષ્ટિમાં આવતું નથી. સમજાણું કાંઈ? ભાઈ! આ તો સૂક્ષ્મ વાત. ચાલતા ચાલતા પંદરમી વાર ચાલે છે સમયસાર. સભામાં પંદરમી વાર ચાલે છે. પંદર સમજો છો? દસ અને પાંચ. ચૌદ વાર પૂરું થઈ ગયું છે. પંદરમી વાર ચાલે છે.

'**પર્યાયોથી અનેકપણું પ્રકાશતો થકો...**' શું કહે છે? ભગવાન આત્મા સ્વરૂપે જ્ઞાનસ્વભાવરૂપે એક હોવા છતાં પર્યાયમાં અનેકપણાનું જાણપણું થયું એ અનેકપણાને પ્રકાશિત કરતો થકો, અનેકપણાને પોતાના અસ્તિત્વમાં પ્રકાશિત કરતો થકો પર્યાયનો નાશ કરે છે કે નથી જાણવું. અનેકપણું છે તો જાણે છે. જાણવાથી શું એનો નાશ થઈ ગયો? અનેકપણાને જાણવું થયું એમાં શું રાગ થયો? અનેકપણાનું જ્ઞાન થયું એમાં શું રાગ થયો? એમ કહે છે. અનેકપણાનું જ્ઞાન કરવાથી શું રાગ થયો? વિકલ્પ થયો? અનેકપણાનું જ્ઞાન કરવું એ તો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. જેમ એકને જાણે છે સ્વભાવથી, એમ અનેકને પણ જાણવું એનું નામ અનેકાંત છે. એકને એકરૂપે જાણવું અને અનેકને અનેકરૂપ (જાણવું). એકને અનેકરૂપ જાણવું અને અનેકને એકરૂપ જાણવું એ મિથ્યાત્વ એકાંત છે. સમજાણું કાંઈ? એ ચોથો બોલ થયો.

પાંચમો બોલ. સ્વદ્રવ્યથી અસ્તિ. તત-અતત્‌ના આવ્યા ને એ બોલ? એક-અનેક. તત્-અતત્ અને એક-અનેક. ચાર આવ્યા. તત્ તે સ્વરૂપે છે અને અતત્ પરરૂપે નથી. જ્ઞાન અને જ્ઞેય સંબંધી. બે બોલ. પર્યાયમાં અનેક છે, દ્રવ્યથી એક છે. બેય પોતાના સ્વભાવ છે. એ ચાર બોલ આવ્યા. પાંચમો બોલ. ચૌદ બોલમાં પાંચમો બોલ. '**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ,...**' જ્ઞાનસ્વરૂપી ચૈતન્યપ્રભુ '**જાણવામાં આવતાં એવાં પરદ્રવ્યોના પરિણમનને**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**લીધે...**' જુઓ! જાણવામાં આવતા એવા પરદ્રવ્યોના પરિણમનને લીધે. પરદ્રવ્યનું પરિણમન પોતાના જ્ઞાનમાં જણાય છે. '**જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને-**' પણ મારું જાણવું થયું એ પરદ્રવ્યથી થયું અને પરદ્રવ્યને કારણે થયું એમ પરદ્રવ્યને પોતારૂપ માનીને. સમજાણું કાંઈ? '**અંગીકાર કરીને નાશ પામે છે,...**' પરદ્રવ્યને કારણે પોતાના જ્ઞાનની પર્યાય પરિણમી એમ માને છે. લ્યો, આ નિમિત્તને ઉડાવ્યું. એ નિમિત્ત દ્વારા પોતાના જ્ઞાનની પર્યાય થઈ. પરદ્રવ્યના નિમિત્ત દ્વારા પોતાની પર્યાય થઈ એમ માનીને પોતાની પર્યાયનો નાશ કરે છે. સ્વદ્રવ્યનું અસ્તિત્વ છે એનો નાશ કરે છે. પરદ્રવ્યથી અસ્તિત્વ છે એમ માને છે. સમજાણું કાંઈ?

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આઠ બોલ લેશે. પહેલા તત્-અતત્‌ના આવ્યા, પછી એક-અનેક આવ્યા. હવે સ્વદ્રવ્યથી અસ્તિ, પરદ્રવ્યથી નાસ્તિ. સ્વક્ષેત્રથી અસ્તિ, પરક્ષેત્રથી નાસ્તિ. સ્વકાળથી અસ્તિ, પરકાળની પર્યાયથી નાસ્તિ. ત્રિકાળ ભાવથી સ્વભાવથી અસ્તિ, પરગુણથી નાસ્તિ. એવા આઠ બોલ લે છે. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ અને પરદ્રવ્ય ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ. સમજાણું કાંઈ? આત્મા પોતાનું દ્રવ્ય જે જ્ઞાયકસ્વરૂપ છે તેનાથી અસ્તિ છે. પરદ્રવ્યથી નાસ્તિ છે. અજ્ઞાની પરદ્રવ્યથી હું છું એમ માનીને પોતાના સ્વદ્રવ્યથી અસ્તિ છે એનો નાશ કરે છે. બરાબર છે કે નહિ એ? પરદ્રવ્યને લઈને છે કે નહિ પર્યાય? છ દ્રવ્ય ન હોય તો જ્ઞાન (હોય)? લોકાલોક ન હોય તો અહીં જ્ઞાન હોય લોકાલોકનું?

એ મોટી ચર્ચા (સંવત) ૧૯૮૩માં થઈ હતી અમારે. શેઠ સાથે. દામોદર શેઠ અને વિરજીભાઈ બે. ૮૩ની સાલમાં. પરદ્રવ્યને લઈને અહીં (જ્ઞાન થાય) છે. લોકાલોક છે માટે અહીં જ્ઞાન છે. મોટી ચર્ચા. ૮૩ની સાલ હોં! ઘણા વર્ષ (થયા), ૪૧ વર્ષ થયા. ૪૧ વર્ષ થયા. તમારો જન્મ પણ નહિ હોય ત્યારે તો. અહીં તો ચર્ચા અમારે પહેલેથી ચાલે છે ને મોટી. પરદ્રવ્યને લઈને છે. લોકાલોક હોય તો અહીં લોકાલોકનું જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? હજી પણ કહે છે ને? સામે પદાર્થ છે તો એ સંબંધીનું જ્ઞાન પોતામાં થાય છે. એ ખોટું છે. પોતાના દ્રવ્યનું અસ્તિત્વનું પરિણમન પોતાથી છે. પરદ્રવ્યથી નહિ. આહા..હા..! નિમિત્ત લોકાલોક છે તો લોકાલોક છે. લોકાલોક છે તો જ્ઞાન થયું એ પોતાથી થયું કે લોકાલોકથી થયું છે? લોકાલોક છે તો લોકાલોક તો પડ્યા છે. પોતાનો જ્ઞાનસ્વભાવ પોતાથી જ્યારે પરદ્રવ્યનું જાણવું પોતામાં થયું એ તો પોતાથી થયું છે. પરદ્રવ્યથી નથી, લોકાલોકથી જ્ઞાન છે જ નહિ. સમજાણું કાંઈ?

સ્વદ્રવ્યની વાત કરે છે. ભગવાન આત્મા પોતાનો જ્ઞાનમાત્ર પદાર્થ ત્રિકાળી વસ્તુ, એને પરદ્રવ્યથી અંગીકાર કરીને. જુઓ! '**પરદ્રવ્યોના પરિણમનને લીધે...**' પરદ્રવ્ય પરિણમે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ પોતાના જ્ઞાનનું પરિણમન પણ એમ થાય છે. કારણ જ્ઞાતૃદ્રવ્યને-જાણનાર ભગવાન આત્માને-અજ્ઞાની પરદ્રવ્યરૂપે માનીને. હું તો પરદ્રવ્યરૂપ થયો અને પરદ્રવ્યથી હું ટકું છું. મારું ટકવું પોતાથી નથી. એમ માનીને અજ્ઞાની નાશ પામે છે. પોતાના સ્વદ્રવ્યથી અસ્તિ છે એનો નાશ કરે છે. પરદ્રવ્યથી મારી હયાતી છે એમ માને છે. નથી? એમ નથી? સંહનન મજબૂત હોય તો કેવળજ્ઞાન થાય. લ્યો! મનુષ્યપણું હોય તો કેવળજ્ઞાન થાય. મનુષ્યપણું ન હોય અને કેવળજ્ઞાન થાય છે કોઈ બીજે ઠેકાણે? શેઠિયા! પંડિતજી! વજ્રનારાચ સંહનન હોય તો કેવળજ્ઞાન થાય છે. પરદ્રવ્ય છે તો જ્ઞાન થાય છે. વજ્રનારાચ સંહનન ન હોય અને જ્ઞાન થયું હોય એવું કોઈ દૃષ્ટાંત બતાવો. સાંભળને! અહીં તો વજ્રનારાચને કારણે કાંઈ જ્ઞાન નથી થયું. સમજાણું કાંઈ? વજ્રનારાચ સંહનન તો નરકમાં જનારાને પણ હોય છે. સમજાણું કાંઈ? નરકમાં જનારને પણ હોય છે. છઠ્ઠી-સાતમી નરકે જાય છે એને પણ વજ્રનારાચ સંહનન છે. પહેલું સંહનન, વજ્રનારાચ સંહનન છે. તો એનાથી નારકીના પરિણામ થયા છે? નરકમાં જવાના પરિણામ એનાથી થયા છે?

એ અહીંયા કહે છે. પરદ્રવ્યને કારણે પરિણામ થયા છે? વજ્રનારાચય સંહનન વિના કદી કેવળજ્ઞાન થાય? વજ્રનારાચય સંહનન વિના કદી સાતમી નરકના પરિણામ થાય? કહે છે એના વિના થાય છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન વજ્રનારાચ સંહનનથી થાય છે. જુઓ! સમજ્યા? દૃષ્ટાંત દે છે. પંખીને ઊડવું હોય, પંખીને ઊડવું હોય પંખીને. તો પત્થરની શીલા ઉપર બેઠું હોય તો ઊડી શકે. નીચે પગમાં જોર આપે ને? નીચેથી પગમાં જોર આવે છે ને. અને મગનો ઢગલો પડ્યો હોય, મગ મગ મગનો પાંચ-પચ્ચીસ મણનો ઢગલો પડ્યો હોય. ઢગલો સમજ્યાને? ઢેર. એમાં મોર બેઠો હોય મોર કે પંખી (બેઠું હોય) તો ધક્કો ન મારી શકે. આમ કરે. પડી જશે. પંખીને ઊડવું છે પાંખથી. પણ નીચે પગથી જોર આપીને ઊડી શકે ને? એમ વજ્રનારાચ સંહનનનું જોર છે તો કેવળજ્ઞાન થાય છે એમ અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? અને વજ્રનારાચ સંહનન ન હોય અને કેવળજ્ઞાન થયું હોય એવું એક દૃષ્ટાંત લાવો. અરે.. સાંભળને! અનંતા દૃષ્ટાંત એવા જ છે. પરદ્રવ્યને લઈને પોતાને જ્ઞાન થાય કે પોતાથી થાય છે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતાં...**' જાણવામાં આવતા '**એવાં પરદ્રવ્યોના પરિણમનને લીધે જ્ઞાતૃદ્રવ્યને પરદ્રવ્યપણે માનીને-**' મારા જ્ઞાનનું હોવું એ તો પરદ્રવ્યને લઈને છે. પરદ્રવ્ય ન હોય તો મારું જ્ઞાન ક્યાંથી હોય? લોકાલોક ન હોય તો મારું જ્ઞાન કેમ જાણે? વજ્રનારાચ ન હોય તો જ્ઞાન કઈ રીતે કેવળજ્ઞાનરૂપ થાય? શરીર મનુષ્યનો દેહ ન હોય તો કેવળજ્ઞાનરૂપે જ્ઞાન કેમ થાય? મુનિપણાની ક્રિયા બહારની શરીરની અઠ્યાવીશ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મૂળગુણની ન હોય તો મનઃપર્યયજ્ઞાન કેમ થાય? જડની અસર થાય છે. એમ કહ્યું. તમારા હમણા આવ્યા હતા એ. જડની અસર થાય.

શ્રોતા :- આખી દુનિયા માને છે.

ઉત્તર :- હવે આખી દુનિયા બાળક પણ કહે છોકરા. કંઈક કહે કે ભાઈ! જુઓ ગોળ આવ્યો તો ગોળનું જ્ઞાન થયું. પહેલા ગોળનું જ્ઞાન કેમ ન થયું? ગોળ સમજ્યાને? ગુડ. પહેલા કેમ ન થયું? પહેલા કેમ ન થયું? પહેલાનો શું અર્થ? એ સમયના જ્ઞાનનુ પોતાનું પરિણમન પોતાના કાળથી પરિણમે છે. ગોળને કારણે ગોળનું જ્ઞાન થયું છે? સમજાણું કાંઈ? અફીણ. અફીણ છે તો અફીણનું જ્ઞાન કેમ થયું? માટે અફીણને કારણે પોતાનું અસ્તિત્વ છે. જ્ઞાન-જ્ઞેયમાં દાખલો આપ્યો હતો ને ભાઈ, નહિ? એમ કે આ પરને લઈને જ્ઞાન થાય. કેમ? ઘટજ્ઞાન. જુઓ! ઘડો છે ને. ઘડો હોય તો ઘડાનું જ્ઞાન થાય છે. દેખો. ઘડો હોય તો આ સરોવર છે એવું જ્ઞાન થાય છે? આ સરોવર છે એવું જ્ઞાન થાય છે? કપડું છે એવું જ્ઞાન થાય છે? ઘડાને કારણે, ઘડો છે તો ઘડાને કારણે ઘડાનું જ્ઞાન થાય છે. કપડું છે એવું જ્ઞાન કેમ નથી થતું? હવે સાંભળ તો ખરો. જો પરને કારણે જ્ઞાન થયું હોય... એ તો દૃષ્ટાંત લીધું ને ત્યાં? થાંભલો છે ને થાંભલો? એની પાસે મૂકો ઘડાને, કેમ જ્ઞાન નથી થતું? સમજાણું કાંઈ? પણ જે ઘડાની પાસે... જ્ઞાની જ્ઞાનસ્વરૂપ આત્મા છે એની પોતામાં પોતાના કારણે જ્ઞાનની પર્યાય થાય છે. ઘડાથી થતી નથી. ઝીણી વાતું બહુ.

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પરદ્રવ્યના પરિણમનને કારણે જ મારી પરિણમનની દશા મારું અસ્તિત્વ છે એમ માનનાર પોતાના સ્વદ્રવ્યને માનતા નથી. પોતાનું અસ્તિત્વ પૂર્ણાનંદ પ્રભુ છે તેને માનતો નથી. એ મિથ્યાદૃષ્ટિ છે. પરદ્રવ્યથી પોતાનું અસ્તિત્વ માનનારા મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. અનેકાંતપણે એ સ્વરૂપને માનતો નથી.

હું પરદ્રવ્યનું જ્ઞાન કરું છું તો મારામાં પરદ્રવ્ય છે નહિ. હું તો મારાથી છું. પરદ્રવ્યથી નહિ. એનું નામ અનેકાંત છે. પોતામાં જ્ઞાન થાય છે તો પોતાથી પણ થાય અને પરદ્રવ્યથી પણ થાય. કરો અનેકાંત નહિતર આમ થશે. આજ સવારમાં કોઈ કહેતું હતું. વિદ્વત પરિષદમાં એવો ઠરાવ કર્યો. કો'ક કહેતું હતું ને સવારમાં. કોણ કહેતું હતું એય? હિંમતભાઈ. આ ક્યાં ગયા તમારા હિંમતભાઈ! એય..! વયા ગયા? શું છે? પેટમાં? ઠીક! એ સવારમાં કો'ક કહેતું હતું. હિંમતભાઈ કહેતા હતા. એમ કે આ બધા ઝઘડા ઊભા થયા છે ... છે ને? શું કહેવાય? બંસીધરજી. આમ કરો. કથંચિત્ વ્યવહારથી થાય છે, કથંચિત્ નિશ્ચયથી થાય છે. એવું નક્કી કર્યું છે. કાંઈક કરશે એવી વાત છે. કાંઈ વાંધો નહિ. મૂકે તો પણ શું?

શ્રોતા :- ચાર-પાંચ વિદ્વાને વિરોધ કર્યો પણ બહુમતિથી પાસ કર્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- પાસ કર્યું. એમ કહે છે. લાખ મતિથી પાસ થાય તો પણ વસ્તુ છે એ વસ્તુ છે. બે-ચાર-પાંચ પંડિતે એવો વિરોધ કર્યો કે આમ નહિ. કથંચિત્ વ્યવહારથી પણ ધર્મ થાય છે અને કથંચિત્ નિશ્ચયથી થાય એમ નહિ. નિશ્ચયથી થાય અને વ્યવહારથી નહિ. ઓલા રાંદેલ છે ને? સાગરવાળા નહિ રાંદેલ? એનું પણ આજે આવ્યું છે. શિવલાલભાઈને આપ્યું હતું. વાંચ્યુ? પહેલો ...નો લેખ આવ્યો છે.

શ્રોતા :- ...

ઉત્તર :- એ નહિ. એ સિવાયનો નવો આવ્યો છે. નવા બે આવ્યા છે. પહેલો નહિ. આપણે છપાવ્યો એ નહિ. એ સિવાય હમણાં આવ્યો છે. પહેલો આવી ગયો છે. એ ત્યાં આવ્યો છે લિંબડી. બીજો આજે આવ્યો અહીં હમણા. ... બિલકુલ વ્યવહારને કારણે ધર્મ નથી. વ્યવહાર બંધનું કારણ છે એમ માનવું એ જ સમ્યક્ છે. એમ ઘણું લખ્યું છે. છે? શેમાં જૈનસંદેશ છે ને? જૈનસંદેશ છે. જૈન ગેઝેટ. શેમાં લખ્યું છે?

શ્રોતા :- ...

ઉત્તર :- હા, એ પહેલા લેખ આવ્યો હતો. બીજો લેખ પણ આવ્યો છે. જુઓ! 'નિશ્ચય વ્યવહાર કે સંબંધમેં અનેક ભૂલ હૈ. લેખક : પંડિત મુન્નાલાલ રાંદેલ, સાગર' આ બીજો લેખ. ઓલો ત્રીજો લેખ. ઓલું મૂળ છે આપણે છપાવ્યું છે. સારો લખ્યો છે. મુન્નાલાલ રાંદેલ છે ને. એ તો મધ્યસ્થ છે. બહુ ચર્ચા થઈ તો એણે નક્કી કરી લીધું કે વ્યવહારથી ધર્મ થતો જ નથી. નિશ્ચયથી ધર્મ થાય છે. પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્મા એના આશ્રયે ધર્મ થાય છે. વ્યવહારનો આશ્રય કરવાથી તો વિકલ્પ અને રાગ થાય છે. સમજાણું કાંઈ? પંડિત પણ એવા નીકળ્યા છે હવે ક્રમે ક્રમે. પુસ્તક દીધું છે? નથી આપ્યું તમને? પહેલા પત્ર છપાણા છે. ચોપડી છે કે નહિ આપણે ત્યાં? લાવોને થોડી દ્યો ને. અત્યારે યાદ આવે છે ત્યારે. એ રાંદેલ તરફથી પહેલા નીકળી છે પત્રિકા. બધામાં આવી ગયું છે. સાડા સાત હજાર. અહીંયા દસ હજાર છપાવી. એનો લેખ સારો લાગ્યો તો દસ હજાર છપાવી. આ બે-ત્રણ ... છે. એની પછી ટીકા થઈ થોડી. ન થવી હોય તો કાંઈ નહિ. એ તો થાય ઈ થાય, હવે સાંભળને. વર્ણીજીના ઓલામાં વખાણ કર્યા છે. કહો, સમજાણું કાંઈ? ભાઈ! દુનિયા છે. એ તો દુનિયામાં અનેક પ્રકાર હોય છે. વસ્તુની સ્થિતિ પ્રાપ્ત થવી એ તો અલૌકિક અલૌકિક દશા છે. સાધારણ નથી.

શું કહે છે? કે પોતામાં પોતાનો સ્વભાવ દ્રવ્ય જે છે એ પોતાથી છે. પરદ્રવ્યની ભિન્નતાને કારણે જે પોતામાં જ્ઞાન થાય છે તો પરને કારણે થયું પરદ્રવ્યથી એમ નથી. સમજાણું કાંઈ? **'પરદ્રવ્યપણે માનીને-અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું)**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો...**' દેખો! ધર્મીજીવ તો પોતાના સ્વદ્રવ્યથી અસ્તિ છે. પોતાથી ત્રિકાળ અસ્તિ છે. પોતાથી પ્રકાશિત કરતો થકો. જુઓ! પ્રકાશિત કરતો થકો. સમ્યગ્જ્ઞાન. '**અનેકાંત જ તેને જિવાડે છે-**' પોતાથી આત્મા જ્ઞાનદ્રવ્ય ત્રિકાળ પડ્યું છે. જ્ઞાનસ્વરૂપ સ્વદ્રવ્ય પોતાથી છે એમ પોતાને જિવાડે છે. પોતાનું જેવું સ્વરૂપ છે એવી રીતે ટકે છે. પરથી હું નથી એ પછી આવશે.

'**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...**' છઠ્ઠો બોલ. '**સર્વ દ્રવ્યો હું જ છું...**' છઠ્ઠો બોલ છે. સમજાણું કાંઈ? અહીં દસ હજાર પુસ્તક છપાયા હતા. સારું લાગ્યું હતું ને માટે. તમારા પંડિત પણ એમ કહે છે. એ કાંઈ અહીંના પંડિત તો છે નહિ. એ ફૂલચંદજી, જગમોહનલાલજીને અહીંનો સ્વીકાર છે. પણ આ તો મધ્યસ્થ છે. એને લાગ્યું કે નહિ, વાત એમ છે. નિશ્ચયથી ધર્મ થાય. નિયત ક્રમથી પર્યાય થાય છે. સમજાણું કાંઈ? ઉપાદાનથી કામ થાય છે, નિમિત્તથી થતું નથી. માનતા નથી, શું કરે? ઝઘડે ચડી ગયા પોતાની કલ્પનાને દૃઢ કરવા.

છઠ્ઠો બોલ. છઠ્ઠો બોલ છે, જુઓ! '**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સર્વ દ્રવ્યો હું જ છું...**' જુઓ! હું તો આખું જગત જ છું. આ વેદાંત માને છે ને. સર્વ હું છું. સર્વ દ્રવ્યો હું એક જ છું. વેદાંત એમ માને છે. સમજાણું કાંઈ? આ નીકળ્યા છે ને હમણાં? રજનીશ એક નીકળ્યો છે. સાંભળ્યું છે? રજનીશ. આચાર્ય રજનીશ પ્રોફેસર. તદ્દન વિપરીત. લોકો એમ .. વિકલ્પનો નાશ કરો, વિકલ્પનો નાશ કરો. અહીં તો કહે છે કે વિકલ્પનો નાશ કરવો એ પણ આત્માના સ્વભાવમાં નથી. સમજાણું કાંઈ? વિકલ્પ નામ રાગનો નાશ કરવો એ પણ સ્વરૂપમાં નથી. નાસ્તિથી એકલી વાત કરે છે. ભગવાન સર્વજ્ઞ આત્મા, સર્વજ્ઞ સ્વભાવ, પોતાનો પૂર્ણ સ્વભાવ છે એવી દૃષ્ટિ કરવાથી વિકલ્પ ઉત્પન્ન થતો નથી એ વિકલ્પનો નાશ કર્યો એમ વ્યવહારથી કહેવામાં આવે છે. પંડિતજી! સમજાણું કાંઈ? એ ૩૪ ગાથામાં છે. સમયસાર.

રાગનો નાશ કરવો એ પણ પોતાનો સ્વભાવ નથી. રાગનો નાશ કરવો એમ કહેવું એ પણ નામમાત્ર છે. સમયસારમાં છે. પહેલા છે. જુઓ! ક્યાં? ૩૪માં છે ને? કેટલામું પાનું છે. ૩૫ છે ને ૩૫. ૩૪. ૩૪-૩૪. જુઓ! આ હિન્દી પાનું ૭૩. હિન્દી પાનું ૭૩. ૭ અને ૩. ૭૩ કહે છે ને તમારે? જુઓ એમાં. '**આ ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા) છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી પરપણે જાણીને, ત્યાગે છે; તેથી જે પહેલા જાણે છે તે જ પછી ત્યાગે છે,...**' શું કહે છે જુઓ! '**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય (આત્મા)**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' એ રાગરૂપ પોતાનો આત્મા થતો જ નથી એવો આત્માનો સ્વભાવ છે એમ કહે છે. સંસ્કૃતમાં છે. નથી તમારી પાસે પુસ્તક? હિન્દી નથી હિન્દી બીજું? હિન્દી છે હિન્દી?

શ્રોતા :- પાનાનો ફેર છે.

ઉત્તર :- ઠીક, પાનું ફેર છે. સંસ્કૃતમાં છે. ૩૪ શ્લોક છે.

'**ભગવાન જ્ઞાતા-દ્રવ્ય...**' એમ લીધું જુઓ! '**તે અન્યદ્રવ્યના સ્વભાવથી થતા...**' એટલે પુણ્ય-પાપ વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ એવા '**અન્ય સમસ્ત પરભાવોને, તેઓ પોતાના સ્વભાવભાવ વડે નહિ વ્યાપ્ત હોવાથી...**' વિકારી પરિણામથી આત્મા વ્યાપ્ત નથી થતો એવો સ્વભાવ છે. સમજાણું કાંઈ? વિકારી પરિણામથી વ્યાપ્ત નામ પર્યાય થાય છે પોતામાં એવો આત્માનો સ્વભાવ નથી.

'**પરપણે જાણીને, ત્યાગે છે;...**' એટલે કે રાગરૂપ પરિણમન પોતામાં છે જ નહિ. પોતાનો સ્વભાવ પોતાથી પરિણમે છે તો રાગરૂપ પરિણમતો નથી. '**તેથી જે પહેલાં જાણે છે તે જ પછી ત્યાગે છે, બીજો તો કોઈ ત્યાગનાર નથી-એમ આત્મામાં નિશ્ચય કરીને, પ્રત્યાખ્યાનના સમયે પ્રત્યાખ્યાન કરવાયોગ્ય જે પરભાવ તેની ઉપાધિમાત્રથી પ્રવર્તેલું ત્યાગના કર્તાપણાનું નામ હોવા છતાં પણ, પરમાર્થથી જોવામાં આવે તો પરભાવના ત્યાગકર્તાપણાનું નામ પોતાને નથી,...**' સમજાણું કાંઈ? એ વિકલ્પનો ત્યાગ કરવો એ સ્વભાવમાં છે જ નહિ. આહા..હા..! સ્વભાવમાં છે જ નહિ રાગ. રાગ છે નહિ તો ત્યાગ કરવો ક્યાંથી આવ્યું? સૂક્ષ્મ વાત.

જ્ઞાતા ભગવાન આત્મા પોતાનો ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ધ્રુવ એના ઉપર દૃષ્ટિ કરી એકાકાર થાય છે તો વિકલ્પની ઉત્પત્તિ નથી થતી. તો વિકલ્પનો પહેલા ભાવ હતો એનો અભાવ થયો, પર્યાયમાં (અભાવ) થયો. પણ દ્રવ્યસ્વભાવ એનો ત્યાગ કરે છે એમ પરમાર્થ આત્મામાં છે નહિ. રાગનો ત્યાગ કર્તા એ પણ પરમાર્થથી આત્મામાં નથી, એમ કહે છે જુઓ! પરદ્રવ્યનો ત્યાગ કરવો એ તો છે નહિ. આહા..હા..! પરદ્રવ્ય આવ્યું ને અહીંયા? પરદ્રવ્યનો ત્યાગ કરું એ તો આત્મામાં છે જ નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..હા..!

શ્રોતા :- રાગનો ત્યાગ...

ઉત્તર :- પર તો છે જ નહિ. આ તો એક સમયની પર્યાયમાં છે રાગ વિકાર. એનો ત્યાગ કરવો એ પર્યાયબુદ્ધિમાં માને છે. સ્વભાવમાં છે નહિ. સમજાણું કાંઈ? શરીર છોડું, આહાર છોડું. શું છોડે? એ તો પરનો ત્યાગ જ છે તારામાં. પરનો તો તારામાં અભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ છે. અભાવનો ત્યાગ કરવો? અભાવનો અભાવ કરવો? સમજાણું કાંઈ? આહાર-પાણી છોડું, આવું છોડું. પરનો તો ત્યાગ જ છે તારામાં. તારામાં તો પરનો અભાવ જ છે. અભાવ છે એનો ત્યાગ શું કરવો? સમજાણું કાંઈ? પણ તારામાં રાગાદિ પુણ્ય-પાપના જે વિકલ્પ ઉત્પન્ન થાય છે એનો ત્યાગ કરું એ પર્યાયબુદ્ધિ મિથ્યાદૃષ્ટિ માને છે. કેમ કે વસ્તુનો સ્વભાવ જ્ઞાન ચિદાનંદ છે એવી દૃષ્ટિ જ્યાં થઈ તો વિકારની ઉત્પત્તિ થતી નથી તો પર્યાયનો સંબંધ એટલો વ્યવહારથી ગણીને નામમાત્રથી કથન કર્યું કે આત્માએ રાગનો નાશ કર્યો. પરમાર્થે (રાગનો) નાશ કરવો એ આત્મામાં છે જ નહિ. એ ૩૪ ગાથામાં આવ્યું. આહા..હા..! ભારે! નવનીતભાઈ! આવું જૈનતત્ત્વ છે. જૈનતત્ત્વ નહિ, વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સ્વરૂપ એવું છે.

ચિદાનંદ ભગવાન એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, એવી અંતર દૃષ્ટિ થઈ અને એમાં લીન થયો તો રાગનો ત્યાગ કરવો એ એના લક્ષમાં ક્યાં છે? લક્ષમાં તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? ધ્યેય તો દ્રવ્યમાં છે. એમ રાગની ઉત્પત્તિ ન થવી, નામમાત્ર કહે છે કે આત્માએ રાગ સંસારનો નાશ કર્યો, આત્માએ ઉદયભાવનો નાશ કર્યો. સંસારનો નાશ કર્યો અને મોક્ષની ઉત્પત્તિ કરી એ વ્યવહારથી બોલ છે. પરમાર્થે સંસારનો નાશ કરવો એ આત્માના સ્વભાવમાં છે નહિ. કેમ કે સ્વભાવમાં સંસાર છે જ નહિ. સંસાર કહો કે ઉદયભાવ કહો. સમજાણું કાંઈ? ભારે ઝીણું! લોકોને તત્ત્વનો બોધ નથી ને માટે બહારનો ગ્રહણ-ત્યાગ, આ છોડ્યું.. આ છોડ્યું... આ છોડ્યું... જુઓ કેટલો ત્યાગ! ધર્મનો ત્યાગ છે. પંડિતજી!

ભગવાન આત્મા ચિદ્‌ઘન મૂર્તિ પ્રભુ એવા સ્વભાવમાં તો રાગનો અભાવ જ છે, પરનો તો અભાવ છે જ. શરીરાદિ, દાળ, ભાત, રોટલા છોડી દીધા ને આમ અપવાસ કર્યા. અરે..! પરનો તો અભાવ છે જ. મિથ્યાદૃષ્ટિ માને છે કે મેં પરનો ત્યાગ કર્યો. સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે પોતાના દ્રવ્યમાં એના કાયમી આનંદ જ્ઞાનસ્વભાવમાં દુઃખનો વિકલ્પ પણ નથી તો એના સ્વભાવમાં એ સ્વભાવ વસ્તુએ એનો ત્યાગ કર્યો એવું સ્વભાવમાં છે જ નહિ. સ્વભાવ ચિદાનંદ ભગવાન પોતાની દૃષ્ટિ કરવાથી પોતામાં સ્થિર રહે છે એ પ્રત્યાખ્યાન છે. એ સમયે રાગ ઉત્પન્ન થતો નથી તેને વ્યવહારથી કહે છે કે આત્માએ રાગનો નાશ કર્યો, ઉદયનો નાશ કર્યો. નાશ-બાશ છે નહિ. પરમાર્થ દ્રવ્યસ્વભાવ ઉદયનો નાશ કરે છે એવું આત્મામાં છે જ નહિ. એ તો પરમપારિણામિક સ્વભાવભાવ છે. સમજાણું કાંઈ? પરમસ્વભાવભાવ વસ્તુનો સ્વભાવ ત્રિકાળ એકરૂપ એવી ચીજ એ પરમાર્થે રાગનો શું ત્યાગ કરવો? રાગને શું છોડે? સમજાણું કાંઈ? સ્વભાવમાં એકાકાર થવાથી રાગની પહેલા ઉત્પત્તિ હતી એ ઉત્પત્તિ ન થઈ એને પરમાર્થે આત્મા કર્તા નહિ કહેતા નામમાત્રથી કથન કહે છે. ઓહોહો..! નામ એટલે વ્યવહાર. કહો, રાગનો ત્યાગ કર્તા પણ પરમાર્થે નથી. છે? ત્યાગ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્તૃત્વનું નામ પોતામાં નથી. આ મેં છોડ્યું ને આ મેં છોડ્યું.

હું તો સ્વદ્રવ્યથી સત્પણું પ્રકાશતો થકો. જુઓ! હું સ્વદ્રવ્ય છું એમાં પોતાને પ્રકાશતો થકો. રાગને પરદ્રવ્યને હું છોડું છું અને પરદ્રવ્યરૂપ હું છું એમ નથી. રાગરૂપ હું છું એમ નથી. હું તો જ્ઞાયકભાવથી છું એવી દષ્ટિથી પોતાના દ્રવ્યને પ્રકાશતો થકો પોતાના અસ્તિત્વનો સ્વીકાર કરે છે. પરનો સ્વીકાર અસ્તિત્વમાં નથી. સમજાણું કાંઈ?

અનેકાંત તેને જીવાડે છે. અર્થાત્ સ્વદ્રવ્ય જ્ઞાયક સ્વભાવ એની અંતરમાં અસ્તિત્વની કબુલાતથી અનેકાંત, પરથી નહિ એવા અમૃતના આનંદનો અનુભવ થાય છે એ અનેકાંત આત્માના આનંદનો જીવાડે છે. સમજાણું કાંઈ? ભાઈ! વસ્તુ એવી છે. ભગવાને દેખી એવી છે અને ભગવાને કહી એવી છે અને વસ્તુ એવી છે. ચિદ્ઘન ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાથી છે એવી જ્યાં દષ્ટિ અસ્તિત્વ ઉપર થઈ તો રાગના અભાવથી છે એવું ભાન થયું તો અનેકાંત નામ સ્વના આનંદની પ્રાપ્તિ થઈ અને દુઃખનો અભાવ થયો એનું નામ અનેકાંતથી આત્માને જીવાડે છે એમ કહેવામાં આવે છે. બહુ સ્પષ્ટ છે. સમજ્યાને? પાંચ બોલ થયા. પછી છઠ્ઠો બોલ આવશે.

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૨, મંગળવાર તા. ૧૪-૫-૧૯૬૮**
**સ્યાદ્‌વાદ બોલ-૭થી ૧૨. પ્રવચન-૫૦૬**

સમયસાર. અનેકાંત તત્ત્વની વ્યાખ્યા ચાલે છે. અનેકાંતનો શું અર્થ છે? પોતામાં પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે અને પરના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ પોતામાં નથી. સમજાય છે કાંઈ? એ વાત ચાલે છે. પહેલા દ્રવ્યનો અધિકાર આવી ગયો.

પોતાનું સ્વરૂપ આત્મા જ્ઞાનમાત્ર કહેતા અનંતગુણ સંપન્ન, એવા પોતાના દ્રવ્યથી છે, એ પરદ્રવ્યથી નથી. કર્મ, શરીર આદિ અનંત જે સ્વદ્રવ્યથી ભિન્ન છે તેનાથી એ નથી. પોતાથી છે અને પરથી નથી એનું નામ અનેકાંત છે. પોતાથી પણ છે અને પરથી પણ છે એનું નામ અનેકાંત નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અસર કરે.

ઉત્તર :- અસર-ફસર કોણ કરે? અસર કરે તો રહે ક્યાં? પંડિતજી! પરની કંઈક અસર થાય છે. પરની વ્યાખ્યા શું? પોતાનું દ્રવ્ય, પોતાનું ક્ષેત્ર-પહોળાઈ. દ્રવ્ય નામ ગુણ-પર્યાયનો પિંડ. ક્ષેત્ર નામ પોતાની પહોળાઈ. કાળ નામ પોતાની વર્તમાન અવસ્થા. ભાવ નામ ત્રિકાળી શક્તિ-ગુણ. એ પોતાના સ્વચતુષ્ટયથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે. પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ત્રિકાળ નથી. કહો, બરાબર છે? પરની અસર-ફસર એમાં થતી નથી એમ કહે છે. પરને કારણે પોતાની પર્યાયમાં કે પોતાના પદાર્થમાં કોઈ વિકૃત અથવા અવિકૃત ભાવ થાય એમ બનતું નથી. પોતાને કારણે પોતામાં થાય છે. પરને કારણે થતું નથી. નિમિત્ત કારણને ઊડાડી દીધું.

મુમુક્ષુ :- નારકીના ક્ષેત્રથી તો દુઃખ થાય ને?

ઉત્તર :- ક્યાં થાય છે? શું? નારકીના ક્ષેત્રથી દુઃખ થતું જ નથી. એ તો પોતાની પર્યાયથી દુઃખ થાય છે. ક્ષેત્રનું તો નિમિત્ત છે. નારકીના ક્ષેત્રમાં દુઃખ છે, સંયોગથી. સંયોગથી દુઃખ નથી. પોતાની પર્યાયમાં એવી યોગ્યતાથી દ્વેષ આદિ પરિણતિ થાય છે એ દુઃખ છે. પરથી દુઃખ નથી. સમજાય છે કાંઈ? જુઓ! ઈ કહે છે. સાતમો બોલ. છ બોલ ચાલ્યા છે.

‘**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...**’ સાતમો બોલ. છ પછી. ‘**પરક્ષેત્રગત...**’ પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના પરિણમનને કારણે. જેમ નરકમાં પ્રતિકૂળ અગ્નિ અને શીતની વેદના બહુ છે. બહાર. તો પરક્ષેત્રગત જે છે એ પોતાની પર્યાયમાં તેનાથી છે એમ નથી. ‘**પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોરૂપે...**’ એમાં શીતની વેદના, ઉષ્ણની પર્યાય પરમાં થાય છે, એ નારકીના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ક્ષેત્રમાં. પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને. અજ્ઞાની પરક્ષેત્રથી મને શીત અને ઉષ્ણતા થાય છે એમ માનીને પોતાનો નાશ કરે છે. પોતાના ક્ષેત્રમાં છે તેને અસ્તિ માનતો નથી. સમજાય છે કાંઈ?

આ અગ્નિ છે કે નહિ? લ્યો. અગ્નિનું ક્ષેત્ર. અગ્નિ. અહીં આવી. અહીંયા આત્માનું ક્ષેત્ર છે, અગ્નિનું ક્ષેત્ર ત્યાં છે. તો અજ્ઞાનીને જ્ઞાનમાં એમ ભાસે છે કે એ પરક્ષેત્રમાં જે અગ્નિ છે તેનાથી મારામાં વેદના છે. પરક્ષેત્રની વેદનાને કારણે મારામાં વેદના થાય છે. એમ માનતાં એ પોતાના સ્વક્ષેત્રની નાસ્તિ માને છે.

મુમુક્ષુ :- શરીરમાં તાવ આવે તો દુઃખ તો થાય જ ને.

ઉત્તર :- તાવ-બાવનું દુઃખ એનાથી થતું જ નથી. તાવ સમજ્યા? બુખાર. શરીરના ક્ષેત્રમાં તાવ આવ્યો. ઉષ્ણ અવસ્થા થઈ તો તેને કારણે આત્મામાં દુઃખ થાય છે એમ છે જ નહિ.

મુમુક્ષુ :- ડૉક્ટર લોકો...

ઉત્તર :- ડૉક્ટર કહે એ તો પૈસા લેવા માટે કહે. સમજાય છે કાંઈ? ઈ અહીંયા કહે છે, શરીરમાં ઠંડી હો, ગરમી હો એ તો પરક્ષેત્રમાં છે. પોતાના સ્વક્ષેત્રમાં છે જ નહિ. પોતાના સ્વક્ષેત્રમાં તો જ્ઞાનાદિની જે પર્યાય થાય છે તેને જાણે છે કે આ છે. પણ એ જાણીને અજ્ઞાનીને એવો ભ્રમ થાય છે કે પરક્ષેત્ર છે એનાથી મારી પર્યાય થઈ છે. પરને કારણે મને દુઃખ થાય છે. પરને કારણે મને ઠંડી લાગે છે. પરને કારણે મને ઠંડીનું જ્ઞાન થયું. એમ માનતા મિથ્યાદષ્ટિ પરક્ષેત્રથી પોતાને માને છે. પોતાના ક્ષેત્રથી પોતે છે એમ માનતો નથી. કહો, સમજાય છે કાંઈ? લાડવા, દાળ-ભાત. જુઓ! લાડવાનું ક્ષેત્ર આમ છે ને. એ લાડવાનું ક્ષેત્ર આટલું છે એનાથી મારામાં મીઠાશ લાડવાને કારણે આવે છે. એમ માનવું પરક્ષેત્રથી હું છું અને પોતાના ક્ષેત્રથી હું છું એમ માનવું છે.

મુમુક્ષુ :- આ તો લોકોત્તર વાત છે. લૌકિક વાત શું છે?

ઉત્તર :- લૌકિક વાત શું છે? લૌકિક જૂઠ છે. પંડિતજી! પ્રશ્ન કરે છે. લોકો તો બોલે છે કે મેં ખાધું, મને ગળ્યું લાગ્યું, ચૂરમુ. ચૂરમુ કહે છે ને? લાડવા. ચૂરમું ગળ્યું લાગ્યું. ગળ્યાની વ્યાખ્યા શું? સાંભળો! ચૂરમુ ગળ્યું છે. ગળ્યું નામ મધુર-ગળ્યું. ગળ્યું કહે છે ને? મીઠા કહે છે. તો મીઠી અવસ્થા જડની છે કે ચૈતન્યની છે? મીઠી અવસ્થા તો જડની છે. આત્મા જાણે છે કે આ મીઠી અવસ્થા છે. તો પોતાની પર્યાયમાં મીઠી અવસ્થા આવી ગઈ? ગળ્યા સંબંધી જે પોતાનું જ્ઞાન છે એ આવ્યું. ગળ્યું તો જડ છે. જડની પર્યાય અહીંયા આવી કે એને ગળ્યું લાગ્યું? આત્મા ગળ્યો થયો? આત્મા ગળ્યો થઈ ગયો છે? આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ગળ્યો થાય તો જડ થઈ જાય. ગળ્યું તો જડની અવસ્થા છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લૌકિક સુધારાની વાત..

ઉત્તર :- સવારે કહેતા હતા. અરે.. ભગવાન! કોણ કોનું સુધારે? બધા દ્રવ્ય સ્વતંત્ર છે અને અસહાય છે. બધા દ્રવ્ય અસહાય છે. અસહાય કહેતાં પરનો આધાર છે જ નહિ. નિરાધાર પોતાનો પદાર્થ પોતાથી પરિણમન કરે છે.

મુમુક્ષુ :- સ્વયં રક્ષિત છે.

ઉત્તર :- ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્. પ્રત્યેક પદાર્થ પોતાની અવસ્થાથી નવી અવસ્થાથી ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાથી વ્યય થાય છે, તે જ સમયે પોતાની જાતિથી ધ્રુવ રહે છે. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્ અને સત્ દ્રવ્ય લક્ષણં. આવે છે? તત્ત્વાર્થસૂત્રમાં આવે છે. મોક્ષશાસ્ત્રમાં. પ્રત્યેક પદાર્થ પોતાના ક્ષેત્રમાં પોતાની પર્યાયથી ઉત્પન્ન થાય છે. પરક્ષેત્રને કારણે ઉત્પન્ન થતો જ નથી. લાડવાની મીઠાશની પર્યાયને કારણે પોતામાં જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? ભારે!

પરક્ષેત્રગત. ગત છે ને? પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થો. ગળ્યું, મીઠું, કડવાટ, તુરાશ, ખટાશ એ જડની અવસ્થા છે ને. નારકીનું દુઃખ, સ્વર્ગના બાહ્ય સંયોગનું સુખ. એ '**પરક્ષેત્રગત (-પરક્ષેત્રે રહેલા) જ્ઞેય પદાર્થોના પરિણમનને લીધે પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને...**' તેના કારણે મારી જ્ઞાનની પર્યાય થઈ છે.

મુમુક્ષુ :- આ પુસ્તક હોય તો થાય.

ઉત્તર :- પુસ્તકની પર્યાય પુસ્તકમાં રહી, અહીંયા ક્યાં થયું છે? પુસ્તકના ક્ષેત્રની પર્યાય એનામાં છે, પોતાના જ્ઞાનની પર્યાય પોતાના ક્ષેત્રમાં પોતાથી છે. એના ક્ષેત્રથી છે જ નહિ. એ તો અહીંયા સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? આ ક્ષેત્રથી.. ઈ ક્ષેત્ર જ્ઞાનમાં આવે. એની અવગાહના છે ને. એ ક્ષેત્રની પર્યાય ત્યાં રહી. પોતાના જ્ઞાનમાં એ સંબંધીનું પોતાનું જ્ઞાન આવ્યું. તો અજ્ઞાની માને છે કે એ ક્ષેત્રથી પોતાનું જ્ઞાન થયું છે. પરને કારણે પોતામાં જ્ઞાન થયું છે. જૂઠ છે.

મુમુક્ષુ :- પુસ્તક વાંચવાથી જ્ઞાન થાય.

ઉત્તર :- વાંચે કોણ? સમજાય છે કાંઈ? એ સમયે પોતાની જ્ઞાનની પર્યાય પોતાથી પોતાના ક્ષેત્રમાં થાય છે. પરના ક્ષેત્રથી પરના પુસ્તકથી થતી નથી. અજ્ઞાની માને છે કે પરક્ષેત્રથી થાય છે. કહો! પર્વત પાસે જાય. લ્યો, શું કહેવાય તમારે? સમેદશિખર. સમેદશિખરના ક્ષેત્રમાં જાય તો ત્યાં વાતાવરણ કેવું દેખાય? તો એવા વાતાવરણને કારણે પોતામાં પરિણામ સારા થાય છે, પરક્ષેત્રને કારણે. પંડિતજી! મિથ્યાદષ્ટિ આમ માને છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરક્ષેત્રગત પરિણમનને કારણે '**પરક્ષેત્રથી જ્ઞાનને સત્ માનીને...**' પોતાના જ્ઞાનમાં કોઈ એવું જ્ઞાન થયું કે આ સમેદશિખર છે. ભગવાન અહીંથી મોક્ષ પધાર્યા હતા. એમ ખ્યાલમાં આવ્યું. પણ અજ્ઞાની માને છે કે એ કારણે ખ્યાલમાં આવ્યો. એ ક્ષેત્રથી ભગવાન મોક્ષ પધાર્યા. એ ક્ષેત્ર જોવાથી મને જ્ઞાન થયું. એ પરક્ષેત્રને કારણે જ મારું અસ્તિત્વ છે. એમ માનનારો મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાય છે ને? ભાઈ! એમ છે જ નહિ. પરક્ષેત્રથી પોતાના આત્મામાં કંઈ થતું જ નથી. ચાહે તો...

મુમુક્ષુ :- કોઈ જાત્રા કરવા જાશે નહિ.

ઉત્તર :- કોણ જાય છે? જાત્રા કરવા નહિ જાય. એઈ..! જઈ આવ્યા ને? ક્યાં ગયા અમારા શેઠ? આ રહ્યા ને. ઈ કહેતા હતા, આપણે જઈ આવ્યા હવે. હજી એને પણ કરવું છે. મંદિર કરવું છે. કો'ક કહેતું હતું. રૂપિયા હજી થોડા થયા છે, આમ છે ને તેમ છે. વાતું એવી બધી બહુ ચાલે છે, હોં! ત્રીસ હજાર ને કો'ક કાલે કહેતું હતું. કીધું, થાશે, થાશે.

અહીં કહે છે, સવણસરણ-સમવસરણ ક્ષેત્ર લ્યો. ચાલો. સમવસરણ તો મોટું ક્ષેત્ર છે. ભગવાન બિરાજે છે. એ ક્ષેત્રને કારણે મારી પર્યાય પરક્ષેત્રના આકારે થઈ એ તો પોતાની જ્ઞાનની અવસ્થાનો સ્વભાવ છે. અજ્ઞાની એમ માને છે કે એ પરક્ષેત્રને કારણે મારી પર્યાય થઈ છે. પણ મારી પર્યાય મારા ક્ષેત્રમાં મારે કારણે થઈ છે એમ અજ્ઞાની માનતો નથી.

મુમુક્ષુ :- નિમિત્તથી કાંઈ થતું નથી?

ઉત્તર :- આનો અર્થ શું થયો? આમાં શું આવ્યું? જડની કંઈ અસર થઈ? સમેદશિખરની, સમવસરણની. આહાહા..! મોટો ભ્રમ અનાદિથી છે.

પોતાનું સ્વરૂપ પોતાની સત્તામાં છે. તો પોતાના ક્ષેત્રમાં જ આત્મા છે. પરક્ષેત્રનું જ્ઞાન થાય એ તો પોતાના ક્ષેત્રમાં જ્ઞાન થવાની પોતાની તાકાતથી થાય છે. પરક્ષેત્રથી થતું નથી. સમેદશિખર હો. સમજાય છે? ઈ તો કહે છે, એકવાર આપણે શેત્રુંજય જઈએ તો ક્ષેત્ર ફેરથી કેવા પરિણામ થાય છે. અહીંયા એવા પરિણામ કેમ નથી થતા? એ તો પોતાની પર્યાયની યોગ્યતાથી થાય છે. ત્યાં પણ પોતાની પર્યાયની યોગ્યતાથી થાય છે, શું પરક્ષેત્રથી થાય છે? સમજાય છે કાંઈ?

ઈ કહે છે, અજ્ઞાની '**(-પરક્ષેત્ર) રહેલા જ્ઞેય પદાર્થોના પરિણમનને લીધે પરક્ષેત્રથી જ્ઞાનને...**' ઈ ક્ષેત્રમાં હું આવ્યો તેથી તે પ્રકારનું જ્ઞાન મારામાં થયું. પણ મારા જ્ઞાનની પર્યાય પોતાથી થવાની હતી તો થયું એમ અસ્તિ માનતો નથી. સમજાય છે કાંઈ? '**અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વક્ષેત્રથી અસ્તિત્વ પ્રકાશતો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**થકો...**' હું તો મારું જ્ઞાન મારા ક્ષેત્રમાં રહ્યું છે. મારા અસંખ્ય પ્રદેશમાં મારું જ્ઞાન થયું છે. સમેદશિખરથી કે શેત્રુંજયથી કે ગિરનારથી પોતાના ક્ષેત્રમાં એ પર્યાય થઈ છે એમ નથી. કહો, સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આવો વીતરાગનો માર્ગ (છે).

આ અનેકાંત સિદ્ધ કરે છે. પરક્ષેત્રથી નથી. પોતાના ક્ષેત્રથી પોતાનું અવગાહન અસંખ્ય પ્રદેશમાં પોતાની પર્યાય જે થઈ એ અસંખ્ય પ્રદેશના સમૂહમાં વ્યાપક છે. પોતાના અસંખ્ય પ્રદેશમાં એ પર્યાય વ્યાપક છે. પરને કારણે એ વ્યાપક નથી. કહો, '**સ્વક્ષેત્રથી અસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને જિવાડે છે...**' અનેકાંત આત્માના અસ્તિત્વને સિદ્ધ કરે છે. જિવાડે છે એનો અર્થ ઈ. પરક્ષેત્રને કારણે નહિ, પણ પરક્ષેત્રે રહેલો પદાર્થ, મારા ક્ષેત્રમાં રહેલો હું તેં સંબંધીનું જ્ઞાન મારા ક્ષેત્રમાં પોતાથી કરે છે. એમ પોતાના અસ્તિત્વને સાબિત કરે છે. ઈ સાતમો બોલ થયો.

'**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ સ્વક્ષેત્રે હોવાને (-રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે...**' અરે..! એ પરક્ષેત્ર. આ કસાઈ છે કસાઈ. પોતાની સમીપે કસાઈ બોકડા કાપે છે. પરક્ષેત્ર. તો પરક્ષેત્ર મારા જ્ઞાનમાં આવી ગયું. માટે એ જ્ઞાનને છોડી દો. પરક્ષેત્રનું જ્ઞાન આવ્યું તો જ્ઞાનને છોડી દો. શું છોડે? એ કસાઈ તો ત્યાં છે. એના ક્ષેત્રમાં છે. પોતાના જ્ઞાનમાં ખ્યાલ આવે છે કે ઈ છે. ઈ પરક્ષેત્ર કંઈ અંદર આવતું નથી. જ્ઞાન થયું. તો જ્ઞાન તો સ્વક્ષેત્રમાં રહીને જાણવું એવો સ્વભાવ છે. કબીર કહે છે ને? કબીર. 'કબીરકા ઘર ગૌકટો કે પાસ, કરેગા સો ભરેગા, બંદા તું ક્યોં હુઆ ઉદાસ' કબીરમાં આવે છે. 'કબીરકા ઘર ગૌકટો કે પાસ' 'ગલા કાટ...' અરે..! આ પરેક્ષત્રથી નુકસાન છે. નથી કહે છે. પરક્ષેત્ર તો એના અસ્તિત્વમાં રહ્યું. પરક્ષેત્રનું જ્ઞાન તને થયું એ તો તારા અસ્તિત્વમાં તારે કારણે થયું છે. પરક્ષેત્રથી તારામાં કંઈ થયું નથી.

મુમુક્ષુ :- હવા-પાણી ખરાબ હોય તો..

ઉત્તર :- હવા-પાણી કંઈ ખરાબ છે જ નહિ. હવા-પાણીનું ક્ષેત્ર હવા-પાણીમાં રહ્યું. આત્માનું ક્ષેત્ર અને શરીરના ક્ષેત્રથી પણ નથી રહ્યું. હવા-પાણીના ક્ષેત્રને કારણે શરીરમાં ફેરફાર થાય છે એ વાત ત્રિકાળમાં સત્ય નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? શું આ કહે છે? તમારે કાંઈક જાય છે કે નહિ? મહાબળેશ્વર. ગયા હશે. તમારા બૈરાના કારણે ... મહાબળેશ્વર ને બીજે ઠેકાણે જાય છે ને. ક્ષેત્ર ફેર થાય તો આત્મામાં ફેર પડે એ વાત ત્રણ કાળમાં સાચી નથી.

મુમુક્ષુ :- દુનિયામાં ફરે તો કેટલું જ્ઞાન થાય.

ઉત્તર :- દુનિયા ગાંડી છે, પાગલ. પાગલને શું ખબર પડે? બહુ ફરે ને. ક્ષેત્ર ફેરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરદેશ દેખે, યુરોપ દેખે, શું કહેવાય આ? સમજ્યા ને? અમેરિકા દેખે, જર્મની દેખે તો બુદ્ધિ બહુ વધે ક્ષેત્ર ફેરથી. મૂઢ છે એમ અહીંયાં કહે છે.

મુમુક્ષુ :- .. છોકરાઓને અડધી ફીએ ફરવા દે.

ઉત્તર :- હા, ફી આપે. પાંચસો હોય તો અઢીસો રૂપિયામાં આખો દેશ ફરે છે ને. ઘણા ક્ષેત્રે ફરે તો એની બુદ્ધિ બહુ વધી જાય. સાચી વાત છે? જૂઠ છે એમ કહે છે. તારી પર્યાય તારા ક્ષેત્રમાં તારાથી તારે કારણે થાય છે. પરક્ષેત્રથી થતી નથી. બહુ વિરુદ્ધ. આખા સંસારથી વિરુદ્ધ વાત છે આ તો. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તો એમ કહે છે, ભાઈ! તું તારા ક્ષેત્રમાં સદાકાળ છો. પરક્ષેત્રથી તારા ક્ષેત્રમાં કંઈ થાય છે એમ કદી બનતું નથી. કંઈક તો ક્ષેત્રની અસર થાય છે કે નહિ? વાડ શું કરવા પાડવી? એઈ..! આવે છે કે નહિ? નવ વાડે બ્રહ્મચર્ય પાળવું. સ્ત્રી જ્યાં હોય ત્યાં સ્ત્રીનો સંગ કરવો નહિ. સ્ત્રી જ્યાં બેઠી હોય ત્યાં ન બેસવું. સ્ત્રીના સંગમાં ન રહેવું. આવે છે કે નહિ નવ વાડ બ્રહ્મચર્યની? એ તો નિમિત્તના કથન છે. પોતાની પર્યાયમાં પરનો સંગ કરવાનો ભાવ ન થવો એ પોતાનો ભાવ છે. સ્ત્રી આદિનો સંગ નહિ કરવાનો ભાવ એ પોતાનો ભાવ છે. એ પરને કારણે ભાવ નથી થયો. સમજાય છે કાંઈ? એ ક્ષેત્રથી બગાડ થાય છે એમ નથી. ભારે વાત ભાઈ! કહો! જે ઠેકાણે સ્ત્રી બેઠી હોય એ ઠેકાણે બે ઘડી બ્રહ્મચારીએ બેસવું નહિ. આવે છે? લે. બધું યાદ તો કરવું પડે ને. એ તો નિમિત્તના કથન છે, ભાઈ! તારી પર્યાયમાં તારે કારણે પર્યાય થાય છે, પરક્ષેત્રથી થતી નથી. અજ્ઞાની પરક્ષેત્રનું જ્ઞાન કરે તો, અર..ર..! છોડી દઉં, છોડી દઉં, હું આ છોડી દઉં. શું છોડે? તારી જ્ઞાનની પર્યાયનો સ્વભાવ છે. પરક્ષેત્ર જેવું છે એવું જણાયું.. જણાયું તો કાઢી નાખીશ? કાઢી નાખીશ તો તું કેવી રીતે રહીશ? પરક્ષેત્રનું જ્ઞાન પોતામાં પોતાને કારણે થયું એ જ્ઞાનને કાઢી નાખીશ તો રહેશે શું? એ તો તારી પર્યાય છે. પર્યાયનો અભાવ થઈ શકતો નથી.

કહે છે, '**સ્વક્ષેત્રે હોવાને (-રહેવાને, પરિણમવાને) માટે, પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોના ત્યાગ વડે...**' જુઓ! એ ક્ષેત્રનું જ્ઞાન થયું ને? ક્ષેત્રનું. સ્ત્રીનું, સમેદશિખરનું (જ્ઞાન થયું તો) એ છોડી દો, છોડી દો. '**(અર્થાત્ જ્ઞાનમાં જે પરક્ષેત્રે રહેલ જ્ઞેયોના આકાર આવે છે તેમનો ત્યાગ કરીને) જ્ઞાનને તુચ્છ કરતો થકો પોતાનો નાશ કરે છે,...**' અજ્ઞાનીને જ્ઞાનની પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન પોતામાં થાય છે. એ તો પોતાનો સ્વક્ષેત્રનો ભાવ છે. એને છોડી દે તો પોતાનું ક્ષેત્ર ખાલી થઈ જાય છે. પોતાના ક્ષેત્રમાં અસ્તિત્વ પોતાથી છે એ રહેતું નથી. નાસ્તિ થઈ જાય છે. આ તો સૂક્ષ્મ અધ્યાત્મ તત્ત્વ છે. અનેકાંત તત્ત્વ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'ત્યારે સ્વક્ષેત્રે રહીને જ પરક્ષેત્રગત જ્ઞેયોના આકારોરૂપે પરિણમવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી...'** જુઓ! સ્વક્ષેત્રમાં જ રહીને, પોતાના અસંખ્ય પ્રદેશમાં જ રહીને પરક્ષેત્રગત જે જ્ઞેય છે, કસાઈખાના માંડ્યા હોય આદિ બધા. એ જ્ઞેયોના આકારરૂપે પરિણમવાનો પોતાના જ્ઞાનનો સ્વભાવ હોવાથી **'(તે જ્ઞાનમાત્ર ભાવનું) પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો...'** પરક્ષેત્રથી મારામાં જ્ઞાન થયું જ નથી. સમવસરણમાં હોઉં તો મારાથી થયું, નરકના ક્ષેત્રમાં હોઉં તો મારાથી થયું. ગળું કાપવાવાળા પાસે બેઠો હોઉં તો મારું જ્ઞાન મારાથી થયું છે. એ પરક્ષેત્રને કારણે થયું નથી. સમજાય છે કાંઈ? **'પરક્ષેત્રથી નાસ્તિત્વ પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.'** ચૈતન્ય ભગવાન પોતાના ક્ષેત્રમાં પોતાથી પરક્ષેત્રનું જ્ઞાનનું પરિણમન થયું એ તો પોતાનું અસ્તિત્વ છે. એને કાઢી નાખીશ તો શું રહેશે? સ્વક્ષેત્રને જાણવું, પરક્ષેત્રને જાણવું સ્વપરપ્રકાશક ક્ષેત્રમાં પોતાના ક્ષેત્રમાં જ્ઞાનની પર્યાય થાય છે. એ પર્યાય થવું પોતાનું અસ્તિત્વ છે. એના કાઢી નાખવું નાસ્તિ છે. સમજાય છે કાંઈ? હવે કાળ. કાળનું આવ્યું. દ્રવ્ય, ક્ષેત્ર બે આવી ગયા. ચાર બોલ (છે).

**'જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે...'** જુઓ! જુઓ આ પુસ્તક છે, પુસ્તક. આ પુસ્તકની પર્યાય છે ને? પુસ્તકની પર્યાય છે. જ્ઞાનમાં નિમિત્તથી એમ ખ્યાલમાં આવ્યું કે આ પર્યાયમાં આમાં છે. **'પદાર્થોના વિનાશકાળે...'** પર્યાય બદલાઈ ગઈ. તો તે કાળે **'(જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે) જ્ઞાનનું અસત્‌પણું માનીને...'** ઈ પર્યાય બદલાઈ ગઈ. જુઓ! એ બદલાણી તો મારી બદલાઈ ગઈ. એને કારણે બદલી એમ નથી. જ્ઞેય પદાર્થના કાળની પર્યાયથી બદલવું થતાં પોતાના જ્ઞાનની પર્યાય તેને કારણે બદલી એમ નથી. પરપદાર્થના સ્વકાળની જે પર્યાય છે, પોતાના સ્વકાળની પર્યાયમાં પરને જાણવું એવો પોતાનો સ્વભાવ છે. ઈ પોતાનો સ્વકાળ છે. સ્વકાળમાં એમ જ જાણવું એવો સ્વકાળ છે. એ સ્વકાળ પરકાળથી થયો છે એમ માનીને પોતાના સ્વકાળના અસ્તિત્વની નાસ્તિ કરે છે. સમજાય છે કાંઈ? તે જ કાળે એવું જ્ઞાન મને કેમ થયું? સમવસરણમાં સમવસરણ સંબંધિત સ્વકાળનું જ્ઞાન કેમ થયું? કે તારું સ્વકાળનું અસ્તિત્વ છે માટે થયું. સમવસરણના અસ્તિત્વના કાળને કારણે નહિ. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાંજગડ મટી જાય એવી છે. ભાંજગડ ક્યાં, વિરોધ મટી જાય એવી વાત છે. પરકાળનું લક્ષ કરીને એ પરની પર્યાય તો બદલી જાય. એનો સ્વકાળ હોય તો બદલી જાય. તો જ્ઞાને ત્યાં લક્ષ કર્યું તો એ બદલાણી તો હું પણ તેને કારણ બદલાઈ ગયો. એમ માનનાર પોતાના સ્વકાળનું અસ્તિત્વ માનતો નથી. પોતાના જ્ઞાનની પર્યાયનો સ્વકાળ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે તે પ્રમાણે જ્ઞાનની પર્યાય પરિણમે છે. પરને કારણે નહિ.

ભગવાનની વાણી સાંભળી. બે ઘડીનો કાળ છે ને? ભગવાનના સમવસરણમાં છ ઘડી ધ્વનિ ઉઠે છે. સવારે, બપોરે, સાંજે. છ ઘડી. તો એ સમયે એવું જ જ્ઞાન પોતાને થયું તો એ છ ઘડીને કારણે નથી થયું. પરના કાળથી જ્ઞાન થયું જ નથી. પોતાના સ્વકાળથી એ જ્ઞાનની પર્યાય તે સમયે થઈ છે. પરકાળથી નથી થઈ. પરની પર્યાયથી પોતાની પર્યાય નથી થઈ. પરની પર્યાયને પરકાળ કહે છે અને સ્વની પર્યાયને સ્વકાળ કહે છે. પરની પર્યાયથી પોતાની પર્યાય થઈ એમ માનીને પોતાના સ્વકાળનું અસ્તિત્વ ખોઈ બેસે છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ!

લ્યો, ચશ્મા લ્યો. ચાલો ચશ્મા લ્યો. ચશ્મા ઉપરથી હમણા દાખલો આપ્યો હતો. આ ચશ્મા છે. ચશ્માની આવી અવસ્થા થાય તે તેનો સ્વકાળ છે. આમ થવું અહીંથી નીકળીને આમ થવું એ તેનો સ્વકાળ છે. તો જ્ઞાનમાં પણ એવી અલ્પ પર્યાય થઈ એ સંબંધી જાણવાની. સમજ્યા? અથવા પહેલા વિશેષ જાણતી હતી હવે ઓછી થઈ. તો ઓછી પર્યાય જે થઈ એ તો સ્વકાળ પોતાને કારણે થઈ છે. ચશ્માનો એ સ્વકાળ છે તેથી ઓછી થઈ એમ નથી. અજ્ઞાની એમ માને છે કે એના સ્વકાળથી અહીંયા થયું તો પર્યાય ઘટી ગઈ, અહીંયા હોય તો પર્યાય વધી જાય. એ માન્યતા તદ્દન મિથ્યા ભ્રમ અજ્ઞાનીનો છે.

મુમુક્ષુ :- લોકો ચશ્મા શું કરવા રાખે છે?

ઉત્તર :- કોણ રાખે છે? એના સ્વકાળે થાય છે. એના સ્વકાળની પર્યાય જે પરમાણુની છે એ પર્યાય એમાં થાય છે. પોતાનું જ્ઞાન પોતાના સ્વકાળથી થાય છે. પરના કાળથી પોતામાં જ્ઞાન થાય છે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? એઈ..! પંડિતજી! આ અમારે છે ને વકીલ. કેમ છે? આવું છે આ. આહા..!

‘**જ્ઞાનમાત્ર પદાર્થ પૂર્વાલંબિત પદાર્થોના...**’ પૂર્વાલંબિત ને? આ ચશ્મા છે ને? ચશ્માનો દાખલો તે કારણે આપ્યો. પૂર્વાલંબિત પદાર્થના વિનાશ વખતે. એ આલંબિત પદાર્થ પાછો ફરી ગયો. સમજ્યાને? ફરી ગયો. તો મારી પર્યાય તેને કારણે ‘**પદાર્થોના વિનાશકાળે (-પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે) જ્ઞાનનું અસત્‌પણું માનીને...**’ મારી પર્યાય એને કારણે હતી. એ આઘી ગઈ તો મારી પર્યાય રહી નહીં. એ દૂર થઈ ગયો તો મારી પર્યાય રહી નહિ. એમ છે જ નહિ. એ સમયની પર્યાય પહેલા પણ પોતાના સત્ત્વથી હતી પછી પણ પોતાના સત્ત્વથી છે. પરને કારણે નથી. સમજાય છે કાંઈ?

કોઈ એમ કહે કે તમે પદ્મપુરાણ સામે કેમ નથી રાખતા? સમયસાર કેમ રાખો છો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પ્રશ્ન થયો છે, હોં! એ પ્રશ્ન થયો છે. અહીંયા તો ઘણા પ્રશ્ન થયા છે. તમારા ઉત્તરના ક્ષેત્રથી. તમારું દક્ષિણ ક્ષેત્ર છે. ઉત્તરથી પ્રશ્ન આવ્યો છે. આવું કેમ થાય છે? પદ્મપુરાણ સામે કેમ નથી રાખતા? તમે સમયસાર જ સામે રાખો છો. તો સમયસારની પર્યાયની કંઈક વિશેષતા તમને લાગે છે તેથી સમયસાર રાખ્યું છે. એઇ..! પંડિતજી! ભઈ પ્રશ્ન તો અનેક પ્રકારના થાય. કહે છે, કોણ રાખે? એ સ્વકાળ એનો અહીંયા આવવાનો છે તો આવે છે. સ્વકાળ એની પર્યાય અહીંયા આવવાની છે તો સ્વકાળથી સમયસાર અહીંયા આવ્યું છે. પોતાથી નહિ.

મુમુક્ષુ :- હમણા કીધું, પંડિતજીએ બનાવ્યું, ..

ઉત્તર :- હમણા કહ્યું હતું ને બધાને. આ પંડિતજીએ બનાવ્યું છે. એ તો નિમિત્તથી કથન છે. બનાવ્યું એમાં બનેલું છે એમાં સાથે નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવું છે. સમજાય છે કાંઈ? ભારે ગડબડ ભાઈ! મોટા મોટા માંધાતા ભૂલી જાય છે. લ્યો. પદ્મપુરાણ કેમ ન રાખ્યું? કોણ રાખે? સમયસારની પર્યાય અહીંયા આવવાવાળી એવી જ છે. તો અહીંયા જ્ઞાનની પર્યાય એને કારણે થઈ છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ભારે.

'**જ્ઞાનમાત્ર ભાવ પૂર્વાલંબિત પદાર્થોના વિનાશકાળે...**' સામી પર્યાય બદલી ગઈ અને અહીંયા પણ બદલી ગઈ. '**(-પૂર્વે જેમનું આલંબન કર્યું હતું એવા જ્ઞેય પદાર્થોના વિનાશ વખતે) જ્ઞાનનું અસત્‌પણું માનીને...**' અરેરે..! મારી પર્યાય પરને કારણે બદલાઈ ગઈ. એમ નથી. પોતાને કારણે બદલાય છે, પોતાના સત્‌થી બદલાય છે. પરને કારણે નહિ. '**અંગીકાર કરીને નાશ પામે છે,...**' અજ્ઞાની '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (-જ્ઞાનના કાળથી) સત્‌પણું પ્રકાશતો થકો...**' મારી જ્ઞાનગુણની શક્તિ ત્રિકાળ છે. તેની વર્તમાન સ્વકાળ અવસ્થા જેવી થવાની હતી તેવી પોતાથી થઈ છે. ભગવાનના ક્ષેત્રમાં રહ્યો એટલે આવી નિર્મળ પર્યાય થઈ અને બીજે ગયો તો મલિન થઈ એમ છે નહિ. સમજાય છે કાંઈ? સવારે બ્રહ્મમુહૂર્તમાં નથી કહેતા?

સવારે બ્રહ્મમુહૂર્તમાં ધ્યાન કરવું. કહો! બ્રહ્મમુહૂર્ત. એ તો બધા નિમિત્તના કથન છે. ભગવાન! સ્વકાળે જ્યારે જ્યારે પોતાનો પર્યાય પોતાને કારણે સ્વકાળથી જ ઉત્પન્ન થાય છે. અનંત ગુણ છે તે ભાવ છે. દ્રવ્ય છે તે ગુણને ધરનાર છે. તો એ ગુણની વર્તમાન અવસ્થાનો ઉત્પાદ થાય છે એ સ્વકાળ-પોતાના ગુણનો સ્વકાળ છે. પોતાના ગુણના સ્વકાળથી અસ્તિત્વ છે. પરના કાળથી એમાં અસ્તિત્વ આવ્યું એમ છે નહિ. કહો, સમજાય છે કાંઈ?

બદામ, પિસ્તા, દૂધ અને કેસર-બેસર ખાય તો બુદ્ધિ વધી જાય કે નહિ? એમ કહે છે, લ્યો. ગોમ્મટસારમાં પાઠ છે નોકર્મનો. નોકર્મનો પાઠ ગોમ્મટસારમાં છે. કહો! મતિજ્ઞાનનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નોકર્મ શું? મતિજ્ઞાનનું. બદામ, પિસ્તા આદિ નોકર્મ છે. એમ આવે છે. એનો અર્થ, પોતાના જ્ઞાનની સ્વકાળની પર્યાય જ્યારે નિર્મળ થવાનો સ્વકાળ હતો ત્યારે સામે નિમિત્તનો સ્વકાળ પણ એમ જ હતો. પણ તેને કારણે અહીંયા જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ એમ છે નહિ. આ બ્રાહ્મી નથી કહેતા? શું કહેવાય? બ્રાહ્મી તેલ નથી આવતા? મગજ તર રહે. શાંત રહે. આ સવારે ચા પીવે તો મગજ સરખું રહે, લો. નહિ તો માથુ દુઃખે. સાંભળવામાં ધ્યાન ન રહે. એમ માને છે કે નહિ? સવારે ઊની ઊની પીવે. મગજ (ઠેકાણે રહે). પીધા વિના બરાબર ઠીક પડતું નથી. મૂઢ છો. એમ કહે છે. તારા જ્ઞાનની પર્યાય સ્વકાળે થવાવાળી તારાથી થઈ છે. શું ચાથી થઈ છે? અને ચા ન પીધી તો મંદ પડી ગઈ? ચા પીધી તો ઉગ્ર થઈ? મૂઢ છે.

મુમુક્ષુ :- એવું થાય તો છે.

ઉત્તર :- થાતું નથી, માને છે. સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ આવો છે, ભાઈ! સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ કહેલો વસ્તુનો સ્વભાવ એવો છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ ગણધરની સમક્ષ અને ઈન્દ્રોની સમક્ષ આમ કહ્યું. એ અહીંયા મુનિ કહે છે અને એવું વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ એવું છે.

**'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વકાળથી (-જ્ઞાનના કાળથી) સત્‌પણું પ્રકાશતો થકો...'** ધર્મી જીવ પોતાના જ્ઞાનની, શ્રદ્ધાની.. જુઓ! શ્રદ્ધાની પર્યાય-સમ્યગ્દર્શનની પર્યાય દુઃખ જોઈને થઈ, ભગવાનને જોઈને થઈ, મૂર્તિને જોઈને થઈ એમ છે જ નહિ. એમ કહે છે. શ્રદ્ધાની પર્યાય થઈ એ સ્વકાળ છે કે નહિ? સમ્યગ્દર્શનની પર્યાયનો સ્વકાળ છે તો શ્રદ્ધા પોતાથી શ્રદ્ધા થઈ છે, સ્વકાળથી થઈ છે. પરથી નહિ. દેવઋદ્ધિને જોઈને થાય એમ આવે છે ને? શાસ્ત્રમાં આવે છે કે નહિ? દેવઋદ્ધિ જોઈને, નરકની વેદના જોઈને, કોઈ મોટા મહાત્માને જોઈને, એની વાણી સાંભળીને (થાય) એમ આવે છે. એ તો બધી નિમિત્તની વાત છે. પોતાના સ્વકાળથી શ્રદ્ધા થઈ છે. પોતાના સ્વકાળથી શાંતિ-ચારિત્ર વીતરાગપર્યાય પોતાથી થઈ છે. બહારને કારણે નહિ. સમજાય છે કાંઈ?

શરીરની નગ્ન અવસ્થા થાય ત્યારે અહીંયાં સ્વકાળમાં ચારિત્રપર્યાય થાય એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાની પર્યાયનો સ્વકાળ ચારિત્રનું પરિણમન છે તો પોતાથી ચારિત્રનું પરિણમન થયું. નગ્ન દશા છે જડની અવસ્થાનો સ્વકાળ તેને કારણે અહીંયા ચારિત્રની પર્યાય છે એમ છે જ નહિ. નિમિત્ત એવું હોય છે. જ્યારે ચારિત્ર થાય તો શરીરની નગ્ન અવસ્થા જ હોય છે. સમજાય છે? તો એ નગ્ન અવસ્થા છે તો ચારિત્રની પર્યાય છે એમ નથી. પંડિતજી! ભારે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- બન્ને સ્વતંત્ર પોતપોતાના કારણે છે.

ઉત્તર :- પોતાના કારણે અને એવું જ હોય ત્યાં. જેમ કે સ્વયં ગતિ કરે જીવ તો ધર્માસ્તિને નિમિત્ત કહે છે. પણ ધર્માસ્તિનો સ્વકાળ જે છે પરિણમનનો તો તેને કારણે અહીંયા ગતિનું પરિણમન થયું એમ નથી. જીવ ગતિ કરે છે ને? જીવ અને જડ ગતિ કરે છે. તો ગતિમાં ધર્માસ્તિને નિમિત્ત કહે છે. એની પર્યાય છે એ સ્વકાળ તેનો છે. ત્યાંની પર્યાય સ્વકાળ તેનો છે. તો નિમિત્તના સ્વકાળથી ગતિનું પરિણમન થયું એમ છે જ નહિ. પોતાના સ્વકાળથી ગતિની પર્યાય થઈ તો એને નિમિત્ત કહેવામાં આવે. પણ નિમિત્ત છે તો અહીંયા ગતિની પર્યાય થઈ એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

સમ્યગ્જ્ઞાન વિના એનું બધું કરવું-ફરવું બધું થોથા. સમ્યગ્જ્ઞાન નહિ, સમ્યગ્દર્શન નહિ અને પછી વ્રત ને તપ ને ક્રિયાકાંડ કરે ને માને કે ધર્મ થયો. બધું મિથ્યાત્વનું પોષણ છે. ઈ કહે છે.

મુમુક્ષુ :- ઈ તો ચારિત્ર છે.

ઉત્તર :- ચારિત્ર ધૂળમાંય નથી. અચારિત્ર છે, મિથ્યાચારિત્ર છે. પહેલા સમ્યગ્દર્શન વિના ચારિત્ર લઈ લો. પછી ભગવાન પાસે જશે અને ત્યાં સમ્યગ્દર્શન થશે. થયા ભગવાન પાસે, મિથ્યાદૃષ્ટિ છે. ચારિત્ર ક્યાં તારી પાસે છે? જઈશ ક્યાંથી? અહીંયા તો ભગવાનનો નિષેધ કરે છે. અહીં તો નિષેધ કરે છે, ભગવાન પાસે તું ક્યાંથી જવાનો? ભગવાન તો કહે છે કે તારી પર્યાય તારાથી થાય છે એમ તો તું માનતો નથી. ભગવાનને તો માનતો નથી. સમજાય છે કાંઈ? તારી પર્યાય તારાથી થાય, એ મારાથી પણ થતી નથી. મારો સ્વકાળ મારી પાસે છે, તારો સ્વકાળ તારી પાસે છે. સર્વ વસ્તુ અસહાયી. કોઈ વસ્તુના કાળથી કોઈની વસ્તુ થાય છે એમ ત્રણ કાળમાં નથી. સૂક્ષ્મ વાત છે.

ઠંડા કાળમાં આમ થાય, ઉષ્ણ કાળમાં આમ થાય. કહે છે ને? વર્ષા કાળમાં આમ થાય. નિવૃત્તિ હોય, ધંધાથી નિવૃત્તિ હોય તો પર્યાય સારી થાય. ભગવાન પાસે જાય સ્વકાળે ઠંડા પહોરે (જાય તો) જ્ઞાનની પર્યાય નિર્મળ થાય છે. બધી વાત ખોટી છે. પોતાના જ્ઞાનગુણની તે સમયના સ્વકાળના અસ્તિત્વથી પર્યાય થઈ છે. પરથી થઈ છે એમ ત્રણ કાળમાં નથી. પરથી થઈ છે એમ માનનારો પોતાના સ્વકાળનો નાશ કરે છે. કહો, સમજાય છે કાંઈ?

**'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...'** **'(-જ્ઞાનના કાળથી) સત્પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને જીવાડે છે...'** એ નવમું થયું. દસ. **'જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ...'** હવે ભાવ આવ્યો. **'પદાર્થોના આલંબન કાળે જ...'** હજી કાળનું ચાલે છે. **'(-માત્ર જ્ઞેય પદાર્થોને જાણવા વખતે જ) જ્ઞાનનું સત્પણું માનીને...'** જ્યારે પરના સમયને-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સ્વકાળને જાણું છું ત્યારે જ મારું જ્ઞાનનું સત્ત્વ એને લઈને છે. એમ માનનારો એમ '**અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરકાળથી (-જ્ઞેયના કાળથી) અસત્‌પણું પ્રકાશતો થકો...**' કોઈ પણ ભગવાનની પર્યાય, સમવસરણની પર્યાય, સમેદશિખરની પર્યાય, ગિરનારની પર્યાય. તેનાથી પોતાની પર્યાયનું અસત્‌પણું છે. તેની પર્યાયથી પોતાનું સત્ત્વ નથી. એમ પ્રકાશતો થકો જ્ઞાન પોતાને જિવાડે છે. (અજ્ઞાની) પરકાળથી પોતાનું સત્ત્વ માનીને પોતાના સ્વકાળના અસ્તિત્વનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? ત્યાં સાંભળવા કેમ જાઓ છો? એમ કહે છે વળી. એઈ..!

મુમુક્ષુ :- આવ્યા ને, બધા આવ્યા ને.

ઉત્તર :- હા, શું કામ આવ્યા? સોલાપુરથી સોનગઢ કેમ આવ્યા? કંઈક ફેર પડે છે ને પરથી? પડે છે એમ માને છે અને પાછા શ્રદ્ધામાં ફેર પડે છે એમ માનીને શલ્ય પકડી લે છે કે નથી થયો, નથી થયો. પણ એમ છે જ નહિ. સમજને! પોતાનો જ્ઞાનગુણ અને પોતાના શ્રદ્ધાગુણની પર્યાયનો સ્વકાળ પોતાથી થયો ત્યારે એ ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તથી ત્યાં શ્રદ્ધા પલટે છે અને જ્ઞાનની પર્યાયની વૃદ્ધિ થાય છે એમ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- નક્કી કરી દ્યો. અહીં આવવું કે ન આવવું?

ઉત્તર :- આવે કોણ? એ તો શરીરની પર્યાય એમ થવાની હોય તો થાઓ. આત્માના ક્ષેત્રાંતરની પર્યાય થવાની હોય તો થાઓ. એ પોતાને કારણે થાય છે. શું પરને કારણે થાય છે? સમજાય છે કાંઈ? એ દસમો બોલ થયો.

'**પરકાળથી અસત્‌પણું પ્રકાશતો થકો...**' પરકાળથી નથી. જ્યાં જ્યાં મારી અવસ્થા થઈ એ મારે કારણે થઈ છે. પરનો કાળ બદલી ગયો તો એને કારણે મારી અવસ્થા થઈ છે એમ ત્રણ કાળમાં નથી. એમ માનવું સમ્યગ્જ્ઞાન અને આનંદનું કારણ છે. અનેકાંત નામ અમૃતનો અનુભવ છે. મારી પર્યાય, પ્રત્યેક પર્યાય, અનંત ગુણની પ્રત્યેક પર્યાય સ્વકાળથી છે, પરકાળથી નથી. એમ માનીને અનુભવ કરવો એમાં આનંદની પ્રાપ્તિ અને આનંદનો અનુભવ થાય છે. એ આનંદના અનુભવથી આત્મા જીવે છે. અને પરથી હું છું તો દુઃખી થઈને મિથ્યાદૃષ્ટિપણે જીવે છે. એ તો મરી ગયો. પોતાના સ્વરૂપને મારી નાખ્યું. સમજાય છે કાંઈ? દસ બોલ થયા.

'**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ,...**' પોતે ભગવાન આત્મા. જ્ઞાનમાત્ર એટલે આત્મા. પહેલા આવી ગયું છે પહેલામાં. પહેલામાં આવ્યું હતું. પહેલા બોલમાં. '**જાણવામાં આવતા એવા પરભાવોના...**' પરભાવ એટલે પરના ગુણ. ભગવાનના અનંત ગુણ, પરમાણુના વર્ણ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ગંધ, રસનો ગુણ પોતાની જ્ઞાનપર્યાયમાં ભાવમાં જણાય છે. '**જ્ઞાયકસ્વભાવને પરભાવપણે માનીને...**' અરે..! પરભાવને કારણે મારામાં જ્ઞાન થયું. પરની શક્તિરૂપ ભાવને કારણે મારા જ્ઞાનમાં શક્તિ આવી. એમ માનીને પોતાના ભાવની નાસ્તિ કરે છે. '**અંગીકાર કરીને નાશ પામે છે, ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્‌પણું પ્રકાશતો થકો...**' મારું કેવળજ્ઞાન મારા ભાવથી ઉત્પન્ન થયું છે. મારા ભાવમાં કેવળજ્ઞાન પડ્યું છે-શક્તિમાં. અનંત કેવળજ્ઞાનની પર્યાય મારા સત્ત્વમાં પડી છે. ભાવની વાત છે ને. ભાવ સમજ્યા? પોતાનો ભાવ જે ત્રિકાળી ગુણ છે જ્ઞાન, એમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાય ભાવમાં પડી છે. ભાવને કારણે પોતાની પર્યાય પ્રગટ થાય છે. પરને કારણે નહિ. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન છે ને એ એક સમયની પર્યાય છે. શું કહ્યું? કેવળજ્ઞાન ગુણ નથી. પંડિતજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- લોકાલોકને જાણે એ પર્યાય છે કે ગુણ? એક સમયની કેવળજ્ઞાનની પર્યાય છે કે જે ત્રણ કાળ ત્રણ લોકને જાણે છે. ગુણ નહિ. ગુણ તો ભાવ છે ત્રિકાળ. ત્રિકાળ ભાવમાં એવી (શક્તિ છે). અનંત કેવળજ્ઞાન જે થાય છે એક સમયમાં કેવળજ્ઞાન થયું, બીજે સમયે કેવળજ્ઞાનનો વ્યય થાય છે. સ્વકાળનો નાશ થાય છે, નવી કેવળજ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનનો નાશ થાય છે. સમજાય છે કે નહિ? ભગવાન! દ્રવ્ય તો ત્રિકાળી છે, ગુણ પણ ત્રિકાળી છે અને કેવળજ્ઞાન તો એક સમયની પર્યાય છે. એક સમયની પર્યાયનો ઉત્પાદ થયો તો બીજા સમયે એ ઉત્પાદનો વ્યય થયો. અને નવું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. અને ત્રીજા સમયે, જે પહેલા કેવળજ્ઞાન ઉત્પન્ન થયું તેનો વ્યય થઈને ત્રીજું કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. એમ સાદિઅનંત કેવળજ્ઞાન પરમાત્માને જે ઉત્પન્ન થાય છે એ બધી પર્યાયનો પિંડ જ્ઞાન આત્મામાં પડ્યું છે. એ જ્ઞાન તેનો ભાવ છે. જ્ઞાન તેનો ભાવ છે. ભાવની વાત ચાલે છે ને? ભાવમાંથી પર્યાય આવે છે. એ પરના ભાવથી નહિ. શું?

મુમુક્ષુ :- લોકાલોક ..

ઉત્તર :- લોકાલોક તો એના ઘરે રહ્યું. સામે શું છે? લાકાલોકને કારણે અહીં થયું. ઈ તો કહે છે, પોતાના ભાવથી છે. ભગવાન પોતાના જ્ઞાનગુણનો ભાવ. ભાવની વાત કરે છે. અત્યારે કાળની નથી. કાળનું પહેલા આવી ગયું. પોતાનો જ્ઞાનભાવ, પોતાનો આનંદભાવ, પોતાનો શ્રદ્ધાભાવ, ચારિત્રભાવ ત્રિકાળ. એવી અનંતી અનંતી ચારિત્રપર્યાય એક ચારિત્રગુણમાં પડી છે. અનંત અનંત કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં પડી છે. અનંત અનંત આનંદની પર્યાય એક આનંદગુણમાં પડી છે. એવા એક એક ભાવ પોતાથી છે. એ ભાવ પરથી નથી. સૂક્ષ્મ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત છે, ભાઈ! વીતરાગ તત્ત્વ.. આવી વાત ક્યાંય નથી. વાતો તો બધા બહુ કરે છે. વિકલ્પ તોડો. શું તોડે? શૂન્ય થઈ જાઓ. અહીં તો કહે છે, અનંત ભાવ તારામાં છે એમ પહેલા નિર્ણય કર. અસ્તિપણે તારામાં એક એક ગુણ અનંત શક્તિને ધરનાર એવા અનંત ગુણ તારામાં અનંતા ભાવ છે. સમજાય છે કાંઈ?

કેટલા ભાવ છે સાંભળ્યું છે? પંડિતજી! પોતાના એક આત્મામાં કેટલા ગુણ છે? નથી સાંભળ્યું? ભાવની વાત ચાલે છે. શક્તિ-ગુણ. કહે છે, અનંતા અનંત ગુણ છે. એ ભાવ પોતાથી અનંતા અનંત છે. પરને કારણે નહિ. ઈ બતાવ્યું હતું પહેલા. નહિ? છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવોની મુક્તિ થાય છે. સાંભળ્યું છે કે નહિ? છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ જીવ મુક્ત થાય છે. મોક્ષ. એમ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. પરમાત્મા કેવળજ્ઞાની. છ મહિના અને આઠ સમય. એમાં ૬૦૮ મુક્તિને પામે. તો અત્યાર સુધી કેટલા થયા? અનંત કાળથી થયા ને? અનંત કાળથી. છ મહિના અને આઠ સમય, છ મહિના ને આઠ સમયે ૬૦૮. એમ અનંત કાળથી ચાલ્યું આવે છે. કેટલા સિદ્ધ થયા? અનંત. તો એ અનંત સિદ્ધ કરતાં એક બટેટુ. બટેટા હોય ને? બટેટા કહે છે ને? બટેટા. એની એક આટલી રાઈ જેટલી કટકી લ્યો, રાઈ જેટલી કટકી. એમાં અસંખ્ય ઔદારિક શરીર છે. અસંખ્ય ઔદારિક શરીર. બટેટા. એક રાઈ જેટલા ટૂકડામાં. અને એક શરીરમાં અનંત સિદ્ધ જે થયા એનાથી અનંતગુણા જીવ છે. આ ભાવની વાત ચાલે છે કે આત્મામાં કેટલા ભાવ છે. સમજાય છે કાંઈ? અને જીવની સંખ્યા સિદ્ધ કરતાં અનંતગુણી થઈ. થઈને અનંતગુણી? અને તેના કરતા ત્રણ કાળના સમય અનંતગુણા અને તેના કરતાં પરમાણુ અનંતગુણા છે. જુઓ! જેટલા આત્મા છે સંસારી અનંત એનાથી પરમાણુની સંખ્યા અનંતગુણી છે. સાંભળ્યું છે કે નહિ? આ દેખાય છે ને. આ એક જીવ છે અને અનંત પરમાણુ છે. આ જીવ એક છે. આ શરીરના રજકણ, કર્મના રજકણ અનંત છે. એવા અનંત જીવથી અનંતગુણા રજકણ છે. અને અનંતગુણા રજકણથી ત્રણ કાળના સમય અનંતગુણા છે. ત્રણ કાળના સમય. એક સેકંડમાં અસંખ્ય સમય જાય. એવા ત્રણ કાળના સમય પરમાણુની સંખ્યા અનંતથી અનંતગુણા છે અને એનાથી અનંતગુણા આકાશના પ્રદેશ છે. આકાશ ચાલ્યું જાય છે ને? લોક, અલોક સર્વવ્યાપક. ચાલ્યું જાય છે. આકાશ.. આકાશ.. આકાશ.. તો એ આકાશ ક્યાં નથી? આ લોક પૂરો થઈ ગયો. અનંત અનંત જોજન પછી આકાશ.. આકાશ... આકાશ.. ચાલ્યા જાઓ તો આકાશ ક્યાં નથી? આકાશ ક્યાં નથી? સમજાય છે કે નહિ? આકાશ છે કે નહિ સર્વવ્યાપક? આકાશ.. આકાશ.. આકાશ.. ક્યાં અસ્તિ નથી? આકાશની નાસ્તિ ક્યાં? અસ્તિ.. અસ્તિ.. અસ્તિ.. આકાશ. અનંત અનંત દસે દિશામાં સર્વવ્યાપક અનંત અનંત આકાશ. એ આકાશમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક પરમાણુ જેટલા પ્રદેશને રોકે તેને પ્રદેશ કહે છે. પરમાણુ રોકે એટલા પ્રદેશને. તો એ આકાશના પ્રદેશ અનંત થયા. તો ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા થયા. અને એનાથી અનંતગુણા ગુણ એક જીવમાં છે. આ ભાવ અનંતગુણા છે. સમજાય છે કાંઈ? સંખ્યા યાદ રહે નહિ. છે એની.

આકાશના પ્રદેશની જે સંખ્યા છે અનંત, એનાથી એક આત્મામાં અનંતગુણા ભાવ છે. ભાવ-ગુણ-શક્તિ. એ પોતાની શક્તિ પોતાથી છે, પરથી નથી. એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? પોતાની શક્તિમાંથી એ પર્યાય ખાણ આવે છે. કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ થયા. પરમાણુમાં ઠંડી, ગરમ આદિ અવસ્થા થાય છે. એ પરમાણુના ભાવ છે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. ભાવ ત્રિકાળી (છે). એ ભાવમાંથી આવે છે. એ ભાવમાં શક્તિ છે. નિમિત્તમાં શક્તિ નથી કે નિમિત્તથી એમાં ઠંડી-ઊની પર્યાય થાય. એમ કહે છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**જ્ઞાનમાત્ર ભાવ, જાણવામાં આવતા એવા પરભાવોના પરિણમનને...**' અનંત પરમાણુનું અનંત અનંત... આહાહા..! એટલું પરને કારણે મારામાં એ પર્યાયને ધરનારો એટલો ભાવ છે એમ અજ્ઞાની માને છે. એમ નથી. પોતાને કારણે પોતામાં અનંત અનંત, એક એક ભાવમાં અનંત શક્તિઓ એવી અનંત અનંત શક્તિ-ભાવ મારાથી છે, પરથી નથી. બહુ ઝીણું. લોકોએ તત્ત્વને સાંભળ્યું નથી અને જૈનદર્શન એ કોઈ સંપ્રદાય નથી. જૈનદર્શન વસ્તુનું સ્વરૂપ દ્રવ્યનું છે એ વસ્તુ છે. ભગવાન આત્મા આવા અનંત ભાવને ધરનારો એક વસ્તુ એ પોતાના ભાવથી અસ્તિત્વ છે. પરનું જ્ઞાન થયું તો તેને કારણે પોતાનું અસ્તિત્વ છે એમ નથી. સમજાય છે કાંઈ?

અજ્ઞાની પરના ભાવથી પોતાના ભાવની શક્તિ માનીને. કહો, સમજાય છે કાંઈ? મેં આવો ભાવ ખાધો, દૂધનો ભાવ લીધો તો મારામાં પરને કારણે ભાવ ખીલી ગયો. પરને કારણે ખીલે છે કે તારા ભાવમાં છે તેને કારણે ખીલે છે? તારા શક્તિ-ભાવમાં તારાથી છે. સમજાય છે કાંઈ? પહેલી અવસ્થા થોડી હતી. થોડી-અલ્પ. પછી વિશેષ અવસ્થા થઈ તો એને કારણે થઈ? સાંભળવાથી થઈ? પરથી થઈ? વિકલ્પ કરવાથી થઈ? વાંચન કરવાથી થઈ? ના. એમ કહે છે. પોતામાં ભાવ હતો એમાંથી થાય છે. આહા..! સમજાય છે કાંઈ? યથાર્થ પ્રતીતિ થવી અને યથાર્થ સ્વરૂપનું ભાન થવું એમાં અનંત પુરુષાર્થ છે. એ જ મોક્ષનો માર્ગ છે. બાકી તો બધું છે.

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) સ્વ-ભાવથી સત્‌પણું પ્રકાશતો થકો...**' જુઓ! મારો ભાવ મારાથી છે. અનંત અનંત શક્તિઓ મારામાં છે. અનંત ભાવ (મારામાં છે). અહીં ભાવ-ગુણની વાત ચાલે છે. કાળમાં પર્યાયની વાત હતી. ભાવમાં ગુણની વાત છે. મારા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનંત ભાવ મારાથી છે. મારા અનંત ભાવ પરથી બિલકુલ નથી. એમ પોતાના ભાવથી પોતાના અસ્તિત્વથી માનીને પોતાના સ્વરૂપનું જીવન ટકે છે. પરભાવથી પોતાનો ભાવ માનીને નિજ સ્વરૂપનો નાશ કરે છે.

**'વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ 'સર્વ ભાવો હું જ છું'**...' જુઓ! આ દુનિયા બધા પદાર્થ હું જ છું. બધાના ગુણ એ હું જ છે. પરમાણુમાં વર્ણ, ગંધ, રસનો ગુણ છે અને એક પરમાણુમાં એક સમયમાં (ચૌદ બ્રહ્માંડ) જવાની શક્તિ છે. શું કહ્યું સમજાણું? એક પરમાણુ ક્રિયાવર્તી એક કોર રાખો. આપણે ગતિની શક્તિથી લ્યો. એક પરમાણુમાં નીચે સાતમી નરકે હો. તો એક પરમાણુ એક સેકંડના અસંખ્યભાગમાં ઉપર ચાલ્યો જાય. એવી પરમાણુની સ્વયંસિદ્ધ શક્તિ છે. સમજાય છે કાંઈ? પરમાણુ તેને કારણે ચાલે છે એક સમયમાં, એમ કહે છે. ચૌદ બ્રહ્માંડ સુધી ચાલ્યો જાય. એ ભગવાન એની પર્યાય પોતાથી છે એમ બતાવે છે. એવી ભાવમાં શક્તિ છે. શું છે કંઈ ખબર પડતી નથી. પરમાણુ એની મેળાએ ચાલે છે? એની મેળાએ સમજ્યા? ઉસકે કારણસે. પરમાણુ શું અનંતા સ્કંધ એને કારણે ચાલે છે. આત્મા જાય છે ને? તૈજસ, કાર્માણ શરીર છે ને? અનંત રજકણ પોતાને કારણે ચાલે છે. આત્માને કારણે નહિ. બરાબર છે? પંડિતજી! બહુ સૂક્ષ્મ પણ. આહાહા..!

અહીં તો કહે છે, એક પરમાણુ પણ ચૌદ બ્રહ્માંડ ચાલ્યો જાય. એક સમયમાં પોતાની ગતિની યોગ્યતાથી. એવી ભાવમાં શક્તિ પડી છે. ભાવમાંથી એ પર્યાય એક સમયમાં એવી થાય છે. એમ તૈજસ શરીર, કાર્માણ શરીર પોતાને કારણે ચાલે છે. પોતાની શક્તિથી ચાલે છે. કહો! મડદું ચાલે છે એ પોતાની શક્તિથી ચાલે છે એમ કહે છે. ઉપાડીને ચાલે છે ને? બીજાની શક્તિની નથી ચાલતું એમ કહે છે.

મુમુક્ષુ :- ખભે ચડાવે છે.

ઉત્તર :- ખભો શું? ખભાને અડતું જ નથી. ખભો સમજ્યાને? ખભાને મડદું અડતું જ નથી અને ખભો મડદાને અડતો નથી. ઈ તો સવારે કહ્યું હતું. આહાહા..! તત્ત્વદૃષ્ટિ એવી છે.

ભગવાન પરમેશ્વરે જે અનંત, પરમાત્માએ અનંત દીઠા છે. અનંત સંસારી દીઠા છે, અનંત પરમાણુ દીઠા છે, અનંત કાળ દીઠો છે, અનંત ભાવ દીઠા છે, અનંત પર્યાય દીઠી છે. આહા..! આવો ભગવાન આત્મા પોતાનું સત્ત્વ-શક્તિથી નહિ માનીને **'સર્વ ભાવો હું જ છું'** (એમ માને છે). બધાની સત્તાની મને મદદ મળે છે તો મારો ભાવ ખીલે છે. આપની કૃપા જોઈએ, આપકા આશીર્વાદ જોઈએ. એમ માને છે કે નહિ?

મુમુક્ષુ :- ગુરુના આશીર્વાદ તો જોઈએ ને.

ઉત્તર :- ગુરુ જ ના પાડે છે. પરના આશીર્વાદથી પોતામાં કોઈ નવો ભાવ આવતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નથી. આહાહા..! ભારે જગતને ભાઈ! આંધળું જગત અનાદિથી.

તારામાં અનંત અનંત ભાવ પડ્યા છે. તારા ભાવથી.. તું એ નહિ માનીને સર્વ ભાવ હું જ છું. ભાઈ! એક હાથે કાંઈ તાળી પડે? કહે છે કે નહિ એમ? પણ અહીં તો કહે છે, બે હાથેય તાળી નથી પડતી. એમ કહે છે અહીં તો. એ અવાજ ઉઠે છે એ પરમાણુની પર્યાયથી ઉઠે છે. બે હાથથી નહિ. એમ કહે છે. સમજાય છે કાંઈ? આ હાથ છે એ આહારવર્ગણા છે અને જે અવાજ ઉઠે છે એ શબ્દવર્ગણા છે. તો આહારવર્ગણા અને શબ્દવર્ગણામાં અભાવ છે. લ્યો, વળી સવારમાં ગયું તમારું. સમજાય છે કાંઈ? આ તો આહારવર્ગણા છે. આ ભાષા બોલાય છે એ આત્માથી નહિ. ઈચ્છાથી તો નહિ, પણ આ જીભથી નહિ, આ હોઠથી નહિ. કેમ કે આ આહારવર્ગણા છે અને ભાષા છે એ શબ્દવર્ગણા છે. બે વર્ગણામાં ભિન્નતા છે. તો એક વર્ગણાથી બીજી વર્ગણાની પર્યાય થાય છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? શું હશે આ તે બધું?

એક જણો વળી એમ બોલતો હતો, આવું કોઈ ઈશ્વર કરતો હશે વચમાં? એમ બોલતો હતો. અરે..! ઈશ્વર પોતે ઈશ્વર જ છે. વિભાવનો કરનાર વિભાવઈશ્વર છે. સ્વભાવનો કરનાર સ્વભાવિક ઈશ્વર છે. અને પરમાણુ જડેશ્વર છે. બધા ઈશ્વર છે-ત્રણે. શું કહ્યું સમજાણું? અજીવ પરમાણુ આદિ છે એ જડેશ્વર પોતાના ઈશ્વર છે. પોતાની સત્તાનું સામર્થ્ય પોતાથી રાખે છે. પરને કારણે નહિ. અને વિકારનો કરનારો હું વિકાર છું, એવા વિભાવનો ઈશ્વર છે એ સંસારી પોતાને કારણે વિકારને પોતાનો માને છે. વિકારનો ઈશ્વર છે પોતે. અને સ્વભાવનો ઈશ્વર ધર્માત્મા છે. વિકાર પણ નહિ, હું તો શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું. એવા અનંતા ગુણ, અને એની પર્યાયનો એ સ્વામી-ઈશ્વર છે. ધર્મી ઈશ્વર સ્વભાવનો છે, અધર્મી ઈશ્વર વિભાવનો છે, જડ ઈશ્વર પોતાના દ્રવ્ય-ગુણની પર્યાયનો છે. સમજાય છે કાંઈ? કોઈની ઈશ્વરતા કોઈમાં જતી નથી. ગતિ કરતી નથી. બધા પદાર્થ સ્વતંત્ર છે. એમ ભગવાનનું કથન છે અને વસ્તુનું સ્વરૂપ છે.

'**સર્વ ભાવો હું જ છું**' બસ, હું તો સર્વ (ભાવ છું). બધાની સહાયતા જોઈએ, ભગવાન! બધાની મદદ જોઈએ. અને બધા પરના ભાવની મને સહાયતા હોય તો મારો ભાવ છે. એમ અજ્ઞાની માનીને '**પરભાવને જ્ઞાયકભાવપણે માનીને...**' લ્યો. એ પરભાવથી પોતાના જ્ઞાયકભાવને જાણીને, પોતાનો ગુણ જાણીને '**અંગીકાર કરીને પોતાનો નાશ કરે છે,...**' પોતાના ભાવનું અસ્તિત્વ પ્રતીતમાં કરતો નથી. '**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો...**' લો. આ આત્મામાં ગુણ અનંત છે તો ઈશ્વરની કૃપાથી અંદર ગુણ રહેલા છે. એમ માને. ઈશ્વર છે, ઈશ્વરે અમને બનાવ્યા છે. તો અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે, તારો ભાવ તારાથી છે. ઈશ્વરથી તારામાં ભાવ માનનારા પોતાના ભાવનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? 'કર્તા ઈશ્વર કો નહિ, ઈશ્વર શુદ્ધ સ્વભાવ. કર્તા ઈશ્વર તે નહિ, ઈશ્વર દોષ પ્રભાવ.' ઈશ્વરને કર્તા માને તો ઈશ્વરને દોષ લાગે છે. અજ્ઞાની રાગનો કર્તા છે એવો દોષ છે. ઈશ્વર પરને કરે તો પણ અજ્ઞાનનો દોષ છે. એમ હોતું નથી. ઈશ્વર પોતાની પર્યાય અને પોતાના ભાવને રચે. એની કૃપા હોય તો... ઈશ્વર કૃપા આવે છે કે નહિ? શું કહે છે? મનુષ્ય પ્રયત્ન ઈશ્વર કૃપા. મકાન ઉપર લખે છે.

મુમુક્ષુ :- નિર્માનતા બતાવે છે.

ઉત્તર :- નિર્માનતા (નહિ), કૃપા ખોટી જૂઠ છે. કૃપા કેવી? પોતાના ભાવથી પોતાની પર્યાય અને પોતાના ભાવથી પોતાનો ભાવ રાખ્યો છે. પરને કારણે બિલકુલ નથી. સર્વજ્ઞ વીતરાગદેવ પરમાત્મા છે તો પોતામાં ભાવ છે અને પર્યાય થાય છે એમ નથી. અહીંયા તો એમ કહે છે. એનો આત્મા એની પાસે રહ્યો. અહીંયા ક્યાં આવ્યો છે?

પણ અજ્ઞાની સર્વ ભાવ. ઓહોહો..! સારા ગુણીના વૃંદમાં બેઠા હોઈએ તો આપણા ભાવમાં શુચિ આવે. વાતાવરણ ફેર હોય ને, વાતાવરણ ફેરમાં ફેરફાર ન હોય તો વાતાવરણ કેમ ફર્યું? ભગવાન પાસે જાય. વાતાવરણ ધર્મનો ધોધ પડતો હોય, ગણધર સંતો દેખાય, ઉપરથી જંઘાચારણ અને વિદ્યાચારણ પણ સાંભળવા આવે છે. વાઘ, સિંહ પણ ત્રાડ નહિ નાખતા શાંતિથી જંગલમાંથી સાંભળવા આવે છે. વાતાવરણમાં ફેર પડે કે નહિ? નહિ. ભગવાનના અતિશય આવે છે કે નહીં? ભગવાનનો અતિશય નથી આવતો? મિંદડી. મિંદડી સમજ્યા? બિલાડી અને ઉંદર ભગવાનના સમવસરણમાં શાંત થઈને બેસી જાય. એના ભાવની અસર પડી કે નહિ? એમ છે નહિ. પોતાને કારણે એ ભાવની પર્યાય ત્યાં થઈ છે. પરને કારણે નહિ. આહાહા..! ભારે વાત. જગતને આ નિમિત્ત માનનારાને તો ભારે ધોકા વાગે એવું છે અંદરથી. હાય.. હાય..! આ તો બધું નાસ્તિ છે.

**'ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો...'** આખું જગત ભાવથી ભરેલું હોય એનાથી હું અસત્ત્વ છું. મારા ભાવથી હું સત્ત્વ છું. મારા ભાવથી મારી હયાતી છે, પરભાવથી મારી હયાતી છે જ નહિ. પણ ભાઈ, ખાવા-પીવાની સગવડતા હોય તો ધર્મ થઈ શકે. એવી વાત નથી? રોટલી પેટમાં પડે નહિ અને કહે ધર્મ કરો. ભૂખ લાગી હોય ત્રણ દીથી, ધર્મ કરો. ભાઈ, રોટલી-બોટલી પડે, કંઈક અનુકૂળતા હોય, ક્ષેત્ર અનુકૂળ હોય, દ્રવ્ય અનુકૂળ હોય (તો ધર્મ થાય). મુનિ ગુફામાં શું કરવા ધ્યાન કરવા જાય છે? કહો. એ ક્યાંય જાતા નથી. સાંભળ તો ખરો. પોતાની પર્યાયમાં રહે છે ત્યાં. પરને કારણે કંઈ ફેરફાર થાય એવું પોતામાં છે નહિ. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અનેકાંત વીતરાગનો માર્ગ એ સમજવો (કઠણ છે). પરથી પણ થાય અને પોતાથી પણ થાય તો અનેકાંત કહેવાય. એમ નથી. પોતાથી છે અને પરથી નથી એનું નામ અનેકાંત છે. પેલો તો ફૂદડીવાદ થઈ ગયો. પરથી પણ થયું અને પોતાથી પણ થયું. એ તો ફૂદડીવાદ થયો. ફૂદડી સમજો છો? ફૂદડી. ચક્કર ફરે ને? એમ નથી. ભગવાનનો માર્ગ તો સ્વથી છે, પરથી નથી. જ્યાં જ્યાં પોતાની શક્તિ પોતામાં છે, પરભાવની સામગ્રી અને કેવળીના ગુણનો ઢગલો પડ્યો હોય, સમજ્યા? સમૂહ પડ્યો હોય તો ત્યાં આત્મા રહે અને એને કારણે અહીંયા આત્મામાં ભાવ થાય, એમ નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- પ્રવચનસારમાં પણ આવે છે ને. ક્ષેત્રફેરે.

ઉત્તર :- ઈ ક્ષેત્રફેર એ પોતાની પર્યાયનું કારણ છે. પરક્ષેત્રને કારણે કાંઈ નથી. કહો, એમાં ઈ આવે છે, હોં! ઠંડો પાણીનો દાખલો આવે છે, પ્રવચનસારમાં. ઠંડુ પાણી રાખવું હોય તો ઘરના ખૂણામાં રાખવું. અને થોડું વિશેષ ઠંડુ કરવું હોય તો એમાં આઈસ ક્રીમ બરફ નાખવો. લ્યો, પ્રવચનસારમાં આવે છે. છે ને? ક્યાં ગયું? આ રહ્યું. એમાં છે. પ્રવચનસારમાં છેલ્લે ચરણાનુયોગમાં છે. એ તો બધી નિમિત્તની વાત છે. એ તો ઠંડુ પોતાના ભાવથી અને પોતાની પર્યાયથી થયું છે. એ ઠંડા ખૂણામાં રાખે તો ઠંડુ થાય અને લૂ વાગે ત્યાં રાખે તો ગરમ થઈ જાય એ વાત નથી. સમજાય છે કાંઈ? આ શિક્ષણ બીજી જાતનું છે. વીતરાગી શિક્ષણ છે. સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માનું શિક્ષણ છે. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો...**' જે જે મારો ભાવ છે એ પરથી છે જ નહિ. અને પરનો ભાવ પણ પરભાવથી નથી. મારા ભાવને કારણે પરમાં કોઈ પર્યાય પ્રગટ થાય છે, મારી શક્તિ છે તો હું ઈચ્છાશક્તિથી રોગ મટાડી દઉં. એમ નથી કહેતા? એવી ઈચ્છાશક્તિ હોય તો રોગ મટી જાય. મૂઢ છો. .. આવતું નથી. એ તો એને કારણે એ પર્યાય પોતાની શક્તિમાંથી આવી છે. એ તારાથી આવી છે? સમજાય છે કાંઈ? એની ખાણ તો એની પાસે છે. એ પર્યાય નીકળવાની ખાણ તો એની પાસે છે. એમાંથી નીકળી છે. શું તારા નિમિત્તથી એમાં આવી છે? '**પરભાવથી અસત્‌પણું પ્રકાશતો થકો અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.**' લ્યો, એ બાર બોલ થયા. ચાર બોલ બાકી રહ્યા. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૩, બુધવાર તા. ૧૫-૫-૧૯૬૮**
**સ્યાદ્વાદ બોલ-૧૩, ૧૪. શ્લોક-૨૪૮. પ્રવચન-૫૦૭**

૧૩મો બોલ છે. શું કહે છે? સૂક્ષ્મ વાત છે. નજીક આવો. અહીંયા આગળ જગ્યા રાખી છે પણ એ લોકો નથી આવતા. નજીક આવી જાઓ. પાછળ માણસને બહાર બેસવું પડે ને.

'**જ્યારે આ જ્ઞાનમાત્ર ભાવ...**' છે? ૧૩મો બોલ છે. આ આત્મા ચૈતન્ય જ્ઞાનમાત્ર ભાવ ગણવામાં આવ્યો છે. જ્ઞાન સાથે આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા આદિ અનેક શક્તિઓ છે. પણ એ બધી શક્તિ જ્ઞાનમાત્રમાં ગર્ભિત કરીને જ્ઞાનમાત્ર આત્મા કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? તો કહે છે કે '**આ જ્ઞાનમાત્ર ભાવ...**' એટલે આત્મપદાર્થ. રાગાદિ નહિ અહીંયા. શરીર નહિ, રાગાદિ કોઈ વિકલ્પ એ આત્મા નહિ. '**જ્ઞાનમાત્ર ભાવ અનિત્ય જ્ઞાનવિશેષો વડે...**' પોતાની પર્યાયમાં અનિત્યતા છે. ક્ષણે ક્ષણે જ્ઞાનની, દર્શનની, ચારિત્રની, આનંદની પર્યાય પલટે છે. ક્ષણે ક્ષણે બદલાય છે, અનિત્ય છે. બરાબર છે? શું કહ્યું પંડિતજી? આત્મા અનિત્ય છે. અનિત્ય છે? શું કહે છે? વિચાર તો કરે, ખબર તો પડે. આત્મા અનિત્ય છે એમ કહે છે. બરાબર છે? શું પંડિતજી? પર્યાય અપેક્ષાએ અનિત્ય છે. અનિત્ય છે. કેમ એમ સંકોચ થઈ ગયો? ઈ કહે છે. પોતાનું દ્રવ્ય અને ગુણ નિત્ય છે. દ્રવ્ય નામ અનંત શક્તિનો પિંડ એ દ્રવ્ય નિત્ય છે. અને શક્તિઓ છે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ નિત્ય છે. પણ એની અવસ્થા અનિત્ય છે. એ અવસ્થા ભિન્ન ભિન્ન થાય છે એ પોતાથી થાય છે, એમ કહે છે. બદલવું થયું એ પરને કારણે થયું છે એમ નથી.

તો કહે છે, '**જ્ઞાનવિશેષો વડે...**' જ્ઞાનની.. અહીં તો જ્ઞાન શબ્દ લીધો છે. આખા આત્માની વિશેષ વાત. પ્રત્યેક ગુણની વર્તમાન અવસ્થા ભિન્ન ભિન્ન (થાય છે). શ્રદ્ધાની, જ્ઞાનની, શાંતિની, શાંતિ એટલે ચારિત્ર, આનંદ આદિની ભિન્ન ભિન્ન અવસ્થા થવાથી '**પોતાનું નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને...**' અરે..! આ શું થયું? ભિન્ન ભિન્ન ભિન્ન ભિન્ન અનિત્ય થાય છે તો હું તો ખંડિત થઈ ગયો. એમ અજ્ઞાની માને છે કે હું તો ખંડિત થઈ ગયો. ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે, ભિન્ન ભિન્ન અનેક અનેક પ્રકારની અવસ્થા ક્ષણે ક્ષણે ભિન્ન થવાથી હું તો ખંડિત થઈ ગયો. એમ દૃષ્ટિ રાખીને પોતાના અનિત્યપણાનો નાશ કરે છે. અનિત્યપણું પોતાનો સ્વભાવ છે તેને માનતો નથી. '**નાશ પામે છે,...**'

'**ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનસામાન્યરૂપથી નિત્યપણું...**' ... અર્થ થયો.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેમ ક્ષણે ક્ષણે પોતાની જ્ઞાન, દર્શન, આનંદ આદિની પર્યાયમાં વિશેષપણે અનિત્યતા થવા છતાં હું ગુણથી અને દ્રવ્યથી તો નિત્ય છું એવી ધર્મીની દૃષ્ટિ હોય છે. પર્યાયનું જ્ઞાન કરે છે. ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થાય છે તેનું જ્ઞાન હો, પણ હું નિત્ય છું એના ઉપર એની દૃષ્ટિ હોય છે. સમજાય છે કાંઈ? અનેકાંતનો વિષય સૂક્ષ્મ છે. આ અનેકાંત જૈનદર્શનમાં છે, બીજામાં નથી. એ વાત સિદ્ધ કરે છે. જૈનદર્શન એટલે વસ્તુનો સ્વભાવ.

કહે છે કે અનિત્ય માનીને પોતાના જ્ઞાનનો નાશ કરે છે. '**(તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનસામાન્યરૂપથી નિત્યપણું પ્રકાશતો થકો...**' હું તો નિત્ય ધ્રુવ (છું). ગુણથી-શક્તિથી, દ્રવ્યથી ધ્રુવ નિત્ય છું. એમ નિત્ય ઉપર લક્ષ કરીને અનિત્યનું પરિણમન થાય છે પણ અનિત્ય થવાથી હું ખંડિત થઈ ગયો એમ નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અનેકાંત તત્ત્વ જૈનદર્શનનું ઓઘે ઓઘે તો બધા એમ માને છે કે આત્મા છે. આત્મા વસ્તુ શક્તિએ નિત્ય છે અને અવસ્થાએ ક્ષણે ક્ષણે પ્રત્યેક ગુણની અવસ્થા થાય છે એ પોતાથી થાય છે, પોતામાં થાય છે. પર્યાય ભિન્ન ભિન્ન થઈ તો પરને કારણે થઈ અથવા પોતામાં પર્યાય થઈ તો ખંડિત થઈ ગયો એમ નથી. સમજાય છે કાંઈ? નિત્ય જ્ઞાનસામાન્ય ખંડિત થયું માનીને. અજ્ઞાની (માને છે કે) અરે..! મારો પ્રવાહ ખંડ ખંડ થઈ જાય છે. પણ એમ નથી. એ તો પર્યાયનો ધર્મ છે. પોતાની જ્ઞાનની વિશેષતા, શ્રદ્ધાની વિશેષતા.. વિશેષ શબ્દે અવસ્થા. અહીં તો એ કહે છે, વિશેષ જે થાય છે એ નિમિત્તથી અને ઇન્દ્રિયથી નહિ. કહો, જ્ઞાનમાં વિશેષ થાય છે એ ઇન્દ્રિયથી થાય છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળેય દેખાતા નથી. ઇન્દ્રિયથી શું દેખાય? અહીં તો કહે છે, પોતાની પર્યાય વિશેષ થાય છે એમાં જણાય છે. ઇન્દ્રિયથી નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં સામાન્ય ત્રિકાળ જે ધ્રુવ છે એની વિશેષ અવસ્થા છે એ પોતાથી થાય છે. ઇન્દ્રિયથી નહિ, નિમિત્તથી નહિ, સંયોગથી નહિ. જેઠાલાલભાઈ! આ આંખ ઉપરથી ત્યાં લક્ષ જાય છે તો દૂરનું જ્ઞાન થાય છે કે નહિ? આંખથી લક્ષ કરે છે તો તેનું જ્ઞાન થાય છે ને? એ ખોટી વાત છે એમ કહે છે અહીંયા. પોતાના જ્ઞાનની વિશેષ અવસ્થા પોતામાંથી થાય છે. ઇન્દ્રિયથી નહિ. પોતામાં અનિત્યતા છે. અનિત્યતા પરને કારણે છે એમ નથી. આહાહા..! મૂળ તત્ત્વની લોકોને પડી નથી. આ હું જન્મ-મરણ કરું છું. ચોર્યાશીના અવતાર. અરેરે..! ક્યાં જઈશ? ક્યાં જઈશ ચોર્યાશીના અવતારમાં?

ભગવાન કહે છે એવા આત્માનું અનેકાંત તત્ત્વનું પ્રવીણપણું કરીને અનુભવ કરું એવી દૃષ્ટિની દરકાર નથી. બહારથી આમ કરો, આમ ને તેમ. પણ અહીં ઇ કહે છે, ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિત્યાનંદની ખાણ છે તો એની અવસ્થા વિશેષરૂપે પોતાથી થાય છે. વિશેષરૂપ પોતાથી થાય છે. વિશેષ પોતાનું અનિત્ય પોતાનો ધર્મ છે. પરને કારણે નહિ. ઈન્દ્રિયોથી નહિ, સાંભળવાથી નહિ, એમ કહે છે. આ સાંભળવાથી જ્ઞાન થયું? ના. એ તો પોતાની પર્યાયનું અનિત્યપણું છે તેનાથી પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? છે પુસ્તક? છે કે નહિ? બીજા રાખ્યા છે. છે, ઘણા પુસ્તક છે. પહેલેથી આવવું જોઈએ, બે મિનિટ પહેલા. પુસ્તક લેવું જોઈએ. લઈ લેવું જોઈએ. તમારી મેળે લેવા જોઈએ. પડ્યા છે, ઘણા પડ્યા છે. ઘણા પુસ્તક પડ્યા છે. અહીંયા તો પુસ્તકનો ભંડાર રાખીએ છીએ. તો ખબર પડે કે આ શબ્દનો આ અર્થ થાય છે.

ધર્મીજીવ પોતાને પોતાની પર્યાયમાં અનિત્યતા જોઈને ખંડ ખંડ થઈ ગયો એમ માનતો નથી. પોતાની પર્યાયમાં વિશેષતા થાય તે પોતાનો ધર્મ છે એમ જાણે છે. વિશેષ ધર્મ સમજ્યા? પોતાનો સ્વભાવ. એમ માનીને '**નિત્યપણું પ્રકાશતો થકો...**' પર્યાયમાં અનિત્યતા હો. પણ વસ્તુ તરીકે તો હું નિત્ય છું. એવી દૃષ્ટિ કરીને અનિત્યતા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને પ્રકાશિત કરે છે. હું શુદ્ધ શ્રદ્ધા જ્ઞાનાનંદ છું, નિર્મળ પર્યાય છું એમ નિત્યની દૃષ્ટિ કરીને પોતાની શુદ્ધતા પ્રગટ કરે છે. અહીંયા રાગાદિની વાત નથી. એ રાગ આત્મામાં નથી અને રાગ પોતામાં છે જ નહિ. રાગ ઈ આત્મા નહિ.

મુમુક્ષુ :- ઈ તો સિદ્ધ થાય ત્યારે ને?

ઉત્તર :- અરે..! અત્યારે. સિદ્ધની ક્યાં વાત છે? અહીં તો આત્મા કોને કહે છે?

આત્મા, પુણ્ય-પાપના વિકલ્પ તો આસ્રવતત્ત્વ છે. એ આત્મતત્ત્વ છે જ નહિ. શરીરાદિ તો અજીવતત્ત્વ છે. એની વાત તો છે જ નહિ પોતામાં. આત્મા છે એમાં અનંત ગુણ જે શક્તિવંત ત્રિકાળ છે એ ધ્રુવ છે અને એની પોતાની વિશેષ અવસ્થા થાય છે એ પોતાથી થાય છે. જુઓ! આ અનિત્યપણું સિદ્ધ કરે છે. આ ભિન્ન ભિન્ન અવસ્થા કેમ થઈ? એવું નિમિત્ત આવ્યું તો એવી અવસ્થા થઈ, આવું નિમિત્ત આવ્યું તો આવી અવસ્થા થઈ. આવું નિમિત્ત આવ્યું એટલે એવી અવસ્થા થઈ એમ નહિ. પોતાની પર્યાયની અનિત્યતાને કારણે (વિશેષતા) થાય છે. સમજાય છે કાંઈ?

અહીં દેખે છે, ઘડિયાળમાં દેખે કે પોણા ચાર થયા. પોણા ત્રણ દેખાય, લાકડી દેખાય છે, તો ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે. તો નિમિત્તની મૈત્રી છે એટલે ભિન્ન ભિન્ન દેખાય છે કે નહિ? ભિન્ન ભિન્ન કેમ થઈ? અનિત્યતા પોતાની જ્ઞાનની પર્યાયની અનિત્યતાને કારણે વિશેષતા પોતામાં થાય છે, પરને કારણે નહિ. આવો નિર્ણય કરવો, વાતમાં ન રાખવું. સમજાય છે કાંઈ? પોતાની વિશેષ દશા પોતાથી પોતાના સ્વભાવને કારણે થાય છે અને મારો સ્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નિત્ય છે. અવસ્થામાં વિશેષતા ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થાઓ એ પોતાની પર્યાયનો ધર્મ છે. ત્રિકાળ રહેવું એ ધ્રુવનો ધર્મ છે. એ ૧૩મો બોલ થયો.

૧૪મો. '**વળી જ્યારે તે જ્ઞાનમાત્ર ભાવ નિત્ય જ્ઞાનસામાન્યનું ગ્રહણ કરવા માટે...**' જુઓ! અરે..! મારી પર્યાયમાં આ વિશેષતા કેમ થઈ? ખંડ ખંડ કેમ થાય છે? હું તો નિત્ય જ્ઞાન છું. અનિત્યતા જે ભાસે છે એને કાઢી નાખું. મારી પર્યાયમાં ક્ષણે ક્ષણે ભિન્નતા ભાસે છે એને કાઢી નાખું તો હું એકલો જ્ઞાનસામાન્ય રહી શકું. એમ અજ્ઞાની માને છે. એમ અજ્ઞાની માને છે એમ કહે છે. '**અનિત્ય જ્ઞાનવિશેષોના ત્યાગ વડે...**' પર્યાય ભિન્ન ભિન્ન થાય છે તેને હું છોડી દઉં. નહિ તો ખંડ ખંડ થઈ જાઉં છું. તો એને છોડી દઉં. તો હું જ્ઞાનસામાન્યપણે રહું. એમ અજ્ઞાની પોતાની અનિત્યતાના, વિશેષતાના ભાવને છોડીને શૂન્ય થઈ જાય છે. જડ થઈ જાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આ શું? ભિન્ન ભિન્ન, ભિન્ન ભિન્ન જ્ઞાનની અવસ્થા? શ્રદ્ધાની અવસ્થા ભિન્ન ભિન્ન થાય છે તો એ ભિન્ન ભિન્નની અનેકતાની અનિત્યતા હું છોડી દઉં તો હું એકરૂપ રહી શકું. એમ માનીને અજ્ઞાની પોતાની અનિત્યતાની પોતાની અવસ્થા છે તેને છોડીને જ્ઞાનથી શૂન્ય થઈ જાય છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અનેકાંત છે અહીંયાં તો.

'**જ્ઞાનવિશેષોના ત્યાગ વડે પોતાનો નાશ કરે છે...**' પોતાની જ્ઞાનની વિશેષતા અવસ્થા છે તેને નહિ માનીને વિશેષ અવસ્થાથી હું ખંડ ખંડ થઈ ગયો એમ માનીને પોતાની વિશેષ અવસ્થાનું લક્ષ છોડીને પોતાના વિશેષ વિના, નિત્યને જોવું છે પણ નિત્યને જોવે છે એ તો વિશેષથી જોવે છે. નિત્યને જોવે છે એ પણ વિશેષથી જોવે છે. નિત્યથી નિત્ય નથી દેખાતું. સમજાય છે કાંઈ? નિત્ય છે એ દેખાય છે વિશેષથી. વિશેષને છોડી દે તો દેખવાનું રહ્યું ક્યાં? દેખનાર રહ્યું નહિ. હું આંધળો થઈ જાઉં. પણ આંધળો થઈને વિશેષ અવસ્થા જે પોતાના જ્ઞાનને જોવે છે, આ જ્ઞાન ધ્રુવ છે, એને છોડી દઈશ તો ધ્રુવપણાનું જ્ઞાન તને થશે ક્યાંથી? સમજાય છે કાંઈ? '**(જ્ઞાનના વિશેષોનો ત્યાગ કરીને પોતાને નષ્ટ કરે છે), ત્યારે (તે જ્ઞાનમાત્ર ભાવનું) જ્ઞાનવિશેષરૂપથી અનિત્યપણું પ્રકાશતો થકો...**' નિત્ય હું કાયમ છું અને અનંત ગુણની અવસ્થા પોતામાં ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન થાય છે એ મારો સ્વભાવ છે. રાગાદિ નહિ. એ પોતાના જ્ઞાન, શ્રદ્ધા આદિની ભિન્ન ભિન્ન પર્યાય થાય છે એ મારો સ્વભાવ છે. એમ જાણતો '**અનેકાંત જ તેને પોતાનો નાશ કરવા દેતો નથી.**' પોતાનો ચૈતન્ય અમૃતસ્વરૂપ ભગવાન ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે સ્વના લક્ષે તો અમૃતનો આનંદનો અનુભવ થાય છે. ભિન્ન ભિન્ન અમૃતનો આનંદનો અનુભવ છે. વિશેષનો નાશ થવા દેતો નથી. એ ચૌદ બોલ થઈ ગયા. બાર થયા હતા, આ ચૌદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયા. બસ, ચૌદ છે.

'**અહીં તત્-અતત્...**' બે ભંગ આવી ગયા છે. હવે ચૌદ શ્લોક આવશે. '**એક-અનેકના બે ભંગ, સત્-અસત્ના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ૮ ભંગ,...**' પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ચારથી છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી. એવા આઠ બોલ થઈ ગયા. તત્-અતત્ના બે ભંગ, એક-અનેકના બે ભંગ, સત્-અસત્ના આઠ ભંગ. આઠ સમજ્યા કે નહિ? પોતાના દ્રવ્યથી છે અને પરદ્રવ્યથી નથી-ઈ બે. પોતાના ક્ષેત્રથી અને પરક્ષેત્રથી નથી-એ બે. પોતાના સ્વકાળથી છે, પરકાળથી નથી-એ બે. પોતાના ભાવથી છે અને પરભાવથી નથી એ બે. આઠ થઈ ગયા. એ આવી ગયું, કાલે આવી ગયું છે. '**અને નિત્ય-અનિત્યના બે ભંગ-એમ બધા મળીને ચૌદ ભંગ થયા. આ ચૌદ ભંગોમાં એમ બતાવ્યું કે-એકાંતથી...**' જયચંદ્રજી પંડિત ટીકાનો ખુલાસો કરે છે. '**જ્ઞાનમાત્ર આત્માનો અભાવ થાય છે...**' એકાંત માનવાથી, એક તત્ જ છું, અતત્ નથી એમ નહિ માનવાથી દૃષ્ટિમાં વસ્તુનો નાશ થાય છે '**અને અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...**' જીવતો રહે છે એનો અર્થ પોતાના આનંદસ્વરૂપનો અનુભવ કરે છે. હું નિત્ય પણ છું, હું અનિત્ય પણ છું, હું એક પણ છું, અનેક પણ છું, હું સત્ પણ છું, હું પરની અપેક્ષાથી અસત્ પણ છું. એમ પોતાના સ્વભાવના અસ્તિત્વનો અનુભવ કરીને પોતાનું સ્વરૂપ અનેકાંતમય જે છે એને અનુભવમાં લઈને અમૃતથી આત્મઅનુભવ કરે છે તો પોતાની હયાતી ટકાવી રાખે છે. અતીન્દ્રિય અમૃતનો અનુભવ તેનું નામ અનેકાંત છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે જુઓ.

'**અનેકાંતથી આત્મા જીવતો રહે છે;...**' જીવતો રહે છે એનો અર્થ શું? હું જ્ઞાન ધ્રુવ છું, પર્યાયે અધ્રુવ છું. એમ સમજીને ધ્રુવની દૃષ્ટિ કરીને આનંદનો અનુભવ થવો એ પોતાના જીવનું જીવન રાખવું એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું આવું આ. દયા પાળવાની હોય, વ્રત પાળવાના હોય, અપવાસ કરવાના હોય તો કરી નાખો ચાલો ભાઈ.

મુમુક્ષુ :- સહેલું પડી જાય.

ઉત્તર :- સહેલું પડી જાય એ તો કર્યું અનંત કાળ, કાંઈ સૂઝ ન પડી.

'**અનેકાંતથી આત્મા જીવતો રહે છે; અર્થાત્ એકાંતથી આત્મા જે સ્વરૂપે છે તે સ્વરૂપે સમજાતો નથી,...**' સમજાતો નથી. ભગવાન પોતાના સ્વરૂપથી છે, પરથી નથી એમ સમજ્યા વિના વસ્તુનું સ્વરૂપ જ્ઞાનમાં, પ્રતીતિમાં, અનુભવમાં આવતું નથી. '**સ્વરૂપમાં પરિણમતો નથી,...**' જુઓ! ભાષા લીધી. આવું સ્વરૂપ અનેકાંત છે એમ સમજ્યા વિના સ્વરૂપનું સમ્યગ્દર્શન, જ્ઞાનનું પરિણમન એને થતું નથી. ધર્મ થતો નથી. કહો, સમજાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? કોઈ એમ માને છે ને? કે આપણે તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી એ સમકિત છે, લ્યો. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા આપણને સમકિત છે. એની ના પાડે છે અહીંયા. એ સમકિત નથી. સમકિત તો પોતાનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ છે એવી દૃષ્ટિ કરીને પોતાની પર્યાયમાં રાગ વિનાની શ્રદ્ધા નિર્વિકલ્પ થઈ તેનું નામ અનિત્ય સમ્યગ્દર્શનની પર્યાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન સમજાય? આ બધા માને છે કે આપણે દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા, બસ. સાચા દેવ અરિહંત, ગુરુ નિર્ગ્રંથ એના માનેલા, અને શાસ્ત્ર એની માન્યતા, આપણે સમકિત છે. ના પાડે છે. એ તો વિકલ્પ છે, ઈ આત્મા જ નથી, એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :- ... સમજવાની મહેનત નથી.

ઉત્તર :- પંડિતજી! શું કહે છે? કંઈ સમજવાનો પ્રયત્ન કરવો નહિ, ઊંધે રસ્તે ચાલવું અને ચાર ગતિમાં રખડવું. એમ. સમજાય છે કાંઈ? અમે ઘણે ઠેકાણે કહીએ છીએ ને. એ.. દીપચંદજી!

મુમુક્ષુ :- અમારા મહારાષ્ટ્રમાં કહે છે.

ઉત્તર :- ઈ કહે છે. તમારો પ્રશ્ન છે ઈ અહીંયા ચાલ્યો. તમારું લક્ષ થયું. દીપચંદજી એમ કહેતા હતા કે અમારે ત્યાં આમ ચાલે છે. એ દીપચંદજી કહેતા હતા.

મુમુક્ષુ :- દેવ-ગુરુ-શાસ્ત્ર...

ઉત્તર :- એનો પ્રયાસ. કહ્યું હતું, દીપચંદજી એમ કહેતા હતા કે અમારે મહારાષ્ટ્રમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત. એમ કહેતા હતા. કેમ દીપચંદજી! તો ઈ યાદ આવી ગયું. જંગલ જતા હતા ને, ચંદુભાઈ છે ને? ક્યાં ગયા ચંદુભાઈ? તમે કહ્યું હતું? ચંદુભાઈએ કહ્યું હતું. આજે ગયા હતા. મહારાષ્ટ્રમાં આમ ચાલે છે. પણ હજી દેવ કોને કહેવા એની ખબર નથી અને ગુરુ કોને કહેવા એની ખબર ન મળે. લૂગડા છોડીને નગ્ન થઈ ગયા એટલે ગુરુ થઈ ગયા? સમજાય છે કાંઈ?

અરિહંત સર્વજ્ઞદેવ એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણે એવી જ્ઞાનની પર્યાય જેને પ્રગટ થઈ છે. એને ક્ષુધા, તૃષા હોતી નથી, શરીરમાં રોગ હોતો નથી, પરમ ઔદારિક શરીર હોય છે, અંદર આકૃતિ વ્યંજનપર્યાય શરીર પ્રમાણે એની હોય છે. એવા અનંત આનંદ આદિ ગુણની પર્યાય જેને પ્રગટ થઈ છે એવા અરિહંતને જે વાસ્તવિક જાણે તો એ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તો પોતાને જાણ્યા વિના રહે નહિ. એમ વાત છે. સાચા દેવને પણ જાણતા નથી. દેવ કોને કહે? દિવ્ય શક્તિ જેને પ્રગટ થઈ. એક સેકંડના અસંખ્યભાગમાં જ્ઞાનની પર્યાય સર્વજ્ઞ, સર્વજ્ઞ, સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોક પોતાની પર્યાયના વિકાસમાં જોવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. પોતાની પર્યાયને જોતાં બધું જણાઈ જાય છે. એવા સર્વજ્ઞ પરમેશ્વર દેવ, જેને દિવ્ય શક્તિ પ્રગટ થઈ છે. તેને માનવું ક્યારે કહેવાય? કે સર્વજ્ઞ પર્યાય એને પ્રગટ થઈ તો હું પણ એવો જ આત્મા છું. પોતાની સર્વજ્ઞ પર્યાય .. મારી પાસે. તો એવી પર્યાયમાં અલ્પજ્ઞતા દેખાય છે તો સર્વજ્ઞ પર્યાય પ્રગટ કરવા માટે મારો સર્વજ્ઞ સ્વભાવ ત્રિકાળ છે એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય છે તો એને સર્વજ્ઞની પર્યાયની પ્રતીતિ થાય છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણું. દેવ અરિહંત અને ગુરુ નિર્ગ્રંથ એના માનેલા. લૂગડા છોડીને નાગા હોય ઈ ગુરુ. એ ગુરુ માનીએ એટલે સમકિત. એમ નથી.

અહીં તો સાચા નિર્ગ્રંથ મુનિ. કુંદકુંદાચાર્ય જેવા હોય મહા સંત મુનિ, વીતરાગે સ્વીકારેલા. એમને માનવા પણ વિકલ્પ છે, રાગ છે, સમકિત નહિ. સમજાય છે કાંઈ? એ અહીં કહે છે કે અનેકાંતમાં જ્ઞાનમાત્રમાં એ વિકલ્પ આવતો જ નથી, એમ ભાઈ કહે છે અહીં તો. પરની શ્રદ્ધાનો જે વિકલ્પ છે એ પોતાની શ્રદ્ધામાં આવતો જ નથી. આત્મામાં છે જ નહિ. ઈ વાત ચાલે છે અહીંયા. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ઈ તો રાગમાં જાય છે.

ઉત્તર :- ઈ તો રાગમાં અનાત્મામાં ગયો.

અહીં તો આત્મા જ્ઞાનમાત્ર ભગવાનસ્વરૂપ એનું ધ્રુવપણું અને પર્યાયમાં અધ્રુવપણું. સ્વરૂપે એકપણું અને પર્યાય-ગુણે અનેકપણું. સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. પોતાનું સ્વરૂપ પરથી ત્રણ કાળમાં નથી. દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાયથી પણ પોતાની પર્યાય નથી. સમજાય છે કાંઈ? એ આવી ગયું ને ચૌદ બોલમાં? પોતાની જ્ઞાનની, શ્રદ્ધાની જે પર્યાય છે એમાં દેવ-ગુરુ-શાસ્ત્રની પર્યાયનું શ્રદ્ધાન કરવું-વિકલ્પ એ પોતામાં છે જ નહિ. એવી અંતરમાં સ્વરૂપ શુદ્ધ ચૈતન્યનું એકરૂપ અભેદની દૃષ્ટિ કરવાથી જે પ્રતીતિ, અનુભવ થયા એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા, નવ તત્ત્વને માનવા એ બધું મિથ્યાદર્શન છે. નવ તત્ત્વનો અનુભવ કરવો એ પણ મિથ્યાત્વ છે એમ કહે છે. હાય.. હાય! રાડ નાખે. સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં? આ કળશટીકામાં છે. કળશટીકામાં છે બધું. ઘણી વાત આવી ગઈ છે. પહેલા (સંવત) ૧૯૯૯માં આવી તો રાડ નાખતા હતા. રાડ નાખે કે આ શું? શેમાં આવે છે? છઠ્ઠા કળશમાં છે, જુઓ! એમાં એ શબ્દ આવ્યો હતો.

**'સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો વિભાવપરિણતિ છે,...'** જુઓ! એ છઠ્ઠો કળશ છે, ભાઈ! **'एकत्वे नियतस्य'**. આગળ **'જીવ-અજીવ-આસ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ-પુણ્ય-પાપના અનાદિ સંબંધને છોડીને. ભાવાર્થ આમ છે-સંસાર-અવસ્થામાં જીવદ્રવ્ય નવ તત્ત્વરૂપ પરિણમ્યું છે તે તો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**વિભાવપરિણતિ છે, તેથી નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**' આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાયક સ્વરૂપે છે એકલો અને પર્યાયમાં અનેકતા છે પણ ભેદની શ્રદ્ધા નવ તત્ત્વ-આ જીવ છે, અજીવ છે એ તો નવ ભેદ થઈ ગયા. ભેદની શ્રદ્ધા એ તો મિથ્યાત્વ છે, એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ છે એને સમકિત માનવું એ તો મિથ્યાત્વ છે. એમ કહે છે. શું કહ્યું? આ સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને માનવાનો વિકલ્પ છે એને સમકિત માનવું એ મિથ્યાત્વ છે. એને માનવું મિથ્યાત્વ નથી, એને માનવું એ વિકલ્પ છે, રાગ છે. પણ રાગમાં પરમાર્થ ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન માનવું મિથ્યાત્વ છે. રાગ મિથ્યાત્વ નથી, માનવું એ તો વિકલ્પ, રાગ છે. પણ રાગમાં ધર્મ છે, સમ્યગ્દર્શન ઈ છે એમ માનવું એ મિથ્યાત્વ છે. એની પાસે જઈને નવ તત્ત્વના ભેદરૂપ વિકલ્પ છે, ભેદરૂપ આત્માની શ્રદ્ધા કરવી એ પણ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? પરમ સત્ય છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા... આપણને સમકિત તો છે. ચાલો, દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા. હવે વ્રત લઈ લ્યો, તપ કરો. પંડિતજી! પંડિતજી દાંત કાઢે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા તો છે. શ્રદ્ધા નથી? ભગવાન દેવ અરિહંત ભગવાન સાચા છે. આ મુનિ નગ્ન મુનિ છે એ ગુરુ છે, સાચા છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સમકિતી છે એમ કહે છે ઈન્દ્રલાલજી. ઈન્દ્રલાલજી છે ને જયપુરના પંડિતજી. એણે લખ્યું હતું, લેખ આવ્યો હતો. દિગંબરમાં જન્મ્યા એ તો બધા ભેદજ્ઞાની જ છે. બસ, એને હવે વ્રત, તપ કરવા એ ચારિત્ર કરવું છે. લ્યો. દિગંબરમાં જન્મ્યા એ મિથ્યાદૃષ્ટિ અનાદિથી જન્મ્યો છે. સમ્યગ્દર્શન ક્યાં? હજી સમ્યગ્દર્શન કોને કહેવું એ સાંભળ્યું નથી. જન્મ લીધો તો શું થયું? સાતમા અધ્યાયમાં ખુલાસો કર્યો છે. મોક્ષમાર્ગ પ્રકાશક. સાતમા અધ્યાયમાં એ ખુલાસો કર્યો છે. જૈન ધર્મમાં જન્મ્યા છતાં નિશ્ચય-વ્યવહારની સંધિને સમજે નહિ અને વ્યવહારને માને કે વ્યવહાર પણ મોક્ષમાર્ગ છે તો એ મિથ્યાદૃષ્ટિ છે એમ લખ્યું છે. સમજાય છે કાંઈ? મોક્ષમાર્ગ એક જ પ્રકારનો છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ આનંદ એની એકતા, શ્રદ્ધા કરીને નિર્વિકલ્પ પ્રતીત કરવી એ સમ્યગ્દર્શન એક જ છે. વ્યવહાર સમ્યગ્દર્શન છે જ નહિ. સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં લખ્યું છે ને વ્યવહાર? એ તો નિમિત્તનું કથન કરીને આરોપ કરીને કથન છે. આહાહા..! મોટી ગડબડ.

પોતાનું જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપ એનું જ્ઞાનનું જ્ઞાન સ્વસંવેદન કરવું એ જ્ઞાન છે. સમજાય છે કાંઈ? બીજું જ્ઞાન શાસ્ત્રનું જ્ઞાન પણ જ્ઞાન નહિ. તો દેવ-ગુરુ-શાસ્ત્રનું જ્ઞાન થયું કે આ આમ છે, એ જ્ઞાનને જ્ઞાન જ નથી કહેતા. અને ચારિત્ર પોતાનું શુદ્ધ સ્વરૂપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અનાકુળ આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ, અનુભવ કરીને સ્વરૂપમાં લીન થઈને અતીન્દ્રિય આનંદનું વેદન ઉગ્રપણે થવું એનું નામ ભગવાન ચારિત્ર કહે છે. આ લુગડા ફેરવ્યા કે પંચ મહાવ્રતના વિકલ્પ ચારિત્ર-ફારિત્ર છે જ નહિ. ઓહોહો..! હજી ખબર ન મળે, ચારિત્ર કોણ, દર્શન કોણ. કેમ દીપચંદજી! નગ્ન થઈ જાઓ, લુગડા ફેરવી નાખો. કપડા તો ફરેલા જ છે. ક્યાં અંદર ઘુસી ગયા છે? .. એની પર્યાય તો.

અહીં તો કહે છે, જુઓ! '**નવ તત્ત્વરૂપ વસ્તુનો અનુભવ મિથ્યાત્વ છે.**' એ છઠ્ઠા શ્લોકમાં છે. પંડિતજી! આ કળશ જોયો છે કે નહિ તમે? જુઓ તો ખરા. અહીંયા છે. જુઓ! લીટી કરી છે. નીચે, નીચે. અમૃતચંદ્રાચાર્યનો કળશ છે. આપણે આ કળશ વાંચીએ છીએ ને? એ કળશનો અર્થ કર્યો છે. રાજમલ પંડિત થયા છે. 'પાંડે રાજમલ જૈનધર્મી, સમયસાર નાટકકે મર્મી'. એમ બનારસીદાસે લખ્યું છે. એમણે આ ટીકા કરી છે અને એ ટીકામાંથી આખું સમયસાર બનાવ્યું છે. સમયસાર છે ને? બધું એમાંથી બનાવ્યું છે. પંડિત થઈ ગયા રાજમલ. નવ તત્ત્વનો અનુભવ મિથ્યાત્વ લખ્યું છે એમાં. તેથી બતાવ્યું. તો વળી દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (સમકિત ક્યાંથી થઈ ગયું)? સમજાય છે કાંઈ? પણ મિથ્યાત્વ શું છે એની કંઈ ખબર નથી.

મિથ્યાત્વ તો મોટું પાપ. અનંત સંસાર નિગોદમાં લઈ જવાની શક્તિ મિથ્યાત્વમાં છે. ખબર નથી, શું કરે? સમજાય છે કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્ર તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યના આશ્રયે શ્રદ્ધા થવી એ તો પરાશ્રિત વ્યવહાર છે. વ્યવહાર તો વિકલ્પ છે. એ સમ્યગ્દર્શન છે જ નહિ, સમ્યગ્જ્ઞાન છે જ નહિ, સમ્યક્ચારિત્ર છે જ નહિ. આજે તો બહુ હાલતું હોય છે ક્ષેત્રપાળ મોઢા આગળ હોય ને. અમે તો જોયું છે ને, બે વાર ગયા છીએ ને. બે વાર ગયા છીએ ત્યાં. ક્ષેત્રપાળ લાલ. પહેલા પૂજે ત્યાં. ભગવાન પછી. હજી તો સ્થાપન નિક્ષેપ પણ પછી, પહેલી સ્થાપના આ. આવી ભ્રમણા તે જગતને.

ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન થયું એવા પરમેશ્વરની પ્રતીત પરદ્રવ્યની અપેક્ષા કરે તો તેને વિકલ્પ છે. અને એ પરમેશ્વરની યથાર્થ પ્રતીતમાં તો પરનું જ્ઞાન કેવું થયું? પોતાનું જ્ઞાન સ્વનું થવાથી પછી જે પરપ્રકાશકજ્ઞાન સ્વ-પરનું થયું એને સમ્યક્જ્ઞાન કહે છે. એકલા પરમેશ્વરનું જ્ઞાન કરવું એ પણ સમ્યક્જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનમૂર્તિ અખંડ આનંદ તરફના ઝુકાવથી પોતાની પર્યાયમાં નિર્મળ સ્વસંવેદન સહિત પ્રતીત ઉત્પન્ન થાય તેને સમ્યગ્દર્શન કહે છે. એમાં એક શબ્દનો ફેરફાર થાય તો બધી ગડબડ થઈ જાય. સમજાય છે કાંઈ? સાંભળ્યું જ નથી સમ્યગ્દર્શન શું છે? સમ્યગ્દર્શન વિના જ્ઞાન નહિ, જ્ઞાન વિના વ્રત, ચારિત્ર હોતા જ નથી. એકડા વિનાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મીંડા છે.

એ અહીંયા કહે છે કે આત્મા જે સ્વરૂપ છે તે અનેકાંતથી સમજાય છે. એકાંતથી '**સ્વરૂપમાં પરિણમતો નથી, અને અનેકાંતથી તે વાસ્તવિક સ્વરૂપે સમજાય છે,...**' જુઓ! '**સ્વરૂપમાં પરિણમે છે.**' ભગવાન આત્મા એક, શક્તિ તરીકે અનેક, અવસ્થા તરીકે અનેક. અનેક ઉપર લક્ષ નહિ કરતાં એક ઉપર લક્ષ કરીને જે જ્ઞાન થયું એ અનેકનું જ્ઞાન કરે છે વ્યવહારથી. સમજાય છે કાંઈ? અનેકાંતની શ્રદ્ધા અનેકની શ્રદ્ધા એ પણ યથાર્થ શ્રદ્ધા નહિ. એકની શ્રદ્ધાપૂર્વક અનેકનું જ્ઞાન થયું એનું નામ અનેકનું જ્ઞાન અને અનેકાંત કહેવામાં આવે. આમ છે. સમજાય છે કાંઈ? પરના વિકલ્પ.. પર તો પોતામાં છે જ નહિ, પર તરફ શ્રદ્ધા રાખવી એ વિકલ્પ પણ આત્મા નહિ, અહીંયાં તો એ સિદ્ધ કરવું છે. અહીંયા તો જ્ઞાનમાત્ર આત્માને સિદ્ધ કરવો છે. રાગ આત્મા છે એમ સિદ્ધ કરવું છે? વ્યવહાર આત્મા છે એમ સિદ્ધ કરવું છે?

ભગવાન ચિદ્‌ઘન છે, જ્ઞાનસ્વભાવ ચૈતન્યજ્યોતસ્વરૂપ છે. એના નિત્ય અને અનિત્ય, એક અને અનેક, તત્ અને અતત્. અને પોતાથી છે અને પરથી નથી. એવા અનેકાંતનું અંતર જ્ઞાન થાય છે તેને સમ્યગ્દર્શન અને આત્માનો અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? બીજાને સમ્યગ્દર્શન અને અનુભવ થતો નથી. હવે ચૌદ શ્લોક છે. ચૌદ બોલ તો ગદ્યમાં આવ્યા. હવે પદ્યમાં લ્યે છે. પદ્ય.

'**અહીં નીચે પ્રમાણે (૧૪ ભંગોના કળશરૂપે) ૧૪ કાવ્યો પણ કહેવામાં આવે છે :-**' '**(પ્રથમ, પહેલા ભંગના કળશરૂપ કાવ્ય કહેવામાં આવે છે :-)**' લ્યો. ૨૪૮ છે ને માથે ઉપર? ૨૪૮ કળશ છે. ક્યાં છે ૨૪૮? એનો કળશ છે. એનો નીચે અર્થ છે.

**बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्**
**विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।**
**यत्तत्तत्तदिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-**
**र्दूरोन्मग्नघनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२४८।।**

પશુ પશુ કહેશે દરેકમાં. ગદ્યમાં આવ્યું હતું, હવે એ પદ્યમાં લીધું. ભગવાન અમૃતચંદ્રાચાર્ય મુનિએ આ પદમાં તત્-અતત્‌નું દૃષ્ટાંત લીધું છે. નીચે અર્થ છે. ઉપર શ્લોક છે તેનો અર્થ નીચે છે.

'**શ્લોકાર્થ :- બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું,...**' શું કહે છે? '**પોતાની વ્યક્તિને (-પ્રગટતાને છોડી દેવાથી ખાલી (-શૂન્ય) થઈ ગયેલું, સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત (અર્થાત્ પરરૂપ ઉપર જ આધાર રાખતું)...**' બહુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ન્યાય શું છે જરી? આ બધા જ્ઞેય છે ને? એ જ્ઞેયને કારણે મારામાં જ્ઞાન છે. એમ માનનારા પોતાની જ્ઞાનપર્યાય તો જ્ઞેય પી ગઈ. એનું જ્ઞાન થયું... ભાવાર્થમાં આવશે. ઘટના જ્ઞાન વખતે કેમ ઘટનું જ્ઞાન થાય છે? ઘટને કારણે થાય છે. પટને કારણે પટનું જ્ઞાન કેમ થયું? પટને કારણે જ્ઞાન થાય છે. લોઢાના કાળમાં લોઢાનું જ્ઞાન કેમ થયું? લોઢાને કારણે જ્ઞાન થયું છે. સોનાના કાળમાં સોનાનું જ્ઞાન કેમ થયું? સોનાને કારણે જ્ઞાન થયું છે. આ શબ્દને કારણે જ્ઞાન થયું એ શબ્દને કારણે જ્ઞાન થયું છે. શબ્દને કાળે એ શબ્દ છે એવું જ્ઞાન કેમ થયું? કે શબ્દને કારણે જ્ઞાન થયું. એમ માનનારા જ્ઞેયને કારણે જ્ઞાન થયું એમ માને છે. એ મિથ્યાદષ્ટિ છે. નિમિત્ત તો છે કે નહિ? ઈ જ કહે છે. નિમિત્તથી જ્ઞાન થાય છે એ જ્ઞેયથી જ્ઞાન થયું એમ માનનાર મિથ્યાદષ્ટિ છે. ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ?

કહે છે, જુઓ! '**બાહ્ય પદાર્થો વડે...**' જે જે પદાર્થ નિમિત્ત બાહ્ય છે તેના વડે. વડે છે ને? '**સમસ્તપણે પી જવામાં આવેલું,...**' એના વડે જ્ઞાન થયું તો બધું જ્ઞાન ત્યાં ચાલ્યું ગયું. પોતાની જ્ઞાનની અવસ્થા અહીંયા રહી નહિ. '**પોતાની વ્યક્તિ...**' એટલે જ્ઞાનની પ્રગટતા. પોતાની જ્ઞાનની તે સમયની પ્રગટતાને '**છોડી દેવાથી...**' એ જ્ઞાનની પોતાની પર્યાય છે એને તો છોડી દે છે. જ્ઞેયને કારણે જ્ઞાન થયું એમ માને છે. '**ખાલી (-શૂન્ય) થઈ ગયેલું,...**' ખાલી થઈ ગયું. પરને કારણે મારામાં જ્ઞાન થયું તો પોતાની જ્ઞાનની પર્યાયથી ખાલી થઈ ગયો. ખાલી સમજ્યા? શૂન્ય-રિક્ત. એમ કેમ? એ તો પહેલા ચાલ્યું છે, પ્રવચનસારમાં. નિમિત્તની મૈત્રી કેમ થઈ છે? કે જેવું નિમિત્ત હોય એવું અહીંયા જ્ઞાન થાય છે તો અજ્ઞાનીને ભ્રાંતિ થઈ જાય છે કે નિમિત્તને કારણે એવું જ્ઞાન થયું. તો નિમિત્તની મૈત્રી છોડતો નથી. મૈત્રી સમજ્યા? જ્ઞેયનો પ્રેમ છોડતો નથી. જેવું જ્ઞેય છે એવું જ્ઞાન થાય છે તો જ્ઞેયનો પ્રેમ છોડતો નથી. પણ પોતાથી જ્ઞાન થાય છે, જ્ઞેયને કારણે નહિ. તો જ્ઞેયની મૈત્રી રહેતી નથી. સમજાય છે કાંઈ?

જેવું જ્ઞાન થયું તો એવું સામે જ્ઞેય છે. તો જેવું જ્ઞેય છે એવું જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? સામાન્યથી વિશેષ થયું. સામાન્ય છે તે જ્ઞાનપર્યાયમાં આવ્યું. તો આ માને છે કે નિમિત્તથી એ જ્ઞાનપર્યાય થઈ છે. ઈન્દ્રિયો છે તો જ્ઞાનપર્યાય છે, મન છે તો જ્ઞાનપર્યાય છે, સામે જ્ઞેય છે તો જ્ઞાનપર્યાય છે. સામે દાળ-ભાત છે તો જ્ઞાન એમ થાય છે કે દાળ-ભાત છે. જ્ઞાન દાળ-ભાતનું થાય છે ને? જ્ઞાન જ્ઞેયાકારે એવું થઈ જાય છે. તો એને એમ થાય છે કે દાળ-ભાત છે તો જ્ઞેયાકારનું જ્ઞાન થયું. ઈ છે તો અહીંયાં થયું. પોતાથી થયું એમ અજ્ઞાની માનતો નથી. ... થઈ જાય છે. આહાહા..!

'**બાહ્ય પદાર્થો વડે...**' નિમિત્ત વડે. બાહ્ય પદાર્થ કહો કે નિમિત્ત વડે કહો કે જ્ઞેય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વડે, બધાનો એક જ અર્થ છે. '**સમસ્તપણે પી જવામાં આવેલું,...**' નિમિત્ત દ્વારા, બાહ્ય પદાર્થ દ્વારા જ પોતાનું જ્ઞાન થયું. જુઓ! ચશ્મા હતા તો જ્ઞાન થયું. ચશ્મા ન હોય તો જ્ઞાન થતું નથી. બાહ્ય પદાર્થ જ પોતાની જ્ઞાનની પર્યાય પી ગયું. પોતાથી થયું છે એમ માનતો નથી. આવડી મોટી ભૂલ હશે? શબ્દના રણકાર પડે, શબ્દ જેવા છે તેવું અહીંયા જ્ઞાન થાય છે. તો શબ્દને કારણે જ્ઞાન થયું એમ અજ્ઞાનીને ભ્રમ થઈ જાય છે. તો બાહ્ય પદાર્થ જ્ઞાનપર્યાય પી ગયું. પોતાની જ્ઞાનપર્યાય ભિન્ન રહી નહિ. સમજાય છે કાંઈ? આવું ઝીણું.

ભગવાન ચૈતન્યસ્વરૂપ સ્વભાવ એમાંથી નીકળે છે. દ્રવ્ય છે ને દ્રવ્ય? તો દ્રવતિ ઈતિ દ્રવ્યં. પ્રવાહ પ્રવહે. જે અનંત ગુણનો પિંડ છે એ પ્રવહે છે. તો પોતાની પર્યાયમાં એવું જ્ઞાન સ્વનું અને પરનું પોતાથી થાય છે. અજ્ઞાનીને એ દ્રવ્યસ્વભાવ .. છે પોતાની પર્યાયમાં જેવું નિમિત્ત છે તેવું જ્ઞાન થાય છે તો એને એમ થાય છે, લક્ષ ત્યાં છે, લક્ષ અહીંયા નથી, સ્વદ્રવ્ય જ્ઞાનમૂર્તિ છે એવું જો લક્ષ હોય તો પ્રવાહની પર્યાય પોતાથી થઈ છે એમ માને. પણ સ્વદ્રવ્યનું લક્ષ તો છે નહિ. જેવું નિમિત્ત મળે. ભગવાનની વાણી સાંભળે તો જ્ઞાન થાય છે. જુઓ લ્યો. દિવ્યધ્વનિ અહીંયા થાય છે તો એ પ્રકારનું જ્ઞાન થાય છે. તો દિવ્યધ્વનિથી જ્ઞાન થયું કે નહિ?

મુમુક્ષુ :- જ્ઞાનગુણે શું કર્યું?

ઉત્તર :- જ્ઞાનગુણ ધ્રુવ રહ્યો. જ્ઞાનગુણ ધ્રુવ રહ્યો અને પરને કારણે પર્યાય થઈ. એ અનિત્ય થયું. આહાહા..! એક કહેતો હતો, લ્યો. .. અમારા પરિણામ થાય છે? શેત્રુંજય જઈએ તો અમારા પરિણામ કેવા થાય છે? તો નિમિત્તની કોઈ અસર-ફસર છે કે નહિ? વાતાવરણનો કોઈ ફેર છે કે નહિ? તો પછી જાત્રા શું કરવા કરવી? વાતાવરણનો ફેર ન પડે તો. ઘરમાંથી નીકળીને જાત્રામાં જવું, એવા વાતાવરણમાં જવાથી પરિણામ સુધરે છે. ઈ કહે છે કે ભાઈ! ભગવાન! તું ભૂલી ગયો. તું તને ભૂલી ગયો. તારી જ્ઞાનની પર્યાયનો પ્રવાહ તે સમયે તારાથી થયો છે. નિમિત્તથી થયો નથી. આહાહા..! એ સ્થાનકવાસીનો હતો. ઘણા વર્ષની વાત છે. વાતાવરણનો ફેર (પડે છે). મૂર્તિ માને નહિ. બોલતો હતો, એક હતો કો'ક. (સંવત) ૧૯૬૭ની સાલમાં, બોટાદ. સ્થાનકવાસી સાધુ સાથે ફરતો હતો. નામ ભૂલી ગયા. વાતાવરણનો કંઈક ફેર તો પડે છે. મહારાજ! સાચી વાત લાગે છે. ફેર પડે છે. ધૂળેય ફેર નથી, સાંભળને! એ તો તે સમયની પોતાની પર્યાય પોતાથી થવાવાળી અસ્તિ થઈ છે. પરના અસ્તિત્વથી જ્ઞાનની પર્યાય થઈ છે? વાતાવરણથી જ્ઞાનની પર્યાય થઈ છે? તો પોતાનું વિશેષ શું થયું? સામાન્યે વિશેષ શું કર્યું? એનાથી વિશેષ થયું હોય તો સામાન્યે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિશેષ શું કર્યું? સમજાય છે કાંઈ? જય ધવલમાં દૃષ્ટાંત છે, જયધવલમાં. જે ઇન્દ્રિય છે એનાથી જ્ઞાન થાય છે. ઇન્દ્રિય છે તો જ્ઞાન થાય છે. તો સામાન્ય જ્ઞાને શું કર્યું? સામાન્ય જે ધ્રુવ છે તેનું કોઈ કાર્ય છે કે નહિ? વિશેષપણું તો એનું કાર્ય છે. શું ઇન્દ્રિયનું કાર્ય છે? સમજાય છે કાંઈ? ઇન્દ્રિય ચોખ્ખી હોય, ઇન્દ્રિય બરાબર હોય તો જ્ઞાન બરાબર થાય છે. ઇન્દ્રિયને કારણે જ્ઞાન થયું. ઇન્દ્રિયને કારણે તું જ્ઞાન કહે છે તો ધ્રુવ જ્ઞાન જે સામાન્ય છે તેનું કોઈ વિશેષ પરિણમન છે કે નહિ? પરિણમન સામાન્યનું થયું કે નહિ? કે એને કારણે પરિણમન થયું? સામાન્ય જ્ઞાન જે ત્રિકાળ છે તેનું પરિણમન વિશેષ પોતાથી છે, ઇન્દ્રિયથી નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે પોતાની વ્યક્તિને છોડી દીધી. '**સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત...**' જેવું નિમિત્ત છે ત્યાં વિશ્રાંત-દૃષ્ટિ થઈ ગઈ. ઓહો..! સમવસરણનું જ્ઞાન થયું તો સમવસરણને કારણે થયું. દિવ્યધ્વનિનું જ્ઞાન થયું તો દિવ્યધ્વનિને કારણે થયું. ગધેડો ભૂંકે છે અને સંભળાયું તો એવું જ્ઞાન થયું. તો ગધેડો ભૂંકે છે તેને કારણે થયું. વાણી સાંભળે છે તો વાણીને કારણે જ્ઞાન થયું. પરને કારણે જ્ઞાન એવું થાય છે એ સ્પષ્ટ દેખાય છે. એમ અજ્ઞાની ભ્રમમાં પડ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! '**(પરરૂપ ઉપર જ આધાર રાખતું)...**' છે ને? પોતાની જ્ઞાન આદિ, શ્રદ્ધા આદિ અનંત ગુણની પર્યાયનો પરના આધારે, જ્ઞેયને આધારે આધાર રાખતું '**એવું પશુનું જ્ઞાન...**' પશુનો અર્થ અહીંયા એવો છે કે પશ્યતે બધ્યતે ઇતિ પશુઃ. જે અજ્ઞાનભાવથી બંધ થાય છે અને અજ્ઞાનભાવથી નિગોદ આદિ પશુમાં જાય છે તો એકાંતવાદીને પશુ કહેવામાં આવ્યો છે. પશ્યતિ આમાં શબ્દ છે, ભાઈ! એમાં છે. અધ્યાત્મ તરંગિણીમાં છે. થોડું જોઈ લીધું હતું. અજ્ઞાનમાં શું છે એમ. પશ્યતે બધ્યતે. પશુ.

ભગવાન આત્મા... નિગોદ. પશુનો અર્થ ત્યાં નિગોદ લેવો છે. બધ્યતે. એવું બંધન થાય છે કે એના ફળમાં નિગોદ આવે છે. એકાંત માનવાથી જેના ફળમાં નિગોદ આવે છે. અનેકાંત માનવાથી જેના ફળમાં સિદ્ધપદ થાય છે. સમજાય છે કાંઈ? પોતાની જ્ઞાનદશા નિમિત્તથી થઈ, પર વડે થઈ, જુઓ! પર શબ્દ પડ્યો છે. બાહ્ય પદાર્થ વડે, શબ્દ પડ્યો છે. છે ને? પાઠમાં છે ને? '**बाह्यार्थैः**' જુઓ! મૂળ શબ્દ પડ્યો છે. '**बाह्यार्थैः**' જુઓ! મૂળ શ્લોક છે અમૃતચંદ્રાચાર્યનો. '**बाह्यार्थैः**' બાહ્ય પદાર્થો વડે. અમારે તો જેવું નિમિત્ત મળે એવું જ્ઞાન થાય છે. બીજું કેમ નથી થતું? બીજા પ્રકારનું કેમ નથી થતું? તો એને નિમિત્તથી કોઈ અસર થઈ કે નહિ? નિમિત્તનો કેટલો પ્રભાવ પડે છે. કહો, બરફ અહીં મૂકો તો ઠંડાનું જ્ઞાન થાય છે. એ વખતે ઉષ્ણતાનું જ્ઞાન કેમ ન થયું? પરથી શું થાય છે? પોતાની જ્ઞાનની પર્યાયનું પરિણમન એવું પોતાથી થાય છે. જ્ઞેય વડે કદી થતું નથી. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞેય એ તો પર છે. નિમિત્ત એમ સિદ્ધ કરે છે, નિમિત્ત એમ સિદ્ધ કરે છે કે સામે નૈમિત્તિક પર્યાય કરનાર હાજર છે. નિમિત્ત એમ સિદ્ધ કરે છે. નિમિત્ત એમ સિદ્ધ નથી કરતું કે અમારા દ્વારા એની પર્યાય સિદ્ધ થઈ. તો નિમિત્ત ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ? જ્ઞેય એમ કહે છે કે અમને જાણનારો, જ્ઞાન પર્યાયવાળો, નૈમિત્તિક પર્યાય કરનારો ત્યાં છે. એમ જ્ઞેય પ્રસિદ્ધ કરે છે. નિમિત્ત એમ પ્રસિદ્ધ નથી કરતું કે અમારા વડે એમાં જ્ઞાન થયું. તો તો જ્ઞેય નિમિત્ત રહ્યું નહિ, પર રહ્યું જ નહિ. સમજાય છે કાંઈ? આ ન્યાયમાં ઝીણી વાતું પકડે, માણસને કઠણ પડે છે.

ભાઈ! તારું સ્વરૂપ જ શુદ્ધ ચૈતન્યઘન છે ને. જ્ઞાનસરોવર જ્ઞાનસમુદ્ર છે. ચૈતન્ય રત્નાકર તારી ચીજ છે. ચૈતન્ય રત્નાકર છે. ઓહોહો..! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર જે નિર્મળ છે તેને જ્યારે રતન કહે છે-ત્રિરતન, તો એને ધરનાર... એવી એવી કેવળજ્ઞાનાદિ પર્યાય એક એક ગુણમાં અનંતી પડી છે. એ તો મહા મહા રતન, મહા મહા રતન. અને એવા એવા અનંત ગુણનો પિંડ દ્રવ્ય, એ તો મહા ચૈતન્ય રત્નાકર છે. સમજાય છે કાંઈ? પણ એની ખબર નથી કે મારી ચીજ શું છે? પર્યાય છે એ દ્રવ્યમાંથી આવે છે તો આ કહે છે કે નિમિત્ત વડે આવે છે. આટલો ફેર છે. લ્યો. બહિરબુદ્ધિવાળો નિમિત્તથી, નિમિત્ત વડે નિમિત્તને કારણે જેવું નિમિત્ત છે એવું જ્ઞાન થાય છે તો એના વડે થયું. એમ માનનાર એકાંત મિથ્યાદષ્ટિ પશુ છે. એ પશુ છે. વર્તમાન મિથ્યાત્વ બધ્યતે અજ્ઞાનથી તો પશુ છે, એના ફળમાં નિગોદમાં જશે તો એથી પણ પશુ છે. નિગોદ શેમાં આવે છે ચાર ગતિમાં? પશુમાં આવે છે. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. એ પશુમાં આવે છે-તિર્યંચમાં આવે છે. નિગોદ તિર્યંચમાં આવે છે. સમજાય છે કાંઈ? આહા..!

'**એવું પશુનું જ્ઞાન...**' આહા..! ઓલો કહે પશુ કેમ કહ્યું? '**(-તિર્યંચ જેવા એકાંતવાદીનું જ્ઞાન)...**' ભગવાન! તારી ચીજમાં પ્રવાહ પડ્યો છે. સમયે સમયે તારાથી પ્રવાહ ઉઠે છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! અહીંયા તો પર્યાય જે વર્તમાન એની છે એ જ્ઞેયથી તો નથી, પોતાની પૂર્વ પર્યાયથી પણ નથી. સમજાય છે કાંઈ? જ્ઞેયથી તો નથી પણ પૂર્વની પર્યાયથી પણ નથી. એનાથી તો નથી પણ આ દ્રવ્યથી પણ નથી. એવું દ્રવ્ય ધ્રુવ છે એ પર્યાયમાં પરિણમતું નથી. પર્યાય પર્યાયરૂપે પરિણમે છે, ધ્રુવ ધ્રુવ રહે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાની જ્ઞાનાદિની પર્યાયમાં નિમિત્તથી તો જ્ઞાનપર્યાય થઈ નથી પણ પૂર્વની પર્યાય વિકાસરૂપે હતી તો બીજી વર્તમાન પર્યાય એના કારણે થઈ એમ નથી. અને વર્તમાન જ્ઞાનપર્યાય છે એ દ્રવ્યમાંથી આવી છે અને દ્રવ્યને કારણે થઈ છે એમ પણ નથી. કેમ કે દ્રવ્ય તો ત્રિકાળ એકરૂપ છે અને પર્યાય ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે. જો દ્રવ્યને કારણે ખરેખર

થતી હોય તો તેની અવસ્થા એકરૂપ હોવી જોઈએ. ન્યાયથી સમજાય છે? દ્રવ્ય કારણ હોય, ખરેખર દ્રવ્ય કારણ હોય તો દ્રવ્ય તો એકરૂપ ત્રિકાળ છે. તો એની પર્યાય એકરૂપ સદા એકરૂપ થવી જોઈએ. ભિન્ન ભિન્ન થાય છે એ પોતાની પર્યાયને કારણે ભિન્ન ભિન્ન થાય છે એમ કહે છે. પરને કારણે નહિ. ઈ કહે છે.

અજ્ઞાની તો આમ જુએ છે ને. મારી વર્તમાન પર્યાય, ધ્રુવ અને મારું પરિણમન મારીથી છે એમ નહિ માનીને જ્ઞેય વડે પરિણમન છે, કાં પૂર્વને કારણે વર્તમાન પર્યાયનું પરિણમન છે એમ માનનારા એકાંતવાદી છે. આહાહા..! સમજાય છે કાંઈ? પશુ બધ્યતે. પોતાના આત્માનો નાશ કરે છે. વર્તમાન પર્યાય અનંત ગુણની, આ તો જ્ઞાનપ્રધાન વાત છે, બધા ગુણની વર્તમાન પર્યાય તત્રૂપ છે. પરથી અતત્ છે. પણ પરથી તત્ છે એમ માનનારા પોતાથી તત્ છે એનો નાશ કરે છે. સમજાય છે કાંઈ? આ વિજ્ઞાન જુદી જાતનું છે. તમે ભણ્યા હશો ને બધું, બીજા શાસ્ત્ર. એ તો બાહ્ય શિક્ષા છે, અજ્ઞાનભાવ છે એ તો બધો. આ તો સમ્યક્જ્ઞાનની વાત છે, ભગવાન! તારી સ્વરૂપલક્ષ્મી પૂર્ણ પડી છે અને તેનો પ્રવાહ પોતાની પર્યાયમાં પરિણમન કરે છે. તો પર્યાયના પરિણમનમાં તત્પણું પોતાથી છે. પરથી નથી. આહાહા..! પર બે થઈ ગયા, હોં! પર (પર) થઈ ગયું, એ પર્યાય પણ એની અપેક્ષાથી પર થઈ ગઈ. સમજાય છે કાંઈ? પરથી નથી. આહાહા..!

‘**સ્યાદ્વાદીનું જ્ઞાન...**’ સ્યાત્ નામ અનેકાંતથી માનનારો હું દ્રવ્યથી ધ્રુવ છું અને મારી પર્યાય પોતાથી ઉત્પન્ન થાય છે, પોતાથી તત્ છે, પોતાથી છે, પોતાથી તત્ નામ તે છે, પરથી નથી. એમ માનનાર ‘**જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે.**’ જુઓ! વર્તમાન જ્ઞાન દશા આદિ જે થઈ છે, જે જે સમયે થાય તે તે પોતાના સ્વરૂપથી છે તે છે. પોતાના સ્વરૂપથી તે છે. પરસ્વરૂપથી નથી. સમજાય છે કાંઈ? ‘**(અર્થાત્ દરેક તત્ત્વને-વસ્તુને સ્વરૂપથી તત્પણું છે) એવી માન્યતાને લીધે,...**’ પોતાનું તત્ત્વ જ્ઞાનાદિ પોતાથી છે એવી માન્યતાને લીધે ‘**અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી,...**’ શું કહે છે? પોતાનું જ્ઞાન પોતાથી છે, પરથી નથી. તો એની દૃષ્ટિ જ્ઞાયક ઉપર ગઈ. જ્ઞાયક ઉપર હોવાથી પોતાની પર્યાયમાં જે તત્પણું થયું, દ્રવ્યથી તત્ છે, ગુણથી તત્ છે અને પર્યાયથી પણ તત્ છે. પોતાથી છે. એમ હોવાથી ‘**અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી,...**’ એ પરથી થાય છે એમ માનતો હતો ત્યારે ખંડ ખંડ થઈ જતો હતો. અને પોતાથી છે તો જ્ઞાનમાં એકાગ્રતા થઈ. એકાગ્રતા થઈ નામ વિજ્ઞાનઘન થયો. ધ્રુવ જે ઘન છે એવી જ્ઞાનની પર્યાય પોતાથી માનવાથી પોતામાં એકાગ્રતારૂપ ઘન થયો. સમજાય છે કાંઈ? શું ઘન થયો? શું કહે છે આ?

મિથ્યાત્વીનું જ્ઞાન અગિયાર અંગનું હો, નવ પૂર્વનું હો તો પણ અજ્ઞાન છે. સમ્યગ્દષ્ટિનું જ્ઞાન સ્વ-પરના લક્ષે પોતાના સ્વરૂપને જાણનારો હું અને પરને જાણનારો હું, એ પણ મારી પર્યાયમાં મારે કારણે છે. એવી દૃષ્ટિથી જે જ્ઞાન થયું તે જ્ઞાનને ઘન કહે છે. તેનું નામ વિજ્ઞાનઘન કહે છે. પર્યાયમાં વિજ્ઞાનઘન થયો. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- અલૌકિક વાત છે!

ઉત્તર :- લોકોત્તર વાત આવી છે. અલૌકિક કહો કે લૌકિકથી રહિત કહો, લોકોત્તર કહો. સર્વજ્ઞ પરમાત્માએ જેવું કહ્યું એવો લોકોત્તર ભાવ છે આ. સમજાય છે કાંઈ?

**'અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી સંપૂર્ણ ઉદિત (-પ્રગટ) થાય છે.'** પોતાની પર્યાયમાં જ્ઞાનઘનના લક્ષે વર્તમાન પર્યાય પણ પોતામાં એકાકાર થાય છે. પરને કારણે નહિ. પરનું લક્ષ છૂટી ગયું તો પોતાને કારણે જ્ઞાનની એકતા થઈ એ વિજ્ઞાનઘન થયો. થોડું જ્ઞાન પણ ઘન થયું. અને ઘન થયું એને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આવી વાત છે.

**'ભાવાર્થ :- કોઈ સર્વથા એકાંતવાદી તો એમ માને છે કે-ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...'** લ્યો, ખુલાસો કર્યો. ઘડિયાળ દેખાય છે. જુઓ! ઘડિયાળ દેખાય છે. ઘડિયાળને કારણે... જુઓ! સાડા ત્રણમાં પાંચ ઓછી છે. તો એવું જ્ઞાન અહીંયા થયું કે નહિ?

મુમુક્ષુ :- તો જ ખબર પડી, .. તો ખબર પડે?

ઉત્તર :- સાડા ત્રણમાં પાંચ ઓછી છે કે નહિ? જ્ઞાનમાં શું આવ્યું? સાડા ત્રણમાં પાંચ ઓછી છે એવું જ્ઞાન થયું કે નહિ? પાંચ છે એવું જ્ઞાન થયું? તો એને કારણે થયું કે નહિ? એમ અજ્ઞાની માને છે. એમ છે જ નહિ. જેઠાલાલભાઈ! આ મોટા વાંધા સૌને, લ્યો. જડની અસર થાય છે, ફલાણાની અસર થાય છે. કર્મથી આત્મા રખડે છે. અરે..! મૂઢ છે. કર્મ જડ. 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ'. ઈ આવે છે? ચંદ્રાનન ભગવાનની સ્તુતિમાં આવે છે. પૂજામાં આવે છે. કર્મ બિચારે કૌન? ઈ તો જડ અજીવ છે. હું તો તેનો જાણનારો, એ તો જ્ઞેય છે અને હું તો જ્ઞાન છું. એ જ્ઞેય શું મને નુકસાન કરે છે? જ્ઞેયથી મને લાભ થાય છે? એ તો જ્ઞેય પરજ્ઞેય છે. સમજાય છે કાંઈ? કર્મ મંદ પડે તો મને જ્ઞાન થાય. તો જ્ઞેયને કારણે થયું? પરને કારણે થયું? જ્ઞાનાવરણીય કર્મ ઘટી જાય તો જ્ઞાનનો ક્ષયોપશમ થાય. એમ માનનારા જ્ઞેયથી જ્ઞાન થાય છે એમ માને છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? બધાને કેમ એટલું જ્ઞાન નથી ઉઘડ્યું? તો એટલું કર્મનું જોર છે એટલા પ્રમાણમાં જ્ઞાન ખુલ્લું નથી. ઈ વાત તો બરાબર છે કે નહિ? અનંતરાય દાંત કાઢે છે કે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ નથી. અનંત આત્માનો સ્વભાવ નથી એમ કહે છે. એ તો અનંતરાય છે આત્મા. અનંત આનંદગુણનો રાજા આત્મા છે, શોભાયમાન પ્રભુ. એની પર્યાય પોતાથી થઈ છે. રાજ્યતે શોભતે એવો આત્મા છે. પરથી શોભે છે એવો આત્મા નથી. તારી શોભા તારાથી આનંદ અને જ્ઞાનની દશા થાય એ તારી શોભા છે. પરથી થાય એ તારી શોભા નથી. એ તો કલંક છે તને. સમજાય છે કાંઈ? દુનિયામાં પણ એમ કહે છે કે અરે..! પરથી નભવું, પરાધીન છે, પરાધીન છે. ભાઈ! એ કલંક છે. આહાહા..!

અહીંયા કહે છે કે '**ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...**' એમ અજ્ઞાની માને છે ને? '**માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો ઉપર જ આધાર રાખે છે.**' એટલે જ્ઞાનની અવસ્થા વર્તમાન પ્રગટ એ બધી જ્ઞેય ઉપર આધાર રાખે છે. જેવું જ્ઞેય મળે એવું જ્ઞાન થાય છે. એમ અજ્ઞાની માને છે. '**આવું માનનાર એકાંતવાદીના જ્ઞાનને તો જ્ઞેયો પી ગયાં,...**' પોતાની જ્ઞાનદશાનો પ્રવાહ તો ત્યાં વયો ગયો. એનાથી થયું, અહીં તો થયું નહિ. '**જ્ઞાન પોતે કાંઈ ન રહ્યું.**' જાણનારો ભગવાન જ્ઞાતા-દૃષ્ટાનું અસ્તિત્વ તત્‌પણે તો રહ્યું નહિ. અતત્ પરનું થઈ ગયું. થતું નથી પણ માને છે, હોં!

'**જ્ઞેયાકાર થવા છતાં...**' છે? '**જ્ઞાનપણાને છોડતું નથી.**' ભલે જેવું જ્ઞેય હો તેવું પોતાની પર્યાયમાં જ્ઞાન થાય. પણ એ તો જ્ઞાનાકાર થવું અને જ્ઞેયાકાર થવું એ તો પોતાની પર્યાયથી છે. કંઈ જ્ઞેયને કારણે જ્ઞેયાકારનું પરિણમન થયું એમ નથી. સમજાય છે કાંઈ? આ લાકડી છે. ચોખંડ લાકડી છે. સુખડ છે. જ્ઞાન તો એવું થાય છે કે આવી ચોખંડ છે, સુગંધી છે, સુખડની છે. તો જેવું જ્ઞેય છે એવો જ્ઞાનનો આકાર થઈ ગયો. તો જ્ઞેયને કારણે થયો? પોતાને કારણે થયો છે. ઈ કહે છે કે એને કારણે થયો છે. આટલો ફેર છે. મિથ્યાદૃષ્ટિ પરથી જોવે છે, સમ્યગ્દૃષ્ટિ પોતાથી જોવે છે. સમજાય છે કાંઈ? ઈ કહે છે. જુઓ!

'**જ્ઞેયાકાર થવા છતાં...**' આ જ્ઞેય છે ને? એનો આકાર ખ્યાલમાં તો આવી ગયો. જ્ઞાનરૂપે પોતાની પર્યાયરૂપે થાય છે. પણ '**જ્ઞાનપણાને છોડતું નથી.**' પોતાના જ્ઞાનના પરિણમનનો ભાવ તેને છોડતો નથી. '**આવી યથાર્થ અનેકાંત સમજણને લીધે સ્યાદ્‌વાદીને જ્ઞાન (અર્થાત્ જ્ઞાનસ્વરૂપ આત્મા) પ્રગટ પ્રકાશે છે.**' પોતાની પર્યાય પોતાથી છે એમ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તો પોતાની પર્યાય પોતાથી છે, પરથી નથી. એમ અનેકાંતી જીવ પોતાના આત્માને જીવતો રાખે છે નામ આનંદનો અનુભવ કરે છે. અજ્ઞાની દુઃખનો અનુભવ કરે છે. પરથી મારામાં થાય, એ તો દુઃખનો અનુભવ કરે છે. એ મિથ્યાત્વનું લક્ષણ છે. જ્ઞાની અમૃતનો અનુભવ કરે છે એ અનેકાંતનું લક્ષણ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**વૈશાખ વદ ૪, ગુરુવાર તા. ૧૬-૫-૧૯૬૮**
**કર્તાકર્મ અધિકાર, ગાથા-૭૨. પ્રવચન-૫૦૮**

કર્તાકર્મ અધિકાર. બપોરે આ અધિકાર જરી સૂક્ષ્મ પડે છે, નવા માણસો આવ્યા છે એટલે આજે નથી લેતા. હિન્દી સમયસાર લીધું બધાએ? ૭૨, ૭૦ અને ૨.

**'હવે પૂછે છે...'** એમાં હિન્દી છે. **'કે જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?'** શિષ્યનો પ્રશ્ન છે કે પોતાના આત્માના રાગથી ભિન્ન અને પોતાના સ્વરૂપનો જ્ઞાનમાત્રથી અનંત સંસારનું બંધન અટકી જાય છે એ કઈ રીતે? શું કહ્યું સમજાણું? શિષ્યનો પ્રશ્ન છે કે આ આત્મા જે જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે અને રાગાદિ વિકલ્પ વિકાર છે. એનાથી ભિન્ન પોતાનું જ્ઞાન થવાથી જ્ઞાનમાત્રથી જ સંસારનું બંધન અટકી જાય છે, એ કઈ રીતે? એમ પ્રશ્ન છે. શું કહ્યું સમજાણું? જ્ઞાન થતાં જ બંધન નથી થતું એમ કહે છે. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આનંદ અને જ્ઞાનમૂર્તિ અને પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે, તેનાથી ભિન્ન કરીને સ્વભાવની દૃષ્ટિ થઈ તો પોતાનું જ્ઞાન થયું એ જ્ઞાનમાં રાગાદિનું પણ જ્ઞાન થાય છે. એ જ્ઞાનમાત્રથી જ અનંત સંસારનો બંધ કઈ રીતે અટકી જાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? ગાથા.

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**

૭૨ ગાથા. ઉપર શ્લોક (છે). એનું નીચે હરિગીત છે. નીચે હરિગીત છે. અમારા પંડિતજીએ શબ્દોનું આ હરિગીત બનાવ્યા છે. આ પંડિતજી. બધા. સમયસારના, પ્રવચનસારના, પંચાસ્તિકાયના, નિયમસારના. એ અમારા મોટા પંડિત છે, હોં! શરીરને નાના દેખાય છે અને બોલે છે બહુ થોડું. બહુ ગુપ્ત રહે છે, ગુપ્ત. હમણા નોકરી છોડી દીધી. નોકરી કરતા હતા. હવે છોડી દીધી. આ બધા એમણે બનાવ્યા છે. સંસ્કૃતમાંથી ગુજરાતી અને નીચે શ્લોકના ગુજરાતી હરિગીત એમણે બનાવ્યા. એમાંથી પછી હિન્દી બન્યા. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય. અષ્ટપાહુડ બનાવશે. હવે તો નિવૃત્ત થઈ ગયા એટલે હવે બનાવશે એમ લાગે છે. હજી સુધી બન્યું નથી એટલે હવે બનશે. લ્યો, અમારે ચંદુભાઈ હા પાડે છે. અષ્ટપાહુડ છે ને? એના પણ શ્લોકના હરિગીત બનાવવા, થોડા શબ્દાર્થ કરશે. બહુ નહિ કરે. નીચે અર્થ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

મૂળ શ્લોકનો અર્થ. મૂળ શ્લોક કુંદકુંદાચાર્ય દિગંબર મુનિના છે. બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯માં દિગંબર મુનિ સંત થયા. એમાં નામ બોલાય છે ને? મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી, મંગલં કુંદકુંદાર્યો. એ કુંદકુંદાચાર્યનું બનાવેલું છે. એ નિમિત્તથી કથન છે. અને એ શ્લોકનું ગુજરાતી છે. ટીકા. ટીકા છે? ક્યાં છે ટીકા? ભાઈ! ક્યાં છે ટીકા? વાંચે ત્યારે ખબર પડે ને કે ક્યાં છે. ક્યાં છે? બસ, ઈ. ખ્યાલમાં આવે ને ક્યાં છે.

'**ટીકા :- જળમાં શેવાળ છે...**' શેવાળ સમજો છો? કાઈ. કાઈ થાય છે ને? લીલ-ફૂગ થાય ને? '**જળમાં શેવાળ છે તે મળ છે-મેલ છે;...**' સમજાય છે કાંઈ? જલમાં જે શેવાળ છે એ મેલ છે, મળ છે એ મેલ છે. '**તે શેવાળની માફક...**' એ શેવાળની માફક એટલે શેવાળની જેમ. '**આસ્રવો...**' આસ્રવ શબ્દે શુભ-અશુભ રાગ-વિકલ્પ-રાગ. દયા, દાન, વ્રતના વિકલ્પ એ શુભ આસ્રવ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગનો વિકલ્પ એ અશુભ આસ્રવ. બેય આસ્રવ મેલ છે. સમજાય છે કાંઈ? પંડિતજી! શેવાળની જેમ '**આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી...**' ભગવાન આત્મા.. જુઓ! હમણાં અહીંયા ભગવાન કહેશે. આચાર્ય ભગવાન તરીકે બોલાવે છે આત્માને. સમજ્યા?

'**આસ્રવો મળપણે...**' ભગવાન આત્માથી વિરુદ્ધ ભાવરૂપ શુભ-અશુભના જે વિકલ્પ નામ રાગભાવ છે, ચાહે તો શુભ હો કે અશુભ હો, બેય આસ્રવ (છે). આ નામ મર્યાદાએ નવા કર્મના આવરણનું કારણ. એવા જે શુભ-અશુભ ભાવ છે, બેય મળ છે. '**મેલપણે અનુભવાતા હોવાથી...**' સમજાય છે કાંઈ? એ બેય મેલપણે અનુભવાય છે. જેમ જળમાં શેવાળ મેલ-મળરૂપે અનુભવાય છે. એમ ભગવાન આત્મામાં જે પુણ્ય અને પાપ, શુભ અને અશુભરાગ એ મળ છે, મેલ છે, એ મળ અને મેલપણે અનુભવમાં આવનારા છે. એમાં નિર્મળતા નથી.

મુમુક્ષુ :- શેમાં નિર્મળતા નથી?

ઉત્તર :- શુભ-અશુભ રાગમાં. એ શુભ-અશુભભાવમાં ચાહે તો વ્રતનો શુભ વિકલ્પ હો કે ચાહે તો દયા, દાનનો શુભ વિકલ્પ હો, ચાહે તો પૂજા, ભક્તિનો, નામસ્મરણનો શુભભાવ હો, એ શુભ મળ છે-મેળ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શાસ્ત્ર સાંભળવાનો ભાવ તો ધર્મ ને?

ઉત્તર :- શાસ્ત્ર સમજવાનો વિકલ્પ પણ મેલ છે. શુભરાગ છે. વસ્તુસ્થિતિ છે. ભગવાન પરમાત્મા જેવો આત્મા છે એવું વર્ણન કરીને વિરુદ્ધ ભાવને મેલ કહે છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કદી એણે આવું, એ મેલ છે અને હું નિર્મળાનંદ છું, એવો કદી વિવેક નામ ભેદજ્ઞાન કદી કર્યું નથી. સમજાય છે કાંઈ? સમજાય છે ભાઈ? હિન્દી ભાષા છે. ભાવ જરી સહેલા કરી દીધા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, તત્-અતત્નું ઝીણું પડતું હતું. આહાહા..!

આસ્રવો, શેવાળની માફક. માફક કહે છે ને? ભ્રાંતિ. મળરૂપ છે. ચાહે તો ભગવાન, જે ભાવે તીર્થંકરગોત્રનો બંધ પડે એ ભાવ પણ આસ્રવ મળ-મેલ છે. બરાબર છે પંડિતજી? મેલ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ મેલ?

મુમુક્ષુ :- એ ભાવથી તો કેવળજ્ઞાન થાય છે.

ઉત્તર :- એનાથી કેવળજ્ઞાન થાય છે? મેલથી? તીર્થંકર પ્રકૃતિ બાંધે એ કેવળજ્ઞાન તો પ્રાપ્ત કરશે જ. તો તીર્થંકર પ્રકૃતિ બાંધી એવા ભાવથી કેવળજ્ઞાન પામશે? એ તો મેલ છે. ષોડશકારણ ભાવના. આવે છે કે નહિ? ષોડશ કારણ ભાવના ભાય. શું કહે છે? ક્યાં ગયા? તીર્થંકરપદ પાય. દર્શનશુદ્ધિ ને.. ક્યાં ગયા શ્રીચંદજી? અમારે શ્રીચંદજી બોલે છે. શું બોલે છે? 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય, પરમગુરુ હોય.' એવી કડી સાંભળી. આપણને બહુ યાદ રહે નહિ.

અહીં કહે છે કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ આસ્રવ છે, મળ છે. ધર્મથી બંધ ન થાય. બંધ થાય છે એ મળ પરિણામથી બંધ થાય છે. અને મળ પરિણામથી બંધ થયો તો તેનાથી કેવળજ્ઞાન પામશે એમ નથી. એ મળ પરિણામનો સ્વરૂપની અંતર દૃષ્ટિ, અનુભવ કરીને જ્યારે નાશ કરશે અને જ્યારે કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય વિપાક આવશે. ત્યારે તીર્થંકર પ્રકૃતનો વિપાક આવશે. કેવળ પામ્યા પછી. પ્રકૃતિ છે અને એનું કારણ મેલ છે એણે આત્માને શું લાભ કર્યો? સમજાય છે કાંઈ? ઈ કહે છે જુઓ જરી. વાત સમજાય એવી છે, સૂક્ષ્મ છે પણ સમજવામાં પકડી શકે એવી છે.

**'શેવાળની માફક આસ્રવો મળપણે-મેલપણે અનુભવાતા હોવાથી અશુચિ છે...'** શુભ-અશુભભાવ અશુચિ છે, મેલ છે. સમજાય છે કાંઈ? **'(-અપવિત્ર છે).'** અશુચિની વ્યાખ્યા કરી. મૂળ પાઠમાં છે ને? **'असुचित्तं' 'णादूण आसवाणं असुचित्तं'**. એટલા પદનો અર્થ થાય છે. આહા..! શું કહે છે સમજાય છે? શુભરાગ એ શુભભાવ કે અશુભભાવ બેય, ચૈતન્ય જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ ઉપર એ મેલ છે અને મેલ છે તે અશુચિ છે. અશુચિ છે તે અપવિત્ર છે. અને આ **'णादूण'** છે ને? એમ **'णादूण'** જાણીને **'ભગવાન આત્મા તો...'** જુઓ! સાથે લીધું છે. ભગવાન આત્મા. આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્યદેવ આત્માને ભગવાન આત્મા એમ કહીને બોલાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પ જે છે, શરીર, કર્મ આદિ તો અજીવ છે અને અંદર શુભ-અશુભ ભાવ જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્પન્ન થાય છે એ આસ્રવ મેલ-મળ છે અને ભગવાન આત્મા... કેમ કે આસ્રવતત્ત્વથી ભિન્ન છે એવો '**ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ...**' એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્મળાનંદ ભગવાન છે.

'**અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે...**' એ તો ચૈતન્ય નામ જ્ઞાન-જાણન, જાણન સ્વભાવમાત્રપણે અનુભવાય છે. જુઓ ભાષા! મેલ, આસ્રવ મેલપણે અનુભવાય છે. અને ભગવાન આત્મા જ્ઞાનમાત્ર ચૈતન્યમાત્ર નિર્મળ અનુભવાય છે. જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- તદ્દન ભિન્ન છે. એવો '**णादूण**'. એવો બે વચ્ચે વિવેક કરીને ભેદ કરીને આત્માને જાણવો એ જ્ઞાનમાત્રથી નવા કર્મનો બંધ અટકી જાય છે. સમજાય છે કાંઈ? વાત ભારે. આ તો હવે સહેલી છે. બહુ એવી નથી. લોકોનો વિચાર આવ્યો કે આ નથી સમજતા બરાબર. સવારે ઈ વાત આવી હતી ને? એક-બે છોકરા કહેતા હતા, બહુ સારી વાત આવી. હવે સવારની સમજાણી. આ તો બહુ સાદી અને સહેલી છે.

ભગવાન આત્મા, જેને આત્મા કહીએ એ તો શુદ્ધ ચૈતન્ય આનંદઘન અનાકુળ જ્ઞાનનો રસ તત્ત્વને આત્મા કહે છે. એ તો અતિનિર્મળ છે. અને પુણ્ય-પાપના વિકલ્પ જે છે, રાગ છે, એ તો મેલ છે. એ મેલપણાનો અનુભવ અશુચિ છે, અપવિત્ર છે. ભગવાન અંતર જ્ઞાનાનંદ ચૈતન્યમાત્ર સ્વભાવ (છે). ચૈતન્યમાત્રનો અર્થ એમાં રાગ નથી. બાકી ચૈતન્યમાત્રમાં જ્ઞાન, આનંદ, શાંતિ વગેરે સાથે છે. એવો ચૈતન્યમાત્ર ભગવાન આત્મા અંતર દૃષ્ટિ દેવાથી એ તો નિર્મળપણે અનુભવાય છે. એવો '**णादूण**'. એ બે વચ્ચેનું જ્ઞાન કરવું એનું નામ ભેદજ્ઞાન છે અને એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એવા સમ્યગ્દર્શનથી અને સમ્યગ્જ્ઞાનથી નવો બંધ જ્ઞાનીને થતો નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો. એમ. આત્મા તો એમ છે ને? (આસ્રવ તો) મળ છે, વિકલ્પ છે, રાગ છે. સમજાય છે કાંઈ? અમે તો દૃષ્ટાંત દઈએ છીએ. ઘણા વર્ષ પહેલાનું. જ્યારે અમે ભણતા હતા ને? ભણતા હતા ત્યારે.. અમારું ગામ અહીંયા છે ને? અગિયાર માઈલ. અમારું ગામ એટલે આ શરીરના જન્મનું. ઉમરાળા અહીંથી અગિયાર માઈલ છે. ત્યાં ભણતા હતા. હવે તો ૭૮ વર્ષ થયા, હમણાં ૭૯ બેઠું.. ૭૯ સમજો છો? ૭૯ કોને કહે છે? ૮૦માં એક ઓછું. ૬૬-૬૭ વર્ષ પહેલા જ્યારે અમે ભણતા હતા ત્યારે અમારા ગામમાં નિશાળમાં એક સુંદરજી રૂપા ભાવસાર હતો. ભાવસાર સમજો છો? કપડા રંગે ને? કપડા રંગે. ભાવસાર હોય છે. ખત્રી કહે છે પણ આ ભાવસાર બીજી જાત છે. ભાવસાર હતો. અમે સાથે ભણતા હતા, ૧૧-૧૨ વર્ષની ઉંમરે. ભણતા હતા. એનું નામ સુંદર રૂપા. અને

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


નાત ભાવસાર. ભાવ-સાર. આ બનેલી વાત છે. સાથે બેસતા. ઈ એવું કરતો કે નાકમાંથી મેલ કાઢતો હતો. ગુંગો કહે ને? ગુંગો કહે છે ને? તમારે હિન્દીમાં શું કહે છે? નાકનો મેલ. મોટો ગુંગો કાઢીને બે દાંત વચ્ચે દાબે. બે દાંતની વચ્ચે દાબે.

મુમુક્ષુ :- એનો સ્વાદ લેતો હતો.

ઉત્તર :- ના દાબે એમાં સ્વાદ ન આવ્યો. પણ એને જીભનું ટેરવું અડાડે. દાંત વચ્ચે દાબીને જીભનું ટેરવું અડાડે. શું કરે છે સુંદરજી આ? ભાઈ! મને ટેવ પડી ગઈ છે. અડધો કલાક થાય ને વળી બીજો કાઢે. હું ના પાડું એટલે કાઢી નાખે. વળી બીજો કાઢીને દાંત વચ્ચે દબાવે જીભનું ટેરવું હોય ને? ટેરવું હોય ને? છેલ્લે ભાગ. આમ સ્વાદ લેતો હતો. શેનો? નાકના મેલનો.

એમ અહીંયા કહે છે કે પુણ્ય અને પાપ નાકના મેલ જેવો શેવાળ જેવો મેલ છે. એમ અનુભવાય છે. જુઓ! અનુભવ કહ્યું છે. સમજાય છે કાંઈ? એ.. દીપચંદજી! મહાવ્રત પાળવા છે, મહાવ્રત લેવા છે. અહીં તો કહે છે, મહાવ્રતનો વિકલ્પ મેલ છે, સાંભળ તો ખરો. તને ખબર ક્યાં છે. ભાન નથી, ભાન. થઈ ગયા, સાધુ થઈ ગયા, જાઓ. ભગવાન! વાત બહુ અલૌકિક છે. ભગવાન પરમેશ્વર કહે છે, જેવું પરમેશ્વરે કહ્યું એવી કુંદકુંદાચાર્યે રચના કરી. એની ટીકા અમૃતચંદ્રાચાર્યે ૯૦૦ વર્ષ પહેલા મહા સંત, દિગંબર સંત ભાવલિંગી મુનિ અમૃત આનંદમાં ઝુલનારા, અમૃતનો અનુભવ કરનારા. આ અમૃતચંદ્રઆચાર્ય ટીકાકાર. એ ટીકાકાર કહે છે. ભગવાન કુંદકુંદાચાર્યે તો પહેલા કહ્યું. '**णादूण आसवाणं असुचित्तं**'. બસ! આટલા પદનો અર્થ છે. એટલા પદમાં એમણે તો એટલું કહ્યું કે '**णादूण**' જાણીને પુણ્ય-પાપનો મેલ અશુચિ જાણીને. એટલું પાઠમાં આવ્યું. તો આચાર્યદેવે બે બોલ કાઢ્યા. કે જે અશુચિ પુણ્ય-પાપના ભાવ છે એ મેલપણે અનુભવાય છે અને ભગવાન આત્મા તો અતિનિર્મળ છે. તો અશુચિથી મારી ચીજ ભિન્ન છે. હું તો નિર્મળાનંદ જ્ઞાનમૂર્તિ છે. એમ અનુભવમાં આવવું એનું નામ આત્માનું જ્ઞાન અને રાગનું જ્ઞાન પોતાની જ્ઞાનમાં દશા થઈ એ જ્ઞાનમાત્રથી નવો બંધ થતો નથી. એને નવો બંધ થતો જ નથી.

મુમુક્ષુ :- ક્યા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :- ચોથા ગુણસ્થાનની વાત છે. કહો, પૂછો ને. ચોથાની વાત છે. પછી પાંચમા અને છઠ્ઠાની વાત બીજી છે. એની તો શું વાત કરવી. આ તો સમ્યક્ (ચોથું ગુણસ્થાન). શું કહ્યું? પહેલા કહ્યું ને? જુઓ! ઉપર કહ્યું ને? '**कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति**' સંસ્કૃત છે, માથે સંસ્કૃત છે. '**कथं ज्ञानमात्रादेव बन्धनिरोध इति चेत्**' ઉપર સંસ્કૃત છે. નીચે હરિગીત હિન્દી છે, ઉપર સંસ્કૃત છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શિષ્યનો એ પ્રશ્ન છે કે મહારાજ! ભગવાન આત્મા અતિ નિર્મળાનંદ પ્રભુ અને વિકાર પુણ્ય-પાપનો મેલ, એ બે વચ્ચે ભેદજ્ઞાન થયું, વિવેક થયો, નિજ સ્વરૂપ ઉપર આરૂઢ થયો અને મેલને પૃથક્ કર્યો એવા જ્ઞાનમાત્રથી નવો બંધ નથી થતો? નવો બંધ નથી થતો. પછી છેલ્લે છે. '**णादूण आसवाणं असुचित्तं णियत्तिं कुणदि जीवो**' ચોથું પદ ઈ છે, મૂળ પદમાં. '**णादूण आसवाणं असुचित्तं णियत्तिं कुणदि जीवो**' એમ લેવું. પહેલા પદ સાથે ચોથું પદ લેવું. બે પછી આવશે. સમજાય છે કાંઈ? આ તો સંસ્કૃત સમજતા હોય એને સહેલું પડે. કહે છે, ભગવાન આત્મા... આહાહા..! આચાર્યએ આત્માને ભગવાન કહીને જ બોલાવ્યો છે. કેમ કે શરીર, કર્મ છે એ તો અજીવ છે. નવ તત્ત્વ છે કે નહિ? સાત તત્ત્વ કહો. શરીર, કર્મ અજીવ છે અને પુણ્ય-પાપના ભાવ આસ્રવ છે. આત્મા છે તો આસ્રવ અને અજીવથી રહિત ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે. આહા..! સમજાય છે કાંઈ?

એવો અતિનિર્મળાનંદ હું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમાત્ર છું. એવી અંતર દૃષ્ટિ કરીને અને પુણ્ય-પાપ તો અશુચિ, મેલ અને અપવિત્ર છે. એને પોતાના સન્મુખથી ભિન્ન કરીને, નિજ સ્વભાવ સન્મુખ થઈ તેને ભિન્ન કરીને પોતાનું જ્ઞાન અને પોતાનો વિવેક કર્યો એને નવો બંધ મિથ્યાત્વનો અનંત સંસારનો થતો નથી. થોડા રાગની વાત અહીંયા ગણવામાં નથી આવી. સમજાય છે કાંઈ? અને એ બે વચ્ચેનો જેને વિવેક નથી અને પુણ્ય-પાપ મેલ છે, તેનાથી મને લાભ છે, એ મારું કર્તવ્ય છે, અહીં કર્તાકર્મ છે ને? તો પુણ્યના પરિણામ મારું કર્તવ્ય છે અને હું કરનારો છું, મારું કામ છે એમ મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો અનંત સંસારનું બંધન થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- આ તો સમજાય એવું છે.

ઉત્તર :- આ તો સમજાય એવું છે. કારણ કે પછી એ લીધું. જરી વિચાર એવો હતો. હિંમતભાઈએ કીધું, મને પણ વિચાર આવ્યો હતો કે આ માંડ આવ્યા છે આટલે છેટેથી આવ્યા છે ને આવી ગરમીમાં. તો થોડું કંઈક સમજીને જાય કે એમ ને એમ સાંભળ્યે જાય. તત્ અને અતત્ અને એક-અનેક. શું એક-અનેક કહ્યું, અમને ખબર નથી પડતી. આ કંઈક ખ્યાલ તો આવે. સમજાય છે કાંઈ? આહાહા...!

ભગવાન તેરી વસ્તુ શું છે એ પરમેશ્વર કહે છે કે અમે પણ પરમેશ્વર થયા એ જ્ઞાનાનંદ શક્તિને વ્યક્તપણે પ્રગટ કરીને પરમેશ્વર થયા છીએ. અમે કોઈ આસ્રવના પરિણામનો આધાર લઈને પરમેશ્વર નથી થયા. સમજાય છે કાંઈ? અમે તો અમારો જ્ઞાનાનંદ સ્વભાવ છે તેનો આધાર લઈને અમને મુનિપણું આવ્યું, સમ્યગ્દર્શન થયું અને કેવળજ્ઞાન મારા આધારે થયું છે. જ્ઞાયકભાવ ચિદાનંદ ચૈતન્યમાત્ર ભગવાનના આધારે અમે પરમેશ્વર થયા છીએ. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કાંઈ? તો તમારે પણ પરમેશ્વર થવું હોય અથવા ધર્મ કરવો હોય તો તમારે પુણ્ય-પાપનો મેલ છે તેને જાણવો જોઈએ અને મેલ ક્યારે જણાય? કે પોતાનો અતિ નિર્મળાનંદ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ છે તેના તરફ ઝુકવાથી પોતાનું જ્ઞાન થયું એ જ્ઞાન સાથે આ મેલ છે એનું જ્ઞાન પણ એમાં આવી જાય છે. સમજાય છે કાંઈ? કેમ અજીતપ્રસાદજી? રાડ નાખે છે. શુભભાવ મેલ? આસ્રવ મેલ? દયા, દાન, વ્રતના પરિણામ મેલ? અરે..! સાંભળ તો ખરો. વૃત્તિ વિકલ્પ ઉઠે છે-શુભ-અશુભ બેય મેલ અને આસ્રવ છે. ભગવાન અતિ નિર્મળાનંદ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમાત્ર ચિદ્‌ઘન નિર્મળાનંદ પ્રભુ છે એવી અંતરમાં વિકારના મેલથી, પર્યાયબુદ્ધિથી રુચિને રોકીને પોતાના સ્વભાવ સન્મુખ આવે છે તો મેલ અને નિર્મળાનંદ વચ્ચે પ્રજ્ઞાછીણી પડે છે. તો એને ભેદજ્ઞાન થયું. એ ભેદજ્ઞાન થયા પછી બંધન નથી. 'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ, બાકી બુરો અજ્ઞાન'.

આ '**णादूण**' છે ને? '**णादूण**'. '**णादूण**'નો ... જુઓ! '**ज्ञात्वा**' છે ને? '**ज्ञात्वा**' એનો અર્થ સંસ્કૃતમાં છે. છાયા છે. '**णादूण**' '**ज्ञात्वा आस्रवाणामशुचित्वं**' છાયા છે છાયા સંસ્કૃત. પહેલો બોલ છે. ક્યાં છે જુઓ. છાયા છે, છાયા. છાયા કોને કહે છે? મૂળ શ્લોકની છાયા. જુઓ! '**ज्ञात्वा आस्रवाणामशुचित्वं च विपरीतभावं च**' ઈ સંસ્કૃત છે. '**दुःखस्य कारणानीति च ततो निवृत्तिं करोति जीवः**' એ સંસ્કૃત છાયા છે. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો છે. સમજાય છે કાંઈ? આ વાત એવી છે. આ કાંઈ કોઈ એકદમ બહાર પ્રવૃત્તિ કરવી ને આમ કરવું ને... પ્રવૃત્તિ કરી કોણ શકે છે? અહીં તો કહે છે. શરીરાદિની પ્રવૃત્તિ તો જડની પર્યાય છે. એ તો એનાથી થાય છે. પોતાની પર્યાયમાં પરલક્ષી ભાવ, પરલક્ષી વ્યવહાર ભાવ જેટલા ઉત્પન્ન થાય છે એ બધા શુભ-અશુભ રાગ છે. પરાશ્રિત જેટલી વૃત્તિ છે એ બધો વ્યવહાર રાગ છે. રાગ છે એ મેલ છે અને રાગ વિના પોતાનું સ્વરૂપ ભિન્ન છે, સ્વઆશ્રયે જાણવાથી નિર્મળાનંદ ભગવાન છે. એમ બે વચ્ચે વિવેક કરવો, ભેદજ્ઞાન કરવું એનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. એ ધર્મની પહેલી સીઢી અને પહેલી શરૂઆત છે. કહો, સમજાય છે કાંઈ? આહા..!

'**ભગવાન આત્મા તો...**' ભાષા જુઓ આચાર્ય..! કહે છે, અહીં જગાડે છે. માતા ઘોડિયામાં.. ઘોડિયાને શું કહે છે? ઝુલા. ઘોડિયામાં માતા સુવડાવે ને તો એની પ્રશંસા કરે છે. પ્રશંસા કરે છે, મારો દીકરો સમજુ છે, ડાહ્યો છે. એમ બોલે ને તો એ સૂઈ જાય. એને ગાળ દે તો નહિ સૂવે. ઘોડિયામાં ગાળ્યું દે તો નહિ સૂવે. પણ મારો દીકરો આવો. અમારી ગુજરાતી ભાષા સમજાય. બધી કંઈ હિન્દી ન આવે. અમારે ગુજરાતીમાં કહે, 'મારો દીકરો ડાહ્યો છે, પાટલે બેસીને નાહ્યો છે, મામાના ઘરે જાય છે, એના ગુંજામાં સોપારી..'

શું કહેવાય? 'ટોપરા ને ખારેક લાવે છે..' ટોપરું અને ખારેક લાવે છે. પથરા લાવે છે ન્યાં? એવું કહે તો ઓલો સૂઈ જાય. અવ્યક્તપણે પણ પ્રશંસા કરવાથી સૂવે છે.

અહીં તો ભગવાન આચાર્યદેવ વ્યક્તપણે જાગૃત કરાવવા ભગવાન આત્મા કહે છે. સમજાય છે કાંઈ? ત્યાં સૂવડાવે છે, આ જગાડે છે. અરે..! જાગ રે જાગ! તું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છો. ભગવાન તું છો, તું રાગમાં કેમ ફસાણો? સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પમાં તારી દૃષ્ટિ કેમ દીધી? અને ફસાયો કેમ એમાં? આહાહા..! શરીર, વાણી, મન તો દૂર રહ્યા. સમજાય છે કાંઈ? આ તો માટી છે, પુદ્‌ગલ અજીવ છે. એ તો તારી ચીજ છે જ નહિ અને તારામાં છે જ નહિ. અને શરીર અજીવ અજીવપણે રહ્યું છે. તારું થઈને નથી રહ્યું. શરીર અને કર્મ એ અજીવ થઈને રહ્યા છે. શું જીવ થઈને રહ્યા છે? શું છે? શરીર અજીવ થઈને રહ્યું છે કે જીવ થઈને રહ્યું છે? પોતાની પર્યાયમાં અજીવ આવી ગયું છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કહે? જીવનો અજીવ વળી કેવો? કહો. અજીવ અજીવ થઈને રહ્યું છે. અહીંયા તો એ વાત કરી જ નથી. ફક્ત એની પર્યાયમાં પરલક્ષી પુણ્ય-પાપ એક સમયની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, પોતાની પર્યાયમાં, એ પણ મેલ છે તેનાથી ભિન્ન તારી ચીજ છે એમ જ્ઞાન કરવું તેનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. સમજાય છે કાંઈ? એ તો છે જ નહિ. એ તો એનું થઈને રહ્યું છે. આસ્રવ છે તો પણ આસ્રવ આસ્રવપણે રહ્યું છે. પણ અનાદિની દૃષ્ટિ ત્યાં પડી છે તો પુણ્ય-પાપ મારા છે, એ હું છું, એ મારી ચીજ છે એમ જે માની રાખ્યું છે તો કહે છે કે ભગવાન! એક વાર એવું કર્તા-કર્મપણું છોડી દે. વિકારી પરિણામ મારું કાર્ય છે, મારી ફરજ છે, મારું કર્તવ્ય કરું છું, હું કરું છું એ દૃષ્ટિ છોડી દે. કેમ કે વિકારીનો કર્તા થાય તો આખા આત્માને તેં વિકારી માન્યો. સમજાય છે કાંઈ? ભારે.

'**ભગવાન આત્મા તો...**' આહા..! '**સદાય...**' સદા નામ ત્રણે કાળ '**અતિનિર્મળ...**' એકલું નિર્મળ નથી લીધું. શું કહે છે? ભગવાન આત્મા. આહાહા..! એક માણસને કીધું, ભગવાન આત્મા. તો કહે, નહિ અત્યારે ભગવાન નહિ. હજી તો ભગવાન કહ્યું સાંભળવામાં (અરુચે છે). ...પુણ્ય-પાપ એ આત્માનું રૂપ નથી. સમજાય છે કાંઈ? આ શરીર-બરીર આ રૂપ ધૂળ છે એ તો પોતાનું રૂપ છે જ નહિ. આ તો માટી-ધૂળ છે. પણ પુણ્ય-પાપનું રૂપ પોતાનું નહિ. આહા..! એમ અંતરમાં સ્વ ચૈતન્ય નિર્મળાનંદ ભગવાન પર દૃષ્ટિ કરીને પોતાના સ્વભાવથી વિકારને મેલ જાણી, દુઃખદાયક.. અહીં તો પહેલા મેલ (લે છે), દુઃખદાયક પછી કહેશે, મેલ જાણીને બેની વચ્ચે ઘણો તફાવત છે. એમ સમજીને સ્વભાવ સન્મુખ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈને પોતામાં એકાકાર થવું એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન છે. એ જ ધર્મની પહેલી સીઢી અને માર્ગ છે. સમજાય છે કાંઈ?

'**ભગવાન આત્મા સદાય...**' પાછી ભાષા છે. '**સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ છે...**' ભગવાન તો પવિત્ર છે આત્મા. એમાં મેલ આસ્રવ છે નહિ. પવિત્ર છે, શુચિ છે, ઉજ્જ્વળ છે. ત્રણ બોલ લીધા છે. એ પુણ્ય-પાપના રાગથી રહિત અતિ શુચિ, અતિ નિર્મળ, ઉજ્જ્વળ અને પવિત્ર. સમજાય છે કાંઈ? કાચનો કટકો હોય અને એમાં હીરો પડ્યો હોય, હીરો. તો હીરાની ચમક જુદી છે અને કાચની કિંમત જુદી છે. એમ ભગવાન-હીરો ચૈતન્યમૂર્તિ અરૂપી ચૈતન્ય-હીરો એમાં પુણ્ય-પાપ આદિના કાચના કટકા ભિન્ન છે. સમજાય છે કાંઈ? એવો અત્યંત શુચિ ભગવાન પવિત્ર છે, ઉજ્જ્વળ છે. બસ!

આગળ છે '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને...**' પછી આવે છે. પછી લીટી છે. ત્રણ બોલ પૂરા થયા પછી. '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' એક એક બોલનો અર્થ છે. અભ્યાસ નથી. આ તો આખા સમયસારના મૂળ તત્ત્વનો અભ્યાસ છે. છેલ્લે છે. આ પ્રમાણે. એટલે એક બોલ કહ્યો આ પ્રમાણે. એમ. '**વિશેષ (-તફાવત) દેખીને...**' અજ્ઞાનથી પછી. આ પ્રમાણે વિશેષ દેખીને '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' પુણ્ય-પાપના ભાવ મેલ છે, અશુચિ છે, અપવિત્ર છે. મારું સ્વરૂપ અતિનિર્મળ, શુચિ, ઉજ્જ્વળ, પવિત્ર છે. એમ બે વચ્ચે અંતર જોઈને, વિશેષતા જોઈને, તફાવત જોઈને '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' પોતાના સ્વરૂપને અને આસ્રવની ભિન્નતાને જાણે છે '**તે જ વખતે ક્રોધાદિ...**' નામ સ્વભાવથી વિરુદ્ધ જે ભાવનો પ્રેમ હતો તેને ક્રોધ કહે છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય પરિણામનો પ્રેમ છે તેને સ્વભાવનો વેરી-વિરોધ-ક્રોધ કહેવાય છે. સૂક્ષ્મ છે. આ તો અધ્યાત્મ ગ્રંથ છે.

ભગવાન આત્મા નિર્મળાનંદ શુચિ-પવિત્ર એનો પ્રેમ છોડીને પુણ્યનો વિકલ્પ જે રાગ છે તેનો પણ પ્રેમ કરવાવાળાને ભગવાન આત્મા પ્રત્યે તેને ક્રોધ છે, વેર છે, વેરી છે એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? પોતે પોતાનો વેરી, એમ કહે છે. ભગવાન ચિદાનંદ સચ્ચિદાનંદ પ્રભુ છે એની રુચિ અને પ્રેમ નથી અને સ્વભાવથી વિરુદ્ધ રાગાદિ પુણ્યના પરિણામ છે એનો જેને પ્રેમ છે, ભગવાન કહે છે કે એને આત્માના સ્વભાવ પ્રત્યે ક્રોધ છે. સમજાય છે કાંઈ? તો જેવો રાગ પ્રત્યે પ્રેમ હતો તો મળ જોયો અને સ્વભાવ નિર્મળ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે, એમ બે વચ્ચે તફાવત જોઈને જે જ્ઞાન થયું તો રાગની રુચિ ખસીને પોતાના સ્વભાવની અભિપ્રાયની દૃષ્ટિ થઈ. તો રાગના, વિકારના અભિપ્રાયથી ખસી ગયો. વિકાર મારો છે એમ ખસી ગયું અને સ્વભાવમાં આવી ગયો. એનું સમ્યગ્દર્શન અને જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? એક બોલ થયો, એક.

બીજો બોલ. એમાં ચોથી લીટી છે. ત્રણ લીટી થઈ ગઈ. બીજો બોલ. '**णादूण विवरीय भावं**' ઉપરના પાઠ સાથે સંબંધ છે. '**णादूण**' પહેલા '**आसवाणं असुचित्तं**' '**णादूण आसवाणं विवरीय भावं**'. મૂળ શ્લોક છે એની સાથે. શું કહે છે? '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' આહાહા..! શું કહ્યું? છે અંદર ભાઈ? શું છે? ક્યાં છે? '**આસ્રવોને...**' ચોથી લીટી છે ને? નથી સમજાતું.

મુમુક્ષુ :- જડ સ્વભાવપણું હોવાથી.

ઉત્તર :- ઈ. બીજો બોલ આવ્યો પાઠનો. '**णादूण आसवाणं विवरीय भावं**' મૂળ પાઠનો અર્થ છે. શું? પહેલા કહ્યું, '**असुचित्त**' બીજું કહ્યું કે આત્માથી વિપરીત ભાવ આસ્રવ છે. પુણ્ય-પાપના વિકલ્પ જે ઉઠે છે, ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો, એ ભાવ આત્મસ્વભાવથી વિપરીત છે. તો આત્મા ચૈતન્ય છે તો એ જડ છે એમ કહે છે. આહાહા..! જડનો અર્થ રંગ, ગંધ, રસ, સ્પર્શ એમ અહીંયા ન લેવું. રંગ, ગંધ, સ્પર્શ જે આ પરમાણુમાં છે ઈ નહિ. પણ જડનો અર્થ એ રાગ પોતાને જાણતો નથી અને રાગ બીજા વડે જણાય છે. રાગ રાગને જાણતો નથી, રાગ આત્માને જાણતો નથી, રાગ બીજા વડે જણાય છે. માટે એ રાગને અહીંયા ભગવાન જડ કહે છે. એ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જડ છે એમ કહે છે. રાડ નાખે. ઓલો વ્યવહાર રત્નત્રય કારણ છે, નિયત છે, હેતુ છે. છ ઢાળામાં આવે છે. છ ઢાળામાં આવે છે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે!

જગતને આંધી ચડી છે. આંધી ચડી છે તો સૂઝ પડતી નથી. જોડે માણસ કોણ છે એની ઉપર નજર ન પડે. આંધી ચડે ને આંધી? સવારે ઝાકળ પડે. એવા ઝાકળ પડે. અમે તો વિહાર બહુ હોય ને. ત્યાં જોડે ચાલે તો વચ્ચે દેખાય નહિ કે કોણ છે. એમ આંધી ચડી છે. એટલે જોડે સાથે વિકાર છે એ જડ છે અને હું કોણ છું એની એને ખબર નથી. આ વ્રતના વિકલ્પને જડ કહે છે. જડ કહે છે, આંધી છે એ અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાન નથી. રાગમાં જ્ઞાન નથી. જ્ઞાન ચૈતન્યનું કિરણ નહિ. સૂર્યનું કિરણ છે એ કેવું નીકળે છે? સૂર્ય ઉજ્જ્વળ છે તો કિરણ પણ ઉજ્જ્વળ છે. કિરણ મેલું નીકળે છે? સૂર્યનું કિરણ કોઈ મેલું થયું? કોઈએ મેલું કર્યું? કોલસાથી મેલું કરી દે તો સૂર્યના કિરણને?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ ભગવાન સૂર્ય ચૈતન્યસૂર્ય છે. એમાંથી જે જ્ઞાનકિરણ નીકળે છે એ તો નિર્મળ છે. રાગ તો આંધળો છે, મેલો છે. ભારે વાત. સમજાય છે કાંઈ? બહુ સાદી ભાષા છે, હોં! આ તો સાદો શ્લોક લીધો છે. આ તો રસ્તામાં બહુ લીધી હતી ૭૨ ગાથા. .. વાત ચાલીને.

કહે છે, '**આસ્રવોને જડસ્વભાવપણું...**' જડસ્વભાવપણું. પુણ્ય-પાપના ભાવ એ અચેતન સ્વભાવ છે. અચેતનનો અર્થ જ્ઞાન ચૈતન્યમૂર્તિ છે, જે જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનૂરનો રાગમાં અભાવ છે. રાગ એ ચૈતન્યનું કિરણ નથી. ચૈતન્યના સ્વભાવનો અંશ નથી. તો એ તો વિકાર અંશ છે. પુણ્ય-પાપના ભાવ ભગવાન કહે છે, જડસ્વભાવત્વ-જડસ્વભાવપણું (છે). ઓહોહો...! સમજાય છે કાંઈ? કોને? વ્યવહારરત્નત્રયનો જે શુભરાગ છે તે જડત્વસ્વભાવ છે એમ કહે છે. અત્યારે કહે છે, વ્યવહારથી ચોથું ગુણસ્થાન. અને પાંચમે વ્યવહાર સમ્યગ્દર્શન હોય છે. ચોથે, પાંચમે, છઠ્ઠે વ્યવહારરત્નત્રય હોય, નિશ્ચય નીચે ન હોય. અહીં કહે છે કે વ્યવહારરત્નત્રય છે એ તો જડ છે. ત્યાં નિશ્ચય છે નહિ. સમજાય છે કાંઈ? ભારે વાત.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- જડ કરતાં કરતાં ચૈતન્ય થઈ જાય, એમ છે? એની રુચિ છોડીને ચૈતન્ય.. હમણાં કહેશે... બીજા વડે જણાય છે. વ્યવહાર તો જ્ઞાનસ્વરૂપ ભગવાન પરથી ભિન્ન છે તેના વડે રાગ જણાય છે. આહા..! સમજાય છે કાંઈ? બહુ ગડબડ. આ તો વ્યવહારરત્નત્રય અત્યારે હોય. ચોથે, પાંચમે, છઠ્ઠે. નિશ્ચયરત્નત્ર તો બારમે, તેરમે થશે. પંડિતજી! પત્રમાં એમ લખે છે ને? ભગવાન! પ્રભુ! એમ નથી. વ્યવહાર તો પરાશ્રય છે અને પરાશ્રય છે તો રાગ છે, રાગ છે તો જડસ્વભાવ છે. જડસ્વભાવ એ આત્માના કલ્યાણમાં બિલકુલ કારણ નથી. સમજાય છે કાંઈ?

'**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી...**' જડસ્વભાવમાં એમ ન લેવું કે એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. એમ નહિ. જેમ પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. પરમાણુ દ્રવ્ય છે. રંગ, ગંધ, સ્પર્શ એનો ગુણ છે. અને એની પર્યાય રૂપી જડ છે. રૂપી છે. એમ આ નથી. એ તો ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપી આનંદકંદ છે, એમાં (-આસ્રવમાં) અટકીને જે વિકલ્પ ઉઠે છે એ ચૈતન્યના નૂરનો પ્રકાશનો રાગમાં અભાવ છે તો રાગને અપ્રકાશક કહીને રાગને જડ કહ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે છે એ જડ છે એમ કહે છે. એ.. સુરેન્દ્રજી! કેટલાક એમ કહે છે કે આ સોનગઢથી નીકળ્યું છે. આ ક્યાંથી નીકળ્યું છે? આ ભગવાન કહે છે કે સોનગઢથી નીકળ્યું છે?

મુમુક્ષુ :- સોનગઢમાં ભગવાન છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- અરે..! ભગવાન! પણ ભગવાન તો બધા પાસે છે. અહીં તો સદા કહ્યું ને? બધા ભગવાન જ છે આત્મા. ભગવાન આત્મા એમ તો કહ્યું પ્રભુએ-અમૃતચંદ્રાચાર્યે. દિગંબર મુનિ સિદ્ધ સમાન જ્યારે આ ભરતક્ષેત્રમાં ચાલતા હશે, ચાલતા સિદ્ધ! ચાલતા સિદ્ધ!! આત્માના ભાન વિના ભગવાન કહે છે, ચાલતા મડદાં છે. કુંદકુંદાચાર્ય કહે છે, જેને રાગથી ભિન્ન આત્માનું ભાન નથી એ ચાલતા મડદાં છે. અષ્ટપાહુડમાં કહે છે કુંદકુંદાચાર્ય. મડદા છે મડદા. રાગ છોડતા નથી.

'**આસ્રવોને...**' આહાહા..! અમૃતચંદ્રાચાર્યે અમૃત ... છે. મહા મુનિ દિગંબર સંત ભાવલિંગી પરમેશ્વર અલ્પ કાળમાં સર્વજ્ઞ થવાની એમની તાકાત છે. અલ્પ કાળમાં થશે. અત્યારે સ્વર્ગમાં છે. પંચમકાળના મુનિને કેવળજ્ઞાન થવાની શક્તિ નથી. એકાદ ભવ સ્વર્ગનો છે, પછી મનુષ્ય થઈને કેવળજ્ઞાન પામીને મોક્ષમાં જશે. એ અમૃતચંદ્રાચાર્ય હમણા ૯૦૦ વર્ષ પહેલા થયા. એ કહે છે '**આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી બીજા વડે જણાવાયોગ્ય છે...**' એ કારણે તે જડ નામ અચેતન છે. પોતાને પોતાથી જાણવાની શક્તિ રાગમાં નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર વિકલ્પ વ્રતાદિનો એમાં પોતાથી પોતાને જાણવાની શક્તિ નથી. એમ કહે છે. આહાહા..! વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ પણ અહીંયા આવી ગયું.

ભગવાન આત્મા નિશ્ચય સ્વભાવ પોતાના શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ તો વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. વ્યવહાર છે તે જણાય છે કે છે. પોતામાં નથી. સમજાય છે કાંઈ? કેમ કે ચૈતન્યપ્રકાશના નૂરમાં જડસ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ પાઠમાં જુઓ તો એવો અર્થ ભર્યો છે. બહુ સ્પષ્ટ છે પણ હવે અભ્યાસ નહિ, મનન નહિ. આવું મનુષ્યપણું મળ્યું. ક્યાં જવું છે? ક્યાં જશે ખબર નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની ચીજનો પત્તો લીધો નથી તો ક્યાં જશે? પરિભ્રમણમાં જશે. કેમ કે આત્માનો સ્વભાવ તો પરિભ્રમણ રહિત છે. એનું તો ભાન નથી. તો પરિભ્રમણનું રાગનું ભાન છે. તો રાગ એ પરિભ્રમણનું કારણ છે તો પરિભ્રમણમાં જશે. અને પરિભ્રમણમાં જશે તો ક્યા સ્થાનમાં જશે? અનેક પ્રકારના સ્થાન ચોર્યાસી લાખના છે. ચોર્યાસી લાખના વિવિધ પ્રકારના યોનિસ્થાન છે ત્યાં જશે. ભગવાન! .. આહાહા..!

આચાર્ય મહારાજે ઘણી કરુણા કરીને આ ટીકા બનાવી છે. એ પણ વિકલ્પ તો છે. પણ એ વિકલ્પનો હું જાણનારો છું, હું નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! શાસ્ત્ર બનાવવાનો વિકલ્પ તો આવ્યો છે પણ કહે છે કે એ જડસ્વભાવ છે. હું તો એનો જાણનારો છું. હું એ જડને (જાણનારો છું). જડ બીજા વડે જણાવાલાયક છે. હું જડથી ભિન્ન ચૈતન્ય એના વડે હું જડને જાણું છું. જડ જડને જાણતું નથી. આહાહા..! શુભ-

અશુભ ભાવ, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ જડત્વ છે એમ કહે છે. રાડ નાખે. તીર્થંકર થશે એમ.. તીર્થંકર શું થાશે? શુભભાવથી તીર્થંકર પ્રકૃતિનો બંધ પડ્યો, બે ભવ થઈ ગયા. એક ભવ તો તીર્થંકર થઈને .. જશે અને મનુષ્યનો થયો. બંધનમાં રોકાઈ ગયો. સમજાય છે કાંઈ? આ તો પરમ પરમ સત્યની વાત ચાલે છે, ભાઈ! એ વાત રુચવી બહુ દુર્લભ છે. અનંત કાળમાં એણે સાંભળી નથી અને સાંભળી હોય તો રુચિ કરી નથી. રુચિ કરી નહિ તો સાંભળી પણ નથી એમ કહે છે આચાર્ય. સાંભળીને રુચિ કરે તો રુચિથી સાંભળ્યું એમ કહેવાય. ઓહો..!

'**આસ્રવોને...**' આ તો બહુવચન છે. પુણ્ય-પાપ બેય ભાવ. પુણ્ય-પાપ. પુણ્યના શુભભાવના પણ અસંખ્ય પ્રકાર છે અને અશુભભાવના પણ અસંખ્ય પ્રકાર છે એટલે આસ્રવોને એમ લીધું. '**જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે...**' એ જ્ઞાન સ્વરૂપ ભગવાન વડે જણાય છે. પોતાને જાણતો નથી. '**(-કારણ કે જે જડ હોય તે પોતાને તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે)...**' રાગ અને રાગના વિકલ્પને ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા જાણે છે. આત્મા જાણે છે કે હું જ્ઞાનાનંદ છું, હું રાગ નથી એમ આત્મા જાણે છે. સમજાય છે કાંઈ? '**(-કારણ કે જડ હોય તે પોતાને...)**' પુણ્ય પરિણામ છે, દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિ આદિનો વિકલ્પ છે તે પોતાને જાણતા નથી '**(તથા પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે) માટે તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે;...**' જુઓ! આ કારણે. કારણ લીધું. બીજા વડે જણાવાયોગ્ય છે તેથી તેઓ ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા... જ્ઞાન સ્વભાવ છે, જ્ઞાનનું નૂર છે, પુર છે. તેનાથી રાગ ભિન્ન સ્વભાવ છે. ભિન્ન સ્વભાવ છે તો આ ચૈતન્યસ્વભાવ છે આત્મા. તો એ અચેતનસ્વભાવ છે, જડ સ્વભાવ છે. એવો જડસ્વભાવ અને ચૈતન્યસ્વભાવ. જુઓ! એમાં પણ .. ભગવાન આત્મા તો. આમાં પણ આવ્યું. પહેલા કહ્યું હતું કે '**ભગવાન આત્મા તો શુચિ જ છે (-પવિત્ર જ છે, ઉજ્જ્વળ જ છે)...**' અને રાગ અશુચિ, અપવિત્ર અને મેલ છે. એમ '**णादूण**' બે વચ્ચેનો તફાવત, વિશેષતા, બે વચ્ચે અંતર જોઈને પોતાના જ્ઞાનસ્વભાવમાં આવે છે તો પરથી ભિન્ન થઈ જાય છે. તો એને નવો બંધ થતો નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં બંધનું કારણ છે જ નહિ. જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ સ્વરૂપનું ભાન (થતાં) રાગથી ભિન્ન થયો એ તો અબંધસ્વરૂપ છે. અબંધસ્વરૂપનું ભાન થયું. અબંધસ્વરૂપના ભાનમાં અબંધ પરિણામ જ પ્રગટ થાય છે. એમાં બંધના પરિણામ ઉત્પન્ન થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! એવી ટીકા, એવી ટીકા! આહા..! દિગંબર સંતો, આવી વાત બીજે ક્યાંય નથી.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શ્વેતાંબરમાં આવી વાત ક્યાંય નથી. સમજાય છે કાંઈ? આ તો પરમ સત્ય.

કહે છે, ભગવાન આત્મા વડે એ રાગ જાણવાલાયક છે. ભગવાનની ભક્તિનો વિકલ્પ એ પણ જડસ્વભાવ છે. કેમ કે નિશ્ચય દ્વારા જણાય છે. પોતાને જાણવાની શક્તિ નથી. તેથી જડસ્વભાવપણું છે. '**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી,...**' લ્યો. (એ જડસ્વભાવવાળો છે) તો આ ચૈતન્યસ્વભાવ છે આત્મા, તો એ અચેતનસ્વભાવ છે, જડસ્વભાવ છે. એવો જડસ્વભાવ અને ચૈતન્યસ્વભાવ. જુઓ! આમાં પણ એમ લીધું. ભગવાન આત્મા તો. લ્યો, આમાં પણ આવ્યું. પહેલા કહ્યું હતું, ભગવાન આત્મા તો શુચિ, પવિત્ર અને ઉજ્જ્વળ છે. અને રાગ અશુચિ, અપવિત્ર અને મેલ છે. એમ '**णादूण**' બે વચ્ચેનો તફાવત, વિશેષતા, બે વચ્ચે અંતર જોઈને પોતાના જ્ઞાનસ્વભાવમાં આવે છે તો પરથી ભિન્ન થઈ જાય છે. તો એને નવો બંધ થતો નથી. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમાં બંધનું કારણ છે જ નહિ. જ્ઞાનસ્વરૂપ ચિદાનંદસ્વરૂપનું ભાન રાગથી ભિન્ન થયો એ તો અબંધસ્વરૂપ છે. અબંધસ્વરૂપનું ભાન થયું તો અબંધસ્વરૂપના ભાનમાં અબંધ પરિણામ જ પ્રગટ થાય છે. એમાં બંધના પરિણામ ઉત્પન્ન થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! જુઓને ટીકા તે કેવી ટીકા!! આહા..! દિગંબર સંતો, આવી વાત બીજે ક્યાંય નથી. શ્વેતાંબરમાં પણ આવી વાત નથી. સમજાય છે કાંઈ? આ તો પરમ સત્ય. શું કહે છે?

ભગવાન આત્મા, એના વડે એ રાગ જણાવાલાયક છે. ભગવાનની ભક્તિનો વિકલ્પ એ પણ જડત્વસ્વભાવ છે. કેમ કે બીજા વડે જણાય છે. પોતાને જાણવાની શક્તિ નથી. તેથી જડત્વસ્વભાવ છે. '**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી...**' લ્યો. ભગવાન આત્મા સદા વિજ્ઞાનઘન. વિજ્ઞાનઘન એટલે શું? પુણ્ય-પાપના વિકલ્પનો જેમાં પ્રવેશ નથી. સમજાય છે કાંઈ? જેમ શિયાળાના દિવસોમાં ઘી થાય ને? શિયાળાના દિવસોમાં ઘી થાય. ઘી સમજો છો? શિયાળાના દિવસોમાં માગશર મહિનામાં, પોષ મહિનામાં ઠંડી બહુ હોય. ઘી થાય ગાયનું એવું... હવે તો કાળાબજાર થઈ ગયા એટલે બહુ ગડબડ થઈ ગઈ. નહિ તો પહેલા તો એવા ઘી હતા.. અમે તો જોયા છે ને. એવું ઘન, એવું ઘી કે એમાં આંગળી તો ઘુસે નહિ અને પ્રવેશ થઈ જાય તો.. શું કહેવાય ઈ? ફાંસ, ફાંસ વાગે. ઘીની ફાંસ વાગે. સમજ્યા? એવું કઠણ ઘી હતું. ઘન, ઘન પિંડ. આંગળી તો પ્રવેશ ન કરે પણ તાવેથો પ્રવેશ ન કરે. એવા ઘી હતા પહેલા. અત્યારે તો બધામાં કાળાબજાર થઈ ગયા. વનસ્પતિનો મેલ અંદર. અરર..ર..! નીતિના સ્તર બહુ ઘટી ગયા. પચ્ચીસ-પચાસ વર્ષ પહેલા જે નીતિનું સ્તર હતું એ હવે બહુ ઘટી ગયું. અનીતિમય જીવન એવા થઈ ગયા. ઓહોહો..! એવો મેલ, એવું જીવન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો કહે છે, ભગવાન! એવું અનીતિ જીવન તો તારું નહિ, પણ શુભરાગનું જીવન પણ તારું નહિ. પ્રભુ! આ તો એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? તો ઘીમાં જેમ તાવેથો પણ જાય નહિ તો આંગળી તો કેવી રીતે જાય? એમ ભગવાન આત્મા એમાં શુભભાવ પણ ઘુસતો નથી તો અશુભ તો કઈ રીતે ઘુસે? અજીતપ્રસાદજી! એમ ભગવાન પરમાત્મા.. અરે.. પ્રભુ! તું તો ભગવાન છો ને નાથ! ભગવાન કહીને જ અહીં તો બોલાવ્યા છે. આહાહા..! પ્રભુ! તું ભગવાન છો ને. અને ભગવાન ન હો તો ભગવાનની પર્યાય ક્યાંથી આવશે? કેવળજ્ઞાન આનંદની પર્યાય ક્યાંથી આવશે? શું રાગમાંથી આવશે? શરીરમાંથી આવશે? અંદર સ્વભાવમાં છે એમાંથી આવશે. સમજાય છે કાંઈ?

આહાહા..! વાહ રે ભગવાન વાહ! આહાહા..! અમૃતચંદ્રાચાર્ય જ્યારે હશે આ ભરત ક્ષેત્રમાં દિગંબર મુનિ, મોરપીછી કમંડળ. આહાહા..! પણ એને ઓળખ્યા નહિ લોકોએ. બે સંપ્રદાય પડી ગયા. બાર વર્ષનો દુકાળ થયો, એમાં શ્વેતાંબર પંથ નીકળ્યો. સનાતન અનાદિ દિગંબર માર્ગ છે. અનાદિ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું એવો માર્ગ સનાતન હતો. અનાદિનો છે. એ જ આ વસ્તુ છે. એમાંથી નીકળ્યા તો ગડબડ થઈ ગઈ, બહુ ગડબડ થઈ ગઈ. ભગવાન! કોણ કહે? કોઈ દેવ પણ આવ્યા નહિ. કોણ આવે? જેના પરિણામની યોગ્યતા એવી છે તો. આહા..! અરે..ભગવાન!

અહીં કહે છે, આહાહા...! આવા અમૃતચંદ્રાચાર્ય જેવા. ભગવાનની મૂર્તિ ચૈતન્યમૂર્તિ ભગવાન. એક વિકલ્પ છે એ પણ હું નહિ. મારાથી ભિન્ન એ તો જડ છે. આહાર લેવાનો વિકલ્પ આવે છે, હો, એ તો જડ છે. એ તો બીજા વડે જણાવાલાયક છે. પ્રભુ! એ મારા વડે જણાવાલાયક છે. એ રાગને હું જાણું છું, મારામાં રાગ નથી. હું તો વિજ્ઞાનઘન છું. જેમ ઘીમાં આંગળી અને તાવેથો પ્રવેશે નહિ, એમ મારો વિજ્ઞાનઘન ભગવાન એમાં શુભાશુભ વિકલ્પનો પ્રવેશ નથી. એવો હું ભિન્ન છું. સમજાય છે કાંઈ? આહા..!

'**ભગવાન આત્મા તો, પોતાને સદાય વિજ્ઞાનઘનસ્વભાવપણું...**' પાછું. વિજ્ઞાનઘન. પોતાને ત્રિકાળ વિજ્ઞાનઘનસ્વભાવપણું હોવાથી '**પોતે જ ચેતક (જ્ઞાતા) છે...**' ભગવાન પોતે જ સ્વયં જાણનાર છે. પોતાને પણ જાણે છે અને રાગને પણ જાણે છે. એવો ભગવાનનો-આત્માનો સ્વભાવ છે. રાગનો વ્યવહારનો સ્વભાવ પોતાને જાણતો નથી અને પરને પણ જાણતો નથી. એમ '**णादूण विवरीय भावं**'. આવો આસ્રવનો વિપરીત ભાવ, ચૈતન્યનો નિર્મળાનંદ વિજ્ઞાનઘન સ્વભાવ. એમ બે વચ્ચે વિવેક કરીને સ્વભાવમાં આરૂઢ થયો તો સમ્યગ્જ્ઞાન થયું તેનાથી નવો બંધ થતો નથી. જ્ઞાનમાત્રથી નવો બંધ થતો નથી એ અહીંયા સિદ્ધ કરવું છે. વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**વૈશાખ વદ ૬, શુક્રવાર તા. ૧૭-૫-૧૯૬૮**
**ગાથા-૭૨, પ્રવચન-૫૦૯**

સમયસાર કર્તાકર્મની ૭૨ ગાથા ચાલે છે. બે બોલ ચાલ્યા, બે. શું ચાલ્યું? જુઓ! કે આત્મામાં જે પુણ્ય-પાપના વિકલ્પ જે આસ્રવ ઉત્પન્ન થાય છે એ આસ્રવ અશુચિ છે. આત્મા એ શુચિ અતિ નિર્મળાનંદ સ્વરૂપ છે અને પુણ્ય-પાપના ભાવ એ અશુચિ, અપવિત્ર અને મેલપણે અનુભવાય છે. અને આત્મા એ અશુચિથી ભિન્ન અતિનિર્મળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એમ બે વચ્ચેનું જ્ઞાન કરવાથી ભેદજ્ઞાન થાય છે. અને ભેદજ્ઞાનમાં નવા કર્મ બંધાતા નથી. ભેદજ્ઞાનમાત્રથી નવા કર્મ બંધાતા નથી એ વાત અહીંયા સિદ્ધ કરવી છે. ઈ એક બોલ થયો.

બીજો બોલ ઈ આવ્યો કે આસ્રવ છે એ પુણ્ય-પાપના વિકલ્પ છે એમાં ચૈતન્યના અંશનો અભાવ છે, જડત્વસ્વભાવ છે. શુભ-અશુભરાગનો જડત્વસ્વભાવ છે. એ પોતાને જાણતા નથી અને બીજાને જાણતા નથી. પણ બીજા વડે જણાય છે. તેથી તે અશુચિની સાથે ચૈતન્યથી પુણ્ય-પાપના ભાવ વિપરીતભાવ છે અને ચૈતન્યભાવ જે છે એ આત્માની સાથે અવિપરીત ભાવ છે. સમજાય છે કાંઈ? ચૈતન્યસ્વભાવ છે એ આત્માથી અવિપરીત છે. અને પુણ્ય-પાપના ભાવ છે એ જડત્વસ્વભાવને કારણે પોતાને જાણતા નથી તેથી એનો વિપરીત સ્વભાવ છે. એમ બેનું જ્ઞાન કરવાથી જે ભેદજ્ઞાન થાય છે તેનાથી વિકારથી નિવૃત્તિ થાય છે. વિકાર મારો નથી એવું ભાન થવાથી તેનાથી નિવૃત્તિ થાય છે. સમજાય છે કાંઈ? એ બે બોલ ચાલ્યા.

ત્રીજો બોલ. '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી...**' એ ત્રીજો બોલ છે. શું કહે છે? આત્મામાં જે શુભ અને અશુભ, પુણ્ય અને પાપ બે ભાવ જે ઉત્પન્ન થાય છે એ દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, અહીં તો વર્તમાન દુઃખ. ભવિષ્યનું પછી. એ ૭૪માં લેશે. સમજાય છે કાંઈ?

આત્મામાં જે શુભ-અશુભ વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે પરાશ્રય, એ દુઃખનું કારણ છે. દુઃખરૂપ જ છે. '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી...**' ચાહે તો શુભ હો કે અશુભ હો. સમજાય છે કાંઈ? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ આકુળતાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્પન્ન કરનારા છે, એમ કહે છે. ચાહે તો શુભભાવ વ્રતીનો હો, વ્રતનો કે અશુભ અવ્રતના હો, બેય ભાવ આકુળતાને કારણે દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? '**આસ્રવો આકુળતાના ઉપજાવનારા હોવાથી દુઃખનાં કારણો છે,...**' દુઃખનું કારણ '**અને ભગવાન આત્મા...**' એની સામે લ્યે છે. '**સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે...**' સમજાય છે કાંઈ? જુઓ! શુભ અને અશુભરાગ એ દુઃખરૂપ છે, આકુળતાનું કારણ છે અને આત્મા નિરાકુળ સદા આનંદસ્વરૂપ નિરાકુળસ્વરૂપ છે. આમ બે વચ્ચે દુઃખ અને આત્મા આનંદ, એવો ભેદ જાણીને એનો તફાવત જાણીને તેનાથી નિવૃત્ત થવું એ એનું ફળ છે. સમજાય છે કાંઈ? એ ત્રીજો બોલ થયો. બે બોલ પહેલા આવ્યા. આ ત્રીજો.

આસ્રવ શુભ અને અશુભરાગ આકુળતાને ઉપજાવનારા છે. એવું જે જ્ઞાન થયું. એ દુઃખરૂપ છે એવું જ્ઞાન થયું. અને ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પુણ્ય-પાપના આસ્રવથી રહિત એ તો સદાય નિરાકુળ સ્વભાવને લીધે એ તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા છે. સમજાય છે કાંઈ? કારણ '**કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી,...**' થોડી સૂક્ષ્મ વાત છે. શું કહે છે? આત્મા આનંદ સદાય આકુળતાથી રહિત અનાકુળતાસ્વરૂપ છે. એ પુણ્ય વિકલ્પ જે રાગ છે તેને કારણે આત્મામાં કાર્ય થાય એમ નથી. સમજાય છે કાંઈ? આસ્રવ દુઃખરૂપ છે, પુણ્ય-પાપના વિકલ્પ બેય દુઃખરૂપ છે અને આત્મા નિરાકુળતા સ્વભાવને લીધે કોઈનું કાર્ય નથી. કોઈનું કાર્ય નથી એનો અર્થ શું? એ વ્યવહાર વિકલ્પ ઉઠે છે તે કારણ થાય અને આત્માની શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ કાર્ય થાય એમ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો સદાય નિરાકુળ સ્વભાવ (છે). એમ '**णादूण**' એમ કહેવું છે. શુભ-અશુભભાવ બહિરલક્ષી વૃત્તિ, ચાહે તો દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રતાદિની હો કે ચાહે તો હિંસા, જૂઠનો વિકલ્પ હો, બેય આકુળતા (છે). આત્માના આનંદસ્વભાવથી વિપરીત ભાવ હોવાથી એ દુઃખનું કારણ હોવાથી તેનાથી આકુળતા જ થાય છે. એનાથી રહિત ભગવાન સદાય નિરાકુળતાને લીધે એ રાગનું કાર્ય નથી અને રાગનું કારણ નથી. સમજાય છે કાંઈ? એ વ્યવહાર દયા, દાનના વિકલ્પ કારણ અને આત્મામાં શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન આદિ કાર્ય એમ નથી. એમ કહે છે. અને આત્મા કારણ અને વ્યવહાર કાર્ય એમ પણ નથી. સમજાય છે કાંઈ?

ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા એમાં એક અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે અનાદિઅનંત. વસ્તુમાં ચૈતન્ય શુદ્ધમાં અકાર્યકારણ નામનો ગુણ પડ્યો છે. તો એ અકાર્યકારણ ગુણને લીધે એ વ્યવહાર જે રાગની મંદતા છે તેનું એ કાર્ય પણ નથી અને રાગની મંદતાનું આત્માની

પર્યાય કારણ પણ નથી. દ્રવ્ય-ગુણ કારણ નથી, પર્યાય પણ કારણ નથી. થોડી સૂક્ષ્મ વાત છે. આ તો કર્તાકર્મ છે. સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપના વિકલ્પ મારું કાર્ય છે અને હું કર્તા છું એમ નથી. પણ પુણ્યના પરિણામ કર્તા અને આત્માની નિર્મળ પર્યાય કર્મ એમ પણ નથી. સમજાય છે કાંઈ? જુઓ!

'**ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય...નહિ હોવાથી**' એમ લેવું. કોઈનું કાર્ય નહિ હોવાથી અને કોઈનું કારણ નહિ હોવાથી. સમજાય છે કાંઈ? આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ એના દ્રવ્યમાં આનંદ, ગુણમાં આનંદ, પર્યાયમાં આનંદ. એવી ચીજ છે એ આત્મા, પુણ્યનો વ્યવહારનો જે વિકલ્પ છે તેનું કાર્ય પણ નથી. એ કારણ છે તો પોતાના આત્માની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ઉત્પન્ન થઈ એમ નથી. અને જે વ્યવહાર રાગ ઉત્પન્ન થાય છે, દયા, દાન વિકલ્પ આદિ એનો આત્મા દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણે એના કારણ નથી. સમજાય છે કાંઈ? '**સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે, કોઈનું કાર્ય.. નહિ હોવાથી દુઃખનું અકારણ જ છે...**' કોઈનું કારણ નહિ હોવાથી દુઃખનું અકારણ છે. સમજાય છે કાંઈ? આહા..!

ભગવાન આત્મા તો અનાકુળ આનંદસ્વભાવ લીધો ને કાયમ. જુઓને. '**સદાય નિરાકુળતા-સ્વભાવ...**' સદા આનંદસ્વભાવને લીધે. એ વ્યવહાર જે વિકલ્પ દુઃખરૂપ છે એનું કારણ કેમ થાય? અને વિકલ્પ વ્યવહાર જે દુઃખરૂપ છે એનાથી આત્મામાં કાર્ય કેમ થાય? સમજાય છે કાંઈ? સમેદશિખરમાં ઘણું લીધું હતું. એક લીટીમાં બે કલાક ચાલ્યું હતું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા, જેને આત્મા કહીએ એ તો નિરાકુળ આનંદસ્વભાવ છે. અને જેને આસ્રવ કહીએ, શુભ અને અશુભરાગ, જેમ કે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ દુઃખરૂપ છે. દુઃખરૂપ ભાવ છે તો એને કારણે આત્મામાં કેવળજ્ઞાન થાય છે એમ નથી, એમ કહે છે. તીર્થંકર પ્રકૃતિ જે ભાવે બંધાણી ને તો એનાથી પોતામાં કેવળજ્ઞાન થાય છે તીર્થંકરને. બંધાણી તો એને કેવળજ્ઞાન થશે જ પ્રકૃતિને કારણે પૂર્વનો શુભભાવ હતો તેને કારણે કેવળજ્ઞાન થશે. ના (એમ નથી.) કેમ કે એ ભાવ તો દુઃખરૂપ છે. દુઃખરૂપનું કાર્ય પણ આત્મા નહિ અને દુઃખરૂપનું કારણ પણ આત્મા નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કારણ-ફારણ કેવું? વિકારનું કારણ આત્મા હોય તો ત્રિકાળ વિકાર રહ્યા કરે. આહાહા..! સમજાય છે કાંઈ?

આસ્રવ દુઃખનું કારણ, ભગવાન દુઃખનું અકારણ. એમ બે વચ્ચે તફાવત જાણીને, બે વચ્ચે તફાવત જાણીને વિકલ્પ જે છે.. કેટલી સૂક્ષ્મ નજર પડે તો વિકાર દુઃખરૂપ લાગે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાય છે કાંઈ? અને ભગવાન અનાકુળ સ્વભાવને લીધે પોતાની વસ્તુ જ અનાકુળ આનંદસ્વભાવ છે. તેથી... કર્તાકર્મ છે ને? વિકારી પરિણામ કષાય... જે લોકો કહે છે ને વ્યવહાર વ્યવહાર હેતુ છે અને વ્યવહાર કારણ છે અને આ કાર્ય છે એને અહીંયાં ઉડાવી દે છે. સમજાય છે કાંઈ? કહે છે કે વ્યવહારનો વિકલ્પ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ કારણ થાય અને આત્મામાં નિર્મળ સમ્યગ્દર્શન મોક્ષમાર્ગ પર્યાય કાર્ય થાય એવો વસ્તુનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? અને આત્મા કારણ થાય અનાકુળ આનંદસ્વરૂપ કારણ થાય અને વ્યવહાર રત્નત્રય એનું કાર્ય થાય એમ વસ્તુમાં નથી. આહા..! ભારે. સમેદશિખર લીધું હતું, ખૂબ લીધું હતું. તમે હતા કે નહિ? ભગવાન પાસે ભગવાન છે તો જાત્રા થઈ, વિકલ્પ થયો તો એનાથી સમ્યગ્દર્શન થાય છે એમ નથી, એમ કહે છે. પંડિતજી! ક્યાં ગયા બધા તમારા? વયા ગયા લાગે છે. આ સમયે નથી આવતા. ભોજન-બોજન ખાઈને આરામ કરે છે. ગરમીના દિવસો છે. આવ્યા નહિ. કીધું, અહીંયા ભરી દો. પહેલા આવે તો આગળ બેસે, નહિ તો પાછળ બેસે. એવી દરકાર નથી. પાંચ મિનિટ પહેલા આવી જવું જોઈએ. અહીં તો પહેલેથી ક્યાંથી શરૂઆત થાય છે અને ક્યાં એનો અંત આવે છે એ પહેલેથી સાંભળે તો સમજાય. પછી સમજાતી નથી વાત. બે વાત ચાલી ગઈ વચ્ચે. સમજાય છે કાંઈ?

અહીં ત્રીજો બોલ. પહેલા બે બોલ કહી ગયા શરૂઆતમાં. તેની સાથે ત્રીજો બોલ છે. સમજાય છે કાંઈ? આહાહા...! અરે..! એને દરકાર નથી. આત્મા શું ચીજ છે અને હું કોણ છું, વસ્તુ શું છે? હજી સાંભળવાની જ્યાં દરકાર નથી, એ સમજવાની દરકાર તો ક્યાંથી આવે? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.. અહીં તો અમૃતચંદ્રાચાર્ય એટલું સ્પષ્ટ કરે છે. પાઠમાં જે ભાવ ભર્યા છે એની ટીકા, ટીકા નામ સ્પષ્ટીકરણ (કરે છે). પાઠમાં એમ ભર્યું છે, શું? '**णादूण आसवाणं दुक्खस्स कारणं**' એમાંથી નીકળે છે, જુઓ! '**णादूण आसवाणं असुचित्तं णादूण आसवाणं विवरीय भावं, णादूण आसवाणं दुक्खस्स कारणं**'. બસ, આ ત્રણમાંથી બે કાઢ્યા સામે. આત્મા શુચિ છે, આત્મા ચૈતન્ય સ્વભાવવાળો છે, અને આત્મા દુઃખનું કારણ નથી એટલે આનંદનું કારણ છે. પ્રવિણભાઈ! સમજાય છે કાંઈ? એને ક્યાં ગોતવો આનંદ? આમ બહારમાં મજા પડે છે એને.

અહીં તો કહે છે, બહારમાં તો છે જ નહિ, પણ એ શુભરાગ છે એમાં આનંદ નથી. આહાહા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તીર્થંકર ગોત્રનો ભાવ એ પણ દુઃખરૂપ છે. એમાં આનંદ નથી. એ દુઃખનું કારણ અને આકુળતા જ છે. આ વાત કેમ બેસે? સમજાય છે કાંઈ? એની ચીજ જ એવી છે. ઈ તો કહે છે ને. ભગવાન આત્મા અંતર સ્વરૂપ સચ્ચિદાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પ્રભુ સત્ જ્ઞાન આનંદ, જ્ઞાનાનંદ સ્વભાવ. તો જ્ઞાનાનંદ સ્વભાવ આત્મા એ વિકારી સ્વભાવનું કારણ નથી. કેમ કે દુઃખ છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વભાવ હોવાથી એ વિકારી શુભ-અશુભ પરિણામ દુઃખરૂપ છે એનું કારણ નથી અને દુઃખરૂપનું એ કાર્ય નથી. સમજાય છે કાંઈ? આ મોટી ઝંઝટ છે ને. અહીંયા ઠીક છે, એમ કહ્યું હતું ને ભાઈ? હુકમચંદજીએ. તે દી, (સંવત) ૨૦૧૩ની સાલ, ઈસરીમાં. એક કાંઈક રહી જાય છે. આ કહ્યું ત્યાં. ૧૧ વર્ષ થયા. ૨૦૧૩ની સાલ, મધુવનમાં વ્યાખ્યાન ચાલતું હતું. આ ૭૨ ગાથા ચાલી હતી. ઘણા પંડિત હતા. વર્ણીજી હતા, બધા બેઠા હતા, ઘણા બેઠા હતા. રતનચંદજી હતા, નેમિચંદજી હતા. ઘણા બધા હતા. હુકમચંદજી હતા. સલાલાવાળા? સલાલાવાળા. હસ્તિનાપુરમાં રહે છે. માણસ ઠંડો છે. પણ આ વાત... આ ગાથા ચાલી હતી.

જુઓ! પુણ્ય અને વ્યવહાર વિકલ્પ જે છે એ દુઃખરૂપ છે. એ દુઃખનું કારણ છે એ આત્માના મોક્ષમાર્ગનું કારણ નથી. આહા..! સમજાય છે કાંઈ? અજીતપ્રસાદજી! શું બરાબર છે? શાસ્ત્રમાં આવે છે ને? ઘણે ઠેકાણે વ્યવહાર હેતુ કહ્યું છે, નિયત કારણ કહ્યું છે. પ્રસાદજી તો તૈયાર થઈ ગયા છે ને. ચાલે છે, છ ઢાળામાં નથી આવતું? નિયતનો હેતુ વ્યવહાર. નિયતનું કારણ વ્યવહાર. પંચાસ્તિકાયમાં પાછળ આવ્યું છે. ૧૭૨ ગાથામાં. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે. પંચાસ્તિકાયમાં આવ્યું છે. વ્યવહાર સાધન છે, નિશ્ચય સાધ્ય છે એમ આવ્યું છે. આહાહા..! એ તો ત્યાં નિમિત્ત કેવું હતું એનું જ્ઞાન કરાવવા માટે છે. સમજાય છે કાંઈ? પાછળ ટીકામાં લખ્યું છે. અમારા પંડિતજીએ બધો અર્થ કર્યો છે. વ્યવહાર સાધન છે. અરે.. ભગવાન! એ તો વસ્તુ સ્વરૂપ પરમાર્થથી વ્યવહાર નિમિત્ત છે એ સાધન નથી. એ તો નિમિત્ત છે નામ પૃથક્ છે. જેમ એક દ્રવ્યની પર્યાયમાં પરદ્રવ્ય પૃથક્ છે. નિમિત્ત હો, નિમિત્તનો અર્થ એ કાર્ય કરતું નથી. એનાથી કાર્ય થતું નથી. કાર્ય થાય તો નિમિત્ત ન કહેવાય. એમ વ્યવહારથી કાર્ય થાય તો વ્યવહાર ન કહેવાય. વ્યવહાર કહો કે નિમિત્ત કહો. સમજાય છે કાંઈ? ફક્ત નિમિત્ત છે તેનું જ્ઞાન કરાવવા ત્યાં વ્યવહારને સાધન અને નિશ્ચયને સાધ્ય કહ્યું છે. મોટા ઝઘડા ચાલે છે અત્યારે. પાના.. શું કહેવાય? આ પત્રોમાં. બહુ ચાલે છે. તેજપાલ ને અજીતકુમાર ને ઈન્દ્રલાલ ને લાલબહાદુર ને.. બહુ લખે છે. ભગવાન! પણ સાંભળ તો ખરો, પ્રભુ! વાત બીજી છે. એમ પંડિતાઈ ત્યાં ન ચાલે. એઈ..! લાલબહાદુર છે ને? ભગવાન! નહિ ચાલે, બાપુ! ભાઈ! માર્ગ તો જેવો છે તેવો રહેશે. એ વ્યવહાર છે ખરો. વ્યવહારનયથી વ્યવહારનું જ્ઞાન કરાવવા ત્યાં સાધન કહ્યું છે.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો કહ્યું, ટોડરમલજીએ સ્પષ્ટ કરી નાખ્યું કે મોક્ષમાર્ગ બે નથી. નિરૂપણ બે પ્રકારે છે. એક નિશ્ચય પોતાનો સ્વભાવનું સાધન થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પર્યાય થઈ એ જ મોક્ષમાર્ગ છે. સાથે રાગને એવું નિમિત્ત જોઈને વ્યવહારથી મોક્ષમાર્ગનો આરોપ આપ્યો છે. આરોપ આપ્યો છે. છે બંધનું કારણ. એને મોક્ષનું કારણ વ્યવહારનયથી નિમિત્ત જોઈને નિમિત્તની વ્યવહારે અનુકૂળતા જોઈને, લ્યો ઠીક, સમજાય છે? આરોપ કરીને કહેવામાં આવ્યું છે.

વ્યવહારથી નિરપેક્ષ આત્માના શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર છે. એમ નિયમસારમાં છે. ઈ જ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? પરમ નિરપેક્ષ. ભગવાન આત્મા પોતાનું આનંદ અને જ્ઞાન સ્વરૂપ એવી પોતાની સત્તા રાખનારો, એ રાગની મદદ છે તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય છે એમ છે જ નહિ. વ્યવહારની સાપેક્ષતા વિના નિરપેક્ષપણે પોતાનું કાર્ય સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પોતાના આશ્રયે પોતાને સાધન બનાવીને કરે છે. હીરાભાઈ! આ બધા તમારા વાંધા વ્યવહારના. આ વ્યવહાર આમ હોય, આ વ્યવહાર.. ભગવાન! સાંભળ તો ખરો. એ વ્યવહાર તો કોથળો છે-બારદાન. બારદાનનું ત્યાં નિમિત્તથી કથન કરવામાં આવ્યું છે. ચોખા તોળે ને? ચોખા. ચાર મણ અઢી શેર. અઢી શેરનું બારદાન પણ સાથે તોળ્યું. બારદાન સમજ્યા? ચાર મણ ચોખા હોય અને અઢી શેર કોથળો હોય. તો કોથળો પણ બોલાય, ચાર મણ અઢી શેર. તો શું કોથળો ચોખા થઈ ગયા? સમજાય છે કાંઈ? એમ વ્યવહારને નિમિત્ત જોઈને એમ કહેવામાં આવ્યું. બારદાન જોઈને. શું બારદાન માલ થઈ ગયો? અરે..!

અહીં અકાર્યકારણ શક્તિ સિદ્ધ કરે છે. ૪૭ શક્તિમાં આવી છે. ૪૭ શક્તિ આત્મવૈભવમાં આવી છે. ગુજરાતી છે. તમારે આવ્યું છે? તમારે નહિ આવ્યું હોય. ગુજરાતી છે, હિન્દી નથી થયું. બહુ સારું પુસ્તક આવ્યું. હમણા છપાયું છે. ૩૩૦૦. હિન્દી નથી, ગુજરાતી છે. બહુ સારું પુસ્તક આવ્યું. જોયું છે કે નહિ? એમાં એ બધું સ્પષ્ટ આવ્યું છે. અકાર્યકારણશક્તિનું વર્ણન અહીંયા છે. એમાંથી કાઢીને અમૃતચંદ્રાચાર્યે ૪૭ શક્તિનું વર્ણન કર્યું છે.

ભગવાન આત્મામાં અકાર્યકારણ નામનો અનાદિઅનંત એક ગુણ છે. જેમ આત્મા જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, શાંતિ એટલે વીતરાગતા ગુણ છે. એમ અકાર્યકારણ નામનો આત્મામાં એક ગુણ છે. એ ગુણનું કાર્ય શું? એ ગુણનું કાર્ય શું? એ ગુણને ધરનારો ભગવાન આત્મા, એની દૃષ્ટિ કરવાથી એ ગુણનું કાર્ય રાગની અપેક્ષા રાખીને કાર્ય થાય છે એમ નથી. અને રાગને કાર્ય બનાવે અને વીતરાગી પર્યાય કારણ થાય એમ પણ નથી. સમજાય છે કાંઈ? સદાય આત્મા ભગવાન તો, ભગવાન આત્મા કહીને બોલાવ્યો છે. ત્રણેમાં બોલાવ્યો છે.

'**નિરાકુળતા-સ્વભાવને લીધે...**' એનો નિરાકુળ સ્વભાવ છે. કોઈનું કાર્ય નહિ હોવાથી. વ્યવહાર દુઃખરૂપનું કાર્ય નહિ હોવાથી. અને એ વ્યવહારનું કારણ નહિ હોવાથી. દુઃખનું કાર્ય નહિ હોવાથી અને દુઃખનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે. બહુ સ્પષ્ટ કરી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નાખ્યું છે. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? આ વ્યવહાર-ક્યવહાર દુઃખરૂપ છે એમ કહે છે. સાધન કહ્યું. વ્યવહાર સાધન, નિશ્ચય સાધ્ય એમ ઘણે ઠેકાણે આવે છે. એક ઠેકાણે આવે તો વજન દે અને બીજે ઠેકાણે આવે તો વજન ન દો તો એકાંત થઈ જાય છે, એમ કહે છે. એઈ..! વજુભાઈ! આપણે એના તરફની દલીલ તો (કરવી જોઈએ ને). ભગવાન! એ તો બીજી વાત છે. એ તો કહ્યું ને? બે નયનું જ્ઞાન કરાવવા કહ્યું છે. વ્યવહાર હેય છે પણ એનું જ્ઞાન કરાવવા કહ્યું કે એ સાધન નિમિત્ત તરીકે છે. પણ એ નિમિત્ત છે તો આ નિશ્ચય છે એમ નથી. એ વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી, એમ કહે છે અહીંયા. સમજાય છે કાંઈ? સમજણમાં પણ જ્યાં યથાર્થતા ન હોય ત્યાં એની રુચિ કઈ રીતે યથાર્થ હોય? યથાર્થ રુચિ વિના અનુભવ અને પરિણતિ ક્યાંથી થાય? આવી ચીજ છે.

અનાદિથી ભ્રમમાં પડ્યો. ચોર્યાસીના દુઃખ કેટલા વેદ્યા, વેઠ્યા. વેદવામાં કોઈ સાથે નહોતું. કોઈની મદદ નહોતી. એકલો એકલો ટળવળ ટળવળ કરતો ચોર્યાસીમાં દુઃખી થયો. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ચૌઇન્દ્રય. અને જેને મિથ્યાત્વનું સેવન છે એમાં તો નિગોદ જવાની શક્તિ છે. અનંત ભવ નિગોદના કરવાની શક્તિ છે. એક અંતર્મુહૂર્તમાં અઢાર ભવ કરવાની શક્તિ. અહો..! આવી શક્તિની હીનતા અને ઉપરાઉપર ભવની ભ્રમણતા, એણે મિથ્યાત્વને કારણે કરી છે. બીજું કોઈ મુખ્ય કારણ નથી. સમજાય છે કાંઈ? મુખ્ય નથી.

ઈ આવે છે ને? મુખ્ય.. પંચાસ્તિકાયની ૧૪૮ ગાથા. જોગ છે એ ગૌણ કહ્યું અને મુખ્ય કારણ તો આ છે કષાય. ૧૪૮માં આવે છે ને? પંચાસ્તિકાયમાં. એ કષાય નામ મિથ્યાત્વ કષાય મૂળ બંધનું કારણ છે. યોગ તો ગૌણ કારણ, ગૌણ કારણ છે. એ તો ઉપચાર કારણ કહ્યું છે. સમજાય છે કાંઈ? આમ પાંચ બંધના કારણ કહ્યા. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. તો ત્યાં તો એમ કહ્યું કે કષાય. કષાયમાં બધા આવી ગયા. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ કષાય. એ ચારે બંધના કારણ છે. મિથ્યાત્વ બંધનું કારણ છે. કષાય એ બંધનું કારણ છે. યોગ છે એ તો ઉપચારથી બંધનું કારણ કહ્યું છે. ખરેખર બાહ્ય કારણ છે, આ અંતર કારણ છે. એમ લીધું છે ને? ૧૪૮માં એમ લીધું છે. ૧૪૮ ગાથા, પંચાસ્તિકાય. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન આત્મા તો દુઃખનું કારણ નથી અર્થાત્ વ્યવહારનું કારણ નથી અર્થાત્ વ્યવહારનું કાર્ય નથી. એવું એનું સ્વરૂપ છે. સુરેન્દ્રજી! સમજાય છે કાંઈ? '**આ પ્રમાણે...**' બસ, ત્રણ બોલ પૂરા થઈ ગયા હવે. ત્રણ બોલ પૂરા થઈ ગયા. હવે '**तदो णियत्तिं कुणदि**' એનો ખુલાસો કરે છે. '**આ પ્રમાણે વિશેષ (-તફાવત) દેખીને...**' આ પ્રમાણે તફાવત જોઈને. આ પ્રકારે પણ હોં! આ પ્રમાણે તફાવત દેખીને. આ પ્રકાર. આ પ્રકારમાં ત્રણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બોલ લીધા. આસ્રવને.. સમજાય છે? અશુચિ જાણીને, ભગવાન આત્માને શુચિ જાણીને. બેનો અંતર તફાવત દેખીને આસ્રવને જડત્વસ્વભાવ જાણીને અને આત્માને ચૈતન્યસ્વભાવ જાણીને બેની વચ્ચે તફાવત-વિશેષ જાણીને અને આસ્રવોને દુઃખના કારણ જાણીને ભગવાન આત્મા અનાકુળતા આનંદનું કારણ અને દુઃખનું અકારણ જાણીને. આ પ્રમાણે બે વચ્ચે તફાવત જોઈને '**જ્યારે આ આત્મા,...**' પણ તફાવત જોઈને. અહીંયા વજન છે, ભાઈ! આ પ્રમાણે આ કહ્યું એ વિશેષને દેખીને-તફાવત જોઈને-ભિન્નતા જોઈને, એકતાને તોડીને. સમજાય છે કાંઈ? આ તો ટીકા છે, અધ્યાત્મ ટીકા મહાગંભીર ટીકા છે. આવી ટીકા અમૃતચંદ્રાચાર્ય ભરતક્ષેત્રમાં બીજી ક્યાંય નથી. એવી ટીકા, એવી ટીકા છે. ઓહોહો..!

ભગવાન અમૃત પરમાત્મા, મોક્ષ અમૃત છે ને તો કેવળજ્ઞાન અમૃતસ્વરૂપ છે. કેવળજ્ઞાનને અમૃત કહ્યું છે. મોક્ષને ભગવાને અમૃત કહ્યું છે. એમ અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત વહાવ્યા છે. ભાઈ! તું અમૃતસ્વરૂપ છો, આનંદસ્વરૂપ છો ને પ્રભુ! એ આનંદસ્વરૂપ આત્મા અને પુણ્ય-પાપ એ તો અશુચિ છે, તું શુચિ છો. એ જડ છે, તું ચૈતન્યસ્વભાવવાળો છે. એ દુઃખરૂપ છે, તું દુઃખનું કારણ નથી, આનંદસ્વરૂપ છો. એમ બેની વચ્ચે તફાવત જોઈને, ભિન્નતા જોઈને, બેની વચ્ચેનું અંતર જોઈને, બે વચ્ચેની વિશેષતા જોઈને. જોઈને એના ઉપર વજન છે. આમ જોઈને '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' જુઓ! જોઈને જાણે છે એમ કહ્યું છે, ભાઈ! આમ ને આમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ચૈતન્યસ્વભાવ હું, શુચિ પવિત્ર અતિનિર્મળ. અને ચૈતન્યસ્વભાવથી હું ભરેલો, ચૈતન્યસ્વભાવથી હું અવિપરીત અને આનંદનું કારણ, દુઃખનું કારણ હું નથી. એમ પોતાના સ્વભાવને અને આસ્રવોને અશુચિ, જડત્વ, દુઃખનું કારણ છે એમ બે વચ્ચે તફાવત જોઈને, તફાવત જાણીને અંતર જુદાઈ વિશેષતા બે વચ્ચેની જાણીને, જ્યારે આત્મા. જાણ્યો તે આત્મા '**આસ્રવોનો ભેદ જાણે છે...**' આત્મા અને આસ્રવોના ભેદને જાણે છે. હું જ્ઞાયકસ્વભાવ આનંદ છું, ચૈતન્ય સ્વભાવ છું. એ (આસ્રવોનો) સ્વભાવ અશુચિ, જડત્વ, દુઃખરૂપ છે. '**તે જ વખતે...**' જુઓ! આસ્રવોનો ભેદ જાણે છે તે જ વખતે. સમય એ જ છે. '**ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે...**' ક્રોધાદિક કેમ કહ્યું? કે પોતાના સ્વભાવથી... ક્ષમા આદિ પોતાનો ત્રિકાળી સ્વભાવ છે. મુનિ છે ને એમ લીધું છે. ઉત્તમક્ષમા આદિ જે સમ્યગ્દર્શન સહિતનો સ્વભાવ છે, તેનાથી વિપરીત વિકાર. વિકારને અહીંયા ક્રોધ કહ્યો. ક્રોધ, માન, માયા, લોભ. પુણ્ય-પાપને અહીંયા ક્રોધ જ કહ્યો છે. એ પુણ્ય પરિણામને ક્રોધ કહ્યો. આસ્રવને ક્રોધ કહ્યો, લ્યો. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીં તો પહેલા કહ્યું, અશુચિ છે, જડત્વ છે, દુઃખનું કારણ છે. અહીંયા કહ્યું, એ તો ક્રોધાદિ છે. ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટા ક્ષમાદિનો સ્વભાવ છે. પુણ્ય-પાપના પરિણામ સ્વભાવથી વિપરીત (છે). સ્વભાવ શાંત છે તો એ ક્રોધ છે, સ્વભાવ અમાન છે તો એ માન છે, સરળ છે તો એ કપટ છે, નિર્લોભ સંતોષ છે તો એ લોભ છે. એમ આસ્રવોનો ભેદ જાણીને નિવૃત્ત થાય છે. કઈ રીતે નિવૃત્ત થાય છે? અભિપ્રાયમાંથી. એમાં પણ ભાઈ પાછા દોષ કાઢે છે. જુઓ! એમાં લખ્યું છે આસ્રવથી નિવૃત્તે. બહારની ક્રિયા છોડી દે. એની અહીંયા વાત જ નથી. સમજાય છે? એવી વાત જ નથી. અહીંયા તો ભગવાન આત્મા અતિનિર્મળ પ્રભુ, પુણ્ય-પાપ અશુચિ. આત્મા ચૈતન્યસ્વભાવ, એ અચેતન સ્વભાવ. ભગવાન આનંદનું કારણ, દુઃખનું અકારણ, વિકાર દુઃખનું કારણ. એમ બે વચ્ચેનો તફાવત જોઈને વિકારથી પોતાની રુચિ ખસેડી પોતાના સ્વભાવમાં આવી જાય છે.

મુમુક્ષુ :- આ કળા.

ઉત્તર :- નહિ, કળા નહિ. નિવર્તવાની આ રીત. નિવર્તવું એટલે બહારથી આસ્રવોથી નિવર્તે, પંચ મહાવ્રત ધારણ કરે, સાધુ થાય એટલે નિવર્ત્યો કહેવાય એમ નહિ. એવી વાત જ નથી. સમજ તો ખરો. આસ્રવોથી નિવર્તે ત્યારે તે ભેદજ્ઞાની કહેવાય. પણ આસ્રવોથી નિવર્તવાની વ્યાખ્યા શું? અહીંયા ચોથા ગુણસ્થાનની વ્યાખ્યા છે. અભિપ્રાયમાં જે આસ્રવોને પોતાના માન્યા હતા એ અભિપ્રાયમાં જ્યારે દુઃખ જાણ્યું અને આનંદ જાણ્યો, એવા અભિપ્રાય પરથી નિવૃત્ત થયો અને પોતામાં સ્થિરતા થઈ. અભિપ્રાય પોતામાં જામી ગયો અને પરથી ખસી ગયો. એનું નામ વિકારથી નિવૃત્ત થયો એમ કહેવામાં આવે છે. પંડિતજી! સમજાણું? જરી સૂક્ષ્મ વાત છે. આ ગાથામાં બહુ ગડબડી કરે છે. બધામાં કરે છે એકે એકમાં. આહાહા..! અરે.. ભગવાન! બાપુ! એમ માર્ગ નહિ આવે. એ કંઈ પોપાબાઈનું રાજ નથી. અત્યારે લોકોને સાધારણ સમજાવી દે છે કે તારું કલ્યાણ થઈ જશે. સમજાય છે કાંઈ?

ભગવાન અનાકુળ આનંદકંદ પ્રભુ છે એવી વિકારથી ભિન્ન પોતાની દૃષ્ટિ કરીને વિકારના પરિણામથી પર્યાયબુદ્ધિથી વિકારબુદ્ધિથી ખસીને પોતાના સ્વભાવમાં સ્થાપિત કર્યો તો વિકારથી નિવૃત્ત થયો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બેનું એકપણું માન્યું હતું, જે અતિનિર્મળ, એ અશુચિ. ભગવાન ચૈતન્યસ્વભાવ, એ અચેતનસ્વભાવ. ભગવાન આનંદસ્વભાવ, એ દુઃખસ્વભાવ. બેને એક માન્યા હતા અભિપ્રાયમાં, દૃષ્ટિમાં, રુચિમાં, આશ્રયમાં. એ બેનું ભેદજ્ઞાન કરીને પોતાના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કરતાં જ્ઞાન થયું કે આ રાગ છે, આ દુઃખ છે. પોતાના સ્વભાવ સન્મુખમાં ઠર્યો તો દૃષ્ટિમાંથી વિકારનો અભિપ્રાય છૂટી ગયો. વિકાર મારો છે એ અભિપ્રાય છૂટી ગયો તો તેનાથી નિવૃત્ત થયો. અભિપ્રાયથી વિકારથી નિવૃત્ત થયો એમ કહેવામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવે છે. સમજાય છે કાંઈ? '**તે જ વખતે...**' જુઓ! '**તે જ વખતે...**' જાણ્યું તે જ વખતે. તે જ વખતે જાણ્યું એટલે બહારથી નિવૃત્ત થઈ ગયો. એ આસ્રવથી નિવૃત્ત થયો. આ બાયડી, છોકરા છોડી દીધા એ નિવૃત્ત થયો એવી વાત છે? આહાહા..! અરે..! શું કરે? સમજાય છે કાંઈ? 'જાતિ અંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ.' આંધળો બિચારો દેખે નહિ. સમજાય છે? 'તેથી મિથ્યાદષ્ટિ આકરો કરે અર્થના અનર્થ'. આંધળો બિચારો દેખે નહિ, શું કરે? ક્યાં ગયા ભુરાભાઈ? બેઠા છે. દેખે નહિ શું કરે? કહો.

જાતિ અંધનો દોષ નહિ આકરો, જે જાણે નહિ રે અર્થ,
મિથ્યાદષ્ટિ રે તેથી આકરો, કરે અર્થના રે અનર્થ.

યશોવિજયનું છે. કહો, સમજાય છે કાંઈ? આનો અર્થ એમ કરે ત્યાં. જુઓ! વિકારના બધા પરિણામો છૂટી જાય તો નિમિત્ત છૂટી જાય ત્યારે નિવૃત્ત થયો એમ કહેવામાં આવે છે. એમ કહે છે. એમ નથી. અહીંયા તો વિકારી પરિણામથી રુચિ ખસીને પોતાના સ્વભાવમાં અભિપ્રાય સ્થાપી દીધો પરથી ખસી ગયો અને પરથી નિવૃત્ત થયો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. બહારની ક્રિયા. આ બધાથી નિવર્તવું શું છે? બાયડી-છોકરા છોડે, .. શરીરથી હિંસા થાય એ બધું છોડે ત્યારે આસ્રવથી નિવૃત્ત થયો કહેવાય. અહીંયા ઈ વાત જ નથી. આહાહા..! બહારનું છોડવું ક્યાં હતું? ગરી ક્યાં ગયું છે અંદર. સ્વતંત્ર છે જીવો.

કહે છે કે જે વખતે એ છ પ્રકારમાં વિશેષ-તફાવત જોઈને. જોઈને એમ કહ્યું છે. '**જ્યારે આ આત્મા, આત્મા અને આસ્રવોનો ભેદ જાણે છે...**' જુદાઈને જાણે છે. એકતા નથી. તદ્દન ભિન્ન બેયના લક્ષણ છે. બેયના ભિન્ન લક્ષણ જાણીને તે જ વખતે વિકારના પરિણામથી દૃષ્ટિ ખસેડી સ્વભાવ ઉપર દૃષ્ટિ પડે છે તો એને સમ્યગ્દર્શન થાય છે. તો એ વિકારના અભિપ્રાયમાં પોતાના માનતો હતો એ વિકાર અભિપ્રાયમાંથી છૂટી ગયો. અભિપ્રાયમાંથી છૂટી ગયો એનું નામ વિકારથી નિવૃત્ત થયો એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શું કરે? કોણ કોને સમજાવે? કેમ ભગતજી! કોણ સમજાવે? જાગ્યાને કોણ જગાડે? જાગતો હોય એને કોણ જગાડે? જાગે છે એને કહે કે ઉઠ ઉઠ. પણ એ જાગે જ છે. હવે એને ઉઠાડવો શી રીતે? એમ ઓલા સમજે છે એમ માને એને સમજાવવું શી રીતે? સમજાય છે કાંઈ? આહાહા..!

ઘણી જ વાત અંદર ઊંચી છે. કહે છે, અંતરમાં પર્યાય ઉપર લક્ષ હતું તો વિકારને પોતાનો માનીને દુઃખરૂપ જે હતો, અશુચિ હતો, જડત્વ સ્વભાવ હતો એને પોતાનો માનતો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતો. બેના લક્ષણ ભિન્ન જાણીને સ્વભાવ સન્મુખ થઈને એ લક્ષ અને રુચિથી ખસી ગયો, પુણ્ય-પાપના પરિણામ દુઃખરૂપ છે એવી દૃષ્ટિ ખસી ગઈ તો પોતાના સ્વભાવમાં દૃષ્ટિ થઈ. તો આસ્રવથી અભિપ્રાયમાં નિવૃત્ત થયો એમ કહેવામાં આવ્યું છે. પંડિતજી! સમજાય છે કાંઈ? આ શાસ્ત્ર તો અલૌકિક શાસ્ત્ર છે! કેવળજ્ઞાનીના પેટ ખોલી નાખ્યા છે જેમાં. ઓહોહો..! આવી વાત દિગંબર સંતો સિવાય ક્યાંય નથી, ક્યાંય નથી. કોઈ જૈનના બીજા વાડામાં આવી વાત નથી. જૈન પરમેશ્વરે જે કહ્યું એવું સ્વરૂપ દિગંબર સંતોએ પ્રસિદ્ધ કરી દીધું છે. ઓહોહો..! આવી વાત બીજે ક્યાંય નથી. શ્વેતાંબર, સ્થાનકવાસી. બીજામાં તો હોય નહિ, પણ એના (જૈનના) પેટા ભેદ પડ્યા એમાં નથી. સમજાય છે કાંઈ? 'મૂળ મારગ સાંભળો જિનનો રે...' આ મૂળ માર્ગ છે. ભગવાન પરમેશ્વરનો મૂળ માર્ગ. ત્રિલોકનાથ પરમાત્મા.

મોક્ષમાર્ગ તો વીતરાગભાવ હોય ને. એ રાગ છે. દુઃખરૂપ છે. તેનાથી ખસીને પોતાનો સ્વભાવ આનંદરૂપ છે એમ કહો કે વીતરાગભાવરૂપ છે એમ કહો, એમ અંતરમાં દૃષ્ટિનું પરિણમન થયું તો વિકાર મારો હતો એવી માન્યતા અભિપ્રાયમાંથી ખસી ગયો. એ આસ્રવોથી નિવૃત્ત થયો. આસ્રવ રહ્યા પણ ભિન્ન રહી ગયો, ભિન્ન રહી ગયો. હવે આસ્રવ થોડા છે એ ભિન્ન રહી ગયા. પોતાની એકત્વબુદ્ધિમાં આવ્યા નહિ. પહેલા પોતામાં એકત્વ માનતો હતો એ ભિન્ન થઈ ગયો તો પોતામાં ન આવ્યા, ભિન્ન રહી ગયા. અસ્થિરતાનો થોડો રહ્યો. પણ દૃષ્ટિથી, અભિપ્રાયથી એનાથી નિવૃત્ત થઈ ગયો. સમજાય છે કાંઈ?

'**નિવૃત્ત થાય છે, કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...**' જુઓ! તેમનાથી જે નિવર્તતો ન હોય અર્થાત્ એ દુઃખરૂપ, અચેતન, અશુચિ એનાથી દૃષ્ટિ ખસેડી નહિ, તેનાથી પોતાની એકતા તોડી નહિ, નિવૃત્ત નથી '**તેને આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.**' સમજાય છે કાંઈ? અંતરમાં વિકારના દુઃખરૂપ પરિણામથી (ભિન્ન) ભગવાન આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ કરીને વિકારથી અભિપ્રાયમાંથી નિવૃત્ત ન થયો, શ્રદ્ધાથી નિવૃત્ત ન થયો તો એને ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી. એણે તો બેય એક જ માન્યા છે. સમજાય છે કાંઈ? અભિપ્રાયની કેટલી કિંમત છે એ બતાવે છે. શ્રદ્ધામાં કેટલી કિંમત છે કે જે વિકારને પોતાનો માનતો હતો, એના લક્ષણ અને પોતાના લક્ષણને નહોતો જાણતો ત્યારે વિકાર દુઃખરૂપ છે તેને પોતાનો માનતો હતો. પણ દુઃખ છે, આકુળતા છે. હું અનાકુળ આનંદ છું. એમ બે વચ્ચેનો તફાવત જોઈને જ્યારે પરથી અભિપ્રાયથી નિવૃત્ત થાય છે ત્યારે તેને સાચું ભેદજ્ઞાન થયું. અને જો નિવૃત્ત ન થાય તો ભેદજ્ઞાનની સિદ્ધિ નથી. પુણ્ય-પાપના પરિણામ ઉપર રુચિ છે, ત્યાં ને ત્યાં પ્રેમ પડ્યો છે અને કહે છે કે હું પરથી નિવૃત્ત થયો છું. ભેદજ્ઞાન છે, મને પરથી ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાન જુદાનું ભાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. કહે છે કે એ મારું છે, એ મારું છે. એ મારા છે અને હું કર્તા છું. એવી તો બુદ્ધિ છે અને કહે છે કે મને ભેદજ્ઞાન છે. ભેદજ્ઞાન છે નહિ. ભેદજ્ઞાનની સિદ્ધિ નથી. સમજાય છે કાંઈ?

એ કહે છે, જે શુભ-અશુભ પરિણામ પોતાના માનીને મિથ્યાત્વમાં રહ્યો હતો એ સમ્યગ્દર્શનના અભિપ્રાયમાં એનાથી છૂટીને ભેદ પડી ગયો. મારામાં નથી, હું તો જ્ઞાન અને આનંદ છું. એમ જ્યારે થયું તો પુણ્ય-પાપના પરિણામથી અભિપ્રાયથી તો નિવૃત્ત થઈ ગયો. અને જો નિવૃત્ત ન થાય તો બેની એકતા તૂટી નથી. બેનું ભેદજ્ઞાન થયું નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થતાં એમ માને કે એ રાગ પણ મારું કર્તવ્ય છે. એમ કહે છે અહીંયા તો. રાગ પણ મારું કર્તવ્ય છે. તો કહે છે કે તને રાગ અને સ્વભાવનું ભેદજ્ઞાન છે જ નહિ. હીરાભાઈ! આવું છે. ભારે વાતું, ભગવાન! સમજાય છે કે નહિ જુવાનને? આવે છે. આ તો આત્માને સમજાય, જુવાન-બુવાન છે કોણ? જુવાન રજ એ તો શરીર છે, માટી છે. આત્મા તો સદા આનંદકંદ ધ્રુવ છે. સમજાય છે કાંઈ? કોઈ પણ કાળે સમજવાને લાયક જ છે. નારકીમાં પણ સમજવાને લાયક છે તો મનુષ્યમાં કેમ ન હોય? શું કહે છે?

જો આસ્રવોથી નિવૃત ન થાય અર્થાત્ જે પુણ્ય-પાપના વિકલ્પને પોતાના માની રહ્યો હતો, એ પોતાથી છૂટ્યા નહિ, એનો ભેદ કર્યો નહિ તો છૂટ્યા નહિ તો એને ભેદજ્ઞાન જ નથી. તો રાગમાં પોતાપણું માનીને રહ્યો છે, એ જ દશા છે. સમજાય છે કાંઈ? પર્યાયબુદ્ધિ છૂટીને દ્રવ્યબુદ્ધિ થઈ નહિ તો ભેદજ્ઞાન નથી, એમ કહે છે લ્યો. પ્રેમચંદજી! ભગવાન આત્મા, અનાકુળ આનંદ એવો આત્મા કહ્યો ને? એ ક્યારે લક્ષમાં આવે? કે ત્રિકાળ દ્રવ્ય છે તેના તરફ દૃષ્ટિ થાય ત્યારે. એ ચૈતન્ય સ્વભાવવાન છે એ ક્યારે દૃષ્ટિમાં આવે? કે દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય તો. આત્મા અતિ નિર્મળાનંદ છે એમ ક્યારે આવે? કે પરથી લક્ષ છોડીને પોતામાં દૃષ્ટિ હોય તો. તો પોતામાં દૃષ્ટિ આવી તો પરથી નિવૃત્ત થયો અભિપ્રાયથી. વિકારના પરિણામ મારા છે એવા અભિપ્રાયથી નિવૃત્ત થઈ ગયો. ભેદ પડી ગયો. ... ગ્રંથિભેદ થઈ ગઈ. ગ્રંથિનો ભેદ થઈ ગયો. રાગનું એકત્વ માન્યું હતું જે મિથ્યાત્વ હતું તેનો ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? આત્મધર્મમાં આવે છે. પણ સીધું સમજાય એવું આત્મધર્મથી ન સમજાય. પંડિતજી! આવી વાત છે, ભગવાન! એવી ચીજ છે. ઓહો..!

કહે છે, '**તે જ વખતે ક્રોધાદિ આસ્રવોથી નિવૃત્ત થાય છે,...**' તે જ વખતે વિકારની રુચિ છૂટી અભિપ્રાય, દૃષ્ટિ આત્મામાં થઈ જાય છે. હું જ્ઞાનાનંદ છું એવો અભિપ્રાય થઈ ગયો. રાગાદિ હું છું એ અભિપ્રાય છૂટી ગયો. સમજાય છે કાંઈ? '**કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...**' પુણ્ય-પાપના વિકલ્પથી રુચિ છૂટી પોતાના સ્વભાવમાં આવ્યો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નહિ તો રુચિથી નિવૃત્ત થયો નહિ. તો **'આત્મા અને આસ્રવોના પારમાર્થિક (સાચા) ભેદજ્ઞાનની સિદ્ધિ જ થઈ નથી.'** તો ખરેખર પુણ્ય-પાપના દુઃખરૂપ ભાવ, ભગવાન આનંદરૂપ બેની એકતા તૂટી નથી તો પરથી નિવૃત્ત થયો નથી. પરથી નિવૃત્ત થયો તો પરથી જુદો પડી ગયો અને પર સાથે પોતાની એકતા રહી નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝીણું આવું. આ કરતાં કથા-વાર્તા હોય તો ઠીક પડે. આવું ઝીણું.. ઝીણું આમ. તાણા-વાણા કાઢ્યા જ કરે. એવો ભગવાન એ બહુ સૂક્ષ્મ છે. એમાં ચૈતન્યની એવી તાકાત છે, જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ છે.

કહે છે કે મારું સ્વરૂપ તો આનંદરૂપ છે, દુઃખ નહિ. અને એ દુઃખરૂપ છે. એમ જ્યાં બે વચ્ચે ભેદ પડી ગયો ત્યારે પોતાની દૃષ્ટિ પરથી ખસી ગઈ. પોતાના સ્વરૂપની દૃષ્ટિ થઈ ગઈ. તો પરથી નિવૃત્ત થઈ ગયો. અભિપ્રાયથી પરથી નિવૃત્ત થઈ ગયો. સમ્યગ્દૃષ્ટિ વિકારથી મુક્ત છે. સમ્યગ્દૃષ્ટિ વ્યવહારથી મુક્ત છે. વ્યવહાર છે તો વ્યવહાર વ્યવહારમાં છે. વ્યવહાર વ્યવહારમાં છે. સમ્યગ્દૃષ્ટિના નિશ્ચયમાં છે જ નહિ એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? જેમ શરીર શરીરમાં છે, સમ્યગ્દૃષ્ટિમાં શરીર છે જ નહિ. વ્યવહાર વ્યવહારમાં છે, સમ્યગ્દૃષ્ટિમાં વ્યવહાર છે જ નહિ. વ્યવહારથી છૂટી ગયો એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત આ.

**'કારણ કે તેમનાથી જે નિવર્તતો ન હોય...'** આ તેમનાથી નિવૃત્ત નથી એમાં ગડબડ કરે છે. એઈ..! સાધુ થાય, બધું છોડી દે તો નિવૃત્ત થયો. સાધુ કહેવા કોને તને ખબર નથી. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? આહાહા..! સાધુ થયો તો સિદ્ધ થયો. જેને નિદ્રા પણ પોણી સેકંડ આવે છે. સાધુ જેને ભાવસાધુ સત્ય છે એને તો નિદ્રા પણ પોણી સેકંડની હોય છે. એક મિનિટ નિદ્રા આવી જાય તો મુનિપણું રહે નહિ. આવી જેની દશા છે. ત્રણ કષાયનો અભાવ છે. એકલો આનંદ આનંદ આનંદ આનંદ.. અને પંચ મહાવ્રતના વિકલ્પ છે તેના પણ કર્તા નથી. કેમ કે ભેદજ્ઞાન થઈ ગયું છે. એમ કહે છે ને અહીંયા? પંચ મહાવ્રતના વિકલ્પ, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ છે તેનાથી-આસ્રવથી પણ ભેદજ્ઞાન થઈ ગયું. આહાહા..! તો જેનું ભેદજ્ઞાન થયું તેના કર્તા થતા નથી. પંચ મહાવ્રતના વિકલ્પના કર્તા થતા નથી એને ભેદજ્ઞાન થયું એમ કહે છે. કર્તાબુદ્ધિથી નિવૃત્ત થયો નથી અને કહે કે અમને ભેદજ્ઞાન છે, તો એ વાત સાચી નથી. એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોણી સેકંડ નિદ્રા લે તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. પંચમકાળમાં શું કરે? સાધુ તો એને કહે છે પરમેશ્વર, જેને છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર એક દિવસમાં આવે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છઠ્ઠું-સાતમું ગુણસ્થાન હજારો વાર. અપ્રમત્ત દશા આનંદનો અનુભવ, આનંદનો અનુભવ. વળી વિકલ્પ ઉઠે છે થોડો, વળી આનંદનો અનુભવ. વિકલ્પ ઉઠે છે તે પ્રમાદનો કાળ પોણી સેકંડની અંદર હોય છે. બસ, એટલી નિદ્રા હોય છે. રાત્રિના પાછલા ભાગમાં, પાછલા ભાગમાં.

શ્વેતાંબરમાં ઓલું કહ્યું છે, એ લોકોમાં ક્યાં ઠેકાણું છે. શ્વેતાંબરમાં એવો પાઠ છે, લ્યો. ઉત્તરાધ્યયનના ૨૬મા અધ્યનનમાં. ઉત્તરાધ્યયનમાં શ્વેતાંબરમાં. પહેલે પહોરે સજ્ઝાય કરવી, બીજે પહોરે ધ્યાન કરવું, ત્રીજે પહોરે નિદ્રા લેવી, .. ઘરની કલ્પના છે ને. દિગંબર છે એવું એમાં નથી. દિગંબરમાં તો છઠ્ઠા ગુણસ્થાન જેટલી નિદ્રા આવે એવો પાઠ છે શાસ્ત્રમાં. ધવલમાં. .. ચોથા પહોરમાં સ્વાધ્યાય કરવી. કોણ તમારે કરતા હતા? વ્યવહારના પણ ઠેકાણા નથી. દિવસના પણ ચાર ભાગ પાડ્યા છે શ્વેતાંબરે. ... ત્રીજે ગોચરી કરવા જાવું અને ચોથે સજ્ઝાય કરવી. એમ પાઠ છે. એવો પાઠ છે, ભાઈ! ૨૬મું અધ્યયન છે. સમાચારી. ઉત્તરાધ્યનનું ૨૬મું અધ્યયનન. આ તો બધું મોઢે છે ને, કંઠસ્થ કર્યું હતું ને. પહેલે પહોરે સજ્ઝાય કરવી. પહેલે પહોરે ઉઠે ત્યારે ફરે ચા અને દૂધ માટે. સવાર પડી ત્યાં ચા અને દૂધ, ચા અને દૂધ. આ તે કાંઈ સાધુ છે. તને ખબરેય નથી બાપા! આહાહા..! સમજાય છે? સમાચારી ૨૬મું અધ્યયન છે. એ બધું કંઠસ્થ હતું ને. ઉત્તરાધ્યયન આખું. છ હજાર શ્લોક કંઠસ્થ હતા. શ્વેતાંબર શાસ્ત્રના છ હજાર, સાત હજાર શ્લોક કંઠસ્થ પહેલા કર્યા હતા. એમાં આમ આવ્યું છે, પહેલે પહોરે સજ્ઝાય, બીજે પહોરે ધ્યાન, ત્રીજે પહોરે ગોચરી. અહીં તો આખો દી ગોચરી. સવારે દૂધ આઠ વાગે, દસ વાગે આહાર, પછી બપોરે કેરીનો કટકો મળે તો લે, સાંજે વળી ખીચડી અને કઢી. અરે.. ભગવાન! શું કરે છે? થેપલા હોય. ખીચડી કઢી નથી હવે. થેપલા, ભજીયા, પુડલા એવું સાંજે કરે. આરે..! કાળા કેર છે ને આ તે. વ્યવહારના ઠેકાણા ન મળે અને અમે સાધુ છીએ.

અહીં તો દિગંબર મુનિમાં ભગવાને એવું કહ્યું છે. પહેલે પહોરે સજ્ઝાય, બીજા પહોરે ધ્યાન, ત્રીજે પહોરે પણ ધ્યાન. ચોથે પહોરે એક થોડી, ચોથે પહોરે પાછલે પહોરે થોડી કરવટ લે. એક જ કરવટ હોં! પાછો ફેરફાર ન કરે. થોડી નિદ્રા આવી જાય પોણી સેકંડની. વળી સાતમું આવે. વળી સાતમે આવી જાય આનંદ આનંદ. વળી એક વિકલ્પ આવી જાય. એમ. બાપુ! વીતરાગ માર્ગ તો આવો છે. સમજાય છે કાંઈ? એઈ..! દીપચંદજી! સાધુપણું લેવું હતું એને ભાન વિના.

મુમુક્ષુ :- પંચમકાળમાં ચાલશે એવું.

ઉત્તર :- પંચમકાળમાં ચાલશે એવું. દીપચંદજી! ભગવાન! એમ ન ચાલે. ભાઈ!

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- સાચી વાત નથી. સત્ય વાત તો જેવી છે એવી જ રહેશે. પંચમકાળને કારણે બીજી થઈ જાય. શિરો બનાવે છે. લોટ, ઘી અને ગોળ. ચોથી વસ્તુ છે? પંચમકાળમાં બીજી ચીજ છે અને ચોથે આરે બીજી છે એમ છે? સાકર, લોટ અને ઘી. એની સુખડી બને છે. બીજાની બને? ધૂળની? પેશાબની? એમ બને? માર્ગ તો એક જ છે, પંચમ આરાનો, ચોથા આરાનો. સમજાય છે કાંઈ?

અહીં તો ઈ કહે છે, જુઓ! ઓહોહો..! પ્રથમ દરજ્જે જ્યારે ભગવાન આત્મા અખંડ અનાકુળ આનંદનું ભાન થયું તો એની સાથે આકુળતાનું કારણ દુઃખ એનાથી ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો તો પરથી નિવૃત્ત થઈ ગયો અભિપ્રાયમાંથી. અભિપ્રાયમાં, શ્રદ્ધામાં પોતાપણું માન્યું હતું એ શ્રદ્ધામાં ભેદ પડી ગયો. વિપરીતમાંથી વિપરીત થઈ ગયો, ફરી ગયો. પુણ્ય-પાપ મારા છે, દુઃખ છે. હું આનંદ છું, દુઃખરૂપ નહિ. એવી પોતાની અસ્તિનું ભાન થયું તો આ દુઃખરૂપ મારામાં નથી એવું નાસ્તિનું જ્ઞાન સાથે થઈ ગયું. પણ એનાથી નિવૃત્ત થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા..!

જો આસ્રવોથી નિવર્તતો નથી તો આત્મા અને વિકારના યથાર્થ ભેદજ્ઞાનની સિદ્ધિ ન થઈ. '**માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે...**' જુઓ! વિકારના દુઃખરૂપ પરિણામના ભાવથી નિવૃત્ત થયો. હું એ નથી, હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. એમ '**ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે જે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' જુઓ! અજ્ઞાનજનિતની વાત છે. થોડી અસ્થિરતા રહે છે એની વાત અહીંયા નથી. સમજાય છે કાંઈ? '**આસ્રવોથી નિવૃત્તિ સાથે...**' શિષ્યનો પ્રશ્ન હતો કે જ્ઞાનમાત્રથી જ બંધ રોકાઈ જાય છે? એવો પ્રશ્ન હતો. મહારાજ! જ્ઞાનમાત્રથી બંધ કેમ રોકાઈ જાય છે? જ્ઞાનમાત્રથી રોકાઈ જાય છે. પોતાનો બોધ, પોતાનો સ્વભાવ શુદ્ધ આનંદનું ભાન થયું તો વિકારની રુચિ ખસી ગઈ. વિકાર પોતાનો માનતો હતો. તેનાથી ભેદજ્ઞાન થઈ ગયું. તો અભિપ્રાયમાં પરથી નિવૃત્ત થઈ ગયો. પરથી નિવૃત્ત થયો તો એની સાથે પોતાનું જ્ઞાન પ્રગટ થયું. તો '**અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' લ્યો, સમજાય છે કાંઈ?

અમે તો દૃષ્ટાંત દઈએ છીએ. કન્યા હોય ને કન્યા? ૧૮ વર્ષની. કરોડપતિ હોય તો માને કે અમે કરોડપતિ છીએ, કરોડપતિ છીએ. ઘરમાં ચાર દીકરા હોય, દીકરી હોય બધા માને. ૧૮ વર્ષની છોકરીની જ્યાં સગાઈ થઈ સગાઈ, સગાઈ થતાં જ ખ્યાલમાં આવી ગયું કે સગાઈ થઈ ગઈ મારી એ જ વખતે બદલાઈ જાય. આ નહિ, હવે ઘર વર ઈ. કેટલી વાર લાગે? છે એના ઘરમાં, એના પિતાના ઘરમાં. પણ સગાઈ થઈ. મૂરતિયાની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સાથે. એ મૂરતિયાનો બસ્સો-ત્રણસોનો પગાર છે અને એના પિતાજી પાસે લાખની મૂડી છે. હું કરોડપતિ છું, કરોડપતિ છું એ હવે નહિ. એ ઘર અને એ વર. આ ઘર મારી ચીજ નહિ. એમ દૃષ્ટિ બદલાઈ જાય છે. એમ કહે છે. ક્ષણમાં બદલાઈ જાય છે. જ્યાં સાંભળ્યું ત્યાં ફટ..! રહેશે, જ્યાં સુધી લગ્ન નહિ થાય ત્યાં સુધી બે વર્ષ રહેશે. પણ દૃષ્ટિમાં પોતાપણું ઘરમાં નહિ રહે. પોતાપણું તો ત્યાં થઈ ગયું.

એમ જ્ઞાની-ધર્મીને પુણ્ય-પાપના પ્રેમથી રુચિ ખસીને સ્વભાવની રુચિ થઈ તે વખતે થોડા પુણ્ય-પાપ રહેશે પણ એનાથી ભિન્ન રહેશે. એનાથી ભિન્ન રહેશે. અભિપ્રાયમાં ભિન્ન પડી ગયો છે. એક થતા નથી. સમજાય છે કાંઈ? એની વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૭, શનિવાર તા. ૧૮-૫-૧૯૬૮**
**ગાથા-૭૨, શ્લોક-૪૭. પ્રવચન-૫૧૦**

૭૨ ગાથા ચાલે છે. શિષ્યનો પ્રશ્ન છે. ઉપર પહેલેથી ચાલ્યું આવે છે. પ્રશ્ન છે ને પહેલો? '**જ્ઞાનમાત્રથી જ બંધનો નિરોધ કઈ રીતે છે?**' ઉપર પ્રશ્ન છે. ૭૨ ગાથામાં એનો ઉત્તર છે. શું કહે છે? ભગવંત! આત્મા અને વિકાર ભેદજ્ઞાનમાત્રથી એને કર્મબંધનો નિરોધ નામ રોકવું કઈ રીતે થાય છે? એમ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? આત્મા અતિ નિર્મળાનંદ ચૈતન્યસ્વભાવ આનંદ સ્વરૂપ છે અને વિકાર અશુચિ, અચેતન, દુઃખરૂપ છે. એમ બે વચ્ચે ભેદજ્ઞાન થવાથી જ્ઞાનમાત્રથી કર્મનું બંધન અટકી જાય છે એ કઈ રીતે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે.

એનો ઉત્તર ત્રણ બોલથી આપ્યો. જ્યારે આત્મા પુણ્ય-પાપના ભાવ એ અશુચિ, અપવિત્ર અને મેલ છે. અને ભગવાન આત્મા અતિ નિર્મળાનંદ, ત્રિકાળ ધ્રુવ છે. એમ બે વચ્ચે તફાવત, અંતર, વિશેષતા, જુદાઈ જોઈને... એમાં છે. બે વચ્ચેનો તફાવત અંદરમાં જોવે છે. વિકાર તો અશુચિ છે. હું શુચિ-પવિત્ર છું. પુણ્ય-પાપના ભાવ એ અચેતન છે કેમ કે પોતાને જાણતા નથી. અને હું ચૈતન્ય સ્વભાવવાન છું. મને અને પરને જાણનારો છું. અને પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ છે, હું દુઃખરૂપ નથી, હું આનંદરૂપ છું. એમ અંતરમાં સ્વસન્મુખ થઈને મલિનતાનો ભેદ કરીને જ્યારે પોતાનું જ્ઞાન થાય છે તો અજ્ઞાન ટળી જાય છે અને અજ્ઞાનને કારણે જે બંધ થતો હતો એ થતો નથી. કહો, સમજાય છે? એ જ સંસાર હતો. અજ્ઞાનથી દર્શનમોહનું બંધન થતું હતું એ જ સંસાર હતો. એ બંધન અટકી ગયું. પોતાનું સ્વરૂપ ચૈતન્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ અને વિકાર મલિન, અચેતન અને દુઃખ, એમ બે વચ્ચેનો તફાવત અંતરમાં જોઈને સ્વભાવ સન્મુખ થાય છે તો અજ્ઞાનનો નાશ થાય છે, મિથ્યાત્વ ઉત્પન્ન થતું નથી, સ્વરૂપની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે તો એને અજ્ઞાન અને મિથ્યાત્વથી જે બંધ થતો હતો એ બંધ થતો નથી. સમજાય છે કાંઈ? સમજાયું કે નહિ? મૂળ વાત છે. મૂળ વાત સમ્યગ્દર્શનની છે. મૂળ વાત.

સમ્યગ્દર્શન થતાં જ બંધનું કારણ અટકી ગયું એમ અહીંયા કહે છે. સર્વથા બંધ છે જ નહિ. કેમ કે ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવી નિર્વિકલ્પ જ્ઞાન, આનંદનું ધામ છે. એમ સ્વસન્મુખ થઈને પરથી ભિન્ન પડી ગયો. સ્વસન્મુખ થયો તો પરથી એની નાસ્તિ થઈ ગઈ. એમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં જ સાથે જે જ્ઞાન થયું તેનાથી જ અજ્ઞાનનો નાશ, મિથ્યાત્વનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નાશ અને અજ્ઞાનથી કર્મનો બંધ હતો એ અટકી ગયો. જ્ઞાનીને કર્મનો બંધ નથી. સમજાય છે કાંઈ? ઈ માથે કહ્યું, જુઓ!

'**માટે ક્રોધાદિક આસ્રવોથી નિવૃત્તિ સાથે...**' છેલ્લી લીટી છે. વિકારના પરિણામને અહીંયા ક્રોધ, માન, માયા કહ્યું છે. એનાથી રુચિ ખસીને પોતાના જ્ઞાનાનંદ સ્વભાવ સન્મુખ થઈને પોતાનું જ્ઞાન થયું તો (આસ્રવોથી) '**નિવૃત્તિ સાથે અવિનાભાવી છે એવા જ્ઞાનમાત્રથી જ,...**' વિકારની રુચિ ખસીને પોતાના સ્વભાવ સન્મુખનું જ્ઞાન થયું તો વિકારથી નિવૃત્તિ થઈ અને તેની સાથે પોતાનું જ્ઞાન થયું. એ અવિનાભાવી જ્ઞાનમાત્રથી અજ્ઞાનજન્ય પૌદ્ગલિક કર્મના બંધનો નિરોધ થાય છે. કહો, સમજાય છે કાંઈ? મૂળ માર્ગ આ છે. બાકી બધી ક્રિયા કરે જડની એ તો પર છે. પુણ્ય પરિણામ આદિ તો પરભાવ છે. ૭૨ ગાથા આપણે આવી. ત્રણ દિવસથી સાંભળે છે કે નહિ ખબર નથી, કઈ ગાથા ચાલે છે. બે-ત્રણ દિવસથી સાંભળે છે, કઈ ગાથા ચાલે છે એની ખબર નથી. કઈ ગાથા ચાલે છે એનો ખ્યાલ હોવો જોઈએ ને. સમજાય છે કાંઈ? સંસાર આમ જ ચાલે છે અનાદિથી.

કહે છે, અહીંયા તો બહુ સારી ગાથા છે. અહીંથી લીધું છે. શું છે, કયું પદ ચાલે છે, કઈ ગાથા ચાલે છે એની ખબર નથી તો સમજે શું? સમજાય છે કાંઈ? રોજ ગ્રંથ બદલાય છે, પણ ગાથા ૭૨ બદલાય છે? ગાથા ૭૨ છે કે નહિ? અહીં તો અત્યારે ૭૨ ચાલે છે ને. બચાવ કર્યો. નિશાળની બહુ ચોપડી આવે એમાં બધાનું ધ્યાન રાખે. નહિ? શું કહે છે જુઓ! બહુ સારું આવે છે. તર્કથી ન્યાય કોર્ટ ચલાવે છે આચાર્ય. જુઓ!

'**જ્ઞાનમાત્રથી જ, અજ્ઞાનથી થતો જે પૌદ્ગલિક કર્મનો કર્મનો બંધ તેનો નિરોધ થાય છે.**' માત્રજ્ઞાનથી. હવે તર્ક લે છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ અખંડ આનંદ વિકારથી ખસીને પોતાના સ્વભાવ સન્મુખ થઈને વિકારથી નિવૃત્ત થયો તો પોતાનું અવિનાભાવી જ્ઞાન થયું. વિકારથી નિવૃત્ત થયો તો પોતાનું અવિનાભાવી એટલે વિકારથી નિવૃત્ત થયો અને જ્ઞાન થયું, સાથે છે. એકસાથે છે. એ અવિનાભાવનો અર્થ છે. સમજાય છે કાંઈ? હવે કહે છે.

'**વળી, જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?**' પ્રશ્ન કરે છે. અમે કહીએ છીએ કે જ્ઞાનમાત્રથી સંસારનો નિરોધ થઈ જાય છે. કઈ રીતે? અમે તર્ક કરીએ છીએ, તને પૂછીએ છીએ. કોર્ટમાં જેમ પ્રશ્ન કરે એમ પ્રશ્ન કરે છે, જુઓ! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવમાત્રથી અજ્ઞાનના બંધનો નિરોધ કઈ રીતે થાય છે એ અમે સિદ્ધ કરીએ છીએ. '**જે આ આત્મા...**' બીજો પેરેગ્રાફ છે. '**અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે?**' આચાર્ય પ્રશ્ન કરે છે. શું પ્રશ્ન કરે છે સમજાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે, અમે એમ કહીએ છીએ, ભગવાન એમ કહેતા હતા અને એમ છે કે ચૈતન્ય ભગવાન આત્મા પોતાના સ્વભાવનો બોધ થવાથી અને વિકારની રુચિથી ખસીને ત્યાંથી નિવૃત્તિ થઈ, વિકારના પરિણામમાં જે એકત્વબુદ્ધિ હતી તેનાથી નિવૃત્તિ થઈ. અને પોતાના સ્વભાવથી ભિન્ન થતો હતો તે અભિન્ન થયો, એકાકાર થયો. એવી દૃષ્ટિમાં જ્ઞાનમાત્રથી કર્મનો નિરોધ થાય છે. એને કર્મ બંધાતા નથી. અસ્થિરતાનો થોડો રાગ છે તેને અહીંયા ગણવામાં નથી આવ્યો. એ તો જ્ઞેયમાં ગયો.

હવે જ્ઞાનમાત્રથી બંધ ન અટકે તો અમે પ્રશ્ન કરીએ છીએ. આચાર્ય કહે છે. આત્માનો અને વિકારથી ભિન્નતાનો બોધ થવામાત્રથી અજ્ઞાનથી કર્મબંધ થતો હતો એ અટકી ન જાય તો અમે તને પ્રશ્ન કરીએ છીએ. એમ કહે છે. શું? આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે, પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ છે, એ અશુચિ છે, અચેતન છે, દુઃખ છે. ભગવાન આત્મા ચેતન છે, નિર્મળ છે, આનંદ છે. એમ અંતરમાં પર્યાયબુદ્ધિથી રુચિ ખસીને સ્વભાવબુદ્ધિ થઈ એવું જે ભેદજ્ઞાન છે એ અજ્ઞાન છે કે જ્ઞાન છે? એમ પ્રશ્ન કર્યો.

'**જો અજ્ઞાન છે...**' જો તમે અજ્ઞાન કહો. આચાર્ય પ્રશ્ન કરે છે. '**તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.**' શું કહે છે? જે અજ્ઞાન છે એ, આત્મા શુદ્ધ ચિદાનંદ નિર્મળ અને વિકાર દુઃખરૂપ, અશુચિ અને જડ એનાથી એકત્વબુદ્ધિ હતી, અભેદતા હતી તે જ રહી. અભેદતા હતી તે જ રહી. એની કોઈ વિશેષતા ન થઈ. ફેર ન પડ્યો. સમજાય છે કાંઈ? કોર્ટમાં જેમ જવાબ આપે એમ અહીંયા શિષ્યને જવાબ આપ્યો છે. કહે છે કે આત્મા ચૈતન્યસ્વરૂપ ભગવાન, પોતામાં દોષ થયો તો તે જ વખતે વિકારના પરિણામથી રુચિ નિવૃત્ત થઈ. અભિપ્રાય નિવૃત્ત થયો અને પોતાનું જ્ઞાન સાથે થયું. એ જ્ઞાનમાત્રથી જ અજ્ઞાનથી થતો બંધ રોકાઈ જાય છે. અને જો ન રોકાય તો અમે પ્રશ્ન કરીએ છીએ કે શું ભેદજ્ઞાન અજ્ઞાન છે કે જ્ઞાન? આસ્રવ વિકારી પરિણામ જે પરલક્ષી હતા અને સ્વલક્ષી સ્વભાવ એ બેનો ભેદ પડ્યો એ અજ્ઞાન છે કે જ્ઞાન? કહે અજ્ઞાન. જ્ઞાન છે તો પુણ્ય-પાપના ભાવ અને આત્મસ્વભાવ બેની એકતામાં ફેર તો ન પડ્યો. ફેર તો ન પડ્યો, એક જ વાત થઈ ગઈ. સમજાય છે કાંઈ?

આ તો અલૌકિક વાત છે, ભાઈ! જન્મ-મરણ ટાળવાની વાત છે. સૂક્ષ્મ તો પડે. તર્ક ઉઠાવ્યો છે જુઓ! શિષ્યના મુખમાંથી બોલાવે છે. બોલ! ભેદજ્ઞાનથી કર્મબંધ ન અટકે, અમે તને પૂછીએ છીએ કે ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન? તે કહે અજ્ઞાન. તો જ્ઞાનનો અર્થ શું થયો? પુણ્ય-પાપનો આસ્રવ અને સ્વભાવ બેની અભેદબુદ્ધિ રહી. એમાં કોઈ ફેર તો ન પડ્યો. અભેદમાં કોઈ ફેર ન પડ્યો. અભેદબુદ્ધિ જે અનાદિ કાળથી છે, પુણ્ય-પાપનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગ અને સ્વભાવ, એક બુદ્ધિ હતી, અભેદ બુદ્ધિ હતી એ અજ્ઞાનમાં જ રહ્યો. ભેદજ્ઞાન ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ? પ્રવિણભાઈ! આવું સમજવા મહેનત કરવી પડતી હશે?

કહે છે, ભગવાન! અમે તને કહીએ છીએ કે પ્રભુ ચૈતન્ય છે કે નહિ? જ્યારે પરદ્રવ્યના કર્તાપણાની બુદ્ધિ ગઈ અને પુણ્ય-પાપના આસ્રવના આશ્રયથી જે દુઃખ થતું હતું એની બુદ્ધિ ગઈ અને બુદ્ધિ થઈ જ્ઞાનસ્વભાવમાં. જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળી છે એનું જે જ્ઞાન થયું તો રાગથી નિવૃત્તિની સાથે જ આત્માનું જ્ઞાન થયું. રાગની રુચિથી નિવૃત્ત થયો અને પોતાના સ્વભાવનું જ્ઞાન થયું, બેય સાથે છે. અને એ જ્ઞાનમાત્રથી નવું કર્મ રોકાઈ જાય છે એમ અમે કહીએ છીએ. તો તને પૂછીએ છીએ કે રોકાય નહિ તો આત્મા અને આસ્રવ-પુણ્ય-પાપના ભાવ મલિન અને ભગવાન આત્મા, બેની વચ્ચે ભેદજ્ઞાન થયું એ અજ્ઞાન છે કે જ્ઞાન? શિષ્ય કહે અજ્ઞાન. શિષ્ય એમ કહે છે કે અજ્ઞાન છે. અજ્ઞાન? તો બેની એકતા રહી. બેની એકતામાં કંઈ ફેર તો પડ્યો નહિ. વિકાર અને આત્મા, આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વ બેની એકતામાં ફેર તો પડ્યો નહિ. અજ્ઞાન છે તો બેય એક જ થયા. તો જ્ઞાન થયું નહિ. સમજાય છે કાંઈ? કેટલી દલીલ ન્યાયથી બતાવે છે. ... સુખડ ગંધાય છે. નહિ? સુખડ ...

'**આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે...**' શું કહે છે સમજાય છે? ભગવાન ચૈતન્યજ્યોત આત્મા જ્ઞાયકભાવ અને પુણ્ય-પાપ મલિન આસ્રવતત્ત્વ. બે તત્ત્વ ભિન્ન છે. તો બેના ભિન્નનું ભાન થયું એ ભેદજ્ઞાનથી જ કર્મનું બંધન અટકી ગયું, અજ્ઞાનથી જે બંધ થતો હતો એ. પ્રશ્ન કરે છે કે જો જ્ઞાનથી-સમ્યક્જ્ઞાનથી બંધ ન રોકાય તો ભેદજ્ઞાન થયું એ અજ્ઞાન છે કે જ્ઞાન? તો કહે છે, અજ્ઞાન છે. અજ્ઞાન હોય તો બેની એકતાબુદ્ધિ રહી. એ પોતાનું જ્ઞાન થયું નહિ. પોતાનું જ્ઞાન તો થયું નહિ. વિકાર અને આત્માને એક માન્યા. એક માન્યા તો અજ્ઞાન છે. બેની એકતા અભેદમાં કોઈ ભેદની વિશેષતા ન થઈ. તો અભેદ જ રહ્યો, અનાદિ કાળનો જેમ છે તેમ જ રહ્યો. એને ભેદજ્ઞાન નથી કહેતા. સમજાય છે કાંઈ? આવું બધું શીખવું, વાણિયાને શીખવાનું આવતું હશે? આત્માની વાત છે. આત્માની કેવળજ્ઞાન લેવાની તાકાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**કાંઈ વિશેષતા ન થઈ.**' શું પ્રશ્ન છે? રાત્રે પૂછે તો ન આવડે એવો પ્રશ્ન છે. ન આવડે એવો પ્રશ્ન છે. '**આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.**' એની નામ તને અજ્ઞાન ચાલુ રહ્યું. પુણ્ય-પાપના ભાવ અને સ્વભાવ આત્મા, બેમાં અનાદિની એકતાબુદ્ધિ છે એમાં વિશેષ-ફેર તો પડ્યો નહિ. એકતા ચાલુ રહી. વિશેષ-ફેર ન પડ્યો. વિશેષતા ન રહી. ભેદ તો થયો નહિ, અભેદ જ રહ્યો. પુણ્યથી મને લાભ થાય છે, શુભભાવથી મને ધર્મ થાય છે, એવી જે બુદ્ધિ છે એ ચાલુ રહી. એમાં ભેદજ્ઞાન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ક્યાં થયું? સમજાય છે કાંઈ?

**'અને જો જ્ઞાન છે...'** અમે તને પૂછીએ છીએ કે એ જ્ઞાન છે, આત્માનું જ્ઞાન છે અને આસ્રવથી ભિન્ન પડેલું જ્ઞાન છે **'તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?'** અમે કહીએ છીએ કે જે જ્ઞાન છે એ પુણ્ય-પાપના જે ભાવ છે તેમાં પ્રવર્તે છે કે તેનાથી નિવૃત્ત થઈને સ્વભાવમાં આવ્યું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પ્રવૃત્ત છે કે નિવૃત્ત છે? એમ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, કહે છે, એ વાત તો જૂઠી છે. કાલે કહ્યું હતું. કાલે કહ્યું હતું, જૂઠ છે. અહીં તો અજ્ઞાનની વાત છે. કાલે ઈ કહ્યું હતું. અમને ખબર છે ને.

અહીં તો કહે છે કે જે જ્ઞાન છે એ આસ્રવોમાં એટલે પુણ્ય-પાપના ભાવમાં એકત્વબુદ્ધિથી પ્રવર્તે છે કે એનાથી નિવૃત્ત છે? અભિપ્રાયની વાત છે. અહીં તો અજ્ઞાનજન્ય કહ્યું ને? માથે ન કહ્યું? અજ્ઞાનજન્ય પૌદ્ગલિક કર્મબંધથી નિવર્તે છે. સમજાય છે કાંઈ? એ.. દીપચંદજી! આ મહાવ્રત લઈ લેવા, અમે નિવૃત્ત થઈ ગયા, એમ કહે છે. ધૂળમાં. આ તો હજી સમ્યગ્દષ્ટિની વાત છે. ઈ ખબર છે, લગાવે છે, ખબર છે. અહીં તો અજ્ઞાનથી બંધ અટકી ગયો જ્ઞાનમાત્રથી એ સિદ્ધ કરવું છે. સમ્યક્જ્ઞાન જ્યાં થયું, અબંધસ્વરૂપ ભગવાન આત્મા વિકારથી ભિન્ન પડ્યો, અબંધ ચૈતન્યનું ભાન થયું તો અબંધના પરિણામ અબંધ હોય. એને બંધ હોતો નથી. એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ?

જુઓ! પહેલા શું કહ્યું? **'આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.'** બેની એકતા થઈ, ભેદજ્ઞાન તો થયું નહિ. ભેદજ્ઞાન ન થયું. અહીંયા તો એ પ્રશ્ન છે ને. **'અને જો તે જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે...'** વિકારની રુચિમાં પ્રવર્ત્યું છે કે વિકારની રુચિથી ખસી ગયું છે? સમજાય છે કાંઈ? જો જ્ઞાન છે તો અમે પ્રશ્ન કરીએ છીએ, એ જ્ઞાન જો છે, તો જ્ઞાન તો એને કહે છે કે વિકારના પરિણામના અભિપ્રાયથી ખસીને સ્વભાવનું જ્ઞાન થયું એનું નામ જ્ઞાન કહે છે. તો અમે કહીએ છીએ કે જ્ઞાન પુણ્ય-પાપની એકતામાં પ્રવર્તે છે કે પુણ્ય-પાપથી નિવૃત્ત થઈને આત્મામાં પ્રવર્તે છે? સમજાય છે કાંઈ? ભારે ગડબડ. ટાણા આવ્યા ત્યારે અવળો થયો. કંઈક કંઈક .. મહાવ્રત પોતે આસ્રવ છે. એ તો અજ્ઞાનની વાત છે. સમજાય છે કાંઈ? એઈ.. ચંદુભાઈ!

કહે છે, **'જો તે જ્ઞાન છે...'** જો તે જ્ઞાન છે એટલે? કે પુણ્ય-પાપના રાગથી ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પડીને જે પોતાનું જ્ઞાન થયું તે જ્ઞાન છે તો અમે પૂછીએ છીએ કે એ જ્ઞાન આસ્રવોમાં પ્રવર્તે છે? એ પુણ્ય-પાપના પરિણામમાં એકત્વપણે પરિણમે છે કે નિવૃત્ત છે? કે આસ્રવથી ખસીને પોતાના સ્વભાવમાં આવ્યું છે? સુરેન્દ્રજી! આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! એને શાસ્ત્ર અર્થ કરવામાં પણ વિપરીતતા લગાવે. આત્માના અર્થમાં અંદર પ્રયોજનમાં તો ક્યાં જાય? પોતાના બચાવ ખાતર.. કહ્યું નહિ? કાલે નહોતું આવ્યું? કે વ્યવહાર તો અનંત વાર કર્યો. ... વ્યવહાર તો અનંત વાર કર્યો, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે તો. વ્યવહારથી કોઈ નિશ્ચય થયો નહિ. સમજાય છે કાંઈ? .... વ્યવહાર પરંપરા (કારણ છે). પણ કોને? જે એનાથી ભિન્ન પડ્યો છે, સમ્યગ્દર્શન થયું છે તેને સાક્ષાત્ મોક્ષનું કારણ નિર્મળ દશા છે. અને વ્યવહાર છે તેનો અભાવ કરીને જાશે તો સમકિતીને પરંપરા મોક્ષનું કારણ છે તેનો આરોપ આવે છે. સમજાય છે કાંઈ? કંઈકનું કંઈક કરે. મિથ્યાદષ્ટિનો વ્યવહાર તો અનંત વાર કર્યો. એનાથી કંઈ થયું નહિ. પરંપરા મોક્ષ ક્યાંથી આવ્યો? પરંપરા મોક્ષ જે લખ્યું છે એનો અર્થ એ છે કે વ્યવહારના વિકલ્પથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાન ચિદાનંદનો નિર્વિકલ્પ અનુભવ થયો છે. એમાં જે રાગ રહ્યો, સાક્ષાત્ મોક્ષનું કારણ નિર્વિકલ્પ દશા, રાગ બાકી રહ્યો એ પછી અશુભરાગ ઘટીને શુભમાં આવ્યો છે, શુભરાગ છોડીને શુદ્ધમાં આવશે. તેથી સમ્યગ્દષ્ટિના શુભમાં પરંપરા મોક્ષનો આરોપ કરવામાં આવે છે. આરોપ છે. અરે.. ભગવાન! શું કરે? ભારે ગડબડ. સમજાય છે કાંઈ?

ઈ કહે છે, ભાઈ! એ જ્ઞાન છે તે આસ્રવોમાં પ્રવર્તે છે? ચૈતન્યમૂર્તિ જ્ઞાન છે તો જ્ઞાનમાં જ્ઞાન પ્રવર્તે છે કે જ્ઞાન પુણ્ય-પાપની રુચિમાં અભિપ્રાયમાં એકત્વ થઈને પ્રવર્તે છે? સમજાય છે કાંઈ? કે નિવૃત્ત છે? '**જો આસ્રવોમાં પ્રવર્તે છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ.**' જે પુણ્ય-પાપ આસ્રવતત્ત્વ ભિન્ન તત્ત્વ છે એમાં જ્ઞાન એકત્વ થઈને પ્રવર્તે તો ભિન્નતા તો રહી નહિ. એ તો અભેદજ્ઞાન થયું. પુણ્ય-પાપના ભાવ અને આત્માનો અભેદ થયો. અભેદમાં કંઈ ફેર પડ્યો નહિ. વિશેષતા તો કંઈ થઈ નહિ. સમજાય છે કાંઈ? શાંતિથી સમજવું જોઈએ. સમજાય છે?

જો (આસ્રવોમાં) પ્રવર્તે છે તો '**આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી..**' શું (કહે છે)? આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ જ્ઞાયક અને પુણ્ય-પાપ મલિન તત્ત્વ. જ્ઞાન જો એમાં મલિનતામાં એકત્વપણે પ્રવર્તે તો અભેદજ્ઞાન થયું. તો બેમાં એકતા થઈ, પરથી ભિન્ન તો પડ્યો નહિ. ન્યાય સમજાય છે? બસ! પાંચ મહાવ્રત લે ત્યારે જ્ઞાની કહેવાય? સમ્યગ્દષ્ટિ જ્ઞાની નહિ? આરે..! ગજબ કરે છે ને. પંચ મહાવ્રતના વિકલ્પ તો અભવી પણ કરે છે, અભવીને આવે છે. બંધ અધિકારમાં અધિકાર આવી ગયો. સમજાય છે કાંઈ? અભવી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ જિનવરે કહેલા વ્રત, તપ આદિ અનંત વાર કરે છે, વ્યવહારનો આશ્રય કરીને. નિશ્ચય થયો નથી. વ્યવહાર નિષેધવા યોગ્ય જ છે, વ્યવહાર આશ્રય કરવા લાયક નથી. હોય છે. જ્યાં સુધી નિશ્ચય પૂર્ણ ન થાય ત્યાં સુધી વચ્ચે વ્યવહાર આવે છે. અશુભથી બચવા એવી જાતના વિકલ્પ હો. પણ એ પરંપરા મોક્ષનું કારણ કોને કહ્યું? કે જે એનાથી ભિન્ન પડીને આત્માનો અનુભવ થયો તો રાગ હું નથી, હું વ્યવહારમાં નથી, હું તો નિશ્ચયમાં છું. એવા જ્ઞાનીને જે વ્યવહારનો વિકલ્પ છે, તેનાથી ખસીને નિર્વિકલ્પ થશે. તેથી એને પરંપરા મોક્ષના કારણનો આરોપ કરવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? હવે તો ચાલે છે ઘણું. એમાં કાંઈ હવે ચાલે એવું નથી. જવાબ દેવો મુશ્કેલ પડે છે. મૂંઝાણા છે. કાનજીસ્વામી આમ કહે છે. નહિ? ભગવાન આમ કહે છે. કાનજીસ્વામી ક્યાં ઘરનું કહે છે? સમજાય છે કાંઈ? શાસ્ત્ર પોકાર કરે છે.

ભગવાન! સાંભળ તો ખરો. તારા ચૈતન્યમાં ઋદ્ધિ તો આનંદ, અનંત શાંતિની ઋદ્ધિ પડી છે. અને એવો શાંત, આનંદ સ્વભાવ. વિકાર અશાંત અને દુઃખ સ્વભાવ. એનાથી ભિન્ન પડીને પોતાનો બોધ થયો તો એ જ્ઞાન આસ્રવમાં પ્રવર્તે છે કે નિવર્ત્યુ છે? તો કહ્યું, પ્રવર્તે છે. પ્રવર્તે છે તો એકબુદ્ધિ થઈ. સ્વભાવ અને વિભાવની એકબુદ્ધિ થઈ, અભેદ થયો. તો અભેદમાં કોઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો. કેમ ન કહેવાય? જે પુણ્ય-પાપના પરિણામના અભિપ્રાયથી ખસી ગયો છે, પોતાના સ્વભાવમાં આવી ગયો છે તો પુણ્ય-પાપથી ખસી ગયો, નિવૃત્તિ થઈ ગઈ. સ્વભાવનું જ્ઞાન થયું. વિભાવથી ખસીને પોતાનું જ્ઞાન થયું. જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ કેમ ન કહેવાય? જ્ઞાનીને જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

જુઓને! આચાર્યે કોર્ટ બેસાડી છે. કોર્ટમાં જેમ કાયદા કાઢે ને કે આ કાયદો આમ છે, આ કાયદો આમ છે. લાવો, ન્યાય લાવો. આ કંઈ કચડમચડ કરીને માનવાનું નથી. '**न्यावयम**' માર્ગ છે. '**न्यावयम**'. ન્યાય નામ નીતિ. 'ની' ધાતુ. સ્વરૂપ જેવું છે, વિકાર જેવું છે એનાથી ભેદજ્ઞાનમાં જ્ઞાનને દોરી જવું, લઈ જવું એનું નામ ન્યાય છે. ન્યાયમાં પોતાનો જ્ઞાનસ્વરૂપ ભગવાન પુણ્ય-પાપના પ્રેમથી, રુચિથી, અભિપ્રાયથી એકત્વબુદ્ધિથી ખસી ગયો. ખસીને પોતાના સ્વભાવમાં એકત્વ થયું એ જ્ઞાન થયું. અને એ જ્ઞાનમાત્રથી ભેદજ્ઞાન થવાથી બંધન થતું નથી. સમજાય છે કાંઈ? અને એ જ્ઞાનને જો તું અજ્ઞાન કહે તો એ અભેદ થયું. રાગ અને પુણ્યની સાથે અભેદ એક થયું. એમાં કંઈ વિશેષતા ન થઈ. અને જો તું એને જ્ઞાન કહો તો જ્ઞાન છે તો જ્ઞાન પુણ્યની રુચિમાં પ્રવર્તે છે, વિકારની રુચિમાં પ્રવર્તે છે કે રુચિથી નિવૃત્ત થઈને પોતામાં પ્રવર્તે છે? કે રુચિમાં પ્રવર્તે છે? તો એ પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અભેદ થયું. એ પણ વિકાર અને આત્મસ્વભાવ એક થયા, એમાં કંઈ વિશેષતા ન થઈ. સમજાય છે કાંઈ?

**'અને જો આસ્રવોથી નિવર્ત્યું છે...'** ભગવાન આત્મા વિકલ્પ જે રાગ, બંધ-ભાવબંધ છે એનાથી પર્યાયબુદ્ધિથી ખસીને પોતાની સ્વભાવબુદ્ધિમાં આવ્યો તો જ્ઞાનથી જ આસ્રવોથી અંદરમાં નિવૃત્ત થયો. અભિપ્રાયમાં, શ્રદ્ધામાં-દૃષ્ટિમાં જ્ઞાન વિકારથી ખસીને સ્વભાવ સન્મુખ થયું તો એ જ્ઞાનમાત્રથી આસ્રવોથી નિવૃત્ત થયું. સમજાય છે કાંઈ? **'આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય?'** જુઓ! હવે એની દલીલ છે એને સિદ્ધ કરે છે. મહાવ્રત મહાવ્રત કરે છે તો એની દલીલ સિદ્ધ કરે છે. જુઓ! **'(સિદ્ધ થયો જ કહેવાય). આમ સિદ્ધ થવાથી...'** જુઓ! હવે બે ન્યાય આપે છે. **'આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ એવા ક્રિયાનયનું ખંડન થયું.'** લો. શું કહે છે? અજ્ઞાનનો અંશ એટલે જે રાગ મંદ છે એ અજ્ઞાનનો અંશ છે. એનાથી મને ધર્મ થયો એમ માનનારનું ખંડન કર્યું. બે બોલ સમજવાની વસ્તુ છે. ક્રિયાનય અને જ્ઞાનનય. કહે છે કે ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પથી, આસ્રવથી જે બુદ્ધિ હતી એકબુદ્ધિ હતી એનાથી ખસીને પોતાના સ્વભાવ સન્મુખમાં જે સ્વનું જ્ઞાન થયું એ આસ્રવથી એ જ્ઞાન ખસી ગયું છે અને સ્વભાવમાં આવી ગયું છે. એ જ્ઞાનમાત્રથી ધર્મ થયો અને બંધન અટકી ગયું. આમ કહેવાથી રાગમાત્રથી જે મોક્ષ માનતા હતા, રાગની મંદ પર્યાયથી ધર્મ માનતા હતા, એવા અજ્ઞાન અંશનું ખંડન થઈ ગયું કે તારા રાગની મંદતાથી ધર્મ નથી. રાગ છે એ અજ્ઞાન અંશ છે. ચૈતન્યનો અંશ નથી. તો અજ્ઞાન અંશથી જે લાભ માનતો હતો એનું ખંડન કર્યું. તારા રાગની મંદતાથી કદી સમ્યગ્દર્શન અને જ્ઞાન થતું નથી. સમજાય છે કાંઈ? ક્રિયાનય એ રાગ. વિકલ્પ રાગ મંદ થયો ને? વ્યવહાર. દયા, દાન, વ્રત એ રાગ છે એ ક્રિયા છે, રાગની ક્રિયા છે. આત્મા જ્ઞાનસ્વરૂપ અક્રિય છે. આ રાગ ક્રિયા છે. રાગથી ધર્મ થાય છે એમ માનનારો, રાગથી ભિન્ન બતાવ્યું, રાગથી ભિન્ન પડીને પોતાનો ધર્મ થયો. રાગને રાખીને ધર્મ થાય છે એમ માનનારાનું ખંડન કર્યું. ફરીથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નય કહ્યું ને? એકાંત થયું ને. એકાંત નય. કુનય છે ને. રાગની મંદતાથી (ધર્મ) માનવો એ અજ્ઞાનનય કુનય છે. ખંડન કરે છે ને અહીં તો? ક્રિયાનયનું ખંડન થયું. તો ક્રિયાનય જે અજ્ઞાની માનતો હતો કે મારે રાગની મંદતા ક્રિયા વ્યવહારથી ધર્મ થાય છે. એમ એકાંત કરે છે. સમજાય છે કાંઈ?

**'આમ સિદ્ધ થવાથી અજ્ઞાનનો અંશ...'** એટલે રાગને અજ્ઞાન જ કહ્યું છે. રાગનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અંશ છે એ અજ્ઞાન છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્યજ્યોત છે. એનાથી વિરુદ્ધ જે રાગની મંદતા પંચ મહાવ્રતનો રાગ, દયા, દાન, વ્રતાદિ અજ્ઞાન છે. અજ્ઞાનનો અંશ એટલે એમાં જ્ઞાનનો ભાવ નથી. કોને? અજ્ઞાન અંશ રાગને કહ્યું. એ રાગની વિકારની ક્રિયા છે તેનાથી મને ધર્મ થાય છે એમ માનનારનું ખંડન કર્યું. કેમ? રાગથી ભિન્ન પડવાથી જ્ઞાન થાય છે અને ધર્મ થાય છે. રાગની મંદતાથી ધર્મ થાય છે એમ નહિ. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ? એમાં છે કે નહિ? રાત્રે પ્રશ્ન પૂછશે તો આવડશે કે નહિ? લે. જો આ તમારો બચાવ કરે છે. બે-ત્રણવાર તો ચાલે (સમજાવીયે) છે. બે-ત્રણ-ચાર-પાંચ... શાંતિથી, ધીરેથી વાત ચાલે છે, ભગવાન!

એ આત્મા છે ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ અને પુણ્ય-પાપનો વિકાર દુઃખરૂપ મલિન અજ્ઞાન અંશ છે, અજ્ઞાન અંશ છે. બેને ભિન્ન કરીને પરથી દૃષ્ટિ ખસેડી સ્વભાવની દૃષ્ટિ થઈ તો એ જ્ઞાન થયું. ભેદ નામ રાગથી અને સ્વભાવમાં એકતા હતી તેનો ભેદ કર્યો. ભેદજ્ઞાનથી બંધન અટકી ગયું. જો ભેદજ્ઞાનથી બંધન ન અટકે તો અમે તને પ્રશ્ન કરીએ છીએ કે રાગથી ભિન્ન પડનારું જ્ઞાન એને તું અજ્ઞાન કહે છે કે જ્ઞાન? અજ્ઞાન. અજ્ઞાન કહે તો રાગ અને જ્ઞાનસ્વભાવ એક થઈ ગયા. ભિન્ન પડ્યા જ નહિ. અજ્ઞાનથી બંધ રોકાઈ જાય એમ બનતું નથી. અને રાગથી, જો તું જ્ઞાન કહે ભેદજ્ઞાન તો એ જ્ઞાન જે છે એ રાગની રુચિમાં પડ્યું છે કે રાગની રુચિથી નિવૃત્ત થયું છે? જો તું ભેદજ્ઞાનને જ્ઞાન કહે તો પુણ્ય-પાપ ભાવના પ્રેમમાં એકત્વબુદ્ધિમાં જ્ઞાન છે કે રાગથી ખસીને પોતાના જ્ઞાનમાં આવ્યું છે? એ પરમાં પ્રવર્તે છે. પ્રવર્તે છે તો અભેદજ્ઞાન થઈ ગયું. પરની સાથે અભેદ થાય એ જ્ઞાન નથી. સમજાય છે કાંઈ? અને નિવર્ત્યું છે તો નક્કી થઈ ગયું. પુણ્ય-પાપના વિકલ્પથી અભિપ્રાયથી ખસી ગયો કે (વિભાવ) હું નથી, હું તો જ્ઞાનાનંદ છું. એવા ભાવથી અભિપ્રાયમાં ખસીને સ્વભાવમાં આવ્યો તો વિભાવથી નિવૃત્ત થઈ ગયો. તો જ્ઞાનમાત્રથી બંધ રોકાઈ ગયો. એમ સિદ્ધ થઈ ગયું. ન્યાયથી લોજીકથી સિદ્ધ કર્યું. આહાહા..! જીવને દરકાર ન મળે. લૌકિકમાં સમજવાની એટલી દરકાર, એટલી દરકાર એમાં કાંઈ ફેર ન પડે. અહીંયા શું ચીજ અને કેમ સમજવું કંઈ નહિ.

કહે છે, બસ! આચાર્ય અમારો જે કહેવાનો અભિપ્રાય હતો એ સિદ્ધ થઈ ગયો. વિકારને, પુણ્ય-પાપનો જેનો અભિપ્રાય ખસી ગયો અને સ્વભાવનો અભિપ્રાય થયો કે હું ચિદાનંદ તેનાથી ભિન્ન છું, તો ભેદજ્ઞાનથી અજ્ઞાનનો બંધ અટકી ગયો. જો ન રોકાય તો એ જ્ઞાન જ નથી થયું. અને કહે છે કે એમ થવાથી રાગની મંદતા જે અજ્ઞાન અંશ છે તેનાથી ધર્મ થાય છે એમ માનનારનું ખંડન થઈ ગયું. રાગની મંદતાને માનનારો ક્રિયાનય છે એ તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગ છે. રાગથી આત્માની જ્ઞાનની ક્રિયા થાય છે અને ધર્મની ક્રિયા થાય છે એનું ખંડન થઈ ગયું. તારી વાત સાચી નથી. અને જો આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન આસ્રવોથી નિવૃત્ત ન થાય તો એ જ્ઞાન જ નથી. શું કહે છે? અંતરમાં ચિદાનંદ ભગવાન આનંદકંદ જ્ઞાનસ્વરૂપ છે એ પુણ્ય-પાપના પરિણામના પ્રેમથી ખસીને સ્વભાવમાં આવ્યો નહિ, વિકારથી નિવૃત્ત થયો નહિ તો એ જ્ઞાન જ નથી. એ જ્ઞાન વિકારની રુચિમાં પ્રવર્તે અને એને જ્ઞાન કહેવું એને જ્ઞાન કહેતા નથી. સમજાય છે કાંઈ? સામે પુસ્તક છે કે નહિ? દલીલથી તો વાત સિદ્ધ કરે છે. શું કહ્યું?

પહેલા ક્રિયાનયનું ખંડન કર્યું, હવે જ્ઞાનનયનું. જ્ઞાનનયનો અર્થ શું? કે એકલું જાણપણું રાખે પણ એ પુણ્ય-પાપના પ્રેમથી ખસીને સ્વભાવનું જ્ઞાન ન કરે તો એ જ્ઞાનનય જૂઠી છે. એ જ્ઞાનનયનું ખંડન કર્યું. સમજાય છે કાંઈ? એ જ્ઞાનનયનો અર્થ એ વાસ્તવિક નય નથી. શું કહે છે જુઓ! '**આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન...**' આસ્રવોથી નિવૃત્ત ન થાય, પુણ્ય-પાપના પરિણામથી અભિપ્રાય છૂટ્યો ન હોય, પોતાના સ્વભાવમાં અભિપ્રાય આવ્યો ન હોય તો એ જ્ઞાન જ નથી. એ જ્ઞાન જ નથી. પુણ્ય-પાપનું જ્ઞાન થયું, પુણ્ય-પાપનું જ્ઞાન શું? કે આ પુણ્ય-પાપ છે, રાગ છે એનું જ્ઞાન. પણ એનાથી રહિત મારું જ્ઞાન-પોતાનું જ્ઞાન થયું નહિ. તો એ કહેવામાત્રનું જ્ઞાન એ જ્ઞાનનયનું ખંડન થયું. તારું જાણપણું એકલા શાસ્ત્રોને જાણ્યા એ જ્ઞાન જ નથી. સમજાય છે કાંઈ? આસ્રવોથી જ્ઞાન જાણ્યું તો એ સ્વભાવ તરફ દૃષ્ટિ કરે છે એનું નામ જ્ઞાન કહેવાય છે. સમજાય છે કાંઈ? આટલી કડી ટીકામાં સંસ્કૃતમાં અમૃતચંદ્રાચાર્યે લીધી છે. મોટી વાત છે. રાત્રે કોઈ પૂછે અને ન આવડે તો કઠણ વાત છે એમ કરીને...

આહા..! ભારે આચાર્યોએ ઓહો..! આમ તુલના કરીને સમજાવ્યું છે. ભગવાન! તું ચૈતન્યદળ છે ને! તું જ્ઞાયકપિંડ છો ને. અનાકુળ આનંદનું તત્ત્વ-સત્ત્વ ભાવ છે ને. અને પુણ્ય-પાપના ભાવ તો મલિન ભિન્ન છે. એમ ભિન્નનું પરથી ખસીને પોતાના સ્વભાવનું જ્ઞાન થયું તો ભેદજ્ઞાન થયું. એ જ્ઞાન આસ્રવોમાં પોતાપણે પ્રવર્તે એમ રહે નહિ. આસ્રવમાં પોતાપણું માનીને રહે એમ રહે નહિ. આસ્રવથી ખસીને પોતાપણું તો શુદ્ધ ચૈતન્યમાં આવ્યું. એ જ જ્ઞાનમાત્રથી બંધનો નિરોધ થઈ ગયો. તો એમાં બે નયનો નાશ થયો, ખંડન કર્યું. રાગની મંદતાથી કોઈ ધર્મ માને તો ભેદજ્ઞાન થયું નહિ, કોઈ મંદતાથી ધર્મ નથી. જૂઠો છે. અને એકલો રાગ પુણ્ય-પાપનો પરલક્ષીજ્ઞાન કરીને ક્ષયોપશમ જ્ઞાન થયું પણ રાગથી ખસીને પોતાના સ્વભાવ ઉપર આવ્યો નહિ તો એ જ્ઞાનનયનું ખંડન કર્યું. તારું એકલું જાણપણું જૂઠું છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુષ્કજ્ઞાન.

અંતરમાં વિકલ્પ જે શુભ-અશુભભાવ છે એવા પુણ્ય-પાપનો અભિપ્રાય છોડીને પોતાના સ્વભાવ તરફ ન આવ્યો તો તારું જાણપણું પરનું છે કે મને ખ્યાલ તો છે કે પુણ્ય આવું છે, પુણ્ય આવું છે, પણ પુણ્યની રુચિ છોડીને સ્વભાવમાં ન આવ્યો તો એ જ્ઞાનનયનું ખંડન કર્યું. તારું એકલું જાણપણું વિભાવથી ખસીને સ્વભાવમાં ન આવ્યો એ જ્ઞાનથી બંધનું કારણ નહિ અટકે, એ બંધનું જ કારણ છે. સમજાય છે કાંઈ? આવું લોજીક કરીને આટલું બધું તત્ત્વ સમજાવે. સાધુ નવરા હશે? એ તો આત્માના આનંદમાં ઝુલતા હતા. ઝુલતા ઝુલતા લોજીકથી ન્યાયથી વાત નીકળી ગઈ છે.

ભાઈ! વસ્તુ તો આવી છે, ભગવાન! આ તો કરુણા છે. સમજાય છે કાંઈ? વિકલ્પમાં પણ કરુણા છે. વિકલ્પને પણ જાણનાર છે. દૃષ્ટિ છૂટી ગઈ છે. '**જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન...**' બે તત્ત્વ ભિન્ન છે કે નહિ? આસ્રવતત્ત્વ અને આત્મતત્ત્વ બે ભિન્ન છે કે નહિ? કે એક છે? બે ન હોય તો બે પડ્યા કેમ? આસ્રવ, આત્મા, અજીવ ભિન્ન તત્ત્વ છે. શરીર, કર્મ અજીવતત્ત્વમાં ગયા. પુણ્ય-પાપ તત્ત્વ આસ્રવમાં ગયા. ભગવાન એને જાણનારો ભિન્ન પડીને જ્ઞાયકતત્ત્વમાં ગયો. જ્ઞાયકતત્ત્વ આસ્રવથી નિવૃત્ત થઈને પુણ્ય-પાપનો અભિપ્રાય એકત્વબુદ્ધિ હતી તેનાથી છૂટીને પોતાના સ્વભાવમાં ન આવ્યો તો એ જ્ઞાન જ નથી. એ જ્ઞાનને જ્ઞાન જ કહેતા નથી. જે જ્ઞાન પુણ્યના પ્રેમથી ખસીને જ્ઞાન પોતામાં ન આવ્યું એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. એમ કહે છે. સમજાય છે કાંઈ? વસ્તુ સ્થિતિ (આમ છે). પુણ્ય પણ કાઢી નાખ્યું, એકલું જાણપણું એ પણ કાઢી નાખ્યું. શુષ્કજ્ઞાની. અંતર ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકલ્પના મેલથી ખસીને પોતાના સ્વભાવનું જ્ઞાન ન કર્યું અને જ્ઞાનમાત્ર કહીને અમને જ્ઞાન છે, પુણ્ય-પાપ ભિન્ન છે, ભિન્ન છે, અમને જ્ઞાન છે. તો એ જ્ઞાન માત્ર શુષ્કજ્ઞાન છે. એ જ્ઞાન પુણ્ય-પાપના પ્રેમથી ખસીને સ્વભાવમાં ન આવ્યું તો એને જ્ઞાન જ કહેતા નથી, એમ કહે છે. અમને જ્ઞાન તો છે પણ અને પુણ્યનો પ્રેમ બહુ છે, પુણ્યનો પ્રેમ બહુ છે, રુચિ બહુ છે. એ જ્ઞાન જ નથી. અમને પુણ્યભાવની મીઠાશ થાય છે. ખ્યાલ આવે છે કે પુણ્ય પર છે, પણ મીઠાશ બહુ આવે છે. એ જ્ઞાન જ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? ધર્મચંદજી! આહાહા..!

ભગવાન આત્મા અનાકુળ આનંદનો સ્વાદ જેને આવ્યું એને પુણ્યનો સ્વાદ કેમ રહે? અને પુણ્યનો સ્વાદ રહે અને અમને જ્ઞાન થયું છે એમ કહે તો એ શુષ્કજ્ઞાની છે. સમજાય છે કાંઈ? અમને પુણ્યનો પ્રેમ દૂર નથી થતો, અમને જ્ઞાન થઈ ગયું. પણ પુણ્યભાવનો પ્રેમ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ખસતો નથી. ભગવાન! એ જ્ઞાન જ નથી. જેને પુણ્યનો પ્રેમ છે તેને પુણ્યથી ખસીને પોતાના સ્વભાવનું જ્ઞાન નથી. તો એકલા જાણપણામાત્રથી ધર્મ માને, સમ્યગ્દર્શન માને તો એ જૂઠું છે. સમજાય છે કાંઈ? અભિપ્રાયમાંથી, શ્રદ્ધામાંથી પર્યાયબુદ્ધિથી પુણ્ય-પાપથી ખસીને સ્વભાવમાં જ્ઞાન આવ્યું નહિ તો એને જ્ઞાન કહેતા નથી. સમજાય છે કાંઈ?

'**નિવૃત્ત ન હોય તો તે જ્ઞાન જ નથી...**' જુઓ! 'જ' કહ્યું છે 'જ'. '**એમ સિદ્ધ થવાથી...**' એમ સાબિત થવાથી, એમ સત્ય બરાબર સાબિત થવાથી '**જ્ઞાનનો અંશ એવા (એકાંત) જ્ઞાનનયનું પણ ખંડન થયું.**' જુઓ! એકલું જાણપણું, જાણપણું શાસ્ત્ર ભણ્યો અને એમાં માન્યું કે પુણ્ય-પાપ પર છે, પુણ્ય-પાપ પર છે. પણ પુણ્ય-પાપની રુચિ અને અભિપ્રાય દૂર થયો નહિ તો એ જ્ઞાનનયનું ખંડન કર્યું. તારું જ્ઞાન જ ખોટું છે. સમજાય છે કાંઈ? અંતરમાં પુણ્ય-પાપના પ્રેમથી ખસીને સ્વભાવનો પરથી ભેદ કરીને પોતાનું જ્ઞાન કર્યું તો પરથી ખસી ગયો. પરનો પ્રેમ રહ્યો નહિ. અને જ્ઞાન કહે કે અમને પરનો તો પ્રેમ છે, ખ્યાલ છે કે પરનો પ્રેમ છે પણ પ્રેમ છૂટતો નથી. એ મૂઢ છે, એ જ્ઞાન નથી. એને જ્ઞાન કહેતા નથી. જેને જ્ઞાનમાં પુણ્યના પ્રેમની રુચિ છૂટી ગઈ અને ભગવાન આત્મા આનંદની રુચિ થઈ એના જ્ઞાનને જ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? ઘણી લીટી આવી. આઠ-સાડા આઠ લીટી છે. સમજાય છે કે નહિ? પોણો કલાક તો એમાં ચાલ્યું. પાંચ મિનિટ-દસ મિનિટમાં એનો જવાબ દેતા ન આવડે? પોણો કલાક તો એમાં ચાલ્યું. આઠ-દસ લીટીની કડી છે. કઠણ વાત છે કરીને છોડી દેવી? ખ્યાલ કરવો જોઈએ.

ઓહો..! ભગવાન અનંત જ્ઞાન, આનંદ જેના સ્વભાવમાં આનંદ અને બેહદ અને અપરિમિત જ્ઞાનની શક્તિ-સત્ત્વ પડ્યું છે. એવા રાગના પ્રેમથી રુચિ ખસીને, પર્યાયબુદ્ધિથી ખસીને અહીંયા એમ કહેવું છે. સ્વભાવબુદ્ધિ થઈ પછી પુણ્યનો પ્રેમ રહે, એમ બે નહિ રહી શકે. સમજાય છે કાંઈ? અને જેને પુણ્યભાવનો પ્રેમ છે, એને સ્વભાવ પ્રત્યે દ્વેષ છે. સમજાય છે કાંઈ? સ્વભાવ પ્રત્યે અનાદર છે. પુણ્યનો આદર છે, સ્વભાવનો અનાદર છે. સમજાય છે કાંઈ? શુભભાવનો આદર છે, પ્રેમ છે, લક્ષ છે, ધ્યેય છે એને આત્માનું ધ્યેય ન રહ્યું. સમજાય છે કાંઈ? આ તો બહુ સ્પષ્ટ કર્યું છે. લોજીકથી સિદ્ધ કર્યું છે. ઓહોહો..! આચાર્યોએ જંગલમાં રહીને ભગવાન સાથે વાતો કરી છે.

સમંતભદ્રાચાર્યમાં ઈ આવે છે ને? અમે તમને કઈ રીતે ઓળખીએ છીએ? ...સમંતભદ્રાચાર્યદેવની સ્તુતિ આવે છે. પધારો પ્રભુ! અમે તમને ઓળખીએ છીએ. ... કહેવાવાળા એવા તમે તીર્થંકર નથી. તમે તો દેહથી અને રાગથી ભિન્ન કહેવાવાળા, ભિન્ન પડીને સ્વરૂપની પ્રાપ્તિ થઈ છે એવા તમે સર્વજ્ઞ છો. એવું અમને તમારું જ્ઞાન છે. એવી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરીક્ષા કરીને અમે તમને તીર્થંકર માનીએ છીએ. એમ ને એમ અંધશ્રદ્ધાથી માનતા નથી કે તમારા પુણ્ય મોટા છે, ઈન્દ્રો બધા માને છે એટલે તમે મોટા છે. નહિ, નહિ. એમ અમે માનતા નથી. સમંતભદ્ર આચાર્ય. તમને ઈન્દ્રો માને છે, સમવસરણ છે માટે તમે મોટા છો. નહિ, નહિ. કોણ કહે છે? અમે તમને એ દૃષ્ટિથી મોટા નથી માનતા.

સમંતભદ્રાચાર્ય કહે છે કે અમે તમને એ રીતે મોટા નથી માનતા. અમે તો તમારી મોટાઈ નિજ સ્વભાવના આશ્રયે સર્વજ્ઞ અને વીતરાગ પર્યાય પ્રગટ થઈ છે તેનાથી તમારી મોટપ માનીએ છીએ. પુણ્યના અતિશયથી તમારી મોટપ નથી માનતા. પુણ્યનો અતિશય તો ઈન્દ્રોને પણ હોય છે. એમાં શું થયું? અને ઈન્દ્રજાળિયા પણ આવું સમવસરણ ઊભું કરી દે, એમાં શું થયું? એમ અમે તમને માનતા નથી. અમે તો તમને સર્વજ્ઞશક્તિની વ્યક્તતા પ્રગટ કરી છે. ત્રણ કાળ ત્રણ લોકને તમે જાણનારા છે. એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. કેમ? એક સમયમાં ત્રણ અવસ્થા થાય છે, જડમાં અને ચૈતન્યમાં. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય. ત્રણેનો સમય એક અને ત્રણેને આપે જાણી લીધી છે. સમજાય છે કાંઈ? સમય એક વસ્તુ ત્રણ. એક સમયમાં ત્રણ જાણ્યા એ સર્વજ્ઞનું લક્ષણ છે. સ્તુતિમાં આવે છે. મુનિસુવ્રત ભગવાનની સ્તુતિ કરી છે એમાં આવે છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ. ભગવાન દરેક દ્રવ્યની એક સમયની ત્રણ અવસ્થા. સમય એક જેનો એક સમયનો બીજો ભાગ ન પડે. એવા એક સમયમાં ત્રણ જોયા. ઓહો..! સર્વજ્ઞ સિવાય એ હોઈ શકે નહિ. સર્વજ્ઞ છો એમ અમે અમારા જ્ઞાનથી નિર્ણય કર્યો છે. એટલે તમારું બહુમાન કરીએ છીએ. બહારથી તમારો અતિશય છે એટલે તમને માનતા નથી. આહા..! પરીક્ષાપ્રધાની છે. સમજાય છે કાંઈ? પરીક્ષાપ્રધાની છે. અમે તો પરીક્ષા કરીને તમને માનીએ છીએ, એમ ને એમ નથી માનતા. સમજાય છે કાંઈ?

કહે છે, '**(એકાંત) જ્ઞાનનય...**' એકાંત જ્ઞાનનયનો અર્થ જે જાણપણા માત્ર છે પણ પુણ્ય-પાપના પ્રેમથી ખસીને, અભિપ્રાય ખસીને સ્વભાવમાં દૃષ્ટિ આવી નથી તો એ જ્ઞાનનયનું ખંડન કર્યું. એ જ્ઞાનનયથી તારો બંધ રોકાતો નથી. કહો, સમજાય છે કે નહિ? અહીંયા તો ભગવાન અમૃતચંદ્રાચાર્યે કોર્ટ ચલાવી છે. કોર્ટમાં જેમ પ્રશ્ન કરે કે બોલ, આનું શું છે? તું હતો ત્યાં? હા. શું જોયું હતું? પાછળ હતો કે નજર સામે હતો? પાછળ હતો. પાછળ હતો તો તને કેવી રીતે દેખાયું?

અમારે ત્યાં કોર્ટ ચાલી હતી ને. કોર્ટ ચાલી હતી ત્યાં. અમારી ઉપર કેસ ચાલ્યો હતો ને. (સંવત) ૧૯૬૫ની સાલમાં, પાલેજ. અફીણનો કેસ ચાલ્યો હતો. પાલેજમાં દુકાન હતી ને. અમારા પિતાજીની દુકાન હતી. પાલેજ છે ને? ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે. ભરૂચ અને વડોદરા વચ્ચે પાલેજ છે. અત્યારે છે દુકાન. અમારા ભાગીદારની. અમારા પિતાજીની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દુકાન હતી. નવ વર્ષ ત્યાં દુકાન ઉપર રહ્યા હતા. પાલેજમાં. ત્યાં મોટી ... કોર્ટમાં કેસ ચાલ્યો. મોટો ત્રણ હજારનો પગારદાર, હોં! શું કહેવાય? તે વખતે, હોં! એક માસનો ત્રણ હજારનો પગાર. પ્રેસિડેન્ટ. વડોદરામાં રહેતો હતો. રેસિડેન્ટ? રેસિડેન્ટ. ઈ મોટો. પણ મોટો હતો. શાંત બહુ, હોં! શાંત. અમને જોઈને એમ બોલ્યો, આ લોકો અફીણના ગુનેગાર દેખાતા નથી. અફીણના ગુનેગાર? ક્યાં લખ્યું છે? વેપારી દેખાય છે. અને ત્રણ કલાક કોર્ટમાં મારી જુબાની લીધી હતી. ત્રણ કલાક, હોં! ૬૩ની સાલ. ૧૭ વર્ષ, ૧૦ અને સાત વર્ષની ઉંમર હતી. ૬૧ વર્ષ પહેલાની વાત છે. ૬૧. અત્યારે તો ૭૮ થયા ને. ૧૭ વર્ષની ઉંમરે. ત્રણ કલાક કોર્ટમાં. સાચી વાત હતી, અમને તો કોઈ ભય નથી. સત્ય છે, ખુલ્લા ઊભા રહો. પાંજરામાં બેસાડે ને? શું કહેવાય? પાંજરામાં ઊભા રાખે. નહિ, પાંજરામાં નહિ. ખુલ્લામાં રાખો. ગુનેગાર છે જ નહિ... વર્તમાન દેખાય છે... છેવટે કોર્ટ ત્યાં લાવ્યા. પાલેજ. વડોદરાથી પાલેજ કોર્ટ, હોં! ક્યાં હતો ગુનેગાર? પ્રશ્ન કરનાર. કહે, અહીં હતો, અહીં હતો. નહિ, ખોટી વાત છે. ક્યાંથી આવ્યો? તમે અહીં બેઠા હતા ને આ જોઈએ છીએ. ક્યાં છે? ખોટી વાત. બિન ગુનેગાર (નિર્દોષ) છોડી દીધા. ૬૩ની વાત છે. સંવત ૧૯૬૩. કેટલા વર્ષ થયા? ૬૧. ૧૭ વર્ષે. દસ અને સાત. સાત વર્ષે. ૬૧ થયા. ૭૮ થયા ને.

અહીં આચાર્યે દલીલ કરીને નક્કી કર્યું છે. શું છે? તેં પુણ્ય-પાપરૂપે જોયો છે? પર સ્વરૂપે જોયો છે? કે પોતારૂપે જોયો છે? એમ કહે છે. પોતા રૂપે જોયો છે. તો તને ભેદજ્ઞાન નથી. તને ભેદજ્ઞાન છે જ નહિ. સમજાય છે કાંઈ? પોતારૂપ જોયા છે? ભેદજ્ઞાન નથી. પરરૂપ જોયા છે કે નહિ? પરરૂપ જોયા છે તો પરથી તારું ભેદજ્ઞાન થઈ ગયું. પરથી ભેદજ્ઞાન થયું તો જ્ઞાનથી બંધ રોકાઈ ગયો. તારી દૃષ્ટિ ક્યાં હતી? પુણ્ય-પાપ સન્મુખ હતી કે નિજ સ્વભાવ સન્મુખ હતી? પુણ્ય-પાપ સન્મુખ હતી. પુણ્ય-પાપ સન્મુખ બુદ્ધિ તો મિથ્યાત્વ છે. તને ભેદજ્ઞાન ક્યાં થયું? સમજાય છે કાંઈ? પુણ્ય-પાપ સન્મુખ બુદ્ધિ હતી ને તારી? ભેદજ્ઞાન નથી થયું. પુણ્ય-પાપની સન્મુખતાથી ખસીને જ્ઞાન સન્મુખ થઈને તને જ્ઞાન થયું હોય તો તે જ્ઞાનને અમે જ્ઞાન કહીએ છીએ. એ જ્ઞાનમાત્રથી અજ્ઞાનનો નાશ થઈને બંધનો નિરોધ થઈ જાય છે. સમજાય છે કાંઈ? એ પછી ભાવાર્થ છે. અંદર બધું છે, હોં!

'**અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે.**' જોયું ને? પંડિતજી! એમ અંદર લખ્યું છે. જુઓ! ભાવાર્થ જુઓ ભાવાર્થ. ભાવાર્થ છે ને? '**આસ્રવો અશુચિ છે, જડ છે,...**' ઈ આવી ગયું એનો ખુલાસો કરે છે. '**દુઃખનાં કારણ છે અને આત્મા પવિત્ર છે, જ્ઞાતા છે, સુખસ્વરૂપ છે. એ રીતે લક્ષણભેદથી બન્નેને ભિન્ન જાણીને આસ્રવોથી આત્મા નિવૃત્ત થાય છે અને તેને કર્મનો બંધ થતો નથી. આત્મા અને આસ્રવોનો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**ભેદ જાણ્યા છતાં જો આત્મા આસ્રવોથી નિવૃત્ત ન થાય તો તે જ્ઞાન જ નથી, અજ્ઞાન જ છે. અહીં કોઈ પ્રશ્ન કરે કે...**' જુઓ! જયચંદ્રજી પંડિત, જયપુરવાળાનો આ ભાવાર્થ કરેલો છે. ચાલતી ભાષામાં. '**અવિરત સમ્યગ્દૃષ્ટિને મિથ્યાત્વ અને અનંતાનુબંધી પ્રકૃતિઓનો તો આસ્રવ નથી થતો પણ અન્ય પ્રકૃતિઓનો તો આસ્રવ થઈને બંધ થાય છે; તેને જ્ઞાની કહેવો કે અજ્ઞાની?**' કહો, પ્રશ્ન કર્યો છે. જયચંદ્ર પંડિત થયા છે જયપુરમાં.

'**તેનું સમાધાન :- સમ્યગ્દૃષ્ટિ જીવ જ્ઞાની જ છે કારણ કે તે અભિપ્રાયપૂર્વકના આસ્રવોથી નિવર્ત્યો છે.**' છે ને પંડિતજી! અભિપ્રાયમાં પુણ્ય-પાપનો આદર નથી. પુણ્ય-પાપ વિકલ્પ છે, રાગ છે. હો. પણ આદર નથી. અભિપ્રાયથી નિવૃત્ત થયો છે. બાહ્યથી નિવૃત્ત થયો છે એમ કોણ કહે છે? સમજાય છે? '**તેને પ્રકૃતિઓનો જે આસ્રવ તથા બંધ થાય છે તે અભિપ્રાયપૂર્વક નથી. સમ્યગ્દૃષ્ટિ થયા પછી પરદ્રવ્યના સ્વામિત્વનો અભાવ છે;...**' સમ્યગ્દર્શન થયું, પોતાનું ભાન થયું તો પરદ્રવ્યના સ્વામિત્વનો નાશ થઈ ગયો. પરનો સ્વામી નથી. પરદ્રવ્યનો સ્વામી નથી અને પરભાવનો સ્વામી નથી. બે વાત છે. ભગવાન ચિદાનંદ સ્વભાવ સહજાત્મ સ્વરૂપનો સ્વામી થયો એ પરભાવનો અને પરદ્રવ્યનો સ્વામી થતો નથી. અને પરદ્રવ્ય અને પરભાવ વિકાર પુણ્ય-પાપનો સ્વામી થાય તો સમ્યગ્દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ?

'**માટે, જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય છે ત્યાં સુધી તેના ઉદય અનુસાર જે આસ્રવ-બંધ થાય છે તેનું સ્વામીપણું તેને નથી.**' કેટલો ખુલાસો કર્યો છે, જુઓ! સમ્યગ્દૃષ્ટિને પુણ્ય-પાપથી ભિન્ન થઈને પોતાનું ભાન થયું છે. થોડો રાગ છે. એ રાગથી થોડો બંધ પડે છે. પણ એને અહીંયા ગણવામાં આવ્યો નથી. કેમ કે સ્વામી નથી. '**અભિપ્રાયમાં તો તે આસ્રવ-બંધથી સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે.**' પુણ્યના પરિણામ રાખવા અને રક્ષક થઈને મને લાભ થશે. એવો અભિપ્રાય સમ્યગ્દૃષ્ટિનો હોતો નથી. સમજાય છે કાંઈ? '**સર્વથા નિવૃત્ત થવા જ ઈચ્છે છે.**' જુઓ ભાષા! એક શુભ વિકલ્પ છે તીર્થંકર ગોત્રનો તેનાથી પણ નિવૃત્ત થવા ઈચ્છે છે. સમ્યગ્દૃષ્ટિ તેમાં પ્રવૃત્ત થઈને તેનાથી લાભ માનવાનું ઈચ્છતો નથી. કહો, સમજાય છે કાંઈ?

'**જ્ઞાનીને બંધ થતો નથી એમ કહ્યું છે તેનું કારણ આ પ્રમાણે છે :- મિથ્યાત્વસંબંધી બંધ કે જે અનંત સંસારનું કારણ છે તે જ અહીં પ્રધાનપણે વિવક્ષિત (-કહેવા ધારેલો) છે.**' લ્યો. અહીંયા ઈ કહેવામાં આવ્યું છે. મિથ્યાત્વથી જે દર્શનમોહનો બંધ પડતો હતો, અનંત સંસારનું કારણ તેની અહીંયા વિવક્ષા છે, તેનું કથન છે. જરી રાગનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બંધ છે તેની અહીંયા વાત નથી. **'અવિરતિ આદિથી બંધ થાય છે...'** સમકિતીને. થોડો અવિરતિ ભાવ છે તેનાથી બંધ થાય છે. **'તે અલ્પ સ્થિતિ-અનુભાગવાળો છે,...'** એની તો બહુ અલ્પ સ્થિતિ અને અલ્પ અનુભાગ પડે છે. મિથ્યાદષ્ટિને અનંત ઘણી સ્થિતિ અને ઘણો અનુભાગ પડે છે. સમ્યગ્દષ્ટિને થોડો રાગ રહ્યો છે આસક્તિનો-ચારિત્રદોષનો, એમાં અલ્પ સ્થિતિ અને અલ્પ અનુભાગ નામ રસ પડે છે કર્મમાં. સમજાય છે કાંઈ? **'દીર્ઘ સંસારનું કારણ નથી;...'** અનંત સંસારનું કારણ નથી. એક બે ભવનો કોઈ રસ પડી જાય તો હો. તો સમકિતી તેનો જ્ઞાતા છે. **'તેથી તે પ્રધાન ગણવામાં આવ્યો નથી.'** થોડી સ્થિતિ પડે તેને અહીંયા મુખ્યપણે ગણવામાં આવી નથી.

**'અથવા તો આ પ્રમાણે કારણ છે :- જ્ઞાન બંધનું કારણ નથી.'** જુઓ! બે પંક્તિ ભિન્ન કરી નાખી. ભગવાન જ્ઞાનસ્વરૂપ પુણ્ય-પાપથી ભિન્ન પડીને પોતાનો જ્ઞાતા-દૃષ્ટા થયા તો જ્ઞાનસ્વભાવ છે એ બંધનું કારણ નથી. **'જ્યાં સુધી જ્ઞાનમાં મિથ્યાત્વનો ઉદય હતો ત્યાં સુધી તે અજ્ઞાન કહેવાતું હતું...'** જ્યાં સુધી રાગની રુચિ હતી અને રાગ પોતાનો છે અને રાગથી લાભ છે ત્યાં સુધી અજ્ઞાન હતું. ત્યાં સુધી અજ્ઞાન કહેવાતું હતું. **'મિથ્યાત્વ ગયા પછી અજ્ઞાન નથી, જ્ઞાન જ છે.'** સમ્યગ્દષ્ટિની પુણ્ય-પાપથી પ્રીતિ ખસીને સ્વભાવની અનુભવ દૃષ્ટિ થઈ તો તેને જ્ઞાન જ કહેવાય છે. ભલે આસક્તિ હો, લડાઈના પરિણામ હો, ભોગની વાસનાનો ભાવ હો. પણ તેનો જ્ઞાતા છે, તેનો સ્વામી નથી. આહાહા..! લ્યો, કર્તાકર્મ નથી એમ કહે છે મૂળ તો. સ્વામીનો અર્થ એ મારું કર્મ અને હું કર્તા એમ નથી. એમ કહે છે. અહીં કર્તાકર્મ છે ને.

**'કારણ કે વિકાર કે જે બંધરૂપ છે અને બંધનું કારણ છે, તે તો બંધની પંક્તિમાં છે,...'** થોડો રાગ અને બંધ છે તે તો બીજી પંક્તિમાં ગયો, જ્ઞાનની પંક્તિમાં નથી. પોતાનો જ્ઞાનભાવ એની પંક્તિની શ્રેણિમાં આવ્યો નથી એમ કહે છે. **'તે તો બંધની પંક્તિમાં છે, જ્ઞાનની પંક્તિમાં નથી.'** જ્ઞાનધારા જ્ઞાન સ્વરૂપ રાગથી ભિન્ન પડીને જે જ્ઞાન સ્વરૂપના શ્રદ્ધા આદિ થયા એ જ્ઞાન પંક્તિમાં બંધની ધારા ન આવી. બંધની ધારા બંધમાં ગઈ, જ્ઞાન પંક્તિની ધારા જ્ઞાનમાં રહી. આવી બે ધારા જ્ઞાનીને હોય છે. તો એક ધારાનો સ્વામી છે અને બીજાનો સ્વામી નથી. **'આ અર્થના સમર્થનરૂપ કથન આગળ જતાં ગાથાઓમાં આવશે.'** આગળ વાત કરશું, કહે છે. સમજ્યાને? એ ગાથાનો પછી તો કળશ છે.

**'પર પરિણતિને છોડતું...'** જ્ઞાન. જુઓ! રાગ મારો નથી. કળશ છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-**
**निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।**
**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-**
**रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।**

પરપરિણતિ રાગાદિ પર્યાય મારી નથી. હું તો શુદ્ધ જ્ઞાન છું. એમ સમ્યગ્જ્ઞાનમાં રાગની અવસ્થાને છોડીને '**ભેદનાં કથનોને તોડી પાડતું,...**' જ્ઞાનના પર્યાયમાં જે ભેદ પડે છે તેના ઉપર દૃષ્ટિ નથી, અભેદ ઉપર દૃષ્ટિ છે. '**આ અખંડ અને અત્યંત પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' પોતાના જ્ઞાનનું સ્વસંવેદન પ્રત્યક્ષ કરીને જ્ઞાન પ્રગટ થયું છે. પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને સમ્યક્જ્ઞાન પોતાના જ્ઞાનને પ્રત્યક્ષ કરીને સ્વસંવેદનથી પ્રગટ થયું છે. એ જ્ઞાનમાં બંધ કેવો? એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**અહો! આવા જ્ઞાનમાં (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?**' ભગવાન આત્મા કર્તા જ્ઞાન અને રાગ પરિણામ તેનું કાર્ય, વ્યવહાર પર્યાય તેનું કાર્ય અને આત્મા કર્તા, જ્ઞાન પ્રત્યક્ષ જ્યાં પરથી ભિન્ન પડ્યું એમાં આવી કર્તાકર્મની પ્રવૃત્તિ ક્યાંથી આવી? સમજાય છે કાંઈ? એમાં કર્તાકર્મની પ્રવૃત્તિ નથી. '**પૌદ્‌ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે?**' જુઓ! જ્ઞાનીને અજ્ઞાનભાવથી જે પૌદ્‌ગલિક કર્મ બંધાતા હતા, એ જ્ઞાનભાવમાં પૌદ્‌ગલિક કર્મનો બંધ નથી. '**(ન જ હોઈ શકે).**' લ્યો. એ ૭૨ ગાથાની વાત પૂરી થઈ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૮, રવિવાર તા. ૧૯-૫-૧૯૬૮**
**શ્લોક-૪૭, ગાથા-૭૩. પ્રવચન-૫૧૧**

૪૭ કહે છે ને? સૈંતાલીસ. તમારે શું કહે છે હિન્દીમાં?

**परपरिणतिमुज्झत् खण्डयद्भेदवादा-**
**निदमुदितमखण्डं ज्ञानमुच्चण्डमुच्चैः।**
**ननु कथमवकाशः कर्तृकर्मप्रवृत्ते-**
**रिह भवति कथं वा पौद्गलः कर्मबन्धः।।४७।।**

આ અમૃતચંદ્રાચાર્યનો શ્લોક છે. શું કહે છે? '**પરપરિણતિને છોડતું,...**' અર્થાત્ ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવ પર દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે તો પરપરિણતિ નામ વિકારને લક્ષમાંથી છોડે છે. સમ્યગ્દર્શન, પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ જે વીતરાગ પરમેશ્વરે કહ્યો. સર્વજ્ઞ તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્માએ સમ્યગ્દર્શન કહ્યું, જે પ્રથમ ધર્મ છે, એ સમ્યગ્દર્શનના કાળમાં ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન ઉપર દૃષ્ટિ હોવાથી વિકાર, પુણ્ય-પાપના વિકલ્પને છોડી દીધી. પરપરિણતિને છોડી દીધી. એ વિકાર પુણ્ય-પાપ છે એ મારા નથી. એ તો જરી સમજાવવામાં આવે છે. છોડી દીધા, 'છોડતું'નો અર્થ એવો નથી કે વિકાર છે તો હું છોડું છું, પરંતુ પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનાનંદ છે તેના ઉપર દૃષ્ટિ કરવાથી પરપરિણતિ છૂટી જાય છે. તેને છોડ્યા એમ કહેવામાં આવ્યું છે. ક્યાં છે ભાઈ! બોલો, શું છે?

મુમુક્ષુ :- પરપરિણતિને છોડતું.

ઉત્તર :- છોડતું. બસ! આટલાનો અર્થ ચાલે છે, આટલાનો અર્થ ચાલે છે. '**પરપરિણતિને છોડતું...**' અહીં તો શબ્દાર્થ ભાષા કેવી છે તેનો ભાવ સમજવો જોઈએને. આત્મા, અહીં ભગવાન કહે છે, આત્મા તો શરીર, વાણી, કર્મથી તો ભિન્ન જ છે અને પુણ્ય-પાપના વિકલ્પ વૃત્તિ જે ભાવ ઉઠે છે તે પણ તેનાથી ભિન્ન છે. આ અધિકાર છે કર્તાકર્મનો. તો જ્યારે પોતાનું સ્વરૂપ જ્ઞાનમય, આનંદમય એવી અંતર દૃષ્ટિ થઈ તો કર્તાકર્મમાં વિકાર પરિણામ મારું કાર્ય અને હું કર્તા એ વાત છૂટી ગઈ. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના ભાવ પરપરિણતિ છે, વિકાર છે. તેને 'છોડતું'. 'છોડતું'નો અર્થ પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ હોવાથી એ પરપરિણતિ છૂટી ગઈ. એ 'છોડતું'નો અર્થ એમ છે. વધારે માંગ્યું ને પાછું. રામજીભાઈ કહે કાલે ઉતાવળથી ચાલ્યું છે. હવે હળવે હળવે ચાલે આજ. કેમ? ઓલો અર્થ ભાવાર્થ તો ઠીક, પણ આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આચાર્યનું છે ને. મૂળ આચાર્યનું છે. આ તો ગૂઢ વાત છે. ભાઈ! વીતરાગ માર્ગ પરમેશ્વરે કહ્યો માર્ગ સમજવા માટે મહા પ્રયત્ન જોઈએ. એમાં મહાન સમજણ જોઈએ. સમજાય છે કાંઈ? અનંત કાળથી એણે વાસ્તવિક સમ્યગ્દર્શન શું એ સમજ્યો જ નથી કદી. એના વિના બધું કર્યું. આમ કરવું ને તેમ કરવું. મિથ્યાત્વભાવથી કરે છે એમાં પરિભ્રમણ કરે છે.

અહીંયા તો કહે છે, કર્તાકર્મનો અધિકાર છે ને. તો ભગવાન પ્રભુ ચૈતન્યસ્વરૂપ શુદ્ધ ધાતુ ચૈતન્ય આનંદ, એવી જે પોતાની વસ્તુ છે એના ઉપર દૃષ્ટિને કારણે પરપરિણતિ તો છૂટી ગઈ, વિકારની એકતા છૂટી ગઈ. સમજાય છે કાંઈ? સ્વભાવ શુદ્ધ ઉપર એકતા થઈ તેને કારણે પુણ્ય-પાપની એકતા પરપરિણતિ છૂટી ગઈ એને 'છોડતું' એમ કહેવામાં આવ્યું છે. ઝીણી વાત છે, ભાઈ! સમજાય છે કાંઈ? પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્માએ કહેલો માર્ગ છે. એ કોઈ બીજા માર્ગમાં નથી. વીતરાગ સિવાય આ માર્ગ ક્યાંય નથી. પણ વીતરાગમાં પણ આ માર્ગ સમજે તો માર્ગ છે, નહિ તો માર્ગ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પરપરિણતિને છોડતું...**' એની આટલી વ્યાખ્યા છે. અર્થાત્ વિકારનું કાર્ય મારું અને હું કર્તા એવી જે માન્યતા હતી એ સ્વરૂપની અંતર દૃષ્ટિ થવાથી એ કર્તાકર્મની બુદ્ધિ છૂટી ગઈ. એને પરપરિણતિને છોડી એમ કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! એક વાત. '**ભેદનાં કથનોને તોડી પાડતું,...**' આ બીજી ભાષા. શું કહે છે? પોતામાં જે દ્રવ્ય, ગુણ, પર્યાય છે, દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ભેદનું લક્ષ પણ છોડી દે છે. દ્રવ્ય વસ્તુ ભગવાને કહ્યો એવો આત્મા અને એની શક્તિઓ એટલે ગુણ અને એની અવસ્થા, એ ત્રણ પ્રકારના જે ભેદ છે, એ પણ અંતરમાં ભેદનો કર્તા કર્મ પણ આત્મા નહિ. ભાઈ! એમ બતાવવું છે. આહાહા..! આ હું દ્રવ્ય છું, ત્રિકાળી વસ્તુ છું, શક્તિ છે, ગુણ છે અને આ પર્યાય છે. ત્રણેને તોડી પાડતું. અર્થાત્ અંતર દૃષ્ટિ વસ્તુ ઉપર હોવાથી ભેદનું કાર્ય મારું અને હું કર્તા એવું છૂટી ગયું. એમ કહે છે. આહા..! સમજાય છે કાંઈ?

'**ભેદનાં કથનોને તોડી પાડતું,...**' એમાં ઘણો અર્થ છે. અહીંયા તો કહે છે, જે મતિજ્ઞાન આદિ પર્યાય છે ને ભેદ ભેદ? એના ઉપર પણ લક્ષ નથી. પોતામાં નવી નવી પર્યાય જે ઉત્પન્ન થાય છે એ ભેદ છે. એનું પણ લક્ષ છોડી દે છે. પોતાનું જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ અખંડ છે તેના ઉપર દૃષ્ટિ હોવાથી ભેદના કથન તૂટી ગયાનો અર્થ ભેદદૃષ્ટિ છૂટી ગઈ. સમજાય છે કાંઈ? ભેદને તોડી પાડતું એમાં ઘણો અર્થ છે. એક તો એ થયો કે પોતાની પર્યાયમાં નિર્મળ નિર્મળ અવસ્થા જે મતિ-શ્રુત આદિ જ્ઞાન થાય છે એ પર્યાય ઉપર લક્ષ નથી. ધર્મીની દૃષ્ટિ, સમકિતીની દૃષ્ટિ અંતર દ્રવ્યસ્વભાવ ઉપર છે. ચાહે તો વાત કરતા હોય કે ચાહે તો બહાર હોય, પણ દૃષ્ટિ તો શુદ્ધ ચૈતન્ય ધ્રુવ ઉપર છે. તેથી પર્યાયમાં ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભિન્ન પર્યાય જે ઉત્પન્ન થાય છે તેને તોડી પાડતું. 'તોડી પાડતું'નો અર્થ લક્ષ નહિ કરતો થકો. આહાહા..! સમજાય છે કાંઈ?

બીજી વાત. દ્રવ્ય, ગુણ અને પર્યાય જે અંદર છે એ ત્રણ ભેદને તોડી પાડતું, છોડતું. અંતર જ્ઞાયક ઉપર દૃષ્ટિ હોવાથી ત્રણ ભેદ છૂટી જાય છે. અર્થાત્ ઉત્પાદ-વ્યય અને ધ્રુવ. પોતાના આત્મામાં નવી અવસ્થા ઉત્પન્ન થાય છે, જૂની અવસ્થાનો વ્યય થાય છે અને ધ્રુવ છે એવા ત્રણ ભેદનું લક્ષ છોડતો થકો. સમજાય છે કાંઈ? અંતર વસ્તુ ઉપર દૃષ્ટિ હોવાથી એ ત્રણ ભેદના ભાવને તોડી પાડતું નામ એ કર્મ મારું અને હું કર્તા છું એવી બુદ્ધિ ત્યાં રહેતી નથી. આહાહા..! અર્થાત્ હું ગુણી અનંત ગુણનો પિંડ છું અને જ્ઞાન દ્વારા હું જાણનારો છું એવો ભેદને પણ તોડી પાડતું. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે ભાઈ. રામજીભાઈ કહે એકદમ ચાલી ગયું. હળવે હળવે ચાલે તો સારું. .. આ તો આચાર્યનું કથન છે. મૂળ વસ્તુ છે. એમાં ઘણી ગંભીરતા ભરી દીધી છે.

ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપે શુદ્ધ ચૈતન્ય છે. એવી અંતર દૃષ્ટિ કરવાથી જે દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ અને આ જ્ઞાન દ્વારા હું જાણું છું, જ્ઞાન દ્વારા, એવો પણ ભેદ, એ ભેદને પણ છોડતું થકું. ભેદ રહેતો નથી. સમજાય છે કાંઈ? અર્થાત્ ભેદને તોડી પાડતું. અર્થાત્ હું કર્તા છું, જ્ઞાનની પર્યાય મારું કાર્ય છે, હું સાધન છું એવા કર્તાકર્મના ભેદને પણ છોડતું. ઈ બધા અર્થ છે, ભાઈ! એમાં લખેલા છે. સંસ્કૃત ટીકામાં છે. આમાં છે. દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રુવ, કર્તાકર્મ. આમાં આપણે આ મૂક્યું છે-મતિજ્ઞાનની પર્યાય લીધી છે. એ તો બરાબર છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વિષય છે.

ભગવાન ચૈતન્ય વસ્તુ અનાદિઅનંત અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદનો પિંડ આત્મા છે. અનાદિ ધ્રુવ વસ્તુ. એ ધ્રુવ ઉપર દૃષ્ટિ દેવાથી હું મારી નિર્મળ પર્યાયનો કર્તા અને નિર્મળ પર્યાય કાર્ય, એવો ભેદ, અભેદ ઉપર દૃષ્ટિ હોવાથી રહેતો નથી. સમજાય છે કાંઈ? વાદવિવાદ કોની સાથે કરવા? એઈ..! જયંતિભાઈ! કો'ક કહેતું હતું, ન્યાં પત્રિકા છપાણી. લિંબડી આવ્યા ત્યારે. છપાવે નહિ. તે દી (સંવત) ૨૦૦૬ની સાલમાં બહુ છાપેલી. કીધું, અમને કંઈ આવડતું નથી. બાપુ! વાદવિવાદ કરતાં આવડતું નથી.

મુમુક્ષુ :- ક્યાં લિંબડીમાં છપાવી?

ઉત્તર :- ના, અહીં કો'ક કહેતું હતું. ભાવનગરમાં. કો'ક સવારમાં કહેતું હતું. ઓલા લિંબડીના આવ્યા હતા ખરા ને. મેં કીધું, અમે કોઈની સાથે વાતચીત કરતા નથી. વાદ કોની સાથે કરવો? હજી જડથી અસર માને એ ક્યાંથી કોની સાથે વાત કરવી? કો'ક કહે છે. ગમે ઇ .. કરી હોય. વાત સાચી ભાઈ! અમે કોની સાથે વાદ કરીએ? કોની સાથે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરીએ? અમને આવડતું નથી. ભાઈ! આ જ્ઞાનસ્વરૂપમાં વાદવિવાદ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો ત્યાં સુધી કહે છે, જડની અસર તો નથી પણ પોતાની પર્યાયમાં પોતાથી ભેદ ઉઠે છે એ પણ અભેદ દૃષ્ટિમાં છૂટી જાય છે. આહાહા..! ઝીણી વાત બહુ. વીતરાગનો માર્ગ એવો સૂક્ષ્મ છે. લોકોને બિચારાને મળ્યો નથી અને બહારની વાતુંમાં બેઠા છે. અજૈનને જૈન માનીને બેઠા છે. આહાહા..! શું થાય? સમજાય છે કાંઈ? જુઓ! '**ભેદનાં કથનોને તોડી પાડતું,...**' કથનને તોડી પાડતું? કથન તો વાણી છે. ભાષા તો આમ છે. '**खण्डयद्भेदवादा**' શબ્દ પડ્યો છે ને? વાદ છે. પણ એનો અર્થ ઈ છે. વાચક શબ્દોને નથી તોડવા. અંતરમાં આ દ્રવ્ય-ગુણ-પર્યાય છે. ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે અને હું જ્ઞાનથી જાણું છું એવો જે ભેદ ઉઠે છે એ અંતર દૃષ્ટિ દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોવાથી ભેદને લક્ષમાં નથી રાખતો. ભેદ છૂટી જાય છે. એને ભેદના કથનોને તોડી પાડતું એમ કહેવામાં આવે છે. ...! બહુ સૂક્ષ્મ વાત છે. સંસ્કૃત ભણેલાને પણ અંતર દૃષ્ટિ થવી કઠણ પડે છે. મર્મ કઠણ છે, ભગવાન! એ વસ્તુ એવી છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાની પરમાત્માએ કહેલી વાત છે. આ કંઈ કોઈ આલીદુઆલીની કહેલી નથી. જેને ઈન્દ્રો પૂજે છે. સમજ્યા? ગણધરો જેને સ્વીકારે છે. ચૌદ પૂર્વ અને બાર અંગની પરમાત્માએ પરમેશ્વરે કહેલી ગણધર રચે. ભાઈ! એ વાત કોઈ અલૌકિક છે. એ વાત કોઈ લૌકિકની સાથે મેળ ખાય એવી નથી. દુનિયા સાથે મેળ ખાય એવી નથી. દુનિયા સાથે મળે એવી વાત નથી. કેટલી વાત કરે છે! આહાહા..!

ત્યારે એક પ્રશ્ન ઉઠ્યો હતો, ભાઈ! એઈ..! જવાબ ઘો. મૌન રહેશો કે જવાબ આપશો? ભેદના કથનોને તોડી પાડતું આ ૭૨ ગાથામાંથી ક્યાંથી કાઢ્યું? પરપરિણતિને છોડતું એ તો બરાબર છે. ભેદકથનને તોડતું, આ ૭૨મી ગાથાનો કળશ છે ને? એ ક્યાંથી કાઢ્યું? એ પ્રશ્ન ઉઠ્યો હતો, ભાઈ! અંદર ઉઠ્યો હતો. ૭૨માંથી આ ભાવ ક્યાંથી કહે છે? સમજાય છે કાંઈ? ૭૨માં તો એટલું આવ્યું કે પુણ્ય-પાપના ભાવ અશુચિ છે, ભગવાન શુદ્ધ ચિદાનંદ નિર્મળ છે, પુણ્ય-પાપના ભાવ અચેતન છે પોતાને જાણતા નથી. ભગવાન સદા નિર્મળ જ્ઞાયકભાવ છે. પુણ્ય-પાપના ભાવ એ દુઃખરૂપ છે, આત્મા આનંદરૂપ છે. તેનો ભેદ કરતાં પોતાનું ભેદજ્ઞાન થાય છે. તો એમાં આ ભેદ કથનોનું તોડી પાડતું, એ ક્યાંથી કાઢ્યું ત્રણમાંથી? બોલે પણ નહિ ઝટ. જોયું! ભઈ આ તો પ્રશ્ન ઉઠે અંદરથી. પણ એ તો અંદર આવી ગયું ઈ. ઈ સ્વભાવ સન્મુખ થયો ને, સ્વભાવ સન્મુખ થયો કે આ શુચિ છે, આ ચેતન છે. એમ સ્વભાવ સન્મુખ થયો તો ભેદ છૂટી ગયો. સમજાય છે કાંઈ? મેં ને મેં ખુલાસો કર્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- પ્રશ્નનો ઉત્તર ન થયો.

ઉત્તર :- પણ ઈ ગાથામાં આવી ગયું, કીધું ને. ઈ '**णादूण**' કીધું ને. '**णादूण**' શબ્દ જે પડ્યો છે ને? '**णादूण**' શબ્દ પડ્યો છે. જ્ઞાયકભાવને જાણ્યો. આ ભિન્ન, આ ભિન્ન છે એમ જાણ્યું તો ભેદ છૂટી ગયો. સમજાય છે કાંઈ? '**णादूण**' કોને? આત્માને. અહીં લખ્યું છે, આત્મા અશુચિ આદિથી '**णादूण**'. પણ એનો અર્થ ત્યાં એવો છે. '**णादूण**' આત્મા. ઈ આવ્યું છે ને અંદર ટીકામાં. ભગવાન પ્રભુ ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ છે તેને જાણ્યો. જાણ્યો તો ક્યાંથી જાણ્યો? દ્રવ્ય પર દૃષ્ટિ હોવાથી જાણ્યો. સમજાય છે કાંઈ? તો ત્યાં પર્યાય પણ છૂટી ગઈ. ભેદ પણ છૂટી ગયો. સમજાય છે કાંઈ? એ અમારે શંકરપ્રસાદ હતા. એ બોલે નહિ. શંકરપ્રસાદ સમજો છો? એક વૈદ્ય હતા. જામનગરના એક વૈદ્ય હતા. વાત બધી સાંભળે. જવાબ જ ન દે. ઔષધ આપે. અમારી પાસે આવ્યા હતા. તે દી હતો ને શ્વાસ બહુ. આ પણ ક્યાં બોલે છે. પડિકી આપે. શંકરપ્રસાદ ને? શું કહેવાય એ? ઝંડુ ભટ્ટ, ઝંડુ ભટ્ટવાળા હતા. તે દી (તેમને) શ્વાસ હતો. (સંવત) ૧૯૮૮ની સાલમાં જામનગર ચોમાસુ હતુ. બોલે નહિ. બસ. શું રોગ છે ઈ પણ બોલે નહિ. પડિકી આપે દેશી. એમનું નામ શંકરપ્રસાદ રાખ્યું છે. કહો, સમજાય છે કાંઈ? કોઈ કહે, આ શંકરપ્રસાદ શું કહે છે?

'**ભેદનાં કથનોને તોડી પાડતું...**' અર્થાત્ '**णादूण**' ભગવાન જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ પડી. પરને જાણ્યું. જાણ્યું એ તો લીધું. રાગાદિ જાણ્યા એ તો પરલક્ષી વાત છે. પણ આ દુઃખ છે, મારું સ્વરૂપ આનંદ છે. એમ આત્મા તરફ ઝુક્યો તો ભેદવાદ છૂટી ગયો, મતિ આદિ પર્યાયનું પણ લક્ષ રહ્યું નહિ. અને ઉત્પાદ-વ્યય-ધ્રુવનું પણ લક્ષ રહ્યું નહિ. ભેદભાવ દૃષ્ટિમાંથી છૂટી ગયા. સમજાય છે કાંઈ? ત્યારે સમ્યગ્દર્શન થાય છે એમ કહે છે પ્રભુ. જયંતિભાઈ! આહાહા..! '**આ અખંડ...**' સમજ્યા? કર્તાકર્મ એમાં આવી ગયું. સમજ્યા? કર્તાકર્મનો અધિકાર છે ને? ભાઈ! કર્તાકર્મનો અધિકાર છે એટલે જ્ઞાયક સ્વભાવ અભેદ ચૈતન્ય છે એવી દૃષ્ટિ થઈ તો કર્તાકર્મનો ભેદ પણ છૂટી ગયો. હું રાગ કાર્ય અને કર્તા છું એ તો નથી પણ નિર્મળ પર્યાય મારું કાર્ય અને હું કર્તા એ પણ છૂટી ગયું. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! એણે અભ્યાસ કર્યો નથી. ભગવાને કહેલા તત્ત્વોનો એણે અંતરથી અભ્યાસ કર્યો નથી એટલે એને મુશ્કેલ લાગે છે. શું કહે છે? પંડિતજી! કડી બાત. કડી કહે છે. કઠણ નથી, છે તો સરળ પણ એને અભ્યાસ નથી ને. કેમ પંડિતજી!

ભાઈ! આ તો વસ્તુ સ્વરૂપ છે. પરમેશ્વરે કેવળીએ કહેલો ધર્મ છે. કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં બોલે ખરા સાંજ સવાર. પણ શું ધર્મ એની ખબર ન મળે. પોતે માને અને કેવળી કહે છે એ માને. તેથી આનંદઘનજીએ કહ્યું ને? 'દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ કહો કેમ રહે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો.’ દેવ-ગુરુ ધર્મની શુદ્ધિ. દેવ અરિહંત પરમાત્મા, ગુરુ નિર્ગ્રંથ મુનિ, શાસ્ત્ર ભગવાને કહેલા. દેવ-ગુરુ-ધર્મની શુદ્ધિ કહો કેમ રહે? કેમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો. શુદ્ધ શ્રદ્ધા જો ન કરો, અખંડ અભેદની શ્રદ્ધા ન કરો, દેવ-ગુરુ-શાસ્ત્ર આમ કહે છે તો તમારા ... ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે. વ્યવહારથી ધર્મ થાય છે, નિમિત્તથી થાય છે, ભગવાન એમ કહ્યું છે. તો તમને દેવ-ગુરુ-ધર્મની પણ શ્રદ્ધા રહી નહિ. ભગવાને તો શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ કરાવી છે. એવી દૃષ્ટિ શ્રદ્ધા હો તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા (સાચી કહેવાય). કેમ કે દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધતા ઉપર દૃષ્ટિ કરાવવી છે, એ દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે. જયંતિભાઈ!

અને ‘શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરે, છાર પર લીંપણું તેહ જાણો.’ એવી શુદ્ધ શ્રદ્ધા અભેદ ચૈતન્યની શ્રદ્ધા કર્યા વિના જેટલી પુણ્યની ક્રિયા-દયા, દાન, વ્રત, તપ આદિ કરે છે એ બધું છાર પર લીપણું છે. છાર સમજો છો? છાર સમજો છો? નથી સમજતા. છાર એટલે શું? છાર એટલે શું? રાખોડી. રાખની ભસ્મ થાય ને? રાખ-ભસ્મ હોય ને? ભસ્મ-રાખ. એ ભસ્મ-રાખ હોય ને? આટલી રાખ લગાવી હોય અને એના ઉપર ગાર કરે. ગાર સમજો છો? ગારને શું કહે છે? લીંપણ. લીંપણ કરે ને, તો લીંપણ રહે? લીંપણ ન રહે. નીચે રાખ છે લીંપણ ક્યાંથી રહે? એમ જેને શુદ્ધ શ્રદ્ધાનું ભાન નથી એની ક્રિયાકાંડના લીંપણ ન ચાલે. એ તો મિથ્યાદૃષ્ટિ વ્યર્થ કરે છે. એમાં આત્માનો લાભ નથી. એમ કહે છે. ‘શુદ્ધ શ્રદ્ધાન વિણ સર્વ ક્રિયા કરો, છાર પર લીંપણું તેહ જાણો.’ આનંદઘનજી કહે છે. હીરાભાઈ!

ભગવાન પરમેશ્વર દેવ-ગુરુ અને શાસ્ત્ર એમ કહે છે, અહીં તો આવ્યું ને? અભેદ વસ્તુ છે એની શ્રદ્ધા નામ શુદ્ધ શ્રદ્ધા છે. એવી શુદ્ધ શ્રદ્ધા તો કરતો નથી. વ્યવહારથી માને છે કે આવા દેવ હોય, એમ માને છે. નવ તત્ત્વની શ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા એ સમકિત. તો ભગવાને એમ કહ્યું જ નથી. તું કહે છે કે ભગવાને એમ કહ્યું છે. તો તને ભગવાનની પણ શ્રદ્ધા નથી. પંડિતજી! સમજાય છે? સમજાણું ભાઈ! કોલેજવાળાને તો સમજાય એવું છે આ તો બરાબર. કોલેજમાં ભણે છે. કોલેજ જ આ છે. ઓલી કોલેજ તો બધી રખડવાની છે. દુઃખી થવાના બધા રસ્તા છે. આ ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ ગણધરદેવે જે કહ્યું, ઈન્દ્રોએ પ્રતીત કરી એવી જે વાત છે એનું વાંચવું, સમજવું એ ખરી કોલેજ છે. સમજાય છે કાંઈ?

કહે છે, ભેદ. અહીં તો ભેદવાદ આવ્યો ને? એટલે ભેદથી માનનારો ભગવાનને નથી માનતો. રાગથી ધર્મ માનવાવાળો, પુણ્યથી ધર્મ માનવાવાળો, વ્યવહારથી ધર્મ માનવાવાળો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાનને નથી માનતો, ગુરુને નથી માનતો. ગુરુ અને દેવે કહ્યું છે. સમજાય છે કાંઈ? ભગવાન ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમૂર્તિ વસ્તુ સ્વભાવ પરમેશ્વરે જેવો ધ્રુવ જોયો નિજ સત્તાએ શુદ્ધ ત્રિકાળ પરમાત્મસ્વરૂપ પોતાનું ધ્રુવ છે એની દૃષ્ટિ કરવી એ શુદ્ધ શ્રદ્ધા છે. એવી શ્રદ્ધા કરતો નથી અને ભગવાન રાગથી ધર્મ કહે છે, વ્યવહારથી કહે છે તો ભગવાનને જ નથી માનતો. ભગવાને કહેલું માનતો નથી. પોતાની શ્રદ્ધા નથી અને ભગવાનની પણ શ્રદ્ધા નથી. ગુરુની શ્રદ્ધા નથી. એને શાસ્ત્રની શ્રદ્ધા નથી. સમજાય છે કાંઈ?

'**ભેદનાં કથનોને તોડી પાડતું...**' લ્યો ભઈ, ઓલું એકદમ ચાલ્યું હતું, હવે હળવે હળવે ચાલ્યું. કાલે એકદમ ચાલ્યું હતું ને. '**આ અખંડ...**' જુઓ ભાષા! હવે મૂળ મુદ્દો આવ્યો. અખંડ ચૈતન્યમૂર્તિ અખંડ, એમાં ભેદ નથી. એકરૂપ વસ્તુ જ્ઞાયક છે. એવો અખંડ '**અને અત્યંત પ્રચંડ જ્ઞાન...**' પ્રચંડ જ્ઞાન '**પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.**' એ પ્રત્યક્ષ '**इदम्**'માંથી કાઢ્યું છે ને? '**इदम्**' શબ્દ પડ્યો છે. '**इदम् उदित अखण्डम्**' '**इदम्**' એટલે આ. ભગવાન જ્ઞાન સ્વરૂપ ચૈતન્યમૂર્તિ એ અખંડ અને અત્યંત પ્રચંડ ઉગ્ર પુરુષાર્થથી જ્ઞાન પ્રગટ થયું. ઝળહળ જ્યોતિ. હું જ્ઞાન ચૈતન્ય છું, શુદ્ધ છું, આનંદ છું. એમ અખંડનો આશ્રય કરવાથી પ્રચંડ જ્ઞાન પ્રત્યક્ષ ઉદયને પ્રાપ્ત થયું. અહીંયા સુધી તો અખંડ પ્રચંડ જ્ઞાન વસ્તુ થઈ. પ્રત્યક્ષ ઉદય થયું. પર્યાયમાં રાગથી ભિન્ન પડીને સ્વભાવ ઉપર દૃષ્ટિ થવાથી જ્ઞાનનું પ્રત્યક્ષપણું થયું કે આ આત્મા છે. પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે ત્યારે સમ્યગ્દર્શન થાય છે એમ કહે છે. આહાહા..! એની શૈલી છે ને? ભાઈ! ઓલામાં આવવાનું છે ને? ટીકામાં, ૭૩માં. પ્રત્યક્ષપણું આવવાનું છે એટલે અહીં નાખ્યું છે. એમની અમૃતચંદ્રાચાર્યદની શૈલી એવી છે. ઓલામાં '**अहं खलु शुद्धो**'માં આવ્યું છે ને? આવશે ને? '**अहं खलु शुद्धो**' ત્યાંથી આવ્યું છે ને. પ્રત્યક્ષ શુદ્ધ છું. એમાંથી કાઢ્યું છે. એ અહીંથી ઉપોદ્‌ઘાતમાં શરૂઆતમાં લઈ લીધું. સમજાય છે? શું કહે છે?

આ આત્મા વસ્તુ જે અનંત જ્ઞાન, દર્શન, આનંદનો ભંડાર ભગવાન આત્મા એના ઉપર દૃષ્ટિ દેવાથી જ્ઞાનમાં પ્રત્યક્ષપણું આવે છે. રાગની અપેક્ષા નહિ, મનની અપેક્ષા નહિ. સમજાય છે કાંઈ? અખંડ પ્રચંડ વસ્તુ ધ્રુવ એમાં જ્ઞાનની પર્યાયના પ્રત્યક્ષપણાથી આ આત્મા એમ અનુભવમાં આવે છે. એને મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કહે છે. સમજાય છે કાંઈ? કહો, અજીતપ્રસાદજી! શું છે આ? પ્રત્યક્ષ થઈ ગયું કેવળજ્ઞાન વિના? પણ વસ્તુ પરોક્ષ રહે એ વસ્તુનો સ્વભાવ જ નથી. એ આવશે ૭૩ ગાથામાં, ૭૩ ગાથા છે ને. ત્યાં લીધું છે. ગયા વર્ષે જયપુર ગયા હતા ને, ત્યાં લીધું હતું. ૭૧ ગાથા પૂરી થઈ ગઈ હતી. ૭૨ ચાલવાની હતી. પણ સાહૂજી આવ્યા ને? શાંતિપ્રસાદ. ચાલીસ કરોડ રૂપિયા. એ આવ્યા. પંડિતજી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


હતા, કૈલાશચંદ્રજી હતા. બનારસથી આવ્યા હતા ને. ઘણા પંડિત આવ્યા હતા. ઈ કહે, મહારાજ! ૭૩મી લ્યો. શેઠ આવ્યા છે. મેં કીધું, શું કારણ છે? સમજ્યાને? શાહૂજી આવ્યા હતા. એને પોતાને કંઈક વિસ્તાર સમજવો હશે. ઈ એણે આમ પૂછ્યું, ૭૩ લ્યો. ૭૧ પૂરી થઈ ગઈ હતી. ૭૨મી લેવાની હતી. ૭૩ લ્યો. ઠીક. સમજાય છે કાંઈ? આ ૭૩ ગાથા આવશે ને? ઈ જયપુરમાં ચાલી હતી. ઘણું માણસ. ૧૧ દિવસમાં ૧૧ લાખ ખર્ચ્યા હતા. ૧૧ દિવસમાં ૧૧ લાખ. ગોદિકાએ. એઈ..! તમે હતા કે નહિ? તમે હતા તો છોકરાઓ તો કંઈ કરતા નથી. પૈસા બહુ છે એની પાસે. એટલા બધા પૈસા એની પાસે નથી, હોં! ગોદિકા પાસે એટલા પૈસા નથી, જેટલા તમારા છોકરા પાસે છે એટલા. ખબર છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એને માટે તો વાત ચાલે છે. આના છોકરા પાસે અઢી કરોડ પાસે છે. નાના પાસે અઢી કરોડ, મોટા પાસે બે કરોડ. પાંચ કરોડ રૂપિયા પડ્યા છે અત્યારે. ઓલાની પાસે એક કરોડ રૂપિયા તો નહિ હોય, કદાચ હોય એક કરોડ. પણ એક કરોડમાં ૧૧ દિવસમાં ૧૧ લાખ ખર્ચ્યા. અને પાંચ લાખનો હોલ. સોળ લાખ. છતાં નિર્માની માણસ, હોં! અમે ખર્ચ્યા એમ નહિ. એ તો પૈસા છે, જડ છે. તમે રાગની મંદતા કરી હોય તો પુણ્ય થશે. ધર્મ તો નહિ. સોળ લાખ ખર્ચ્યા પણ તમને ધર્મ નથી. યાદ રાખો. એ પૈસા જડ પર છે. એના લેવા દેવાની ક્રિયા પોતાના હાથની નથી. અને જે ક્રિયા થાય છે એ પોતાથી નહિ. તમારા રાગની મંદતા હોય, તૃષ્ણા મંદ કરી હોય તો પુણ્ય થશે. બસ એટલું. એનાથી ધર્મ થશે એમ નથી. ધર્મ તો પુણ્ય-પાપ રાગથી ભિન્ન આત્માનો અનુભવ કરવો, શ્રદ્ધા-જ્ઞાન કરવા એનું નામ ધર્મ છે. વીતરાગ માર્ગમાં એને ધર્મ કહે છે. પૈસાવાળાને ધર્મ થાતો હોય તો ગરીબને રોવું પડે. એવો ધર્મ નથી. સમજાય છે કાંઈ? બહુ કર્યું હતું. ઓહોહો..! ત્રીસ હજાર માણસ. શું કહેવાય? રથયાત્રા. રથયાત્રામાં ૧૮ તો હાથી શણગારેલા. ૧૮ ઘોડા, ૧૧ ઊંટ, પચ્ચીસ-ત્રીસ હજાર (માણસ). સ્થાનકવાસી, દેરાવાસી અને દિગંબર બધા સાથે. ઓહોહો..! આ મહારાજ આવ્યા. શું જૈનની પ્રભાવના! ચાલો આપણે. શેઠિયાઓ, હોં! ઘણું માણસ. ત્રીસ હજાર સાથે, હોં! ત્રણ-ત્રણ માળ, ચાર-ચાર માળ લાખો માણસ જોવે. ફાગણ સુદ-૫. વાત એવી છે કે એ તો બધી પરવસ્તુ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, નહોતા. આપણા પંડિત હતા. ફૂલચંદજી, કૈલાશચંદ્રજી, બાલચંદજી, બધા પંડિત હતા. આપણા બંસીધરજી. બધા પંડિત હતા. એ તો જોતા હતા. ઓહોહો..! એ તો પુણ્યનો ઠાઠ છે. ધર્મ-બર્મ નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નહોતા આવ્યા. વિરોધ છે ને. દૃષ્ટિ વિરુદ્ધ છે. એ માનતા નથી. સાધુને માનતા નથી, અમારા સાધુને માનતા નથી એમ કહે છે. વાત સાચી છે. બાપુ! સાધુ હોય એને ન માને? સાધુ કોને કહેવા તમે સાંભળ્યું નથી. આહાહા...! સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, '**ભેદનાં કથનોને તોડી પાડતું...**' અખંડ પ્રત્યક્ષ થાય છે. ભગવાન આત્મા વસ્તુ અખંડ અભેદ છે. એ મતિ-શ્રુત જ્ઞાનમાં રાગનું અવલંબન છૂટીને જ્યાં દ્રવ્યનો આશ્રય થયો તો જ્ઞાનનું પ્રત્યક્ષપણું થાય છે. એવા આત્માને જાણ્યો એનું નામ સમ્યગ્દર્શન છે. સમજાય છે કાંઈ? ભાઈ! આ તમારા મહારાષ્ટ્રમાં નથી ચાલતું. ત્યાં તો ક્ષેત્રપાળ ને બાવા ને ધૂળ ને ફૂલ ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરે? મિથ્યાત્વ કરવું પડે? એમ કહે છે, અમારે કરવું પડે. એવી વાત છોડી દેવી જોઈએ, ભગવાન! એ તો બધું છોડવું જોઈએ. અહીં તો આવ્યા છે ને. હવે તો તમે આવ્યા છો. હવે જ્યારથી સમજ્યા ત્યારથી સવાર. એમાં શું છે? ન સમજે તો ભૂલ થાય. હવે તો સમજ્યા તો એવા ક્ષેત્રપાળ-ફેત્રપાળને પગે લાગવું એ ભગવાનની આજ્ઞા નથી. સમજાય છે કાંઈ? ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર વીતરાગ પ્રતિમા છે એને પણ વંદન કરવા એ શુભભાવ છે. શુભભાવ, ધર્મ નહિ. સમજાય છે કાંઈ? ઈ શુભભાવ આવે છે. પણ અહીં તો દૃષ્ટિ કરવામાં તો શુભભાવનો પણ આશ્રય નથી. આહાહા..! ભારે વાત.

મુમુક્ષુ :- ભગવાન પાર્શ્વનાથને પદ્માવતી..

ઉત્તર :- પદ્માવતીને શું માને? પદ્મવાતી કોઈ ભૂતડી હશે, એમાં માનવું શું? અહીં તો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર સિવાય જૈન કોઈ બીજાને માનતા નથી. પદ્માવતી હો કે (ગમે તે હો). ઈન્દ્ર છે એ તો સમકિતી છે, ઈન્દ્ર સમકિતી એકાવતારી છે. સાંભળ્યું છે કે નહિ? સાંભળ્યું છે પંડિતજી? એ શક્રેન્દ્ર છે સુધર્મ દેવલોકનો અને એની રાણી છે, બેય એકાવતારી છે. એક ભવ કરીને મોક્ષ જવાના છે. એની પ્રતિમા કરીને માનતા નથી અને આ પદ્માવતીના ઠેકાણા નથી, કોણ હશે, શું હશે? અહીં તો પદ્મવતી કોઈ ભૂતડી હશે કે કોણ હશે તને ખબર નથી. એને ભગવાનને નામે માનવું એ વિપરીત દૃષ્ટિ છે. મિથ્યાત્વનું પોષક છે.

અહીં તો ભગવાન કહે છે કે અખંડમાંથી પ્રત્યક્ષ જ્ઞાન થવામાં પણ ખંડનો આશ્રય છોડવા લાયક છે. તો આ વાત તો ક્યાં રહી? સમજાય છે કાંઈ? ભગવાનના દર્શનમાં જે પણ શુભભાવ થાય છે એ પણ દૃષ્ટિના આશ્રયમાં એ શુભભાવનું આલંબન નથી. એના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આધારે પણ સમ્યગ્દર્શન થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

**'અખંડ અને અત્યંત પ્રચંડ...'** જુઓ! અત્યંત પ્રચંડ. મહા ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિ ભગવાન છે. જ્ઞાનની ઝળહળ (જ્યોતિ). કેવળજ્ઞાનનો કંદ આત્મા છે. એવું **'જ્ઞાન પ્રત્યક્ષ ઉદય પામ્યું છે.'** પ્રત્યક્ષ ઉદય નામ પ્રગટ પર્યાયમાં પ્રાપ્ત થયું. શક્તિ તો અખંડ પ્રત્યક્ષ હતી વસ્તુ ધ્રુવ. અંતર દૃષ્ટિ કરી તો પ્રત્યક્ષ પ્રાપ્ત થયો. ઓહો..! આ આત્મા. જ્ઞાનથી સ્વસંવેદનમાં આત્મા આવ્યો. એનું નામ ભગવાન સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. એના વિના એને ચારિત્ર અને વ્રત, તપ કદી હોતા નથી. સમજાય છે કાંઈ?

**'અહો!'** હવે કહે છે. **'અહો!'** આવું પ્રત્યક્ષ જ્ઞાન, ચૈતન્ય ભગવાન જ્ઞાનમાં પ્રગટ થયા, **'અહો! આવા જ્ઞાનમાં (પરદ્રવ્યનાં) કર્તાકર્મની પ્રવૃત્તિનો અવકાશ કેમ હોઈ શકે?'** આવો ભગવાન આત્મા જ્યાં જ્ઞાતા-દૃષ્ટા પ્રત્યક્ષ થયો એ પર રજકણ કે પરના .. કામ થાય અને આત્મા કર્તા થાય એમ કેમ બને? સમજાય છે કાંઈ? જ્યાં જ્ઞાતાપણાનું ભાન થયું, પોતામાં જ્ઞાન, દર્શન, ચારિત્રનું ભાન થયું, પ્રત્યક્ષ જ્ઞાતા છું એવા પ્રત્યક્ષ જ્ઞાનના ભાનમાં પરનો કર્તા અને પર મારું કાર્ય, એમ કેમ હોઈ શકે? એમ હોતું નથી. જ્યાં નિર્મળ પર્યાયનું કાર્ય અને હું કર્તા એવો ભેદ પણ જ્યાં નથી ત્યાં પરનો કર્તા અને પરનું કાર્ય આત્મામાં છે એવી વાત નથી. આહાહા..! ભગવાન સર્વજ્ઞદેવ પરમેશ્વરે આમ કહ્યું છે. પ્રભુ! એણે સાંભળ્યું નથી, સમજ્યો નથી. શું કરે? બધા માને એટલે અમારે તો માનવું પડે ને, એમ કહે છે, ભાઈ! કેમ ભાઈ? બધા માને છે તો અમારે શું કરવું? એકલા છૂટી પડી જવું? મરણ થાય તો એકલાનું મરણ થાય છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મરણ તો પોતાનું ભિન્ન થાય છે ને? કે બધાનું મરણ સાથે થાય છે? એકલાનું મરણ. તો અત્યારે એકલાએ કરવું.

મુમુક્ષુ :- મરણની વાત જુદી છે અને આ વાત જુદી છે.

ઉત્તર :- મરણ વખતે બધા મરે તો હું મરું, દેહ છોડું એમ છે? એમ પોતાનું કામ કરવું હોય તો બધા માને તો હું માનું એમ છે જ નહિ. કેમ પંડિતજી! એમ છે ને ભાઈ? ભગવાન! આ તો આત્માનો ઉદ્ધાર કરવો હોય તો દુનિયાની લપ છોડી દેવી જોઈએ. દુનિયા શું માનશે અને દુનિયામાં કોણ કહેશે અને કેમ કહેશે, એના ઉપર લક્ષ આપવું નહિ. ભગવાનનો માર્ગ કોઈ બીજો છે. દુનિયા સાથે મેળ ખાવો એ બની શકે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

જુઓ! કહે છે, એમ આવ્યું ને? **'ननु कथम्वकाशः कर्तृकर्मप्रवृत्तै'**. ભગવાન આત્મા વસ્તુનું સ્વરૂપ જ્યાં અંતર દૃષ્ટિમાં આવ્યું અને જ્ઞાનથી પ્રત્યક્ષ આત્મા થયો તો પરનો કર્તા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અને પર કાર્ય એમાં કઈ રીતે આવી શકે? કેમ હોઈ શકે? એમ કદી બનતું નથી. '**તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે?**' જુઓ! આવું સમ્યક્જ્ઞાન થયું તો કહે છે કે સમ્યગ્દષ્ટિ થયો તો એને પૌદ્ગલિક કર્મબંધ કેમ હોઈ શકે? અજ્ઞાનજન્ય કર્મબંધનો નિષેધ છે ને. નહિ. મિથ્યાત્વ ગયું, અજ્ઞાન ગયું, ચૈતન્યનું સમ્યક્જ્ઞાન થયું તો પૌદ્ગલિક કર્મબંધનું કારણ ગયું તો કાર્ય કેમ કોઈ શકે? એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે વાતું. '**તથા પૌદ્ગલિક કર્મબંધ...**' ઓલામાં મોહ ... ખુલાસો કર્યો છે. એમ કે વિપરીત બુદ્ધિ ગઈ અને પૌદ્ગલિક કર્મબંધ થાય? અરે..! બેય સાથે ગયા. વિપરીત બુદ્ધિ પણ ગઈ અને કર્મબંધ પણ છૂટી ગયો. અહીં સમ્યગ્દષ્ટિની વાત છે, હોં! જરી રાગ રહે છે એનો થોડો બંધ પડે છે એની ગણતરી ગણવામાં આવતી નથી. એ તો થોડો રાગ છે એ છૂટી જશે. કહે છે, '**તથા પૌદ્ગલિક કર્મબંધ પણ કેમ હોઈ શકે? (ન જ હોઈ શકે).**' લ્યો. લ્યો એ કળશનો અર્થ થયો. ઠીક. કાલે એકદમ લઈ લીધું હતું ને. બસને? એ તો અર્થ આવી ગયો કૌંસમાં છે એનો. કૌંસમાં છે એનો આવી ગયો પહેલા. હવે કૌંસનું કાંઈ નહિ. હવે આ બાજુ ભાવાર્થ લ્યો. ભાવાર્થ છે ને?

'**ભાવાર્થ :- કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી...**' જુઓ! ભાષા. ભાવાર્થ. કર્મબંધન તો અહીં મિથ્યાદષ્ટિને મિથ્યાત્વથી કર્મબંધ થાય છે ઈ જ લીધું છે. સમ્યગ્દર્શન થયા પછી અલ્પ બંધન રહ્યું એને ગણવામાં આવતું નથી. એ તો જ્ઞેય થઈ ગયું આત્માનું. રાગાદિ રહે અને બંધ થાય એ તો જ્ઞાનનું જ્ઞેય રહી ગયો. જ્ઞાનીને બંધ છે જ નહિ. સમ્યગ્દષ્ટિને બંધ છે જ નહિ એમ અહીંયા જોર દીધું છે. સમજાય છે કાંઈ? કેમ કે દષ્ટિ નિર્મળ છે અને દષ્ટિનો વિષય પૂર્ણાનંદ પ્રભુ છે, બેયમાં બંધ નથી. પરિણામમાં બંધનો ભાવ નથી અને વસ્તુમાં બંધનું સ્વરૂપ નથી. પરિણામિક પદાર્થ ત્રિકાળ અબંધસ્વરૂપ છે એવી દષ્ટિ થઈ તો પરિણામ પણ અબંધ થયા. અબંધમાં જ્ઞાનીને બંધ થાય એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાય છે કે નહિ? એઈ..! સુરેન્દ્ર! થોડું થોડું સમજાય છે કે નહિ? સાંભળે છે બરાબર ધ્યાન રાખીને. આ તો બધાએ સમજવાનું છે. બાળક, યુવાન ક્યાં છે? શરીર છે. આ તો આત્મા છે ને અંદર. આહાહા..! સુરેન્દ્ર છે. દેવનો દેવ છે આત્મા. દેવાધિદેવ આત્મા છે.

ભગવાન પૂર્ણાનંદ સર્વજ્ઞ પરમાત્માએ જોયો એ સર્વજ્ઞની પર્યાય છે એવી અનંતી પર્યાય પોતાના આત્મામાં છે. એવી શક્તિનો ધણી ક્યાં વલખાં નાખે છે? વિલાપ શું કરે છે? આહાહા..! ઈ આવે છે ને ક્યાંક? નહિ? જુઓ! આ શક્તિનો ધણી શું કરે છે? એવું કાંઈક આવે છે. દોહરામાં ક્યાંક આવે છે. આવી શક્તિનો ધણી આ શું? એવું કાંઈક આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



બધું કાંઈ યાદ રહે છે? સમજાય છે કાંઈ? આવું અનંત જ્ઞાન, આનંદની શક્તિનો નાથ આ શું કરે છે? શું વિલાપ કરે છે? આ જોઈએ, મને આ જોઈએ, મને આ જોઈએ. શું છે? ભગવાન! સમજાય છે? એવું ક્યાંક આવે છે.

'**ભાવાર્થ :- કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.**' જુઓ! અવ્રત અને પ્રમાદભાવ રહ્યા એને અહીં ગણવામાં આવ્યા નથી. કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી (પ્રવૃત્તિ છે). રાગ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું, એ અજ્ઞાનભાવ જ બંધનું કારણ હતું. ભગવાન ચૈતન્યસ્વભાવ એનાથી જે રાગ ભિન્ન છે, સ્વભાવથી ભિન્ન છે અને કર્મ આદિ તો ભિન્ન છે જ. ભિન્ન છે એ મારું કાર્ય છે અને હું એનો કર્તા છું એ અજ્ઞાનભાવ હતો. એ જ્ઞાનસ્વભાવથી વિપરીત ભાવ હતો. તો એ અજ્ઞાનભાવથી જ કર્તાકર્મની પ્રવૃત્તિ, કર્મબંધ હતો. સમજાય છે કાંઈ? '**કર્મબંધ તો અજ્ઞાનથી થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.**' એમ લીધું છે, જુઓ! સમજાય છે કાંઈ? ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્ઞાનસૂર્ય છે. ચૈતન્યસૂર્ય સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો, જોયો છે. એવો ચૈતન્યસૂર્ય જ્યાં પોતાની દૃષ્ટિમાં આવ્યો તો અજ્ઞાનથી આવા ચૈતન્ય આત્માનું ભાન નહોતું, આદર નહોતો ત્યારે રાગનું વિકલ્પનું કાર્ય મારું અને હું કર્તા, એમ હતું. તો અજ્ઞાનભાવથી કર્મબંધની પ્રવૃત્તિ હતી. અજ્ઞાનભાવથી કર્મબંધની પ્રવૃત્તિ હતી. છે? '**કર્તાકર્મની પ્રવૃત્તિથી હતો.**' સમજાય છે કાંઈ? આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. એમ ને એમ વાંચી જાય એનું કામ નથી. મહા એક એક શબ્દમાં ગૂઢતા ભરી છે, ગંભીરતા ભરી છે.

'**હવે જ્યારે ભેદભાવને...**' જુઓ! જ્યારે રાગાદિ અને પર્યાયના ભેદભાવને '**પરપરિણતિને દૂર કરી...**' ભેદભાવ અને પરપરિણતિ બેયને '**દૂર કરી એકાકાર જ્ઞાન પ્રગટ થયું...**' હું જ્ઞાન શુદ્ધ ચૈતન્ય છું એમ અંતર જ્ઞાનનું ભાન થયું, એકાકાર એક અખંડ ઉપર જ્ઞાન એકાકાર થયું '**ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...**' તો ભેદ નામ પરનો કર્તા અને કર્મ એ પણ નહિ અને રાગ મારું કાર્ય એ પણ ન રહ્યું અને ભેદરૂપ વિકલ્પ ઉઠે છે કે આ ગુણ-ગુણીનો ભેદ, એ વિકલ્પ મારું કાર્ય અને હું કર્તા એ પણ છૂટી ગયું. આહાહા..! સમજાય છે કાંઈ? '**ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી; તો પછી હવે બંધ શા માટે હોય? અર્થાત્ ન હોય.**' સમ્યગ્દૃષ્ટિને બંધ નથી. એ.. ધર્મચંદજી! શું લડાઈ કરે તો પણ? ૯૬૦૦૦ સ્ત્રીમાં સમકિતી પડ્યો હોય. પડ્યો જ નથી, એમાં છે જ નહિ, એ તો પોતાના જ્ઞાન અને આનંદમાં છે. રાગમાં નથી, દ્વેષમાં નથી, પરમાં છે જ નહિ. જ્યાં પોતામાં છે ત્યાં તો શુદ્ધતા અને આનંદમાં છે ઈ તો. સમજાય છે કાંઈ? આહાહા..!

શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રત્યક્ષ દૃષ્ટિ થઈ તો નિર્મળ પર્યાય અને સ્વભાવમાં જ્ઞાની તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે. વિકલ્પમાં નથી તો નિમિત્તમાં નથી તો ત્યાં છે અને કામ કરે છે એમ ક્યાંથી આવ્યું? એમ કહે છે. જેમાં નથી એનું કામ મારું અને હું કર્તા એ ક્યાંથી આવ્યું? સૂક્ષ્મ વાત છે. આ બધા આવ્યા છે ને તો બરાબર સમજીને નક્કી કરવું. પોતાને માટે, હોં! બીજા માટે નહિ. અરે..! આવા મનુષ્યપણામાં જો આ કામ નહિ કરે તો ચોર્યાશીમાં ચાલ્યો જશે. ક્યાં ક્યાં ચાલશે, ક્યાં ક્યાં જશે એનો કોઈ મેળ નથી. લ્યો એ ગાથા પૂરી થઈ ગઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નથી આવી? '**જ્ઞાન પ્રગટ થયું ત્યારે ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...**' હા, એ શબ્દનું લીટીમાં ગયું. '**ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી;...**' શું કહ્યું? આ હું જ્ઞાતા છું, હું જ્ઞાનની પર્યાયનો કર્તા છું એવો ભેદરૂપ કારક પણ ન રહ્યો. ભેદરૂપ કારકની પ્રવૃત્તિ મટી. પરનો કારક તો મટી ગયો, રાગનો મટી ગયો, પણ ભેદરૂપ (અર્થાત્) હું જ્ઞાન છું, જ્ઞાનથી જાણનારો છું એવો જે વિકલ્પ-ભેદ એ પણ મટી ગયો. એકલા અભેદ ચૈતન્ય ઉપર દૃષ્ટિ હોવાથી જ્ઞાનની પર્યાય જ્ઞાતા ઉપર આવી. કર્તાકર્મ રહ્યું નહિ. '**તો પછી હવે બંધ શા માટે હોય? અર્થાત્ ન હોય.**'

'**હવે પૂછે છે...**' હવે ૭૩ ગાથા ચાલશે. ૭૨ પૂરી થઈ ગઈ. પોણો કલાક ચાલ્યો ભાઈ એક કળશ. '**હવે પૂછે છે કે કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' શિષ્યનો પ્રશ્ન છે. વિધિ શું? વિધિ શું છે? પુણ્ય-પાપ જે મેલ છે તેનાથી નિવૃત્ત થાય છે એની વિધિ શું છે? એની રીત શું છે? એનો માર્ગ શું છે? સમજાય છે કાંઈ? લ્યો, આ વિધિ તમારે શ્વેતાંબરમાં બહુ આવે. વિધિથી કરે નહિ અને અવિધિ કરે તો પાપ લાગે. બહુ આવે છે ને? આ બધી વિધિ, હોં! આ બધી ક્રિયાકાંડ. એ લોકોમાં બહુ આવે છે. અવિધિએ કરે તો આમ થાય. હવે વિધિથી કરે તોય બંધ છે. સાંભળને! તારા રાગમાં શું છે? અપવાસ કરવા ને વર્ષીતપ કરવા ને ધૂળ કરવા ને પર કરવા ને.. બધા વિકલ્પની વિધિ એ વિધિ જ નથી.

અહીં તો શિષ્ય પ્રશ્ન કરે છે, મહારાજ! આ ભગવાન આત્મા કઈ વિધિથી આસ્રવોથી.. આસ્રવ એટલે? પુણ્ય-પાપના ભાવ મેલ, એનાથી કઈ વિધિથી નિવૃત્ત થાય છે? '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**' ઈ શું કહે છે? જેને આવી ઝંખના, અભિલાષા છે એને અમે ઉત્તર આપીએ છીએ. વેઠવાળાને ઉત્તર દેતા નથી એમ કહે છે. વેઠવાળા એટલે? સાંભળી લો. એમ નહિ. જેને અંતરમાં અભિલાષા છે. મહારાજ! પ્રભુ! પ્રશ્ન કરવામાં લીધું છે. જુઓ! સંસ્કૃતમાં છે. '**केन विधिनायमास्रवेभ्यो निवर्तत**'. શિષ્યના હૃદયમાં એવી ભાવના થઈ છે કે મહારાજ! આ વિકારી ભાવ, શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ, રાગભાવ, દ્વેષભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બધો આસ્રવ છે. એ આસ્રવથી કઈ રીતે, કઈ વિધિથી, ક્યા પ્રકારે નિવૃત્ત થાય છે? એમાં કહ્યું હતું ને ભાઈ! નિવૃત્તિ થાય છે. છેલ્લો પ્રશ્ન હતો ને? છેલ્લો હતો ને. '**तदो णियत्तिं कुणदि जीवो**' ઈ એમાંથી કાઢ્યું છે. ચોથા પદમાં હતું ને? '**तदो णियत्तिं कुणदि जीवो**' એની સાથે લગાવ્યું છે. એની વિધિ શું? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા, જે પુણ્ય-પાપના ભાવ છે વિકાર છે, મેલ છે તો એ મેલ છે અને મિથ્યાત્વભાવ મેલ છે, એ કષાય છે. એ દુઃખરૂપ ભાવ છે. મિથ્યાત્વભાવ (અર્થાત્) પુણ્ય મારું છે અને પુણ્યથી મને લાભ છે, એવો મિથ્યાત્વભાવ પણ કષાય છે, દુઃખરૂપ છે. તો એ દુઃખરૂપ રૂપી આસ્રવથી આત્મા કઈ વિધિથી નિવૃત્તિ કરે છે? સમજાય છે કાંઈ? એમ જેને અંતરમાં ધગશ નામ અભિલાષા છે તેને આ ઉત્તર દેવામાં આવે છે. સાધારણ માણસ કહે સાંભળી લો, સાંભળી લો એને ઉત્તર દેતા નથી. સમજાય છે કાંઈ? અમૃતચંદ્રાચાર્યે એવી સંધિ કરી છે. ભાઈ! આ ગાથા કોને કહેવામાં આવે છે? જેને આવી અભિલાષા છે કે મારે આ મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ, શુભ-અશુભભાવ દુઃખરૂપ છે એનાથી નિવર્તવાની વિધિ શું છે? એમ જેને ઝંખના છે, જિજ્ઞાસા છે એને આ વાત કહે છે. તો એને સમજાશે. પણ જેને કંઈ જિજ્ઞાસા નથી. સાધારણ સાંભળો, સાંભળો શું છે? વાંચી લો. એને આ ઉત્તર દેવાતો નથી. એમ કહે છે. ધીરૂભાઈ! અરે.. ભગવાન! શું કરવું છે ભાઈ? ઈ કહે છે, તમારું બોલાશે બીજું. હવે લાખ બોલે તોય અમારે શું છે? અમારા તો ઘણા ઢોલ વાગ્યા છે ને. ઊંટ ઉપર નગારા વાગ્યા છે. લોકો નિંદા પણ બહુ કરે છે. અમારે શું છે? નિંદા કરે, પ્રશંસા કરે અમને કાંઈ નથી. માર્ગ તો વીતરાગનો છે એવો છે. અમને બીજા સાથે કાંઈ સંબંધ નથી. દુનિયા શું કહેશે? તમને ન આવડ્યું એમ બોલે, તમે જવાબ ન આપ્યો. લાખ બોલે નહિ, અમને કાંઈ આવડતું નથી. લે. વાદવિવાદ કરતાં અમને નથી આવડતું.

ભાઈ! આ તે કંઈ વાદવિવાદથી પત્તો લાગે એમ છે? જેને ઝંખના હોય.. આહાહા..! અરે..! શુભ-અશુભ વિકાર અશુભમાં મિથ્યાત્વ પણ આવી ગયું. મિથ્યાત્વભાવ અશુભ પાપઆસ્રવ છે. અવ્રત, પ્રમાદ એ કષાયભાવ પાપઆસ્રવ છે. અને કષાયમાં પુણ્યભાવ પણ આવી ગયો. એ આસ્રવથી આત્મા એકત્વ માને છે તો એનાથી છૂટકારો-નિવૃત્તિ કઈ વિધિથી થાય છે? સમજાય છે કાંઈ? એવા પ્રશ્નનો જિજ્ઞાસુ અભિલાષી પ્રાણીને ઉત્તર દેવામાં આવે છે.

'**अहमेक्को खलु सुद्धो**' આ ૭૩મી ગાથા ઓલાએ આપી છે. ખત્તરગચ્છ. શું કહેવાય? દેવચંદજી. એણે આ ગાથા ટાંકી છે. તપગચ્છ.. નામ ન આપે. આ સમયસારની ૭૩ ગાથા છે એમ નામ ન આપે. ન આપે. આ ઉત્તમ કહીને આ ૭૩ ગાથા લીધી છે. દેવચંદજી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ખત્તરગચ્છ તપગચ્છમાં થયા છે. આ ગાથા લીધી છે. ઘણા વર્ષ પહેલા જોયું છે. નામ નહિ. આ દિગંબરમાં જે વાત છે એવી વાત ક્યાંય છે જ નહિ. આધાર તો ઘણાને લેવા પડે છે. સમજાય છે કાંઈ? નામ લેવું પડે તો નામ ન આપે કે આ સમયસાર, કુંદકુંદાચાર્યની ગાથા છે. એ નામ આપે તો લોકો (ભડકે), આ શું? આપણે નથી કે બીજાની વાત લઈએ છીએ? આહાહા..! અરે..! ભગવાન! આ તો સનાતન વીતરાગમાર્ગ છે. દિગંબર માર્ગ કોઈ પક્ષ નથી. અનાદિ કેવળજ્ઞાની પરમેશ્વરે કહેલો માર્ગ છે. એમાં શ્વેતાંબર પાછળથી નીકળ્યા છે. બે હજાર વર્ષ પહેલા. ભગવાન પછી ૬૦૦ વર્ષે શ્વેતાંબર નીકળ્યા છે. એમણે આ શાસ્ત્ર બનાવ્યા છે. એમાંથી સ્થાનકવાસી તો હમણા નીકળ્યા. ૫૦૦ પહેલા શ્વેતાંબરમાંથી નીકળ્યા છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- શોધન કરીને નીકળ્યા છે.

ઉત્તર :- શોધન શું હતું, વિપરીતતા કરીને નીકળ્યા છે. સમજાય છે કાંઈ? એમાંથી આ તેરાપંથી નીકળ્યા હમણા. દયાને પાપ માનનારા. આ તુલસી નહિ? તુલસી. એક પછી એક વિપરીત શ્રદ્ધા થઈને નીકળ્યા છે. ભાઈ! સત્ય તો આમ છે. માનો, ન માનો એની ચીજ છે. શું કહે છે જુઓ!

**अहमेक्को खलु सुद्धो णिम्ममओ णाणदंसणसमग्गो।**
**तम्हि ठिदो तच्चित्तो सव्वे एदे खयं णेमि।।७३।।**

આ કુંદકુંદાચાર્યનો શ્લોક છે. ભગવાન પાસે ગયા હતા. સંવત ૪૯. કુંદકુંદાચાર્ય નગ્ન દિગંબર મુનિ અહીંયાં સંવત ૪૯માં હતા. ત્યાં પોન્નુર હિલ. મદ્રાસથી એંસી માઈલ આ બાજુ ટેકરી છે ત્યાં રહેતા હતા ધ્યાનમાં. ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાનનું આયુષ્ય કરોડ પૂર્વનું છે. બે હજાર વર્ષ પહેલા ગયા હતા અને અત્યારે પણ પરમાત્મા બિરાજે છે. મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન કેવળજ્ઞાની ભગવાન વર્તમાનમાં બિરાજે છે. એ વખતે પણ એ હતા અને હજી તો ઘણું રહેવાના છે. આગામી ચોવીશીમાં જ્યારે તેરમા તીર્થંકર થશે ત્યારે ભગવાન મોક્ષ પધારશે. ત્યાં સુધી અરિહંત પદે બિરાજે છે. કેવળજ્ઞાનીપણે બિરાજે છે. ચાર કર્મનો નાશ થયો છે, ચાર કર્મ બાકી છે. સમવસરણમાં ધ્વનિ ઉઠે છે. ઈન્દ્રો જાય છે મહાવિદેહ ક્ષેત્રમાં. તેમની પાસે મહાવિદેહ ક્ષેત્રમાં કુંદકુંદાચાર્ય ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. આવીને આ ગાથા બનાવી છે. સમજાય છે કાંઈ? પોન્નુર હિલ ટેકરી છે ત્યાં આ સમયસાર બનાવ્યું છે.

મુમુક્ષુ :- ચાર અઘાતિ કર્મ એટલા બધા વર્ષ સુધી ચાલ્યા કરે?

ઉત્તર :- કોણ કાઢે? કર્મ કર્મમાં છે, આત્માને કંઈ નુકસાન કરતા નથી. અઘાતિ એના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઘરે રહ્યા.

મુમુક્ષુ :- કરોડ પૂર્વનું આયુષ્ય કહ્યું..

ઉત્તર :- આયુષ્ય છે તો આયુષ્ય જડનું છે. આત્માનું ક્યાં આયુષ્ય છે? એ તો દેહની સ્થિતિનું છે. આત્માની સ્થિતિ નથી. કેવળજ્ઞાન થયું તો ચાર કર્મ પણ જ્ઞાનમાં આવી ગયા છે, હોં! એટલું. એને રોકે છે એમ નથી. પોતાની પર્યાયમાં થોડી નબળાઈ છે એટલા રહ્યા છે. પોતાને કારણે, હોં! કર્મને કારણે નહિ. એ.. પંડિતજી! કેવળજ્ઞાની પણ પોતાની પર્યાયમાં જેટલી નબળાઈ છે, જેટલી હજી અવ્યાબાધ આદિ ગુણની પર્યાય હિણી છે તેથી પોતાને કારણે રહ્યા છે, પરને કારણે નહિ. અને રહ્યા હોય તો શું? ભગવાન તો અનંત આનંદનો અનુભવ કરનારા છે. અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય છે. એમાં શું છે? બધાનું જ્ઞાન થઈ ગયું છે. કર્મ આ છે, હવે આ સમયે ખરશે, એ બધાનું જ્ઞાન છે. એને કંઈ કરવું નથી. સમજાય છે કાંઈ? સર્વજ્ઞને સમજવા મોટી વાત છે. કોણે કહ્યું? સુરેન્દ્રભાઈએ. હવે નીચે. આ તો કુંદકુંદાચાર્યનો શ્લોક છે. હવે આપણે પંડિતજીએ હરિગીત કર્યા છે. આ પંડિતજી છે ને? એમણે કર્યા છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડના હવે કરે છે. હવે નવરા થઈ ગયા ને એટલે બનાવશે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ના, ના. એમણે હા પાડી હતી. મેં કીધું ત્યારે હા, હા કીધું હતું. હમણાં કહ્યું હતું. એટલે કહ્યું હતું, હો! કહ્યું હતું મેં. બનાવશે. એમ કહ્યું હતું? ખબર છે? શબ્દમાં હા પડી હતી. મેં કીધું, હવે નવરા થયા તો કરશે. તો કહ્યું, હા. એઈ..! વજુભાઈ! નોકરી છોડી દીધી.

મુમુક્ષુ :- વજુભાઈ ... મદદ કરશે.

ઉત્તર :- વજુભાઈ શું મદદ કરે? ઠોઠ નિશાળિયા છે વજુભાઈ. કહો, સમજાણું કાંઈ? ખરી વાત છે, હોં! એના કામમાં... એ માટે કહ્યું. નીચે એનો શ્લોક જુઓ!

**છું એક શુદ્ધ, મમત્વહીન હું, જ્ઞાનદર્શનપૂર્ણ છું;**
**એમાં રહી સ્થિત, લીન એમાં, શીઘ્ર આ સૌ ક્ષય કરું. ૭૩.**

આમાં ભૂલ રહી ગઈ છે. 'ક' ન જોઈએ. એ શ્લોકનું હરિગીત બનાવ્યું છે. હવે એની ટીકા. જુઓ! સમ્યગ્દર્શન થયા પહેલા ધર્મી કેવો નિર્ણય કરે છે એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? હમણાં પણ ક્યાંક ચાલ્યું હતું ને? ક્યાંક નહિ? ક્યાં ચાલ્યું હતું? સમ્યગ્દર્શન-ધર્મની પહેલી સીઢીને પ્રાપ્ત કરતાં પહેલા ધર્મી આત્માનો કેવો નિર્ણય કરે છે, વિકલ્પ દ્વારા (ઈ કહે છે). વિકલ્પ સમજ્યા? રાગ છે, વિકલ્પ છે. મન સાથે કેવો નિર્ણય કરે છે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વાત ચાલે છે. હજી નિર્વિકલ્પ થયો નથી. સમ્યગ્દર્શન થયું નથી. પણ સમ્યગ્દર્શન થાય પહેલા વિકલ્પ નામ રાગ દ્વારા મનના સંબંધ દ્વારા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવા માટે કેવો વિચાર કરે છે ઈ અહીંયા કહેવામાં આવે છે. બહુ સારી વાત છે આ ૭૩ ગાથામાં. જયપુરમાં તો બહુ સ્પષ્ટતા કરી હતી.

મુમુક્ષુ :- અહીં પણ થાશે ને.

ઉત્તર :- કેવું નીકળે એ તો એના પ્રમાણે આવે ને. એ વખતે ભાષા, કાળ... સમજાય છે? જુઓ! શું કહે છે?

પહેલા એવો વિચાર કરે છે, વિધિ ઈ છે કે '**હું...**' શબ્દ પડ્યો છે ને? હું. '**હું...**' આત્મા. '**આ..**' પ્રત્યક્ષ. 'આ' પ્રત્યક્ષને સૂચવે છે. '**હું આ આત્મા-પ્રત્યક્ષ...**' જુઓ ભાષા! સમ્યગ્દર્શન થયા પહેલા ધર્મી થવાની યોગ્યતામાં આવો વિચાર હોય છે કે હું તો પ્રત્યક્ષ થવાને લાયક છું. સમજાય છે કાંઈ? હું આત્મા તો પ્રત્યક્ષ થવા લાયક છું. પરોક્ષ રહી શકે એવો મારો સ્વભાવ નથી. એમ સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? કેમ? કે આત્મામાં એક પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ શક્તિ વર્ણવી છે ને? ૪૭ શક્તિનું પુસ્તક 'આત્મ વૈભવ' આવી ગયું છે. બારમી પ્રકાશ શક્તિ છે. જીવત્વશક્તિ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શિ, સર્વજ્ઞત્વ, સ્વચ્છત્વ અને પ્રકાશ. બારમી શક્તિ ૪૭ શક્તિનું વર્ણન આવ્યું છે. હમણા ૩૩૦૦ પુસ્તક બહાર પડ્યા છે. 'આત્મ વૈભવ'. એમાં ૧૨મી પ્રકાશ નામનો ગુણ ભગવાને આત્મામાં જોયો છે. આત્મામાં કેવળજ્ઞાનીએ પ્રકાશ નામનો અનંત ગુણમાં એક ગુણ જોયો છે. એ ગુણનું શું કાર્ય છે? એ ગુણનું એ કાર્ય છે કે રાગની અપેક્ષા છોડીને પોતાનો આત્મા પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાય એ ગુણનું કાર્ય છે.

સમ્યગ્દર્શન પહેલા આ વિધિથી નિર્ણય કરે છે કે હું આ પ્રત્યક્ષ. હું તો પ્રત્યક્ષ થઈ જાઉં એવી જ મારી તાકાત છે. એવો હું આત્મા છું. એમ નિર્ણય કરે છે. હજી વિકલ્પ દ્વારા. સમજાય છે કાંઈ? આહાહા..! હું પ્રત્યક્ષ. વિશેષ વિષય આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૯, સોમવાર તા. ૨૦-૫-૧૯૬૮**
**ગાથા-૭૩, પ્રવચન-૫૧૨**

સમયસાર, ૭૩મી ગાથા ચાલે છે. એની ટીકા. શું અધિકાર છે? આ કર્તાકર્મ અધિકાર છે. ધર્મ પ્રાપ્ત થવા પહેલા આત્મા કેવો છે એનો નિર્ણય કરે છે. સમ્યગ્દર્શન થયા પહેલાં. પહેલાં શું કરવું? એમ પૂછે છે ને. પહેલા શું કરવું? તો આ કરવું એમ કહે છે. પંડિતજી કહે છે ને, પહેલાં અમારે શું કરવું? ઘણી વાર ચાલે છે, પહેલાં અમારે શું કરવું?

મુમુક્ષુ :- ...પછી કરવું ને? એમ પૂછે છે.

ઉત્તર :- પણ ઈ કરવું એમ નહિ, પ્રથમ શું કરવું? તો વસ્તુ આવી છે એમ નિર્ણય કરવો, એમ કહે છે. સમજાય છે કાંઈ? તેથી અહીંયાં અમૃતચંદ્રાચાર્યે અધિકાર લીધો છે. સમ્યગ્દષ્ટિ થયા પહેલા જ્ઞાની વિચાર કરે છે, એમ લખ્યું છે. પણ જ્ઞાની વિચાર કરે છે એનો અર્થ ઈ.

છ દ્રવ્ય છે ઈ તો છે. પણ સમ્યગ્દર્શન જેને પ્રાપ્ત કરવું હોય, જેને ધર્મની પ્રથમ સીઢી, જે ધર્મની શરૂઆત થાય છે તે પ્રાપ્ત થાય છે તેની પહેલા શું કરવું? ઈ કહે છે. '**હું આ...**' અમારે ગુજરાતીમાં. '**હું આ...**' હું આ '**પ્રત્યક્ષ અખંડ...**' એમ નિર્ણય કરવો કે હું આત્મા. આ પ્રત્યક્ષ. હું ચીજ પ્રત્યક્ષસ્વરૂપ જ છું. અને વર્તમાનમાં પ્રત્યક્ષ થવા લાયક મારી શક્તિ છે. એમ એણે પ્રથમ નિર્ણય કરવો. કહો, ચંદુભાઈ! આહાહા..! જુઓ! જેને સમ્યગ્દર્શન અને ધર્મની પ્રથમ પ્રાપ્તિ કરવી હોય એણે એની પહેલા શું કરવું? કે જેવો આત્મા ધ્રુવ છે, અહીંયા ધ્રુવની વાત છે. સકળ નિરાવરણ અખંડ પ્રત્યક્ષ ચૈતન્યમૂર્તિ ભગવાન. એક સમયમાં હું આ. પ્રત્યક્ષ. હું પ્રત્યક્ષ થવાને (લાયક છું). એ વસ્તુ જ પ્રત્યક્ષ છે. વસ્તુ પ્રત્યક્ષ છે. એ વસ્તુ પ્રત્યક્ષ છે તો નિર્ણય કરનારો કહે છે કે હું વસ્તુ પ્રત્યક્ષ થવા લાયક જ છું. હું તો પ્રત્યક્ષ જ છું. સમજાય છે કાંઈ? મુનિપણું અને શ્રાવકપણું તો પછી રહ્યું. પણ સમ્યગ્દર્શન પ્રથમ ધર્મનો પાયો એના પહેલાની શું ક્રિયા છે, ઈ ક્રિયા કહે છે. જુઓ! એ છે વિકલ્પ સહિતની વિચારધારા. વિકલ્પ નામ રાગ મિશ્રિત વિચાર છે. મનની સાથે રાગ મિશ્રિત વિચાર છે, આ કંઈ સમ્યગ્દર્શન નથી. પણ રાગ મિશ્રિત વિચારમાં હું કોણ છું? એવો નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ?

'**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ...**' હું અખંડ છું. હું વસ્તુ છું તો અખંડ છું. વસ્તુમાં ખંડ નથી. વસ્તુ અખંડ છે. બધું મળીને નહિ. આત્મા પોતે અખંડ (છે), નિજ એ અખંડ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મા છે. અખંડ ચિન્ છે-ત્યક્ષ અખંડ અને '**અનંત ચિન્માત્ર જ્યોતિ...**' હું તો અનંત જે ... જ્ઞાન છે, જ્ઞાનમાત્ર કહેતાં એમાં રાગ નહિ, વિકલ્પ નહિ, સંસાર નહિ, ઉદયભાવ નહિ કંઈ નહિ. હું તો અનંત ચિન્માત્ર. જેનો સ્વભાવ બેહદ અનંત-અંત નહિ એવો અપરિમિત અનંત ચિન્માત્ર જ્ઞાનમાત્ર તત્ત્વ હું છું. લ્યો, આ પહેલા કરવું. કષાય મંદ કરવો કે નહિ પહેલા? પહેલા વ્રતાદિ પાળવા કે નહિ? પહેલા દયા આદિ, વ્રત લેવા પછી સમ્યગ્દર્શન થાય, એમ અત્યારે કહે છે. પહેલા તમે ચારિત્ર લઈ લ્યો, પછી ચારિત્રથી તમે સ્વર્ગમાં જશો અને સ્વર્ગમાંથી ભગવાન પાસે જશો ત્યાં સમકિત પ્રાપ્ત થશે, જાઓ! એમ કહે છે. એમ છપાયું છે. સમજાય છે કાંઈ? એમ રેકોર્ડિંગ છપાઈ ગયું છે. રેકોર્ડિંગ. કુંભોજથી. કુંભોજને? શું કહેવાય ઈ? દેશભૂષણ.. દેશભૂષણ. કુંથલગિરિ. કુંથલગિરિ છે ને? દેશભૂષણ. ત્યાંથી છપાઈ ગયું છે. શાંતિસાગર તરફથી. અહીંયા ચોપડી છે, આવી ગઈ છે. અહીંયા તો બધું આવે છે ને. મોકલે એમાં આવી છે. ભેટ તરીકે આવે છે. પહેલા ચારિત્ર લઈ લ્યો. પણ સમ્યગ્દર્શન વિના ચારિત્ર ક્યાંથી આવ્યું? આહા..હા..! ચારિત્ર તો સ્વરૂપની દૃષ્ટિનો અનુભવ થયો એમાં ચરવું, રમવું, લીન થવું એનું નામ ચારિત્ર છે. ચારિત્ર...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ સમ્યગ્દર્શન ... ખલાસ થઈ ગયું, એમાં કોઈ હેતુ જ નથી. અહીંયા તો ચિંતવન પણ નહિ, એ તો વિકલ્પ છે.

આત્મા પુણ્ય-પાપ, મહાવ્રતાદિ ક્રિયાથી રહિત છે. મહાવ્રત તો અજ્ઞાનીને છે જ નહિ. પણ કોઈ વિકલ્પ છે એ નહિ. હું તો પહેલાં .. '**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર...**' બેહદ જ્ઞાનમૂર્તિ ચિન્માત્ર છું એવી '**જ્યોતિ...**' એવી ચિન્માત્ર જ્યોતિ છું. એમ વિકલ્પ દ્વારા, રાગ દ્વારા સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલા આવો નિર્ણય કરે છે, એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? આ તો બહુ સરસ વાત છે. પહેલા આ કરવું. પહેલા શું કરવું? પહેલા આત્મ ચિતંવન કરવું? પણ આત્મ ચિંતવનનો અર્થ શું? આત્મા આવો છે એનો પહેલા નિર્ણય કરવો. એમ તો આત્મ ચિંતન, આત્મ ચિંતન બધા કરે છે. સમજ્યા? આત્મ ચિંતવન વિના મોક્ષ નહિ થાય. પણ આત્મ ચિંતવનનો અર્થ શું? આત્મા આવો છે એમ પહેલા વિકલ્પ દ્વારા નિર્ણય કરવો. એ પણ હજી તો રાગ છે. પછી સ્વભાવ સન્મુખ થઈને વિકલ્પને છોડવા, છૂટી જાય છે ત્યારે નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ?

'**અનંત ચિન્માત્ર...**' પણ વસ્તુ એક છે ને, અનંત ક્યાંથી આવ્યું? ભાઈ! અનંત એટલે જે વસ્તુ છે એનો જે જ્ઞાનસ્વભાવ છે એ જ્ઞાનસ્વભાવ, સ્વભાવની મર્યાદા જ નથી. સ્વભાવ અનંત છે. અનંત અનંત જ્ઞાન. ત્રણકાળ ત્રણલોકને જાણે અને એનાથી પણ અધિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય તો પણ જાણે, એવો હું અનંત જ્ઞાન છું. એમ અંદર નિર્ણય કરે છે. હું નિમિત્તમાં છું, હું કર્મસહિત છું, હું રાગસહિત છું ઈ તો વાત જ નથી. અને હું એક સમયની પર્યાયવાળો છું એમ પણ નહિ. હું કર્મ સહિત છું, હું આવરણ સહિત છું. હું ઉદયસહિત છું. ઉદય નામ રાગ. એની તો વાત જ નથી. કેમ કે એવો છે નહિ. અને એક સમયની પર્યાયમાત્ર છું, એ પણ નહિ.

એક સમયની પર્યાય પ્રગટ-વ્યક્ત છે ને? અનંત ગુણની. એટલો પણ નહિ. હું તો અનંત ચિન્માત્ર જ્યોતિ ધ્રુવ છું. આહા..! સૂક્ષ્મ વાત. કોઈ દી અભ્યાસ કર્યો નથી, સાંભળ્યું નથી. એટલે પહેલા તો એમ લાગે કે આ શું કહે છે કંઈ સમજાતું નથી. નહિ? હવે થોડું થોડું વળી...

મુમુક્ષુ :- પણ અંદર કર્મ છે, આ.. કેમ મનાય?

ઉત્તર :- પણ કર્મ કર્મમાં છે કે આત્મામાં છે?

મુમુક્ષુ :- ભલે કર્મ કર્મમાં રહ્યા, પણ આત્મા..

ઉત્તર :- ભેગા કે દી હતા? ભેગા હોય તો કર્મ મારા ક્યાંથી આવ્યું? કર્મ કર્મમાં રહ્યા, રાગ રાગમાં રહ્યો. એક સમયની પર્યાય અંશમાં રહ્યો. એટલો હું નથી એમ કહે છે અહીંયા તો.

મુમુક્ષુ :- નાનપણથી ભણી ભણીને ભણ્યા.

ઉત્તર :- ભણ્યા શું ઊંધા ભણ્યા બધું. ભણ્યા સમજો છો? પઢા. ભણ્યો છે ને બધું? ઊંધું ભણ્યો છે. ઊલટું.

મુમુક્ષુ :- આઠ કર્મવાળો આત્મા, આઠ કર્મવાળો આત્મા..

ઉત્તર :- આઠ કર્મવાળો એટલે કે આઠ કર્મવાળો નહિ. કાલે વાત નહોતી કરી? અમારે ચીમનભાઈએ નહોતી કરી? ક્યાં ગયા ચીમનભાઈ? ઈ કાલે કહેતા હતા. ઘીના પૈસા, ગોળના પૈસા, ચોખાના પૈસા એમ ન હોય. સમજાય છે કાંઈ? ખરીદવા જાય તો શું કહે? લાવો ભાઈ! ચોખાના પૈસા, ઘીના પૈસા લાવો. મેં કીધું, આ દાખલો ઠીક છે. દાખલો ઠીક છે. ઘીના પૈસા લાવો. તો શું ઘીના પૈસા હોય છે? ભાઈ! ઘી-ઘી લીધું હોય ને? ખરીદ કરવા આવે ને? તમે પાંચ શેર ઘી લીધું છે. ઘીના પૈસા લાવો. તો ઘીના પૈસા હોય છે? મેં કીધું, આ દાખલો ઠીક છે. લૌકિક પણ લોકને જરી ઘા થાય એવો દાખલો છે. પેલા ભાઈએ વર અને અણવરની વાત કરી. બાબુભાઈએ. વ્યવહાર છે એ તો અણવર છે. .. સમજો છો? અણવર સમજો છો કે નહિ? વર અને અણવર. અણુવ્રત નહિ, અણવર. આ લગ્ન થાય ને વરરાજાના? તો એની સાથે એક રહે છે ને. શું કહે છે? અણવર. વરની સાથે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એક અણવર રહે ને? વર નહિ પણ અણવર. વર નહિ. અણવર-વર નહિ. એમ છે. પણ અણવર કહેવાય છે, એને ભોજન મળે પણ એને કંઈ કન્યા મળે છે? સાથે બેસે પંચોળામાં. પંચોળુ સમજ્યા? પાંચ જણા બેસે મોટા થાળમાં. થાળમાં સાથે બેસે. બરફી કે સાટા હોય. એમ ઊંચી ઊંચી વસ્તુ અણવરને દે. ખરું ને? પણ એને કંઈ કન્યા આપે છે?

એમ ભગવાન આત્મા અંતર નિશ્ચય અનુભવ કરે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એનાથી મોક્ષની કન્યા મળે છે. વચ્ચે દયા, દાન, વ્રતનો વ્યવહાર આવે છે તેને કન્યા મળે? એ તો અણવર છે. સમજ્યા? અજીતપ્રસાદજી! એ અમારા બાબુભાઈ દૃષ્ટાંત દે છે. નહિતર આપણે અણવર તો થયા છીએ એક વાર. અમારે ફાવાભાઈના લગ્નમાં હું અણવર હતો. (સંવત) ૧૯૬૪ની સાલમાં. પાલેજથી પાંચ વર્ષે આવેલો અને એના લગ્ન હતા. કોઈ નહોતું. મેં કીધું, આપણે બેસશું. સમજ્યાને? ૬૪ની વાત છે, સંવત ૧૯૬૪.

અહીં તો કહે છે, વ્યવહારથી મુક્તિ નથી. વ્યવહારથી મુક્તિ થતી નથી. વ્યવહારથી સ્વર્ગ આદિ મળે. બહારમાં જેમ લાડવા ખાય, એમ સ્વર્ગ મળે. એમ સંયોગ મળે. પણ આત્માને મુક્તિ પ્રાપ્ત થતી નથી. મુક્તિ તો આત્માના શુદ્ધ ચિદાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતાથી મળે છે. પોતાના નિશ્ચય સ્વભાવનો આશ્રય કરીને દશા થાય એનાથી મુક્તિ મળે છે. વ્યવહારથી મુક્તિ-બુક્તિ મળતી નથી. કેમ જેઠાભાઈ!

એમ આ પૈસા ગોળના ને પૈસા ચોખાના ને પૈસા ઘઉંના. ઘઉંના પૈસા લાવો. ઘઉંના પૈસા. ઘઉં સમજો છો? ગેહૂ. ઘઉં લીધા હોય. પાંચ મણ લીધા હોય તો કહે, ઘઉંના પૈસા લાવો. ઘઉંના પૈસા છે? એ તો બોલવાની વસ્તુ છે. ઘઉંના પૈસા નથી. અમારા લેણા છે ઈ આપો. એનો અર્થ એમ છે. અમે તમારી પાસે માંગીએ છીએ એ લાવો. એમ એનો અર્થ છે. ઘઉંના પૈસા. તો શું ઘઉંના પૈસા છે?

એમ અહીંયા કહે છે કે આત્માનો રાગ. આત્માનો રાગ, આત્માનું કર્મ હોય છે? આત્માના રાગ, કર્મ છે? નહિ. સમજાય છે કાંઈ? અજીતપ્રસાદ. કોણ આવ્યા છે? આવો નજીક. અહીં નજીક આવો. દૂર કેમ બેઠા? અહીંયા આવો. અહીં તો તમારી માટે જગ્યા રાખી છે, ભાઈ! અહીંયા રાખો અહીંયા. પાછળ કેમ બેઠા? પહેલા અપરાધ તમારો છે એમ પંડિતજી કહે છે. પાછળ કેમ બેઠા? બોલો શું કહો છો?

મુમુક્ષુ :- .. અને આત્માને સંબંધ નથી?

ઉત્તર :- નહિ, કોઈ સંબંધ નથી. પૃથક્ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કર્મની કોઈ કિંમત મળતી નથી. કોણ કહે છે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કહે છે? અમે તો કહેતા નથી.

મુમુક્ષુ :- આપ કહો છો.

ઉત્તર :- નહિ, કહેતા જ નથી. પોતાનો શુભભાવ રાગ છે તેનાથી.. ખરેખર તો શુભરાગ પોતાનો છે જ નહિ. કર્મ તો પોતાના છે જ નહિ.

મુમુક્ષુ :- .. બહારના પદાર્થ તો મળે ને.

ઉત્તર :- પણ કોને મળે છે? આત્માને મળે છે? એ તો બહાર રહે છે. કર્મથી બાહ્ય સંયોગ મળે એ તો બહારની વસ્તુ છે. એમાં આત્માને શું મળ્યું? જડથી નિમિત્ત (મળે). જડ તો નિમિત્ત છે. બહારની વસ્તુ આવી એ તો (એના) ઉપાદાનથી આવી છે, પોતાને કારણે આવી છે. એમાં કર્મ નિમિત્ત છે. નિમિત્ત કંઈ લાવ્યું નથી. પણ આવી ચીજ તો આત્માને શું મળ્યું? આત્મા તો એમાં છે નહિ. જે ચીજ આવી એમાં આત્મા નથી અને આત્મામાં એ ચીજ નથી. તો ક્યાંથી આવી આત્મામાં? સમજાય છે કાંઈ? ભારે ભ્રમ.

મુમુક્ષુ :- જીવને મળી જ નથી?

ઉત્તર :- શું મળ્યું? ધૂળ મળી એને?

મુમુક્ષુ :- ચીજ તો મળી છે.

ઉત્તર :- શું મળી? ક્યાં મળી છે? એનામાં પડી છે. એણે માન્યું છે કે મારી છે. તો એ મમતા એની પાસે છે. આ તો પર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ આવી વાત છે, ભાઈ! આ શરીર છે ક્યાં? પોતાનું છે? પહેલા અસ્તિ-નાસ્તિ કહી નહિ? કે સ્વરૂપથી અસ્તિ છે અને પરરૂપથી નાસ્તિ છે. પહેલા બે ભંગ આવ્યા કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ ખવડાવે છે? ખવડાવે કોણ? એ તો વિકલ્પ આવે છે અને રજકણ આવવાના હોય તો આવે છે. ખવડાવે કોણ અને ખાય કોણ? એ તો જડની ક્રિયા છે. જડની ક્રિયા આત્મા કદી કરી શકતો નથી. મૂળ વાત એમ છે. મળે, કોને મળે?

આત્મા છે એ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી છે કે નહિ? એ પહેલા કહો. એ તો પહેલા પ્રશ્ન છે. સપ્તભંગીનો પહેલો પ્રશ્ન છે. જૈનદર્શનનો નહિ, વસ્તુનું દર્શન. જુઓ! આ આંગળી છે, એ આંગળી આંગળીથી છે. બરાબર છે? આ આંગળીથી નહિ. આ આંગળી કપાઈ જાય તો આ વઈ જાય? તો એ આંગળીથી આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આંગળી નથી. પોતાથી છે અને પરથી નથી. એમ આત્મા પોતાથી છે અને શરીરથી નથી, કર્મથી નથી. એ તો પહેલી સાધારણ વાત છે. સમજાય છે ભાઈ? સમજવું પડશે. તમે બધું શીખ્યા છો ઊંધું શીખ્યા છો બધું. નહિ? એ તો અભ્યાસ નથી કર્યો ને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવ્યા છે ને જિજ્ઞાસાથી. આટલા દૂરથી આવ્યા છે તો એટલા માટે તો આવ્યા છે.

મુમુક્ષુ :- આ કાંઈક બીજું છે, ચાલો આપણે સમજવા.

ઉત્તર :- ભાઈ! એવી વસ્તુ છે, જે અનંત પદાર્થ છે. તો અનંત અનંતપણે રહીને રહે છે કે કોઈની સાથે મિશ્ર થઈ રહે છે? અનંત ક્યારે રહે? અનંત. અનંત અનંતપણે રહીને પોતામાં અસ્તિ ધરાવે છે. તો આત્મા પણ અનંતમાં એક વસ્તુ છે, તો એ પણ પોતામાં રહીને અસ્તિ ધરાવે છે. શરીર એક ચીજ છે. શરીર પોતામાં રહીને એની અસ્તિ ધરાવે છે. આત્માને કારણે અસ્તિ ધરાવે છે? અને શરીરને કારણે આત્મા અસ્તિ ધરાવે છે? એ તો પહેલી ચીજ છે. સમજાય છે કે નહિ?

અહીં તો બીજી વાત છે. જેને જન્મ-મરણનો નાશ કરવો હોય, દુઃખથી મુક્ત થવું હોય, દુઃખથી મુક્તિ અને આનંદની પ્રાપ્તિ માટે એણે પહેલા શું કરવું એની વાત ચાલે છે. બીજી વાત તો થોથા છે. આહા..હા..! અરે..! આ જન્મ-મરણના દુઃખો સહ્યા જાય નહિ, ભાઈ! એણે સહ્યા છે એ સાંભળે તો એને આકરું પડે, ભાઈ! શું કરે? વર્તમાન સિવાય એની દૃષ્ટિ દીર્ઘમાં ગઈ નથી. દીર્ઘ દૃષ્ટિ કરે કે અરે..! ક્યાં હતો? હું ક્યાં હતો? નિગોદમાં, એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિયમાં. ઓહો..! એવી આતાપ અને એવી ઠંડી. એના સંયોગથી ઉત્પન્ન થયેલો કષાયનો ભાવ એ કષાયની અગ્નિથી અનાદિથી બળે છે.

વિપરીત માન્યતા પણ કષાય છે. અને રાગ ને દ્વેષ એ કષાય છે, કષાય અગ્નિ છે. ભગવાન આત્મા કષાયથી રહિત શાંત, આનંદસ્વરૂપ છે. એ અનંત જ્ઞાનમૂર્તિ છે. એ કષાય અગ્નિથી રહિત છે પણ સહિત માનીને બળબળતો દુઃખી થયો છે. માન્યું નથી. પોતાની વસ્તુ શું છે એની ખબર નથી. શરણભૂત વસ્તુ છે ત્યાં દૃષ્ટિ દીધી નહિ અને શરણ નથી ત્યાં માન્યું કે આ મને શરણ થશે. શરીર શરણ થશે, દવા, પૈસા, લક્ષ્મી આદિ. ધૂળેય શરણ નથી, ભગવાન!

અહીં તો કહે છે કે જેને આત્માનો ધર્મ કરવો હોય, જન્મ-મરણના દુઃખનો અંત લાવવો હોય તો એણે પહેલા શું કરવું? કે એ પહેલા વિકલ્પ સહિત રાગમિશ્રિત વિચારમાં હું આવો આત્મા છું એમ નિર્ણય કરવો. સમજાય છે કાંઈ? આહા..હા..! દીપચંદજી! આ ખબર નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને લઈ લ્યો મુનિપણું. ઈ આવ્યું છે બહુ આજે. એક જણાએ લેખ બહુ લખ્યો છે, અરે..! પણ આ શું ચાલ્યું મુનિપણાનું? બહુ મોટો લેખ લખ્યો છે. આ બધા એક-એક મુનિ, બે-બે મુનિ, ચાર-ચાર મુનિ ને પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ રૂપિયાના ખર્ચ, બોજા વધી ગયા અને આ શું થયું? આ તે મુનિપણું કે આ શું? એવો લેખ આવ્યો છે. કોણ પણ સાંભળે છે? કોઈએ લખ્યું છે. પંડિત, હીરાલાલ ખુશાલદાસ કોઈ છે. લખે છે, આ શું થયું છે પણ? આ તે સાધુ છે કે કોણ છે? તત્ત્વની ખબર નહિ, દૃષ્ટિની ખબર નહિ. આચારમાં ગૃહસ્થને બહુ બોજ થઈ ગયો છે, સાધુનો બોજ થઈ ગયો છે. બે-ચાર સાધુ આવે તો કેટલા ચોકા કરવા ને પૈસા ખર્ચવા ને.. આ તે શું થઈ ગયું? શું કહેવાય? શાકભાજી એટલા લાવવા, કેરી આટલી, પકવાન બનાવવા, આ બનાવવું.. આ શું કરે છે? આહા..હા..! અરે..! ભગવાન! ક્યાં હતા (મુનિ).

ભાઈ! ગૃહસ્થને પણ જેમ બને તેમ થોડી તૃષ્ણાથી અથવા થોડા સંયોગથી નભાવવું એવો ભાવ છે. આ તો આટલી આટલી ઉપાધિ. એક એક જણને દસ દસ રૂપિયાનો ખર્ચ, ખાવું-પીવું, એક રૂપિયાના દાળ-ભાત-રોટલી થાય, એવા દસ-દસ, પંદર-પંદર.. આ શું થઈ ગયું છે? ખૂબ લખ્યું છે. થાય ઈ ખરું. જૈન સંદેશમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? તત્ત્વ દૃષ્ટિની ખબર નહિ, બહારથી નભાવ કરવો અને તે પણ પૈસા દઈને નભાવવા. એમ લખ્યું છે. શેઠ પોતે હોય નહિ આહારદાનમાં. પાંચસો-હજાર આપી દે, પછી બાઈયું કોઈ હોય બીજી એ બનાવે. ઈ આહાર આપે. આ તે કંઈ માર્ગ છે? એમ લખ્યું છે, ઘણું લખ્યું છે. અને એમાં નભાવ પાછો બાઈયુંનો ને એનો થાય. એને ભોજન આપી દે પછી જમે. એનો નભાવ ચાલે. આ શું થઈ રહ્યું છે, કંઈ ખબર પડતી નથી. અરે.. ભગવાન! ભાઈ!

અહીં જુઓ, આપણે તો અહીંયા પોતાની વાત છે. બીજાની ચાલે છે એ તો લોકમાં ચાલે છે. અહીંયા કહે છે, અરે..! હું આત્મા પ્રત્યક્ષ અખંડ ચિન્માત્ર જ્યોતિ. મારું અસ્તિત્વ પૂર્ણ છે, મારું અસ્તિત્વ પૂર્ણ છે. એમ કહે છે અહીંયા. મારું જ્ઞાન અસ્તિત્વ, આનંદ અસ્તિત્વ અખંડમાં એકરૂપમાં.. અહીં એકનો અર્થ કરવો છે, એકનો અર્થ કરવો છે. છે ને પહેલા? 'अहमेक्को' ઈ એકનો અર્થ છે આ. હું એક છું. કઈ રીતે એક છું? જુઓ! એકમાં બીજી કોઈ ચીજ આવી નહિ. 'अहमेक्को' ઈ એક શબ્દનો અર્થ ચાલે છે. ૭૩ ગાથા. 'अहं' હું. 'एक्को' 'अहं' હું પહેલા આવ્યું છે. કેવો છું? હું 'एक्को'. કેવો એક છું? હું પ્રત્યક્ષ આ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ. કેવો છે આત્મા? અનાદિઅનંત. એ વિશેષણ આત્માના આપ્યા છે. હું આ પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ આત્મા છું. એવો હું આત્મા પહેલા કહે છે. સમજાય છે કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હું આ. હું એ અહંકાર કર્યો. હવે એકનો અર્થ કરે છે. '**પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર...**' ચિન્ એટલે જ્ઞાન. જ્ઞાન પરમાત્મસ્વરૂપ, હું પરમ જ્ઞાનસ્વરૂપ એવી જ્યોતિ, એવો હું આત્મા છું. કેવો છે? એ તો ભાવ બતાવ્યો. ભાવ. હવે કાળ બતાવે છે અનાદિઅનંત. હું તો અનાદિઅનંત છું. સમજાય છે કાંઈ? ભાવ સમજ્યા પહેલા? પહેલા આ ભાવ બતાવ્યો. હું આ પ્રત્યક્ષ અખંડ પ્રત્યક્ષ ચિન્માત્ર, અનંત ચિન્માત્ર જ્યોતિ આત્મા. એવો ભાવ બતાવ્યો. હવે કાળ કેટલો છે? કે અનાદિઅનંત. મારી આદિ નથી, અંત નથી. અનાદિઅનંત મારી ચીજ છે, અનાદિઅનંત છે. સમજાય છે કાંઈ? શરીરમાં નવો ઉત્પન્ન થયો અને નાશ થાય એવો હું નથી. હું તો અનાદિઅનંત છું. આદિ નહિ, અંત નહિ. છે એની શરૂઆત ક્યાંથી આવી? છે એનો નાશ ક્યાંથી થાય? છે એની ઉત્પત્તિ ક્યાંથી થાય? છે એનો અભાવ કેવી રીતે થાય? હું તો અનાદિઅનંત છું. સમજાય છે કાંઈ?

પછી '**નિત્ય-ઉદયરૂપ...**' જુઓ ભાષા. કેવો છું? અનાદિઅનંત હું કાયમ પ્રગટરૂપ છું. પ્રગટ વસ્તુ છે. વસ્તુ ત્રિકાળી પ્રગટ છું. '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' હું કાયમ પ્રગટરૂપ વસ્તુ છું. શુદ્ધ ધ્રુવ ચૈતન્ય અનંત જ્ઞાનમય કાયમ. નિત્ય ઉદયરૂપ કાયમ પ્રગટરૂપ વસ્તુ વસ્તુ ધ્રુવ તરીકે છે. વિજ્ઞાનઘનસ્વભાવ. એમાં અનંત ચિન્માત્ર જ્યોતિ આત્મા કહ્યો હતો. એનો નિત્ય પ્રગટરૂપ વિજ્ઞાનઘન સ્વભાવભાવ. મારો તો વિજ્ઞાન એકલો જ્ઞાનવિશેષ, જ્ઞાનનો પિંડ વિજ્ઞાનઘન પિંડ '**સ્વભાવભાવપણાને લીધે એક છું;...**' સમજાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મારા વિજ્ઞાનઘન સ્વભાવને કારણે એક છું એમ કહ્યું છે. એમાં બીજા ક્યાં? બીજા બીજાના ઘરે રહ્યા. બધા થઈને એક આત્મા છે. એવી વાત છે જ નહિ. સમજાય છે કાંઈ? જુઓ! પહેલા શબ્દમાં કેટલું નાખ્યું છે!

હું છું. આ પ્રત્યક્ષ. અખંડ એકરૂપ છું. વસ્તુ છે ને. અખંડ અનંત બેહદ અપરિમિત જ્ઞાનમાત્ર આનંદમાત્ર વિશેષ બધામાં લેવું. ચિન્માત્ર, જ્ઞાનમાત્ર, અનંત આનંદમાત્ર, અનંત શુદ્ધતામાત્ર, અનંત શાંતિમાત્ર, અનંત વીર્યમાત્ર એવો અનંત અનંત ચૈતન્ય જ્યોતિ આત્મા અનાદિઅનંત છું. અને નિત્ય પ્રગટરૂપ જ છું. કાયમ વસ્તુરૂપ તો વસ્તુ તરીકે રહે છે. કેવો? વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે. વિશેષ વિજ્ઞાનઘનસ્વભાવ. જેમાં વિકલ્પ અને એક સમયની પર્યાયનો પણ પ્રવેશ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ સમજવું પડે એવું છે. ઝીણું છે આ. ગાથા ચાલી હતી ત્યાં.

મુમુક્ષુ :- નિરંતર..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- નિરંતર છે ને વસ્તુ? વસ્તુ નિરંતર છે. નિત્ય વિજ્ઞાનઘન છે. એ તો પહેલા કાળ લીધો. કાયમ જ વિજ્ઞાનઘન સ્વભાવપણે હું છું. કાયમ અસલી વિજ્ઞાનઘન સ્વભાવપણાને લીધે. જુઓ! '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે હું એક છું;...**' એ ત્રિકાળની વાત છે. એક સમયની પર્યાયની વાત નથી. રાગની નથી. હું વિજ્ઞાનઘનસ્વભાવ અનાદિઅનંત એક છું. અનાદિઅનંત એક છું. આહા..હા..! સમજાય છે કાંઈ? એમ પહેલા રાગમિશ્રિત વિચારમાં નિર્ણય કરવો એ જ મોક્ષમાર્ગ પહેલાની વિધિ છે. વિધિનું પૂછ્યું હતું ને? '**કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' એમ કહ્યું હતું ને? આ વિધિ. સમજાય છે કાંઈ? માથે કહ્યું હતું ને? જુઓને! પ્રશ્ન છે ને ઉપોદ્‌ઘાતમાં. '**केन विधिना**' સંસ્કૃતમાં છે. '**केन विधिनायमास्रवेभ्यो निवर्तत**' સંસ્કૃત ભગવાન અમૃતચંદ્રાચાર્યનું છે. મહા મુનિ સંત દિગંબર આનંદકંદમાં ઝુલનારા પરમેશ્વરપદમાં ભળ્યા હતા. ણમો લોએ સવ્વ આઈરિયાણં. એવા અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ વનવાસમાં રહેવાવાળા. ઈ કહે છે કે કઈ વિધિથી ભગવાન આત્મા વિકાર જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય આદિ વિકારી પરિણામ છે તેનાથી કઈ વિધિથી નિવર્તે છે? કઈ રીતે તેનો અભાવ થાય છે?

કહે છે કે અમે પહેલા કહીએ છીએ કે તું આવો નિર્ણય કર. સમજાય છે કાંઈ? એ આસ્રવ-ફાસ્રવ મારામાં છે જ નહિ, શરીર નથી, કર્મ નથી. અને એક સમયની પર્યાય જેવડો હું નથી. સમજાય છે કાંઈ? હું.. એમાં આવ્યું ને? આત્મદ્રવ્યલાભ હેતુ પરિણામિકઃ. એ ટૂકડો પંચાસ્તિકાયમાં ટૂકડો આવ્યો છે. પારિણામિકભાવની વ્યાખ્યા કરી છે-ત્રિકાળ ધ્રુવની. સંસ્કૃતમાં આત્મદ્રવ્યલાભ હેતુ પરિણામિકઃ. સમજ્યા? આત્મા પોતાનું આત્મદ્રવ્ય.. દ્રવ્ય આત્મ છે ને? પોતાનું દ્રવ્ય સ્વરૂપ. આત્મદ્રવ્યનું સ્વરૂપ. દ્રવ્ય આત્મલાભ હેતુ. દ્રવ્ય નામ વસ્તુ એનો આત્મા નામ સ્વરૂપ, એનો લાભ નામ હયાતી. પોતાના વસ્તુના સ્વરૂપની હયાતીને ભગવાન પારિણામિકભાવ કહે છે. તેને ધ્રુવભાવ કહે છે. સમજાય છે કાંઈ? પંચાસ્તિકાયમાં છે. છે અહીંયાં પંચાસ્તિકાય? ૫૬ ગાથા. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**'. સંસ્કૃત છે. જુઓ! આત્મા શું છે? ધ્રુવ. અહીંયા પર્યાયની વાત નથી. ખરેખર ધ્રુવ એનું સ્વરૂપ છે. જુઓ! પંડિતજી! સંસ્કૃત જોયું? સંસ્કૃત જુઓ. સંસ્કૃત વાંચનારા છો, જુઓ તો ખરા. લાલ ચિહ્ન કર્યું છે ને. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' એની વ્યાખ્યા ચાલે છે. પરિણામિક નામ વસ્તુ સ્વભાવ. '**द्रव्यात्मलाभहेतुकः**' આ સંસ્કૃત અમૃતચંદ્રાચાર્યનું છે. એ જ અમૃતચંદ્રાચાર્ય આ ટીકા કરે છે.

દ્રવ્ય એટલે વસ્તુ. આત્મા એટલે સ્વરૂપ. લાભ નામ હયાતી. આત્મસ્વરૂપની હયાતી-મોજૂદગીના કારણને પારિણામિકભાવ કહે છે. એ ધ્રુવભાવ છે. આ એની વ્યાખ્યા છે. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કાંઈ? ભારે કઠણ. માણસને કંઈ અભ્યાસ ન મળે એટલે જાણે કે આ શું છે? પણ આવી પ્રત્યક્ષ પ્રગટરૂપ વસ્તુ છે એમ અહીંયા કહે છે. આ અસ્તિ છે કે નહિ? સત્ છે કે નહિ? મહા સ્વભાવનો સાગર સત્ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એમ પહેલા રાગમિશ્રિત વિચારની ભૂમિકામાં પણ આવો નિર્ણય કરવો. મારો કોઈ કર્તા છે અને હું રાગ સહિત છું, કર્મ સહિત છું એમ નિર્ણય ન કરવો એમ કહે છે.

મુમુક્ષુ :- એ નિર્ણય કરી રાખ્યો હોય તો શું કરવું?

ઉત્તર :- ફેરવી નાખવો. હું કર્મ સહિત છું, રાગ સહિત છું, શરીર સહિત છું એવો નિર્ણય કર્યો હોય તો ફેરવી નાખવો. ઈ કહે છે અહીંયા. છે જ નહિ. સમજાય છે કાંઈ?

અહીં તો એટલી વાત કરે છે કે ભગવાન આત્મા અનાદિઅનંત અનંત ચૈતન્યમાત્ર પ્રત્યક્ષ અખંડ જ્યોતિ પ્રગટ વિજ્ઞાનઘન સ્વભાવ છે તેથી એક છું. એક છું. આહાહા..! એકમાં બે નથી. એમ વાત છે. ગુણ આદિ અનંત હો, પણ હું એકરૂપ છું. જુઓ ભાષા છે. એમાં પણ આવ્યું ને? શ્રીમદ્‌માં. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી' જુઓ! એમાં આવ્યું છે. ખૂણામાં છે. મોટા અક્ષરે લખ્યું છે. 'જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.' સંપૂર્ણ છે એમ લેવું. 'સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.' થાય એમ લખ્યું છે ને એમાં? શ્રીમદ્‌નું વાક્ય છે. શ્રીમદ્ રાજચંદ્ર. ખૂણામાં છે, ખૂણામાં. વાંચી શકો છો? બોલો ઈ.

મુમુક્ષુ :- જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે.

ઉત્તર :- એનો આપણે હિન્દીમાં અર્થ કરીએ. જીવ એક. અહીં એક આવ્યું ને? એક એટલે પોતાનું એક. બધા મળીને એક નહિ. એક અને અખંડ છે. જુઓ! શ્રીમદ્‌નું વાક્ય છે. એક અખંડ અને સંપૂર્ણ પદાર્થ છે. એક સંપૂર્ણ પદાર્થ હોવાથી તેનું જ્ઞાન સામર્થ્ય. અહીં આપણે અનંત આવ્યું ને? અનંત ચિન્માત્ર. જેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. જેનું જ્ઞાન સામર્થ્ય સંપૂર્ણ છે. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય વસ્તુ હોવાથી તેના જ્ઞાનસ્વભાવના સામર્થ્યની શક્તિ સંપૂર્ણ છે. અને સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય. જેને સંપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થયા વિના રહે નહિ. એટલો ટૂકડો છે, શ્રીમદ્ રાજચંદ્રનો. સમજાય છે કાંઈ? વાત તો એવી સરળ સીધી છે. પણ એવી વંક કરી દીધી છે ને. અભ્યાસ નહિ એટલે જાણે આ શું છે? આડી કરી નાખવી.

કહે છે કે હું તો વિજ્ઞાનઘનસ્વભાવભાવ. જુઓ! વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે. આવા ભાવપણાને લીધે એક છું. એવો વિકલ્પ કરવો, વિકલ્પથી નિર્ણય કરવો. પાછળ આવશે. જેમ સમુદ્રમાં વમળમાં જેમ વહાણ પકડાઈ જાય છે અને વમળ છૂટી જાય છે. વમળ સમજ્યા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભમરી. ભમરીમાં વહાણ આવી ગયું. સમુદ્રના વમળની જેમ. એ છૂટી ગયું તો વહાણ છૂટી ગયું. વમળમાં વહાણ પકડાઈ ગયું હતું.

એમ અનાદિથી વિકલ્પની જાળમાં આત્મા વમળમાં ગોથા ખાતો હતો. એ વમળ છૂટી જવાથી એ વહાણ જેમ છૂટી ગયું, એમ નિર્ણય કરીને પછી સ્વરૂપમાં એકાગ્ર થઈને વિકલ્પના ચક્રમાં જે ડૂબી ગયો હતો તેને છોડી દ્યે છે. પોતાનો આત્મા છૂટી જાય છે, સમ્યગ્દર્શનમાં વિકલ્પથી છૂટી જાય છે. સમજાય છે કાંઈ? ભાઈ! આહાહા..! આ તો સમજાય એવી ભાષા છે. એવી કાંઈ ગૂઢ નથી. તમે તો મોટા કોલેજમાં જનારા છો. એક છું એની વ્યાખ્યા થઈ. 'अहमेक्को' એટલાનો અર્થ થયો. 'अह' નામ હું. 'एक्को'ની આટલી વ્યાખ્યા કરી.

હવે થાય છે શુદ્ધો. બીજો શબ્દ છે ને અંદર ગાથામાં? શુદ્ધો. હું શુદ્ધ છું. એક છું, શુદ્ધ છું. એમ વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે. પછી સ્વભાવનો આશ્રય કરીને વિકલ્પ છોડી દે છે. હવે '**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ, તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...**' હવે એની વ્યાખ્યા. હું કેવો છે? કે મારા સિવાય બીજા આત્મા અને બીજા રજકણનો હું કર્તા અને એનું કામ મારું, એનું હું સાધન, એને હું રાખું છું, તેનાથી હું રહું છું અને તે મારા આધારે છે અથવા મારો આધાર તેને છે. તેનાથી રહિત છું. મારા ષટ્કારક પરથી રહિત છે. પરના ષટ્કારક મારાથી નથી. શરીરનો હું કર્તા અને શરીર મારું કામ, શરીરનું હું સાધન. હું સાધન થાઉં તો શરીર ટકે એવું કાંઈ નથી. ષટ્કારક જડના અને પરના મારાથી નથી એમ નિર્ણય કરવો. આહા..હા..! હજી તો પછી આવશે. આ તો એક વાત કરી.

હવે બીજું. રાગાદિ વિકાર થાય છે તેનો હું કર્તા, વિકાર મારું કાર્ય, તેનું હું સાધન એ પણ મારા નથી. રાગના ષટ્કારકથી ભિન્ન છું. પરદ્રવ્યના કારકથી તો ભિન્ન છું જ, પણ પુણ્યના વિકલ્પ વ્યવહાર રત્નત્રયના વિકલ્પના (ષટ્કારકથી પણ ભિન્ન છું). એમ નિર્ણય કરે છે, જુઓ! વિકલ્પ જે શુભરાગ ઉઠે છે તેનો હું કર્તા, શુભરાગ મારું કામ, તેનું હું સાધન, તેને મારામાં રાખું અને મારા આધારે થયો, એમ રાગના ષટ્કારકથી પણ હું રહિત છું. પછી ત્રીજું. ત્રીજું શું? હું આત્મા જ્ઞાતા કર્તા અને મારી નિર્મળ અવસ્થા મારું કાર્ય અને નિર્મળ અવસ્થાનું હું સાધન, નિર્મળ અવસ્થા કરીને મેં રાખી, નિર્મળ અવસ્થા મારાથી થઈ, નિર્મળ અવસ્થા મારા આધારે થઈ એવા ષટ્કારકથી પણ હું રહિત છું. આહા..હા..! હવે અહીં તો હજી હું પરનો કર્તા અને મારું કાર્ય, હજી પહેલા .. છે. ભગવાન! તું શું કરે છે આ? કર્મનો કર્તા માનો, પરનો કર્તા માનો. નિમિત્ત છે તો કર્તા છે કે નહિ? પરનો નિમિત્તથી કર્તા છું ને? અરે.. પ્રભુ! શું કરે છે તું આ? આહા..હા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન! તારો સ્વભાવ પરદ્રવ્યના ષટ્કારક તો નથી, પુણ્ય-પાપના રાગનો વ્યવહાર રત્નત્રયના વિકલ્પના કર્તા, કર્મ પણ તારા નહિ પણ નિર્મળ પર્યાય તારી થાય તો પહેલેથી નિર્ણય કરે છે કે મારા ભેદ જે કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ થાય છે એવા ભેદરૂપ હું નથી. આહા..હા...! તો શુદ્ધ છું. સમજાય છે કાંઈ? શુદ્ધની વ્યાખ્યા કરે છે. 'अहं खलु सुद्धो' હું શુદ્ધ છું. શુદ્ધની વ્યાખ્યા કે આવા કર્તા-કર્મની ક્રિયાના ષટ્કારક જે છે એ પણ અશુદ્ધ છે. ભેદ એ અશુદ્ધ છે. એ અશુદ્ધતાથી હું રહિત છું. હું તો એકલો જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ છું. કર્તા-કર્મના ભેદ પણ મારામાં નથી. આહા..હા..! અહીં તો હજી પરનો કર્તા માનો નહિતર એકાંત થઈ જાય છે. અરે.. ભગવાન! શું કરે છે? ભાઈ! નહિ ત્યાં ક્યાંય શરણ મળે. દુનિયામાં માનશે કદાચિત્ કે આહા..! ભારે વાત કરે છે, હોં! અહીંયા અંદર નહિ ચાલે. બહારનો કર્તા માનનારો અંદર જઈ શકતો નથી. કેમ કે એ બહિર્દૃષ્ટિ થઈ. આ તો અંતર્મુખ દૃષ્ટિ કરવામાં વિકલ્પાત્મક નિર્ણયમાં આમ પહેલા આવે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા હું શુદ્ધ છું. એમ વિકલ્પથી રાગમિશ્રિત વિચારથી નિર્ણય કરે છે. પણ એમાં પણ નિર્ણય તો એમ કરે છે કે હું પરના કર્તા, કર્મ-કાર્ય તો મારામાં છે જ નહિ. પરનો આધાર હું નથી. હું તો શરીર રહે છે, હું છું તો કર્મ રહે છે. હું છું તો રાગ રહે છે એ પણ મારામાં નથી. વિકલ્પ જે આસ્રવના વિકલ્પનો ભાવ ચાલે છે એ પણ હું છું તો મારા આધારે વિકલ્પ ઉત્પન્ન થયા અને રહે છે એ હું નહિ. એ તો નથી પણ છ(કારક)ના ભેદ પાડીને જે વિકલ્પ ઉઠે છે તે પણ હું નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? ત્રિકાળની વાત ચાલે છે, હોં! ત્રિકાળ ધ્રુવ.

કહે છે, કર્તા. સ્વતંત્રપણે કરે તે કર્તા. એની ઇ વ્યાખ્યા છે. નિશાળમાં આવે છે. છ વિભક્તિ આવે ને? સાત વિભક્તિ આવે વ્યાકરણમાં. સાંભળ્યું છે કે નહિ? આ કર્તા કોને કહે છે? સાંભળ્યું છે? નહિ? વ્યાકરણમાં આવે છે, વ્યાકરણમાં. સ્વંતત્રપણે કરે તે કર્તા. અને કર્તાનું ઈષ્ટ તે કર્મ. કર્તાનું પ્રિય તે તેનું કાર્ય. તો અજ્ઞાની રાગનો કર્તા થાય છે અને તેનું ઈષ્ટ રાગ છે, રાગ એનું કાર્ય છે. જ્ઞાની પોતાનો કર્તા થાય છે તો એની પર્યાય ઈષ્ટ નામ એનું કાર્ય છે પણ ભેદ નહિ. એમ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અહીં તો ત્રિકાળમાં પર્યાયભેદ પણ નથી લેવા.

હું કર્તા અને નિર્મળ પર્યાય મારું કાર્ય, એ પણ નહિ. હું તો અભેદ શુદ્ધ છું. આહા..હા..! અહીં તો પહેલા ધ્રુવની વાત ચાલે છે ને. સમજાય છે કાંઈ? હું કર્તા અને શરીરાદિ પર અવસ્થાનું કાર્ય મારું વ્યવહારે, એવો હું નથી. અને હું કર્તા અને દયા, દાન, વ્રત, દેવ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ મારું કાર્ય, હું કર્તા એવો હું નથી. અને મારા ધ્રુવ સ્વરૂપમાં અભેદમાં હું જ્ઞાતા કર્તા અને મારી નિર્મળ પર્યાય કાર્ય, એવું અભેદમાં નથી. સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ કર્તા-કર્મની વાત છે. કર્તાકર્મ ચાલે છે ને. આહાહા..!

અહીં તો હું જ્ઞાતા અને જ્ઞાતા વસ્તુ શુદ્ધ ધ્રુવની નિર્મળ પર્યાયનો કરનારો? ના. હું નહિ. ઓહોહો..! એઈ..! એ આવ્યું છે ને? ભાઈ! બંધ મોક્ષના કારણ અને બંધ મોક્ષના પરિણામ રહિત ધ્રુવ સ્વરૂપ છે. ભગવાન આત્મા તો બંધ મોક્ષના કારણરૂપ પરિણામ અને બંધ મોક્ષરૂપી પરિણામ, તેનાથી રહિત નિષ્ક્રિય ભગવાન ધ્રુવને અહીંયા શુદ્ધ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? બંધ મોક્ષના પરિણામ. બંધ છે તેનું કારણ રાગ-દ્વેષ અને મિથ્યાત્વ આદિ છે ને? તે પરિણામથી હું રહિત છું અને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામથી હું રહિત છું અને બંધના ભાવ, મોક્ષના ભાવ પર્યાયથી પણ હું રહિત છું. સિદ્ધની પર્યાય અને સંસારની પર્યાયથી હું રહિત છું. લ્યો, વળી આગળ ચાલ્યું. કાલે ગુણસ્થાન સુધી ગયું હતું ને. અહીં તો ઈ ગયું. સમજાય છે કાંઈ? એમાં એમ છે. ... સંસ્કૃતમાં એમ છે. આ જ વાત અમૃતચંદ્રાચાર્ય ત્યાં કહે છે. ત્યાં પણ ઈ છે. શુદ્ધ પરિણામિકભાવ બંધનું કારણભૂત ક્રિયા રાગાદિ પરિણતિ તે રૂપ નથી અને મોક્ષના કારણભૂત ક્રિયા શુદ્ધ ભાવના પરિણથિ તે રૂપ નથી. માટે જાણવામાં આવે છે શુદ્ધ પારિણામિકભાવ તે હું નથી. રાગ-દ્વેષાદિ નથી, તેનું કારણ નથી. બીજા ભાગમાં છે. બીજા પેરેગ્રાફમાં. શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જે કર્તૃત્વ ભોક્તૃત્વથી બંધ મોક્ષના કારણ અને પરિણામથી શૂન્ય છે. જયસેનાચાર્યની ટીકા છે. શું કહ્યું?

જીવ ભગવાન કર્તૃત્વ ભોક્તૃત્વથી રહિત અને બંધ મોક્ષના કારણથી રહિત અને બંધ મોક્ષના પરિણામથી રહિત શૂન્ય એવો હું છું. સમજાય છે કાંઈ? વસ્તુ અહીંયા ધ્રુવ છે ધ્રુવ વસ્તુ એકરૂપ દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામિક. હું શુદ્ધ છું. મારામાં મોક્ષની અવસ્થા પણ નથી, સંસારની અવસ્થા પણ નથી અને એના કારણરૂપ મોક્ષ અને કારણરૂપ માર્ગ મારામાં છે જ નહિ. હું તો ધ્રુવ એકરૂપ છું. એમ વિકલ્પથી પહેલા નિર્ણય કરવો પછી ધ્રુવને ધ્યેય કરીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું તે પહેલો મોક્ષનો માર્ગ છે. ભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરથી શૂન્ય છે. પોતાના સ્વભાવથી ભરેલો છે, પરથી શૂન્ય છે. પોતાથી પરિપૂર્ણ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પરથી માને છે. માને છે. પ્રવચનસારમાં સપ્તભંગીમાં એમ લીધું છે. પોતાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આનંદાદિ સંપૂર્ણ સ્વભાવથી અશૂન્ય છે અને વિકારાદિથી શૂન્ય છે. પ્રવચનસારમાં ભાઈ એમ લીધું છે ને. સપ્તભંગી. પ્રવચનસારમાં સપ્તભંગી લીધી છે. પરથી શૂન્ય, પોતાથી અશૂન્ય. ભગવાન આત્મા જ્ઞાન, આનંદ પરિપૂર્ણ સ્વભાવથી હું અશૂન્ય છું. અશૂન્ય નામ ભરપૂર છું. મારા જ્ઞાન, દર્શન, આનંદથી હું પરિપૂર્ણ છું. અને પુણ્ય-પાપ, વિકલ્પ, શરીરાદિ પરદ્રવ્યથી હું શૂન્ય છું, હું શૂન્ય છું. પરથી હું ખાલી છું. પરથી હું રહિત છું. આહાહા..! આ શૂન્ય શૂન્ય કરે છે ને કેટલાક હમણાં? શૂન્ય થઈ જાઓ. શું શૂન્ય થઈ જાય? અશૂન્યની દૃષ્ટિ વિના યથાર્થ શૂન્ય થતો જ નથી. રજનીશ હમણાં કહે છે ને. લોકોને ભાન નથી.

અહીં તો પરિપૂર્ણ ભગવાન પોતે એમ અસ્તિથી લીધું છે, જુઓ! આવો હું છું એમ દૃષ્ટિ થવાથી રાગાદિ પુણ્યાદિ એક સમયની પર્યાય આદિથી હું શૂન્ય દ્રવ્ય છું. મારા દ્રવ્યમાં નથી. ત્યારે વિકલ્પનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? વિકલ્પનો નાશ કરો, વિકલ્પનો નાશ કરો એમ કહે, શું નાશ કરે? અસ્તિત્વ મહાન અસ્તિત્વ એકરૂપ શુદ્ધ અખંડ અને ષટ્કારક રહિત એવી અભેદ વસ્તુ છે એની દૃષ્ટિ કરવાથી મહાસત્તા ઉપર લક્ષ કરવાથી પર્યાયમાં વિકલ્પ ઉત્પન્ન થાય છે તેનો નાશ થાય છે. બીજી કોઈ એની રીત અને વિધિ નથી. આ વિધિ બતાવે છે. સમજાય છે કાંઈ? યોગ કરો, યોગ કરો. શું યોગ કરે? શેમાં જોડાણ કરે? યોગ નામ યુજ ધાતુ છે, યુજ નામ જોડાણ કરવું. શેમાં જોડાણ કરવું? કોઈ ચીજ છે કે નહિ? યુજ ધાતુ છે ને? યોગ યોગ. શેમાં જોડાણ કરવું? એમાં કરવું.

પહેલા એમ નિર્ણય કરવો કે હું પરિપૂર્ણ ભગવાન આત્મા શુદ્ધ, ષટ્કારકના ભેદથી રહિત અભેદ કહો કે શુદ્ધ કહો. ભેદથી રહિત. અનેકપણું એ જ અશુદ્ધ છે. સમજાય છે કાંઈ? આ શુદ્ધ એમાં એક જ વસ્તુ, ભેદથી રહિત એવો હું છું. એમ વિકલ્પ દ્વારા પહેલા નિર્ણય કરે છે. પછી શુદ્ધ શુદ્ધ જેવો નિર્ણય કર્યો હતો તે તરફ લક્ષ કરીને તેની આસ્થામાં ગયો, તેનો આશ્રય લીધો તો વિકલ્પની એકતા તૂટી જાય છે. એનું નામ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એ ચોથેથી ઉત્પન્ન થાય છે. એ ચર્ચા, મોટી ચર્ચા. નીચે ચોથે સમ્યગ્દર્શન હોય નહિ. સોનગઢના નેતાઓ ભૂલે છે, મોટી ભૂલ કરે છે. મોટું (લખાણ) આવ્યું છે આજે. હવે સાંભળને! ભગવાન! તને ખબર નથી. વસ્તુ તે નિશ્ચય નામ સત્ય. સત્નું પ્રગટ થવું ચોથેથી થાય છે. વ્યવહાર સમકિત એ સમકિત જ નથી. વ્યવહાર તો રાગ છે. એ સમકિતની પર્યાય છે? એ તો રાગ છે. રાગ તો ચારિત્રગુણની વિપરીત પર્યાય છે. એને તો આરોપ દઈને વ્યવહાર સમકિત કહ્યું છે. છે નહિ.

અહીં તો પહેલા એમ નિર્ણય કરે છે કે આવા '**સર્વ કારકોના સમૂહની પ્રક્રિયા..**' તેના ભેદ. તેનાથી '**પાર ઊતરેલી જે નિર્મળ અનુભૂતિ,...**' આ પર્યાયની વાત નથી,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોં! નિર્મળ અનુભવ ત્રિકાળ. **'તે અનુભૂતિમાત્રપણાને લીધે શુદ્ધ છું;...'** ત્રિકાળ અનુભવમાત્ર સ્વભાવ હું શુદ્ધ છું. મારો સ્વભાવ ત્રિકાળ અનુભવથી હું શુદ્ધ છું. અનુભૂતિ એટલે અહીંયા પર્યાયની વાત નથી. ..ભાઈ! આ ગાથા બહુ ઊંચી છે. વીતરાગ દર્શનના આત્મતત્ત્વની પહેલી આ દશા છે. એ વાત છે. આહા..હા..! હું આવો છું એ વિકલ્પ છે. વિકલ્પ તો છે. પણ જેવું વાસ્તવિક તત્ત્વ છે એવો પ્રમાણથી નિર્ણય કર્યા વિના જેમ તેમ નિર્ણય કરશે તો એને અનુભવ થશે નહિ. (જેવું) સત્ય છે એવો નિર્ણય કરે તો સત્ય મળશે. છે તેનાથી વિપરીત નિર્ણય કરશે તો કોઈ દી સત્ય મળશે નહિ.

સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ કેવળજ્ઞાનીએ આવો આત્મા જોયો છે. એક એક આત્મા. આત્મા આવો છે એ જ પ્રમાણે પહેલા રાગમિશ્રિત વિચાર કરે તો પહેલી ભૂમિકામાં એ વિચાર આવે છે. પછી વસ્તુની દૃષ્ટિ કરવાથી વિકલ્પ છૂટી જાય છે. સત્યનો આવો વિકલ્પ આવે, પછી સત્યનો આશ્રય કરીને વિકલ્પ છૂટી જાય છે. તેનું નામ રાગ રહિત આત્માનું સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ, આત્માનો સાક્ષાત્કાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પહેલા કહ્યું ને? હું પ્રત્યક્ષ થવા લાયક છું. પ્રત્યક્ષ જ છું. પરોક્ષ છે ને? નહિ, એવો હું નથી. ખ્યાલમાં ન આવે એવો હું નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! અરે..! મૂળ ચીજ પણ ખ્યાલમાં ન આવે અને એને સમ્યગ્દર્શન થઈ જાય અને ધર્મ થઈ જાય. ધર્મની ખાણ તો આત્મા ધ્રુવ છે. અનંત આનંદ, જ્ઞાન... અરે..! સમ્યગ્દર્શન, ચારિત્રની જે પર્યાય અપૂર્ણ છે કે કેવળજ્ઞાનની જે પૂર્ણ છે એ બધી પર્યાયનો પિંડ તે આત્મા છે. આત્મામાંથી એ પર્યાય આવે છે. બહારથી આવે છે? સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા..! આ તો કહે, વ્યવહાર કરો, વ્યવહારથી નિશ્ચય થાય છે. અરે.. ભગવાન! એવો આત્મા છે જ નહિ. તું કહે છે એવો છે જ નહિ. તેં ઉંધુ-ઉલટું માન્યું છે. સમજાય છે કાંઈ? અને એક સમયની પર્યાયનું જ્ઞાન એ પણ જ્ઞાન નહિ. આજે સવારે આવ્યું હતું ને? ભાઈ! ઓલામાં નહિ? નમઃ સમયસાર. સાંભળ્યું? નમઃ સમયસાર. જે અજીવ પુદ્ગલ છે,.. આ લોકો કહે છે ને? કે કર્મનું જ્ઞાન કરો, કર્મ સિદ્ધાંત ભણો, કર્મ સિદ્ધાંત ભણો. અહીં તો કહે છે કે કર્મ જડ છે. એમાં જ્ઞાન, સુખ નથી. અને કર્મના જાણનારાને પણ જ્ઞાન અને સુખ નથી. સવારે પહેલા કળશમાં આવ્યું હતું. સમજાય છે કાંઈ?

પોતાનો આનંદ શુદ્ધ ચૈતન્ય છે, એ તરફનું જ્ઞાન અને એ જ્ઞાનમાં સુખ, એને જ્ઞાન અને સુખ કહે છે. પરમાં તો જ્ઞાન અને સુખ છે નહિ, નિગોદમાં, સંસારી જીવમાં, અશુદ્ધ પ્રાણીમાં. શુદ્ધમાં છે, પણ એ શુદ્ધ પોતામાં શુદ્ધતા કરે તો પરમાં શુદ્ધ છે એવું જ્ઞાન અને સુખ થાય છે. પાંચ દ્રવ્યમાં આત્મા સિવાય એ જે પાંચ છે ને? પોતાના શુદ્ધ સિવાય

બીજા અનંત અશુદ્ધ આત્માઓ એમાં જ્ઞાન, સુખ નથી અને પરમાણુથી માંડીને અચેત મહા સ્કંધ કે કર્મમાં જ્ઞાન, સુખ નથી અને કર્મને જાણનારાને પણ જ્ઞાન અને સુખ નથી. શ્વેતાંબરમાં તો એમ લે છે કે કર્મ પ્રકૃતિ જાણે. આવો ઉદય, આવી સત્તા, આવો બંધ, આટલા સમયમાં આટલી પ્રકૃતિનો બંધ થાય છે, આવી સત્તા.. એવું ઘણું જ્ઞાન. એઇ..! અહીં તો ના પાડે છે. કર્મમાં તો જ્ઞાન, સુખ નથી, એ તો જડ છે, પરમાણુ છે, માટી છે. એને જાણનારાએ જાણ્યું કે આટલી પ્રકૃતિ આમ હોય, એ જાણનારાને જ્ઞાન નથી. કેમ કે પરસત્તાવલંબી જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. પોતાનું જ્ઞાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ.. આ શુદ્ધ શુદ્ધ આવ્યું ને? શુદ્ધ સ્વરૂપ જે અભેદ એનું જ્ઞાન અંતરમાંથી આવ્યું એને જ્ઞાન કહે છે. અને જે જ્ઞાન અંતરમાંથી આવ્યું એની સાથે સુખ પણ છે. એને જ્ઞાન અને સુખ કહે છે અને એને સાર કહે છે. બીજાને સાર કહેતા નથી. સમજાય છે કાંઈ? શ્વેતાંબરમાં તો કર્મને જાણો, કર્મની પ્રકૃતિ, મિથ્યાત્વ ગુણસ્થાનમાં આવો ઉદય આવે છે, આટલી સત્તા રહે છે, આમ સંક્રમણ થાય છે, આમ અપકર્ષણ થાય છે. પણ એ તો જડમાં છે, તારે શું છે? જડમાં પણ એનું જ્ઞાન તેં કર્યું એ ક્ષયોપશમ પરાલંબી છે, અજ્ઞાન છે, દુઃખરૂપ છે. એ જ્ઞાન સુખરૂપ છે જ નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. કરી જ નહિ એણે. આ કર્યું બસ! ઓહોહો..! કર્મ પ્રકૃતિનું જ્ઞાન. આહા..હા..! ઈ જડનું જ્ઞાન છે. તું પણ જડ છે. એ જ્ઞાન પણ જડ છે એમ કહે છે. એ ચૈતન્ય જ્ઞાન નહિ. ભગવાન ચૈતન્ય જ્યોતસ્વરૂપ ભગવાન આત્મા સર્વજ્ઞ અનંત ચૈતન્યમાત્ર પ્રભુ એનું અંતર અવલંબન લઈને જે જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ એને જ્ઞાન કહે છે અને એને સુખ કહે છે અને એને સાર કહે છે. એને સમયસાર કહે છે. સમજાય છે કાંઈ? દીપચંદજી! આ સમયસાર. બાકી જડ સાર. જડ સાર નથી નીકળતું? લાકડામાં થાય છે ને? આ લાકડા હોય ને? એની અંદર. શું કહેવાય? અંદર ખાનગી રાખે છે ને. ગુપ્તિ. હમણા એક આવ્યા હતા. એક ખુરશી લાવ્યા હતા, છત્રી. શાંતિભાઈ ઘડિયાળી. લાવ્યા હતા ને? લાકડી હતી. જુઓ મહારાજ! લાકડી પણ અને છત્રી પણ છે. એમાં છત્રી પાછી. ... શાંતિભાઈ લાવ્યા હતા. લાકડી હોં! ફક્ત. આવડી લાંબી લાકડી. આહા..! લાકડી પણ છે અને એમાં છત્રી છે. પોલાણમાં છે ને. અંદર મૂળ લાકડું હોય એમાં ... એને સાર કહે છે. વચલું જે કઠણ હોય ને? આ સીસમ કે એવું. મજબૂત અને એને સાર કહે છે.

અહીંયા વીતરાગી ભાવ થાય એ સાર છે. સમજાય છે કાંઈ? કેમ કે વીતરાગી સ્વભાવ આત્માનો છે. આત્મા વીતરાગસ્વભાવ છે. આત્મા એટલે વીતરાગસ્વભાવ. એનો આશ્રય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરવાથી વીતરાગી પર્યાય પ્રગટ થાય એનું નામ સાર કહે છે. સમજાય છે કાંઈ? બાકી શાસ્ત્રજ્ઞાન પણ સાર નહિ. પુદ્ગલનું જ્ઞાન સાર નહિ, આ અનંત એકેન્દ્રિય જીવ છે, અનંત નિગોદ છે, અનંત આમ છે, તેમ છે, બે ઇન્દ્રિય અસંખ્ય છે, ત્રિઇન્દ્રિય અસંખ્ય છે, ચૌ ઇન્દ્રિય અસંખ્ય છે. એ બધું તું જાણ તો એને પણ જ્ઞાન નથી અને તારા જાણવામાં પણ જ્ઞાન અને સુખ નથી. એ વિચાર પરનો છે. એમાં તને ક્યાં જ્ઞાન થયું? સમજાય છે કાંઈ? કહે છે ને, જીવ વિચારથી. ધૂળમાંય પરજીવનો વિચાર નથી. સાંભળ તો ખરો.

અહીં તો પોતાનો આત્મા શુદ્ધ ષટ્કારકથી પણ રહિત એમ વિકલ્પમાં નિર્ણય કરીને, શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને વિકલ્પ છૂટી જવો અને જ્ઞાનની પર્યાય પ્રગટ પ્રત્યક્ષ થવી એનું નામ જ્ઞાન ને સુખ ને ધર્મ શાંતિ કહે છે. કહો, સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ ભાઈ? આ જુઓ અંતરીક્ષમાં ભગવાન છે ઈ. ત્યાં અંતરીક્ષ કહે છે. અધ્ધર રહે છે. આ ભગવાન અધ્ધર રહે છે. વિકલ્પથી અધ્ધર રહે છે. એ અંતરીક્ષ ભગવાન છે. પેલી તો બહારની વાત છે. આહા..હા..!

ભગવાન! અહીં તો ગગનમંડળમાં કહે છે ને? અધબીચ કૂઆ. અધ્ધર રહે છે આત્મા. કોઈનો આધાર નહિ, વિકલ્પનો આધાર નહિ, આકાશનો આધાર નહિ, કોઈનો આધાર નહિ. એવો ચૈતન્ય અમૃતનો પિંડ ભગવાન બિરાજે છે તે શુદ્ધ છે. ષટ્કારકના ભેદથી રહિત છે એને અહીંયા શુદ્ધ કહે છે. એકલો અમૃતનો પિંડ છે. તેની અંતર દૃષ્ટિ કરવાથી અમૃત મળે તેને સાર અને સુખ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? ઈ બે બોલ થયા. ત્રીજો બોલ કહેશે. '**णिम्ममओ**' કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૧૦, મંગળવાર તા. ૨૧-૫-૧૯૬૮**
**ગાથા-૭૩, પ્રવચન-૫૧૩**

૭૩ ગાથા ચાલે છે, કર્તાકર્મ અધિકાર. જુઓ! શું કહે છે? શિષ્યનો પ્રશ્ન ઈ છે.. એ તો અમૃતચંદ્રાચાર્યે એવી વિધિ કરી છે. પ્રશ્ન એમ છે કે મહારાજ! '**કઈ વિધિથી (-રીતથી) આ આત્મા આસ્રવોથી નિવર્તે છે?**' આત્મામાં જે પુણ્ય-પાપનો, મિથ્યાત્વનો આસ્રવ થાય છે એ દુઃખરૂપ છે. તો એ દુઃખથી કઈ વિધિથી નિવૃત્ત થાય છે? એ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? જે આત્મા છે એ આનંદ જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ છે. અને એમાં જે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય શુભાશુભ પરિણામ ઉત્પન્ન થાય છે એ આસ્રવ છે. આસ્રવનો અર્થ નવા આવરણનું કારણ અને વર્તમાન કહો તો દુઃખરૂપ. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ શુભાશુભ પરિણામથી દુઃખથી નિવૃત્તિ કઈ વિધિથી થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. બરાબર છે? છે એમાં ઈ?

પહેલા બે બોલ આવ્યા. હું.. આત્મા કેવો વિચાર કરે છે? અનુભવ થયા પહેલા, સમ્યગ્દર્શન થયા પહેલા વિકલ્પથી, રાગમિશ્રિત વિચારથી આવો નિર્ણય કરે છે કે હું કેવો છું? જેને વિકારથી નિવૃત્ત થવું છે એ ચીજ કેવી છે? સમજાય છે કાંઈ? કેમ કે વિકારથી એટલે પુણ્ય-પાપથી નિવૃત્ત થવું છે તો એમાં પુણ્ય-પાપ નથી. એ તો બરાબર છે? સમજાય છે કાંઈ? જે આત્મા પુણ્ય અને પાપ, મિથ્યાત્વ ને અવ્રત, કષાયાદિ ભાવ જે આસ્રવ છે, દુઃખરૂપ છે, બંધનું કારણ છે, મેલ છે એનાથી નિવૃત્તિ કઈ વિધિથી થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. જુઓ! એની અંતરની જિજ્ઞાસા છે એને ઉત્તર દેવામાં આવે છે.

મહારાજ! આત્મામાં આ જે આસ્રવ થાય છે-પુણ્ય-પાપ ભાવ, શુભ-અશુભભાવ, મિથ્યાત્વભાવ એનો અભાવ, નિવૃત્તિ તેનાથી દૂર ખસી પોતાની પ્રવૃત્તિમાં આવે, એવી નિવૃત્તિ કઈ રીતે થાય છે? એમ વિધિનો પ્રશ્ન પૂછ્યો છે. સમજાય છે કાંઈ? કહો, સૂરજમલજી! શું પૂછ્યું? આ આત્માની નિવૃત્તિની વિધિ શું છે? વિધિ ઉપર વજન છે. રીત હોય ને? વિધિ હોય ને? વિધિ-પદ્ધતિ-રીત. રીત શું છે? આસ્રવોથી નિવૃત્ત થવાની રીત-પ્રકાર શું છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. એવો પ્રશ્ન ક્યારે સંભવે? કે જેને આસ્રવ દુઃખરૂપ લાગ્યા હોય. પર તરફના ભાવથી નિવર્તવા લાયક છે એમ જેને લાગ્યું છે એ પૂછે છે કે પ્રભુ! આ આત્મા અખંડાનંદ પ્રભુ વિકારથી દુઃખી છે તો વિકારના આસ્રવથી નિવૃત્ત કઈ રીતે થવાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. ખાલી પ્રશ્ન નથી, અંદર આનંદમાં આવવાનો અને દુઃખથી નિવૃત્ત થવાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

પહેલા બે બોલ આવી ગયા આપણે. પહેલા નિર્ણય કરવો, પહેલા નિર્ણય કરવો. રાગમિશ્રિત વિચારથી. હું આ પ્રત્યક્ષ. હું પ્રત્યક્ષ વસ્તુ છું અને અખંડ છું. અખંડ વસ્તુ છે ને, દ્રવ્ય છે ને. તો દ્રવ્ય વસ્તુ અખંડ છે. અનંત ચિન્માત્ર જ્યોતિ હું આત્મા છું. એમ પહેલા વિકલ્પ દ્વારા (નિર્ણય કરે). નિર્વિકલ્પ પછી થાય પણ પહેલા વિકલ્પની ભૂમિકામાં જ્ઞાનની સાથે વિચારમાં એને પહેલા આમ આવે છે. હું તો અનંત ચિન્માત્ર અખંડ પ્રત્યક્ષ થવાલાયક વસ્તુ.. વસ્તુ.. વસ્તુ એવો આત્મા અનાદિઅનંત છું. એમ નિત્ય ઉદિત છું. કાયમ ઉદિત છું. જેમ સૂર્ય ઉદિત છે પણ એ તો મધ્યમ થાય છે અને અસ્ત થઈ જાય છે. હું તો કાયમ ઉદયરૂપ છું. એવો ને એવો પ્રગટરૂપ છું. એવો છું. કેવો?

'**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' એક ઉપર વજન છે ને. એક છું. વિજ્ઞાનઘન ચૈતન્યઘન સ્વભાવને લીધે એક છું. પહેલા આવો રાગમિશ્રિત જ્ઞાનભૂમિકામાં વિચાર હોય છે. સમજાય છે કાંઈ? આ પહેલી ક્રિયા કહે છે. સમ્યગ્દર્શન પ્રાપ્ત થવામાં પહેલા આવો વિચાર આવે છે. છતાં ઈ સાધક છે એમ નહિ, હોં! પણ આવો વિચાર આવે છે. એક વાત. ઈ એક છું. એકની વ્યાખ્યા કરી. 'अहं' એટલે હું. 'एक्को' ઈ બેની વ્યાખ્યા થઈ. હું એક છું, એક છું. અંતર રૂપ અનેકપણું મારામાં છે જ નહિ. વસ્તુ તરીકે હું અખંડ છું.

'**(કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણસ્વરૂપ) સર્વ કારકોના સમૂહની પ્રક્રિયાથી પાર ઊતરેલી...**' હું રાગાદિનો કર્તા તો નથી, નિમિત્તની કર્તાની ક્રિયા તો મારામાં નથી પણ મારું સ્વરૂપ જ્ઞાનાનંદ, પોતાનો જ્ઞાતાસ્વભાવની ક્રિયા નિર્મળ પર્યાયનું કરવું અને હું કર્તા, નિર્મળ પર્યાય મારું કાર્ય, નિર્મળ પર્યાય અંતરમાં સાધનથી પ્રગટ થાય છે, નિર્મળ પર્યાય પોતામાંથી આવે છે, નિર્મળ પર્યાય પોતાથી છે અને નિર્મળ પર્યાયનો આધાર હું છું, એવા ષટ્કારકના ભેદથી પણ હું રહિત છું. આહા..હા..! સમજાય છે કાંઈ? '**સર્વ કારકોના સમૂહની...**' છએ. પ્રક્રિયા (એટલે) એની પરિણતિ, ભેદ. તેનાથી '**પાર ઊતરેલી...**' તેનાથી રહિત '**જે નિર્મળ અનુભૂતિ...**' નિર્મળાનંદ ભગવાન શુદ્ધ ચૈતન્ય ધ્રુવ હું છું. એનું નામ શુદ્ધ છું. એનું નામ શુદ્ધ. જુઓ! ધર્મ પામ્યા પહેલા, ધર્મ થયા પહેલા આવો વિચાર સમ્યગ્દૃષ્ટિને ધર્મ થયા પહેલા આવો વિચાર આવે છે. સમજાય છે કાંઈ? પહેલા એમ નથી કે પહેલા દાન કરવું, પૂજા કરવી, ભક્તિ કરવી એ પહેલા હોય છે અને પછી આ થાય છે એમ અહીંયા નથી લીધું. એઈ..! ધરમચંદજી! પહેલા શું કરવું એમ અહીંયા કહ્યું છે. પહેલા વ્રત પાળવા, તપસ્યા કરવી, પહેલા પૂજા-ભક્તિ કરવા, પછી સ્વભાવના દર્શન થશે, સમ્યગ્દર્શન થાશે એમ અહીંયાં નથી કહ્યું. સમજાય છે કાંઈ? જેને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્માના આનંદનો સ્વાદ લેવો હોય, આનંદનો સ્વાદ લેવો હોય કે ધર્મ કરવો હોય એ એક જ વાત છે. ધર્મ કરવો કહો કે આત્મા અતીન્દ્રિયનો અનુભવ-સ્વાદ લેવો કહો (બેય એક જ છે). ઈ કઈ રીતે થાય છે? પહેલા તો આવો નિર્ણય એની ભૂમિકામાં-જ્ઞાનભૂમિકામાં થાય છે કે હું સર્વ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ એવા છ કારકના ભેદથી રહિત છું. આ ચૈતન્યમૂર્તિ શુદ્ધ છું. બે બોલ તો આપણે ચાલી ગયા છે.

હવે આજે ત્રીજો બોલ છે. '**णिम्ममओ**'. '**णिम्ममओ**' શબ્દ છે ને મૂળ શ્લોકમાં? '**णिम्ममओ**'. સમ્યગ્દર્શન પ્રાપ્ત થયા પહેલા આવો વિચાર ધર્મી થયા પહેલા આવે છે કે હું તો નિર્મમ છું. કેવો નિર્મમ છું? જુઓ! વ્યાખ્યા જરી સૂક્ષ્મ છે. '**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' શું કહે છે? અહીં જગ્યા ઘણી છે. પાછળ બધા આઘા બેઠા છે. જરી નજીક નજીક આવો ને. અહીં ઘણી જગ્યા છે. પહોળા ઘણા બેઠા છે મોઢાઆગળ. એ બહારવાળા છે ને? અંદર આવો. જુઓ! ત્રીજા બોલમાં શું કહે છે? સૂક્ષ્મ વાત છે, જુઓ! સમ્યગ્દર્શન આત્માના આનંદનો અનુભવ કરવો એ ધર્મ છે. આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. એ આનંદનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. અને એ ધર્મ કઈ રીતે થાય છે, કઈ વિધિથી થાય છે એમ પ્રશ્ન છે. તો પહેલા, એ ધર્મ થયા પહેલા આસ્રવથી નિવૃત્ત થવા માટે એમ વિચાર કરે છે કે હું પ્રત્યક્ષ અનંત આનંદનો કંદ જ્ઞાનમૂર્તિ છું. અને ષટ્‌કારકના ભેદથી રહિત છું.

અને મારો સ્વભાવ એવો છે કે '**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' જુઓ! શુભ-અશુભરાગ ઉત્પન્ન થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, નામ સ્મરણ. લોકોને આ વાત બહુ કડક લાગે છે. કહે છે કે પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે. એ વિકારનો સ્વામી પુદ્‌ગલ છે. જીવ નહિ તો ખરો પણ અહીંયા જરી બીજી વાત છે. પુદ્‌ગલ જેનું સ્વામી છે એવા ક્રોધાદિભાવ. શુભ-અશુભરાગ, પુણ્ય-પાપના ભાવનું '**વિશ્વરૂપપણું...**' વિશ્વ નામ અસંખ્ય પ્રકાર જે શુભ-અશુભરાગ છે, મિથ્યાત્વના, અવ્રતના, પ્રમાદના, કષાયના, શુભના, અશુભના એવા જે વિશ્વ નામ સમસ્ત પ્રકારના જે અસંખ્ય પ્રકાર છે '**તેના સ્વામીપણે પોતે સદાય નહિ પરિણમતો હોવાથી...**' હું આવો છું કે વ્યવહારના અસંખ્ય પ્રકારના જે રાગ ઉત્પન્ન થાય છે તેનો સ્વામી પુદ્‌ગલ છે. હું એ રૂપે પરિણમું એવો હું નથી. જુઓ! આહાહા..! સમજાય છે કાંઈ? કેટલી સ્પષ્ટ વાત છે પણ લોકોને...

વીતરાગમૂર્તિ પ્રભુ છે. જિન સો હી આત્મા. જીવ અને જિનવર બેય એક જ છે. જિનવરની પર્યાય પૂર્ણ વીતરાગ થઈ ગઈ છે. આ શક્તિરૂપ, શુદ્ધરૂપ, તત્ત્વરૂપ, ભાવરૂપ વીતરાગ છે. આવો વીતરાગસ્વભાવ, આનંદસ્વભાવ કહે છે કે હું આવો છું, એમ વિકલ્પથી પહેલા નિર્ણય કરે છે. હું પુણ્ય-પાપના જે ભાવ છે તેનો સ્વામી હું નથી. એ તો પુદ્‌ગલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વામી છે. એનું ભિન્નરૂપ પરિણમન છે. એના સ્વામીપણે હું પરિણમું એવો છું જ નહિ. છે? એના સ્વામીપણે સદાય સ્વયં નથી. સ્વયં. મારા સ્વભાવથી હું વ્યવહાર રત્નત્રયના રાગરૂપથી પણ હું પરિણમું એવો મારો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ રાડ નાખે માણસો. અરે..! વ્યવહાર સાધન કહ્યું છે ને, ભાઈ! સાધન કહ્યું અને વ્યવહારના માર્ગ વિના નિશ્ચય કેમ પમાય? એમ કહે છે લોકો. અરે..! ભગવાન!

અહીં તો નિર્ણય કરવામાં પહેલા આવો નિર્ણય કરે છે કે વ્યવહારનો જે વિકલ્પ આદિ છે તે પણે પરિણમનારો હું સદાય નથી. ત્રિકાળમાં હું રાગરૂપે પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. વ્યવહારરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. કહો, અજીતપ્રસાદજી! આહાહા..! અરે..! ભગવાન! એની મહત્તાની ખબર ન મળે. પોતાની ચીજ શું છે અને એમાં શું પડ્યું છે? ભગવાન વીતરાગ નિરપેક્ષ રાગની અપેક્ષા વિનાનો છે. કેવું કહે છે અમૃતચંદ્રાચાર્ય! જુઓને! કેટલું સ્પષ્ટીકરણ ખુલ્લું કરી નાખ્યું છે!

હું કેવો છું? હું કેવો છું? કે '**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' વિકારનો ધણી તો એ છે. એ રૂપે હું સદા સ્વયં પરિણમું એવો નથી. સ્વયં સદા નહિ પરિણમનારો. ભગવાન જ્ઞાનસ્વરૂપ હું શુદ્ધ આનંદસ્વરૂપ આત્મા, એ રાગરૂપ વ્યવહારરૂપ સ્વયં સદા, સ્વયં સદા ત્રણે કાળમાં હું તે રૂપે પરિણમું એવો છું જ નહિ. છે ભાઈ એમાં? શું શબ્દ છે? જુઓ! સંસ્કૃતમાં પણ છે. '**पुद्गलस्वामिकस्य क्रोधादिभाववैश्वरूपस्य स्वस्य स्वामित्वेन नित्यमेवापरिणमनान्निर्ममतः**' એનું નામ નિર્મમત્વ કહ્યું. આમ નિર્મમ નિર્મમ કહે, અમારે મમતા નથી, અમારે મમતા નથી. પણ મમતા નથી એની વ્યાખ્યા શું? અમને મમતા નથી, અમે નિર્મમ છીએ. આહાહા..! અમને રાગથી ધર્મ થાય છે, અમને પુણ્યથી ધર્મ થાય છે. આહાહા..! મહા મિથ્યાત્વની મમતા છે. રાગરૂપ હું પરિણમું એ મારો ધર્મ છે, એ મિથ્યાત્વરૂપ પરિણમન છે. આહા..! ભારે કઠણ લોકોને. ક્યારેય આ સાંભળેલું નહોતું એટલે વાત જરી બહુ કઠણ લાગે છે. સાંભળ્યું નહોતું, પદ્ધતિ બીજી ચાલી હતી એમાં આવ્યું આ. નહિ, આવો માર્ગ નથી. હાય.. હાય..! આમાં તો અમારો માર્ગ લોપ થઈ જાય છે, વ્યવહારનો લોપ થઈ જાય છે. અરે..! ભગવાન! એ તો એમ કહેતા હતા કે આ ચોથો સંપ્રદાય તમારામાંથી ન નીકળે. ત્રણ તો છે. સ્થાનકવાસી, શ્વેતાંબર અને દિગંબર. ચોથો સંપ્રદાય ન નીકળે હોં! સ્વામીજી! કંઈક વિચારજો. એમ કહેતા હતા. જુગલકિશોર છે ને? દિલ્હીમાં છે, દિલ્હીમાં છે. આ તો પહેલાનો પ્રસંગ છે. મેં પહેલા વાંચ્યું હતું. લાઠીમાં. ખબર છે. એ જ અધિકાર આજે આવ્યો. અરે..! ભગવાન! આ તો પરમાત્માનો માર્ગ છે. પ્રભુ! આ કોઈ ચોથો માર્ગ છે એમ છે જ નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સર્વજ્ઞ પરમેશ્વર જેને સર્વજ્ઞપદ અને વીતરાગપદ પૂર્ણ પ્રાપ્ત થયા. વીતરાગ વિજ્ઞાનતા જેને પૂર્ણ થઈ ગઈ એની વાણીમાં ઈચ્છા વિના એમ આવ્યું કે ભગવાન! તું કેવો છો એનો પહેલા નિર્ણય કર. હું તો રાગરૂપ, શુભરૂપ, વ્યવહારના વિકલ્પરૂપ પરિણમું, સ્વયં પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? એ પરિણમન પરનું, વિકલ્પનું, પુદ્ગલનું છે, મારું નથી. ભિન્ન જ પાડી દીધું. જુઓ! વિકલ્પથી નિર્ણય કરવામાં આવો નિર્ણય કરે છે. આમ ચૈતન્યબિંબ છે, જ્ઞાયકસ્વરૂપ છે. અનાકુળ આનંદસ્વરૂપ તત્ત્વ સત્ત્વ છે.

કહે છે, હું આસ્રવથી કઈ વિધિથી નિવૃત્ત થાઉં? તો પહેલા એમ નિર્ણય કરવો કે જેવી ચીજ છે એમ તારા નિર્ણયમાં પહેલી ભૂમિકામાં આવવું જોઈએ. વિકાર છે, પંચ મહાવ્રતનો, દયા, દાનનો, નામ સ્મરણનો, પૂજા ભક્તિનો રાગ છે, ભગવાન! તું એમ નિર્ણય કર.. તારે રાગરહિત થવું છે ને? તો રાગરહિત થવાનો અર્થ શું થયો? તો રાગરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. આસ્રવથી કઈ રીતે નિવૃત્ત થવું એમ કહે છે ને? તો આસ્રવથી નિવૃત્ત થાય છે એનો અર્થ થયો કે આસ્રવરૂપ પરિણમન કરવું એનો સ્વભાવ જ નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? પુસ્તક સામે છે કે નહિ? નામા મેળવવા જોઈએ ને.

અહો..! ભગવાન આત્મા છે, અનાકુળ આનંદસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એ.. ઉપર કોણ બેઠું છે? છોકરાઓ ઉપર ન બેસાય. નીચે ઉતરી જાઓ, નીચે. કહો, સમજાય છે? શું કહ્યું? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય શાંતમૂર્તિ પ્રભુ છે. કહે છે કે ભગવાન! જો તારે આત્માની પ્રાપ્તિ કરવી હોય તો જેવો આત્મા છે તેવો પહેલા તારા જ્ઞાનમાં રાગમિશ્રિત એવો નિર્ણય કરવો પડશે. સમજાય છે કાંઈ? આત્માને પ્રાપ્ત કરવો હોય તો. આત્મા આનંદસ્વરૂપ છે, શાંતસ્વરૂપ છે, સ્વતંત્ર છે, સુખી છે આત્મા. આત્મા સુખસ્વરૂપ સુખી છે. આહા..! તો એને તારે પ્રાપ્ત કરવો હોય તો પહેલા એમ નિર્ણય કરવો જોઈએ કે હું વિકાર પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના જે ભાવ છે એ રૂપ સદા, સ્વયં સદા નહિ પરિણમનારો હું છું. કેમ કે એનાથી નિવૃત્ત થવું છે તો એનો અર્થ થયો કે તે રૂપે પરિણમવાનો મારો સ્વભાવ હોય તો નિવૃત્ત કેવી રીતે થાઉં? સમજાય છે કાંઈ?

પહેલા જ્ઞાનમાં આવો નિર્ણય ન કરે તો વસ્તુનું સ્વરૂપ આવું છે એમ નિર્ણય ન થાય તો વિકલ્પ છૂટીને સ્વરૂપ નિર્વિકલ્પ આનંદનો અનુભવ કઈ રીતે થાય? આ જ વાત હજી ગળે ઊતરતી નથી. ગળે ઊતરતી નથી એટલે બેસતી નથી. બૈઠતી નહિને શું કહે છે? જચતી નહિ. હજી આ જ રુચતી નથી. નહિ, નહિ. ભગવાન! તને ન રુચે તો તારે આત્મા પ્રાપ્ત નથી કરવો. તારે તો વિકાર પ્રાપ્ત કરવો છે. વિકાર તો અનાદિથી શ્રદ્ધામાં પ્રાપ્ત છે જ. શ્રદ્ધામાં. વિકાર હું કરું, વિકાર મારો છે. કર્તાકર્મ અધિકાર છે ને. દયા, દાન, વ્રત, ભક્તિ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ પણ મારું કર્મ છે અને હું એનો કર્તા છું, હું એને પરિણમાવનારો છું અને એ મારા પરિણામ છે, એ તો અનાદિની વાત છે. એ મિથ્યાત્વભાવ અનાદિથી છે. તો એમ નિર્ણય કરવો કે હું કર્તા ભગવાન અને હું રાગરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? દીપચંદજી! કડક લાગે છે, ભારે કડક લાગે છે. આ વાત જ એવી છે, ભાઈ! આ દિગંબર સંતોએ કંઈ ઘરની વાત નથી કરી. એ વસ્તુનું સ્વરૂપ છે એમ ભગવાને કહ્યું, એમ અનુભવ્યું એમ કહ્યું છે. સમજાય છે કાંઈ? આ કોઈ સંપ્રદાયની વાત નથી કે દિગંબર સંપ્રદાયમાં આમ છે અને શ્વેતાંબર સંપ્રદાયમાં બીજું છે, એવી કોઈ વાત નથી અહીંયા. આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. એમ કહે છે ને? જુઓને!

હું એવો છું કે હું વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ જે છે એ રૂપે પુદ્ગલ પરિણમે છે, પુદ્ગલ એનો સ્વામી છે. હું સ્વામી નથી. હું સ્વયં સદા વિકાર રાગાદિ, પુણ્ય આદિ રૂપે નહિ પરિણમનારો હું છું. એવું વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અર્થાત્ હું રાગરૂપે ન પરિણમું એવો મારો સ્વભાવ છે. એનો અર્થ હું વીતરાગભાવ રૂપે પરિણમું એવો મારો સ્વભાવ છે. આહાહા..! વસ્તુ વીતરાગભાવ છે. જિન જિન 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ. યહી વચનસે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' જિન સો હી હૈ આત્મા. વીતરાગસ્વરૂપનો પિંડ ભગવાન આત્મા. એ પુણ્ય-પાપ તો આસ્રવ થયા, એમાં આત્મા ક્યાં આવ્યો? શુભ-અશુભભાવ તો આસ્રવ થયા, કર્મ અજીવ તો અજીવ થયા. તો આત્મા એવો છે કે વિકારરૂપે પરિણમવું એનો સ્વભાવ જ નથી. વ્યવહાર રૂપે થવું એનો સ્વભાવ નથી એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યવહાર કરો, વ્યવહાર કરો, વ્યવહાર કરો. તેનાથી નિશ્ચય થાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો.

આ નિશ્ચય અનુભવ થયો તો વ્યવહાર રૂપે પરિણમવું એનો સ્વભાવ જ નથી, એમ કહે છે. વ્યવહાર વ્યવહારના સ્થાનમાં રહો. પોતાનો સ્વભાવ વ્યવહાર રૂપે પરિણમે એવો આત્માનો સ્વભાવ નથી, એમ કહે છે અહીંયા તો. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! દુઃખના દાવાનળમાં સળગ્યો છે. સમજ્યા? 'દવ લાગ્યા ડુંગરિયે, બેની ક્યાં જઈ કહીએ?' દવ લાગ્યો ડુંગરિયે. દવ સમજો છો? આગ લાગે ને? 'દવ લાગ્યો ડુંગરિયો, બેની ક્યાં જઈ કહીએ?' ભગવાન શીતલ આનંદસ્વરૂપ પરમાત્મા. એમાં આ પુણ્ય-પાપની અગ્નિ-દવ ડુંગરિયે લાગ્યો છે. સમજાય છે કાંઈ? કહે છે કે એનાથી નિવૃત્ત થવું હોય તો પહેલા એમ નિર્ણય કરવો કે એ રૂપે પરિણમનારો હું સદાય નથી. આહાહા..! આસ્રવરૂપે પરિણમે તે આત્મા? વિકારરૂપે પરિણમે એ આત્મા? એ તો અનાત્મા છે. આસ્રવ, પુણ્ય-પાપના ભાવ તો અનાત્મા છે. તો આત્મા અનાત્માપણે પરિણમે એવો સ્વભાવ છે? ઓહોહો..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે છે, કર્તાકર્મ છે ને? હું પરિણમનારો. કર્તા નામ પરિણમનારો.

**કરતા પરિનામી દરવ, કરમ રૂપ પરિનામ,**
**કિરિયા પરજયકી ફિરનિ, વસ્તુ એક ત્રય નામ. ૭.**

એ શ્લોક છે. બનારસીદાસનો. છે અમૃતચંદ્રાચાર્યનો (મૂળ શ્લોક). '**કરતા પરિનામી દરવ**'. કરનારો હું પરિણામી. જ્ઞાનાનંદ સ્વભાવ હું આત્મા, એ કર્તા પરિણામી દ્રવ્ય. કર્મરૂપ- મારું કાર્ય તો વીતરાગ છે. વીતરાગ કર્મ અને કર્તા એવો ભેદ તો નથી. પણ હું કર્તા થઈને મારું પરિણમન થઈને, હું પરિણમન કરું તો વીતરાગ ભાવરૂપ પરિણમું એવો મારો સ્વભાવ છે. વ્યવહાર રૂપે પરિણમું એવો મારો ત્રિકાળમાં સ્વભાવ નથી. ત્રિકાળમાં નથી, ત્રિકાળમાં નથી. સમજાય છે કાંઈ? વ્યવહાર કરવો તો પડે ને? વળી એમ કહે, લ્યો! પહેલી વાર શેઠ આવ્યા હતા ને? હુકમીચંદજી. મકાનનો શિલાન્યાસ થયો, શિલાન્યાસ. ઈ કહે, મહારાજ! વ્યવહાર કરવો પડે ને? ઈ કર્યું ખરું ને. ઈ વ્યવહાર નહિ. સાંભળ તો ખરા, ભગવાન! એ તો જડની ક્રિયા છે. શિલાન્યાસ થાય ને? શિલાન્યાસને શું કહે છે? સમજો છો? શિલાન્યાસ. મકાનનું મુહૂર્ત. પાયા નાખે ને. માટી નાખે ને પાયામાં ઈ. ઈન્દૌરવાળા શેઠ હુકમીચંદજી આવ્યા હતા. અહીં આવ્યા. માગશર સુદ-૧૦થી. (સંવત) ૨૦૦૨ની સાલ. કરીને આવ્યા પછી કહે, મહારાજ! વ્યવહાર કરવો પડે ને. અરે..! ભગવાન! શું કરવું પડે? એ ક્રિયા તો જડની ક્રિયા છે.

અહીં તો કહે છે કે એમાં જે શુભભાવ આવ્યો એ રૂપે હું પરિણમનારો નથી, એમ પહેલા નિર્ણય કર. આહાહા..! સમજાય છે કાંઈ? આખો દી વેપાર ધંધો કરવો. ... જુઓ! વ્યવહાર કરવો પડે કે નહિ? તમે પણ કરો છો કે નહિ? અમે જોયું. તમે વ્યવહાર રાગ કરો છો કે નહિ? શું અમે તમને પાકા જૈન નથી કહેતા? પાકા જૈન તમને કહીએ છીએ. કેમ કે રાગ એવો ભક્તિ, પૂજા બધામાં તમે ભાગ લ્યો છો. તો શું રાગ કરનારાને અજૈન કહેવા? તમને અમે અજૈન નથી કહેતા, તમે તો જૈન છો. પાકા જૈન. એમાં લખ્યું છે. કોઈ કહે કે ઈ જૈન નહિ. એ જૈન નહિ. ભગવાન! સાંભળને! જૈન એટલે શું એની તને ખબર છે? આત્મા વીતરાગસ્વરૂપ છે ઈ જૈન છે. અને હું રાગ ને વિકાર, સંસારના ઉદયભાવ રૂપે નહિ પરિણમનારો, એનું નામ જૈન છે. જૈન કોઈ સંપ્રદાય નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

'**પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે...**' જુઓ! અહીં વચમાં જગ્યા છે, ભાઈ! થોડા આમ નજીક આવો. પાછળ માણસને... બેઠા છે ત્યાં. નજીક આવો, નજીક આવો. પાછળ ઘણા બેઠા છે. આગળ ભીંસ પડે છે. અહીં ઘણી જગ્યા છે. પહેલા બેસે ખરા ને, એટલે પહોળા બેસે થોડા. સમજાય છે કાંઈ? શિયાળામાં ટાઢ ન વાય, એમ? આહા..! જુઓ! આ પદમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કેટલું લીધું છે. નિર્મમની વ્યાખ્યા આ. કહે કે અમને મમતા નથી. પણ મમતા નથી એની વ્યાખ્યા શું? આ પુણ્ય-પાપપણે નહિ પરિણમવું એવો મારો સ્વભાવ છે, એને નિર્મમ કહે છે. સમજાય છે કાંઈ? કેવી ટીકા! અમૃતચંદ્રાચાર્યની ગજબ ટીકા! આહાહા..! આવી ટીકા. દિગંબર આચાર્ય અમૃતચંદ્રાચાર્ય. ભરતક્ષેત્રમાં આવી ટીકા ક્યાંય નથી. એવો મર્મ ખોલી નાખ્યો છે જૈનદર્શનનો. વસ્તુ દર્શન એવી વસ્તુ છે. વસ્તુથી અન્ય નથી કહેતા, વસ્તુ એવી છે, પ્રભુ!

તું જ્યારે એમ કહે છે કે મારે આસ્રવ નામ વિકારથી નિવૃત્ત થવું છે. તો એનો અર્થ શું થયો? કે જો આસ્રવરૂપે પરિણમવાનો સ્વભાવ હોય તો આસ્રવથી નિવૃત્ત થવું એમ ક્યાંથી બને? જે આસ્રવ નામ પુણ્ય-પાપ રૂપે પરિણમવાની તારી શક્તિ-સ્વભાવ હોય તો તેનાથી નિવૃત્ત કઈ રીતે થશે? તારો સ્વભાવ પુણ્ય-પાપ રૂપે પરિણમવું એવો છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પુદ્‌ગલદ્રવ્ય જેનું સ્વામી છે એવું જે...**' એઈ..! એમાં શું લખ્યું છે? વાંચો. ક્યાં લખ્યું છે? ક્યાં લખ્યું છે? એનો અર્થ અહીંયા શું કર્યો? શું કર્યો હમણાં? દસ મિનિટ ચાલી, અડધી કલાક. વાંચનમાં હતા. બહારના પાના વાંચવામાં હતા. સમજાય છે કાંઈ? અહીં તો પકડાય છે બધાય. એનો અર્થ સમજવો જોઈએ શબ્દે શબ્દનો. '**પુદ્‌ગલદ્રવ્ય જેનું...**' જેનું એટલે કોનું? ક્રોધાદિનું. ક્રોધ, માન, માયા, લોભ ઉત્પન્ન થાય છે ને? ક્રોધ શબ્દે ક્રોધ-માનને દ્વેષ કહે છે. અને માયા-લોભને રાગ કહે છે. ક્રોધ-માન બેને દ્વેષ કહે છે અને માયા-લોભને રાગ કહે છે. તો રાગ-દ્વેષનું પરિણમવું એ મારો સ્વભાવ જ નથી, એમ કહે છે. વીતરાગરૂપે થવું મારો સ્વભાવ છે. આહાહા...! સમજાય છે કાંઈ? આહાહા..! બીજાને સમજાવી દઉં એવા વિકલ્પનું પરિણમવું એ મારો સ્વભાવ નથી, એમ કહે છે અહીંયા તો. આહાહા..! સમજાય છે કાંઈ? આ કરે છે ને આખો દી? આ મંદિર બનાવ્યા, કોણે બનાવડાવ્યા? એમ લખ્યું છે. આટલા મંદિર તમે તો ઘણા કરો છો. શું લોકોને ખેંચવા માટે કરો છો? શું છે તમારે? એમ કહે છે. અરે..! ભગવાન! શું કહે છે? અરે..! ભગવાન! એ તો પર્યાય જડની થવાવાળી છે તો થાય છે. આત્મા શું કરી શકે છે?

અહીં તો કહે છે કે રાગનું પરિણમવું એ મારો સ્વભાવ નથી. થાય તો પુદ્‌ગલદ્રવ્ય એનું સ્વામી છે. હું પરિણમું એવો હું નથી, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? પુદ્‌ગલદ્રવ્ય એટલે જડ પરમાણુ કર્મ. જેનો સ્વામી હું નથી. એવા વિકારભાવ ક્રોધાદિ રાગ-દ્વેષ ભાવ. '**વિશ્વરૂપપણું...**' વિશ્વ નામ અનેકપણું. પુણ્ય-પાપના અસંખ્ય પ્રકાર છે ને. શુભના અસંખ્ય પ્રકાર છે. અહીંયા તો કહે છે કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવરૂપે પરિણમું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ મારો સ્વભાવ જ નથી, એમ કહે છે, ભાઈ! સમ્યગ્દષ્ટિને જ આવો વિકલ્પ હોય છે. મિથ્યાદષ્ટિને આવો તીર્થંકર ગોત્ર બાંધવાનો વિકલ્પ હોતો નથી. તો કહે છે કે હું પહેલેથી માનું છું કે જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવરૂપે પરિણમવું એ મારો સ્વભાવ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હું એ રાગરૂપ થાઉં, રાગરૂપ થાઉં એવો મારો સ્વભાવ ત્રિકાળમાં નથી. હું તો વીતરાગરૂપ છું. વીતરાગરૂપે પરિણમું એ જ મારો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? આહા..!

અરે..! એની દયા એને નહિ. એની દયા ન કરી, પોતાની દયા. હું ક્યાં જઈશ? ચોર્યાશીના અવતારમાં આંખ વીંચાઈને ક્યાં જઈશ? કોઈ આશ્રય નથી, કોઈ ધણી નથી. કેવું શરીર મળે, કેવો સંયોગ મળે, કેવું ક્ષેત્ર મળે, કેવા ભાવ હોય? બહારની કેવી સ્થિતિ હશે? ઓહોહો..! એમ જેને અંદરમાં પરનો ખેદ ન થયો અને પરથી ખસવાનો ભાવ નથી એને આ વાત રુચતી નથી. ઉપર ઉપરથી કરે છે પણ અંદરમાં રુચતી નથી. સમજાય છે કાંઈ?

અહો..! ભગવાન આચાર્ય મહારાજ કરુણા કરીને કહે છે, પ્રભુ! તું પહેલા આવો તો વિચાર કર, તારે જો દુઃખથી નિવૃત્ત થવું હોય તો, કે દુઃખરૂપ પરિણમું એવો મારો સ્વભાવ જ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? શરીર, વાણી, મન તો બીજી વસ્તુ છે. એ રૂપે આત્મા હોય એ તો છે નહિ. પણ દુઃખરૂપ જે પુણ્ય-પાપના વિકલ્પ અગ્નિ છે તે રૂપે થાઉં, પરિણમું સદા સ્વયં છે જ નહિ. ત્રણે કાળમાં મારો આત્મા વિકારરૂપે થાય એવો મારો સ્વભાવ જ નથી. એમ પહેલા સમ્યગ્દર્શન થયા પહેલા પોતાની જ્ઞાનભૂમિકામાં વિકલ્પથી નિર્ણય કરવો જોઈએ. કહો, સમજાણું?

‘**મમતારહિત છું;...**’ આ કારણે હું મમતારહિત છું એમ પાછું. ક્યા કારણે હું મમતારહિત છું? કે મારું સ્વરૂપ જ પુણ્ય-પાપના પરિણમનરૂપે સદા સ્વયં નથી પરિણમતો. તેથી હું પરથી મમતારહિત છું. વ્યવહારથી મમતારહિત કેમ છું? કે વ્યવહારરૂપ નહિ પરિણમવાના મારા સ્વભાવને કારણે હું મમતારહિત છું. આહાહા..! સમજાય છે કાંઈ? ‘**પોતે સદાય...**’ પાછું. પોતે સદાય. પાછું સદાય. એમ તો એકાંત થઈ જશે. જમાં તો એકાંત થઈ જશે. કથંચિત્ પરિણમનારો છું એમ કરો, નહિતર એકાંત થાય છે.

મુમુક્ષુ :- સમ્યક્ એકાંત છે.

ઉત્તર :- હા. સદા. પોતે સદાય. એકાંત થઈ જાય છે. શું આત્મા કર્મ સહિત નથી? રાગ સહિત નથી? આ આખો જૈન શાસ્ત્રનો ભંડાર ભર્યો છે ને અને તમે વીતરાગભાવને કહો છો? બહુ દલીલ આવી છે. ‘**पस्सदि जिणसासणं**’ ભગવાન ૧૫મી ગાથામાં કહે છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासण सव्वं।।१५।।**

આચાર્યે લખ્યું છે કે જે આત્માને દેખે એ જિનશાસન છે. પણ એ જિનશાસનનો અર્થ વીતરાગભાવ એ જૈનશાસન છે. પણ આત્મા જે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એમ અંતરમાં જોવું, અનુભવવું એ જૈનશાસન છે. તો જૈનશાસન તો વીતરાગભાવ થયો. તો વીતરાગભાવ થઉં એવો મારો સ્વભાવ છે પણ રાગરૂપે, વ્યવહારરૂપે થાઉં એવો મારો ત્રિકાળમાં સ્વભાવ નથી, ત્રિકાળમાં સ્વભાવ નથી. એવો જ્ઞાન, દર્શનનો, આનંદનો પિંડ એ પછી લેશે. મમતારહિત એ નાસ્તિથી લીધું. અસ્તિ પછી લેશે. જુઓ! હવે અસ્તિ લે છે.

'**णाणदंसणसमग्गो**' હું એવો છું કે રાગાદિ વિકલ્પથી પોતે સદાય પરિણમું એવો છું જ નહિ. ત્યારે હું છું કેવો? આહાહા..! '**ચિન્માત્ર જ્યોતિનું,...**' હું તો જ્ઞાનમાત્ર આત્મા જાણન સ્વભાવમાત્ર આત્મા '**વસ્તુસ્વભાવથી જ,...**' પોતાના વસ્તુસ્વભાવથી જ. વસ્તુના સ્વ-ભાવથી જ '**સામાન્ય અને વિશેષ વડે પરિપૂર્ણપણું (આખાપણું) હોવાથી,...**' હું સામાન્ય નામ દર્શનથી પરિપૂર્ણ છું અને જ્ઞાનથી પરિપૂર્ણ છું. રાગરૂપે સદાય નહિ પરિણમવાનો મારો સ્વભાવ છે અને હું જ્ઞાન દર્શનથી પરિપૂર્ણ છું. સામાન્યનો અર્થ દર્શન છે અને વિશેષનો અર્થ જ્ઞાન છે. મારો વસ્તુસ્વભાવ જ દૃષ્ટા-જ્ઞાતા એવો મારો સ્વભાવ તેનાથી હું પરિપૂર્ણ છું, પરિપૂર્ણ. પર્યાય આદિની અહીંયા વાત નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ગજબ ગાથા! દેવચંદજીએ આ ગાથા નાખી છે. પણ ગાથા અલૌકિક ગાથા! શ્વેતાંબરમાં દેવચંદજી ખરતરગચ્છમાં થયા છે. એણે દિગંબરત્વ નથી માન્યું પણ આ ગાથા નાખી છે. આગમસાર બનાવ્યું છે. વસ્તુ એવી અલૌકિક છે. આવી ગાથા શ્વેતાંબરમાં ક્યાંય નથી. એના ૪૫ સૂત્રમાં. સમજ્યા? એવી ચીજ છે. આ વસ્તુસ્થિતિ છે.

મુનિઓએ અંતર આત્માને ઢંઢોળીને આનંદથી જાગૃત કર્યો અને વિશેષ આનંદમાં લીન થયા એનું નામ મુનિપણું છે. ભગવાન! મુનિપણું કોને કહીએ? પરમેશ્વર છે ઈ. મુનિપણું તો પરમેશ્વર છે. પંચ પરમેષ્ઠીમાં પરમેશ્વર છે ને? અગિયાર પડિમાધારી પંચમ ગુણસ્થાનવાળા પંચ પરમેષ્ઠીમાં નથી આવતા. સમજાય છે? પંચમ ગુણસ્થાન અગિયાર પડિમા અંદર ભાન સહિતની, હોં! અનુભવ સહિતની અગિયાર પડિમા. કષાયની ઘણી મંદતા અને અકષાય પરિણમન એટલું થઈ ગયું છે આનંદનું, તો પણ પંચમ ગુણસ્થાનમાં છે. પંચ પરમેષ્ઠીમાં નથી આવતા. પંચ પરમેષ્ઠીમાં નથી. ઓહોહો..! જેને અંતરમાં પહેલેથી સમ્યગ્દર્શન થયા પહેલા આવો નિર્ણય થયો હતો કે હું વ્રતાદિના પરિણામરૂપે પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. આહાહા..! મહાવ્રતાદિ વિકલ્પ અને ભક્તિ આદિનો ભાવ એ રૂપે હું પોતે સદાય થાઉં એવો હું છુ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ નહિ. પછી અનુભવ કરીને સમ્યક્ થયું પછી સ્વરૂપમાં સ્થિર થઈને આનંદની ચારિત્રદશા પ્રગટ થઈ. સમજાય છે કાંઈ?

'**ચિન્માત્ર જ્યોતિનું...**' જ્યોતિ કેમ કહે છે? જેમ અગ્નિ છે એ બીજાને રાખ કરી નાખે. એમ ભગવાન આત્મા ચિન્માત્ર જ્યોતિ પોતાના સ્વભાવમાં જાગૃત થાય તો રાગનો તો નાશ કરી નાખે છે. વિકારનો રક્ષક તો નહિ, સ્વામી નહિ પણ રાગનો નાશ કરી નાખે છે. એ પણ વ્યવહારથી કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? આત્મા આત્મા તો ઘણા કહે છે કે અમે આત્મા. પણ આત્મા આવો હોવો જોઈએ, એમ કહે છે. દુનિયા તો બહુ કહે છે. એક નાસ્તિક સિવાય બધા કહે છે. પણ જૈન પરમેશ્વર સર્વજ્ઞે કહ્યો એવો આત્મા આ છે. સમજાય છે કાંઈ? આમ તો આત્મા બહુ આવે. ચાલી છે, અહીંથી બહુ ચાલી છે ને. ૩૩ વર્ષ થયા અહીંયા. વાત ઘણી ચાલી છે. તો આત્મા સિવાય વાત નહિ ચાલે આપણી. નાખો નામ. પછી ભલે ગડબડ ઊડાવે. એવો આત્મા નથી. આત્મા આવો હોવો જોઈએ.

એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ જ્ઞાન અને દર્શન સામાન્ય વિશેષ બે સ્વભાવ એના છે. તેનાથી હું પરિપૂર્ણ છું. જુઓ! પરિપૂર્ણ શબ્દ પડ્યો છે. '**समग्गो**' છે ને? '**समग्गो**'. સમગ્ર. આખો જ્ઞાન ને દર્શન સ્વભાવથી હું ભરેલો પરિપૂર્ણ છું. સમજાય છે કાંઈ? આવો પરિપૂર્ણ હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. સામાન્ય વિશેષથી પરિપૂર્ણતા હોવાથી હું જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. જુઓ! ત્રણ વિશેષણ આવ્યા. હું 'एक्को' 'सुद्धो' 'णिम्ममओ' ત્રણ અને 'णाणदंसण' અસ્તિ આવી. ચાર થયા. જુઓ! રાગમિશ્રિત વિચારમાં ધર્મ પ્રાપ્ત થયા પહેલા શાસ્ત્રથી જ્ઞાન કરીને સાંભળીને જ્ઞાન કરતી વખતે આવો નિર્ણય કરે છે. એનો અર્થ એ થયો કે શાસ્ત્રકાર અને જ્ઞાનીને આમ કહેવું છે. આવો જ આત્મા કહેવો છે. તો આવો છે એમ વિકલ્પથી નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ?

'**આવો હું...**' લ્યો. '**આવો હું આકાશાદિ દ્રવ્યની જેમ...**' આકાશ પદાર્થ છે. પરમાણુ પણ એક પદાર્થ છે, કાળાણુ આદિ પદાર્થ છે. એમ આકાશાદિ એટલે ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ છ દ્રવ્ય છે ને? એમાં આત્મા સિવાય પાંચ દ્રવ્ય છે. જેમ વસ્તુ '**આકાશાદિ દ્રવ્યની જેમ...**' પદાર્થની જેમ. '**પારમાર્થિક વસ્તુવિશેષ છું.**' પરમાર્થ નામ ખરેખર વસ્તુ વિશેષ ખાસ વસ્તુ છું. સમજ્યા? ખરેખર વસ્તુવિશેષ છું. ખાસ વસ્તુ છું. હું ખાસ વસ્તુ છું. વસ્તુ છું, વસ્તુ છું તો પરથી ભિન્ન પડી ગયો. પણ ભિન્ન જ છે. વિશ્વવાત્સલ્ય રહ્યું નહિ. એમ કેટલાક કહે છે. અરે..! ભગવાન! એમ કહે છે, સર્વ એક માનો તો વિશ્વવાત્સલ્ય રહેશે. અહીં કહે છે, નહિ. હું આવી વસ્તુ પરથી ભિન્ન છું. આકાશાદિ જેમ સ્વતંત્ર પદાર્થ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે એમ હું પણ એક રાગાદિથી નહિ પરિણમનારો અને જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ ભગવાન એવો હું આકાશાદિ પદાર્થની જેમ ખાસ પદાર્થ છું. ખાસ વસ્તુ છું. એમ સમકિત પહેલા આવો નિર્ણય કરવો જોઈએ. સમજાય છે કાંઈ?

'**તેથી...**' આ કારણે-આવી ચીજ છું તેથી. એમ. '**તેથી હવે હું સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' એ શબ્દમાં થોડો ફેર પડી ગયો છે. પ્રવૃત્તિથી નિવૃત્તિ એમ ને? '**પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે...**' એમ શબ્દમાં ફેર છે. પાઠમાં એમ છે ને. '**तदहमधुनास्मिन्नेवात्मनि निखिलपरद्रव्यप्रवृत्तिनिवृत्त्या**' પરદ્રવ્ય પ્રવૃત્તિ. એવો હું ભગવાન આત્મા છું તો પરદ્રવ્યની પ્રવૃત્તિ જે વિકલ્પ આદિ છે એનાથી નિવૃત્તિ. વિકલ્પ જે શુભ આદિ છે એ બધું પરદ્રવ્ય. પરદ્રવ્યની પ્રવૃત્તિ જે રાગાદિ છે એનાથી નિવૃત્તિ. પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિ વડે. આહાહા..! એવો હું છું તેથી. હું સ્વતંત્ર આવો પદાર્થ છું તેથી '**સમસ્ત પરદ્રવ્યપ્રવૃત્તિથી નિવૃત્તિ વડે આ જ આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો,...**' આવા આત્મામાં હું વસ્તુ છું તો એમાં નિશ્ચળ રહેતો થકો એ પર્યાય થઈ. આવા આત્મસ્વભાવમાં, આવા આત્મસ્વભાવમાં આ પ્રવૃત્તિથી નિવૃત્તિ કહી ને? રાગાદિમાં પ્રવૃત્તિ હતી તેનાથી નિવૃત્તિ. તો પર્યાય થઈ નિવૃત્તિ નિર્મળ. એમ નિશ્ચળ રહેતો થકો. અહીંયા તો હજી નિર્ણય કરે છે. એનાથી નિવૃત્ત થઈને હું મારા સ્વરૂપમાં નિશ્ચળ રહેતો થકો.

હું જ્ઞાનાનંદ સ્વભાવ છું તેની પ્રવૃત્તિ અને રાગાદિ પ્રવૃત્તિથી નિવૃત્તિ. રાગાદિ પુણ્યાદિ પ્રવૃત્તિથી નિવૃત્તિ. પરદ્રવ્યથી નિવૃત્તિ અને પોતાના સ્વરૂપની પરિણતિરૂપ પ્રવૃત્તિ. આવી ગયું એમાં. એમ શબ્દ નથી લીધો, લીધું શું? '**સમસ્ત પરદ્રવ્ય...**' વિકલ્પ આદિ, શુભ આદિ કોઈ પણ વસ્તુ બધી પરદ્રવ્ય. એની પ્રવૃત્તિથી એમાં રોકાવાથી નિવૃત્તિ થઈ ગઈ, ખસી ગયો. ખસીને આ જ આત્મસ્વભાવમાં જ્ઞાન દર્શન આદિ સ્વભાવ છે એવા સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો, એમાં એકાગ્ર રહેતો થકો, સ્થિર રહેતો થકો. જુઓ! નિશ્ચળ રહેતો થકો. આવા સ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો. હજી તો વિકલ્પથી આવો નિર્ણય કરે છે. હું આવો અંદર નિશ્ચળ રહેતો થકો આસ્રવોથી નિવૃત્ત થાઉં છું. સમજાય છે કાંઈ?

'**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી...**' પહેલા કહ્યું હતું કે પુણ્ય-પાપ આદિ પુદ્‌ગલ જેનું સ્વામી છે. અહીંયા કહ્યું કે '**પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' પોતાની પર્યાયમાં કર્મના નિમિત્તે, નૈમિત્તિક પોતાની પર્યાય, નિમિત્તથી એનો અર્થ એવો નથી કે કર્મના નિમિત્તે પોતામાં કલ્લોલો થયા છે. સિદ્ધ કરે છે. એમાં એમ લીધું ને કે વિકારી ભાવનું સ્વામી તો પુદ્‌ગલ છે. તો શું થયું? પુદ્‌ગલના કારણે વિકાર થતો હતો એનો ખુલાસો કર્યો. એ પરિણમન તો પરદ્રવ્યના નિમિત્તે વિશેષરૂપ ચેતનમાં થતા. પોતાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાનાનંદ સ્વભાવ ચેતનમાં કર્મના નિમિત્તે પોતાની પર્યાયમાં નૈમિત્તિક દશામાં ચંચળ કલ્લોલો ઉત્પન્ન થતા હતા. ચંચળ કલ્લોલ. પુણ્ય-પાપના વિકલ્પ. ચંચળ કલ્લોલ, ચપળ કલ્લોલ. અસ્થિર દશાના વિકલ્પ. સમજાય છે કાંઈ? અધ્યાત્મ વાત એવી છે, સૂક્ષ્મ વાત છે. આહાહા..!

એક મૃત્યુ આવે ને, મૃત્યુ આવ્યું હોય ને, અરે..! મને પા કલાક દ્યો. હું મારો વિચાર કરી લઉં. મેં કોઈ દી વખત લીધો નહિ, હોં! હવે મારું મૃત્યુ આવ્યું. અરે..! મૃત્યુ આવ્યું. ડૉક્ટર કહે છે કે, બસ, હવે પા-અડધો કલાક છે. અરેરે..! મેં વખત લીધો નહિ. થોડો અડધો કલાક આપો. કોણ દે? અડધો કલાક મને અંદર વિચાર કરવાનો મળે તો મૃત્યુ (ઠીક થાય). કેવું થાય એને? ફૂલચંદભાઈ! પછી રોવે. અરે..! રોવે છે, જોયા છે ને. ગામમાં કર્તા-હર્તા, કાંઈ કર્યું નહિ અને મરતાં શ્વાસ ઉપડ્યો. આંખમાંથી આંસુ ચાલ્યા જાય. અરે..! અડધો કલાક, પા કલાક મને વખત નહિ મળે? આ ભીંસ આવી. બાપુ! પહેલા કર્યું નહિ, ભાઈ! સમજ્યા? ઘર બળે અને પછી કૂવા ખોદાવવા. કૂવા સમજ્યા? કૂવા-કૂપ. ઘર બળ્યું પછી કૂવા ખોદાવે પાણીના. ત્યાં સુધીમાં બળી જશે. સાંભળને! આહા..! અરે..! ભગવાન! એ મૃત્યુ આવ્યા પહેલા, દેહની સ્થિતિ પૂરી થયા પહેલા આવો નિર્ણય કરવો જોઈએ. પછી પા કલાક નહિ મળે. સમય જે છે એ સમયે છૂટશે. સમજાય છે કાંઈ? આહાહા..!

શ્વેતાંબરમાં આવે છે. જ્યારે ભગવાનનો દેહ છૂટ્યો ને, મહાવીર પ્રભુનો. ઈન્દ્રો હતા કહે છે, પ્રભુ! અત્યારે તમારા નામ ઉપર ગ્રહ છે. પથી ધર્મમાં ઘણા વિઘ્ન થશે. નાથ! એક ઘડી આયુષ્ય વધારી દ્યો. શ્વેતાંબરમાં આવે છે. પ્રભુ જ્યારે મોક્ષ પધારે છે ને? તો એના ભસ્મ ગ્રહ હતા એ વખતે. એમ એ લોકો કહે છે. ઈન્દ્ર આવીને કહે છે, મહારાજ! એક ઘડી આયુષ્ય વધારો, હોં! પછી ભસ્મ ગ્રહ છે, ધર્મનો બહુ વિરોધ થશે. ભગવાન કહે છે, એક સમય પણ વધે નહિ. ભગવાનને કોણ કહે? કલ્પિત વાત છે. એ રીતે સિદ્ધાંત એ તો. એ તો કાલે કહેતો હતો. એક સાધુ આવ્યો હતો. સ્થાનકવાસી સાધુ એક છે ને, આવ્યા હતા સાંજે. એમ કે આમ ભગવાને કહ્યું છે. ઈ તો ક્યાં છે? ...

સિદ્ધાંત એ કે આયુષ્યનો એક સમય કેવળીનો પણ વધે નહિ. જે સમયે દેહ છૂટવાનો, મોક્ષ થવાનો, કેવળજ્ઞાન પ્રાપ્ત થવાનો છે તે જ સમય છે. આ દેહ છૂટવાના કાળ આવ્યા. એ.. ભાઈ! ધ્રુજારી ઉઠે આખા શરીરમાં. મને આવું થાય છે કે હું નહિ બચી શકું. મેં મારા આત્માનું તો કાંઈ કર્યું નહિ. અરેરે..! મેં કર્યું નહિ. થોડા અડધો કલાક તો આપી દ્યો. એક પત્ની હતી. એના પતિને મૃત્યુનું એવું દુઃખ આવ્યું. અંત સમય આવ્યો. ડૉક્ટર આવ્યા, ભાઈ! તમે એને થોડું જીવન આપો તો તમને પાંચ લાખ દઉં. પાંચ લાખ. શેના પાંચ લાખ દે, એ તો આયુષ્યની સ્થિતિ પૂરી થઈ ગઈ. ખલાસ થઈ ગયું, મૃત્યુનો ઘંટ વાગી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયો. ચાલ્યા જાઓ. સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! મૃત્યુ અને હોંશ કેવી? જોરાવરનગરમાં. હમણા હતા ને જોરાવરનગરમાં. ત્યાંથી વિંછીયા આવ્યા. એક માસ્તર હતા એમણે રાત્રે પ્રશ્ન કર્યો. મહારાજ! આ મૃત્યુ છે અને એના મુખ ઉપર હરખ કેમ થાય છે? મૃત્યુ તો છે, છૂટી જશે. મારું શું થશે? એમ વિચાર કેમ નથી આવતો? હરખ કેમ થાય છે? દરકાર નથી, ભાઈ! અરે..! હું ક્યાં (જઈશ)? આ તો છૂટશે. આ તો રાખ છે-ધૂળ છે. પચાસ-સો માણસનું કુટુંબ ભેગું થયું હોય તો? મદદ કરે કે નહિ? કરોડ-બરોડ પૈસા મદદ નહિ કરે? તમારા છોકરાના આવે છે ને? શું થાય છે? બ્લડ પ્રેશર. બે-ત્રણ કરોડ રૂપિયા છે. કાંઈ મદદ ન કરે. એં.એં... કરે છે ન્યાં. ધૂળમાંય કરોડ ક્યાં એના હતા તે એને મદદ કરે? આહાહા..!

ભગવાન! તારી દેહની સ્થિતિ પૂરી થયા પહેલા આવો નિર્ણય કરવો જોઈએ. પછી વખત નહિ મળે. સમજાય છે કાંઈ? કેટલાકને તો પચાસ-પચાસ વર્ષ નીકળી ગયા, ચાલીસ નીકળી ગયા, સાંઈઠ-સાંઈઠ નીકળી ગયા, સીત્તેર-સીત્તેર નીકળી ગયા છે. કેમ? ચંદુભાઈ! ૮૫. આહા..! કહે છે, ભાઈ! અરે..! ટાણે કામ ન કર્યું પછી તારે પસ્તાવું પડશે, હોં! પછી રોયે પણ તારું દુઃખ નહિ મટે, ભગવાન! સમજાય છે કાંઈ? ભાઈ!

આચાર્ય કહે છે, જુઓ! પ્રભુ! આસ્રવથી દુઃખથી અમને નિવૃત્તિ કેમ થાય? પહેલા એમ નિર્ણય કર કે હું દુઃખરૂપ થનારો છું જ નહિ. દુઃખનો સ્વામી પુદ્‌ગલ છે. હું દુઃખરૂપ નથી. પણ મારામાં ચંચળ કલ્લોલો (ઉત્પન્ન થાય છે). '**ચેતનમાં થતા જે ચંચળ કલ્લોલો...**' જુઓ ભાષા! '**નિરોધ વડે...**' કલ્લોલોને રોકીને. નિરોધનો અર્થ કલ્લોલ ઉત્પન્ન થયા છે અને રોકે છે એમ નથી. સમજાવવામાં કેમ સમજાવે? '**ચંચળ કલ્લોલો તેમના નિરોધ વડે...**' જે ચંચળ કલ્લોલો વિકલ્પ ઉઠે છે, વિકલ્પ-દયા, દાન, વ્રતના એ બધા ચંચળ કલ્લોલો છે. એને રોકવાથી. રોકવાથી એનો અર્થ એ ઉત્પન્ન થયા છે તેને રોકવાના નથી. સમજાય છે કાંઈ? પણ એ તરફનું લક્ષ છોડીને પોતાના જ્ઞાયકમાં એકાકાર થવાથી ચંચળ કલ્લોલોના '**નિરોધ વડે આને જ (આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' જુઓ! કલ્પના જે વિકલ્પ... હજી તો આમ નિર્ણય કરે છે, હોં! હું ચંચળ કલ્લોલો ઉત્પન્ન થાય છે તેનો નિરોધ કરીને આત્મસ્વભાવમાં. જુઓ! '**(આ ચૈતન્યસ્વરૂપને જ) અનુભવતો થકો,...**' કૌંસમાં નાખ્યું છે. '**નિરોધ વડે આને જ...**' આને જ એટલે આત્માને, આને જ એટલે આત્માને. આત્મા કેવો છે? જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છે. એવા ભગવાન આત્માને અનુભવતો થકો. અનુભવતો થકો-એને અનુસરીને આનંદરૂપ થતો થકો. લ્યો, આ વિધિ. સમજાય છે કાંઈ? એની વિધિ એમ નથી કહી કે પહેલા જાત્રા કાઢો, પાંચ-પચ્ચીસ લાખ ખર્ચી નાખો, મંદિર બનાવો,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પહેલા બહારમાં પ્રભાવના કરો. પછી તમને ધર્મ થશે. આહાહા..! વીતરાગ આચાર્યોએ વીતરાગી સંતોની પદ્ધતિ કેટલી કરુણામય છે!

ભાઈ! આ વસ્તુની વિધિ છે, બીજી કોઈ વિધિ નથી. સમજ્યાને? તારે એકલાએ દુઃખ ભોગવવાનું છે તો તારે એકલાએ નિર્ણય કરવાનો છે. ઝાઝા બધા નિર્ણય કરે તો હું આવો નિર્ણય કરું, એમ નહિ. ઘણા લોકો આવી વાત માને તો હું માનું એમ નહિ. તું એકલો નિર્ણય કર. સમજાય છે કાંઈ?

'**અનુભવતો થકો...**' શું કહે છે? ત્રણ વાત લીધી. પહેલા વિકારરૂપ નહિ પરિણમવાવાળો. વિકારનો સ્વામી પુદ્ગલ છે. મારી પર્યાયમાં ચંચળ કલ્લોલો ઉત્પન્ન થતા હતા તેનો, પોતાના અનુભવ વડે નિરોધ કરતો થકો. અને બીજી વાત લીધી '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' જુઓ! વિકાર પણ પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન થતો હતો. સમજાય છે કાંઈ? પોતાના અજ્ઞાનથી. પોતાનો શુદ્ધ ચૈતન્ય નિર્મળ જ્ઞાન, દર્શન, આનંદ સ્વભાવનું ભાન નહિ હોવાને લીધે '**અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' જુઓ! સમજાય છે કાંઈ? કોઈ પરે એમ કરાવ્યું છે એમ નથી. અને વિકાર પરમાં ઉત્પન્ન થાય છે એમ નથી, એમ બતાવે છે. પહેલા એમ કહ્યું કે પુદ્ગલદ્રવ્ય જેનું સ્વામી છે. એ તો હું દ્રવ્ય એવો છું કે વિકારરૂપે નહિ પરિણમનારો. પણ પર્યાયમાં કર્મના નિમિત્તથી મારામાં કલ્લોલો થાય છે તેને આત્મઅનુભવથી રોકું છું. અને પોતાના અજ્ઞાનથી ઉત્પન્ન થનારા એ પુણ્ય-પાપના વિકલ્પો. જુઓ! કર્મથી ઉત્પન્ન થવાવાળા એમ નથી લખ્યું. સમજાય છે કાંઈ? પહેલા નિશ્ચય સિદ્ધ કર્યો. વિકારનો સ્વામી પુદ્ગલ છે, હું એ રૂપે પરિણમું એવો નથી. પછી એમ સિદ્ધ કર્યું કે મારી પર્યાયમાં કલ્લોલ ઉઠે છે. નિમિત્ત કર્મ છે, મારામાં ઉત્પન્ન થાય છે. પછી નિમિત્તને દૂર કરી દીધું. મારા અજ્ઞાનથી મારામાં ઉત્પન્ન થતા હતા.

મારું સ્વરૂપ ચૈતન્ય જ્ઞાન અને આનંદ, એનો મને બોધ નથી, એનું ભાન નથી. તેથી અજ્ઞાનથી, '**પોતાના અજ્ઞાન વડે...**' ભાષા જુઓ! કર્મ વિકાર કરાવે છે (એમ નથી). પહેલા પુદ્ગલ સ્વામી આવી ગયું, પુદ્ગલ કરાવે છે એમ કહ્યું હતું. પણ કઈ અપેક્ષાથી કહ્યું હતું? મારું દ્રવ્ય વિકારરૂપે પરિણમનાર નથી તેથી વિકારનો સ્વામી પુદ્ગલ છે એમ કહ્યું હતું. સમજાય છે કાંઈ? પણ પર્યાયમાં.. એમ કહે છે હવે તો. પર્યાયમાં. એ દ્રવ્યની વાત કરી હતી. મારો દ્રવ્યસ્વભાવ વસ્તુ રાગરૂપ થાઉં એવું મારું સ્વરૂપ જ નથી. પુદ્ગલ એનો સ્વામી છે. પછી કહે છે કે પર્યાય ચંચળ કલ્લોલ કર્મના નિમિત્તે તારામાં ઉત્પન્ન થાય છે. પછી કહ્યું કે તેનો નિરોધ હું પુરુષાર્થથી મારા સ્વભાવનો અનુભવ કરીને તેનો નિરોધ કરું છું અને મારા અજ્ઞાનથી આત્મામાં ઉત્પન્ન થતાં. જુઓ! '**ક્રોધાદિક ભાવો...**' ત્યાં ક્રોધાદિ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લીધા એવા ક્રોધાદિ અહીંયા લીધા. વાંચે નહિ, વિચારે નહિ, મનન ન કરે અને એક કડી પાડે અને બીજી કડીનો અર્થ શું છે એની ખબર નહિ. એમ ન ચાલે, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. આ કાંઈ પાંચ-પચાસ માણસ સમજી લે તો માર્ગ થઈ ગયો એમ નથી. આ તો અનાદિ કાળથી અનંત તીર્થંકરો કહે છે, સર્વજ્ઞો જાણે છે, ઈન્દ્રો માને છે, ગણધરો અનુભવે છે ઈ વાત છે આ તો. આ કોઈના ઘરની વાત નથી. સમજાય છે કાંઈ?

જુઓ! વ્યવહાર મારી પર્યાયમાં મારા દોષથી ઉત્પન્ન થતો હતો, એમ કહે છે. અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા ક્રોધાદિક ભાવ એટલે રાગ-દ્વેષ ભાવ, પુણ્ય-પાપ ભાવ. '**તે સર્વને ક્ષય કરું છું.**' '**णेमि**' છે ને? '**खयं णेमि**'. હું ક્ષય કરું છું એમ નિર્ણય કરે છે. હું એનો ક્ષય કરું છું. સમજાય છે કાંઈ? '**ક્ષય કરું છું-એમ આત્મામાં નિશ્ચય કરીને...**' આત્મામાં પહેલા આવો નિશ્ચય કરીને. પછી શું થાય છે એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૧૧, બુધવાર તા. ૨૨-૫-૧૯૬૮**
**ગાથા-૭૩, પ્રવચન-૫૧૪**

કર્તાકર્મ અધિકાર. અહીંયા સુધી આવ્યું છે, જુઓ! '**એમ આત્મામાં નિશ્ચય કરીને...**' ત્યાં સુધી આવ્યું છે. છે? પાછળ આવવું ને મોઢા આગળ ન બેસવું જોઈએ, પાછળ બેસવું જોઈએ. આજે ભલે આવી ગયા.

આત્મામાં પહેલા જો અંતર એમ નિર્ણય કર્યો હોય... ઈ આવે છે ને? ક્યાં ગયા? પંડિતજી આવ્યા નથી? પંડિતજી! ક્યાં આવ્યું છે? જુઓ! કેવો નિશ્ચય કરીને? જેને દુઃખથી મુક્ત થવું હોય, જન્મ-મરણના પરિભ્રમણની ઘાણીમાં પિલાય છે તેનાથી મુક્ત થવું હોય એણે શું કરવું ઈ વાત છે. ચોર્યાશી લાખના અવતાર, જન્મ-મરણની ઘાણીમાં પિલાય છે. એને એ દુઃખથી મુક્ત થવું હોય.... દુઃખથી મુક્ત થવું છે ને? કે આત્માથી મુક્ત થવું છે? દુઃખથી મુક્ત થવું હોય તો એણે શું કરવું? કે પહેલા એણે આત્માનો નિશ્ચય કરવો કે હું આ પ્રત્યક્ષ અખંડ અનંત ચિન્માત્ર જ્યોતિ છું. અને અનાદિઅનંત છું, નિત્ય ઉદયરૂપ વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે એક છું. ષટ્કારકની પ્રક્રિયાના ભેદ મારામાં છે જ નહિ. હું તો શુદ્ધ છું. અને મારામાં રાગાદિના સ્વામીપણે પરિણમું એવો મારો સ્વભાવ નથી.

મારો સ્વભાવ વ્યવહાર કહો, રાગ કહો કે વિકલ્પ કહો, એ રૂપે થવું એ મારું પોતાથી સદાય પરિણમન થવું એ મારામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? જુઓ! હું વિકારરૂપ થાઉં એમ સ્વયં સદા પરિણમવાવાળો છું જ નહિ. પહેલા તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિથી નક્કી કર્યું છે. સમજાય છે કાંઈ? એનો અર્થ થયો કે ઉદયભાવ વ્યવહારભાવ રૂપે પરિણમું એવો મારો સ્વભાવ જ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! અંદર કેટલી ધીરજ જોઈએ! આવો નિર્ણય કરવામાં કેટલો પ્રયત્ન અને પુરુષાર્થ માગે છે!

હું આવો છું અને હું પર રાગરૂપ, વિકારરૂપ સ્વયં સદાય પરિણમવાવાળો થવાવાળો તો નથી. તો હું છું કોણ? હું તો જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ છું. મારામાં તો જ્ઞાનદર્શન વસ્તુ છે. અરૂપી છે, ચિદ્‌ઘન છે. જ્ઞાનદર્શનથી હું પરિપૂર્ણ છું. સમજાય છે કાંઈ? અને હું પરપદાર્થ જેમ આકાશાદિ છે એવો હું પણ એક પદાર્થ છું. આકાશાદિ પરમાણુ જેમ વસ્તુ છે તેમ હું પણ પારમાર્થિક વસ્તુ વિશેષ છું. તેથી પરદ્રવ્યની પ્રવૃત્તિથી નિવૃત્તિરૂપ પોતામાં આત્મસ્વભાવમાં નિશ્ચળ રહેતો થકો '**સમસ્ત પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં થતાં...**' જુઓ! હવે પર્યાય લીધી. શું કહે છે? મારો દ્રવ્યસ્વભાવ તો એવું હું દ્રવ્ય છું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કે વિકારરૂપ કદી ન પરિણમું એવો હું છું. પણ પર્યાયમાં, હવે પર્યાયમાં પરદ્રવ્યના નિમિત્તથી વિશેષરૂપ ચેતનમાં કલ્લોલો ઉઠે છે તેનો નિરોધ કરીને સ્વભાવમાં એકાકાર થાઉં છું. થાઉં છું, થઈશ એમ નિર્ણય કરે છે. સમજાય છે કાંઈ?

ઈ કહ્યું, '**અનુભવતો થકો...**' નિરોધથી આને અનુભવતો થકો. હું ચૈતન્યસ્વરૂપ જ્ઞાન અને આનંદ સ્વરૂપને અનુભવતો થકો. હજી તો વિકલ્પથી નિર્ણય કરે છે, હોં! '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' જુઓ! વિશેષ કહ્યું. પહેલા નિમિત્તથી પોતાની પર્યાયમાં (ઉત્પન્ન થતા એમ કહ્યું હતું). મારો દ્રવ્યસ્વભાવ તો આવો છે જ નહિ. પણ પર્યાયમાં કર્મનું નિમિત્ત અને પોતાની પર્યાયમાં નૈમિત્તિક વિકારના જે ચંચળ કલ્લોલ ઉઠે છે, તેનો સ્વભાવમાં એકાકાર થઈને નિરોધ કરું છું. અને વિશેષ કહે છે, '**પોતાના અજ્ઞાન વડે આત્મામાં ઉત્પન્ન થતા...**' સ્વરૂપના આનંદના, જ્ઞાનસ્વરૂપના ભાન વિના પર્યાયમાં નિજ સ્વરૂપના બોધ વિના અજ્ઞાનથી ઉત્પન્ન થતા વિકાર ક્રોધાદિ ભાવ '**તે સર્વને ક્ષય કરું છું.**' મારામાં છે નહિ તો હું સ્વભાવના આશ્રયે વિકારને દુઃખની દશાને ક્ષય કરું છું. '**એમ આત્મામાં નિશ્ચય કરીને...**' મનમાં નહિ, એમ કહ્યું ભાઈ! છે હજી વિકલ્પ મન સાથે. પણ '**એમ આત્મામાં નિશ્ચય કરીને...**' પંડિતજી! છે તો આત્મામાં નિશ્ચય કરીને. નહિતર છે તો વિકલ્પથી. પણ આત્મામાં આમ નિશ્ચય કરીને આ આત્મા આવો છે, એમ આત્મામાં નિશ્ચય કરીને. નિશ્ચય કરવાવાળો તો આત્મા છે કે નહિ? વિકલ્પ તો ભલે સાથે હો.

કહે છે કે ત્યાં સુધી તો હજી વિકલ્પથી નિર્ણય કર્યો. હવે વિકલ્પ છોડી દે છે. અહો..! મારો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ છે એમ અંતર્મુખ થઈને વિકલ્પ જે વૃત્તિ છે એ છૂટી જાય છે. છૂટી જાય છે તો જેમ ત્યાં સમુદ્રમાં વહાણ વમળમાં ફસાઈ ગયું છે તે વમળ છૂટી જતાં વહાણ છૂટી જાય છે. એમ હું વિકલ્પમાં ફસાયો હતો, હવે હું છોડી દઉં છું. હું નિર્વિકલ્પ વસ્તુ છું. ચૈતન્ય વસ્તુ છું. અનાકુળ આનંદ વસ્તુ છું. એમ અંતર્મુખ થઈને વિકલ્પને છોડી દઉં છું એનો અર્થ વિકલ્પ છૂટી જાય છે. છૂટી જાય છે એને છોડે છે એમ કહેવામાં આવે છે. સૂક્ષ્મ વાત છે, ભાઈ! અંતરની વસ્તુ અનંત કાળથી એને પોતાની નિજ વસ્તુ શું છે એનું માહાત્મ્ય જ આવ્યું નથી. બહારનું માહાત્મ્ય દુઃખનું માહાત્મ્ય, પુણ્યનું માહાત્મ્ય, પુણ્યના ફળનું માહાત્મ્ય, ભેદની મહિમા. હું અભેદ ચિદાનંદ ભગવાન છું એવી મહિમા વિકલ્પથી પણ યથાર્થપણે સ્વપક્ષ લઈને કરી નથી. સમજાય છે કાંઈ? લોકોને બહારથી કંઈક ધર્મ થઈ જાય એમ છે. પૂજા, ભક્તિ, દાન, દયા, વ્રત, તપથી પરાશ્રયે ધમાલ.. ધમાલ.. આહાહા..! ધર્મને નામે.. શું આવે છે ને યશોવિજયમાં? ધમાધમ ચલી. ધામધૂમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર રે. યશોવિજય કહે છે ખરા પણ પાછા એમાં જ સલવાણા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાય છે? ધામધૂમે ધમાધમ ચલી. ઓહોહો..! પૈસા ખર્ચે, મંદિરો બને, મોટા હાથીને શું કહેવાય? ગજરથ. ગજરથ કાઢે. પાંચ-પાંચ, દસ લાખના ખર્ચ, સંઘપદ આપે. ઘણો ધર્મ થઈ ગયો. અરે..! ભગવાન! એમાં ક્યાં ધર્મ છે? ભાઈ! એ તો જરી શુભભાવ હો. અને બહારની ક્રિયા તો થવાવાળી છે એ થાય છે. તને શુભભાવ આવ્યો એટલે એવી ક્રિયા થાય છે એમ તો છે નહિ. એમાં ધમાધમમાં એને મોટું ધર્મપદ આપે, સંઘપતું આપે. સિંઘઈ.. સિંઘઈ. સિંઘઈની પદવી (આપે). અમારે અહીં સંઘપતિ કહે છે. અહીંયાં સંઘપતિ કહે છે, તમારે સિંઘઈ (કહે છે). શું મળ્યું સંઘપતિમાં? ભગવાન આત્મા પરિપૂર્ણ સ્વભાવનું લક્ષ કરીને અંતરમાં એકાકાર થતાં વિકલ્પ છૂટી જાય છે એ આત્મા અનંત ગુણનો સંઘપતિ થાય છે, ચૈતન્યનો સ્વામી થાય છે. સમજાય છે કાંઈ? ત્યારે તેને ધર્મ થાય છે. આહાહા..!

**'ઘણા વખતથી પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે...'** દૃષ્ટાંત આપ્યો છે. અહીં દૃષ્ટાંતમાં તો ભમરી, ચક્રી છે એણે વહાણને પકડી રાખ્યું છે. એમ વિકલ્પોથી આત્મા પકડાઈ ગયો છે એમ લેવું. વમળ-ચક્રી ઉઠે ને દરિયામાં? ભમરી કહે છે? શું કહે છે? ભંવર. જુઓને! જેણે ઘણા વખતથી, ઘણા વખતથી **'પકડેલું જે વહાણ તેને જેણે છોડી દીધું છે એવા સમુદ્રના વમળની જેમ જેણે સર્વ વિકલ્પોને જલ્દી વમી નાખ્યા છે...'** જેણે સર્વ વિકલ્પને જલ્દી. ભાષા જલ્દી અને વમન, બે શબ્દ પડ્યા છે. પહેલા આવો નિર્ણય કરીને સ્વભાવ સન્મુખ થઈને, સ્વભાવ સન્મુખ થઈને અંતરમાં સમાઈ જવું. તો જલ્દી જ એ વિકલ્પ જે છે એની ઉત્પત્તિ થતી નથી અને એણે વિકલ્પ વમી નાખ્યા, વમી નાખ્યા. જેમ મનુષ્ય વમન કરે પછી પાછું ગ્રહણ કરે નહિ. વમન કરે એને ગ્રહણ કરે નહિ. કૂતરા લે. એમ આત્મામાં ભગવાન... આ વિધિ કહે છે, જુઓ!

એ પૂછ્યું હતું ને? આત્મા કઈ વિધિથી આસ્રવોથી નિવૃત્ત થાય છે? સમજાય છે કાંઈ? અધર્મથી કઈ વિધિથી નિવૃત્ત થાય છે એમ કહે છે. અધર્મ કહો કે આસ્રવ કહો. આ વિધિથી અધર્મથી નિવૃત્ત થાય છે. પોતાનું શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ ભગવાન જ્ઞાન, દર્શનથી પરિપૂર્ણ. મારામાં શું અપૂર્ણતા છે કે હું પરનો આશ્રય લઉં? હું પરિપૂર્ણ પ્રભુ છું. એમ નિર્ણય કરીને સ્વઆશ્રયમાં અંદરમાં જ્યાં સમાયો તો કહે છે કે જેમ ભમરીએ-ચક્રીએ વહાણને છોડી દીધું, એમ આત્માએ શીઘ્ર વિકલ્પને વમી નાખ્યા. વમન કરી નાખ્યા એ પણ વ્યવહારથી કથન છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'જેણે સર્વ વિકલ્પોને જલ્દી...'** જલ્દી. એક સમયમાત્ર લાગે છે, એમ કહે છે. જ્ઞાયક ભગવાન પૂર્ણાનંદ સ્વભાવ અંતરમાં દૃષ્ટિમાં ધ્યેય કરીને, ધ્યેય કરીને અંતરમાં સમાયો તો વિકલ્પ ઉત્પન્ન નથી થતા. વિકલ્પ એકપણે જે ઉત્પન્ન થતા હતા એ પૃથક્ થઈ ગયા, પૃથક્

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ ગયા તો મિથ્યાત્વનો પણ નાશ થઈ ગઈ ગયો. તો કહે છે કે વમી નાખ્યા. તો શું થયું? '**નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને અવલંબતો,...**' આહાહા..! સમજાય છે કાંઈ? '**નિર્વિકલ્પ અચલિત...**' ભગવાન કેવો છે આત્મા? રાગના સંબંધથી રહિત અભેદ નિર્વિકલ્પ વસ્તુ છે. અચલિત ધ્રુવ છે તો ચળે ક્યાંથી? ધ્રુવ વસ્તુ ધ્રુવ છે. અચલિત. નિર્મળ આત્મા. નિર્મળાનંદ ભગવાન છે. શુદ્ધ નિર્મળાનંદ પ્રભુ તેને અવલંબતો. જુઓ! તેને અવલંબતો. વિકલ્પનું અવલંબન નહિ, નિમિત્તનું અવલંબન નહિ, વ્યવહારનું અવલંબન નહિ.

આત્મા કેવો? આવો આત્મા, કીધું ને? '**નિર્વિકલ્પ અચલિત નિર્મળ આત્માને...**' આત્મા તો આવો છે, એમ કહે છે. અભેદ ચળે નહિ એવો, નિર્મળ સ્વરૂપ ભગવાન. એનું અંતરમાં અવલંબન લઈને. જુઓ! વ્યવહારનું અવલંબન રહ્યું નહિ કે વ્યવહારનું અવલંબન હતું તો આ નિશ્ચયનું અવલંબન થયું એમ નથી.

મુમુક્ષુ :- વ્યવહાર ને નિશ્ચય..

ઉત્તર :- ક્યાં વ્યવહારને..? થયું નથી એ તો પહેલેથી કહ્યું. એણે કર્યો પછી છોડી દીધો ત્યારે થયું. ત્યારે પેલાને નિમિત્ત કહેવામાં આવ્યું છે. સમજાય છે કાંઈ? પરની કંઈ અપેક્ષા નથી. આ તો પહેલા અનાદિથી નિશ્ચય વસ્તુ કેવી છે? ભગવાન સર્વજ્ઞ પ્રભુએ જેવી વસ્તુ જોઈ છે એમ શાસ્ત્રમાં વર્ણવી છે. એનો આમ વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે. નહિતર તો આત્મા આત્મા ઘણા કહે છે. પણ પરમેશ્વરે કહ્યો એવો આત્મા. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ કહેલો આત્મા. આમ તો કોઈ બધા મળીને એક આત્મા કહે છે, કોઈ વિકલ્પનો નાશ કરો એમ કહે છે. શું નાશ કરે? અસ્તિત્વનું જેટલું માહાત્મ્ય છે તેટલું લક્ષમાં ન આવે ત્યાં સુધી વિકલ્પનો નાશ થતો નથી. સમજાય છે કાંઈ?

'**અવલંબતો, વિજ્ઞાનઘન થયો થકો,...**' એ વિકલ્પમાં તો જ્ઞાનનો ખંડ ખંડ થતો હતો. ભગવાન આત્મા અંતરમાં વિજ્ઞાનઘન, પોતાના જ્ઞાનમાં એકાકાર થતો થકો, સ્થિર થયો થકો '**આ આત્મા આસ્રવોથી નિવર્તે છે.**' લ્યો, આ ઉત્તર એનો. એ આત્મા દુઃખરૂપી દશાથી નિવૃત્ત થાય છે. બહારની અહીંયા વાત નથી. બહારની ચીજ તો અંદરમાં છે નહિ. બાયડી, છોકરાથી નિવૃત્ત થાય છે ને ફલાણાથી નિવૃત્ત થાય છે. એનાથી તો નિવૃત્ત જ છે. સમજાય છે કાંઈ? કોણ છોડે? વિકારના પરિણામ શુભાશુભ જે હતા, એના ઉપર પોતાની દૃષ્ટિ પડી હતી તેને છોડીને, હું તો આવો છું એમ નિશ્ચય કરીને વિજ્ઞાનઘનમાં એકાકાર થયો તો આસ્રવોથી નિવૃત્ત થાય છે. કહો, સમજાય છે કાંઈ? વાત ભારે કઠણ પડે. બીજો ઉપાય ઘણા માગે છે. બીજો કોઈ વ્યવહાર-બ્યવહાર કંઈ સાધન? કંઈ સાધન હશે કે નહિ? ભક્તિ કરીએ,..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- આ પોતે સાધન નથી?

ઉત્તર :- ઈ સાધન તો અંદર ઝીણું સાધન પડે. પણ આ કોઈ બાહ્ય સાધન (ખરું કે નહિ)? ભક્તિ કરવી ભગવાનની, પૂજા કરવી, દયા, દાન કરવા, પરોપકાર કરવો, શરીર અને મનનો સદુપયોગ કરવો એવું કંઈક કરે પછી થાય એવો કોઈ ઉપાય છે? પંડિતજી! ભગવાન! એ પરદ્રવ્યનો સદુપયોગ થતો જ નથી. એ તો તિરસ્કાર કરનારા છે. ૧૯મી ગાથામાં કહ્યું છે. રાગાદિ, શરીરાદિ, મન આદિ તો તારા તિરસ્કાર કરનારા છે. તિરસ્કાર કરનારાનો અર્થ તારા સ્વરૂપથી ભિન્ન છે અને તું એને માન તો એ તો તિરસ્કાર કરનારા છે. તિરસ્કારણીય અને તિરસ્કાર કરનાર, બે આવે છે ને? બે બોલ આવે છે. ઓહો..!

ચૈતન્ય ભગવાન જ્ઞાનઘન વસ્તુ છે, વસ્તુ છે. મહા અરૂપી પણ વસ્તુ છે. વસ્તુ છે તો એમાં વસેલી અનંતી શક્તિ અને ગુણ છે. એવો એકરૂપ ભગવાન પોતાનું લક્ષ કરીને ધ્યેય બનાવીને અંદર એકાકાર થાય છે તો વિકારના ભાવથી નિવૃત્ત થાય છે. એ આસ્રવથી નિવૃત્ત થવાની આ રીત અને વિધિ છે. વિધિ વિધાન. તમારે ઉપધાનમાં આવે ને? આ ઉપધાન. ઉપધાન કરે છે ને ૪૫ દિવસના? લાંઘણું કરે છે. બિચારા મરી જાય સવારથી સાંજ સુધી. ઉઠ બેસ કરે ભગવાન પાસે કેટલીયે. પ્રતિમા પાસે. સો ખમાસણા. તમે એવી બધી મજૂરી કરી છે ને. બધી કરી છે એણે. ઉપધાન ઘણા કર્યા છે, સામાયિક ને પોષા ને પડિકમણા બધું કર્યું છે. આહાહા..!

કહે છે કે આવો આત્મા પોતાથી પોતામાં '**વિજ્ઞાનઘન થયો થકો,...**' જુઓ! કર્તા કર્મ છે ને. પોતામાં વિજ્ઞાનઘન થયો થકો. પરને કારણે નહિ. પોતાના સ્વભાવના અવલંબનના કારણે વિજ્ઞાનઘન થયો થકો. ભઈ, આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. મૂળ તત્ત્વની વાત છે. ઓહોહો..! અમૃતચંદ્રાચાર્યે આવી આત્મખ્યાતિ ટીકા (કરી). સર્વાર્થિસિદ્ધિ ઉપાય આદિ રચ્યા અલૌકિક શાસ્ત્ર અલૌકિક!! પરમ પદાર્થની વ્યાખ્યા અને એનો વિસ્તાર અલૌકિક!

'**ભાવાર્થ :- શુદ્ધનયથી...**' જુઓ! વ્યવહારનયથી નહિ. '**શુદ્ધનયથી જ્ઞાનીએ આત્માનો એવો નિશ્ચય કર્યો કે...**' ધર્મ થવામાં પહેલા શુદ્ધનયથી આવો નિશ્ચય કર્યો છે કે '**હું એક છું,...**' આવ્યું ને ઈ? '**अहं**' હું એક છું. '**શુદ્ધ છું, પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...**' હું તો પરદ્રવ્યથી મમતા (રહિત છું). મમતાનો અર્થ પરદ્રવ્યરૂપ પરિણમવું મારા સ્વભાવમાં નથી. રાગરૂપ થવું, ઉદયરૂપ થવું મારા સ્વભાવમાં નથી. એનું નામ મમતારહિત કહેવામાં આવે છે. અહીં તો કહે, પરની મમતા ઘટાડો, પરની મમતા ઘટાડો. શું ઘટાડે? પર તારામાં છે જ નહિ ને. એ તો કહે છે કે, મારી ચીજ હું સચ્ચિદાનંદ પ્રભુ, મારો શુદ્ધ ભાવ વીતરાગભાવ રાગરૂપ થાય એવો મારો સ્વભાવ જ નથી. એનું નામ નિર્મમત્વ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે. સમજાય છે કાંઈ?

નિર્મમનો અર્થ શું? નિર્મમ. રાગાદિ એ મમ છે, તે રૂપે હું પરિણમું એવો નથી. નિર્મમ (છું). સમજાય છે કાંઈ? રાગ વિકલ્પ છે એ મારો છે, એ રૂપે પરિણમું એવો નથી. હું નિર્મમ છું. રાગાદિ મારાથી રહિત (છે). હું શુદ્ધ ચિદાનંદ છું, હું રાગરૂપ સદા પરિણમું એવો મારો સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ? બહુ ઝીણું ભાઈ! માટે માણસ આ બધા બધા તોફાન.. તોફાન કરે, અરે..! વ્યવહારનો લોપ થઈ જાય છે. પ્રભુ! એમ કહે છે. જુઓ! સોનગઢવાળાએ તો વ્યવહારનો લોપ કરી નાખ્યો છે. એમ કહે છે. સોનગઢ કહે છે કે શાસ્ત્ર કહે છે? પંડિતજી! આ શાસ્ત્ર શું કહે છે?

વ્યવહારરૂપે પરિણમું એ તો મારો સ્વભાવ જ નથી, એમ કહે છે અહીં તો. પહેલા આવો નિર્ણય કર્યા વિના તને અંતરમાં જવાનો રસ્તો નહિ મળે. આહાહા..! જ્યાં જાવું છે ત્યાં એ ચીજ એવી છે. અંતર સ્વભાવ સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદનો નાથ આનંદરૂપ સ્વભાવ શું દુઃખરૂપ પરિણમે? એમ કહે છે, ભાઈ! ભગવાન નિત્યાનંદ પ્રભુ શું દુઃખરૂપે પરિણમું? હું દુઃખરૂપ પરિણમું એવો ત્રિકાળમાં નથી. આહાહા..! હું તો નિત્યાનંદ છું, અતીન્દ્રિય આનંદથી ભરેલો આત્મા છું. ત્રિકાળ અતીન્દ્રિય આનંદ. ભગવાન અતીન્દ્રિય આનંદ. એ આનંદ દુઃખરૂપે પરિણમે? આહાહા..! આવો મારો સ્વભાવ છે. પર્યાયમાં છે એ તો અજ્ઞાનભાવથી ઉત્પન્ન થયેલો ભાવ છે. એને સ્વભાવની દૃષ્ટિથી છોડું છું. એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..!

'**પરદ્રવ્ય પ્રત્યે મમતારહિત છું,...**' એની વ્યાખ્યા આ છે. '**જ્ઞાનદર્શનથી પૂર્ણ વસ્તુ છું. જ્યારે તે જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો...**' જુઓ! આવા સ્વરૂપમાં રહેતો થકો. આવો પોતાના સ્વરૂપમાં રહેતો થકો. '**તેના જ અનુભવરૂપ...**' તેના જ એટલે આત્માના '**અનુભવરૂપ થાય ત્યારે ક્રોધાદિક આસ્રવો ક્ષય પામે છે.**' ત્યારે વિકારની ઉત્પત્તિ થતી નથી. તો વિકારનો નાશ થાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..!

'**જેમ સમુદ્રના વમળે...**' વમળ.. વમળ. '**ઘણા કાળથી વહાણને પકડી રાખ્યું હોય અને જ્યારે વમળ શમે...**' શમે. ઓલામાં પણ શમન લખ્યું છે ને? સમન્વય કરો, સમન્વય કરો. શમન કરો. નહિ? એમાં છે શમન શબ્દ. ઉપાદાન નિમિત્તની ચર્ચાને હવે શમન કરો. સમજ્યા? સમન્વ્ય કરીને શમન કરો, શમન કરો. પણ શું શમન થાય શી રીતે? પોતાથી પર્યાય થાય છે ત્યારે નિમિત્ત હો. પણ એમાં નિમિત્તે કર્યું શું? શું શમન? કોની સાથે કરે? રાત્રે પ્રશ્ન નહોતો? રાત્રે પ્રશ્ન નહોતો? પવન છે તો ધજા હલે છે કે નહિ? જુઓ! આ લીમડો હલે છે તો નીચે છાયો હલે છે કે નહિ? લીમડાનું ઝાડ. આમ આમ થાય છે ને?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લીમડાનો છાયો હોય છે ને? છાયો. એને કારણે છાયા હલે છે કે નહિ? નહિ? એ બંધ થાય તો છાયા બંધ થાય છે. ભાઈ! છાયાના પુદ્ગલો પોતાને કારણે કાળીપર્યાય થાય છે અને આઘી પાછી થાય છે. અને ઝાડ પોતાને કારણે આમ આમ હલે છે. ઝાડને કારણે ત્યાં કાળીપર્યાય થાય છે એમ નથી. આહાહા..! પવનને કારણે ધજા હલે છે એમ નહિ. સમજાય છે કાંઈ?

મોટર પેટ્રોલથી ચાલે છે, એમ એક કહે છે. એક કહે છે, હોં! સોનગઢની મોટર પેટ્રોલથી નથી ચાલતી, પણ અમારી મોટર પેટ્રોલથી ચાલે છે. એમ એક જણો કહેતો હતો. અરે..! ભગવાન! શું કહે છે? પેટ્રોલના પરમાણુ ભિન્ન ભિન્ન છે અને મોટરના પરમાણુ ભિન્ન ભિન્ન છે. પરમાણુમાં પોતાની પર્યાય સ્વતંત્ર પોતામાં પોતાથી થવાવાળી થાય છે. પેટ્રોલ હોય તોપણ મોટર બંધ થઈ જાય છે. હમણા બે-ત્રણ વાર આપણે નહોતું થયું? ભૂં.. ભૂં.. કરતી હતી. ભાઈ! અંદર ભૂં.. ભૂં.. થતી હતી. એઈ! અંદર કાંઈક તાર હોય ને. તો ભૂં.. ભૂં.. કરતી હતી. હું બેઠો હતો ને ડ્રાઈવર. ત્યાં બીજો ડ્રાઈવર આવ્યો એકદમ. આ ભૂં.. ભૂં.. શું છે? હોર્ન વાગ્યા કરે. એકદમ આ શું થયું? ચોંટી જાય છે એમ કહેતો હતો. ભૂં.. ભૂં.. વાગ્યા કરે. ભૂં નહોતું કરવું. પણ એ પર્યાયમાં એવી અવસ્થા થવાની છે તો પોતાને કારણે થાય છે. એમાં કોઈ પેટ્રોલ છે અને ફલાણું છે તેનાથી થતી નથી. આહાહા..! ભારે ઝઘડા. ભગવાન પાસે જાય તોપણ પતે નહિ.

કહે છે, '**જ્ઞાની આત્મા આવા પોતાના સ્વરૂપમાં રહેતો થકો તેના જ અનુભવરૂપ...**' તેના જ એટલે આત્માના અનુભવરૂપ. '**વહાણને પકડી રાખ્યું હોય પણ પછી જ્યારે વમળ શમે ત્યારે તે વહાણને છોડી દે છે, તેમ વિકલ્પોના વમળને...**' વિકલ્પના ચક્રને. હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું એમ અંતર દૃષ્ટિના અનુભવથી વિકલ્પના વમળ નામ ચક્રને છોડી દે છે. એ રાગ છૂટી ગયો. વ્યવહાર છૂટી ગયો. નિશ્ચયમાં એકાકાર દૃષ્ટિ થઈ. એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને દુઃખથી નિવૃત્ત થવાની વિધિ અને ઉપાય છે. સમજાય છે કાંઈ? '**આસ્રવોને છોડી દે છે.**' લ્યો.

હવે પ્રશ્ન કરે છે. હવે ૭૪ ગાથા ચાલે છે. ૭૪ કહે છે? શું કહે છે? '**હવે પૂછે છે કે જ્ઞાન થવાનો અને અને આસ્રવોની નિવૃત્તિનો સમકાળ (એક કાળ) કઈ રીતે છે?**' એ પ્રશ્ન છે. માથે કહ્યું ને? અહીંયા નિર્વિકલ્પ થાય એટલે વિકલ્પ છૂટી જાય છે. તો સમકાળ છે કે વિષમકાળ છે? પોતાનો આત્મા પોતાના સ્વરૂપમાં નિર્વિકલ્પ થાય તે જ કાળે વિકલ્પ છૂટી જાય છે? અને વિકલ્પ છૂટે તે જ સમયે નિર્વિકલ્પ થાય છે? કે કાળભેદ છે? એમ પ્રશ્ન છે. સમજાય છે? જે કાળે અંધારુ મટે તે જ સમયે પ્રકાશ થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? અને જે કાળે પ્રકાશ થાય છે તે જ કાળે અંધારુ મટે છે કે કાળભેદ છે? પહેલા અંધારુ મટે પછી પ્રકાશ થાય, પહેલા પ્રકાશ થાય પછી અંધારુ મટે એમ છે કે સાથે છે? એમ પૂછે છે. આત્મામાં જ્ઞાનાનંદનું ભાન થયું એ આનંદનું ભાન થયું તે જ સમયે દુઃખનો નાશ થાય છે? અને દુઃખના નાશકાળે જ આનંદનું ભાન થાય છે? એમ પૂછે છે. સમજાય છે કાંઈ?

'**હવે પૂછે છે કે જ્ઞાન થવાનો...**' જુઓ! જ્ઞાન થવાનો. ભગવાન આત્મા સમ્યગ્જ્ઞાન સ્વરૂપ એવું જે સમ્યક્જ્ઞાન થયું તો જ્ઞાન થવાનો '**અને આસ્રવોની નિવૃત્તિનો...**' અજ્ઞાનરૂપ જે આસ્રવ છે તેના અભાવનો '**(એક કાળ) કઈ રીતે છે?**' બેયનો એક કાળ છે? અને છે તો કઈ રીતે છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. '**તેના ઉત્તરરૂપ ગાથા કહે છે :-**'

**जीवणिबद्धा एदे अधुव अणिच्चा तहा असरणा य।**
**दुक्खा दुक्खफल त्ति य णादूण णिवत्तदे तेहिं।।७४।।**

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

મોટી ગાથા છે. છ બોલ છે. ૭૨માં ત્રણ બોલ આવ્યા હતા. ૭૪માં છ બોલ છે.

**આ સર્વ જીવનિબદ્ધ, અધ્રુવ, શરણહીન, અનિત્ય છે,**
**એ દુઃખ, દુઃખફળ જાણીને એનાથી જીવ પાછો વળે. ૭૪.**

'**णादूण**' એમાં પણ આવ્યું છે, જુઓ! ૭૨માં પણ '**णादूण**' આવ્યું હતું. '**णादूण आसवाणं असुचित्तं**' એમ આવ્યું હતું ને? ૭૨ ગાથામાં.

**णादूण आसवाणं असुचित्तं च विवरीयभावं च।**
**दुक्खस्स कारणं ति य तदो णियत्तिं कुणदि जीवो।।७२।।**

અહીંયા ઈ આવ્યું, નિવર્તન જીવ કરે.

'**ટીકા :-**' આ તો દૃષ્ટાંતથી સમજાય એવી ચીજ છે એમાં. પાઠમાં તો મૂળ પાઠ જ લીધો છે. પણ અમૃતચંદ્રાચાર્યે એમાંથી સહેલું કરવા માટે દૃષ્ટાંતથી સિદ્ધ કરીને વાત સમજાવી છે. '**વૃક્ષ અને લાખની જેમ...**' છે ટીકા? વૃક્ષ, વૃક્ષ. પીપરનું વૃક્ષ થાય છે ને? પીપરનું ઝાડ. પીપરનું ઝાડ સમજો છો? પીપળો જુદો. પીપર, પીપર. પીપરનું ઝાડ થાય છે. જ્યારે પીપરમાં લાખ થાય છે તો પીપરનો નાશ થાય છે. લાખ એ પીપરનું સ્વરૂપ નથી. પીપરના ઝાડનું સ્વરૂપ નથી. લાખ કહે છે ને? શું કહે છે તમારે? લાખ.

'**વૃક્ષ અને લાખની જેમ...**' પીપરનું ઝાડ અને બાવળનું. બાવળમાં પણ થાય છે. એમાં પણ લાખ થાય છે. તો કહે છે કે '**વૃક્ષ અને લાખની જેમ વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' શું કહે છે? જુઓ! આત્મા વધ્ય છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પીપર વધ થવા લાયક, ઘાતનશીલ છે. અને લાખ ઘાત કરનારી છે. નિમિત્ત. સમજાય છે કાંઈ? પીપર ઘાયલ થાય છે અને પીપરમાં લાખ ઘાત કરનારી છે. એમ ભગવાન આત્મા વર્તમાન શાંતિ, આનંદની પર્યાયમાં જે વિકલ્પ, રાગાદિ આસ્રવ ઉઠે છે એ ઘાત કરનારા છે અને આત્મા ઘાયલ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? વૃક્ષ અને લાખની જેમ. ભાંતિ એટલે એની પેઠે. '**વધ્ય-ઘાતકસ્વભાવપણું હોવાથી...**' આસ્રવ છે એ ઘાતક સ્વભાવપણે છે. પુણ્ય-પાપના વિકલ્પ એ ઘાતક સ્વભાવપણે છે. લાખ જેમ પીપરમાં ઘાતક સ્વભાવપણે છે, એમ પુણ્ય-પાપના પરિણામ ભગવાન આત્મામાં આનંદની પર્યાય ઉત્પન્ન થવા લાયક હોવા છતાં એ પુણ્ય-પાપના ભાવ પર્યાયને ઘાતનશીલ છે, ઘાત કરે છે, આત્મા ઘાયલ થાય છે. આત્માની પર્યાય આત્મા એટલે. સમજ્યા? સમજાય છે કાંઈ?

પુણ્ય-પાપ. પુણ્ય ઉત્પન્ન થાય તો લોકો કહે છે કે તેનાથી અમને લાભ થાય છે. અહીં કહે છે કે પુણ્યઆસ્રવ છે એ તારી પર્યાયનો ઘાત કરે છે. હિંસક, હિંસા. તારા આત્માની પર્યાય હણાઈ ગઈ. જ્ઞાનાનંદ જ્ઞાનપર્યાય થવી જોઈએ તે નહિ થતાં રાગ વિકલ્પ ઉત્પન્ન થયો. તો કહે છે કે વિકલ્પ એ ઘાતનશીલ છે અને પર્યાય પોતાની વધ્ય છે. પરથી વધ્ય થવાલાયક છે. લાખ ઘાતક છે અને ઝાડ ઘાત થવા લાયક છે પર્યાયમાં. સમજ્યા?

'**આસ્રવો જીવ સાથે બંધાયેલા છે;...**' લાખનો ઝાડની સાથે સંયોગસંબંધ છે. લાખ એ ઝાડ નથી. ઝાડ કહે છે ને? વૃક્ષ. વૃક્ષ એ લાખ નથી અને લાખ એ વૃક્ષ નથી. એમ પુણ્ય-પાપના ભાવ એ આત્મા નહિ અને આત્મા એ પુણ્ય-પાપ ભાવ નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- લાખ..

ઉત્તર :- હા, એ પર્યાયમાંથી ઉત્પન્ન થયા છે. પર્યાયદૃષ્ટિથી અજ્ઞાનભાવથી ઉત્પન્ન થયા છે. સ્વભાવમાં નથી. પર્યાયના અંશનું લક્ષ કરીને મિથ્યાશ્રદ્ધાથી રાગ-દ્વેષ ઉત્પન્ન થયા એની વાત કરે છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનથી ઉત્પન્ન થયા છે. નથી આવતું? ચિદ્‌ઘન ભગવાન શુદ્ધ ચૈતન્યધાતુ એવો જે આત્મા એમાં તો રાગ ઉત્પન્ન થતો જ નથી. વસ્તુના સ્વભાવમાં રાગ છે જ નહિ. પણ એ દૃષ્ટિ છોડીને વર્તમાન પર્યાયના અંશમાં બુદ્ધિ રાખીને અજ્ઞાનભાવથી જે વિકાર ભાવ ઉત્પન્ન થાય છે ત્યાં પોતાની નિર્મળ પર્યાય વધ્ય થાય છે. વધ્ય-હણવા લાયક, હણાવા લાયક. અને વિકાર ઘાત કરનાર છે.

મુમુક્ષુ :- થઈ નથી અને ઘાત...

ઉત્તર :- થઈ એની વાત છે ને. છે એની વાત છે ને. છે એની વાત છે અહીંયા. આસ્રવ છે તે કાળે આસ્રવ ઘાત કરનાર છે અને પોતાની પર્યાય વધ્ય થાય છે, હણાય છે. સમજાય છે કાંઈ? લાખની હયાતીની વાત છે ને. લાખ છે એ વૃક્ષને ઘાતક છે. ઘાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


થનાર વૃક્ષ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ આનંદ છે, એની પર્યાયમાં આનંદની પર્યાય, શાંતિની પર્યાય, વીતરાગી પર્યાય ઉત્પન્ન થવાનો સ્વભાવ છે, એમ નહિ જાણીને અજ્ઞાનપણે જે પુણ્ય-પાપના વિકલ્પ ઉત્પન્ન કર્યા, એ ઘાતનશીલ છે. પોતાની નિર્મળ પર્યાય ઉત્પન્ન નથી થતી તેને વધ્ય કહેવામાં આવે છે.

આત્મામાં હિંસા થાય છે. એ પુણ્ય-પાપ હિંસામાં કારણ છે અને આત્માની પર્યાયમાં હિંસા થાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ઝીણું. ઝીણો છે ને ભગવાન તો. તારો સ્વભાવ ઝીણો છે. આહાહા..! ભગવાન આત્મા કહે છે, પીપરના ઝાડની પેઠે, વૃક્ષની પેઠે એમાં પુણ્ય-પાપના ભાવ, લાખ છે એ ઘાતક છે અને ઝાડ ઘાતનશીલ વધ્ય થવા લાયક છે. એમ ભગવાન આત્મા પોતાના સ્વભાવને છોડીને પર્યાયમાં વિકાર ઉત્પન્ન કર્યો તો એ ભાવ ઘાતનશીલ થયો, પોતાની પર્યાયનો ઘાત થયો. એમ કહે છે. વિકલ્પથી લાભ થાય છે એમ તો નથી, વિકલ્પથી પોતાની પર્યાયમાં ઘાત થાય છે એમ કહે છે. આહાહા...! સમજાય છે કાંઈ?

'**જીવ સાથે બંધાયેલા છે;...**' '**णिबद्धा**' શબ્દ પડ્યો છે ને? '**जीवणिबद्धा**'. જીવસ્વભાવ નહિ. '**जीवणिबद्धा**'. વૃક્ષની સાથે જેમ લાખ બંધાયેલી છે, સંયોગ છે, સંયોગ છે, એમ વિકાર પણ સંયોગી ભાવ છે. સ્વભાવભાવ નથી. જેમ પીપરમાં લાખ સંયોગી ચીજ છે, વૃક્ષનું સ્વરૂપ નથી. એમ ભગવાન આત્મા ચિદાનંદ સ્વરૂપમાં પુણ્ય-પાપના ભાવ, એ લાખ સ્વભાવની જેમ સંયોગી ભાવ છે. અને એ જીવની સાથે '**णिबद्धा**' છે. જેમ સંયોગ છે તો સાથે નિમિત્ત સંબંધ છે ને? એમ આત્મામાં વિકારનો '**णिबद्धा**' નામ સંબંધ છે. સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? દાખલો કઠણ પડે માણસને. અમારે પ્રેમચંદભાઈ કહેતા હતા, નહિ? દૃષ્ટાંત...

લાખ થાય છે. એ ઘાત કરે છે. એમાંથી ઈ કહે છે, જુઓ! લાખ છે ને? ઈ ઝાડને ઘાત કરે છે કે નહિ? તો નિમિત્તે ઘાત કર્યો કે નહિ? અરે..! ભગવાન! એ પ્રશ્ન થયો હતો, રાજકોટ. મૂળચંદજી. આહાહા..! ભાઈ! અહીં તો શું કહેવું છે? વધ્ય તો પોતાની ઉપાદાનની યોગ્યતા થવા લાયક છે. ત્યારે વિકારને ઘાત કરનારો કહેવામાં આવે છે. નિર્મળ પર્યાયને ઉત્પન્ન ન કરી એ પોતાને કારણે ઘાત થઈ છે. તો વધ્ય થવા લાયક પર્યાય એમાં વિકાર ઘાત કરે છે એમ કહેવામાં આવે છે. આ તો દૃષ્ટાંત છે. એ દૃષ્ટાંતમાં પણ (એમ કહે છે), જુઓ! લાખ ઝાડને ઘાત કરે છે કે નહિ? લાખ બીજી ચીજ છે. ઝાડને ઘાત કરે છે કે નહિ? નિમિત્ત બીજાનો ઘાત કરે છે ને? ભઈ, અહીંયા ઈ નથી કહેવું.

અહીંયા તો પોતાની પર્યાયમાં પીપરમાં જે લાખ ઉત્પન્ન થાય છે તો પીપર એમાં વધ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થવા લાયક છે. ઘાત કરવામાં એ નિમિત્ત છે. બસ! સમજાય છે કાંઈ? ઓહો..! માણસને હજી તો સત્ય સમજવામાં પણ આગ્રહ. હવે એ તો અંતરમાં સત્ય વસ્તુ જેવી છે એવી લક્ષમાં ન લે તો સત્ય તરફનો ઝુકાવ થતો જ નથી. લાખ વાત કરે, ક્રોડ શાસ્ત્ર ભણી જાય પણ વાસ્તવિક તત્ત્વ શું છે અને કેવું હોય, એ ખ્યાલમાં આવ્યા વિના સ્વભાવ સન્મુખ એની વીર્ય ગતિ થતી જ નથી. સમજાય છે કાંઈ?

'**પરંતુ...**' જુઓ! જીવની સાથે બંધાયેલા છે. એમ કહ્યું ને? એ નિબદ્ધનો અર્થ કર્યો. હવે એનો વિસ્તાર કરે છે. '**પરંતુ અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' શું કહે છે? એ લાખ અને ઝાડનો અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. ઝાડ સ્વભાવ જે અવિરુદ્ધ છે, એમાં લાખનો અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. એમ ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ અવિરુદ્ધ સ્વભાવ છે એનો પુણ્ય-પાપમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. સમજાય છે કાંઈ? '**અવિરુદ્ધસ્વભાવપણાનો અભાવ હોવાથી...**' શું કહે છે? પુણ્ય-પાપના વિકલ્પમાં, પુણ્ય-પાપના ભાવમાં ભગવાન આત્માનો સ્વભાવ જે અવિરુદ્ધ છે, જ્ઞાન-આનંદ જે અવિરુદ્ધ સ્વભાવ છે, એવો અવિરુદ્ધ સ્વભાવનો પુણ્ય-પાપના ભાવમાં અવિરુદ્ધ સ્વભાવનો અભાવ છે. '**અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**' જેમ લાખ એ પીપર નથી, ઝાડ નથી. વૃક્ષ એ લાખ નથી. એમ આત્મા એ પુણ્ય-પાપ નથી. આહાહા..! છે કે નહિ એમાં? સંસ્કૃતમાં છે, એના અર્થમાં છે. પણ વાંચે નહિ.

વળી પાછા એવું લખે એમાં, સમયસાર તો મહા ગંભીર છે. એને માટે સમજવા માટે બહુ જોઈએ. એમાંથી આવા અર્થ કાઢે ઊંધા. એમ લખે છે. વ્યવહારથી લાભ ન થાય અને કર્મથી વિકાર ન થાય એવું કાઢે એ સમયસારની ગંભીરતા સમજતા નથી. એમ કહે છે. અરે..! ભગવાન! આહાહા..! એને પોતાને એમ સવળું લાગ્યું હોય, બીજાનું અવળું લાગે. દૃષ્ટિદોષ છે. સમયસારનો પત્તો લેવો બહુ ગંભીર છે. કર્મથી વિકાર થાય છે એમ જાણો. સમયસારમાં એમ કહ્યું છે. એ ગંભીરતા. ઠીક! અને વ્યવહારથી લાભ થાય છે એમ સમયસારમાં છે. એવી ગંભીરતા કાઢવી. આહાહા..! એમાં શીખવાનું શું હતું? એ તો અનાદિથી બધા કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! સ્થૂળ છે ને. પુણ્ય-પાપ વિકલ્પ એ તો વિકાર સ્થૂળ છે, રૂપી છે. જડ છે, અચેતન છે, અજીવ છે. એવા ઘણા વિશેષણ લીધા છે. ભગવાન ચૈતન્યસ્વભાવ ચૈતન્યમૂર્તિ એનાથી પુણ્ય-પાપના શુભભાવ (વિરુદ્ધ છે). જુઓ! જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ચૈતન્ય સ્વભાવના અવિરુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. આહાહા..!

ભાઈ, આ તો જેને જન્મ-મરણના દુઃખ લાગ્યા હોય અને એનાથી છૂટવું હોય એની વાત છે. આહાહા..! અહીંયા આંખી વીંચી અને જો દેહ છૂટી ગયો તો ક્યાં જઈશ તારો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પત્તો નહિ ખાય. જો આત્માનું શરણ ન લીધું તો. સમજાય છે કાંઈ? તારી લક્ષ્મી પડી રહેશે. માટી પડી રહેશે. તારાથી શ્વાસ પણ નહિ ચાલે. તારા ઈંજેક્શન-બિંજેક્શન ડૉક્ટર લગાવે. એઈ..! ધરમચંદભાઈ! આ બધા લગાવે ઈંજેક્શન. કહો, ઈંજેક્શન નહિ કામ આવે, ડૉક્ટર નહિ કામ આવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ઈ માને ને કે ઈંજેક્શન આમ લગાવે તો આમ થાય. ધૂળેય નહિ થાય, સાંભળને હવે. એની પર્યાય જે થવાવાળી છે એ થાય છે, થાય છે અને થાય જ છે. બનનાર ફરનાર નથી, ફરનાર એ બનનાર નથી. શું કરે? પરમાં શું કોઈ કરી શકે છે? ... નહિ નીકળે. કોઈ કહે છે, અહીં દુઃખે. શું કહે છે? હાર્ટ. કાંઈક થતું હશે. અંદર થાતું હશે.

મુમુક્ષુ :- આપણે પાટિયા ભીંસાય એમ કહે છે.

ઉત્તર :- આપણે પાટિયા ભીંસાય છે એમ કહે કાઠિયાવાડમાં. અહીં ભીંસાય. ઓલો તો શ્વાસ બરાબર ન ચાલે તો... એક જણો આમ બહુ વળ ખાતો હતો. વઢવાણમાં. .. ભાઈ નહિ? કેવા કહેવાય? કામધેનુ ગાય હતી. દાદભાવાળા. દાદભાવાળા આ બાજુ રહેતા ને? ચુનીભાઈ આ ખૂણે અને ઓલા ખૂણે કોઈ એક રહેતા એના કાકાના દીકરા. (સંવત) ૧૯૮૨ની સાલમાં એને થયેલું. બધું કુટુંબ ભેગુ થયું. બધાને એમ કે હવે છૂટી જશે, હમણા દેહ છૂટી જશે. મહારાજને બોલાવો. .. થઈ ગયું. ૧૯૮૨ની સાલમાં જોયેલું. હાર્ટનું છે, હાર્ટનું. આહાહા..! કરને કંઈક એમાં. શું કરે પ્રભુ! એ તો જડની અવસ્થા એવી થશે એ તારા અધિકારની વાત નથી.

મુમુક્ષુ :- ડૉક્ટનો અધિકાર નહિ?

ઉત્તર :- ડૉક્ટરના બાપનો પણ અધિકાર નહિ. ડૉક્ટરનો બાપ ભણ્યા ન હોય.

મુમુક્ષુ :- એ તો દેખીતી વાત છે.

ઉત્તર :- એ તો દેખીતું છે. ડૉક્ટરનો બાપ કંઈ ડૉક્ટર જ હોય એવું કાંઈ છે? વકીલનું તો ચાલતું હશે ને આમાં? વાસણમાં કુંભારનું કામ, એમ આમાં કામ હશે વકીલનું? આહાહા..! અરે..! શું કરે? વકીલ પણ હમણાં કોઈ નહોતું થયું? કોર્ટમાં આમ સાક્ષીએ જતો હશે તો ન્યાં ને ન્યાં મરી ગયો. ખુરશીમાં. ખુરશીમાં બેઠા બેઠા. એ તો જડની અવસ્થા, પ્રભુ! એની સ્થિતિ મર્યાદામાં રહેશે. તારી રાખી રહેશે નહિ અને તારી છોડી જાશે નહિ. તારાથી છોડ્યું જાય શું? કે સ્વભાવની દૃષ્ટિમાં વિકાર મારો નહિ અને સ્વભાવમાં રહીને વિકાર છૂટી જાય એ તારો અધિકાર છે. આહાહા..! એ કાળે ધર્મધ્યાન તો એ જ સમયે... કોઈ કહે છે કે અમને સમ્યગ્દર્શન તો થયું છે પણ અનંત ભવ છે કે નહિ એની અમને શંકા રહે છે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કેટલાક કહે છે, અમે ધર્મ તો સમજ્યા પણ અનંત સંસાર (છે કે નહિ ખબર નથી). આપણે ધર્મી તો છીએ. પૂછ્યું હતું મૂળચંદજીને. એ બધી વાત ચાલતી હતી. મેં કીધું, અનંતાનુબંધી ગયું છે એની છે કાંઈ ખાતરી? ...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, પણ એનો અર્થ ઈ કે ઈ કંઈ ખબર પડે નહિ. અનંત ગુણમાં.. ઈ નહોતું. ઈ ભગવાન જાણે. તે દી અમારે તો પ્રશ્ન પહેલેથી ચાલતા ને. ખબર પડે કે નહિ આત્માને અનંત ભવ છે કે નથી? કે એની કંઈ ખબર ન પડે? સમજાય છે કાંઈ? ખબર ન પડે તો એને આત્માનું ભાન થયું... ભવ અને ભવનું કારણ મારામાં છે જ નહિ. ભવ આવ્યો ક્યાંથી? સમજાય છે કાંઈ? આત્માનું જ્ઞાન થયું તો આત્મામાં રાગાદિ છે જ નહિ. તો રાગનું ફળ ભવ ક્યાંથી આવ્યો? સમ્યગ્દ્રષ્ટિને મને ભવ છે એવો પ્રશ્ન જ નથી. સમજાય છે કાંઈ? કેમ કે સમ્યગ્દ્રષ્ટિની દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે અને દ્રવ્યમાં તો રાગ છે નહિ. ભવ નથી, રાગ નથી, ભવનું કારણ નથી. સમજાય છે કાંઈ? આહા..! એ તો દ્રવ્ય નથી તો દ્રવ્યદૃષ્ટિવાન પણ નથી. એ એક જ વાત છે. મોટો પ્રશ્ન ચાલતો હતો અમારે, ૭૭માં. શ્રીમદ્દે આમ કેમ લખ્યું? આ દેવીદાસભાઈ. દેવીદાસભાઈ હતા ને? ૭૭ની સાલ. ૭૭ સમજ્યા? બે સાત. ... (સંવત) ૧૯૭૭.

પ્રશ્ન થયો કે શ્રીમદ્દે આમ કેમ લખ્યું?

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે..
જેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...

શ્રીમદ્ કહી ગયા છે, શ્રીમદ્ રાજચંદ્ર. 'અશેષ કર્મનો ભોગ...' કંઈ પણ રાગાદિ બાકી છે. કંઈક હજી મારી દશામાં એટલો ઉગ્ર પુરુષાર્થ નથી. 'અશેષ કર્મનો ભોગ છે...' આત્મસિદ્ધિમાં આવે છે. આત્મસિદ્ધિ છે ને? એના કરનારા શ્રીમદ્. 'અશેષ કર્મનો ભોગ..' એટલો સંબંધ દેખાય છે કે એક ભવમાં નહિ છૂટે.

અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે..
જેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે...

એકાદ દેહ ધારણ કરવો પડશે એમ લાગે છે અને પછી સ્વરૂપમાં સમાઈ જશું, કેવળજ્ઞાન થઈ જશે. સમજાય છે કાંઈ? પ્રશ્ન કર્યો હતો. ૭૭ની સાલમાં. આમ કેમ કહ્યું છે? અરે..! સાંભળ તો ખરો. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ભવ અને ભવના ભાવ વિનાના સ્વભાવનું ભાન થયું એમાં ભવની શંકા થાય ક્યાંથી? સમજાય છે કાંઈ? ભગવાનને પૂછવા જવું કે મારે કેટલા ભવ છે? તને શંકા છે. ભગવાન જાણે છે કે તને શંકા છે એટલે તારા અનંત ભવ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૂછવું પડશે કે હું લખપતિ છું કે નહિ? આ મોહનલાલજી હતા ને? આ નહિ, સાંઈઠ લાખ આપતા હતા ઈ. દીપચંદ શેઠિયાને એના મામા સાંઈઠ લાખ આપતા હતા ને? દેતા હતા તો ન લીધા. મોહનલાલજીને એમ થયું કે સાંઈઠ લાખ રોકડ પડ્યા હતા. એક જ દીકરી હતી. એના મકાનની બહાર કોઈ લખી ગયું કે મોહનલાલજીએ દેવાળુ કાઢ્યું. અંદર ગયો. તમારું નામ લખ્યું છે. ન્યાં શું કરવા લખ્યું? મારી પાસે શું છે એની મને ખબર છે કે નહિ? સમજ્યા? મારી પાસે શું છે એની મને ખબર છે. મારી પાસે પુંજી અને માલ બધું પડ્યું છે. આવે ને લખવા અહીંયા દાદરામાં. દાદરા હોય ને? સીઢી. દાદરા ઉપર લખે નહિ, મોહનલાલજીએ દેવાળુ કાઢ્યું. મને ખબર છે ને મારી પાસે શું છે. આમ થયું હતું. સાંઈઠ લાખ રૂપિયા હતા. ઈ દીપચંદજીને આપતા હતા, ન લીધા. એવો કોઈ વિરોધી નીકળે. સહન કરવાની શક્તિ ન હોય ને. સાંઈઠ લાખ અને એક જ દીકરી. બહારમાં એની આબરુ બહુ. સાંઈઠ લાખ રૂપિયા ચાલીસ વર્ષ પહેલા. કોઈએ એમ લખ્યું કે એણે દેવાળુ કાઢ્યું છે. એના મકાન બહાર કોઈએ લખ્યું. શેઠ! તમારું આમ લખ્યું છે. ન્યાં શું કરવા લખે છે? અહીં આવે ને. લખે નહિ અમારા મકાનની અંદર. અમારી પાસે શું છે એની અમને ખબર નથી? અજીતપ્રસાદજી.

એમ કોઈ કહે કે, તમને અનંત સંસાર છે. પણ અમને ખબર છે અમારે શું છે? સાંભળને! અનંત સંસાર-ફંસાર કોને હોય? એ તો અજ્ઞાનીને અનંત સંસાર હોય. સમજાય છે કાંઈ? અમારી મુડી અમારી પાસે છે એની અમને ખબર નથી? ભવ વિનાની વસ્તુ અમારી પાસે છે. એવું જેને ભાન હોય અને એને શંકા રહે નહિ. અનંત સંસાર છે જ નહિ. એ પ્રશ્ન કરે છે કે, મહારાજ! જે સમયે આત્માનું ભાન થયું એ જ સમયે નિઃશંકતા થઈ જાય છે? અનંત ભવનો નાશ થઈ જાય છે? અને અનંત ભવનો નાશ થતાં જ આત્માનું ભાન થઈ જાય છે? સમય એક છે કે બીજો સમય છે? એમ પૂછે છે. સમજાય છે કાંઈ? ... ઈ પૂછે છે. ધર્મ તો સમજ્યા. ધર્મ તો છે અમને પણ ભગવાનના જ્ઞાનમાં અનંત સંસાર હજી હશે એમ હોય તો? અરે..! તું ધર્મ સમજ્યો જ નથી. અરે..! અનંત સંસાર મારે છે જ નહિ. પણ મને ધર્મની દૃષ્ટિ હજી નથી થઈ. સમજાય છે કાંઈ? તો ધર્મની દૃષ્ટિ વિના તને અનંત સંસાર નથી એમ નક્કી થયું? સમજાય છે કાંઈ? ઈ કહે છે અહીંયા ...

કહે છે, જેમ વૃક્ષમાં લાખ હોય, એમ ભગવાન આત્મામાં વિકાર. આત્મા વધ્ય છે અને (વિકાર) ઘાતક છે. એમ જ્યાં ભાસ થયો તો કહે છે કે '**અવિરુદ્ધસ્વભાવભાવપણાનો અભાવ હોવાથી તેઓ જીવ જ નથી.**' એમ જ્યાં ભાન થયું, તે જ કાળે.. છેલ્લે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...**' એમ ભાન થયું કે વિકાર પર છે. મારું સ્વરૂપ ભિન્ન છે. એમ '**णादूण**' જ્યારે જ્ઞાન થાય છે તે જ કાળે સમ્યગ્જ્ઞાન થાય છે અને તે જ સમયે અનંત સંસારના ભાવનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

'**(લાખના નિમિત્તથી...)**' જુઓ! અહીં લોકોને પ્રશ્ન ઉઠતો હતો. લાખના નિમિત્તે પીપર આદિ વૃક્ષનો નાશ થાય છે. જુઓ! નિમિત્ત થયું. જુઓ! લાખના નિમિત્તથી વૃક્ષનો નાશ થયો. પણ એ તો નિમિત્ત કહેવામાં આવ્યું. પણ નૈમિત્તિક પર્યાય વૃક્ષમાં નાશ થવાની હતી તો નાશ થયું છે એમ કહેવામાં આવે છે. ઝઘડાવાળા ઝઘડા જ કરે. લાખ ઘાતક છે, વૃક્ષ વધ્ય છે. ઘાત થવાલાયક છે. જુઓ! વૃક્ષ ઘાત થવાલાયક છે. '**(આ રીતે લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે...)**' લાખ અને વૃક્ષનો સ્વભાવ એકબીજાથી વિરુદ્ધ છે. '**(માટે લાખ વૃક્ષ સાથે માત્ર બંધાયેલી જ છે;...)**' વિરુદ્ધ છે તો બંધાયેલી જ છે. સ્વભાવ તો છે નહિ. '**(આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી).**' લ્યો. લાખ જેમ વૃક્ષ નથી, એમ પુણ્ય-પાપ એ જીવ નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? હું જીવ જ્ઞાન, દર્શન, આનંદસ્વરૂપ. વિકાર સંયોગભાવી ભિન્ન ચીજ છે. એ તો બંધ છે, સંયોગભાવ છે. મારો સ્વભાવ નથી. એમ જ્યાં ભાન થયું તે જ સમયે સ્વભાવનો અનુભવ થયો અને વિભાવની એકતાબુદ્ધિ તૂટી ગઈ. અનંત ભવ છે એનો નાશ થઈ ગયો. મિથ્યાત્વનો નાશ થવાથી અનંતા ભવ કરવાની જે શંકા હતી તેનો નાશ થઈ ગયો. સમજાય છે કાંઈ?

શ્રીમદ્દે લખ્યું છે, ભાઈ! તમે જે સાધુને સમજાવવા માંગો છો પણ એ સાધુને એટલું તો કહો કે આપણે આટલી આટલી ક્રિયા કરીએ છીએ પણ હજી નિઃશંક નથી થતા કે આપણે અનંત ભવ છે કે નહિ? મિથ્યાત્વથી અનંત ભવ થાય છે એવા અનંત ભવ છે કે નહિ? પરિત સંસાર છે કે નહિ? અપરિત છે? એવો નિર્ણય તો થયો નથી. તો તમે ધર્મ કરીને શું કર્યું? સમજાય છે કાંઈ? આપણે ધર્મ તો બહુ કરીએ છીએ પણ અંદરમાં સંસાર અનંત છે કે નહિ એનો મને નિર્ણય થતો નથી. તો ક્યાંથી થયો તારે ધર્મ? સમજાય છે કાંઈ? ધર્મ કરવાવાળાને તો સંસાર છે જ નહિ. એવો નિર્ણય હોય છે અંદરમાં. એ જ કાળે થાય છે, એમ કહે છે. આહાહા..! ધર્મ તો ઘણા કાળથી કરીએ છીએ પણ કેટલા ભવ હશે એની અમને ખબર પડતી નથી. એ ધર્મ જ નથી. એ ધર્મ નથી. જેને ધર્મનું ભાન થયું, હું જ્ઞાનાનંદ ચૈતન્યમૂર્તિ છું. રાગાદિ નહિ. એને ભવ કેટલા એનો પ્રશ્ન જ નથી. ભવ જ નથી ને. રાગ છે નહિ એમાં તો ભવ ક્યાંથી આવ્યા? સમજાય છે કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**(આસ્રવો ઘાતક છે અને આત્મા વધ્ય છે. આમ વિરુદ્ધ સ્વભાવો હોવાથી આસ્રવો પોતે જીવ નથી)**.' જેમ વૃક્ષ લાખ નથી, લાખ વૃક્ષ નથી. એમ ભગવાન આત્મા શુદ્ધ ચિદ્ઘન આનંદ એ આસ્રવ નહિ અને આસ્રવ એ જીવ નહિ. કહો, બરાબર છે? એમ '**णादूण**'. એમ લેવું. '**ज्ञात्वा निवर्तते तेभ्यः**' એમ જ્યાં જ્ઞાન થયું તે જ સમયે સ્વસન્મુખ થતાં પરથી નિવૃત્ત થઈ જાય છે. સ્વસન્મુખ થતાં જ પરથી નિવૃત્ત થાય છે, એમાં કાળભેદ નથી એમ કહે છે. સમજાય છે કાંઈ?

અહીંયા આપણે દર્શનવિજય આવ્યા હતા ને? તે દી કહ્યું હતું ને? શ્વેતાંબરના ત્રણ સાધુ આવ્યા હતા. પછી અહીં બેઠા હતા. પ્રશ્ન કર્યો. આ ગુરુની વાણી છે, દેવની નહિ. આ સમયસાર. (સંવત) ૧૯૯૯ની સાલ. આ દેવની વીતરાગની વાણી નથી. વીતરાગની વાણી નથી, વાત.. તમારું નામ શું છે? કીધું. દર્શનવિજય. બહુ સારી વાત છે. તમે ભવ્ય છો કે અભવ્ય છો, એ નક્કી કર્યું છે કે નહિ? તો કહે, એની ખબર નથી. હજી ભવિ અભવિનું નક્કી નથી ત્યાં વીતરાગની વાણીનો નિર્ણય કરવા ચાલ્યા? તું ડાહ્યો.. પકડાઈ ગયો. સમજાય છે કાંઈ? અભવિ કે જેને અનંત ભવ કરવાના છે, કદી ભવ રહિત થવાનો નથી, એવો તો તને નિર્ણય નથી. હું ભવિ છું કે અભવિ. પછી પકડાઈ ગયા. પછી કહે, ના, ના. મેં કીધું, હવે નહિ, તમારું હૃદય આવી ગયું. ભવિ અભવિની ખબર ન પડે. ભવિ કે અભવિની ખબર ન પડે અને તું વીતરાગની વાણીનો નિર્ણય કરવા નીકળ્યો. વીતરાગની વાણીમાં ભવના અભાવની વાત છે. અભાવની વાતનો નિર્ણય (નથી). મારે અનંત ભવ છે એવો ભાવ, ભવના અભાવવાળી વાણીનો નિર્ણય કરી શકે? ડાહ્યો માણસ, હોં! પછી ફરી ગયો, વાત પકડી લીધી. આ વીતરાગની વાણી છે અને વીતરાગી ગુરુ છે એ કોણ જાણી શકે? તને હજી ભવિ-અભવિની શંકા છે. તને રાગરહિત ભગવાનની વાણી કેવી હોય અને ભગવાન આત્માનો કેવો છે એનો તને બોધ છે? પંડિતજી! સમજાય છે? ચર્ચા થઈ હતી. ૯૯ની સાલ. ૯૯ સમજ્યા? પછી બહાર નીકળી ગયા.

ભાઈ! એમ ન હોય. ગુરુ કહે છે. લાખ એ વૃક્ષનું સ્વરૂપ નથી. એમ જ્યાં અંતરમાં મારા સ્વરૂપમાં આસ્રવ નથી અને આસ્રવ એ જીવ સ્વરૂપ નહિ. આસ્રવ જીવ સ્વરૂપ નથી તો આસ્રવથી દૃષ્ટિ ખસીને જીવ સ્વરૂપ ઉપર દૃષ્ટિ ગઈ તો તે જ સમયે મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. સમકાળે દુઃખની નિવૃત્તિ અને આનંદની ઉત્પત્તિનો કાળ એક જ છે. સમ્યક્ની ઉત્પત્તિ અને મિથ્યાત્વના નાશનો કાળ એક સમયે છે. આઘોપાછો હોતો નથી. એ પ્રશ્ન કર્યો હતો એનો એક શબ્દમાં ઉત્તર આપ્યો. હજી પાંચ બોલ બાકી છે....

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૧૨, ગુરુવાર તા. ૨૩-૫-૧૯૬૮**
**ગાથા-૭૪, પ્રવચન-૫૧૫**

ભગવાન આ આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે, ધ્રુવ છે, નિત્ય છે. એના પોતાના સ્વભાવના ભાનના કાળે જ અજ્ઞાન અને મિથ્યાત્વનો નાશ થાય છે અને અધર્મના નાશ થતા વખતે જ પોતાના અનુભવનું ધર્મધ્યાન થાય છે? એમ પ્રશ્ન છે. ધર્મનું થવું અને અધર્મનો નાશ થવો એનો સમય એક છે કે આગળપાછળ છે? એ પૂછે છે. સમજાય છે કાંઈ? જે સમયે ધર્મ થાય છે તે જ સમયે અધર્મનો વ્યય થાય છે? અને જે સમયે અધર્મનો વ્યય થાય છે તે જ સમયે ધર્મનો ઉત્પાદ થાય છે? એ પ્રશ્ન છે. એ જ સમયે ઉત્પન્ન થાય છે.

પહેલા વૃક્ષનો દૃષ્ટાંત આપ્યો. વૃક્ષમાં લાખ છે એ વૃક્ષનું સ્વરૂપ નથી. વૃક્ષને ઘાત કરનાર છે, ભિન્ન વસ્તુ છે. એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભ ભાવ એ લાખ સમાન છે. એ આત્માની અવસ્થાને ઘાત કરનાર છે. આત્મા એની અવસ્થામાં ઘાયલ થાય છે. પોતાની પર્યાયમાં ઘાયલ થાય છે. એમ બે વચ્ચેના લક્ષણ જાણીને વિકાર છે એ જીવસ્વભાવ નથી. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના જે વિકલ્પ છે એ જીવસ્વભાવ નથી. પોતાનો જીવસ્વભાવ તો જ્ઞાયક ચૈતન્ય છે. એમ બે વચ્ચેનો ભેદ જાણીને સ્વભાવમાં એકાકાર થાય છે તે જ વખતે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધ કરે છે. જે સમયે ધ્રુવ ચૈતન્ય ભગવાન જીવ સ્વભાવ. પહેલા તો એ લીધું છે. જીવ સ્વભાવ. ચૈતન્ય જાણક આનંદ સ્વભાવ એ જીવ સ્વભાવ. અને પુણ્ય-પાપના શુભાશુભ ભાવ, મિથ્યાત્વ આદિના એ જીવસ્વભાવથી-અવિરુદ્ધ સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે. સમજાય છે કાંઈ? પોતાનો જ્ઞાન, આનંદ જે આત્માનો સ્વભાવ છે એ અવિરુદ્ધ સ્વભાવ છે. તેનાથી પુણ્ય-પાપના ભાવ વિરુદ્ધ ભાવ છે. એ વિરુદ્ધ ભાવ અને અવિરુદ્ધ ભાવ, બે વચ્ચેના લક્ષણ જાણીને સ્વભાવ સન્મુખ થાય તો તે જ સમયે ધર્મની દશા સમ્યક્ ઉત્પન્ન થાય છે અને મિથ્યાત્વનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? એક બોલ ચાલ્યો છે.

બીજો બોલ. '**આસ્રવો...**' બીજો બોલ છે ને? '**વાઈના વેગની જેમ...**' શું કહે છે? વાઈ. વાઈનો રોગ થાય છે ને? અમારે અહીંયા કાઠિયાવાડમાં વાઈનો રોગ કહે છે. વાઈ.. વાઈ. વાઈ આવે ને? મોઢામાં બહુ ફીણ આવી જાય. એને હિન્દીમાં મૃગી કહે છે. વાઈના વેગની જેમ પુણ્ય-પાપના ભાવ, મિથ્યાત્વ, રાગ-દ્વેષ આદિ વિકારી ભાવ એ વાઈના વેગની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જેમ **'વધતા-ઘટતા હોવાથી...'** સમજાય છે કાંઈ? જુઓ! વધતા-ઘટતા. કોઈ વખતે શુભભાવ વધી જાય અને ઘટી જાય. અશુભભાવ પણ વધી જાય, ઘટી જાય. તો વધવું-ઘટવું સ્વભાવ છે એ આસ્રવનો અને વિકારીનો જ સ્વભાવ છે. પોતાનો સ્વભાવ નથી. કહો, સમજાય છે કાંઈ? શરીર, વાણીની અહીં વાત જ નથી કરતા. આ તો જડ પર વસ્તુ છે, માટી. પોતાની પર્યાયમાં જે પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ છે વાઈના વેગની જેમ વધતા-ઘટતા લક્ષણવાળા જોઈને. શુભભાવ પણ એકરૂપ નથી રહેતા. કોઈ વાર વધી જાય છે કે હું દયા, પૂજા, ભક્તિ કરું. વળી કોઈ વખતે શુભભાવ મંદ પડી જાય. થોડો મંદ પડે. એમ શુભભાવનું લક્ષણ વધતું-ઘટતું જાણીને અને અશુભભાવ મિથ્યાત્વ, પ્રમાદ, શુભ-અશુભ વિકારી ભાવને પણ વધતા-ઘટતા જાણીને. અશુભ એટલું વધી જાય. હિંસા, જૂઠું, ચોરી, વિષય આદિના પરિણામ. અને વળી અશુભભાવ ઘટી જાય. વધવું-ઘટવું એ આસ્રવનું લક્ષણ છે.

**'વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી...'** શુભ-અશુભ પુણ્ય-પાપના ભાવ એ અધ્રુવ છે. એકરૂપ રહેનારી વસ્તુ નથી. એમ પહેલા જાણીને. સમજાય છે કાંઈ? **'ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.'** ચૈતન્યમાત્ર જ્ઞાયકભાવ, જાણકભાવ, આનંદભાવ ત્રિકાળી જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક એ એકરૂપ ધ્રુવ છે. ચૈતન્યમાત્ર ભાવ જ ધ્રુવ છે. સમજાય છે કાંઈ? શુભ અને અશુભભાવ બેય વાઈના વેગની જેમ વધતા-ઘટતા જાણીને એ અધ્રુવ છે. એનું લક્ષણ વધવું-ઘટવું-અધ્રુવ છે. અને પોતાનું સ્વરૂપ ચૈતન્યમાત્ર જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જાણન.. જાણન.. જાણનસ્વભાવ ધ્રુવ ત્રિકાળ છે. એ ત્રિકાળી ચૈતન્યમાત્ર ભગવાન ધ્રુવ, આ અધ્રુવ. બેનો ભેદ જાણીને, બેનો ભેદ જાણીને સ્વભાવ સન્મુખ જ્યારે થાય છે તો જ્ઞાનની-આત્માની એકાગ્રતા થાય છે અને રાગાદિની પર્યાય છૂટી જાય છે. લ્યો, આ ધર્મ કરવાની રીત. અને એક કાળે ધર્મ થવાની અને અધર્મનો નાશ થવાની રીત છે.

કોઈ કહે કે અમને આત્મા છે એનું ભાન તો થયું. ધર્મ થયો પણ હજી અધર્મ ટળતો નથી. ઈ વાત ખોટી છે. એમ કોઈ કહે કે અમને હવે અધર્મ તો નથી પણ હજી ધર્મ થયો નથી. એ પણ ખોટી વાત છે. ધર્મ અને અધર્મ. એક જ સમયે ધર્મ ઉત્પન્ન થાય છે અને તે જ વખતે અધર્મનો નાશ થાય છે. ઈ વાત કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ પ્રભુ. એવો આત્મા ધ્રુવ.. ધ્રુવ કાયમ રહેનારી વસ્તુ છે. જુઓ! ધ્રુવ અને નિત્યની વ્યાખ્યા જુદી કરી. ધ્રુવ જુદી વસ્તુ છે અને અનિત્ય જુદી વસ્તુ છે.

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- સ્વભાવ ત્રિકાળ. ત્રિકાળ સ્વભાવ જ્ઞાયક સ્વભાવ જે ત્રિકાળ છે એનું લક્ષણ કાયમ રહેવું. એવી જ્યારે ધ્રુવ ઉપર દૃષ્ટિ થઈ તો અધ્રુવ જે રાગાદિના ભાવ વધતા-ઘટતા છે તેનું લક્ષ છૂટી ગયું. ત્યારે ધર્મપર્યાય ઉત્પન્ન થઈ. અહીં ધર્મપર્યાય ઉત્પન્ન થવાની વાત છે. હું ત્રિકાળ ધ્રુવ છું અને પુણ્ય-પાપના ભાવ વધતા-ઘટતા વાઈના વેગની જેમ અધ્રુવ છે. એમ જાણીને ધ્રુવ સન્મુખમાં એકાગ્ર થાય છે તો જ્ઞાનમાં વિજ્ઞાનઘન એકાગ્ર થાય છે. જ્ઞાનની પર્યાય, સમકિતની પર્યાય, ચારિત્રની પર્યાય, આનંદની પર્યાય બધી સાથે છે. અનંત ગુણની પર્યાય (એક સાથે છે). ઈ એકવાર કહ્યું હતું.

અનંત ગુણ છે ને? આત્મા અનંત ગુણસ્વરૂપ છે. એક ગુણ નથી, એમાં અનંત ગુણ છે. તો અનંત ગુણરૂપ એકરૂપ. અનંતગુણરૂપ એક ધ્રુવ. એમ અંતર દૃષ્ટિ થવાથી અનંત ગુણની એક સમયમાં અંશ અંશ નિર્મળ પ્રગટ થાય છે. જ્ઞાનમાં એકાગ્રતા, શ્રદ્ધાની પર્યાય, શાંતિની પર્યાય, આનંદની પર્યાય, અતીન્દ્રિય આનંદનો સ્વાદ પણ સાથે આવે છે. ત્યારે તેને ધર્મ કહે છે. તો એ ધર્મની દશા જ્યારે પ્રગટ થાય છે તો તે જ વખતે અધર્મ નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? આ અંદરની વાત, હવે એને બહારથી મેળવવી છે. એ કાંઈ મેળવાય એવી નથી. અંતરની ચીજ છે આ તો. આહાહા..!

પુણ્ય-પાપના વિકલ્પ કોઈ વાર એકદમ વધી જાય. દયા, દાન, ભક્તિ ચાલો. સમજ્યાને? અહીંયા એમ સાંભળ્યું કે લક્ષ્મી પાપથી મળી. નવા પાપ કર્યા તો. અને પૂર્વના પુણ્યનો નાશ થઈ ગયો. લક્ષ્મી મળી એમાં પૂર્વના પુણ્ય નાશ થઈ ગયા. પુણ્યની જે લોન લાવ્યો હતો તો પૈસા મળ્યા. હજાર, પાંચ હજાર, પચાસ હજાર, લાખ, બે લાખ. એ મળ્યા એના કારણમાં તો પૂર્વના પુણ્યની જે લોન હતી, શાતા આદિનો નાશ થયો ત્યારે એ મળી. અને નવા જે કમાવાના ભાવ છે, હું કમાયો, હું કમાયો એ પાપભાવ છે. સાચું હશે આ? એ પાપ અને પુણ્યભાવ. પહેલા થોડા પુણ્યભાવ કર્યા હતા તો તેનાથી શાતા બંધાણી. અને એ શાતાનો ઉદય આવીને નાશ પામે છે. તો થોડી લક્ષ્મી મળી. વળી નવું પાપ કરે છે. તો વિચાર કરે છે કે અરે..! આટલા આટલા પાપ કર્યા. લાવને થોડું પુણ્ય કરું. પાંચ લાખ છે તો એમાંથી બે લાખ દઈ દઉં. આવો ભાવ આવી જાય. શુભભાવ, શુભભાવ કષાય મંદ કરવાનો. વળી ઘડીકમાં ફરી જાય. વળી ઘરે જાય, બૈરાને કહે કે આમને બે લાખ આપ્યા છે. પેલી કહે, એટલા બધા અપાય? દીકરીયું, છોકરા ઘણા છે. એટલા બધા (દેવાય)? મહારાજે કીધું એમ કર્યું. વળી ભાવ મંદ પડી જાય. થોડા દેવા એ ભાવ મંદ પડી જાય. એ શુભ-અશુભભાવ.

એમ અશુભ. યુવાન અવસ્થામાં પાપના ભાવ તીવ્ર છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ જરી મંદ થઈ જાય ત્યારે અશુભ મંદ પડી જાય. તો એ મંદ અને તીવ્ર વધતા-ઘટતા આસ્રવોનું લક્ષણ છે. સમજાય છે કાંઈ? અહીં બહારની વાત નથી કે પૈસા મળ્યા અને ઘટ્યા. એની કંઈ વાત નથી. આ તો આસ્રવની વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પૈસાને કોઈની સાથે સંબંધ નથી. એને અંદરમાં પુણ્ય અને પાપની વધ-ઘટ થાય છે એના ઉપર રોકાઈને એ મારા છે એમ માને છે એ મિથ્યાદષ્ટિ છે, એમ અહીંયા તો કહે છે. મુનિ થયો, બહારથી દ્રવ્યલિંગ ધારણ કર્યું અને અંતરમાં શુભ-અશુભના પરિણામને પોતાના માને છે તો મિથ્યાદષ્ટિ છે. એમ કહે છે અહીંયા તો. સમજાય છે કાંઈ? એમાં એને મહાવ્રતાદિનો શુભભાવ આવે છે. પણ એ મારા છે, એનાથી લાભ માને છે તો એ મિથ્યાત્વ છે.

અહીં તો એ શુભ-અશુભભાવ વાઈના વેગની જેમ અધ્રુવ છે. હું ચૈતન્યમાત્ર ધ્રુવ છું. જાણન.. જાણન.. જાણન.. જાણન.. જાણન સ્વભાવ જે કાયમ એકરૂપ રહે છે એવો ધ્રુવ અને આ અધ્રુવ. બે વચ્ચેનો ભેદ જાણીને, બેના લક્ષણનો ભેદ જાણીને, બેનો તફાવત જાણીને, બેમાં વિશેષતા જાણીને પોતાના જ્ઞાયકભાવમાં જ્યારે રોકાય છે ત્યારે તે સમયે વિકારનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? વિધિ ભારે ભાઈ એની. બહારમાં કહેવાય કે દેરાસરમાં પાંચ લાખ ખર્ચી નાખીએ. જાઓ. મંદિર બનાવી દઈએ દસ લાખનું એક. સંપ્રતિ કહ્યું ને? આ લોકોમાં શ્વેતાંબરમાં આવે છે ને? સંપ્રતિ રાજાએ સવા લાખ બિંબ બનાવ્યા હતા. સવા લાખ બિંબ. રાજા સંપ્રતિ શ્વેતાંબરમાં થયા. સવા લાખ બિંબ. રાજા સંપ્રતિ શ્વેતાંબરમાં થાય. સવા લાખ બિંબ-આ પ્રતિમા. બસ, લોકો કહે કે આહાહા..! જાઓ! ભારે ધર્મી! ધૂળેય ધર્મ નથી, સાંભળને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ કરે છે કે કરશે? એ તો થવાનું હોય તો થશે જ થશે. કેમ? પરમાણુ રજકણના પરિણમનનો પ્રવાહ જે સમયે જે થવાનો છે તે પોતાથી થાય છે. એ મંદિર આદિની રચના કોઈ બીજો કરી શકે એમ ત્રણ કાળમાં નથી. સમજાય છે કાંઈ? પાંચ લાખનું એવું મંદિર બનાવો. શું કહેવાય માથે? શિખરબંધ. શિખરબંધ બનાવો. લાંબું. પોણોસો ફૂટ લાંબુ. માથે .. કોણ બનાવે? પ્રભુ! એ વાતમાં માલ નથી. એ પરમાણુ પુદ્ગલ પરાવર્તન છે ને, એ પુદ્ગલના પરમાણુનો પ્રવાહ પલટતો પલટતો જે સમયે જે ક્ષેત્રે જે થવાને છે તે થાય છે. એનો કોઈ કર્તા નથી. ભારે આકરું કામ. પણ અહીં કંઈ ન હોય ને બને? લ્યો. મલૂકચંદભાઈ! ન હોય ને ન્યાં મંદિર બનશે અમદાવાદમાં? મલૂકચંદભાઈ તો અહીં છે. કહો! આ મંદિર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવું બન્યું. બધા માણસ અહીંયા હતા તો બન્યું છે કે નહિ? કે માણસ નહોતા ને બને? પણ માણસ હોય એ પોતાના પરિણામમાં રહ્યો. દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે. પોતાના પરિણામમાં રહ્યો. શું પોતાના પરિણામ બીજામાં નાખવા જાય છે કે એને બનાવે? સમજાય છે કાંઈ? એ તો બનવાનું છે તો એને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ પૃથક્ ચીજ છે એનાથી બન્યું છે એમ નહિ. સમજાય છે કાંઈ?

એમ અશુભભાવથી કોઈ શરીરની ભોગ આદિની વાસના, લક્ષ્મી પ્રાપ્ત કરવી એ કંઈ મળી શકે છે? અશુભભાવ એને થાય છે. અશુભ અને શુભ, મંદ અને તીવ્ર વધે છે, ઘટે છે. એમ અંતર લક્ષણ જાણીને હું ચૈતન્યમાત્ર કાયમ રહેનારો ધ્રુવ છું. એમ ધ્રુવનું લક્ષણ પોતાનું જાણીને અને અધ્રુવ આસ્રવને જાણીને બે વચ્ચે ભેદ કરીને, ભેદજ્ઞાન કરીને પોતામાં એકાગ્ર થાય છે તો જ્ઞાનસ્વરૂપ જે અસ્થિર હતો, એ વિજ્ઞાનઘન થયું. એ જ્ઞાનમાં એકાગ્રતા થઈ એ વિજ્ઞાનઘન થયો. તે જ સમયે મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? આ ધર્મ છે.

એક દૃષ્ટાંત કહ્યો. '**આસ્રવો વાઈના વેગની જેમ વધતા-ઘટતા હોવાથી અધ્રુવ છે; ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે.**' જુઓ! ચૈતન્યમાત્ર જીવ એમ લીધું છે. આ ભાવવાન. ચૈતન્યમાત્ર જીવ જ ધ્રુવ છે. એમ. એ ચૈતન્યમાત્ર એનો કાયમી ભાવ લીધો. કાયમી ચૈતન્યમાત્ર ભાવ જ, ભાવ જીવ જ ધ્રુવ છે. શું કહે છે સમજાય છે? ચૈતન્ય જ્ઞાયકમાત્ર ભાવ એ જીવ છે. એ પુણ્ય-પાપના ભાવ જીવ નથી. બે વચ્ચેનો અંતરમાં આવો ભેદ જાણીને પોતામાં એકાગ્ર થાય છે ત્યારે રાગાદિ છૂટી જાય છે, અસ્થિરતા છૂટી જાય છે.

ત્રીજો દૃષ્ટાંત, ત્રીજો દૃષ્ટાંત. '**આસ્રવો શીતદાહજ્વરના આવેશની જેમ...**' પુણ્ય-પાપના ભાવ કેવા છે? શીતદાહ. ટાઢિયો તાવ અને ઊનો તાવ. તમારે શું કહે છે? શીતજ્વર, ઉષ્ણજ્વર. અમારે કાઠિયાવાડમાં ટાઢો ઊનો તાવ કહે છે. પહેલા ટાઢ લાગે. ઠંડી. મેલેરિયા નહિ, સાધારણ હોય. પહેલા ઠંડી લાગે. નાખો ધોકડા નાખો. મેલિરિયા ન હોય તોપણ ઠંડો તાવ આવે છે. ન હોય તોપણ આવે. મેલેરિયામાં જ થાય એમ નથી. ટાઢિયો તાવ આવે છે. પહેલા ઠંડી લાગે. ઢાંકો, ઢાંકો કપડાથી. વળી એક કલાક થયો તો કહે, કાઢી નાખો. પરસેવો થાય છે, ઉષ્ણ તાવ થઈ ગયો. ઠંડાનો ઉષ્ણ થઈ ગયો. સમજાય છે કાંઈ? તો ઠંડો જ્વર અને ઉષ્ણ જ્વર અને ક્રમે થાય છે. જુઓ! '**આવેશની જેમ...**' આવેશ છે ઈ. એમ શબ્દ લીધો છે. પેલામાં વાઈનો વેગ. એમાં વેગ લીધો હતો. આમાં આવેશ. શીતદાહની જેમ આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થાય છે. ઠંડાજ્વરના કાળમાં ઉષ્ણજ્વર નહિ. ઉષ્ણજ્વર કાળમાં ઠંડોજ્વર નહિ. એમ શુભભાવના કાળે અશુભ નહિ. જ્યારે પુણ્યનો ભાવ છે દયા,

દાન આદિનો ત્યારે અશુભ ન હોય. અને જ્યારે અશુભ છે હિંસા, જૂઠું, ચોરી, ભોગ આદિનો ત્યારે શુભ નથી. તો ઠંડા-ઊના જ્વરની જેમ એ તાવ અનુક્રમે આવે છે, એમ વિકાર શુભ અને અશુભ અનુક્રમે થાય છે, અનુક્રમે થાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એમાં શું છે? બિલકુલ નહિ. શુભ હોય ત્યારે અશુભ ન હોય, અશુભ હોય ત્યારે શુભ ન હોય. એટલી વાત છે. સમજાય છે કાંઈ? ઠંડા જ્વર વખતે ઉષ્ણ નહિ અને ઉષ્ણ જ્વર વખતે ઠંડો નહિ. એમ અનુક્રમે ઉત્પન્ન થાય છે. એમ પુણ્ય પરિણામ વખતે પાપ નહિ અને પાપના ભાવ વખતે શુભ નહિ. આમ તો મિથ્યાત્વ અશુભ છે એની વાત અહીંયા નથી. સમજાય છે કાંઈ?

જ્યારે એને દયા, દાન, કષાયની મંદતાનો ભાવ છે એ વખતે અશુભ નથી. અશુભ છે-હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના એ વખતે શુભ નથી. તો આસ્રવનું લક્ષણ ઠંડા અને ગરમ જ્વરની જેમ અનુક્રમે ઉત્પન્ન થવાવાળા જાણીને તે '**અનિત્ય છે.**' શરીર અનિત્ય છે ને એની અત્યારે વાત નથી. સમજાય છે કાંઈ? શરીર અનિત્ય છે એની અહીંયા વાત નથી. અહીં તો અંદરમાં શુભ-અશુભ ભાવ જે ઉત્પન્ન થાય છે, અનુક્રમે ઉત્પન્ન થાય છે એક પછી એક માટે અનિત્ય છે. એવું અનિત્ય લક્ષણ જાણીને. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ શુભ એ પણ અનિત્ય છે. કેમ કે શુભ વખતે અશુભ નથી. અને અશુભ જ્યારે હિંસા, જૂઠ, ચોરી, વિષયવાસના હોય ત્યારે શુભ નથી. તો ઠંડા અને ગરમ જ્વરની જેમ અનુક્રમે ઉત્પન્ન થવાવાળા આસ્રવોનું લક્ષણ જાણીને. સમજાય છે કાંઈ? માટે તે અનિત્ય છે.

'**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' જુઓ! ભગવાન આત્મા-આત્મપ્રભુ વિજ્ઞાનઘન સ્વભાવ છે એનો. જુઓ! વિજ્ઞાનઘન. જેમાં શુભ-અશુભ ભાવ ક્રમસર અનિત્ય ઉત્પન્ન થાય છે એવા (આસ્રવો) વિજ્ઞાનઘન સ્વભાવમાં નથી. એ તો વિજ્ઞાનઘન છે, ચિદ્‌ઘન છે. જેમ.. સમજાણું? ઠંડીના દિવસોમાં ઘી થાય ને? ઘી. અત્યારે બધામાં કાળાબજાર થઈ ગયા. પહેલાના ઘી થાતા ને? શિયાળાના દિવસોમાં. બહુ જામી જાય, એવું મજબૂત કે એમાં આંગળી તો ઘૂસે નહિ, ખુરપો પણ ઘુસે નહિ. ગોવાળનો ખુરપો હોય ને? અમે ત્યાં જોયો હતો. ત્યાં છે ને મહાજન? જામનગરની પાસે. એવું ઠંડુ ઘી. ખેતશીભાઈ! ચેલામાં જોયું હતું, ચેલામાં. (સંવત) ૧૯૮૨ની સાલ. તમારે ત્યાં ધરમશીભાઈને ત્યાં. એવું ઘી કે એમાં આંગળી પેસે તો ફાંસ વાગી જાય. ઘીની ફાંસ. સમજ્યા? હવેના ઘી ક્યાં એવા થાય છે? હવે તો ગડબડ થઈ ગઈ છે. હવે તો બધામાં ગડબડ થઈ ગઈ છે. સમજ્યાને? જ્ઞાનમાં ગડબડ થઈ ગઈ, દાણામાં ગડબડ થઈ ગઈ, સાકરમાં ગડબડ થઈ ગઈ, ચામાં ગડબડ થઈ ગઈ. દૂધમાં ગડબડ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ને આ ઘીમાં ગડબડ. કાળાબજાર થઈ ગયા. શ્રદ્ધા-જ્ઞાનમાં કાળાબજાર થઈ ગયા. સમજાય છે કાંઈ? આહાહા..! પહેલા તો ગામડામાં એવું કાંઈ હતું નહિ. અને સોળ રૂપિયાનું એક મણ ઘી. મણ સોળ રૂપિયામાં. એમાં કોણ નાખતું હતું? હવે તો બહુ ગડબડ થઈ ગઈ. બસ્સો-અઢીસો કેટલા છે? ખબર નથી. અત્યારે તો આંગળી શું બધું નરમ થઈ જાય છે. એવું ઘી એકવાર જોયું હતું. તમારા ધરમશીભાઈને ત્યાં. ડબ્બો નાનો હોય ને? અડધિયું. અંદર ઘી. વ્હોરાવે ત્યારે આમ કરીને આંગળી નાખવા જાય તો ગરે નહિ. તાવેતાથી કાઢે. તાવેથો સમજ્યા? અમારે ખૂરપો કહે છે. લોઢાનો તાવેથો હોય ને. માંડ માંડ ઉખડે.

એવું ઘી જેમ ઘન છે તો આંગળી અને તાવેથો પેસતા નથી, એમ ભગવાન વિજ્ઞાનઘન છે. એમાં શુભ-અશુભ વિકલ્પ પેસતા નથી. સમજાય છે કાંઈ? શુભ એ ઠંડા જ્વરની જેમ છે, અશુભ ઉષ્ણ જ્વર પેઠે છે. આહાહા..! એ શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ છે ઠંડા જ્વરની પેઠે છે. એ જ્વર છે. એ આત્માનો સ્વભાવ નથી. આહાહા..! અને હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના એ ઉષ્ણજ્વરની પેઠે એવા અશુભભાવ છે. સમજાય છે કાંઈ? આવેશ છે, ભાઈ! પાછું એમ કીધું. આવેશ. શુભભાવનો એવો આવેશ આવી જાય કે હું આમ શુભ કરી દઉં, આમ શુભ કરી દઉં. વળી અશુભ આવે તો એવો અશુભ આવી જાય, પાપનો તીવ્ર ભાવ. આવેશ છે.

એવું એનું શુભ-અશુભભાવનું લક્ષણ જાણીને તે અનિત્ય છે. '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે...**' ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, આત્મા સત્ શાશ્વત આનંદ અને ઘન ચિદાનંદ આત્મા છે. '**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.**' સમજાય છે કાંઈ? અનિત્ય છે. ભગવાન વિજ્ઞાનઘન સ્વભાવ નિત્ય છે. અનિત્ય અને નિત્યનો ભેદ જાણીને, બે વચ્ચેનો તફાવત જાણીને, બેની વિશેષતા જાણીને સ્વભાવ સન્મુખ થતાં જ રાગની એકતા તૂટી જાય છે અને મિથ્યાત્વનો તે જ સમયે નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ? આનંદનો અનુભવ થાય છે અને દુઃખનો વ્યય થાય છે, એમ કહે છે. ભગવાન આત્મા આમ ઘન પડ્યો છે, ઘન. વિજ્ઞાનઘન, વિજ્ઞાનઘન '**એવો જીવ જ નિત્ય છે.**' અને પુણ્ય-પાપના વિકલ્પ રાગ એક પછી એક ઉત્પન્ન થતા હોવાથી, અનુક્રમે ઉત્પન્ન થતા હોવાને લીધે અનિત્ય છે. એ અનિત્યનો અને નિત્યનો ભેદ જાણીને નિત્યમાં આરૂઢ થતાં જ આનંદ આવે છે અને દુઃખનો નાશ થાય છે. તે જ સમયે દુઃખની અવસ્થાનો વ્યય થાય છે, આનંદની ઉત્પત્તિ થાય છે, ધ્રુવ તો કાયમ રહે છે. કહો, સમજાય છે કાંઈ? આ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્. પંડિતજી! આવે છે કે નહિ તત્ત્વાર્થસૂત્રમાં? ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય યુક્તં સત્. સત્ દ્રવ્ય લક્ષણં. દ્રવ્ય નામ આત્માનું દ્રવ્યનું એ લક્ષણ છે. જ્યારે ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા નિત્યસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એકરૂપ વિજ્ઞાનઘન છે એવી અંતર દૃષ્ટિ થવાથી પુણ્ય-પાપના ભાવ અનિત્ય અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી તેના ઉપરથી દૃષ્ટિ ખસીને વિજ્ઞાનઘન સ્વભાવમાં દૃષ્ટિ થઈ તો રાગની એકતાબુદ્ધિનો નાશ થઈને સ્વરૂપની એકતા થઈ અને રાગની એકતા તૂટી ગઈ. સમજાય છે કાંઈ? આગળ વિજ્ઞાનઘન લેશે.

'**વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ જ નિત્ય છે.**' અહીં તો જીવની અપેક્ષાએ વાત લેવી છે. આસ્રવ, પરમાણુની અહીંયા વાત નથી. અહીં તો આસ્રવ અને જીવ વચ્ચેની વાત ચાલે છે. લ્યો, બે બોલ થયા. આ તો દાખલા પણ સરળ સરસ છે. દૃષ્ટાંત. પહેલો દૃષ્ટાંત આવ્યો વાઈનો વેગ. બીજો આવ્યો, ઠંડા ઉષ્ણ જ્વરનો આવેશ, આવેશ. એમ શુભ-અશુભ વિકલ્પમાં આવેશ હોય છે. એવા પાપના ભાવનો આવેશ આવી જાય કે ખબર ન પડે. ઓહોહો..! ક્રૂર પરિણામથી કેવા પાપ કરે છે. મારી નાખે છે. પોતાના પતિને મારી નાખ્યો. આવેશ. ત્યાં કહ્યું હતું ને?

અમે રાજકોટની જેલમાં ગયા હતા ને? રાજકોની જેલ. એક ગુનેગાર હતો. કેદી તો ઘણા હતા. ૨૦૦-૨૫૦ કેદી હતા. પણ એકને ફાંસી આપવાનો હુકમ થઈ ગયો હતો. ૨૨ વર્ષની ઉંમર હતી. જુવાન. અમે ત્રણ-ચાર વર્ષ પહેલાં જેલમાં ગયા હતા ને. બટુક.. શું નામ? બટુક. એક કન્યાને મારી નાખી. ફાંસીનો હુકમ થઈ ગયો હતો. ૨૨ વર્ષનો જુવાન રજપૂત. એવી ઓરડીમાં પડ્યો હતો કે દોરી-બોરી એની પાસે ન રાખે. કેમ કે દોરી રાખે ને ફાંસો ખાય જાય તો. એનો હુકમ નીકળી ગયો હતો. ઓફિસરોએ, જેલરોએ અમદાવાદમાં પૂછ્યું કે મહારાજ અહીંયા છે. ઘણા વ્યાખ્યા કરે છે, ઘણાને દર્શન થાય છે. તો અમારા કેદીઓને દર્શન કરવા છે. કેદીઓને થોડું સાંભળવું છે. જો ત્યાંથી હુકમ આવે તો આવે ને. નહિતર તો ડબલ મકાન હોય છે. બારણા મોટા. એક ખુલે તો એક બંધ કરે. નહિતર તો ભાગી જાય. પછી ત્યાંથી હુકમ આવ્યો. છેલ્લા દિવસે અમારે જવાનું હતું. એ દિવસે આવ્યો. કીધું, ચાલો. જઈને પા કલાક ઉપદેશ આપ્યો. એમાં એમ લખ્યું હતું, અજ્ઞાન જેવો દોષ નહિ. ભાઈ! બધા એકઠા થયા હતા કેદી. પેલો નહિ. પેલા કેદીને ત્યાં ન લવાય. જેને ફાંસી દેવાનો હુકમ હતો એની ઓરડી જુદી હતી. ત્યાં લખ્યું હતું, અજ્ઞાન જેવો દોષ નહિ. મેં કીધું, જુઓ! ભાઈ! અજ્ઞાન જેવું કોઈ દુઃખ નથી. પોતાનું સ્વરૂપ શું છે એનું ભાન નથી એ અજ્ઞાન જ મહાદુઃખ છે. ... કીધું, તમારામાં અહીંયા લખ્યું છે. કોઈએ લખ્યું હતું. પછી બહાર નીકળ્યા. બિચારો જુવાન માણસ. ફાંસીનો હુકમ થઈ ગયો હતો. ... ઓફિસર અમારી સાથે હતા. જેલર મોટા. લઈ ગયા અંદર. અંદર અંદર ઓરડીમાં. અમારી સાથે હતા ને એ લોકોના મોટા ઉપરી. એણે જરીક બચાવ કર્યો, આવેશમાં પાપ થઈ જાય છે. એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

બોલ્યો, ભાઈ! ઈ બોલ્યા હતા. ઉપરી મોટા. અંદર નાની ઓરડીમાં મજબૂત લોઢાનું આમ હતું એના ઉપર બેઠો હતો. પગે લાગ્યો. શું નામ છે ભાઈ તમારું? બટુક. ઉદાસ.. ઉદાસ. મૃત્યુ-ફાંસી નક્કી થઈ ગયેલું. આહાહા..! પણ એના ઉપરીએ એમ કહ્યું, મહારાજ! જીવને આવો આવેશ આવી જાય છે. પેલાને દુઃખ ન થાય એમ કહેવું પડે. એણે પાપ કર્યું, ખૂન કર્યું એમ ન કહે. જીવને આવેશ આવી જાય તો શું કરે છે? એમ બોલ્યો ભાઈ! મેં કીધું, વાત સાચી. આવેશ સમજ્યાને? એવો આવેશ આવી જાય છે. તો છોકરીને રસ્તામાં મારી નાખી હતી. પહેલા એનો વિચાર એની સાથે વિષય લેવાનો હતો તો કહ્યું. તો એ છોકરીએ એના પિતાજીને કહી દીધું. પિતાજીએ એના ભાઈને કીધું, છોકરીના ભાઈને. એને માર્યો. એટલે એણે રસ્તામાં છોકરી શાકભાજી લેવા નીકળી તો રસ્તામાં જ છરી હુલાવી. છોકરીને મારી નાખી. ... ફાંસી થઈ. જેલર જેલના ઉપરી એટલું બોલ્યા, હોં! મહારાજ! જીવને આવેશ આવે છે ત્યારે આવું કરી નાખે છે. પછી શું થશે (એનો વિચાર નથી કરતો). આ આવેશ છે. પાપનો આવેશ, હિંસાનો, કોઈ જૂઠાનો, કોઈ ચોરીનો, કોઈ ભોગનો એવો આવેશ આવી જાય. ક્રોધનો, માનનો, માયાનો, લોભના આવેશમાં... એમ શુભભાવ પણ એક આવેશ છે. લક્ષ્મી દેવાનો, ભક્તિ કરવાનો, પૂજાનો એ પણ શુભભાવનો આવેશ છે. એ આવેશમાં... અહીં તો કહે છે કે બેય તાવ છે-જ્વર છે. ઠંડો જ્વર અને ઉષ્ણ જ્વર.

મુમુક્ષુ :- ઠંડો જ્વર તો ખરાબ કહેવાય, ઓલા કરતાં.

ઉત્તર :- હા, હા. વાત સાચી છે. ટાઢિયામાં તો ઠંડો પડી જાય તો મરી જાય. ઠંડો આવે ને? ઠંડો તાવ આવે ને? આહા..! અમારા પ્રેમચંદભાઈ તો ઈ કહેતા હતા. ઠંડુ શરીર પડી જાય. ગુજરી ગયા ને પ્રેમચંદભાઈ. બહુ હુશિયાર હતા. એમ કહે, શરીર ઠંડુ થઈ ગયું. શિવલાલભાઈને કહ્યું હતું. શિવલાલ પટેલ. આમ ઠંડુ પડી ગયું હતું. તો કહે, શરીર ઠંડુ થઈ ગયું છે. મૃત્યુનો દિવસ છે. શિવલાલ પટેલ. અહીંયા શિવલાલ પટેલ હતા ને? શરીર ઠંડુ થઈ ગયું છે. પગ-બગ ઠંડા. મૃત્યુની છેલ્લી સ્થિતિ. ખાઈને આવ્યા હતા. ઓળા ખાધા હતા, ઓળા સમજ્યા? આ શિંગદાણા હોય ને? શિંગદાણા ખાધા અને કેળા ખાધા. ખાઈને પછી અમારી સમિતિનું અનાજ ખાધું. રોટલી અને દાળ બહુ સારી થાય સમિતિની. ત્યાં રસોઈ બહુ ઊંચી થાય છે ને. ત્યાં સાધારણ નથી થતી. ઓળા ખાધા. ઓળા સમજ્યાને? શિંગદાણા, કાચા શિંગદાણા ખાધા અને પછી કેળા ખાધા. ખાઈને આવ્યા ને બેઠા. બેઠા ભેગા શ્વાસ ઉપડ્યો. બીજો કોઈ રોગ નહિ, હોં! અમે પણ આહાર કરતા હતા. કેમ પટેલ? (તો કહ્યું), અંતક્રિયા. એમ બોલ્યા, અંતક્રિયા. શું છે? છેલ્લો શ્વાસ ઉઠી ગયો. હું જમીને આવ્યો છું, નીચે બેઠા હતા, કંઈ નહોતું. શ્વાસ નાભિમાંથી છૂટી ગયો છે. શ્વાસ બેસતો નથી. અંતક્રિયા

લાગે છે. છેલ્લી (સ્થિતિ). આ અમારા ડૉક્ટર હતા. ઈંજેક્શન માર્યું. હું પણ ઊભો હતો. ખલાસ થઈ ગયા. ઠંડુ, ઠંડુ, ઠંડું. ઊના કરતાં ઠંડો ભારે. ધર્મબુદ્ધિ ઊપજે એમ એમાં ભ્રમ થાય છે એમ કહે છે. પાપના પરિણામમાં તો બિચારાને ખેદ થાય છે. અને શુભભાવમાં તો એને ભ્રમ થઈ જાય છે કે હું કંઈક ધર્મ કરું છું. બહુ ઠંડુ પણ મારી નાખનારો છે. ચંદુભાઈ!

અહીં તો કહે છે કે આસ્રવ એ ઠંડો.. શીતજ્વર અને ઉષ્ણજ્વર. સમજ્યાને? શીતદાહજ્વર. શીત અને દાહ એટલે ઓલા જ્વરની પેઠે ઊનો. '**આવેશની જેમ અનુક્રમે ઉત્પન્ન થતા હોવાથી અનિત્ય છે;...**' અનિત્ય છે. ભગવાન આત્મા તો નિત્ય છે, વિજ્ઞાનઘન છે. એવો ત્રિકાળ સચ્ચિદાનંદ પ્રભુ છે. એ વિકલ્પના આસ્રવને અનિત્ય અનુક્રમે ઉત્પન્ન થતા જાણીને, અક્રમ જેમાં ક્રમ નથી એવો વિજ્ઞાનઘન આત્મા છે, એમ જાણીને વિજ્ઞાનઘનમાં આરૂઢ થવું એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. એનું નામ ધર્મ છે. ધર્મ એવી ચીજ છે. એ ધર્મ ઉત્પન્ન થતાં જ અધર્મના પરિણામનો વ્યય થઈ જાય છે. અંધારાનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિમાં સમયભેદ નથી. પ્રકાશ ભગવાન ચૈતન્યપ્રકાશ મૂર્તિ એમ જ્યાં અંતર્મુખ થઈને ભાન થયું તો વિકાર અંધકાર છે એ રહેતો નથી. એના એક જ સમયમાં ઉત્પાદ-વ્યય થાય છે.

ત્રીજો દૃષ્ટાંત. અશરણ બતાવવું છે. પુણ્ય-પાપ એ શરણ નથી એમ બતાવવું છે. શું છે? આત્મામાં શુભભાવ અશુભભાવ થાય છે એ શરણ નથી. અશરણ છે. કેવી રીતે? '**જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય...**' ભોગીની વાસના કામસેવનની હોય, તે કામસેવનમાં વીર્ય જે રેત છે, પરમાણુ વીર્યની રેત, વીર્ય રેત-રજકણ, એ કામનો વેગ આવ્યો અને જ્યાં વીર્ય છૂટી જાય છે તો એ વીર્યને રોકી શકાતો નથી. સમજાય છે કાંઈ? લોકને અનુભવ છે એનો દૃષ્ટાંત સંતોએ સરળ કરવા માટે આપ્યો છે. એને સમજાય કે કામવાસનાવાળા પ્રાણીને જ્યાં કામવાસનાના કાળમાં જ્યારે વીર્ય છૂટી જાય છે, વીર્ય-રેત છૂટી જાય છે તો વીર્યને રોકી ન શકે. સમજાય છે કાંઈ? વીર્યને રાખી શકતો નથી. છૂટી જશે, છૂટી જશે, છૂટી જશે. '**કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારૂણ કામનો સંસ્કાર નાશ પામી જાય છે,...**' પછી એ સંસ્કાર રહેતા નથી. વાસના શમન થઈ જાય છે. વીર્ય છૂટી જાય એટલે વાસના શમન થઈ જાય છે. વાસના રહેતી નથી. કેમ કે જ્યાં સુધી વીર્ય નહોતું છૂટ્યું ત્યાં સુધી વાસના હતી, છૂટ્યું તો વાસના સમાપ્ત થઈ ગઈ. સમજાય છે કાંઈ?

આનંદઘનમાં કહે છે, વશે જેમ ભોગી, એવું કંઈક આવે છે. '.. ભોગી રે' એમ કંઈક

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવે છે. આનંદઘનજીમાં આવે છે. 'કામવશે વીર્ય જેમ...' એમ આવે છે. તમારે તો મોઢે છે. નહિ, નહિ. બરાબર ન આવ્યું. 'કામવીર્ય વશે જેમ ભોગી, કામવીર્ય વશે જેમ ભોગી, તિમ આતમ થયો ભોગી રે..' એમ કહે છે. 'શૂરપણે આતમ ઉપયોગી, થાઈ તેહ અયોગી રે.. વીર જિનેશ્વર ચરણે લાગું વીરપણું તે માગું રે...' ૨૪મા તીર્થંકરની સ્તુતિ છે આનંદઘનજીની. ગુજરાતી સમજો છો ને? થોડું થોડું સમજી લેવું. 'વીર જિનેશ્વર ચરણે લાગું...' લાગુ એવો શબ્દ છે. 'વીરપણું તે માંગુ રે, મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યો..' મિથ્યા મોહ તિમિર. મિથ્યા મોહરૂપ અંધકાર. પુણ્ય-પાપ મારું કાર્ય છે એમ માનતો હતો એ મિથ્યા મોહ અંધકાર હતો. 'મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યું જીત નગારું વાગ્યું રે..' મારી જીત થઈ એવા નગારા વાગ્યા. આનંદકંદ શુદ્ધ ચિદાનંદ છે, રાગાદિ મારી ચીજ નથી. સમજાય છે કાંઈ?

એ પુણ્ય અને પાપના વિકલ્પ જે રાગ છે એ અનિત્ય, અશરણ છે, અશરણ છે. વીર્ય છૂટી જવાથી કામ સેવવાની વાસના રહી સકતી નથી. એટલે અશરણ છે. એમ શુભ-અશુભ પરિણામ આવે છે એ અશરણ છે. કર્મના નિમિત્તના સંગે આવે છે. જ્યાં એ નિમિત્ત છૂટી ગયું તો વાસના પણ છૂટી જાય છે. શુભ-અશુભ પરિણામ આત્માનું શરણ નથી. કહો, શુભ પરિણામ શરણ નથી એમ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ. અને કદાચિત્ શુભથી કોઈ પુણ્યના રજકણ બંધાઈ ગયા, મૃત્યુ ટાણે એ રજકણ શું કામ કરશે? શુભભાવ આવ્યો, ઘણો શુભભાવ આવ્યો તો એનાથી પુણ્ય બંધાઈ ગયું. મૃત્યુકાળે શું શરણ છે? મૃત્યુ કાળે ભગવાન ભગવાન કરે એ શુભ વિકલ્પ છે. એ પણ શરણ નથી. કેમ કે વિકલ્પ કાયમ નહિ રહે. સમજાય છે કાંઈ? આહાહા..!

શરણ ભગવાન આત્મા કાયમ ટકવાવાળી ચીજ સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો કંદ પ્રભુ આત્મા છે. એ જ શરણ છે. અંદર નજર કરવાથી એ શરણ છે. બાકી પુણ્ય-પાપના ભાવ છૂટી જશે. એ નહિ રહે. કોઈ એમ કહે છે, ખૂબ પુણ્ય કરશું તો? એમ વળી કોઈ કહે છે. અમે ખૂબ પુણ્ય કરશું, પાપ નહિ, ખૂબ પુણ્ય કરશું. નહિ કરી શકે. પુણ્ય પછી પાપ, પાપ પછી પુણ્ય આવ્યા વિના રહેશે જ નહિ.

શાસ્ત્રમાં તો એવો લેખ છે, ફૂલચંદજીએ લખ્યું છે ને? નિગોદમાં પણ.. નિગોદ છે ને નિગોદ? એકેન્દ્રિય નિગોદમાં પણ ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ અને ક્ષણમાં અશુભ નિરંતર ચાલ્યા કરે છે. એકેન્દ્રિયમાં. કદી નહિ નીકળવાવાળા નિત્યનિગોદના જીવ પડ્યા છે. કદી પૃથ્વી, પાણી નહિ થાય. એ જીવને પણ ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ, ક્ષણમાં શુભ, ક્ષણમાં અશુભ એવો પ્રવાહ ચાલે જ છે. પંડિતજી! નિગોદમાં. એમાંથી કોઈને એવો શુભભાવ આવે તો મનુષ્ય થઈ જાય. નીકળી જાય. સમજાય છે કાંઈ? એવો શુભભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો એકેન્દ્રિયમાં પણ થાય છે. પશુમાં લીમડામાં, આંબામાં, વનસ્પતિ આદિમાં, પૃથ્વીમાં, જળમાં, અગ્નિમાં, વાયુમાં. વાયુમાંથી મનુષ્ય ન થાય. અગ્નિ, વાયુમાંથી. બાકીના ત્રણમાંથી મનુષ્ય થાય. વાયુ અને અગ્નિના જીવ મનુષ્ય ન થાય. પશુ થાય. અને પૃથ્વી, જળ અને વનસ્પતિમાં એવા જીવ છે કે એને એવો કોઈ શુભભાવ આવી જાય તો મનુષ્ય થઈ જાય. મનુષ્ય ન થાય તોપણ એને શુભ તો કાયમ થાય જ છે. શુભ-અશુભ, શુભ-અશુભ તો નિરંતર પ્રવાહમાં આવે છે. સમજાય છે કાંઈ? આપણે કાઢ્યું હતું ને? ભાઈ! ક્યાંકથી કાઢ્યું હતું. ફૂલચંદભાઈએ પણ જવાબ નથી આપ્યો. નિરંતર એને બંધાય છે. શાતા-અશાતા, શાતા-અશાતા. ક્ષણમાં શાતા અને ક્ષણમાં અશાતા એને બંધાય છે. એનો અર્થ પરિણામમાં શુભ-અશુભમાં ફેર છે. એકેન્દ્રિય અભવિ જીવ નિગોદમાં હોય તોપણ શુભ અને અશુભ તો નિરંતર ક્ષણે ક્ષણે થાય છે. બંધાય છે. એ તો અશરણ છે. એ આત્માને શરણભૂત નથી.

એમ અહીંયા મનુષ્યમાં શુભભાવ પુણ્ય અને અશુભભાવ પાપ બેય કર્મના સંગે ઉત્પન્ન થાય છે. જ્યારે વ્યય થઈ ગયો તો રાખી શકાતો નથી. રાખો પુણ્ય, રાખો પુણ્ય. ક્યાંથી રહે? બીજે ક્ષણે પાપ આવ્યા વિના નહિ રહે. સમજાય છે કાંઈ? અહીં તો ... વાત કરી છે. 'કામ વીર્ય વશે જિમ ભોગી'. કામના વીર્ય ભોગી થાય છે ને? એમ ભગવાન આત્મા પોતાના આનંદ સ્વરૂપમાં ઉગ્રપણે પુરુષાર્થ કરીને જ્યાં આરૂઢ થાય છે તો આત્માનો અનુભવ એને થાય છે. આતમભોગી. આત્માનો અનુભવ ભોક્તા. એનું નામ સમ્યગ્દૃષ્ટિ કહે છે.

કહે છે, **'જેમ કામસેવનમાં વીર્ય છૂટી જાય તે ક્ષણે જ દારૂણ કામનો સંસ્કાર...'** દારૂણ કામનો સંસ્કાર. આકરી વિષયવાસના હો તો પણ સંસ્કાર નષ્ટ થઈ જાય છે. એ સંસ્કાર રહેતા નથી. **'કોઈથી રોકી રાખી શકાતો નથી,...'** દેવ હો, રાજા હો, ચક્રવર્તી હો, ગરીબ માણસ હો કે પશુ હો. સમજાય છે કાંઈ? એ રોકી રાખી શકાતો નથી. **'તેમ કર્મોદય છૂટી જાય...'** જુઓ! એ તો કર્મોદય છે ને વિકાર તો. શુભ-અશુભ એ કર્મોદય છે. નિમિત્તના સંગમાં એ વિકારનો ઉદય થયો છે. આત્મામાં ક્યાં છે ઈ? **'કર્મોદય છૂટી જાય તે ક્ષણે જ આસ્રવો નાશ પામી જાય છે,...'** કર્મનો નાશ થાય તો તે ક્ષણે જ શુભ-અશુભ ભાવનો પણ નાશ થાય છે. **'રોકી રાખી શકાતા નથી,...'** શુભ-અશુભ ભાવ રાખી શકાતા નથી. આહાહા..! આ લોકોને તો બાયડી, છોકરા, પૈસાને રાખવા છે. એઈ..! બાયડી, છોકરા એમ ને એમ રાખો. શું રાખે? એ તો એની અવસ્થાથી રહે છે.

અહીં તો કહે છે તારામાં પુણ્ય-પાપના ભાવ પણ રોકી રાખી શકાતા નથી. સમજાય છે કાંઈ? લ્યો, રોકી રાખી શકાતા નથી. એ શબ્દ છે ને હિન્દીમાં. કેટલાક બોલે છે ને? અધ્યાત્મનો પ્રચાર રોકી રાખી શકાતો નથી. એ શબ્દ હિન્દીમાં છે. હમણાં છાપામાં આવ્યું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હતું. આ પ્રચાર રોકી શકાતો નથી, એવો પ્રવાહ દેખાય છે. રોકાય નહિ. પુણ્ય પણ એવા છે અને પવિત્રતાથી વાત કરે છે. વાતને રોકી નથી શકાતી. આ વાત એવી છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન વીતરાગનો માર્ગ સર્વજ્ઞએ કહેલો શુદ્ધ વિજ્ઞાનઘન પ્રભુ તું છો ને! વિજ્ઞાનઘન છો ને, વસ્તુ છે ને વિજ્ઞાનઘન. તો એ જ શરણ છે. એમાં દૃષ્ટિ દેવાથી ધ્રુવ છે તો શરણ છે. શુભાશુભ પરિણામ ક્યાં શરણ છે? ભગવાન પાસે જાઓ. મૂર્તિ પાસે જાય. શરીરમાં શક્તિ ન હોય તો શીકુ શીકુ.. શું કહેવાય? ડોલી. ડોલીમાં બેસાડીને ભગવાન પાસે લઈ જાઓ. મારું શરીર નથી ચાલતું. શું છે ભગવાન પાસે? તને શુભભાવ થશે. એ શુભભાવ તો ક્ષણભર રહેશે, પછી પલટી જશે. ઈ શરણ છે? સમજાય છે કાંઈ? વળી જ્યાં અંદરથી દુઃખ થયું. ભગવાનનું સ્મરણ કરો. યાદ નથી આવતું, ભાઈ!

એક કહ્યું હતું ને? મોટા ગૃહસ્થનું. પોરબંદર. પૈસા-બૈસા થયા, મકાન થયા. આ ગોળો ગોળો ઉપડ્યો વાયુનો. વાયુનો ગોળો સમજો છો? વાયુ ઉપડે છે ને? વાયુને શું કહે છે? ગેસ ઉપડે. ભાઈ! ભગવાનનું સ્મરણ કરો. અત્યારે યાદ નથી આવતું. દુઃખ એટલું છે કે યાદ નથી આવતું. સામાયિક ને પોષા ને પડિકમણા કરો. શું નામ? ભૂલી ગયા. ગિરધરભાઈ, ગિરધરભાઈ. ૮૨ની સાલની વાત છે. સંવત ૧૯૮૨. ૪૨ વર્ષ થયા. ભગવાનના સામાયિક કરે, પોષા કરે. આ સંપ્રદાયની ક્રિયાકાંડ કરે પણ અંતર તત્ત્વનું કાંઈ ભાન ન મળે. ભગવાન ભગવાનનું સ્મરણ કરો. અત્યારે ભગવાન ભગવાનનું સ્મરણ યાદ કરો નહિ. એટલું દુઃખ છે કે જેમાં સમાધાન કરવાનો અમારે અવસર જ નથી. ભગવાનનું નામ લેવાનો પણ અત્યારે અવસર નથી.

કહે છે કે એ કર્મના ઉદયના સંગમાં જે શુભભાવ ઉત્પન્ન થયો હતો એ ઉદય છૂટી ગયો. શુભભાવ જ છૂટી ગયો. કોઈ શરણ નથી. આહાહા..! બીજી ચીજ તો રોકી રાખી શકે કે નહિ?

મુમુક્ષુ :- સંભાળ કરે.

ઉત્તર :- સંભાળ રાખે તો રહે. ધૂળમાંય રહે નહિ. એ ચીજ ક્યાં તારી છે? આ તો તારી પર્યાયમાં નિમિત્તના સંગમાં ઉત્પન્ન થતા હતા એ પણ તું રાખી શકે નહિ તો બીજો શું રાખી શકે છે? સમજાય છે કાંઈ? આહાહા..! કેમ ડૉક્ટર, શું છે? દવાખાનાનું બરાબર ધ્યાન રાખે. સવારમાં સાફસૂફ રાખે. આહાહા..! ભગવાન! કોણ કરે પ્રભુ?

આ તો તારા શરીરાદિને રોકી શકે નહિ, જે સમયે છૂટવાનું તે સમયે છૂટશે, છૂટશે અને છૂટશે જ. ઈન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર પણ ફેરવી શકે નહિ. ફડાક છૂટી જશે. શું થયું? શું થયું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


શું, એમ જ થવાનું હતું ઈ થયું. શું થયું શું? એને તો રોકી શકે નહિ. ભગવાન તો કહે છે કે પુણ્ય-પાપના પરિણામ ક્ષણિક છે. અનિત્યના સંગે ઉત્પન્ન થાય છે એને કોઈ રોકી રાખી શકે નહિ. પુણ્ય કરો, પુણ્ય ખૂબ કરો, પુણ્ય ખૂબર કરો. શું કરે? પુણ્ય કાયમ રહી શકે નહિ. પુણ્યના ભાવ બદલાઈને અશુભભાવ આવ્યા વિના રહેશે નહિ. અશુભભાવ પલટીને શુભ પણ આવ્યા વિના નહિ રહે. બેય અશરણ છે. આહાહા..! એઈ..! લાંબા પંથને પંથે ભગવાન તારે જાવું છે ને. આહાહા..!

સવારે વિચાર આવ્યો. અરે..! આજથી અનંત કાળ લાંબો પંથ છે. કાળનો લાંબો પંથ. લાંબા પંથમાં તારે ક્યાં જાવું છે? આસ્રવમાં રોકાણો અને એને પોતાનો માન્યો તો લાંબો પંથ મિથ્યાત્વમાં જાશે. ચાર ગતિનો લાંબો પંથ છે. આહાહા..! સમજાય છે કાંઈ? અને લાંબો ભવિષ્યનો પંથ એ આસ્રવ અસ્થિર છે, અશરણ છે. શુભ પણ શરણ નથી. ભગવાનની ભક્તિ, સ્મરણ, પૂજા, દાન બધા ભાવ અશરણ છે. વિકલ્પ રાગ પુણ્ય છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા..! જુઓ!

આસ્રવ અશરણ છે. '**આપોઆપ (પોતાથી જ) રક્ષિત...**' જુઓ! ભગવાન આત્મા સ્વયં રક્ષિત છે. સ્વયં રખાયેલો જ છે. રક્ષિત કરવો એવું કંઈ નથી. સ્વયં રક્ષિત '**સહજ ચિત્શક્તિરૂપ...**' સહજ જ્ઞાનશક્તિરૂપ ભગવાન. જ્ઞાનસ્વભાવ પ્રજ્ઞાબ્રહ્મ સ્વરૂપ ભગવાન. સહજ ચિદ્ જ્ઞાનશક્તિ, જ્ઞાનભાવ, જ્ઞાનસ્વભાવ, જ્ઞાન ધ્રુવભાવ, એની શક્તિરૂપ '**જીવ જ...**' એવી શક્તિરૂપ જીવ જ. એમ. '**એવો સહજ ચિત્શક્તિરૂપ જીવ જ શરણસહિત છે.**' એ શરણ છે. સમજાય છે કાંઈ? ભગવાનનું શરણ લ્યો ભાઈ. અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં, કેવલીપણ્ણત્તો ધમ્મો શરણં. કહે છે ને? શરણ આપો શરણ મૃત્યુ વખતે. એઈ..! તમારી છોડીને આપ્યું હતું ને? એઈ..! ગીતા. આપણે છે ને? ભાઈના દીકરાની દીકરી છે. જાતિસ્મરણ થયું છે ને. અહીંયા ગુજરી ગયા. હિંમતભાઈના .. અહીંયા રાજુલ નામ છે. ત્યાં ગીતા હતું. ગીતા એની માતાના ખોળામાં હતી. એને શ્રીકૃષ્ણ શરણં, કૃષ્ણ શરણં. લુહાણા હતા ને. ત્યાંથી મરીને અહીં આવી છે. ઈ ખબર ન રહી. પણ તાવમાં મરી ગઈ એમ ખ્યાલ આવ્યો. હું તાવમાં મરી ગઈ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો ખ્યાલમાં આવ્યું. પણ ઈ ખ્યાલ નથી કે મારી માએ આમ કહ્યું હતું. એ ખ્યાલ નહિ. એની માએ કહ્યું હતું. એ તો અંદર પીડામાં પડી છે. અઢી વર્ષની ઉંમર. એને તો ખબર શેની હોય? એ તો એની મા બોલે પણ એની પણ એને ખબર નથી. એને તો તાવમાં મરી ગઈ હતી એટલી ખબર છે. તો એની મા કહેતી હતી ત્યાં ગઈ ત્યારે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગીતા ગઈ ને ત્યાં. ભાભી! હું તાવમાં મરી ગઈ હતી. હા. તારી છેલ્લી સ્થિતિ વખતે તું મારા ખોળામાં હતી. શ્રીકૃષ્ણ શરણં, શ્રીકૃષ્ણ શરણં હું બોલતી હતી અને તારો દેહ છૂટી ગયો. શ્રી કૃષ્ણ શરણં એમ કહેતી હતી. હતા તમે? આ ભાઈને યાદ છે. શ્રી કૃષ્ણ શરણં શું એને ખબર હતી? અને એને વિકલ્પ આવે તો શું એ શરણ છે? ઈ તો રાગ છે. ઘડીકમાં પીડામાં લક્ષ ચાલ્યું જાય. સમજાય છે કાંઈ? શરણ ચિદાનંદ ભગવાન આત્મા (છે).

અખંડાનંદ પ્રભુ, ચિત્શક્તિ સહજ ચિત્શક્તિ. સ્વાભાવિક ચિત્શક્તિ. જુઓ! એની સામે સ્વભાવ લીધો. પેલા પુણ્ય-પાપ તો વિકારી અસ્વભાવિક ચીજ છે. અહીં સામે લીધું સહજ. દરેકમાં શબ્દ ફેરવ્યા છે. વાઈના વેગમાં ચૈતન્યમાત્ર જીવ લીધો છે. આસ્રવના વેગમાં વિજ્ઞાનઘન જેનો સ્વભાવ છે એવો જીવ લીધો છે. કામસેવનમાં.. સમજાણું? સ્વયં રક્ષિત સહજ ચિત્શક્તિરૂપ જીવ. સહજ ચિત્શક્તિ. જ્ઞાનશક્તિ, જ્ઞાનશક્તિ, જ્ઞાનશક્તિ. જ્ઞાનશક્તિરૂપ જીવ જ શરણ છે. ત્યાં તું લક્ષ કર તો શરણ છે. પુણ્ય-પાપનું શરણ નથી. અરિહંતા શરણં એમ કહે. શું અરિહંત શરણ છે? ક્યાં? અરિહંત તો પરદ્રવ્ય છે. તારું લક્ષ જશે તો શુભભાવ છે. એ શરણ નથી. કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં. કેવળી પણ્ણત્તો ધમ્મો ઈ. પુણ્ય-પાપના પરિણામ અશરણ છે અને હું શરણ સહજ ચિત્શક્તિરૂપ છું. એમ કેવળીએ કહ્યું છે. કેવળીએ આમ કહ્યું છે. તારી ચિત્શકિત સહજ જ્ઞાનશક્તિ સત્ત્વ ભાવ.

જેમ ગોળ મીઠાશનો પિંડ છે. એમ તું જ્ઞાનશક્તિનો પિંડ જીવ છો. એ પુણ્ય-પાપ તારામાં નથી. પુણ્ય-પાપ તો વિકાર છે. ક્ષણિક છે, દોષ છે, અનિત્ય છે, અધ્રુવ છે અને અશરણ છે. સમજાય છે કાંઈ? આ તો બહુ ધીરજ જોઈએ. આ કંઈ બહારની ચીજ નથી કે લાવો, મૂકો ને લઈ લે. સમજાય છે કાંઈ? અંતર ભગવાન ચિત્શક્તિરૂપ સ્વભાવિક શક્તિની શક્તિરૂપ એવો જે કાયમ જેની ચૈતન્યશક્તિરૂપ એવો જીવ એટલે આત્મા, એ તરફ નજર કરવાથી શરણ મળશે. એટલી પીડા હોય શરીરમાં. ભગવાન ભગવાન કરો. પણ ભગવાન ભગવાન કરે એમાં શરણ શું મળ્યું? એ તો વિકલ્પમાં રોકાઈ ગયો ત્યાં. વિકલ્પ ફરીને પાછો અશુભ થઈ જશે. શરણ-ફરણ છે નહિ. સમજાય છે કાંઈ? આ મૃત્યુકાળે પણ ભગવાનનું સ્મરણ કરો. શું સ્મરણ કરે? એ તો રાગ છે. આહાહા..! ભારે વાત ભાઈ! સમજાય છે કાંઈ? એ તો વિકલ્પની વૃત્તિ ઉઠે છે. ભગવાન આવા છે. એ તો વૃત્તિ ઉઠે છે, એ તો વૃત્તિ છે, રાગ છે. એ આત્મા નહિ.

મુમુક્ષુ :- તો શું કરવું?

ઉત્તર :- ભગવાનના સ્વભાવ તરફ જવું એ કરવું. એમ કહે છે, ભગવાનનું સ્મરણ ન કરવું તો શું કરવું? કહો, સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહે છે ને? સહજ ચિત્શકિતરૂપ સ્વયં રક્ષિત. ભગવાન પોતાથી રક્ષિત જ ચિદ્દ્ઘન છે ને આ ભગવાન આત્મા. '**આપોઆપ (પોતાથી જ) રક્ષિત...**' કોઈ રક્ષા કરે તો રહે એમ નહિ, સ્વયં રક્ષિત છે. શું? '**સહજ ચિત્શક્તિરૂપ જીવ...**' એમ. સ્વયં રક્ષિત સ્વભાવિક જ્ઞાનશક્તિરૂપ, જ્ઞાનસ્વભાવરૂપ, જ્ઞાનસામર્થ્યરૂપ, જ્ઞાનસત્ત્વરૂપ સત્ત્વને ધરનારો ભગવાન જીવ જ શરણસહિત છે. એ ભગવાન આત્મા જ શરણ છે. એમાં નજર કરવાથી શરણ મળે છે. કહો, સમજાય છે કાંઈ? દુઃખ વિસરી જવાય છે, વિસ્મરણ થઈ જાય છે. સ્વભાવનું સ્મરણ થઈ જાય છે. એમ કહે છે. પુણ્ય-પાપનું જે સ્મરણ છે એનું વિસ્મરણ થઈ જાય છે અને સહજ શુદ્ધ ચિત્શક્તિનું જે વિસ્મરણ થયું છે તેનું સ્મરણ થઈ જાય છે. આહાહા..! શું કરવું? અરે..! વજુભાઈ! મૃત્યુ તો આવશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પહેલેથી કરશે તો છેલ્લે આવશે. નહિ તો સરવાળા ક્યાંથી આવશે? છેલ્લે કરશું, ભાઈ! સમજ્યાને? પહેલેથી હાથમાં... સોલ્જર સામે ઊભા રહેનારાએ હાથમાં તલવાર પણ લીધી નહિ. કેની કોર મારવું એની ખબર નથી. આમ મારશે કે આમ મારશે? પહેલેથી તૈયારી કરી હશે તો મૃત્યુ વખતે સમાધિ થશે. નહિ તો સમાધિ અકસ્માત થઈ જાય એવી વસ્તુ નથી. આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! આહાહા..! ભગવાનનું શરણ અહીંયા નથી કહ્યું. અરિહંતનું શરણ, સિદ્ધનું શરણ એમ નામ નથી લીધું. એઈ..! શરણ ભગવાનનું શરણ છે. પરમાત્મા, હે પરમેશ્વર, હે પરમાત્મા! એ પરમાત્મા તો પર છે. ઈ ક્યાં તને શરણ આપવા આવે છે?

મુમુક્ષુ :- આજે સવારે આવ્યું હતું.

ઉત્તર :- અન્ય આશ્રયત્વા. આહાહા..! ભારે શ્લોક. આત્માના સ્વભાવથી એ તો વિપરીત પરદ્રવ્ય છે, પરદ્રવ્ય છે. પરદ્રવ્યનો આશ્રય કરવાથી તો રાગ થાય છે. રાગ તો અશરણ છે, વિકાર છે, દુઃખ છે, ઝેર છે, અમૃતનો લૂંટનારો છે. આહાહા..! એ વાત..

ભગવાન આત્મા જીવ સ્વાભાવિક જ્ઞાનસ્વરૂપ રૂપ શક્તિ એની એવી છે. શું વિકારની શક્તિ એમાં છે? શું પુણ્ય-પાપ થવાની શક્તિ આત્મામાં છે? આહાહા..! એ '**જીવ જ શરણસહિત છે.**' લ્યો. ચાર બોલ થયા. એમ ભેદ કરીને શરણરહિત પુણ્ય-પાપ છે અને આત્મા શરણ છે એમ ભેદ કરીને સ્વભાવની દૃષ્ટિમાં લીન થવું એનું નામ ધર્મની પ્રગટ દશા કરવી છે અને અધર્મનો તે જ સમયે નાશ થાય છે. એવું વસ્તુનું સ્વરૂપ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**વૈશાખ વદ ૧૩, શુક્રવાર તા. ૨૪-૫-૧૯૬૮**
**ગાથા-૭૪, પ્રવચન-૫૧૬**

આ સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૭૪ ગાથા ચાલે છે. છ બોલ છે એમાં ચાર બોલ આવ્યા. શિષ્યનો પ્રશ્ન હતો કે આ આત્મા અને એમાં ઉત્પન્ન થવાવાળા જે આસ્રવ. અત્યારે અહીંયા તો બે તત્ત્વની વાત છે. જડની કર્મની વાત નથી. કેમ કે એનાથી તો રહિત જ છે આત્મા. જડથી, કર્મથી, શરીરથી તો રહિત જ છે. પણ એની પર્યાયમાં જે વિકાર ભાવ પુણ્ય-પાપના શુભાશુભ ભાવના જે ભાવ થાય છે, તેને આસ્રવ કહે છે. એ આસ્રવની નિવૃત્તિ અને આત્મામાં શાંતિની ઉત્પત્તિનો સમકાળ છે કે આગળપાછળ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ?

આત્મામાં જે પુણ્ય-પાપ આસ્રવ છે.. એ ચાર બોલ આવી ગયા. જેમ પીપરમાં લાખ છે, એ લાખ વૃક્ષનું સ્વરૂપ નથી. વૃક્ષ ભિન્ન છે અને લાખ ભિન્ન છે. એમ ભગવાન આત્મા જીવસ્વરૂપ શુદ્ધ આનંદ છે. અને વિકાર પરિણામ એ લાખ સમાન એ જીવ નથી. જીવ તો લાખસ્વરૂપ આસ્રવથી રહિત જીવસ્વભાવ છે. એમ બેનું ભેદજ્ઞાન થવાથી તે જ સમયે આત્મામાં આનંદની પ્રાપ્તિ થાય છે અને તે જ સમયે દુઃખનો નાશ સમકાળે થાય છે. સમજાય છે કાંઈ? રોકડિયો ધર્મ છે, એમ કહે છે. રોકડિયો સમજો છો? લાવો પૈસા, ઉધાર નહિ. લાવો. પાંચ હજારનો માલ લો, લાવો પાંચ હજાર રોકડા. ઉધાર નથી આપતા. એમ ધર્મ થવો અને અધર્મનો નાશ થવો એ રોકડિયો ધર્મ એકસાથે જ છે. સમજાય છે કાંઈ?

દુઃખ અથવા વિકાર આસ્રવની નિવૃત્તિ થઈ તો શાંતિની, સંવર, આનંદની ઉત્પત્તિ સાથે થાય છે કે નહિ? અને આનંદની-ધર્મની ઉત્પત્તિ થાય અને સાથે તે જ સમયે આસ્રવ દુઃખરૂપનો અભાવ થાય છે કે નહિ? એ જ સમયે થાય છે. સમજાય છે કાંઈ? ચાર દૃષ્ટાંત આપ્યા. ક્યા ચાર દૃષ્ટાંત આપ્યા? ક્યા ચાર દૃષ્ટાંત આપ્યા? શિક્ષક. શિક્ષકને કહ્યું. થોડું બોલે. ૭૪ ગાથામાં ચાર દૃષ્ટાંત આવ્યા. વાંચો, વાંચીને કહો. મૂંઝાવો નહિ. ગભરાવું નહિ. પહેલા એમ આવ્યું ને. ચાર દૃષ્ટાંત આવ્યા ને?

આત્મા, પીપરમાં જેમ લાખ છે તે વૃક્ષનું સ્વરૂપ નથી. એમ આત્મામાં જે પુણ્ય-પાપ ઉત્પન્ન થાય છે એ જીવસ્વરૂપ નથી. જીવસ્વરૂપ તો શુદ્ધ આનંદ ચિદ્દ્ઘન છે અને વિકાર છે એ તો પરસ્વરૂપ, જીવના અવિરુદ્ધભાવનો એમાં વિરોધ છે. સમજાય છે કાંઈ? એક બોલ ઈ આવ્યો. બેને ભિન્ન જાણીને સ્વભાવ સન્મુખ થાય છે તો વિભાવની વિમુખતા

પણ તે જ સમયે થાય છે.

બીજો દૃષ્ટાંત એ આવ્યો કે વધઘટ. પુણ્ય-પાપના ભાવ વધે છે, ઘટે છે. વધે છે અને ઘટે છે. વાઈના વેગની જેમ. વાઈ, વાઈનો રોગ થાય છે ને? હમણાં કંઈક થયું હતું ને? મોહનભાઈને. કો'ક આવ્યું હતું. વાઈ આવી જાય. જોડા સુંઘાડે. જોડા હોય ને? વાઈ બેસી જાય. વાઈનો રોગ થાય છે ને? જોડા જોડા હોય ને? એમ.. જુઓ, જોડા સુંઘાડે. એ જોડાની ગંધથી (ઊતરી જાય). એમ ભગવાન આત્મામાં શુભાશુભ પુણ્ય-પાપના ભાવ શું છે? વધતા ઘટતા ભાવ છે. એ વાઈના વેગની જેમ વધે ઘટે છે. એ આત્માનો સ્વભાવ નહિ. આત્માનો ધ્રુવ સ્વભાવ છે. કાયમ ચૈતન્ય.. ચૈતન્યમાત્ર ધ્રુવ સ્વભાવ છે. એમ બે વચ્ચે ભેદજ્ઞાન થવાથી, જે સમયે સ્વભાવનું ભાન થયું, શુદ્ધતા પ્રગટ થઈ તે જ સમયે અશુદ્ધતાનો નાશ થાય છે. સમજાય છે કાંઈ?

ત્રીજો દૃષ્ટાંત તાવનો આપ્યો. ઠંડો અને ગરમ જ્વર, જ્વર. એક પછી એક થાય છે. ઠંડા જ્વર વખતે ઉષ્ણ જ્વર નહિ. ઉષ્ણ જ્વર વખતે ઠંડો જ્વર નહિ. અનુક્રમે ઉત્પન્ન થાય છે. એમ પુણ્ય વખતે પાપ નહિ અને પાપ વખતે પુણ્ય નહિ. શુભભાવ હોય ત્યારે અશુભ ન હોય અને અશુભભાવ હોય ત્યારે શુભ ન હોય. તો એ અનુક્રમે ઉત્પન્ન થવાનું લક્ષણ જાણીને ભગવાન આત્મા તો નિત્ય છે. ચિત્શક્તિ, સહજ ચિત્શક્તિમાત્રથી નિત્ય છે. અને એ તો એક પછી એક ઉત્પન્ન થાય છે અને આ તો એક સ્વરૂપે આત્મા જ્ઞાનઘન છે. એમ બે વચ્ચેનો ભેદ કરીને સ્વભાવમાં આરૂઢ થવું તો વિભાવથી તે જ સમયે વિમુખ થાય છે.

ચોથો દૃષ્ટાંત આપ્યો, વીર્ય છૂટવાનો. કામવાસનામાં વીર્ય છૂટી જાય છે તેને કોઈ રાખી શકતું નથી, રોકી શકાતો નથી. એમ પુણ્ય-પાપના ભાવ કોઈ રાખે કે હું થોડો રાખું. પુણ્યભાવ હું બરાબર રાખું, પુણ્યભાવ બરાબર રાખું. નહિ રહી શકે. એમ પાપભાવ બરાબર રાખું. નહિ રહી શકે. કેમ કે કર્મના સંગે ઉત્પન્ન થયેલા ભાવ છે. જેમ કર્મ છૂટી ગયા તો આસ્રવ પણ છૂટી જાય છે. તો એ અશરણ છે. શુભ-અશુભભાવ આત્માને અશરણ છે. શરણ ભગવાન આત્મા સહજાનંદ ચિત્શક્તિ સ્વરૂપ જ શરણ છે, રક્ષિત છે. સદા પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદ્‌ઘન પોતાથી જ રક્ષિત છે. સમજાય છે કાંઈ? એમ પોતાનો સ્વભાવ સહજ રક્ષિત છે એમ જાણીને અને વિકાર પરિણામ શરણભૂત નથી એમ જાણીને બેનું ભેદજ્ઞાન થવાથી સ્વભાવનો અનુભવ થાય છે અને વિભાવના અનુભવનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? ઓલું આવે છે ને? હમણાં ગાયન આમાં આવ્યું હતું. 'હમ અબ કબહૂ ન નિજઘર આયે,' દૌલતરામજી છે ને? સાંભળ્યું છે કે નહિ દૌલતરામજીનું? એ.. વૃદ્ધજી. તમારા વૃદ્ધ પ્રૌઢ છે ને. સાંભળ્યું

નથી? દૌલતરામજીનું એક ભજન છે. પણ તમારે મરાઠીમાં નહિ ચાલતું હોય. 'અબ હમ કબહૂ ન નિજઘર આયે' ઈ આવે છે ને?

મુમુક્ષુ :- નામ અનેક ધરાયે..

ઉત્તર :- 'પરઘર ભમત અનેક દિન વીતે, નામ અનેક ધરાયે, અબ હમ કબહૂ ન નિજઘર આયે.' એ પુણ્ય-પાપથી નામ ધરાવ્યા કે આ પુણ્યવંત પ્રાણી છે ને આ દેવ છે ને આ મનુષ્ય છે ને નારકી છે, નિર્ધન છે ને સધન છે ને ભિખારી છે ને રાજા છે ને રંક છે ને પંડિત છે ને મૂરખ છે. સમજાય છે કાંઈ? એવા નામ ધરાવ્યા. બહાર ઘરમાં ભટકતા એવા નામ ધરાવ્યા. 'હમ કબહૂ ન નિજઘર..' ભગવાન આત્મા શુદ્ધ ચિદ્દઘન આનંદકંદ છે એવા નિજઘરમાં તો કદી આવ્યો નથી. 'પરઘર ભમત અનેક નામ ધરાયે'. પરઘર ભમત ફિરત અનેક નામ ધરાયે. એ અનેક નામ એનું સ્વરૂપ નથી. એ આપણે આવી ગયું છે સવારે. હું ક્રોધી છું ને માની છું, હું મનુષ્ય છું એ અનેક નામ ધરાવ્યા.

ભગવાન આત્મા જ્ઞાયક ચિદાનંદ સહજાનંદની મૂર્તિ છે એમાં એ વિકારના ભાવ નથી. એમ બે વચ્ચેનું જ્ઞાન કરીને સ્વભાવનું શરણ લેવું અને વિભાવથી વિમુખ થવું એ એક સમયમાં થાય છે. એ ચાર બોલ આવી ગયા છે. આજે પાંચમો છે.

'**આસ્રવો..**' પાંચમો બોલ છે. ક્યાં છે? ક્યાં આવ્યું? ભાઈ! નહિ, નહિ, નહિ. પાંચમો બોલ આવ્યો. ચાર બોલ તો કાલે ચાલી ગયા. યાદ નથી રાખતા. નીચે છે નીચે, જુઓ! નીચે છેલ્લો શબ્દ. '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી દુઃખરૂપ છે;...**' કાલનું યાદ ન રહે, ભાઈ! આ નવો વિષય ક્યાં છે? આવતા વર્ષે તો ક્યાં હશે ક્યાં ખબર છે? કેમ કે હજી તો એક મલૂકચંદભાઈનું છે, એક રણાસણનું છે, એક મુંબઈનું છે. ત્રણ છે. કોણ જાણે શું થશે? કહો, સમજાય છે કાંઈ? મુંબઈમાં દસ વર્ષ થાય છે. ૨૦૧૫ની સાલમાં મુંબઈમાં મંદિર થયું છે ને? શું કહેવાય ઈ? મુંબાદેવી. એને દસ વર્ષ પૂરા થાય છે ને. તો એમને દસ વર્ષનો મહોત્સવ કરવો છે. એક રણાસણમાં મંદિર થયું છે. અમદાવાદમાં એક મંદિર થાય છે.

મુમુક્ષુ :- ઈ તો મલૂકચંદભાઈનું થાય છે.

ઉત્તર :- મલૂકચંદભાઈનું ક્યાં એકલાનું થાય છે. મલૂકચંદભાઈ તો પૈસા ઝાઝા આપે તો મલૂકચંદભાઈનું કહેવાય. પંચ કલ્યાણક ત્યાં થવાના છે. પંચ કલ્યાણકને? અમદાવાદમાં. અને એક ત્યાં રણાસણમાં ચાર ઘર છે. ત્યાં એક લાખનું મંદિર બનાવ્યું. એક લાખનું. ચાર ઘર છે, હોં! એમને પંચ કલ્યાણકના ભાવ છે. શું થશે શું ખબર? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, જુઓ! ઓહોહો..! આસ્રવો એટલે પુણ્ય-પાપના ભાવ, શુભ-અશુભભાવ,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, ચોરી વિષયવાસનાના ભાવ બેય '**સદાય આકુળ સ્વભાવવાળા હોવાથી...**' આહાહા..! સમજાય છે કાંઈ? છે કે નહિ અંદર? જેનું સ્વરૂપ છે એ તો સદાય એવા જ છે. જેનું સ્વરૂપ છે એ તો સદાય એવું જ છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, કામ, ક્રોધના પરિણામ હો કે ચાહે તો દાન, દયા, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હો, બેય સદાય આકુળતાના ઉત્પન્ન કરનારા છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ પુણ્યભાવ દુઃખરૂપ છે એ જરી કઠણ પડે છે, એમ કહે છે.

ભાઈ! આત્મા તો અમૃતસ્વરૂપ છે ને! આત્મા અમૃત આનંદસ્વરૂપ છે. એનાથી વિરુદ્ધ છે એ બધું દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? કષાયભાવ છે કે નહિ? રાગની મંદતા શુભભાવ એ પણ કષાય-અગ્નિ છે. ઠંડી શું? અગ્નિ તો અગ્નિ છે. બેય અગ્નિ છે. એ તો ઠંડા તાવની ઉપમા આપી એને. પણ છે તો અગ્નિ. શાંત વસ્તુ અકષાયસ્વભાવ આત્મા ત્રિકાળી સદા એમાં ઉત્પન્ન થવાવાળા શુભાશુભ રાગ, બેયના લક્ષણ જ ભિન્ન છે. સદાય પુણ્ય-પાપના ભાવ.. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ આકુળતાને ઉત્પન્ન કરનારા છે એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભભાવ છે ને? વૃત્તિ ઉઠે છે ને? કષાયઅગ્નિ છે ઈ. પછી શુભ હો કે અશુભ હો, બેય. શુભમાં મંદ કષાય છે, અશુભમાં તીવ્ર કષાય છે. પણ છે તો બેય કષાય સામાન્યપણે. બેય દુઃખ છે. હવે એને કારણ માનવું. એ દુઃખ કારણ અને આત્માનો ધર્મ કાર્ય, એમ માનવું (મિથ્યાત્વ છે).

મુમુક્ષુ :- શાસ્ત્રમાં લખ્યું છે.

ઉત્તર :- શાસ્ત્રમાં તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. એઈ..! પંચાસ્તિકાયમાં લખ્યું છે ને. સમજ્યાને?

મુમુક્ષુ :- પણ એ તો સીધું જ લખ્યું છે, ભિન્ન..

ઉત્તર :- ભિન્ન સાધ્ય-સાધન છે. ભિન્ન નામ એક નિમિત્ત છે એટલું. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ હોય છે. નિમિત્તરૂપ વ્યવહારથી. તો એને ત્યાં વ્યવહાર નિમિત્ત કહેવામાં આવ્યું છે. વ્યવહાર નિમિત્ત એ યથાર્થ નિમિત્ત નથી. અહીં તો પ્રત્યક્ષ છે કે ભગવાન આત્મા...

જુઓ! '**સદાય નિરાકુળ સ્વભાવવાળો...**' એ તો સદા નિરાકુળ સ્વભાવ છે. વૃત્તિ ઉઠે છે એ સ્વભાવમાં છે જ નહિ. શુભ હો કે અશુભ હો, બેય પ્રકારની લાગણી અથવા ભાવ, એ તો આકુળતાને ઉપજાવનારા છે. પોતાની શાંતિમાં, પોતાના શાંત સ્વભાવમાં એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિઘ્ન નાખવાવાળા છે. સમજાય છે કાંઈ? એને મદદગાર કહેવા એ વ્યવહારથી કહેવામાં આવ્યું છે. કષાયની મંદતા. પંચાસ્તિકાયમાં આવે છે. ક્ષણે ક્ષણે આમ થાય એવી બધી વાતું આવે છે. વ્યવહાર અનાદિની રુચિ છે. ભગવાન આત્મા વિકલ્પરહિત છે, દુઃખરહિત છે. ૧૪મી ગાથામાં ન કહ્યું? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. ભગવાન આત્મા.. અહીંયા તો પરમેશ્વરે પણ આત્મા એવો જોયો છે, પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા બિરાજમાન છે. એ પરમાત્માએ એમ જોયું છે. સમજાય છે કાંઈ? ઓલો આવ્યો છે ભાઈ? ગઢડાવાળો છોકરો નથી આવ્યો ને? લાલચંદભાઈનો પૌત્ર. ઈ હમણાં આવે છે. નાની ઉંમરનો. આવ્યો છે, બરાબર. મહારાજ! લાલચંદભાઈ. અંદર આવ્યો હતો એકલો. હિંમતવાળો ખરો. ઈ કહે, મહારાજ! આટલા બધા ભગવાનના ધર્મ એમાં ક્યા ભગવાનનો ધર્મ સાચો? કેટલા ધર્મ ભગવાનના છે? લાલચંદભાઈનો. કંઈક એને ભાષા આવડે છે, કો'ક એમ કહેતું હતું. પછી ખબર પડી. બેઠો હતો ખરો પા કલાક. કંઈક આવડે છે. વગર ભણ્યે આવડે છે, એમ કોઈક કહેતુ હતું. સુરેન્દ્રભાઈ કહેતા હતા? મારી પાસે આવ્યો હતો ખરો અંદર. હું તો જરીક પહેલો ભાગ વાંચતો હતો. ખાણિયામાંથી. કાયાથી ધર્મ થાય, એનાથી ધર્મ થાય, કાયાથી ધર્મ થાય. એ પ્રશ્ન સામે છે ને. જીવિત શરીરથી ધર્મ થાય છે. જુઓ! ભગવાનને ધર્મ થાય છે. પુણ્યફલા અરહંતા. અરે..! ભગવાન! શું કરે છે?

અહીં તો કહે છે કે વિકલ્પથી પણ ધર્મ નથી. શુભરાગ પણ દુઃખ છે. તો કાયાની પર્યાય તો જડ છે. ઓહોહો..! જીવ પણ ક્યાં કેટલા.. અવતાર, જુઓને! ચાલ્યા ગયા. લ્યો, મોટા આચાર્ય નામ ધરાવે. એની એક વાત ... કોઈક કહેતું હતું ખરું, એક વાર ત્યાં જઈએ તો ખરા કે આ શું કહે છે? આપણાથી જવાય નહિ ત્યાં. અર..ર..! આપણે આચાર્ય થઈને... પેલા મોટરમાં બેસે, એની પાસે જવાય? અરે..! ભગવાન! આહાહા..! અરે..! માંડ માંડ આવો મનુષ્યદેહ મળ્યો. એમાં કરવાની જે વાત છે એ નહિ કરે તો એના ક્યાંય શરણ અને આધાર નથી, ભાઈ! સમજાય છે કાંઈ? ક્યાં રખડશે ચોર્યાશીના મહાપંથમાં? ચોર્યાશીના મહાપંથમાં. આહાહા..!

કહે છે, ભગવાન! '**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા...**' જુઓ! એનો તો આકુળ સ્વભાવ જ છે. ચાહે તો ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ વૃત્તિ ઉઠે એ આકુળ સ્વભાવ છે. એમાં મનનો સંગ ઉત્પન્ન થાય છે રાગમાં. એ અસંગ ભગવાન આત્મા આનંદસ્વરૂપ ઉપર દૃષ્ટિ જવાથી સંગપણું છૂટી જાય છે. ઈ કહે છે, પરના લક્ષમાં જેટલી વૃત્તિ ઉઠી, ચાહે તો પંચ મહાવ્રતના પરિણામ હો, એ પણ આકુળતા સ્વભાવવાળા છે. જેઠાભાઈ! પંચ મહાવ્રત? તો પાળે શું કરવા મુનિ? અઠ્યાવીસ મૂળગુણ નથી પાળતા? છ આવશ્યક આવે છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અઠ્યાવીસ મૂળગુણ. કથનશૈલી. અઠ્યાવીસ મૂળગુણ સાધુના પાળે છે. સામાયિક ચઉવિસંપનો વિકલ્પ, છ આવશ્યક, છકાયની દયા. સમજ્યા? અને એક વાર ભોજન, ઊભા ઊભા ભોજન ને પત્થર આદિમાં શૈયા. લ્યો! એમ છે. એવા અઠ્યાવીસ મૂળગુણ પાળે છે કે નહિ? કહે છે કે એ વ્યવહારનયથી કથન છે, પ્રભુ! એ વિકલ્પ છે એ તો દુઃખરૂપ જ છે. આહાહા..! આકરું કામ જગતને. એ વિકલ્પ છે.

'**આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા...**' આહાહા..! વિષયભોગની વાસના. ક્રોધ, માન, માયા, લોભની વાસના તો આકુળતારૂપ છે જ, દુઃખરૂપ જ છે. એમાં આનંદ માનવો એ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? જેમાં અશુભભાવ છે, માન લેવાનો, ક્રોધ થવાનો ભાવ, વિષયવાસના, અનુકૂળ સામગ્રી જોઈને ખુશી થવું, એવા ભાવમાં ઠીક છે એવી માન્યતા, ભગવાન તો કહે છે, પોતાના સ્વરૂપનો ઘાત કરીને મિથ્યાત્વભાવની ઉત્પત્તિ કરે છે. એ અશુભ તો ઠીક, પણ શુભભાવમાં પણ સુખ છે, એ ઠીક છે, એવી માન્યતા છે તો દુઃખરૂપ ભાવમાં ઠીક છે એ માન્યતા મિથ્યાત્વ છે. મિથ્યાત્વનું રાજ મોટું છે. શું કહેવાય છે? મિથ્યાત્વ ચલણી નાણું. જે રાજમાં ચલણી નાણું હોય ને? શું કહેવાય? બાદશાહી ગુણઠાણ. એને બાદશાહી ગુણઠાણ કહે છે. મિથ્યાત્વ બાદશાહી ગુણઠાણ. જ્યાં જાઓ ત્યાં ચાલે. બાદશાહને જે એનું ચલણ નાણું હોય ... એમ આ મિથ્યાત્વ બાદશાહી ગુણઠાણ છે. જ્યાં હોય ત્યાં એની મિથ્યાત્વની દશા થાય છે. એકેન્દ્રિયમાં, બેઈન્દ્રિયમાં, ત્રિઈન્દ્રિયમાં, ચૌઈન્દ્રિયમાં, પંચેન્દ્રિયમાં સાધુ થઈને, શ્રાવક નામ ધરાવીને એ વિકલ્પને પોતાનો માને છે, આનંદ માને છે. મિથ્યાત્વનું ગુણસ્થાન ત્યાં પણ કામ કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં એમ આવ્યું અને એવું જ્ઞાનમાં આવ્યું. ભગવાને તો આત્માને પુણ્ય-પાપના આસ્રવથી રહિત જોયો છે. કર્મ અને અજીવ, આ જડ માટી અજીવ છે. તો અજીવથી ભગવાને આત્માને ભિન્ન જોયો છે. પરનો, હોં! એનો તો નહિ, પરનો આત્મા.

પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા,
નિજ સત્તાએ શુદ્ધ સહુને પ્રભુ પેખતા...

ભગવાન! બધા આત્માને આપ પરમેશ્વર એમ દેખો છો, શુદ્ધ સત્તા. જેનું શુદ્ધ હોવાપણું. જેનું આનંદનું હોવાપણું છે એવા ભગવાન આત્માને આપે જોયો છે. એમાં શુભ અને અશુભભાવ તો આપે આકુળતારૂપ-દુઃખરૂપ છે એમ જોયું છે. આહાહા..! સમજાય છે કાંઈ? લો, લક્ષ્મી અને શરીરની સુંદરતા, અનુકૂળ સ્ત્રી મળવી, પાંચ-પચાસ લાખની સામગ્રી અને મને ઠીક છે, એવી જે માન્યતા, વિકલ્પ છે એ માન્યતા મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? મહા મિથ્યાત્વ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. મહા ચૈતન્યસ્વભાવનો અનાદર કરે છે. આહાહા..! છ ખંડના રાજમાં સમકિતી રહે છે. ક્યાંય સુખ માનતા નથી. મારું સુખ તો મારી પાસે છે. નથી ઈન્દ્રાણીમાં સુખ, નથી રાણીઓમાં સુખ, નથી રાજમાં સુખ, ઈન્દ્રના મિત્રપણામાં સુખ નથી, ચક્રવર્તીના તો ઈન્દ્ર મિત્ર છે. શક્રેન્દ્ર ભરત ચક્રવર્તી પાસે આવે છે. મિત્ર થઈને સાથે બેસે છે. ક્યાંય સુખ નથી, સુખ નથી. જે વિકલ્પ ઉઠે છે એ દુઃખરૂપ છે. મારી ચીજ નહિ. હું મારી માનતો નથી. આહાહા..! સિંહાસન અને બહારની ચીજ તો ક્યાંય રહી ગઈ. એ તો સમ્યગ્દષ્ટિ પોતામાં માનતા નથી. પણ અશુભભાવનો વિકલ્પ ઉઠ્યો, એ મારો નથી. એનાથી તો ભિન્ન પડી ગયા. અને શુભભાવ આવ્યો, ભગવાનની ભક્તિ આદિ. ઋષભદેવ ભગવાન પાસે જતા હતા, વંદન કરતા હતા. સમજાય છે? તો કહે છે કે એ શુભભાવ પણ દુઃખરૂપ છે, મારો નથી. આહાહા..! ભારે વાત ભાઈ!

એક વાર એવી ચર્ચા થઈ. છે ને ભરતેશ વૈભવમાં. ભરતનો સાળો નમિ, વિનમિ. રાજા છે ને? એ એનો સાળો હતો એ એની દીકરી દેવા આવેલો. એ તો મામા-ફઈના લગ્ન થતા હતા ને? ભરતનો સાળો. એના છોકરાનો મામા થાય ને. તો એ છોકરીની સગાઈ કરવા આવ્યા હતા. સગાઈ સમજ્યા? ભરતના પુત્ર સાથે. એ સગાઈ કરવા આવેલા. એ પણ મોટો રાજા. શું કહેવાય? વૈતાક પર્વત. મોટું નગર. વિદ્યાધર મોટો રાજા. સુંદર રાજા. મોટી ઋદ્ધિ આદિ. એકવાર નમિ અને રાજકુમાર. ચર્ચા થયેલી. પણ નમિ અને ભરત વચ્ચે ચર્ચા થઈ, પછી પુત્ર અને ભરત વચ્ચે ચર્ચા થઈ. તો નમિ તો કહેતા હતા કે અભેદ રત્નત્રય એ જ મુક્તિનું કારણ છે. ભગવાનની ભક્તિ આદિ ભેદ રત્નત્રય છે એ મુક્તિનું કારણ નથી. તો એનો પુત્ર પણ, ભરતનો પુત્ર પણ એમ માનતો હતો. અને એની પિતાજી સાથે ચર્ચા થઈ. ભરતની સાથે, ભરતના પુત્રની. રાજકુમાર સુંદર. પુણ્યના પુતળા મણિરત્ન જેવા. નાની ઉંમર. સોળ-સોળ, અઢાર-અઢાર, વીસ વર્ષની.

ભરત સાથે ચર્ચા થઈ. તો કહે છે કે, ભાઈ! આપણા દાદા ઋષભદેવ ભગવાન છે. આપણા દાદા પરમેશ્વર છે. એની ભક્તિ મુક્તિનું કારણ છે કે નથી? એમ ભરતે પુત્રને પૂછ્યું. કેમ ન થાય? ભરત કહે છે, કેમ ન થાય? ભગવાન આપણા દાદા છે કે નહિ? પિતા-ધર્મપિતા છે. તો એની ભક્તિ ધર્મ કેમ નથી? ધર્મનું કારણ ધર્મ છે. પુત્ર કહે છે, નહિ. ધર્મ નહિ. કેમ ધર્મ નથી? તમે પહેલા કહેતા હતા ને? નમિરાજ આવ્યા છે. એ પણ કહે છે કે અભેદ રત્નત્રય એ ધર્મ છે, ભેદ ધર્મ નથી. એની પુત્રી દેવા આવ્યા એમાં તું આમ થઈ ગયો? પુત્રને કહે છે. પુત્રી દેવા આવ્યા તો તું એનો થઈ ગયો? ઈ કહે છે કે અભેદ રત્નત્રયથી મુક્તિ છે અને ભેદ રત્નત્રયથી નથી. ભેદ સમજ્યા? વ્યવહાર. વ્યવહાર વિકલ્પથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ધર્મ નથી, મુક્તિ નથી. એ કહે છે ત્યાં તને એની છોકરી સાથે એટલો પ્રેમ થઈ ગયો? અરે..! પિતાજી! એમ કેમ કહો છો? કોણ કહે છે એવું? અમે તો માનીએ છીએ, બરાબર માનીએ છીએ. તમે પણ કહેતા હતા, તમે પણ પહેલા કહેતા હતા કે પોતાનો આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ જ મુક્તિનો માર્ગ (એમ) આપ જ કહેતા હતા. હવે વળી તમે કેમ ફરી ગયા? સમજાય છે? પુત્ર કહે છે, હવે કેમ ફરી ગયા? ભરત કહે છે, તને છોકરી મળે છે તો તું આમ ફરી ગયો? પુત્રને કહે છે. આ શું તમે કહો છો પિતાજી? તમે પહેલા આવું કહેતા હતા? તમે તો કહેતા હતા, વ્યવહાર રત્નત્રય તો બંધનું કારણ છે, દુઃખ છે. એમ કહેતા હતા. ભગવાનની ભક્તિમાં દુઃખ છે. ભગવાનની ભક્તિમાં દુઃખ છે? તમે નહોતા કહેતા પહેલા? સમજાય છે કાંઈ? શુભરાગ છે. શુભરાગ એ દુઃખ છે. પુત્ર પણ એના પિતાજી સાથે.. ખરેખર પ્રશ્ન ઉઠ્યો. નહિ, એમ નથી.

ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ છે એની અંદર એકાગ્ર થવાથી જે આનંદ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનો આવે છે તે જ એક ધર્મ અને મુક્તિનું કારણ છે. ભગવાનની ભક્તિના પરિણામ પણ મુક્તિનું કારણ નથી. પુત્ર કહે છે. દુઃખ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- તે દી ના .. આજના તો બુઢ્ઢા પણ માનતા નથી.

ઉત્તર :- બુઢ્ઢા માનતા નથી. તેથી તો દાખલો આપ્યો. રાજકુમાર, હોં! સોળ-સોળ, અઢાર વર્ષના મણિરત્નના પુતળા. ચરમશરીરી કેટલાક. એ જ ભવે મુક્ત થવાના છે. નહિ, પહેલેથી એટલી દૃઢ શ્રદ્ધાવંત હતા. પિતાજી! આપ કહેતા હતા કે અભેદ રત્નત્રયથી (મુક્તિ થાય). ભેદ છે એ તો વ્યવહાર છે, વ્યવહાર છે એ તો વિકલ્પ છે, વિકલ્પ છે તો દુઃખ છે. દુઃખ છે તો આસ્રવ છે. એ બંધનું કારણ છે. એને અમે મુક્તિનું કારણ અમે માનતા નથી. એ.. સુરેન્દ્રજી! સમજાય છે કાંઈ? સારું, સારું, ભાઈ! તમારી શ્રદ્ધા બરાબર છે, ભાઈ! પરીક્ષા કરી. ભાઈ! તારી શ્રદ્ધા બરાબર છે. તમારા મામા કહે છે એટલે તું માને છે એમ નહિ. તારી માન્યતા બરાબર છે. અમે પણ એમ જ કહીએ છીએ. પણ તારી પરીક્ષા અમે કરતા હતા. તો એવી પરીક્ષામાં એમ કહ્યું. અહીં તો મોટા સાધુ નામ ધરાવે તોપણ કહે કે નહિ, મહાવ્રતના પરિણામ એ આનંદનું કારણ છે, ધર્મનું કારણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- બાળક હોય ઈ એમ કહે, કંઈ મોટા એમ કહે?

ઉત્તર :- પણ બાળક છે ક્યાં? બાળક તો શરીરની અવસ્થા છે. આત્મામાં બાળક ક્યાં છે? બાળક, યુવાન, વૃદ્ધ આત્મા છે? એ તો જડની અવસ્થાના નામ છે. માટીના. ભગવાન તો આત્મા ત્રિકાળ યૌવન સ્વભાવ-ચિદાનંદ ધ્રુવ સ્વભાવ છે. સમજાય છે કાંઈ? અજ્ઞાન માન્યતા હતી તો બાળક હતો, ભાન થયું તો યુવાન થયો, કેવળજ્ઞાન થયું તો વૃદ્ધ થયો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાય છે કાંઈ? પરની અવસ્થા ક્યાં આત્મામાં છે?

કહે છે, **'આસ્રવો સદાય...'** જુઓ! કોઈ વખતે પણ જરી સુખરૂપ થાય છે એમ એમાં નથી, એમ કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની પરદ્રવ્યની શ્રદ્ધા, પંચ મહાવ્રતનું પાલન અને શાસ્ત્રનું ભણવું એ બધો રાગ સદાય દુઃખરૂપ છે. એ પ્રશ્ન કર્યો હતો ભાઈએ કાલે? શું અમને આ સાંભળવાથી જ્ઞાન નથી થતું? ભાઈ! જ્ઞાન તો પોતાની યોગ્યતાથી થાય છે. ત્યારે સાંભળ્યું એને નિમિત્ત કહેવામાં આવે છે. ભાઈ! વસ્તુ એવી છે. આહાહા..! પોતાની યોગ્યતાથી જેટલું અંદર જ્ઞાનની પર્યાયનું પરિણમન થાય એ પોતાને કારણે છે. સાંભળવાથી અને પરથી છે એમ છે જ નહિ. ત્યારે કહે છે, તો શું કરવા અહીંયા સાંભળવા આવવું? જો પરથી ન થતું હોય તો. અરે..! ભગવાન! તારી યોગ્યતા હોય તો એવી ઈચ્છા અને એવી જડની ક્રિયા થયા વિના રહે નહિ. આહાહા..! એવો માર્ગ છે, ભગવાન! ભાઈ! આહાહા..!

કહે છે કે પુણ્ય અને પાપના ભાવ સદાય. કોઈ સમયે પણ એ દુઃખરૂપ નથી અને સુખરૂપ છે એમ નથી. કહો!

મુમુક્ષુ :- આમાં અનેકાંત ન આવ્યું.

ઉત્તર :- અનેકાંત એનું આવ્યું કે સદાય આકુળતા છે અને અનાકુળતા નથી એનું નામ અનેકાંત.

મુમુક્ષુ :- કથંચિત્ સુખ અને કથંચિત્ દુઃખ.

ઉત્તર :- કથંચિત્ સુખ અને કથંચિત્ દુઃખ. ઝેર કથંચિત્ સુખ અને કથંચિત્ દુઃખ ઝેરમાં. સમજાય છે કાંઈ? અશુભભાવ થાય છે ને? પૈસા, લક્ષ્મી, સુંદર શરીરને જોઈને તો કથંચિત્ સુખ અને કથંચિત્ દુઃખ છે એવું એમાં છે? એકાંત દુઃખ છે. એકાંત દુઃખ છે. મૂઢ માને છે કે મને સુખ છે. તો એકાંત દુઃખ છે. આનંદ અંશેય નથી. એમ શુભભાવ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચ મહાવ્રતનું પાલન, ભગવાનનું નામ સ્મરણ આદિ જે ભાવ ઉત્પન્ન થાય છે એ એકાંત દુઃખ છે, આકુળતા છે. આહાહા..!

મુમુક્ષુ :- કારણ થાય.

ઉત્તર :- ઈ તો નિમિત્તનું, વ્યવહારનું લખાણ એવું છે. વ્યવહારનું લખાણ એવું છે કે વ્યવહાર એમ કહે છે. એમ છે નહિ. આહાહા..! ગોરખધંધા.

ભગવાન તો સ્પષ્ટ કરે છે. આ તો સ્પષ્ટ કર્યું છે. વ્યવહાર અભૂતાર્થ છે. એ ભૂતાર્થને શું કરવા મદદ કરે? જેવો ભગવાન.. ભાઈ! આ ચિદાનંદ પ્રભુ કેવો છે? પહેલા તો ઈ કહ્યું, **'આસ્રવો સદાય આકુળ સ્વભાવવાળા...'** ચાહે તો ભગવાનના સમવસરણમાં બેઠો હોય, ચાહે તો નરકમાં રહ્યો હોય પણ જે ભાવ શુભ-અશુભ ઉત્પન્ન થાય છે, સદાય દુઃખરૂપ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ છે, આકુળતાવાળા છે.

મુમુક્ષુ :- ઓછુવત્તુ દુઃખ તો..

ઉત્તર :- ઓછાવત્તાનો શું પ્રશ્ન છે? કષાય મંદ હોય તો ઓછું દુઃખ લાગે. પણ છે તો દુઃખને. સામાન્યપણે બધું દુઃખ છે કે નહિ? બધું દુઃખ જ છે. પોતાના આનંદસ્વભાવથી વિપરીત ભાવ બધું દુઃખ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભઠ્ઠી, ભઠ્ઠી કહે છે, લ્યો.

'**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ...**' છે. ભગવાન આત્મા... જુઓ! પ્રભુ ચિદાનંદ સ્વરૂપ સહજાનંદની મૂર્તિ આત્મા છે. સહજાનંદ સ્વરૂપ પ્રભુ કેવો છે? '**સદાય નિરાકુળ સ્વભાવવાળો જીવ જ...**' જુઓ! અહીં તો જીવ જ કહ્યું. '**અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' ભગવાન તો આનંદરૂપ છે. આહા..! આત્મા તો નિત્યાનંદ સ્વરૂપ છે. આનંદ એમાં નિત્ય પડ્યો છે. નિત્ય નિત્ય આનંદ છે. એવો નિત્યાનંદ સ્વભાવ ભગવાન અને આકુળતા સ્વભાવ શુભાશુભ પરિણામ, બેનો ભેદ કરીને સ્વભાવમાં આરૂઢ થવું, તે જ સમયે આત્માનો આનંદ આવે છે, તે જ સમયે આસ્રવનો-દુઃખનો નાશ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! બિચારા સાધારણ માણસને એમ થાય, ક્યા ભગવાનને માનવા? પેલા કહે કે અમારા ભગવાન આમ કહે છે, પેલા કહે, અમારા ભગવાન આમ કહે છે. ભગવાન તો એક જ કહે છે, ભાઈ! પણ લોકોને ખબર નથી અને દરકાર પણ એટલી ક્યાં છે? શું ચીજ છે? સત્ય શું હોવું જોઈએ? એની પરીક્ષા કરવાનો અવસર જ ક્યાં? જગતમાં રખડવાનો ભાવ કરવામાં, દુઃખનો ભાવ કરવામાં આ ભાવ શું છે (એ તપાસવાનો) અવસર જ ક્યાં છે? સમજાય છે કાંઈ? ચોવીસ કલાકથી વર્ષોના વર્ષ, પચાસ-સાંઈઠ-સીત્તેર (થાય તોપણ) દુકાન.. દુકાન.. દુકાન, બાયડી, છોકરા, પાપના પરિણામમાં ઘાણીમાં પીલાય છે. ઘાણીમાં પીલાય છે. માને છે કે અમે ઠીક છીએ. મૂઢની દશા કેવી? સમજાય છે કાંઈ?

સનેપાત થાય ને સનેપાત? દાંત કાઢે. ખુશ છે? સુખી છે? સનેપાતિયો સુખી છે? દાંત કાઢે છે. એમ મૂરખ પૈસા, આબરુ, શરીર અને કીર્તિ અને લાડવા જોઈને સુખ માને છે, કલ્પનાનું એ સનેપાતિયાનું દુઃખ છે. સમજાય છે કાંઈ? અને ભગવાનના નામે વળી.. એક વાર કહેતા હતા ને? પહેલા (સંવત) ૧૯૯૨ની સાલમાં ગયા હતા ને? એક જણ હતા ને? દેવશી કેવા? શિવજીભાઈ. શિવજી દેવશી. અહીંયા ગયા હતા ત્યારે ... આમ ભક્તિ કરે. આહાહા..! ભક્તિનો પ્રેમ આવી જાય ને તીર્થંકર ગોત્ર બાંધે. બાંધ્યા કીધું. રાગ તો રાગની ક્રિયા છે. ભગવાનના ભજનમાં તો રાગ છે. રાગને પોતાનો માને છે, લાભ માને છે તો મિથ્યાદષ્ટિ છે. ક્યાંથી તીર્થંકર ગોત્ર બંધાય તને? સમજાય છે કાંઈ? તેતર ગોત્ર બંધાય. કેમ કે તીર્થંકર બધા તરવામાં નિમિત્ત છે, તેતર ખાવામાં નિમિત્ત છે. તેતર નથી થાતા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તેતર પક્ષી. સવારે નહિ પંખી? ખાવા માટે ઊડે. એ તો મેં પહેલા કહ્યું હતું, હોં! ૮૫ની સાલમાં. તીર્થંકર ગોત્ર શું તેતર બાંધે. કીધું.

એક સાધુ માંદા હતા ને ઈ વાતું કરે. અમારે મગનલાલજી માંદા હતા ને. પછી સેવા કરે ત્યારે બોલે. હું એક કોર બેઠો હોઉં. કઈ સાલ? (સંવત) ૧૯૭૯ની વાત છે. આહાહા..! આ સાધુની સેવા કરે... ક્ષય રોગ થઈ ગયો હતો, તીર્થંકર ગોત્ર બાંધે. એમ વાત કરી. કીધું, તેતર બાંધે. હજી ભાન નથી. અજ્ઞાની મૂઢ પડ્યો છે. તમને ખબર નથી. રાગ છે તેનાથી બંધ થાય છે. એની તમને ખબર નથી. આ તો ૭૯ની વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભાઈ! તીર્થંકર ગોત્રનો વિકલ્પ પણ કોને હોય છે? જેને સમ્યગ્દર્શન થયું છે, જેમાં વિકલ્પનો આદર નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે એ દુઃખરૂપ છે. મારો સ્વભાવ આનંદરૂપ છે. એવું જેને ભેદજ્ઞાન છે તેને વિકલ્પમાં બંધ પડી જાય તો એ વિકલ્પ અને બંધ પોતામાં છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ એ વિકલ્પ અને એના બંધને પોતામાં માનતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'દર્શનવિશુદ્ધિ ભાવના ભાય, ષોડશકારણ તીર્થંકર પદ પાય.'

મુમુક્ષુ :- ઈ તો ભગવાન..

ઉત્તર :- આ તો કહે અમે પામશું. આમ કરશું તો. એમ કહે છે. ક્યાં ગયા શ્રીચંદજી? 'દર્શનવિશદ્ધિ ભાવના ભાય, ષાડશકારણ તીર્થંકર પદ પાય, પરમગુરુ હો...' જાણે આપણે તીર્થંકર પરમગુરુ થઈ જશું. ધૂળેય નથી, સાંભળને! એ વજુભાઈ! અહીં તો બધાના પોગળ છે. આહાહા..!

ભગવાન! એ વિકલ્પનો જ્યાં આદર છે ત્યાં તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? એ દુઃખરૂપનો આદર છે અને આનંદસ્વરૂપનો તો એમાં અનાદર થયો. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. પરમેશ્વર કેવળજ્ઞાનીએ જોઈ છે, એવી છે તેને જ્ઞેય બનાવ. હું તો આનંદ છું એમ જ્ઞેય બનાવ તો તને ધર્મ થાય. દુઃખને જ્ઞેય બનાવવાથી તો મિથ્યાત્વભાવ થાય છે. એકલા દુઃખને જ્ઞેય બનાવે. સમજાય છે કાંઈ? પોતાનો આનંદસ્વરૂપ આત્મા. આહાહા..! અતીન્દ્રિય '**જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે.**' લ્યો, એ પાંચમો બોલ થયો.

એમ બે વચ્ચે ભેદ લક્ષણ જાણીને ભેદ-તફાવત જાણીને પોતાના શુદ્ધ સ્વરૂપમાં આરૂઢ થઈને દુઃખની પર્યાયનો નાશ થાય છે, તે જ સમયે આનંદની પર્યાયની ઉત્પત્તિ થાય છે. સમકાળ છે. ધર્મની ઉત્પત્તિ થાય છે અને તે જ સમયે અધર્મનો નાશ થાય છે. અંધારાનો નાશ અને પ્રકાશની ઉત્પત્તિ. સમય એક જ છે. રોકડિયો ધર્મ છે એમ કહે છે. આહાહા..! આનંદરૂપ પ્રભુ છે. અતીન્દ્રિય આનંદની ખાણ છે. એમાં તો ઠસોઠસ અનંત આનંદ જ

ભર્યો છે. એવો અતીન્દ્રિય આનંદ જીવ જ છે. આસ્રવ આનંદ નથી. તો વળી બહારમાં ક્યાં આનંદ આવ્યો? શરીર સુંદરમાં આનંદ, સુખી છે, પૈસેટકે સુખી છે, હામ, દામ ને ઠામ એમ કહે છે ને મૂરખ? એ ત્રિભુવનભાઈ! આ શું કહે છે? હામ, દામ ને ઠામ. ભાઈ! પચાસ લાખની પુંજી, પેલો કહે, પચાસ લાખ નહિ.. એને બે-ત્રણ કરોડની મુડી છે. .. મકાન ઘણા, નોકરો પણ એવા કહ્યાગરા. સમજ્યાને? પોતાને ઠેકાણે બીજો ગુનો માની લે એવા નોકરો. સમજ્યાને? બધી પુણ્યની સામગ્રી છે કે નહિ સારી? એ.. વજુભાઈ! આહાહા..! ધૂળેય નથી, કહે છે. એ.. મલૂકચંદભાઈ! મૂઢ માને છે કે હું સુખી છું. ભાઈ! એ મહાદુઃખની પીડાને ઘાણીમાં પીલાય છે, બાપુ! તને ખબર નથી તારી ચીજની અને ક્યાં થાય છે, કેમ થાય છે એની તને ખબર નથી. આહાહા..! દેવશીભાઈ! શું હશે આ? બે જણામાં તો સુખી હોય કે નહિ? જાજી ઉપાધિ હોય તો.... દીકરાની ઉપાધિ ન હોય, લ્યો. બે જણા ખાય-પીવે, થઈ રહ્યું જાઓ. એ.. સુખી છીએ. શેના સુખી? ધૂળમાં? સમજાય છે કાંઈ? રાગ ઉત્પન્ન થાય છે એ તો દુઃખરૂપ છે. ચાહે તો શુભ હો કે અશુભ હો. ભગવાન આત્મા નિરાકુળ સ્વભાવવાળો જીવ જ અદુઃખરૂપ અર્થાત્ સુખરૂપ છે. એ પાંચ બોલ થઈ ગયા.

હવે છઠ્ઠો બોલ રહ્યો. છે ને એમાં? '**दुःखानि**' હવે '**दुःखफला**' એક બોલ રહ્યો. '**આસ્રવો આગામી કાળમાં...**' એ તો વર્તમાન દુઃખરૂપ કહ્યું હતું. પુણ્ય અને પાપ બેય વર્તમાન દુઃખરૂપ છે. ભગવાન વર્તમાન આનંદરૂપ છે. સમજાય છે કાંઈ? આસ્રવ. આસ્રવ નામ પુણ્ય અને પાપ. '**આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્ગલપરિણામના હેતુ હોવાથી...**' જુઓ! જે કર્મબંધ પડ્યો એ પુદ્ગલપરિણામ કેવા છે? ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરવાવાળા છે. આહાહા..! આસ્રવ પરિણામ કેવા છે? કે એનાથી પુદ્ગલપરિણામ-પુદ્ગલ કર્મ બંધાય છે. તો કર્મ પરિણામ કેવા છે? કે ભવિષ્યમાં આકુળતા ઉત્પન્ન કરવાવાળા છે. ઓહો..! સમજાય છે કાંઈ? તીર્થંકર ગોત્ર બાંધે એમાં શું આકુળતા ઉત્પન્ન કરવાવાળા? બંધ જ આકુળતા ઉત્પન્ન થયેલી છે. પ્રકૃતિ પડી છે ને. એના સંબંધે ક્યાં આત્માને શાંતિ છે? સમજાય છે કાંઈ? આહાહા..!

જન્મમાં ઈન્દ્રો આવીને (ઉત્સવ કરે). તીર્થંકર પ્રકૃતિનો ઉદય તો તેરમે આવશે. ઈન્દ્રો આવીને જન્મ મહોત્સવ કરે, આ કરે, તે કરે. કહે છે કે, જેટલું પર ઉપર લક્ષ જાય છે ને એ પુદ્ગલના ફળમાં આકુળતા ઉત્પન્ન કરવાવાળા છે. સમજાય છે કાંઈ? જે પુણ્ય બંધાણું એમાં જે સામગ્રી આદિ મળે છે, એ બધી આકુળતાને ઉત્પન્ન કરનારી છે. પુણ્યબંધ થયો એ આકુળતાને ઉત્પન્ન કરવાવાળો છે. સમજાય છે કાંઈ? જુઓ! આસ્રવ-પુણ્ય-પાપના ભાવ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્માથી ભિન્ન. એ '**આગામી કાળમાં...**' એમ કહે છે, અત્યારે પુણ્ય તો બાંધો, પછી સુખ થશે. પુણ્ય બાંધો પછી આપણે ભગવાન પાસે જઈશું. એમ કહે છે ને? અત્યારે પુણ્ય બાંધો. સ્વર્ગમાં જાશું અને પછી ભગવાન પાસે જાશું. અરે..! સાંભળને. પુણ્યબંધમાં તો સામગ્રી ઉપર લક્ષ જશે તો તને આકુળતા જ થશે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ભગવાનના દર્શન કરવા જાય છે એ શુભભાવમાં પણ આકુળતા ઉત્પન્ન થાય છે. આહાહા..! ભારે વાત ભાઈ! સામગ્રી તો મળશેને? ભાઈ! એમ કહે છે ને? વાણી મળશે. પણ એ વાણી જે પુણ્યથી મળી એ પુણ્ય પુદ્‌ગલ આકુળતાને ઉત્પન્ન કરવાવાળું છે. એના ફળમાં તારું લક્ષ જશે.

મુમુક્ષુ :- એના ઉપર લક્ષ જાય તો એ વખતે આકુળતા છે.

ઉત્તર :- આકુળતા છે. ભાઈ! તારું આત્મસ્વભાવ પર ક્યાં લક્ષ, આશ્રય છે. સમજાય છે કાંઈ? ઓહો..! પંચ મહાવ્રતના પરિણામ, કહે છે કે, પુદ્‌ગલ પરિણામમાં નવો બંધ થાય છે એ હેતુ એ પુદ્‌ગલપરિણામ આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે. પંચ મહાવ્રતના પરિણામ પહેલા વર્તમાન દુઃખરૂપ કહ્યા. અને હવે કહે છે કે જે પુદ્‌ગલ બંધાય છે એમાં હેતુ પુણ્ય પરિણામ હોય છે. પુદ્‌ગલપરિણામ જ ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે. પુણ્યનો બંધ થાય છે તો તેના આશ્રયે ભવિષ્યમાં આકુળતા જ ઉત્પન્ન થાય છે. શું એમાં ભગવાનનો આશ્રય છે? એ તો પુણ્યનો આશ્રય છે. સામગ્રી મળશે, અનુકૂળ વાણી આદિ. ઓહોહો..! ગજબ વાત કરે છે! વાણી આદિ મળશે તોપણ તારું લક્ષ ત્યાં જશે તો શુભભાવ આકુળતાને ઉત્પન્ન કરવાવાળો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વીતરાગ માર્ગ વીતરાગસ્વરૂપ છે. જેટલો વિકલ્પ ઉઠે છે તો કહે છે કે વર્તમાન તો દુઃખરૂપ છે જ. ભગવાન આનંદરૂપ આત્મા છે. એવો ભેદ કરીને ધર્મ કરવો, સ્વરૂપનો આશ્રય કરવો એ ધર્મ છે. પણ એ પુણ્ય પરિણામ છે એ નવા પુદ્‌ગલ જે બંધાય છે એમાં હેતુ ઈ છે. અને એ પુદ્‌ગલપરિણામ ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરવાવાળા થશે. આનંદને ઉત્પન્ન કરવાવાળા થશે? સમજાય છે કાંઈ? ચાહે તો એવું પુણ્ય બંધાઈ જાય કે જેનાથી સમવસરણ મળે, વાણી મળે. પણ કહે છે કે એ તો પરનું લક્ષ કરવાથી તો તને આકુળતા જ ઉત્પન્ન થશે. એમ કહે છે. આહાહા..! ભારે આકરી વાત જગતને. અરે..! ખાવા-પીવાનું સાધન ઠીક હોય અને બધું (અનુકૂળ) હોય તો ધર્મ થઈ શકે. પેટમાં ખાવા મળે નહિ ને બીડીયું વાળવી પડે અને કહે કે ધર્મ કરો. કેમ કરવો? થોડું સાધન હોય તો ઠીક પડે. અહીં તો કહે છે કે ઈ તો શું પણ જે શુભભાવથી પુણ્ય બંધાણું, એ પુણ્ય પુદ્‌ગલપરિણામમાં નિમિત્ત થયું. વર્તમાન શુભ. એ પુદ્‌ગલપરિણામ તો ભવિષ્યમાં આકુળતા જ ઉપજાવશે. આનંદ ઉત્પન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવામાં બિલકુલ સાધન નથી. આહાહા..! ગજબ વાત છે ને! તીર્થંકર ગોત્ર બંધાય, શુભભાવ થાય અને ભગવાન પાસે જઈએ તો સમવસરણ મળે, લ્યો. એ મળે એ તો પુણ્યના ફળ. એના ઉપર લક્ષ જશે તો તને વિકલ્પ ઉઠશે. એ કંઈ નિર્વિકલ્પતાનું કારણ નથી. આહાહા..! કેટલી વાત કરે છે આચાર્ય! સમજાય છે કાંઈ? ભગવાન પાસે જાશું. પછી આ થાશું. ભગવાન તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય પાસે જઈશ તો તને રાગ જ ઉત્પન્ન થશે. શું છે તારે? સમજાય છે કાંઈ?

'**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા એવા પુદ્‌ગલપરિણામના હેતુ...**' એવા પુદ્‌ગલપરિણામના હેતુ '**હોવાથી દુઃખફળરૂપ છે...**' એ શુભભાવ તો દુઃખના ફળરૂપ છે. શુભભાવ, અશુભભાવ વર્તમાન દુઃખરૂપ છે અને શુભ-અશુભભાવ દુઃખના ફળરૂપ છે. કહો, સમજાય છે કાંઈ? આપણે એટલા પુણ્ય બાંધો કે સ્વર્ગમાં જાઓ. અત્યારે કેટલાક કહે છે. ચારિત્ર પાળો. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોતું જ નથી, સાંભળ તો ખરો. ક્રિયા ચારિત્ર પાળો, પુણ્યબંધ પાળો પછી સ્વર્ગમાં જશું. અને સ્વર્ગમાં ભગવાન પાસે જાશું. ત્યાં ભગવાન પાસે તો પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યથી વિરુદ્ધ પરદ્રવ્ય છે. પુણ્યથી જઈશ તો તને શું લાભ થશે? એમ કહે છે અહીંયા. ભાઈ! આહાહા..! એઈ..! આપણે બાંધો પુણ્ય, પછી સ્વર્ગમાં જાશું પછી ત્યાંથી (ભગવાન પાસે જાશું). શું છે? એ પુણ્ય પરિણામથી જે પુણ્ય બંધાણું તેનાથી તો ભવિષ્યમાં એ પુદ્‌ગલ આકુળતાને જ ઉપજાવનારા છે. કેમ કે એમાં પરદ્રવ્યનો સંબંધ થાય છે. અને પરદ્રવ્યના સંબંધ ઉપર લક્ષ જશે તો તને આકુળતા જ ઉત્પન્ન થશે. ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો. આહાહા..! વાહ! શૈલી પણ..! કુંદકુંદાચાર્ય ગજબ શૈલી કરે છે ને!

'**दुःखफला**' એટલું આચાર્યે લખ્યું. અમૃતચંદ્રાચાર્ય સંતોએ વાતને એવી મૂકી સરળ સહજ અને સ્પષ્ટ. ભાઈ! ભગવાન! તું તો અનાકુળસ્વરૂપ છો. એમ લખ્યું છે ને, જુઓ! '**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ હોવાથી...**' ભગવાન તો નવા કર્મબંધમાં નિમિત્ત થાય એવો આત્મા જ નથી, એમ કહે છે. નવો કર્મનો બંધ થાય એમાં નિમિત્ત થાય એ જીવ નહિ. નવા બંધમાં આસ્રવ નિમિત્ત થાય છે. આસ્રવ આત્માનું સ્વરૂપ છે જ નહિ. જીવ એને કહે છે કે નવા બંધમાં નિમિત્ત ન થાય એવા પરિણામવાળો થાય એને જીવ કહે છે. જીવ-આત્મા એને કહીએ કે એમાં શુભભાવ થાય એ આત્મા નહિ. અને શુભભાવ પુદ્‌ગલપરિણામમાં નિમિત્ત થાય છે તો એ જીવ નહિ. ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ, અનંત ગુણના સ્વભાવનો પિંડ એ તો પુણ્યપરિણામનું કારણ નથી. તો પછી બંધમાં પુણ્યપરિણામ થાય એનું કારણ આત્મા નથી, એમ કહે છે. નવા બંધમાં નિમિત્ત થાય એ આત્મા નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાય છે કાંઈ? એ આત્મા નહિ. તીર્થંકર ગોત્રના બંધમાં પડ્યો એ શુભભાવ આત્મા નહિ. આહાહા..!

કહે છે, આસ્રવ પુણ્ય-પાપના ભાવ એ આગમી કાળમાં આકુળતાને ઊપજાવનારા એવા પુણ્યબંધ જે પડશે એ પુદ્‌ગલપરિણામ છે, જે બંધ પડ્યો ઈ. એ તો આકુળતા (ઉત્પન્ન કરાવશે). પુદ્‌ગલપરિણામ તો આકુળતાના સંયોગ આપશે તો આકુળતાને ઉપજાવનારા છે. એમ જાણીને ભગવાન આત્મા કર્મબંધમાં નિમિત્ત થાય એ આત્મા જ નહિ. બંધમાં આત્મા કારણ હોય જ નહિ. ચાહે તો તીર્થંકર ગોત્રનો બંધ પડે કે સર્વાર્થસિદ્ધનો બંધ પડે એ આત્મા નહિ. આત્મા તો બંધમાં અહેતુ છે. આહાહા..! ભારે વાતું ભાઈ!

‘**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામનો અહેતુ...**’ જુઓ! કોઈપણ બંધમાં હેતુ હોય એ જીવ નહિ. એમ કહે છે અહીંયા તો. બંધમાં હેતુ હોય તો બંધ કોઈ દી તૂટે જ નહિ. ભગવાન જ્ઞાનાનંદ ચિદાનંદ સહજાનંદ મૂર્તિ આત્મા કોઈ(પણ) બંધમાં હેતુ હોય એમ નથી. અહેતુ છે. નવા બંધમાં અહેતુ છે. અર્થાત્ એને બંધ છે જ નહિ. બંધના કારણરૂપ પરિણામ નથી અને એને બંધ જ નથી, એનું નામ જીવ છે. સમજાય છે કાંઈ? ‘**જીવ જ સમસ્ત પુદ્‌ગલપરિણામ...**’ સમસ્ત પુદ્‌ગલપરિણામમાં શું બાકી રહ્યું? તીર્થંકર ગોત્ર બંધાય એમાં પણ આત્મા અહેતુ છે. આત્મા અહેતુ છે. આહાહા...! વીતરાગની વાણી વીતરાગમય છે. ભગવાને જાણ્યું અને કહ્યું, એવો આત્મા આનંદમય અને બંધનો હેતુ નથી એવો આત્મા, એવો આત્મા ભગવાને કહ્યો છે, એવો આત્મા જ્ઞાનમાં, ભગવાનના જ્ઞાનમાં પર આત્મા એવો આવ્યો છે. એવો આત્મા જેની દૃષ્ટિમાં આવે. હું બંધનો હેતુ નથી. અર્થાત્ હું આસ્રવમાં નથી. હું તો અનાકુળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છું. જેવો ભગવાને જોયો અને કહ્યો એવી દૃષ્ટિ થાય તેને સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? એને નવા કર્મનો બંધ પડે એવું આત્મામાં છે જ નહિ. આહાહા..! શું કહે છે? થોડો બંધ કરો, ભવિષ્યમાં અનુકૂળ સામગ્રી મળે. મનુષ્યપણું મળ્યું તો આ સાધન થયું, લ્યો. કહે છે કે મનુષ્યપણાના કારણરૂપ જે પરિણામ છે એ મને લાભદાયક છે એમ માને તો મિથ્યાદૃષ્ટિ છે. ૧૯માં આવ્યું છે ને, ભાઈ! ૧૯. આ છું, આ છું, ભવિષ્યમાં આમ થઈશ. અનુકૂળ સામગ્રી હોય ને તો ભવિષ્યમાં મને લાભ થશે. આવી સામગ્રી હોય ને, ભગવાનની વાણી મળે, ભગવાન મળે તો મને લાભ થશે. પરદ્રવ્યથી લાભ થશે? સમજાય છે કાંઈ? એ વાત ખોટી છે. તિરસ્કાર કરનારા. પછી જવાબ આપ્યો છે. આહાહા..! ભારે વાત કરી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુમાં તો બંધનો હેતુ થવાનો સ્વભાવ જ નથી. એ તો અબંધ પરિણામ પ્રગટ કરવાનો એમાં સ્વભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ‘**આમ**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**આસ્રવોનું અને જીવનું...**' લ્યો. એ છ બોલ થઈ ગયા. '**આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...**' જુઓ! '**ભેદજ્ઞાન થતાં વેંત જ...**' ભગવાન આત્મા જીવસ્વભાવ, આસ્રવ એ લાખ સ્વભાવ જેવા. ભગવાન આત્મા ધ્રુવ, આસ્રવ અધ્રુવ વધતા-ઘટતા. ભગવાન આત્મા એકરૂપ નિત્ય, પુણ્ય-પાપ એક પછી એક ઉત્પન્ન થવાવાળા અનિત્ય. ભગવાન આત્મા શરણ, પોતાથી ત્રિકાળ રક્ષિત. પુણ્ય-પાપ શરણરહિત છે. આત્મા આનંદરૂપ છે અને શુભાશુભ પરિણામ દુઃખરૂપ છે. આત્મા બંધના હેતુનો અભાવ છે, આસ્રવો તો દુઃખના પરિણામ ઉત્પન્ન કરવાવાળા પુદ્ગલનો હેતુ છે. સમજાય છે કાંઈ?

'**આમ આસ્રવોનું...**' આમ આસ્રવોનું. જુઓ! '**અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...**' આમ બે વચ્ચે ભિન્નતા, તફાવત, વિશેષતા થતાં વેંત જ. બેના લક્ષણ ભિન્ન, બેના ભાવ ભિન્ન એમ ભેદ થતાં વેંત જ, અંતરમાં આવું ભાન થતાં વેંત જ. '**થતાં વેંત જ...**' જુઓ! 'જ' શબ્દ પડ્યો છે. '**થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...**' લ્યો. એનો કર્મબંધ અંદર શિથિલ થઈ ગયો છે. જ્યાં વિપરીત પર્યાય નાશ થઈ ગઈ તો કર્મવિપાક પણ શિથિલ થઈ ગયો એમ કહે છે. સમજાય છે કાંઈ? આમ ભગવાન આત્માને અંતરમાં જાણીને પરથી ભેદજ્ઞાન થતાં જ વિકારનો નાશ થાય છે, વિકારનું નિમિત્ત જે કર્મ છે તે પણ શિથિલ થઈ જાય છે, ઢીલો પડી જાય છે. સમજાય છે કાંઈ? એમ કહે છે. વાત ક્રમથી લીધી છે.

'**આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા,...**' એવો આત્મા. વાદળાનો દૃષ્ટાંત આપશે. સમજાય છે કાંઈ? જેમ '**જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે...**' સૂર્ય. સૂર્યનો પ્રકાશ જ્યાં થયો તો વાદળાં જે અખંડ હતા, એ ખંડ થઈ ગયા. વાદળામાં ખંડ પડી ગયો, ભિન્ન પડી ગયા. એમ ભગવાન આત્મા પોતાના ચૈતન્યસ્વભાવનું એવું લક્ષણ જાણીને, આસ્રવનું ભિન્ન લક્ષણ જાણીને અંદર ભેદજ્ઞાન થયું તે જ સમયે કર્મ શિથિલ થઈ ગયા અને ચૈતન્યનો પ્રકાશ પ્રગટ થઈ ગયો. એનું નામ ધર્મ કહે છે અને તે કાળે એને કર્મનો નાશ થાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**વૈશાખ વદ ૧૪, શનિવાર તા. ૨૫-૫-૧૯૬૮**
**ગાથા-૭૪, પ્રવચન-૫૧૭**

કર્તાકર્મ અધિકાર. ૭૪ ગાથા. ત્યાં આવ્યું, જુઓ! **'આમ આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ...'** થોડું આગળ આવ્યું છે પણ ત્યાંથી શરૂ કરીએ. આમ એટલે કેમ? પહેલા જે છ બોલ કહ્યા કે ભગવાન આત્મા જીવ સ્વભાવ શુદ્ધ આનંદ છે. અને પુણ્ય-પાપના ભાવ, જેમ લાખ છે એમ એ જીવસ્વરૂપ નથી. લાખ જેમ વૃક્ષસ્વરૂપ નથી, એમ શુભ-અશુભભાવ જીવસ્વરૂપ નથી. એમ બે વચ્ચે વિશેષતાનું ભાન થતાં વેંત જ આત્મામાં સમ્યક્જ્ઞાન થાય છે અને આસ્રવોથી નિવૃત્તિ થાય છે. સમજાય છે કાંઈ? એવા છ બોલ લીધા. એ અને બીજામાં શું આવ્યું? અધ્રુવ. પુણ્ય અને પાપ વધે-ઘટે છે તેથી શુભાશુભભાવ અધ્રુવ છે. ચૈતન્ય ભગવાન ચૈતન્યસ્વભાવથી ધ્રુવ છે. એમ ધ્રુવ અને અધ્રુવનો અંતરમાં તફાવત વિશેષતા-ભેદ-ભિન્નતા જોતાં વેંત જ આત્મામાં જ્ઞાન પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

ત્રીજું. તાવ.. તાવ. શીત અને ઉષ્ણજ્વરની જેમ શુભ અને અશુભ ભાવ અનુક્રમે ઉત્પન્ન થવાવાળા છે. શુભભાવ વખતે અશુભ નહિ અને અશુભકાળે શુભ નહિ. અનુક્રમ ઉત્પન્ન થવાવાળા જ્વરની જેમ. એમ જાણીને ભગવાન આત્મા સહજ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યઘન એ નિત્ય છે. નિત્ય ઉપર નજર કરવાથી અનિત્યનું લક્ષ, જે રુચિ અને લક્ષ છે એ છૂટી જાય છે. સમજાય છે કાંઈ?

ચોથો બોલ. વીર્ય સ્ખલન કાળે વીર્ય રોકી રાખવાની શક્તિ નથી. એમ આસ્રવ નાશ થવા કાળે આસ્રવને રાખવાની શક્તિ નથી. અશરણ છે. શુભ-અશુભ ભાવ તો અશરણ છે, કૃત્રિમ છે. આત્મા શરણ છે. સમજાય છે કાંઈ? શુભ-અશુભભાવ અશરણ છે. આત્મા શરણ છે. ચિદાનંદ જ્ઞાયક સ્વભાવ શરણ છે. બે વચ્ચેનો તફાવત જાણીને સ્વભાવ સન્મુખ જ્યારે જ્ઞાન થાય છે, તે જ કાળે આસ્રવથી નિવૃત્ત થાય છે. કહો, આ આસ્રવથી નિવૃત્ત થવાની વિધિની વાત છે. બહારથી તો નિવૃત્ત જ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? કુટુંબ, શરીર, સ્ત્રી એ તો પરદ્રવ્ય છે. તેનો તો અભાવ જ છે. પર્યાયમાં આસ્રવને પોતાનો માન્યો હતો તેનાથી નિવૃત્ત થવું એની વાત છે અહીંયા.

પાંચમો બોલ. પાંચમામાં શું આવ્યું? દુઃખ, દુઃખ-આકુળતા. આસ્રવ પુણ્ય અને પાપ બેય આકુળતાના સ્વભાવ આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, સુખસ્વરૂપ છે. બે વચ્ચેનો લક્ષણભેદ તફાવત જાણીને સ્વભાવ સન્મુખ થવું એનું નામ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ધર્મની દશા પ્રગટ થવી અને અધર્મ અવસ્થાનો નાશ થવો.

'**दुःखफला**'. શુભ-અશુભ પરિણામ વર્તમાન જે નવા કર્મ બંધાય છે એવા પુદ્ગલપરિણામમાં નિમિત્ત છે. એ પુદ્ગલપરિણામ કેવા છે? કે ભવિષ્યમાં દુઃખફળ દેવાવાળા છે. જે પુણ્યબંધ છે એ પુણ્યથી સામગ્રી મળે તો કહે છે કે એ તો દુઃખફળ છે. એના તરફ લક્ષ કરવાથી આકુળતા જ ઉત્પન્ન થશે.

મુમુક્ષુ :- કોઈ .. નહિ કરે.

ઉત્તર :- કોણ કરે છે? અહીં તો ભગવાનના શુભ પરિણામ, અહીંયા શુભ પરિણામ થયા એ નવા પુદ્ગલપરિણામનો હેતુ છે. પુદ્ગલપરિણામ કેવા છે? કે આકુળતાના હેતુ છે. પુણ્યથી વીતરાગની વાણી મળે, સમવસરણ મળે, દેવ-ગુરુ-શાસ્ત્ર મળે તોપણ કહે છે કે એ '**दुःखफला**' છે. એઈ..! કારણ કે પરદ્રવ્ય ઉપર લક્ષ જશે તો તને આકુળતા જ ઉત્પન્ન થશે. ચાહે તો શુભ હો. પંડિતજી! અમારા પંડિતજી... જુઓ! એમાં ઈ છે કે નહિ? આ અમારા પંડિતજીને તો ... થઈ હતી.

જુઓ! શુભ-અશુભ બે ભાવ છે. વર્તમાન તો આકુળતા છે જ. એક વાત. કેમ કે આત્માના અમૃતસ્વરૂપથી એ વિરુદ્ધ છે. ચાહે તો હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, કામકાજના ભાવ બધું આકુળતા અને દુઃખ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ એ પણ શુભરાગ રૂપી આકુળતા જ છે. હવે એ ભાવ નવા પુદ્ગલ બંધાય છે એમાં નિમિત્ત છે. તો નવા બંધાય છે પુદ્ગલપરિણામ એ કેવા છે? એમ કહે છે. કે ભવિષ્યમાં આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે. એમ થયું ને? શું હા જી. પણ આ ભગવાનનું સમવસરણ આકુળતાને ઉત્પન્ન કરવાવાળું? એ.. અજીતપ્રસાદજી!

મુમુક્ષુ :- બરાબર, સત્ય વચન!

ઉત્તર :- શું સત્ય વચન?

અહીંયા તો એમ કહે છે, જુઓ! '**આસ્રવો આગામી કાળમાં આકુળતાને ઉત્પન્ન કરનારા પુદ્ગલપરિણામ...**' એ પુદ્ગલપરિણામ કેવા છે? કે સંયોગ મળશે, એ તરફ તારું લક્ષ જાશે તો રાગ જ ઉત્પન્ન થશે. ચાહે તો શુભ હો કે અશુભ, એનો પ્રશ્ન નથી. સમજાય છે કાંઈ? ભારે કામ ભાઈ!

અહીં તો કહે છે, ભગવાન આત્મા તો અનાકુળ આનંદમૂર્તિ છે. સુખસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે. એ તો આકુળતાને ઉત્પન્ન કરવાવાળો આત્મા છે જ નહિ. સમજાય છે કાંઈ? નવા કર્મમાં નિમિત્ત થાય એ આત્મા નહિ. બંધમાં નિમિત્ત થાય એ તો આકુળતા નિમિત્ત થાય છે. આત્મા નિમિત્ત નથી. એને આત્મા કહેતા જ નથી. નવા બંધમાં નિમિત્ત થાય એ આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ નહિ. નવા બંધમાં નિમિત્ત થાય એ તો વિકાર નિમિત્ત થાય છે. ભગવાન આત્મા તો અવિકારી સ્વભાવ ચૈતન્યઘન છે. એમાં પરિણામ ક્યાંથી આવ્યા કે નવા બંધમાં નિમિત્ત થાય? તો કહે છે કે નવા બંધમાં નિમિત્ત થાય એવા જે પરિણામ. નવો બંધ જે પુદ્ગલના પરિણામ થયા એ ભવિષ્યમાં તો આકુળતા સંયોગ આપશે. ચાહે તો અનુકૂળ કે પ્રતિકૂળ બેય સંયોગમાં તારું લક્ષ જશે તો તને રાગ જ ઉત્પન્ન થશે. એમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થશે એમ નથી. એમ કહે છે. આગમ અને પ્રતિમા બે આધાર છે. તમારે તો એમ કહે છે. શ્વેતાંબરમાં તો ઈ કહે છે. એમાં હતા કે નહિ બધા ઠેઠ સુધી? અત્યારે આગમ અને પ્રતિમા, ભગવાનની પ્રતિમા, જિન પ્રતિમા અને આગમ બે આધાર છે જીવોને. ભવ્યના આધાર. અહીં તો કહે છે કે પર ઉપર તારું લક્ષ જશે એ આકુળતા ઉત્પન્ન કરશે, એમ કહે છે. ભાઈ! આહાહા..! અત્યારે તો છે પણ તને વર્તમાનમાં એવો કોઈ શુભભાવ થાય તો શુભભાવથી જે પુણ્ય બંધાશે તો પુણ્યને કારણે સંયોગ મળશે. અને સંયોગ ઉપર તારું લક્ષ જશે તો રાગ જ ઉત્પન્ન થશે. સંયોગના લક્ષે અરાગ (પરિણામ) ઉત્પન્ન થાય છે? સમ્યગ્દર્શન સંયોગના લક્ષે ઉત્પન્ન થાય છે? એમ કહે છે. સંયોગના લક્ષે શું ધર્મ ઉત્પન્ન થાય છે? ધર્મ તો આત્મા અખંડાનંદ શુદ્ધ સ્વરૂપ છે એના આશ્રયે ધર્મ ઉત્પન્ન થાય છે, એમ કહે છે. સુરેન્દ્રજી! ત્રણ લોકના નાથ વીતરાગ.. ભાવનામાં આવે છે કાંઈક, નહિ? બોહિ લાભં, ફલાણું ફલાણું કાંઈક આવે છે. આવું મરણ આપજો, આવું આપજો, વાણી જિનવાણી આપો, લ્યો. એવું આવે છે. બોહિ લાભં. ઘણું આવે છે એ શબ્દમાં. એ તો બધી આત્માની ભાવનાની અંતરની વાત છે. શુભ પરિણામ હું કરું અથવા આવે છે તેનાથી પુદ્ગલ પુણ્ય બંધાઈ જાય, એની સામગ્રી સમવસરણ ભગવાનની વાણી દેવ-ગુરુ મળે તો કહે છે કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્ય ઉપર જેટલું તારું લક્ષ જશે એટલો રાગ જ ઉત્પન્ન થશે. પુણ્યપરિણામ દુઃખફળનું કારણ છે.

મુમુક્ષુ :- પુણ્યપરિણામ નથી લખ્યું, અહીંયા આસ્રવ લખ્યું છે.

ઉત્તર :- આસ્રવ એ શું થયું? પુણ્ય-પાપ બેય આસ્રવ છે કે નહિ? એ.. પંડિતજી! પુણ્ય-પાપ બેય આસ્રવ છે કે એક પાપ જ આસ્રવ છે?

ભગવાન આત્મા પુણ્ય-પાપના આસ્રવથી તો ભિન્ન છે. આસ્રવતત્ત્વ એ તો અન્ય તત્ત્વ છે. ભગવાન આત્મા તો આસ્રવતત્ત્વથી અન્ય તત્ત્વ છે. આત્માના તત્ત્વથી અન્ય તત્ત્વ છે એ વર્તમાન દુઃખરૂપ છે અને ભવિષ્યમાં પણ પુદ્ગલપરિણામ જે બંધાશે એ આકુળતા ઉત્પન્ન થાય એવા બંધાશે. ન્યાં ક્યાં આત્માની એકતા થાય એવા પુદ્ગલ બંધાય છે? જુઓ! ભાઈ! આમાં તો ઈ આવ્યું, એઈ..! શુભભાવથી તીર્થંકર પ્રકૃતિ બંધાય તો એ પ્રકૃતિ પણ..

મુમુક્ષુ :- ..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- પણ ઉદય ક્યાં આવશે? એને ઉદય કેવળ થશે પછી આવશે. ખુબી જુઓને. એઇ..! પહેલા થશે જ નહિ. આહા..!

અહીં તો ઇ આવ્યું, ભગવાન આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ તેનાથી ઊલટા પુણ્ય પરિણામ, ચાહે તો તીર્થંકર ગોત્રનો હો, એ ભાવથી પ્રકૃતિ બંધાણી, પુદ્ગલપરિણામ બંધાણા એમાં એ નિમિત્ત થયા અને એ પુદ્ગલપરિણામ તો આકુળતાને ઉત્પન્ન કરવાવાળા છે. કેમ કે પુદ્ગલપરિણામથી સંયોગ મળશે. ભગવાન તો પછી મળશે. જ્યારે એ પુણ્ય પરિણામનો નાશ કરીને કેવળજ્ઞાન લેશે ત્યારે એ પ્રકૃતિ બંધાણી તેનો ઉદય આવશે. તો કેવળજ્ઞાનમાં એ તીર્થંકર ગોત્ર જ્ઞેય થઈ ગયું. એને જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું. તીર્થંકર સમવસરણ આદિ તો જ્ઞાનમાં જ્ઞેય થઈ ગયું. સમજાય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ ક્યાં? ઉદય રહેતો નથી. સિદ્ધાંત લાગુ પડ્યો. એનું પરિણામ બહારમાં તો પહેલા આવતું નથી. જે પ્રકૃતિ બંધાણી એનું પરિણામ (ફળ) એને બહારમાં પહેલા આવે છે? એ તો જ્યારે એ પરિણામનો નાશ કરશે, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાણું છે, ભાવ, એ ભાવનો નાશ કરીને વીતરાગતા પ્રગટ કરશે પછી કેવળજ્ઞાન પ્રગટ કરશે ત્યારે એ પ્રકૃતિનું ફળ તેરમે ગુણસ્થાને આવશે. તીર્થંકર પ્રકૃતિનો ઉદય કંઈ બારમે, અગિયારમે નથી આવતો. કેવળજ્ઞાન થશે ત્યારે સમવસરણ આદિ થશે. બધાને જાણે છે એમ જાણશે. સમજાય છે કાંઈ? કેટલી વાત નાખી છે! કેવી રીતે નાખી છે!

એમ તફાવત જોઈને. જુઓ! આવા શુભાશુભ ભાવ આગામી આકુળતાના ઉત્પન્ન કરવાવાળા પુદ્ગલપરિણામનો હેતુ હોવાથી દુઃખફળ આવશે. એમ ભગવાન આત્મા અને આસ્રવ બેનું **'ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે...'** બસ, અંતરમાં રાગ અને પુણ્યથી ભિન્ન પડતાં જ કર્મના વાદળાં ખંડ થઈ ગયા, કર્મનો વિપાક શિથિલ થઈ ગયો. **'એવો તે આત્મા, જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના...'** વાદળાં જેમ ખંડિત થઈ ગયા અને પછી સૂર્યનો પ્રકાશ પ્રકાશ થઈ જાય છે એમ આસ્રવનો નાશ થવાથી આત્મામાં જ્ઞાનઘન એકાગ્ર થતાં વેંત જ પ્રકાશનો પુંજ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? જુઓ! **'જથ્થાબંધ વાદળાંની રચના જેમાં ખંડિત થઈ ગઈ છે એવા દિશાના વિસ્તારની જેમ...'** દિશા ખુલ્લી થઈ ગઈ. વાદળા ખલાસ થઈ ગયા. એમ આત્મામાં રાગ અને આત્માથી ભિન્ન જાણીને પોતાનું ભાન થયું તે જ ક્ષણે કર્મના વાદળાં ખંડ ખંડ થઈ ગયા. અને પોતાની પર્યાયમાં ચૈતન્યપ્રકાશનું નૂર-તેજ પ્રગટ થયું. સમ્યક્જ્ઞાન પ્રગટ થયું. પછી શાસ્ત્રનું વિશેષ જ્ઞાન હો કે ન હો પણ એને અહીંયાં સમ્યક્જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પ્રગટ થયું એને વિજ્ઞાનઘન કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યઘન છે. એના તરફનો આશ્રય કરીને અને પરનો આશ્રય છૂટીને જે ભાવ પ્રગટ થયો એ જ સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિની વિકાસ શક્તિ પ્રગટ થઈ. સમજાય છે કાંઈ? એ ધર્મ પ્રગટ થયો. ચૈતન્યનો પ્રકાશ. પોતાનું ભાન, રાગાદિ હોય તેનું પણ જ્ઞાન. એવો ચૈતન્યપ્રકાશ પ્રગટ થયો. એનું નામ ધર્મ અને સમ્યક્જ્ઞાન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

‘**અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે...**’ ભાષા જુઓ! શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન તરફનો આશ્રય કરીને સાવધાનીથી રાગથી ભિન્ન પડ્યો તો જ્ઞાનની શક્તિ જે અમર્યાદિત સ્વભાવ છે એમાંથી પર્યાય પણ અમર્યાદ શક્તિ પ્રગટ થઈ. સમજાય છે કાંઈ? ‘**અમર્યાદ જેનો વિસ્તાર (ફેલાવ) છે એવો, સહજપણે વિકાસ પામતી...**’ ભગવાન જ્ઞાનકિરણ છે. સૂર્યમાંથી તો પ્રકાશના જ કિરણ ઉત્પન્ન થાય છે. સૂર્યમાંથી પ્રકાશ તો ધોળો ઉજળો જ પ્રગટ થાય છે. એમ ચૈતન્યસૂર્ય વિકારથી ભિન્ન પડીને પોતામાં એકાગ્ર થયો તો ચૈતન્યસૂર્યનો નિર્મળ પ્રકાશ જ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? ભાઈ! અધ્યાત્મની વાત છે, સૂક્ષ્મ વાત છે.

કર્તાકર્મ છે ને. જ્યાં સુધી આમ ન થાય ત્યાં સુધી જ્યાં-ત્યાં વિકલ્પનો કર્તા થશે. વિકલ્પનો કર્તા થશે તો મિથ્યાત્વની ક્ષણે ક્ષણે પુષ્ટિ થશે. ચાહે તો પંચ મહાવ્રત પાળતા હોય કે બાર વ્રત પાળતા હોય કે ચાહે તો તીર્થંકરના સમવસરણમાં ગયા હોય. સમજાય છે કાંઈ? પણ જ્યાં સુધી પરદ્રવ્યના આશ્રયે પોતામાં શુભાશુભ ભાવનો અપરાધ ઉત્પન્ન થયો તેની કર્તૃત્વબુદ્ધિ ન છૂટે. કર્તાકર્મ છે ને. એની કર્તૃત્વબુદ્ધિ ન છૂટે ત્યાં સુધી જ્યાં જાય ત્યાં રાગના કર્તૃત્વનું જ એનું પરિણમન થશે. જ્ઞાનઘનની એકતાનું પરિણમન નહિ થાય. એમ ભાઈ! સમજાય છે કાંઈ? એમ કહે છે. જ્યાં જ્યાં એ દ્રવ્ય જાશે, જેમાં રાગ અને પુણ્યના વિકલ્પની એકતા તો પડી છે, ભિન્ન તો થયો નથી. ભિન્ન નથી થયો તો જ્ઞાનની એકતા અને પ્રકાશનો વિકાસ તો નહિ થાય. સમ્યગ્દર્શન, જ્ઞાન, શાંતિનો વિકાસ તો નહિ થાય. સમજાય છે કાંઈ? ચાહે તો બાહ્ય ત્યાગી થઈને ફરે, હજારો સ્ત્રી, રાણી છોડીને મુનિ થાય, પંચ મહાવ્રત પાળે પણ એ વિકલ્પનું કર્તૃત્વ છે. સ્વભાવની એકતા તો થઈ નથી. રાગથી તો ભિન્ન પડ્યો નથી. તો ભિન્ન પડ્યો નથી તો રાગમાં પોતાનું અસ્તિત્વ માન્યું. તો મિથ્યાત્વની પુષ્ટિ ક્ષણે ક્ષણે થાય છે, એમ કહે છે. પંડિતજી!

મુમુક્ષુ :- જ્યાં હોય ત્યાં મિથ્યાત્વ જ માન્યું છે ને?

ઉત્તર :- અહીંયા મિથ્યાત્વ અને આમ સમ્યક્. કહો, સમજાય છે કાંઈ? ઈ વાત તો અહીંયા ચાલે છે. કર્તાકર્મની વાત તો ચાલે છે. સમજાય છે કાંઈ? ‘કરે કર્મ સો હી કરતારા,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જો જાને સો જાનનહારા'. આહા..!

આઠ વર્ષની બાલિકા સમ્યગ્દષ્ટિ હોય. આવડો દેડકો સમ્યગ્દષ્ટિ હોય તોપણ ક્ષણે ક્ષણે રાગથી ભિન્ન આત્માની એકતાની પુષ્ટિ અને વૃદ્ધિ થાય છે. સમજાય છે કાંઈ? અને દ્રવ્યલિંગી મુનિ અઠ્યાવીસ મૂળગુણને પાળવાવાળો, એની મિથ્યાદષ્ટિ છે. દષ્ટિ તો હજી રાગ ઉપર અને કર્તાપણાની પડી છે. સ્વભાવ રાગથી ભિન્ન છે એવું ભાન તો થયું નથી. સમ્યક્‌જ્ઞાન, જ્ઞાનની પરિણતિ-સમ્યક્‌જ્ઞાનની પરિણતિ વિજ્ઞાનઘન દશા થઈ નથી. જ્ઞાનમાં એકાગ્રતા તો થઈ નથી. તો રાગમાં એકાગ્રતા છે. તો રાગમાં એકાગ્રતાવાળાના ચાહે તો શુભ પરિણામ અઠ્યાવીસ મૂળગુણના હોય તોપણ એને મિથ્યાત્વના જ પરિણામની પુષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનપરિણતિ પ્રગટ કર્યા વિના પુણ્ય-પાપના રાગથી ભિન્ન ભગવાન ચિદાનંદ સ્વરૂપ છે એવી જ્ઞાનપરિણતિ પર્યાય પ્રગટ કર્યા વિના રાગની પ્રગટતા તો અનાદિથી એકત્વબુદ્ધિમાં છે. એ જ મિથ્યાત્વભાવ એને પુષ્ટ થશે. સમજાય છે કાંઈ? ચંદુભાઈ! કિંમત કાઢી નાખી કે અમે આ બધા પંચ મહાવ્રત પાળીએ છીએ. કિંમત ક્યાં હતી? મહાવ્રત કે દી હતા? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ ચિદ્‌ઘન વિજ્ઞાનઘન એમ રાગથી, પુણ્યથી, વિકલ્પથી નિર્વિકલ્પ વસ્તુનો ભેદ કર્યા વિના અંદર સમ્યક્‌જ્ઞાનની એકતા વિજ્ઞાનઘન નથી થતો. શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિની એકાગ્રતા નથી થતી. નથી થતી ત્યારે રાગની એકતા અને વિકારની એકતાની પુષ્ટિ થશે. આહાહા..! ચૈતન્ય વસ્તુ આસ્રવ વિકલ્પ પુણ્ય-પાપના તત્ત્વથી ભિન્ન છે. ભિન્ન પડ્યો તો એની આત્મસ્વભાવ ઉપર દષ્ટિ થઈ તો જ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ. ઈ કહે છે. વિજ્ઞાનઘન થયો. જાણપણું ઓછુંવત્તુ હોય એની સાથે સંબંધ નથી. એ જ્ઞાનપરિણતિ પ્રગટ થઈ તો ક્ષણે ક્ષણે એમાં જ્ઞાનમાં જ એકાગ્રતા થાય છે. સંવર, નિર્જરા જ વિશેષ થાય છે. સમજાય છે કાંઈ? ચાહે તો લડાઈમાં હો, ચાહે તો ભોગવાસનાના વિકલ્પમાં દેખાઓ. પણ અંદર જ્ઞાનપરિણતિ એનાથી ભિન્ન પડી છે તો સ્વભાવ સન્મુખની એકતા જ એને વધે છે. સમજાય છે કાંઈ?

જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કહ્યું છે. ભોગ નિર્જરાનો હેતુ નથી. ભોગ તો રાગ છે. પણ જ્ઞાનીને એ ભોગ વખતે પણ રાગથી પૃથક્ પોતાની જ્ઞાનપરિણતિનો પ્રવાહ ચાલે છે. તે પરિણતિ નિર્જરાનો હેતુ છે. સમજાય છે કાંઈ? અને અજ્ઞાનીને જ્ઞાનપરિણતિ ચૈતન્ય ભગવાન રાગના કર્તૃત્વથી ભિન્ન એવો બોધ નથી. તો જ્ઞાનની એકતા નથી. તો રાગની એકતા તૂટી નથી. તો રાગની એકતામાં ચાહે તો શુભ વિકલ્પ હો, તો એમાં પણ એકતા ચાલે છે તો મિથ્યાત્વની પુષ્ટિ ચાલે છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીંયા ઈ કહે છે, જુઓ! '**સહજપણે વિકાસ પામતી...**' ભગવાન આત્મા રાગથી વિકલ્પથી, પુણ્યના પરિણામથી ભિન્ન મારી ચીજ છે. એવું ભાન થયું તો સહજ સ્વભાવે શક્તિ જે ચિદાનંદ ઘન છે એ વિકાસને પ્રાપ્ત થાય છે. કળી જેમ ખીલી જાય એમ જ્ઞાનની કળા અંદરથી ખીલે છે. એ કોઈ ભણાવીને ખીલતી નથી એમ કહે છે. વાંચી-ભણીને ખીલતી નથી એમ કહે છે. આહાહા..! એ તો જે ભણવાનો વિકલ્પ છે એનાથી પણ જે ભિન્ન પડ્યો છે તો એ જ્ઞાનની શક્તિનો સહજ વિકાસ થાય છે. જ્ઞાનનો વિકાસ સહજ સાધન થઈને કેવળજ્ઞાનનું સાધન થઈ જાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

'**જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...**' જુઓ! સમ્યગ્દર્શનથી, સમ્યગ્જ્ઞાનથી વિજ્ઞાનઘન થાય છે. શક્તિ તો ત્રિકાળ જ્ઞાનઘન છે. અહીંયા પર્યાયની વાત ચાલે છે. '**જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...**' એ તો પર્યાયની વાત છે. પર્યાય નામ અવસ્થા. અજ્ઞાની જેમ જેમ રાગ અને વિકલ્પના કર્તાપણાની બુદ્ધિ છે ત્યાં સુધી ક્ષણે ક્ષણે મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. તો આત્માની ચિત્શક્તિનો વિકાસ રૂંધાઈ જાય છે. સમજાય છે કાંઈ? ભગવાન ચિત્શક્તિનું તેજ પ્રભુ, એ રાગથી પુણ્યથી ભિન્ન થઈને પોતાના વિજ્ઞાનઘનનો કર્તા થઈને વિજ્ઞાનની પર્યાયનું કાર્ય ઉત્પન્ન થયું એ વિજ્ઞાનઘન થાય છે પર્યાયમાં. ચાહે તો ચોથે ગુણસ્થાને દેડકો હોય તોપણ કહે છે, એટલો વિજ્ઞાનઘન થયો છે. ઘન થયો છે, ત્યાં એકાકાર થયો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વસ્તુ એકલી જ્ઞાનપિંડ ચૈતન્યપિંડ છે. અને રાગના-વિકલ્પના દુઃખથી ભિન્ન પડીને પોતાના સ્વભાવમાં એકાગ્ર થયો તો એ જ્ઞાન વિજ્ઞાનઘન થયું. પર્યાયમાં વિજ્ઞાનઘન થયું-અવસ્થામાં વિજ્ઞાનઘન થયું. જે રાગમાં અસ્થિર નામ તરળતા જે હતી, ચાહે તો અગિયાર અંગ ભણતો હતો, તોપણ કહે છે કે જ્ઞાન ખંડ ખંડ થતું હતું. અહીંયા વસ્તુના સ્વભાવ તરફ એકાકાર થવાથી વિજ્ઞાનઘન થયો. જ્ઞાનઘન વસ્તુ તો છે પણ એમાં એકાકાર થઈને વિજ્ઞાનઘન પર્યાય થઈ. સૂક્ષ્મ વાત. સમજાય છે કાંઈ? અહીંયા ઈ પણ આવ્યું, લ્યો. કે જો કર્મ આસ્રવ કરાવે તો આસ્રવથી નિવૃત્ત થવાનો પુરુષાર્થ તો આત્મા કરી શકે નહિ. કેમ કે એ આસ્રવ કરાવશે.

મુમુક્ષુ :- તપ કરે તો...

ઉત્તર :- ક્યો તપ પણ? તપ એ-પ્રતપંતિ ઈતિ તપઃ. જેમ સુવર્ણ ગેરુથી ઓપે છે-શોભે છે. સુવર્ણ હોય ને સુવર્ણ? સમજાય છે કાંઈ? સુવર્ણમાં... ગેરુ હોય ને? ગેરુ. ગેરુ નથી સમજતા? લાલ ગેરુ હોય છે. ઓપે તો બહુ ચકચકાટ થાય છે. સોનું. શાસ્ત્રમાં આ દૃષ્ટાંત આપ્યું છે.

ભગવાન આત્મા રાગ વિકલ્પથી ભિન્ન પોતાના ચૈતન્યસ્વરૂપમાં દૃષ્ટિ દીધી છે, એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિશેષ ઉગ્રપણે એકાગ્ર થાય છે તો આત્મા પ્રતપંતે-ચૈતન્યના પ્રકાશનું નૂર વિકાસિત થાય છે. તેને ભગવાન તપ કહે છે. પ્રતપંતે ઈતિ તપ. જ્યાં પોતાનો પ્રતાપ પ્રગટ થઈને રાગનો અભાવ કરીને સ્વભાવની શક્તિનો વિકાસ પ્રતાપ પ્રગટ થાય છે તેનું નામ ભગવાન તપ કહે છે. બાકી બધાને લાંઘણ કહે છે. લાંઘણ કહે છે? શું કહે છે તમારે? લંઘન. લંઘન કહે છે ને? '**शेषं लंघनकं विदुः**' ઈ આવે છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં (સાતમો અધિકાર). મોક્ષમાર્ગ પ્રકાશકમાં.

**कषायविषयाहारोत्यागो यत्र विधीयते।**
**उपवासः स विज्ञेयः शेषं लंघनकं विदुः।। (सुभाषितरत्न संदोह).**

'**कषायविषयाहारो**' પરનું લક્ષ અને ધ્યેય જ્યાં છૂટી ગયું. '**कषायविषयाहारोत्यागो यत्र विधीयते**' જેમાં પરના વિષય અને રાગાદિનું ધ્યેય છૂટી ગયું. પોતાનું ધ્યેય એવા આત્મામાં આવીને સમીપમાં ઉપ નામ સ્વભાવની સમીપમાં વસવું એ ઉપવાસ છે. બાકી લાંઘણ છે. કહો, સમજાય છે કાંઈ? વર્ષીતપ કરે છે ને? એઈ..! દીપચંદજી! એનામાં ન હોય.

મુમુક્ષુ :- આત્મામાં ઉપવાસ છે જ નહિ.

ઉત્તર :- વિકલ્પ છે એ પણ આત્મામાં નથી. પણ વિકલ્પ મેં કર્યો અને મારું કાર્ય છે એ મિથ્યાદષ્ટિ મિથ્યાત્વની પુષ્ટિ કરે છે અને સ્વભાવનો કાળ ગુમાવે છે. અને કહે છે કે અમે તપસ્યા કરી, અમને નિર્જરા થઈ. અને પાંચ-દસ હજાર ઉજવણામાં ખર્ચે. ઉજવણા સમજો છો? શું કહે છે એને? ઉજવણા કરે છે ને? ઉદ્યાપન. ઉદ્યાપન કરે. પાંચ-દસ હજાર હોય, જેવો ગૃહસ્થ. પચાસ હજાર, લાખ ખર્ચે, બે લાખ ખર્ચે. ઓહો..! તપસ્યા કરી તો એનું ઉજવણું પણ થયું.

મુમુક્ષુ :- એ નથી કરી શકતા તો ડબલ કરો.

ઉત્તર :- તો ડબલ અપવાસ કરો, લ્યો ઠીક. એમ કે એટલા ઉદ્યાપન ન કરી શકો તો ઉદ્યાપનથી અપવાસમાં જશે. મૂઢતા છે બધી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. અહીં તો કહે છે, જુઓને! '**જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે,...**' જ્ઞાન ભગવાન આત્મા, ભગવાન નામ જે સ્વરૂપની મહિમા છે એવો જ્ઞાન ભગવાન, પોતામાં એકાગ્ર થઈને જ્ઞાનની જેટલી લીનતા થાય છે એટલો આસ્રવથી નિવૃત્ત થાય છે. બરાબર છે? જ્ઞાનસ્વરૂપમાં લીનતા થાય છે એટલો આસ્રવથી નિવૃત્ત થાય છે. ભગવાન વિજ્ઞાનઘન ચૈતન્યબિંબમાં જેટલો એકાગ્ર થયો, આનંદકંદ જ્ઞાનમાં એટલો આસ્રવથી નિવૃત્ત થયો. એટલો અનાસ્રવ ભાવ પ્રગટ થયો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહો, સમજાય છે કાંઈ?

**'અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત...'** જુઓ! પહેલો શબ્દ અહીંથી લીધો છે, હોં! **'વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે તેમ તેમ...'** એમ લીધું છે. પછી ફરીને કહે છે, **'અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે...'** જેમ જેમ પુણ્ય-પાપના વિકલ્પથી પાછા ખસીને સ્વરૂપમાં એકાગ્ર થાય છે **'તેમ તેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે;...'** અરસપરસ વાત કરી. પણ પહેલા એ વાત કરી. પહેલા અહીંથી શરૂ કર્યું. આસ્રવોથી નિવૃત્ત થતો જાય છે તેમ તેમ વિજ્ઞાનઘન થતો જાય છે એમ નથી લીધું. અહીં વિજ્ઞાનઘન જેમ જેમ એકાગ્ર થાય છે તેમ આસ્રવોથી નિવૃત્ત થાય છે અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્ત થાય છે તેમ તેમ વિજ્ઞાનઘન-એકાગ્ર થાય છે. એમ. પહેલી શરૂઆત અહીં અસ્તિથી લીધી છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પહેલા વાત કરી. **'આસ્રવોનું અને જીવનું ભેદજ્ઞાન થતાં વેંત જ જેનામાં કર્મવિપાક શિથિલ થઈ ગયો છે એવો તે આત્મા...' 'સહજ વિકાસ પામતી ચિત્શક્તિ વડે જેમ જેમ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે...'** ત્યાંથી શરૂ કર્યું છે. અસ્તિથી લીધું છે. અસ્તિ શું? એક સમયમાં પૂર્ણ જ્ઞાનઘન સ્વરૂપ વસ્તુ સ્વરૂપ, ધ્રુવ સ્વરૂપ કે જ્ઞાયકભાવમાં જેટલો એકાગ્ર થયો, દ્રવ્યમાં પર્યાય, એટલો આસ્રવોથી નિવૃત્ત થયો. જેટલો આસ્રવોથી નિવૃત્ત થયો એટલો જ્ઞાનઘન અહીંયા થયો. સમજાય છે કાંઈ?

આ વ્યાપ્ય-વ્યાપકનો પ્રશ્ન કર્યો હતો. ઓલું પછી આવ્યું હતું ને? એકાદ-બેને પ્રશ્ન કર્યા પણ કંઈ આવડ્યા નહિ. ક્યાં ગયો પ્રકાશ? એઈ..! પ્રવીણ એને પણ ન આવડ્યું. લો, એને ન આવડ્યું. બીજાને એકાદને પૂછ્યું હતું તોપણ આવડ્યું નહિ. તો પછી શું ભણે છે આ? વ્યાપ્યવ્યાપકનો શબ્દ આવ્યો ને? દિશાએ જતા યાદ આવ્યું. કીધું, વ્યાપ્યવ્યાપક છે, જુઓ! કર્મ વ્યાપક અને એની ઉદયની પર્યાય વ્યાપ્ય. ઈ છે એનું કર્મ. આત્માનો વિકાર એ કર્મનું કર્મ અને કર્મ એનો કર્તા એમ છે જ નહિ. વ્યાપ્ય વ્યાપક શું છે? કીધું. એમાં છે હજી આવશે, કાલે આવશે. બે બોલ નાખ્યા છે. કર્મ પોતામાં વ્યાપ્ય વ્યાપક છે, જીવદ્રવ્યમાં વ્યાપ્ય વ્યાપક નથી. વ્યાપ્ય વ્યાપકનો પ્રશ્ન કર્યો હતો એક-બે છોકરાઓને. પવનભાઈએ શું કહ્યું હતું? સાકરની મીઠાશ એ પર્યાય. સાકરની પર્યાય એ વ્યાપક અને મીઠાશ એ વ્યાપ્ય. ઈ તો એની એ પર્યાય થઈ.

દ્રવ્ય વસ્તુ છે એ વ્યાપક છે, વિસ્તરે છે, વિસ્તરે છે. અને એની પર્યાય છે તે એક સમયની થાય છે એનું નામ વ્યાપ્ય કહે છે. એટલે વ્યાપ્ય કહો, પર્યાય કહો કે કર્મ કહો કે કાર્ય કહો. વ્યાપક કહો, દ્રવ્ય કહો, કર્તા કહો કે કર્મને રચનાર કહો. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


બીજાને પણ પ્રશ્ન કર્યો હતો. તો કહે, ખબર નથી. એક તો વળી કહે, હું નહોતો. મધુભાઈ કહે, હું નહોતો. એમ કરીને બચાવ કર્યો. હોય ન હોય એ જુદી વાત છે. તે દી બીજે ગયો હશે, ગયો હશે બહાર. બીજા બે-ત્રણને જણને પ્રશ્ન કર્યા પણ કોઈએ જવાબ ન આપ્યો. ત્યારે થયું, શું શીખે છે આ? સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ તો સવારમાં જરી સંગ ન આવ્યું ને, પંડિતજી કહે, પર આવ્યું છે, સંગ ન આવ્યો અર્થમાં. પર શબ્દ આવ્યો પણ સંગનો અર્થ નથી આવ્યો. એટલે પછી રસ્તામાં જંગલમાં અહીં તો વિચાર એ ચાલતા હોય ને. સંગ નથી આવ્યો પણ એનો અર્થ આવી ગયો છે. છે ને એમાં? સવારમાં લીધું. વ્યાપ્ય વ્યાપક છે. આ છે. ગુજરાતી છે ને? એટલે પછી જંગલ જઈને આહાર કરીને ફરતા હતાને છોકરાઓ, એની સાથે પ્રશ્ન ચર્ચા કરી. ચાલે ઈ ચાલે. જુઓ!

'પરસંગ એવ' 'દર્શનમોહ, ચારિત્રમોહ કર્મરૂપ બંધાયેલો જેટલા પ્રદેશમાં એકક્ષેત્રાવગાહરૂપ પુદ્‌ગલનો પિંડ તેનો ઉદય.' ત્યારે પંડિતજીએ પ્રશ્ન કર્યો હતો ને? પરનો અર્થ આવ્યો પણ સંગનો અર્થ ન આવ્યો. પ્રશ્ન બરાબર હતો. 'જો કે...' હવે આવે છે. 'નોકર્મરૂપ પુદ્‌ગલ પિંડનો ઉદય પોતાના દ્રવ્ય સાથે વ્યાપ્ય વ્યાપકરૂપ છે.' શબ્દ આવ્યો છે. પુદ્‌ગલ કર્મ જે મોહ છે-પિંડ, એ પોતાના દ્રવ્ય સાથે વ્યાપ્ય વ્યાપક છે. કેમ કે કર્મની પર્યાય ઉદયની છે એ કરનાર કર્મ છે. અને જીવદ્રવ્ય સાથે વ્યાપ્યવ્યાપકરૂપ નથી. એટલે આત્માના વિકારી પરિણામનું કર્મ (કાર્ય) કર્મ કરે અને કર્મ કર્તા એવું છે નહિ. સમજાણું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નથી કહ્યો. સંગતિ ભલે રહી ગઈ એને. સંગતિ આમ કરી એટલે કર્મ વિકારી પોતાથી થયા છે. વ્યાપક આત્મા અજ્ઞાની અને વિકાર તેનું વ્યાપ્ય. પણ કર્મ વ્યાપક અને વિકાર તેનું કર્મ-કાર્ય એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? બે-ત્રણને પ્રશ્ન કર્યો હતો. અમારે ચાલ્યું નથી. વળી એમ કીધું. મને શી ખબર પડે તમારે ચાલ્યું કે નથી ચાલ્યું? ભિન્ન ભિન્ન છે ને. સમજાય છે કાંઈ?

આ તો મૂળ ચીજ છે. વ્યાપ્ય વ્યાપક કહો, કર્તા કર્મ કહો. દ્રવ્ય પર્યાય કહો. સમજાય છે કાંઈ? દ્રવ્ય એ કર્તા અને એની પર્યાય એનું વ્યાપ્ય નામ એનું કર્મ. તો કર્મ એ દ્રવ્ય છે એનું વ્યાપ્ય નામ કર્મ એની ઉદય પર્યાય થઈ એ એનું કર્મ છે. પણ આત્માનો વિકાર થયો એનો કર્તા જડ દ્રવ્ય અને આ પર્યાય તેનું કર્મ, એમ વ્યાપ્ય વ્યાપક છે જ નહિ. સમજાય છે કાંઈ? શીખવતા હશે કે નહિ આમાં? આજથી આ વ્યાપ્ય વ્યાપકનું બરાબર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શીખવવું. મૂળ ચીજ છે એ તો કર્તા કર્મની. સમજાય છે કાંઈ? આ તો કોલેજવાળા છે. બીજા બધા મધુભાઈ કોલેજમાં છે કે નહિ, ખબર નથી. હશે પણ કોલેજવાળા પણ બધા સમજવા જેવા.

પહેલા તો એ સિદ્ધ કરવું જોઈએ કે વ્યાપક-કરવાવાળો. વ્યાપ્ય-એની અવસ્થા થઈ એ વ્યાપ્ય. તો પ્રત્યેક પદાર્થમાં વ્યાપ્ય-વ્યાપક અભિન્ન પોતાનું પોતામાંથી થાય છે. પરથી વ્યાપ્ય વ્યાપક થતું નથી. કહો, સમજાય છે કાંઈ? આ તો બધાને.. આવ્યું ભેગું. એક જ નિયમ, મહા નિયમ. કોઈ પણ કાળે, કોઈ પણ સમયમાં કોઈ પણ દ્રવ્યને વિષે વ્યાપક પદાર્થ અને વ્યાપ્ય એ પરદ્રવ્યની અવસ્થા એમ કદી હોતું નથી. સમજાય છે કાંઈ? જેમ માટી વ્યાપક છે તો ઘડો એનું વ્યાપ્ય નામ કર્મ છે. ઘટ એ માટીનું કર્મ છે. કુંભાર વ્યાપક છે અને કુંભારનું ઘટની પર્યાય વ્યાપ્ય છે એમ નથી. કુંભાર પોતામાં વ્યાપક છે અને એનો રાગ છે એ રાગ એનું વ્યાપ્ય છે. ઘટની પર્યાય એનું વ્યાપ્ય નહિ. સમજાય છે કાંઈ? આ સિદ્ધાંત પાકો કરવો જોઈએ.

મુમુક્ષુ :- આજે વધારે પાકો થયો.

ઉત્તર :- અહીં તો જરી પંડિતજીએ કહ્યું ને કે પરનો અર્થ આવ્યો. વાત સાચી એની. સંગનો અર્થ આમાં નથી આવ્યો. સંગનો અર્થ એમાંથી કેવી રીતે કાઢવો? જંગલ જતા હતા ને? અહીંથી બહાર નીકળ્યા ત્યારે ચંદુભાઈ સાથે હતા. એટલે કીધું, જુઓ આમાં નીકળે છે, હોં! રસ્તામાં વિચાર તો ચાલતા હોય ને. એમાં લખ્યું છે કે કર્મ મોહકર્મનો પિંડ પોતાથી વ્યાપ્ય વ્યાપક છે. એટલે મોહકર્મનો પિંડ પોતામાં કર્તા કર્મનો સંબંધ રાખે છે. મોહકર્મનો પિંડ કર્તા થઈને બીજા દ્રવ્યની પર્યાયનું કર્મ કરે એમ નથી. સમજાય છે કાંઈ? ભારે ગડબડ.

અહીં તો એથી વિશેષ કહે છે કે વિકારી પરિણામ કર્મ અને આત્મા એનો કર્તા એ અજ્ઞાનભાવ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! આત્મા વ્યાપક, વસ્તુ અહીં શુદ્ધ ઉપાદાન લેવું છે. ત્યાં તો પરદ્રવ્યથી પૃથક્ કરવું છે એટલી વાત છે. અશુદ્ધ ઉપાદનની પર્યાયનું કર્મ અજ્ઞાનીનું કર્મ છે અને વ્યાપક એ અજ્ઞાનભાવ છે. પણ પરથી વિકાર પર્યાય થઈ એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી. નિગોદમાં પણ નથી. નિગોદના જીવ છે, જે નિત્ય નિગોદમાં પડ્યા છે તો પણ ભગવાને ગોમ્મટસારમાં કહ્યું, પ્રચુર કલંક પહુરા. કલંક. એને વિકારનું પ્રચુર કલંક છે. એ એનું કર્મ છે અને એને કરનારો એ આત્મા છે. કર્મને કારણે નિગોદમાં રહ્યો છે એમ છે નહિ. સમજાય છે કાંઈ? અર્થાત્...

બીજી વાત. જેમ ક્ષાયિક સમકિતી શ્રેણિક રાજા અહીંથી નરકમાં ગયા. તો કહે છે કે વ્યાપ્ય વ્યાપક શું છે? એની પર્યાય છે એ વ્યાપ્ય છે અને વ્યાપક એનો આત્મા છે. નરકગતિનો

ઉદય એ એનું વ્યાપ્ય અથવા વ્યાપક અને આ ગતિ કરવાનું કાર્ય એનું છે એમ નથી. કર્મ ઉદય વ્યાપક અને ગતિ કરાવનાર વ્યાપ્ય અવસ્થા કર્મની છે, કર્મને કારણે અહીંથી જાય છે એમ છે જ નહિ. પંડિતજી! સમજાય છે કાંઈ? આ તો પંડિતજીએ અર્થ તો બરાબર કહ્યો. આમાં પરનો અર્થ તો આવ્યો પણ સંગનો અર્થ તો આવ્યો નહિ. નહિ પંડિતજી? વાત તો સાચી છે. પણ સંગનો અર્થ કેવી રીતે કાઢવો એમ વિચારમાં મગજ પડી ગયું. પછી ત્યાં રસ્તામાં આવી ગયું. સમજાય છે કાંઈ? એમાંથી કાઢવું. સંગનો અર્થ રહી ગયો છે ખરેખર. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાન આત્મા પરને રચે અને વિકારી પરિણામને કર્મ રચે એ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? પણ એ વિકાર પરિણામથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરીને આત્મા ભેદજ્ઞાનની પર્યાય-પોતાનું કર્મ રચે વ્યાપક આત્મા. એ વ્યાપ્ય વ્યાપક આત્મામાં શુદ્ધમાં હોય છે. આત્મા દ્રવ્ય વ્યાપક અને રાગથી ભિન્ન પડેલી પોતાની નિર્મળ અવસ્થા એનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ? અરે..! બહારની તો ક્યાં રહી ગઈ. જ્યાં સુધી ભેદ નહોતો ત્યાં સુધી વિકલ્પ જે ઉત્પન્ન થાય છે એને વિષય બનાવ્યો. વિષય બનાવીને એનો કર્તા થયો. કર્તા થયો તો વિકાર એનું પરિણામ-કર્મ બન્યું. વિકાર જેનું કાર્ય અને વિકાર જેનું ઈષ્ટ, એ તો અજ્ઞાનીને વિકાર ઈષ્ટ છે. અજ્ઞાનીને કર્તા સ્વતંત્ર થઈને ઈષ્ટ એનો વિકાર છે. કર્મ નહિ. નિર્મળ અવસ્થા એને ઈષ્ટ નથી. જ્ઞાનીને વિકાર ઈષ્ટ નથી. વિકારથી ભિન્ન પડીને પોતાનો જ્ઞાનસ્વભાવ પ્રગટ થયો તે એનું ઈષ્ટ છે. તો આત્મા કર્તા છે અને રાગનું જ્ઞાન અને પોતાના જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈ એ કર્તાનું ઈષ્ટ છે. સમજાય છે કાંઈ? આવી વાત પ્રત્યક્ષ છે, સિદ્ધ છે. એમાં કોઈ ફેરફાર છે જ નહિ. આહાહા..! જરી સમજવા માટે પુરુષાર્થ કરવો પડે, ભાઈ! એ તો અનંત કાળથી એણે અંદર કર્યું નથી. આ તો અંતરની વાત છે. આ બહાર ઉપર ચાલે છે એ તો ધૂળ છે. આહા..!

જુઓને! ક્ષણમાં ચાલ્યા ગયા બિચારા. અજીતકુમારજી. આપણે તો એમાંથી વૈરાગ્ય લેવો છે, હોં! સમજ્યા? લખતા હતા બિચારા પણ મીઠી ભાષા લખતા હતા. બીજા કરતાં મીઠી ભાષા. બીજા લખતા હતા, એના કરતાં અજીતકુમાર લખે વિરુદ્ધ થોડું પણ મીઠી ભાષાથી. કાનજીસ્વામી.. એમ કરીને લખે. આપની અવસ્થા થઈ ગઈ છે. કેમ કે એને ૬૦ થયા, અહીં ૭૮ થયા. આપની વૃદ્ધાવસ્થા થઈ. હવે જવાનું છે. એને સુધારી લ્યો. નહિતર.. રામજીભાઈને ભેગા નાખ્યા છે, હોં! રામજીભાઈની હયાતીમાં બધાને સુધારી નાખો. નહિતર પણ પછી ગડબડ કરશે. પરંપરા આમ જ ચાલશે. એ.. દીપચંદજી! ઊલટી ચાલશે એમ કહે છે. એ.. જેઠાભાઈ! એણે સાંભળ્યું નહોતું. એ જાતનું.. અરે..! આવો મનુષ્યદેહ મળ્યો.

ક્ષણમાં વૈરાગ્ય... ચાલ્યો ગયો દેહ. આત્મા છૂટીને એક ક્ષણમાં. આહાહા..! આ તો ક્ષણભંગુર નાશવાન છે જ, પણ વિકારના પરિણામને અહીં તો અનિત્ય કહ્યા ને. અનિત્ય કહ્યા. અનિત્ય કહો કે નાશવાન કહો.

ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ કાયમ રહેવાવાળી ચીજ એમાં પુણ્ય-પાપના ભાવ અનિત્ય છે. કહ્યું ને ઈ? ઠંડો જ્વર અને ઉષ્ણ જ્વરની ઉપમા આપીને. શુભભાવ એ ઠંડો જ્વર છે, અશુભભાવ એ ઉષ્ણ જ્વર છે. છે તો બેય જ્વર. કહે છે ને? કઢીમાં. મીઠાશ કઢીની નથી કહેતા? બૌદ્ધની કોઈ વાત આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- શુભની મીઠાશ નથી ચાલતી. દાખલો આપે છે ને? કઢીની મીઠાશ. પાટિયાની કઢી દરબારની. બૌદ્ધને એમ કર્યું હતું. આવે છે ને કથામાં? રાણીએ. બૌદ્ધ બૌદ્ધ. બૌદ્ધ હતા ને? એ ત્રિકાળ જ્ઞાની છે, ઘણા જ્ઞાની છે. તો રાણીએ ભોજન કરવા માટે બોલાવ્યા. ચેલણા રાણી. મોજડી પડી હતી ચામડાની. એના ટૂકડા કરી કરીને કઢી બનાવી. બહુ મીઠી. એ કથા આવે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ બીજી વાત છે. એ તો જરીક પરીક્ષા કરવા માટે. શ્રેણિક રાજાને બતાવવું હતું કે તારા બૌદ્ધ ગુરુ ક્યાં ત્રિકાળ જ્ઞાની છે. ત્રિકાળ જ્ઞાની. આ તો દૃષ્ટાંત છે ને. વાત છે ઈતિહાસમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ખ્યાલમાં આવી ગયું ને? તમે કહ્યું ચામડાનું કેમ..? ઈ તો ખ્યાલમાં આવી ગયું, તરત આવી ગયું. મેં એને ટાળી દીધું. આવે. એમ કે શ્રેણિક રાજા એના પતિ વિરુદ્ધમાં છે તો એને બતાવી દઉં કે તમારા સાધુ ત્રિકાળ જ્ઞાની નથી. અમારા વીતરાગી મુનિ સંત છે, આનંદકંદ દિગંબર મહા આનંદકંદમાં ઝુલવાવાળા છે. સર્પ નાખ્યો તોપણ ઉપસર્ગ દૂર કરતા નથી. એવા મુનિ આત્મજ્ઞાની ધ્યાની આત્મા છે. એનું નામ સાધુ છે. આ તારા સાધુ તો.. કઢીમાં કટકા નાખ્યા તોય ખબર નથી. ટૂકડા. પછી ઊલટી કરાવી. એમ ઈતિહાસમાં કહે છે. આહા..! ક્યાં છે? તમારા પેટમાં છે. એટલી પણ ખબર નથી અને અમે ત્રિકાળ જ્ઞાની છીએ! અહીં તો કહે છે.. ચેલણા રાણી સમકિતી હતા, ધર્મી હતા. પતિને જૈન ધર્મ સમજે એમ સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો.

અહીંયા કહે છે કે ભગવાન આત્મા પરનું કાર્ય અને આત્મા કર્તા એ તો છે જ નહિ. પણ પરભાવ એવા પુણ્ય પરિણામ હું કરનારો, હું કર્તા તો બેની બુદ્ધિ અભિન્ન થઈ ગઈ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પુણ્ય પરિણામ મારું કાર્ય અને હું કરનારો. તો આસ્રવ અને આત્માની બુદ્ધિ એક થઈ ગઈ. ભાઈ! શું કહ્યું સમજાણું? પુણ્ય પરિણામ શુભભાવ મારું કાર્ય અને હું કરનારો, તો બે એક થઈ ગયા. આસ્રવ અને આત્મા એક થઈ ગયા. તત્ત્વ ભિન્ન છે. ભિન્ન તત્ત્વમાં કર્તા કર્મ માન્યું તો અભેદ માની લીધું. આસ્રવતત્ત્વથી હું ભિન્ન છું એમ જાણીને જે વિજ્ઞાનઘન આત્મામાં એકાગ્ર દશા થઈ એ એનું કર્મ છે-એની પર્યાય છે, કર્તા આત્મા છે. રાગ એનું કર્મ છે એમ છે નહિ. સમ્યગ્દૃષ્ટિમાં રાગ આત્માનું કાર્ય છે એમ છે જ નહિ. પરનું કાર્ય તો છે જ નહિ પણ વ્યવહાર કાર્ય પોતાનું છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

ભગવાન આત્મા અંતર જ્ઞાનમાં રાગથી ભિન્ન પડીને જે રાગમાં એકતા હતી તો જ્ઞાનમાં ખંડ ખંડ થતો હતો. તો રાગથી ભિન્ન પડીને પોતાના જ્ઞાનસ્વરૂપમાં આવ્યો તો જ્ઞાનમાં એકાગ્રતા થઈ. એકાગ્રતા નામ જ્ઞાન સ્થિર થયું, સ્થિરબિંબ થયું, વિજ્ઞાનઘન થયું. બસ! વિજ્ઞાનઘન થયું એ એનું કાર્ય છે. સમજાય છે કાંઈ? ધર્મીનું એ કાર્ય છે અને ધર્મી એનો કર્તા થાય છે. કર્તા કર્મના ભેદ નથી પાડતા પણ એમ થઈ જાય છે. સમજાય છે કાંઈ? ભારે ઝીણી વાત.

'**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે...**' જુઓ! ભાષા લીધી. '**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' આટલા શબ્દો લગાવ્યા.

મુમુક્ષુ :- જેટલું અને તેટલું.

ઉત્તર :- જેટલું તેટલું એટલે એની સાથે સમ્યક્ શબ્દ લગાવી દીધો. સમ્યક્ પ્રકારે કેમ? બહારથી આસ્રવ થોડો ઘટાડ્યો કે અશુભ ઘટાડ્યું એમ નહિ. સમ્યક્ પ્રકારે આસ્રવ ક્યારે ઘટે છે? કે બધા આસ્રવથી હું ભિન્ન છું એમ અનુભવ કરે તો ઘટે છે. તે વિના સમ્યક્ પ્રકારે આસ્રવ ઘટતા નથી. જેટલો તેટલો એમાં સમ્યક્ શબ્દ લગાવી દીધો. આહાહા..! શું કહે છે?

ઈ કહે છે ને? દ્રવ્યસંગ્રહમાં ૪૭ ગાથામાં આવે છે ને? અશુભભાવ નિવૃત્તિ, શુભભાવ પ્રવૃત્તિ. સંવર કહે છે ને? વ્યવહાર સંવર છે. ત્યાં વ્યવહારની વાત કરી છે. સમજાય છે કાંઈ? તો જ્યાં ત્યાં ઈ લખે. પણ કોને? એ તો સમ્યગ્દૃષ્ટિની વાત છે. ૪૭ ગાથામાં છે ને? અશુભભાવની નિવૃત્તિ, શુભભાવની પ્રવૃત્તિ. ૪૭. સૈંતાલીસ તમારે કહે છે ને? અમારે સુડતાલીસ કહે છે. ચાર અને સાત. દ્રવ્યસંગ્રહની ગાથા. પણ એ તો સમ્યગ્દૃષ્ટિની વાત છે. શુભાશુભ પરિણામથી રહિત પોતાનો વિજ્ઞાનઘન પ્રગટ કર્યો છે તો અશુભ ટળ્યો એટલો એને શુદ્ધ સંવર વ્યવહાર કહેવામાં આવ્યો છે. અને સમ્યગ્દૃષ્ટિ ન હોય તો તો અશુભથી નિવૃત્ત થતો જ નથી. એકતાબુદ્ધિ છે ને નિવૃત્ત ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? ભારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન! અરે..! શાસ્ત્રના અર્થ કરવામાં મોટી ગડબડ. અરે..! આવું કેમ કરે છે? બાપા! ભગવાનનો અર્થ ચાલ્યો જાય છે, આગમના ભાવ ગણધરોએ કહ્યા, સંતોએ કહ્યા એ પેઢીમાં બેસીને આવા અર્થ કરે. વ્યભિચાર થઈ જાય છે. માર્ગની દશા વિપરીત થઈ જાય છે. સમજાય છે કાંઈ?

'જન્મ અંધનો દોષ નહિ આકરો, જાતિ અંધનો રે દોષ નહિ આકરો, જે જાણે નહિ અર્થ,...' જન્મ અંધ હોય એને બિચારાને તો ખબર નથી.

જાતિ અંધનો રે દોષ નહિ આકરો, એ જાણે નહિ અર્થ,
મિથ્યાદષ્ટિ રે તેથી આકરો, કરે અર્થના અનર્થ...

પંડિતજી! જન્મ અંધ છે તો એ શું કરે બિચારો? અર્થનો અનર્થ થઈ જાય એમ કરે. પણ મિથ્યાદષ્ટિ, જેની દષ્ટિ વિપરીત છે એ શાસ્ત્રના અર્થનો અનર્થ કરી નાખે. ભારે આકરો. જાતિ અંધ કરતાં એ વધારે આકરો છે. દીપચંદજી! સમજ્યા વિના લઈ લ્યો મુનિપણું, લઈ લ્યો સાધુપણું, વ્રત લઈ લ્યો. જોડા-જુતા ત્યાગ કરો, કેળા નહિ ખાવા. અરે..! ભગવાન! પણ પહેલા રાગ જ મારી ચીજ નથી. રાગથી નિવૃત્ત થવું છે. હું રાગ નથી. એમ નિવૃત્તિ થયા વિના બહાર નિમિત્તથી નિવૃત્ત થયો એમ કહેવામાં પણ આવતું નથી. અસદ્‌ભુત વ્યવહારનય પણ એને લાગુ પડતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ઓહો..! આચાર્યોએ દિગંબર સંતોએ, એમાં પણ કુંદકુંદાચાર્યે તો અધ્યાત્મની રેલમછેલ કરી દીધી છે. આહાહા..! કેવળજ્ઞાનીનો અંતર માર્ગ ખોલીને મૂક્યો છે.

ભગવાન! જો તો ખરો. તું ચિદાનંદ છો ને પ્રભુ! તારા સ્વભાવમાં તો અનંત અનંત કેવળજ્ઞાન પડ્યું છે. એવી શક્તિનો તું પિંડ. એ તરફ તારી એકાગ્રતા થાય ત્યારે રાગથી, આસ્રવથી નિવૃત્તિ થાય છે. અને જેટલો આસ્રવથી નિવર્તે છે એટલો જ જ્ઞાન થાય છે કે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવથી નિવૃત્ત થાય છે. એમ. ન્યાંથી પાછું ઈ ઉપાડ્યું. પહેલેથી ઉપાડ્યું. એટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે, એટલો જ જ્ઞાનઘન થાય છે કે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે. વિકાર, પુણ્ય-પાપ બેયથી સમ્યક્ પ્રકારે નિવૃત્ત થાય છે, તેટલો વિજ્ઞાનઘન થાય છે. સમજાય છે કાંઈ?

'**તેટલો વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવર્તે છે,...**' એમ. '**અને તેટલો આસ્રવોથી નિવર્તે છે જેટલો સમ્યક્ પ્રકારે વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે. આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' એક જ સમયે બેય છે. જેટલો ભગવાન આત્મા પોતાનો જ્ઞાનાનંદ ત્રિકાળ ધ્રુવ સ્વભાવના આશ્રયે જેટલો એકાગ્ર થાય છે તેટલો જ આસ્રવોથી નિવૃત્ત થાય છે. જેટલો આસ્રવોથી નિવૃત્ત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થાય છે તેટલી સ્વભાવની એકાગ્રતા થાય છે. અને તેટલો વિજ્ઞાનઘન થાય છે કે જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવૃત્તિ થાય છે. જેટલો સમ્યક્ પ્રકારે આસ્રવોથી નિવૃત્ત થાય છે તેટલો અંદર વિજ્ઞાનઘન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

સ્વસન્મુખની જેટલી એકતા છે, તેટલો આસ્રવથી પૃથક થઈ ગયો. અસ્થિરતા નાશ થઈ ગઈ અને જેટલી અસ્થિરતા નાશ થઈ એટલી આત્મામાં સ્થિરતા થઈ. એને સંવર નિર્જરાની દશા કહે છે. સમજાય છે કાંઈ? '**આ રીતે જ્ઞાનને અને આસ્રવોની નિવૃત્તિને સમકાળપણું છે.**' આ પૂછ્યું હતું ને શિષ્યે કે બેનો સમકાળ છે કે આગળપાછળ છે? ધર્મ થવો અને અધર્મની નિવૃત્તિ થવી એ સમકાળ છે કે આગળપાછળ છે? પહેલા અધર્મથી નિવૃત્ત થાય અને પછી ધર્મની પ્રવૃત્તિ થાય છે, એમ છે? અને પહેલા ધર્મની પ્રવૃત્તિ થાય છે અને પછી અધર્મ નિવૃત્ત થાય છે એમ છે? એમ નથી. બેયનો સમકાળ છે.

અંતર ભગવાન વિજ્ઞાનઘનસ્વભાવમાં જેટલો એકાગ્ર થયો એ ધર્મ થયો. તેટલો જ વિકારના અધર્મથી નિવૃત્ત થયો. જેટલો વિકારથી નિવૃત્ત થયો એટલો જ વિજ્ઞાનઘનમાં એકાગ્ર થયો. પર્યાયની વાત છે, હોં! પર્યાયમાં ઘન થયો, સ્થિર થયો. જ્ઞાન એકાગ્રતા, શ્રદ્ધાની એકાગ્રતા, શાંતિની એકાગ્રતા, આનંદની એકાગ્રતા એમ વિજ્ઞાનઘન થયો થકો આસ્રવથી નિવૃત્ત થાય છે. આમ થયો થકો. કર્તાકર્મ છે ને. આમ થયો થકો તેનાથી નિવૃત્ત થાય છે. બીજાથી બહારથી નિવૃત્ત થયો થકો આસ્રવથી નિવૃત્ત થાય છે એમ નથી. કહે છે ને ઈ? હમણાં ૭૨ ગાથામાં કહ્યું હતું ને? જો આસ્રવથી નિવૃત્ત ન થાય તો એને જ્ઞાન જ નથી. આવ્યું હતું ને ૭૨ ગાથામાં? આસ્રવનો અર્થ ઈ કરે છે કે બહારથી પંચ મહાવ્રત ન લે, મુનિ ન થાય તો જ્ઞાન જ નથી. એમ કહે છે. કહ્યું હતું ને? ૭૨ ગાથા. ૭૨ ગાથા છે ને? જુઓ!

'**આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી તેની કાંઈ વિશેષતા ન થઈ. અને જો આસ્રવોથી નિવર્ત્યું છે તો જ્ઞાનથી જ બંધનો નિરોધ સિદ્ધ થયો કેમ ન કહેવાય?**' '**જે આ આત્મા અને આસ્રવોનું ભેદજ્ઞાન છે તે અજ્ઞાન છે કે જ્ઞાન છે? જો અજ્ઞાન છે તો આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી કાંઈ વિશેષતા ન થઈ. અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?**' ત્રીજી લીટી. '**અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે?**' એનો અર્થ કરે છે. એ વખતે તમે કહ્યું હતું. પંડિતજી! એ ઠેકાણે તમે કહ્યું હતું. ખબર છે, જ્યાં જ્યાં પ્રશ્ન (થયા હતા). એ કહે છે, ખબર છે અમને. '**અને જો જ્ઞાન છે તો (તે જ્ઞાન) આસ્રવોમાં પ્રવર્તે છે કે તેમનાથી નિવર્ત્યું છે? જો આસ્રવોમાં પ્રવર્તે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે તોપણ આત્મા અને આસ્રવોના અભેદજ્ઞાનથી...**' એ આસ્રવોમાં પ્રવૃત્તિ કરે છે ને સંસારની તો એ જ્ઞાન જ નથી. એમ નહિ. એની વાત જ અહીંયા નથી. આ તો જ્ઞાનસ્વરૂપ ભગવાન આસ્રવોમાં એકત્વ થઈને પ્રવર્તે છે કે આસ્રવોથી ભિન્ન થઈને પ્રવર્તે છે? જો આસ્રવમાં એકત્વ થઈને પ્રવર્તે છે તો એ જ્ઞાન જ નથી, એમ કહે છે. અને આસ્રવોથી એકત્વ તોડીને પોતાના જ્ઞાનમાં પ્રવર્તે છે તો આસ્રવથી નિવૃત્તિ થઈ ગઈ. સમ્યક્જ્ઞાનમાં આસ્રવોથી નિવૃત્ત થઈ ગયો. એ જ્ઞાન છે. ભગવાન જ્ઞાનસ્વભાવ પુણ્ય-પાપના આસ્રવથી નિવૃત્ત થયો. નિવૃત્તનું નામ રુચિ હતી, લક્ષ હતું, આશ્રય હતો એ છૂટી ગયો. અભિપ્રાય સ્વભાવ સન્મુખ થયો. તો આસ્રવથી નિવૃત્ત થઈ ગયો. આસ્રવ મારો છે અને મારું કર્તવ્ય છે એ દૃષ્ટિ રહી નહિ. બસ, નિવૃત્ત થઈ ગયો. એનું નામ નિવૃત્ત છે એમ કહે છે. અરે..! ભગવાન! લોકોને અભ્યાસ ન મળે. નવરાશ ન મળે, ફૂરસદ ન મળે એમ કહે છે ને? નવરાશને શું કહે છે? પછી જે માથે કહે ઈ હા. ભાઈ! આ તો વીતરાગનો માર્ગ. ગણધરદેવ તીર્થંકર બિરાજે છે. ગણધરો જે રચ્યા છે, ઈન્દ્રો માને છે એનો માર્ગ છે. એ ટીકા પૂરી થઈ.

'**ભાવાર્થ :- આસ્રવોનો અને આત્માનો ઉપર કહ્યો તે રીતે ભેદ જાણતાં જ,...**' જુઓ! એ જયચંદ્ર પંડિત અર્થ કરે છે. '**ભેદ જાણતાં જ, જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થાય છે...**' જુઓ! આમ કહ્યું. કેટલું શાસ્ત્રનું જાણપણું કર્યું એ નહિ. '**જે જે પ્રકારે જેટલા જેટલા અંશે આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ...**' જ્ઞાનમાં એકાગ્ર થાય છે '**તે તે પ્રકારે તેટલા તેટલા અંશે તે આસ્રવોથી નિવર્તે છે.**' ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ અને અનંતાનુબંધીથી નિવૃત્ત થયો છે. એટલો જ્ઞાન સમ્યક્‌માં એકાકાર થઈને સ્થિર થયું છે. અનંતાનુબંધી છૂટતા સ્વરૂપાચરણ એમાં સ્થિર થયો છે. ચોથા ગુણસ્થાનમાં પણ અનંતાનુબંધીના અભાવથી સ્વરૂપાચરણ સ્થિરતા થઈ છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? ઈ ના પાડે છે ને, ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. અરે..! બહુ વાતું ફેર. એટલી બધી વિરુદ્ધ વાત નહોતી આવી. હમણાં ૧૦-૧૫ વર્ષમાં આવી. અહીંનો જેમ વિસ્તાર પ્રકાશ થયો એમ વિરોધ આવ્યો. ચોથા ગુણસ્થાને સ્વરૂપાચરણ ન હોય. અનંતાનુબંધી ટળે તો સમકિત થાય. અરે..! સાંભળ તો ખરો. અનંતાનુબંધી તો ચારિત્રનો ભેદ છે. ચારિત્રની પ્રકૃતિમાંથી ચાર ગયા તો સ્વરૂપમાં કંઈક સ્થિરતા થઈ કે નહિ? સમજાય છે કાંઈ? અહીંયા ઈ કહે છે, જેટલો મિથ્યાત્વ અને અનંતાનુબંધી પરિણામથી નિવૃત્ત થયો તેટલો સમ્યગ્દર્શન અને સ્વરૂપાચરણમાં સ્થિરતા થઈ. એટલી સંવર નિર્જરા થઈ. સમજાય છે કાંઈ? એટલું ન થયું હોય તો અનંતાનુબંધી અને મિથ્યાત્વથી નિવૃત્ત થયો નથી કહેવાતો. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**વૈશાખ વદ ૧૪, રવિવાર તા. ૨૬-૫-૧૯૬૮**
**ગાથા-૭૪-૭૫, શ્લોક-૪૮ પ્રવચન-૫૧૮**

સમયસાર, કર્તાકર્મ અધિકાર છે. ૭૪ ગાથાનો ભાવાર્થ. છેલ્લો પેરેગ્રાફ છે. શું છે જુઓ. '**આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે' એટલે શું?**' અહીંથી ચાલે છે. આ કર્તાકર્મ અધિકાર છે. એનો અર્થ શું? કે આત્મા જ્યાં સુધી પોતાના સ્વભાવને ભૂલીને પરનું કાર્ય હું કરું છું, મારું કાર્ય પર છે અથવા પુણ્ય-પાપના વિકલ્પ જે વિકાર છે એ પણ મારું કાર્ય અને હું કર્તા છું, ત્યાં સુધી એની દૃષ્ટિ અંશ ઉપર છે. ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ છે પણ સુખી તો છે ને.

ઉત્તર :- મિથ્યાદૃષ્ટિ એટલે? જૂઠી દૃષ્ટિમાં સુખ ક્યાંથી આવ્યું? અસત્ય દૃષ્ટિ એટલે જૂઠ દૃષ્ટિ એટલે દુઃખદૃષ્ટિ, પાપદૃષ્ટિ. જ્યાં સુધી ભગવાન આત્મા પોતાના સ્વભાવનું કાર્ય છોડીને પુણ્ય-પાપના વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ થાય છે ભાવ, એ પણ મારું કાર્ય છે અને એને હું રચનારો છું, ત્યાં સુધી તો એણે આત્માને વિકારી માન્યો.

મુમુક્ષુ :- માનવાનું શું, કંઈક કરવાની વાત કરો ને.

ઉત્તર :- માનવું એ કરવું નથી? ઊલટી માન્યતા એ કરવું નથી. એણે ઊલટું કર્યું. સમજાય છે કાંઈ? બીજાનું કરી શું શકે છે? એક રજકણની પર્યાય પણ આત્મા કરી શકે નહિ. એ તો સવારે બહુ ચાલ્યું ને? વ્યાપ્ય વ્યાપક. વ્યાપ્ય વ્યાપક ચાલ્યું ને પંડિતજી!

જગતનું કોઈપણ દ્રવ્ય-પદાર્થ અનંત પદાર્થ વર્તમાન તરીકે છે. તો પ્રત્યેક પદાર્થ પોતામાં વ્યાપક નામ દ્રવ્ય છે અને એની વર્તમાન અવસ્થા એનું વ્યાપ્ય નામ કાર્ય છે. એટલી અવસ્થા સુધી તો હજી રહ્યો છે. અહીં તો હજી ભિન્ન કહેવો છે. સમજાય છે કાંઈ? પ્રત્યેક દ્રવ્યની જે પર્યાય થાય છે એ પરદ્રવ્ય કરે છે એમ તો છે નહિ. એ માન્યતા મિથ્યાદૃષ્ટિની એટલે કે સ્વરૂપનો ઘાત કરવાવાળાની એવી દૃષ્ટિ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વાણિયો એટલે કોને કહેવો? વાણિયો છે જ ક્યાં આત્મા? શરીર આત્મા નહિ, વાણી નહિ, કર્મ નહિ, વાણિયો, વેપાર, ગતિ-ફતિ છે ક્યાં આત્મામાં? અહીં તો પુણ્ય-પાપનો વિકલ્પ જે શુભ દયા, દાન, વ્રત, ભક્તિનો ઉઠે એ પણ વિકાર છે, મેલ છે, ઝેર છે, દુઃખ છે. એવી દુઃખદૃષ્ટિનું કાર્ય મારું છે એમ માને છે ત્યાં સુધી તે અમૃતસાગર ભગવાન આત્મા, તેની હિંસા કરે છે. સમજાય છે કાંઈ? ત્યાં સુધી આત્મા જ્ઞાનસ્વરૂપ નથી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


થયો. એ તો વિકાર અને મિથ્યા ભ્રાંતિસ્વરૂપ થયો. મિથ્યાભ્રાંતિ મારું કાર્ય અને હું એનો કરવાવાળો. પરનો કર્તા તો થઈ શકતો નથી. પણ અહીંયાં તો હવે જ્યારે રાગાદિ વિકલ્પ છે તેની દૃષ્ટિ છોડીને, પરનો કર્તા તો નથી, પરનું કાર્ય મારું નહિ પણ શુભરાગ દયા, દાન, વ્રત, પૂજા શુભભાવ એ પણ મારું કાર્ય નહિ. કેમ કે એ તો કૃત્રિમ વિકલ્પ છે, રાગ છે, મેલ છે. તેનાથી દૃષ્ટિ હઠાવીને હું જ્ઞાયક ચિદાનંદ જ્ઞાનાનંદ ઘન છું. એવી અંતર દૃષ્ટિ કરવાથી જ્ઞાનસ્વભાવમાં જે અસ્થિરતા હતી એ જ્ઞાનમાં એકાગ્રતાની સ્થિરતા થાય છે. એનું નામ અહીંયા વિજ્ઞાનઘન અને ધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એનું નામ ધર્મ અને વિજ્ઞાનઘન.

**'આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે શું?'**

**'તેનો ઉત્તર :- આત્મા વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે એટલે આત્મા જ્ઞાનમાં સ્થિર થતો જાય છે.'** ભગવાન આત્મા પ્રજ્ઞાબ્રહ્મ ચૈતન્યસ્વરૂપ એની એવી દૃષ્ટિ કરીને જ્ઞાનસ્વભાવ વસ્તુ જે ત્રિકાળ ચૈતન્યસ્વભાવ એ સ્વભાવમાં એકાગ્ર થાય છે તો એને જ્ઞાનમાં એકાગ્રતાને કારણે વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. એ ધર્મદશાને વિજ્ઞાનઘન કહે છે. ભારે વાત. સમજવી પહેલી કઠણ. સમજાય છે કાંઈ? ભગવાન તો ચૈતન્યપ્રકાશનું નૂર છે. આત્મા તો ચૈતન્યપ્રકાશનું પુર છે. એ પુણ્ય-પાપ, દયા, દાન વિકલ્પથી રહિત છે. એવા આત્માની અંતર દૃષ્ટિ થતાં જ્ઞાનસ્વભાવ જે આત્માનો ત્રિકાળ શક્તિ-સત્ત્વરૂપ છે એમાં એકાકાર થતાં જ્ઞાન જ્ઞાનમાં રમે છે, સ્થિર થાય છે એને અહીંયા શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ, દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ દશાને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? **'આત્મા જ્ઞાનમાં...'** આત્મા જ્ઞાનમાં એટલે શાસ્ત્રના જ્ઞાનને અહીંયા જ્ઞાન નથી કહેવું. જ્ઞાન પ્રજ્ઞાસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ પ્રકાશમૂર્તિ છે. એ પ્રકાશ-ચૈતન્યપ્રકાશનું પુર-નૂર છે. એમાં અંતર એકાકાર થતાં જ્ઞાન સ્થિર થાય છે. શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા દ્વારા જ્ઞાન સ્થિર થાય છે.

**'જ્યાં સુધી મિથ્યાત્વ હોય...'** હવે કહે છે. **'જ્યાં સુધી મિથ્યાત્વ હોય...'** પુણ્યનો. વ્યવહારનો વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો શુભભાવ મારું કર્તવ્ય છે અને હું કરવાવાળો છું એવો જ્યાં સુધી મિથ્યાત્વભાવ પાપભાવ દૃષ્ટિ પાપની છે **'ત્યાં સુધી જ્ઞાનને-ભલે જ્ઞાનનો ઉઘાડ ઘણો હોય તોપણ...'** ભલે વિકાસમાં અગિયાર અંગ નવ પૂર્વ પણ ભણી જાય. સમજાય છે કાંઈ? જ્ઞાનનો વિકાસ નામ ક્ષયોપશમ શક્તિમાં પરલક્ષમાં રાગ મંદ કરીને કદાચિત્ ક્ષયોપશમ ઘણો વધી જાય. અગિયાર અંગ નવ પૂર્વ જેટલો **'તોપણ-અજ્ઞાન કહેવામાં આવે છે...'** દયા, દાનના વિકલ્પનો કર્તા થાય છે, ત્યાં સુધી નવ પૂર્વ પણ ભણી જાય તો પણ એ જ્ઞાનને અજ્ઞાન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'અને મિથ્યાત્વ ગયા પછી તેને-ભલે જ્ઞાનનો ઉઘાડ થોડો હોય...'** ભલે જ્ઞાનનો પરને જાણવાનો વિકાસ બહુ અલ્પ હોય પણ મિથ્યા નામ ભ્રાંતિ-હું રાગ છું, પુણ્ય હું છું, તેનો કર્તા હું છું, એવી ભ્રાંતિ જ્યાં ગઈ તો ભગવાન આત્મામાં અભ્રાંતિ એવું સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું. તો સમ્યગ્દર્શનમાં જ્ઞાન આત્મામાં એકાકાર થાય છે. પછી ક્ષયોપશમ વિકાસ ઓછો હોય. બીજાને સમજાવી શકે, ન શકે એવો વિકાસ ન પણ હોય. સમજાય છે કાંઈ? પણ ચૈતન્ય ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રકાશમૂર્તિ એ પોતામાં એકાકાર થઈને, ભ્રાંતિ નામ રાગ મારું કર્તવ્ય છે, પરની ક્રિયા હું કરું છું, એનાથી મને લાભ છે એવા મિથ્યાત્વભાવને છોડીને, ચૈતન્યસ્વભાવ જ્ઞાનસ્વભાવમાં એકાકાર થાય છે તો જ્ઞાનનો વિકાસ વિશેષ ન હોય તોપણ જ્ઞાન જ્ઞાનમાં એકાકાર થયું તેથી તેને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**'જેમ જેમ તે જ્ઞાન અર્થાત્ વિજ્ઞાન જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે...'** ભગવાન આત્મા પોતાનો જ્ઞાનસ્વભાવ ચૈતન્યભાવ એમાં જેમ જેમ એકાકાર થતું જાય છે- વિજ્ઞાન એકાકાર **'તેમ તેમ આસ્રવોની નિવૃત્તિ થતી જાય છે...'** તેમ તેમ પુણ્ય-પાપના રાગથી ખસીને અંતર નિવૃત્તિ થાય છે. સમજાય છે કાંઈ? **'અને જેમ જેમ આસ્રવોથી નિવૃત્તિ થતી જાય છે...'** પુણ્ય-પાપના વિકલ્પથી જેટલો ખસે છે તેટલું જ્ઞાન સ્વભાવમાં એકાકાર થાય છે. **'જ્ઞાન (વિજ્ઞાન) જામતું-ઘટ થતું-સ્થિર થતું જાય છે અર્થાત્ વિજ્ઞાનઘનસ્વભાવ થતો જાય છે.'** ઓહો..! દેડકો હોય, દેડકો આવડો એ સમ્યગ્દૃષ્ટિ હોય છે. અઢી દ્વીપ બહાર અસંખ્ય છે. સમજાય છે કાંઈ? પંચેન્દ્રિય. પણ અંદર આત્માનો બોધ-ભાન છે કે હું તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા છું. રાગનું કાર્ય પણ મારું નહિ અને હું કર્તા નથી. હું તો જાણવું-દેખવું એ મારો સ્વભાવ છે. જીવનો સ્વભાવ તો જાણવું-દેખવું છે. જીવનો સ્વભાવ શું પુણ્ય કરવું, પાપ કરવું એ સ્વભાવ છે એનો? ભૂલ કરવાનો સ્વભાવ છે? જાણવું-દેખવું એ એનો સ્વભાવ છે. એ કરવું એનું કાર્ય છે. તો એવા કાર્યનું ભાન થયું તો ભલે વિકાસ વિશેષ ન હોય, નવ તત્ત્વના નામ પણ કદાચિત્ ન આવડતા હોય, આવે છે? મોક્ષમાર્ગ પ્રકાશકમાં આવે છે.

મુમુક્ષુ :- નામ જાણે નહિ, ઊંધા નામ જાણે.

ઉત્તર :- ભાવ જાણે અંદર. ભાવ જાણે. અહો..! ચૈતન્યનું સ્વરૂપ. આ રાગાદિ ઉત્પન્ન થાય છે એ દુઃખરૂપ છે. આકુળતા છે. આત્મા આનંદમૂર્તિ છે, અતીન્દ્રિય આનંદ છે. એવું અતીન્દ્રિય આનંદનું ભાન થયું અને રાગ દુઃખરૂપ લાગે છે, તેનાથી ખસીને એકાકાર થવાની ભાવના રહે છે. એ જ વિજ્ઞાન થયો, એ જ સમ્યક્જ્ઞાન થયું અને સ્થિર થયો તેને વિજ્ઞાનઘન કહેવામાં આવે છે. ઘનનો અર્થ સમજ્યા? જ્ઞાનમાં એકાકાર થાય છે તો વિકલ્પ પ્રવેશ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કરતો, એમ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભાશુભ વિકલ્પનો જ્ઞાનસ્વરૂપ જ્ઞાનમાં એકાકાર થાય છે તો વિકલ્પનો અંદર પ્રવેશ નથી થતો. એને ઘન કહે છે. ઘનનો દૃષ્ટાંત કહ્યો હતો. ઠંડીના દિવસોમાં ઘી થાય ઘી. પહેલા તો બહુ સારું હતું, હવે તો બધું કાળાબજાર થઈ ગયા. પહેલા ઘી બહુ સારુ આવતું શિયાળામાં. ગાયનું. એટલું મજબૂત હોય કે જેમાં આંગળી તો પ્રવેશ કરે નહિ પણ તાવેથો પ્રવેશ ન કરી શકે. ખુરપા કહે છે? લોઢાનો. અમારે અહીં તાવેથો કહે છે. એવું ઢીમ-ઘન ઘી થતું. એમ ભગવાન આત્મા મિથ્યાત્વથી છૂટી જવાથી સમ્યક્ ચૈતન્યનું અંદર ભાન થવાથી જ્ઞાનઘન થતો જાય છે. પર્યાયમાં, હોં! વસ્તુ તો છે. અહીં વસ્તુની વાત નથી. વસ્તુ તો વિજ્ઞાનઘન છે જ. પણ વસ્તુ જે છે ચૈતન્યઘન ત્રિકાળ એમાં એકાકાર થઈને જ્ઞાન એકાકારમાં વિજ્ઞાન અને વિશેષજ્ઞાન સ્થિર થાય છે તેને અહીંયાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની દશા કહેવામાં આવે છે. એ મોક્ષનો માર્ગ છે. ઈ ધર્મ છે, બાકી ધર્મ બીજી કોઈ ચીજ નથી. ભારે કઠણ. હવે આમાં ચર્ચા કોની સાથે કરવી? કહો. આહા..! '**આત્મા વિજ્ઞાનઘન સ્વભાવ થતો જાય છે.**' હવે કળશ આવ્યો, કળશ.

'**હવે આ જ અર્થના કળશરૂપ તથા આગળના કથનની સૂચનિકારૂપ કાવ્ય કહે છે :-**' ૪૮મો કળશ છે. ૪૮ સમજો છો? ચાર આઠ. કળશ છે ઉપર.

**(शार्दूलविक्रीडित)**

**इत्येवं विरचय्य सम्प्रति परद्रव्यान्निवृत्तिं परां**
**स्वं विज्ञानघनस्वभावमभयादास्तिध्रुवानः परम्।**
**अज्ञानोत्थितकर्तृकर्मकलनात् क्लेशान्निवृत्तः स्वयं**
**ज्ञानीभूत इतश्चकास्ति जगतः साक्षी पुराणः पुमान्।।४८।।**

'**શ્લોકાર્થ :- એ રીતે પૂર્વકથિત વિધાનથી,...**' વિધિ કહી હતી ને વિધિ. પૂર્વે જે કહ્યું અધૂના નામ '**હમણાં જ (તુરત જ) પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ (સર્વ પ્રકારે) નિવૃત્તિ કરીને...**' શું કહે છે? ભગવાન આત્મા શરીર, વાણી, મનથી તો લક્ષ છોડીને, પણ દયા, દાન વિકલ્પ જે રાગ છે એનું પણ લક્ષ છોડીને, એ પણ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્ય નથી. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાની વૃત્તિ ઉઠે છે એ પણ વિકાર પરદ્રવ્ય છે. તો પરદ્રવ્યથી ઉત્કૃષ્ટ નિવૃત્તિ કરીને. એટલે પરથી ખસીને '**વિજ્ઞાનઘનસ્વભાવરૂપ...**' નિજ જ્ઞાનસ્વભાવ ચૈતન્યસ્વભાવ કાયમી અસલી જ્ઞાયકભાવ '**એવા કેવળ પોતાના પર નિર્ભયપણે...**' રાગ ને વિકલ્પથી ખસીને પોતાના જ્ઞાનસ્વભાવમાં કેવળ એકલો. જુઓ ભાષા! '**કેવળ પોતાના પર નિર્ભયપણે...**' રાગ અને વ્યવહારની અપેક્ષા છોડીને એકલો '**કેવળ પોતાના પર નિર્ભયપણે...**' વસ્તુ સ્વભાવ વ્યવહારના વિકલ્પ, રાગની અપેક્ષા વિના એકલો ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિર્મળાનંદ પર '**આરૂઢ થતો અર્થાત્ પોતાનો આશ્રય કરતો...**' એની વ્યાખ્યા. વસ્તુ સ્વભાવ અસલી ચૈતન્ય ધ્રુવ એનો આશ્રય કરતો થકો. વ્યવહાર અને નિમિત્તનો આશ્રય છોડતો એમ ન લીધું. અસ્તિથી લીધું. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા.. કેમ કે જેમાંથી નવી અવસ્થા ઉત્પન્ન થાય છે એવું તો સ્થાન દ્રવ્ય સ્વભાવ ધ્રુવ છે. એ ધ્રુવ સ્વભાવ કાયમી ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય સ્વભાવમાં આરૂઢ થઈને અર્થાત્ તેનો આશ્રય કરીને અર્થાત્ શ્રદ્ધામાં દ્રવ્યને આશ્રય કરીને. સમજાય છે કાંઈ? બહુ ઝીણી વાત છે આ. ઝીણીને શું કહે છે? સૂક્ષ્મ. વસ્તુ સૂક્ષ્મ છે ને, ભગવાન!

અહીંયા એવી વિધિ કહી. પહેલા જાણીને કે આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ છે અને પુણ્ય-પાપના વિકલ્પથી ખસીને પોતાના ધ્રુવ સ્વભાવમાં આરૂઢ થયો, પોતાની વર્તમાન પર્યાયને દ્રવ્યનો આશ્રય મળ્યો. પોતાની વર્તમાન દશાને ધ્રુવનો આધાર મળ્યો. શું કહે છે આ? સમજાય છે કાંઈ? ત્યારે '**પોતાનો આશ્રય કરતો (અથવા પોતાને નિઃશંકપણે આસ્તિક્યભાવથી સ્થિર કરતો), અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશથી નિવૃત્ત થયેલો...**' અજ્ઞાનરૂપ. અહીં તો કારણ-કાર્ય મૂક્યા છે. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ. એ કરતાં સંસ્કૃતમાં વિશેષ એમ લીધું છે કે અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિથી નિવૃત્ત થયો. અજ્ઞાન કારણ અને કર્તાકર્મની પ્રવૃત્તિ કાર્ય એમ પણ નહિ. સમજાય છે કાંઈ? શું કહ્યું ઈ?

'**અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી...**' પોતાના સ્વરૂપના ભાન વિના પુણ્ય-પાપનો રાગ એ મારું કાર્ય અને હું કર્તા એ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ. એમ લખ્યું છે. પણ એનો અર્થ નિશ્ચયથી લો તો અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ એ તો હજી ભેદ થઈ ગયો. સમજાય છે કાંઈ? એમાં લીધું છે. પરમઅધ્યાત્મ તરંગિણીમાં. પરમઅધ્યાત્મ તરંગિણીમાં આવો અર્થ લીધો છે. પરમઅધ્યાત્મ તરંગિણી છે ને? શું કહે છે? કે ભગવાન આત્મા ચિદ્ઘન આનંદકંદને ભૂલીને અનાદિથી પુણ્ય-પાપના વિકાર એ મારું કાર્ય અને હું કર્તા, એ સ્વરૂપના અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ કહ્યું એ તો ભેદથી કહ્યું. પણ ખરેખર તો સ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાનમૂર્તિ છે તેનાથી વિપરીત અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી એમ નહિ કહીને અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ (કહ્યું). સમજાય છે કાંઈ? એમાં શું ફેર પડ્યો? એમાં લખ્યું છે, અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની પ્રવૃત્તિ. એમ કહ્યું એમાં ફેર શું પડ્યો?

વસ્તુ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવે કહેલું તત્ત્વ. એવા તત્ત્વના અજ્ઞાનથી ભાન વિના રાગ મારું કાર્ય અને હું કર્તા એવા અજ્ઞાનથી ઉત્પન્ન થયેલી કર્તાકર્મની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પ્રવૃત્તિ એમ કહેવાને બદલે અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ (કહ્યું છે). ભીખાભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નહિ, નહિ, નહિ. ધ્યાન ન રાખ્યું. મોટો ફેર પડ્યો. તમારી દૃષ્ટિએ સાંભળ્યા કરો છો. બીજી વાત કરી તદ્દન. અજ્ઞાનથી ઉત્પન્ન થઈ એમ નહિ. અજ્ઞાનથી કર્તાકર્મ ઉત્પન્ન નહિ, અજ્ઞાનરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ. સમજાય છે કાંઈ? અર્થાત્ જ્ઞાનઘન સ્વભાવનું અજ્ઞાન છે અને એ અજ્ઞાનને કારણે કર્તાકર્મની પ્રવૃત્તિ એમ નહિ, અજ્ઞાનરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ. રાગ મારું કાર્ય. દયા, દાન વ્યવહાર વિકલ્પ મારું કાર્ય અને હું કર્તા એ અજ્ઞાનરૂપ જ કર્તાકર્મની પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ? આવી વાતું હવે આવા ઉનાળામાં ગરમીમાં. આમાં ગરમી થાય.. અરે..! ભગવાન! ગરમી ક્યાં, ગરમી ગરમીમાં છે, જડમાં છે. આત્મામાં ગરમી છે જ નહિ. આત્મામાં દયા, દાનનો વિકલ્પ પણ નથી ત્યાં વળી ગરમી ક્યાં રહી? ભગવાન તો શીતળ આનંદનું ધામ છે. સમજાય છે કાંઈ? શીતળ નામ અકષાય સ્વભાવનો પ્રભુ આત્મા પિંડ છે. ભગવાનને વીતરાગ વિજ્ઞાન પ્રગટ થયું એ બધી દશા આત્મામાં છે. તો આત્મા જ વીતરાગ વિજ્ઞાનસ્વરૂપ છે. અથવા ઉપશમ શાંત.. શાંત.. શાંત.. શાંતરસનો વિજ્ઞાનઘન આત્મા છે. એનું લક્ષ છોડીને એનું જેને જ્ઞાન નથી એવા અજ્ઞાનીને અજ્ઞાનરૂપ-એ પુણ્ય પરિણામ મારા અને હું કર્તા-એ અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ ચાલે છે. સમજાય છે કાંઈ? બહારની સાથે કંઈ સંબંધ નથી. શરીર, વાણી, મનનું કોઈ કામ કરતો નથી. એ તો થતું જ નથી.

ભગવાન ચૈતન્યસ્વભાવ જેમાં તો અનંત અનંત કેવળજ્ઞાન પડ્યું છે. એવો જ્ઞાનસ્વભાવ જ્ઞાયકભાવ એવો ભગવાન મહિમાવંત પોતાનો ભગવાન. ભગ એટલે જ્ઞાન અને વાન એટલે સ્વરૂપ. પોતાનું જ્ઞાનસ્વરૂપ અથવા જ્ઞાનવાન, જ્ઞાનવાન. જ્ઞાન જેનું વાન નામ રૂપ છે. એવો જ્ઞાનવાન ભગવાન પોતાના જ્ઞાનને જાણવું-દેખવું એવો સ્વભાવ છે તેને ભૂલીને શુભાશુભ પરિણામ મારું કાર્ય અને હું કર્તા એ અજ્ઞાનરૂપ પ્રવૃત્તિ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? કરે છે, માણસ નથી કહેતા? કાંઈક કરે છે ને? હા કરે છે. શું? અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ. સમજાય છે કાંઈ? જેનો પોતાનો જ્ઞાયકસ્વભાવ વસ્તુ ચૈતન્યમૂર્તિ ભગવાન છે એવી દૃષ્ટિ નથી એ શું કરે છે? એની પ્રવૃત્તિ શું? અથવા એનું કાર્ય શું? અને એ અજ્ઞાનભાવમાં શું કરી શકે છે? કે અજ્ઞાનભાવરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ કરે છે. અજ્ઞાનભાવરૂપ. આહાહા..!

પંચ મહાવ્રત, અહિંસા, સત્ય, દત્તનો જે વિકલ્પ છે, કહે છે કે એ અજ્ઞાનસ્વરૂપ છે. એ રાગ જ અજ્ઞાનસ્વરૂપ છે, આત્મસ્વરૂપ નહિ. તો એ અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ છે, ભાઈ! આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યઘન અનંત અનંત શાંતરસ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અરૂપી અક્રિય રાગથી ભિન્ન છે. એવી વસ્તુનું જ્યાં અંતર્મુખ થઈને જ્ઞાન થયું નથી તો એવો અજ્ઞાની ચાહે તો સાધુ હો, દિગંબર સાધુ હો, બાહ્યથી નગ્ન સાધુ હો પણ અંતરમાં જ્ઞાતા-દ્દષ્ટાના ભાન વિના એની પ્રવૃત્તિ અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિમાં એ પડ્યો છે. સમજાય છે કાંઈ? અયોગ્યતામાં એ એટલું કરી શકે છે. વિકલ્પ ઉઠે છે વ્રત, દયા, દાન, ભક્તિ, પૂજા આદિ ભાવ એ મારા છે અને હું એનો છું, એવી અજ્ઞાનરૂપી કર્તાકર્મની પ્રવૃત્તિ અજ્ઞાનીને છે. બીજી પ્રવૃત્તિ નથી. કોઈની દયા પાળે કે છોડે કે એવી કોઈ પ્રવૃત્તિ અજ્ઞાનીમાં છે જ નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? ભારે વાત.

અજ્ઞાનરૂપ '**કર્તાકર્મની પ્રવૃત્તિના અભ્યાસથી થયેલા ક્લેશથી નિવૃત્ત થયેલો,...**' લ્યો. શું કહે છે? એકલો જ્ઞાનસ્વભાવ અનાકુળ આનંદમૂર્તિ પ્રભુ એ અજ્ઞાનરૂપ પુણ્ય-પાપના રાગ ઉપર દ્દષ્ટિ હોવાથી એ મારું કાર્ય અને હું કર્તા એવી અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ હતી તેનાથી નિવૃત્ત થયો. અજ્ઞાનરૂપ ક્લેશરૂપ પ્રવૃત્તિ હતી. ક્લેશથી નિવૃત્ત થયો. ઓહોહો..! એ પુણ્ય-પાપરૂપી ક્લેશ હતો. ઝઘડો કોઈ સાથે કરે નહિ અને ક્લેશ હતો. પોતાથી ઝઘડો કર્યો. ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનઘન સ્વરૂપ છે. તેને છોડીને અજ્ઞાનરૂપ, જ્ઞાનરૂપ આત્મા છે-ભગવાન જ્ઞાનરૂપ છે, તેને છોડીને પુણ્ય-પાપના સૂક્ષ્મ વિકલ્પ એ અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ ક્લેશમય છે, ક્લેશમય છે. દુઃખમય છે, અશાંતિ છે-અસમાધિ છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? દયા, દાન, વ્રત, મહાવ્રતાદિના પરિણામ ક્લેશરૂપ-દુઃખરૂપ છે એમ કહે છે. ભારે વાત.

એકલો જ્ઞાનગોળો ચૈતન્યબિંબ ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ કહ્યો એવો. ભગવાને તો એવો કહ્યો છે ને. એ તો કહી વાત. ભગવાને તો તારા આત્માને એવો જ જોયો છે. શું ભગવાને રાગ, પુણ્ય-પાપના વિકલ્પરૂપ તારા આત્માને જોયો છે? એને તો આસ્રવ જોયો ભગવાને. મહાવ્રત, અવ્રતના વિકલ્પ તો ભગવાને આસ્રવ જોયા છે. શરીર ને કર્મને ભગવાન કેવળજ્ઞાનીને અજીવ જોયા છે. તારો આત્મા તો ભગવાને આવો જોયો છે કે આસ્રવ, પુણ્ય-પાપના વિકલ્પ ક્લેશ અને શરીરથી ભિન્ન જોયો છે. એવા ભિન્નનું જેને અંતર ભાન નથી એને અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ છે. એ વિકાર સૂક્ષ્મ વિકલ્પ મારું કાર્ય છે, એ કરું છું એવી અજ્ઞાનરૂપ પ્રવૃત્તિ, જે દુઃખરૂપ પ્રવૃત્તિ છે, ક્લેશરૂપ પ્રવૃત્તિ છે. એ સ્વભાવની એકાગ્રતાથી ક્લેશથી નિવૃત્ત થાય છે. નિવૃત્ત થવાનો એક જ ઉપાય છે. સમજાય છે કાંઈ?

ઉત્પન્ન થયેલા ક્લેશોથી નિવૃત્ત થયો. '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' ભગવાન આત્મા જ્ઞાતા-દ્દષ્ટા ચૈતન્યસ્વભાવ સમ્યગ્દર્શન થતાં જ રાગની ઉત્પત્તિ જે અજ્ઞાનભાવથી થતી હતી અથવા અજ્ઞાનભાવરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિ હતી. એ જો ક્લેશ હતો, અસમાધિ હતી, દુઃખ હતું તેનાથી ખસીને જ્ઞાયકસ્વભાવમાં જ્યાં જામ્યો, આરૂઢ થયો તે ક્લેશથી નિવૃત્ત થયો અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



‘**જ્ઞાનસ્વરૂપ થયો થકો...**’ જ્ઞાનસ્વરૂપનો અર્થ જાણન-દેખન અને આનંદ શક્તિનો સ્વાદ લેતો થકો. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ થયો થકો અથવા જ્ઞાયક ચૈતન્ય ભગવાન છે એમ અંતર્મુખ દૃષ્ટિ કરીને રાગના કર્તાપણાની બુદ્ધિ છોડીને ક્લેશથી નિવૃત્ત થઈને આનંદરૂપી ભગવાન આત્માના ધામમાં દૃષ્ટિ લગાવીને જ્ઞાનરૂપ થયો. જાણન-દેખન અને આનંદરૂપી દશા થઈ. એનું નામ સમ્યગ્દૃષ્ટિ ને જ્ઞાની ને ધર્મી કહે છે. સમજાય છે કાંઈ?

‘**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો...**’ પોતે શબ્દ છે ને? પોતે શબ્દ પડ્યો છે. કેમ? પોતે શબ્દ કેમ છે એમાં? કોઈ રાગની મંદતાની અપેક્ષાથી જ્ઞાનપણે થયો છે, વ્યવહારની અપેક્ષા છે તો જ્ઞાનપણે થયો, ધર્મપણે થયો એમ નથી. આહાહા..! મોટી તકરાર અત્યારે લોકોની છે. અરે..! તમારું એકાંત છે. હવે અમારું નથી, ભગવાનનું છે સાંભળ તો ખરો. અરે..! પ્રભુ! તને દુઃખ થશે, ભાઈ! એના પરિણામ આકરા છે. વર્તમાન દુનિયા ગાંડી ઘેલી માની લે એથી કરીને તને લાભ થશે એવું કાંઈ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનનો પિંડ પ્રભુ ચૈતન્ય આનંદની મૂર્તિ વસ્તુ છે. જ્યાં અજ્ઞાનરૂપી કર્તાકર્મની પ્રવૃત્તિનો ક્લેશ છૂટી ગયો તો ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ્ઞાતા-દૃષ્ટા અને આનંદરૂપ દશા થઈ. બસ, જગતનો સાક્ષી થઈ ગયો. સમ્યગ્દર્શન થયું અને સમ્યક્જ્ઞાન થયું. શું કહે છે જુઓ!

‘**જ્ઞાનસ્વરૂપ થયો થકો...**’ એમ કહ્યું ને? ભાઈ! કર્તાકર્મ છે ને. પોતાથી થયો. સ્વયં પોતાથી થયો એમ લેવું. આહાહા..! થોડી પણ કષાયની મંદતાની સહાયતા છે તો પોતાથી સ્વયં જ્ઞાનસ્વરૂપ થયો એમ છે? ના. વાત ગ્રીક લેટિન જેવી લાગે. નવા માણસને તો એમ લાગે કે આ શું કહે છે? એ.. છોટુભાઈ! કોઈ દી સાંભળી ન હોય. હા પાડે છે. જિજ્ઞાસાથી આવ્યા છે ને. આહા..!

મુમુક્ષુ :- ખબર છે ને કે મહારાજ નવું કહે છે.

ઉત્તર :- કહે છે. ખબર છે ને. બીજું કહે છે બધાથી. એમ ખબર નથી?

ભગવાન! અહીં તો ભગવાનની વ્યાખ્યા કરી હતી. ભગ-જ્ઞાન, વાન-જેનું જ્ઞાન જ રૂપ છે. પ્રભુ ચૈતન્યનું જ્ઞાન જ રૂપ છે. એટલે એને ભગવાન કહેવામાં આવે છે. ભગવાન. ભગના ઘણા અર્થ થાય છે. ભગ-કીર્તિ થાય છે, ભગ-લક્ષ્મી થાય છે. ભગ-પ્રયત્ન થાય, પુરુષાર્થ થાય છે, માહાત્મ્ય થાય છે. પણ અહીં તો ભગ એટલે જ્ઞાન જે ચૈતન્યબિંબ. વાન જેનું જ્ઞાન જ વાન નામ રૂપ છે. દયા, દાન વિકલ્પ ઉઠે એ આત્માનું રૂપ છે જ નહિ. ટીકામાં છે, હોં! ભગવાનનો અર્થ. સંસ્કૃતમાં છે. ભગવાન-જ્ઞાનવાન, જ્ઞાનસ્વરૂપ. પ્રભુ! તું જ્ઞાનસ્વરૂપ ભગવાન છો ને. આહાહા..!

પ્રભુ! તારી પર્યાયમાં પુણ્ય-પાપના વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિના ઉઠે છે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તારું સ્વરૂપ નથી. તારા સ્વરૂપથી તો એ વિપરીત વિરુદ્ધ છે. એવા વિરુદ્ધની દૃષ્ટિ રહે કે એ હું છું અને મારું કાર્ય છે, ત્યાં સુધી તો મિથ્યાદૃષ્ટિ દુઃખનો અને ક્લેશનો અનુભવ કરે છે. ધર્મી ધર્મ બિલકુલ એને નથી. સમજાય છે કાંઈ? આહા..!

અહીં તો કહે છે, ભગવાન! તું તો જ્ઞાનસ્વરૂપ છો ને. જુઓ! એમ થયું ને? '**જ્ઞાનસ્વરૂપ થયો થકો,...**' આવ્યું ને? ભગવાન ચૈતન્યબિંબ છે ને. તો જ્ઞાનસ્વરૂપ થયો થકો. તો પોતાનું જ્ઞાન જ રૂપ, જ્ઞાનવાન-જ્ઞાનરૂપ-જ્ઞાનસ્વરૂપ-જ્ઞાનવાન. એવું સ્વરૂપ-જ્ઞાનવાન થયો થકો. અને પુણ્ય-પાપના વિકલ્પનો ક્લેશ જે રુચિમાં હતો તેને છોડીને અંતર સ્વભાવની દૃષ્ટિ-સમ્યક્ થયું તો આનંદનો અનુભવ કરતો જ્ઞાનસ્વરૂપ થયો થકો રાગાદિ પરદ્રવ્યનો જગતનો સાક્ષી થયો છે. જગત શબ્દે વ્યવહાર, નિમિત્ત, સંયોગ બધાનો સાક્ષી થયો છે. હવે કર્તા-ફર્તા કોઈનો નથી. સમ્યગ્દર્શન થયું ગૃહસ્થાશ્રમમાં છ ખંડના રાજમાં પડ્યો હોવા છતાં. સમજાય છે કાંઈ? એને ધર્મી કહે છે.

જ્યાં જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનવાન-રૂપ, ચૈતન્યબિંબ સૂર્યપ્રકાશ ચૈતન્યસૂર્ય આત્મા, એવા ચૈતન્યસૂર્યમાં શું સૂર્યના કિરણમાં કોઈએ મેલું કર્યું છે? સૂર્યના કિરણને કોઈએ મેલું કર્યું છે? કિરણ મેલું છે? એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. શું તમારે નીકળે છે હજાર-બે હજાર? પ્રકાશ. સર્ચ લાઈટ. ત્યાં નથી? ત્યાં હતીને સર્ચ લાઈટ. હજાર હજારની. શ્રવણબેલગોલા. ૫૭ ફૂટ ભગવાનના પ્રતિમા છે ને? બાહુબલીજીની. આ રહ્યા જુઓ! ૫૭ ફૂટની છે ત્યાં. ૫૭ ફૂટ. હજાર વર્ષ પહેલા બનાવી છે. પણ જુઓ તો એવી.. મોટા મોટા પરદેશના રાજા મહારાજાઓ જોવા આવે છે. ૫૭ ફૂટ છે. બે વાર ગયા હતા. એક વાર તો જવાહરલાલ ઇંદિરાને લઈને ગયા હતા. તો જોઈને.. ઓહોહો..! એ તો .. સમજવા જેવી વાત છે. પણ એને જોઈને એમ થઈ ગયું કે આવી પ્રતિમા! નગ્ન મુનિ. નગ્ન હતા ને? પહેલા તો મુનિ નગ્ન જ હતા. વસ્ત્ર-ફસ્ત્રવાળા મુનિ ભગવાનના શાસ્ત્રમાં છે જ નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હોય જ નહિ. અજ્ઞાની માને તો શું થયું? સમજાય છે કાંઈ? જવાહરલાલે કહ્યું, ઓહોહો..! પ્રતિમામાં વીતરાગતા અને પુણ્ય દેખાય છે. બે કહ્યા. વીતરાગતા, પવિત્રતા અને પુણ્ય. મને કોઈએ પૂછ્યું હતું. દોઢ-દોઢ કલાક બેઠા. ગયા હતા ને. શું જોયું? એકલી પવિત્રતા અને પુણ્ય દેખાય છે. અંદર આત્મા પવિત્ર છે અને શરીરમાં એકલું પુણ્ય દેખાય છે. સમજાય છે કાંઈ?

કહે છે, એવા પવિત્ર ભગવાન. એવી જ ચૈતન્ય પવિત્ર મૂર્તિ અંદર છે. શરીરાકાર ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ જ્ઞાનવાન. એમ અંતર દૃષ્ટિ કરીને જ્ઞાનવાન થયો, જ્ઞાનસ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયો, આનંદરૂપ થયો, વીતરાગ પર્યાયરૂપ થયો. એ જગતનો સાક્ષી થઈ ગયો. ચોથે ગુણસ્થાનથી. રાજપાટમાં હો. હજારો રાણી હતી બાહુબલીજીને. એમના ભાઈ ભરતને છન્નુ હજાર સ્ત્રી હતી. અમારો તો વિકલ્પ પણ નથી તો અમારી રાણી ક્યાંથી થઈ? અમે તો જ્ઞાનસ્વરૂપ ભગવાન અનંત ગુણનો પિંડ ચૈતન્ય જ્ઞાતા-દ્રષ્ટા છીએ. તો રાજ અને પાટ અમારા ત્રણકાળમાં નથી. એમ અંતરમાં રાજપાટમાં દેખાવા છતાં તેનાથી ભિન્ન પોતાના જ્ઞાનસ્વરૂપનું ભાન થયું છે. જ્ઞાતા-દ્રષ્ટા છે, જગતના સાક્ષી છે. ચાહે તો રાજમાં લડાઈ હો કે ચાહે તો રાજમાં શાંતિ હો કે રાજમાં વિષમતા હો. જ્ઞાની બધાનો સાક્ષી છે. લડાઈ કરવા જાતા હોય એમ દેખાય, હોં! લોકો એમ જોવે કે લડાઈ કરવા જાય છે. જુઓ! આ લડાઈ કરે છે ને? સાંભળ તો ખરો, પ્રભુ! તને ખબર નથી.

ભગવાન આત્મા ઉપર જ્યાં અંદર દૃષ્ટિ પડી છે એ દૃષ્ટિને કારણે ત્યાં જ્ઞાતા-દૃષ્ટાની પર્યાય જ ઉત્પન્ન થાય છે. ત્યાં રાગની પર્યાય, જરી દ્વેષની પર્યાય આવી તેનો પણ જ્ઞાતા-દૃષ્ટા છે. દ્વેષની પર્યાય મારું કાર્ય છે એમ છે જ નહિ. અજ્ઞાનરૂપ કર્તાકર્મની પ્રવૃત્તિના ક્લેશથી સમકિતી નિવૃત્ત હોય છે. આહા..! ભારે. કાયરને તો કાળજુ કંપે એવું લાગે. બહારથી આ દયા પાળી ને વ્રત પાળ્યા ને.. ધૂળેય નથી, સાંભળને હવે.

મુમુક્ષુ :- ત્યાગ તો કાંઈક જોઈએ ને.

ઉત્તર :- છે ને, સમકિતનો ત્યાગ છે એને. ધર્મનો ત્યાગ છે. હજી તને કંઈ ખબર નથી ચૈતન્ય કોણ છે. એ તો જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા, જેમાંથી કિરણ નીકળે... ત્યાં ગયા હતા ને? શું કહેવાય? રાત્રે નીકળતા હતા આમ હજારો કિરણ. હજાર હજારનું હતું. શું કહેવાય ઈ? વોટ. ભાષા તમારી હશે. એમ આ ભગવાન... રાત્રે પણ હોં! રાત્રે એવું દેખાય. આ ભગવાન આત્મા અનંત જ્ઞાનના પ્રકાશના કિરણરૂપ આત્મા છે. અંદરમાં તો અનંત જ્ઞાનનો પ્રકાશ નીકળે છે. પુણ્ય-પાપના વિકલ્પ... ત્યારે વિજ્ઞાનઘન કહ્યું ને? સમ્યક્ થયું, સમ્યગ્દૃષ્ટિ થયો, ધર્મી થયો ચોથા ગુણસ્થાનવાળો. શ્રાવક ને મુનિ તો ક્યાં રહ્યા, એ તો જુદી દશા છે. સમજાય છે કાંઈ? કહે છે કે જેમ એમાં હજાર બત્તી જેટલો પ્રકાશ નીકળે છે, તો ભગવાન આત્મા અનંત કેવળજ્ઞાનનો પિંડ પ્રભુ છે એવી દૃષ્ટિ થઈ તો અજ્ઞાનરૂપ કર્તાકર્મ-રાગ મારું કર્તવ્ય છે એવો ક્લેશ અને દુઃખ હતું તેનાથી નિવૃત્ત થયો. તો અનંત કેવળજ્ઞાનમાંથી અંતર કેવળજ્ઞાનસ્વરૂપ છે તો અનંત પ્રકાશ (પ્રગટ થાય છે). મતિ-શ્રુતમાં પણ પર્યાયનું સામર્થ્ય અનંત છે. સમજાય છે કાંઈ? આહાહા..! અનંતમાંથી આવે તો અનંત જ છે.

ચૈતન્ય ભગવાન પૂર્ણ જ્ઞાનકળાથી શોભિત પડ્યો છે. એ પુણ્ય-પાપના વિકલ્પનું અજ્ઞાનનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્તાકર્મપણું છૂટી ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ થયો થકો. જુઓ! આત્મા કર્તા અને વિજ્ઞાનઘન પર્યાય એનું કાર્ય. ભેદ નહિ. પણ એવું કાર્ય થઈ જાય છે. એમ કહ્યું ને? જુઓ! '**પોતે જ્ઞાનસ્વરૂપ થયો થકો,...**' એમ શબ્દ છે ને? થયો થકો. ભગવાન જ્ઞાન આત્મા પોતાની શુદ્ધ પર્યાયરૂપ થયો થકો જગતનો સાક્ષી (થાય છે). ચાહે તો વ્યવહાર દયા, દાન, વ્રત ઉત્પન્ન હો, ચાહે તો હિંસા, જૂઠાનો વિકલ્પ ઉત્પન્ન હો, સમકિતી-ધર્મી તો સાક્ષી છે. એ મારા છે એમ જ્ઞાની-ધર્મી માનતા નથી. સમજાય છે કાંઈ? '**જગતનો સાક્ષી (જ્ઞાતાદ્રષ્ટા) પુરાણ પુરુષ...**' પુરાણ અનાદિનો. પુરાણનો અર્થ જીર્ણ કર્યો છે સંસ્કૃતમાં. જીર્ણ એટલે અનાદિનો. જીર્ણનો અર્થ અનાદિ. જૂનો થઈ ગયો જૂનો. જૂનો પણ જીર્ણ શબ્દ વાપર્યો છે. અન્ય લોકોની ભક્તિમાં વાપરે છે ને. 'જૂનો ધર્મ જાણીને સંતો, જૂનો ધર્મ લ્યો જાણી રે... જૂનો ધર્મ લ્યો જાણી..' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો જે આત્મસ્વભાવ અનાદિનો જૂનો ધર્મ એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? 'જૂનો ધર્મ લ્યો જાણીને સંતો, જૂનો ધર્મ લ્યો જાણી રે.. જી.' જૂનો ધર્મ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરનો કહેલો અનાદિનો ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ અનાદિનો જીર્ણ નામ જૂનો છે. એવો પુરાણ પુરુષ-જૂનો પુરાણ પુરુષ ભગવાન. પુરાણ અનાદિનો આત્મા '**અહીંથી હવે પ્રકાશમાન થાય છે.**' હવે ૭૫ ગાથાથી જ્ઞાનીનો સાક્ષીભાવ કેવો છે એમ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ?

'**હવે પૂછે છે કે આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય?**' મહારાજ! પ્રભુ! ધર્મી થયો, આ જ્ઞાની થયો-સમકિતી થયો, એને ધર્મ થયો એવો થયો તો ક્યા લક્ષણથી એ ઓળખાય છે? એ જ્ઞાની થયો, ધર્મી થયો, ચોથા ગુણસ્થાનથી માંડી ધર્મી થયો, તો એ ધર્મી ક્યા લક્ષણથી ઓળખાય છે? એની ઓળખાણ શું છે? સમજાય છે કાંઈ? જેનો આવો પ્રશ્ન છે તેને ઉત્તર આપે છે. વેઠની પેઠે સાંભળવા આવે છે એને નહિ, એમ કહે છે. એ.. વજુભાઈ! એમાં એમ છે, જુઓ! '**કથમાત્મા જ્ઞાનીભૂતો લક્ષ્યત**'. સંસ્કૃત છે ને ઉપર? ભગવાન આ ધર્મી જીવ થયો અને ધર્મ કરે છે એમ કઈ રીતે જણાય? એનું લક્ષણ શું? એનું સ્વરૂપ શું? એની રીત શું? એની પદ્ધતિ શું? એની વિધિ શું છે? સમજાય છે કાંઈ? આ સમ્યગ્દ્રષ્ટિ છે અને સમ્યક્જ્ઞાની છે અને ધર્મી છે અને ધર્મ કરે છે તો એનું લક્ષણ શું કે એ ધર્મ કરે છે? કોઈ લક્ષણ છે કે નહિ? પૂછ્યું ને ચિહ્ન? '**લક્ષ્યત**'. એનું કોઈ ચિહ્ન કહો. એમ શિષ્યનો પ્રશ્ન છે. ૭૫ ગાથા આવી. હવે અધિકાર થોડો સૂક્ષ્મ આવશે. ૭૫થી થોડું થોડું સાંભળ્યું છે. ૭૫ ગાથાથી તત્ત્વ જરી સૂક્ષ્મ આવશે. તમારે તો ઘણા દિવસ થઈ ગયા. તમારે ૧૪ દિવસ થઈ ગયા. કેટલા દિવસ થયા આજે? ખબર નથી. ૧૪. સોમવારથી શરૂ થયું છે. સોમવારથી શરૂ થયું છે અને કાલે સોમવાર છે. ૧૫

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



દિવસ થશે. અમને આજે ૧૫ દિવસ થયા. અમે એક દિવસ પહેલા આવ્યા. બહારથી રવિવારે આવ્યા. હવે જરી સૂક્ષ્મ સાંભળવું જોઈએ એને કે શું ચીજ છે?

શિષ્યનો પ્રશ્ન છે, પ્રભુ! આ ધર્મી જીવ છે અને ધર્મ થાય છે અને ધર્મ કરે છે, ધર્મીજીવ ધર્મમાં આવ્યો છે અને એને ધર્મ પ્રગટ થયો છે એમ કેમ જણાય? એનું લક્ષણ શું? એનું કોઈ એંધાણ.. એંધાણ-ચિહ્ન શું? એમ પૂછે છે તેનો ઉત્તર આપે છે.

**कम्मस्स य परिणामं णोकम्मस्स य तहेव परिणामं।**
**ण करेइ एयमादा जो जाणदि सो हवदि णाणी।।७५।।**

નીચે હરિગીત. મૂળ શ્લોકનું નીચે હરિગીત છે. અમારા પંડિતજીએ બનાવ્યા છે.

**પરિણામ કર્મ તણું અને નોકર્મનું પરિણામ જે**
**તે નવ કરે જે, માત્ર જાણે, તે જ આત્મા જ્ઞાની છે. ૭૫.**

'**ટીકા :- નિશ્ચયથી...**' પર્યાયમાં ઉત્પન્ન થયેલો જે '**મોહ,...**' પર તરફની સાવધાનીનો વિકલ્પ. આ પ્રશ્ન ૭૫નો ૯૯ ગાથામાં સોમચંદભાઈએ કર્યો હતો. સોમચંદભાઈ ખારા. ખારા ને ઈ? ના ખારા છે ઈ. ફરી ગયું હશે. ખારા સારું ન લાગે એટલે. મૂળ તો ખારા છે. ખારાના કુટુંબના છે. સોમચંદભાઈ કેવું નામ? એ ત્યાં પહેલા હતા ને, કેળવણી અધિકારી. જામનગરમાં. અમારું ચોમાસુ હતુ ત્યારે ત્યાં હતા. જ્યારે (સંવત) ૧૯૮૮નું ચોમાસુ હતું ને ત્યારે ત્યાં હતા. એણે પ્રશ્ન કરેલો કે મહારાજ! આ વિકાર પરિણામ ખરેખર જીવના છે કે ખરેખર નથી? કારણ કે વારંવાર એમ કહેવામાં આવે છે કે વિકાર પોતાથી થાય છે. સવારે આવ્યું કે નહિ? વિકાર પોતાથી થયો છે. પોતામાં છે, પરમાં નથી. એ વાત તો પરથી ભિન્ન પાડવા માટેની છે. અહીંયા તો જ્ઞાનીનું લક્ષણ બતાવવું છે. રાગ-દ્વેષ વિકાર જે ઉત્પન્ન થાય છે, અજ્ઞાનમાં સ્વભાવના ભાન વિના પોતાની પર્યાયમાં એ અજ્ઞાનનું સ્વરૂપ છે. પણ જ્યારે એનાથી પણ ભિન્ન થયો.. અહીં તો જ્ઞાનીની વાત ચાલે છે ને. તો પુણ્ય-પાપના, દયા, દાન, વ્રતના વિકલ્પ છે તેનાથી પણ ભિન્ન થઈને પોતાના જ્ઞાનસ્વરૂપનો અનુભવ અને સમ્યગ્દર્શન થયું તો કહે છે કે એ રાગ જે બાકી છે એ પુદ્‌ગલનું કાર્ય છે, આત્માનું નહિ.

મુમુક્ષુ :- વ્યાપ્ય વ્યાપક બદલાઈ ગયું?

ઉત્તર :- વ્યાપ્ય વ્યાપક રહ્યું ને, બદલાઈ નથી ગયું. વ્યાપ્ય વ્યાપક. સ્વભાવ વ્યાપક છે અને નિર્મળ પર્યાય વ્યાપ્ય છે. ભાઈ! ઈ વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ કઈ અપેક્ષાએ કહ્યું ને. કે રાગથી ભિન્ન પડ્યો છે અને સ્વભાવનો અનુભવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયો છે. ધર્મી થયો તો સ્વભાવની પર્યાય વ્યાપ્ય અને આત્મા વ્યાપક. પછી રાગ બાકી રહ્યો એ પોતાનું વ્યાપ્ય નહિ. એ કર્મનું વ્યાપ્ય અને વ્યાપક કર્મમાં ગયું. જરી સમજવા જેવી વસ્તુ છે. સમજાય છે કાંઈ? સવારે કહ્યું હતું એ જ વાત અહીંયા સ્વભાવની દૃષ્ટિમાં છે.

જુઓ! વસ્તુનું સ્વરૂપ એવી ચીજ છે કે વિકાર થાય છે તો પોતાના સ્વરૂપમાં, પોતાની અવસ્થામાં અસ્તિત્વપણે પુણ્ય-પાપ, મિથ્યાત્વ પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે. પરંતુ જ્યાં સુધી પર્યાયદૃષ્ટિ છે ત્યાં સુધી વિકારનો કર્તા અને વિકાર કાર્ય અજ્ઞાનીનું છે. પણ પર્યાયદૃષ્ટિ છૂટીને જ્યારે સ્વભાવદૃષ્ટિ થઈ તો વિકાર કાર્ય પોતાનું અને વિકારને કરનાર હું એમ રહેતું નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! કર્મકાંડમાં એમ લખે, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય. મોહનીયથી રાગ-દ્વેષ થાય છે. અહીંયા એમ લખે, કર્મ વ્યાપક અને કર્મનું કાર્ય છે. પણ કઈ અપેક્ષાથી? પહેલામાં નિમિત્ત બતાવવું છે. અહીંયા તો એનો ભેદ બતાવવો છે. સમ્યક્ ધર્મીને પોતાનો શુદ્ધ સ્વભાવ ચિદાનંદ જ્ઞાયકમૂર્તિ એવું સ્વસ્વામીપણું અંતરમાં પ્રગટ થયું છે. તેથી જેટલો વ્યવહાર બાકી રહ્યો, એ વ્યવહારનો સ્વામી નથી. વ્યવહાર નિશ્ચયની પર્યાયમાં છે જ નહિ. અરે..! આહાહા..! શું કરે? એના ઘરની મૂળ વાત સમજવામાં ન આવે ત્યાં સુધી એમ ને એમ અનાદિથી રખડ્યો છે, ચોર્યાશીમાં.

અહો..! અનંતકાળનો મહાપંથ ભવિષ્યનો ક્યાં કાઢવાનો છે, એની જેને વિચારણા નથી. અહો..! ભવિષ્યનો અનંત કાળ. ભૂતકાળ તો અનંત કાળ ગયો. પણ એનાથી અનંતગુણો ભવિષ્યનો કાળ છે. ભગવાન! ભવિષ્યનો કાળ ક્યાં કાઢવો છે? તારે ક્યાં રહેવું છે? તારો પંથ ક્યાં છે? કહે છે કે જે રાગાદિ પરિણામ છે, પુણ્યના પરિણામ છે એ મારું કાર્ય અને હું કર્તા. એ અજ્ઞાનપંથમાં વર્તમાનમાં પડ્યો છે અને ભવિષ્યમાં અજ્ઞાનપંથમાં તારો અનંત કાળ જશે એવો તારો ભાવ દેખાય છે. સમજાય છે કાંઈ? અને તારો ભવિષ્યકાળ અત્યારથી જે અનંતકાળ છે તો ક્યાં રહેવું છે પંથમાં? તો કહે છે, જ્ઞાનીના પંથમાં તો હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું. એવી પર્યાયમાં જ્ઞાનીનો પંથ વર્તમાન છે અને ભવિષ્યમાં આવો પંથ અનંત કાળ રહેશે. સમજાય છે કાંઈ?

આ તો ૨૫-૫૦-૬૦-૧૦૦ વર્ષ. કે એંસી. શરીરની સ્થિતિ કેટલી? અનંત કાળને હિસાબે બહુ થોડી. અને પુણ્ય-પાપના ભાવ થાય છે એની સ્થિતિ પણ કેટલી? એક સમયની. તો એક સમયની પુણ્ય-પાપની સ્થિતિ છે એના ઉપર જેની દૃષ્ટિ છે તેને ત્રિકાળ જ્ઞાયકનો અનાદર છે. અનાદર છે તો પુણ્ય-પાપનો વિકાર મારું કાર્ય અને હું કર્તા, એમ અજ્ઞાનપણે માને છે તો અજ્ઞાનના પંથમાં પડેલો અજ્ઞાનના પંથમાં ભવિષ્યકાળ ગાળશે. ચંદુભાઈ! આહાહા..! આત્મા તો અનાદિઅનંત છે. અને એને એવો માન્યો કે હું તો વિકારમાં છું અને વિકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારું કાર્ય છે. ભવિષ્યનો અનંત કાળ એમાં-મિથ્યાત્વભાવમાં ગાળશે. ચાહે તો સાધુ થઈને પડ્યો હોય પણ મિથ્યાત્વભાવ છે અંદરમાં. સમજાય છે કાંઈ? તો મિથ્યાત્વમાં જ તારો ભવિષ્યકાળ જશે. મિથ્યાત્વમાં અનંત ભવ કરવાની શક્તિ છે.

અને જ્યારે રાગથી ભિન્ન પડીને હું ચૈતન્ય છું, મારા સ્વભાવમાં ભવ અને ભાવનો ભાવ બેય નથી. સમજાય છે કાંઈ? મારા સ્વભાવમાં તો જ્ઞાન, દર્શન, આનંદથી ભરપૂર ભરચક ભર્યો છે. મારો સ્વભાવ તો જ્ઞાન, આનંદ એવા અનંત ગુણથી ભરેલો છે. એવી દૃષ્ટિમાં, અનુભવમાં જે રાગ થાય છે એ તો મુક્તસર થયો તેનો જ્ઞાતાદૃષ્ટા જ્ઞાની છે. જ્ઞાતાદૃષ્ટા થયો અને એવો જ જ્ઞાતાદૃષ્ટા રહેશે. કરતાં કરતાં રાગ છૂટી જશે અને કેવળજ્ઞાન થઈ જશે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ થોડું થોડું તો કહેવાય છે. છોટુભાઈ તો નવા છે ને હજી. આ વાત સાંભળી નથી. આ તો દયા પાળો, વ્રત પાળો, અપવાસ કરો, તપસ્યા કરો એવું સાંભળ્યું હોય અને એમાં શેઠિયા માણસ. પૈસા આપો થોડા એને, જાઓ. એક દાખલો. છોટુભાઈ! દરેકને ત્રણ ત્રણ રૂપિયા આપવા પોષો કર્યો હોય એને. પેલા ખુશ થઈ જાય. પોષો કર્યો, તપ થયું, ધર્મ થયો અને પૈસા મળ્યા. અને આ પણ કહે કે આપણે કર્યા વિના અનુમોદન કરશું તો એટલો તો ધર્મ થાશે કે નહિ. ધૂળમાંય ધર્મ નથી. પાપ છે. ધર્મ જેને નથી એને ધર્મ (માનવો એ પાપ છે). ધર્મ જેને થયો નથી, અધર્મ થયો છે. એ તો રાગની ક્રિયાને ધર્મ માને છે.

મુમુક્ષુ :- પાપથી તો..

ઉત્તર :- મિથ્યાત્વ થયું છે. મોટા પાપમાં આવી ગયો છે. એ તો સ્પષ્ટ કરે છે ને. રાગની મંદતા હોય આહાર છોડવામાં પણ એ આહાર મેં છોડ્યો એ અજીવનો સ્વામી થયો. રાગની મંદતામાં મારું કલ્યાણ છે તો મિથ્યાદૃષ્ટિ થયો. મોટા મિથ્યાત્વના પાપનું પોષણ કરે છે. એને બીજો કહે કે તમે ધર્મ કર્યો. એ પણ મિથ્યાત્વનું પોષણ કરે છે. એ.. મલૂકચંદભાઈ!

અહીં તો કહે છે, આ શ્લોકનું તે દી પૂછ્યું હતું. (સંવત) ૧૯૯૯ની સાલ. સોમચંદભાઈએ. આ કેમ આમ? એક કોર તમે એમ કહો છો કે વિકારના પરિણામ પોતાનું વ્યાપ્ય અને કર્મ કરાવતું નથી. અહીંયા કહે છે કે વિકારપર્યાયનું વ્યાપક કર્મ છે, આત્મા નહિ. વજુભાઈ! કઈ અપેક્ષાથી? એ તો પરને કારણે વિકાર નથી થતો એટલું સિદ્ધ કર્યું છે. હવે તો વિકારની પર્યાયથી પણ આત્મા ભિન્ન પડ્યો. હું જ્ઞાયક છું, ચિદાનંદ છું એવો અનુભવ થયો તો પછી જે વિકલ્પ ઉઠે છે.. આત્મા તો શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે એનો ઉકેલ થઈને, વિકાસ થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



શું વિકાર થાય? વિકાસમાં વિકાર થાય છે? વિકાસમાં શુદ્ધ વિકાસ જ થાય છે. સમજાય છે કાંઈ? એક સમયમાં શુદ્ધ ચૈતન્ય અનંત જ્ઞાનનો પિંડ પ્રભુ છે. એમ જ્યાં અનુભવ દૃષ્ટિ થઈ તો શું સ્વભાવમાં વિકાર છે કે વિકારનો વિકાસ થાય? સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિનો વિકાસ સમ્યક્જ્ઞાન, શાંતિ-ચારિત્રમાં છે. વિકારનો વિકાસ એને છે જ નહિ. આહાહા..! તો રાગાદિ છે ને? એના જ્ઞાનનો વિકાસ પોતામાં છે. એ સંબંધી જ્ઞાનનો વિકાસ છે, રાગ પોતામાં છે જ નહિ. પંડિતજી! આવી સૂક્ષ્મ વાત છે. આહાહા..!

'**નિશ્ચયથી,...**' પાછો નિશ્ચય શબ્દ છે ને. એમ કહે, ત્યાં પણ તમે નિશ્ચય કહો અને અહીં પાછું નિશ્ચય કહો. એમ પ્રશ્ન હતો ભાઈનો. ૯૯માં. ત્યાં પણ નિશ્ચયથી કહો કે વિકાર પોતામાં છે ખરેખર. સવારે નહોતું સિદ્ધ કર્યું? ૬૨ ગાથા. કર્તા નિશ્ચયથી પોતાના કર્તા, કર્મ, કરણ ષટ્કારક છે. વિકાર, પુણ્ય-પાપ મિથ્યાત્વનો કર્તા અજ્ઞાની પોતામાં પોતાથી ષટ્કારકથી કરે છે. ૬૨મી ગાથા ત્યાં પણ કાઢી હતી. ભગવાન! કઈ અપેક્ષા છે ત્યાં? ત્યાં તો પર તારું કર્તા નથી, પરથી તારામાં વિકાર થતો નથી. એટલું સિદ્ધ કરવું છે. અહીં તો વિકારથી દૃષ્ટિ હટાવી આત્માનું જ્ઞાન થયું તો આત્મામાં તો જ્ઞાન અને આનંદ પડ્યો છે. તો દૃષ્ટિ જ્યાં ત્યાં થઈ તો દૃષ્ટિમાં જ્ઞાન અને આનંદની પર્યાયનું વ્યાપ્ય થયું અને આત્મા વ્યાપક છે. પછી રાગ રહ્યો ને? તો રાગને જાણવાની પર્યાયનું વ્યાપ્ય એનું છે. રાગ એનું વ્યાપ્ય નથી. રાગ આવ્યો તેના જ્ઞાનની પર્યાય વ્યાપ્ય થઈ. કેમ, કનુભાઈ! ઈ જજ છે. આ તો સમજાય કે નહિ? અમદાવાદમાં જજ છે. ઈ બધા જજ ગપ્પા મારનારા. આ બીજી ચીજ છે. કેમ?

મુમુક્ષુ :- કાયદાને ધ્યાનમાં રાખીને કરે.

ઉત્તર :- રાખે, કાયદા બધા અજ્ઞાન કાયદા છે. વિકલ્પ ઉઠે અને જાણપણા કરે એ બધું કુજ્ઞાન છે. કહો, સમજાય છે કાંઈ?

અહીં તો... આહાહા..! કહે છે કે આસ્રવ કરતો હતો ત્યાં સુધી તો આસ્રવની વ્યાપ્ય પર્યાય એની છે. પણ આસ્રવથી ભિન્ન પડ્યો સમ્યગ્દૃષ્ટિ ત્યાં શું થયું એની વાત ચાલે છે. આહાહા..! ભગવાન! તારું રૂપ શું આસ્રવ છે? પુણ્ય-પાપના વિકલ્પ તારું રૂપ છે? તારું સ્વરૂપ છે? તારો ભાવ છે? તારો તાદાત્મ્ય સ્વભાવ છે? તારો સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ અનંત ગુણનો તાદાત્મ્ય સ્વભાવ તારો સ્વભાવ છે. તો વિકલ્પ ને રાગ ને નિમિત્તથી ખસીને સ્વભાવની દૃષ્ટિ થઈ તો જ્ઞાની જ્ઞાતાદૃષ્ટાના પરિણામમાં જે કંઈ રાગ બાકી રહ્યો તેનું જ્ઞાન એનું વ્યાપ્ય છે, રાગ એનું વ્યાપ્ય નામ કાર્ય છે એમ નથી. આ તો હજી વ્યવહાર કરે તો નિશ્ચય થાય છે. ધૂળમાંય નથી થતો. સાંભળ તો ખરો. તારા વ્યવહારથી તો નિશ્ચય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી થતો પણ વ્યવહારથી જ્ઞાન નથી થતું અહીંયા. એ વ્યવહાર રાગ જે ઉત્પન્ન થયો એ નિશ્ચયના ભાનમાં પોતામાં સ્વપરપ્રકાશક જ્ઞાન સ્વયં ઉત્પન્ન થાય છે. એ રાગ છે તો ઉત્પન્ન થયું છે એમ પણ નથી. રાગથી નિશ્ચય થાય છે એમ તો નથી પણ રાગ વ્યવહાર આવ્યો એનાથી જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય ઉત્પન્ન થઈ એમ પણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શું કરવું? મોહનભાઈ! મોહનભાઈ કેટલીક વાર કહે છે, કરવું શું? આ સમજે. પહેલું સમજે તો ખરો. આહાહા..!

ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ સત્ શાશ્વત ભગવાન કેવળીએ જોયો. શાશ્વત આનંદ અને જ્ઞાનથી ભરેલો ભગવાન છે. એવી ધ્રુવ ચીજ ભગવાન, એમ જ્યાં રાગથી, નિમિત્તથી ખસીને સમ્યક્જ્ઞાન થયું તો નિજ સ્વભાવનું ભાન થયું. સ્વભાવનું ભાન થયું તો જ્ઞાતાદષ્ટા રહી ગયો. બસ. હવે જેટલા વ્યવહાર આદિ ઉત્પન્ન થાય એ વિકલ્પનું વ્યાપ્ય નામ જ્ઞાનીનું કાર્ય છે એમ નથી. જ્ઞાનીનું કાર્ય રાગનું પોતાના જ્ઞાનમાં સ્વપરપ્રકાશક જ્ઞાન થાય છે એમાં રાગનું જ્ઞાન થયું તે તેનું વ્યાપ્ય છે. રાગનું વ્યાપ્ય કર્મમાં જાય છે. કેમ કે છૂટવાની દષ્ટિમાં છૂટવાની ચીજ રહી ગઈ. પોતામાં છે એમ ન રહ્યું. તો કર્મ અને કર્મથી પર્યાય થઈ એ બધું પરમાં વ્યાપ્ય વ્યાપક થઈ ગયું. પોતામાં વ્યાપક નથી. સમજાય છે કાંઈ? એ વિશેષ કહેશે, લ્યો. વખત થઈ ગયો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વૈશાખ વદ ૦૦), સોમવાર તા. ૨૭-૫-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૧૯**

સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૭૫ ગાથા. ધર્મીનું શું લક્ષણ? ધર્મીનું શું લક્ષણ ઈ ચાલે છે. ધર્મી થાય તો એનું કાર્ય શું? સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી થાય તો એનું કાર્ય શું? એનું લક્ષણ શું? ક્યા લક્ષણે એ ઓળખાય છે? ધર્મી. ઈ વાત ચાલે છે. જ્ઞાની. માથે આવ્યું ને? '**આત્મા જ્ઞાનસ્વરૂપ અર્થાત્ જ્ઞાની થયો એમ કઈ રીતે ઓળખાય?**' જે અનાદિથી રાગરૂપ, વિકલ્પરૂપ, વિકારરૂપ હું છું એમ જે માનતો હતો ત્યાં સુધી તો અજ્ઞાની હતો, મિથ્યાદૃષ્ટિ હતો, અધર્મ દશાવાન હતો. એ જ્યારે જ્ઞાનસ્વરૂપ થયો તો વિકાર, પુણ્ય-પાપનો રાગ, શરીર, કર્મ તો હું નથી, હું તો જ્ઞાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ શુદ્ધ જ્ઞાનાનંદ છું. જ્ઞાનાનંદ હું છું એવી દૃષ્ટિ થઈ તો અનુભવમાં આત્મજ્ઞાન પ્રગટ થયું તો જ્ઞાની થયો, ધર્મી થયો. એ ધર્મીનું શું ચિહ્ન છે એ પ્રશ્ન ચાલે છે.

'**ટીકા :- નિશ્ચયથી મોહ,...**' પર તરફની કોઈ વૃત્તિ ઉઠે છે સાવધાની જ્ઞાનીને તો એ જ્ઞાનીની વૃત્તિ જ નથી. કર્મ પુદ્‌ગલ વ્યાપક અને એ વૃત્તિ એનું વ્યાપ્ય નામ કાર્ય છે. જ્ઞાન કહ્યું ને? રાગ શુભરાગ અને અશુભરાગ. એ આસ્રવતત્ત્વ કહો કે ભાવબંધ કહો. કર્મ, શરીર એ તો અજીવ છે. તેનાથી પોતાનો આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય આનંદસ્વરૂપ એનો અંતરમાં અનુભવ થઈને પોતાનું જ્ઞાન થયું તો જ્ઞાનસ્વરૂપ થયો. પહેલા રાગરૂપ છું એમ માન્યું હતું. પુણ્યરૂપ છું, પાપરૂપ છું, શરીરરૂપ છું, કર્મરૂપ છું એમ માન્યું હતું. એ તો મિથ્યાત્વ હતું, અજ્ઞાન હતું, દુઃખદશા હતી. જ્ઞાનસ્વરૂપ થયો તો હું તો ચૈતન્ય છું. જ્ઞાનસ્વભાવી વસ્તુ છું. સર્વજ્ઞસ્વભાવી મારું સ્વરૂપ છે. રાગાદિ પુણ્ય મારા સ્વરૂપમાં છે જ નહિ. એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ થઈ તો જ્ઞાનીને જે કંઈ વૃત્તિ હવે દેખાય છે, પરમાં સાવધાનીની વૃત્તિ દેખાય છે, એ કાર્ય કર્મનું છે. કર્મ વ્યાપક થઈને એ મોહની વૃત્તિ એનું વ્યાપ્ય અથવા કાર્ય. કર્મ કર્તા, મોહવૃત્તિ (એનું કાર્ય). આ મોહ એટલે ચારિત્રમોહની અસ્થિરતા છે. પુદ્‌ગલની પર્યાય છે ખરેખર.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના, ના. રજકણની વાત ક્યાં છે? આ તો પર તરફની વૃત્તિ જરી સાવધાનપણે ગઈ, અસ્થિરતાની મોહની લાગણી એ કાર્ય-વ્યાપ્ય-અવસ્થા. કર્મ વ્યાપક-કર્મ કર્તા-કર્મ દ્રવ્ય કર્તા અને એ મોહની અવસ્થા એનું કાર્ય છે. જ્ઞાનીનું કાર્ય નથી. પંડિતજી! આ પંડિતજી આવ્યા. સમજાય છે કાંઈ?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા પોતાના નિજઘરમાં આવ્યો, પરઘર શરીર, વાણી, મન તો પર જડ છે. અને શુભ-અશુભ રાગ છે એ તો આકુળતારૂપ આસ્રવતત્ત્વ અથવા ભાવબંધસ્વરૂપ છે. ભગવાન આત્મા એનાથી ભિન્ન થઈને પોતાના અબંધસ્વભાવી જ્ઞાનસ્વરૂપપણે દૃષ્ટિમાં જ્ઞાનસ્વરૂપ થયો, શ્રદ્ધાસ્વરૂપ થયો, આનંદસ્વરૂપ થયો એવો જ્ઞાની એની જે કંઈ વૃત્તિ દેખાય છે, પર તરફની લાગણી તો એ કોનું કાર્ય છે? ઈ પૂછે છે. ઈ મોહ સ્વભાવ... વસ્તુ સ્વભાવ છે શુદ્ધ ચૈતન્ય ધ્રુવ. એના ઉપર અનુભવ દૃષ્ટિ થઈ તો વસ્તુ છે તે કર્તા છે. વસ્તુ કર્તાનું કાર્ય તો વસ્તુ સ્વભાવ શુદ્ધ પરિણામ એનું કાર્ય છે. કર્તાનું કાર્ય શું? કર્તા-કરનારો-પરિણમવાવાળો દ્રવ્ય છે. તો કર્તા દ્રવ્ય છે એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એમ જ્ઞાનીની દૃષ્ટિ ત્યાં પડી છે. સમજાય છે કાંઈ? જે શુદ્ધ વસ્તુ છે એમ જ્યાં સમ્યગ્દર્શનમાં દૃષ્ટિ થઈ તો શુદ્ધ દ્રવ્ય કર્તા થઈને શું પરિણમે? વિકારરૂપે પરિણમે? એમાં છે વિકાર? સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ ગાથાઓ થોડી પહેલા લઈ લીધી હતી. ૭૨, ૭૩, ૭૪. સમજાય છે?

ભગવાન આત્મા એ તો શુદ્ધ જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવનું સત્ત્વ, તત્ત્વ એવો ભાવ, જ્ઞાયકભાવનો ભંડાર છે. એવી અંતર દૃષ્ટિ સમ્યગ્દર્શન થયું, ધર્મી થયો અથવા જે જ્ઞાનસ્વરૂપ છે તો જ્ઞાનસ્વરૂપ જ દૃષ્ટિ પરિણમી તો ધર્મીનો કર્તા કોણ છે? એનો આત્મા. તો આત્મા તો શુદ્ધ દ્રવ્ય છે. તો એ કર્તા થઈને એના પરિણામમાં શુદ્ધપણાનું કાર્ય આવે એ એનું કાર્ય છે. બરાબર છે? સમજાય છે કાંઈ? અજ્ઞાનમાં વસ્તુના શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી અને પુણ્ય-પાપના રાગ અને શરીરાદિ પર ઉપર દૃષ્ટિ હોવાથી એનું અજ્ઞાન એ કર્તા અને એ વિકારી પરિણામ તે તેનું કાર્ય એ તો બરાબર છે. સમજાય છે કાંઈ? કર્તા અજ્ઞાની અને વિકારી પરિણામ તે તેનું કાર્ય. કાર્ય કહો, વ્યાપ્ય કહો, અવસ્થા કહો, પર્યાય કહો. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા નિજઘર ભાળ્યું હું તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ છું. એવા નિજઘરમાં તો જ્ઞાન અને આનંદ જ પડ્યા છે. તો એવી દૃષ્ટિ જ્યાં થઈ તો કર્તા દ્રવ્ય છે અથવા પરિણમનારું-બદલનારું તો દ્રવ્ય છે. તો પરિણામી પરિણમવાવાળો પરિણમે કેવી રીતે? એ તો શુદ્ધપણે જ પરિણમે, એ જ એની સ્થિતિ છે. દીપચંદજી! આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એવું હોય. બધા આત્મામાં ચાલે. એઈ..! દેવચંદજી! કહે છે, અહીંયા ચાલે સોનગઢમાં, સહરાનપુરમાં ન ચાલે? ચાલે છે ને ત્યાં પણ ચાલે છે. ચાલે છે ને, બરાબર ચાલે છે. જિનેશ્વરદાસજી છે ધડાકામાર, કોઈની પકડમાં ન આવે. સાધુ હોય અને મનોહરલાલજી હોય તો બોલે છે. એને કંઈ પડી નથી. જિનેશ્વરદાસ વીર્યવાન છે ત્યાં સહરાનપુરમાં. આ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પ્રોફેસર છે એના મદદગાર. અડધો-અડધો કલાક વ્યાખ્યાન કરતા હતા. મનોહરલાલજી અને ... અડધો કલાક ઈ કરે, અડધો કલાક આ કરતા હતા. ઈ તો આ જ વાત કહેતા હતા, ઈ જ વાત છે, બીજી છે ક્યાં? ન શું કામ ચાલે? ભગવાન આત્મા.. પહેલા એની સમજણમાં આવી વાત તો રુચવી જોઈએ ને? સમજાય છે કાંઈ? સમજણમાં પહેલા આ વાત રુચવી જોઈએ કે ભગવાન આત્મા રાગાદિ વિકલ્પ છે, શરીરાદિ પર્યાય છે, એ મારું કાર્ય અને હું કર્તા એવું મારામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અરે..! હમણાં ઓલું આવ્યું હતું, યાદ આવ્યું હતું. દસ ગાઉ જાય તો કાંઈક ભાતુ લઈ જાય. તોસા.. શું કહે છે? ભાતાને શું કહે છે? એટલું પણ નથી સમજતા? એક ગામથી બીજા ગામ જાય ત્યારે લઈ જાય છે ને? નાસ્તો તમારી લૌકિક ભાષા છે. એ અંગ્રેજી છે. પાથેવ. પાથેવનો અર્થ તોસા કર્યો. તોસા એટલે થોડું. લઈ જાય ને. અત્યારે તો રેલ છે. પહેલા તો દસ ગાઉ જતા હતા ને. દસ ગાઉ જાય તો સાથે ઢેબરા લઈ જાય. ઢેબરા સમજો છો? અમે તો બધું કર્યું છે ને, અમને તો બધાનો અનુભવ છે.

અમારે ઉમરાળાથી ગારિયાધાર જાવું હોય તો દસ-બાર ગાઉ થાય. નાના હતા ત્યારે તો અમે જતા હતા. સાથે ઢેબરા લીધા હોય. નાની ઉંમર હતી. દસ-બાર ગાઉ જઈએ ત્યાં સાડા દસ થઈ જાય. બહાર પડાવ નાખીએ. એકો હોય ને, એકો? બે-ત્રણ જણ બેસે એવો. બળદ એક હોય. પછી ત્યાં રાખીએ. કાંઈક જોઈતું હોય છાશ-બાશ તો ગામમાં જઈએ. ત્યાં એમ થાય, ઓહો..! આમ શરીર રૂપાળું, શરીર સારું, બીજા દેખે તો બીજાને એમ લાગે આ છાશ લેવા આવ્યો. ભઈ, અમે મહેમાન છીએ. બહાર ઢેબરા ખાવા બેઠા છીએ. એ તો બિચારા છાશ શું દહીં આપે. અરે..! તમે ક્યાંના છો? ઉમરાળાના છીએ, ગારિયાધાર જઈએ છીએ. તો આપે. બાર ગાઉ માટે ઢેબરા લઈ જાય. બીજું શું કહેવાય? આથણું આથણું. આથણું અને ઢેબરા. ભૂખ બહુ લાગે રસ્તામાં. દસ-દસ, બાર-બાર ઢેબરા ખાઈ જઈએ. આ તો નાની ઉંમરની વાત છે.

કહે છે કે, બાર ગાઉ જાય તો ભાતુ લઈ જાય છે. તમારે ભવિષ્યમાં અનંત પંથમાં ક્યાં જાવું છે એના માટે કાંઈ સાથે છે કે નહિ? વાત તો ઈ કરવી છે. ઈ હમણાં રસ્તામાં ઓરડીમાં (વિચાર આવ્યો), અરે..! પ્રભુ! ક્યાં જાવું છે તારે? આ તો એક યાદ આવ્યું. લગ્ન કર્યા ને ફલાણું કર્યું. પણ એણે ભવિષ્યમાં ક્યાં જાવું છે? કોની સાથે .. શું છે? સમજ્યા? ભવિષ્યનો અનંત પંથ પડ્યો છે. આહાહા..! પેલો તો થોડા આઠ કલાક, બાર કલાક. બાર કલાકે પહોંચી જઈએ. બાર ગાઉ. બે-ત્રણ કલાક ... આ અનંત કાળ, ભાઈ! તારો નિર્ણય અંતરમાં (કર) હું આત્મા છું. મારા સ્વભાવમાં રાગ નથી. એવું ભાન થયા વિના તારો

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભવિષ્યનો પંથ કેવી રીતે જશે? સમજાય છે કાંઈ? કોઈ સહાય નથી, પ્રભુ! કોઈ સહાય નથી. ઈ શરીરમાં રોગ આવે. આહાહા..! કોની સાથે સંબંધ? ભાઈ! તારે કોઈ પદાર્થ સાથે સંબંધ નથી. તું એકલો રખડતો વનમાં રખડતો રખડતો ચાલ્યો આવ્યો છો. જંગલમાં કોઈ તારો આધાર નથી.

કહે છે કે, ભવિષ્યમાં સાથે લઈ જવાની વસ્તુ, તું ત્રિકાળ રહે છો તો એવી દૃષ્ટિ થઈ હશે એ જ તારી સાથે આવશે. નિત્ય ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એ તો રાગ અને વિકલ્પથી પણ ભિન્ન છે. રાગ સાથે સંબંધ નથી. કોઈની સાથે સંબંધ નથી. સમજાય છે કાંઈ? એમ અંતરમાં સમ્યક્‌જ્ઞાન થવાથી ધર્મીનું કર્તાપણું તો દ્રવ્ય છે. પરિણમવાવાળું તો દ્રવ્ય છે. પરિણામી તો દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? વ્યાપક તો દ્રવ્ય છે અને એની પર્યાય વ્યાપ્ય-કાર્ય-નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તે એનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ? એની સાથે જે રાગ ઉત્પન્ન થાય છે એનું જ્ઞાન તે એનું વ્યાપ્ય છે. રાગ જ્ઞાનીનું વ્યાપ્ય નથી. સમજાય છે કાંઈ? વ્યવહારનો વિકલ્પ ઉત્પન્ન થાય છે તેનું જ્ઞાન, જ્ઞાનીની પર્યાય-જ્ઞાનીનું કાર્ય. પણ રાગ જ્ઞાનીનું કાર્ય નથી. રાગ કાર્ય હોય તો ભગવાન આત્મા કારણરૂપ દ્રવ્ય એ તો દૃષ્ટિમાં વિકારી થઈ ગયું. સમજાય છે કાંઈ? હું વિકારી છું તો વિકાર મારું કાર્ય એમ થયું. એ તો દૃષ્ટિ મિથ્યાત્વમાં એવું ભાસે છે. વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ અનાકુળ નિત્ય ધ્રુવ ચૈતન્ય ભગવાન, એમ ધ્રુવ ઉપર દૃષ્ટિ હોવાથી ધ્રુવને ધ્યેય કરવાથી ધ્રુવ પરિણમવાવાળું છે એમ પર્યાયદૃષ્ટિથી, ધ્રુવ તો ધ્રુવ છે, સમજાય છે? એ પરિણમવાવાળો છે તો ધ્રુવનું વ્યાપ્ય-કાર્ય-અવસ્થા શું છે? ધ્રુવ સ્વભાવ ભગવાન જ્ઞાનમૂર્તિ ચૈતન્ય એમ પરિણમવાવાળો વ્યાપક થઈને-કર્તા થઈને શુદ્ધ સમ્યગ્દર્શન, શુદ્ધ જ્ઞાન, શાંતિ, આનંદ એ એનું કાર્ય-વ્યાપ્ય અને અવસ્થા છે. સમજાય છે કાંઈ?

આ '**મોહ,...**' એ કર્મનું કાર્ય છે, આત્માનું નહિ. મોહ એટલે મિથ્યાત્વ ન લેવું. પર તરફની જરી સાવધાની આવી જાય છે. કેમ કે આત્મા દ્રવ્ય સ્વભાવ શુદ્ધ ભગવાન જ્ઞાનમૂર્તિ સચ્ચિદાનંદ પ્રભુ એવો સત્‌ જ્ઞાનાનંદ સ્વભાવ, એવી દૃષ્ટિ હોવાથી એમાં તો પરિણમન જે રાગ આવ્યો તેનું જ્ઞાન કરવું એ જ્ઞાન અને સ્વનું જ્ઞાન તે તેનું વ્યાપ્ય અને કાર્ય છે. રાગ એનું કાર્ય નથી. આહા..! વ્યવહાર કાર્ય નથી, એમ કહે છે. વ્યવહાર ઉત્પન્ન થાય છે એ કાર્ય કર્મનું છે એમ કહે છે. ભાઈ! અરે.. ભગવાન! આને તો હજી વ્યવહારથી નિશ્ચય પામવો છે. આહાહા..! ભાઈ! એ વસ્તુ તો વસ્તુ જેમ હશે એમ રહેશે. તારાથી કંઈ બીજી નહિ થઈ જાય. ભાઈ! શરણ નહિ મળે.

રાગાદિ તો વ્યવહાર છે એનો પણ હું કર્તા અને એ મારું કર્મ એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ અજ્ઞાન છે, રાગ અજ્ઞાન છે, પુદ્‌ગલ છે. રાગ પુદ્‌ગલ છે ખરેખર. એક કોર ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ અને એક કોર પુણ્ય-પાપ વિકલ્પથી માંડી બધું પુદ્‌ગલ જ છે. એક કોર જ્ઞાન અને એક કોર અજ્ઞાન. બે જ વસ્તુ છે. વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે છે એ પણ ખરેખર જ્ઞાનસ્વભાવી ભગવાનથી ભિન્ન અજ્ઞાન છે. અજ્ઞાન. એમાં જ્ઞાન નથી. અજ્ઞાન એટલે જ્ઞાન નથી. અજ્ઞાન છે, અચેતન છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ ચેતવાવાળો જાગૃત થયો. ભગવાન આત્મા ચેતક છે. ચેતક તો રાગને જાણે એવો સ્વભાવ છે. રાગને પોતાનો કરે એવું સ્વભાવમાં છે નહિ. સમજાય છે કાંઈ? આહા..!

'**મોહ, રાગ,...**' પછી રાગ લીધો. મોહ સ્પષ્ટ કર્યો. સામાન્ય મોહ કહ્યો. રાગ આવ્યો. દયાનો, દાનનો, ભક્તિનો, વિષય વાસનાની વૃત્તિ થઈ એ રાગ વ્યાપ્ય છે અને પુદ્‌ગલ કર્મ તેનું વ્યાપક છે. રાગ પુદ્‌ગલના પરિણામ છે. એ ચૈતન્ય ભગવાનના પરિણામ નહિ. ચૈતન્ય તો જ્ઞાનમૂર્તિ આનંદ છે. એના પરિણામ ક્યાંથી થાય? આહાહા..! ભગવાન આત્મા વસ્તુ સ્વરૂપ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શાશ્વત ધ્રુવ ચૈતન્યપ્રભુ છે એવી દૃષ્ટિ થઈ, તો કહે છે કે એ પરિણામમાં રાગ ક્યાંથી આવે? રાગ પરિણામ તો કર્મના પરિણામ છે. કર્મનું વ્યાપ્ય છે. કર્મ વ્યાપક થઈને રાગની પર્યાય એનું કાર્ય છે. જ્ઞાનીનું નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન! ... આહાહા..! એમ કહે છે, તમને આ આવડ્યું નહિ, તમને આ ન આવડ્યું. ભાઈ! કાંઈ નથી આવડતું, સાંભળને હવે. વસ્તુ આ છે. પેલા કહે, વ્યવહારથી થાય, તમે નિશ્ચય એકાંતી છો. ઠીક ભગવાન! બાપુ! શું કહીએ? ભાઈ! કોની પાસે કહીએ? અનેકાંત જ અનેકાંત છે, એમ આવે છે કે નહિ? અનેકાંત પણ અનેકાંત છે. સમંતભદ્રાચાર્ય. અનેકાંત પણ અનેકાંત છે. કેમ? સમ્યક્ એકાંત નયથી સમ્યક્ એકાંત છે, પ્રમાણથી અનેકાંત છે. નયથી સમ્યક્ એકાંત છે, પ્રમાણથી અનેકાંત છે. અનેકાંત પણ અનેકાંત છે. છે ને? અર્પત અર્પિત શબ્દમાં આવે છે ને? સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, સમ્યક્ એકાંત એ અનેકાંતનો નય જે વિષય છે, નિશ્ચયનો વિષય અનેકાંતમાં રાગાદિ છે તે વ્યવહારનયથી જાણવાલાયક છે. પોતાનું કાર્ય છે એમ જ્ઞાનીને નથી. સમ્યક્ એકાંતમાં રાગથી ભિન્ન પડીને પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તે એનું કાર્ય છે. સમ્યક્ એકાંત નયમાં તો ઈ છે. અનેકાંતમાં પણ એકાંત નય આ છે. અને નયથી તો સમ્યક્ એકાંત એક જ થઈ ગયું. એમ. પછી પ્રમાણનો વિષય તો અનેકાંત પ્રમાણ કરે ત્યારે વિષય થાય. અનેકાંતમાંથી નયનો વિષય લે તો સમ્યક્ એકાંત થઈ ગયું. અનેકાંત પણ એકાંત અને અનેકાંત. એમ. એકાંત એટલે નયથી એકાંત છે, પ્રમાણથી અનેકાંત છે. ભાઈ! સમજાય છે? ત્યાં સમંતભદ્રાચાર્યમાં આવે છે. ઈ ન્યાયથી છે.

અનેકાંત વસ્તુ ભગવાન આત્મા રાગથી, વિકલ્પથી ભિન્ન પોતાના સ્વભાવથી ભિન્ન એવું સમ્યક્ એકાંત જ્યાં થયું તો એ નયના વિષયમાં અનેકાંતનો એક અંશ એકાંત જ થયો. પછી અનેકાંત. સાથે રાગ છે એ પુદ્ગલના પરિણામ છે, એમ જાણીને એનું વ્યવહારથી જ્ઞાન કરવું એ અનેકાંત થઈ ગયું. સમ્યક્ એકાંતનું જ્ઞાન, આ વ્યવહારનું જ્ઞાન એ અનેકાંત થઈ ગયું. પ્રમાણજ્ઞાન થઈ ગયું. સૂક્ષ્મ વાત છે થોડી. સમજાય છે કાંઈ? આ તો એકાંત કહેતા હતા એટલે ઈ યાદ આવી ગયું. એકાંત છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એ સમ્યક્ એકાંત વિના તારી દૃષ્ટિ સુધરશે નહિ. પર્યાયમાં છે. રાગ છે, ભેદ છે, હો. નિમિત્ત છે, હો. પણ એ અનેકાંતનું જ્ઞાન.. અનેકાતનું સમ્યક્ એકાંતનું જ્ઞાન થાય ત્યારે જ અનેકાંતનું સાચું જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! દીપચંદજી! આહાહા..! અરે..! ભગવાન! બાપુ! આ તો અનંત અનંત કાળમાં રઝળેલો, રખડેલો, રખડતો.. આહા..! ક્યાં આથડ્યો છે મનુષ્યભવમાં. એને શું કરવું છે? દુનિયા દુનિયાની જાણે. સમજાય છે કાંઈ? સંપ્રદાયમાં સંઘ બાંધેલા એના એ જાણે. વસ્તુ આમ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે જ્ઞાનીને રાગ છે? ના, જ્ઞાનીને નથી. રાગનું કાર્ય પુદ્ગલકર્મનું છે. કાર્ય પુદ્ગલ કર્મનું છે પુદ્ગલનું એ કાર્ય છે. જ્ઞાનીનું કાર્ય ક્યાંથી આવ્યું? જ્ઞાન તો જ્ઞાનસ્વરૂપ થયું. જ્ઞાનસ્વરૂપ થવાથી તો રાગનું જ્ઞાન જ્ઞાનીનું કાર્ય થયું પણ રાગ ક્યાંથી કાર્ય થાય? સમજાય છે કાંઈ? ચંદુભાઈ! આ વાત તો.. ૭૬માં એથી વધારે આકરી આવશે. પ્રાપ્ય, વિકાર્ય, નિવર્ત્ય. થોડું છે ને, આપણે છ દી તો છે ને. આજ છે અને પાંચ છે હવેથી. આહાહા..! સમજી લે ભાઈ! આવું તત્ત્વ એકાંત શાંત પ્રભુ નિર્વિકલ્પ શાંત આત્મા, એવી દૃષ્ટિ થવાથી ધર્મીને-સમ્યક્જ્ઞાનીને-સમ્યગ્દૃષ્ટિને પોતાનું કાર્ય, વ્યવહાર એ પોતાનું કાર્ય છે જ નહિ. વ્યવહારની પર્યાય પુદ્ગલની પર્યાય છે. ચૈતન્યની પર્યાય નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? જેનાથી બંધ પડે એ પર્યાય આત્માની? આત્મા તો અબંધસ્વરૂપી છે. ભગવાન આત્મા અબંધસ્વભાવી વસ્તુ છે અર્થાત્ બીજી રીતે કહો તો આસ્રવ અને વિકલ્પથી ભિન્ન છે તો મુક્તસ્વરૂપ જ છે. મુક્તસ્વરૂપના પરિણામમાં બંધ પરિણામ ક્યાંથી આવે? સમજાય છે કાંઈ?

ભગવાન મુક્તસ્વરૂપ. રાગાદિ ભાવબંધ અને કર્મ અજીવ, એનાથી ભિન્ન એવો સ્વભાવ મુક્તસ્વરૂપ છે. તો એની દૃષ્ટિમાં મુક્ત પરિણામ જ થાય છે. અબંધ પરિણામ જ જ્ઞાનીના પરિણામ છે. અબંધ પરિણામ એ જ્ઞાનીનું કાર્ય અને અવસ્થા છે. બંધ પરિણામ એ એના મુક્ત સ્વભાવમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? ભારે ઝંઝટ. વ્યવહારનો અત્યારે એટલો ઝઘડો ચાલે છે. શ્વેતાંબરમાં તો ચાલે છે, દિગંબરમાં ચાલે છે. સનાતન સત્ય વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? આજે લખાણ આવ્યું છે, જૈન ગેજેટમાં. ભાઈ તો ગુજરી

ગયા. લેખ તો મૂકી ગયા હશે કંઈક. પોતે લેખ તો લખી ગયા હોય. ચર્ચા થઈ, ખાણિયાની ચર્ચા વિરુદ્ધ. ભાઈએ લખ્યું છે. જીવંધરે જુદું લખ્યું છે. એ.. તમે સમજો રે સમજો, આ બધું એકાંત થઈ જાય છે. એ તો સમજીને બેઠા છે, અનેકાંત છે એનું. ભાઈ! અનેકાંત અને એકાંતના મોઢા કોઈ આકરા છે. અહીં તો વસ્તુ સમ્યક્ સ્વભાવ તરફ ઝુક્યા વિના સમ્યક્ એકાંત થયા વિના અનેકાંતનું જ્ઞાન કદી યથાર્થ થતું નથી. સમજાય છે કાંઈ? એક કલાક ત્યાં વ્યાખ્યાન આપ્યું ને, વવાણિયા. વવાણિયા નહિ? શ્રીમદ્‌ની એક કડી જ છે, એક શબ્દ જ છે. એમાંથી. શ્રીમદ્‌નું છે ઈ.

અહીં કહે છે, ભગવાન! તારી મહિમા તો આનંદ અને જ્ઞાનની છે કે તારી મહિમા રાગથી છે? તો તારા સ્વભાવમાં મહિમા તો આનંદ અને જ્ઞાન પડ્યા છે. એમ ભાનમાં-ભાવમાં ભાવભાસન થયું, સ્વરૂપનો બોધ થયો. તો બોધ થયો એમાં શું પ્રગટ થયું? પહેલા જે દુઃખદશા હતી એ તો દુઃખદશા જ હતી. એ તો એકાંત દૃષ્ટિ હતી, મિથ્યાદૃષ્ટિ હતી. હવે અહીંયા સ્વભાવદૃષ્ટિ થઈ તો પર્યાય જ્યારે દુઃખદશા હતી અને બીજી દશા થઈ તો દુઃખદશા છૂટીને આનંદદશા થાય છે. આનંદદશાને રચવાવાળો આનંદમય ભગવાન આત્મા છે. આહાહા..! એ આનંદની પર્યાયને રચવાવાળો આત્મા છે. દુઃખની પર્યાય તો ભિન્ન થઈ ગઈ. દુઃખની પર્યાયનો કરવાવાળું પુદ્‌ગલ છે અને તે એનું વ્યાપ્ય છે. આત્મા નહિ. આહા..! અરે..! ભગવાન! આહા..! કોની સાથે... આ વાત શું છે? ભાઈ! આ તો અંતરની વસ્તુ એવી જ છે, બીજી છે જ નહિ. સમજાય છે કાંઈ દેવચંદજી! શેની ચર્ચા? કોને કહે? વસ્તુ એવી છે, જુઓ!

'**દ્વેષ,...**' કહે છે કે જરી દ્વેષ આવે છે ને જ્ઞાનીને પણ. ૨૫ વર્ષનો રાજકુમાર હો, હજારો રાણી ઘરે હો, લડાઈમાં ચડે તો .. ક્રિયા થાય છે. દ્વેષ આવે છે. કહે છે કે દ્વેષના પરિણામ જ્ઞાનીના નહિ, પુદ્‌ગલનું કાર્ય છે. એ દ્વેષનું જ્ઞાન થયું એ જ્ઞાનનું વ્યાપ્ય છે-આત્માનું વ્યાપ્ય છે. આહાહા..! ભગવાન! કેમ? કે ભગવાન આત્મા સ્વપરપ્રકાશક છે. તો સ્વપરપ્રકાશકનો જ્યાં સ્વ-બોધ થયો ત્યાં જે દ્વેષનો અંશ છે તેનો પ્રકાશક રહી ગયો. કર્તાપણું છૂટી ગયું. સમજાય છે કાંઈ? દ્વેષ અંશ આવ્યો. બહારથી એમ દેખાય. રાજકુમાર ૨૫ વર્ષનો હોય. કોઈ રાજ ઉપર ચડી આવ્યો હોય તો હાથીના હોદ્દે બેસીને બાણ છોડતો હોય. કહે છે કે એ બાણ છોડવાની પર્યાયનો કાર્ય પુદ્‌ગલનું કાર્ય છે અને દ્વેષ છે એ મોહકર્મનું કાર્ય, કર્મનું વ્યાપક છે. વ્યાપક કર્મ અને વ્યાપ્ય એ. આત્મા નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! કદી સાંભળ્યું નથી. પંડિતજી! દીપચંદજી!

ભગવાન! તારું તો ભગ નામ જ્ઞાનસ્વરૂપ છે ને તું. જ્ઞાનસ્વરૂપમાંથી વિકાસ થાય તો શેનો વિકાસ થાય? શું વિકારનો વિકાસ થાય? વિકારનો વિકાસ થાય? સાકરની ગાંગડી ગળી

જાય તો મીઠાશરૂપે ગળે છે કે ઝેરરૂપે ગળે છે? એમ ભગવાન આત્મા અનાકુળ આનંદ, જ્ઞાનનો ગાંગડો છે. એ ગળે એટલે પરિણમે તો શું રાગરૂપ પરિણમે? સમજાય છે કાંઈ? આહાહા..!

'**દ્વેષ,...**' લ્યો. ભરત અને બાહુબલી બે વચ્ચે લડાઈ થઈ. દ્વેષનો અંશ આવ્યો. એ આત્માનું કાર્ય નથી. એ તો જ્ઞાની હતા, સમકિતી હતા. એ દ્વેષથી પણ ઉદાસ હતા. પોતાનું આસન તો જ્ઞાયકમૂર્તિમાં હતું. ઉદ્-આસન. દ્વેષથી ભિન્ન થઈને પડ્યા હતા. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે દ્વેષનો અંશ એ પુદ્ગલ કર્મ પરિણામ છે. એ કર્મ પરિણામ છે. તો કર્મ કરવાવાળો કર્મ વ્યાપક કર્મ દ્રવ્ય, દ્વેષ એનું વ્યાપ્ય, એનું કાર્ય, એની પર્યાય. જ્ઞાનીની પર્યાય નહિ. સમજાય છે થોડું? થોડું સમજાય છે? એમ કહીએ છીએ, હોં! જવાન માણસ છે તો જરી... અરેરે..! આત્મા જુવાન છે જ નહિ. બાપા! ભગવાન આત્મા તો અંદર જૂનો અનાદિનો અનાદિનો અનાદિનો. પુરાણ નહોતું આવ્યું? પુરાણ. પુરાણનો અર્થ જીર્ણ, જીર્ણનો અર્થ જૂનું, જૂનાનો અર્થ અનાદિ. એમ છે, સંસ્કૃતમાં છે. પુરાણ શબ્દ આવ્યો હતો ને? કાલે આવ્યો હતો. કાલે આવ્યો હતો ને? પુરાણ. આપણે સંસ્કૃતમાં દેખાડીએ એ ઠીક પડે. કેટલામું કીધું? કર્તાકર્મનો છે ને? પુરાણ લ્યો. પુરાણ. પુરાણ નામ જીર્ણ. અનાદિથી '**पुमान्**' આત્મા એમ લખ્યું છે. જીર્ણ વસ્તુ હોય ને? બહુ જૂની-જીર્ણ. તો આ તો આત્મા બહુ પુરાણો. અનાદિ.. અનાદિ.. અનાદિ. એવો ભગવાન આત્મા પોતાનો સ્વભાવ પણ અનાદિનો પુરાણો છે. વસ્તુ જેમ પુરાણી અનાદિની છે, એમ જ્ઞાન, આનંદ અવિનાભાવી સ્વભાવ અનાદિ અનાદિનો છે. એવા ધ્રુવ સ્વભાવમાં દૃષ્ટિ પડવાથી જે ધર્મીને ધ્રુવમાંથી શુદ્ધ પરિણમન થયું, એમાં જે રાગ-દ્વેષ આદિ પર્યાય દેખાય છે, એ દ્વેષનો એ પ્રકાશક છે. એ દ્વેષનો કર્તા નથી. સમજાય છે કાંઈ?

'**સુખ,...**' જરી કલ્પના થઈ જાય સુખની-અનુકૂળ સામગ્રી હોય સમકિતીને અને કલ્પના જરી થાય કે ઠીક છે, તો એ કલ્પના પણ જ્ઞાનીનું કાર્ય નથી. સુખબુદ્ધિ નહિ, સુખબુદ્ધિ નથી થતી. સમકિતીને રાગમાં, પરમાં સુખબુદ્ધિ નથી થતી પણ અસ્થિરતાની કલ્પના થઈ જાય. એવા સુખની કલ્પના એ પણ કર્મરૂપી પુદ્ગલનું કાર્ય અને પુદ્ગલ એનું વ્યાપક છે. જ્ઞાની વ્યાપક નામ દ્રવ્ય કર્તા અને સુખની કલ્પના એનું વ્યાપ્ય નામ કાર્ય એમ નથી. આહાહા..! જરી શાંતિથી સહન કરવું, હોં! પચાવવું. આકરી વાત છે આ.

મુમુક્ષુ :- સુખની કલ્પના એટલે?

ઉત્તર :- સુખની કલ્પના જરી થઈ જાય છે ને કે આ ઠીક છે, એવી વૃત્તિ. સ્ત્રી, વિષયભોગ આદિ. કલ્પના થાય છે ને અસ્થિરતાની? અસ્થિરતા-કલ્પના. સુખબુદ્ધિ નહિ.

સુખની કલ્પના. એ કલ્પના પણ વિકાર છે, સુખની કલ્પના. વિકારનું વ્યાપ્ય એ વિકાર પોતે પોતાનું વ્યાપ્ય છે. કર્મ વ્યાપક છે. અથવા કર્મ દ્રવ્ય છે અને સુખ એનું કાર્ય છે. સુખ એની અવસ્થા છે. કાર્ય એનું છે, આત્માનું કાર્ય નહિ. આહાહા..! જુઓ! વીતરાગનો માર્ગ. સમજાય છે કાંઈ? વીતરાગનો માર્ગ ચોથે ગુણસ્થાનથી વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

દૃષ્ટિ મિથ્યાત્વ હતી અને સમ્યક્ થઈ તો દશા પલટી તો આનંદ, શાંતિ થયા વિના દૃષ્ટિ પલટી ક્યાંથી? સમજાય છે કાંઈ? ઓહો..! ભગવાન આત્મા એકલો ધ્રુવ સત્ સત્ સત્ સત્. એમ જ્ઞાન, આનંદ આદિ સત્ સત્ સત્. અનાદિઅનંત ધ્રુવ સત્. એવી અંતર દૃષ્ટિ થવાથી પર્યાયબુદ્ધિ ગઈ, દ્રવ્યબુદ્ધિ થઈ ગઈ. દ્રવ્યબુદ્ધિમાં જે પર્યાય પરિણમી એ તો શુદ્ધ પર્યાયનું પરિણમન છે. સમજાય છે કાંઈ? આ સુખની કલ્પનાનું પરિણમન એનું એ તો કલ્પના આવી એનું જ્ઞાન કરવું તે એનું વ્યાપ્ય છે. સુખની કલ્પના એનું વ્યાપ્ય નહિ, કાર્ય નહિ. સમજાય છે કાંઈ?

'અનુભવરસકી કથા પ્યાલા પિયા ન જાયે, મતવાલા તો .. પડે, .. પડે પચાય.' એ ઉપરથી કીધું, આ પચાવજો. આ તો સ્વચ્છંદી થઈ જાય, લ્યો! અમારે તો મોહ અને રાગ આવ્યો, ભોગ.. એવી અહીંયા વાત નથી. અહીંયા તો આત્મા રાગથી, વિકલ્પથી, નિમિત્તથી ભિન્ન પડ્યો છે. ભિન્ન પડતાં પોતાની દશામાં જે શાંતિ અને આનંદનું કાર્ય થયું એની સાથે દ્વેષ આદિ સુખની કલ્પના થઈ તેને જાણવું.. જાણવું તે એનું કાર્ય અંદર થાય છે. ત્યારે સુખની કલ્પના એ કર્મનું કાર્ય એમ કહેવામાં આવે છે. એમાં પ્રેમ કરે અને છોડી દે અને કહે કે કર્મનું કાર્ય મારું નથી. એમ નથી. પંડિતજી! સમજાય છે કાંઈ? મીઠાશ વેદે, ભોગમાં, આબરુમાં, કીર્તિમાં મીઠાશ આવે અને કહે કે એ અમારું કાર્ય નહિ, પણ મીઠાશ આવી એ જ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો રાગની મીઠાશ, પુણ્યની મીઠાશ, સુખબુદ્ધિ નાશ થઈ ગઈ છે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની જ્યાં મીઠાશ આવી છે, એવા અતીન્દ્રિય આનંદના કાર્યમાં એ સુખની કલ્પનાનું કાર્ય મારું નહિ, એમ ભિન્ન પડી જાય છે. સમજાય છે કાંઈ? આનંદ સાથે સુખની કલ્પના એકત્વ કરે, મીઠાશ વેદે અને કહે કે આ મારું કાર્ય નહિ. એમ નહિ. એમ કહે છે. જેઠાભાઈ! આહાહા..! જુઓ! ભાઈ! વીતરાગનો માર્ગ. સમ્યગ્દૃષ્ટિના પંથની કેવી રીત છે! આહાહા..!

કહે છે કે સુખની કલ્પના એ કર્મનું વ્યાપ્ય છે, કર્મ વ્યાપક છે, કર્મ દ્રવ્ય છે. અને સુખની કલ્પના તે એની પર્યાય છે, આત્માની નહિ. સુખ તો અજ્ઞાનભાવ થયો. ચૈતન્ય

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞાનમૂર્તિથી ભિન્ન ભાવ થયો. તો એનું કાર્ય પોતાનું નહિ. પોતાનું કાર્ય તો એનું જ્ઞાન કરવું અને સ્વભાવમાં આનંદ આવવો એ જ્ઞાનીનું કાર્ય છે. સમજાય છે કાંઈ?

'**દુઃખ,...**' જરી અસહનશક્તિ હોવાથી જરી દુઃખની કલ્પના થઈ જાય. સમ્યગ્દૃષ્ટિ નરકમાં પડ્યો હોય, પ્રતિકૂળતા બહારમાં જરી હોય. પ્રતિકૂળતાને કારણે નહિ, પ્રસંગમાં તે સમયે એને લઈને નહિ. તે સમયે પોતામાં જરી અસહનશીલતાને કારણે જરી દુઃખનો વિકલ્પ આવી જાય તો કહે છે કે દુઃખનું જ્ઞાન કરવું એ જ્ઞાનીનું વ્યાપ્ય છે. પણ દુઃખની પર્યાય એનું વ્યાપ્ય છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? '**દુઃખ આદિરૂપે...**' આદિ. હરખ, શોક, રતિ, અરતિ એવા વિકલ્પ આવે છે ને. તો કહે છે કે એ '**અંતરંગમાં ઉત્પન્ન થતું...**' અંતરંગ, અંતરંગ પરિણામ. કર્મના સંગે પર્યાયમાં એટલું થાય છે. '**અંતરંગમાં ઉત્પન્ન થતું કર્મનું પરિણામ,...**' છે. એ કર્મનું પરિણામ છે. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાથી કહ્યું સમજાણું?

જ્ઞાનીને, રાગથી ભિન્ન પડેલો આત્મા પોતાના જ્ઞાનાનંદ સ્વભાવનું પરિણમન હોવાથી ધર્મીને એ પરિણામ કર્મના છે, મારા નહિ. મારા તો એ પરિણામને જાણવું એ મારું કાર્ય છે. એ તો કહેવામાં આવે છે જાણવાના. આ આવ્યા એને હું જાણું, એમ પણ નથી. એ તો જાણવાની પર્યાય એવી થઈ જાય છે. આહાહા..! દેવચંદજી! અરે..! ભગવાન! ભાઈ! તારો માર્ગ શું છે? તારે સમજવો જોઈએ અને સમજીને એનો પ્રયોગ કરવો જોઈએ. પંડિતજી! આહાહા..! ભાઈ! એનો પ્રયોગ કર્યા વિના એની પ્રાપ્તિ નહિ થાય. સમજાય છે કાંઈ? આ રીત પકડીને પ્રયોગ કરે તો કામ આવે. બીજો કહે, અમારે રાગ છે ને વ્યવહાર છે ને એનાથી લાભ થશે, નિમિત્તથી લાભ થશે એવી દૃષ્ટિમાં નિમિત્તથી અને વ્યવહારથી લાભ માને છે ત્યાં સુધી દૃષ્ટિ તો પર ઉપર પડી છે. ત્યાંથી દૃષ્ટિ ઉઠાવી કે નહિ? સમજાય છે કાંઈ?

કહે છે કે, '**અંતરંગમાં ઉત્પન્ન થતું...**' જુઓ! ઉત્પન્ન થતા તો છે, ભાઈ! નથી એમ નહિ. પર્યાય છે-અવસ્થા છે. એક પર્યાયમાં બે ભાગ ધર્મીને (છે). શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક પ્રભુ એવી અંતર દૃષ્ટિ થઈ તો શુદ્ધ પર્યાય જેટલી સ્વઆશ્રયે થઈ તે એનું કાર્ય. એ જ પર્યાયમાં એક અંશ મલિન આવ્યો એ પોતાનું કાર્ય નહિ. ઓહોહો..! એક પર્યાયમાં બે ભાગ. એક ભાગ એનો અને એક ભાગ કર્મનો. સમજાય છે કાંઈ? સમજાણું? આહા..! '**આદિરૂપે અંતરમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એ વ્યાપક કર્મ થઈને એની વ્યાપ્ય અવસ્થા કર્મની થઈ છે. ચંદુભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- વાત સાચી, વાત તો એવી છે. એ વાત પરમ સત્ય અમૃતરૂપ છે. ભાગ્યશાળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોય એને મળે, કાને પડે એવી છે વાત. એવી વસ્તુ. વસ્તુનું સ્વરૂપ એવું છે. એમાં કોઈએ કરેલું ને કહેલું છે માટે કરેલું છે એમ છે? ભગવાને કહ્યું, વાણીમાં આવ્યું, ભગવાને જાણ્યું, (એવું) વાણીમાં આવ્યું. પણ એ કંઈ આવ્યું માટે થયેલું છે? છે એમ જ. વસ્તુ એવી રીતે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો વસ્તુ એવી છે. ભગવાન આત્મા પોતાનું જ્ઞાન અને આનંદ સ્વરૂપ, નિત્ય શાશ્વત વસ્તુ ઉપર દૃષ્ટિ હોવાથી એનું જે પરિણમન થયું એ તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, શાંતિ, આનંદનું પરિણામ થાય. એ વ્યાપક થઈને વ્યાપ્ય નામ કાર્ય તો એ થયું. શું સુખ-દુઃખના પરિણામ એનું કાર્ય છે? ના. એ તો કર્મનું કાર્ય છે. જુઓ! અહીંથી લે, કર્મનું કાર્ય કહ્યું છે કે નહિ? પણ કઈ અપેક્ષાએ? ગોમ્મટસારમાં એમ આવે, જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું. બેય ઠેકાણે કર્મના લાકડા ગરી ગયા. કઈ અપેક્ષા ત્યાં શું છે? અહીં કઈ અપેક્ષાથી કહ્યું છે, એ બેય વાત સમજે નહિ. જ્ઞાનાવરણીયે જ્ઞાનને રોક્યું. ભગવાન! એ જડ પદાર્થ જ્ઞાનાવરણીય આત્માને રોકી શકે નહિ. પોતાની પર્યાય પોતાથી રોકાય છે તો નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે.

અહીંયા તો સ્વભાવદૃષ્ટિ થઈ છે અને મચક ખાઈને જરી રાગ-દ્વેષ થાય છે એ કર્મનું કાર્ય, એનો જ્ઞાતાદૃષ્ટા થઈને કર્મનું કાર્ય માને છે. એમ માને છે. સમજાય છે કાંઈ? બન્ને જગ્યાએ કઈ અપેક્ષાએ કહ્યું છે એ સમજે નહિ. ગોમ્મટસારમાં લખ્યું છે, કર્મથી થાય છે. અહીં પણ લખ્યું છે કર્મથી થાય છે. જુઓ! કર્મના પરિણામ છે. એમ કહે છે. રાજેન્દ્રકુમાર છે ને? મેં ત્રણ વાર સમયસાર જોયું છે. રાજેન્દ્રકુમાર છે ને? ગંગવાલ. કર્મથી જ વિકાર થાય છે એમ નક્કી કર્યું છે. અરે..! ભગવાન! સમજાય છે કાંઈ? અહીંયા કર્મથી કાર્ય કહ્યું છે એની અપેક્ષા શું છે? કે દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ થઈ છે, રાગથી ભિન્ન પડી ગયો છે, નિમિત્તથી છૂટો પડી ગયો છે. છૂટો નામ ભિન્ન. એવા સ્વભાવની એકત્વબુદ્ધિ થવાથી એ રાગથી પૃથક્ થયો તો રાગ એનું કાર્ય નથી એમ કહેવામાં આવ્યું છે. કનુભાઈ! બહુ ઝીણું છે આવું. જજ છે. આહાહા..! એ તો ઘણા વર્ષથી સાંભળે છે. જૂના છે, ક્યાં નવા છે. એમણે કહ્યું હતું એકવાર. કનુભાઈ જજ છે અમદાવાદમાં. અને ભાઈના દીકરા સુમનભાઈ છે. પહેલા અહીંયા રહેતા હતા ને. વીસ વર્ષ સુધી. ... આ બેન કેવા? ધ્રોળવાળાના દીકરા. પછી રામવિજય પાસે ગયા હતા. રામવિજય છે ને તમારા? તમારા જ કહેવાય ને પહેલેથી. આ લોકો ગયા હતા. આ લોકો કહે, મહારાજ! પુદ્ગલનું આત્મા કરી શકે? (તો કહે), પરમાણુનું ન કરી શકે, શરીરનું કરી શકે. અનેકાંત છે. અનેકાંત માર્ગ છે કે નહિ? તો પરમાણુ પોંઈંટ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સૂક્ષ્મ છે એનું ન કરી શકે પણ શરીરનું તો કરી શકે. એમ કહ્યું હતું ને?

મુમુક્ષુ :- ઈ કહ્યું હતું પણ આ લોકોએ જવાબ આપ્યો હતો.

ઉત્તર :- જવાબ આપ્યો હતો, મને ખબર છે. મહારાજ! તમારા આવા ગપ્પા નહિ ચાલે.

મુમુક્ષુ :- પાંચ વર્ષ પછી તમારું કોઈ સાંભળશે નહિ.

ઉત્તર :- એઈ..! આમ વાત થયેલી કનુભાઈ અને સુમનભાઈ બેયને. શરીરનું કરી શકે અને પરમાણુનું ન કરી શકે. આવી વાત જૈનદર્શનમાં નહિ ચાલે. પાંચ વર્ષ પછી તમારું પોગળ ખુલી જશે.

અહીંયાં તો પ્રત્યેક પદાર્થ પોતાનું દ્રવ્ય વ્યાપક થઈને પોતાની પર્યાયરૂપ વ્યાપ્ય (થાય છે). એ તો સીધો સિદ્ધાંત છે. અનાદિઅનંત જે પ્રત્યેક પદાર્થ છે, એક એક પરમાણુ અને એક એક આત્મા. પોતાનું દ્રવ્ય છે. એ દ્રવ્ય વ્યાપક છે, દ્રવ્ય કર્તા છે, એની વર્તમાન અવસ્થા એનું કર્મ અને કાર્ય છે. આ ત્રિકાળ સિદ્ધાંત. હવે એનાથી જ્યારે આગળ વધીને અહીંયા સમ્યક્જ્ઞાન થયું એની વાત શું છે ઈ કહે છે. નહિતર તો વિકાર કાર્ય એનું છે અને વિકારનો વ્યાપક આત્મા જ છે. પણ જ્યાં વિકારથી ભિન્ન પડ્યો એવો આત્મા, અંદરમાં તો વિકાર છે જ નહિ, સમજાય છે કાંઈ? આત્મામાં છે જ નહિ. આત્માનો બોધ થયો, સમ્યગ્દર્શન થયું તો એના આત્મામાં તો રાગ છે નહિ, ભિન્ન પડી ગયો છે. તો જ્ઞાનીનો રાગ અને જ્ઞાનીનો દ્વેષ એમ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાનીને વ્યવહાર? જ્ઞાનીનો બિલકુલ નહિ. વ્યવહારને જાણે એવો પર્યાય જ્ઞાનીનું વ્યાપ્ય છે. વ્યવહાર એનું કાર્ય નહિ અને વ્યવહારનો જ્ઞાનની પર્યાય કર્તા નહિ. દ્રવ્ય કર્તા તો નથી પણ નિર્મળ પર્યાય થઈ એ કર્તા અને વિકાર વ્યવહાર તેનું કાર્ય એમ છે જ નહિ.

મુમુક્ષુ :- વ્યવહારનું જ્ઞાન આવે છે ખરું આમાં.

ઉત્તર :- હા પણ ભેગું આવ્યું નહિ પહેલું? કે પર્યાય પણ એનો કર્તા નથી. આનો કર્તા આ નથી એમ વ્યવહારનું જ્ઞાન ભેગું આવી ગયું. અરે..! શું કરે? અને એવું તો તીર્થંકરના આત્માએ પણ તીર્થંકર થવા પહેલા અનંત વાર ઊંધાઈ કરી છે ને. કેમ? જે બીજાને સમજાવે છે કેવળજ્ઞાની પણ એમણે પહેલા શું કર્યું હતું? દેવચંદજી!

એને અંતરમાં પોતાની દયા આવ્યા વિના અને મધ્યસ્થ સ્વભાવનું ભાન કર્યા વિના આવી દૃષ્ટિ તો અનાદિની છે. તીર્થંકરે પણ અનંત તીર્થંકરોનો પહેલા વિરોધ કર્યો હતો. તીર્થંકરનો આત્મા પણ પહેલા તો મિથ્યાદૃષ્ટિ હતો ને. વિરોધ એણે પણ કર્યો હતો. જ્યાં દૃષ્ટિની ખબર નથી શું કરે? એ દૃષ્ટિ જ્યારે પલટીને સમ્યક્ થયું અને કેવળજ્ઞાન થયું (તો પ્રકાશ્યું કે) માર્ગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આવો છે. સમજાય છે કાંઈ?

કહે છે કે અંતરંગ પરિણામ. એ આગળ કહેશે પછી, હોં! કે એ બધા વ્યાપ્ય વ્યાપક છે એ કર્મના છે. હવે બીજું. બહારની વાત હવે. '**સ્પર્શ,...**' આ સ્પર્શ છે ને સ્પર્શ શરીરનો. જુઓ! આ સ્પર્શ છે એ વ્યાપ્ય છે આ પર્યાય અને એનો સ્પર્શગુણ વ્યાપ્ય વ્યાપક છે. પરમાણુ વ્યાપક છે અને સ્પર્શગુણ એનું વ્યાપ્ય છે. આત્મા એને સુધારી શકે એવું નથી. સમજાય છે કાંઈ? આ સ્પર્શગુણ છે ને? સુંવાળુ. સુંવાળી પર્યાય સ્પર્શ છે. એ સ્પર્શની જેટલી પર્યાય છે એ પર્યાય વ્યાપ્ય છે અને બહિર પુદ્ગલ એનું વ્યાપક છે. પેલા કર્મ હતા અંદરમાં. રાગ-દ્વેષ, સુખ-દુઃખની કલ્પનામાં કર્મ વ્યાપક અને વિકારી પર્યાય વ્યાપ્ય. ભિન્ન પડી ગયો માટે. અહીંયા આ પર્યાય વ્યાપ્ય છે, વ્યાપક આ બાહ્ય પુદ્ગલ છે. પુદ્ગલને કારણે સ્પર્શની સુંવાળી ઠંડી આદિ અવસ્થા થાય છે. આત્માને વિકલ્પ આવ્યો કે જ્ઞાન થયું માટે આ થાય છે એમ નથી. જેવું કાર્ય સ્પર્શનું થાય છે એનું જ્ઞાન કરીને જ્ઞાનીનું એ વ્યાપ્ય થાય છે. સમજાય છે કાંઈ? પણ આ પર્યાયનું કાર્ય જ્ઞાનીનું છે એમ નથી. સમજાય છે કાંઈ? જ્ઞાની પણ ચક્રવર્તી હોય તો ન્હાતા-ધોતા હોય. સોળ હજાર તો દેવ સેવા કરે છે. હીરાની તો.. શું કહેવાય તમારે? બાથરૂમ તો ખરું. બાલટી શું કહેવાય? બાલટી-ડોલ. હીરા માણેકની ડોલ હોય છે અને દેવો સ્નાન કરાવે છે. સાફ કરે છે ને? તો એ આત્મા કરે છે કે નહિ? ના. સાફ શરીર. સુંવાળુ શરીર થઈ જાય. એમ લાગે છે ને? લગ્ન કરે છે ને? લગ્નમાં નહિ મેથીનું.. શું કહે છે? પીઠી (ચોળે ને)? હવે ગયું. પણ હમણાં નવું આ શું કહેવાય? સુદર્શન. એ સુદર્શન બે વાર અહીં થોડું લગાવે તો દાંત સુંવાળા. સુંવાળા દાંત. દાંત પહેલા થોડા એવા હતા ને તો ડોક્ટર કહે, લો. લગાવ્યું. અને એક વૈદ્ય આવ્યા. સુદર્શન હોય ને? તાવ ઉપર લે. થોડું લઈને એના ઉપર ઘસો. ચાર વાર ઘસ્યું તો ખલાસ થઈ ગયું. દાંત ઉપર એક વાર ઘસો તો સુંવાળા લાગે. એ સુંવાળા આત્મા કરી શકે છે? એ સુંવાળાની અવસ્થા સુદર્શનથી થઈ? સુદર્શનની પર્યાય ભિન્ન છે. એનો વ્યાપક એ પરમાણુ છે. આ પર્યાય વ્યાપ્ય ભિન્ન છે અને એના પરમાણુ વ્યાપક ભિન્ન છે. પરમાણુ વ્યાપક થઈને સુંવાળી અવસ્થાનું વ્યાપ્ય થાય છે.

મુમુક્ષુ :- આવું દુનિયાથી.

ઉત્તર :- દુનિયાથી બહુ ફેર છે, એમ કહે છે. વીતરાગનો માર્ગ કંઈ કુંભાર જેવો હોય? વકીલ સાધારણ કહે એવો માર્ગ છે આ? અલૌકિક માર્ગ. લૌકિકથી એનો માર્ગ ભિન્ન છે. આહાહા..! લોકોત્તર કહેવાય કેવી રીતે? દેવચંદજી!

કહે છે કે સ્પર્શ એ પુદ્ગલ પરિણામ છે. નોકર્મ પરિણામ, હોં! નોકર્મના. નોકર્મ છે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ને? નોકર્મ પુદ્ગલ છે એની વ્યાપ્ય અવસ્થા છે. આત્માની નહિ. અને '**રસ,...**' રસ આવ્યો ને? મોઢામાંથી અમી ઝરે ને? એ રસની પર્યાય વ્યાપ્ય છે અને પુદ્ગલ એનું નોકર્મ વ્યાપક છે. આત્માથી થૂક ઊતરે છે કે રસ આવે છે (એમ નથી). અમી નથી કહેતા? અમી. મોઢુ બહુ લૂખું થઈ જાય. અમી આવે. .. રસ હોય ને અમીનો? અમી કહે છે. અમી નથી કહેતા તમારે? મોઢું લૂખુ થઈ જાય. થૂકમાં પણ અમી જેવું મીઠુ લાગે. એ રસની પર્યાય નોકર્મનું કાર્ય છે, આત્માનું નહિ. એ તો અજ્ઞાનીનું પણ નથી. એ તો અજ્ઞાનીનું પણ નથી. જીભની પર્યાયનું વ્યાપ્યપણું-અવસ્થા જીભની એનો વ્યાપક એ પરમાણુ જીભના છે. એ રજકણે રજકણ પ્રત્યેક પોતપોતાનું વ્યાપક નામ કર્તા નામ દ્રવ્ય થઈને પોતાની પર્યાયને કરે છે. એમાં બીજાનો અધિકાર બિલકુલ નથી. સમજાય છે કાંઈ?

'**ગંધ,...**' લ્યો, આ ગંધ આવે છે ને? ગંધની પર્યાય છે એ નોકર્મનું કાર્ય છે. ગંધની પર્યાય આત્માની નથી. સુગંધ બનાવો, આમ નાખીને સુગંધી બનાવો. બનાવે છે ને? આ ચોપડવાનું. પાઉડર. પાઉડર બનાવે છે ને? બહુ સુંવાળો લાગે. એવો પાવડર કે સુગંધ સુગંધ. તેલ-બેલ નાખીને આવે ને? સુખડને કારણે ગંધ મારે. સુખડની જે ગંધ છે એની પર્યાયનો કર્તા એ સુખડના પરમાણુ છે. સમજાય છે કાંઈ? નોકર્મ. અહીં નોકર્મ લેવું છે ને. આહા..! એ તો અજ્ઞાનીનું પણ કાર્ય નથી. ફેર તો રાગ-દ્વેષમાં છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, બસ. એટલો ફેર છે. અજ્ઞાનીની દૃષ્ટિ રાગ ઉપર છે તે કર્તા છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે તે કર્તા નથી પણ એનો જ્ઞાતા થઈને જ્ઞાનની પર્યાયનો કર્તા છે. આ તો અજ્ઞાની પણ કરી શકતો નથી. સમજાય છે કાંઈ? પણ સાથે બધા પુદ્ગલ લઈ લેવા છે. ભગવાન એક કોર જ્ઞાનસ્વરૂપ આત્મા અને એક કોર રાગાદિ કર્મ અને નોકર્મ બધા. એ બધાની પર્યાયનું વ્યાપ્ય-વ્યાપક પરમાં છે, આત્મામાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ગાથા એવી હતી, ભાઈ! હજી કાલે બધા આવવાના છે પાછા તમારા પંડિત લોકો. કાલે આવવાના છે ને જયપુરથી. હુકમચંદજી, પાટનીજી. ગાથા સારી આવી છે ને. પછી શું કહ્યું? જુઓ!

'**વર્ણ,...**' આ રંગ, રંગ. રંગની અવસ્થા નોકર્મના પરિણામ છે. નોકર્મની અવસ્થા છે, આત્માની અવસ્થા નથી. હું રંગવાળો છું, હું રંગવાળો છું, હું ધોળો છું. મૂઢ છો. એ તો જડની અવસ્થા છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વ્યવહારનયે.

ઉત્તર :- વ્યવહારનયનો અર્થ શું? બોલવામાં આવે છે કે એની પર્યાય ધોળી છે. જડની, હોં! પર્યાય એની કહેવું એ વ્યવહાર છે. દ્રવ્ય નિશ્ચય છે અને એની પર્યાય એનો વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. આત્માનો વ્યવહાર ક્યાંથી આવ્યો? પરમાણુ એ નિશ્ચય છે અને એની પર્યાય એનો વ્યવહાર છે. એ આત્માનો વ્યવહાર ક્યાંથી થયો? વ્યવહારથી થયું ક્યાંથી આવ્યું? દ્રવ્યથી થયું તે વ્યવહાર છે. પર્યાયને વ્યવહાર કહે છે, દ્રવ્યને નિશ્ચય કહે છે. સમજાય છે કાંઈ? પર્યાય અંશ છે ને. ભેદ થયો ને. પર્યાયાર્થિકને જ વ્યવહારનય કહે છે. પરમાણુની પર્યાય એ વ્યવહાર એનો છે. આત્મા વ્યવહારથી કરી શકે છે? શું આત્મા નિશ્ચય દ્રવ્ય છે એનું? સમજાય છે કાંઈ? વ્યવહારથી કરી શકે છે ને? અરે..! વ્યવહારથી પરમાણુની પર્યાય થાય છે એ પર્યાય જ વ્યવહાર છે. સાંભળ તો ખરો. કરે શું? એ પરિણમે એ જ એનો વ્યવહાર છે. તારો વ્યવહાર ક્યાંથી આવ્યો એમાં? સમજાય છે કાંઈ?

'**શબ્દ,...**' શબ્દ. ભાષાની પર્યાય એની છે એનું નોકર્મ શબ્દ વર્ગણા વ્યાપક છે. આત્માની તો છે જ નહિ. અજ્ઞાની પણ શબ્દની પર્યાયનો કર્તા નથી. સમજાય છે કાંઈ? એ પુદ્‌ગલનો વ્યવહાર છે. શબ્દની પર્યાય થઈ એ પુદ્‌ગલનો વ્યવહાર છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ બોલે? બધી વાતું સમજવાની છે. સમાજ દેખીને આમ કહેવું. એઈ..! પંડિતજી! આવે છે કે નહિ? પંડિતજી! સમાજ જોઈને આવો ઉપેદશ દેવો. કોણ દે? ભગવાન! શબ્દની પર્યાયનો કર્તા આત્મા ત્રણકાળમાં નથી. અજ્ઞાની પણ નહિ. વિકલ્પ ઉઠ્યો તો વિકલ્પ કર્તા અને ભાષાની પર્યાય કર્મ એમ છે? તે જ સમયે શબ્દની પર્યાયનું વ્યાપ્યપણું, વ્યાપ્યપણું નામ કાર્યપણું એ નોકર્મ પુદ્‌ગલનું એ કાર્ય છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? દિવ્યધ્વનિ પુદ્‌ગલનું કાર્ય છે કે ભગવાનનું કાર્ય છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઉત્પાદક પરમાણુ. દિવ્યધ્વનિનો ઉત્પાદક પરમાણુ છે. ઉત્પાદનો પર સાથે સંબંધ નથી, કર્તા કર્મ પરનું છે જ નહિ. ભગવાન કર્તા જ્ઞાન અને વાણીની પર્યાય કાર્ય. ઉત્પાદ એણે કર્યો અને એ ઉત્પાદ થઈ એમ છે જ નહિ. આહાહા..! લોકો રાડ નાખે. અરર..ર..! દિવ્યધ્વનિથી કંઈ લાભ નહિ? તમને જીભ નહિ મળે. એમ કહે. અહીં તો શરીર પણ નહિ, કાંઈ મળતું નથી. આત્મા એકલો રહેશે, સાંભળને હવે. એમ કે, આ બોલવાનું મળે છે, જીભથી.. એક જણો એમ કહેતો હતો. બ્રહ્મચારી નામ ધરાવે ને. શું કહેવાય? જડબું સારું હોય. .. ભગવાન! ભાઈ! એ શબ્દની વર્ગણા એનું વ્યાપક છે અને શબ્દની પર્યાય વ્યાપ્ય છે. જ્ઞાનીને તો શબ્દની પર્યાયનું જ્ઞાન એનું વ્યાપ્ય છે. આવી પર્યાય થઈને એનું જ્ઞાન વ્યાપ્ય છે. શબ્દની પર્યાય એનું કાર્ય નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ સુદ-૨, મંગળવાર તા. ૨૮-૫-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૨૦**

કર્તાકર્મ અધિકાર, ૭૫મી ગાથા ચાલે છે. શિષ્યનો એ પ્રશ્ન છે કે ધર્મી થયો એની ક્યા લક્ષણથી ઓળખાણ થાય છે? આ પ્રાણી ધર્મી થયો, સમ્યગ્દૃષ્ટિ થયો, જ્ઞાની થયો એનું ચિહ્ન શું? લક્ષણ શું? એની ક્યાંથી, કઈ રીતે ઓળખાણ થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? કર્તાકર્મ છે ને. જ્ઞાનીને પરનું કર્તૃત્વ છૂટી જાય છે એનું લક્ષણ શું? સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ અને સમ્યગ્જ્ઞાનીનું સ્વરૂપ શું અને એનું કર્તાપણું અને કર્મપણું શું છે? એ કર્તા અને એનું કાર્ય શું છે? શેઠી! સમજાય છે કાંઈ?

કહે છે કે... ટીકા અહીં સુધી ચાલી છે. પહેલા તો અંતરમાં જેટલા રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ વ્યવહાર વિકલ્પ જેટલા ઉઠે છે એ બધું વ્યાપ્ય કર્મનું છે. અને કર્મ વ્યાપક છે. ધર્મી નહિ, સમ્યગ્દૃષ્ટિ નહિ. કેમ? કે સમ્યગ્દૃષ્ટિ વ્યાપક છે તો વ્યાપ્ય એની અવસ્થા સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, નિર્વિકારી વીતરાગ પર્યાય સમ્યગ્દૃષ્ટિનું વ્યાપ્ય છે અને વ્યાપક એનો આત્મા છે. સમજાય છે કાંઈ? દેવચંદજી!

મુમુક્ષુ :- સિદ્ધની વાત થઈ.

ઉત્તર :- સમ્યગ્દૃષ્ટિની. સિદ્ધની વાત ક્યાં કરે છે? અહીં તો સમ્યગ્દૃષ્ટિની-જ્ઞાનીની વાત છે.

જ્ઞાનીનો અર્થ પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુની અંતર દૃષ્ટિ થઈને અનુભવ થયો કે હું તો શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ સર્વજ્ઞસ્વભાવી છું. એમ એના શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માના આનંદના સ્વાદપૂર્વક જે અનુભવ અને પ્રતીતિ થઈ એ જ્ઞાનીનું કાર્ય શું? જ્ઞાનીનું કાર્ય તો જ્ઞાની આત્મા વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે એ જ્ઞાની. જેની દૃષ્ટિમાં શુદ્ધ દ્રવ્ય સ્વભાવ છે. તો જ્ઞાની કર્તા દ્રવ્ય અને એનું કર્મ નામ કાર્ય જ્ઞાન, દર્શન અને આનંદની પર્યાય એ એનું વ્યાપ્ય, એ એનું કર્મ, એ એનું કાર્ય, એ એના પરિણામ, એ એની પર્યાય છે. પ્રકાશચંદજી! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા.. એક તો છોકરાઓને કહ્યું હતું. ચેતન અનુવિધાયી પરિણામ આવે છે ને? ભાઈ! ઉપયોગ. જડની અસર થાય ને .. એના ઉપરથી બહુ વિચાર ચાલ્યા. ભાઈ! ઉપયોગ બહાર છે ને એ કેવળજ્ઞાન ઉપયોગરૂપી પરિણામ છે એ પણ કેવળજ્ઞાન ઉપયોગ... અહીં તો સાધકની વાત ચાલે છે. ત્યાં ગમે તે. કેવળજ્ઞાનના પરિણામ જે ધર્મીને થાય છે એ પણ અંતર જ્ઞાનાનંદ ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ કેવળજ્ઞાન થાય છે. એ સંહનન પર છે, વજ્રનારાચ સંહનન છે, મનુષ્યપણું છે તો ઉત્પન્ન થાય છે એમ નહિ. એ તો નહિ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

પણ પૂર્વે મોક્ષમાર્ગની પર્યાય છે તેનાથી પણ કેવળજ્ઞાન થયું એમ નહિ. સમજાય છે કાંઈ? ચેતનને અનુસરીને પરિણામ થાય છે. શબ્દ એમ છે, ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જે પરિણામ મતિ-શ્રુતજ્ઞાનના થાય એ પણ અંતર ચૈતન્યને અનુસરીને થયા છે. એ કર્મનો ક્ષયોપશમ થયો જ્ઞાનાવરણીયનો તો અહીંયા જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. પ્રકાશચંદજી! આહાહા..!

જ્યારે કેવળજ્ઞાન થાય છે તોપણ દ્રવ્ય ચેતન છે અને ચૈતન્ય ગુણ સ્વભાવ છે. તેને અનુસરીને તેના લક્ષે-આશ્રયે જે કેવળજ્ઞાનના પરિણામ ઉપયોગરૂપ થાય છે, મોક્ષદશારૂપ એ અંતર ચેતનને અનુસરીને થાય છે. કોઈ નિમિત્તને અનુસરીને અને પૂર્વ પર્યાયને અનુસરીને કેવળજ્ઞાન થાય છે એવો વસ્તુ સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? અહીં તો હજી આ ચશ્મા હોય તો થાય છે ને ચશ્મા ન હોય તો ન થાય. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આ વસ્તુ ક્યાંથી (લાવ્યો)? એઈ..! જેઠાલાલજી! લીંબડીમાં એક સાધુ આવ્યા હતા. પહેલા દી હતા ને તમે? તમે વયા ગયા હતા. પહેલે દી સાંજે આવ્યા હતા. જડની અસર થાય છે. આપણે વાતચીત કરીએ. કહ્યું, અમે કોઈની સાથે વાતચીત કરતા નથી. આહાહા..! અરે..! ભગવાન!

ચેતન દ્રવ્ય છે, ચેતનદ્રવ્ય. એનો ચૈતન્ય ભાવ, ચૈતન્ય ભાવ. એને અનુસરીને થાય ચૈતન્ય પર્યાય. ચાહે તો મતિ હો, શ્રુત હો. અહીં અજ્ઞાનમાં એનાથી થાય છે, જ્ઞાનમાં પણ એનાથી થાય છે. પણ અત્યારે આપણે એ વાત નથી. સમ્યક્જ્ઞાન જે સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય થાય છે એ ચૈતન્યને અનુસરીને થાય છે. પૂર્વની પર્યાયથી પણ નહિ, રાગથી નહિ અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો તો મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. કેમ? કે એમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્તા થઈ જાય છે અને જ્ઞાનની પર્યાય કર્મ થઈ જાય છે. એમ બનતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એ કર્તા થઈને એને અનુસરીને જે મતિ-શ્રુતજ્ઞાનનું નિર્મળ સમ્યક્જ્ઞાન, શાંતિ અને આનંદની સાથે જે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું તે જ્ઞાતાપણા ચૈતન્યસ્વભાવને અનુસરીને થયું છે. ચૈતન્યને અનુસરીને પરિણામ થયા છે. આ મહાસિદ્ધાંત. ઓહોહો..! એક એક સિદ્ધાંત દિગંબર સંતોના.. એવી સ્પષ્ટ વાત! એ વાત ૩૨, ૪૫ સૂત્રમાં ક્યાંય નથી. એવો એક ટૂકડો, એક જ એક ટૂકડો બસ. ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. પંડિતજી! આહાહા..!

ભગવાન આત્મા ચેતન એ દ્રવ્ય. ચૈતન્ય એ ભાવ. અને મતિ-શ્રુતજ્ઞાન એની પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ ભાવને અનુસાર થાય છે. કહો, સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન એમ થાય છે. આહાહા..! .. સિદ્ધાંત.

મુમુક્ષુ :- શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા છે?

ઉત્તર :- ના. શુદ્ધ ઉપયોગની વ્યાખ્યા નથી. એ તો આચરણની વાત છે. આ તો પાંચ જ્ઞાનના પરિણમન-પર્યાય પ્રગટ થાય એની વાત છે. શુદ્ધ ઉપયોગ એ તો આચરણની વાત છે. સમજાય છે કાંઈ? એ પણ એનાથી જ થાય છે. એ પણ ચારિત્રને અનુસરીને શુદ્ધ ઉપયોગનું આચરણ થાય છે. પણ અત્યારે આપણે આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે ને. સમજ્યા? આ તો મોક્ષ સુધી લઈ જવું છે. અહીંયા તો સાધકની વાત છે, હોં! સમજાય છે કાંઈ? ભગવાન!

ચૈતન્ય સ્વભાવમાં તો સાગર ભર્યો છે ને-જ્ઞાન-દર્શન શક્તિનો ભંડાર એ તો છે. એ શક્તિ અને શક્તિવાન દ્રવ્ય. તેને અનુસરીને વર્તમાન પર્યાયમાં સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન થાય તે તેનું વ્યાપ્ય છે, એ જ્ઞાનીનું કાર્ય છે અને આત્મા તેનો કરવાવાળો છે. તો કર્તા છે એ તો શુદ્ધ છે. કર્તા છે એ તો શુદ્ધ છે. અને શુદ્ધના પરિણામ શુદ્ધ થાય છે. રાગાદિ વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે એ કાર્ય આત્માનું અને આત્મા કર્તા એમ નથી, એમ અહીંયા સિદ્ધ કરવું છે. નવનીતભાઈ! આહા..!

એ વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે, મોહ, રાગ, દ્વેષ, સુખ-દુઃખની કલ્પના અંતરંગ પરિણામ એ વ્યાપ્ય જ્ઞાનીનું નહિ. એ જ્ઞાનીનું કાર્ય નહિ. વ્યાપ્ય કહો, કાર્ય કહો, કર્મ કહો, અવસ્થા કહો, અંશ કહો, પર્યાય કહો. સમજાય છે કાંઈ? અને કર્તા કહો, વ્યાપક કહો, દ્રવ્ય કહો, પરિણમનાર કહો. પરિણમનારો. જ્ઞાનીનું પરિણમવાવાળું તો દ્રવ્ય છે. પ્રકાશચંદજી! સમજાય છે કાંઈ? કહે છે, ભગવાન! પરિણમનવાળો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદ એ પરિણમન કરીને કઈ પર્યાય કરે? એ કર્તા થઈને કઈ પર્યાય કરે? રાગની પર્યાય કરે? ઈ એમાં છે? દ્રવ્યમાં છે? ગુણમાં છે? વિકાર છે? ઉદયભાવ દ્રવ્ય-ગુણમાં છે? સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય તો ઉદયભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ ચોથા ગુણસ્થાને આવે છે. પણ એ તો ઉદયભાવ છે. એ પારિણામિકભાવમાં છે? સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, પરમપારિણામિક સ્વભાવ, ધ્રુવભાવ એ ભાવમાં શું રાગ પડ્યો છે? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર છે. ધર્મીના પરિણામ તો રાગાદિ થયા તેને જાણવા એ પરિણામ એના. પણ એને જાણવું કહેવું એ હજી વ્યવહાર છે. એ તો પર્યાય અહીંયા ચૈતન્યને અનુસરીને જ સ્વપરપ્રકાશક પરિણામ થયા છે, ભાઈ! એ રાગને અનુસરીને રાગનું જ્ઞાન થયું છે એમ પણ નથી. આહાહા..! ગજબ વાત છે ને! સ્વતંત્રતાના

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઢંઢેરા પીટ્યા છે. નવનીતભાઈ! આહાહા..! શું કહ્યું? કઈ વાત ફરમાવી? ઘણી વાત થઈ ગઈ. છેલ્લી કઈ આવી?

એમ કહ્યું કે ભગવાન આત્મા ચેતન અને ચૈતન્યસ્વભાવ ગુણ. એને અનુસરીને મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય થઈ છે. એ જ્ઞાતા છે એવા જ્ઞાનીને જરી નબળાઈથી કર્મના નિમિત્તે જે વિકાર થાય છે એ વિકારને પણ જ્ઞાની જાણે છે. એ પર્યાય પણ રાગને અનુસરીને થઈ છે એમ નહિ. એ જ્ઞાનને અનુસરીને સ્વપરપ્રકાશક પર્યાય થઈ છે. ગોદિકાજી! સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? પ્રકાશચંદજી! સમજાય છે ને? આ તો ન્યાયથી વાત આવે છે. આહાહા..!

અહીંયા તો એ કહેવું છે કે જે રાગાદિ ઉત્પન્ન થાય છે એ વ્યાપ્ય કોનું? એટલે કાર્ય કોનું? વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતનો રાગ, સમકિતીને ભક્તિ-પૂજાનો વિકલ્પ આવે એ કાર્ય કોનું? કહે છે, એ કાર્ય વ્યાપક કર્મનું કાર્ય છે. ધર્મીનું નહિ. દેવચંદજી! ભારે વાત, ભાઈ! આહાહા..! વીતરાગ માર્ગ.. અને તે પણ કઈ રીતે? આ તો ચશ્માની વાત હતી ને. મેં કીધું, શું કરે છે આ? ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. એ ઉપયોગની વાત છે, લબ્ધની વ્યાખ્યા નથી ત્યાં. વેપારની વાત છે. આ નહિ માટે ઓછું થયું, આ શું વાત કરે છે? સમજાય છે કાંઈ? અરે..! લૌકિક એ તો વાત જ ખોટી છે.

ભગવાન આત્મા પોતાને અનુસરીને જ્ઞાન, દર્શન સ્વભાવને અનુસરીને જે પર્યાય થઈ એ વ્યાપ્ય, એ એનું કાર્ય, કર્તા આત્મા. સમજાય છે કાંઈ? એમાં રાગાદિ થાય છે ને? ભક્તિનો, પૂજાનો શુભ ઉપયોગ એ શુભ ઉપયોગ કાર્ય છે કર્મનું. કર્મ વ્યાપક થઈને કર્મ કર્તા થઈને કર્મ રચના કરીને વિકલ્પની રચના એ કર્મ કરે છે. ધર્મી નહિ. એનું (કર્મનું) જ્ઞાન એમ કહેવું એ પણ નહિ. એ તો ચૈતન્યને અનુસરીને પોતાની પર્યાયને કરે છે તો રાગ વ્યવહાર છે તો એનું જ્ઞાન કરે છે વ્યવહારને અનુસરીને, એમ પણ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! જે રાગાદિ વ્યવહાર છે તો એનાથી અહીં નિશ્ચયની પર્યાય છે એમ તો છે જ નહિ. નિશ્ચયની નામ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ છે એ વ્યવહાર છે, રાગ છે તો આ ચારિત્રના પરિણામ છે એમ તો છે જ નહિ. પણ એ રાગ છે તો અહીં જ્ઞાન થયું, દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જ્ઞાન હોય છે ને? તો રાગ છે તો એને અનુસરીને પરપ્રકાશકનું જ્ઞાન થયું એમ પણ નથી. સમજાય છે કાંઈ? તો એ કર્તા થઈ જાય. રાગ કર્તા અને જ્ઞાનની પર્યાય કાર્ય. એમ નથી. કર્તા આત્મા, જ્ઞાયક આત્મા પરિણમવાવાળો આત્મા અને મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક થઈ તે તેનું કાર્ય, એ એનું વ્યાપ્ય, એ એની પર્યાય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



રાગની પર્યાય, વ્યવહારની પર્યાય જ્ઞાનીની નથી. ગોદિકાજી! આવું છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ખોલવું પડશે? તો અત્યાર સુધી શું રોકાઈ ગયા ન્યાં? છ છોકરા છે. ચાર જણા ઉપાડે, એક મોઢા આગળ અને એક પાછળ. હીરાભાઈને માટે કહીએ છીએને. ચંદુભાઈ! તમારે સાત થઈ ગયા છે, નહિ? એને સાત છે આને. હીરાભાઈને સાત છે. ચાર ઉપાડે, એક મોઢા આગળ ચાલે દોણી લઈને, પાછળ ચાલે ઘાસ લઈને અને મોઢા આગળ દોડે કે મરી ગયા બાપા. એઈ..! આહાહા..! અરે..! ભગવાન! કોને છોકરા ને કોને બાપા? અહીં તો રાગ પણ આત્માની પ્રજા નહિ. ત્યાં એ પ્રજા તો ક્યાંથી આવી? આહાહા..! ગોદિકાજી!

રાગની પર્યાય જ્ઞાનીની નહિ. તો આ શરીરની પર્યાય ને પ્રજાની પર્યાય આત્માની એ તો મિથ્યાદષ્ટિ માને છે. સેઠી! બાબુભાઈ મારી પ્રજા એ તો મિથ્યાદષ્ટિ માને છે એમ કહે છે. સારામાં સારો દાખલો દઈને ઘરનો એને. એ.. મૂળચંદભાઈ! આહાહા..! ભગવાન! તારી પ્રજા, તો પ્રજા નામ પર્યાય, તો પ્રજાનો ઉત્પાદક તો દ્રવ્ય છે. તો શું દ્રવ્યમાં રાગ પડ્યો છે કે ઉત્પન્ન કરે? શરીરની પર્યાય ઉત્પન્ન કરે? છોકરાની-દીકરાની પર્યાય ઉત્પન્ન કરે? સમજાય છે કાંઈ? કહે છે,...

મુમુક્ષુ :- ..

ઉત્તર :- રાગની પર્યાયનો ઉત્પાદક દ્રવ્ય નહિ. દ્રવ્ય નથી તો દ્રવ્યદષ્ટિવંત પણ નથી. દ્રવ્યમાં રાગ ક્યાં છે? અરે..! લોકોને.. બાપુ! માર્ગ એવો છે. એ વસ્તુ સ્વતંત્ર ચૈતન્ય જ્ઞાયકજ્યોત વસ્તુ છે. એવી વસ્તુની જ્યાં દષ્ટિ થઈ ત્યાં એ જ્ઞાનનો ઉકેલ કરીને પર્યાય એમાંથી ઉત્પન્ન થાય છે. વીતરાગ પર્યાય. એ વીતરાગ પર્યાય, એ જ્ઞાન પણ વીતરાગી થઈ, શ્રદ્ધા પણ વીતરાગી થઈ, સ્થિરતા પણ વીતરાગી. એ વીતરાગી પર્યાયનું કાર્ય-વ્યાપ્ય પોતાનું અને કર્તા આત્મા. સમજાય છે કાંઈ?

કહે છે કે સુખ-દુઃખની કોઈ કલ્પના થઈ. તો કહે છે, એ કલ્પનાનું કાર્ય આત્મા? ના. એ તો અંતરંગમાં ઉત્પન્ન થતાં કર્મના પરિણામ છે, એ કર્મનું કાર્ય છે. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાથી કહ્યું? વળી ગોમ્મટસારમાં આવ્યું, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. અહીં કહે છે કે કર્મથી રાગ થાય છે. બેય સરખું આવ્યું. પ્રકાશચંદજી! ભગવાન! એમ નથી. ત્યાં કહ્યું છે એ બીજી વાત છે. ત્યાં તો જ્ઞાનાવરણીય કર્મ પોતાના જ્ઞાનની હીણી ઉપાદાન પર્યાય કરે છે તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. અહીંયા રાગાદિ દ્રવ્યસ્વભાવમાં નથી તો દ્રવ્યસ્વભાવની દષ્ટિ થઈ તો દ્રવ્યમાંથી રાગ ક્યાં આવે છે? એ બતાવવા કહ્યું કે રાગનું કાર્ય કર્મનું છે, આત્મા રાગને જાણનારો એમ કહેવું તે પણ વ્યવહાર છે. આગળ કહેશે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાય છે કાંઈ? આહા..! આગળ આવશે. છે ને? '**પોતાના આત્માને જાણે છે,...**' '**કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' વચ્ચે છે. એ સૂક્ષ્મ છે. આગળ આવશે. '**કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' વચ્ચે છે. દસ લીટી પછી. ધર્મી.. દસ પંક્તિ પછી અંદર છે.

કહે છે કે ધર્મીજીવ.. ભગવાન! આ તો અંતરનો માર્ગ છે. આ કંઈ બહારથી કોઈ ક્રિયાકાંડ કરી નાખે અને ધર્મ થઈ જાય એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? કહે છે કે મોહ. મોહ શબ્દે અહીંયા મિથ્યાત્વ ન લેવું. અહીંયા સમકિતીની વાત છે. અહીં સમ્યક્જ્ઞાનીની વાત છે. પહેલો મોહ શબ્દ પડ્યો છે ને? મોહ. એ મિથ્યાત્વ ન લેવું. અહીં તો મોહ એટલે પર તરફની અસ્થિરતાની સાવધાની એટલું લેવું. પહેલો બોલ છે ને? પહેલો બોલ. અહીં જ્ઞાનીની વાત છે. જ્ઞાનીને મોહ હોતો જ નથી-મિથ્યાત્વ હોતું જ નથી. ફક્ત અસ્થિરતાનો જે ભાવ થાય છે એ વ્યાપ્ય કર્મનું છે અને કર્મ તેનું વ્યાપક-કર્તા છે. એ અહીં સિદ્ધ કરવું છે. કેમ કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે અને દ્રવ્યનું જ પરિણમન જ્ઞાનીને થાય છે. વિકારનું પરિણમન જ્ઞાનીનું નહિ. એ કાઢી નાખવાની ચીજ છે તો તે તેનું જ્ઞેય થઈ ગયું. સમજાય છે કાંઈ?

'**સુખ દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એ કર્મના પરિણામ છે. કર્મ વ્યાપક છે અને મોહ, રાગ, દ્વેષ, દયા, દાન વ્યવહાર વ્રતના વિકલ્પ છે એ કર્મનું વ્યાપ્ય છે, કર્મનું કાર્ય છે, કર્મની પર્યાય છે, કર્મના પરિણામ છે. '**સ્પર્શ,...**' આ શરીરનો. સ્પર્શ આદિ '**રસ, ગંધ, વર્ણ, શબ્દ...**' એ પણ નોકર્મના પરિણામ છે. નોકર્મ. શરીરાદિ, વાણી આદિ નોકર્મ. આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસ, ભાષા, મન એને નોકર્મ કહેવામાં આવે છે. એ કર્મના પરિણામ છે દયા, દાનના વિકલ્પ ઉઠે ઈ અને આ નોકર્મ. શરીરની અવસ્થા થઈ, શબ્દની અવસ્થા થઈ એ નોકર્મના પરિણામ છે. નોકર્મ કર્તા છે અને શબ્દની પર્યાય તેનું વ્યાપ્ય છે, જ્ઞાનીનું વ્યાપ્ય નથી. જ્ઞાનીનું, શબ્દની દશા થઈ એનું જ્ઞાન પણ શબ્દને અનુસરીને નથી થયું. સમજાય છે કાંઈ? તો કહે છે કે, વર્ણ, રંગ, શબ્દ, બંધ. બંધ જે બહારની ચીજ છે ને? નોકર્મની ચીજ. આ લાડુ બંધ થાય એવો બંધ થાય છે ને બહારનો? કોઈ ચીજ એકઠી થાય તો સંબંધ થાય ને? એ પર્યાય નોકર્મનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આ રજકણો અહીંયા એકઠા થયા છે ને? .. એકઠા થયા ને? એ બંધનું કાર્ય નોકર્મ જે છે તેનું એ વ્યાપ્ય છે. તેનું વ્યાપક નોકર્મ છે, આત્મા નહિ.

મુમુક્ષુ :- એક જ છે.

ઉત્તર :- એક જ ક્યાં, અનંત પરમાણુ ભિન્ન ભિન્ન છે. એક એક પરમાણુ વ્યાપક થઈને પોતાની પર્યાયને કરે છે. બીજા પરિણામની સાથે સંબંધ નથી. અને પરમાણુમાં પણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પૂર્વ પર્યાય કર્તા અને વર્તમાન પર્યાય કાર્ય, એમ પણ નથી. એ તો સીધું દ્રવ્ય પોતાના પરિણામને કરે છે તો કર્તા પરમાણુ અને પોતાની વ્યાપ્ય અવસ્થા તે તેનું કર્મ. જ્ઞાની અજ્ઞાની બેયનું એ કાર્ય નથી. અજ્ઞાનીને તો એની દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી, હું પુણ્ય-પાપ કરું છે, મારી ક્રિયા છે, મારી ચીજ છે એમ માને છે તેથી અજ્ઞાનીનું વ્યાપ્ય (કાર્ય) વિકાર છે અને વ્યાપક અજ્ઞાની આત્મા. સમજાય છે કાંઈ? પણ પરનું વ્યાપ્ય અજ્ઞાની આત્મા કરે-શબ્દની જડની અવસ્થા એ તો અજ્ઞાનીમાં પણ નથી. સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે, '**શબ્દ, બંધ, સંસ્થાન,...**' આ આકાર છે ને? લાડવાના આકાર, દાળ-ભાતના આકાર, બધા સ્કંધના આકાર હોય છે ને? એ સ્કંધનો આકાર એને કરનારા એ પરમાણુ છે અને એની વ્યાપ્ય પરમાણુની અવસ્થા છે. '**સ્થૂલતા,...**' આ લાકડા આદિ બધું સ્થૂળ છે ને? '**સૂક્ષ્મતા..**' ભાષા આદિ. ભાષા આદિ સૂક્ષ્મ છે. ભાષા અંદર વર્ગણા. મનની વર્ગણા, મનની વર્ગણા એ સૂક્ષ્મ. એ મનની વર્ગણાની વ્યાપ્ય અવસ્થાને કરનાર એ પરમાણુ છે. વ્યાપ્ય મનની વર્ગણાનું કાર્ય મનની પર્યાય છે. આત્માની નહિ. સમજાય છે કાંઈ? '**આદિરૂપે બહાર ઉત્પન્ન થતું...**' બહારના. પેલા અંતરંમાં ઉત્પન્ન થતાં. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત વિકલ્પ જે અંતરંગ ઉત્પન્ન થાય છે એ વ્યાપ્ય અને તેને કરનારું કર્મ છે. કર્મ વ્યાપક છે અને એ કર્મના પરિણામ છે. ધર્મીના નહિ.

જ્યાં સુધી રાગ અને પુણ્ય હું છું એવી મિથ્યાદૃષ્ટિ હતી, ત્યાં સુધી રાગ પરિણામ વ્યાપ્ય અને અજ્ઞાની આત્મા વ્યાપક એ તો બરાબર હતું. જ્યારે રાગથી પૃથક થઈને પોતાના વીતરાગી ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ થઈ તો રાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે એમ જ્ઞાનીને નથી રહેતું. સમજાય છે કાંઈ? એ '**બહાર ઉત્પન્ન થતું...**' જોયું! આ શરીર, ભાષા બધું બહાર ઉત્પન્ન થાય છે એ '**નોકર્મનું પરિણામ...**' એ નોકર્મનું પરિણામ. પરિણામ નામ કાર્ય. નોકર્મનું કાર્ય, આત્માનું નહિ. '**તે બધુંય પુદ્ગલપરિણામ છે.**' હવે બેય પુદ્ગલપરિણામ લીધા. બેને ભિન્ન પાડીને-અંતરંગ અને બહિરંગ ભિન્ન પાડીને બેય પુદ્ગલપરિણામ સામાન્ય લઈ લીધા. બેય પુદ્ગલપરિણામ. જેમ આ શરીરની પર્યાય છે, ભાષાની પર્યાય છે એ નોકર્મના પરિણામ છે, એમ પુણ્ય-પાપના રાગ કર્મનું પરિણામ. પણ એ બધા પુદ્ગલના જ પરિણામ છે. સમજાય છે કાંઈ?

'**પરમાર્થે,...**' હવે કહે છે કે પરમાર્થે એટલે ખરેખર. '**જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્ભાવનો હોવાથી કર્તાકર્મપણું છે.**' '**જેમ ઘડાને અને માટીને...**' ઘડો વ્યાપ્ય છે-કાર્ય છે, માટી વ્યાપક છે-કર્તા છે. માટી કર્તા છે-દ્રવ્ય છે-વ્યાપક છે-પરિણમવાવાળી છે. ઘડો વ્યાપ્ય છે-કાર્ય છે-કર્મ છે-અવસ્થા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે-એનો અંશ છે. તો કહે છે કે '**ઘડાને અને માટીને...**' ઘડામાં પહેલો શબ્દ વ્યાપ્ય લેવો. માટીમાં વ્યાપક લેવો. ઘડો વ્યાપ્ય અને માટી વ્યાપક. ઘડો કાર્ય અને માટી કર્તા. ઘડો અવસ્થા, માટી અવસ્થાયી-પરિણામી. એ '**વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' બેની વચ્ચે અવસ્થા અને અવસ્થાયી, કર્તા અને કર્મ બેનો સદ્ભાવ અસ્તિપણે હોવાથી '**કર્તાકર્મપણું છે.**' માટી કર્તા છે, ઘડો એનું કર્મ છે. સેઠી! કુંભાર નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- છે એની વાત કરી. પછી એમાં નથી એમાં આવી ગયું કે નહિ? એ.. પોપટભાઈ! આહાહા..! વ્યવસ્થા બનાવો સરખી. લાદીની. લાદી સંગ્રહો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નિમિત્તથી થતી જ નથી એમ કહે છે. નિમિત્તની અસર આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આ વિકાર થાય છે એ નિમિત્તની અસરથી નહિ. અહીંયા તો રાગથી ભિન્ન પડેલો જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં પરિણમન કરવાવાળો એને જે થોડો રાગ રહ્યો તેનું વ્યાપ્ય આત્મા નથી. એમ સિદ્ધ કરવું છે. ભિન્ન નથી પડ્યો એવો અજ્ઞાની, એ વ્યાપ્ય એનું જ છે. કર્મનું છે જ નહિ. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ, રાગ-દ્વેષ વ્યાપ્ય અજ્ઞાનીનું છે અને વ્યાપક આત્મા જ છે. કર્મ વ્યાપક અને વિકારી વ્યાપ્ય એમ તો છે નહિ. અહીંયા તો સાધક સ્વભાવ જ્યાં પ્રગટ થયો, રાગ અને નિમિત્તથી ખસીને શુદ્ધ ઉપાદાન ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ અનુભવ થયો તો પછી રાગથી પૃથક થયો. તો પૃથક ચીજનો કાર્ય કરવાવાળો આત્મા ક્યાંથી થયો? એમ કહે છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી રાગ અને વિકલ્પને પોતાના માનતો હતો ત્યાં સુધી તો એ પોતાનો થયો. એ તો કર્તા અજ્ઞાની આત્મા અને કાર્ય એનું જ છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો કર્મ, શરીર અને આસ્રવ વિકલ્પ વ્યવહારથી ભિન્ન પડેલો ભગવાન, એવી જે દૃષ્ટિ થઈ તો એમાં આસ્રવ ક્યાં આવ્યો? એમાં ન આવ્યો તો બાકી રહેલો આસ્રવ આત્માનું કાર્ય નહિ. એ કાર્ય કર્મનું છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તે બધુંય પુદ્ગલપરિણામ છે. પરમાર્થે જેમ ઘડાને અને માટીને જ...**' કર્મ અને કર્તાપણાનો સદ્ભાવ છે. પહેલા વ્યાપ્યવ્યાપક શબ્દ વાપર્યો ઈ બરાબર છે. પછી કર્તાકર્મ શબ્દ વાપર્યો એ મેળ માટે. ઘડો કર્તા નથી, ત્યાં માટી કર્તા છે. ઘડો તો વ્યાપ્ય કર્મ છે. મેળ આમ કર્યો. માટી કર્તા છે, ઘડો વ્યાપ્ય કર્મ છે. વ્યાપક માટી છે, એ કર્મ છે. એ સદ્ભાવ બરાબર છે.

'**તેમ પુદ્ગલપરિણામને અને પુદ્ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' શું કહે છે? જેમ માટીનું વ્યાપકપણું નામ કર્તાપણું અને ઘડાનું વ્યાપ્યપણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નામ કર્મપણાનો સદ્ભાવ હોવાથી બરાબર છે. તેમ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વ્યાપ્ય છે અને તેનું વ્યાપક પુદ્ગલ છે એ બરાબર છે. પ્રકાશચંદજી! એ.. બલુભાઈ! આ તો અવલદોમની વાત છે. કરે તો. સમજાણું કાંઈ? કરે તો ન્યાલ છે ને? આહાહા..! વસ્તુ એવી છે ભગવાન. એક સમયનો ઉદય વિકૃત ભાવથી આત્મા ભિન્ન પડી ગયો. પોતાનો માની રાખ્યો હતો ત્યાં સુધી તો એ જ કર્તા અને તે જ એનું કર્મ. પણ જ્યાં રાગ વિકલ્પ મારામાં નથી અને એ હું નથી. હું તો અનંત જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પિંડ આત્મા છું. એવી દૃષ્ટિ જ્યાં જ્ઞાનમાં આવી અને ભાન, અનુભવ થયો તો એમાં જે થોડો રાગ બાકી રહ્યો, એ માટી કર્તા અને ઘડો કર્મ, એ રાગ વ્યવહાર રત્નત્રયના વ્યાપ્ય પરિણામ એ કર્મ અને પુદ્ગલ એનું વ્યાપક નામ કર્તા છે. ધર્મી આત્મા કર્તા અને એ એનું વ્યાપ્ય એમ છે નહિ. ગોદિકાજી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કોણ પાળે? પંચ મહાવ્રત પાળ્યા. એમ કહે છે. એ તો વ્યવહારથી કથન કર્યું. અને મહાવ્રત તો અસદ્ભુત વ્યવહારનયથી છે. વ્યવહાર પણ અસદ્ભુત વ્યવહાર છે ઈ. અસદ્ભુત વ્યવહારનો અર્થ આત્મામાં છે જ નહિ. એમ એનો અર્થ થયો. તો કરે ક્યાંથી આવ્યું? છે જ નહિ તો કરે ક્યાંથી આવ્યું? પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ છે એ અસદ્ભુત વ્યવહારનયનો વિષય છે. અસદ્ભુતનો અર્થ સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? પ્રકાશચંદજી! એવી વાત છે, ભગવાન! આહાહા..! લોકો સમજે નહિ. લઈ લો, સાધુ થઈ જાઓ. હજી ભાન નથી વસ્તુનું અને સાધુ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? લોકોને આકરું લાગે છે. અરેરે..! પાળે છે. શું પાળે છે? એ તો મિથ્યાત્વ પાળે છે. ભગવાન! દેહની ક્રિયા હું કરું છું અને વિકલ્પ ઉઠે છે તેના ઉપર તારી દૃષ્ટિ છે અને એ મારું કાર્ય માને છે તો મિથ્યાત્વનું પોષણ કરે છે. ક્ષણે ક્ષણે મિથ્યાત્વનું પોષણ કરે છે. મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ છે. કોઈ વ્યક્તિગતની વાત નથી. વસ્તુ સ્થિતિ છે.

ભગવાન આત્મા આખો અનંત ગુણનો પિંડ ચૈતન્યની દૃષ્ટિમાં તો રહ્યો નહિ. જ્ઞાન પરિણતિને કરવાવાળો ભગવાન તો દૃષ્ટિમાં રહ્યો નહિ. કારણ કે દૃષ્ટિ અંદર થઈ નથી, અનુભવ થયો નથી, સમ્યગ્દર્શન છે નહિ. પછી જે રાગાદિ છે એ તો રાગનો કરવાવાળો અને રાગ મારું કાર્ય એ દૃષ્ટિ થયા વિના રહે જ નહિ. તો મિથ્યાત્વનું જ ક્ષણે ક્ષણે પોષણ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ મિથ્યાત્વ એનું વ્યાપ્ય છે અને આત્મા તેનો વ્યાપક છે.

અહીંયા તો રાગ અને વિકલ્પથી ભિન્ન પડેલા આત્માનું કાર્ય શું? એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? કર્મ તો નહિ, શરીર તો નહિ, પ્રજા તો નહિ, દેશ તો નહિ, કુટુંબ નહિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પણ અંદરમાં શુભ રાગાદિ છે તે પણ પોતાનો નથી. પોતાનો હોય તો પોતામાંથી નીકળે નહિ. એ પોતાનો છે જ નહિ. ... શુદ્ધ વસ્તુ સ્વભાવ એ મારો પોતાનો છે. એવી દૃષ્ટિમાં રાગાદિ વ્યવહાર રત્નત્રયના જે પરિણામ, મહાવ્રતના તો .. એ કર્મ વ્યાપક અને એ વ્યવહારના પરિણામ વ્યાપ્ય. ઘટ વ્યાપ્ય અને માટી વ્યાપક. એમ કર્મ વ્યાપક અને એ પરિણામ વ્યાપ્ય, એ સદ્ભાવ બરાબર છે. સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં? જુઓ!

'**ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ...**' સદ્ભાવ-સાચો ભાવ. સાચો ભાવ હોવાથી '**કર્તાકર્મપણું છે...**' માટી કર્તા, ઘડો કાર્ય એ તો એનો યથાર્થ સદ્ભાવ છે. '**તેમ...**' તે જ પ્રકારે '**પુદ્ગલપરિણામ...**' પુદ્ગલપરિણામમાં બેય લેવા. દયા, દાન, વ્રતાદિ, રાગાદિ, સુખ-દુઃખની કલ્પના અંતરંગ અને બહિરંગ ભાષા આદિની પર્યાય, .. કરવાની પર્યાય. એ પુદ્ગલપરિણામમાં બેય લીધા. '**પુદ્ગલપરિણામને અને પુદ્ગલને...**' પહેલા એ પુદ્ગલપરિણામ લીધા. પુદ્ગલપરિણામમાં બે પ્રકાર આવ્યા. અંતરંગ પરિણામ અને બહિરંગ પરિણામ. એ બેય પુદ્ગલપરિણામ છે. કર્મપરિણામ અને નોકર્મપરિણામ બેય પુદ્ગલપરિણામ છે. વ્યવહાર વિકલ્પ છે એ પણ પુદ્ગલપરિણામ અને શરીરની અવસ્થા પણ પુદ્ગલપરિણામ, ભાષાની અવસ્થા પુદ્ગલપરિણામ. બેય પુદ્ગલપરિણામ પુદ્ગલનું વ્યાપ્યવ્યાપક છે. એ પરિણામને અને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ. એ પરિણામ-વિકારી પરિણામ અને શરીરની અવસ્થા એ વ્યાપ્ય અને કર્મ અને નોકર્મ વ્યાપક. એનો સદ્ભાવ બરાબર છે. બેનો '**સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' છે પંડિતજી એમાં? એમ છે એમાં, જુઓ! સમજાય છે કાંઈ?

જેમ માટીમાં અને ઘડામાં એ જ માટી વ્યાપક થઈને, પ્રસરીને, ફેલાઈને ઘડારૂપ થાય છે તો ઘડો એનું વ્યાપ્ય-કાર્ય-દશા માટીનું. તેમ રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વ્યાપ્ય કર્મ પરિણામ અને પુદ્ગલ એનું વ્યાપક. પુદ્ગલ પ્રસરીને એ પરિણામ થાય છે. આત્મા વિસ્તાર થઈને શું વિકાર થાય છે? શું આત્મામાં છે? સમજાય છે કાંઈ? કર્તાકર્મપણું છે. પહેલા એ સિદ્ધ કર્યું, હવે આ સિદ્ધ કરે છે. કર્તા કોને કહીએ? સ્વતંત્રપણે કરે તે કર્તા. કહે છે કે વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ ઉત્પન્ન થાય છે ત્યાં નિશ્ચય રત્નત્રયના પરિણામ છે તેની થોડી અપેક્ષા રાખીને વ્યવહારનો વિકાર થાય છે? આ નિશ્ચય છે, શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવનું અંતર સમ્યગ્દર્શન, જ્ઞાન, સ્થિરતા થઈ દ્રવ્યના આશ્રયે એ નિશ્ચય મોક્ષનો માર્ગ એ છે, તો એટલી અપેક્ષા રાખીને વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવે છે એ સ્વતંત્ર છે. નિશ્ચય સમ્યગ્દર્શન, જ્ઞાન થયા એ કર્તા અને વ્યવહાર વિકલ્પ દયા, દાનનું એ કાર્ય એમ છે નહિ. એ તો પહેલા ના પાડી કે એમ નથી. ત્યારપછી વિશેષ સિદ્ધ કરે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** છે. જુઓ! દેવચંદજી! ગાથા બહુ ઊંચી છે. આહાહા..! સમજ્યા? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એવા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ તો એમાં વ્યાપક ભગવાન થઈને પોતે નિર્મળ પર્યાય તેનું વ્યાપ્ય છે. નિર્મળ પર્યાય વ્યાપ્ય છે તો તેના સ્થાનમાં દયા, દાન, વ્રતના પરિણામ એ ભૂમિકાને યોગ્ય જ આવે છે. ચોથા ગુણસ્થાનને યોગ્ય પૂજા, ભક્તિ આદિ છે એ વ્રત ત્યાં નથી. પંચમમાં વ્રતાદિ વિકલ્પ, છઠ્ઠામાં પંચ મહાવ્રતનો વિકલ્પ. તો એ ભૂમિકાને યોગ્ય પર્યાયને યોગ્ય એવા વિકલ્પ આવ્યા તો એને કોઈ નિશ્ચયની અપેક્ષા એ પરિણામમાં છે કે નહિ? વજુભાઈ! એને યોગ્ય હોય છે, એને યોગ્ય હોય છે. પણ એને યોગ્ય હોય છે એ કેવા હોય છે? સાંભળ તો ખરો. લોકો રાજી થાય કે આહા..! મુનિ થાય ને.. નિશ્ચય હોય ત્યાં એવું હોય, એવું હોય. કહે છે કે, હોય છે ત્યાં નિશ્ચયની અપેક્ષા સહિત હોય છે કે સ્વતંત્ર હોય છે? એમ કહે છે. નહિ. સમજાય છે કાંઈ? પહેલા તો કર્તાકર્મ સિદ્ધ કરી દીધું. વિશેષ સિદ્ધ કરે છે હવે. કર્તા-સ્વતંત્રપણે કરે તે કર્તા. દર્શન, જ્ઞાન થયા નિશ્ચય સ્વભાવમાં તો એટલી અપેક્ષા યોગ્ય રાખીને વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થયા એવી કોઈ અપેક્ષા છે એને? એક વાત.

જેમ વ્યવહાર વિકલ્પની અપેક્ષા વિના નિશ્ચય સમ્યગ્દર્શન નિરપેક્ષ થાય છે. પોતાનો આત્મા પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુની અપેક્ષા કરીને રાગ અને વ્યવહારની અપેક્ષા છોડીને નિશ્ચયથી સ્વના આશ્રયે પરની અપેક્ષા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન જે થાય છે એ નિશ્ચયથી પરની અપેક્ષા વિના નિરપેક્ષ થાય છે. વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એમ નથી. વ્યવહાર કર્તા અને નિશ્ચય કર્મ થાય એવી વસ્તુ નથી. હવે તો કહે છે કે વ્યવહાર હતો તો નિશ્ચય થયો એમ તો નથી, પણ નિશ્ચય છે તો વ્યવહાર છે એમ પણ નથી. એમ કહે છે. આહાહા..! ગોદિકાજી! બહુ સારી ગાથામાં આવી ગયા છો. એ વખતે કહ્યું હતું. તમે સોળ લાખ ખર્ચ્યા તો એમાં કોઈ ધર્મ નથી. તમારો રાગ મંદ થયો હોય તો પુણ્ય છે. ધર્મ-બર્મ નથી. એને કહ્યું હતું. સમજાય છે કાંઈ? એવી ચીજ નથી માખણ ચોપડવાની કે બહુ પૈસા ખર્ચ્યા એટલે જાઓ તમને ધર્મ થઈ જશે. ક્યાંથી ધર્મ થયો? પરની ક્રિયામાંથી ધર્મ થાય છે? એમાં કોઈ રાગની મંદતા થઈ તો તેનાથી ધર્મ થાય છે? બિલકુલ નહિ.

અહીં તો કહે છે, એ રાગ પરિણામ છે તો નિશ્ચય સમ્યગ્દર્શન થાય છે એમ છે નહિ. આત્મા ધ્રુવ છે તો પરિણામ થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? સત્ સત્ત્વ ભગવાન શુદ્ધ સત્તા છે તો સમ્યગ્દર્શન, જ્ઞાન પર્યાય તેનાથી થાય છે. રાગ છે, વ્યવહાર છે, વ્યવહાર એટલો અનુકૂળ થયો ને? રાગનો શુભ ઉપયોગ હોય તો શુભમાંથી શુદ્ધમાં (અવાયું ને)? બિલકુલ નહિ. એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઈ તો વ્યવહારથી કથન છે, વસ્તુ એવી નથી. દેવચંદજી! શુભ ઉપયોગ હોય તો એને શુદ્ધતા થવામાં અનુકૂળતા રહે, એ વ્યવહારના કથન છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના દર્શન, જ્ઞાન અને ચારિત્રનું નિશ્ચયનું આચરણ છે એમાં વ્યવહારની અપેક્ષા બિલકુલ છે જ નહિ. કેમ કે કર્તા આત્મા સ્વતંત્ર થઈને પરની અપેક્ષા રાખ્યા વિના પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રનું વ્યાપ્ય રૂપી કર્મ કરે છે. દીપચંદજી! એ ખ્યાલમાં આવે એવી વાત છે. બહુ સૂક્ષ્મ નથી. આહાહા..! પ્રકાશચંદજી! એમ કહ્યું, ક્રમબદ્ધનું.. પણ ક્રમબદ્ધ તો ઠીક પણ આ એક બીજી વાત અંદર એવી છે. (સંવત) ૨૦૧૩ની સાલમાં કહ્યું હતું, ક્રમબદ્ધ ન નીકળ્યું હોત તો જૈનદર્શનનો એક અંગ અધૂરો રહી જાત. તે દી કહ્યું હતું ને? ક્રમબદ્ધ ક્રમબદ્ધ. બહુ પ્રમોદ બતાવતા હતા. ક્રમબદ્ધ એવું આવ્યું, આ વાત ન હોત તો જૈનદર્શનનું એક અંગ અધૂરું રહી જાત. વસ્તુ સ્થિતિ... ક્રમબદ્ધની જેમ આ વાત પણ જુદી છે. સમજાય છે કાંઈ? .. કેટલો સમાવેશ કરી દીધો છે! ગજબ વાત! સંતોની શૈલી એમનો ભાવ તો અદ્‌ભુત પણ વાણીમાં કેવું આવ્યું! ભાવ આવો છે તો વાણી આવી એમ નથી, એમ કહે છે અહીં તો. આહાહા..! ભગવાન! આહાહા..!

અહીં તો વાણી આવી એમ તો નથી પણ નિશ્ચયની જેટલી ભૂમિકા નિર્મળ થઈ તે સ્વતંત્ર આત્મા કર્તા થઈને થઈ છે. વ્યવહારની અપેક્ષા રાખીને થઈ છે એમ નથી. એ વાત તો ત્યાં રહી. અહીંયા તો કહે છે, જે પંચમ અને છઠ્ઠા ગુણસ્થાનના પ્રમાણમાં પંચ મહાવ્રતના કષાયની મંદતાના પરિણામ થાય છે તો એની નિર્મળ પર્યાયની ભૂમિકાની કંઈ પણ અપેક્ષા રાખીને થાય છે કે સ્વતંત્ર થાય છે? પંડિતજી! એમ છે કે નહિ? ભાગ્યશાળી... નહિ, એમ કહે છે. એની પર્યાયમાં બેસે એ એને કારણે છે, પરને કારણે નહિ. શેઠી! પરને કારણે તો નહિ પણ એ વિકલ્પ આવ્યો તેને કારણે જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. માર્ગ બાપા! વસ્તુ સ્વતંત્ર છે.

ભગવાન આત્મા.. ઓહોહો..! જુઓને! પરમાં વ્યાપ્યવ્યાપક નથી એ કેટલી સ્વતંત્રતા બતાવે છે! ભગવાન આત્મા પોતાનું વ્યાપક થઈને એ વ્યાપ્ય જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગી પર્યાય એ ધર્મરૂપી કાર્ય થયું તો કહે છે કે કર્તા તો દ્રવ્ય છે અને દ્રવ્ય તો સ્વતંત્ર છે. એ સ્વતંત્ર થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન પર્યાય પ્રગટ કરી છે. કોઈ રાગ મંદ હતો તો તેની વ્યવહારની મદદથી થઈ છે એમ પણ નથી. અને પૂર્વની પર્યાય થોડી નિર્મળ થઈ તો તેને કારણે આ પર્યાય થઈ એમ પણ નથી. એ દ્રવ્ય જ સીધું સ્વતંત્ર કર્તા છે. દ્રવ્ય જ સ્વતંત્ર સીધુ કર્તા થઈને પોતાના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પરિણામ-કર્મનો એ કર્તા છે. તો એ વખતે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભૂમિકાને યોગ્ય જે રાગ વ્યવહાર આવે છે એ વ્યવહારનો કર્તા કોણ છે? એ વ્યવહારનો કર્તા પુદ્‌ગલ છે. તો પુદ્‌ગલ તો સ્વતંત્ર કર્તા છે. નિશ્ચય આવો છે તો આવો વ્યવહાર આવ્યો એટલી અપેક્ષા વ્યવહારને નથી. નિશ્ચયમાં વ્યવહારની અપેક્ષા નથી અને વ્યવહારમાં નિશ્ચયની અપેક્ષા નથી. છે એમ એમાં કે નહિ? શિક્ષક લોકોએ આ સમજવું જોઈએ. સમજાય છે કાંઈ? ગાથા એવી વસ્તુ છે આ.

કહે છે, સદ્‌ભાવ એ તો કર્તાકર્મને સિદ્ધ કર્યું. પણ હવે કર્તાએ કેવી રીતે કર્યું? કે પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર છે, સ્વતંત્ર થઈને કર્યું છે. એ ભૂમિકામાં ચોથે ગુણસ્થાનને યોગ્ય એવો વિકલ્પ આવ્યો, પંચમમાં એને યોગ્ય બાર વ્રતનો વિકલ્પ, છઠ્ઠામાં એને યોગ્ય પંચ મહાવ્રતના વિકલ્પ-રાગ. એ પરિણામમાં નિશ્ચયની જે ભૂમિકા છે (એની મદદથી થયા છે એમ નથી). આવે છે કે નહિ? એઈ..! ચરણાનુયોગમાં. દ્રવ્યાનુસારી ચરણં એ બધા અર્થ કર્યા છે એણે. આવે છે ને ચરણાનુયોગમાં? દ્રવ્યને અનુસારે વિકલ્પ થાય છે. જેટલી ભૂમિકા નિર્મળ હોય એ પ્રમાણે વિકલ્પ થાય છે. અને વિકલ્પને અનુસારે આવું હોય તો એને નિર્મળ આવું જ હોય એમ જ્ઞાન કરવા માટે છે. અહીં તો ના પાડી છે. ચરણાનુયોગમાં લીધું છે. સમજાય છે કાંઈ? દ્રવ્યાનુસારી ચરિત્રં, ચરિત્રાનુસારી દ્રવ્યં. એમાં બતાવવું છે કે ભગવાન આત્મા.. ત્યાં દ્રવ્ય એટલે નિર્મળ પર્યાય લેવી છે. જેટલી નિર્મળ પર્યાય થઈ તેને અનુસાર જ ત્યાં વિકલ્પની ભૂમિકા હોય છે. અને વિકલ્પની ભૂમિકા અનુસાર પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના (વિકલ્પ હોય) ત્યાં એટલા જ નિર્મળ (પરિણામ) આ બાજુ નિશ્ચયના હોવા જોઈએ. એટલું બતાવ્યું છે. કર્તા બે નથી. હવે અહીં તો કાઢી નાખો. ચરણાનુયોગની વિધિ બતાવવામાં બતાવ્યું છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિમાં એ કર્તાકર્મ છે જ નહિ. નિશ્ચયને અનુસારે વ્યવહાર છે અને વ્યવહારને અનુસારે નિશ્ચય છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઓહોહો..! એનું વળી યાદ આવી ગયું. એ શ્લોક આવે છે ને? બરાબર મેળવાળો શ્લોક છે, આવી ગયું મગજમાં. સમજ્યાને? એક કોર ભગવાન આમ કહે, વળી એક કોર આમ કહે. એ કહેવામાં આશય છે. ત્યાં તો વ્યવહારથી ભૂમિકામાં કેવો હતો એ જણાવ્યું છે. પણ એ વ્યવહાર ઉત્પન્ન થયો (એમાં) પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. સમજાયું કાંઈ? કર્મ સ્વતંત્ર વ્યાપક છે. નિશ્ચય પર્યાય ઉત્પન્ન થઈ છે તો એને એવો વ્યવહાર આવવો જોઈએ એની અપેક્ષા રહે એવું વ્યવહારમાં છે જ નહિ. નહિતર સ્વતંત્ર કર્તા થઈ શકે નહિ. કર્તાની વ્યાખ્યા સ્વતંત્ર થઈને કરે. સમજાય છે કાંઈ? આવી વાત છે. અલૌકિક વાત છે! હિંમતભાઈ!

વસ્તુ એવી રુચે, એમ ભાષામાં લાવીને કહે... એવી કોઈ રચના સમયસારની કોઈ પળે થઈ ગઈ છે ને! અલૌકિક રચના, અલૌકિક! કેવળજ્ઞાન ... સમ્યગ્દર્શન, જ્ઞાનની પર્યાયનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

કર્તા આત્મા અને એ સમ્યગ્દર્શનની પર્યાયમાં રાગનો (વ્યવહારનો) અભાવ છે. અને વ્યવહારમાં નિશ્ચયનો અભાવ છે. એકબીજામાં તો અભાવ છે. તો અભાવમાં આની અપેક્ષાએ આ અને આની અપેક્ષાએ આ, એમ હોય નહિ. માણસ ન સમજે એટલે કહે, એકાંત છે. અરે..! ભગવાન! ભાઈ! આ સાચું છે. નહિતર કોઈ મેળ નહિ પડે. કોઈ રીતે મેળ નહિ ખાય. વ્યવહારને વ્યવહાર સિદ્ધ કરવો હોય, નિશ્ચયને નિશ્ચય સિદ્ધ કરવો હોય તો પરની અપેક્ષા વિના સિદ્ધ થઈ શકે છે, અપેક્ષા રાખીને સિદ્ધ ન થઈ શકે. ઈ આવે છે ને? આત્મમિમાંસામાં ધર્મી ધર્મ બે નિરપેક્ષ પહેલા સિદ્ધ કરવા. ધર્મીથી ધર્મ અને ધર્મથી ધર્મી એમ નહિ. આત્મમિમાંસામાં આવે છે. ધર્મી સ્વતંત્ર નિરપેક્ષ છે, ધર્મની અપેક્ષા વિના. ધર્મ સ્વતંત્ર છે ધર્મીની અપેક્ષા વિના. એવો પાઠ છે. પછી વ્યવહાર. શું ધર્મ ધર્મીનો છે અને આ ધર્મીનો આ ધર્મ છે? બેય નિરપેક્ષ સિદ્ધ થયા વિના.. બે સિદ્ધ કરવા છે, બે સિદ્ધ કરવા છે તો પોતાની સ્વતંત્રતા સિદ્ધ થયા વિના બીજું સિદ્ધ ક્યાંથી થશે? પછી કહે કે આ નિશ્ચયવાળાને આમ છે, વ્યવહારવાળાને કેવો નિશ્ચય હોય છે. સમજાય છે કાંઈ? ચંદુભાઈ! કેટલાક જીવના સ્વભાવ તૈયાર છે.

કહે છે, આહા..! ભારે ટીકા અને એ વખતે જ્ઞાનના ઘોલનમાં શું વાત હશે! વિકલ્પ ઉઠ્યો છે ને સૂત્ર રચવાનો, સૂત્ર રચવાનો. એ વિકલ્પ, મારી જ્ઞાનપર્યાય નિશ્ચય આવી છે એટલે વિકલ્પ ઉઠ્યો છે એમ નહિ. એ વિકલ્પનો સ્વતંત્ર કર્તા પુદ્ગલ જ છે, હું નહિ. સમજાય છે કાંઈ? દેવચંદજી! આહાહા..! વીતરાગી સંતોની વાત તો જુઓ! વીતરાગી સંત છે. કહે છે કે આ રાગ આવ્યો ને સૂત્ર રચવાનો? એનો કંઈક ભાગ ખરો કે નહિ? તમારા ભાવમાં હતું તો આમ થયું, એમ જ્ઞાનમાં હતું એવી કોઈ અપેક્ષાથી રાગ આવ્યો છે? નહિ. તે કાળે કર્મના પરિણામરૂપ કર્મ સ્વતંત્ર થઈને પોતાથી ભિન્ન જે ચીજ છે અને તેનાથી હું ભિન્ન છું તો મારા પરથી ભિન્નતાના પરિણામ ભિન્ન રાગની અપેક્ષા વિના થયા છે અને મારા પરિણામથી ભિન્ન રાગાદિ છે એ પણ મારા પરિણામની અપેક્ષા વિના થયા છે. આહાહા..!

કહે છે કે અમે તો આત્મા છીએ અને અમારી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય નિર્મળ વીતરાગી છે. તો અમારા વીતરાગ પરિણામની અપેક્ષા રાખીને સમજાવવાનો વિકલ્પ ઉઠ્યો છે એમ બિલકુલ નથી. પરના હિત માટે ઉઠ્યો છે અમારા ભાવમાં એમ છે તો એમ છે? બિલકુલ નહિ. અને આવો વિકલ્પ ઉઠ્યો છે તો એની અપેક્ષા હોય તો મારી નિર્મળ અવસ્થા થાય છે, એમ બિલકુલ નથી. વ્યવહારની અપેક્ષામાં નિશ્ચયની અપેક્ષા નહિ અને નિશ્ચયની અપેક્ષામાં વ્યવહારની અપેક્ષા નથી. બે વસ્તુ ભિન્ન છે. સેઠી! જરી ઝીણી વાત છે. આમ છે.

ભગવાન આત્મા... કહે છે, ઓહોહો..! ભગવાન વસ્તુ શુદ્ધ જ્ઞાયક વીતરાગસ્વરૂપ પ્રભુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવી દૃષ્ટિ થઈ, જ્ઞાન એવું થયું. એ જ્ઞાન અને દૃષ્ટિની પર્યાય પોતાનું કાર્ય છે. પણ એ દૃષ્ટિની પર્યાય એવી થઈ છે તો એ ભૂમિકાને યોગ્ય એનો રાગ છે તો નિશ્ચયની જરી અપેક્ષા છે અને રાગ ઉઠે છે એમ બિલકુલ નથી. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય રાગ ઉઠ્યો છે માટે છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ અવસ્થાની કોઈ અપેક્ષા મહાવ્રતના પરિણામને છે એમ બિલકુલ નથી. અને મહાવ્રતના પરિણામ જે થાય છે એને નિશ્ચયની જરીયે અપેક્ષા છે? બિલકુલ નહિ. દેવચંદજી! આહાહા..!

મુમુક્ષુ :- જુદેજુદા?

ઉત્તર :- જુદેજુદા. એ નિમિત્ત... એનો અર્થ જ ભિન્ન ભિન્ન. આહાહા..!

પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. એ પુદ્ગલદ્રવ્ય કર્મ અને નોકર્મ બેય '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો કર્તા છે...**' સ્વતંત્ર વ્યાપક છે તેથી દયા, દાન વિકલ્પનો કરવાવાળો સ્વતંત્ર થઈને કરે છે. સમજાય છે કાંઈ? ઓહો..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, રાગ અજ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાન નામ એમાં જ્ઞાન નથી. રાગથી ભિન્ન પડેલો આત્મા પોતાના સ્વભાવનો સ્વતંત્ર કર્તા છે, વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના. વ્યવહાર પુદ્ગલના પરિણામ જે થયા એ સ્વતંત્ર પુદ્ગલ તેનો સ્વતંત્ર કર્તા છે. આત્માની નિર્મળ પર્યાયની અપેક્ષા રાખ્યા વિના. સમજાય છે કાંઈ? તેથી પુદ્ગલપરિણામનો કર્તા છે. કેમ? કે પુદ્ગલ સ્વતંત્ર વ્યાપક છે. પુદ્ગલ પરવસ્તુ આત્માથી ભિન્ન થઈ ગઈ એ સ્વતંત્રપણે તે ભૂમિકામાં એવા પરિણામ પોતાને કારણે આવે છે. પુદ્ગલપરિણામ કર્તા છે એટલે પુદ્ગલપરિણામનો એ પુદ્ગલ જ કર્તા છે. ક્યાં આવ્યું જેઠાભાઈ? ઈ શું અર્થ કર્યો? પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપકમાં શું વ્યાખ્યા કરી? એની વ્યાખ્યા શું કરી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કર્મ પરિણામ પણ નિશ્ચયની અપેક્ષા વિના. નિર્મળ પર્યાય છે તેની અપેક્ષા વિના વ્યવહાર ઉત્પન્ન થાય છે. પુદ્ગલનું કામ છે, નિશ્ચયની અપેક્ષા વિના. સમજાય છે કાંઈ? ઓહોહો..! તારો માર્ગ કેવો છે એની ખબર નહિ અને જાણે કે હું ધર્મ કરું છું.

ભગવાન! તારી ચીજમાં તો રાગ છે જ નહિ, પ્રભુ! ઉદયભાવ જ નથી. પરમપારિણામિકભાવ સ્વભાવમાં ઉદય ક્યાંથી આવ્યો? ભગવાન ચૈતન્ય સ્વભાવ એકલો ભાવ એ રૂપે પરિણમવાવાળો પ્રભુ એવો જ્ઞાની નામ ધર્મી નામ સમ્યગ્દૃષ્ટિ કર્તા દ્રવ્ય. એમાં વ્યાપક પર્યાય તો એમાં કર્તા થયું પોતાનું દ્રવ્ય, એમાં રાગની વ્યવહારની અપેક્ષા રાખીને કર્તા થઈને નિર્મળ પર્યાય થઈ છે એમ છે જ નહિ અને નિર્મળ પર્યાય થઈ છે ભૂમિકા યોગ્ય, તેટલા પ્રમાણમાં ત્યાં ભાષા.. જુઓ! કેવળજ્ઞાન થયું તો ભાષા કેવી નીકળે છે. એમાં કેવળજ્ઞાનની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અપેક્ષા ભાષામાં છે કે નહિ? કહો! એવી ભાષા દિવ્યધ્વનિ નીકળે છે, બીજાને નથી. એટલું કેવળજ્ઞાન છે તો એટલા પ્રમાણમાં ભાષામાં સ્વપરપ્રકાશક ભલે ભાષાને કારણે નીકળી તો ભાષાને કેવળજ્ઞાનની કોઈ અપેક્ષા છે કે નહિ? બિલકુલ નહિ. એઈ..! એ પુદ્ગલ સ્વતંત્ર કર્તા થઈને ભાષાની પર્યાયનું કાર્ય કરે છે. કેવળજ્ઞાનની અપેક્ષા છે તો આવી દિવ્યધ્વનિની પર્યાય થાય છે એમ છે જ નહિ. પ્રકાશચંદજી! સાધારણ માણસને બિચારાને એવું થઈ જાય...

ભાષા જે દિવ્યધ્વનિ થાય છે.. કેવળજ્ઞાન અનુસાર થાય છે એમ શાસ્ત્રમાં આવે છે, લ્યો. બીજા કળશમાં ન આવ્યું? સર્વજ્ઞ અનુસારીણી વાણી. લ્યો. બીજો કળશ. ક્યાંનું ક્યાં યાદ આવી જાય છે. એમાં છે. એ તો નિમિત્તથી કથન છે. વાણીની પર્યાયમાં સ્વતંત્ર પુદ્ગલ પરમાણુ વ્યાપક થઈને વ્યાપ્ય થાય છે. કેવળજ્ઞાનની અપેક્ષા રાખીને વાણી થાય છે એમ છે નહિ. આહાહા..! એની પણ મોટી ચર્ચા થઈ છે. ખાણિયા ચર્ચા. શું વાણીમાં પરની અપેક્ષાથી પ્રમાણતા આવી છે? બિલકુલ નહિ. સ્વની અપેક્ષાથી પ્રમાણતા છે. સમજાય છે કાંઈ?

‘**અને પુદ્ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...**’ એ ભાષા થોડી બાકી છે, હોં! એ પછી કાલે આવશે. સ્વયં શબ્દ પડ્યો છે ને, એનો અર્થ થશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ-૩, બુધવાર તા. ૨૯-૫-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૨૧**

ગાથા-૭૫. શિષ્યનો પ્રશ્ન છે, પ્રભુ! આત્મા જ્ઞાની થયો-ધર્મી થયો, જેને આત્માનો બોધ થયો એનું લક્ષણ શું છે? ક્યા લક્ષણથી તે ઓળખાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. ૭૫. જ્ઞાની થયો એનું લક્ષણ શું? અને ક્યા લક્ષણે તેને આ જ્ઞાની છે એમ ઓળખાય છે? ઈ વાત પૂછી છે. સેઠી! તો કહ્યું, જ્ઞાની થયો એ પોતાનો આત્મા જ્ઞાયક સ્વભાવ ચૈતન્ય આનંદ એ કર્મ અને કર્મના નિમિત્તે થવાવાળા વિકલ્પાદિ વ્યવહાર તેનાથી એ ભિન્ન પડી ગયો. ભિન્ન પડવાથી પોતાના જ્ઞાયકસ્વભાવમાં એકત્વ થયું અને રાગ ને નિમિત્તથી પૃથક્ થયો. તેથી જ્ઞાનીને પોતાના જ્ઞાન અને આનંદની પર્યાય તે તેનું વ્યાપ્ય છે અને આત્મા તેનો કર્તા છે. સમજાય છે કાંઈ? તે સમયે અંદર વ્યવહારનો જે અંદર દયા, દાન, વ્રત, ભક્તિ, શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય છે તે કર્મના પરિણામ છે, પુદ્ગલકર્મના એ પરિણામ છે, એ આત્માના નહિ. અને આ શરીરાદિ અવસ્થા થઈ તે નોકર્મના પરિણામ છે. અંદર શુભ-અશુભ રાગ જે થાય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, સમ્યગ્દર્શનને યોગ્ય પૂજા, ભક્તિનો રાગ, પંચ મહાવ્રતનો છઠ્ઠા ગુણસ્થાનનો રાગ એ બધા પુણ્ય-પાપના વિકલ્પનો રાગ પરિણામ, એ પર્યાય, એ વ્યાપ્ય કર્મનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીનું કાર્ય એ રાગાદિ થયા, વ્યવહારાદિ, દયા, દાન, વ્રતાદિ વ્યવહાર રત્નત્રય આદિનો જે રાગ થયો એનું જ્ઞાન પોતાની પર્યાયમાં પોતાથી થયું એ જ્ઞાનની પર્યાય જ્ઞાનીનું કાર્ય છે અને આત્મા તેનો કર્તા છે. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પ આદિ વ્યવહાર રત્નત્રય અને શરીરની પર્યાય બધા પુદ્ગલના પરિણામ છે. એ આત્માના નહિ. કેમ કે આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો, શુભ અને અશુભ વ્યવહાર અને નિમિત્તથી પૃથક્ પડીને પોતાનું સ્વરૂપ ચૈતન્ય દૃષ્ટિમાં આવ્યું તો આત્મામાં રાગ નથી, કર્મ નથી, વ્યવહાર નથી, એ તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એ દૃષ્ટિને કારણે ધર્મીનું વ્યાપ્ય-પરિણામ-કાર્ય પોતાની સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર વીતરાગ પર્યાય તેનું વ્યાપ્ય નામ કાર્ય છે. નવનીતભાઈ! સમજાય છે કાંઈ? એ પુદ્ગલપરિણામ...

અહીંયા આવ્યું છે. '**જેમ ઘડાને અને માટીને...**' માટી વ્યાપક છે, કર્તા છે, રચનાર છે અને ઘડો તેનું વ્યાપ્ય છે, કાર્ય છે, કર્મ છે, અવસ્થા છે, પરિણામ છે. માટીનું પરિણામ ઘડો છે. એ કર્તાકર્મપણું બરાબર છે. માટી કર્તા છે અને ઘડો તેનું કાર્ય છે. તેમ પુદ્ગલપરિણામ વ્યવહાર રત્નત્રય દયા, દાન, ભક્તિ આદિનો શુભભાવ અને દેહની ક્રિયાના પરિણામ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**'પુદ્‌ગલપપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.'** સેઠી! પુદ્‌ગલપરિણામ વ્યવહાર જેટલો ઉઠે શુભાદિ એ બધા પુદ્‌ગલપરિણામ અને પુદ્‌ગલ. પુદ્‌ગલ એને કરનારું વ્યાપક અને એ પરિણામ વ્યવહાર, શુભ રત્નત્રય જેને વ્યવહાર કહે એ પણ પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલ વ્યાપક છે અને તેની વ્યાપ્ય અવસ્થા પુદ્‌ગલથી થઈ છે, આત્માથી નહિ. હુકમચંદજી! આ ક્યાંથી આવ્યું? વળી કર્મની સાથે. કર્મના પરિણામ સાથે કર્મનું વ્યાપ્ય વ્યાપક આવ્યું હતું, તો ભાવકર્મ સાથે વ્યાપ્ય વ્યાપક ક્યાંથી આવ્યું? ભગવાન! અહીં તો તારી ચીજ, પોતાની નિજ વસ્તુના નિજઘરમાં આવ્યો તો નિજઘરમાં તો વિકલ્પ અને નિમિત્ત છે જ નહિ. સમજાય છે કાંઈ? નિજઘરમાં આવ્યો, દૃષ્ટિ લગાવી અને સ્વભાવ શુદ્ધ ચૈતન્યનું ભાન થયું તો નિજઘરમાં ઉદય નામ રાગભાવ તો છે જ નહિ. શરીરની અવસ્થા એમાં છે જ નહિ. જે એમાં નથી તેનો એ કરવાવાળો અને એનું કાર્ય કઈ રીતે થાય? સમજાય છે કાંઈ?

જેમ માટી ઘડામાં વ્યાપ્ય વ્યાપક હોવાથી કર્તાકર્મનો સદ્‌ભાવ છે. માટી કર્તા, ઘડો કાર્ય છે. માટી વ્યાપક છે, ઘડો વ્યાપ્ય છે. માટી પરિણમવાવાળી છે, ઘડો પરિણામ છે. એમ પુણ્ય-પાપ વ્યવહારના પરિણામ છે તે પુદ્‌ગલપરિણામ અને પુદ્‌ગલ છે તે વ્યાપક છે. પુદ્‌ગલ કર્તા છે, પુદ્‌ગલ દ્રવ્ય છે, પુદ્‌ગલ વ્યાપક છે, પુદ્‌ગલ પરિણમવાવાળું છે. પુદ્‌ગલ પરિણમીને વ્યવહાર ઉત્પન્ન થાય છે એમ કહે છે. નવનીતભાઈ! હુકમચંદજી! આ વાત વળી ક્યાંથી આવી? અરે..! ભગવાન! અહીં તો દૃષ્ટિ જ્યાં સુધી રાગ અને પુણ્ય ઉપર વિકલ્પની દૃષ્ટિ હતી ત્યાં સુધી તો એ કર્તા વિકારનો અજ્ઞાની અને કર્મ વિકાર, એ તો અજ્ઞાનભાવમાં હતું જ. જેણે પોતાનો સ્વીકાર કર્યો કે હું તો વિકારી છું, પુણ્ય વિકલ્પ એ જ મારું કામ અને હું એનો કર્તા છું. ત્યાં સુધી અજ્ઞાનથી કરવાવાળો ઈ જ છે અને વિકાર એનું કર્મ નામ વ્યાપ્ય નામ કાર્ય હતું. સમજાય છે કાંઈ? પણ જેનાથી ભિન્ન પડી ગયો પછી ભિન્ન અવસ્થા એનું કાર્ય કઈ રીતે થયું? એમ અહીં કહે છે, ભાઈ! રાગથી અંદર ભિન્ન પડી ગયો. નિમિત્તથી ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો પછી ભિન્નનું કાર્ય ભિન્ન કેવી રીતે થયું? અભિન્ન કર્તા કર્મનો સંબંધ હોય. ભિન્નની સાથે કર્તાકર્મ સંબંધ હોતો નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા.. કહે છે કે.. અહીંયા આગળ કહેશે, અહીંયા તો પુદ્‌ગલપરિણામ વ્યવહાર વિકલ્પ જેટલા શુભભાવ અને જેટલી દેહની ક્રિયા, વાણીની ક્રિયા બેય પુદ્‌ગલનું વ્યાપ્ય છે અને પુદ્‌ગલ તેનું વ્યાપક છે. કોની જેમ? માટી અને ઘડાની જેમ. માટી કર્તા છે અને ઘડો તેનું વ્યાપ્ય છે-કાર્ય છે. કહે છે, આપણે અહીંયા આવ્યું કે **'પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** ત્યાં આવ્યું છે, જુઓ એમાં છે? શું છે? પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક... ત્યાં

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આવ્યું છે. ક્યાં આવ્યું છે? બાબુજી! હવે શું કહે છે એમાં? કે વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ આદિ એ પરિણામ પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને કામ કરે છે. આત્માની નિર્મળ અવસ્થાની કોઈ અપેક્ષા એને નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- વધારે ચોખવટ..

ઉત્તર :- કરીએ છીએ ને, હળવે હળવે થાય છે. કેમ પ્રકાશચંદજી! હળવે હળવે પ્રકાશ પડે છે.

ભગવાન આત્મા તો ચૈતન્યનું નૂર અને પુર છે. એવો અંતર જ્ઞાયકભાવ એ આત્મા. જ્ઞાયકભાવ સ્વભાવ, સ્વભાવવાન આત્મા. એવી અંતર દૃષ્ટિ-સમ્યક્ થયું તો અંતરમાં જ્ઞાનનો પ્રકાશ, શ્રદ્ધાનો ભાવ, શાંતિનો ભાવ, આનંદનો ભાવ આદિ પ્રગટ થયા. તો એ વખતે રાગ અને શરીરથી તો ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો તો ભિન્નનું કાર્ય પોતાનું છે અને પોતાનો આત્મા કર્તા થાય એમ કેમ બને? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાનું ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ આનંદમૂર્તિ ધ્રુવ ચૈતન્ય એવી અંતરમાં અનુભવ દૃષ્ટિ થઈ તો એ તો રાગ, વિકલ્પ અને ઉદયભાવથી ભિન્ન પડી ગયો. શરીર ને કર્મથી ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો તો એની ક્રિયા શું રહી? જ્ઞાનનું પરિણમન, શ્રદ્ધાનું પરિણમન, શાંતિનું પરિણમન, આનંદનું પરિણમન રહી ગયું. એ એનું વ્યાપ્ય અને તેનો વ્યાપક આત્મા. પણ નિર્મળ અવસ્થા જે વ્યાપ્ય થઈ, સમ્યગ્દર્શન-જ્ઞાન જે વ્યાપકનું વ્યાપ્ય થયું, શુદ્ધ ચૈતન્યદ્રવ્યના અવલંબને અવસ્થા થઈ, એ અવસ્થા નિશ્ચય છે તો એ નિશ્ચયની થોડી અપેક્ષા રાખવાથી વ્યવહાર ઉત્પન્ન થાય છે કે નહિ? ઈ કહે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- બિલકુલ નહિ. એની સાથે સંબંધ નથી. એમ તો અહીંયા સિદ્ધ કરવું છે. હુકમચંદજી! છઠ્ઠા ગુણસ્થાને મુનિ છે તો ત્રણ કષાયના અભાવની પરિણતિ પોતાના સ્વભાવથી થઈ છે. તો એ પરિણતિની થોડી અપેક્ષા છે કે જેથી એને પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ એવા જ ઉત્પન્ન થાય? જે (પરિણતિ) થઈ છે તેની કોઈ અપેક્ષા છે કે આવા વિકલ્પ ઉત્પન્ન થાય છે? એવી કોઈ અપેક્ષા છે? નહિ. સેઠી! આહાહા..! વસ્તુ એવી છે. અને એ તો ખ્યાલમાં, દૃષ્ટિમાં આવે એવી ચીજ છે. એ વસ્તુ ચૈતન્યમૂર્તિ છે, જ્ઞાયક છે. તો અંદર જ્ઞાયક ચૈતન્યમાં રાગ ક્યાં આવ્યો? નિમિત્ત ક્યાં આવ્યું? કર્મ, શરીર આવ્યું ક્યાં? એવો અંતર બોધ થયો તો કહે છે કે જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ જે પર્યાય સ્વભાવની દૃષ્ટિથી થઈ તો એ નિર્મળ પર્યાયની ભૂમિકા જેટલી છે તેટલા પ્રમાણમાં ત્યાં વ્યવહાર આવે છે, એવી કોઈ નિશ્ચયની અપેક્ષા છે ને? ના. છે જ નહિ. જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' એ શબ્દમાં ભર્યું છે. સ્વતંત્રતા છે. કેમ કે કર્તાની વ્યાખ્યા સ્વતંત્ર છે. રાગાદિ વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થાય, એ નિશ્ચય છે તો ઉત્પન્ન થાય તો સ્વતંત્રતા રહેતી નથી. ભગવાન આત્મા વ્યવહારનો વિકલ્પ હતો, રાગની મંદતા હતી, એટલી અપેક્ષા છે તો નિશ્ચય પ્રગટ થયો છે એમ છે? એમ છે જ નહિ. અહીંયા નથી તો અહીંયા પણ (અપેક્ષા) નથી. સમજાય છે કાંઈ? જેમ શુદ્ધ ચૈતન્ય ભગવાન વ્યવહારની અપેક્ષા છોડીને પોતાના નિરપેક્ષ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ અને જ્ઞાનનો અનુભવ થાય છે એમાં વિકલ્પ ને નિમિત્તની કોઈ અપેક્ષા છે જ નહિ. વ્યવહાર છે તો નિશ્ચય થયો એવી કોઈ અપેક્ષા જ નથી. હુકમચંદજી! આવી વાત છે.

અને એ નિશ્ચય થયો, જે ભૂમિકાના પ્રમાણમાં સ્વની પર્યાય (થઈ) એની અપેક્ષા રાખીને થોડો વ્યવહાર ઉત્પન્ન થાય છે કે નહિ? કંઈક એની અપેક્ષા રાખીને? બિલકુલ નહિ. પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. તે જ સમયે પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને ભૂમિકાને યોગ્ય વ્યવહારના પરિણામ છે એ પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને પરિણામ કરે છે. નિશ્ચયપર્યાય આવી છે તો એના પ્રમાણમાં એને વ્યવહાર થવો જોઈએ એવી અપેક્ષા છે જ નહિ વ્યવહારને. આહાહા..! ગોદિકાજી! જરી સૂક્ષ્મ વાત છે. સ્વદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી '**પુદ્‌ગલપરિણામનો કર્તા છે...**' નિશ્ચયપર્યાયની અપેક્ષા બિલકુલ નથી. દ્રવ્યની નથી, ગુણની નથી પણ નિર્મળ પર્યાયની અપેક્ષા (પણ) વ્યવહારને બિલકુલ નથી. પંડિતજી! શું છે આ? આવો નિશ્ચય થાય તો એને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એને નિશ્ચયના પ્રમાણમાં આવવો જ જોઈએ, એમ અહીંયા છે જ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તથી કથન છે, વ્યવહારનું. વસ્તુનું સ્વરૂપ એવું નથી. સમજાય છે કાંઈ? અહીં તો કર્તાકર્મ (ચાલે છે). નહિતર તો એમ થાય કે નિશ્ચય પર્યાય કરવાવાળી અને વ્યવહાર એનું કાર્ય, એમ થયું. તો સ્વતંત્ર રહ્યું નહિ. વિકારી શુભરાગ એ સ્વતંત્ર પુદ્‌ગલપરિણામ પુદ્‌ગલ વ્યાપક થઈને સ્વતંત્ર વ્યાપ્ય કરે છે. નિશ્ચયની અપેક્ષા બિલકુલ એ ભૂમિકાની અપેક્ષા છે જ નહિ. સમજાય છે કાંઈ? જુઓ છે કે નહિ? છે કે નહિ એમાં? એમાં છે. છે એનો અર્થ થાય છે, અધ્ધરથી નથી થતો. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! પણ એને ખબર ન મળે કે આ શું છે? લ્યો, વિકાર કર્મથી થયો છે એમ તો શાસ્ત્રમાં લખ્યું છે અને ગોમ્મટસારમાં લખ્યું છે. મોહનીય કર્મથી દર્શનમોહથી મિથ્યાત્વ થાય છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. અહીં પણ લખ્યું છે કે કર્મથી પુદ્‌ગલના પરિણામ વિકાર વ્યવહાર થાય છે, આત્માથી નહિ. લ્યો, અમારી વાત સાચી છે કે નહિ? અરે..! એમ છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ નહિ. સાંભળ તો ખરો. ગોમ્મટસારમાં તો લખ્યું કે તારી હીણી પર્યાયના કાળે નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું. અને અહીં તો કર્મ અને કર્મના નિમિત્તથી વિકલ્પથી આત્મા ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયો એનું વ્યાપ્ય શું અને સાથે રાગ આવે છે એનું વ્યાપક કોણ ઈ વાત ચાલે છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**પુદ્‌ગલદ્રવ્ય સ્વયં વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે...**' વ્યવહાર રત્નત્રય શુભઉપયોગમાં પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક થઈને એ પરિણામનો કર્તા છે. એ રાગમાં આદિ, મધ્ય અને અંતમાં.. ભાઈ! ૭૬માં આવે છે ને? આદિ, મધ્ય અને અંત. નિશ્ચય છે તો એની આદિ થઈ એમ નથી. એ પુદ્‌ગલ જ આદિ, પુદ્‌ગલ જ મધ્ય અને પુદ્‌ગલ જ અંત. એની આદિ થઈને વિકાર પરિણામ થાય છે. આદિમાં નિશ્ચયની અપેક્ષા છે એમ છે નહિ. જ્ઞાન અને અજ્ઞાન બે ભિન્ન પડી ગયા. અજ્ઞાન શબ્દે રાગ, શરીર, કર્મ એ બધું અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે એમાં જ્ઞાન નથી. વ્રત, દયા, દાન, વ્યવહાર રત્નત્રય એ રાગ અજ્ઞાન છે કેમ કે એમાં જ્ઞાન નથી. શરીરમાં જ્ઞાન નથી, કર્મમાં જ્ઞાન નથી તો એક બાજુ એકલું અજ્ઞાન રહી ગયું અને એક બાજુ રહ્યું જ્ઞાન. દેવચંદજી! ભારે વાત. માણસને આકરી લાગે, હોં! અરે..! આ? ભગવાન! સાંભળ તો ખરો! તારી વસ્તુમાં ખજાનામાં શું કમી છે કે એ પરની અપેક્ષા રાખે? વ્યવહારની અપેક્ષા રાખે અને તારો ખજાનો ખુલે એવો તું છો જ નહિ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આ છે. આહાહા..! આ વાત એણે સમજણમાં કદી લીધી જ નથી. અને એમ ને એમ પોતાની કલ્પનાથી આમ કરું તો થશે, આમ થશે, આમ કરતાં આમ થશે. વ્યવહાર શુદ્ધ થાય, વ્યવહાર શુદ્ધ થાય તો નિશ્ચય થાય. કોણ કહે છે એમ? કોણે કહ્યું? જેનું હોવાપણું શુદ્ધ ચૈતન્ય શુદ્ધ ધ્રુવ હોવાપણું છે તેને શું કોઈની અપેક્ષા છે? એ ધ્રુવ છે તેને કોઈની અપેક્ષા છે? તો એનો આશ્રય લીધો એને પણ કોઈની અપેક્ષા નથી. નિરપેક્ષ તત્ત્વનો આશ્રય લીધો એને પરની કોઈ અપેક્ષા છે જ નહિ. સમજાય છે કાંઈ? તમારા બાપ... મીઠાલાલજી છે ને, મીઠું ખાય છે. ... શું અર્થ કર્યો?

આત્મા ધ્રુવ નિરપેક્ષ તત્ત્વ પોતાનું છે, સત્ ધ્રુવ સત્ છે એને કોની અપેક્ષા? ધ્રુવ છે એવી અપેક્ષાથી જ્યાં આશ્રય લીધો તો આશ્રયની પર્યાયમાં કોની અપેક્ષા? એમ કહે છે. નિરપેક્ષ ભગવાન આત્મા છે એવો ધ્રુવ સત્ છે એને અપેક્ષા કોની? અને એ સત્‌નો આશ્રય લીધો અને સમ્યગ્દર્શન, જ્ઞાનાદિ થયા એ પણ સત્ છે. એ સત્ છે. સત્‌ને હેતુ શું? અપેક્ષા શું પરની? એમ કહે છે. રતનચંદજી! સમજાય છે કાંઈ? જેમ ધ્રુવને કોઈ અપેક્ષા નથી, એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સત્‌ની નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન પર્યાય જે ઉત્પન્ન થઈ તેને કોઈની અપેક્ષા નથી. પર્યાય સત્ છે, નિરપેક્ષ સત્ છે. વસ્તુ નિરપેક્ષ સત્ છે, તો એના આશ્રયથી ઉત્પન્ન થયેલી પર્યાય પણ નિરપેક્ષ સત્ છે. એને વ્યવહારની અપેક્ષા નથી. ગોદિકાજી!

અને.. એ અપેક્ષા તો છે જ નહિ પણ હવે નિશ્ચય પર્યાયનું સત્ પરની અપેક્ષા વગર પ્રગટ થયું તો એ ભૂમિકાને યોગ્ય જ રાગ થવો જોઈએ. બાર વ્રત. પંચમ ગુણસ્થાનને યોગ્ય બાર વ્રતના વિકલ્પ હોય છે, છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય પંચ મહાવ્રતના અને કાલે કહ્યું હતું, પ્રવચનસારમાં આવ્યું ને? દ્રવ્યાનુસારી ચરણ, ચરણ અનુસારી દ્રવ્યં. એવો શ્લોક છે. એઈ..! છે કે નહિ? મૂળ પાઠ છે, જુઓ! ૨૦૦ ગાથા પછી છે ને? (કળશ-૧૩). ચરણ સિદ્ધિ, દ્રવ્યસિદ્ધિ ચરણ સિદ્ધો. **'बुद्धवेति कर्माविरताः परेऽपि, द्रव्याविरुद्धं चरणं चरन्तु'** શ્લોક છે, એની ઉપર બીજો છે.

**द्रव्यानुसारि चरणं चरणानुसारि**
**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।**
**तस्मान्मुमुक्षुरधिरोहेतु मोक्षमार्गं**
**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य।।१२।।**

કાં રાગની મંદતા એ ભૂમિકાને યોગ્ય છે તેને જાણીને સ્વભાવનો આશ્રય થાય, કાં સ્વભાવના આશ્રયમાં એટલી દશા-રમણતા થઈ છે તો એટલું જાણીને એમાં આવો જ રાગ થાય છે એમ જાણો. એ તો જાણવાની વાત કરી છે. આ બીજી વાત છે. આ તો કર્તાકર્મની વાત છે. સમજાય છે કાંઈ? ત્યાં બે શ્લોકમાં એમ લીધું છે. દ્રવ્ય સિદ્ધો ચરણ સિદ્ધિ. જેવા રાગની સિદ્ધિ છે એવી દ્રવ્યની સિદ્ધિ છે. દ્રવ્ય શબ્દે પદાર્થની વાત નથી, દ્રવ્ય શબ્દે નિર્મળ અવસ્થા. જેટલી ચારિત્રની શુદ્ધિ છે તેટલા પ્રમાણમાં જ તેને વિકલ્પ ઉઠે છે, પંચ મહાવ્રતાદિના. જેવી શુદ્ધિ છે એ પ્રમાણે ઉઠે છે. તો કહે છે કે એ તો જ્ઞાન કરાવ્યું. એનાથી થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હો, છ દ્રવ્ય છે. એમાં શું છે? છ દ્રવ્ય છે તો કોઈ દ્રવ્ય અપેક્ષા રાખે છે? પરમાણુ કોઈની અપેક્ષા રાખે છે રહેવામાં?

મુમુક્ષુ :- રાગ હોય તો એવો જ હોય.

ઉત્તર :- હોય તો પોતાથી છે, પોતાની (-શુદ્ધિની) અપેક્ષાથી નથી. નિશ્ચયની અપેક્ષા રાખીને આવો વ્યવહાર થાય એમ નહિ.

મુમુક્ષુ :- નિશ્ચય છે તો વ્યવહાર છે એમ નહિ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- એમ નથી. એક આકાશ પદાર્થ બીજા કોઈ પદાર્થ જીવ છે તો એ અજીવ છે એમ છે?

મુમુક્ષુ :- એનાથી નથી, બન્નેનો એક કાળ છે.

ઉત્તર :- કાળ તો બધાનો એક જ કાળ છે, એમાં શું? કાળ તો બધાનો એક જ હોય છે. બધા દ્રવ્યના ગુણની પર્યાયનો કાળ તો એક જ હોય છે. કાળમાં ફેર હોય છે? કોઈની પર્યાય હમણાં થાય અને કોઈની ભવિષ્યમાં થાય, એમ છે. એમાં શું થયું? સમજાય છે કાંઈ? જે સમયે પરમાણુ છે તે સમયે આકાશ છે. તો પરમાણુ પુદ્‌ગલ છે, અજીવ રૂપી છે અને આકાશ અરૂપી છે. તો શું અજીવની રૂપીની અપેક્ષા રાખીને આકાશ અજીવ થયું છે? અને આકાશ અરૂપીની અપેક્ષા છે તો અહીં રૂપીની અપેક્ષાથી પરમાણુ છે? અહીંયા એમ વાત છે. નિશ્ચય અને વ્યવહાર બેય ભિન્ન પદાર્થ છે. સમજાય છે કાંઈ? આવી વાત છે.

ભગવાન આત્મા પોતાનું વીતરાગસ્વરૂપ પ્રભુ. આત્મા એટલે વીતરાગ જૈનસ્વરૂપ. જૈન સ્વરૂપ એટલે વીતરાગસ્વરૂપ છે. આત્મા જ વીતરાગસ્વરૂપ છે. જૈન કોઈ સંપ્રદાય નથી, એ તો વસ્તુનો સ્વભાવ છે. અકષાયરસ જે વીતરાગ સ્વરૂપ છે તે જ આત્મા છે. હવે એ વીતરાગ સ્વરૂપનો આશ્રય લઈને પર્યાયમાં જે વીતરાગતા થઈ એ વીતરાગતાની અપેક્ષા છે તો અહીંયા વ્યવહાર ઉત્પન્ન થાય છે એમ નહિ. અને વ્યવહાર ઉત્પન્ન થાય છે એ સ્વતંત્ર પુદ્‌ગલ તે જ સમયે તે જ પર્યાય (પ્રગટ થાય છે). તેથી હવે પછી પ્રાપ્ય, વિકાર્ય કહેશે. પુદ્‌ગલ પોતાની પર્યાય તે જ સમયે તે જ રાગ આવવાનો છે. તે રાગનું જ્ઞાન પોતાનું છે. જ્ઞાન કહેવું એ પણ રાગને અનુસરીને જ્ઞાન થયું છે એમ નથી. રાગ વ્યવહારનું જ્ઞાન છે તે વ્યવહારને અનુસરીને જ્ઞાન થયું છે એમ નથી. અહીંયા તો જ્ઞાયકસ્વભાવને અનુસરીને જે સ્વપરપ્રકાશકની પર્યાય થઈ એમાં વ્યવહાર જેટલા પ્રકારના પોતાથી સ્વતંત્ર થાય છે એમ અહીંયા એનું જ્ઞાન કરે છે એવો વ્યવહાર કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

કહે છે, પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. વ્યવહાર થવામાં આત્માના દ્રવ્ય, ગુણ અને પર્યાયની બિલકુલ અપેક્ષા નથી. શુદ્ધ દ્રવ્ય, શુદ્ધ ગુણ અને શુદ્ધ પર્યાય મોક્ષમાર્ગીની. એમાં વ્યવહાર તે સમયે ઉત્પન્ન થાય છે તેને આ દ્રવ્ય, ગુણ, પર્યાયની બિલકુલ અપેક્ષા નથી. એ.. ભીખાભાઈ! રાડ પાડે બિચારા. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! તારી ચીજ જ એવી છે કે તને પરની અપેક્ષા નથી. અજીવ છે તો જીવ છે એમ છે? અજીવ છે તો જીવ છે એમ છે? એમ વ્યવહાર છે તો નિશ્ચય છે એમ છે? બેય ચીજ ભિન્ન છે. વ્યવહાર અજીવ છે.

મુમુક્ષુ :- કથનમાં છે, વસ્તુમાં નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- કથનમાં પણ નથી. કથનમાં તો સમજાવવાની વાત છે. વસ્તુ સ્થિતિ પણ નથી. એ તો એકસાથે હોય છે તો એકસાથે તો બધા છે. શરીર સાથે નથી? કર્મ નથી? એનું પરિણમન પણ એકસાથે છે. આત્માનું પરિણમન અને અહીં એનું પરિણમન. વ્યવહારનું પરિણમન, નિશ્ચય પરિણમન. એમ આનું પરિણમન, આત્માનું પરિણમન. એમ વ્યવહારનું પરિણમન, નિશ્ચયનું પરિણમન એકસાથે છે. એકસાથે છે તો શું? એમ તો બધા એકસાથે છે. હુકમચંદજી! બે ચીજ ભિન્ન છે. આહાહા..! નિરપેક્ષ જ છે. પોતપોતાથી હો. એ તો કહે છે, પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક થઈને વ્યવહાર રત્નત્રય ઉત્પન્ન થાય છે. આત્માના નિશ્ચય રત્નત્રય છે તો એટલી ભૂમિકાની થોડી પણ અપેક્ષા રાખીને વ્યવહાર રત્નત્રયની ઉત્પત્તિ થાય છે એમ નથી. છઠ્ઠે ગુણસ્થાને પંચ મહાવ્રતનો જ વિકલ્પ આવવો જોઈએ. પાંચમે બાર વ્રતનો. ભૂમિકાની પર્યાય છે તેથી આવવો જોઈએ એવી અપેક્ષા છે જ નહિ. સમજાય છે કાંઈ? બહુ ફેર પડી ગયો. સેઠી!

સત્ હોય એને અપેક્ષા શું? સત્ તો અહેતુક છે. ભગવાન આત્મા.. કહે છે કે એ વ્યવહારના પરિણામ ઉત્પન્ન થયા એ વ્યાપ્ય પરિણામ અને વ્યાપક તો કર્મ પુદ્ગલ છે. ભગવાન કર્તા દ્રવ્ય-ગુણ કર્તા કે એ નિર્મળ પર્યાય કર્તા અથવા નિર્મળ પર્યાયની અપેક્ષા છે તો છે, તો કર્તા થઈ જાય છે. નિર્મળ પર્યાય કર્તા અને વિકલ્પ વ્યવહાર કાર્ય થઈ જાય છે. એમ છે નહિ. અને વ્યવહાર છે તેનું જ્ઞાન થયું એમ પણ નથી. વ્યવહાર છે તો વ્યવહારનું અને સ્વપરનું જ્ઞાન થયું છે એમ પણ નથી. વ્યવહાર છે તો જ્ઞાનની પર્યાય એને કારણે છે એવી અપેક્ષા નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- તો શું છે?

ઉત્તર :- કહ્યું ને. પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાના આશ્રયે ઉત્પન્ન થયું છે, પરની અપેક્ષા વિના. અને વ્યવહાર પણ નિશ્ચયની અપેક્ષા વિના પોતાને કારણે પુદ્ગલના પરિણામ એવો વ્યવહાર ઉત્પન્ન થાય છે. નિશ્ચયની અપેક્ષા વિના. એક કોર અજ્ઞાન અને એક કોર જ્ઞાન, બે જ વાત છે અહીંયા. એ વ્યવહાર બધો અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે મિથ્યાત્વ એમ નહિ, એમાં જ્ઞાનનો અભાવ છે. ભગવાન ચૈતન્યપૂર છે, ચૈતન્યનો ગાંગડો છે. તો ચૈતન્યપણું એના દ્રવ્યમાં, ગુણમાં, પર્યાયમાં સમ્યગ્દર્શન, જ્ઞાનાદિમાં વ્યાપી ગયું. રાગાદિ વ્યવહાર એ તો બધા જ્ઞાનનો અભાવ હોવાથી અચેતન છે. તો શું જ્ઞાયકની પર્યાય અચેતનની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય છે? અને શું અચેતનની પર્યાય આ ચેતનની અપેક્ષા રાખીને ઉત્પન્ન થાય છે? એમ કહે છે. હુકમચંદજી! પંડિતોના માથા... અરર..ર..! આ તો બધું.. પણ આ શું છે જુઓ તો ખરા, વાંચો તો ખરા કે શું છે? આ તો અનાદિથી વાત ચાલે છે. નવી

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે કોઈ? લોકોને એવું લાગે ને.. આહાહા..! જુઓ ભાઈ! નિશ્ચય હોય ત્યારે એટલા પ્રમાણમાં એને વ્યવહાર કરવો જ પડે. અરે..! કરવો પડે તો નિશ્ચય નથી, મિથ્યાત્વ છે, સાંભળ તો ખરો. કરવો પડે કહે છે, આ શું કહે છે? કરવો પડે, વિકલ્પને કરવો પડે? કર્તા? એ તો મિથ્યાત્વ છે. દેવચંદજી! ... નીકળી જાય એવી વાત છે. સાધુ-બાધુ બિચારા રાડ નાખી જાય છે. અરે..! એકાંત છે, રે એકાંત છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. નિશ્ચય અનેકાંત પણ નયથી તો સમ્યક્ એકાંત જ છે. સમજાય છે કાંઈ?

ઈ કહે છે, પોતાનો ભગવાન શુદ્ધ ઘન આનંદકંદ નિર્મળાનંદ એવો ધ્રુવ છે, એની કોઈ અપેક્ષા છે? એ પર્યાય એની છે તો એની અપેક્ષાથી ધ્રુવ છે? રાગને કારણે તો નહિ, નિમિત્તને કારણે તો નહિ, પણ પર્યાય છે તો ધ્રુવ છે? બિલકુલ નહિ. શું ધ્રુવ છે તો એની પર્યાય છે? બિલકુલ નહિ. તો અહીંયા ધ્રુવની અપેક્ષા કરીને જે શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાન ને દર્શન, સમ્યક્જ્ઞાન પ્રગટ થયા તો કહે છે કે એ ધર્મીજીવ એ જ્ઞાન, દર્શન, શાંતિ એ એનું કાર્ય-એની પર્યાય, એનું વ્યાપ્ય, એનો કરવાવાળો આત્મા દ્રવ્ય, કર્તા દ્રવ્ય, વ્યાપક દ્રવ્ય, પરિણમવાવાળું દ્રવ્ય. રાગ પરિણમે છે એટલે નિશ્ચય થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? અને રાગનું પરિણમન થયું તો નિશ્ચય પરિણમન આવું છે તો રાગનું વ્યવહાર પરિણમન આવું છે એમ પણ નથી. સમજાય છે કાંઈ?

વસ્તુનું હોવાપણું જ્યાં બે પ્રકારનું ભિન્ન પડી ગયું, ભિન્ન પડ્યું તો બીજાની અપેક્ષા બીજાને એવી અપેક્ષા રહેતી જ નથી. આહાહા..! ભારે. વીતરાગ માર્ગ આવો છે, ભાઈ! વીતરાગ સ્વરૂપ પ્રભુ, ઓહો..! ચૈતન્ય ભંડાર, જેના ખજાનામાં અનંત અનંત આનંદ અને જ્ઞાન પડ્યા છે ને. ઈ છે. ઈ 'છે'ની કોઈ અપેક્ષા છે? એ વસ્તુ એવી છે તો એને કોઈની અપેક્ષા છે એટલે એવી છે? બિલકુલ નહિ. એવો ભગવાન ચૈતન્ય ધ્રુવ નિરપેક્ષ તત્ત્વ છે. તેનો જ્યાં આશ્રય લીધો તો પર્યાય નિરપેક્ષ થઈ ગઈ. વ્યવહાર છે તો આમ છે અને આવી ક્રિયા કરે છે એટલે આમ છે, આચરણથી બહાર ચરણાનુયોગથી એનો નિશ્ચય અનુમાનગોચર થઈ શકે છે એમ માણસો કહે છે, ભાઈ! ચરણાનુયોગની ક્રિયા બરાબર કરે તો તેનાથી નિશ્ચયનો ખ્યાલ આવે છે. માટે ખરેખર તો ચરણાનુયોગની પ્રધાનતા છે બધામાં. એમ કેટલાક કહે છે. એઈ..! પાટનીજી! સાંભળ્યું છે નહિ? સાંભળ્યું છે? ચરણાનુયોગના આચરણ ઉપરથી એની નિશ્ચયની ભૂમિકા કેટલી છે એનો બોધ થાય છે. અહીં ના પાડે છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કીધું ને. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. સત્યાર્થ કહ્યું. પહેલા સત્યાર્થ કહ્યું કે નહિ? સવારે કહ્યું હતું ને? સત્યાર્થ એ નિશ્ચય. સત્યાર્થથી વિરુદ્ધ તો અસત્યાર્થ. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો સવારે ખુલાસો કર્યો હતો. છે કે નહિ એમાં? કેટલામાં આવેલું? મારું તો અંદર સત્યાર્થ ઉપર વજન છે. ઢાળ. ઢાળ ક્યાં આવી? ત્રીજી ઢાળ? જુઓ! પહેલો શ્લોક છે. '**જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.**' અસત્યાર્થ તે વ્યવહાર એમ અર્થ લેવો. છે કે નહિ? '**જો સત્યારથરૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો.**' અસત્યાર્થ કારણ. ભાઈ! સત્યાર્થ સામે અસત્યાર્થ કે સત્યાર્થ સામે એ પણ સત્યાર્થ છે? એ પોતે અસત્યાર્થ છે એની અપેક્ષાથી. પોતાની અપેક્ષાથી છે. છે નામ છે. પણ આની અપેક્ષાથી અસત્યાર્થ છે. ત્યારે એને નિમિત્તનું જ્ઞાન કરાવ્યું. અને કરાવ્યું એનો અર્થ એ પણ વ્યવહાર છે. તે સમયે પોતાની સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય પોતાથી નિમિત્તની અપેક્ષા વિના પોતાથી સ્વપરપ્રકાશક જ્ઞાનનું થવું એવો જ એ પર્યાયમાં ધર્મ છે. એમ વાત છે. સમજાય છે કાંઈ? આમાં જરીક જો ગડબડ થાય તો વિપરીત થઈ જાય. સત્ય નહિ રહે.

મુમુક્ષુ :- વ્યવહારને પણ સત્યાર્થ કહ્યું...

ઉત્તર :- છે એટલું. પણ અહીં તો મોક્ષમાર્ગ જ્યારે સત્યાર્થ છે તો પેલું અસત્યાર્થ છે. છે એ બીજી વાત છે. છે ખરું, પણ છે શું? કે અસત્યાર્થ મોક્ષમાર્ગ. છે શું? કે અસત્યાર્થ-જૂઠો મોક્ષમાર્ગ. બસ, ખલાસ થઈ ગયું. પણ જૂઠો પણ છે ને. જૂઠો છે ઈ બરાબર છે. જૂઠારૂપે જૂઠો નથી? સમજાય છે કાંઈ? વ્યવહારનયનો વિષય રાગ એ છે કે નહિ? પણ રાગ છે ઈ સમ્યગ્દર્શન, જ્ઞાન નથી. અસત્યાર્થ થઈ ગયું. રાગરૂપ છે. પણ મોક્ષમાર્ગરૂપ છે કે સમ્યગ્દર્શન, જ્ઞાનરૂપ છે એમ નથી. છ ઢાળામાં બહુ ભરી દીધું છે. લોકો પોતાના પક્ષની દૃષ્ટિ રાખીને વાંચે છે ને તો એમાંથી કાઢે છે, પોતાનો અર્થ કાઢે છે. એમાં શું કહેવું છે એ કાઢતા નથી. એ તો એવી દૃષ્ટિ અનાદિથી છે ને.

અંતર સત્ય વસ્તુ નિરપેક્ષ વસ્તુ છે. તો કહે છે કે '**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્ગલપરિણામનો...**' એટલે? પુદ્ગલપરિણામનો. એટલે સમજ્યાને? એમ કહે છે ને? પુદ્ગલપરિણામ માને (એટલે), એમ વળી તમારે હિન્દીમાં કહે છે ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આશ્રય યોગ્યનો પ્રશ્ન જ નથી. અહીંયા તો મોક્ષમાર્ગની વાત છે. અહીંયા આશ્રય કરવાની વાત નથી. એ તો કાલે કહ્યું હતું. નહિ? સત્યાર્થ અહીંયા પર્યાયની વાત છે. આશ્રય કરવાલાયક છે એ વાત અહીંયા નથી. સત્યાર્થનો અર્થ છે સત્ય. એ જ સત્ય છે અને આ અસત્ય છે. એમ. એ આશ્રય કરવાલાયક છે ઈ વાત ત્યાં છે જ નહિ. ત્યાં તો મોક્ષમાર્ગ સત્યાર્થ અને અસત્યાર્થ કોણ? પર્યાયમાં મોક્ષમાર્ગ સત્યાર્થની ત્યાં વાત છે. મોક્ષમાર્ગ કહેવો છે ને? તો મોક્ષમાર્ગ તો પર્યાય છે. તો પર્યાય સત્ય કોને કહીએ? કે જે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર નિર્વિકલ્પ જે પર્યાય થઈ એ સત્ય મોક્ષમાર્ગ છે. એ આશ્રય કરવાલાયક છે એનો સવાલ નથી. આશ્રય કરવાલાયક તો ધ્રુવ જ છે. અહીંયા તો મોક્ષમાર્ગ જે પર્યાય છે, કારણ છે તે કારણ સત્ય કોણ અને ખોટું કોણ? સત્ય તો સ્વભાવની નિરપેક્ષ દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર થયા તે સત્ય છે. રાગાદિ વચ્ચે આવે તે અસત્ય કારણ છે, ખોટા કારણ છે, જૂઠો મોક્ષમાર્ગ છે. સેઠી!

મુમુક્ષુ :- થોડી વધારે જમાવટ થવાની જરૂર છે.

ઉત્તર :- ફરીથી કહો એમ ન કહ્યું, જમાવટ કરો કહે છે. બીજો સૂર કાઢ્યો મીઠાલાલજીએ.

એમ કહ્યું કે સત્યાર્થ જે ત્યાં કહ્યું એ સત્યાર્થ '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' એ નહિ. ૧૧મી ગાથામાં ભૂતાર્થ જે ભગવાન આત્મા ત્રિકાળ સત્યાર્થ (કહ્યો) અને વ્યવહાર અસત્યાર્થ કહ્યો, ઈ આ વાત નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સત્યાર્થના ઘણા અર્થ છે. એક ત્રિકાળી સત્યાર્થ છે, એક પર્યાય સત્યાર્થ છે. ભૂતાર્થ છે પણ વસ્તુ ભૂતાર્થ છે. વસ્તુ જે ત્રિકાળ છે તે ભૂતાર્થ છે, સત્યાર્થ છે અને તેના આશ્રયે જે સમ્યગ્દર્શન, જ્ઞાન પ્રગટ થયા તે ભૂતાર્થ ધર્મ છે. ભૂતાર્થ ધર્મ કહો, સત્યાર્થ ધર્મ કહો, પણ છે પર્યાય. પણ ભૂતાર્થ ધર્મ છે. અને રાગાદિ છે તે અસત્યાર્થ ધર્મ છે- અભૂતાર્થ ધર્મ છે. સમજાય છે કાંઈ? આહાહા..! વાત કાંઈ કઠણ નથી. પણ પકડવામાં ન આવે એટલે..

મુમુક્ષુ :- ધીરે ધીરે સહેલું થશે.

ઉત્તર :- ધીરે ધીરે કહીએ છીએ ને, ધીરે ધીરે. સહેલાઈથી થાય ને. આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! તું તો ચૈતન્યદ્રવ્ય છો ને. તો ચૈતન્યના પ્રવાહમાંથી તો ચૈતન્યની પર્યાય વહે કે અચેતન વહે? વ્યવહાર તો અચેતન છે. રાડ નાખી જાય, અચેતન? પણ પુદ્ગલપરિણામ કહ્યા, પછી શું છે તારે? સમજાય છે કાંઈ? ઓહોહો..! અહીં તો કહે છે, પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. તેથી પુદ્ગલપરિણામ નામ (એટલે) વ્યવહાર રત્નત્રયનો પુદ્ગલ કર્તા છે. આત્મા નહિ. કોણ? સમ્યગ્દૃષ્ટિ. કેમકે તેનાથી ભિન્ન પડ્યો છે. ભિન્ન પડ્યો તે ભિન્નનો આત્મા કર્તા થતો જ નથી. સમજાય છે કાંઈ? આ સત્ય વાત બહુ ગુપ્ત થઈ ગઈ. વસ્તુ આવી છે. ભગવાને કહી માટે એવી છે? વસ્તુ એવી છે. જેવી છે તેવી કહી, જેવી છે તેવી જાણી, જેવી છે એવી જાણીને કહ્યું કે તારી ચીજ આવી છે. પાટનીજી! આહાહા..! અને તે ખ્યાલમાં આવે એવી ચીજ છે. સમજ્યા? પહેલા એનો સમજવામાં તો પક્ષ કરે કે ઓહો..! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદ ધ્રુવનું જ્યાં આલંબન લઈને નિર્મળ પર્યાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્પન્ન થઈ તે જ સાચો મોક્ષમાર્ગ છે અથવા મોક્ષનો માર્ગ નામ કાર્ય છે. વ્યવહાર છે તે મોક્ષનું કારણ નથી. જૂઠાને કારણ કહેવું તેનું નામ વ્યવહાર છે.

અહીંયા તો કહે છે કે ભગવાન આત્મા નિશ્ચય જે પોતાની પર્યાય સ્વભાવના આશ્રયે પ્રગટ થઈ તે જ સમયે જે વ્યવહાર ઉત્પન્ન થાય છે તે વ્યવહારને શું નિશ્ચયપર્યાયની-ભૂતાર્થ ધર્મની અપેક્ષા તે અભૂતાર્થને છે? સમજાય છે કાંઈ? અને અભૂતાર્થ ધર્મને શું ભૂતાર્થની અપેક્ષા છે કે ભઈ, અભૂતાર્થ ત્યાં આવો છે એટલે આવો નિશ્ચય છે, બિલકુલ નહિ.

મુમુક્ષુ :- બેય સાથે છે તો એકબીજાના...

ઉત્તર :- સાથે તો બધું અનંતુ છે તેથી શું? આ પુદ્‌ગલ નથી સાથે? પરમાણુ છે, એની પર્યાય છે. આ પરમાણુ છે તેથી શું? સાથે છે એટલે શું? બધા એક કાળમાં સાથે જ હોય છે.

અહીં તો કહે છે, આ ગાથા તો અલૌકિક ગાથા છે!! કહે છે કે તારા દ્રવ્યનો તો કોઈ કર્તા નથી, ગુણનો કર્તા નથી, તારી પર્યાયનો કર્તા તારું દ્રવ્ય. એમ કહેવું પણ એ વ્યવહાર ઉપચારથી છે. નિર્મળ પર્યાયનો કર્તા આત્મા એ પણ ભેદ કરીને કહેવું છે. બાકી વસ્તુ તો વસ્તુરૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ? અને એ વ્યવહાર કર્તા અને વ્યવહારનું નિમિત્ત બતાવ્યું કે આવો જ વ્યવહાર નિમિત્તપણે હોય. મોક્ષમાર્ગ તેને નિમિત્ત કહ્યું. નિમિત્ત આવું છે તો અહીંયા નૈમિત્તિક પર્યાય થઈ છે એમ નથી. અને નૈમિત્તિક પર્યાયને નિમિત્તની અપેક્ષા કહો તો નૈમિત્તિક, નિમિત્ત છે એટલે થઈ છે એમ નથી, અને નૈમિત્તિક આવી પર્યાય છે એટલે નિમિત્ત આવું ઉત્પન્ન થાય છે એવી કોઈ નૈમિત્તિકને નિમિત્તને અપેક્ષા છે? નહિ. સમજાય છે કાંઈ?

'**અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે...**' હવે અહીં લેવું છે. વ્યવહાર જે ઉત્પન્ન થાય છે એ પુદ્‌ગલ તે વ્યાપકથી સ્વયં વ્યાપ્ત હોવાથી. એ પર્યાય પણ સ્વયં સ્વતંત્ર થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ રાગ વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ પણ પર્યાય જે કાર્ય છે તે પણ સ્વયં સ્વતંત્ર થઈને વ્યાપ્ય થાય છે. '**સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' સમજાય છે કાંઈ? પરદ્રવ્યની શ્રદ્ધા, પરદ્રવ્યનું જ્ઞાન, શાસ્ત્ર આદિને સન્મુખ થયેલું જ્ઞાન અને પંચ મહાવ્રત આદિ, ભક્તિ, જાત્રા આદિના પરિણામ. એ સ્વતંત્ર પુદ્‌ગલપરિણામ સ્વતંત્ર સ્વયં વ્યાપક દ્રવ્ય અને પર્યાય વ્યાપ્ય સ્વતંત્ર થઈને વ્યાપે છે. સ્વયં વ્યાપે છે, સ્વયં વ્યાપે છે. એટલું સિદ્ધ કર્યું. સ્વતંત્ર પર્યાય સિદ્ધ કરી. સમજાય છે કાંઈ? ઈ કર્તા છે પણ પર્યાય સ્વયં થઈને વ્યાપ્ત થાય છે. એવો એનો સ્વભાવ છે.

'**તેથી...**' આ કારણે. તેથી એટલે આ કારણે '**પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને...**' પુદ્‌ગલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કર્મ અને પુદ્ગલ શરીર નોકર્મ તેના દ્વારા કર્તા થઈને. આ હલનચલન આદિ પર્યાય થાય છે એ પુદ્ગલ દ્વારા સ્વતંત્ર થઈને તેની હલનચલનની પર્યાય થાય છે. જુઓ! સવારે નહોતો બીજો પ્રશ્ન. ઈષ્ટ સ્થાનમાં જીવિત શરીર જાય છે. અરે..! ભગવાન! શું કરે છે? પ્રભુ! શું કરે છે આ? આ લોકો કઈ રીતે પ્રશ્ન કરે છે અને કઈ રીતે સમાધાન કરે છે. વીતરાગ માર્ગમાં આમ ન હોય, પ્રભુ! આહાહા..!

અહીં તો જડની શરીરની પર્યાય એ પરમાણુ સ્વતંત્ર વ્યાપક થઈને એ પરમાણુની થાય છે. અને રાગની વ્યાપ્ય અવસ્થા પણ પુદ્ગલ કર્મની સ્વતંત્ર થઈને વ્યાપ્ય થાય છે. સમજાય છે કાંઈ? '**પુદ્ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું...**' કાર્યપણે થવાવાળું. દયા, દાન, વ્રત, ભક્તિ, શ્રદ્ધાનો વિકલ્પ-વ્યવહાર શ્રદ્ધા આદિ, એવું જે કાર્ય કર્મપણે કરવામાં આવતું '**જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્ગલપરિણામ...**' છે. એ કર્મનોકર્મ પુદ્ગલના પરિણામ છે. વ્યવહાર રત્નત્રય કર્મના પરિણામ છે અને શરીરની અવસ્થા નોકર્મના પરિણામ છે. સમજાય છે કાંઈ? પેલા કહે છે, તમે નિશ્ચય એકાંત કરો છો. લિંબડીમાં આવ્યા હતા, સાધુ આવ્યા હતા. ચંદ્રશેખર. જીવા પ્રતાપના ભત્રીજાએ દીક્ષા લીધી છે ને. કરોડપતિનો ભત્રીજો. અરે..! ભગવાન! એમાં કરોડનું કામ નથી. કરોડપતિ હતો કે દી? રાગનો પતિ થાય તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. ત્યાં કરોડ ક્યાંથી આવ્યા તારી પાસે? રાગનો પતિ થાય છે તો મૂઢ છે. અચેતનનો પતિ ભગવાન? જ્ઞાનમૂર્તિ ચૈતન્યપ્રભુ રાગનો પતિ સ્વામી? મિથ્યા મૂઢ છે, જડનો સ્વામી જડદૃષ્ટિ છે. બાબુભાઈના એ પિતા છે? આહાહા..!

બિચારાનો સોળ વર્ષનો દિકરો ગુજરી ગયો. નહિ કાલે? ધરમચંદભાઈના બેનનો દિકરો. ત્યાં ઈન્દૌરમાં. સગી બેનનો દિકરો. સોળ વર્ષનો. ક્લાસ છે ને? ક્લાસ ચાલે છે. એક જરીક તાવ આવ્યો ને ડૉક્ટર પાસે લઈ ગયા. મરી ગયો તરત. રસ્તામાં મરી ગયો. સાઈકલમાં લઈને મડદાને લાવ્યા. પણ એનો બાપ એવો. શું છે? થવાનું હતું તે થયું છે. દિકરો કોનો? એ તો થવાનું હતું તે થયું. આંખમાં આંસુ નહિ. બાળી આવ્યા તરત. શું છે પણ? એ તો થવાનું હતું એ થયું, એમાં શું? શું છે નવીન? એમની બેનને વધારે લાગ્યું. એવું સાંભળ્યું. એકનો એક દીકરો પાછો. દીકરો એકનો એક. બેનનો એકનો એક દીકરો. ધરમચંદભાઈ! શું છે પણ? દિકરો કોનો? કોનો હતો? કોણ મરે? કોણ જીવે? શું ગપ્પ માર્યા છે આટલા?

અરે..! વિકલ્પ પણ તારો નથી. એ તો આસ્રવતત્ત્વ છે. વ્યવહાર રત્નત્રય તો આસ્રવતત્ત્વ છે. એ આસ્રવતત્ત્વ આત્મતત્ત્વ થઈ જાય? તો બે તત્ત્વ ભિન્ન ક્યાં રહ્યા? પંડિતજી! ભગવાન જ્ઞાયકતત્ત્વ એ આસ્રવતત્ત્વ થઈ જાય? અને આસ્રવતત્ત્વ જ્ઞાયકતત્ત્વ થઈ જાય? તો બે તત્ત્વ ક્યાં રહ્યા? બે ક્યાંથી રહ્યા? ભિન્ન છે તો રહે. એક હોય તો રહે? સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આસ્રવતત્ત્વ ભિન્ન છે. એના પરિણામને કરનારું પુદ્‌ગલ છે. એમ કહે છે. ભગવાન આત્મામાં પરિણામ થાય તો શું આસ્રવ ઉત્પન્ન થાય? શું એમાં પડ્યા છે? જેટલો જે પ્રકારનો વ્યવહાર છે તેટલા પ્રકારનું જ્ઞાન પોતાને અનુસરીને પોતામાં થાય છે. રાગને અને વ્યવહારને અનુસરીને પરના જ્ઞાન પરિણામ થાય છે એમ નથી. સમજાય છે કાંઈ?

કોણ મરે? અને કોણ જીવે? સાંભળને! પોક મૂકે છે. હાય.. રે.. મરી ગયો તો કોણ મરે? ક્યાં કોઈ મરી ગયો છે? આત્મા મરી ગયો છે? પરમાણુ મરી ગયા છે? કોણ મર્યું. કોઈએ દાખલો આપ્યો છે, ચંદ્ર મરી ગયો છે, કરો સ્નાન. આ ચંદ્ર સૂર્ય. અસ્ત થઈ ગયો ને? અસ્ત થાય તો કહે મરી ગયો. પણ મરે નહિ. કોણ મરે? શેના સ્નાન માંડ્યા તેં? સ્નાન સમજો છો? શું કહે છે? સ્નાન કહે છે ને? એ.. ચંદ્ર મરી ગયો. દેખાતો નથી. દેખાતો નથી પણ ત્યાં છે કે નહિ? એમ આત્મા ગયો. તો આત્મા છે કે નહિ ત્યાં? કોણ મરી ગયું? શરીર? શરીરના રજકણ છે કે નહિ? ક્યાં ગયા? તારી દૃષ્ટિમાં આવા સંયોગ હતા અને દેખાયા નહિ. અહીં તો કહે છે, ગાંડો થઈ ગયો. પાગલ છો. તારી ચીજમાં જે નથી એ ચાલી જાય તો મારી ગઈ એ તું ક્યાંથી લાવ્યો? તારા તો જ્ઞાન ને આનંદ તારા છે. એ ચાલ્યા જાય તો રડ. એ ક્યાંથી ચાલ્યા જાય? સમજાય છે કાંઈ?

કહે છે, '**પુદ્‌ગલદ્રવ્ય વડે કર્તા થઈને કર્મપણે કરવામાં આવતું...**' એ કાર્યપણે કરવામાં આવતું. વ્યવહાર રત્નત્રય શુભ રાગાદિ કાર્યરૂપે પુદ્‌ગલદ્રવ્ય વડે, રચાનારું એ પુદ્‌ગલ રચે છે. '**કર્મપણે કરવામાં આવતું જે સમસ્ત કર્મનોકર્મરૂપ પુદ્‌ગલપરિણામ...**' છે. સમસ્ત જે કર્મ અને નોકર્મ. એટલે વિકારી પરિણામ શુભ આદિ અને નોકર્મ શરીરની અવસ્થા. '**તેને જે આત્મા, પુદ્‌ગલપરિણામને અને આત્માને...**' શું કહે છે? પુદ્‌ગલપરિણામ નામ વ્યવહાર રત્નત્રયનો રાગ. '**એ પુદ્‌ગલપરિણામ અને આત્માને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી...**' સમજાય છે કાંઈ? વ્યવહારના પરિણામ એ પુદ્‌ગલના પરિણામ છે. આત્મા કર્તા અને તે એનું કર્મ છે જ નહિ. જેમ કુંભાર કર્તા અને ઘડો કર્મ છે જ નહિ. કુંભાર કર્તા અને ઘડો કર્મ એમ છે જ નહિ. એમ આત્મા કર્તા અને વ્યવહાર પરિણામ કર્મ એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? જુઓ! એમાં છે, હોં! એમાં છે એનો અર્થ થાય છે. શેઠ બિચારા કહેતા, હોં! શાહૂજી. મહારાજ તો શાસ્ત્રમાંથી અર્થ કહે છે. એ તો એમાંથી કહે છે. લોકો કહે છે કે અદ્ધરથી કહે છે. એ તો શાસ્ત્રમાંથી કહે છે. શાહૂજી, દિલ્હી. ગયા વર્ષે. પણ બિચારાને કંઈ નિર્ણય કરવાની તાકાત નહિ ને, એટલે એને ખબર નહિ. એક વખત એમ બોલ્યા હતા, શાસ્ત્રના પાઠમાં વાત કરે છે. પણ આ શાસ્ત્ર શું છે? જુઓને! પાઠ છે, સામે પડ્યો છે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કે નહિ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અંદર છે.

મુમુક્ષુ :- અહીંયા આવીને સાંભળે તો એક દિવસમાં એક કલાકમાં સમજાઈ જાય.

ઉત્તર :- એક કલાકમાં સમજાઈ જાય. એક કલાકમાં કેવળજ્ઞાન લઈ શકે. અંદરમાં છે અને પ્રગટ કરવું છે, એમાં શું છે? સમજાય છે કાંઈ? એક કલાક શું, .. એક, કાચી ઘડી. સમજાય છે કાંઈ? એ આનંદઘનજીમાં છે. સમજ્યા? 'નાગી કાઢ ને માર દે મોહકો' તરવાર કહે છે ને? એ લોકો નાગી કહે છે ને? 'નાગી કાઢ ને માર દે મોહકો' છોડ ભગવાનના આત્માને. ભગવાન આત્મા ચિદાનંદ પ્રકાશનું નૂર-પુર છે. દૃષ્ટિ કર, મોહ મરી જશે. એ રહેશે જ નહિ. તારા જીવન આગળ મોહ રહે? જીવતો બાદશાહ પાસે મોહ રહે? રહે નહિ, મરી જશે. સમજાય છે કાંઈ? આત્મા એવો પામર છે? એ તો પ્રભુ છે, પરમાત્મા છે, પૂર્ણાનંદ છે. સમજાય છે કાંઈ? હું છું આત્મા પરમાત્મા, અનંત ગુણનું ધામ. ઈ આવે છે ને? ભજનમાં આવે છે. ભજન કરે એમાં બોલે છે.

એના સ્વભાવના સામર્થ્યનો ભરોસો નથી આવતો. કેમ કે પ્રગટ પર્યાય છે અને વસ્તુ તો અવ્યક્ત છે. વસ્તુ અવ્યક્ત છે એમાં બધો માલ ભર્યો છે. પ્રગટ તો એક સમયની પર્યાય છે અને અપ્રગટ આખી ચીજ છે એમાં બધો માલ ભર્યો છે.

મુમુક્ષુ :- એક કલાકમાં..

ઉત્તર :- એક કલાક નહિ, બે ઘડીમાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પહેલા-બહેલા કંઈ નહિ. અહીં તો કોઈની અપેક્ષા નથી. કહ્યું ને અહીંયા? કેવળજ્ઞાન જે થાય છે તેને કોઈની અપેક્ષા નથી. કાલે કહ્યું હતું ને? ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. એક શબ્દનો અર્થ કરો. ચૈતન્ય અનુવિધાયી-ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. એમાં શું આવ્યું? શું કોઈ નિમિત્ત છે? ઇન્દ્રિય છે તો કેવળજ્ઞાન થાય છે એમ છે? સંહનન છે, મનુષ્યપણું છે તો થયું છે એમ છે? અને પૂર્વની પર્યાય મોક્ષમાર્ગની પર્યાય છે તો કેવળજ્ઞાન થયું છે એમ છે એમાં? ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. મહા સિદ્ધાંત! સિદ્ધાંત તો જુઓ! ઓહોહો..! બાર પ્રકારના ઉપયોગ સિદ્ધાંત છે ને દ્રવ્યસંગ્રહમાં? દ્રવ્યસંગ્રહમાં છે. એ સિદ્ધાંત તો મહાસિદ્ધાંત છે.

ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. ભગવાન ચેતન અને જ્ઞાન, દર્શન ચૈતન્ય. એને અનુસરીને વર્તમાન કેવળજ્ઞાનનો ઉપયોગ થાય છે. શું પૂર્વ પર્યાયની અપેક્ષા રાખીને થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે? શું સંહનનની અપેક્ષા રાખીને, મનુષ્યપણાની અપેક્ષા રાખીને થાય છે? પહેલા રાગની મંદતા કરતાં કરતાં પછી કેવળજ્ઞાન થશે. એની પણ અહીં તો ના પાડે છે. મોક્ષમાર્ગની પર્યાયની અપેક્ષા રાખીને મોક્ષ થાય છે? ચૈતન્ય અનુવિધાયી પરિણામ થયા ને. સીધું અનુસરીને કેવળજ્ઞાન થયું છે. અનુસરીને. મોક્ષમાર્ગને અનુસરીને કેવળજ્ઞાન થયું છે, એમ છે? એ તો વ્યવહારની વાત છે. પંડિતજી! આ તો સત્ય સિદ્ધાંત ત્રિકાળ સત્ય છે. એમાં ક્યાંય પ્રશ્નને, શંકાને સ્થાન જ ક્યાં છે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. એને ક્યાં ખબર હતી?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ મહારાજ અહીંથી કહે છે, એટલી વાત હતી.

મુમુક્ષુ :- આમ છે અને આમાંથી જોઈ જોઈને બોલે છે.

ઉત્તર :- એનો જ અર્થ કરે છે. ઘરનો અર્થ નથી કરતા.

મુમુક્ષુ :- શાસ્ત્ર આધારે કહે છે.

ઉત્તર :- બસ, એટલું. એ વખતની એટલી વાત. બતાવ્યું હતું, કહ્યું હતું. જુઓ! આ શબ્દ શું છે અહીંયા? જુઓ! અહીંયા શું શબ્દ છે? એનો શું અર્થ થાય છે? જુઓ! શાસ્ત્રમાંથી કહે છે.

મુમુક્ષુ :- હું સમજી ગયો છું એમ ક્યાં છે?

ઉત્તર :- ના, ના. સમજે કોણ? ના, ના. સમજે શું? એ તો જરી બીજા કહેતા હતા કે શાસ્ત્રથી વિરુદ્ધ કહે છે, એ અપેક્ષાથી કહ્યું. બીજા કહે છે કે આ શાસ્ત્ર અનુસાર નથી કહેતા, પોતાની કલ્પનાથી કરે છે. એટલી વાત તે સમયની સ્થિતિની અપેક્ષાથી. બાકી સદાયની અપેક્ષાથી નહિ. અહીં પહેલા સાંભળે તો ખરા કે શું છે? સમજાય છે કાંઈ? અહીં તો કહે છે કે સાંભળવાની અપેક્ષા પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થવામાં નથી. અને સમ્યગ્દર્શન ઉત્પન્ન થવામાં પણ સાંભળવાની અપેક્ષા છે જ નહિ. આહાહા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એવો પૂર્ણાનંદથી ભરેલો વિશ્વાસ જ્યાં અંદરમાં ઘૂસ્યો, એ પર્યાયમાં નિર્મળતા પ્રગટ થઈ તેને કોઈની અપેક્ષા નથી. પૂર્વની પર્યાયની અપેક્ષા પણ એને નથી.

તો કહે છે કે '**પુદ્‌ગલપરિણામને અને આત્માને ઘટ અને કુંભારની જેમ...**' જુઓ! આહાહા..! જેમ કુંભાર ઘડાનો કર્તા નથી, એમ વ્યવહારનો કર્તા આત્મા નથી. એ વ્યવહારનયના વિષયનો કર્તા આત્મા નથી. '**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી...**' એની વિશેષ વાત આવશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**જેઠ સુદ ૩, ગુરુવાર તા. ૩૦-૫-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૨૨**

આ કર્તાકર્મ અધિકાર, ૭૫ ગાથા ચાલે છે. પંચોતેર કહે છે ને? શું કહે છે તમારે? પચહત્તર. તમારી બધી હિન્દી ભાષા નથી આવડતી. આ તો અમારા પંડિતજીએ કહે, તમારે વીસ દિવસ હિન્દીમાં કરવું પડશે. અમારે પંડિતજી આવ્યા છે તો ૨૦ દિવસ બધાને લઈને આવ્યા છે. એટલે એમનું પણ ધ્યાન રાખવું જોઈએ ને. શું કહે છે જુઓ!

જેમ ઘડાને અને કુંભારને વ્યાપ્યવ્યાપકપણું નથી. કુંભાર વ્યાપક અને ઘડો વ્યાપ્ય, એમ નથી. અર્થાત્ કુંભાર કરવાવાળો અને ઘડાની પર્યાય એનું વ્યાપ્ય નામ કાર્ય નામ પર્યાય એમ નથી. બરાબર છે? ઘટ અને માટી વચ્ચે વ્યાપ્યવ્યાપક કર્તાકર્મ સંબંધ છે. માટી કરવાવાળી, રચવાવાળી વ્યાપક અને ઘટ એની તે સમયની પર્યાય વ્યાપ્ય નામ કાર્ય, પરિણામ કર્મ છે.

એમ આત્મામાં, જેમ ઘટને અને કુંભારને વ્યાપ્યવ્યાપકપણાનો અભાવ છે. અર્થાત્ ઘટ કાર્ય છે અને કુંભાર વ્યાપક કર્તા છે એમ નથી. એમ.. એ દૃષ્ટાંત થયો. એમ આત્મામાં જે દયા, દાન, વ્યવહાર વ્રતાદિના વિકલ્પ ઉઠે છે-શુભરાગ, વ્યવહાર રત્નત્રય આદિ અને જડની પર્યાય, એ પુદ્ગલના પરિણામ છે. એની સાથે આત્મા વ્યાપક અને એ પરિણામ વ્યાપ્ય એમ છે નહિ. સમજાય છે કાંઈ? માટી વ્યાપક નામ કરવાવાળી અને ઘડો જેમ કાર્ય છે, એમ આત્મા કરવાવાળો અને પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ શુભરાગ છે એ પોતાનું કાર્ય છે એમ નથી. સમજાય છે કાંઈ? કુંભારને અને ઘટની જેમ કર્તાકર્મ નથી. કુંભાર કરવાવાળો અને ઘડો કાર્ય એમ નથી. એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચિદાનંદ સ્વભાવ કરવાવાળો અને વ્યવહાર રત્નત્રય વ્રત, નિયમ, વિકલ્પ, પૂજા, ભક્તિના પરિણામ એ આત્માની પર્યાય કરવાવાળી અને એ વિકાર પરિણામ એનું કર્મ નામ કાર્ય સ્વભાવદૃષ્ટિમાં નથી. સેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં દૂર છે, એ તો એની નજીક છે. સમજાય છે કાંઈ? એ.. બેસવા દેજો બેનને. સૂક્ષ્મ વાત છે. ગોદિકાજી! શું (કહ્યું)?

આત્મા કર્તા છે અને એ પાંચ લાખનો હોલ થયો એ કાર્ય છે એમ નથી, એમ કહે છે. એ તો હળવે હળવે કહે ને. આત્મા કરવાવાળો છે અને સોળ લાખ ખર્ચ્યા એમાં રાગની મંદતાનો શુભભાવ છે એ આત્માનું કાર્ય છે એમ નથી. પંડિતજી! કહો, અહીં તો એમ કહે છે, ગોદિકાજીએ સોળ લાખ ખર્ચ્યા, સોળ લાખ ખર્ચ્યા એમ લોકો કહે છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- કોણ કહે છે?

ઉત્તર :- કહે છે બીજા. તમે ક્યાં કહો છો. બધાને કહીએ છીએ, હોં! હું પણ કહું છું. મારો હેતુ એમાં બીજો હોય છે. આટલી લક્ષ્મી બે કરોડ, ત્રણ કરોડ એના પુત્ર પાસે નથી, છતાં આટલું કર્યું. ઈ કહેવામાં હેતુ બીજો હોય છે. સમજાય છે કાંઈ? એઈ..! હિંમતભાઈ!

અહીંયા તો કહે છે, ભગવાન આત્મા, પોતાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. સર્વજ્ઞ વીતરાગ જેવો જ આત્મસ્વભાવ છે. આવો સ્વભાવ પોતાનો છે. એ પુણ્ય-પાપના વિકલ્પ જે આસ્રવતત્ત્વ છે તેનાથી ભિન્ન છે. અને કર્મ ને શરીરથી ભિન્ન છે. પોતાના સ્વરૂપનું ભાન થયું કે હું તો જ્ઞાતા-દૃષ્ટા, હું તો જ્ઞાન અને આનંદમય આત્મા છું. આવો આત્મા કરવાવાળો અને દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ કે શુભભાવ એનું કાર્ય છે એમ છે નહિ, એમ કહે છે. પોપટભાઈ! જુઓ!

'**પુદ્‌ગલપરિણામને અને આત્માને...**' પુદ્‌ગલપરિણામ શબ્દે આ જડની અવસ્થા અને શુભ-અશુભભાવ એ બધા પુદ્‌ગલપરિણામ છે. પુદ્‌ગલપરિણામને અને આત્માને '**ઘટ અને કુંભારની જેમ...**' ઘટ કાર્ય અને કુંભાર કરવાવાળો એમ છે નહિ. '**ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે...**' સમજાય છે કાંઈ? કુંભાર કરવાવાળો અને ઘટ એની પર્યાય કે કાર્ય, એનો એમાં અભાવ છે. બે વચ્ચે અભાવ છે. કેમ કે એ ભિન્ન વસ્તુ છે. કુંભાર જુદો છે અને ઘડો જુદો છે. તો ભિન્ન વસ્તુમાં કાર્ય-કર્તાપણું હોતું નથી. એમ આત્મામાં શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ શુભભાવ થાય એ આત્મસ્વભાવથી ભિન્ન છે. આવી દૃષ્ટિમાં ભિન્નપણું ભાસિત થયું તો ભિન્ન થવાવાળો, વ્યવહાર પોતાનું કાર્ય અને આત્મા કરવાવાળો એમ નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ વીતરાગ માર્ગ છે.

મુમુક્ષુ :- સમજવાની જરૂર છે.

ઉત્તર :- સમજવાની જરૂર છે. આ જ વસ્તુ છે. બાબુભાઈ! આ કહે છે, સમજવાની જરૂર છે.

અહીં તો જ્યાં સુધી ભગવાન ચૈતન્યસ્વરૂપ અનાકુળ આનંદમૂર્તિ પોતાથી ભિન્ન તત્ત્વ જે રાગ વિકલ્પ દયા, દાન, વ્રતાદિ છે તેને પોતાના માનતો હતો ત્યાં સુધી તો અજ્ઞાનભાવમાં કરવાવાળો ઈ અને તે એનું કાર્ય, એ તો બરાબર છે. પોતાના માને છે તો પોતે કર્તા થાય છે અને કાર્ય થાય છે. સમજાય છે કાંઈ? પણ જ્યારે એ શુભ-અશુભરાગનો વિકલ્પ આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ, શરીર, કર્મ તેનાથી હું આત્મા જ્ઞાયકતત્ત્વ ચિદાનંદ ભિન્ન છું, જુદો છું એમ ભિન્ન પડ્યો તો ભિન્નમાં ભગવાન આત્માનું કાર્ય એ વ્યવહારના પરિણામ અને શરીરની અવસ્થા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આત્માનું કાર્ય અને આત્મા કર્તા એમ સંભવતું નથી. ગોદિકાજી! આહાહા..!

'**વ્યાપ્યવ્યાપકભાવના અભાવને લીધે કર્તાકર્મપણાની અસિદ્ધિ હોવાથી, પરમાર્થે કરતો નથી,...**' ચૈતન્યપ્રભુ જ્ઞાનાનંદ જ્ઞાનમૂર્તિ પ્રકાશસૂર્ય આત્મા, ચૈતન્યસૂર્ય. જેમ કેવળજ્ઞાની પરમાત્મા પ્રગટ સર્વજ્ઞ દશા થઈ, એવો જ સર્વજ્ઞસ્વભાવી આ ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવ, સર્વજ્ઞસ્વભાવ એવો અનુભવ થયો તો જ્ઞાનની પર્યાયમાં શ્રદ્ધા, જ્ઞાન, શાંતિનું જે કાર્ય થયું એ પોતાનું. અને સાથે રહેલા જે રાગાદિ છે તે પોતાનું કાર્ય છે જ નહિ. ગોદિકાજી! એવી વાત છે. આહાહા..! મંદિર બનાવ્યું તો આત્માનું કાર્ય છે એમ નથી, એમ કહે છે. અને મંદિર બનાવવામાં રાગની મંદતા થઈ એ પોતાનું કાર્ય છે ત્યાં સુધી તો રાગ અને આત્માને એક માને છે. જે ભૂલ છે. કારણ કે રાગ આસ્રવ છે, મેલ છે અને ભગવાન નિર્મળ છે. આસ્રવ મેલ છે એ પહેલા આવી ગયું છે.

જેમ જળમાં શેવાળ છે. શેવાળ સમજો છો? કાઈ, કાઈ. જળમાં શેવાળ છે તે મેલ છે. એ કંઈ જળનું સ્વરૂપ નથી. એમ ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ શુદ્ધ, એમાં પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના વિકલ્પ જે ઉઠે છે એ શેવાળ-કાઈ છે-મેલ છે. તો જ્યાં સુધી મેલ મારો છે એમ માને છે ત્યાં સુધી તો દૃષ્ટિ મિથ્યાત્વ છે કે જેમાં બે તત્ત્વને એક માન્યા. મિથ્યાત્વ છે ત્યાં સુધી તો અજ્ઞાની કર્તા અને વિકાર પરિણામ કર્મ, એમ તો અજ્ઞાનપણામાં માન્યું છે તેથી બરાબર છે. સમજાય છે કાંઈ? પણ માન્યતા જ્યારે બદલાઈ ગઈ કે હું મેલ નથી, હું કર્મ નથી. હું તો શુદ્ધ ચૈતન્ય છું. જ્ઞાયક ચૈતન્ય ભગવાન સચ્ચિદાનંદ સિદ્ધ સમાન મારું સ્વરૂપ છે. એવી અંતર દૃષ્ટિ થઈ ત્યારે તો રાગ ભિન્ન પડી ગયો. ભિન્ન પડી ગયા પછી ભિન્ન એનું કાર્ય કઈ રીતે થાય? સમજાય છે કાંઈ?

પેલો લખે છે, એ તો અશુદ્ધ માનતા જ નથી. અશુદ્ધ માનતા નથી. તમારા દિલ્હીવાળા. શહાદરા.. શું? એ તો અશુદ્ધતા માનતા જ નથી, ત્રિકાળ શુદ્ધ માને છે. ત્રિકાળ પર્યાયને શુદ્ધ માને છે. પેલી કારણશુદ્ધપર્યાય વાંચી હશે ને. અરે..! ભગવાન! શું કરે છે તું આ? સમજાણું? દિલ્હીમાં બહુ વિરુદ્ધ લખે છે ને. બહુ વિરુદ્ધ લખે છે. એક જ્ઞાનચંદ છે ને. વાંચીને ત્રણે કાળે પર્યાયમાં અશુદ્ધતા છે જ નહિ. એ તો ફલાણો માર્ગ છે, એમનો બીજો માર્ગ છે. અરે..! ભગવાન! અશુદ્ધતા ન હોય તો શુદ્ધતા કરવાનો પ્રયત્ન ક્યાં રહ્યો? સમજાય છે કાંઈ? અશુદ્ધતા એની પર્યાયમાં પુણ્ય-પાપ, કામ, ક્રોધ, મિથ્યા ભ્રાંતિ છે. જ્યાં સુધી છે ત્યાં સુધી તો વિકાર અને નિમિત્તને પોતાના માનીને પરથી ભિન્નતા નહિ રાખીને એકતા માને છે. ત્યાં સુધી તો અશુદ્ધતા જ છે. અને અજ્ઞાનીના અશુદ્ધ પરિણામ જ કર્મ અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કર્તવ્ય છે. દેવચંદજી!

અહીંયાં પોતાનું સ્વરૂપ ભગવાન ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવે કહ્યું કે ભગવાન! તારી મહિમા તો તારા જ્ઞાન અને આનંદથી છે. શું એ રાગ ને વિકલ્પ ને પુણ્યથી તારી મહિમા છે? એ તારી ચીજમાં છે કે તું તારી એનાથી મહિમા ગાય છે? સમજાય છે કાંઈ? અમે તો ઘણા પુણ્ય કર્યા, બહુ પાપ કરીએ છીએ, આમ કરીએ છીએ. શું એવા કામ કરવા એ તારી મહિમાના કાર્ય છે? એ તો મિથ્યાત્વનું કાર્ય છે. જ્ઞાતા-દ્રષ્ટા ભગવાનને છોડીને મેલનો કર્તા થાય છે એમાં તો તારી મહિમા હીન થઈ જાય છે. તને મિથ્યાત્વ થાય છે. પ્રકાશચંદજી! આહાહા..! આ તો જ્યાં ત્યાં મેં કર્યું, મેં કર્યું. મેં આવા પુસ્તક બનાવ્યા, મેં આવો ઉપદેશ આપ્યો. લાખો લોકોમાં બે કલાક એવો આપી શકું કે લોકો રાજી થઈ જાય. અરે..! ભગવાન! શું કહે છે તું? વાણી શું તારી છે? એ તો જડની છે. અહીં તો વાણી તો ઠીક, પણ જે શુભ-અશુભ વિકલ્પ ઉઠે છે એ પણ તારી ચીજ નહિ. એ તો મેલ છે. તું તો નિર્મળાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિને આત્મા કહે છે. આવા આત્માનું ભાન થયું તો વિકારી પરિણામ આત્માનું કાર્ય, આત્મા કરવાવાળો, એમ કર્તાકર્મની સિદ્ધિ થતી નથી. ..ભાઈ! સત્ય હકીકત છે. આ જ સત્ય છે. ગોદિકાજી! આહાહા..!

‘**પરમાર્થે કરતો નથી, પરંતુ...**’ ત્યાં સુધી તો આપણે આવ્યું હતું કાલે. સૂક્ષ્મ છે, ભાઈ! ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ વીતરાગનો માર્ગ અર્થાત્ આત્માનો માર્ગ. સમજાય છે કાંઈ? કહે છે, ‘**(માત્ર) પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**’ માત્ર પુદ્‌ગલપરિણામ એટલે? પુદ્‌ગલપરિણામ અર્થાત્ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ થાય એ પુદ્‌ગલપરિણામ છે. સમજાય છે કાંઈ? એ આત્માના પરિણામ છે જ નહિ. કનુભાઈ! આ પરોપકાર કરે છે, પરોપકાર કરે છે. ધૂળેય નથી, સાંભળને! મરી જાય છે એમાં. પરોપકાર કોનો? પરોપકારની વૃત્તિ રાગ ઉઠે છે એ તારી ચીજ નથી. પરોપકાર કરી કોણ શકે છે? ધૂળ. સમજાય છે કાંઈ? એ.. પોપટભાઈ! અમે પૈસા આપીએ છીએ ને બીજાને આહાર-પાણી દઈએ છીએ, બીજા ગરીબોને આમ દઈએ છીએ, અમે પરોપકાર કરીએ છીએ. મિથ્યાત્વ કરે છે. ઊંધી પાખંડ શ્રદ્ધાને. એઈ..!

મુમુક્ષુ :- સાચું સાહેબ!

ઉત્તર :- શું સાચું? તમે દેતા નથી ત્યાં? શું કહેવાય આ? સમેદશિખર. ગરીબોને બહુ મમરા દેતા હતા શેઠ. હજારો ગરીબ. પણ માણસ આવે લેવા, હોં! ગરીબ માણસ. આમ જુઓ તો.... ચોરી ન કરે. એ લોકોની એવી દાનત કોણ જાણે. ગરીબ માણસ. કંઈ રહેવાનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સ્થાન નહિ, કપડા નહિ. અમે તો ત્યાં રહ્યા હતા ને. બંગલામાં બહાર રહ્યા હતા નાના મકાનમાં. ગરીબ માણસ ઘણા નીકળે. પણ ચોરી નહિ.

અહીં તો કહે છે, એને દેવામાં શું આપ્યું? એ જડની વસ્તુ હતી. જડની પર્યાયનો કર્તા તો જડ છે. શું આત્મા એનો (કર્તા) છે? અહીંયા તો કહે છે, અંદર રાગની મંદતા થઈ, રાગની મંદતા થઈ કોઈ, તો પણ રાગની મંદતા પણ કષાય મેલ છે. ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વરૂપથી રાગ દુઃખરૂપ વિપરીત છે. તો દુઃખ મારું કાર્ય અને હું કરવાવાળો તો મારું આનંદસ્વરૂપ છે એ ભૂલી ગયો છે. સમજાય છે કાંઈ? 'અબ હમ નિજઘર કબહૂ ન આયે, પરઘર ભમત અનેક નામ ધરાયે' એમ કાંઈક છે. એમાં છે. આમાં છે કે નહિ? આમાં આવ્યું છે, હોં! ૮૯ પાને છે. એણે નાખ્યું છે. તમારા જયપુરની ચર્ચામાં આવ્યું છે. જુઓ!

હમ તો કબહૂ ન નિજઘર આયે, હમ તો કબહૂ ન નિજઘર આયે,
હમ તો કબહૂ ન નિજઘર આયે...

ભગવાન આત્મા જ્ઞાન અને આનંદમૂર્તિ છે.

હમ તો કબહૂ ન નિજઘર આયે, પરઘર ફિરત બહુત દિન બીતે,
નામ અનેક ધરાયે...

હું શરીરવાળો, હું પુણ્યવાળો, હું પાપી, હું દયાવાળો, હું દાનવાળો એવા અનેક નામ મિથ્યાત્વને કારણે ધરાવ્યા. આહા..! મનુષ્યદેહ તો ક્યાં પણ હું દયા પાળવાવાળો, હું ભક્તિ કરવાવાળો, હું પૂજા કરવાવાળો એવા પરિણામવાળો. એ બધા પરઘર છે. ગોદિકાજી!

પરઘર ફિરત બહુત દિન બીતે, નામ અનેક ધરાયે,
હમ તો કબહૂ ન નિજઘર આયે,

પરપદ નિજપદ માન મગન મૈં, પરપદ નિજપદ...

જો શુભરાગાદિ વિકલ્પ ઉઠે છે એ પરપદ છે, ભગવાન! તારું નિજપદ નહિ.

પરપદ નિજપદ માન મગન મૈં, પરપરિણતિ લિપટાયે...

એ શુભ પરિણતિ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી લપેટાઈ ગયો. તારા મલિન પરિણામ છે.

શુદ્ધ બુદ્ધ ચિદ્કંદ મનોહર, શુદ્ધ બુદ્ધ ચિદ્કંદ મનોહર,..

એ ચેતનઘન છે ને એની જેમ લીધું છે. ઓલામાં આવ્યું ને? ભાઈ! 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' શ્રીમદ્‌માં. ત્યાં ઘનમાં પ્રદેશ લીધા છે, ચૈતન્યપ્રદેશ. અહીં પણ એ શબ્દ છે. શુદ્ધ બુદ્ધ ચિત્‌કંદ મનોહર. શુદ્ધ છું, બુદ્ધ છું, જ્ઞાનસ્વરૂપ છું. ચિત્‌કંદ નામ જ્ઞાનપ્રદેશનો પિંડ છું. બધા પ્રદેશનો હું પિંડ છું. 'મનોહર ચેતનભાવ ન ભાયે...' હું આવો ચૈતન્ય છું, એવી ભાવના

કદી ભાવી નહિ. 'હમ તો કબહૂ ન નિજઘર આયે.' એમાં છે, હોં! તમારી જયપુરની ચર્ચામાં આવી ગયું છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

ભગવાન! તું તો ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છો ને. તો તારામાંથી કિરણ, સૂર્યમાંથી કિરણ નીકળે તો ઉજળું શુદ્ધ કિરણ જ નીકળે. શું એમાંથી કોલસાવાળું કિરણ નીકળે? એ સૂર્યના કિરણને કોલસાએ કાળું કર્યું એમ ક્યારેય સાંભળ્યું છે? સૂર્યના કિરણને કોલસાના કિરણે કાળા બનાવ્યા, એમ સાંભળ્યું છે? એમ ભગવાન ચૈતન્યપ્રકાશની મૂર્તિ સર્વજ્ઞસ્વભાવ આત્મા છે. એમાંથી પ્રકાશ નીકળે તો જ્ઞાન, આનંદનો પ્રકાશ-પર્યાય નીકળે છે. શું રાગની પર્યાય એમાંથી નીકળે છે? રાગ તો અંધારુ કોલસા જેવો છે. આહાહા..! શુભભાવ, હોં! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, દાન, કરોડો ખર્ચ્યા એમાં રાગની મંદતા કરી પુણ્ય, એ કોલસા છે. ઓહોહો..! એ.. પોપટભાઈ!

કહે છે, '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' અર્થાત્ એ પુદ્‌ગલપરિણામ છે. શરીરની અવસ્થા આમ થઈ, વાણીની અવસ્થા થઈ એ પુદ્‌ગલપરિણામ. દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામ થયા એ પુદ્‌ગલના પરિણામ. એ પુદ્‌ગલપરિણામ સંબંધિત જ્ઞાનને. પુદ્‌ગલપરિણામ સંબંધિત જ્ઞાનને. એક ફેરી સંબંધી શબ્દ લીધો હતો. કીધું, આ કેમ આવો શબ્દ છે? અમૃતલાલ ઝાટકિયા હતા ને. એ ઠેકાણે લીધો છે. પુદ્‌ગલપરિણામ સંબંધિત જ્ઞાન. જે વ્યવહાર થયો ને, વિકલ્પ ઉઠે છે એ સંબંધી પોતાનું જ્ઞાન. જ્ઞાન તો છે પોતાનું પણ એ રાગ પુણ્યનો વિકલ્પ થયો, એવા પ્રકારનું જ્ઞાન પોતામાં પોતાને અનુસરીને થાય છે. રાગને અનુસરીને નહિ. છતાં એટલો શબ્દ લખ્યો. સમજાવે કઈ રીતે?

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' બે શબ્દ લીધા. વ્યવહાર વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુદ્‌ગલપરિણામ. એનું જ્ઞાન. ધર્મી એનું જ્ઞાન કહે. એનું જ્ઞાન કહેવામાં નિમિત્તનો સંબંધ એટલું (બતાવવા). એ સંબંધીનું પોતાનું પોતામાં પોતાથી થયેલું જ્ઞાન. એ સંબંધી-વ્યવહાર સંબંધી. જુઓને! ૧૨મી ગાથામાં જાણેલો પ્રયોજનવાન કહ્યું. એ જ બધે ઠેકાણે છે. જ્ઞાનીને '**भूदत्थमस्सिदो**' ભગવાન ચૈતન્ય શુદ્ધ આનંદકંદ એવી દૃષ્ટિ થઈ તો વ્યવહાર છે કે નહિ એને? છે. જેટલી નબળાઈથી-કમજોરીથી રાગ થાય છે અને જેટલી શુદ્ધતાની ઓછપ છે, એને જાણવું એ પ્રયોજનવાન વ્યવહારનય છે. જાણવું. આદરવું એમ નહિ. ૧૨મી ગાથા છે. '**तदात्वे**' જાણેલો પ્રયોજનવાન. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. વિકલ્પાદિ છે, વ્યવહાર આદિ છે તો જાણેલો પ્રયોજનવાન છે. તો કહે છે કે જેવો વ્યવહાર આવ્યો છે, તે સંબંધીનું પોતાનું જ્ઞાન. ભાષા તો એમ છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' ભાષા એમ છે ને? છે નહિ એનું પણ એ સંબંધી પોતાના જ્ઞાનને. સમજાય છે કાંઈ? આ ગાથા

બહુ સૂક્ષ્મ છે. ..ભાઈ! વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે શુભરાગ-દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ ભાવ, નામ સ્મરણ, મહાવ્રતના વિકલ્પ. એ સંબંધીનું જ્ઞાન. એ રાગ સંબંધીનું જ્ઞાન, એ જ્ઞેય સંબંધીનું જ્ઞાન, એ પર સંબંધી પોતાનું જ્ઞાન. સમજાય છે કાંઈ? એ '**પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' લ્યો. એ વ્યવહારનું જે જ્ઞાન થયું એ આત્માનું કર્મ છે-કાર્ય છે. પંડિતજી! છે એમાં? જુઓ! શબ્દ જુઓ અને સંસ્કૃતમાં જુઓ. આ તો પાઠમાં છે એમ કહે છે. પાઠમાં છે. કોઈ કહે છે, એમાંથી કાઢે છે? પોતાનું કાઢે છે. એમ કેટલાક લોકો કહે છે. ઘરની વાત કાઢે છે. પણ આ શું છે? તેથી તો કાલે પાઠનો દાખલો આપ્યો હતો. સમજાય છે કાંઈ? એ પાઠ જ એમ કહે છે. વસ્તુ તો એવી છે અને પાઠ સ્પષ્ટ એવો છે. પંડિતજી!

ભગવાન! તારી ચીજમાં શું રાગ પડ્યો છે? શુભભાવ પડ્યો છે કે જેથી બંધ થાય? કે બંધના ભાવનું કારણ તારામાં પડ્યું છે? સમજાય છે કાંઈ? આહાહા..! મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય મૂળ તો ચાર જ બંધના કારણ છે. મુખ્ય. ભાઈ! યોગને તો બહિર્ કારણ કહ્યું છે ને. એ નહિ. કારણ કે એ પાપ નથી, બંધનું કારણ નથી, કંઈ નથી. સાધારણ છે. ૧૪૮માં લીધું છે ને. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય. એ ચાર જ પાપ છે. મલિન પરિણામ છે. તો એનાથી જે ભિન્ન પડી ગયો.. જ્ઞાનસ્વરૂપ આત્મા, એક સમયની જે પર્યાય છે તેની રુચિ હતી ત્યાં સુધી તો પોતાના માનતો હતો, ત્યાં સુધી એ રાગ કાર્ય અને આત્મા કર્તા (હતો). પણ એક સમયની પર્યાય એક સમયમાં સાથે છે. ભ્રાંતિ, અવ્રત, પ્રમાદ, કષાય સાથે છે. એની દૃષ્ટિ ખસીને સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો એક સમયની જે પર્યાય છે તે એમાં છે જ નહિ. ચારેય નથી. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ અને કષાય ચારેય નથી. ભાઈ! બરાબર છે? આહાહા..! યોગનું કાંઈ નહિ. યોગ તો કેવળીને પણ હોય છે. .. કંઈ નથી, કંપન છે. શુભ-અશુભ પરિણામની ત્યાં વાત નથી. સમજાય છે કાંઈ? કેવળીને પણ શુભયોગ કહ્યો છે પણ શુભયોગનો અર્થ એવો નથી કે ત્યાં શુભભાવ પરિણામ છે. એમ નથી. એકલું કંપન્ન છે.

ભગવાન આત્મા, એ આત્માનો અંતર વસ્તુ સ્વભાવ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય તેની અંતર્મુખ દૃષ્ટિથી જ્યારે એ પર્યાય-એક અવસ્થાનું લક્ષ, રુચિ છોડીને સ્વભાવદૃષ્ટિ થઈ તો એમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય ચારેય છે જ નહિ. એવી દૃષ્ટિમાં જે કંઈ રાગાદિ ભાવ ઉત્પન્ન થાય છે તેનું જ્ઞાન આત્માનું કર્મ છે. તેનું જ્ઞાન આત્માનું કાર્ય છે. એ રાગ આત્માનું કાર્ય નથી. ગોદિકાજી! આવી વાત છે. ઓહોહો..!

'**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' હજી જુઓ પુદ્ગલપરિણામ લેશે, પછી પુદ્ગલ કહી

દેશે. પુદ્‌ગલપરિણામ અત્યાર સુધી લે છે, પછી કહેશે એ બધું પુદ્‌ગલ છે. વ્યવહાર રત્નત્રયના વિકલ્પ, દયા, દાન, વ્રતના વિકલ્પ બધું પુદ્‌ગલ જ છે. ઈ કહેશે. અત્યારે સુધી તો બધું સમજાવે છે તેથી પુદ્‌ગલપરિણામ લ્યે છે. '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' એટલે બે ભેદ થઈ ગયા. રાગાદિ, દયા, દાન, વ્રતાદિનો શુભભાવ છે તે પુદ્‌ગલપરિણામ. એના જ્ઞાનને, એ જ્ઞાન કરવાવાળો સ્વમાં આવ્યો તો એનું પોતાનું જ્ઞાન અને એ સંબંધી પોતાનું જ્ઞાન, એ '**જ્ઞાનને કર્મપણે કરતા એવા...**' પોતાની પર્યાયરૂપ કરતો એવો. વ્યવહારને જાણવું એવી પોતાની પર્યાયને ધર્મી કરતો એવો. જુઓ!

'**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને...**' પોતાના '**કર્મપણે...**' પોતાના કાર્યરૂપ, પોતાની પર્યાયરૂપ, પોતાના વ્યાપ્યરૂપ, પોતાના પરિણામરૂપ કરતો એવો. સમજાય છે કાંઈ? ઓહોહો..! અલૌકિક માર્ગ છે, ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. જ્ઞાનાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ ગુણનો પિંડ પ્રભુ, એમ જ્યાં અંતર્મુખ દૃષ્ટિ થઈ તો આખું દ્રવ્ય શુદ્ધ અને ગુણ શુદ્ધ છે તો એની પરિણતિ શુદ્ધ થઈ ગઈ. તો શુદ્ધ પરિણતિમાં જે રાગ હતો તેનું જ્ઞાન થયું પરિણતિમાં. એ સંબંધીનું જ્ઞાન એ પણ નિમિત્તથી કથન છે. જ્ઞાન એનું નથી પણ જેવો વ્યવહાર છે એવું જ જ્ઞાન ઉત્પન્ન થાય છે તેથી કહે છે કે તે સંબંધીનું જ્ઞાન. બાકી એ સંબંધીનું જ્ઞાન નથી, પોતાનું જ જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

'**જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' એ જે વ્યવહાર છે એ જ્ઞેય-પરજ્ઞેય છે, પરજ્ઞેય છે અને સ્વજ્ઞેયમાં એ વ્યવહારનું જ્ઞાન કરતા એવા. પોતાની પર્યાયમાં એનું જ્ઞાન કરતો એવા. પાટનીજી! કદી સાંભળ્યું નથી. અંતરમાં લીધું જ નથી. બહારથી માની લીધું, લ્યો અમે ધર્મ કરીએ છીએ અને આમ છે. ના કોણ પાડે? સ્વતંત્ર છે અજ્ઞાન માનવામાં. અજ્ઞાન માનવામાં પણ સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ?

કહે છે કે '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...**' એ જ્ઞાનની પર્યાય થઈ, શ્રદ્ધાની પર્યાય થઈ તે જ્ઞાનીનું કાર્ય અને પર્યાય છે. એ કર્તા થયો. પછી લીધું છે. '**જ્ઞાનને કર્મપણે કરતા એવા...**' એટલે કે વ્યવહારનું નિમિત્ત છે તો એમાં કરતા એવો એમાં આવ્યો એમ નથી. કર્તા સ્વતંત્રપણે કર્તા થયો એમ સિદ્ધ કરવું છે. આહાહા..! એ વ્યવહાર છે તો અહીંયા જ્ઞાન થયું એમ પણ નથી. આહાહા..! '**કર્મપણે કરતા એવા...**' કરતા એવા એમ કહ્યું ને? કર્તા સ્વતંત્ર છે. રાગ છે એનું જ્ઞાન પણ, રાગ છે તો એની અપેક્ષા રાખીને કર્તા થાય છે એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! '**કરતા એવા..**' હવે નાખે છે, જુઓ! '**પોતાના આત્માને જાણે છે,...**' જુઓ! શું કહ્યું પાછું? એ રાગ સંબંધી જ્ઞાન પોતાની પર્યાયમાં થયું એ કાર્યરૂપ કરતો એવો પોતાને જાણે છે. રાગને જાણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


છે એમ નહિ. સમજાય છે કાંઈ? એ વ્યવહારના વિકલ્પ જે છે, પંચ મહાવ્રત આદિનો રાગ છે, કે ચાહે તો સમિતિ, ગુપ્તિ, વ્યવહારની વિકલ્પની વૃત્તિ હો, ચાહે તો અહિંસા સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ હો. એ બધા વિકારના પરિણામ પુદ્ગલ છે. તેનું પોતાનું જ્ઞાન, તે સંબંધીનું પોતાનું જ્ઞાનનું કાર્ય કરતો થકો પોતાને જાણે છે, રાગને નહિ. સમજાય છે કાંઈ? જુઓ!

'**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' અર્થાત્ એ વ્યવહાર અને નિમિત્ત સંબંધી પોતાના જ્ઞાનને પોતામાં કાર્યરૂપ કરતો એવો '**પોતાના આત્માને જાણે છે,...**' વ્યવહારને જાણે છે એ પણ નથી લીધું. સમજાય છે કાંઈ? એ તો એ સંબંધીનું જ્ઞાન પોતાનું અને પોતા સંબંધીનું જ્ઞાન પોતાનું. સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાયને આત્મા જાણે છે. બન્ને પોતાની પર્યાય છે, પોતાને જાણે છે. રાગને નથી જાણતી. સમજાય છે કાંઈ? આહાહા..! '**(આત્માના) કર્મપણે કરતા એવા...**' જ્ઞાનને કાર્યપણે કરતા એવા. પોતાનું કાર્ય તો ઈ છે. વ્યવહાર ઉત્પન્ન થાય છે તેનું જ્ઞાન એ પોતાનું કાર્ય છે. એ રાગ વ્યવહાર પોતાનું કાર્ય છે જ નહિ. સમજાય છે કાંઈ? '**પોતાના આત્માને જાણે છે...**' ઓહોહો..! ટીકા તે પણ શું! જુઓ! કહે છે કે એ વ્યવહાર અને દેહની ક્રિયા થઈ તે સંબંધી, તે કાળમાં તે સંબંધી પોતાનું જ્ઞાન પોતામાં એ સંબંધી પોતાથી પોતામાં થયું. એ પોતામાં થયું એ સ્વપરપ્રકાશક જ્ઞાનને આત્મા જાણે છે, રાગને અને વ્યવહારને નહિ. સેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પોતાનું છે, એ પોતાના પરિણામ છે. જ્ઞાતા-દૃષ્ટાના પરિણામ પોતાના છે, પોતાને જાણે છે. કેવળી પોતાને જાણે છે, લોકાલોકને નહિ એમ કહે છે. આહા..!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- અરે..! ભગવાન! સાંભળ તો ખરો. એ તો પોતાની સર્વસ્વ પર્યાય પોતાની છે. સર્વજ્ઞપર્યાય. આત્મજ્ઞ પર્યાય કહો કે સર્વજ્ઞ કહો, એક જ પર્યાય છે. સર્વજ્ઞપર્યાય તો પોતાના આત્મસ્વરૂપ ઉપર સર્વજ્ઞપર્યાય છે. શું પરસ્વરૂપ સર્વજ્ઞપર્યાય છે? સમજાય છે કાંઈ? ૪૭ શક્તિમાં વર્ણન કર્યું છે. ૪૭ શક્તિ છે ને? એમાં જુઓ! સર્વજ્ઞપર્યાય જુઓ. ૪૭ છે ને? ૧૨મી છે ૧૨મી. જુઓ! ૯મી છે, હોં!

'**સમસ્ત વિશ્વના સામાન્ય ભાવને દેખવારૂપે (અર્થાત્ સર્વ પદાર્થોના સમૂહરૂપ લોકાલોકને સત્તામાત્ર ગ્રહવારૂપે) પરિણમતા એવા આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.**' આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ. હિન્દીમાં ૫૮૮ પાનું. આઠમી શક્તિ પછી. આઠ છે ને આઠ? એના પછી. જુઓ! એમાં ૮ અંક છે. છે પાટનીજી? આઠ પછી. આત્મદર્શનમયી સર્વદર્શિત્વશક્તિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પરદર્શિની અહીંયા વાત નથી. સર્વદર્શિ આત્મદર્શનમયી સર્વદર્શિ છે. એમ સર્વજ્ઞ. જુઓ! '**સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમતા એવા આત્મજ્ઞાનમયી સર્વજ્ઞત્વશક્તિ.**' સર્વજ્ઞશક્તિ આત્મજ્ઞાનમય છે. સમજાય છે કાંઈ? પોતે પોતાની પર્યાયને પોતાથી જાણે છે. એ સર્વજ્ઞસ્વભાવ પર્યાય પોતાની છે. સમજાય છે કાંઈ?

પરમાત્મ પ્રકાશમાં દૃષ્ટાંત આપ્યો છે. જેમ સ્વચ્છ જળ.. આખો ચંદ્રમા ખીલ્યો હોય અને સ્વચ્છ જળમાં દેખાય. જળની સ્વચ્છતા અને એમાં જે ચંદ્ર આદિ દેખાય છે. એને જોવા નથી જાવું પડતું. જળની સ્વચ્છતામાં જળની સ્વચ્છતા, જળ અને ઈ બધું એની પર્યાયમાં દેખાઈ જાય છે. નક્ષત્ર, તારા ભિન્ન એમાં દેખે છે એમ નથી. જળની પર્યાયમાં એ નક્ષત્ર ઉપર છે તો અહીંયા દેખાય છે, એ જળની જ પર્યાય છે. એમ સર્વજ્ઞમાં લોકાલોકની પર્યાય (ઝળકે) એ પોતાની પર્યાય છે. આહાહા..! આ તો કહે, સર્વજ્ઞ વ્યવહાર છે, સર્વજ્ઞ વ્યવહાર છે. અરે..! સાંભળ તો ખરો. એ તો પરનું દેખવું-જાણવું એમ કહેવું એ વ્યવહાર છે. સર્વજ્ઞસ્વભાવ તો નિશ્ચય પોતાનો છે. સમજાય છે કાંઈ? દેવચંદજી! બહુ ગડબડ કરે છે. ભગવાન! તારું બહુ નુકસાન થાય છે. પણ ખબર નથી, ખબર નથી. અરે..! આવો અવસર મળવો કઠણ છે, પ્રભુ! આ અવસર વારંવાર નહિ મળે. આહાહા..! ભવનો અભાવ કરવા માટે આ ભવ છે. આહાહા..! ભવમાં તો ભવનો અભાવ કરવાનો ભવ છે. ભવ કરવાનો ભવ છે? એ તો અનંત કાળથી કર્યું. ગોદિકાજી! આહાહા..! કહે છે.. એક એક શબ્દમાં બહુ ફેર પડી જાય છે. દૃષ્ટિફેર. સર્વજ્ઞપણું વ્યવહારથી છે. અહીં તો કહે છે, આત્મજ્ઞાનમયી સર્વજ્ઞશક્તિ. આત્મદર્શનમયી સર્વદર્શિ. પોતાની શક્તિ, પોતાની પર્યાય પૂર્ણ છે.

એમ અહીંયા કહે છે, જુઓ! '**કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે...**' જુઓ! વ્યવહારને જાણે છે એવો શબ્દ નથી. પંડિતજી! છે એમાં? પહેલા કહ્યું, પહેલા કહ્યું કે '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' એમ કહ્યું. એ તો સમજાવવા માટે વ્યવહાર છે, વિકલ્પ આદિ છે એ સંબંધીનું જ્ઞાન, એ સંબંધીનું જ્ઞાન. પણ એ જ્ઞાન કોનું છે? કે પોતાનું છે. પોતાનું જ્ઞાન છે. પોતાના સ્વરૂપનું જ્ઞાન છે અને એ રાગ સંબંધી જ્ઞાન છે, પણ એ બેય છે પોતાના. પોતાના જ્ઞાનરૂપ કર્મને કરતો એવો પોતાને જાણે છે. રાગને, વ્યવહારને નહિ. પરનો કર્તા તો નહિ, વ્યવહારનો કર્તા તો નહિ. પરનો કર્તા તો નહિ, વ્યવહારનો કર્તા તો નહિ પણ વ્યવહારને જાણવાવાળો પણ નહિ. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ ભગવાન સ્વપરપ્રકાશક સર્વજ્ઞશક્તિ રાખવાવાળો, એમ જ્યાં અંતરમાં ભાન થયું તો કહે છે કે વ્યવહારના વિકલ્પ આદિનો કર્તા તો આત્મા છે નહિ પણ એ વિકલ્પનું જાણપણું, વિકલ્પનો જ્ઞાતા વિકલ્પને જાણે છે એમ પણ નથી. એ પોતાને જાણે છે. આહાહા..! સમજાય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? સૂક્ષ્મ વાત છે, પ્રભુ! ઓહોહો..! અંતરલીલા ચૈતન્યની શું ક્રિયા છે, એનો કોઈ દી પત્તો લીધો નથી. એમ ને એમ ચાલે છે. શાસ્ત્રમાં આમ કહ્યું છે, શાસ્ત્રમાં આમ કહ્યું છે. બધું કહ્યું છે, સાંભળને!

ભગવાન આત્મા ચૈતન્ય સર્વજ્ઞપ્રભુ એવી પોતાની શક્તિનો જ્યાં પત્તો લીધો તો પોતાના જ્ઞાતા-દષ્ટા સ્વભાવનું ભાન થયું તો કહે છે કે એ વ્યવહાર થાય છે ને? વ્યવહાર કરવો પડે કે નહિ? અરે..! કરવો પડે એ તો છે જ નહિ પણ એને જાણવો પડે એમ પણ નથી. શેઠ કહેતા હતા પહેલા. હુકમચંદજી શેઠ આવ્યા હતા ને? મકાનનું ખાતર્મુહૂર્તત થયું ને. ખાતમુહૂર્ત કરીને આવ્યા. મહારાજ! વ્યવહાર કરવો તો પડે. અરે..! ભગવાન! શું કહો છો? શું કરવો પડે, એ તો થાય છે. પરની પર્યાય આત્માથી થાય છે? આમ શિલાન્યાસ થયો ને આમ થયું, એ પોતાના આત્માથી થયું છે? એ સમયે તેને રાગ આવ્યો તો એ રાગનો કર્તા અજ્ઞાનપણે થાય છે. બસ! બીજું કાંઈ નથી. પણ રાગથી ભિન્ન પડ્યો ભગવાન, એ ભિન્ન પડેલો ભિન્ન ચીજનો કર્તા કઈ રીતે થાય? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે.. અને એ ભિન્ન પડી ગયો ને. ભલે પુદ્‌ગલપરિણામ કહ્યા પણ એ ભિન્ન ચીજ રહી ગઈ ને? તો ભિન્ન ચીજમાં કર્તાકર્મનો સંબંધ હોઈ શકે નહિ. અભિન્નમાં જ કર્તાકર્મનો સંબંધ થાય છે. સમજાય છે કાંઈ? વિકારી પરિણામ શુભ-અશુભભાવ જ્યારે ભિન્ન પડી ગયા અને સ્વભાવમાં અભાવ છે અને વિકારમાં સ્વભાવનો અભાવ છે. વ્યવહારમાં નિશ્ચયનો અભાવ છે અને નિશ્ચયમાં વ્યવહારનો અભાવ છે. બેય ભિન્ન પડી ગયા. ભિન્ન થયો તો ભિન્નનો કર્તા ભિન્ન અને કર્મ ભિન્ન, એમ બની શકે નહિ. સમજાય છે કાંઈ? ફક્ત એટલું રહ્યું કે તે જ સમયે તે જ જાણેલો. જ્ઞાનની પર્યાય એટલું કામ કરે છે કે જેવો રાગ આવ્યો તે સંબંધી તેટલા પ્રકારનું જ્ઞાન પોતાને કારણે, પોતાના આશ્રયે, પોતાના અવલંબનથી પોતાનો કર્તા થઈને પોતાનું સાધન બનાવીને પોતાની પર્યાય ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે કઠણ પણ માણસને. આવું? અપવાસ કરી નાખો એક. પૈસા દઈ દ્યો. એઈ..! પાંચ લાખ આપી દેવા. લાવને ભાઈ! ધર્મ થાય છે. ધૂળમાંય ધર્મ નથી. સાંભળને હવે, પાંચ લાખ તારા ક્યાં હતા? એ તો જડના છે. જડ મેં આપ્યા એમ માનવું એ મિથ્યાત્વભાવ છે. અજીવનો સ્વામી થઈને, મેં આપ્યા, મેં આપ્યા, મેં આપ્યા, મેં આપ્યા. તું કોણ? જ્ઞાનસ્વરૂપ. એ જડ અજીવનો તું સ્વામી છો કે તું અજીવ બીજાને આપી શકે છે? અજીવનો માલિક અજીવ છે, તું બીજો માલિક ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? આવ્યું એ પુસ્તક? તમારે એ પુસ્તક આવ્યું કે નહિ? દીપચંદજી શેઠિયાનું. પુસ્તક નથી આવ્યું? પુસ્તક નથી આવ્યું તમારી પાસે? એમાં ઈ છે. કેટલામે પાને છે? એઈ..! ૨૨ પાનું. જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'અરે.. કૌન નિકમ્મા જગમેં હૈ જો પરકા કરને જાતે હો,' કૌન નિકમ્માનો અર્થ કામ કર્યા વિના કયું દ્રવ્ય રહે છે? કામ નામ પર્યાય. સમજાય છે કાંઈ? કોઈપણ પદાર્થ પર્યાય કર્યા વિના રહે છે? 'અરે.. કૌન નિકમ્મા જગમેં હૈ, જો પરકા કરને જાતે હો, સબ અપને અંદર રમતે હૈં, તબ કિસ કર્મ રચાતે હો?' એ પુસ્તક આવ્યું તમારી પાસે? આવ્યું છે કે નહિ? તમારી પાસે છે કે નહિ? દિલ્હી છપાવ્યા છે ને, દિલ્હી છપાવ્યા છે. ન હોય તો અહીંથી લઈ જાઓ. સમજાય છે?

'વસ્તુકી માલિક વસ્તુ હૈ, વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ, ફિર માલિકકે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?' ગોદિકાજી! તમને આપ્યું હતું ને? છે ને ત્યાં? શેઠિયા તો આવ્યા હતા, તમારા ઘરે આવ્યા હતા. આવ્યા હતા ને? દીપચંદજી શેઠિયા તમારા મહેમાન થયા હતા. સમજાય છે કાંઈ? 'વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ, ફિર માલિકકે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?' આહાહા..! જડની પર્યાય મેં કરી અને મેં આપી. અરે..! ભગવાન! માલિકનો માલિક તું ક્યાંથી થઈ ગયો? પર્યાય મેં આપી, પાંચ હજાર મેં આપ્યા, દસ હજાર મેં આપ્યા. મૂઢ છો. પ્રકાશચંદજી! અહીં તો સત્ય વાત છે. આહાહા..! ક્યાં ગયા પોપટભાઈ નથી ને? અમે આટલા હજારને નભાવીએ છીએ. એમ કહે છે ને ઈ? ગોવા. ચાલીસ કરોડ રૂપિયા. એંસી કરોડનું એલ્યુમિનિયમ હમણાં નીકળ્યું. ગોવામાં છે, એક ગૃહસ્થ છે અત્યારે. ચાલીસ કરોડ રૂપિયા રોકડા પડ્યા છે અને એંસી કરોડનું એલ્યુમિનિયમ હમણાં નીકળ્યું. એક અબજ અને વીસ કરોડ. અમે લોકોને નભાવીએ છીએ, લોકો માટે રળીએ છીએ. અમારી માટે રળીએ છીએ? આહાહા..!

અહીં તો એટલું કહ્યું, 'ફિર માલિકકે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?' સમજી લેવું. કેમ નીતિ ન્યાય ગુમાવો છો? શેઠી! એ તો આપણા પાક્કા છે ને સેઠીજી.

મુમુક્ષુ :- રાગને પણ નથી જાણતો..

ઉત્તર :- રાગને જાણતો નથી, હું તો મને જાણું છું. શેઠીજી! કેમ કે રાગને જાણવામાં પર ઉપર લક્ષ થઈ ગયું. આહાહા..!

'જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, વહ નહીં કિસીસે ટલતા હૈ, યહ માને બિન કલ્યાણ નહિ, કોઈ કૈસે હી કુછ કરતા હો.' માનો ભલે, પણ આમ માન્યા વિના તારું કલ્યાણ નથી. સમજાય છે કાંઈ? શેઠીજી! આહાહા..!

આજે ભાઈનો લેખ આવ્યો છે ને. બહુ વૈરાગ્ય. ભાઈનો ફોટો આવ્યો છે. નિહાલચંદભાઈનો. મૃત્યુનો છેલ્લો. બહુ કામ કરી ગયા. નિહાલચંદભાઈ દિલ્હી, ન્યાલ કામ કરી ચાલ્યા ગયા. સમજાય છે કાંઈ? એ નિહાલચંદભાઈનો ફોટા આજે પ્રેમચંદજી લાવ્યા. ફોટો છે ને? ઓહોહો..!

ન્યાલ કામ કરી ગયા! ઓહોહો..! એવું કામ કર્યું છે. અનુભવ કરીને ગયા પણ એટલો ઘટ્ટ અનુભવ કર્યો છે કે આમ ભણકાર મારે છે અલ્પ કાળમાં કેવળજ્ઞાનનો!! એવો કોલકરાર કરીને ગયા છે. આહાહા..! ગોદિકાજી! આવ્યું ને? દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ છે. જોયું, મરણ વખતનો છે. ફોટો છે. અંત સમયનો છે. ઠાઠડીમાં બાંધ્યા છે. સ્વર્ગમાં ચાલ્યા ગયા. મૃત્યુ વખતે છેલ્લી સ્થિતિમાં છે. સ્મશાનમાં હશે એમ લાગે છે. દેહ તો એવો ને એવો દેખાય છે. ધ્રુવ, ધ્રુવ બહુ કહેતા હતા. ધ્રુવ કહેતા હતા. કેટલાય લોકો નિશ્ચયાભાસી કહેતા હતા. ખબર છે. અપરિણામી ધ્રુવ. પર્યાય આવો, જાઓ અમારે શું છે? હું તો ધ્રુવ છું. પર્યાય મારી પાસે પલટો, મારી પાસે પલટો. હું ધ્યાન કરું? કે પર્યાય મારું ધ્યાન કરે? હું મારું ધ્યાન કરું? હું તો ધ્રુવ છું. ચિદાનંદ સ્વરૂપ છું.

આત્મદ્રવ્યલાભહેતુ પરિણામિક. દ્રવ્યઆત્મલાભ પરિણામ. દ્રવ્યના સ્વરૂપની હયાતી. એમ પંચાસ્તિકાયમાં પાઠ છે. ભગવાન દ્રવ્ય, દ્રવ્ય આત્મલાભહેતુ પરિણામઃ દ્રવ્યનો આત્મા, આત્માનો અર્થ સ્વરૂપ. દ્રવ્યનું સ્વરૂપ. લાભનો અર્થ હયાતી. સંસ્કૃત ટીકામાં એવો પાઠ છે. પંચાસ્તિકાયમાં. '**द्रव्यात्मलाभहेतुकः परिणामः**' ત્યાં પર્યાયને લીધી જ નથી. દ્રવ્યના સ્વરૂપની હયાતી એ પરિણામિકભાવ છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? દ્રવ્યઆત્મલાભહેતુ પરિણામઃ વસ્તુના સ્વરૂપની ત્રિકાળ હયાતી તે પારિણામિકભાવ છે. દ્રવ્યનું સ્વરૂપ એમ લીધું છે. પર્યાય-ફર્યાયની વાત જ નહિ. પંચાસ્તિકાય-૫૬ ગાથા. સમજાય છે કાંઈ? આહાહા..! એક સમયની પર્યાય તો વ્યવહાર છે, નિશ્ચય તો આ વસ્તુ છે. અહીં તો વ્યવહાર કહે બીજો, આ તો પર્યાય વ્યવહાર છે. સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્ય ધ્રુવ બિંબ જ્ઞાયક. એવું ભાન થયું, કહે છે કે ભગવાન આત્મા વ્યવહાર સંબંધીનું જ્ઞાન, એ જ્ઞાનનો પોતાના કાર્યપણે કરતો એવો, કરતો એવોનો અર્થ રાગની અપેક્ષા રાખ્યા વિના પોતામાં જ્ઞાનની પર્યાય પોતાથી નિરપેક્ષ થાય છે. એમ પોતાને જાણતો એવો. ઓહોહો..! સમજાય છે કાંઈ? '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' પોતાના આત્માને જાણે છે. કહે છે કે રાગનો, પુણ્યનો, વ્યવહારનો.. એ તો પુદ્‌ગલપરિણામ છે. એનું જ્ઞાન, એ સંબંધીનું જ્ઞાન પણ એ સંબંધીનું જ્ઞાન તો કહેવામાં સમજાવવામાં આવ્યું. પણ એ સંબંધીનું જ્ઞાન પોતાથી પરની અપેક્ષા રાખ્યા વિના એ રાગ છે તો જ્ઞાન થયું એમ પણ નહિ. અને રાગનું જ્ઞાન જ નથી. જ્ઞાન પોતાનું જ્ઞાન છે. પોતાનું સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન, બેય સંબંધીનું પોતાનું જ્ઞાન, તેને જાણતો એવો એ જ્ઞાનની પર્યાયનો કર્તા અને જ્ઞાનની પર્યાય કર્મ છે. સમજાય છે કાંઈ? અલૌકિક માર્ગ છે, ભવગાન! નવનીતભાઈ! માખણ છે, માખણ. આહાહા..!

અમૃતચંદ્રાચાર્યે તો અમૃત રેડ્યાં છે! ભગવાનને સાક્ષાત્ ઊભા રાખ્યા છે. કેવળી આવા હતા. આત્મા આવો છે. અમે જ કેવળી છીએ, હું અરિહંત છું, હું સિદ્ધ છું, હું સાધુ છું, પંચ પરમેષ્ઠી હું જ છું. છે ને પણ? એ પોતાનો જ સ્વભાવ છે. અરિહંતની પર્યાય પ્રગટ થશે ક્યાંથી? પોતામાં છે. સમજાય છે કાંઈ? એ પ્રશ્ન ઉઠ્યો છે ને? તત્ત્વાનુશાસન? શું કહેવાય ઈ? મહારાજ! તમે અરિહંતનું ધ્યાન કહો છો તો અમે તો અત્યારે અરિહંત છીએ નહિ, તો અરિહંતનું ધ્યાન ક્યાંથી આવ્યું? જૂઠું થઈ ગયું અરિહંતનું ધ્યાન. સાંભળ તો ખરો. તત્ત્વાનુશાસનમાં છે. અરિહંતનું ધ્યાન કરું છું એમ કહો છો પણ અરિહંત તો એ પોતે છે નહિ. સાંભળ તો ખરો. એ સર્વજ્ઞ અરિહંતપદ છે એ પોતામાં પડ્યું છે. એનું ધ્યાન કરે છે તો હું અરિહંત જ છું. પર્યાયમાં શાંતિ મળે છે એ શું વ્યર્થ જાય છે? સાચું ધ્યાન સાચું છે તો શાંતિ મળે છે. અરિહંત જો ન હોય અને ધ્યાન કરતો હોય તો તો વ્યર્થ જાય. પણ પોતાના સ્વભાવમાં અરિહંત જ આત્મા છે. તેનું ધ્યાન કરવાથી હું જ અરિહંત છું. એમ એકાગ્ર થવાથી શાંતિ, શ્રદ્ધા, સ્થિરતા, રમણતા, આનંદ આદિ થાય છે તો શાંતિનું ફળ આવે છે. માટે અરિહંતનું ધ્યાન સાચું છે, સત્ય છે. સમજાય છે કાંઈ?

સિદ્ધનું ધ્યાન. એમ બધાનું લેવું. સિદ્ધ શું? **'वंदित्तु सव्व सिद्धे'** કહ્યું ને? પોતાનું સ્વરૂપ જ સિદ્ધ સ્વરૂપ છે. એવા સિદ્ધ ભગવાન. જે પર્યાય પ્રગટ થવાની છે એ બધી મારી પાસે છે, હું જ ઈ છું. મારી પાસે શું, હું જ ઈ છું. એમ સિદ્ધ ભગવાન પોતાનો સ્વભાવ, એનો બોધ-ભાન થયું તો કહે છે કે એ વ્યવહાર છે ને? હો. લોકાલોક છે ને કેવળજ્ઞાનમાં? કેવળજ્ઞાન થયું તો લોકાલોક છે ને? હો. તેથી શું થયું? શું લોકાલોક સંબંધી કેવળજ્ઞાન છે? કેવળજ્ઞાન લોકાલોક સંબંધી છે? એ તો પોતાનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આત્મજ્ઞાનમયી, આત્મદર્શનમયી સર્વજ્ઞશક્તિ છે.

એમ વ્યવહારનું જ્ઞાન વ્યવહારનું જ્ઞાન છે? નહિ. જ્ઞાન જેનું છે એનું જ્ઞાન (છે) તો વ્યવહારમાં ક્યાં જ્ઞાન છે? એ રાગ તો અજ્ઞાન છે. સમજાય છે કાંઈ? અંધકારનું જ્ઞાન છે? કહ્યું ને? પુદ્ગલપરિણામના જ્ઞાનને. એ તો સમજાવ્યું. એ સંબંધી પોતાનું જ્ઞાન તે કાળે થાય છે, એ જ્ઞાન-શ્રદ્ધા પોતાનું કાર્ય છે અને એ આત્મા પોતાનું કાર્ય કરે છે, પોતાને જાણે છે. સમજાય છે કાંઈ? જુઓ! આ કર્તાકર્મ.

**'તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...'** જુઓ! તે આત્મા કર્મ નામ પુણ્ય-પાપના પરિણામ અને કર્મ, નોકર્મ-શરીર, વાણીની અવસ્થા તેનાથી **'અત્યંત ભિન્ન...'** અત્યંત ભિન્ન. ભાષા જુઓ! પહેલા સાધારણ કહ્યું, અત્યંત અભાવ, અત્યંત અભાવ. વ્યવહારનો વિકલ્પનો ભગવાન સ્વભાવમાં અત્યંત અભાવ છે. સમજાય છે

કાંઈ? શેઠીજી! તમારા જયપુરમાં કોઈ દી આવું સાંભળ્યું નથી. વિચારીને બોલે છે. ઝટ નહિ બોલે, ઈ મીઠા માણસ છે. આહાહા..! ભગવાન તો આત્મામાં છે ત્યાંથી નીકળે ને. ન હોય તો ક્યાંથી નીકળે? આત્મા છે ભગવાન. ચૈતન્યબિંબ પ્રભુ છે. આહાહા..!

કહે છે, અરે..! આઠ વર્ષની બાલિકા સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. પોતાને જ જાણે છે. બસ! સમજાય છે કાંઈ? એક હજાર જોજનનો મચ્છ, ચાર હજાર ગાઉ લાંબો સ્વયંભૂરમણ સમુદ્રમાં સમકિતી પંચમ ગુણસ્થાનવાળા છે. પંચમ ગુણસ્થાનવાળા! ત્યાં તો કોઈ મકાન નથી, પુંજણી નથી, કાંઈ નથી. મંદિર નથી ત્યાં ભગવાનના દર્શન કરવા માટે. ... પંચમ ગુણસ્થાનવાળા છે, અસંખ્ય શ્રાવક પડ્યા છે. સમજાય છે કાંઈ? અમને તો અમારું જાણપણું છે. હું પરનો નથી. પરનો તો હું નથી પણ પરનું જાણપણું મારામાં નથી. આહાહા..! પાટનીજી! હું પરનો તો નથી, પણ પરનું જાણપણું મારામાં નથી. મારું જાણપણું પરનું અને સ્વસંબંધી પોતાનું છે, એ પોતાનું જાણપણું છે. એને જાણું છું. સમજાય છે કાંઈ?

‘**અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**’ લ્યો, હવે વિશેષ થોડી વાત કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ સુદ ૪, શુક્રવાર તા. ૩૧-૫-૧૯૬૮**
**ગાથા-૭૫, પ્રવચન-૫૨૩**

.. ધર્મી થયો અર્થાત્ સમ્યગ્દષ્ટિ થયો અર્થાત્ આત્માનું ભાન અને આત્મજ્ઞાની થયો તો એનું કાર્ય શું છે, ઈ બતાવે છે. એમાં પુણ્ય-પાપ વિકલ્પ આદિ, વ્યવહાર રત્નત્રય આદિનો શુભજોગ ઉત્પન્ન થાય છે એ જ્ઞાનીનું કર્મ નામ કાર્ય નથી. કેમ કે જ્ઞાની રાગથી અને કર્મથી ભિન્ન પડી ગયો છે. જેનાથી ભિન્ન પડ્યો તે ભિન્ન એનું કાર્ય હોઈ શકે નહિ. બરાબર છે? વ્યવહાર રત્નત્રયનું કાર્ય આત્માનું નહિ? આ પંચ મહાવ્રત પાળવા એ કાર્ય નથી? એ તો કથન આવે ચરણાનુયોગમાં કે તે સમયે એવા પરિણામ હોય. એનું જ્ઞાન કરાવવાની વાત છે.

ધર્મી પોતાનું સ્વરૂપ શરીર, કર્મ અને પુણ્ય વિકલ્પ દયા, દાન, વ્રતાદિ વ્યવહારથી પોતાની ચીજને ભિન્ન જાણે છે અને પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવથી અભિન્ન માને છે. સમજાય છે કાંઈ? તેથી ધર્મીના પરિણામમાં જ્ઞાતા-દૃષ્ટા, આનંદ આદિ પરિણામ એનું વ્યાપ્ય છે, એનું કાર્ય છે. આત્મા કર્તા છે. એ ભેદ પાડીને કહો. એ પણ ભેદ પાડીને કહો તો કહો, નહિતર કર્તાકર્મ અભેદમાં તો છે નહિ. સમજાય છે કાંઈ?

કહે છે કે '**તે આત્મા (કર્મનોકર્મથી) અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' ત્યાં સુધી આવ્યું છે. હજી શેઠીને હાથ નથી આવ્યું. બતાવો એઈ..! પાટનીજી! '**તે આત્મા (કર્મનોકર્મથી)...**' આ આત્મા કર્મ શબ્દે વિકારી શુભ-અશુભાવ, કર્મ જડ અને નોકર્મ શરીર, વાણી. એનાથી '**અત્યંત ભિન્ન...**' ભગવાન આત્મા જે વિકલ્પ ઉઠે છે, તીર્થંકરગોત્ર ભાવનો એ ભાવથી પણ જ્ઞાની તો અત્યંત ભિન્ન જ છે. સમજાય છે કાંઈ? કર્મ અને કર્મના સંગથી ઉત્પન્ન થયેલો શુભ-અશુભ વિકલ્પ અને રાગ, તેનાથી આત્મા અસંયુક્ત જ છે. સહિત નથી. તો નથી એમ ભિન્નતાનું ભાન થયું. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના વિકલ્પ રાગ, બધા ઉદયભાવ અને દ્રવ્ય આદિ પારિણામિકભાવ પરના-પરથી ભિન્ન. કર્મ શબ્દે દ્રવ્યકર્મ અને ભાવકર્મ બેય લેવા. નોકર્મ શબ્દે ભાષા, વાણી, ભાષા શરીર, મન બધું લેવું. એનાથી જ્યાં ભગવાન ભિન્ન પડ્યો તો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદ અને અનાકુળ આત્મા આનંદધામ, તેની સાથે જ્ઞાનનું પરિણમન વ્યવહાર કર્મ અને રાગાદિથી ભિન્ન થયો થકો જ્ઞાની છે. '**અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો...**' જ્ઞાનસ્વરૂપ થયો થકો '**જ્ઞાની છે.**' કહો શેઠીજી!

મુમુક્ષુ :- જી નહિ લગાવો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- જી નહિ લગાવવો? અમારે લગાવવો જોઈએ. કેમ, બાબુજી! શું કહે છે? '**અત્યંત ભિન્ન...**' ઓહોહો..! ભગવાન આત્મા નિર્લેપ. રાગ અને કર્મથી નિર્લેપ ભિન્ન. એવું ભાન ધર્મમાં-આત્મજ્ઞાનમાં, સમ્યગ્દર્શનમાં થયું તો વ્યવહાર કામ જેટલા ચરણાનુયોગમાં બતાવવામાં આવે છે એ કામ જ્ઞાનીના નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? આ તો મૂળ રકમની વાત છે. ભગવાન જ્ઞાનાનંદ સ્વરૂપ એ રાગ નામ વિકલ્પ ચાહે તો સર્વાર્થસિદ્ધનો બંધનો ભાવ હો કે ચાહે તો તીર્થંકરગોત્રનો ભાવ હો... સમજાય છે? એ ભાવ તો રાગ છે, આકુળતા છે. તો એનાથી ભગવાન આત્મા અનાકુળ આનંદ જ્ઞાનસ્વરૂપ તદ્દન રાગના, કર્મના અભાવસ્વરૂપ અને પોતાના આનંદ અને જ્ઞાનના અનંત સ્વભાવથી સહિત સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? ગોદિકાજી! આવા ભાનનું નામ આત્મજ્ઞાન અને આત્મદર્શન છે. એનું નામ ધર્મી અને ધર્મનો કરવાવાળો કહેવામાં આવે છે.

તો ધર્મી શું કરે છે? એનું કર્મ શું છે? વ્યવહાર આવ્યો એને જાણવું. જ્ઞાન થયું તે તેનું કર્મ છે.

મુમુક્ષુ :- વ્યવહાર ન થયું.

ઉત્તર :- વ્યવહાર એનું કર્મ નથી-કાર્ય નથી. અજીતપ્રસાદજી! ભારે આકરી વાત આ. એવી વાત છે.

વાત તો એમ છે, ભગવાન ચિદાનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ પ્રભુ.. સમજાય છે કાંઈ? જરી નજીક આવજો, હોં! વચમાં જગ્યા હોય ને થોડી. ભગવાન કહે છે ભગવાન આત્માને કે જ્યારે આત્મા ભગવાન થયો, ભગવાનભાઈ! આ તો આત્મા ભગવાન થયો. ભગવાન જ અહીં તો કહે છે. ભગવાન. ૭૨મી ગાથામાં તો ભગવાન તરીકે જ સંબોધ્યા છે, અમૃતચંદ્રાચાર્ય. સમજાય છે કાંઈ? ઓહો..! જળમાં શેવાળ છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપનો મેલ. વ્યવહાર છે તે મેલ છે. અને ભગવાન આત્મા અતિનિર્મળ છે. ટીકામાં પહેલેથી આમ જ અમૃતચંદ્રાચાર્યે લીધું છે. ૭૨ ગાથામાં. ભગવાન આત્મા એમ લીધું છે. વ્યવહાર જે પુણ્ય પરિણામ છે તે મેલ છે, એ કાઈ છે, એ લાખ સમાન દુઃખરૂપ છે. ભગવાન આત્મા અતિનિર્મળાનંદ છે, ચૈતન્યસ્વભાવવાન છે, આનંદમૂર્તિ છે. એ ૭૨ ગાથાના ત્રણ બોલ છે. સમજાય છે કાંઈ?

એવા આત્માને વિકલ્પથી, રાગથી, વ્યવહારથી ભિન્ન પાડ્યો તો રાગ અને વ્યવહારનું જ્ઞાન પોતાનું કર્મ થયું. વ્યવહારનું જ્ઞાન થયું એ પણ વ્યવહારથી કહે છે. પણ એ વ્યવહાર આત્માનું કાર્ય નથી, એ આત્માની પર્યાય નહિ, એ આત્માની પ્રજા નહિ. સમજાય છે કાંઈ? જુઓ! '**અત્યંત ભિન્ન જ્ઞાનસ્વરૂપ થયો થકો જ્ઞાની છે.**' તો હવે પ્રશ્ન ઉઠ્યો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**(પુદ્ગલપરિણામનું જ્ઞાન...**' અર્થાત્ એ વ્યવહાર દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એવો રાગ, પંચ મહાવ્રતનો રાગ, શાસ્ત્ર આદિ ભણવાનો વિકલ્પ એ બધા પુદ્ગલપરિણામ છે. એ બધા પુદ્ગલપરિણામ છે. કેમ કે એમાં જ્ઞાન ચૈતન્યપ્રકાશનો અભાવ છે. તેથી તે પુદ્ગલપરિણામ છે. ભગવાન જ્ઞાનસ્વરૂપ છે. તો કહે છે કે '**(પુદ્ગલપરિણામનું જ્ઞાન આત્માનું કર્મ કઈ રીતે છે...**' સમજાય છે કાંઈ? '**(પુદ્ગલપરિણામનું જ્ઞાન...**' એ વ્યવહાર, દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પુદ્ગલપરિણામ છે. એનું જ્ઞાન '**(આત્માનું કાર્ય કઈ રીતે છે...**' સમજાય છે કાંઈ? એમ સમાધાન કરવા માટે કૌંસમાં નાખ્યું છે. '**(તે સમજાવે છે :-)**' તે સમજાવે છે. અહીંયા તો હવે બાળક પણ ધ્યાન રાખે છે. શેઠીજી! જુઓ! અમારા સુરેન્દ્રભાઈ કેવા છે. બહુ ધ્યાન રાખે છે. હીરાલાલનો દીકરો છે ને. આત્મા છે ને. શું છે? આત્મા બાળક ક્યાં, વૃદ્ધ ક્યાં, યુવાન ક્યાં છે. આત્મા અંદર ભગવાન આત્મા છે. જ્યારે સમજે ત્યારે સમજી લેશે. ક્ષણમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની એની તાકાત છે. આહાહા..!

કહે છે, ભગવાન! વ્યવહાર અને શરીરની ક્રિયા ઉત્પન્ન થાય છે. જેમ કે પૂજામાં. પૂજામાં શરીરની આવી ક્રિયા થાય, વાણીની ક્રિયા થાય સ્વાહા. શરીરની ક્રિયા થાય. આમ અષ્ટદ્રવ્યની ક્રિયા થાય છે. એ બધાની પર્યાય અને એમાં શુભભાવ આવ્યો. એ શુભભાવ અને એ ક્રિયા. એ ત્રણે પુદ્ગલપરિણામ છે. આ તો સાધારણ વાત છે. બાબુજી! ભગવાન આત્મા, એ તો જ્ઞાનનો પુંજ પ્રભુ છે. ચૈતન્યનો બિંબ ચૈતન્યસૂર્ય છે. એમ જ્યાં ભાન થયું તો જે પૂજાના કાળમાં સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની છે તો કહે છે, તે વખતે એનું કાર્ય શું છે? પ્રતિમા સામે છે અને સામે ટોપરું, ટોપરું કહે છે ને? ટોપરાનો ભૂકો. અષ્ટ દ્રવ્ય લે છે ને? ટોપરાના કટકા નહિ? પીળા. ઈ અષ્ટ દ્રવ્ય. એવી જે પર્યાય થાય છે અને ભગવાન સામે છે, ભગવાનની પર્યાય. અહીંયા થયો શુભભાવ, એ ત્રણેય પુદ્ગલની પર્યાય છે. તો કહ્યું કે, પુદ્ગલપરિણામનું જ્ઞાન જ્ઞાનીનું કર્મ છે, એ કઈ રીતે છે? એમ કહે છે. પ્રકાશચંદજી! એના ઉપર પ્રકાશ નાખે છે. સમજાવે છે ને. સમજાવે કહો કે પ્રકાશ નાખે છે કહો. પંડિતજી! આહાહા..!

'**પરમાર્થે પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' ખરેખર તો પુદ્ગલપરિણામ અર્થાત્ શુભભાવ, પૂજાની ક્રિયાના પરિણામ અને ભગવાન મૂર્તિની પર્યાય, એ પર્યાય છે સામે. સામે જે દેખાય છે એ તો પુદ્ગલની પર્યાય છે. સમજાય છે કાંઈ? એ પુદ્ગલના પરિણામ. મૂર્તિની પર્યાય એ પુદ્ગલના પરિણામ છે. અને આમ સ્વાહા કરે એ પણ પુદ્ગલના પરિણામ છે. આમ હાથ ચાલે એ પણ પુદ્ગલના પરિણામ. અને વચ્ચે શુભભાવ આવ્યો એ પુદ્ગલના પરિણામ. તો કહે છે કે પુદ્ગલપરિણામના. એ પુદ્ગલપરિણામ. તેના '**જ્ઞાનને...**' તે સંબંધીનું, તે પ્રકારનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અહીંયાં જ્ઞાન થયું. જ્ઞાનીને જેવો શુભભાવ થયો, આમ આમ ક્રિયા થઈ, એ પોતાથી નથી થઈ. એ પુદ્ગલ વ્યાપક થઈને પુદ્ગલપરિણામનું વ્યાપ્ય કરે છે. એ પુદ્ગલપરિણામનું જ્ઞાનીને જ્ઞાન થાય છે. સમજાય છે કાંઈ? એ નેમિદાસભાઈ! શું આ બધું મંદિર કરાવ્યું તો શું કરવા કરાવ્યું? આ બધા પુદ્ગલપરિણામ છે. લે, અહીં તો ભગવાનની પ્રતિમા પુદ્ગલપરિણામ છે એમ કહે છે. અહીં સાક્ષાત્ સામે ભગવાન સમવસરણમાં બિરાજતા હો તોપણ એ પુદ્ગલના પરિણામ છે. વાણી નીકળે એ પુદ્ગલના પરિણામ, શરીર પુદ્ગલના પરિણામ. અને દિવ્યધ્વનિ નીકળે એ પુદ્ગલના પરિણામ. લક્ષ ત્યાં જાય અને પરિણામ ઉત્પન્ન થાય છે શ્રવણનો વિકલ્પ, એ પુદ્ગલના પરિણામ. ગોદિકાજી!

ભગવાન! તારું સ્વરૂપ તો જ્ઞાન છે ને. એ રાગ અને પુદ્ગલપરિણામ તારા અસ્તિત્વમાં છે? તારા અસ્તિત્વમાં, તારી હયાતીમાં, તારી મોજૂદગીમાં ઈ છે? એ રાગ શુભરાગ, સમવસરણની પર્યાય, ભાષાની પર્યાય બધા પુદ્ગલની મોજૂદગીમાં છે. તારામાં નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એ '**પુદ્ગલપરિણામના...**' આટલા શબ્દ લીધા. પછી આગળ પુદ્ગલ કહેશે. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને...**' અહીંયા એવું જ્ઞાન થયું. એ છે એવું જ્ઞાન પોતાના સ્વરૂપના સ્વલક્ષમાં પોતાના જ્ઞાનની સાથે ત્યાં જેવો વ્યવહાર છે, એ પ્રકારનું અહીંયા પોતામાં પોતાને અનુસરીને જ્ઞાન થયું. તો '**પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...**' હવે પુદ્ગલપરિણામને પુદ્ગલ લઈ લીધું. શું કહ્યું પહેલા? '**પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...**' એ બધા પુદ્ગલ. ભગવાનનું સમવસરણ, ભગવાનની વાણી, કાન, અને સાંભળવાનો રાગ એ બધું પુદ્ગલ. પહેલા કહ્યું પુદ્ગલના પરિણામ. હવે અભેદ કરીને બધું પુદ્ગલ (એમ કહ્યું). પુદ્ગલમાં આવ્યું. અહીં તો પહેલા પુદ્ગલના પરિણામ લીધા. પછી કહ્યું, '**પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને...**' એ જ્ઞાનને અને પુદ્ગલને, હવે એમ લે છે. જ્ઞાનને અને પુદ્ગલને. પોતામાં જે વ્યવહારની પર્યાય ત્યાં થઈ તેનું જ્ઞાન થયું, એવું જે જ્ઞાન એ પુદ્ગલપરિણામનું જ્ઞાન. એ જ્ઞાનને અને પુદ્ગલને. એટલે જે પુદ્ગલના પરિણામ કહ્યા હતા, પછી એને પુદ્ગલ કહી દીધું. સમજાય છે કાંઈ? પંડિતજી! બહુ સૂક્ષ્મ વાત. લોકોને એવી લાગે છે, એકાંત છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો. પ્રભુ! તારું સમ્યક્ સ્વરૂપ જ એકાંત આવું છે. ભાઈ! તારી ચીજ જ આવી છે.

ભગવાન! તું ત્રિલોકનાથ ચૈતન્યમૂર્તિ છો. ભાઈ! આચાર્ય ભગવાન તરીકે સંબોધન કરે છે. પામર તરીકે સંબોધન નથી કરતા. આહાહા..! પ્રભુ તરીકે પરમાત્મા સંબોધે છે. અમૃતચંદ્રાચાર્ય મુનિ. ણમો લોએ સવ્વ આઈરિયાણં. જે આચાર્યના ચરણમાં ગણધરના નમસ્કાર પહોંચે! ભગવાન સમવસરણમાં બિરાજે છે-સીમંધર ભગવાન. એમની પાસે એમના જે ગણધર છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં થઈ, એ ગણધર જ્યારે શાસ્ત્ર રચે છે (ત્યારે ઉચ્ચાર કરે છે), ણમો લોએ સવ્વ આઈરિયાણં. તો કહે છે કે, પંચમઆરાના જે આચાર્ય અમૃતચંદ્રાચાર્ય છે એમના ચરણમાં એ ગણધર નમસ્કાર કરે છે. કરે છે કે નહિ? કે ણમો લોએ કાઢી નાખે છે? આહાહા..! ગણધરના નમસ્કાર જેના ચરણમાં પહોંચે તેનું નામ આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. આહાહા..! ભાઈ! ઈ પરમેશ્વરપદ છે. સમજાય છે કાંઈ?

ભગવાન બિરાજે છે, પરમેશ્વર સર્વજ્ઞદેવ બિરાજે છે. તેમની પાસે તેમના ગણધર બિરાજે છે. એ ગણધર સાંભળે છે અને જ્યારે શાસ્ત્ર રચે છે તો શાસ્ત્રમાં પહેલા પાંચ નવકાર તો આવે છે. એમાં એ ગણધર જેને લાખો વર્ષ પ્રવજ્યાને થઈ ગયા હોય અને પછી કોઈ મુનિ (થયા હોય). કેમ કે એ તો પહેલેથી છે. સીમંધર ભગવાન તો મુનિસુવ્રત ભગવાન થયા ત્યારથી છે. મુનિસુવ્રત ભગવાન હતા ત્યારથી છે, ત્યારથી ગણધર પણ છે. તો ગણધરને લાખો, કરોડો વર્ષ ચારિત્રના આનંદમાં થઈ ગયા. એ અને આ તો પંચમ કાળમાં હમણાં થયા. આ તો હમણાં થયા. ઘણો કાળ થયો, અબજો વર્ષ થયા. તો પણ કહે છે કે ણમો લોએ સવ્વ આઈરિયાણં. એવા આચાર્ય, જેનું આનંદપદ છે અને એ વ્યવહાર રાગના જ્ઞાતા છે અને રાગનું જ્ઞાન એ એમનું કાર્ય છે, એવા આચાર્યને ગણધર કહે છે, હું નમસ્કાર કરું છું. રતનચંદજી! નમસ્કાર કરે કે નહિ? આમ નિશ્ચયથી પોતાથી નાનાને ન કરે. વ્યક્તિને ન કરે પણ સામાન્યમાં પાંચને કરે. ઓહો..! આચાર્યની શું વાત! ણમો લોએ સવ્વ સાહૂણં. અહો..! પંચમ કાળના આત્મજ્ઞાની ધર્મી સંત જેને છઠ્ઠી ભૂમિકા, સાતમી ભૂમિકા હજારો વાર આવે છે, એવા ભાવલિંગી સંત જેમને પાછલી પહોરે એક પોણી સેકંડ માત્ર નિદ્રા આવે છે. પોણી સેકંડ માત્ર નિદ્રા. એવા સાધુ ગણધરદેવ કહે છે, ણમો લોએ સવ્વ સાહૂણં. તારા ચરણમાં મારા નમસ્કાર છે!

એ આચાર્ય કહે છે કે એ રાગાદિ પુદ્‌ગલપરિણામ છે, હોં! નવકાર ગણવામાં જે વિકલ્પ ઉઠ્યો હતો એ પુદ્‌ગલપરિણામ છે. ગજબ વાત છે! દેવચંદજી! પાંચ નવકારનો વિકલ્પ ઉઠ્યો હતો ને? ણમો લોએ... ભગવાન! એ તો રાગ છે, હોં! એ પુદ્‌ગલના પરિણામ છે. અમે શાસ્ત્રના રચનારા નથી. એ પુદ્‌ગલના પરિણામ મારું કાર્ય નથી. તો શાસ્ત્રનું કાર્ય મારું છે એમ અમને ગાળ નહિ દેતા. સમજાય છે કાંઈ? એ '**પુદ્‌ગલપરિણામના જ્ઞાનને અને પુદ્‌ગલને...**' હવે પાછું આમ લીધું. આત્મામાં જે રાગાદિ વ્યવહાર પુદ્‌ગલના પરિણામ થયા તેનું અહીંયા જ્ઞાન થયું. કેમ કે જ્ઞાતાને પોતાના સ્વ સ્વરૂપનું લક્ષ છે તો પોતાનું જ્ઞાન થયું. જ્ઞાનનો સ્વભાવ સ્વપરપ્રકાશક છે. તો સ્વપરપ્રકાશક જ્ઞાન અંતરમાં જ્ઞાયકમાંથી થયું. તો એ રાગાદિ વ્યવહાર છે તેનું તેવું જ અહીંયા જ્ઞાન થયું. એ પુદ્‌ગલપરિણામના જ્ઞાનને, એ જ્ઞાનરૂપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાર્યને '**અને પુદ્ગલને...**' એ વ્યવહાર વિકલ્પ આદિ પુદ્ગલને.

'**ઘટ અને કુંભારની જેમ...**' ઘટ અને કુંભારની પેઠે. જેમ કુંભાર કર્તા અને ઘટ કર્મ એમ નથી. '**ઘટ અને કુંભારની જેમ...**' ઘટ વ્યાપ્ય-પર્યાય અને પર્યાયવાન કુંભાર એમ નથી. કુંભાર કર્તા અને ઘટની પર્યાય કાર્ય, એમ નથી. '**પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી...**' કુંભાર ઘટમાં.. સમજાણું? વ્યાપક થઈને ઘટની પર્યાય કરે છે, તેનો અભાવ છે. એ માટી વ્યાપક થઈને ઘટની પર્યાય કરે છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન આત્મા રાગાદિના જ્ઞાનને એટલે પુદ્ગલપરિણામનું અહીંયા જ્ઞાન થયું તેને ... પુદ્ગલપરિણામ જેને કહ્યા હતા તેને અહીંયા પુદ્ગલ કહી દીધા અભેદથી. એ વ્યવહાર રત્નત્રય પુદ્ગલ જ છે, એમ કહે છે અહીંયા તો. પુદ્ગલની પર્યાય અને પુદ્ગલ એક, ઘટ અને કુંભારની જેમ, કુંભાર કરવાવાળો અને ઘટ એનું કાર્ય તેનો અભાવ છે. એમ જ્ઞાનને અને પુદ્ગલને. જ્ઞાન કરવાવાળું અને પુદ્ગલ તેનું કાર્ય એમ છે જ નહિ. ગોદિકાજી! આ શ્લોક બહુ ઊંચો આવ્યો છે. છ મહિને આવ્યા, છ મહિને. કારતક સુદ-૧૫ આવ્યા હતા ને? વીસ દિવસ રહ્યા હતા. માગશર સુદ-૧૫. આ જેઠ સુદ-૧૫ છ મહિના થયા. કહો, સમજાય છે કાંઈ? શું કહે છે? આહાહા..!

ભગવાન! તારું કામ શું? તું તો ભગવાન નામ જ્ઞાનસ્વરૂપ છો ને. ભગ નામ જ્ઞાનવાન. તું તો જ્ઞાનસ્વરૂપ છો, ત્રિકાળ જ્ઞાયકભાવ છો. એવું ભાન થયું તો વ્યવહારનો જે વિકલ્પ આવ્યો, દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત, અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયક્લેશ, પ્રતિક્રમણ, વિનય, ભગવાન ત્રિલોકનાથ પરમાત્માનો વિનય. આહાહા..! ભગવાન ત્રણલોકના નાથ પરમેશ્વરને ણમો લોએ સવ્વ અરિહંતાણં. કહે છે કે, એવો જે વિકલ્પ છે એ પુદ્ગલપરિણામ છે. અને એ પુદ્ગલપરિણામનું અહીંયા જ્ઞાન થયું. પોતાનું પોતાથી જ્ઞાન કરવાથી એ રાગનું પણ જ્ઞાન થઈ ગયું. એ જ્ઞાનરૂપી કાર્ય અને એ પુદ્ગલપરિણામ રૂપી પુદ્ગલ બેમાં, ઘટ અને કુંભારની જે કર્તાકર્મનો અભાવ છે. કુંભાર કર્તા અને ઘડો કાર્ય એમ છે નહિ. એમ ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાનનું કાર્ય કરનારો એ જ્ઞાન કર્તા અને વ્યવહાર પુદ્ગલ એનું કાર્ય એમ છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

વાંચે નહિ, વિચારે નહિ, મધ્યસ્થતાથી જોવે નહિ કે શું ચીજ છે અને ચીજમાં કેવી સ્થિતિ છે. એમ ને એમ, નહિ. વ્યવહાર કરવો પડે છે. જ્ઞાનીને પણ વ્યવહાર કરવો પડે છે. જ્ઞાનીને પણ આમ કરવું પડે. ગણધરોએ પણ વ્યવહાર કર્યો કે નહિ? ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! વ્યવહાર કર્યો એ તો વ્યવહારનયથી કથન કર્યું છે. શું ક્રિયાનું કામ પોતાનું છે તે કર્યું? ગણધર જેવા શાસ્ત્ર રચે છે. જુઓ! પ્રવચનસારમાં નથી આવતું? કે રોગી સાધુ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય તો સાધુની ફરજ છે. એ વખતે એની સેવા કરવાનો રાગ થવો જોઈએ. લ્યો, એમ આવે છે. કાળ છે. એનું કારણ છે. એ વખતે સ્થિતિ છે અને રાગ આવ્યો તે એનો કાળ છે. બસ, એટલું. પણ એ રાગને કરવાવાળા છે એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અજાણ્યા માણસને તો એવું લાગે.. આ વાત શું કહે છે, કંઈ મોં-માથુ સમજાય નહિ. શું કહે છે? આ શું અધ્ધરથી વાત કરે છે? લ્યો, બોલે, ચાલે અને અમે કરતા નથી. ભગવાન! કોણ બોલે? કોણ ચાલે? એ તો જડની પર્યાય છે. ઈ તો વાત ચાલે છે. અને વિકલ્પ ઉઠે છે એ પણ જડની પર્યાય છે. કેમ કે એમાં ચેતનતા નથી. ભગવાન જાગૃતસ્વરૂપનો પિંડ પ્રભુ છે. તો રાગમાં જાગૃતપણાનો અભાવ છે. તો જાગૃતપણાના અભાવની અપેક્ષાથી તેને પુદ્ગલપરિણામ કહીને પુદ્ગલ કહી દીધું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે કે '**પુદ્ગલપરિણામના જ્ઞાનને અને પુદ્ગલને ઘટ અને કુંભારની જેમ વ્યાપ્યવ્યાપકભાવનો અભાવ હોવાથી કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' કર્તાકર્મપણાની અસિદ્ધિ છે. ભગવાન આત્મા પોતાના સ્વરૂપનો જાણવું-દેખવું અનુસાર પરને જાણે-દેખે છે, એવું જે પોતાનું કાર્ય એની સાથે વ્યવહારનું કાર્ય એનું છે એમ બનતું નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? લ્યો, સમેદશિખર જાત્રા કરવા જાય. જુઓ! બાહુબલીજી જાત્રા. તો શું કર્તૃત્વબુદ્ધિ વિના જાત્રા થાય છે? જ્યાં કર્તૃત્વબુદ્ધિ છે ત્યાં તો મિથ્યાત્વનું પોષણ છે. આહાહા..! અરે..! ભગવાન! ભાઈ! સમજાય છે કાંઈ? જ્યાં રાગની કર્તૃત્વબુદ્ધિ છે ત્યાં તો આખા આત્માને વિકારી માન્યો. અવિકારી ભગવાન આત્મા ન જાણ્યો. સમજાય છે કાંઈ? તો વિકારની પર્યાયને હું કરનારો, તો હું આખો કર્તા વિકારી. અને એ વિકારી પર્યાય મારું કાર્ય. એમાં તો દ્રવ્યનો પણ દૃષ્ટિમાં અભાવ થયો અને રાગના પરિણામનો ભાવ થયો કર્તાકર્મમાં. બહુ આકરી વાત છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે, '**કર્તાકર્મપણાની અસિદ્ધિ છે...**' ભગવાન આત્મા પોતાનું જ્ઞાનસ્વરૂપ ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ પ્રભુ, એનું જ્યાં ભાન થયું તો એ જ્ઞાનાનંદની પર્યાયનો કરનારો છે અને જ્ઞાનાનંદની પર્યાય એનું કાર્ય છે. પણ એ ભક્તિ, જાત્રા આદિના પરિણામ કરવાવાળો આત્મા અને કર્મ એમ જ્ઞાનમાં નથી. રાડ નાખી જાય, હોં! વ્યવહાર.. વ્યવહાર. બહાર ધૂળ ઊડી છે. આ કરતાં અનંતગુણી ગરમી પહેલી નરકમાં છે. દસ હજાર વર્ષની સ્થિતિમાં. આહા..! ચોર્યાસી હજાર વર્ષની સ્થિતિમાં શ્રેણિક રાજા પડ્યા છે. શ્રેણિક રાજા નરકમાં પડ્યા છે? ના, નરકમાં છે જ નહિ. લે, આ શું? એ જે દ્વેષ થાય છે થોડું દુઃખ સહન કરવામાં, એમાં પણ એ નથી. અહીં તો ઈ કહે છે. સમજાય છે કાંઈ? બોલવું આમ અને માનવું બીજું. જ્ઞાની છે, અહો..! તીર્થંકરગોત્ર બાંધ્યું છે. ત્યાં પણ બાંધે છે. ના. કોણ બાંધે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લે. પંડિતજી! આહાહા..! ત્યાં પણ બાંધે છે, હોં! તીર્થંકરગોત્રની અહીંથી શરૂ થયું તો ત્યાં પણ બાંધે છે. ત્યાંથી નીકળ્યા પછી આઠમા ગુણસ્થાન સુધી બાંધશે, પછી છૂટી જશે. કહે છે કે, ના. સમ્યગ્દૃષ્ટિ કર્મના પરિણામ એના છે જ નહિ તો બંધન કેવી રીતે કરે? એ તીર્થંકર ગોત્રના જે પરિણામ છે, એના પરિણામ પુદ્‌ગલના છે. એનું જ્ઞાન જ્ઞાનીનું છે. સમજાય છે કાંઈ? અલખ માર્ગ અકળ માર્ગ છે. એવી ચીજ છે. જ્યાં સુધી નહિ સમજે ત્યાં સુધી એનો જન્મમરણથી છૂટવાનો આરો નથી. બહારમાં આમ કરું ને તેમ કરું... સમજાય છે કાંઈ? પંચ મહાવ્રત પાળું છું, ભક્તિ કરું છું, ભક્તિ કરાવું છે, જાત્રા કરું છું ને જાત્રા કરાવું છું. બધી રાગની કર્તૃત્વબુદ્ધિ છે. સ્વભાવમાં આત્માની હિંસા થાય છે. ગોદિકાજી!

ભગવાન! વસ્તુ તો જેમ છે તેમ રહેશે. તારે કારણે કંઈ બીજી થઈ જશે? ભગવાન આત્મા..! કહે છે, જેમ ઘટ અને કુંભાર વચ્ચે કર્તા કાર્ય સંબંધ નથી. એમ વ્યવહારનો રાગ અને જ્ઞાનપરિણામ એના, એ બે વચ્ચે કર્તાકર્મ નથી. એ જ્ઞાનપરિણામ થયા એ કર્તા અને રાગ તેનું કાર્ય એમ છે જ નહિ. અને રાગ કર્તા અને જ્ઞાનપરિણામ કર્મ, એમ પણ નથી. સમજાય છે કાંઈ? ઈ કહે છે, જુઓ!

**'અને જેમ ઘડાને અને માટીને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...'** ઘડાને અને માટીને કર્તા વ્યાપ્ય એટલે અવસ્થા, વ્યાપક એટલે દ્રવ્ય. વ્યાપક એટલે કર્તા, વ્યાપ્ય એટલે કર્મ. **'વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવથી હોવાથી કર્તાકર્મપણું છે...'** માટી કર્તા છે, ઘડો કામ છે. એ તો બરાબર છે. **'તેમ આત્મપરિણામ...'** જુઓ હવે. હવે આત્મપરિણામ ભગવાન. વ્યવહાર પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એ આત્માના પરિણામ. વ્યવહાર એ પુદ્‌ગલપરિણામ હતા. એનું જ્ઞાન અહીંયા આત્મા કરે છે તે આત્મપરિણામ. સમજાય છે કાંઈ? આહાહા..! **'તેમ આત્મપરિણામને અને આત્માને...'** તે સમયે વિકલ્પ વ્યવહાર આદિ હો, ભક્તિ આદિની જડની દશા હોય, એ જડની છે, એમ કહે છે. અરે..! પણ ભગવાન! સાંભળ તો ખરો. એ દેહાદિની ક્રિયા જડની તો છે જ, પરની ક્રિયા આદિ જડની છે જ, વાણી પણ જડની. અહીં તો તે તરફનો ઉત્પન્ન થયેલો રાગ પણ પુણ્ય છે. શુભરાગ છે. અહીંયા તેને પુદ્‌ગલ કહ્યું છે. સમજાય છે કાંઈ?

**'આત્મપરિણામને અને આત્માને...'** હવે બે વચ્ચે લ્યે છે. જેમ માટી અને ઘડામાં કર્તાકર્મ સંબંધ છે. એમ **'આત્મપરિણામને અને આત્માને...'** આત્મપરિણામનો અર્થ જે પોતાનો શુદ્ધ ચૈતન્ય ભગવાન એનું સમ્યગ્દર્શન નિશ્ચય, સમ્યગ્જ્ઞાન નિશ્ચય, સમ્યક્‌ચારિત્ર નિશ્ચય, શાંતિ, આનંદ આદિ એ બધા આત્મપરિણામ છે. એ આત્મપરિણામ છે. એ આત્મપરિણામ. જે વ્યવહારનું જ્ઞાન થયું એ આત્મપરિણામ. નિશ્ચય મોક્ષમાર્ગ થયો સ્વદ્રવ્યના આશ્રયે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્મપરિણામ. એ '**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી...**' આત્મપરિણામ કાર્ય છે અને આત્મા કર્તા છે. આત્મપરિણામ પર્યાય છે, આત્મા પરિણામી છે. આત્મા પરિણામી-પરિણમવાવાળો છે અને સમ્યગ્દર્શન, જ્ઞાન, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય તેનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ?

'**આત્મપરિણામને અને આત્માને...**' આત્મપરિણામ એટલે કોણ? વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના પરિણામ તો પુદ્ગલપરિણામમાં ગયા. એનું જે જ્ઞાન થયું પોતાના અસ્તિત્વમાં રહીને, પોતાના અસ્તિત્વમાં રહીને રાગને અડ્યા વિના, વ્યવહારને અડ્યા વિના. કેમ કે વ્યવહારનો નિશ્ચયમાં અભાવ છે. અડે ક્યાંથી? સમજાય છે કાંઈ? એ વ્યવહાર જેટલો ઉત્પન્ન થાય છે વિકલ્પ, રાગાદિ એને અડ્યા વિના એ સંબંધીનું જ્ઞાન અને પોતાની શ્રદ્ધા, શાંતિ અને વીતરાગી પર્યાય થાય તે આત્મપરિણામ છે. શુભરાગ આત્મપરિણામ નથી. સમજાય છે કાંઈ? આ મૂળ ચીજ છે. આ સમજ્યા વિના કદી એનો છૂટકારો કલ્યાણ થાય નહિ. જન્મ-મરણની ઘાણીમાં પીલાય છે.

ભગવાન આત્મા..! કહે છે કે આત્મપરિણામ કોને કહેવા? જેનાથી બંધ પડે એ ઉદયભાવ તો પુદ્ગલના પરિણામ છે. લો, ઓલાએ હમણાં પ્રશ્ન કર્યો, તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવને આત્મતત્ત્વ લીધું છે. પહેલા સૂત્રમાં આવે છે ને? પાંચ ભાવ. ઉદયભાવ આવે છે. બીજા સૂત્રનો પહેલો અધ્યાય. આત્મતત્ત્વ. ચારેય ભાવ, પાંચેય ભાવ આત્મતત્ત્વ છે. એ તો પરથી ભિન્ન પાડવા માટે આત્મતત્ત્વ કહ્યું. અને અહીં તો કહ્યું, એ ઉદયભાવ પુદ્ગલપરિણામ છે. સમજાય છે કાંઈ? ત્યાં તો પરદ્રવ્યથી ભિન્ન કરીને પોતાની ચારેય પર્યાય અને પારિણામિકભાવ, પારિણામિકભાવ એ વાસ્તવિક ધ્રુવ છે અને ઉદય, ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એની પર્યાય છે. એ બધાને લઈને આખા દ્રવ્યને પરથી ભિન્ન સિદ્ધ કર્યું છે. સમજાય છે કાંઈ? હમણાં આવ્યું છે, એનો ઉદય છે કે નહિ? અરે..! ભગવાન! સાંભળ તો ખરો. ઉદય તો એનો જ છે. કોનાથી? પરથી ભિન્ન કરવા માટે. અહીં તો ઉદયથી પણ ભિન્ન કર્યા પછી એનો ઉદય રહ્યો જ નહિ. સમજાય છે કાંઈ? ઉદયના બોલ છે ને? ૨૧ બોલ નથી આવતા તત્ત્વાર્થસૂત્રમાં? તત્ત્વાર્થસૂત્રમાં ૨૧ બોલ છે. જ્ઞાનીના ૨૧ બોલ છે જ નહિ, એમ કહે છે. જ્યાં ૨૧ બોલ જીવના કહ્યા તત્ત્વાર્થસૂત્રમાં, શિષ્ય આમ કહે, ગુરુ બીજું કહે, એમ વળી કેટલાક કહે છે. ભાઈ! અપેક્ષાથી કહ્યું છે, સાંભળ તો ખરો. ઉમાસ્વામી શિષ્ય અને કુંદકુંદાચાર્ય ગુરુ. શિષ્ય કહે કે ઉદયભાવ જીવનો છે. ગુરુ કહે કે ઉદયભાવ પુદ્ગલનો છે. ભાઈ! કઈ અપેક્ષાથી કહ્યું છે? સાંભળ તો ખરો. એ ઉદય વિકલ્પ છે એ પરથી ભિન્ન છે. તો એ તો એનો છે એમ કહ્યું. હવે તો પરથી ભિન્ન કર્યું. હવે વિકલ્પથી પણ ભિન્ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થયો તો ઉદય એનો છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો આસ્રવ અને અજીવતત્ત્વથી ભિન્નની વાત ચાલે છે. ત્યાં તો અજીવતત્ત્વથી ભિન્ન એની પર્યાયની વાત ચાલતી હતી. ક્યાં કઈ અપેક્ષાથી કહ્યું છે એ સમજે નહિ અને એક જ પકડે, લ્યો, આમ ત્યાં કહ્યું છે. શિષ્યનું સાચું કે ગુરુનું સાચું? બેયનું સાચું છે. સાંભળ તો ખરો. ત્યાં એમ લગાવી દે કે કર્મને કારણે ઉદયભાવ છે. ત્યાં જૂઠ ઠરાવ્યું છે. કર્મની પર્યાય જડની છે અને ઉદયપર્યાય ચૈતન્યની છે. તો શું કર્મને કારણે ઉદયભાવ છે? એમ સિદ્ધ કર્યું છે. એમ જો લો તો સાત તત્ત્વ નથી રહેતા. કર્મ અજીવતત્ત્વ છે. આસ્રવ આસ્રવતત્ત્વ છે, ભગવાન જ્ઞાયકતત્ત્વ છે. જો તમે અજીવથી આસ્રવ કહો તો અજીવ અને આસ્રવ એક થઈ જાય છે. એ કાઢવા માટે તેને ત્યાં આસ્રવ એનો છે એમ કહ્યું.

હવે અહીં કહે છે, આસ્રવ અને આત્મા એક કહો તો આત્મા અને આસ્રવ ભિન્ન તત્ત્વ છે. બેય કદી એક નહિ થાય. સમજાય છે કાંઈ? જેમ અજીવતત્ત્વ છે તો આસ્રવ છે. તો બે તત્ત્વ એક થઈ ગયા. આને લઈને આ, એને લઈને આ. કર્મથી આસ્રવ, કર્મથી આસ્રવ. તો બે તત્ત્વ એક થઈ ગયા. અજીવથી અજીવ છે અને આસ્રવથી આસ્રવ છે. એટલું ભિન્ન કરવા માટે ત્યાં આસ્રવ પોતાની પર્યાયમાં છે તેને એક કહ્યું. અહીંયા તો અજીવથી તો તું ભિન્ન છે, કેમ કે સાત તત્ત્વ છે ને? જીવતત્ત્વ, આસ્રવતત્ત્વ, અજીવતત્ત્વ. આટલા લ્યો. પછી સંવર, નિર્જરા. તો અજીવતત્ત્વથી ભિન્ન કરો. અજીવ છે તો આસ્રવ છે? તો બેય એક તત્ત્વ થઈ ગયા. તો કર્મને કારણે વિકાર છે એમ માનવાવાળા બે તત્ત્વને એક માને છે. અજીવ ભિન્ન અને આસ્રવ ભિન્ન એમ માનતા નથી. અને આસ્રવ અને આત્મા એક માનવાવાળા બે તત્ત્વ નથી માનતા. બે થઈને એક માને છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આ ઉનાળામાં આવી વાત? ગરમી ચારે કોર વાતી હોય એમાં આ? ટાઢા પહોરમાં ઠંડી વાત આવતી હોય તો ઠીક. ગરમીમાં ઠંડી જોઈએ ને. અહીં આત્મામાં કાળ જ ક્યાં છે. કાળ નથી, રાગ નથી, કર્મ નથી પછી પ્રશ્ન ક્યાં છે? સમજાય છે કાંઈ?

સાત તત્ત્વનો એમાં વિવેક છે. અજીવતત્ત્વથી ભિન્ન પાડીને એની પર્યાય એનામાં છે એમ સિદ્ધ કર્યું અને અહીં તો આસ્રવથી પણ (ભિન્ન બતાવે છે). સાત તત્ત્વ છે કે નહિ? જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ એમ છે કે નહિ? કે જીવતત્ત્વ અને આસ્રવતત્ત્વ બે એક હોય તો સાતેય એક થઈ જશે. તો કહે છે કે વિકલ્પના પરિણામ જે જ્ઞાનમાં થયા, એ પરિણામ જીવના. અને આત્મા. એ આત્મા કર્તા અને આત્માના જ્ઞાનપરિણામ થયા સમ્યગ્દર્શન થયું, મોક્ષનો માર્ગ જે નિશ્ચય સ્વપર્યાય થઈ એ પોતાનું કાર્ય અને આત્મા કર્તા. વ્યવહાર સમ્યગ્દર્શન આદિ છે, એનું જ્ઞાન કર્યું એ પોતાનું કાર્ય. વ્યવહાર સમ્યગ્દર્શનનો વિકલ્પ પોતાનું કાર્ય નહિ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજાય છે કાંઈ? વ્યવહાર સમ્યગ્દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર એ ત્રણેય રાગ છે. ત્રણેય રાગ છે તો પુદ્‌ગલના પરિણામ છે. તો પુદ્‌ગલપરિણામનું જ્ઞાનીને જ્ઞાન થયું અંદરમાં. મારા અસ્તિત્વમાં તો જ્ઞાન જ છું. તો જ્ઞાનસ્વભાવનું જ્યાં પરિણમન થયું તો સ્વના જ્ઞાનની સાથે વ્યવહાર આવો છે એનું જ્ઞાન થયું. એ જ્ઞાનના પરિણામ આત્માનું કાર્ય છે. વ્યવહાર આત્માનું કાર્ય નથી. વ્યવહાર સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ખરેખર દર્શન પણ નથી, જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી. પણ નામ આપ્યા હતા. કહે છે કે એ પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ છે. દેવચંદજી!

મુમુક્ષુ :- પરમ સત્ય વાત.

ઉત્તર :- આહાહા..! અરે..! સાંભળવા મળે નહિ. એ વિચાર કે દી કરે? અને કે દી રુચિ કરીને પરિણમન કરે? આવા અવસર ચાલ્યા જાય છે, ભાઈ! એક એક સમયની કિંમત છે. ચક્રવર્તીના રાજ મળવા સહેલા છે પણ એક સમયનું મનુષ્યપણું, ભવનો અભાવ કરવાનો કાળ બહુ દુર્લભ છે, ભગવાન! કોઈની સાથે વાત નથી. શું થઈ શકે એ તો કહો. માર્ગ તો છે ઈ છે. એમાં કોઈ સંદેહનું સ્થાન નથી. ઈર્ષ્યા કરો તો કરો. નિયમસારમાં છેલ્લે લીધું છે. કોઈ ઈર્ષ્યા કરો તો કરો, જિનમાર્ગની નિંદામાં તમે અભક્તિ ન કરો. અરે..! આટલા આટલા માનવાવાળા. મારી સત્ય વાત હોય તો માનતા નથી અને આ શું? એમ જ હોય, ભગવાન! નિંદા કરવાવાળા નિંદા કરો. પણ સ્વરૂપની દૃષ્ટિ અને જ્ઞાન વીતરાગી છે એની અભક્તિ ન કરો. એવી વાત છે. ઈ નિયમસારમાં આવે છે, પાછળ આવે છે. આચાર્યોએ તો બહુ કામ કર્યા છે. સમજાય છે કાંઈ?

કહે છે, '**આત્મપરિણામને અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...**' આ તો મહાસિદ્ધાંત છે માટે ધીમે ધીમે લેવું પડે છે, હોં! આહા..! નહિતર આત્મપરિણામ અને આત્મા એ વળી શું? આત્મપરિણામ એ, પહેલા કહ્યું હતું કે પુદ્‌ગલપરિણામનું જ્ઞાન એ આત્માના પરિણામ. સમજાય છે કાંઈ? અને પોતાની અને પરની શ્રદ્ધાના પરિણામ એ આત્મપરિણામ. અને પોતામાં સ્વરૂપની સ્થિરતા, અરાગી-વીતરાગી પર્યાય ચારિત્ર એ આત્મપરિણામ. પંચ મહાવ્રતાદિ આત્મપરિણામ નહિ. રાડ નાખે. પોકાર કરે, અરેરે..! સોનગઢવાળાએ... ભાઈ! સોનગઢવાળા નહિ, માર્ગ જ એવો છે, સાંભળ તો ખરો.

મુમુક્ષુ :- વીતરાગનો માર્ગ છે.

ઉત્તર :- વીતરાગનો માર્ગ છે. અનાદિનો માર્ગ છે, ભગવાન! તારે પણ એ રસ્તે આવવું પડશે. તારું કલ્યાણ કરવું હોય તો આવવું પડશે. નકાર કરવાથી ભગવાન! આત્માનો વિરોધ થશે. તારો વિરોધ થશે. બીજાનો તો વિરોધ છે ક્યાં? પોતાનો વિરોધ. ભગવાન! નુકસાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થશે, ભાઈ!

અહીં તો કહે છે.. આહાહા..! પ્રભુ! તું ચૈતન્ય ભગવાન છો ને. તારી ખાણમાંથી-નિધિમાંથી નીકળવાવાળો રાગ તારી નિધિમાંથી નીકળે છે? તારી પાસે છે અંદર? દ્રવ્ય-ગુણમાં છે કોઈ ચીજ? ભગવાન આત્મા તો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય, અનંત સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન આદિ શક્તિનો પિંડ પ્રભુ છે. તો એના પરિણમનમાં તો નિર્મળ પરિણામ એ એની ખાણના પરિણામ છે. એ ખાણમાંથી ઉઠતા ઈ ભાવ છે. સમજાય છે કાંઈ?

**'આત્મપરિણામ અને આત્માને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું...'** છે. મોક્ષમાર્ગની પર્યાય આત્માનું કાર્ય છે, આત્મા કર્તા છે. કેમ કે એ રૂપે પરિણમવાવાળો ઈ છે. સમજાય છે કાંઈ? વ્યવહારરૂપ પરિણમવાવાળો આત્મા નહિ. **'આત્મદ્રવ્ય...'** હવે વિશેષ સિદ્ધ કરે છે. **'સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** હવે શું સિદ્ધ કરે છે? એ વ્યવહાર છે તો એને જાણવાના પરિણામ અહીંયા થયા (એમ નથી). ... **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** ભગવાન આત્મા..! પહેલા એનું જ્ઞાન એ કર્મ કહ્યું હતું ને? એનું જ્ઞાન એ કર્મ એમ કહ્યું હતું ને? એટલે જરી ફેરવી નાખે છે કે એનું જ્ઞાન નહિ, એ તો સ્વતંત્ર આત્મા વ્યાપક થઈને પોતાના પરિણામને કરે છે. એનું જ્ઞાન છે જ નહિ, એ તો આત્માનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ? આહાહા..! ટીકા તે પણ ટીકા છે ને! અમૃત રેડ્યાં છે.

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...'** આત્મદ્રવ્ય કોને કહે છે? શુદ્ધ ચૈતન્યમૂર્તિ વીતરાગી આનંદકંદ એ આત્મદ્રવ્ય. એ **'સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે પુદ્ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** પણ સ્વતંત્ર થઈને કર્તા છે. એ વ્યવહાર છે તો જ્ઞાનપરિણામ થયા એ ઊડાડી દીધું. પહેલા જરી સંબંધ બતાવ્યો હતો. પહેલા થોડું બતાવ્યું હતું, નહિ? **'પુદ્ગલપરિણામના જ્ઞાનને (આત્માના) કર્મપણે કરતા એવા...'** પુદ્ગલપરિણામના જ્ઞાનને કર્મપણે કરતા એવા. ત્યાં જરી પરની અપેક્ષા જણાવી હતી. અહીં કહે છે કે સ્વતંત્ર આત્મા વ્યાપક થઈને. એ પુદ્ગલપરિણામનું જ્ઞાન પોતે આત્મા સ્વતંત્ર કર્તા થઈને વ્યાપ્ત થાય છે. વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના. આહાહા..! કર્તાની વ્યાખ્યા શું? સ્વતંત્રપણે કરે તે કર્તા. અહીંયા ઈ કહે છે. સમજાય છે કાંઈ? થોડી સૂક્ષ્મ પડે અજાણ્યા માણસને. સાધારણ ગામના માણસ હોય ને. પણ વસ્તુ તો આમ છે. એણે સમજવી પડશે. દાવાનળમાં અનાદિથી સળગી રહ્યો છે. એમાંથી નીકળવું હોય તો આ માર્ગ લેવો પડશે એણે.

મુમુક્ષુ :- સ્વતંત્રતાનો ઢંઢેરો છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ઉત્તર :- હા, ઢંઢેરો છે. ગાદિકાજીને રુચે છે. એ જરી બોલ્યા હતા એક ફેરી ત્યાં. ભાષણમાં... ભગવાન! માર્ગ આવો છે. પહેલા સાંભળવાથી એની રુચિ થવી જોઈએ. ઓહો..!

કહે છે, વ્યવહારના પુદ્‌ગલપરિણામ જેને કહ્યા, વ્યવહારને, અને જેને પુદ્‌ગલ કહી દીધા. એ ભૂમિકામાં તે કાળે તે છે, એની જરી અપેક્ષા રાખીને જ્ઞાનના પરિણામ, શ્રદ્ધાના પરિણામ થયા કે નહિ? નહિ. આત્મદ્રવ્ય સ્વતંત્ર થઈને પરની અપેક્ષા રાખ્યા વિના. વ્યવહારની અપેક્ષા, નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના. જુઓ! વ્યવહાર નિમિત્ત છે. નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના. નિમિત્તનો અભાવ છે. જુઓ! પહેલેથી લીધું ને? આત્મદ્રવ્ય સ્વતંત્ર થઈને. ખલાસ થઈ ગયું ને. નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના આત્મા સ્વતંત્ર પોતાના પરિણામ કરે છે. નિમિત્ત, નિમિત્તની રાડ પાડે છે ને. વ્યવહાર છે તો નિમિત્ત તો છે. નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના જ્ઞાન થાય છે. એમ કહે છે અહીં તો. દેવચંદજી! પહેલેથી અહીંયા લીધું. જુઓ!

**'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...'** સ્વતંત્ર વ્યાપકનો અર્થ શું? વ્યવહારની અપેક્ષા નથી. વ્યવહારનું જ્ઞાન કરવામાં વ્યવહારની અપેક્ષા નથી, એમ કહે છે. પ્રકાશચંદજી! ... પર્યાય ઉપર નહિ, રાગ ઉપર નહિ, નિમિત્ત ઉપર નહિ. રાગ ઉપર તો ઠીક, પુદ્‌ગલ છે. નિમિત્ત તો પુદ્‌ગલ છે, પર્યાય ઉપર પણ નહિ. એક અંશ છે. આત્મદ્રવ્ય તો ત્રિકાળી છે. ત્રિકાળી દ્રવ્યની દૃષ્ટિ જ્ઞાનીની હોવાથી **'આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો એટલે કે...'** ખુલાસો કરવો પડ્યો કે **'પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...'** એ વ્યવહારનું જ્ઞાન થયું એ સ્વતંત્ર થઈને જ્ઞાન કરે છે. વ્યવહાર છે તો જ્ઞાન થાય છે એવી અપેક્ષા એમાં નથી. ન્યાયથી જુઓને. વિચાર કરો.

જુઓ! જ્ઞાનગુણ ત્રિકાળ છે. જ્ઞાનગુણ ત્રિકાળ છે તો જ્યારે જ્ઞાયક ઉપર દૃષ્ટિ થઈ તો જ્ઞાનગુણ પરિણમ્યો. પરિણમ્યો તો એ સ્વતંત્રતાથી પોતાનું પરિણમન થયું એ કાળમાં? કે વ્યવહાર છે તે પરિણમ્યું છે? સમજાય છે કાંઈ? ...ધ્રુવ ચૈતન્યપ્રવાહપણે એ સ્વતંત્રપણે પોતાના ધ્રુવમાંથી પરિણમન કરે છે. તો એ પરિણમનની પર્યાય સ્વતંત્ર વ્યાપક થઈને એનું વ્યાપ્ય થયું છે. વ્યવહાર છે તો જ્ઞાનપરિણામ થયા છે એમ છે જ નહિ. પરદ્રવ્ય નામ વ્યવહાર. વ્યવહારની અપેક્ષાથી નિશ્ચયની પર્યાય તો થઈ નથી, પણ વ્યવહારની અપેક્ષાથી,. અહીં જ્ઞાન થયું એ પણ એની અપેક્ષાથી નહિ, એમ કહે છે. સમજાય છે કાંઈ? વાત એવી છે. સમાજને આ વાત બેસે, ન બેસે એથી કંઈ વસ્તુસ્થિતિ બદલાઈ જશે?

મુમુક્ષુ :- .. બૌદ્ધની માન્યતા છે.

ઉત્તર :- એ માન્યતા છે. પણ અહીંયા પણ ઈ તો માને છે કે અમને વ્યવહારથી જ્ઞાન થયું ને? લોકાલોક છે તો જ્ઞાન થાય છે ને? એમ છે જ નહિ. લોકાલોકથી જ્ઞાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હોય તો બધાને કેવળજ્ઞાન હોવું જોઈએ. લોકાલોક તો અનાદિથી પડ્યા છે. જેને જ્ઞાન થાય છે એ પોતાથી થાય છે-દ્રવ્યમાંથી થાય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન સ્વતંત્ર દ્રવ્ય વ્યાપક થઈને કેવળજ્ઞાનના પરિણામ કરે છે. એમ કહે છે. અહીં તો સાધકની વાત છે. પણ કેવળજ્ઞાનના પરિણામ પણ સ્વતંત્ર આત્મદ્રવ્ય વ્યાપક થઈને કરે છે. લોકાલોક છે કે પહેલા વ્યવહાર હતો કે પહેલા નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય હતી માટે આત્મા કેવળજ્ઞાનપણે થયો છે એમ નથી. સીધો ભગવાન આત્મા વર્તમાનકાળમાં કેવળજ્ઞાનપણે પરિણમે છે એ સ્વતંત્ર થઈને. પૂર્વની પર્યાય, નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના. સમજાય છે કાંઈ?

કહે છે, '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી આત્મપરિણામનો...**' સમજ્યાને? સિદ્ધત્વાત. ઘટ મૃતિકા છે ને અંદર? દાખલો આપ્યો છે કે નહિ? '**स्वतन्त्रव्यापकेन स्वयं व्याप्यमानत्वात्पुद्गलपरिणामज्ञानं कर्मत्वेन कुर्वन्तमात्मानं**' નાખ્યો છે શબ્દ અંદર. પુદ્‌ગલપરિણામ શબ્દ કેમ નાખ્યો છે? અંદર છે. '**આત્મપરિણામનો એટલે કે પુદ્‌ગલપરિણામના જ્ઞાનનો કર્તા છે...**' એ વ્યવહારના જ્ઞાનનો કર્તા દ્રવ્ય સ્વતંત્ર થઈને કરે છે. જેઠાલાલભાઈ! વ્યવહારથી નિશ્ચય તો નહિ, સમ્યગ્દર્શન-જ્ઞાન તો નહિ પણ વ્યવહારનું જ્ઞાન થયું ને? એ છે તો થયું છે એમ નહિ. એ જ્ઞાનની હયાતી પોતામાં છે. જ્ઞાનની સત્તા પોતામાં છે. તો પોતાની સત્તા જ વ્યાપક થઈને સ્વપરપ્રકાશક જ્ઞાનરૂપે પરિણમે છે. સમજાય છે કાંઈ? અહીં તો ભાઈ! ઈ લેવું છે. પરપ્રકાશકજ્ઞાન પણ પરની અપેક્ષા રાખીને થાય છે એમ નથી. એમ કહે છે. કેમ કે સ્વપરપ્રકાશક જ્ઞાયકનો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ છે. તો દ્રવ્ય સ્વતંત્ર થઈને સ્વપરપ્રકાશકના પરિણામ કરે છે. પરની અપેક્ષા નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- તો જ્ઞાન પરાધીન થઈ જાય.

ઉત્તર :- ત્રણ કાળમાં એમ નથી.

'**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' આ બધા સૂત્ર સૂક્ષ્મ છે. એકદમ લઈ જઈએ તો સમજાય નહિ. રતનચંદજી! ઘૂંટીને રતન પીવડાવે છે, એમ કહે છે. એક એક શબ્દનો ભાવ શું છે એ સમજાવું જોઈએ ને. એમ ને એમ ચાલ્યો જાય એમ ન ચાલે. આ તો અધ્યાત્મ ભાવ માખણ ભર્યા છે એમાં. સમજાય છે કાંઈ? તો કહે છે કે '**આત્મદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી...**' સ્વતંત્ર કર્તા હોવાથી, સ્વતંત્ર કરવાવાળો હોવાથી આત્મપરિણામ રૂપી કાર્ય સ્વતંત્રપણે કરે છે. એમ. આત્મપરિણામનું કાર્ય-આત્મા મોક્ષમાર્ગના પરિણામનું કાર્ય. જુઓ! ભાઈ! આમાં ઈ લીધું કે સમ્યગ્દર્શનના પરિણામ સ્વતંત્ર આત્મા વ્યાપક થઈને (પરિણામ કરે છે). સમજાય છે કાંઈ? .. તું છો.. વીતરાગબિંબ ભગવાન આત્મા છે એ સ્વતંત્ર થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતાનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રના પરિણામને કરનારો આત્મા સ્વતંત્ર છે. આત્મપરિણામ કહો કે મોક્ષમાર્ગના પરિણામ કહો. ... સ્વતંત્રતાની એને ખબર નથી અને સ્વતંત્રતાનો ઢંઢેરો ભગવાન શું પીટે છે એની પણ એને ખબર નથી. પોતાને તો ખબર નથી પણ આચાર્ય આદિ શું કહે છે એની પણ ખબર નથી. પોતાની દૃષ્ટિથી અર્થ કરે. જુઓ! આમ છે, વ્યવહારથી આમ છે. '**અને પુદ્ગલપરિણામનું જ્ઞાન...**' એ જે વ્યવહારનું જ્ઞાન થયું '**તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી (વ્યાપ્યરૂપ થતું હોવાથી) કર્મ છે.**' જુઓ! માથે આવ્યું હતું ને? સ્વયં. એ જ્ઞાન સ્વયં વ્યાપ્ય છે. વ્યવહારની અપેક્ષા નહિ અને ખરેખર તો વ્યાપક કર્તાની અપેક્ષા નથી. સ્વયં પર્યાય પોતાથી પરિણમે છે. એ પર્યાયનો દાતા-કર્તા પણ નથી. દ્રવ્ય પણ દાતા નથી. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના પરિણામનો દ્રવ્ય દાતા નથી. નિમિત્ત દાતા તો નહિ, વ્યવહાર તો નહિ, દ્રવ્ય દાતા નહિ. એવી સ્વતંત્ર પર્યાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૫, શનિવાર તા. ૧-૬-૧૯૬૮**
**ગાથા-૭૫, ૭૬ પ્રવચન-૫૨૪**

... અંતરમાં નાસ્તિરૂપ પરિણમન થયું. પોતાની શુદ્ધ અસ્તિ, પૂર્ણાનંદ પૂર્ણ સ્વરૂપ એ રૂપ શ્રદ્ધામાં પરિણમન થયું અને વ્યવહાર, કર્મ અને નિમિત્તના અભાવરૂપ પરિણમન થયું. એવા ધર્મીને જ્ઞાતા પરિણામમાં જે રાગાદિ, નિમિત્ત આદિ છે એનું જે જ્ઞાન થયું એ જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે. ધર્મી એ વ્યવહારનું જ્ઞાન કરે છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ જીવ, ધર્મીજીવ જ્ઞાનીજીવ જે ભૂમિકા પ્રમાણમાં રાગાદિ આવે છે તેનું એ જ્ઞાન કરે છે. એ પણ વ્યવહારથી કહે છે. એ '**(જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' શું કહ્યું? ભગવાન આત્મા નિજ જ્ઞાન ચૈતન્યસ્વરૂપના અસ્તિત્વનો બોધ અને અનુભવ થયો તો તે ક્ષણે રાગાદિ જે બાકી છે તેનું જ્ઞાન કરે છે. તો જ્ઞાન કરે છે તો રાગાદિ વ્યવહારાદિ જ્ઞાનીનું કાર્ય થઈ જાય છે એમ નથી. સમજાય છે કાંઈ? પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે. એમ આવ્યું ને કે કરે છે, જ્ઞાન કરે છે એમ આવ્યું ને? વ્યવહાર છે, દયા, દાન વિકલ્પ જે ભૂમિકા પ્રમાણમાં વ્યવહાર છે તેનું જ્ઞાની જ્ઞાન કરે છે. કેમ કે તેનાથી ભિન્ન પડ્યો છે. તેનાથી એકત્વ રહ્યું નથી. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ પોતામાં પોતાનું જ્ઞાન કરે છે તે જ ક્ષણે જેટલા વ્યવહાર રાગાદિ આવે છે તે સંબંધી જ્ઞાન કરે છે. તો એ સંબંધી જ્ઞાન કર્યું તો શું રાગાદિ તેનું કાર્ય થઈ ગયું? એમ કહે છે. સમજાય છે કાંઈ? જુઓ! '**(જ્ઞાતા પુદ્ગલપરિણામનું જ્ઞાન કરે છે તેથી) એમ પણ નથી કે પુદ્ગલપરિણામ જ્ઞાતાનું વ્યાપ્ય છે;...**' વ્યવહાર વિકલ્પ જે ઉત્પન્ન થાય છે, વ્યવહાર રત્નત્રય આદિ, એ ધર્મીનું કાર્ય છે એમ નથી. એ ધર્મીની પર્યાય છે એમ નથી. સમજાય છે કાંઈ? '**કારણ કે પુદ્ગલને અને આત્માને...**' જુઓ! હવે પુદ્ગલ લઈ લીધું. વ્યવહાર વિકલ્પ જે છે, વ્યવહાર શુભ રાગાદિ છે એ બધા પુદ્ગલ છે. એ પુદ્ગલ અને આત્માને '**જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં પણ...**' ભગવાન આત્મા જાણનાર-દેખનાર અને વ્યવહાર તેનું જ્ઞેય. જ્ઞેય અને આ જાણનાર એટલો બે વચ્ચે વ્યવહાર હોવા છતાં '**પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે...**' એ વ્યવહાર જેનું નિમિત્ત છે નામ જ્ઞાનપરિણામ અહીંયા થયા, પોતાનું જ્ઞાન કરતાં રાગના પરિણામ પણ પોતામાં થયા-જ્ઞાન, એ જ્ઞાન જે છે, પુદ્ગલપરિણામ જેનું નિમિત્ત છે. કોનું? '**એવું જે જ્ઞાન...**'

વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે તેનું જે જ્ઞાન થયું, જે જ્ઞાનમાં વ્યવહાર નિમિત્ત છે. જુઓ નિમિત્ત ભાષા. નિમિત્ત થયું તો એ નિમિત્ત પોતાનું કાર્ય છે એમ નથી.

'**જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.**' પોતાનું સ્વ-પરનું જ્ઞાન કરતાં વ્યવહારનું જ્ઞાન થયું અને વ્યવહાર પોતાની જ્ઞાનપર્યાયમાં નિમિત્ત થયો તો એટલા માત્રથી વ્યવહાર આત્માનું કાર્ય થઈ જાય, વ્યાપ્ય થઈ જાય, પર્યાય થઈ જાય એમ નથી. પોપટભાઈ! એવું ઝીણું છે. ન્યાં લાડવા નથી ખાવાના. આહાહા..! '**પુદ્ગલને અને આત્માને જ્ઞેયજ્ઞાયકસંબંધનો વ્યવહારમાત્ર હોવા છતાં...**' જુઓ! નિમિત્તનૈમિત્તિક વ્યવહાર કહ્યો. વ્યવહાર છે તે નિમિત્ત છે, પરજ્ઞેય. આત્મા પોતાનું જ્ઞાન કરે છે તો રાગ વ્યવહારનું જ્ઞાન કરે છે. વ્યવહાર છે એવું જ્ઞાન થાય છે. પણ જ્ઞાન કરવા છતાં અને પોતાના જ્ઞાનમાં પોતાની જ્ઞાનપર્યાયમાં એ વ્યવહાર નિમિત્ત હોવા છતાં પણ વ્યવહાર આત્માનું કાર્ય નથી થઈ જતું. સમજાય છે કાંઈ? દેવચંદજી! ગાથા બહુ સારી છે. આહાહા..!

જાત્રાનો ભાવ આવ્યો, મહાવ્રતનો ભાવ આવ્યો, પૂજાનો ભાવ આવ્યો, દાનનો ભાવ (આવ્યો). તો કહે છે કે એ ભાવ જ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞેયરૂપ-પરજ્ઞેય રૂપ નિમિત્ત થાય છે. એ નિમિત્ત છે અને પોતાનો જ્ઞાયક જ્ઞાતા નૈમિત્તિક પર્યાય છે. તો પોતાની નૈમિત્તિક પર્યાયમાં એ વ્યવહાર નિમિત્ત હોવા છતાં અને એનું જ્ઞાન કરવા છતાં એ વ્યવહાર તેનું વ્યાપ્ય થઈ જાય, આત્માનું કાર્ય થઈ જાય એમ બનતું નથી. સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ વાત છે. દેવચંદજી! અત્યારે ગડબડ કરે છે. અરે..! ભગવાન! એમ ગડબડ ન ચાલે.

ભગવાન ચૈતન્યપ્રભુ સ્વપરપ્રકાશક જ્ઞાનની જ્યોતિ જ્યાં પ્રગટ થઈ તો વ્યવહાર છે એ નિમિત્ત થાય જ્ઞાનમાં. પણ એનો અર્થ એમ નથી કે એ વ્યવહાર છે તો જ્ઞાન થાય છે. તો નિમિત્ત કહેવાય. નહિતર તો વ્યવહાર છે અને જ્ઞાન થાય છે તો એને નિમિત્ત પણ નથીં કહેવાતું. અને પોતાનું સ્વપરપ્રકાશક જ્ઞાન થવામાં એ નિમિત્ત છે. જ્ઞેય છે, એ જ્ઞાયક છે. તો નિમિત્ત જ્ઞાનમાં છે તો નિમિત્ત હોવાથી નિમિત્ત વ્યાપ્ય થઈ જાય, પોતાનું કાર્ય થઈ જાય, પોતાની પર્યાય થઈ જાય, પોતાની અવસ્થા થઈ જાય, પોતાના પરિણામ થઈ જાય એમ કદી બનતું નથી. સમજાય છે કાંઈ? અજીતપ્રસાદજી! પણ આવી સૂક્ષ્મ વાત? ભારે વાત. આહાહા..!

'**એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે.**' જે વ્યવહાર ઉત્પન્ન થયો એ પુદ્ગલના પરિણામ છે. એ પોતાના જ્ઞાનમાં સ્વપર જ્ઞાતાપણાની પર્યાયમાં એ નિમિત્ત છે. નિમિત્ત હોવા છતાં, વ્યવહાર હોવા છતાં, એ પુદ્ગલ હોવા છતાં, જ્ઞાનમાં વ્યવહાર આવવા છતાં એ વ્યવહાર આત્માનું કાર્ય થઈ જાય એમ નથી. પંડિતજી! સમજાય છે કાંઈ? તો આ શરીરની

ક્રિયા કરવી ને કોઈને સમજાવવું અને પુસ્તક લખવા એ વ્યવહાર આત્મામાં છે જ નહિ એમ કહે છે. આહાહા..! ગોદિકાજી! ભારે વાત. એઈ..! બાબુજી! .. ગયા? ઓહોહો..!

મુમુક્ષુ :- કરવું કે નહિ કરવું?

ઉત્તર :- પણ કરી શકે છે ક્યાં?

મુમુક્ષુ :- થાય છે તેને જાણે.

ઉત્તર :- થાય છે તેનું જ્ઞાન થયું એ જ્ઞાનના પરિણામમાં એ વ્યવહાર નિમિત્ત હો. નિમિત્ત હોવા છતાં તેનાથી જ્ઞાન નથી થયું. નિમિત્ત હોવા છતાં નિમિત્ત પોતાનું કાર્ય નથી થઈ ગયું. નિમિત્ત હોવા છતાં તેનાથી જ્ઞાન નથી થયું. નિમિત્ત હોવા છતાં તે પોતાનું કાર્ય નથી થયું. સેઠી! આહાહા..!

**'એવું જે જ્ઞાન તે જ જ્ઞાતાનું વ્યાપ્ય છે. (માટે તે જ્ઞાન જ જ્ઞાતાનું કર્મ છે).'** લ્યો. ભગવાન આત્મા પોતાનું જ્ઞાયકસ્વરૂપ છે. પુણ્ય-પાપના વિકલ્પથી ભેદજ્ઞાન.. ગુણી-ગુણના ભેદ પડવાથી જે વિકલ્પ ઉઠે છે તે પુદ્‌ગલપરિણામ છે. તેનાથી ભિન્ન પડી ગયો તો પોતાનું જ્ઞાન થયું. એમાં જે વ્યવહાર છે તેનું પણ પોતામાં જ્ઞાન થાય છે. એ શું છે એવું જ્ઞાન થાય છે. અને પોતાની જ્ઞાનની પર્યાયમાં પોતાના મોક્ષમાર્ગની જ્ઞાનની સમ્યક્‌જ્ઞાન પર્યાયમાં એ વ્યવહાર નિમિત્ત હોવા છતાં તેનાથી જ્ઞાન થયું નથી. અને નિમિત્ત હોવા છતાં નિમિત્ત પોતાનું કાર્ય થયું નથી. સમજાય છે કાંઈ? દેવચંદજી! આવી વાત છે. એ ૭૫ ગાથા પૂરી થઈ. થોડી ૭૬ લઈએ. ૭૬. તમારે જવાનું છે ને. ૭૬.

**'હવે પૂછે છે કે પુદ્‌ગલકર્મને જાણતા એવા જીવને પુદ્‌ગલ સાથે કર્તાકર્મભાવ (કર્તાકર્મપણું) છે કે નહિ?'** પૂર્વે થોડું કહી દીધું હતું. અમૃતચંદ્રાચાર્યની શૈલી છે. જે કહેવું હોય એ ટીકાના ઉપોદ્‌ઘાતમાં ઉપોદ્‌ઘાત કર્યો છે. એવી એમની શૈલી છે. નહિતર તો વાત કહેવી છે તે ટૂંકામાં કહ્યું, ઉપોદ્‌ઘાત કરીને સંધિ કરે છે. ૭૬.

**ण वि परिणमदि ण गिह्णदि उप्पज्जदि ण परदव्वपज्जाए।**
**णाणी जाणंतो वि हु पोग्गलकम्मं अणेयविहं।।७६।।**

નીચે હરિગીત.

**વિધવિધ પુદ્‌ગલકર્મને જ્ઞાની જરૂર જાણે ભલે,**
**પરદ્રવ્યપર્યાયે ન પ્રણમે, નવ ગ્રહે, નવ ઊપજે. ૭૬.**

એક શબ્દ ફેરવ્યો. એ પુદ્‌ગલપરિણામ કહ્યું હતું, પુદ્‌ગલ કહ્યું હતું, અહીંયા પરદ્રવ્ય શબ્દ લીધો છે ટીકામાં, મૂળ પાઠમાં. એ વ્યવહાર રત્નત્રયનો જે વિકલ્પ છે એ પુદ્‌ગલ છે, પુદ્‌ગલના પરિણામ છે અને પરદ્રવ્ય છે. પંડિતજી! સૂક્ષ્મ છે સમયસાર.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- આત્માની વાત છે.

ઉત્તર :- આત્માની વાત છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, સૂક્ષ્મ છે. એવી વાત છે. જુઓ!

ભગવાન આત્મા પોતાનું જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ રાગથી, નિમિત્તથી, કર્મથી, સંયોગથી ભિન્ન થવાના કાળે જ્યાં ભેદજ્ઞાન થયું, પરથી એકત્વબુદ્ધિ હતી એ છૂટી ગઈ અને પરથી ભેદ પડી ગયો. પોતાની જ્ઞાનની પર્યાય નિજ જ્ઞાતા સાથે સંબંધમાં આવી. એ સમયે જે જ્ઞાન થાય છે, શ્રદ્ધા થાય છે, શાંતિ થાય છે એવી પોતાની નિર્મળ પર્યાય પોતાનું કાર્ય છે. એ કર્તાકર્મ છે. ભેદ પાડો તો. એ ભેદ પાડો તો. નહિતર તો કર્તાકર્મ એવો ભેદ પણ સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? હવે જ્યારે આત્મા પોતાના જ્ઞાનમાં આવ્યો અને પરનું જ્ઞાન કરે છે તો જેટલો વ્યવહાર છે તેને અહીંયા પરદ્રવ્ય કહ્યું છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના પરિણામ, શાસ્ત્રનું જ્ઞાન એ પરદ્રવ્ય છે.

મુમુક્ષુ :- પુદ્ગલ કહ્યું હતું, અહીં પરદ્રવ્ય કહ્યું.

ઉત્તર :- પહેલા પુદ્ગલપરિણામ કહ્યા હતા, પછી પુદ્ગલ કહ્યું હતું, સ્પષ્ટ કરવા અહીં પરદ્રવ્ય કહી દીધું. એ પરદ્રવ્ય કેવું છે એમ કહે છે હવે. હવે એ પરદ્રવ્ય કેવું છે કે જે આત્મા જાણે છે. આત્મા તેને જાણે છે, એવું પરદ્રવ્ય કેવું છે? આત્મા પોતાને અને પરને જાણે છે એવો જે આત્મા એમાં જે પરદ્રવ્ય (જણાય) છે એ કેવું છે?

'**ટીકા :- પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્ગલના પરિણામસ્વરૂપ જે કર્મ (કર્તાનું કાર્ય)...**' શું કહે છે? '**તેનામાં પુદ્ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું, તે-રૂપે પરિણમતું, અને તે-રૂપે ઊપજતું થકું, તે પુદ્ગલપરિણામને કરે છે;...**' આટલી લાંબી વ્યાખ્યા છે. હવે દરેકનો અર્થ. એ તો આખી પંક્તિ વંચાઈ ગઈ. હવે શું કહે છે? કે '**પ્રાપ્ય,...**' જે પુદ્ગલ છે તે સમયે જે વ્યવહાર રત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચ મહાવ્રતના વિકલ્પ, શાસ્ત્રજ્ઞાનનો રાગ તે સમયે થવાવાળું પુદ્ગલ તેને પ્રાપ્ત થાય છે. તે સમયે રાગ થવાવાળો હતો તેને પુદ્ગલ પ્રાપ્ત કરે છે. તે જ થવાનો હતો. તે સમયે તે જ રાગ, વ્યવહાર રત્નત્રયનો રાગાદિ તે જ થવાનો હતો. તેને પ્રાપ્ય કહે છે. પ્રાપ્ય અર્થાત્ પહોંચી વળે છે. પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે.

જેમ ગામ છે તેને પ્રાપ્ત કરે છે. એમ તે રાગ, તે વ્યવહારને તે જ કાળે એવો જ ઉત્પન્ન થવાની પોતાની લાયકાતથી ઉત્પન્ન થયો છે. એમાં પુદ્ગલ પ્રાપ્ત કરે છે. એ પુદ્ગલનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પ્રાપ્ય છે. અર્થાત્ પુદ્‌ગલનું વ્યાપ્ય છે અથવા પુદ્‌ગલનું કાર્ય છે. સમજાય છે કાંઈ? પ્રાપ્ય,.. ત્રણે વ્યાપ્ય છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણે વ્યાપ્ય છે. વ્યાપ્ય નામ ત્રણે કાર્ય છે, ત્રણે અવસ્થા છે, ત્રણે ભાવ છે. પણ કોનો? એ પુદ્‌ગલની પર્યાય છે. શું કહ્યું? શેઠી! શું કહે છે?

ભગવાન આત્મા.. એ પછી લેશે. અહીંયા ભગવાનનું પ્રાપ્ય તો ઈ છે કે જે વ્યવહારનું પ્રાપ્ય છે તે સમયે, જે પ્રકારનો રાગાદિ શુભ આદિ દયા, દાન, વ્રતાદિના પરિણામ થયા કે દેવની શ્રદ્ધા થઈ એ રાગ એ પુદ્‌ગલનું પ્રાપ્ય છે, પુદ્‌ગલનું વ્યાપ્ય છે, પુદ્‌ગલ એમાં વ્યાપે છે, પુદ્‌ગલનું કાર્ય છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય ત્રણે વ્યાપ્ય અવસ્થારૂપી કર્મ કાર્ય પુદ્‌ગલનું છે. આત્મા એને પોતા સન્મુખ રહીને જાણે છે એ જ્ઞાનની પર્યાય પોતાનું વ્યાપ્ય-પ્રાપ્ય છે. તે જ સમયે તે જ જ્ઞાનની પર્યાય થવાની હતી તેને પ્રાપ્ય કહે છે. એ પ્રાપ્યને-પોતાની પર્યાયને આત્મા પહોંચે છે. પણ રાગની પર્યાયને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. ભારે ઝીણું. આવું જ વસ્તુનું સ્વરૂપ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**પ્રાપ્ય,...**' જે વ્યવહાર, જે ભૂમિકાને યોગ્ય થાય છે તે પોતાથી ઉત્પન્ન થાય છે. નિશ્ચય પર્યાયની અપેક્ષા રાખ્યા વિના. સમ્યગ્દર્શન, જ્ઞાન અને સ્વરૂપાચરણ સ્થિરતા ચોથા ગુણસ્થાનમાં થઈ તે પોતાનું વ્યાપ્ય, પોતાનું કર્મ અને કરવાવાળાનું કાર્ય. તે જ સમયે જે દયા, દાન, ભક્તિ, નામસ્મરણ, એવો દેવ-ગુરુ-શાસ્ત્રનો શ્રદ્ધાનો ભાવ, ભક્તિનો, પૂજાનો જે ભાવ છે તે તે જ સમયે થવાનો હતો. ધ્રુવપણે તે જ થવાનો હતો. ધ્રુવપણે-નિશ્ચયપણે તે જ પર્યાય થવાની હતી. પુદ્‌ગલ તેને પ્રાપ્ત કરે છે. આત્મા નહિ. ત્રણમાં ધ્રુવ, ઉત્પાદ, વ્યય લગાવીએ છીએ. પેલો ધ્રુવ એ બીજો ધ્રુવ. અહીં તો ધ્રુવ નામ નિશ્ચય એ જ પર્યાય થવાવાળી છે તે ધ્રુવ. ચોક્કસ. તે જ પર્યાય તે જ સમયે થવાવાળી છે વ્યવહારની તેનું નામ પ્રાપ્ય. પુદ્‌ગલનું પ્રાપ્ય. પુદ્‌ગલનું પ્રાપ્યરૂપી વ્યાપ્ય છે. પુદ્‌ગલનું પ્રાપ્યરૂપી વ્યાપ્ય-કાર્ય છે. સમજાય છે કાંઈ?

કહે છે, એક શબ્દ '**પ્રાપ્ય,...**' પહેલો. પ્રાપ્ય એટલે શું? પ્રાપ્ય માને ક્યા? તમારે એમ કહે ને? માને ક્યા? એમ કોઈ બોલતા હતા તો મારા ખ્યાલમાં આવી ગયું. અમારા ભાઈ છે ને? પ્રાણભાઈ કહેતા હતા, માને ક્યા? ઠીક. યાની. માને બોલતા હતા, માને બોલતા હતા. એટલે? માને એટલે એમ. આપણને કંઈ હિન્દી બરાબર આવડતી નથી. કોઈ બોલે એમાંથી શીખી લઈએ. માને એટલે. પ્રાપ્ય એટલે પુદ્‌ગલ જે પરમાણુ કર્મ જડ છે તે જ તે સમયે તે જ રાગ, તે જ દયા, તે જ દાન, તે જ ભક્તિ, પૂજાનો પર્યાય ધ્રુવપણે આવવાનો છે, થવાનો છે તેને પ્રાપ્યરૂપી વ્યાપ્ય, પ્રાપ્યરૂપી વ્યાપ્ય (અર્થાત્) થવાવાળી દશારૂપી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાર્યને પુદ્ગલ કરે છે. ધ્રુવપણે નિશ્ચયપણે. તે જ પર્યાય ધ્રુવપણે, નિશ્ચયપણે. સમજાય છે કાંઈ? ૭૬, ૭૭, ૭૮, ૭૯ ગાથા બહુ અલૌકિક છે. આ તો થોડું નમૂનો લઈ જાઓ કે શું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા પોતાના આત્માનું પ્રાપ્ય તો પોતાના સ્વરૂપનું તે જ સમયે, તે જ જ્ઞાન, તે જ શ્રદ્ધા અને શાંતિની પર્યાય જે થવાની હતી તે થઈ છે. તે પોતાનું પ્રાપ્યરૂપી વ્યાપ્ય, પ્રાપ્યરૂપી વ્યાપ્યરૂપી આત્માનું એ કર્મ છે. પણ તે સમયે જે વ્યવહારરૂપી રાગાદિ દયા, દાનાદિ ભાવ થયા તે પણ પ્રાપ્ય નામ તે જ સમયે ધ્રુવપણે થવાવાળી પર્યાય તે તેનું વ્યાપ્ય એ પુદ્ગલનું પ્રાપ્ય છે. પુદ્ગલ તેને પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો.

'**વિકાર્ય,...**' વિકાર્ય (અર્થાત્) ફેરફાર થયો. પહેલી પર્યાય હતી તેમાં ફેરફાર થયો. બદલાઈ ગઈ. સમજ્યા? તે વ્યય થઈને ઉત્પન્ન થઈ. વિકાર્ય છે ને? વિકાર્ય. તે રાગની પર્યાય તે સમયે જે પ્રકારનો વ્યવહાર આવવાનો હતો તે પ્રાપ્ય. અને તેને પૂર્વની અપેક્ષાથી વ્યય થઈને ઉત્પન્ન થઈ તો વિકાર્ય થયું. છે તો તેની તે અવસ્થા. તેની તે અવસ્થાને ધ્રુવપણે તે જ થવાની હતી તેને પ્રાપ્ય કહ્યું. અને તે જ પર્યાયને પૂર્વની અવસ્થાનો અભાવ થઈને વિકાર્ય-ફેરફાર થયો તો તે જ અવસ્થાને વિકાર્ય કહેવામાં આવે છે. અને તે જ અવસ્થા ઊપજી, નવી થઈ તે અપેક્ષાથી નિર્વર્ત્ય કહેવામાં આવે છે. ધ્રુવ, વ્યય અને ઉત્પાદ એમાં લગાવ્યા. એ (ત્રિકાળી) ધ્રુવ બીજો અને આ ધ્રુવ બીજો. એ તો (સંવત) ૧૯૯૯માં કહ્યું હતું.

ફરીથી. દેવચંદજી! કહે છે, ભગવાન આત્મા જ્યારે ત્યાં તેની અવસ્થામાં નહિ પણ ભિન્ન વ્યવહારના વિકલ્પ દયા, દાન, ભક્તિ, પૂજાનો શુભભાવ આવે છે તો તે જ સમયે આવવાનો હતો તે આવ્યો. તે સમયની તે પર્યાય સત્ છે. તે જ પ્રાપ્ય છે. પુદ્ગલે પ્રાપ્ત કરવા યોગ્ય, પહોંચવા યોગ્ય તે પર્યાયને છે. પુદ્ગલ તે જ પર્યાયને પહોંચવા લાયક છે. જેમ ગામ આવ્યું તો ગામને પહોંચે છે ને. ગામને રચાતું નથી, ગામને બનાવાતું નથી, ગામ નવું ઊપજતું નથી. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં દાખલો આપ્યો છે. આ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યનો. ગામ છે ને ગામ? પહોંચે છે. એમ તે પર્યાય તે સમયે ઉત્પન્ન થવાવાળી તેને પુદ્ગલ પહોંચે છે. અને પૂર્વની અવસ્થા બદલાઈને તે જ અવસ્થા છે, વ્યાપ્ય તે જ છે, પણ બદલાઈને ઊપજી એ અપેક્ષાથી વિકાર્ય કહ્યું અને બદલીને નિપજી, ઉદય ઉપજ્યો, એ ઉપજ્યાની અપેક્ષાથી નિર્વર્ત્ય થયું. એ અપેક્ષાથી ઊપજ્યું, વ્યય થઈને વિકાર્ય થયું અને ધ્રુવ નિશ્ચય. ત્રણે રૂપ વ્યાપ્ય એ પુદ્ગલનું કાર્ય અને પુદ્ગલનું વ્યાપ્ય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એક જ પર્યાયમાં છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- એક જ પર્યાય. પર્યાયને ત્રણ અપેક્ષાથી કહેવામાં આવી છે. પર્યાય તો એક જ છે. તેને ત્રણ અપેક્ષાથી કહેવામાં આવી છે. પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. પ્રાપ્ય નામ તે જ સમયે થવાવાળો વ્યવહાર તેને પ્રાપ્ય કહે છે. જેને પુદ્‌ગલ પહોંચી વળે છે. વિકાર્ય કે જે બદલીને થયું. બદલીને થયું. તે અપેક્ષાથી તે જ વ્યાપ્યરૂપી કર્મને વિકાર્ય કહે છે. અને તે જ પર્યાય ઉત્પન્ન થઈ તે અપેક્ષાથી નિર્વર્ત્ય કહે છે. નિપજી, નિપજ્યું, નિપજી. છે તો ત્રણેની એક જ વ્યાપ્ય અવસ્થા. ત્રણે પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણ. એવું વ્યાપ્યલક્ષણ. ત્રણેનું '**વ્યાપ્યલક્ષણવાળું (વ્યાપ્ય જેનું લક્ષણ છે એવું) પુદ્‌ગલના પરિણામસ્વરૂપ...**' એ પુદ્‌ગલના પરિણામ છે. આહાહા..! રાડ નાખે. તીર્થંકર ગોત્રના પરિણામ કહે છે, જે બંધ બાંધ્યો ને? તે જ સમયે તે પરિણામ આવવાના હતા. પુદ્‌ગલ એને પ્રાપ્ય કરે છે, એને પુદ્‌ગલ પહોંચે છે, આત્મા નહિ. સમજાય છે કાંઈ? અને એ તીર્થંકરગોત્રનો જે ષોડશકારણ ભાવનાનો ભાવ છે તેને પ્રાપ્ય કર્યો, તે જ સમયે આવવાનો હતો તેથી તેને પ્રાપ્ય કહ્યું. પુદ્‌ગલ તેને પહોંચે છે. અને પૂર્વની પર્યાય બદલીને તે થયો તેને વિકાર્યરૂપી વ્યાપ્ય કહે છે. પુદ્‌ગલ એમ વિકાર્યરૂપ થઈને પોતાનું કાર્ય કરે છે, આત્મા નહિ. અને તે જ પરિણામને ઉપજ્યા એ અપેક્ષાથી લ્યો તો એ નિર્વર્ત્ય થયું. સમજાય છે કાંઈ?

'**પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું, વ્યાપ્યલક્ષણવાળું...**' અવસ્થા લક્ષણવાળું, કાર્ય લક્ષણવાળું પુદ્‌ગલના પરિણામ. એ પુદ્‌ગલના પરિણામ છે. સમજાય છે કાંઈ? '**પરિણામસ્વરૂપ જે કર્મ...**' પુદ્‌ગલ પરિણામસ્વરૂપી કાર્ય '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને,...**' આત્માના નિશ્ચય સ્વભાવનું ભાન છે, અનુભવ છે તેની અપેક્ષા રાખ્યા વિના બિલકુલ પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને. સમજાય છે કાંઈ? પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને. શેમાં? પંડિતજી! એ પરિણામમાં. અંતર્વ્યાપક તો પુદ્‌ગલ છે. આ તો વ્યાપ્ય સિદ્ધ કરવું છે. રાગાદિ વ્યાપ્યમાં અંતર્વ્યાપક એ પુદ્‌ગલ થાય છે. વ્યાપક પુદ્‌ગલ છે અને એ પર્યાય તો વ્યાપ્ય છે. આ તો ગૂઢ ભાષા છે. એમ ને એમ સમજાય એવી નથી. સમજાય છે કાંઈ? જુઓ! '**તેનામાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને...**' એ તો વ્યાપક થાય છે, કર્તા થાય છે. વ્યાપક-કર્તા થાય છે-દ્રવ્ય થાય છે-રચવાવાળું થાય છે. '**થઈને, આદિ-મધ્ય-અંતમાં...**' શું કહે છે? જે શુભભાવ થયો, વ્યવહાર થયો એની આદિમાં-શરૂઆતમાં પુદ્‌ગલ જ છે. એની આદિમાં ભગવાનના દ્રવ્ય, ગુણ અને નિર્મળ પર્યાય આત્માની બિલકુલ નથી. સમજાય છે કાંઈ? કોની આદિમાં?

વ્યવહાર વિકલ્પ જે ઉત્પન્ન થયો, પંચ મહાવ્રતનો કે દયા, દાનનો કે પૂજા, ભક્તિનો ભાવ એ વિકલ્પની ત્રણ અવસ્થા. એક અવસ્થાના ત્રણ પ્રકાર. પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય. ધ્રુવ, ફરવું અને ઊપજવું. એ લક્ષણવાળું પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને, પુદ્‌ગલ અતર્વ્યાપક થઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વ્યાપ્ય લક્ષણમાં કર્મરૂપી પરિણામ કરે છે. તેની આદિમાં પુદ્‌ગલ છે. આત્માની નિર્મળ પર્યાયના અંશની પણ અપેક્ષા નથી.

મુમુક્ષુ :- સ્વતંત્ર છે.

ઉત્તર :- હા, પણ સ્વતંત્રતાની ભાષા છે. પણ એની મર્યાદા શું છે તે ખ્યાલમાં આવવું જોઈએ ને. એકલી સ્વતંત્રતા એમ નહિ. સ્વતંત્ર એટલે કે આત્મા પોતાના જ્ઞાયકસ્વરૂપમાં દૃષ્ટિ હોવાથી પોતાના જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદના પરિણામરૂપી પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણ કરે છે ત્યારે જે વ્યવહાર ભૂમિકામાં આવ્યો તે વ્યવહારની આદિમાં કોણ છે? શરૂઆતમાં આત્માની પર્યાયની શરૂઆતમાં કંઈ પણ કિંચિત્ છે કે નહિ? બિલકુલ નહિ. તીર્થંકર ગોત્રના પરિણામ થયા. ષોડશકારણ પર્યાય થઈ તો એની આદિમાં આત્માની કોઈ પર્યાય છે કે નહિ? જરીયે નહિ. દેવચંદજી!

મુમુક્ષુ :- પુદ્‌ગલના પરિણામ...

ઉત્તર :- પુદ્‌ગલના પરિણામ. આદિમાં આત્મા નથી, આદિમાં પુદ્‌ગલ છે. પંડિતજી! તમારા મહારાષ્ટ્રમાં તો આકરું બહુ પડે. ક્ષેત્રપાળને પગે લાગે ત્યાં આ વાત ક્યાં...? અરે..! ભગવાન! અહીં તો ક્ષેત્રપાળ શું, ક્ષેત્રપાળ તો શું પણ રાગ સાચા સમ્યગ્દૃષ્ટિને, વ્યવહારનો સાચો રાગ એ પ્રકારનો અસદ્‌ભુત વ્યવહાર છે, રાગ આવ્યો એ અસદ્‌ભુત વ્યવહાર છે. એવો જે રાગ આવ્યો તો કહે છે કે એ રાગની પર્યાયમાં પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને એ પર્યાયને વ્યાપ્ય કરે છે. એમાં આદિમાં આત્માની પર્યાયની સહાયતા છે, આત્માના લક્ષણની કોઈ મદદ છે એમ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હજી નથી આવ્યું? સ્પષ્ટીકરણ માંગે છે.

એમ કહે છે કે ભગવાન આત્માની સાથે, સાથે એટલા માટે કે પરદ્રવ્ય છે ને ઈ? પુદ્‌ગલ પરદ્રવ્ય છે. તો પરદ્રવ્ય પુણ્યપરિણામ જે ષોડશકારણ ભાવનાનો ભાવ છે, પંચ મહાવ્રતનો ભાવ, દયા, દાન, ભક્તિનો ભાવ છે, એ ભાવ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્યરૂપી વ્યાપ્ય લક્ષણવાળા પુદ્‌ગલપરિણામ છે. તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે. તેને પુદ્‌ગલ પહોંચી વળે છે. પુદ્‌ગલ પહોંચી વળે છે એની શરૂઆતમાં જીવની કોઈ અસર છે? આત્માની છે? આત્મા તો જ્ઞાનમૂર્તિ છે. જ્ઞાનમૂર્તિની પર્યાય જ્ઞાન છે. જ્ઞાનની પર્યાય તેની મદદમાં થોડી પણ છે એવું છે ક્યાં? એ તો અજ્ઞાન છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ ઉઠે છે એ તો અજ્ઞાન છે. અજ્ઞાનનો અર્થ એમાં જ્ઞાન નથી. તો અજ્ઞાનના પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યમાં પુદ્‌ગલની શરૂઆત છે. અજ્ઞાનની શરૂઆત છે, એમાં જ્ઞાનની શરૂઆત નથી. શેઠી! જયપુરમાં આવું સાંભળવાનું નથી તમારે. આહાહા..!

ભગવાન! આ તો વસ્તુની સ્થિતિ છે. આહાહા..! એક કોર ભગવાન રામ અને એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કોર ગામ. એક કોર રામ-ચિદારામ ભગવાન આતમરામ અને એક કોર ગામ. પુણ્ય-પાપ વિકલ્પ, નિમિત્ત કર્મ સ્વરૂપ ગામ. એ ગામની પર્યાયના પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવા વ્યાપ્યરૂપી કાર્યરૂપી લક્ષણવાળા પુદ્‌ગલપરિણામ એમાં પુદ્‌ગલ અંતર્વ્યાપક થઈને આત્માની પર્યાયની શરૂઆતમાં સહાયતા વિના પુદ્‌ગલ આદિમાં છે પુણ્ય પરિણામ. તીર્થંકર ગોત્રનો જે ભાવ થયો એની આદિમાં પુદ્‌ગલ છે. એની આદિમાં આત્માની પર્યાયનો અંશ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્રણે લેવા છે. આદિ, મધ્ય અને અંત. એક જ સમયની વાત છે. સમય એક જ છે. એક સમયમાં આદિ પણ એ, મધ્ય પણ એ અને અંત પણ એ. આદિમાં થોડી આત્માની શરૂઆત, મધ્યમાં થોડું પુદ્‌ગલ અને અંતમાં પુદ્‌ગલ એમ છે? બિલકુલ નહિ. સમજાય છે કાંઈ? ઓહો..! એ તો એક સમયની સ્થિતિ. જેમ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્ય લક્ષણ એક સમયનું છે, તે જ એક સમયના લક્ષણવાળો જે ભાવ, તેના આદિ, મધ્ય અને અંતમાં પુદ્‌ગલ છે. શરૂઆતમાં પણ પુદ્‌ગલ, મધ્યમાં પણ પુદ્‌ગલ અને અંતમાં પણ પુદ્‌ગલ. આદિ, મધ્ય અને અંતમાં કોઈ પહેલા સમયે અને બીજો બીજા સમયે એમ નથી. એ તો એ જ સ્વયં પુદ્‌ગલ શરૂઆતમાં, મધ્યમાં પુદ્‌ગલ અને અંતમાં પણ પુદ્‌ગલ. એ જ પુદ્‌ગલ વ્યાપ્યલક્ષણવાળું કાર્ય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આદિ, મધ્ય તો કાળની અપેક્ષા છે. કાળની અપેક્ષા છે. એની પર્યાયમાં શરૂઆતમાં પણ ઈ, મધ્યમાં પણ ઈ અને અંતમાં પણ ઈ. અહીં ક્ષેત્રની વાત નથી. અહીં તો વ્યાપ્યલક્ષણવાળું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય એવું વિકારી પરિણામ પ્રાપ્ય થયું, એમાં અંતર્વ્યાપક પુદ્‌ગલ થયું. તો કહે છે, એ વ્યાપક કર્તા અને એ પર્યાય વ્યાપ્ય-તેનું કર્મ. એમાં આદિમાં બીજી કોઈ ચીજ છે? સ્વદ્રવ્યનો આધાર છે? એમાં તો આદિમાં પરદ્રવ્ય જ છે. પરદ્રવ્ય લીધું ને અહીંયા? એ પરદ્રવ્યની પર્યાય છે, જુઓ! ત્રીજું પદ લીધું ને? એ પરદ્રવ્યની પર્યાય છે, સ્વદ્રવ્યની નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આજે તો છેલ્લું છે ને. અમારે તો બીજું લેવું છે, કાલથી તો ચૌદ બોલ લેવાના છે. આ તો સોલાપુરવાળા આવ્યા હતા તો આ લીધું હતું. સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન! તારું દ્રવ્ય ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ આત્મા. એ જ્ઞાયકસ્વભાવનું ધ્યેય કરીને જે જ્ઞાયકનું ભાન થયું તો એમાંથી તો જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ આદિ પર્યાય છે. એ અંતર્વ્યાપક આત્મા થઈને પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપી જે પર્યાય છે, તે જ સમયે પર્યાય થવાવાળી છે નિર્મળ સમ્યગ્દર્શન, જ્ઞાન તે તેનું પ્રાપ્ય. પૂર્વની અવસ્થા બદલીને થઈ તે વિકાર્ય,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઊપજી તે નિર્વર્ત્ય. એ પ્રાપ્ય લક્ષણવાળામાં આત્મા અંતર્વ્યાપક થઈને કરે છે. એમાં પુદ્‌ગલની આદિ બિલકુલ નથી. એમ પુદ્‌ગલ પરિણામની આદિમાં આત્મા બિલકુલ નથી. સમજાય છે કાંઈ? નેમિચંદભાઈ! ભારે વાત ભાઈ આ. હજી તો તકરાર ક્યાંની ક્યાં તકરાર કરે છે. અહીં તો તે જ સમયે રાગનો વિકલ્પ, પુદ્‌ગલ પહોંચી વળે. તેની આદિમાં આત્મા બિલકુલ છે જ નહિ. મધ્ય ને આદિ ને અંત કહો તો પુદ્‌ગલ, પુદ્‌ગલ ને પુદ્‌ગલ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' જુઓ! ત્રણ બોલ કહે છે. ગ્રહણ કરતું એ પ્રાપ્ય થયું. પુદ્‌ગલ એ રાગાદિ વિકલ્પ જે શુભભાવ આવ્યો તેને પુદ્‌ગલ ગ્રહણ કરે છે નામ પ્રાપ્ય કરે છે નામ પહોંચી વળે છે. આત્મા બિલકુલ નહિ. ગ્રહણ કરે છે. '**તે રૂપે પરિણમતું અને તે-રૂપે ઊપજતું થકું...**' પરિણમન વિકાર્ય-બદલ્યું. '**ઊપજતું થકું...**' એ પુદ્‌ગલ જ તે રૂપે પ્રાપ્ય કરીને ગ્રહણ કરે છે, ઉત્પન્ન થાય છે અને પરિણમે છે.

ફરીથી. '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતું,...**' એ પ્રાપ્ય. '**તે રૂપે પરિણમતું...**' એ વિકાર્ય. '**અને તે-રૂપે ઊપજતું થકું...**' એ નિર્વર્ત્ય. '**તે પુદ્‌ગલપરિણામને કરે છે;...**' એ પુદ્‌ગલકર્મ. પુદ્‌ગલ જ આદિ-મધ્ય-અંતમાં પર્યાયને ગ્રહણ કરે છે, ઊપજે છે, પરિણમે છે અને ઊપજે છે. આત્મા બિલકુલ તેને અડતો નથી. અને આત્માને એ પરિણામ બિલકુલ અડતા નથી. સૂક્ષ્મ વાત છે, ભગવાન! આહાહા..! તારું તો જ્ઞાનસ્વરૂપ છે ને. તો જ્ઞાનમાંથી જ્ઞાન ઝરે કે રાગ ઝરે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ઊપજવું પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય. એ પુદ્‌ગલ જ પોતાના પરિણામને પ્રાપ્ત કરે છે, ગ્રહણ કરે છે. તે જ પોતે બદલીને પરિણમે છે અને ઊપજે છે. પુદ્‌ગલ ઊપજે છે. એ પુદ્‌ગલના આદિ-મધ્ય-અંતમાં પરિણામમાં પુદ્‌ગલ જ છે. આત્માની નિર્મળ પર્યાયનો અંશ બિલકુલ સહાયક નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- ભેદવિજ્ઞાનની સાચી શીખ..

ઉત્તર :- સાચી શીખ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- સરળ છે, સરળ છે.

મુમુક્ષુ :- અઘરું માની લીધું છે.

ઉત્તર :- માન્યું છે. અમારા શેઠ ઠીક કહે છે. સરળ વાત લ્યે છે, અનુકૂળ લ્યે છે. માની લીધું છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાન આત્મા.. આહાહા..! ચાર ગાથા કહીને તો... ૭૫, ૭૬, ૭૭, ૭૮, ૭૯ ગજબ કામ કર્યા છે! પૂર્ણ કેવળજ્ઞાનનો ન્યાય ઉતાર્યો છે. જડ ચૈતન્યની ભિન્નતા. આહાહા..! કહે છે કે ભૂમિકા પ્રમાણમાં જે આસ્રવ ઉત્પન્ન થાય છે, આસ્રવ, એ આસ્રવ પ્રાપ્ય, વિકાર્ય અને નિર્વર્ત્ય છે. તે જ સમયે તે આસ્રવ ઉત્પન્ન થવાવાળો છે. તે જ સમયે પરિણમવાવાળો અને તે જ સમયે ઊપજવાવાળો છે. તેને પુદ્‌ગલ પ્રાપ્ત કરે છે, પુદ્‌ગલ ગ્રહણ કરે છે, પુદ્‌ગલ ઊપજે છે અને પુદ્‌ગલ પરિણમે છે. આત્માને અડ્યા વિના. આદિ-મધ્ય-અંતમાં એ પરિણામમાં પુદ્‌ગલ છે. આદિ-મધ્ય-અંતમાં આત્મા બિલકુલ નથી. આત્મા શબ્દે પર્યાય. દ્રવ્ય-ગુણ તો છે જ નહિ.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાય, શુદ્ધ પર્યાય.

ઉત્તર :- હા, શુદ્ધ જે પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન જે થયા, મોક્ષમાર્ગની પર્યાય એમાં વ્યવહાર પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં એ પર્યાય છે જ નહિ. કોઈ કહે કે દ્રવ્ય-ગુણમાં નથી. એમ નહિ, પર્યાયના આદિ-મધ્ય-અંતમાં નથી. સમજાય છે? એ પર્યાય આત્માની છે. એ પર્યાય પરની ક્યાં છે? અને એ પર્યાય તો પરની છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- નવું નથી. છે તો સારું. પણ જરી આમાં પ્રયત્ન જોઈએ. આ તો અંતરથી પકડવાની શક્તિ જોઈએ. સમજાય છે? શું કહે છે ઈ તો પહેલા ગ્રહણ થવું જોઈએ ને? આ રીતે કહે છે, આ રીતે હોય છે અને આ રીતે હોવું જોઈએ.

કહે છે કે ભગવાન આત્મામાં વ્યવહાર ઉત્પન્ન થયો? ના. ભગવાનમાં નહિ. આત્મામાં નહિ. ત્યારે શેમાં ઉત્પન્ન થયો? કે પુદ્‌ગલમાં. કઈ રીતે? એ પુણ્ય વ્યવહાર ઉત્પન્ન થયો તે જ ઉત્પન્ન થવાવાળો પ્રાપ્ય હતો, ધ્રુવ તે જ ક્રમબદ્ધમાં આવવાવાળી પર્યાય હતી. તે પર્યાયથી નિર્વર્ત્ય થઈને વિકાર્ય થયો, ફેરફાર થયો અને ઊપજી. એ ત્રણે મળીને એક વ્યાપ્ય લક્ષણવાળું કાર્ય, પુદ્‌ગલ પોતે આદિ-મધ્ય-અંતમાં અંતર્વ્યાપક થઈને વ્યાપ્યનું કર્મ કરે છે. સમજાય છે કાંઈ?

**'તે પુદ્‌ગલપરિણામને કરે છે;...'** તે પુદ્‌ગલપરિણામ. ક્યા પુદ્‌ગલપરિણામ? વ્યવહાર શુભરાગ. જે તીર્થંકર ગોત્ર બંધાયું તે પરિણામ. એ પુદ્‌ગલપરિણામ તેનો કર્તા છે. પુદ્‌ગલ તે પરિણામનો કર્તા છે. પુદ્‌ગલ તે પરિણામનો કર્તા છે. જે પરિણામ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણવાળું જે કાર્ય હતું તેને પુદ્‌ગલ પહોંચી વળે છે. પુદ્‌ગલ પરિણમે છે, પુદ્‌ગલ ઊપજે છે. આત્માની મધ્ય-આદિ અને અંત વિના. આદિ-મધ્ય અને અંતમાં એ પુદ્‌ગલપરિણામ છે. જુઓ! એમાંથી કાઢે છે. જુઓ! વિકાર આત્માથી નથી થતો, કર્મથી થાય છે. જ્ઞાનાવરણીયથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જ્ઞાન રોકાય છે, એમ ગોમ્મટસારમાં કહ્યું. અહીંયા પણ ઈ કહે છે. વિકારની આદિ-મધ્યમાં, વિકાર પરિણામના આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલ છે, આત્મા નહિ. અમે એમાંથી કાઢીએ છીએ કે આત્મા વિકારનો કરવાવાળો નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- કઈ વાત કરે છે? સાંભળ તો ખરો. આ વાત તો રાગથી, આસ્રવથી ભિન્ન પડેલો ભગવાન પોતામાં આસ્રવ, રાગ ઉત્પન્ન કરવાની યોગ્યતા જ નથી. એવું સમ્યક્‌જ્ઞાન થયું ત્યારે જે રાગાદિ ઉત્પન્ન થાય છે, તેની આદિ-મધ્ય-અંતમાં આત્મા છે જ નહિ. એની આદિ-મધ્ય અને અંતમાં પુદ્‌ગલ જ છે, એમ કહે છે. પ્રકાશચંદજી! પાછું ઓલું કાઢે, ગોમ્મટસારમાં કહ્યું છે, આઠ કર્મથી રખડે છે. નથી કહ્યું, તને ખબર નથી. ત્યાં પણ એમ કહ્યું, નિગોદમાં પણ પ્રચુર કલંક. પ્રચુર કલંક. નિગોદમાં ભાવ પ્રચુર કલંક. એમ નથી લીધું કે કર્મ પ્રચુર છે. એ ભાવકલંક પ્રચુરા. તેને કારણે નિગોદમાં રહ્યો છે. કર્મને કારણે નહિ. સમજાય છે કાંઈ? એમ ભાવ પ્રચુર કલંક જ્યાં સુધી પોતામાં માને છે ત્યારે આત્મા જ તેને પ્રાપ્ત કરે છે. અજ્ઞાનભાવથી. પણ જ્યાં એ રાગ અને નિમિત્તથી ભગવાન ચિદાનંદ ગુલાંટ ખાઈને ભિન્ન પડી ગયો આસ્રવથી, સંયોગથી, સંયોગ કહો કે નિમિત્ત કહો, બન્નેથી ભગવાન આત્મા ભિન્ન પડ્યો. એ ગાથા કહી હતીને? પુરુષાર્થસિદ્ધિ ઉપાયની બતાવી હતી. તમને નથી બતાવી, નહિ? આવ્યા પછી નથી બતાવી. પુરુષાર્થસિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથામાં કહ્યું ને ઈ? તમને નથી બતાવી. પ્રકાશચંદજીને બતાવી હતી. ૧૪મી નહિ? ૧૪મીમાં એમ કહ્યું, આ સંસારનું મૂળ કારણ મિથ્યાત્વ કોણ?

**एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

ભગવાન આત્મા કર્મ અને કર્મના સંગે ઉત્પન્ન થયેલા પુણ્ય-પાપના ભાવ, એ '**असमाहितो**'. એનાથી આત્મા સહિત નથી, સહિત નથી. છતાં '**युक्त इव प्रतिभाति बालिशानां**'. સહિત છું એમ પ્રતિભાસે છે, એ અજ્ઞાનીનો મિથ્યાત્વભાવ સંસારનું બીજ છે. સમજાય છે કાંઈ?ઈ ત્યાં કહ્યું હતું, જયપુરમાં. જયપુરમાં દસ હજાર.. આપણે ગયા હતા ને? મુલતાન. ત્યાં ગયા હતા. જુઓ! શું છે?

**एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

એ રાગાદિ, નિમિત્ત આદિ સહિત નથી. કેમ કે રાગાદિ આસ્રવ છે અને નિમિત્ત અજીવ છે. તો અજીવ અને આસ્રવતત્ત્વના અભાવસ્વરૂપ આત્મા છે. એવા આત્માને નહિ જાણીને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સહિત નામ રાગ અને નિમિત્ત સહિત હું છું એવી મિથ્યાત્વ માન્યતા ભવનું બીજ છે. કર્મ નહિ. ભાઈ! કર્મ નહિ, એ મિથ્યાભાવ. જુઓને ભાષા કેવી છે! '**प्रतिभासः स खलु भवबीजम्**'. ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ નિર્મળાનંદ જ્ઞાયકભાવ એ પુણ્ય-પાપના વિકલ્પ અને કર્મ અજીવ, અજીવ અને આસ્રવથી '**असमाहितो**' નામ રહિત હોવા છતાં, રહિત દ્રવ્ય છે તો સહિત ભાસે છે તે જ મિથ્યાત્વ સંસારનું બીજ છે. જ્યાં રહિત થયો, રાગ અને નિમિત્તથી રહિત થયો એવા આત્મામાં જે રાગાદિ બાકી ઉત્પન્ન થાય છે તે પરદ્રવ્યની પર્યાય છે. સ્વદ્રવ્યના વ્યાપ્યરૂપી લક્ષણ કાર્ય પોતાનું નહિ. કેમ? કે દ્રવ્ય જે છે એ તો શુદ્ધ ચૈતન્યનું દળ છે. તો શુદ્ધ ચૈતન્ય વ્યાપક થઈને વ્યાપ્ય થાય તો નિર્મળ પર્યાય વ્યાપ્ય થાય છે. મલિન પર્યાય અંતરમાંથી ક્યાં આવે છે કે તેનું વ્યાપ્ય થાય? સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદની શુદ્ધ સ્વભાવની ખાણ છે. તો એ દ્રવ્ય વ્યાપક નામ કર્તા થઈને એમાંથી તો પરિણામ કર્મની પર્યાય, કર્મ એટલે અવસ્થા, એ તો નિર્મળ પર્યાય એમાં થાય છે. દ્રવ્યમાં શું મલિનતા પડી છે કે વ્યાપક થઈને મલિન પર્યાય વ્યાપ્ય થઈ જાય? સમજાય છે કાંઈ? પણ અજ્ઞાનમાં દ્રવ્યદૃષ્ટિ નહિ હોવાથી પર્યાયમાં રાગાદિ દેખાય છે તે સહિત હું છું, આ હું છું, એનાથી સહિત છું, ઈ હું છું, એ મારું છું અને હું ઈ છું એવી જે મિથ્યાદૃષ્ટિ ભવનું બીજ ચાર ગતિમાં રખડવાનું એ બીજ છે. કર્મ આદિનું તો નામેય નથી લીધું. પેલા કહે, કર્મથી આમ થાય છે, કર્મથી આમ થાય છે. અરે..! ભગવાન! સાંભળ તો ખરો, બાપુ! તેં કર્યું મિથ્યાત્વ અને કર્મને માથે નાખે છો. એવી અનીતિ સંભવે નહિ. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે. મોક્ષમાર્ગ પ્રકાશકમાં લીધું છે, આવી અનીતિ સંભવે નહિ. જિનેશ્વરની આજ્ઞા માને... તારે તો મહંત રહેવું છે અને વિકારને પર ઉપર નાખવો છે. સમજાય છે કાંઈ? જિનની આજ્ઞા માનતો હો તો આવી અનીતિ સંભવે નહિ. હવે તો એને પણ છોડીને અહીંયા આવ્યું છે.

રાગ અને પુણ્ય-પાપના વિકલ્પ મારી ચીજમાં જ નથી. મારામાં છે તો મારું જ્ઞાન અને પરનું જ્ઞાન કરવાની તાકાતવાળું સ્વપરપ્રકાશક જ્ઞાન રાખું છું. એવું આત્માનું સમ્યક્જ્ઞાન થયું તો એ સમ્યક્જ્ઞાનના કાળમાં, કહે છે કે એ વ્યવહાર ઉત્પન્ન થાય છે ને? એ પોતાની પર્યાય છે? આહાહા..! આ તો જુઓ! નિર્મળ પર્યાય એક અંશ એ પોતાનું કાર્ય. અને તે સમયે એક પર્યાયનો એક અંશ મલિન એ પુદ્ગલનું કાર્ય.

મુમુક્ષુ :- .. એક પરદ્રવ્ય પર્યાય અને એક સ્વદ્રવ્ય...

ઉત્તર :- એક પર્યાયના બે ભાગ. આવી વાત વેદાંત-ફેદાંતમાં હોય નહિ. કોઈ કહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને, આવી વાત કરે છે. આ મહારાજ તો વેદાંત જેવી વાત કરે છે. અરે..! ક્યાં વેદાંત જેવી છે? સાંભળ તો ખરો. અહીં તો એક નિર્મળ પર્યાયનો અંશ જે દ્રવ્યના આશ્રયે વ્યાપ્ય થયો એ પોતાનું કાર્ય. અને એમાં અડધી પર્યાય અશુદ્ધ રહી એ અશુદ્ધ પર્યાયનો, પરદ્રવ્ય રૂપી પર્યાય પુદ્ગલનું વ્યાપ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવ અનાકુળ આનંદમૂર્તિ છે એમ રાગથી ખસીને અને સ્વભાવ ઉપરના અસ્તિત્વનું જ્ઞાન અને ભાન થયું, તો એનું વ્યાપ્ય નામ કાર્ય તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર આદિ પર્યાય જે પોતાની છે એમાં અંતર્વ્યાપક આત્મા થઈને એ પર્યાય કરે છે. એ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં આત્મા છે. એની આદિ-મધ્યમાં દર્શનમોહનો ક્ષયોપશમ થયો તો સમકિત થયું, એવી કોઈ શરૂઆત છે? ના. પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના વ્યાપ્યલક્ષણમાં આત્મા અંતર્વ્યાપક આદિ-મધ્ય-અંતમાં વ્યાપક છે. એમાં દર્શનમોહના ઉદયનો અભાવ થયો એની કોઈ અસર છે એટલે અહીંયા જ્ઞાન, દર્શન, ચારિત્રની પર્યાય થઈ, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થયો તો જ્ઞાનની પર્યાય થઈ એવી અપેક્ષા પોતાની પર્યાયમાં નથી. સમજાય છે કાંઈ? અને જેમ નિર્મળ પર્યાયમાં પરની, નિમિત્તની, રાગની, વ્યવહારની અપેક્ષા નથી, એમ નિમિત્ત પર્યાયમાં, રાગની પર્યાયમાં પોતાની પર્યાયની કોઈ અપેક્ષા નથી. આહાહા..! કઠણ વાત ભારે.

એક પર્યાયના બે ભાગ. જેટલો આનંદ થયો, જેટલી શુદ્ધતા, સમ્યક્ થયું, જેટલી શાંતિ થઈ તે પોતાનું વ્યાપ્ય. તે સમયે જેટલો વિકલ્પ રહ્યો, ચારિત્રગુણની એ જ શુદ્ધપર્યાય તે પોતાનું વ્યાપ્ય અને અશુદ્ધ તે પરદ્રવ્યની પર્યાય. અશુદ્ધતામાં પ્રાપ્ય, વિકાર્ય લક્ષણરૂપી વ્યાપ્યને પુદ્ગલ પહોંચે છે. આત્માની નિર્મળ પર્યાય એને બિલકુલ અડતી નથી. અડતી નથી-છૂતી નથી. સમજાય છે કાંઈ? શ્રીચંદજી! આવો માર્ગ છે. આહાહા..!

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાન થવાનો માર્ગ છે.

ઉત્તર :- આત્મા છે તેવો થવાનો માર્ગ છે. વળી સિદ્ધ ભગવાન પછી. અહીં તો આત્મા છે તેવો થવાનો માર્ગ છે.

મુમુક્ષુ :- છે તેવો પર્યાયમાં થવાનો માર્ગ છે.

ઉત્તર :- છે, બસ છે. છે જ એવો. સમજાય છે કાંઈ? શુદ્ધ નિર્મળાનંદ જ છે. તો નિર્મળાનંદ થવાની પર્યાયનો એ માર્ગ છે. અને નિર્મળાનંદની પર્યાયમાં વ્યવહારની બિલકુલ અપેક્ષા ત્યાં છે કે કર્મનો અભાવ થયો, થોડો કર્મનો અભાવ થયો, જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય છે તો જ્ઞાનના ક્ષયોપશમની પર્યાય થાય છે એમ છે? બિલકુલ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અને પોતાના સ્વભાવમાં શુદ્ધતા પ્રગટ થઈ એ શુદ્ધતામાં કોઈ પરના અભાવની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અપેક્ષા છે? નહિ. અને અશુદ્ધતામાં નિર્મળતાની કોઈ અપેક્ષા છે? બિલકુલ નહિ. પુદ્ગલ જ અંતર્વ્યાપક થઈને સ્વયં વ્યાપ્યલક્ષણવાળું કાર્ય કરે છે. સમજાય છે કાંઈ? આ તો પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની ૧૪મી ગાથા છે. બહુ સરસ છે. એમની આ ટીકા છે-અમૃતચંદ્રાચાર્યની. એ મૂળ શ્લોક છે. અમૃતચંદ્રાચાર્ય તો ઓહોહો..! ચાલતા સિદ્ધ! ભરતક્ષેત્રમાં જ્યારે હશે.. આહાહા..! ભાવલિંગી સંત સાધુ!

કહે છે, અમે ભિક્ષા માટે જઈએ છીએ એમ તું કહે છે ને? અમે ભિક્ષા માટે જઈએ છીએ? ના, અમે તો ક્યાંય જતા નથી. કોણ કહે છે જાય છે? નિર્દોષ આહાર લીધો ને? પછી વિકલ્પ આવ્યો કે હવે ચોવીસ કલાક આહાર ન લઉં. એવો વિકલ્પ આવ્યો એ આત્માને આવ્યો ને? નહિ. તે સમયના તે રાગનું જ્ઞાન સ્વનું જ્ઞાન થવાથી સ્વપરપ્રકાશક જ્ઞાન પોતાનું અનુસરણ કરવાથી થયું છે. વ્યવહારના અનુસરણથી થયું છે એમ પણ નહિ. સમજાય છે કાંઈ? રતનચંદજી! આવો રતનનો માર્ગ છે.

મુમુક્ષુ :- રત્નત્રયનો માર્ગ છે.

ઉત્તર :- રત્નત્રયનો આ માર્ગ છે. આહાહા..! સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રને જ્યાં રતન કહ્યા તો એના ફળને કેવળજ્ઞાનને મહારતન કહીએ. તો એવી અનંતી અનંતી કેવળજ્ઞાનની પર્યાય જ્ઞાનગુણમાં પડી છે, એ તો મહા મહારતન છે! અનંત ગુણનો પિંડ ભગવાન તો મહા, મહા, મહારતન ચૈતન્ય રત્નાકર છે. લ્યો, આ એના નામ ઉપરથી આવ્યું. રતન. ચૈતન્ય રત્નાકર કહ્યું છે શાસ્ત્રમાં. ચૈતન્યને રત્નાકર કહ્યું છે. કળશમાં છે. ચૈતન્ય રત્નાકર. આહાહા..!

ભગવાન આત્મા તો ચૈતન્ય રત્નાકર છે ને! શું વિકારનો રત્નાકર છે? વિકારની ખાણ છે? કહે છે કે ભગવાન! એ પરિણામ જે પુદ્ગલના છે,... શાંતિથી, ધીરજથી એને સમજવું જોઈએ. આમ વાદવિવાદ કરે તો ન ચાલે. 'સદ્ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા'. બનારસીદાસમાં આવે છે. ભગવાન! વાદવિવાદનો માર્ગ નથી. જડની અસર થાય છે. લ્યો, હમણાં એ લીંબડીમાં આવ્યો હતો. જડની અસર થાય છે. અરે..! ભગવાન! અમે તો કોઈની સાથે વાત નથી કરતા. ભાઈ! તમને કેમ માનીએ? માનો, અમારે શું છે? અમે તો કોઈની સાથે વાત કરતા નથી. ચર્ચા નહિ પણ વિચાર. અમે કોઈની સાથે નથી કરતા. બહુ સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ વાત અમારી છે એ ત્રણ કાળમાં ફરે એવી નથી. સૂક્ષ્મ વાત છે. જડની અસર થાય છે. અરે..! શું કહે છે? અરે..! ભગવાન!

અહીં તો ભાવ રાગ ઉત્પન્ન થયો એની અસર આત્માની પર્યાયમાં નથી. સમ્યક્જ્ઞાનમાં ભાવ રાગ ઉત્પન્ન થયો તેની અસર નથી. કર્મની અસર તો ક્યાં રહી? સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય રત્નાકર પ્રભુ પોતાની નિજ નિધિના ઘરમાં આવ્યો તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નિજઘર સિવાયના જે રાગાદિ છે એ પરઘરની પર્યાય છે. એ પરદ્રવ્યની પર્યાય છે.

કહે છે, '**તે પુદ્ગલપરિણામને કરે છે; આમ પુદ્ગલદ્રવ્ય વડે કરવામાં આવતા પુદ્ગલપરિણામને જ્ઞાની જાણતો હોવા છતાં,...**' એ વ્યવહારને પુદ્ગલ પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય વ્યાપ્યલક્ષણમાં પહોંચે છે તેને જ્ઞાની જાણતો હોવા છતાં, પોતાનું કાર્ય નહિ કરતો હોવા છતાં, તેને પોતાનું કાર્ય નહિ માનતો હોવા છતાં, તેને જાણતો હોવા છતાં '**જેમ માટી પોતે ઘડામાં અંતર્વ્યાપક થઈને,...**' માટી પોતે ઘડામાં અતર્વ્યાપક થઈને '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને...**' જુઓ ભાષા! એ ઘડામાં પણ માટી આદિમાં ઉત્પન્ન થવાવાળી છે. કુંભાર-કુંભાર આદિમાં નથી. અરે..! થોડો કુંભારને રાખો, આદિમાં થોડો રાખો. આકાર બનાવવામાં તો રાખો. આવો આકાર કેમ બનશે? વર્ણ, ગંધ, રસ, સ્પર્શ પલટે પણ આવો આકાર થાય, એની આંગળીથી આમ આમ થાય છે કે નહિ? બિલકુલ નહિ. આકૃતિ વ્યંજનપર્યાય છે, રૂપાંતર થવું અર્થપર્યાય છે. બેય પર્યાયમાં આદિ-મધ્ય-અંતમાં ઘડાની પર્યાયમાં માટી છે.

મુમુક્ષુ :- કુંભાર ક્યારે આવશે?

ઉત્તર :- કુંભાર કુંભારમાં રહ્યો, કુંભાર અહીં ક્યાં ઘૂસી ગયો છે. સમજાય છે કાંઈ? આ રોટલી બને છે ને? રોટલી. રોટલીની આદિ-મધ્યમાં લોટ છે. રોટલીની આદિ-મધ્યમાં તાવડી નથી. તાવડી કહે છે? તવો. તાવડી નથી, સ્ત્રીનો રાગ નથી, સ્ત્રીનું જ્ઞાન નથી. એમ કહે છે. બહુ હુશિયાર સ્ત્રી હોય તો સારું બનાવે ને? ફૂલવડી જેવા ભજીયા ને.. ભજીયાને શું કહે છે? પકોડી. બહુ હુશિયાર હોય તો ભજીયા બનાવે, શિરો બનાવે. મૂઢ છો, કોણ બનાવે છે?

મુમુક્ષુ :- મૂઢ થાય તોપણ બનાવી શકે નહિ.

ઉત્તર :- મૂઢ થાય તોપણ બનાવી શકે નહિ. એની પર્યાયનું વ્યાપ્યલક્ષણવાળું પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્યરૂપી કાર્ય તેને તે રજકણ પહોંચી વળે છે. શું એ તારું કાર્ય છે? સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન! એક અક્ષર ક લખાય, એ અનંત પરમાણુનો પિંડ છે. એ 'ક'ના પરમાણુની પર્યાયરૂપી વ્યાપ્યમાં પરમાણુ આદિમાં છે. આત્માનું જ્ઞાન અને ઈચ્છા આદિમાં છે તો 'ક' થાય છે એમ ત્રણકાળમાં નથી. પંડિતજી!

મુમુક્ષુ :- તે કાળે અનંત રજકણ ભિન્ન ભિન્ન છે.

ઉત્તર :- ભિન્ન ભિન્ન છે. એક એક પર્યાયનું વ્યાપ્યલક્ષણ ભિન્ન ભિન્ન છે. બીજો પરમાણુ ન કરે ત્યાં વળી તેં ક્યાંથી 'ક' બનાવ્યો? આહા..!

કહે છે, '**આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, ઘડાને ગ્રહે છે,...**' પ્રાપ્ય. માટી ઘડાને ગ્રહણ કરે છે. શું કુંભાર ઘડાને ગ્રહે છે? માટી '**ઘડારૂપે પરિણમે છે અને ઘડારૂપે ઊપજે**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**છે તેમ, જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' જુઓ! પહેલા લીધું હતું, અંતર અને બાહ્ય. ૭૫માં. અંતરંગ કારણ રાગ-દ્વેષ, સુખ-દુઃખ આદિ લીધું હતું. અને બાહ્ય કારણ પુદ્ગલ લીધા હતા- નોકર્મ. એ તો અંતર બાહ્યની અપેક્ષાથી લીધું હતું. છે બન્ને બાહ્ય. બન્ને બાહ્ય છે. જુઓ! અહીંયા બાહ્ય લઈ લીધું. '**જ્ઞાની પોતે બાહ્યસ્થિત...**' શું ભાષા કહે છે? ખુબી છે. '**પોતે બાહ્યસ્થિત...**' પોતાથી બાહ્યસ્થિત છે એ રાગાદિ વ્યવહાર. પોતાથી વ્યવહાર બાહ્યસ્થિત છે. આત્માને કારણે બિલકુલ નહિ. સમજાય છે કાંઈ?

'**(બહાર રહેલા) એવા પરદ્રવ્યના પરિણામમાં...**' એ વ્યવહાર પરદ્રવ્યના પરિણામ છે. '**અંતર્વ્યાપક થઈને, આદિ-મધ્ય-અંતમાં વ્યાપીને, તેને ગ્રહતો નથી,...**' આત્મા જ્ઞાનપર્યાયથી તેને ગ્રહતો નથી. રાગ પોતાનો માનતા જ નથી, અડતા જ નથી. '**તે-રૂપે પરિણમતો નથી અને તે-રૂપે ઊપજતો નથી; જો કે જ્ઞાની પુદ્ગલકર્મને જાણે છે તોપણ, પ્રાપ્ય, વિકાર્ય, નિર્વર્ત્ય એવું જે વ્યાપ્યલક્ષણવાળું પરદ્રવ્યપરિણામસ્વરૂપ...**' જુઓ! પરદ્રવ્ય. એ વ્યવહાર '**પરદ્રવ્યપરિણામસ્વરૂપ કર્મ, તેને નહિ કરતા એવા તે જ્ઞાનીને પુદ્ગલ સાથે કર્તાકર્મભાવ નથી.**' ધર્મીને વ્યવહાર સાથે કર્તાકર્મભાવ નથી. એમ સિદ્ધ કર્યું, લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ સુદ ૬, રવિવાર તા. ૨-૬-૧૯૬૮**
**શ્લોક-૨૪૮-૨૪૯, પ્રવચન-૫૨૫**

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. સમયસાર. પહેલો કળશ છે. ૨૪૮-કળશ.

**बाह्यार्थैः परिपीतमुज्झितनिजप्रव्यक्तिरिक्तीभवद्**
**विश्रान्तं पररूप एव परितो ज्ञानं पशोः सीदति।**
**यत्तत्तत्दिह स्वरूपत इति स्याद्वादिनस्तत्पुन-**
**र्दूरोन्मग्नधनस्वभावभरतः पूर्णं समुन्मज्जति।।२४८।।**

'**શ્લોકાર્થ :- બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું,...**' આ તત્‌નો ભંગ છે. તત્ એટલે કે આત્માનું જ્ઞાન, જ્ઞાન પોતાથી છે. એ જ્ઞાન જ્ઞેયથી નથી. સેઠી! ક્યાં છે? ૧૪મો બોલ ત્યાં ક્યાં આવ્યો? પાછળ. ૨૪૮ કળશ. ૨, ૪ અને ૮. શું કહે છે? કે આ આત્માનું જે જ્ઞાન છે એ જ્ઞાન જ્ઞાનથી છે. જ્ઞાન જ્ઞેયથી નથી. ચાહે તો જ્ઞેય દેવ-ગુરુ-શાસ્ત્ર હો, કે ચાહે તો શાસ્ત્રના અક્ષરો આદિ હો, પણ એ જ્ઞેયને લઈને અહીં જ્ઞાન થાય છે એમ નથી.

મુમુક્ષુ :- એકાંતે છે?

ઉત્તર :- એકાંતે. સમજાય છે કાંઈ?

અજ્ઞાની એમ ન માનતા '**બાહ્ય પદાર્થો વડે સમસ્તપણે પી જવામાં આવેલું,...**' બાહ્ય પદાર્થોના ઉપસ્થિતિમાં જે જ્ઞાનની અવસ્થા જે પદાર્થ છે એવી જોતાં એને એમ થયું કે આ જ્ઞેય પદાર્થ જે છે એ પ્રમાણે જ્ઞાન થયું. માટે એ જ્ઞાન જ્ઞેયનું છે. મારું નહિ. ઘટને જોતાં ઘટ જ્ઞાન, જ્ઞાનપર્યાયમાં ઘટપણે જ્ઞાન પરિણમ્યું. ઘટના જાણવાપણે જ્ઞાન પરિણમ્યું, તો અજ્ઞાનીને એમ થાય છે કે આ ઘટને લઈને જ્ઞાન થયું, મારી પર્યાય ઘટમાં ચાલી ગઈ.

મુમુક્ષુ :- એમ અનુમાન..

ઉત્તર :- પણ એનો અર્થ જ થયો. લઈને થયું એનો અર્થ કે મારી બધી પર્યાય.. એ કીધું જુઓ! '**પી જવામાં આવેલું,...**' મારી જ્ઞાનની દશા જ્ઞેયમાં ચાલી ગઈ. એટલે જ્ઞેયને લઈને જ જ્ઞાન થયું. એટલે મારી દશાનું બધું જ્ઞાન પી ગયું. કોણ? જ્ઞેય. આ થોડું એવું હતું ને તેથી કાઢી નાખ્યું હતું ને આ લોકો આવ્યા હતા. થોડું ઝીણું પડે. હવે વાંધો નહિ આવે. હવે ટાઢો મોસમ છે બે મહિનાનો.

'**બાહ્ય પદાર્થો વડે...**' એમ શબ્દ છે, જુઓ! છે? '**बाह्यार्थैः**' બાહ્ય પદાર્થ છે ઘટ,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પટ, શરીરાદિ. જેવી શરીરની આકૃતિ અને શરીર છે એવું અહીં જ્ઞાન થાય. તો એને એમ થાય છે કે આ જ્ઞાન જ્ઞેયથી થયું, એટલે જ્ઞાનની પર્યાય બધું જ્ઞેય પી ગયું. એટલે જ્ઞાનની પર્યાય બધી જ્ઞેયમાં ચાલી ગઈ. હું ખાલી થઈ ગયો એમ માને છે એ. શેઠી! આ સૂક્ષ્મ બોલ છે. ચૌદે બોલ થોડા ચાલ્યા હતા શરૂઆતમાં. આ લોકો આવ્યા એટલે પછી કાઢી નાખ્યું. ઝીણું પડશે. એના એ બોલ લાગે.

'**બાહ્ય પદાર્થો વડે...**' આત્મા સિવાય શરીર, કર્મ, રાગ આદિ એ વડે જ્ઞાન એવું થાય. અહીં તો ખરેખર રાગ છે એ પણ બાહ્ય પદાર્થ છે. રાગ-રાગ. વ્યવહાર વિકલ્પ જે ઉઠે દયા, દાન, ભક્તિ એ પણ બાહ્ય પદાર્થ છે. એ વડે જ્ઞાન થયું એટલે જ્ઞાનમાં એવું જ જ્ઞાન થયું, એથી અજ્ઞાનીને એમ લાગે છે કે આ જ્ઞાનની પર્યાય રાગને લઈને થઈ.

મુમુક્ષુ :- રાગ હોય તો થાય ને.

ઉત્તર :- એ વાત જ ખોટી છે. એ વાત તો ઘણી (વાર થઈ ગઈ છે). જ્ઞાન હોય તો જ્ઞાન થાય. રાગ હોય તો જ્ઞાન થાય એમ છે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે, ચૈતન્યસ્વરૂપ. અહીં જ્ઞાયક અને જ્ઞેય એની વ્યાખ્યા છે અત્યારે. સ્વપણે છે અને પરપણે નથી એવું સમ્મુચય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં આવશે. અહીં તો જ્ઞાયક છે તે જ્ઞાનપણે છે અને જ્ઞેય જ્ઞેયપણે છે. એમ ન માનતા અનાદિની નિમિત્ત ઉપર લક્ષ અને દૃષ્ટિ હોવાથી નિમિત્તની મૈત્રી જ એને પ્રગટી છે. જેથી વર્તમાન જ્ઞાનની અવસ્થા જે જ્ઞેય પ્રમાણે થતાં અજ્ઞાનીને એમ લાગે છે કે આ જ્ઞાનની પર્યાય જ્ઞેય પી ગયું, એને લઈને થયું એટલે એ પી ગયું. એમ. સમજાય છે કાંઈ?

'**બાહ્ય પદાર્થ વડે સમસ્તપણે...**' બધું. જેટલાં જ્ઞેયો છે એનું તે સંબંધીનું જ્ઞાન પોતામાં પોતાથી થતું એમ ન જાણતાં તેનાથી થયું તે જ્ઞાન એમ જાણીને જ્ઞાનની પ્રવ્યક્તિ જે પ્રગટ અવસ્થાઓ છે, તે બધી તેમાં ગરીને એને લઈને થઈ એમ અજ્ઞાની માને છે. આ ઝીણું આવશે આ બધું ચૌદે બોલ. જુઓ! '**પોતાની વ્યક્તિને...**' છે ને પાઠ પણ છે ને. '**निज-प्रव्यक्ति**' છે ને? પોતાની '**प्रव्यक्ति**' એટલે જ્ઞાનની વર્તમાન પ્રગટ અવસ્થા. '**प्रव्यक्ति**' '**प्र**' વિશેષે જ્ઞાનની અવસ્થા. એનાથી '**रिक्त**' થઈ ગયેલું. '**વ્યક્તિને છોડી દેવાથી...**' મારી જ્ઞાનની અવસ્થા છે એ છે જ નહિ. એ બધી અવસ્થા જ્ઞેયને લઈને થઈ. એટલે જ્ઞાનની પર્યાયથી અજ્ઞાની ખાલી થઈ ગયો. સમજાણું કાંઈ?

ભગવાનની પ્રતિમા હોય તો એવું જ અહીં જ્ઞાન થાય. એને લઈને જ્ઞાન થયું. કહો, આ બાહુબલી છે એ વખતે જ્ઞાન (એવું થાય). આ સમયસાર પુસ્તક છે તો એવું અહીં જ્ઞાન થાય છે ને. સામે પુરાણ પડ્યું છે. પદ્મપુરાણ સામે પડ્યું એવું જ્ઞાન થાય છે? દેવચંદજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ નિમિત્તની એટલી વિશિષ્ટતા છે કે જે પ્રકારનું નિમિત્ત હોય તે પ્રકારનું જ્ઞાન થાય, એ પ્રકારની નિમિત્તની ખાસ વિશિષ્ટતા છે એમ અજ્ઞાની માને છે. ગોદિકાજી! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માનતો નથી. મારી જ્ઞાનની પર્યાય મારો આખો ગુણ છે જ્ઞાન, એમાંથી પરિણમન એ આવે છે. એમ ન આવતાં પહેલું થોડું હતું અને આ ઝાઝું થયું. ખ્યાલમાં ઝાઝું આવ્યું તો એ જ્ઞેયો છે માટે ખ્યાલમાં આવ્યું. એટલે જ્ઞેયને લઈને જ્ઞાન થયું. મારો જ્ઞાનગુણ ત્રિકાળ છે એને લઈને આ જ્ઞાનની અવસ્થા થઈ એમ (ન માનતા) અજ્ઞાની પરમાં નાખે છે, પોતાને માનતો નથી. એમ કહે છે.

મુમુક્ષુ :- પર્યટન કરે છે..

ઉત્તર :- ધૂળમાંય પર્યટન કરે, મરી જાય બધા. આ છોકરાઓ પર્યટન કરે ને. બુદ્ધિ બહુ મળે એમ નથી કહેતા? શું કહે છે આ? દેશાટન. ભિન્ન ભિન્ન દેશાટનમાં ફરે, જુદા જુદા વેશ, જુદી જુદી બોલી, જુદા જુદા ગામ, જુદા જુદા બંગલા, જુદા વેશ-પહેરવેશ જોઈને બુદ્ધિનો વિકાસ થાય. અહીં હડફોથ જેવો ગામડામાં પડ્યો રહે હવે ત્યાં એને શું થાતું હશે? જ્ઞાન થાય વધારે? ગામડું હોય લ્યો, ચેલા જેવું નાનું ગામ. વઢવાણમાં ન લીધું તમારું. ચેલા લીધું. સાધારણ ગામ. ક્યાંય છેટે. રેલ પણ છેટે. રેલ નથી ત્યાં? હવે ત્યાં નાનું ગામ, આ તો .. બહુ નાનુ ગામ ઓલું ચંગા લ્યોને, ૧૩૨ ઘર. તે દી ત્યાં ગયા હતા. આખા ૩૨ ઘર. ગામ ધુમાડાબંધ (જમ્યું). થાય પોણો સો રૂપિયાનો ખર્ચ. પોણો સો રૂપિયામાં ગામ ધુમાડાબંધ. ત્યાં તો અમે રહ્યા છીએ ને. ભગવતી પૂરું થઈ ગયું. લોકો આવે ને જામનગરથી બહુ. પોણો સો રૂપિયામાં ગામ ધુમાડાબંધ. ૧૩૨ ઘર. લાપસી કરે એવી ઊંચી થાય. લાપસી ને ચણા. એય.. ભગવાનજીભાઈ! પણ એ ગામમાં હવે બુદ્ધો શી રીતે વધે? તેથી એને ગ્રામ કહે છે. બુદ્ધિને ગ્રસી જાય માટે ગ્રામ કહે છે. સાંભળ્યું છે કે નહિ? કહે છે. સાંભળ્યું છે? લ્યો, હવે ૬૫-૬૬ વર્ષથી સાંભળ્યું નથી? બુદ્ધિને ગ્રસે તે ગ્રામ અને શહેરમાં હોય તો બુદ્ધિનો વિકાસ થાય. એય.. દેવાનુપ્રિયા!

અરે..! અહીં પર્યાયનું પ્રગટપણું છે એ પોતાથી જ્યાં ત્યાં છે. એ દેશાટન થયું માટે જ્ઞાનની વિચિક્ષણતા અને વિવિધતાનો ખ્યાલ આવ્યો પરને લઈને એમ નથી. સમજાય છે કાંઈ? ભ્રમ અજ્ઞાનીને પડે છે. છોકરાઓને મોકલો ફરવા. એને પર્યટનમાં જ્ઞાન વધશે, વિવેક વધશે.

મુમુક્ષુ :- સરકાર પણ ટિકિટ અડધી આપે.

ઉત્તર :- હા, ટિકિટ અડધી આપે. સરકાર મદદ કરે છોકરાને. ધૂળમાંય નથી ત્યાં. સાંભળને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



જ્ઞેયને લઈને જ્ઞાન થતા હશે? પર્યટનને લઈને થાય?

કહે છે, **'બાહ્ય પદાર્થો વડે...'** એ બધા ક્ષેત્ર, એ કાળ, એ બધા સંયોગને લઈને ત્યાં જ્ઞાન થયું, એમ જ્ઞેયને લઈને જ્ઞાન માને છે ઈ. એથી જ્ઞાનની પર્યાય જ્ઞેય પી ગયું. પોતાની અસ્તિ તો ભિન્ન રહી નહિ. પોતાની વ્યક્તિને એટલે જે પ્રગટ જ્ઞાન અવસ્થા પોતાની છે એને છોડી દેવાથી. જ્ઞાનની પર્યાય મારાથી છે એમ ન માનતા એ જ્ઞેય પર્યાયથી જે પ્રગટ થયું છે તે ક્ષણે પોતાને કારણે. એને ઠેકાણે જ્ઞેયને કારણે પ્રગટ થયું એમ માનીને **'(શૂન્ય) થઈ ગયેલું,...' 'છોડી દેવાથી ખાલી થઈ ગયેલું, સમસ્તપણે પરરૂપમાં જ વિશ્રાંત એવું પશુનું જ્ઞાન...'** જુઓ! અહીં તો ભાષા પશુ નામ અજ્ઞાનીને પશુ કહ્યો છે. સમજાણું કાંઈ? **'(તિર્યંચ જેવા એકાંતવાદીનું જ્ઞાન) નાશ પામે છે;...'**

હમણાં એક ચર્ચા થઈ હતી. એક આવ્યો હતો ને? ગારિયાધારનો એક પરજીયા સોની હતો. આવ્યો હતો વિહાર કરવા પહેલા બહુ બોલતો હશે. મેં કહ્યું ભાઈ! આ વિવેકાનંદ માંસ ખાતા હતા ને. વિંછીયાનો વિંછીયાનો. વિંછીયાનો. તમે હતા? હા. એ માંસ ને બધું જેને બરાબર બધું સરખું હોય એને ફેર શું છે? ઠીક! વિવેકાનંદ હતા ને ભાઈ, એ માંસ ખાતા. બહુ બહાર વખણાઈ ગયા, પણ ખાતા માંસ. ઓલા રામકૃષ્ણ પરમહંસના શિષ્ય. રામકૃષ્ણ એને વધારે બહાર.. પણ માંસ ખાતા ને? પણ જેને ભાસતું ન હોય કે આ માંસ છે કે આ સ્ત્રી છે ને ફલાણું. તો પછી વિષ્ટા કેમ ખાતા નથી ત્યાં? માંસ કેમ ખાધું? વિષ્ટા અને થોર કેમ ખાધા નહિ? એટલો કેમ ફેર પાડ્યો? એ તો બધા સરખા છે. ભાન ન મળે અને લોકો બહારથી એવું માને કે ઓહોહો..! શું વિવેકાનંદનું જ્ઞાન કે મોટા ગોરાઓને પણ ઊભા રાખે. ધૂળેય નથી. માંસ ખાય એના જ્ઞાન કેવા સાચા હોય? સાંભળ તો ખરો. બુદ્ધિ બગડેલી, માંસ ખાવાનો ભાવ એને વિવેક ક્યાંથી આવ્યો? હેય-ઉપાદેયની તો ખબર નથી. સમજાણું કાંઈ? બધું એક લાગે. તો પછી બ્રહ્મચર્ય શું કરવા પાળતા હતા? સ્ત્રીઓ બધા એક જ પદાર્થ છે. સમજાય છે કાંઈ? એ મૂઢની દશા જ એવી હોય છે એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? આહાહા..! ભારે!

પશુનું જ્ઞાન. એ તો પશુનું જ્ઞાન છે, કહે છે. આહાહા..! નિગોદમાં.. હેઠે ખુલાસો કરશે આગળ. હેય-ઉપાદેય કરતો નથી. **'પશુનું જ્ઞાન નાશ પામે છે; અને સ્યાદ્વાદીનું જ્ઞાન તો, જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે...'** જે મારી જ્ઞાનની અવસ્થા થઈ એ મારાથી થઈ છે. તત્ છે. હું મારાથી છું, પરથી નથી. ચાહે સો જ્ઞેય ગમે તે હો. ઘણાને એમ થઈ જાય છે ને જુઓને આ. બ્રાહ્મી દવા શું કહેવાય? તેલ. બ્રાહ્મી તેલ ચોપડે તો મગજનું જ્ઞાન ઊંચું થઈ જાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- અખરોટ...

ઉત્તર :- અખરોટ ખાતા હશે.

મુમુક્ષુ :- .. લખ્યું છે.

ઉત્તર :- લખ્યા તે શું છે? એ તો નોકર્મની વાત કરી છે. બદામ-પિસ્તા, કેસરિયા દૂધ સરખા પીવે તો મગજ સારું થાય અને અભ્યાસમાં જ્ઞાનમાં વધે. કહો, સમજાણું કાંઈ? સવારે કઢા કરે છે ને સવારમાં? વિહાર કરે સાધુને સારા કેસરિયા દૂધ આપો શેર-બે શેર. બદામ-પિસ્તા નાખીને તો જ્ઞાન વધશે. મૂઢેય નહિ વધે, સાંભળને! મૂઢ થાશે. પરને લઈને જોર આવતું હશે. મૂરખ છે મોટો, કહે છે. સમજાણું? પાડો છે અહીં તો કહે છે. પશુ છે. સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનની અવસ્થા ભિન્ન ભિન્ન કાળે પ્રગટ પોતાને કારણે છે. એને ઠેકાણે નિમિત્ત અને જ્ઞેયને કારણે છે એમ માનનારા પશુ છે. અહીં તો એમ કહે છે.

લ્યો, ચશ્માનું એમાં આવતું હશે કે નહિ ભેગું? જુઓ! આ ચશ્મા છે તો અહીં જ્ઞાનની પર્યાય બરાબર પ્રગટ દેખાય છે. ચશ્મા કાઢી નાખો લ્યો. જ્ઞાનની પર્યાય હીણી પડી. પરને લઈને અસર થાય છે જ્ઞાનની અવસ્થામાં. ગોદિકાજી! એ ન માને. માને છે બીજા. તમે તો શેઠિયા કહેવાઓ. તમે ક્યાં અભ્યાસ કર્યો છે? ઓલાએ તો અભ્યાસ કર્યો છે એમ કહે છે. એય.. દેવાનુપ્રિયા! આ તો અભ્યાસ કરેલો છે. આ તો હુશિયાર માણસ છે ને. આ તો વકીલ છે. એ તો હા પાડે છે. જ્ઞાન જ્ઞાનથી થાય, પરથી ન થાય. ઓલો કહે નહિ. મોટા-મોટા ચશ્મા ચડાવેલા ને મોટા સાધુ (કહેવાય). શું છે પણ? તારો ગુણ જે ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ તેનો પ્રવાહ ભિન્ન ભિન્ન કાળે ભિન્ન ભિન્ન અવસ્થારૂપે વહે એ તારું તત્પણું છે. એ ભિન્ન ભિન્ન જ્ઞેયોને કારણે ભિન્ન ભિન્ન અવસ્થા થાય છે એમ છે નહિ. ભગવાનના સમવસરણમાં વાણી એવી હોય ને, જ્ઞાનની અવસ્થા એવી જુદી જાતની પ્રગટે લ્યો! વાણીને લઈને છે કે નહિ કાંઈ? આહાહા..! કહો, સમજાણું કાંઈ?

કહે છે, વિવેકની ખબર નથી. **'સ્યાદ્વાદીનું જ્ઞાન તો જે તત્ છે તે સ્વરૂપથી તત્ છે (અર્થાત્ દરેક તત્ત્વને-વસ્તુને સ્વરૂપથી તત્પણું છે)...'** ભગવાન આત્મા પોતાના... એટલે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર રહે છે. તેથી પર્યાયનું અસ્તિત્વ મારાથી મારામાં જ્ઞાનનું છે. નિમિત્તથી છે નહિ. નિમિત્તથી કહો કે જ્ઞેયથી કહો. લાકડા એવા ગરી ગયા છે ને નિમિત્તના. જ્ઞેય એવું થાય. એમ લખ્યું છે ને પ્રવચનસારમાં? તેથી જ્ઞેયનું એ પ્રમાણે એને નિમિત્તની મૈત્રી મટતી નથી. જેવું નિમિત્ત આવે એવું અહીં જ્ઞાન દેખાય એટલે નિમિત્તની મૈત્રી ત્યાંથી છોડતો નથી. પણ એ જ્ઞાનની પર્યાય તારાથી તે કાળે થવાને કાળે જ્ઞાનની અવસ્થા પ્રગટરૂપે તારે કારણે વ્યક્ત થઈ છે. પ્રવ્યક્તિ કીધું ને અંદર? સમજાય છે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**'એવી માન્યતાને લીધે, અત્યંત પ્રગટ થયેલા...'** દેખો વસ્તુ સ્વરૂપ. એ સમયે મારી અવસ્થા એ રીતે જ પ્રગટ થઈ છે. **'અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી,...'** આહાહા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે ચૈતન્ય. એની દૃષ્ટિને લઈને જ્ઞાનની અવસ્થામાં જે નિર્મળતા વધી અને અનેકતા જ્ઞાનની દશા થઈ, એનો ભાર એકાગ્રતા થઈ છે એ પોતાને લઈને છે. **'અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવ...'** શું કહે છે? જુઓ! પરને લઈને થયું તે અસ્થિર અને ખંડ થતું. અહીંયા પોતાને લઈને થયું ત્યાં ઘન નામ જ્ઞાનગુણમાં એકાગ્ર થાય છે. ત્રિકાળી જ્ઞાનસ્વભાવમાં મારું તત્પણું મારે લઈને છે તો જ્ઞાનગુણ પણ મારે લઈને છે તો પર્યાય પણ મારે લઈને છે. એટલે એને જ્ઞાનગુણમાં એ પર્યાયની એકાગ્રતા થાય છે. એકાગ્રતા થતા જ્ઞાનઘનપણાને, એકાગ્રતાપણાને, વિશેષપણાને પામે છે.

**'સંપૂર્ણ ઉદિત (-પ્રગટ) થાય છે.'** જ્ઞાન પ્રગટ થાય છે. કેવળજ્ઞાન પણ એ સમયે પ્રગટ થાય છે. કહો, સમજાય છે? ચોથેથી માંડીને કેવળજ્ઞાન પણ પોતાને લઈને (પ્રગટ થાય છે). લોકાલોક છે માટે થાય છે? જુઓ! લોકાલોક છે તો જ્ઞાન (થાય છે). કો'ક કહેતું હતું ને હમણાં નહિ? લોકાલોક છે માટે થાય. જ્ઞેય.. એ અમારે (સંવત) ૧૯૮૩માં ચર્ચા ચાલી હતી મોટી. વિરજીભાઈને. જ્ઞેયને લઈને જ્ઞાન. લોકાલોક ન હોય તો જ્ઞાન ક્યાંથી થાય? એ આવ્યું હતું ને. આમાં આવ્યું છે. લોકાલોક છે એટલું જ જ્ઞાન થાય છે. કેમ? જ્ઞાનની શક્તિ તો ઘણી છે. પણ જ્ઞેયો વિશેષ નથી માટે જ્ઞાનશક્તિ કામ કરતી નથી. આવા દાખલા આમાં આપ્યા છે. ખાણિયા ચર્ચા. સમજાય છે કાંઈ?

કહે છે કે, ભાઈ! આત્મામાં જ્ઞાનની શક્તિ તો આ છે એથી અનંતગુણી જાણવાની છે. લોકાલોક છે ને એટલું તો જાણે, પણ એથી અનંતગણું હોય તોપણ જાણે. પણ નથી એટલે ક્યાંથી જાણે? એટલું નિમિત્તાધીન જ્ઞાન છે એમ કહે છે ઈ. ભારે ભાઈ! ભગવાન! તું પણ જબરો ને. એમ કહેવા માગે છે કે ભાઈ! જ્ઞાન એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકને જાણવાના પરિણમનપણે પોતામાં જ્ઞાનને જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. એમાં એટલી શક્તિ છે કે હજી આથી અનંતગુણો લોક ને કાળ હોય તો જાણે. એ સામર્થ્યની વાત બતાવવા માગે છે. એનો સ્વભાવ છે એને હદ શું હોય? એને ઠેકાણે કહે કે, જુઓ! જ્ઞેય નથી માટે જ્ઞાન વધારે કામ કરતું નથી. પંડિતજી! લખે છે ને. ખાણિયા ચર્ચામાં લખે છે, આ પત્રોમાં પણ આવ્યું છે. ભારે પણ ભાઈ આ વાતું. અને માને છે પોતાને પાછો વધારે. અનેકાંતથી અમે તો શાસ્ત્રને માનનારા છીએ. અમે આગમના ભક્તો છીએ. આગમના અર્થો કરીને તમને બતાવ્યા કે આ આચાર્ય આમ કહે છે, આ આચાર્ય આમ કહે છે, પણ તમે આમ ઉડાડી દેશો એ તો વ્યવહારના કથન છે. એમ કરીને તમે ઉડાડી દેશો એ અમે નહોતા માનતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


સમજાણું કાંઈ? એ ખાણિયા ચર્ચામાં બધું આવ્યું છે. શેઠી હતા કે નહિ ત્યાં ખાણિયા ચર્ચા વખતે? નહોતા? રખડતા હશે ત્યાં મુંબઈ. શેઠી! આ ખાણિયા ચર્ચા વખતે જયપુરમાં હતા કે નહિ? નહોતા. ઠીક, હીરા-માણેકમાં હશે ત્યાં.

મુમુક્ષુ :- અહીં હતા.

ઉત્તર :- અહીં હતા. ઠીક. તો ઠીક.

**'અત્યંત પ્રગટ થયેલા જ્ઞાનઘનરૂપ સ્વભાવના ભારથી, સંપૂર્ણ ઉદિત (-પ્રગટ) થાય છે.'** કારણ કે પોતાથી જ્યાં પ્રગટ થાય છે એવી જ્યાં દૃષ્ટિ થઈ, એટલે જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ એમાં એકાગ્ર થતાં પોતાથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એક અંશ પણ વર્તમાનની પ્રગટતા નિમિત્તને જ્ઞેયને લઈને નથી એથી તેને પરલક્ષ કરવા જેવું નથી. પોતાનું જ્ઞાન પોતાથી થાય એટલે સ્વલક્ષમાં આવતો, જ્ઞાનની અવસ્થા પરિપૂર્ણ પ્રગટ થાય એવું તત્સ્વરૂપના માનનારને થાય છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાષા થોડી આવે ને આમાં થોડી. હિન્દીમાં અટકવું તો પડે ને ક્યાંક ક્યાંક. તો પણ ઠીક ચાલતું હતું. રીતસર ચાલતું હતું. કોઈ બાર આના ચાલતું હશે. દસ-બાર આના ચાલતું હશે. નહિ? એ અમારે પંડિતજી કહે છે. એ હિન્દીમાં બધામાં કરેલું છે એ. હિન્દી પણ એવું લખે આ બધું કળશટીકાનું હિન્દી એણે કર્યું છે બધું, હોં! બીજાનું સમજવા જેવું. બધું એણે સુધાર્યું છે.

**'ભાવાર્થ :- કોઈ સર્વથા એકાંતી તો એમ માને છે કે-ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...'** લ્યો! આ વાત છે? શેઠી! ક્યાં? ભાવાર્થ સૂઝતો નથી.

મુમુક્ષુ :- ઘરે..

ઉત્તર :- ઘરે દેખવું. એ ઠીક કહે છે. હુશિયાર છે. પણ ભાવાર્થ પહેલાં કળશનો ભાવાર્થ છે કે નહિ? પહેલો કળશ ચાલી ગયો. ભાવાર્થ છે. ૨૪૮ કળશ, એનો ભાવાર્થ.

**'કોઈ સર્વથા એકાંતી તો એમ માને છે કે-ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે...'** કારણ કે ઘટ-ઘડો હોય ત્યારે ઘડાનું જ્ઞાન થાય છે કે નહિ? એ વખતે કેમ સોનાનું થાતું નથી? પાણીનું કેમ થાતું નથી? એનો અર્થ એ છે કે ઘટ છે એનું જ્ઞાન ઘટને લઈને થાય છે. એમ અજ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? આ વેદાંતી એમ કહે છે. ભાઈ, એમ કહેતા હતા ઓલા. શું કહેવાય એ? કિશોર મશરુવાળા. કિશોરીલાલ મશરુવાળા. દેખો ભાઈ! આ જ્ઞાનમાં ભાસે છે સામે કપાટ. તો કપાટનું જ્ઞાન થાય છે. જ્ઞાનમાં એ જાતની એની સહાયતા થઈને. તો એ પણ જ્ઞાન જ છે, એ બધું જ્ઞાન જ છે એમ કહે. જીવનકળા. જીવન શોધન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ પુસ્તક છે. વાંચ્યું હતું આખું. જીવન શોધનમાં એ લખેલું. કિશોરીલાલ હતા ને? વેદાંતની શ્રદ્ધા થઈ. મશરુવાળા. બિલકુલ વિપરીત. એય..! સમજાણું? એમ કે જુઓ! આ જ્ઞાન છે એ નામ, રૂપ, આકારમાં ફેર છે, પણ એ નામ, રૂપ, આકાર.. બધું સત્ જ છે. એમાં બધું સત્ જ છે. એ જ્ઞાનસ્વરૂપ આત્મા જ છે બધું. એમ કહે છે. સમજાણું કાંઈ? શું કહે છે? એ તો ઠીક છે .. પ્રિય... નામ, રૂપ ને આકાર. કોઈપણ વસ્તુ નામ, રૂપ.. નામ કાયમ નહિ રહે. આ લાકડું નામ છે એ નામ કાયમ નહિ રહે. તો એ વસ્તુ નામરૂપ ખરેખર નથી. આકાર આવો છે એ કાયમ નહિ રહે. નામ, રૂપ સમજાય છે ને? એનું રૂપ એ નહિ રહે એમાં વર્ણ, ગંધ આદિ અવસ્થા. માટે એ બધી ખોટી છે. એનું મૂળ સત્ત્વ એકલું આત્મા અને જ્ઞાન જ છે એમ કહે છે. એ અહીં કહે છે. અજ્ઞાની એમ માને છે. એમ છે નહિ. નટુભાઈ!

'**ઘટજ્ઞાન ઘટના આધારે જ થાય છે માટે જ્ઞાન સર્વ પ્રકારે જ્ઞેયો પર જ આધાર રાખે છે.**' જાણવા ઉપર આધાર રાખે છે, ચશ્મા ઉપર જ્ઞાનની પર્યાય આધાર રાખે છે.

મુમુક્ષુ :- .. પૈસા ખર્ચીને ચશ્મા લે.

ઉત્તર :- ચશ્મા શું કરવા લે? મફત. ૧૨ નંબરના, ૧૪ નંબરના, ૨૦ નંબરના મોટા મોટા આવડા. કહો, મોતિયાના નંબર બીજા હોય, ફલાણાના બીજા હોય, એ કાંઈ જ્ઞાન થવામાં કાંઈ મદદ હશે કે નહિ એની? તો શું કરવા રાખો છો આ?

એ તો દાખલો આપ્યો હતો ઓલામાં, કે ભાઈ! થાંભલા પાસે ઘડો મૂકો. થાંભલાને જો ઘટથી જ્ઞાન થાય તો થાંભલાને જ્ઞાન થવું જોઈએ. જેનામાં જ્ઞાન છે એ ત્યાં જોડે આવતા એ જ્ઞાનનું મનન કરતા આ ઘટ છે એવું જ્ઞાન જેનામાં જ્ઞાન છે એને લઈને થાય છે. શું ઘટને લઈને થાય છે? ઘટને લઈને થાય તો થાંભલા પાસે ઘડો મૂકો. લ્યો, આની પાસે ઘડો મૂકો. પાટ ઉપર મૂકો લ્યો ઘડો પાટ ઉપર. થાશે પાટને જ્ઞાન? કેમકે એમાં જ્ઞાન નથી તો ક્યાંથી થાતું હતું?

મુમુક્ષુ :- આ જ્ઞાનની .. તો પડી ને?

ઉત્તર :- શેની પડી પણ? જ્ઞાન જેનામાં નથી એનું થયું ક્યાંથી? જેનામાં જ્ઞાન છે એની પાસે જ્ઞેય હોય તો એ પોતે જ્ઞાનની પર્યાયનું પરિણમન કરતાં એને જ્ઞાન પોતાથી થાય છે, કંઈ ઘટથી થાતું નથી. કહો, સમજાણું કાંઈ? સૂક્ષ્મ ન્યાય છે એ બધા.

મુમુક્ષુ :- વધારે..

ઉત્તર :- .. એ છે જ નહિ એમ કહે છે. એ તો વળી બીજી વાત. ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગઃ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા ચેતન છે અને એનું જ્ઞાન-દર્શન ચૈતન્ય છે. એને અનુસરીને થતી અવસ્થા તેને ઉપયોગ કહે છે. ચૈતન્યને અનુસરીને થતાં પરિણામને ઉપયોગ કહે છે. આ વ્યાખ્યા મોટી. સિદ્ધાંત. ચાહે તો મતિજ્ઞાન હો, ચાહે શ્રુતજ્ઞાન હો, ચાહે અવધિ, અરે..! મતિ અજ્ઞાન હો, શ્રુત અજ્ઞાન હો, વિભંગ અજ્ઞાન હો અને કેવળજ્ઞાન હો, બારેય પ્રકારના ઉપયોગરૂપી પર્યાયનું અનુસરણ ચૈતન્યગુણને અનુસરીને થાય છે. નિમિત્તને અનુસરીને થાય છે એ વાત વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? જડની અસર પડે છે કે નહિ? જુઓ! ચશ્માથી જ્ઞાન થાય છે. ચશ્મા ન હોય તો થાતું નથી.

હમણાં એક લીંબડીમાં થઈ હતી ચર્ચા. ચર્ચા (કરો). ભાઈ! અમે કોઈની સાથે વાત કરતાં નથી, અમારે કરવી નથી. તમે માનો માનવું હોય એમ. અમે શું કરીએ પણ એમાં? આ કાંઈ વાત તમને સંભળાય એવી નથી તો સમજાય ક્યાંથી તને? સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! કીધું. એમ તો કહ્યું હતું. આ વાત ફરે એવી નથી. માને, ન માને દુનિયા બીજી રીતે કલ્પે તો (કલ્પો). કરો ચર્ચા. કોણ ચર્ચા કરે? ચર્ચા કરે તો જ બીજો માને તો જ આ સાચી વાત થાય એમ છે? બીજો માને ને ઝાઝા કહે કે હા. તો ઠીક. અને બીજાને સમજાવી શકે તો એ સાચી વાત છે, એમ છે કાંઈ? એમ છે જ નહિ. પોતે પોતાથી જે જ્ઞાનની અવસ્થા પોતાને કારણે થાય એમાં પરને કારણે બિલકુલ છે જ નહિ. એમ જ્યાં સુધી નિર્ણય નહિ કરે ત્યાં સુધી પાંગળો રહેશે. એનું જ્ઞાન પરને આધારે અને પરને અવલંબે માન્યતામાં રહેશે. બાકી તો થાય છે તે પોતાથી થાય છે.

**'આવું માનનાર એકાંતવાદીના જ્ઞાનને તો જ્ઞેયો પી ગયાં,...'** લ્યો! આમ માનનારા-જ્ઞેયને લઈને જ્ઞાન થયું માનનારા-(એના) જ્ઞાનને તો જ્ઞેય પી ગયું. **'જ્ઞાન પોતે કાંઈ ન રહ્યું. સ્યાદ્‌વાદી તો એમ માને છે કે-જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ છે,...'** જ્ઞાન જ્ઞાનસ્વરૂપથી છે. ચાહે તો કોઈ સમયે ચાહે જેટલી પર્યાય પ્રગટ હો, અલ્પ કે વિશેષ એ જ્ઞાન જ્ઞાનસ્વરૂપ પોતાના સ્વરૂપથી છે. એ પર્યાય પોતાના જ્ઞાનગુણને અનુસરીને થઈ છે. જ્ઞાનગુણને અનુસરીને, દ્રવ્યને અનુસરીને થયેલી પર્યાય છે. નિમિત્તને અનુસરીને થયેલી એ પર્યાય નથી. સમજાણું કાંઈ?

**'સ્યાદ્‌વાદી તો એમ માને છે કે-જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ જ છે, જ્ઞેયાકાર થવા છતાં...'** જુઓ! જે જ્ઞેય છે તેના આકારે વિશેષરૂપે જ્ઞાન પોતાની અવસ્થામાં થવા છતાં **'જ્ઞાનપણાને છોડતું નથી.'** ઘટનું જ્ઞાન થયું પણ એ જ્ઞાન જ્ઞાનપણે પોતે થયું છે. ઘટને લઈને જ્ઞેયાકાર થયું છે એમ નથી. સમજાય છે? જેવું જ્ઞેય છે તેવું અહીં જ્ઞાન થાય. છતાં એને લઈને થયું નથી. પોતાના જ્ઞાનની પર્યાય પોતાને કારણે ત્યાં થયેલી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


અનેકાંત છે, સ્યાદ્વાદ છે. જરી ઝીણી વાતું છે. સમજાણું?

'**આવી યથાર્થ અનેકાંત સમજણને લીધે સ્યાદ્વાદીને જ્ઞાન પ્રગટ પ્રકાશે છે.**' એને જ્ઞાન નિર્મળ પ્રગટ થાય છે એમ કહે છે. પોતાનો જ્ઞાનસ્વભાવ ત્રિકાળી ભગવાન જ્ઞાયક અને એનો જ્ઞાનગુણ, એવી અંતર દૃષ્ટિ થતાં જ્ઞાન પ્રગટરૂપે નિર્મળપણાને પામીને એકત્વપણાને પામે છે. એક બોલ થયો.

'**આ પ્રમાણે સ્વરૂપથી તત્પણાનો ભંગ કહ્યો.**' સ્વરૂપથી તત્ છે. ચૌદ ભંગ છે ને. તત્, અતત્, એક, અનેક.. ચૌદ ભંગ છે. '(**હવે બીજા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-**)'

**विश्वं ज्ञानमिति प्रतर्क्य सकलं दृष्ट्वा स्वतत्त्वाशया**
**भूत्वा विश्वमयः पशुः पशुरिव स्वच्छन्दमाचेष्टते।**
**यत्तत्तत्पररूपतो न तदिति स्याद्वाददर्शी पुन-**
**र्विश्वाद्भिन्नमविश्वविश्वघटितं तस्य स्वतत्त्वं स्पृशेत्।।२४९।।**

આહાહા..!

'**શ્લોકાર્થ :- પશુ...**' ચૌદે બોલમાં પશુ કહ્યા છે. પરથી જ્ઞાન થાય અને સ્વથી ન થાય એ માનનારા પશુ છે એમ કહે છે. અર્થાત્ તેની દૃષ્ટિ એકાંત છે, અર્થાત્ તેની દૃષ્ટિ મિથ્યાત્વ છે, માટે પણ મિથ્યાત્વનું ફળ પશુ નામ નિગોદ છે. સમજાય છે? ભવિદ્ર પશુ. ભવિદ્ર પશુ સમજાય છે? દેવમાં જાય એને ભવિદ્ર દેવ કહેવાય છે. ભવિષ્યમાં જે દેવ થવાનો હોય એને અહીંયાં ભવિદ્ર દેવ કહેવાય. નારકીમાં જવાનો હોય એને ભવિદ્ર નારકી કહેવાય. પશુમાં જવાનો હોય એને ભવિદ્ર પશુ કહેવાય. ભવિદ્ર-ભવિષ્યમાં થવાનો તેને અહીં કહી દે. સમજાય છે કાંઈ? એ શ્વેતાંબરમાં બહુ આવે છે ભવિદ્રનો એક આખો.. શું કહેવાય? થોકડો-થોકડો એક આવે છે. જે ભવિષ્યની ગતિ થવાની છે એને એ ગતિને વર્તમાન કહી દેવો એનું નામ ભવિદ્ર. ગધેડામાં જવાનો હોય એ માણસને અત્યારે ભવિદ્ર ગધેડો કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

પંચાસ્તિકાયમાં કહ્યું છે ને? કે જે વર્તમાન દશા છે એનો અભાવ થશે અને વર્તમાન ભવિષ્યની અવસ્થા નથી, અભાવરૂપે અત્યારે છે એનો ભાવ થશે. ભાવનો અભાવ અને અભાવનો ભાવ. સમજાય છે કાંઈ? એમ ભવિષ્યમાં નિગોદની પર્યાય થવાની એનો વર્તમાન પર્યાયમાં અભાવ છે. પણ એ અભાવ છે અને વર્તમાન પર્યાયમાં અમુક પર્યાય મનુષ્યાદિની છે, એ ભાવ છે તેનો અભાવ થઈ જશે અને અભાવ છે તેનો ત્યાં ભાવ થઈ જશે. એથી એને અહીં એકાંતવાદીને મિથ્યાદૃષ્ટિને પશુ કહીને બોલાવેલ છે. દેવચંદજી! આહાહા..! ભગવાન!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તારી ગતિ તો નિગોદની છે એમ કહે છે. તત્ત્વના વાસ્તવિક સ્વરૂપ આરાધનારને સિદ્ધ છે. તત્ત્વનું વાસ્તવિક સ્વરૂપ આરાધનના ફળમાં સિદ્ધ છે, તત્ત્વનું વિરૂદ્ધ સ્વરૂપ સેવનારને ફળમાં નિગોદ છે. વચલી ચાર ગતિ સાધારણ છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદનો નાથ પ્રભુ, એની સેવના-આરાધન, સ્વભાવની સ્વતંત્રા આરાધન-સેવન એના ફળે તો અલ્પકાળમાં સિદ્ધપદની, મુક્તિ પદનું ફળ છે અનું. અને એ તત્ત્વ જે વસ્તુ છે એનું વિરાધન, વસ્તુથી વિપરીત એકાંત માન્યતાવાળા ચાહે સો અત્યારે સાધુ નામ ધરાવનારા હો... સમજાણું કાંઈ? પણ એ પશુ છે. વર્તમાન પશુ વિવેક નથી માટે. જેમ હાથીને ચૂરમુ અને ઘાસનો વિવેક નથી કે આ ચૂરમુ-લાડવો અને ઘાસનો વિવેક નથી. એમ અજ્ઞાનીને હેય જ્ઞેય, નિમિત્ત તે હેય છે, જ્ઞાયક તે ઉપાદેય છે. એવું જેને જ્ઞાન નથી એને વર્તમાન પશુ કહેવામાં આવે છે. પંડિતજી! આ ઘાસ અને ચૂરમુ ભેગું કરીને ખા છો? વિવેક નથી? ચૂરમુ ભિન્ન ચીજ છે અનાજનું ફળ મૂકીને (ઘાસ ખાય છે). આ તો ખડ છે, ઘાસ. એમ આ વસ્તુ જે પર છે એને લઈને મને જ્ઞાન થાય, પરાધીન દૃષ્ટિ તારી મિથ્યાદૃષ્ટિ છે. તારા સ્વતંત્ર સત્તા જ્ઞાનગુણનું હોવાપણું એને લઈને પર્યાય થાય છે એવા હોવાપણાનો તું સ્વીકાર કરતો નથી. તારા હોવાપણામાં નભાવ નિમિત્તને લઈને હોવાપણું છે, તેં તારો અભાવ કર્યો છે. તારી દૃષ્ટિમાં જ્ઞાયકનો અભાવ કર્યો અને વિપરીત માન્યતાને માર્ગ આપ્યો. એ વિપરીત માન્યતાના ફળમાં નિગોદ જ છે. સમજાય છે કાંઈ?

કુંદકુંદાચાર્ય તો ત્યાં કહે છે ને? એક વસ્ત્રનો તાણો રાખીને મુનિપણું માને, મનાવે, માન્યતાને રૂડું જાણે નિગોદં ગચ્છઈ. એ આકરી વાત કરી છે? વાસ્તવિક કરી છે. એક પણ વસ્ત્રનો તાણો રાખે એની દશા મુનિપણાની હોય નહિ. એને સંવર, નિર્જરાની યોગ્યતા જોઈએ તેટલી હોય નહિ. એટલે એને સંવર-નિર્જરાની શ્રદ્ધાની ખબર નથી, તેને તેના .. વિકલ્પ વસ્ત્ર-પાત્રનો આવે જ નહિ મુનિ હોય એને. એ આસ્રવની પણ ખબર નથી. તેને અજીવનો સંયોગ આવો વસ્ત્રનો હોય જ નહિ. એવા અજીવના સંયોગની ખબર નથી. અજીવની નહિ, આસ્રવની નહિ, સંવર-નિર્જરાની નહિ અને તેના ફળ તરીકે સાધારણ રાગાદિ રહ્યો વસ્ત્રાદિનો અને એનાથી મુક્તિ થાય તો એ કારણમાં ફેર છે તો કાર્યમાં પણ ફેર માન્યો. એટલે નવેય તત્ત્વની વિપરીત માન્યતા છે. પંડિતજી! એક તત્ત્વ ફરતાં નવેય તત્ત્વનો ફેર છે. એ માટે કહ્યું છે. એમ ને એમ કાંઈ અદ્ધરથી નથી કહી દીધું.

અહો..! ભગવાન! મુનિની દશા અકષાય પરિણમન. એ દશામાં સંવર અને નિર્જરાની ઉત્કૃષ્ટતા કેટલી? કે જેને વિકલ્પ ઉઠે તો ફક્ત આહાર-પાણી આદિની વૃત્તિ ઉઠે એ સિવાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વસ્ત્ર-પાત્ર લેવાની હોય નહિ. તો એ ભૂમિકાની જે દશા છે એની ખબર નથી, એને આસ્રવ કેટલો હોય મર્યાદા એની ખબર નથી, એને સંયોગ કેટલો ટળે અને સંયોગ કેટલો રહે એની ખબર નથી, તો એના ફળ તરીકે મોક્ષ આનાથી માને છે, રાગવાળું તત્ત્વ છે, વસ્ત્ર-પાત્ર લઉં એવો જે ભાવ, એનાથી મોક્ષ માને છે. તો મોક્ષ વીતરાગી તત્ત્વ છે તો આવા રાગથી માને છે એને મોક્ષતત્ત્વની ખબર નથી. દેવચંદજી! એ માટે કહ્યું છે. મફતમાં નથી કહ્યું.

એટલા માટે નિગોદ કહ્યું કે જેને જ્ઞેયથી, બધા જ્ઞેય, ત્રણ કાળના જ્ઞેયો જ્યાં જ્યાં હોય ત્યાં એનાથી મને જ્ઞાન થાય. હણી નાખ્યો એણે આત્માને. સમજાય છે કાંઈ? એનું ફળ એને નિગોદ જ હોય. પશુ કહેવરાવશે, પશુ અત્યારે નહિ કહે એને. સમજાણું કાંઈ?

કહે છે, '**પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની, વિશ્વ જ્ઞાન છે...**' લ્યો! એ બધું જ્ઞાન છે. બધા જ્ઞાન (છે). બાપા! આપણે બધું (જ્ઞાન). સ્ત્રી જ્ઞાન, પુરુષ પણ જ્ઞાન, દીકરી જ્ઞાન, વિષ્ટા જ્ઞાન, સ્થૂળ જ્ઞાન. આત્મા જ્ઞાન છે. '**એમ વિચારીને સર્વને (-સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને...**' નિજતત્ત્વ. પોતાના સ્વરૂપની હયાતી પરને લઈને દેખીને. કહો, સમજાય છે કાંઈ? એ રાગ થયો ને? તો રાગને લઈને અહીં જ્ઞાન થયું. એને લઈને આ જ્ઞાનના અસ્તિત્વને એણે માન્યું. તો વિશ્વને બધાને લઈને મને જ્ઞાન થયું એમ માનીને આખા જ્ઞાન તત્ત્વને વિશ્વને પોતામાં રહીને પોતાથી જાણવાની તાકાત છે એનો એણે નિષેધ કર્યો. કહો, સમજાણું આમાં?

વીતરાગનું નિજતત્ત્વ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! એ વસ્તુ સ્થિતિ છે. ભગવાને કાંઈ કલ્પનાથી કહ્યું છે, નહોતું એવું સ્વરૂપ જાણ્યું ને કહ્યું એમ નથી. જેવું હતું એવું જાણ્યું અને જાણ્યું એવું વાણીમાં આવ્યું છે વાણીમાં. એ વાણી પણ ક્યાં કરી છે એણે? સમજાણું કાંઈ? આહાહા..! બીજી રીતે કહીએ તો જે જ્ઞેયો છે જાણવાયોગ્ય રાગ, શરીર, વાણી, કર્મ આ સંયોગ એને લઈને મને જ્ઞાન થાય છે એમ માનનારા, પરને લઈને મારું હોવાપણું માને છે, પણ મારું હોવાપણું મારે લઈને છે એમ માનતો નથી. અથવા પરને લઈને મને સુખ છે, જ્ઞાન કરતાં સુખ છે. સમજાણું કાંઈ? પૈસા, આબરુ, કીર્તિ આ બધું હોય તો કાંઈક સંતોષ ચડે, સુખ થાય. મૂઢ છો? એય..! પરને લઈને જ્ઞાન છે અને પરને લઈને સુખ છે? તારે લઈને તારું જ્ઞાન અને તારે લઈને તારું સુખ ક્યાં ગયું? ખાલી થઈ ગયો તું? આહાહા..! સમજાણું કાંઈ? આકરું કામ છે, ભાઈ!

ભગવાન આત્મા જ્ઞાન ને આનંદથી તો ભરપુર તત્ત્વ, ભરેલું તત્ત્વ, અસ્તિ તત્ત્વ તત્‌સ્વરૂપ છે. એવા તત્‌ને અતત્ એટલે પર એમાં નથી એ દ્વારા મારું તત્‌પણું છે. રાગ, શરીર, કર્મ આદિ જે ચીજો જાણે એ દ્વારા મારું જ્ઞાન છે એમ માનનારા મિથ્યાદૃષ્ટિ એકાંતી, એને એકાંતી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહ્યા છે. ભાઈ! મારાથી મારું જ્ઞાન થાય અને પરથી પણ જ્ઞાન થાય, કથંચિત્ અનેકાંત લગાડો. ના પાડે છે. એ અનેકાંત નહિ. સર્વથા, ભગવાન એમ ન કહે, સર્વથા જ્ઞાન મારાથી થાય એમ ન કહે. જ્ઞાન જ્ઞાનથી પણ થાય અને જ્ઞાન જ્ઞેયથી થાય એને અનેકાંત કહે છે. એમ કેટલાક કહે છે. એ અનેકાંત નથી, ફુદડીવાદ છે ઈ. સમજાણું કાંઈ?

નિમિત્તથી જ્ઞાન ન થતું હોય એ પ્રકારે તો તમે સમયસાર લઈને કેમ બેઠા સામે? પુરાણ લઈને, પદ્મપુરાણ કેમ લઈને બેઠા નહિ? દેવચંદજી! એવો પ્રશ્ન ઉઠ્યો હતો. પ્રશ્ન ઉઠ્યો હતો. જો તમે એમ કહો છો કે આને લઈને નહિ, આને લઈને નહિ તો પછી પદ્મપુરાણ સામું કેમ લઈને બેસતા નથી તમને જ્ઞાન થવા માટે? આ લઈને બેસે એમાં તમારા અંદરમાં આમાંથી નિમિત્તની કોઈ વિશેષતા, વિશિષ્ટતા છે. માટે સમયસારને લઈને અંદર જ્ઞાન થાય છે. પંડિતજી! અહીં તો ચર્ચા બહુ ચાલીને. બહુ વિરોધ. ભારે જગત! આહાહા..!

ભાઈ! સમયસાર લે કોણ? એ તો એને કારણે આવે છે. સમજાય છે? અને એ અક્ષરો વંચાય છે, માટે અક્ષરોને લઈને અહીં જ્ઞાન પર્યાય થઈ છે, કોણ કહે છે એમ? સમજાય છે કાંઈ? અમને પૂછો છો કે નહિ તમે? તો અમારાથી કાંઈક જ્ઞાન તમને થાય છે તો પૂછો છો કે નહિ? નિમિત્તથી કાંઈ જ્ઞાન ન થતું હોય તો પૂછો છો શું કરવા અમને? અમે નહિ બોલીએ. એમ કહે છે કેટલાક. એય.. પંડિતજી! અરે..! ભગવાન સાંભળ તો ખરો. અમને પૂછો છો શું કરવા? કેમ તમે તો એમ માનો છો કે નિમિત્તથી પરથી જ્ઞાન થાતું નથી. છતાં તમે પૂછો છો એનું કારણ? એક કોર નિમિત્તથી થાય નહિ માનો અને વળી નિમિત્તને પૂછો કે આનું કેમ? માટે તમને કાંઈ શ્રદ્ધા સાચી છે નહિ. ભારે જગત પણ ભરમાયું છે ને. સમજાણું કાંઈ? એ ચર્ચા ચાલી હતી મોટી, મોટા પંડિતો વચ્ચે.

તમે અમારાથી જ્ઞાન ન માનતા હો, નિમિત્તથી થાય. નહિ બોલીએ. ત્યારે બીજો પ્રશ્ન થયો. બીજાએ પ્રશ્ન કર્યો. શું જ્ઞાન કર્તા અને વાણી કાર્ય એમ છે? તમે નહિ બોલો એટલે વાણી તમારું કાર્ય હતું કે તમે અટકાવી દો છો? સમજાણું કાંઈ? ભાઈ! જ્ઞાનનું કાર્ય તો જ્ઞાનથી થાય છે. એ જ્ઞાનનું કાર્ય નિમિત્ત અને જ્ઞેયથી નથી. તો જ્ઞેયથી થતું નથી તો અમને પૂછીને કેમ જ્ઞાન કરવા માગો છો? અરે..! ભગવાન! એ વખતે એ વિકલ્પ એવો હોય, વાણી એવી હોય અને તે જ્ઞાન તો પોતાથી તે કાળે પણ થાય છે, પરથી થાતું નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! નહિ બોલીએ, લ્યો. નહિ બોલીએ એટલે? વાણીની પર્યાયનું જ્ઞાન કર્તા અને વાણી કાર્ય છે? એમ બને નહિ. જ્ઞાન ભગવાન કરવાવાળો અને વાણી એનું કાર્ય, જ્ઞાન કર્તા અને વાણી કર્મ એમ છે નહિ. તો નહિ બોલું ને બોલું ક્યાંથી આવ્યું એ? વાણીનું કાર્ય તમારું છે કે નહિ બોલું? દેવચંદજી! ભારે. સમજાણું? એટલી વાત થઈ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાણું કાંઈ? **નામ-ઠામની વાત નથી અત્યારે.** અહીં તો વાત આટલી કે જ્ઞાન કર્તા અને વાણી કાર્ય કે મૌન રહે? બસ! સમાધાન થઈ ગયું. સમાધાન એટલે? આમાં ઉત્તર અપાઈ ગયો. એને બેસે ન બેસે એની વાત જુદી. સમજાય છે?

આ ભારે ઝઘડા નિમિત્તના તો છે. એ માટે તો આ તત્-અતત્‌ની વ્યાખ્યા મૂકી છે. અહીં હજી સ્વપણે છે અને પરપણે નથી. અહીં તો જ્ઞાન જ્ઞાનપણે છે અને જ્ઞાન જ્ઞેયપણે નથી. એવો એક બોલ જુદો મૂક્યો છે. પછી દ્રવ્ય-ક્ષેત્ર-કાળપણે છે અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળપણે નથી એ વળી આઠ ભંગ જુદા મૂકશે. આમાં તો પહેલો જ્ઞાન અને જ્ઞેય બસ! એ સંબંધી જ વાત કરી લીધી આખી પહેલી. કારણ કે ભ્રમ જગતને છે કે જ્ઞાનગુણનો પ્રવાહ વહે છે. જેવા જેવા નિમિત્તોની વિવિધતા થાય છે એવું વિવિધ જ્ઞાન થાય છે, માટે એને લઈને અહીં થાય છે. એવો ભ્રમ થઈ ગયો છે અજ્ઞાનીને. કહો, પોપટભાઈ! લાદીમાં બેઠા તો લાદીનું જ્ઞાન થાશે? કે કોનું થાશે? છોકરાનું થાશે? આ છોકરો બેઠો છે એમ થાય છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે આમાં. ભાઈ! તને ખબર નથી. જ્યાં હોય ત્યાં તારું અસ્તિત્વ છે કે નહિ? જ્યાં હોય ત્યાં તારું હોવાપણું છે કે નહિ? તારા હોવાપણાને લઈને હોવાપણામાં પર્યાયમાં થઈ છે? કે પરના હોવાપણાને લઈને તારા હોવાપણામાં થયું છે? ત્યારે તું ક્યાં મરી ગયો હતો ત્યાં? એને લઈને થયું તો ક્યાં ગયો હતો તું? એમ કહે છે. એને લઈને થયું તો તારા જ્ઞાનનું હોવાપણું ક્યાં મરી ગયું હતું કે પરને લઈને થાય? આહાહા..! પંડિતજી!

'**(-સમસ્ત વિશ્વને) નિજતત્ત્વની આશાથી દેખીને વિશ્વમય (-સમસ્ત જ્ઞેયપદાર્થમય) થઈને, ઢોરની માફક...**' હવે આવ્યું જોયું! '**સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે-**' એટલે? જેમ હેય-ઉપાદેયનો વિવેક કરતો નથી. સમજાય છે? એનું ભાવાર્થમાં આવશે. એના ભાવાર્થમાં. હેતુ તો એ કહેવો છે અહીં. એ ચાહે તો નિમિત્ત હો તે હેય છે. ઉપાદેય તો પોતાનો જ્ઞાનગુણનો સ્વભાવ એ જ ઉપાદેય છે. પણ એ વિવેક ન કરતાં નિમિત્તથી થાય એટલે બધાને એકસરખું બધું માને. સ્ત્રી કહો, પુરુષ કહો અમારે તો બધું એક જેવું છે. માંસ હોય કે રોટલો બધું એક દેખાય છે. દેખાય ક્યાંથી? સાંભળને! પર્યાયમાં ફેર છે. માંસ અને રોટલાની પર્યાયમાં પુદ્‌ગલ તરીકે એક છે. પુદ્‌ગલ તરીકે એક, પર્યાયમાં ફેર છે. માંસની પર્યાય અને રોટલાની પર્યાયમાં ફેર છે. એવું જ્ઞાન ન કર અને એ જ્ઞાન પણ તારાથી થાય છે. રોટલાથી, માંસથી નહિ. સમજાણું કાંઈ? આ તો એકલા અનેકાંતના જ ન્યાય ભર્યા છે આમાં. એકાંતથી માનનારાઓની સામે અનેકાંતની દલીલ કરી છે.

'**ઢોરની માફક સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે-વર્તે છે;...**' સ્ત્રી હોય તો અમારે એક

જ આત્મા છીએ, પુરુષ હોય તો એક જ છીએ. એની સાથે ભોગ લઈએ કે લાડવા ખાઈએ કે થોર ખાઈએ અમારે તો બધું એક જ છે. મરી જઈશ. સમજાણું કાંઈ? અમારે તો બધું એક છે, બધા આત્મા એક છે. લ્યો! એ કહેતો હતો વિંછીયામાં. માંસ ખાય. એને માંસ ક્યાં હતું? એને તો બધું સરખું જ છે. માંસ દેખે છે ક્યાં એ? બહુ સારી વાત છે. ઢોર જેવો છે. માંસને માંસની પર્યાય તરીકે જ્ઞાન ન કરે અને સરખું (માને કે) હું ને બે એક બધા છીએ તો એ વખતે વિષ્ટા કેમ ખાતો નથી? સમજાણું કાંઈ? દાળમાં કાંકરો આવ્યો હતો તો કાંકરો કાઢી નાખે છે કે નહિ? શું કરવા? ખાને બધું ભેગું? પણ ખાવાની પર્યાયનો શું અર્થ તને? આ જ ખાવું એવું કેમ આવ્યું? બધું એક છે. થોર એક છે, વિષ્ટા એક છે, તેજાબ એક છે, લોઢાના કટકા આવડા મોટા એક છે. ખાને કટકા ભેગા. એ કહે છે.

'**ઢોરની માફક...**' જુઓ ભાષા! ચાહે તો ભણેલા મોટા હોય અને મોટા પ્રોફેસરો ગણાતા હોય. પરને લઈને જ્ઞાન બધું એક છે. સર્વવ્યાપક એક છે. એમાં કોનો વિવેક કરવો કે એ પર છે અને હું સ્વ છું. બે વચ્ચેની જેને વહેંચણી નથી એને બધું એક માનનારા ઢોરની પેઠે ચેષ્ટા અને વર્તન કરે છે. કહો, સમજાણું કાંઈ? સ્વચ્છંદપણે ચેષ્ટા કરે છે. જુઓ! અહીં તો બે વાર ઢોર કીધા. પહેલા સંબોધનમાં ઢોર કીધો અને ઢોરની પેઠે ચેષ્ટા કરે. બે વાર ઢોર લીધો છે. '**पशुः पशुरिव**' એમ છે ને? '**पशुः पशुरिव**' ઓલામાં તો એક પશુનું સંબોધન જ હતું. પશુ!

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, પોતાની ઋદ્ધિમાંથી પરિણમન જ્ઞાન-દર્શન-આનંદનું થાય છે. એને ઠેકાણે તું નિમિત્તને લઈને થાય છે અથવા નિમિત્તને લઈને થયું એટલે અમે બધા એક જ છીએ એમ માનનારા હેય-ઉપાદેયનો વિવેક કરતાં નથી. ઢોરની પેઠે પંડિત નામ ધરાવનારા પણ જો બધા દ્રવ્યને એક વ્યાપક માને (તો) સ્વચ્છંદી અને ઢોરની પેઠે વર્તનારા છે એમ કહે છે. અને એ ત્યાં ઢોરના સ્થાનમાં જવાના છે. ભાવિ સ્થાન, ભાવિ સ્થાન એ છે. સમજાણું કાંઈ? દુનિયા સાથે મેળ કરવો. કોઈની સાથે અતડાઈ ન કરવી, બધા સાથે મેળ રાખવો. સાંભળને! સત્ય (હોય) એ રીતે મેળ ખાય કે સત્ય વિના એ રીતે મેળ ખાતો હશે? સમજાણું કાંઈ?

'**અને સ્યાદ્વાદદર્શી...**' લ્યો! સ્યાદ્વાદ્દર્શી છે ને મૂળ શબ્દ? સ્યાદ્વાદ એટલે અનેકાંતને જાણનારો. હું મારાથી છું અને પરથી નથી એમ અનેકાંતનો જાણનાર. એમ આખો દૃષ્ટિનો ફેર છે હોં! હું મારાથી અસ્તિ મારી છે અને પરથી ત્રિકાળમાં છે નહિ. એવી દૃષ્ટિવંતને તો દ્રવ્ય ઉપર દૃષ્ટિ હોય છે. વસ્તુ સત્ ભગવાન ચિદાનંદ નાથ, પૂર્ણાનંદનો નાથ હું મારાથી છું. મારો અંશ પ્રગટે એ મારાથી છે. અંશની વિવિધતા દેખતા, વિવિધતાના નિમિત્તને કારણે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


વિવિધતા આવે છે એમ છે નહિ.

'**(-સ્યાદ્વાદનો દેખનાર તો), જે તત્ છે તે પરરૂપથી તત્ નથી...**' એ જ્ઞાનસ્વરૂપ ભગવાન પોતાથી છે એ જ્ઞેય અને નિમિત્તથી નથી. '**(અર્થાત્ દરેક તત્ત્વને સ્વરૂપથી તત્પણું હોવા છતાં પરરૂપથી અતત્પણું છે)...**' નહિતર એ તત્પણે રહી નહિ શકે. પરથી અતત્પણું છે. નહિતર સ્વ ને પર બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? એમે ઓલા દલીલ કરે છે, જુઓ! સાંભળતા તમને જ્ઞાન થાય છે કે નહિ? એ ભાષા નિમિત્ત છે કે નહિ? જ્ઞેય છે ને? તો જ્ઞેયને લઈને ત્યાં જ્ઞાન થયું કે નહિ? ના. કહો, સમજાણું?

'**એમ માનતો હોવાથી, વિશ્વથી ભિન્ન એવા અને વિશ્વથી રચાયેલું હોવા છતાં...**' શું કહે છે? બધા પદાર્થોથી ભિન્ન, છતાં આત્મામાં વિશ્વ એટલે બધા પદાર્થનું જ્ઞાનપણે પોતે છે. '**વિશ્વથી ભિન્ન એવા અને વિશ્વથી રચાયેલું હોવા છતાં...**' વિશ્વ એટલે બધા પદાર્થો નિમિત્ત છે. એવું જ્ઞાન પોતાને કારણે થયેલું હોવા છતાં, એવું જ જ્ઞાન. સમજાણું કાંઈ? વિશ્વથી ભિન્ન છતાં વિશ્વ છે એવું જ્ઞાન પોતાથી થયું છે પોતામાં. '**છતાં વિશ્વરૂપ નહિ...**' વિશ્વના સમસ્ત પદાર્થ જેટલાં ને જેવા છે તે રીતે અહીં જ્ઞાન થવા છતાં પોતે વિશ્વથી ભિન્ન અને વિશ્વના જ્ઞેયાકારના જ્ઞાનથી અભિન્ન. બધા વિશ્વનું જ્ઞાન પોતામાં છે. એ વિશ્વનું જ્ઞાન એટલે પોતાનું જ્ઞાન. એમ. વિશ્વ સંબંધીનું પોતાનું જ્ઞાન પોતા રૂપે છે.

ત્રણ શબ્દ પડ્યા છે. છે ને? '**विश्वात् भिन्नम् अविश्व-विश्वघटितं**' વિશ્વ ત્રણ શબ્દ પડ્યા છે. એક તો સમસ્ત પદાર્થથી ભિન્ન અને તે સમસ્ત પદાર્થના નિમિત્તના કાળમાં પોતાને તે જ પ્રકારના જ્ઞાનથી રચાયેલું પોતે છતાં વિશ્વરૂપ નહિ, છતાં પરરૂપે નહિ. એવું જ નિમિત્તનું જ્ઞાન અહીંયાં પોતાથી થયેલું છતાં એ નિમિત્તથી થયું નથી. વિશ્વથી ભિન્ન, વિશ્વના જ્ઞાનથી એકાકાર છતાં તે વિશ્વથી ભિન્ન છે. વિશ્વરૂપ થયું નથી. સમજાણું કાંઈ? ભારે નાખ્યું. વેદાંતની છે ને મોટી વાત આખી?

'**(અર્થાત્ સમસ્ત જ્ઞેય વસ્તુઓના આકારે થવા છતાં...**' એ. રચાયેલું એટલે એ. જેવા જ્ઞેયો છે, નિમિત્ત છે તેવું જ જ્ઞાન અહીં થાય છે. '**સમસ્ત જ્ઞેય વસ્તુથી ભિન્ન...**' છતાં તે જ્ઞેય નિમિત્તથી તો ભિન્ન છે. જેવા નિમિત્તો તેવું અહીં જ્ઞાન થાય. છતાં તે જ્ઞાન પોતાથી થયું છે, નિમિત્તથી થયું નથી એમ કહે છે. તમે કહો કે આ પરથી ન થાય, તો પછી આ તમે પ્રચાર કેમ કરો છો આ શાસ્ત્ર ને પુસ્તકનો આ? એમ વળી કોઈ પ્રશ્ન કરે છે. અહીં તો પ્રશ્ન કરનારા ઘણા મળે ને. ડાહ્યાભાઈ! એવું કહે. ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છોકરો વળી એવું બોલ્યો. તમે કહો છો કે પરથી થાય નહિ, પરથી થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નહિ. તો પછી તમે આ બધાનો પ્રચાર કર્યો.. એને વાંધો ઉઠ્યો એને પોતાના ઘરમાં ઘોદા વાગે છે ને. આ ખોટો અને આ સાચો એવું જે સાંભળવામાં આવે એટલે કહે, તમે પ્રચાર કરો છો. સામાને જ્ઞાન થવા માટે પ્રચાર છે તમારાથી? કે એને જ્ઞાન એનાથી થાય માટે પ્રચાર છે તમારો? અરે.. ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! કરે કોણ? એ પરમાણુની પર્યાય તે કાળે આવવાની હોય એ થાય. વિકલ્પ પણ એવો આવે. એને પરમાણુ અને વિકલ્પનું જ્ઞાન હોવા છતાં તે જ્ઞાન વિકલ્પ અને ભાષારૂપે થયું નથી. આહાહા..! સમજાણું કાંઈ? એવું કહે છે. પોતાની વાત સાચી રાખવા એવા ગોટા ઉઠાવે. એનું જ્ઞાન એનાથી થાશે, તો પછી તમે આ પુસ્તકોને લખીને એને જ્ઞાન થવા માટે શું કરવા આવા નિમિત્તો ઊભા કરો છો? એય.. ચંદુભાઈ! આવી દલીલ આપે જગતમાં. ભાઈ! કોણ કરે? બાપુ! જે કાળે જે વિકલ્પ અને જે વાણી અને જે પુસ્તક એનો પર્યાયનો વિશ્વ છે એ. એનું અહીં જ્ઞાનાકારે જ્ઞાન થાય. છતાં એ વિશ્વનું જ્ઞાન હોવા છતાં વિશ્વથી જુદો છે. અવિશ્વરૂપે છે. આહાહા..!

'**સમસ્ત જ્ઞેયવસ્તુથી ભિન્ન એવા પોતાના નિજતત્ત્વને સ્પર્શે છે-અનુભવે છે.**' આહાહા..! એટલે રાગ ને વાણીને કાળે પણ જ્ઞાની તો પોતાના જ્ઞાનને જ અનુભવે છે, રાગને, નિમિત્તને, વાણીને નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ ૩, સોમવાર તા. ૩-૬-૧૯૬૮**
**શ્લોક-૨૪૯-૨૫૦, પ્રવચન-૫૨૬**

૨૪૯નો ભાવાર્થ છે. અતત્‌નો બીજો ભંગ છે ને? ચૌદ બોલમાં અતત્. આત્મા જ્ઞાનસ્વરૂપે છે અને જ્ઞેયસ્વરૂપે નથી. જ્ઞાનસ્વરૂપે છે એ તત્‌નો પહેલો ભંગ. એમાં બધા ગુણો સાથે આવી જાય છે. પોતાના જ્ઞાનસ્વભાવથી પોતે છે અને રાગાદિ, પુણ્યાદિ અને નિમિત્તાદિ બધા જ્ઞેયો તે રૂપે છે નહિ. આવું જો જ્ઞાન કરે તો એને અનેકાંતનો અમૃતનો અનુભવ થાય. હું મારા સ્વભાવથી છું જ્ઞાનસ્વરૂપે અને પુણ્ય-પાપ, રાગાદિ, વ્યવહાર, નિમિત્ત એ બધા જ્ઞેયો એનાથી નથી. અસ્તિ-નાસ્તિનું જ્ઞાન થઈ ગયું. વાત સમજાય છે? શુદ્ધ ચૈતન્યસ્વભાવ, જ્ઞાનસ્વભાવથી હું છું અને વ્યવહાર રાગાદિથી હું નથી. બસ! પરથી હું નથી, રાગાદિથી હું નથી, હું તો જ્ઞાનથી છું. એમ થતાં જ્ઞાનમાં એકાગ્ર થતાં અનેકાંતને તે સ્વરૂપે પરિણમતા આત્મામાં આનંદનો અનુભવ થાય. કેમ કે રાગાદિ એમાં નથી. આ વસ્તુ વીતરાગસ્વરૂપે છું, જ્ઞાનસ્વરૂપે છું. તત્‌સ્વરૂપે છું અને અતત્‌સ્વરૂપે નથી.

'**ભાવાર્થ :- એકાંતવાદી...**' એક પક્ષને જોનાર. ૨૪૯નો ભાવાર્થ. '**એમ માને છે કે-વિશ્વ (-સમસ્ત વસ્તુઓ) જ્ઞાનરૂપ અર્થાત્ પોતારૂપ છે.**' કારણ કે બધું જ્ઞાન થાય છે એ સંબંધીનું પણ જ્ઞાન થાય છે એ જ્ઞાનની જાત બધી લાગે છે મને તો. આખી દુનિયા જ્ઞાનસ્વરૂપ છે એમ લાગે છે. એમ અજ્ઞાનીને ભાસ થતાં '**આ રીતે પોતાને અને વિશ્વને અભિન્ન માનીને,...**' પોતાનું ભગવાનસ્વરૂપ મહિમાવંત અસ્તિ, પરથી ભિન્ન એને પરથી એક માનીને '**પોતાને વિશ્વમય માનીને,...**' પોતે જ્ઞાનસ્વરૂપ ભિન્ન વસ્તુ અને વિશ્વને જાણવાના સ્વભાવવાળું પોતાનું તત્ત્વ છે, એમ ન માનતા હું વિશ્વરૂપે થઈ ગયો અને વિશ્વરૂપ એ હું છું એમ માનીને '**એકાંતવાદી, ઢોરની જેમ હેય-ઉપાદેયના વિવેક વિના...**' આ વધારે આવ્યું.

રાગાદિ તે હેય છે, જ્ઞેય તે હેય છે અને જ્ઞાનસ્વરૂપ તે આત્મા શુદ્ધ ચૈતન્ય તે ઉપાદેય છે. એમ બેના વિવેક વિના... સમજાણું? ખરેખર તો એ રાગથી, પુણ્યથી જીવને લાભ થાય છે એમ માનનારા પુણ્ય અને આત્માને એક જ માને છે. એટલે સ્વચ્છંદે ઢોરની જેમ એ રાગને જ પોતાના સ્વરૂપે માનીને ઝેરને-મિથ્યાત્વને અનુભવે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એ રાગ ને નિમિત્ત જ્ઞેયો રૂપે થયો નથી છતાં એ રૂપે છું અથવા એ મને મદદગાર છે, મને એ સહાયક છે. મને એ મદદગાર છે જ્ઞેય અને રાગ એમ માનનાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રાગને અને જ્ઞેયને જ પોતાનું સ્વરૂપ માને છે. મારું સ્વરૂપ એનાથી રહિત છે એમ જાણતો અને માનતો નથી. સમજાણું કાંઈ? આ તો એકલા ન્યાય છે ને આમાં.

પશુ કીધા છે ને? પશ્યતે બધ્યતે ઈતિ પશુ. આમ માનનાર આત્માને મિથ્યાત્વથી બાંધે છે. વિપરીત માન્યતાથી આત્માને બંધનમાં નાખે છે માટે તેને પશુ કહેવામાં આવ્યો છે. આહા..! સમજાય છે કાંઈ? ખરેખર તો પોતાનો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એને આ રાગાદિ અને પરથી કંઈપણ મને લાભ થાય, સુખ થાય, પરમાં સુખ છે એમ માનનાર સ્વમાં સુખ છે અને પરમાં છે એટલે બેયને એક જ માને છે. પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે, આબરુમાં સુખ છે, ખાવા-પીવા, લાડવામાં સુખ છે, સુવામાં સુખ છે. એટલે સુખ અહીં છે અને અહીં છે. એમ કરીને વિશ્વને પોતાનું સ્વરૂપ માને છે. કહો, પંડતિજી! એ ઢોરની પેઠે પછી.. ઢોરને-પશુને જેમ વિવેક નથી એમ અજ્ઞાનમાં પરવસ્તુ પુણ્ય-પાપના પરિણામથી માંડી આખી દુનિયા એ મારામાં નથી એમ નથી માનતો. તેથી તેને મારામાં માની એવા મિથ્યાત્વભાવથી હેય-ઉપાદેયનો વિવેક એને રહેતો નથી. કહો, સમજાણું કાંઈ?

એ તો ક્યાં માને છે પુદ્‌ગલની પર્યાય? અહીં તો કહે ને માંસની પર્યાય ને રોટલાની પર્યાય પુદ્‌ગલની છે. માટે એ તો બેય અમારે સરખા છે. એમ માનનાર પર્યાયબુદ્ધિવાળો છે. એને વસ્તુની ખબર નથી. સમજાય છે કાંઈ? વળી પાછા કેટલાક એમ કહે કે, ત્યારે જો તમે પુદ્‌ગલની પર્યાય છે સામે એક જ પ્રકારની, તો પછી આહાર નિર્દોષ લેવો અને આ ન લેવો એવો વિવેક કેમ તમારે વ્યવહારથી કરવો પડે છે? જુઓ! વ્યવહારનો આશ્રય લેવો પડે છે કે નહિ? વળી એમ કહે. એનો અર્થ શું? કે એ ભૂમિકામાં આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, રાગાદિ નથી, એવા ભાનમાં કંઈ પણ હજી અપૂર્ણતા છે એથી રાગ એવો આવે કે એને એ જાતની નિર્દોષ શરીરાદિ, આહારાદિની પર્યાય વિકલ્પ એને લેવાની વૃત્તિ થાય. સમજાય છે? એને વિવેક છે ને? અને ઓલાને વિવેક નથી. સમજાણું કાંઈ? બધું સરખું છે લ્યો! એ સરખું છે કઈ અપેક્ષાએ? જ્ઞેય અપેક્ષાએ સરખું બધું. આત્મા સિવાય રાગાદિ. પણ એમાં ફેર છે જ્ઞેયમાં. એક આહારાદિની પર્યાય, રોટલાની, દાળ-ભાતની એ પર્યાય અને એક માંસની પર્યાય, હાડકાની પર્યાય એમાં ફેર છે ને? એને વિવેક છે કે આ વસ્તુ મને ન લેવાય અને આ વસ્તુ લઈ શકાય. લઈ શકે છે કે નહિ એ પ્રશ્ન અહીં નથી. સમજાય છે કાંઈ? પણ એવો વિકલ્પનો અંદરમાં જ્ઞાનમાં વિવેક હોય છે. કહો, સમજાણું કાંઈ?

હજી કેટલાક એમ કહે કે જ્યારે તમે એમ જ કહો કે રાગાદિ પણ દુઃખનું કારણ છે, વસ્ત્રાદિ દુઃખનું કારણ છે. વળી તમે એમ કહો ને વસ્ત્ર રાખે તો મુનિપણું રહે નહિ. તમે એક વિકલ્પ પણ પર છે એમ માનો ત્યાં વળી વસ્ત્ર તમને નડે છે? પંડિતજી! આ પ્રશ્ન

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઘણા આવી ગયા, અમારે ઘણું ચાલે છે ને. એ સાધુ હતા ને અહીં? કુમુદવિજયને? શું નામ? શ્વેતાંબર સાધુ. ચાર મહિના ચોમાસું અહીં. રહેતા ત્યાં, સાંભળતા અહીં. એ ભણેલા બ્રાહ્મણ છે. કુમુદવિજય શ્વેતાંબરના ... પછી ભણેલા ઘણું સંસ્કૃત વ્યાકરણ. એ કહે, વાત સાચી આ. વાત તો સો ટકા સાચી છે. અમલમાં કેમ મૂકવી? એ તો ભાઈ, અમે કાંઈ કહેતા નથી અમલમાં કેમ મૂકવી? અમારે કાંઈ અહીં વાડો બાંધવો નથી કે ભાઈ! તમે અહીં આવો ને લૂગડા છોડો. અહીં કાંઈ છે નહિ. અહીં તો માર્ગ છે એ કહેવામાં આવે છે. અમલમાં કેમ મૂકવો? એટલે તમે એમ કહો કે અમને અહીં રાખો ને આ પ્રમાણે વેશ ફેરવો, તમે અહીં રાખો. અહીં કાંઈ પાંજરાપોળ નથી. એવા તો અહીં ઘણા ભેગા થાય. બે-ત્રણ વાર કહ્યું હોં! સોએ સો ટકા વાત સાચી. સો ટકા. અમલમાં કેમ મૂકવું? એટલે એ તો ઈ કે કંઈક તમે કહો કે આમ કરીએ. અમે કોઈને કાંઈ કહેતા નથી. શું કરીએ? માર્ગ આમ છે. પછી બહાર નીકળીને લેખ લખ્યો. પાછું સંપ્રદાયમાં રહેવું ને. એ એવું કહે છે કે એક રાગ પણ આત્માને લાભ ન કરે અને વસ્ત્ર નુકસાન કરે. વસ્ત્ર છે એ નુકસાન કરે અને મુનિપણું થવાને.. જુઓ! જડનું આત્માને નુકસાન એવું લખ્યું છે. ભાઈ! વસ્ત્ર નુકસાન કરે એમ કોણે કહ્યું? વસ્ત્ર તરફનો જે લેવાની વૃત્તિનો ભાગ છે એ ભાગ મુનિની દશામાં રહેતો નથી. એવો એને વિવેક હોય છે. રોટલા લેવાની વૃત્તિ હોય છે, વસ્ત્ર લેવાની વૃત્તિ હોય નહિ. વસ્ત્રાદિ લેવાની વૃત્તિ મુનિને હોય નહિ. એ વસ્તુની દશાનો વિવેક નહિ, એ દશાની સ્થિતિ એવી છે. પાછો સંપ્રદાયનો બચાવ કરવોને કે હું ત્યાં ગયો હતો, મેં કાંઈ રાખ્યું નથી હોં! એમનું, લીધું નથી મેં એમનું. એ કહ્યું હતું ત્યાં તો હોં! મહારાષ્ટ્રના નહિ? મહારાષ્ટ્રના કેવા? પ્રોફેસર ભીડે મહારાષ્ટ્રના બ્રાહ્મણ હતા. એટલામાં દીક્ષા લીધી હતી શ્વેતાંબરમાં. અહીં ચાર મહિના રહ્યા. ત્યાં રહેતા.

ભાઈ! માણસને એવું નડે છે. કહે કે, રાગ પણ જીવનો નહિ. સૂક્ષ્મ રાગ પણ બંધનું કારણ નુકસાનકારક. વળી પાછું કહે, વસ્ત્ર પણ નુકસાનકારક. પણ વસ્ત્ર નુકસાનકારકની ક્યાં વાત છે? એને વિવેક હોય છે તે ભૂમિકામાં. સમજાય છે કાંઈ? નિર્દોષ આહાર લેવાની વૃત્તિનો વિકલ્પ હોય છે. પણ લઈ શકું છું એ પ્રશ્ન અહીં છે નહિ. પણ વસ્ત્રને લેવાનો, પાત્રને લેવાનો અને પાત્ર-વસ્ત્રને મૂકવાની વિકલ્પની વૃત્તિ એ ભૂમિકામાં હોય જ નહિ. સમજાણું કાંઈ? એવો એને વિવેક હોય છે. ત્યારે ઓલો કહે કે કાંઈ નડતું નથી, પછી વસ્ત્ર શું નડે? પણ કોણ કહે છે વસ્ત્ર નડે છે?

વળી એક જણો એમ આવ્યો. અહીં સાધુ હતો. નિશ્ચયમાં પછી માંસ હોય કે રોટલા હોય એ ક્યાં નડે છે? મોક્ષમાર્ગ પ્રકાશકમાં વાંચેલું. સ્થાનકવાસી સાધુ હતા પહેલાં, પછી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થઈ ગયા દેરાવાસી. ચોમાસુ ત્યાં સાધુ આવ્યા પછી માંદા બહુ પડી ગયા. નીતિવિજયના સાધુ હતા બે. શું નામ આપણને ખબર નહિ. મારવાડી કો'ક હતા. નિશ્ચય પછી શું છે? કાંઈ નથી. માંસ હોય કે સ્ત્રી હોય કે આ હોય.. અરે..! મરી જઈશ, બાપા! નિશ્ચયનું ભાન છે એને વ્યવહારનો વિવેક નથી? સમજાણું કાંઈ? પછી એમ કે, માંસ એ જડની પર્યાય છે, રોટલો એ જડની પર્યાય છે, આ ફલાણું છે. ભાઈ! બાપા! વસ્તુનું જ્યાં જ્ઞાન અને ભાન થાય ત્યાં રાગથી પણ જ્યાં જુદો પડ્યો આત્મા, એને કઈ ચીજનું નિમિત્તપણું હોય અને કઈ ચીજનું નિમિત્તપણું ન હોય એવો એને વિવેક હોય છે. સમજાય છે કાંઈ? આ કહે છે, એવા ભાન વિના ઢોરની જેમ હેય-ઉપાદેયના વિવેક વિનાનો. શેઠી! આહાહા..! એવી વાત.

એક ક્ષણમાં ચાલ્યું જવું, એક પળમાં બધો એને ભુંહાડ્યો વળી જવાનો. અંધારા. ચાલ્યા. ક્યાં ગયા? ગયા ઈ, પોતાનો ભાવ લઈને. કાંઈ સંબંધ લેવા ને દેવા. સંગે તારે એવો નથી, બીજા કોઈ સાથે નથી. મેં ઘણાઓને રાખ્યા હતા માટે મને કંઈક લાભ થાશે. ધૂળેય નથી. સમજાણું કાંઈ? તારે અને પરને કાંઈ સંબંધ નથી, પછી પરથી તને લાભ થાય એ તો પરને અને પોતાને એક માન્યું એમ થયું. એ અહીં કહે છે જુઓને. જે એમાં નથી એને પોતાને લાભ માનનાર ઢોરની પેઠે હેય-ઉપાદેયના વિવેક વિના સર્વત્ર સ્વચ્છંદપણે પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

**'સ્યાદ્વાદી તો એમ માને છે કે-જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, તે જ વસ્તુ પરના સ્વરૂપથી અતત્સ્વરૂપ છે;...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છે અસ્તિ. એ રાગાદિ, પુણ્યાદિ, વ્યવહારાદિ, નિમિત્તાદિથી અતત્‌સ્વરૂપ છે. એ સ્વરૂપે એ છે જ નહિ. ભગવાન આત્મા અતત્‌સ્વરૂપ રાગાદિથી તત્‌સ્વરૂપ છે જ નહિ. અતત્‌સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ તો એકદમ ટૂંકા અનેકાંતના ન્યાય મૂક્યા છે. **'માટે જ્ઞાન પોતાના સ્વરૂપથી તત્સ્વરૂપ છે, પરંતુ પર જ્ઞેયોના સ્વરૂપથી...'** વ્યવહારના રાગાદિના સ્વરૂપથી **'અતત્સ્વરૂપ છે અર્થાત્ પર જ્ઞેયોના આકારે થવા છતાં...'** રાગાદિ અને નિમિત્તના જ્ઞાનનો એવો જ આકાર જ્ઞાનમાં આવે, છતાં તે જ્ઞેયાકાર હોવા છતાં જ્ઞેયરૂપે થયો નથી. જ્ઞેયાકાર-જેવું જ્ઞેય હોય એવું જ્ઞાન થાય. છતાં જ્ઞેયાકારે આત્મા જ્ઞેયરૂપે થયો નથી.

**'આ પ્રમાણે પરરૂપથી અતત્‌પણાનો ભંગ કહ્યો.'**

**'(હવે ત્રીજા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)'** એક-એક. તત્‌-અતત્‌, એક.

૨૫૦.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**बाह्यार्थग्रहणस्वभावभरतो विष्वग्विचत्रोल्लस-**
**ज्ज्ञेयाकारविशीर्णशक्तिरभितस्त्रुटचन्पशुर्नश्यति।**
**एकद्रव्यतया सदाप्युदितया भेदभ्रमं ध्वंसय-**
**न्नेकं ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्।।२५०।।**

ઓહોહો..! સંતોએ પણ જંગલમાં રહીને...

'**શ્લોકાર્થ :- પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...**' મિથ્યાત્વી. મિથ્યાત્વીને પશુ તરીકે કહ્યા છે. જેને બંધન થશે અને બંધનના ફળમાં તો ત્યાં નિગોદ આદિમાં જશે. એમ જ છે. એનો સરવાળો નિગોદ છે. વચ્ચે કોઈ શુભાદિમાં એકાદ-બે ભવ સ્વર્ગના, મનુષ્યના થાય, પણ એને સરવાળે તો મિથ્યાત્વનું ફળ નિગોદ જ છે. આહાહા..!

કહે છે કે જેને ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ એકરૂપ હોવા છતાં પર્યાયમાં અનેકપણાનું પરિણમન જ્ઞેયાકારે અનેકરૂપે જ્ઞાન થાય. સમજાય છે? જ્ઞાનસ્વરૂપે વસ્તુ એક હોવા છતાં તેની વર્તમાન પર્યાયમાં અનેક જ્ઞેયોને આકારે જ્ઞાનનું પરિણમન અનેકપણે હોય. એ અનેકપણું હોવા છતાં તે ખંડ ખંડ નથી થઈ ગયો. સમજાય છે કાંઈ? વસ્તુ તરીકે એક રાખી છે અને પર્યાય તરીકે અનેકપણાનું પરિણમન એને પોતાના અસ્તિપણે ભાસે છે. પશુને એમ નથી ભાસતું, કહે છે. અજ્ઞાનીને એ ભાસે છે. કેમ?

'**બાહ્ય પદાર્થોને ગ્રહણ કરવાના (જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે,...**' શું કહે છે? જ્ઞાનનો એવો જ સ્વભાવ છે કે પોતા સિવાયના બાહ્ય પદાર્થોને જાણવાનો.. છે ને? '**પદાર્થોને...**' જાણવાના. જાણવું. ગ્રહણ કરવું એટલે જાણવું. એ '**(જ્ઞાનના) સ્વભાવની અતિશયતાને લીધે,...**' એ તો જ્ઞાનની વિશેષતા છે. પોતામાં નથી એવું પરને પણ જાણવું એ તો જ્ઞાનની અધિકતા, વિશિષ્ટતા, વિશેષતા છે. વિશિષ્ટતા છે. સમજાણું કાંઈ? આ શેનો ભંગ ચાલે છે? એકનો. અજ્ઞાની એકરૂપે હું રહી શકતો નથી. ઓલા વિશિષ્ટપણે જાણે છે ને? એટલે.. આહાહા..!

'**ચારે તરફ પ્રગટ થતા અનેક પ્રકારના જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે...**' ચારેય બાજુ ઊંચે-નીચે આમ જોવે ત્યાં જ્ઞાનની વિશેષતાથી, જ્ઞાનનો સ્વભાવ છે કે બાહ્ય પદાર્થને જાણે. પણ એને એમ થઈ જાય કે અર..ર..! આટલા આટલા બાહ્ય પદાર્થ જાણતાં મારી દશા ખંડ ખંડ થઈ ગઈ. પણ મારો જ્ઞાનપર્યાયનો એવો સ્વભાવ અનેકને જાણવું અને અનેક જ્ઞેયાકારે પરિણમવું એ તો મારી પર્યાયનો ધર્મ છે. એમ ન જાણતાં.. અરે..! આટલું બધું! આટલા બધા વિચિત્ર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એને અનેકપણાને '**ચારે તરફ પ્રગટ થતાં અનેક પ્રકારના જ્ઞેયાકારોથી જેની શક્તિ વિશીર્ણ થઈ ગઈ છે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ખંડ ખંડ થઈ ગઈ છે. વિખાઈ ગયું મારું જ્ઞાન, તૂટી ગયું મારું જ્ઞાન. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં અનેક બાહ્ય પદાર્થનું જ્ઞેયાકારે પરિણમવું દેખીને મારી જ્ઞાનશક્તિની વ્યક્તિ આમ કેમ? આમ કેમ? હું તૂટી ગયો જાણે મરી ગયો. એમ અજ્ઞાની માને છે. સમજાય છે કાંઈ?

'**એવો થઈને (અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડખંડરૂપ-થઈ જતી માનીને) સમસ્તપણે તૂટી જતો થકો...**' તૂટી ગયો જાણે હું. તૂટી ગયો, મરી ગયો. મારી પર્યાયમાં અનેકપણું આ કેમ આવ્યું? અનેકપણું કેમ આવ્યું? એટલે હું એકપણે ન રહી શક્યો. અનેકપણું (આવતા) તૂટી ગયો, મરી ગયો. સમજાણું કાંઈ? સમજાય છે? વિષય એક તો સૂક્ષ્મ અને હવે ગુજરાતી. છિન્નભિન્ન તૂટી જતો, '**(અર્થાત્ ખંડખંડરૂપ-અનેકરૂપ-થઈ જતો થકો) નાશ પામે છે;...**' પોતાની જ્ઞાનશક્તિમાં બાહ્ય પદાર્થને અનેકપણે જાણવું એ તો એના જ્ઞાનની અતિશયતા, વિશિષ્ટતા અને વિશેષતા છે. છતાં એ બાહ્ય પદાર્થ અનેક આમ કેમ જણાય? માંસ જણાણું, હાડકા જણાણા, આ ફલાણું જણાયું. ઉંહું..હું.. પણ એ તો જ્ઞાનનો સ્વભાવ છે જે પ્રકારે જ્ઞેય હોય તે પ્રકારે યથાર્થપણે જ્ઞાન જાણે. તે અનેકપણે જ્ઞાન પરિણમ્યું એમાં તું ખંડ ક્યાં થઈ ગયો? સમજાણું કાંઈ? ખંડખંડ થઈ ગયો જાણે. અનેકપણું આ શું? એકપણું જ્ઞાન રહેવું જોઈએ. એમાં જ્ઞાનની અતિશયતાને, સ્વભાવની વિશેષતાને લઈને જાણવાનો ભાવ એવો એ નથી માનતો. મારા જ્ઞાનનો એ.. આ જુઓને કેટલાક સાંભળે પછી આમ.. શું છે પણ? એમ કોઈ સાંભળે ને વાત ખરાબ કે.. શું છે? એ તો જ્ઞેય છે. જ્ઞાનની પર્યાયનું એ. જેવું જ્ઞેય છે એને જાણવાનો સ્વભાવ છે. એમાં તને ખંડ શું થઈ ગયો? એમાં દોષ શું આવી ગયો? સમજાય છે? નથી સાંભળવી એની વાત.

વાંદરાની નથી આવતી ત્રણ ઓલી? આવે છે કે નહિ? વાંદરા નહિ ત્રણ ગાંધીજીએ મૂક્યા હતા કે નહિ? આંખથી આમ ન જોવું.. સમજ્યાને? ભૂંડી વાત જોવી નહિ, ભૂંડી વાત કહેવી નહિ. સમજાણું? અને ભૂંડી વાત સાંભળવી નહિ. કહે છે કે પણ ભૂંડું છે ક્યાં જગતમાં? છે ને? અહીં આપણે હતા એ ત્રણ વાંદરા. વાંદરા નહિ? વાંદરાનું આવે છે ને. એ છે અંદર છે. શું છે પણ? કાન બંધ રાખ તો એમાં લાભ શું થયો? અને કાન ખુલ્લા હોય સાંભળે તો એમાં નુકસાન શું થયું? ડાહ્યાભાઈ! જ્ઞાનની અવસ્થાની અતિશયતાને લઈને એનો એવો જ સ્વભાવ છે કે જે પ્રકારે અનેક પ્રકારના વિચિત્ર જ્ઞેયો જણાય એ પ્રકારે જ્ઞાન જાણે. જાણતા એને નુકસાન શું થઈ ગયું? સમજાણું કાંઈ?

કબીરમાં આવે છે, 'કબીર કા ઘર ગૌકટે કે પાસ.' ગૌકટા હોય ને કાપનાર? એની પાસે ઘર હતું. કબીર-કબીર. સમજ્યાને? 'કબીર કા ઘર ગૌકટે કે પાસ, કરેગા સો ભરેગા બંદા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તું ક્યો હુઆ ઉદાસ?' ઉંહુંહું.. આવું સ્થાન. પણ સ્થાન શું નડે છે તને? સમજાય છે કાંઈ? એવા પ્રતિકૂળ સ્થાન, પ્રતિકૂળ યોગ દેખીને એનું જ્ઞાન થાય છે એ તો જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાનનો તે પ્રકારે સ્વપરને જાણવું એ તો ખાસ એની સ્વભાવની વિશિષ્ટતા એ છે. એમાં વિશેષ જાણ્યું એમાં તને નુકસાન શું થઈ ગયું? સમજાણું કાંઈ? અજ્ઞાની એને આમ.. કાન ફોડી નાખો. સાંભળવું બંધ થઈ જાય. આવે છે ને સુરદાસનું નહિ? આંખ ફોડી નાખી હતી. અજ્ઞાન છે કહે છે. સમજાય છે કાંઈ? અહીં તો ભાઈ તત્ત્વની એવી વાત છે. સુરદાસનું આવે છે ને? બાઈ જુવાન જોઈ એટલે આમ .. એમાં આંખને શું છે? એ તો જડ છે. અને જ્ઞાનની પર્યાયનો તો સ્વભાવ છે કે જેમ હોય એમ જાણે. જાણે એમાં એ ઠીક છે, અઠીક છે એવું એમાં ક્યાં છે? અને જાણ્યું એમાં આ અઠીક છે એવું જ્ઞાનમાં ક્યાં છે? સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન તો લોકાલોક જાણે છે. લોકાલોક. વિષય સંબંધીના સંસારના ભોગો એ તો એક સમયમાં ભગવાન બધું ભાળે છે. એ જ્ઞાનનો સ્વભાવ છે. જ્ઞાનના સ્વભાવથી એમાં આ ભાળે એટલે એને નુકસાન શું થયું? સમજાણું કાંઈ? ધરમચંદજી! સૂક્ષ્મ ન્યાયમાં ક્યાં ફેર પડે છે એ વાત બતાવે છે અહીં.

જ્ઞાનનો સ્વભાવ તો અનેક જેવી ચીજ છે તેને સ્વભાવથી એનું સ્વરૂપ જ એવું છે કે અનેકને જાણે. એ તો એની ખાસ વિશેષતા છે. ખાસિયત એટલે શું કહે છે? ખાસિયત છે એમ કહે છે લોકો. આપણને એ ભાષા બહુ આવડતી નથી. ખાસ એની ખાસિયત છે. એમ કહે છે. વિશેષતા છે એની. સ્વભાવ છે. અજ્ઞાનીને એમ થઈ જાય કે અરર..! આહાહા..! જ્ઞાનમાં આવું જણાણું છૂટી ગયું. મારું જ્ઞાન બગડી ગયું, માટે એ કાઢી નાખો. શું કાઢી નાખે? જ્ઞાનનો સ્વભાવ છે અનેકને જાણવાનો. એ કાઢી શી રીતે નાખે? કાઢી નાખ તો રહેશે નહિ કાંઈ. અરીસામાં વિષ્ટા જણાણી.. ઉંહું.. આહા..! ઘસી નાખ. ઘસી નાખ તો અરીસો જાશે. એમ જ્ઞાનની પર્યાયમાં એ જણાણું એને કાઢી નાખ તો પર્યાય જાશે, દ્રવ્ય પણ નહિ રહે. સાંભળને! સમજાય છે કાંઈ?

**'એવો થઈને (અર્થાત્ અનેક જ્ઞેયોના આકારો જ્ઞાનમાં જણાતાં...'** જ્ઞેયના આકારો એટલે વિશેષતાઓ જ્ઞાનમાં જણાતા **'જ્ઞાનની શક્તિને છિન્નભિન્ન-ખંડખંડરૂપ-થઈ જતી માનીને) સમસ્તપણે તૂટી જતો થકો...'** મરી હું તો હવે. આહાહા..! મારું એકપણું જાળવી શક્યો નહિ. હું જ્ઞાનની એકતા ન જાળવી શક્યો. પણ જ્ઞાનનું અનેકપણું (થયું) એમાં તૂટી ક્યાં ગયો? એ તો પર્યાયનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? છ ખંડનો રાજા ચક્રવર્તી લડાઈ આદિમાં હોય છે. સમજાણું? ક્ષાયિક સમકિતી છે. હાથીમાં ભડાકા બોલતા હોય મોટા. જાણે છે એ પર્યાય. એ જાણે છે કે અરરર. આ બધું આવું. જ્ઞાનની પર્યાય ખંડ થઈ ગઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ માને છે ને એ? અનેકપણે પરિણમવું, વસ્તુપણે એક રહેવું, જ્ઞાનનું અનેકપણે પર્યાયમાં પરિણમવું એ તો મારો સ્વભાવ છે. ચાહે તો લશ્કર હોય ને ચાહે કેવળ હો. સમજાય છે કાંઈ?

**'અને અનેકાંતનો જાણનાર...'** હું વસ્તુ તરીકે જ્ઞાનસ્વરૂપે એક છું. પર્યાયમાં મારા કારણે, મારા સ્વભાવને કારણે અનેકપણાનું જ્ઞાન પરિણમે એ અનેકાંત છે. **'અનેકાંતનો જાણનાર...'** એટલે બે ધર્મનો જાણનાર. વસ્તુ તરીકે એક અને પર્યાય તરીકે અનેક એવા અનેકાંતનો જાણનાર **'સદાય ઉદિત એકદ્રવ્યપણાને લીધે...'** જ્ઞાનીનું લક્ષ તો વસ્તુના એકપણા ઉપર છે-દ્રવ્ય ઉપર. એથી તેની પર્યાયમાં અનેકપણું થવા છતાં તેને નુકસાન છે નહિ. સમજાય છે કાંઈ? **'સદાય ઉદિત એકદ્રવ્યપણાને લીધે ભેદના ભ્રમને નષ્ટ કરતો થકો...'** પર્યાયમાં અનેકપણું જણાય છે એ ભલે જણાવ. પણ મારું સ્વરૂપ દ્રવ્યે તો એકરૂપ છે. પર્યાયે અનેકરૂપ થવાનો સ્વતઃ એ મારા આ જ કાળનો અને એ પર્યાયનો સ્વભાવ છે.

**'એવા ભ્રમનો નાશ કરતો થકો,...'** **'(અર્થાત્ જ્ઞેયોના ભેદે જ્ઞાનમાં સર્વથા ભેદ પડી જાય છે...'** ખંડખંડ થઈ જાય છે. **'એવા ભ્રમનો નાશ કરતો થકો, જે એક છે (-સર્વથા અનેક નથી)...'** એમ. જ્ઞાન વસ્તુ તરીકે એક છે અને પર્યાય તરીકે અનેક છે. સર્વથા અનેક જ છું એમ નથી. સમજાણું કાંઈ? આ તો શાંતિના, ધીરજના કાળની વાત છે. એવી વાત છે. આમાં કોઈ વાર્તા પણ નથી, દાખલો પણ નથી એટલે માણસને એમ લાગે શું છે પણ આ? આવો તે કઈ જાતનો ધર્મ? અનેકાંત ને એકાંત. સમજાણું કાંઈ? એકાંત માનનારને મિથ્યાત્વ છે, અનેકાંત માનનારને સમ્યગ્દર્શનના આનંદનો અનુભવ છે, એમ કહે છે. એકાંત માનનારને મિથ્યાત્વના ઝેરનું વેદન છે. એટલે જ્ઞાનની પર્યાયમાં અનેકપણું કેમ? જેવો ભાવ આવ્યો હિંસાનો એવું અહીંયાં જ્ઞાન થાય. ભોગની કાંઈ વાસના વૃત્તિ ઉઠી તો એ જ્ઞાન એવું જાણે. જાણ્યું એથી કરીને ભોગની વાસના અને જ્ઞાન એક ક્યાં થઈ ગયું? અને એ વાસનાના પ્રકારો જ્ઞાન જાણે એથી અનેકપણું થયું, એથી ત્યાં ખંડ ને દોષ શું આવી ગયો? સમજાય છે કાંઈ?

ક્ષાયિક સમકિતી ચક્રવર્તી તો ઘણાને હુકમ કરે. એમ કહેવાય ભાષા. જાવ આમ કરો, ફલાણુ આમ કરો. અરે..! આ બધું આવું! મારી જ્ઞાન પર્યાય આવું બધું વિચિત્રતાપણે જાણે? એ જાણે તો મારો સ્વભાવ છે. એ જ્ઞેયપણે જાણ્યું છે એમ પણ ક્યાં છે? જ્ઞેય જ્ઞેયપણે છે અને મારાપણે નથી એમ એણે જાણ્યું છે. સમજાણું કાંઈ? કાંઈક એવી ભાષા બોલાઈ જાય, કાંઈક એવું થાય તો થપ્પડ મારે કેટલાક. એય.. ધર્મચંદજી! શું છે પણ હવે આ? આ જડને શું છે? તારી જ્ઞાન પર્યાયમાં એ જાતની વિવિધતા અને વિચિત્રતા એવું અનેકપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાનનું થવું એ તો સ્વભાવ છે. એમાં તને નુકસાન શું થયું? એને શલ્ય છે ઊંડું. આ મિથ્યાત્વના શલ્ય બહુ સૂક્ષ્મ છે. એવા શલ્ય રહી જાય છે. માણસ કેટલાક કહે કે અમને પણ આવું બધું થાય, અમને આમ કેમ થાતું નથી? કાંઈક શલ્ય છે અંદર. ભગવાનજીભાઈ! આહાહા..! ત્યાં સુધી અનુભવ ન થાય. અંદર કાંઈક શલ્ય રહી જાય છે. સૂક્ષ્મપણે એના પ્રકારોના ભેદ મિથ્યાત્વના છે, એ મિથ્યાત્વ શું છે એ એના ખ્યાલમાં નથી આવતું. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, **'જે એક છે (-સર્વથા અનેક નથી)...'** કથંચિત્ પર્યાયથી અનેક છે, દ્રવ્યથી એક છે એમ જ્ઞાની જાણે છે. અનેકપણાની અવસ્થા થવી એ તો મારો સ્વભાવ છે. જાણવું એટલું હોં! બીજું કાંઈ નહિ. જ્ઞેયો વિવિધ પ્રકારના, તે જ પ્રકારનું જ્ઞાન થાય તો જ્ઞાન તો એ જ પ્રકારનું થાય કે બીજું થાય? પછી કહેશે, આવું હોય તો વાડુ કીધી છે ને શાસ્ત્રમાં. અહીં તો કહે છે કે એ સ્ત્રીના અવયવો આદિ દેખવાથી જ્ઞાન અનેકપણે પરિણમ્યું એથી એને એમ થયું કે હાય.. હાય.. આ ક્યાં? શું છે તને? એ તો જ્ઞેય છે જડની પર્યાય. સમજાય છે કાંઈ? અને એ જાતનું પ્રકારનું અહીં જ્ઞાન પરિણમે. જેવું ત્યાં જ્ઞેય હોય એવું જ્ઞાન પરિણમે ને? પરિણમતા અનેકપણાની વિવિધતા ભલે આવે જ્ઞાનમાં, એથી ત્યાં રાગ ને દ્વેષ ને ભ્રમણા શું થઈ ગઈ? સમજાણું કાંઈ?

**'અને જેનું અનુભવન નિર્બાધ છે...'** જે એક છે. જ્ઞાયકસ્વરૂપ તો હું એક છું. પર્યાય તરીકે સર્વથા એક નથી, અનેક છું. જ્ઞાનની અવસ્થા અનેકપણાને જાણે એવો જ હું મારાથી છું. જ્ઞેયની વિવિધતાને કારણે અનેકરૂપે થયો છું એમ નથી. સમજાણું કાંઈ? **'એવા જ્ઞાનને દેખે છે-'** જેનો અનુભવ નિર્બાધ છે. જ્ઞાયકસ્વરૂપે એક છું. પર્યાયના જ્ઞાનસ્વભાવનો ધર્મ અનેકપણે જાણે એવો એનો સ્વભાવ છે. એથી જેનો અનુભવ નિર્બાધ છે. જેને રાગરહિત એવો આત્માનો અનુભવ એક માનનારને પર્યાયમાં અનેકપણું જાણનારને અનુભવ નિર્બાધ છે. એ અનુભવમાં કોઈ વિઘ્ન છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ? ઓલામાં કાંઈક આ.. આમ કેમ આવ્યું? આમ કેમ આવ્યું? આમ કેમ આવ્યું એટલે શું? જેવું જ્ઞેય સામે છે તે જ પ્રકારનું જ્ઞાન પોતા વડે જ્ઞેયના અવલંબન વિના થાય છે. તે કાળ જ એવો જ્ઞાનનો છે. એવા જ્ઞાનની પરિણતિને દોષરૂપ જાણતો, ખંડરૂપ માનતો મિથ્યાત્વને અનુભવે છે. શલ્ય પડ્યું છે અંદર. જ્ઞાની એકરૂપે હું જ્ઞાન છું વસ્તુએ, પર્યાયમાં જ્ઞાનનું પરિણમન અનેકરૂપ હોવા છતાં એનું અનેકપણું તુટી જતું નથી. અનેકપણું એટલે કાંઈ ખંડ ખંડ થઈ જતું નથી. એમ જ્ઞાનને નિર્બાધપણે જેમાં વિઘ્ન નથી એવું અનેકાંત જ્ઞાનને અનુભવે છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

**'એવા જ્ઞાનને દેખે છે-અનુભવે છે.' 'જેનું અનુભવન નિર્બાધ છે...'** એમ છે

ને એમાં? '**ज्ञानमबाधितानुभवनं पश्यत्यनेकान्तवित्**' ઓહોહો..! આચાર્યોએ કેવી શૈલીથી વાત કરી છે સંતોએ! વસ્તુની સ્થિતિની દશા કઈ રીતે હોય છે અને કેમ વિરુદ્ધ માને છે? અગિયાર અંગ ભણ્યો, નવ પૂર્વ ભણ્યો પણ આવી વાત એને શલ્ય કંઈક રહી જાય છે. સમજાણું કાંઈ? પંડિતજી!

'**ભાવાર્થ :- જ્ઞાન છે તે જ્ઞેયોના આકારે પરિણમવાથી અનેક દેખાય છે,...**' સમજાણું? '**તેથી સર્વથા એકાંતવાદી તે જ્ઞાનને સર્વથા અનેક-ખંડખંડરૂપ-દેખતો થકો...**' સર્વથા. વસ્તુ તરીકે એક છું એની દૃષ્ટિ અને અનેકને જ્ઞાન કરવું એમ દેખતો નથી. '**જ્ઞાનને સર્વથા અનેક-ખંડખડરૂપ દેખતો થકો જ્ઞાનમય એવા પોતાનો નાશ કરે છે;...**' પોતાની જ્ઞાનની એકતામાં દૃષ્ટિ નથી, એકનો અનેકની પર્યાયબુદ્ધિમાં અટકતો પોતાના સ્વભાવનો નાશ કરે છે.

'**અને સ્યાદ્વાદી તો જ્ઞાનને, જ્ઞેયાકાર થવા છતાં,...**' ખરેખર એ જ્ઞેયાકાર નથી, છે તો જ્ઞાનનો આકાર. પણ જ્ઞેય સંબંધી જે જ્ઞાન છે તેવો આકાર (થાય છે) એટલે જ્ઞેયાકાર કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? '**સદા ઉદયમાન દ્રવ્યપણા વડે...**' અનેકપણાનું પરિણમન જોતો થકો, તેમાં ખંડ નહિ માનતો, એકપણા દ્રવ્યને અવલંબતો અનુભવમાં નિર્બાધપણે આત્માને અનુભવે છે.

'**આ પ્રમાણે એકપણાનો ભંગ કહ્યો.**' આ એકપણાનો ભંગ થયો. ત્રીજો-ત્રીજો. પહેલો તત્, બીજો અતત્ અને ત્રીજો એક.

'**(હવે ચોથા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)**'

**ज्ञेयाकारकलङ्कमेचकचिति प्रक्षालनं कल्पय-**
**न्नेकाकारचिकीर्षया स्फुटमपि ज्ञानं पशुर्नेच्छति।**
**वैचित्र्येऽप्यविचित्रतामुपगतं ज्ञानं स्वतःक्षालितं**
**पर्यायैस्तदनेकतां परिमृशन् पश्यत्यनेकान्तवित्।।२५१।।**

'**શ્લોકાર્થ :- પશુ...**' પશુ જ કહ્યો છે એને. આહાહા..! હવે એકાંત માન્યું એમાં પશુ ક્યાં થઈ ગયો એ? ઢોર છો. સાંભળને! વસ્તુનું જેવું સ્વરૂપ છે તત્પણે, અતત્પણે એટલે પરપણે નહિ, એકપણે દ્રવ્ય અને પર્યાયે અનેકપણે એ રીતે વસ્તુની સ્થિતિ છે તે અમૃતનો અનુભવ કરાવનાર છે. અને એ રીતે વસ્તુ સાધી શકાય છે, એ રીતે વસ્તુ સમજી શકાય છે અને એ રીતે વસ્તુને સમજતાં આત્માના અનુભવને પ્રાપ્ત થાય છે. સમજાણું?

'**સર્વથા એકાંતવાદી અજ્ઞાની, જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારરૂપ) મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કરતો થકો...**' જુઓ ભાષા! જેમ અરીસામાં વિષ્ટા જણાય, જાંબુ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાળા હોય એ જણાય એટલે અરીસો કાળો થઈ ગયો અને વિષ્ટારૂપ થઈ ગયો એમ રાખીને મલિનતા ધોઈ નાખો એને. અરીસામાં વિષ્ટા જણાય, વિષ્ટા આમ પડી જણાય, હાડકું પડ્યું હોય તો જણાય. સમજાણું? પણ એ તો અરીસાની સ્વચ્છતાની અવસ્થા છે. એને કાઢી નાખતા અરીસો રહેશે નહિ. એમ જ્ઞાનસ્વભાવ ભગવાન ચૈતન્યપ્રભુ એ અંદરમાં જ્ઞેયાકાર રૂપી કલંકથી જે જણાવાયોગ્ય,.. જુઓ! બે ભિન્ન ચીજ છે. જ્ઞેય અને જ્ઞાન બે ભિન્ન છે એમ સિદ્ધ કરે છે અને જ્ઞાનસ્વરૂપે એક અને પર્યાયે અનેક એમ સિદ્ધ કરે છે. એ વાત સર્વજ્ઞ સિવાય બીજે હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

સર્વથા એકપક્ષે જોનારો. જ્ઞેયાકાર એટલે? જેવા જ્ઞેયો છે તે રૂપે જ્ઞાન થાય છે તેને એમ લાગે અરે..! આ કલંક છે. આ ક્યાં જણાણું? વિષ્ટા કેમ જણાણી? સમજાય છે કાંઈ? આ કાળું કેમ જણાણું? કાળું જણાણું તો અંદર જ્ઞાનની પર્યાયમાં કાળાપણે પરિણમી? એ અમંગળિક થઈ ગયું. નીકળે ત્યારે દેખે ને? બહાર નીકળતા ધ્યાન રાખે. એમ આ કોઈ રાંડીરાંડ કાળા સાડલે નીકળી. રાંડીરાંડ સમજો છો ને? વિધવા. કાળા વેશ. અરે..! અપશુકન થયા. ફરી ઘરે આવે અને વળી પાછો ફરીથી નીકળે. વળી કોઈ સારો માણસ નીકળે ત્યારે જાય. હવે શું એમાં થયું, સાંભળને. જ્ઞાનની પર્યાયમાં એ જાણવું, એ જણાવું એ કલંક નથી. સમજાણું કાંઈ? કરે છે ને? એવું કરે છે ઘણા. કરે છે ને બધું જોયું છે. ખબર છે. ઘરેથી નીકળે અને કો'ક કાળો સાડલો પહેરેલો જોવે.. અપશુકન થયું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. ઓલું દેખાણું ને. કાળો સાડલો દેખાણો ને? અને વિધવા પાછી. અપશુકન થયા ને? એ તો જ્ઞાન જાણે છે કે આ જ્ઞેય જે છે એવું જ્ઞાન જાણે, એમાં કલંક શું થઈ ગયું તને? અપશુકન શું થઈ ગયું ત્યાં? બહાર નીકળે ને ત્યારે સામી કન્યા નાની હોય એને બોલાવે પહેલી. એકદમ આવે તો વચ્ચે બીજું ન આવે. કર્યું છે કે નહિ? નહિ કર્યું હોય. બહાર નીકળે ને. કુંવારી કન્યાને ગોઠવી રાખે પહેલી. ૧૦-૧૨, ૧૧-૧૨ વર્ષની હોય ને. .. રૂપિયો આપે, પડો આપે સાકરનો. ભગવાનજીભાઈ! શુકન કરાવે. બધી અમને તો ખબર છે ને દુનિયાની આખી. બધું જોયેલું હોં નજરે-નજરે. મેં કીધું આ શું કરે છે? અહીં સુધી આવ્યો અને પાછો ગયો અને પાછો વળી છોડીને બોલાવી. સામે આવી. જાધવજીભાઈ! પણ એ સમયમાં જ્ઞાન એને જાણે. એમાં જ્ઞાનમાં કલંક શું આવ્યું? સમજાણું કાંઈ? આહાહા..! કેટલી ભ્રમણા! એમ કહે છે.

'**જ્ઞેયાકારોરૂપી કલંકથી (અનેકાકારરૂપ) મલિન...**' જાણે. અરે..! આ શું દેખાણું? એકલું મારે જ્ઞાન જાણવું જોઈએ એમાં વળી આ કાળું કેમ જણાયું? સમજાણું કાંઈ? એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મીંદડી આડી ઉતરે. બિલ્લી. હોય છે ને? પણ શું છે? તારા જ્ઞાનમાં જ્ઞાનની પર્યાયનો એવો સ્વભાવ જાણે. શેઠી! આહાહા..! ટિકિટ લેવા મોકલે તો તપાસ કરીને મોકલે આ ટાઈમે અને આ મિનિટે. શલ્ય તે કેટલા! એય..! ધરમચંદભાઈ! એ અહીં કહે છે. અને માને કે જાણે અમે કાંઈક સારું કર્યું. પણ જ્ઞાનની પર્યાયમાં તે સમયનું તે જ જ્ઞાન આવવાનો સ્વભાવ છે એને એમ માને કે અરર..! આ તો કલંક થઈ ગયું. કાઢી નાખ એ જાતનું જ્ઞાન. શું રહેશે કાઢી નાખીશ તો?

અરીસામાં વિષ્ટા જણાય છે. વિષ્ટા ત્યાં છે? એ તો અરીસાની સ્વચ્છતાની પર્યાય છે. વિષ્ટા ત્યાં છે? વિષ્ટા તો ત્યાં છે. મોર સામે જણાય. તો મોરમાં મોર છે. મોરની અવસ્થા ત્યાં છે? પણ મોર છે તો અવસ્થા થાય છે ને. એ પ્રશ્ન કર્યો હતો નહિ? પ્રકાશચંદજીએ. ત્યાં ગયા હતા ને ... દહેરાદુન. આવે છે ને? ગાથામાં પંચાસ્તિકાયની. મોર હોય તો ત્યાં અરીસામાં મોરની પર્યાય જણાય બરાબર લ્યો. મોર કાઢી નાખો તો નહિ જણાય. પણ કાઢે કોણ અને મૂકે કોણ? સાંભળને! અરીસાની એ સમયમાં મોર તો સામે રહ્યો એ ક્યાં અહીં પેઠો છે? અને મોરને કારણે એ લીલાપણાની અવસ્થારૂપે અરીસો પરિણમ્યો એ એને કારણે ક્યાં પરિણમ્યો છે? લીલાપણું એ તો સ્વચ્છતાને કારણે અરીસો એ રીતે થયો છે. એમ જ્ઞાનમાં અશુભરાગ એવો આવ્યો. એણે જાણ્યું જ્ઞાનમાં. સમજાય છે? જ્ઞાનમાં જાણ્યું કે આ અશુભ છે. એમાં કલંક શું થઈ ગયું? અશુભને જાણ્યું એમાં જ્ઞાનમાં કલંક શું થઈ ગયું? એ અશુભનું જાણવું કાઢી નાખું તો મારું જ્ઞાન નિર્મળ થાય. સમજાણું કાંઈ?

'**જ્ઞેયાકારોરૂપી કલંકથી મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કલ્પતો...**' પ્રક્ષાલન. ધોઈ નાખું આ મલિનતાને. શું પણ ધોઈશ તું? જ્ઞાનનો ચૈતન્ય અરીસો છે ભગવાન. એની પર્યાયમાં અનેક લોકાલોક જાણે એવો જેનો સ્વભાવ છે એમાં હવે આ શું? લોકાલોકમાં તો કસઈખાના નથી જણાતા? કસાઈખાના, પાપના પાપ તીવ્ર, આકરા પાપ. આમ કાચા બોકડા ખાય એ જ્ઞાનમાં જણાય. કાચા બોકડા, બકરા હોય ને નાના એ નાના કુણા ખાઈ જાય. ખબર છે ને. એમાં શું? જ્ઞાન જાણે એમાં કલંક શું થયું? સમજાણું કાંઈ? કાચા હોં! નાના બચ્ચા બાળક હોય ને. સીધુ ખાય. એનું ચામડુ પણ બહુ કુણું હોય. ચામડું ખાઈ જાય. તાજુ હોય ને તાજું? બીજું ખ્યાલમાં આવ્યું તો... જ્ઞાનની પર્યાય જાણે, જેવું જ્ઞેય છે તે આકારે જ્ઞાન પોતાને કારણે જાણે. એમાં કલંક શું થઈ ગયું? કલંક શું આવી ગયું એમાં? એ સૂક્ષ્મતાના ન્યાયને એ ન સમજતાં એને કલંક લાગે છે એટલે હું ધોઈ નાખું, આ જ્ઞાન ભૂલી જાઉં ને, આ જ્ઞાન ભૂલી જાઉં ને.. આ જ્ઞાન ભૂલી જાઉં ને... આ જ્ઞાન ભૂલી જાઉં ને... તો હું નિર્મળ થાઉં. ભૂલ પણ ક્યાંથી? અવસ્થા તારી છે ને. શેને ભૂલીશ? સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પ્રવિણભાઈ! આવી ઝીણી વાતું છે. ઓલું રામ... રામ... રામ... ભજન કરીને જાવ સાક્ષાત્કાર થઈ જાય આત્માને. એ.. કાંઈ મહેનત નહિ.

ભાઈ! વસ્તુનો સ્વભાવ અનેકાંત ભિન્ન જાત છે. એવા સર્વજ્ઞ સિવાય જૈન સિવાય ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? એ જૈન એમ શબ્દ લીધો છે. આપણે સવારે વાચ્યુંને પ્રજ્ઞાછીણી. શ્લોક ચાલે છે ને? એમાં આણે તો એમ લીધું કોઈ એક જૈન. એમ જ લીધું. બનારસીદાસ. એનો ઓલો બનાવ્યો છે ને આપણે સવારે ચાલે છે એ. કળશ પ્રજ્ઞાછીણીનો. ત્યાં તો શબ્દ જ લીધો છે. કોઈ એક જૈન. નિપુણ શબ્દ વાપર્યો છે ને ત્યાં? નિપુણ પણ આવે છે ને? એનો અર્થ જ જૈન. કેટલામો છે એ?

મુમુક્ષુ :- મોક્ષ અધિકારમાં.

ઉત્તર :- હા. .. એની પહેલા. .. એની પહેલા છે. .. છે ને ઓલું? પ્રજ્ઞાછીણી. જુઓ.

કાહુ એક જૈની સાવધાન હ્વૈ પરમ પૈની,

એટલે જૈની-પૈની શબ્દ મૂક્યો છે ને. એ આ શ્લોક પ્રજ્ઞાછીણી. 'કાહુ એક જૈની...' વસ્તુ સ્થિતિની. એ વસ્તુ સ્થિતિનું જેને જ્ઞાન છે તે વાસ્તવિક જૈની કહેવામાં આવે છે. વસ્તુ દ્રવ્ય શું છે? પર્યાય શું છે? એનું જેને જ્ઞાન છે એ નિપુણ છે. જેને વસ્તુનું જ્ઞાન નથી એ જૈની નથી. સમજાય છે કાંઈ?

કાહુ એક જૈની સાવધાન હ્વૈ પરમ પૈની,
ઐસી બુદ્ધિ છૈની ઘટમાંહિ ડાર દીની હૈ.
પૈઠી નો કરમ ભેદિ દરવ કરમ છેદિ,
સુભાઉ વિભાઉતાકી સંધિ સોધિ લીની હૈ.

હિન્દી છે હોં!

તહાં મધ્યપાતી હોય લખી તિન ધારા દોય,

બે ધારા દેખાય અંદર. વિભાવ અને સ્વભાવ.

એક મુધામઈ

મૂર્ખ, અજ્ઞાન-રાગાદિ.

એક મુધામઈ એક સુધારસ-ભીની હૈ.
મુધાસૌં વિરચિ સુધાસિંધુમૈં મગન ભઈ,
એતી સબ ક્રિયા એક સમૈ બીચિ કીની હૈ.

**'रभसात्' 'रभसात्'** છે ને? વેગ એટલે થોડામાં થોડો એક સમય. **'रभसात्'** શબ્દ છે ને? જુઓને! **'रभसात्' 'सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।'** એક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમય. જૈની. જૈનીનો અર્થ વસ્તુનું સ્વરૂપ છે તેનો જાણનાર. તેનો અનુભવનાર, જાણનાર એને જૈની કહે છે. જૈની કોઈ પક્ષ નથી, કોઈ સંપ્રદાય નથી, કોઈ વાડો નથી. વસ્તુનું સ્વરૂપ જ એવું છે. સમજાય છે કાંઈ? અનંત અનંત ગુણની અનંત પર્યાયપણે અનંત ભિન્ન ભિન્ન હોવા છતાં વસ્તુ તરીકે એક છે, પર્યાય તરીકે અનેક છે. સ્વ તરીકે સત્ છે અને પર તરીકે અસત્ છે. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. એને અહીં જૈની કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..!

લીંબડીનો બોલ છે ને એ સ્થાનકવાસીએ નાખ્યો છે. ચંદ્રશેખર. જુઓ! ત્યાં ગયા ને જવાબ પણ ન આપ્યો. આખો લેખ છે. એને ગોઠે એ રાખે. આહાહા..! અરે..! શું છે? ભાઈ! એમ કે ઊંધું હલવવું છે તો સવળી વાત પૂછનારા મળ્યા પ્રશ્ન કરે તો કહે છે, અમારે નથી કરવી. ભગવાન! તને શું કહીએ? ભાઈ! એ સૂક્ષ્મ તત્ત્વ ભગવાન આત્મા એ સૂક્ષ્મ પ્રજ્ઞા દ્વારા જણાય એવી ચીજ છે. એ સ્થૂળ વાદવિવાદે જણાય એવી નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન આત્મા જ્ઞાનનું દળ જે છે એ કાયમ છે. દળ. જેમ અરીસાનું દળ છે એમ. આવે છે ને? ભાઈમાં આવે છે. ન્યાલભાઈ. જ્ઞાનદળ, વસ્તુ દળ તરીકે ધ્રુવ છે અને એની પર્યાય તરીકે પરિણમન છે. પરિણમન છે એ ધ્રુવમાં પ્રવેશ કરતું નથી. એમાં છે. ધ્રુવ ચૈતન્ય ભગવાન આત્મા એટલા ક્ષેત્રમાં સત્ત્વ ધ્રુવ. નિત્ય અબાધિત આદિ-અંત વિનાનું છે. એમાં પરિણમન જે જ્ઞાનની અવસ્થા થાય એ અનેકપણે હો. એ અનેકપણું એ કાંઈ મલિનપણું નથી અને અનેકપણાનું પરિણમન કાંઈ એકરૂપ દશામાં પેસતું નથી. સમજાય છે કાંઈ?

એક વાત એ કે જ્ઞાનની પર્યાયમાં અનેકાકાર જ્ઞાન થવા છતાં એ જ્ઞેયો કંઈ પર્યાયના જ્ઞાનમાં આવ્યા નથી. સમજાય છે કાંઈ? ભિન્ન ભિન્ન જ્ઞેયો, જ્ઞાનની પર્યાયના ભિન્ન ભિન્ન કાળે પોતાના સ્વભાવથી જાણતું જ્ઞાન એ જ્ઞેયાકારે જ્ઞાન થયું છતાં જ્ઞેયથી થયું નથી, તેમ જ્ઞેય એમાં આવ્યું નથી. અને જ્ઞેયાકારપણે પોતાનો જ પર્યાય ધર્મ થયો તે દ્રવ્યમાં પેઠો નથી. કારણ કે દ્રવ્ય એકરૂપ છે. અને આ અનેકરૂપ છે. એમ સિદ્ધ કરવું છે ને અહીં? સમજાણું કાંઈ? આહાહા..!

**'મલિન એવા ચેતનમાં પ્રક્ષાલન કલ્પતો થકો (અર્થાત્ ચેતનની અનેકાકારરૂપ મલિનતાને ધોઈ નાખવાનું કલ્પતો થકો),..'** આ શું થયું? આ જ્ઞાનની અવસ્થામાં આવું જ્ઞેય કેમ જણાણું? એ તો તારી પર્યાય જણાય છે તને. જ્ઞેય નહિ. આહાહા..! એ વખતની જ્ઞાનની પર્યાયનો તે તે પ્રકારનો વર્તમાન જ્ઞેયાકાર સામે છે તે પ્રકારે જ્ઞાન પોતાના સ્વકાળે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પોતાને લઈને પરિણમેલું છે. સમજાણું? પણ એમ ન માનતો આ શું થયું? આ મલિનતા થઈ. અનેક જ્ઞેયોને આવી રીતે વિવિધતાના ભાવપણે આ જ્ઞાન પરિણમ્યું એ મલિન થયું. એમ જાણીને મલિનતાને ધોઈ નાખવા ઇચ્છતો એકાંતી આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ?

**'એકાકાર કરવાની ઈચ્છાથી જ્ઞાનને-જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે...'** જ્ઞાનપર્યાયપણે અનેકપણે પરિણમ્યો એ તો સત્ જ છે. એ કાંઈ અસત્ નથી. અનેકપણું એ પણ સત્ છે. જ્ઞાનની પર્યાય અનેકને જાણતાં કાંઈ અનેક થયું માટે અસત્ થઈ ગયું કે કલંક થઈ ગયું કે મેલ થઈ ગયો (એમ નથી). એક.. એક.. એમ કહેતો ને ભાઈ ઓલો? ધ્રાંગધ્રાનો કાંપમાં વાઘજી. બધી વાત સાંભળે તો કહે, એક.. એક. અરે..! સાંભળને હવે. રમણિકભાઈને ખબર નહિ હોય. (સંવત) ૧૯૯૯માં હતો. ધાંગ્રધાના એક રજપુત ડોસા બેસતા વ્યાખ્યાનમાં. ૯૯ની વાત છે. ૨ ને ૨૪, ૨૬ વર્ષ થઈ ગયા. વેદાંતવાળા હતા ડોસા. ધાંગ્રધાના હતા. ડોસા હતા. છોટાભાઈ નહિ જાણતા હોય? છોટાભાઈ ઓળખતા નહિ હોય. એ હતા. બધી વાત સાંભળે ખરા પણ પછી એક.. એક.. એમ કહે. બધું એક છે એમ. અરે..! ક્યાં એક? સાંભળને. વેદાંતી હતા. વાઘજી બાવા કહેતા. વાઘાબાપા. આ લોકો ત્યાં જયસિંગભાઈને ત્યાં પણ એની આજ્ઞા લઈને પછી વાંચે. એવા ઠેકાણા વિનાના. કેમ કે એકલું કપડું પહેરે, .. આમ .. દેખાય, વૃદ્ધ હોય.. શરૂઆત કરવી હોય.. આવા ને આવા છે. એય..! એકાંતી છે. કાંઈ ભાન નથી હવે એને તું ક્યાં કરવા જાય આત્મસિદ્ધિ ને શરૂઆતમાં મંગળિક તરીકે. ત્યાં બંગલામાં આપણે ઉતર્યા હતા ને ભાઈ ૯૯માં. જયસિંગભાઈના બંગલામાં. એ ત્યાં એવું થયું પહેલું. લ્યો આવી.. બોલાવે નહિ. આત્મસિદ્ધિ શરૂ કરી.. એની પહેલા.. હવે ઓલો એક એક કરતો હતો. એક આત્મા, બધું થઈને એક છે, બધું થઈને એક છે. સાંભળે વ્યાખ્યાન ખરું, પણ સરવાળો એમ કરે. ઓલી નિશ્ચયની વાત આવે ને? એક છે. અરે..! એક નથી. સાંભળને. આત્મા તો એક નથી દ્રવ્યે, અનંત છે પણ પર્યાયે એક નથી. પોતાની પર્યાયે અનેક છે. એક એક ગુણની એક એક પર્યાય એવા અનંતી પર્યાય એક સમયમાં છે. એ પરને લઈને નહિ. પોતાના સ્વભાવને લઈને છે. સમજાણું?

**'એકાકાર કરવાની ઈચ્છાથી જ્ઞાનને-જોકે તે જ્ઞાન અનેકાકારપણે પ્રગટ છે તોપણ-ઈચ્છતો નથી (અર્થાત્ જ્ઞાનને સર્વથા એકાકાર માનીને જ્ઞાનનો અભાવ કરે છે);...'** અનેકાકાર થવું એ તો એનો પર્યાયધર્મ છે એનો અભાવ કરીને જ્ઞાનનો અભાવ કરે છે. **'અનેકાંતનો જાણનાર તો, પર્યાયોથી જ્ઞાનની અનેકતા જાણતો...'** પર્યાયથી અનેક છે, એનો સ્વભાવ છે. **'વિચિત્ર છતાં અવિચિત્રતાને પ્રાપ્ત છે...'** દેખો! **'(અર્થાત્ અનેકરૂપ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**છતાં એકરૂપ)...**’ જ થઈ રહે છે. ‘**એવા જ્ઞાનને સ્વતઃક્ષાલિત...**’ પોતાથી જ નિર્મળ છે. ‘**(સ્વયમેવ ધોયેલું-શુદ્ધ) અનુભવે છે.**’ નિર્મળ પર્યાયમાં અનેકપણું દેખાણું પણ એ શુદ્ધ જ છે. એમાં કાંઈ અશુદ્ધતા નથી. એમ જ્ઞાની શુદ્ધને અનુભવે છે. ઓલો અશુદ્ધતા જણાય છે ને જ્ઞાનમાં, અશુદ્ધતા જણાય, એ જણાય ત્યાં અશુદ્ધતા કલંક થઈ ગયું. કાઢી નાખો. શું કાઢી નાખીશ? સમજાણું કાંઈ? એવા જ્ઞાનને સ્વતઃ શુદ્ધ અનુભવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**જેઠ સુદ ૮, મંગળવાર તા. ૪-૬-૧૯૬૮**
**શ્લોક-૨૫૧-૨૫૨, પ્રવચન-૫૨૭**

૨૫૧. જરી સૂક્ષ્મ વાત છે થોડી. સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમાત્માએ આ આત્મા જ્ઞાનસ્વરૂપ-ઉપયોગસ્વરૂપ જોયો છે. પરમેશ્વર કેવળી તીર્થંકરદેવ એણે આ આત્માને એકલો ઉપયોગ એટલે જ્ઞાન ને જાણવું-દેખવું સ્વરૂપ એવો આત્મા ભગવાને જોયો છે. બરાબર છે? પંડિતજી! એમાં જે કાંઈ પુણ્ય-પાપના ભાવ થાય એનું પણ આત્મા જ્ઞાન કરનારો જોયો છે. સમજાય છે કાંઈ? આત્મા ચૈતન્ય ઉપયોગ જ્ઞાન-દર્શન ઉપયોગ. અહીં તો ઉપયોગ (લીધો). અહીં તો આવ્યું ને? જ્ઞાનપ્રધાન અધિકાર છે (એટલે) એ આવ્યું.

વસ્તુ છે ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે પ્રગટ કરી પર્યાયમાં પૂરો. એવા બધા અનંત આત્માઓ (છે). નિગોદમાં અનંત, એકેન્દ્રિયમાં અનંત છે, બે ઈન્દ્રિયમાં અસંખ્ય છે. વગેરે વગેરે. શું કહે છે? આપણે ઓલું સવારનું જરી મગજમાં (આવ્યું હતું). આ અધિકાર જ્ઞાનનો જ છે. ભગવાને પરમેશ્વરે અનંત કેવળીઓએ આ આત્માને, અનંત આત્માઓને (ઉપયોગસ્વરૂપ જોયા છે). એ આત્મા ભલે નિગોદમાં અનંત છે, દેવમાં અસંખ્ય છે, નારકી.. (પણ) બધા જાણવું-દેખવું એવો ઉપયોગસ્વરૂપ આત્માને ભગવાને જોયો. એમાં શરીર, વાણી, મનની ક્રિયા એનામાં નથી. તેમ આ પુણ્ય અને પાપના ભાવ થાય છે એ પણ સ્વરૂપમાં નથી. કારણ કે પુણ્ય અને પાપ તો આસ્રવ છે. અહીં એ સિદ્ધ કરવું છે કે એ આસ્રવનું જ્ઞાન થાય આત્મામાં. ડાહ્યાભાઈ! રાગાદિ પુણ્ય-પાપના દયા, દાન, વ્રતાદિના પરિણામ થાય એનું જ્ઞાન થાય આત્મામાં. એ જ્ઞાન થાય એથી કાંઈ જ્ઞાન મલિન નથી. શેઠી! ઝીણી વાત છે. સર્વજ્ઞ વીતરાગદેવનો માર્ગ ત્રણ કાળમાં બીજે ક્યાંય છે નહિ.

જુઓ! અહીં કેવી રીતે લે છે! **'એકાંતવાદી જ્ઞેયાકારરૂપ જ્ઞાનને મલિન જાણી,...'** ભાવાર્થની પહેલી લીટી. ભગવાન આત્મા આમ જ્ઞાનસ્વરૂપ ચૈતન્યબિંબ છે. ચૈતન્ય પ્રકાશનું પૂર છે, નૂર છે આત્મા. એમાં પુણ્ય અને પાપનો વિકલ્પ રાગ અને દેહની ક્રિયા એ જ્ઞાનમાં જણાય. જેવું જ્ઞેય છે એમ જ્ઞાનાકાર જ્ઞાનની પર્યાય થાય. એ જ્ઞેયાકાર જ્ઞાનની પર્યાય થાય એ કાંઈ મલિન નથી. પણ અજ્ઞાની એમ (માને છે કે) અરે..! આ કેમ જણાણું? મારા જ્ઞાનમાં આ રાગ કેમ આવ્યો? આ દ્વેષ કેમ આવ્યો? એ પુણ્ય અને પાપના રાગ અને શરીરાદિની અવસ્થા જડની જે ક્ષણે જે ભાષાની જડની થાય તેના જ્ઞેયાકારરૂપ જ્ઞાનને મલિન જાણે છે અજ્ઞાની. એટલે આ મને એક જણાણું એ જ્ઞાન છે તે મલિન થયું. એમ અજ્ઞાની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



માને છે. ધોઈ નાખું. આ રાગ-દ્વેષ મારા જ્ઞાનમાં જણાય છે એ જાણવું જ કાઢી નાખું. ઝીણી વાત છે થોડી. વીતરાગમાર્ગ એવો છે. સર્વજ્ઞ 'કેવળી પણ્ણંતો ધમ્મો શરણં' સર્વજ્ઞ પરમેશ્વર કેવળીએ કહેલો એ અપૂર્વ માર્ગ છે. એ માર્ગની રીત જગતને ખ્યાલમાં આવતી નથી. અનંતકાળ થયો. ચોર્યાસીના અનંત અવતાર કર્યા. શેઠી! આહાહા..! જુઓને! સાંભળીએ છીએ એક પછી એક આમ આને હાર્ટફેઈલ થયું... આને હાર્ટફેઈલ થયું... સાંભળીએ તો આમ આહાહા..! હમણાં ત્યાં આપણે આવ્યા હતા ભાઈ, સુંદરજીભાઈ મહાજન. ત્યાં તમે આવ્યા હતા પહેલાં, નહિ?

મુમુક્ષુ :- વીંછીયા આગળ.

ઉત્તર :- હા, વીંછીયા હતા. આપણે .. વ્યાખ્યાન સાંભળતા સાંભળતા જોયું નહિ પછી પૈસા બોલ્યા કાંઈક બે હજાર. ત્યારે ખ્યાલ આવ્યો. ભાઈ! ક્યાં રહેવું તમારે? અમે આફ્રિકામાં રહીએ છીએ. સુંદરજી. હવે ત્યાં તો આઠ દિ' વ્યાખ્યાન સાંભળ્યા. ત્યારે નાની ઉંમર હતી. હાર્ટફેઈલ થઈ ગયું. નહોતા ત્યાં રથમાં બેઠા? વરઘોડામાં અને આહારમાં આપ્યા પૈસા. બે-અઢી હજાર ખર્ચ્યા હતા. ક્ષણમાં દેહ પડી જાય. આહાહા..! એની સ્થિતિ પૂરી. કોઈ શરણ છે ક્યાંય?

એક જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રકાશમૂર્તિ આત્મા છે. એમાં આનંદ છે. આત્મામાં આનંદ છે. જ્ઞાન અને આનંદ આદિ અનંત શક્તિઓ છે. તો કહે છે કે એ આત્મા જાણવાની દશાના કાળમાં એને રાગ-દ્વેષ, શુભ-અશુભ રાગાદિ જણાય જ્ઞાનમાં. જાણવું એ કાંઈ મલિનતા નથી. એ તો પોતાના જ્ઞાનની અવસ્થાનો સ્વભાવ ધર્મ છે. પણ અજ્ઞાનીને પર્યાયબુદ્ધિ ઉપર લક્ષ હોવાથી એને વસ્તુ જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ છે એમ ભાન નહિ હોવાને લઈને આ રાગ અને પુણ્ય કેમ જ્ઞાનમાં જણાણું? એ કાઢી નાખવા માગે છે. કાઢી નાખતા તો, જ્ઞાનની અવસ્થા કાઢી નાખતા જ્ઞાન રહેતું નથી. શેઠી! જરી ઝીણી વાત છે.

ભગવાન આત્મા જ્ઞાનની અવસ્થાએ પરિણમે એમાં બધું જણાય અને ત્રિકાળરૂપ જ્ઞાયક તો ધ્રુવ છે, એ તો ત્રિકાળ છે. પણ ત્રિકાળમાં વર્તમાન અવસ્થામાં જે કાંઈ પરચીજ જણાય, જાણવું એ તો જ્ઞાનનો ધર્મ છે, જ્ઞાનનો સ્વભાવ છે. પણ અજ્ઞાનીને એમ કે અરે..! આ. આ રાગ, આ દ્વેષ, અશુભભાવ, મલિનભાવ. પણ મલિન તો એનામાં રહે. તું તો એનો જાણનાર છો. શેઠી! બહુ ઝીણું! વીતરાગનો માર્ગ એવો છે જગતથી. હાથ આવતો નથી. બહારથી માંડીને બેસી ગયા છે.

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ સર્વજ્ઞ પરમેશ્વરે જે સર્વજ્ઞપદ પ્રગટ કર્યું એ ક્યાંથી આવ્યું? બહારથી આવે છે? અંતરનો સ્વભાવ જ સર્વજ્ઞ હતો. સર્વજ્ઞ સ્વભાવ જ આત્માનો ભગવાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


જોયો છે. બધા આત્મા. સવારમાં તો એમ આવ્યું હતું. ૨૪ ગાથા આવી ને? કે ૨૪ તીર્થંકર છે તો ૨૪ ગાથામાં બે હજાર વર્ષ જ્યાં સુધી રહેશે ત્યાં સુધી રહેશે.

**सव्वण्हुणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं।**
**कह सो पोग्गलदव्वीभूदो जं भणसि मज्झमिणं।।२४।।**

ભગવાન! એમ પરમેશ્વર ફરમાવે છે, ભાઈ! તું તો જ્ઞાન અને દર્શનના જાણવાના સ્વભાવવાળો છો ને. એ તે પુણ્ય-પાપના રાગવાળો કેમ થઈ જાય? એમ કહે છે. પંડિતજી! આહાહા..!

અરિસામાં અરીસાની સ્વચ્છતાને લઈને કોલસા અને વિષ્ટા સામે પડી હોય તો સ્વચ્છતા અરીસામાં જણાય છે તે કાંઈ કોલસા અને વિષ્ટા નથી. એ તો અરીસાની સ્વચ્છ અવસ્થા છે. હવે કોઈ એમાંથી આ વિષ્ટા અને કોલસા જણાય માટે કાઢી નાખું (એમ કરે). પણ ત્યાં કોલસા અને વિષ્ટા હતી? એ તો અરીસાની અવસ્થા છે. સમજાય છે કાંઈ? એમ ભગવાન (આત્મા) ચૈતન્ય અરીસો છે. પ્રકાશની મૂર્તિ. એમાં પુણ્ય-પાપ રાગાદિ જણાય છે. સમજાય છે કાંઈ? એ જ્ઞેયાકાર થાય છે. અજ્ઞાનીને એમ લાગે કે અરે..! આ કાઢી નાખું. પણ શું કાઢીશ તું? એ તો જ્ઞાનની અવસ્થા છે. તારું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે એની અવસ્થામાં તે જણાય છે. તું જ્ઞાનરૂપ (છો), રાગરૂપ થયો નથી. જ્ઞેય જાણતા જ્ઞેયાકારે જ્ઞાન થયું પણ જ્ઞેય જ્ઞેયરૂપે રહ્યું છે અને જ્ઞેયનું જ્ઞાન જ્ઞાનરૂપમાં થયું છે. બરાબર છે? પંડિતજી! આહાહા..!

અરીસાની સ્વચ્છતામાં એ કોલસા અને વિષ્ટા સંબંધીની જે સ્વચ્છતા એ તો અરિસાની સ્વચ્છતા છે. ત્યાં વિષ્ટા અને કોલસા છે? અગ્નિ અને બરફ સામે પડ્યા હોય ત્યાં દેખાય અગ્નિ, બરફ આમ. એ અગ્નિ, બરફ છે? એ તો અરીસાની અવસ્થા છે. ત્યાં હાથ અડાડો તો ત્યાં ઊનું અને ટાઢું નહિ લાગે. એ તો અરીસાની અવસ્થા છે. એ જાણે એમાં મેલ છે ને આમ વિષ્ટા કાઢી નાખું. શું કાઢે? એ તો એની અવસ્થાનો સ્વભાવ છે.

એમ ભગવાન આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનો છે. એના વિનાનો છે એટલે પોતાને અને રાગને જાણે એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? એ ચૈતન્યના પ્રકાશમાં એની વર્તમાન દશામાં રાગ ને પુણ્ય ને શરીર, વાણી, મનની ક્રિયા તે પરજ્ઞેય છે, પરવસ્તુ છે. એ જ્ઞેય જ્ઞેયપણે રહીને જ્ઞાને જ્ઞાનમાં જ્ઞેયનું જ્ઞાન કર્યું તો જ્ઞેય કાંઈ જ્ઞાનનું થઈ ગયું નથી. તેમ જ્ઞાન જ્ઞેયનું થઈ ગયું નથી. ઝીણી વાત છે, ભાઈ! એણે પોતાના સ્વભાવની સંભાળ કોઈ દિ' કરી નથી. આમ બધું કર્યું દયાઓ ને વ્રત ને ભક્તિ ને ફલાણું. એ બધા શુભરાગ છે. પણ એ શુભરાગનો જાણનાર તે હું છું. રાગ હું નહિ. આહાહા..!

**'જ્ઞેયાકારો દૂર કરીને, જ્ઞાનને જ્ઞેયાકારો રહિત એક-આકારરૂપ કરવા ઈચ્છતો**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**થકો,...**' અરે..! મારી દશામાં આ શું જણાય છે? એ નથી જણાતું. ખરેખર તો તારી જ્ઞાનદશા જણાય છે. જ્ઞાનની દશામાં સ્વચ્છતાને લઈને જે કાંઈ પુણ્ય-પાપના વિકલ્પો રાગાદિ ઉઠ્યા એ સંબંધીનું જ્ઞાન તને જણાય છે. રાગાદિ નહિ. રાગ તો પર છે. વિકાર છે. પુણ્ય-પાપનો ભાવ તો શુભ-અશુભ વિકાર પર છે. આસ્રવ છે એ તો. આત્મા જ્ઞાન છે. તો આસ્રવને જ્ઞાન જાણે અંદર કે આસ્રવ છે એમ જાણે છે. જાણતા આસ્રવરૂપ થતું નથી અને આસ્રવ જ્ઞાનરૂપ થતા નથી.

મુમુક્ષુ :- આસ્રવ...

ઉત્તર :- વસ્તુ એવી છે ને. વસ્તુ એવી છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નવ છે તો નવ શી રીતે રહેશે? નવ છે કે એક જ છે આત્મા? આ શરીર, વાણી જડ તો આ જડ છે, માટી છે. આ શરીર વાણી કર્મ એ તો અજીવતત્ત્વ છે. અને અંદરમાં પાપના ભાવ થાય હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના, કામ, ક્રોધ એ પાપ આસ્રવતત્ત્વ છે. અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એ પુણ્યતત્ત્વ છે, પુણ્યાસ્રવ છે. અને આત્મા તો જ્ઞાનાસ્રવ છે-જ્ઞાનતત્ત્વ છે. એ જ્ઞાનઆસ્રવ એટલે કે એમાંથી જ્ઞાન ઝરે છે એમ કહેવું છે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. કહે છે કે એ તો પુણ્ય-પાપના રાગરહિત છે. પણ એને સહિત માન્યો છે એ જ મિથ્યાત્વભાવ છે. અને એ મિથ્યાદષ્ટિ ચાર ગતિમાં રખડવાના બીજડા સેવે છે. એ તો ઠીક. પણ એનું જાણવું જ્ઞાન થયું એ જ્ઞાન એનું એ મારામાં આવી ગયું એમ માન્યું છે એ પણ મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

'**જ્ઞાનનો નાશ કરે છે;...**' એમ માનીને પોતાના સ્વરૂપની પર્યાયમાં અનેકને જાણવાનો સ્વભાવ છે. એને જાણે. અનેક જાણતા હું અનેક પરરૂપે થઈ ગયો એમ માનીને પોતાનો નાશ કરે છે. ધર્મી જીવ '**અનેકાંતી તો સત્યાર્થ વસ્તુસ્વભાવને જાણતો...**' ધર્મી તો (એમ માને છે કે) હું જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છું અને મારી અવસ્થામાં અનેકપણાને જાણવું એ મારો પર્યાયનો-અવસ્થાનો ધર્મ છે. રાગ ને વિકારને જાણવું એ મારો સ્વભાવ છે. રાગ અને વિકારરૂપ થવું એ મારો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? '**જ્ઞાનને સ્વરૂપથી જ અનેકાકારપણું માને છે.**' જુઓ! ભગવાન આત્મા વસ્તુએ તો એકરૂપ જ્ઞાન છે ત્રિકાળ પણ એની અવસ્થામાં અનેક રાગાદિ, પુણ્યાદિ, દયા, શરીરની ક્રિયા આદિ એનું અહીં જ્ઞાન થાય તો અનેકપણે હું થાઉ છું એ મારો પોતાનો સ્વભાવ છે એમ જાણે છે. પણ હું રાગરૂપે થાઉં છું અને દેહની ક્રિયારૂપે થયો છું એમ છે નહિ. ઝીણું બહુ. આ અનેકાંત ભગવાનનો માર્ગ. વેદાંતી આદિ કહે છે ને બધું એક છે. વેદાંત કહે છે ને બધું એક છે. એ ખોટું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. બધું એક નથી. સમજાય છે કાંઈ? દરેક વસ્તુ ભિન્ન છે અને એક એક આત્મામાં અનંતા ગુણો છે અને અનંતા ગુણોની એક સમયમાં અનંતી પર્યાય અવસ્થા થાય છે. એવું વેદાંતમાં છે ક્યાં? સમજાણું કાંઈ?

અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ પરમાત્માએ સિદ્ધ થયેલો ત્રણકાળ ત્રણલોકમાં જે છ દ્રવ્યો (જોયા તેની વાત છે). સમજાય છે કાંઈ? એ જ છ દ્રવ્યમાંથી ભગવાન આત્મા તદ્દન નિરાળો છે. એ છને જાણનારો છે. છ રૂપ થનારો નથી. આહાહા..! શરીર, વાણી, મન આ તો જડ છે, આ તો ધૂળ છે, આ તો અજીવ છે. એની અવસ્થા પણ જડ છે. તો દ્રવ્ય જડ, ગુણ જડ અને પર્યાય (જડ). આ તો રાગ પણ જડ છે અહીં તો, ભાઈ! આહાહા..! ચૈતન્ય તે કાંઈ રાગરૂપ થાય? અરે..! એ જડરૂપ થાય? ભગવાન જ્ઞાનપ્રકાશની મૂર્તિ એ પુણ્ય-પાપના રાગરૂપે થાય? રાગ તો અચેતન છે, એમાં જ્ઞાનનો અંશ નથી. પણ તને એમ કેમ થઈ ગયું કે રાગનું જ્ઞાન થતાં હું મેલો થઈ ગયો. એ રાગ ક્યાં આમાં ગરી ગયો છે? તું તો જાણનાર છો. એમ અજ્ઞાનીને બેસતું નથી. એ ચાર બોલ થયા.

પાંચ, પાંચમો. સ્વદ્રવ્યથી અસ્તિ હવે આવે છે. પહેલું તત્ આવી ગયું. વસ્તુથી તત્ છે અને પરથી અતત્-જ્ઞેયથી અતત્ છે. પછી આત્મા વસ્તુપણે એક છે અને જ્ઞાનની અવસ્થાપણે અનેક છે. એ પોતાને કારણે અનેક છે. પરને કારણે નહિ. હવે પાંચમો બોલ છે. આમાં ઓલા બોલ ઉતાર્યા. આમાં ઓલા. ચાર ઉતાર્યા છે ને ચાર.

મુમુક્ષુ :- પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ.

ઉત્તર :- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ આમાં ઉતાર્યા ..માં. ક્યા? અહીં આણે હા પાડી અને તમને હજી પકડાણું નથી. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું અભેદપણું અને ભેદપણું આ કળશમાં ઉતાર્યું છે. ખબર નહિ હોય એ. હજી ખબર નથી. ઠીક. એ તો આણે રાખ્યું લાગે છે બધું. ૨૫૨માં આવ્યું ને? ૨૫૨ કળશ.

**प्रत्यक्षालिखितस्फुटस्थिरपरद्रव्यास्तितावञ्जितः**
**स्वद्रव्यानवलोकनेन परितः शून्यः पशुर्नश्यति।**
**स्वद्रव्यास्तितया निरूप्य निपुणं सद्यः समुन्मज्जता**
**स्याद्वादी तु विशुद्धबोधमहसा पूर्णो भवन् जीवति।।२५२।।**

લ્યો ભાઈ! જરી ગુજરાતીના ચાર ચાર બોલ નથી કાઢ્યા? કળશ ટીકાના. હવે સમજ્યા? એણે કામ બધા ઘણા કરેલા ને ઓલા જાડા પથરાના. ૨૫૨ દેખો. ૨૫૨ છે ને. જુઓ! શું કહે છે? ખરેખર એક આત્મામાં અભેદ અને ભેદ સૂક્ષ્મનયે ઉતાર્યા છે. ભગવાન આત્મા આ દેહના રજકણની અવસ્થા થવી એ તો જડને કારણે. એની સાથે કાંઈ આત્માને સંબંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. કર્મ જે છે એ કર્મની અવસ્થા કર્મમાં. એની સાથે કાંઈ સંબંધ નથી. આ તો પુણ્ય-પાપના વિકલ્પો થાય છે એ આસ્રવ છે એને પણ આત્મા સાથે કાંઈ સંબંધ નથી. હવે એ એક વસ્તુના ચાર ભંગ કઈ રીતે ઉતાર્યા છે વ્યવહાર અને નિશ્ચયે (એ) જુઓ!

સ્વદ્રવ્ય એટલે નિર્વિકલ્પમાત્ર વસ્તુ. સાંભળ્યું છે? આ ચાર ભંગ નથી સાંભળ્યા. આપણે સમયસાર ચાલે છે. જુઓ! સ્વદ્રવ્ય એટલે ભગવાન આત્મા સ્વદ્રવ્ય નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ અંદર અભેદ વસ્તુ એ સ્વદ્રવ્ય કહેવાય. એ સમ્યગ્દર્શનનો વિષય અભેદ વસ્તુ. અભેદ ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શન થાય છે. સ્વદ્રવ્ય એટલે એની વસ્તુ. સ્વક્ષેત્ર-આત્માનું સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુના પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છે ને? આત્મા અસંખ્ય પ્રદેશી છે. ભગવાને અસંખ્ય પ્રદેશ (જોયા છે), એક એક આત્માના અસંખ્ય પ્રદેશ જોયા છે. એટલો પહોળો છે. શરીર પ્રમાણે છે ને. જુઓને! આખા શરીર પ્રમાણે અસંખ્ય પ્રદેશ છે એના. જેમ સોનાની સાંકળી હોય છે ને? હજાર મકોડાની સોનાની સાંકળી. એ હજાર મકોડા છે એ સોનું જ છે. અને અંશ-અંશ છે એ મકોડો છે. આખી ચેન સાંકળી છે. એમ આત્માનો એક એક પ્રદેશ આનંદ અને જ્ઞાનથી ભરેલો છે. એવા અસંખ્ય પ્રદેશરૂપી આત્મા આખી અસંખ્ય પ્રદેશી સાંકળી છે. એ એનું સ્વક્ષેત્ર કહેવાય છે. સ્વક્ષેત્ર એટલે આધારમાત્ર વસ્તુ એ એનું સ્વક્ષેત્ર. આ ઘર એનું ક્ષેત્ર નહિ. શેઠી! જયપુરનો બંગલો એનું ક્ષેત્ર નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- સોનગઢનો બંગલો તો ખરો ને?

ઉત્તર :- સોનગઢનો બંગલો એને ઘરે રહ્યો. ત્યાં ક્યાં (ગરી ગયો છે)? એ તો એનું ક્ષેત્ર છે. અહીં ક્યાં ગરી ગયો? આત્મામાં છે?

આત્માનું સ્વક્ષેત્ર.. જુઓ! આધારમાત્ર વસ્તુના પ્રદેશ અસંખ્ય પ્રદેશ. પણ એકરૂપ, હોં! ભેદ નહિ. સ્વકાળ એટલે વસ્તુમાત્રની મૂળ અવસ્થા. ત્રિકાળ એકરૂપ અવસ્થા. વસ્તુ આત્મા ત્રિકાળ એકરૂપ એ એનો સ્વકાળ. સ્વભાવ એટલે વસ્તુની મૂળની સ્વશક્તિ. ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શન-આનંદ એવા અનંત ગુણોની મૂળ શક્તિ તે એનો સ્વભાવ. જુઓ! આ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. આમ ઉતર્યા. હવે એમાં પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ, પરભાવ બીજી રીતે ઉતાર્યા છે આમાં.

પરદ્રવ્ય એટલે સવિકલ્પ ભેદકલ્પના. ભગવાન આત્મા વસ્તુ છે અનંત ગુણનો પિંડ એક વસ્તુ. એને સવિકલ્પ ભેદકલ્પના. સવિકલ્પ ભેદકલ્પના. આ ગુણ, આ ગુણી એવી ભેદકલ્પના એને અહીંયાં પરદ્રવ્ય કીધું છે. એ પરદ્રવ્ય છે એની અભેદમાં નાસ્તિ છે એમ સિદ્ધ કરવું છે પાછું. ભાઈ! આહાહા..! એઈ..! ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે કેવળીએ જોયેલો સ્વદ્રવ્ય એટલે અભેદ વસ્તુ નિર્વિકલ્પ. નિર્વિકલ્પ કહો કે અભેદ કહો. એ સ્વ. અને પર એટલે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમાં ભેદ પાડવો કે આ ગુણી અને ગુણ એવો ભેદ એ પરદ્રવ્ય છે. સ્વદ્રવ્યમાં સ્વદ્રવ્યની અસ્તિ છે અને પરદ્રવ્યની સ્વદ્રવ્યમાં નાસ્તિ, ભેદની નાસ્તિ છે એમ સિદ્ધ કરવું છે. પંડિતજી! આહાહા..! એવો આત્મા (છે) એમાં ભેદકલ્પના કરવી. આ અને આ. એ દ્રવ્યમાં ભેદ પાડવો. એકરૂપ વસ્તુમાં ભેદ પાડવો. આ ગુણ છે અથવા ગુણી છે એવો ભેદ પાડવો એને પરદ્રવ્ય કહે છે. કારણ કે એમાં વિકલ્પ ઉઠે છે. રાગ ઉઠે છે.

પરક્ષેત્ર એટલે જે વસ્તુના આધારભૂત પ્રદેશ નિર્વિકલ્પ (કહી) હતી, અસંખ્ય પ્રદેશમાં એકરૂપ વસ્તુ જે નિર્વિકલ્પ વસ્તુમાત્ર કહ્યો હતો તે જ પ્રદેશ સવિકલ્પ ભેદકલ્પના. અસંખ્ય-અસંખ્ય એ ભેદકલ્પના. એ પરક્ષેત્ર થયું. નિર્વિકલ્પ વસ્તુક્ષેત્ર એ સ્વક્ષેત્ર, અભેદ ક્ષેત્ર. અસંખ્ય એમ ભેદ નહિ. એકરૂપ ક્ષેત્ર એ સ્વક્ષેત્ર અને ક્ષેત્રના ભેદ પાડવા એ પરક્ષેત્ર. સમજાય છે કાંઈ? આહાહા..! એવો વીતરાગ માર્ગ છે. એણે અનંતકાળમાં એ વીતરાગ પરમેશ્વર કહે છે એ જાણ્યું નહિ. ઓળખ્યું નથી એના કહ્યા વિના એની વાતું માનીને અનંતકાળથી રખડ્યો છે. ઓહોહો..!

જુઓને! કાલની વાત આમ કેટલી ઓલી બાઈની. દામનગરમાં. ..નીચે થાંભલા સાથે બાંધીને ઘાસલેટ છાંટીને બાળી નાખી. પરમ દિ’ દામનગરમાં. આખું ગામ હડતાળ. આવા અવતાર અનંતા કર્યા. ભાઈ! એ એની વાત નથી. એવા મારનારના જીવના ભાવવાળા પણ અનંત અવતાર કર્યા અને મરનારના ભાવ એવા અનંત અવતાર કર્યા, બાપુ! અનંતકાળમાં ક્યાં એણે શું કર્યું નથી? એણે આત્માનું સમ્યગ્દર્શન શું છે એની એણે ઓળખાણ કરી નથી. શેઠી! આહાહા..! પરમ દિ’ બની ગયું. દામનગર છે ને દામનગર? એ દામનગર છે ત્યાં. લુહાણાની દીકરી. ત્યાં લુહાણાની વહુ. નહિ? બન્યું ને. શું કારણ હશે? આહાહા..! સાંભળ્યું ત્યાં રાડ નાખી જાય એવું છે. થાંભલે દેર અને જેઠે બેયે બાંધી. ઘાસતેલ છાંટી સળગાવી દીધી. તોય જલ્દી મરી નહિ કોણ જાણે શું થયું. પોલીસ આવ્યા ત્યાં સુધી જુબાની આપી બધી. આહાહા..!

મુમુક્ષુ :- એણે આપઘાત કર્યો.

ઉત્તર :- એણે આપઘાત નથી કર્યો. મારી નાખી. જેઠ અને પતિએ સળગાવી દીધી. કાંઈ મેળ નહિ ખાધો હોય, ગમે તે હોય. કુંડલાની હતી ભાઈ. લુહાણાની દીકરી કુંડલાની. ગૃહસ્થ છે. બનતું નહોતું. મોકલી જામીન કરીને. ગયા ત્યાં સળગાવી દીધી રાડ નાખી ગયા આખા ગામમાં હડતાળ. અરે.. પ્રભુ! એવું તો અનંતવાર જીવે કર્યું છે. શું નથી કર્યું? એવા કાળા કકળાટ અનંતવાર કર્યા અને દયા, દાનના ભાવ અનંતવાર કર્યા. સાંભળને હવે. એ બધો પુણ્યભાવ છે અને ઓલો પાપ છે. સમજાય છે કાંઈ? એ બે વિનાનો આત્મા જ્ઞાનાનંદ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવ છે એની એણે ઓળખાણ કદી કરી નથી. આહાહા..! એ શરણ છે, બાપુ! ક્યાંય શરણ નથી. આમ અંતરમાં (શરણ છે).

અહીં કહે છે કે પ્રભુ! તું અભેદ છો ને. એ તારું દ્રવ્ય કહેવાય. અને ભેદ પડે ને એ પરદ્રવ્ય કહેવાય. અસંખ્ય પ્રદેશીમાં એકરૂપ કહેવાય નિર્વિકલ્પક્ષેત્ર તે તારું સ્વક્ષેત્ર કહેવાય. એમાં ભેદ પાડવો એ પરક્ષેત્ર કહેવાય. આહાહા..! રાગનું ક્ષેત્ર તો ક્યાંય ગયું, શરીરનું ક્ષેત્ર અને મકાનનું તો ક્યાંય રહ્યું. પણ પોતાના અસંખ્ય પ્રદેશમાં એકરૂપ વસ્તુમાં ભેદ પાડે કે અસંખ્ય. ભેદ એવી કલ્પના તે પરક્ષેત્ર છે અને પરક્ષેત્રમાં લક્ષ જતાં ભેદ (ઉપર) લક્ષ જતાં રાગ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્મા એકરૂપ ચૈતન્ય વસ્તુ અને ક્ષેત્ર એકરૂપ વસ્તુ, એવી અંતર દૃષ્ટિ કરતાં તેને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન અને ધર્મ થાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમાં કળશટીકામાં નથી આવ્યું? ત્યાં જોઈ લેવું. ૨૫૨ કળશ. એમાં છે. છે ને તમારે હિન્દી-ગુજરાતી. ત્યાં કળશટીકામાં છે. અત્યારે નહિ. અત્યારે નહિ. ત્યાં લક્ષ જશે એનું. ઘરે જોઈ લેવું. ૨૫૨ કળશટીકા છે ને એ? હિન્દી-ગુજરાતી કોઈપણ હોય. એમાં લખ્યું છે. આપણે ગુજરાતી વાંચીએ છીએ. સમજાણું કાંઈ?

વસ્તુ પરદ્રવ્ય તો આત્મામાં છે જ નહિ. રાગ પુણ્ય વિકલ્પ અને શરીર એ બધું પરદ્રવ્ય. એ તો આત્મામાં છે જ નહિ. પણ આત્મામાં ભેદ પાડવા દ્રવ્યમાં આ દ્રવ્ય અને આ ગુણ એ ભેદ પાડવો એ અભેદમાં નથી. એ ભેદને અહીં પરદ્રવ્ય કહે છે. આહાહા..! અને એકરૂપ નિર્વિકલ્પ ક્ષેત્ર એને સ્વક્ષેત્ર કહે છે. એનામાં રાગનું ક્ષેત્ર... આ જોવો ઓલું આવ્યું સંવરનું ભાઈ! સંવરનું આવે ને. પરક્ષેત્ર છે એ બધું. રાગ-દ્વેષની ઉત્પત્તિ એ પરક્ષેત્ર છે. સ્વક્ષેત્રમાં નથી એ વસ્તુ જુદી, ક્ષેત્ર જુદું, કાળ, ભાવ જુદો એનો. એ સંવરમાં આવે છે. ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં ઉપયોગ છે. ચૈતન્ય ભગવાન ઉપયોગ એટલે જાણવું-જાણવું, દેખવું. જાણવા-દેખવામાં આત્મા છે. જાણવા-દેખવાની અવસ્થાને આધારે આત્મા છે. એ રાગ અને પુણ્ય એ આત્મા નથી. આત્મા નહિ અને આત્મામાં નથી. સમજાણું કાંઈ? એટલે એને રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે એને ત્યાં પરક્ષેત્ર અને પરવસ્તુ કીધી છે. ડાહ્યાભાઈ! આહાહા..!

અહીં તો કહે છે, એ તો નહિ પણ સ્વક્ષેત્રમાં ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. હવે ઓલું ક્ષેત્ર તો વિકારનું કાઢ્યું. આહાહા..! ભારે વાત. ભગવાન આત્મા પરમેશ્વર કેવળીએ એવો જોયો છે. અહીં અસંખ્ય પ્રદેશ છે એ વસ્તુ તરીકે નિર્વિકલ્પ એકરૂપ છે અને તે ક્ષેત્રના ભેદ પાડવા એ પરક્ષેત્ર છે. શરીરનું ક્ષેત્ર અને પરનું ક્ષેત્ર અને રાગનું ક્ષેત્ર તો ગયું પરમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પણ એનો ભેદ પાડવો એ પરક્ષેત્ર છે. સમજાય છે કાંઈ?

પછી પરકાળ એટલે દ્રવ્યની મૂળની નિર્વિકલ્પ અવસ્થા. તે જ અવસ્થાંતર ભેદરૂપ કલ્પનાથી પરકાળ કહેવાય. ત્રિકાળ એકરૂપ વસ્તુ એમાં એક સમયની અવસ્થાનો ભેદ પાડવો એ પણ પરકાળ છે. આહાહા..! આત્મા સિવાય કર્મનો પર્યાય, જડનો પર્યાય (એ) એનો સ્વકાળ સામાનો. એ સામાનો સ્વકાળ તો આની અપેક્ષાએ પરકાળ છે. પરકાળ એટલે એની અવસ્થા. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એની જે અવસ્થા (એ સ્વ). આત્માની અપેક્ષાએ પરકાળ છે. પણ અહીં તો પોતાનું એકરૂપ છે એનો ભેદ પાડવો એવા કાળને પરકાળ કહે છે. પ્રવિણભાઈ! કળશટીકામાં. વાંચ્યું છે ને કળશટીકા? જોયું છે કે નહિ? કળશટીકા તમે? તમને કહું છું. તમે તો વાંચો છો ને. એને તો ગરજ ઘણી હોય. કનુભાઈ! મોટા જજ છે પણ... વાંચન ઘણું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અહીં તો કહે છે કે વસ્તુ જે ત્રિકાળ છે પોતે એ એનો સ્વકાળ અને એનો ભેદ પાડવો એક સમયની અવસ્થા આદિનો એ પરકાળ. શરીર, વાણી, અવસ્થા અને રાગની અવસ્થા એ તો પરકાળ, એ તો પરકાળ છે જ સ્થુળરૂપે. પણ અહીંયાં એકરૂપ વસ્તુમાં ભેદ પાડવો એક સમયની અવસ્થાનો એ પરકાળ. ઓહોહો..! એ પરકાળની સ્વકાળમાં નાસ્તિ. એકરૂપ ચૈતન્ય ત્રિકાળ એ ઉપર દૃષ્ટિ આપતા પરકાળની એમાં નાસ્તિ, સ્વકાળની અસ્તિ. ભારે ઝીણું!

પરભાવ એટલે દ્રવ્યની સ્વશક્તિના પર્યાયો અનેક અંશ દ્વારા ભેદકલ્પના. ઠીક! અનંત ગુણનો પિંડ પ્રભુ છે ભાવ. જ્ઞાન, દર્શન, આનંદ એવી અનંત શક્તિઓ છે. એનું એકરૂપ તે સ્વભાવ. અને એના ભેદ પાડવા અંશના આ જ્ઞાનની દશા અને આ ગુણ એ ભેદ પાડવો એ પરભાવ. ગુણનો ભેદ પાડવો એ પરભાવ. શરીર, વાણી, મન એના જે ગુણો અને એનો પરભાવ એ તો પરભાવ છે જ. ખરેખર તો વિકારી ભાવ પરભાવ એ તો પરભાવ છે જ. શું કીધું? દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ તો પરભાવ રાગ છે એ તો પરભાવ છે. એ સ્વભાવમાં નથી. પણ ત્રિકાળી ગુણી એકરૂપ વસ્તુ ભગવાન આત્મા છે એમાં ભેદ પાડવો એને પરભાવ કહે છે. સમજાણું કાંઈ?

પછી એ દ્રવ્યનું એકરૂપ, ક્ષેત્રનું એકરૂપ, કાળનું, ભાવનું એકરૂપ બે ભેદ પાડી દીધા. હવે એ ચાર પ્રકારમાં પણ એકરૂપ તેનું ખરું સ્વરૂપ (છે) અને ચાર ભેદ એ પરસ્વરૂપ છે. પાછા આ દ્રવ્ય અને આ ક્ષેત્ર એકરૂપ અને આ કાળ એ ચાર ભેદ પડી ગયા. એક વસ્તુ દ્રવ્ય પણ એક, ક્ષેત્ર પણ એક, કાળ પણ એક અને ભાવ પણ ત્રિકાળ એકરૂપ વસ્તુ તે સમ્યગ્દર્શનનો વિષય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ ચાર ભેદ પણ સમ્યગ્દર્શનનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વિષય નથી. પર તો નહિ, પર તો નહિ એના ભેદવાળો પરભાવ અને પરદ્રવ્ય અને પરક્ષેત્ર તો નહિ પણ પોતાનો સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવ એવા ચાર ભાગ પણ નહિ. આહાહા..! ચંદુભાઈ! આ બધું સમજવું પડશે, હોં!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એકાગ્ર થવામાં એ જ શક્તિ છે. આત્મા એક સ્વરૂપની દૃષ્ટિ કરવી એ એકાગ્રતાનું કારણ છે. ત્યારે એકાગ્રતા થાય અને ત્યારે સમ્યગ્દર્શન થાય છે. એમ કહે છે. ઝીણું બહુ પણ જગતને. આહાહા..! કહો, જગુભાઈ! દુનિયાની હોળી તો સળગ્યા જ કરે ભાઈ આખી. તું નીકળી જાને બહાર હવે. આહાહા..! પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ ફરમાવે છે. પરમેશ્વર હોં! ઓહોહો..! ગણધરોની સમક્ષ, ઇન્દ્રોની સમક્ષ પરમાત્મા મહાવીર આદિ અનંત તીર્થંકરો થયા એ આમ ફરમાવતા હતા. મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા સીમંધર ભગવાન બિરાજે છે અત્યારે. સીમંધર ભગવાન (અને) લાખો કેવળી. એ બધું આ રીતે કહે છે. કહો, શું કહ્યું?

પ્રત્યક્ષ આલિખિત એવા પ્રગટ (-સ્થૂલ) અને સ્થિર... અહીં એટલો શબ્દ છે. પાંચમામાં. પશુ. અહીં તો પશુ કહ્યો છે. અરે..! પશુ! પશુને જેમ ખડ અને ચુરમાનો વિવેક નથી એમ તને સ્વપરનો વિવેક નથી. ભગવાન તો પશુ તરીકે કહે છે. આહાહા..! કરુણાથી કહે છે, હોં! ભાઈ! તારું સ્વરૂપ તો અંદર જ્ઞાનાનંદ પ્રભુ અનંત અનંત શાંતિના સાગરનો ભંડાર તું છો ને પ્રભુ! એને એ રીતે ન માનતા હું પરદ્રવ્યને લઈને છું. આ શરીર છે તો હું છું, રાગ છે તો હું છું, કર્મ છે તો હું છું. પરદ્રવ્યના હોવાથી હું છું એમ માનનાર પરદ્રવ્યમાં પોતે આખો અર્પાઈ ગયો છે. આહાહા..! ભાઈ 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' આવે છે કે નહિ? એઈ..! મૂઢ છે કહે છે. અહીં એ કહે છે. મૂઢ છો? પરદ્રવ્યને લઈને તું છો? આ તો માટી ધૂળ છે. એને લઈને તારો ધર્મ અને (એને) લઈને તારું હોવાપણું (છે)? આહાહા..! આ ઓલા કાયામાં .. બંધ અધિકારમાં આવ્યું હતું કાયચેષ્ટા. કાયચેષ્ટા. બંધમાં કાયચેષ્ટા કારણ નથી. બે ઠેકાણે આવ્યું હતું સવારમાં. ઓલા કહે, કાયચેષ્ટા બંધમાં કારણ છે. અરે.. ભગવાન! પંડિતોએ ચર્ચા કરી હતી.

ભગવાન! કાયચેષ્ટા તો જડની પર્યાય છે ને પ્રભુ! એ આત્મામાં ક્યાં છે? એ આત્મામાં ક્યાં છે? એનો તો અભાવ છે ને? એના વડે મને ધર્મ (થાય એમ જે માને છે) એ પરને જ પોતાનું માને છે. આહાહા..! શરીરમાં અવસ્થા કાંઈક આમ દયાની રહે કોઈ જીવ ન મરે એવી (શરીરની) અવસ્થા (થાય) તો એ અવસ્થા થાય, એને લઈને મને અહીં લાભ થાય એ પરદ્રવ્યને જ આત્મા માને છે. સમજાણું કાંઈ? આ તો હજી સ્થુળ પરદ્રવ્ય. ઓલા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉતાર્યા એ તો સૂક્ષ્મ પરદ્રવ્ય. આ તો સ્થૂળની વાત ચાલે છે. આહાહા..!

પશુ એમ કહીને કહ્યો છે કે પ્રભુ! તું પશુ. આહાહા..! એ પ્રભુને પશુ તરીકે કહે અને એ પામરને પ્રભુ તરીકે પણ કહે. વસ્તુ તરીકે પ્રભુ છે અને પર્યાયમાં તને ભાન નથી માટે પશુ છો. એમ કહે છે. ચૈતન્ય ભગવાન સર્વજ્ઞ સ્વભાવ જેનામાં અતીન્દ્રિય અનંત આનંદ પડ્યો છે. ભગવાનને અતીન્દ્રિય અનંત આનંદ પ્રગટ્યો પરમેશ્વરને. અનંત આનંદ, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત બળ ક્યાંથી આવ્યું એ બધું? બહારથી આવે છે? એમાં પડ્યા છે ભાઈ એ વસ્તુ. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત બળ આત્મામાં પડ્યું છે એને આત્મા કહીએ. એ આત્મા એમ માને કે મારી જ્ઞાનાદિની દશા પરને લઈને છે. આ પર અનુકૂળ રહે તો મને ઠીક પડે, પ્રતિકૂળ થાય તો ઠીક પડે નહિ. એમ પરદ્રવ્યને જ પોતાનો આત્મા માને છે એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો 'શરીરે સુખી તો સુખી સર્વ વાતે.' ધૂળેય નથી સાંભળને હવે. શરીર તો માટી છે.

કહે છે ને? તમારે નહિ ઓલું ચોપડીમાં આવે છે ને? પહેલું સુખ તે જાતે નર્યા, નિરોગી. બીજું સુખ ઘેર ચાર દિકરા, ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ કોઠીએ જાર. ધૂળેય નથી સાંભળને! મૂર્ખાઈના કાઢેલા છે આવા. મૂરખ લોકોએ આવું બનાવ્યું છે. એય..! શેઠી! લક્ષ્મીચંદભાઈ! આવે છે કે નહિ? ધૂળેય નથી હવે સાંભળને. તારા દીકરા ચાર હોય કે આઠ હોય. કાંધિયા થાય એવું છે. એય.. મલૂકચંદભાઈ! હમણાં કહ્યું હતું નહિ? પોપટભાઈને કહ્યું હતું ને. પોપટભાઈને છ દિકરા. ઉપાડશે કીધું ચાર જણા અને મોઢા આગળ એક ઘાસ લઈને પાછળ ચાલશે તુંબડી. તુંબડી શું, દોણી દોણી લઈને ચાલે ને. ધૂળેય નથી. દીકરા કોના? બાપા!

અહીં તો પરમાત્મા કહે છે, અરે..! રાગાદિ, પુણ્યાદિ ખરેખર પરદ્રવ્ય છે. એને પોતાને લાભદાયક માનવું એ પરદ્રવ્યને જ આત્મા માને છે. આહાહા..! હવે ક્યાં તારા સુખ ધૂળમાંય નથી. કેમ હશે ..ભાઈ! મલૂકચંદભાઈ! ભાઈ! તમારા છોકરા તો કરોડપતિઓ છે. સુખી છે કે નહિ? બે છોકરા પાંચ કરોડ છે એની પાસે. મલૂકચંદભાઈના છોકરા પાસે હોં!

મુમુક્ષુ :- કેટલા કરોડે સુખી થવાય?

ઉત્તર :- એ એને પૂછો એને ખબર પડશે. બે છોકરા પાસે પાંચ કરોડ છે. આ એનો બાપ છે, આ એનો દીકરો છે અને એના દીકરા ચાર છે એમાં બે પાસે પાંચ કરોડ છે. એક મુંબઈમાં છે અને એક સ્વીટ્ઝરલેન્ડમાં છે. ધૂળમાંય (સુખી) નથી, દુઃખી છે મોટા. આહાહા..! અહીં તો કહે છે, ભગવાન! તારામાં અતીન્દ્રિય આનંદ પડ્યો છે ને પ્રભુ! તું (પરને) લઈને સુખ માન એનો અર્થ એ કે પરદ્રવ્યને લઈને હું છું એમ માન્યું તેં. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મારા આનંદને લઈને હું છું. એમ તેં માન્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**પશુ અર્થાત્ સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...**' પ્રત્યક્ષ આમ દેખાયને એમ કહે છે. આલિખિત એટલે આમ ચિત્રિત થયેલા શરીર, વાણી, મન, પૈસા, ધૂળ, માટી આ બધું. આમ બંગલા હજીરા. આહાહા..! આ છે તો અમે છીએ. ભાઈ! કાંઈક સૂવાને ઓટલો જોઈએ, ખાવાને અનાજ જોઈએ. સમજ્યાને? કહે છે ને એમ? સામ, દામ ને ઠામ આને છે. મૂઢ છો. સાંભળને હવે. સામ, દામ, ઠામ તો પરવસ્તુ છે. એને લઈને તને ઠીક છે? સુખી છો? મૂઢ છો ભગવાન તો કહે છે. પરવસ્તુને તેં પોતાની માની છે. મિથ્યાદષ્ટિ છો, મિથ્યા.. છો. જૈન નથી. આહાહા..! જૈન એને કહીએ કે પરવસ્તુથી હું છું એમ ત્રણ કાળમાં માને નહિ. રાગથી પણ હું છું એમ ન માને. આહાહા..! ગુણવંતભાઈ! શું હશે આ બધું? આ યુવાનોને બેસતું હશે? .. ઠીક કહે છે લ્યો. હવે જુવાન અને વૃદ્ધ તો હાડકા છે. ત્યાં ક્યાં આત્મા જુવાન અને વૃદ્ધ હતો? આહાહા..! આવી ચીજ બાપુ! આહાહા..! અનંતકાળનો રઝળતો, રખડતો આવા ભવમાં આવી પડ્યો છે. જો આવી વસ્તુ ન સમજે અને નહિ જો દોરો સમ્યગ્જ્ઞાનનો પરોવે તો એને ચોર્યાસીના આરાના અંત નહિ આવે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, જાણે આ હોય ને એમ કહે છે. આ આમ દેખાતો નથી, અતિન્દ્રિય છે ને. એટલે ઈન્દ્રિયથી દેખાતા દ્રવ્યો એને લઈને હું છું. ઈન્દ્રિયોને લઈને હું, શરીરને લઈને હું, રાગને લઈને હું આ બધા અસ્તિત્વ દેખાય મોટા. આહાહા..! સૂવા, બેસવાના, ખાવાના, પીવાના, આબરૂના બધા પરદ્રવ્યો એને લઈને મારું હોવાપણું. બાપુ! તમે હો તો અમે છીએ. એમ અજ્ઞાની માને છે ને? એ પરદ્રવ્યને જ પોતાનું માને છે. પણ એનાથી ભિન્ન મારી ચીજ છે, મારામાં પરવસ્તુ છે નહિ. ત્રણ કાળમાં નથી. આહાહા..! કહો, સમજાણું? પત્ની તો સેવા કરવામાં કામ આવે કે નહિ? કહો! એટલી તો સાજે, માંદે, નાગા ભૂખ્યા એ બધું ઢાંકે. અહીં કહે છે...

મુમુક્ષુ :- પત્નીને કોણ ઢાંકે?

ઉત્તર :- એ એનો ધણી ઢાંકે, છોકરા ઢાંકે. કોઈ એમ કહે. એ કહેતા હશે ને ભાઈ શું હશે? આહાહા..! શું કરે? ધૂળેય કોઈ ઢાંકતું નથી. સાંભળને ભગવાન! એ તો જડની બધી અવસ્થા. પરને લઈને મને કાંઈક ઠીક છે, એ બધી માન્યતા પરદ્રવ્યમાં હું અને પરદ્રવ્યને લઈને હું એમ માન્યું છે. આહાહા..! જ્ઞાનચંદજી!

'**સર્વથા એકાંતવાદી અજ્ઞાની,...**' પ્રત્યક્ષ. સર્વથા કેમ કીધું? કે પરદ્રવ્યપણે નથી અને પરદ્રવ્યપણે માને (છે) પરદ્રવ્યપણે. સ્વદ્રવ્યપણે છે અને પરદ્રવ્યપણે નથી. એને ઠેકાણે હું પરને લઈને છું, સ્વને લઈને નહિ. અનાદિથી અજ્ઞાની આમ માને છે. '**આલિખિત =**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આલેખાયેલાં; ચિત્રિત; સ્પર્શાતાં; જણાતાં.**' એટલા અર્થમાં લીધું. પ્રગટ સ્થુળ-સ્થુળ. આ દેખાયને બધું? શરીર, વાણી, મન આ બધું. અને સ્થિર પાછું. કાયમ રહેનારું, ઘણો કાળ રહે એમ. સ્થુળ અને ઘણો કાળ. શરીર લાંબો કાળ રહે, ઈન્દ્રિયો એવી ને એવી રહે. જુઓ! આમ લાગ્યા કરે. ઘણા શરીર આમ ને આમ રહે. પૈસા એવા ને એવા રહે પાંચ-પચાસ લાખ. તીજોરી લોઢાની એવી ને એવી. પણ એ તો બધું માટી ધૂળ છે હવે, સાંભળને. એને લઈને તું છો કે તારે લઈને તું છો? આહાહા..! સૂક્ષ્મ વાત છે જરી હોં! આમ તો બધા એમ કહે પણ એને ઊંડાણમાં પરદ્રવ્યની કાંઈક અનુકૂળતાએ મને ઠીક પડે એ માનનારા પરદ્રવ્યને લઈને (હું છું) એમ માને છે. ડાહ્યાભાઈ! આહાહા..!

પરદ્રવ્યની પ્રતિકૂળતાના કાળમાં એમ ગોતે કે આ ખસી જાય તો ઠીક. કાંઈક અનુકૂળતા આવે તો શ્વાસ લેવાય. એ બધા પરદ્રવ્યથી જ આત્માને માનનારા છે. સમજાણું કાંઈ? શરીર રોગથી ઘેરાયેલું હોય, ઘરમાં ખાટલા ઊંચા ન થાતા હોય. એક પછી એક માંદા પડતા હોય. આહાહા..! રળનાર હોય નહિ ઘરમાં અને પ્રતિકૂળતાનો પાર ન હોય. અરે..! અનુકૂળતા હોય લેને લાખ તારી. પણ એને લઈને હવે કાંઈક.. એમ કહે છે ને કેટલાક? બાર મહિનાથી ઘરમાંથી ખાટલો ઊંચો થયો નથી. એક પછી એક માંદા પડ્યા જ કરે છે. હવે આ પાણી નાખેને શું કહેવાય તમારે?

મુમુક્ષુ :- માથે પાણી.

ઉત્તર :- માથે પાણી. પાણી ઢોળ નહિ. પાણી ઢોળ તો ઓલું મરવાનું કહે. માથે પાણી કહે. કાંઈક બહુ લાંબુ ચાલ્યું હોય ને પછી માથે પાણી નાખે. શું થયું આ તને? હાશ હવે માંડ સુખનો સડકો બાર મહિને આવ્યો. એને અનુકૂળતા માટે આવ્યો હશે? આવા ને આવા મૂઢ છે કેટલાય. ..ભાઈ! ભગવાન તારામાં...

મુમુક્ષુ :- ઠગાઈ ગયો છે.

ઉત્તર :- ઠગાઈ ગયો છે એ. ભાઈ! પરદ્રવ્યને પોતાનું માનીને ઠગાઈ ગયો છે. ભગવાન કહે છે કે પ્રભુ! તું ઠગાઈ ગયો ભાઈ! તું છેતરાઈ ગયો છો એની તને ખબર નથી. આહાહા..!

'**પરદ્રવ્યોના અસ્તિત્વથી ઠગાયો થકો,...**' છે ને એમાં? શરીર, ઈન્દ્રિયો અને પુણ્ય-પાપના ભાવ બધું પરદ્રવ્ય હોં! એ છે તો મને કાંઈક ઠીક છે. એ કાંઈક હોય તો મને ઠીક છે. અને પ્રતિકૂળતા હોય ત્યારે મને દુઃખ છે. એ પણ પરદ્રવ્યથી દુઃખ છે એમ માનીને ઠગાયો છે. આહાહા..! વંચિત શબ્દ છે ને? વંચિત છે. '**प्रत्यक्षालिखितस्फुट-स्थिरपरद्रव्यास्तितावञ्जितः**'. પ્રભુ કહે છે, ભાઈ! તારા સ્વરૂપમાં તો પ્રભુ અનંત જ્ઞાન અને અનંત આનંદ પડ્યો છે ને પ્રભુ! એના હોવાપણે તારા હોવાપણું છે. એને ઠેકાણે પરની

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કોઈપણ ચીજ નાની-મોટી, થોડો કાળ રહે, ઘણો કાળ રહે, સ્થૂળપણે પ્રત્યક્ષ દેખાય અને પ્રગટ કાંઈક લાંબો કાળ રહે એટલા હોવાપણાને લઈને તારી દૃષ્ટિ એને લઈને રહું છું એમ જે માને છો એ પરદ્રવ્યથી ઠગાયો છે. પરદ્રવ્યથી આત્મા છે નહિ. કહો, સમજાણું?

'**અસ્તિત્વથી ઠગાયો થકો, સ્વદ્રવ્યને નહિ દેખતો હોવાથી...**' ભગવાન આત્મા આમ જ્ઞાનાનંદ પ્રભુ છે. વસ્તુમાં અનંત આનંદ અને શાંતિ ભરેલી છે એવા આત્માને નહિ દેખતો થકો. છે? '**નહિ દેખતો હોવાથી સમસ્તપણે શૂન્ય થતો થકો...**' શૂન્ય થઈ ગયો. પોતાનું હોવાપણું ન માન્યું અને પરને હોવાપણે હું છું એમ માન્યું. શૂન્ય થઈ ગયો. આહાહા..! નારકીના દુઃખો ભગવાન વર્ણવે (છે), સાંભળ્યા જાય નહિ. વેદ્યા ખરા એણે. જોયું ભગવાને. એવી નરકની વેદના. ત્યારે એ વખતે આમ એવો બાંધ્યો હોય પરમાધામીએ પોટલું કરી હાથમાં ખીલા, કાનમાં ખીલા બાંધે. પોટલું વાળે અને લોઢાના સળિયા ધગધગતા કરીને પોટલું બાંધે અને માથે મારે ઘણ ત્યારે એને એમ થાય કે અરર..! આમાંથી કાંઈક ઉગરીએ. પણ એ પરચીજમાં ક્યાં તું છો? આહાહા..! આમાંથી જરી શ્વાસ લેવાનો જો વખત રહે ને તો હું કાંઈક કરું હોં! પણ આમાં શ્વાસ લેવાનો વખત નથી. મારે ધર્મ શી રીતે કરવો? એય..! એ કહે છે કે ભાઈ! એ પરદ્રવ્યને લઈને હું છું એ માન્યું એ ઠગાઈ ગયો છો તું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ છે એમાં. એવા સ્થાનમાં સમકિતી થાય. સમકિતી થાય ભગવાન તો એમ કહે છે. એવા નરકમાં નારકીએ પણ પૂર્વે સાંભળેલું હોય, મરીને નરકમાં ગયા હોય ત્યાં જઈને એવા બંધનમાં. ઓહોહો..! સ્વદ્રવ્યપણે અસ્તિ છું એમ આવ્યું ને? મારી વસ્તુ મારે લઈને છે. પ્રતિકૂળતા છે માટે શ્વાસ લઈ શકતો નથી અને ધર્મ કરી શકતો નથી એમ છે નહિ. સમજાણું કાંઈ?

હવે કેટલાક એમ કહે, બહુ અનુકૂળતા એટલી ભાઈ! અમને ધર્મ કરવાનો અવસર જ મળતો નથી. તમે કહો કો ધર્મ કરો. શું કરે? છોકરા આઠ, એને પરણાવવા. શું કહેવાય તમારી ભાષાએ એને? વરાવવા. એને મકાન, એને પાછા આઠને આઠ બંગલા, આઠ પાછા બાથરૂમ. શું કહેવાય એ બધું? બાથરૂમ બફાઈ જાય એ. અરર..! ભાઈ! એવી પ્રકૃતિ એવી સગવડતા છે કે એમાંથી બહાર નીકળાય એવું અત્યારે છે નહિ.

કહ્યું હતું એક ફેરી અહીં. મંગળભાઈ આવ્યા હતા. નહિ? તે દિ' ૬૦ લાખ હતા. મંગળભાઈ .. તે દિ' ૬૦ લાખ. અત્યારે આઠ કરોડ, દસ કરોડ. પહેલા અહીં હતા ને તો પહેલા આવતા. શું કાંઈક મહારાજ! અમારે ઠેકાણે તમે હો તો ખબર પડે. શું કહો છો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કીધું આ? કોની પાસે આ કહો છો? શું કહો છો આ? શું ફાટ આવી ગઈ એટલી બધી? ઝાટક્યા પછી સરખાઈના હોં. એ જાણે કે મહારાજને.. કરોડપતિ તું તારો. અમારે શું છે અહીં? તે દિ' આ તો (સંવત) ૧૯૯૨-૯૩ની વાત છે. તે દિ' ૬૦ લાખ હતા. શું કહો છો આ? ફાટ શું આવી છે આટલી? આટલી પ્રવૃતિના રસ રંગમાં અમે નિવૃત્ત ન થઈ શકીએ. તમારે એવું હોય તો તમે ન થઈ શકો. એ શું થયું? એમાં પ્રશ્ન શું? એય.. મલૂકચંદભાઈ! આટલો બધો પરપ્રવૃત્તિનો રસ! એ રસને લઈને તમને નિવૃત્તિ મળતી નથી એને ઠેકાણે કહે કે તમને આવું હોય તો આવું ન થાય? શું કહો છો આ? ક્યાં કહ્યું તમે આ? કોને કહ્યું આ? પછી તો સાંભળ્યું. તારા ધૂળના પૈસા દસ કરોડ અને વીસ કરોડ હોય અને એને લઈને અમને વખત મળતો નથી અને તમને પણ આવું હોય તો ન મળે. આ શું કહે છે તું આ? શેઠી! એ બધા પરદ્રવ્યથી છીએ એમ એ માનનારા છે. એમ દાખલો આપે છે. સમજાણું કાંઈ? પરદ્રવ્ય લાખ કરોડ હોય તો આને શું સંબંધ છે?

ચક્રવર્તીના રાજ હોય છે. ભરત ચક્રવર્તી જુઓ, ભગવાનના પુત્ર ૠષભદેવના. છન્નું કરોડ સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, બિલકુલ કાંઈ છે નહિ. અમે છીએ ત્યાં રાગ નહિ, રાગ છે ત્યાં અમે નહિ. જ્યાં છન્નું હજાર સ્ત્રી છે ત્યાં અમે નહિ અને અમે છીએ ત્યાં છન્નું હજાર સ્ત્રી નહિ. આ સિંહાસન છે ત્યાં અમે નહિ અને અમે છીએ ત્યાં સિહાંસન નહિ. એવી દૃષ્ટિ. ઘરમાં રહ્યા છતાં ભરત ઘરમાં વૈરાગી. અમે આત્મા છીએ... અમે આત્મા છીએ... સમજાણું કાંઈ? આહાહા..! માતા! એ . દીક્ષા ધારણ કરી. આ તો ભાનસહિતની વાત છે હોં! ભાનસહિતની વાત. એકલા વૈરાગથી દીક્ષા લે એ દીક્ષા ફીક્ષા કે દિ' હતી? હજી આત્મા શું છે એનું સમ્યગ્દર્શનનું ભાન નથી દીક્ષા ક્યાંથી આવી? દખીયા છે બધી. સમજાણું કાંઈ?

આત્માના ભાનસહિત આમ માતાને (કહે છે), મા! અમને ક્યાંય ચેન પડતું નથી. અમારા અતીન્દ્રિય આનંદમાં ચેન છે. ક્યાંય અમારી ચિતવૃત્તિ ઠરતી નથી. અમારું ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિને અમે જાણ્યું છે, અમે જોયું છે, અનુભવ્યું છે. એવા આત્મામાં જવાની વારંવાર અમારી ભાવના થયા કરે છે, અમારી વૃત્તિ ક્યાંય ઠરતી નથી. માતા! એકવાર રજા દે ને. રોવું હોય તો રોઈ લે, ફરીને બીજી મા નહિ કરીએ લે. કહે છે. પણ એ આત્માના ભાનસહિત હોં. આમ તો બધા મુંડાવીને બેઠા અનંતવાર. જેને હજી સમ્યગ્દર્શન શું છે એની ખબર નથી અને બહારના ત્યાગ એ તો ધર્મનો ત્યાગ છે. મલૂકચંદભાઈ! ધર્મનો ત્યાગ છે એને આત્માનો. આહાહા..! જુઓને! શું કહે છે અહીં?

પોતાના હોવાપણાનો આનંદમૂર્તિ પ્રભુ છું. મારો આનંદ રાગને લઈને નહિ, પુણ્યને લઈને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નહિ, વ્યવહારને લઈને નહિ, નિમિત્તને લઈને નહિ. આવું પોતાનું સ્વદ્રવ્ય પોતાના સ્વદ્રવ્યથી હું છું અને પરદ્રવ્યથી હું શૂન્ય છું. એમ જ્ઞાની વિચારે છે. સમજાય છે? '**સ્યાદ્વાદી તો, આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોકતો હોવાથી,...**' ડહાપણ દ્વારા હું તો આત્મા છું. જ્ઞાન અને આનંદનો ભંડાર છું. એ રીતે હું નિપુણ છું. એમાં હું નિપુણ અને અસ્તિત્વને માનું છું. એ પુણ્ય-પાપનો વ્યવહાર જે વિકલ્પ ઉઠે છે દયા દાનનો એ પણ મારામાં નથી. એનું નામ સ્વદ્રવ્યને માન્યું કહેવાય છે. સમજાણું કાંઈ? પંડિતજી! ભારે.

'**સ્યાદ્વાદી તો, આત્માને સ્વદ્રવ્યરૂપે અસ્તિપણે નિપુણ રીતે અવલોકતો હોવાથી,...**' મારું સ્વરૂપ મારા આનંદથી મારું સ્વરૂપ છે, મારા જ્ઞાનથી મારી ચીજ છે. રાગ અને પર ને.. મારામાં પરપણું નથી. ત્રણકાળમાં નથી. ઓહોહો..! વ્યવહારની ક્રિયાનો રાગ ઉઠે એ મારામાં નથી અને મારામાં અનંત જ્ઞાન અને આનંદ છે એવા અનુભવે જાણ્યું, એણે સ્વદ્રવ્યને અસ્તિત્વ તરીકે માન્યું. સમજાણું કાંઈ? અહીં તો હજી વ્યવહાર દયા, દાનના ભાવ થાય ત્યાં એને ધર્મ માને અને એના વડે આત્માને (લાભ માને). એનાથી ખાલી છું એમ માનતો નથી પણ એનાથી હું ભરેલો થાઉં છું એમ માને. દૃષ્ટિમાં સ્વદ્રવ્યની ખબર નથી.

'**તત્કાળ પ્રગટ થતા વિશુદ્ધ જ્ઞાનપ્રકાશ વડે પૂર્ણ થતો થકો જીવે છે-**' ધર્મી પોતાના આનંદસ્વરૂપને જુદો, પુણ્ય-પાપના વ્યવહારના રાગ ને નિમિત્તથી જુદું મારું સ્વદ્રવ્ય મારાથી છે એમ જ્ઞાન વડે જોતો પૂર્ણ થતો થકો પોતાને જીવાડે એટલે પોતાનું અસ્તિત્વ ટકાવે છે. '**નાશ પામતો નથી.**' એનું નામ સ્વદ્રવ્યની અસ્તિની સમ્યગ્દર્શનની પ્રતીતિ. સમજાય છે કાંઈ? બીજી વાત કરશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ ૯, બુધવાર તા. ૫-૬-૧૯૬૮**
**શ્લોક-૨૫૨ થી ૨૫૪, પ્રવચન-૫૨૮**

..ના સ્વદ્રવ્યનું હોવાપણું. આત્મા પોતાના અનંત ગુણ પર્યાયથી પોતે પોતાથી છે. એમ એકાંતને માનનાર માનતો નથી. અનાદિથી **'એકાંતી બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી...'** આ શરીર ને વાણી ને આ બધું દેખે ને બાહ્ય? દેખનારો આને દેખે. એટલે જાણે એ છે તે હું છું. એમ માનીને પોતાના આત્માનો હોવાપણાનો શ્રદ્ધામાં નાશ કરે છે. શ્રીમદ્‌માં આવે છે ને? 'ઘટપટ આદિ જાણ તું, જેથી તેને માન, જાણનારને માન નહિ...' હું એક જાણનાર ચૈતન્ય છું, અનાદિ આનંદ જ્ઞાનસ્વરૂપ છું. એવું એણે અનાદિથી પરદ્રવ્યને જેણે પોતાનું માન્યું છે એણે સ્વદ્રવ્ય હું છું એમ માન્યું નથી. એક પક્ષે જોનારો, બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખાય શરીર, વાણી આ બધું. પણ એનો જાણનાર, જોનાર હું એનાથી જુદો છું. એમ એ માનતો નથી. સમજાણું?

**'એકાંતી...'** એટલે એક પક્ષને બહારથી જોનારો **'બાહ્ય પરદ્રવ્યને પ્રત્યક્ષ દેખી તેનું અસ્તિત્વ માને છે, પરંતુ પોતાના આત્મદ્રવ્યને...'** પોતે આત્મા ઇન્દ્રિય પ્રત્યક્ષ નથી. આત્મા કાંઈ આ જડથી જણાય એવો નથી. એ તો ઇન્દ્રિયથી ભિન્ન છે. અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ છે. એવા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ આત્માને નહિ માનનાર, **'નહિ દેખતો હોવાથી તેને શૂન્ય...'** માને છે. હું નથી. હું તો આ ઇન્દ્રિય પ્રત્યક્ષ દેખાય એ હું છું. આત્મા અતીન્દ્રિય છે એ ઇન્દ્રિય પ્રત્યક્ષ દેખાતો નથી માટે હું નથી એમ માને છે.

**'સ્યાદ્વાદી તો જ્ઞાનરૂપી તેજથી પોતાના આત્માનું સ્વદ્રવ્યથી અસ્તિત્વ અવલોકતો...'** લ્યો! ધર્મી જીવ જ્ઞાનરૂપી તેજ એમ કહે છે. પરને જાણવું-દેખવું એ નહિ પણ એ જાણનાર-દેખનારનું તેજ આત્મા છે. જાણનાર-દેખનારની ચૈતન્યપ્રકાશ મૂર્તિ એ એના તેજથી ભરેલો ભગવાન તે આત્મા છે. પર વસ્તુથી તદ્દન નિરાળો. પરને ને એને કાંઈ સંબંધ નથી. એમ **'જ્ઞાનરૂપી તેજથી...'** એટલે જાણનાર-દેખનારના સ્વભાવના માહાત્મ્યના તેજથી **'પોતાના આત્માનું સ્વદ્રવ્યથી...'** એટલે પોતાની વસ્તુથી **'અસ્તિત્વ અવલોકતો...'** હું તો જ્ઞાયક છું, શુદ્ધ ચૈતન્ય છું, અનાદિઅનંત ચૈતન્ય ધ્રુવ તત્ત્વ છું, એમ ધર્મી પોતાના હોવાપણાને જોતો, પોતાનો આશ્રય કરી અને સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ અનુભવે છે. કહો, સમજાણું કાંઈ?

અજ્ઞાની, આત્મા ભિન્ન છે એમ માનતો નથી એમ કહે છે અહીં. એ બધું શરીર ઊપજે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો હું ઊપજું એમ માને છે ને? એમાં એમ લખ્યું છે ઓલામાં. ચર્ચા નહિ, આ સમયસાર નાટક. આ ઊપજે તો હું ઊપજ્યો. ઓલામાં છ ઢાળામાં છે. તન ઊપજત હું ઊપજત. પણ આમાં એ વિષે લીધું છે. પાંચમો ભંગ છે ને આ? (સ્યાદ્વાદ દ્વાર-પદ-૧૭).

**કોઉ અજ્ઞ કહૈ જ્ઞેયાકાર ગ્યાન પરિણામ,**
**જોલૌં વિદ્યમાન તૌલૌં ગ્યાન પરગટ હૈ.**

વસ્તુનું ટકવું છે ત્યાં સુધી હું છું, પણ વસ્તુ પલટી જાય તો હું નથી, પણ એનો જાણનાર ચૈતન્યમૂર્તિ અનાદિ ભિન્ન છે એમ અજ્ઞાની જોતાં નથી, માનતા નથી.

**જ્ઞેયકે વિનાસ હોત ગ્યાનકૌ વિનાસ હોઈ,**
**ઐસી વાકૈ હિરદૈ મિથ્યાતકી અલટ હૈ.**
**તાસૌં સમકિતવંત કહૈ અનુભૌ કહાનિ,**
**પર્જય પ્રવાન ગ્યાન નાનાકાર નટ હૈ.**

શરીર પ્રમાણે ભલે હો પણ છે તદ્દન જુદો.

**નિરવિકલપ અવિનસ્વર દરબરૂપ,**
**ગ્યાન જ્ઞેય વસ્તુસૌં અવ્યાપક અઘટ હૈ. ૧૭.**

ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ એ જણાવાયોગ્ય વસ્તુમાં વ્યાપતો નથી. વ્યાપતો નથી, પ્રસરતો નથી, આ શરીરાદિમાં જાતો નથી. એ તો પોતાના સ્વરૂપમાં છે. એવું અજ્ઞાની માનતો નથી. સમજાણું? ઓલામાં આવ્યું છે. ભાષા સાદી છે પણ વસ્તુ ઊંચી છે. આત્મા પોતે ચૈતન્યમૂર્તિ આનંદસ્વરૂપ છે. એને પરને લઈને માનવું તો પોતાનું સ્વરૂપ છે તેનો નાશ કરે છે. ખરેખર તો આ વિકારના પરિણામ પુણ્ય-પાપના છે એને લઈને હું છું એ માનવું પણ આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ? શરીરાદિ અનુકૂળ હોય તો આપણે ઠીક. એમ કહે છે ને માણસ?

મુમુક્ષુ :- તો જ અહીં અવાય ને.

ઉત્તર :- આવવાની ક્યાં...? કેમ મલૂકચંદભાઈ! આ તો જડ છે. એ તો જડની અવસ્થા થવાની હોય તો એને કારણે થાય. આવવા-જવાની વાત પણ ક્યાં છે? અને આવવાની પણ એની ક્રિયાની જીવની યોગ્યતા હોય તો થાય. શરીરને લઈને.. આવું શરીર હોય તો (ઠીક) એમ માને છે ને? એ અહીં કહે છે.

અજ્ઞાની તો ઈન્દ્રિય પ્રત્યક્ષ જે દેખાય એને માને. આત્મા જ્ઞાનસ્વરૂપ અંદર જોનાર, જાણનાર છે એમાં આનંદ છે એમ અજ્ઞાની માનતો નથી. અનાદિથી આ ઈન્દ્રિય વિષયના પ્રમાણમાં રોકાઈને પડ્યો છે. દસ મિનિટ મોડું થઈ ગયું. દસ મિનિટ થઈ ગઈ. જુઓ! અમારે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો સામે ઘડિયાળ છે.

મુમુક્ષુ :- એની ઘડિયાળમાં ફેર હશે.

ઉત્તર :- ફેર હશે. ઘડિયાળમાં ફેર છે. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, પ્રભુ! તારું તત્ત્વ અંદર ભિન્ન છે. એનો આશ્રય કર, એનો અનુભવ કર. આ પરને લઈને જે તું માને છો એ વસ્તુમાં છે નહિ. તારા તત્ત્વનું (સ્વરૂપ) સચ્ચિદાનંદ પ્રભુ છે એ તો. સત્ છે, શાશ્વત છે અને જેમાં જ્ઞાન અને આનંદ પડ્યો છે. એનો આશ્રય લે તો તેં પોતાનું હોવાપણું માન્યું કહેવાય. સમજાણું કાંઈ? જે પોતામાં છે એને હોવાપણે માનીને આશ્રય કરે તો હોવાપણું માન્યું કહેવાય. જેમ આ શરીર, વાણી, મન, કર્મ કાંઈ એનામાં નથી. એ તો પર છે. પુણ્ય-પાપના વિકાર એ પણ પર છે. એનામાં નથી. એનું હોવાપણું પરને લઈને નથી. એનું હોવાપણું સ્વગુણ-શક્તિના પર્યાયનું સ્વભાવથી પોતાનું હોવાપણું છે. એવી અંતર દૃષ્ટિ કરતાં પોતાનું હોવાપણું અવલોકે એને આસ્તિક અને એને આત્માની શ્રદ્ધાવાળો કહેવાય છે. કહો, સમજાણું કાંઈ?

‘**પોતાનો નાશ કરતો નથી.**’ જ્ઞાની ધર્મી જીવ એને કહીએ, હોવાપણું માનનાર એને કહીએ કે હું જ્ઞાન ને આનંદથી છું, હું વિકાર અને પરથી નથી. એમ પોતાના આત્માને ચૈતન્યના તેજ અને ચૈતન્યનો આનંદ એના હોવાપણે હું છું એમ માનીને આત્માને અનુભવે એને ધર્મી અને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? એ પાંચમો ભંગ (પૂરો થયો).

છઠ્ઠો.

**सर्वद्रव्यमयं प्रपद्य पुरुषं दुर्वासनावासितः**
**स्वद्रव्यभ्रमतः पशुः किल परद्रव्येषु विश्राम्यति।**
**स्याद्वादी तु समस्तवस्तुषु परद्रव्यात्मना नास्तितां**
**जानन्निर्मलशुद्धबोधमहिमा स्वद्रव्यमेवाश्रयेत्।।२५३।।**

મહાસિદ્ધાંત મૂક્યો પાછો. પરથી હું એકલો એમ નહિ. સમસ્ત વસ્તુ. ‘**समस्तवस्तुषु परद्रव्यात्मना नास्ति**’. એ છઠ્ઠાનો અર્થ.

‘**શ્લોકાર્થ :- પશુ...**’ અહીં તો પશુ કહ્યો છે. જેને આત્મા આનંદમૂર્તિ પોતાથી છે, એમ નથી જાણતો અને પરથી, રાગ-દ્વેષથી મારું હોવાપણું છે, શરીરને લઈને હું છું એમ માનનારને અહીં તો પશુ કહીને બોલાવ્યો છે. ચાહે તો માણસ હોય, શેઠિયો હોય અને ધૂળનો ધણી હોય. ધૂળનો ધણી. આ પૈસા એટલે ધૂળ બીજું શું ત્યાં? ધણી કે દી હતો? માને છે ને. મૂઢ છે.

અહીં તો એને કહે છે કે હે પશુ! પશ્યતિ બધ્યતિ ઈતિ પશુ. પોતાનો ભગવાન આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સચ્ચિદાનંદ સત્ શાશ્વત જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ છે. એને ન માનતા '**પરદ્રવ્ય દુર્વાસના**' છે ને? '**સર્વથા એકાંતવાદી અજ્ઞાની, દુર્વાસિનાથી (-કુનયની વાસનાથી) વાસિત થયો થકો,...**' દુર્વાસિના એટલે પર છે તે હું છું એમ માનનાર '**આત્માને સર્વદ્રવ્યમય માનીને,...**' આત્મા બધી ચીજમય છે. આત્મા બધી ચીજમય. આપણે વ્યાપક છે બધે. હું પરમાં બધામાં છું. હું બધામાં છું. જ્યાં હોય ત્યાં બધામાં વ્યાપક છું. એમ માનીને '**સ્વદ્રવ્યના ભ્રમથી...**' પોતાના આત્માને પરમાં વ્યાપતો માનેલો ભ્રમથી '**પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે;...**' બધી ચીજ એનામાં નથી, એમાં કરીને દૃષ્ટિ ઠારે છે. આ બધું સરખું રહેશે-શરીર, વાણી, મન, પૈસા, આબરૂ, કીર્તિ, તો આપણને સરખું રહેશે. એમ માનીને. જુઓને. શરીરમાં બળ હોય, શરીરમાં તાકાત હોય તો આત્માની તાકાત જાળવી શકાય એમ અજ્ઞાની માને છે. કહો, સમજાણું કાંઈ? શરીરમાં કાંઈક બળ હોય, તાકાત હોય, વાણીમાં તાકાત હોય તો પોતે છે એમ માને. બોલવાની પણ તાકાત ન હોય ને .. અરે..! હું ક્યાંય છું જ નહિ એમાં. પરદ્રવ્યની વાસના, એને લઈને પોતામાં પરદ્રવ્યને માનતો પરમાં વિશ્રામ કરે છે. શરીર તે હું, રાગ તે હું, પુણ્ય તે હું, એ પરવસ્તુમાં અજ્ઞાની ઠરે છે. પોતાની ચીજ એનાથી ભિન્ન છે એને જાણતો નથી. વિશ્રામ કરે છે એમ કહે છે, લ્યો. મકાન-બકાન બનાવે ને વિશ્રામ કરે કે નહિ એમાં? આહાહા..!

કહે છે કે વિશ્રામ ઠામ તો સ્વ ચૈતન્ય ભગવાન છે. પોતાનું વિશ્રામ લેવાનું ઠામ-ધામ તો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. એને ઠેકાણે પોતાના સ્વભાવને ભૂલી, પરવસ્તુમાં વિશ્રામ લેવાની દૃષ્ટિ છે એ પોતાના આત્માને માનતો નથી. સમજાણું કાંઈ? પૈસા, આબરુ, કીર્તિ હોય તો આણે જીવી જાણ્યું. નથી એમ કહેતા? જીવી જાણ્યું, મરી પણ જાણ્યું. એટલે શું પણ? મરી જાણ્યું એટલે કોઈને દુઃખ જોવા ન દીધું હોય. આ સેવાચાકરીમાં ઝટ મરી જાય તો મરી ગયા એમ કહેવાય. એમ બહુ તણાણો રોગ ન હોય તો સ્વાર્થી મારા પૂતળા એમ બોલે કે જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું. શું કે અમે કોઈને અગવડતા (આપી નહિ). બરાબર સમજ્યાને? સવારના છ-સાત વાગે મર્યો હોય પાછો બાળીને આવે રોટલા પણ રહે સરખા અને બરાબર રોટલા તૈયાર થયા અને મરી ગયો હોય તો હાય.. હાય..! આ રોટલા સાંજે આવશે. થઈ રહ્યું. એટલે પછી લોકો એમ કહે જીવી પણ જાણ્યું અને મરી પણ જાણ્યું. બાપુ! બાયું વાતું કરે મૂર્ખયું એવી ભેગી થઈને કેટલીક. આહાહા..! બાપા! જીવી પણ જાણ્યું, મરી જાણ્યું. શું છે મરી જાણ્યું? હેરાન ન કર્યા. કાંઈ રોગ નહિ, ફૂ થઈ ગયું આમ. પાણીનું પાવલું પણ માગ્યું નહિ. લ્યો, એમાં મરી શું જાણ્યું? મરી તો અવસ્થા બદલી. શરીરની અને આત્માની.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મરી જાણ્યું તો એને કહીએ જેને આત્મામાં આનંદ અને શાંતિનો અનુભવ કરીને દેહ છૂટે એને મરી જાણ્યું કહેવાય. સંસારને મારી નાખીને મરે એનું નામ મૃત્યુ કહેવાય. સમજાણું કાંઈ? સંસાર એટલે વિકાર. વિકારને મારીને પોતાના જીવનને જીવાડે એના મરણને સમાધિમરણ કર્યું કહેવામાં આવે. એણે મરી જાણ્યું. એમ. આ તો કહે કે પરનું થાય ને સરખું. એય.. નથી કહેતા? બાળ-ગોપાળ મૂકીને લીલી વાડી મૂકીને ગયા ભાઈ! કહે છે ને? સૂકવીને ગયો છે. મૂરખને ભાન ન મળે. બાયડી, છોકરા, કુટુંબ કહળ્યું, વેપાર-ધંધા, લીલી વાડી મૂકીને ગયો. કહે ને ભગવાનજીભાઈ! મૂરખાઓ ભેગા થઈને.

મુમુક્ષુ :- સૂકી વાડી મૂકીને મરી ગયો?

ઉત્તર :- સૂકાઈ ગઈ એની સળગી એવી અંદરમાં.

ભગવાન આત્મા અનાદિઅનંત સચ્ચિદાનંદ શુદ્ધ છે એની તો ઓળખાણ કરી નહિ. એના જીવન કેવા હોય ચૈતન્યના એ તો જોયા નહિ, આ જીવન બહારના જાણી જીવી જાણ્યો એટલે જાણે લીલી વાડીને મૂકીને બધું (ગયો). કાંઈ ખોટ પણ નહિ. એની હયાતીમાં ભાગ્યશાળી એવો. એમ વાતું કરે. એની હયાતીમાં કોઈને ખોટ પણ ગઈ નહિ. દીકરા-દીકરીમાં કોઈને વાંધા પણ ઉઠ્યા નહિ. મરી ગયા પછી વાંધા ઉઠ્યા કહે છે. એમ વાતું કરે છે માણસ. બધા દાખલા છે ને અહીં એવા તો. એ વાતું કરે માણસ. એઈ..! થાય તે પણ શું? એ તો પરને. એમાં આત્માને શું થયું? કહો, ફલાણાભાઈ હતા ત્યાં સુધી દીકરી-જમાઈ કાંઈ ફેરફાર નહોતો. પુણ્યશાળી બહુ. શું પણ? એને લઈને પુણ્યશાળી શેના રહ્યા? મલૂકચંદભાઈ! ચાર-ચાર છોકરા પૈસાવાળા એમ બધું કહે. તમારા માટે બધા એમ કહે છે.

મુમુક્ષુ :- હોય એમ કહે.

ઉત્તર :- શું ધૂળ હોય છે? શું છે? કેમ ડોસા નથી આવ્યા?

આ આત્મા અંદર શુદ્ધ ચૈતન્યધાતુ એનો.. છે ને પાઠ અંદર જુઓ! **'स्वद्रव्य आश्रयेत्' 'स्वद्रव्य आश्रयेत्'** છેલ્લો શબ્દ છે. ધર્મી તો પોતાનો આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયક છે તેનો આશ્રય કરે એનું નામ પોતાને માન્યું કહેવાય. પરના આશ્રયથી પોતાનું જીવન ગાળે અને પરના આશ્રયથી મૃત્યુ કહેવાય એ તો બધા મૂઢ છે એમ કહે છે. ભગવાન, નમો અરિહંતાણં. ભારે મરણ થયું, હોં! શું થયું પણ એમાં? એ તો રાગ છે. રાગને લઈને જીવન છે આત્માનું? લોકો એમ કહે. નમો અરિહંતાણં ભગવાનનું નામ મોઢામાં હતું ને દેહ છૂટી ગયો. ભાગ્યશાળી ભારે. એમાં શું પણ? એમાં આત્મા ક્યાં આવ્યો? એ તો રાગ હતો. સમજાય છે? એ તો વિકલ્પ રાગ હતો. નમો અરિહંતાણં રાગ હતો. રાગમાં જીવન છે એ તો આત્માનો નાશ છે. સમજાણું કાંઈ? આખી કળા જુદી છે આ તો. શેઠી! મરતા બોલે ભગવાન. અરે..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું પણ ભગવાન? ભગવાન તો અહીં બેઠો છે એ ભગવાન સંભારે તો રાગ છે. રાગને લઈને મારું જીવન છે અને મારું સમાધિમરણ છે એમ માનનારા પરને જ આત્મા માને છે. એમ કહે છે અહીં તો.

'**અજ્ઞાની, દુર્વાસિના...**' છે ને? વાસના ખોટી થઈ ગઈ છે એને. '**આત્માને સર્વદ્રવ્ય માનીને...**' એટલે કોઈપણ રાગને પરને લઈને મારું ટકવું છે અને મારું જીવન એમ છે એમ માનનારા '**ભ્રમથી પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે;...**' શુભ રાગાદિમાં ઠરે છે. શુભરાગમાં ઠરે છે ને. માને છે હું કાંઈક હવે મારામાં, આ મારું સ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ? એ શુભરાગમાં વિશ્રામ લે છે એ પરદ્રવ્યને પોતાના માને છે એમ કહે છે અહીં તો. ભગવાનજીભાઈ! બોલો બાપુ! તમારી પાછળ કાંઈ ભાવ છે તમારા? એક લાખ રૂપિયા તમારે નામે કાઢશું. એનું લક્ષ છે એ તો શુભરાગ છે અને શુભરાગમાં મૃત્યુ થાય એ તો બાળમરણ છે.

મુમુક્ષુ :- કદાચ બોલાઈ જાય.

ઉત્તર :- બોલાય નહિ કદાચિત બોલે લ્યોને એવું કદાચિત. ભાષા હોય થોડી કે ભાઈ એક લાખ રૂપિયા આપશું. ન બોલતો હોય તો ઓલો છોકરો કહે કદાચિત લ્યોને. સાંભળે. શું પણ? ધર્મધ્યાનમાં જીવન ગયું એનું. એય.. મલૂકચંદભાઈ! ધૂળેય નથી સાંભળને. એ તો રાગ હતો. રાગમાં તને શાંતિ અને રાગમાં મારું હિત, એ તો તેં પરને આત્મા માન્યો છે. તારી વાસના પરમાં ગરી ગઈ છે. એય..! ...ભાઈ! બહુ આ જુદી જાતનું આકરું લાગે છે.

જોયું! '**આત્માને પરદ્રવ્યોમાં વિશ્રામ કરે છે;...**' એ પરદ્રવ્ય શબ્દે રાગાદિ બધું હોં! આહાહા..! ભગવાન! '**સ્યાદ્વાદી તો, સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો,...**' ભાષા એકલી આત્માની એમ નહિ. આખી વ્યાખ્યા કરી. ધર્મી બધી વસ્તુઓમાં, આત્મામાં પરનો અભાવ, પરમાં મારો અભાવ, એક એક આત્મા વસ્તુ ભગવાન સ્વથી છે અને પરથી નથી, પર પરથી છે અને મારાથી નથી. કહો, સમજાણું કાંઈ? ભાઈ! આ જીવતા હતા માણસ ને ત્યારે બધાનું પોષણ થાતું હતું. છોકરાઓનું, દીકરીઓનું બધાને હોશું આવતી, બાળબચ્ચા બધા કહળ્યું કુટુંબ ભેગું થાતું, કાંઈક બાપાની નજર મીઠી બધાને વહેંચી આપે. સો, બસ્સો, પાંચસો-પાંચસો, હજાર ફલાણું. બધા જીવન એના બહુ મીઠા હતાં.

અહીં કહે છે કે એ પરને લઈને પોતાનું જીવન સુધરે છે એમ માને, બીજો પણ પરને લઈને પોતાનું સુધરે એમ માને એ બધા પરથી આત્મા માનનારા છે. પરવસ્તુ આત્મામાં છે નહિ. એ શુભરાગ આત્મામાં નથી એમ કહે છે. અહીં તો જ્ઞાનથી લીધું છે ને એકલું? જ્ઞાયક તે જ આત્મા. રાગ-ફાગ આત્મા નહિ. પંડિતજી! આહાહા..! અંદર મૃત્યુ-દેહના છૂટવાના

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાળમાં પહેલેથી જ્ઞાનાનંદ સ્વરૂપ છું એવી જેને અંતર પરિણતિ દ્રવ્યની સ્વને આશ્રયે થઈ છે એ જીવને અસ્તિપણે માને છે. સમજાણું કાંઈ? રાગ અને વિકલ્પથી આત્માને કાંઈક ઠીક થશે એમ પહેલેથી માને એ પણ દુર્વાસના છે એમ કહે છે. સમજાણું?

'**સમસ્ત વસ્તુઓમાં પરદ્રવ્યસ્વરૂપે નાસ્તિત્વ જાણતો થકો,...**' ભગવાન આત્મામાં રાગાદિની નાસ્તિ ત્રણે કાળે છે. શુભરાગ અને અશુભરાગની નાસ્તિ છે, કર્મ અને શરીરની પણ આત્મામાં નાસ્તિ છે. ભગવાન આત્મા પોતાના આનંદ અને જ્ઞાનસ્વરૂપે પોતાનું હોવાપણું છે. એમ માનીને પરની નાસ્તિ જ્ઞાની માને છે. રાગાદિથી પોતાને લાભ એમ માનતો નથી. વ્યવહારથી લાભ માનનાર પરદ્રવ્યમાં વિશ્રામ પામે છે એમ કહે છે. આખું દ્રવ્ય રહી જાય છે, ભાઈ! ચૈતન્ય જ્ઞાયક ભગવાન જે રાગની પાછળ ચૈતન્યના તેજ જેના છે એવો ભગવાન આત્મા છે. એ રાગથી, એ વ્યવહારથી આત્માને વિશ્રામ લઈને ઠરે છે એ આત્માને માનતો નથી. સમજાણું કાંઈ?

'**જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે...**' લ્યો! ભગવાન આત્મા જેનો જ્ઞાનપ્રકાશ નિર્મળ છે. રાગાદિ પણ જેમાં નથી. પુણ્યનો વિકલ્પ પણ આત્મામાં નથી. નામસ્મરણ ભગવાનનું એ રાગ પણ આત્મામાં નથી. વ્યવહાર દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ અહીં કીધું ને? '**જ્ઞાનમહિમા નિર્મળ છે...**' એમ કીધું છે. '**શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે...**' ચૈતન્ય નિર્મળ. એ પુણ્ય-પાપના રાગ વિના એવી ચૈતન્યની હયાતી, પોતાનું હોવાપણું છે એને સ્મરણ કરીને ઠરતો એ પોતાને માને છે. સમજાણું કાંઈ?

'**જેનો શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે એવો વર્તતો થકો,..**' જુઓ ભાષા! ધર્મી અને ધર્મ એને કહીએ કે ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાન નિર્મળાનંદ પ્રભુ છે. એવા આત્મામાં વર્તતો થકો, એમાં રહેતો. જુઓ! વર્તતો થકો એમ કહ્યું છે ને? '**સ્વદ્રવ્યનો આશ્રય કરે છે.**' જુઓ! એ રાગાદિ પરદ્રવ્ય છે. આહાહા..! ભારે વાત. છેલ્લે એમ કહે, મરતા ટાણે ભગવાનનો ફોટો સામો રાખવો કે જેથી યાદ આવે તો મૃત્યુ સારું થાય. એય..! એની નજર આંખ પહોંચે ત્યાં સામે રાખવો. એ તો પરદ્રવ્ય છે, એમાં રાગ ઉઠે એ પરદ્રવ્ય છે, એમાં વિશ્રામ પામ્યો એ સ્વનું સ્વરૂપ છે નહિ.

અહીં તો કહે છે, '**શુદ્ધજ્ઞાનમહિમા નિર્મળ છે...**' આમ જોઈને એમ કહે મર્યો તો આહા..! આંખ બરાબર ભગવાનની સામું રહી. કેટલાક કહે છે ને? બરાબર ફોટો રાખ્યો હતો સામો. પણ શું થયું? ફોટો પર છે, એના ઉપર લક્ષ જાય એ રાગ છે, રાગમાં મરે એ પરમાં મર્યો છે, સ્વમાં આવ્યો નથી. એમ કહે છે. પંડિતજી! શું કરવું આમાં? શું કરવું સૂઝ પડતી નથી માણસને. એ તો ચૈતન્ય શુદ્ધ જ્ઞાનનો પિંડ પ્રભુ છે. પુણ્ય-પાપના ભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એનાથી ભિન્ન છે. એવા સ્વદ્રવ્યનો આશ્રય કરીને જીવે, તેને પોતાને પોતાપણે જીવ્યો અને માન્યો એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ?

એ તો શુદ્ધ જ્ઞાન નિર્મળાનંદ પ્રભુ છે. પુણ્ય-પાપના ભાવ તો મલિન છે, પરદ્રવ્ય છે. એની સામું એને શું જોવું? જેમાં નથી એની સામે જોઈને પોતાને ટકવું છે? ચૈતન્ય નિર્મળાનંદ પ્રભુ, શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એનો આશ્રય કરતાં.. જુઓ! અહીં સ્વદ્રવ્યનો આશ્રય કીધો. રાગનો આશ્રય અને ભગવાનનો આશ્રય કરજે મરતાં, એમ નથી કીધું. પંડિતજી! તો હવે ન કરવું ને? ભગવાનનું નામ ન લેવું ને? સાંભળને! રાગ છે. એનું એકલું લક્ષ રહેશે તો સ્વદ્રવ્યને માન્યું નથી. ભારે વાત!

અરે..! પોતાનો મહિમા છે અહીં કીધું ને. શ્રુતજ્ઞાન જેનો મહિમા છે. એનો મહિમા એનાથી છે, એનો મહિમા શુભરાગથી છે? આહાહા..! જુઓ! ભગવાનનું સ્મરણ કરતાં. નમો અરિહંતાણં. ભગવાનની પ્રતિમા સામે બેસાડી બેઠો હતો. દેહ છૂટી ગયો. સમાધિમરણ થયું. એય..! ધરમચંદજી! એ કહે છે કે અસમાધિ મરણ છે. રાગથી લક્ષ કરીને રાગમાં મર્યો એમાં આત્મા રાગ ક્યાં છે? રાગથી રહિત ચૈતન્ય છે, નિર્મળાનંદ છે. એવા નિર્મળ આત્માના જ્ઞાનના લક્ષ અને ધ્યેય વિના દેહ છોડે એણે આત્માને જાણ્યો નથી. આહાહા..! અને એ મૃત્યુના કાળે આંતરડા ઓલા થાતા હોય. ૫૦-૫૦, ૬૦ વર્ષ ગાળ્યા હોય આમાં. એક ગામમાં પાંચ વર્ષ રહ્યો હોય મકાનમાં તો બહાર નીકળવું ગોઠતું નથી. આમાં ૬૦-૬૦ વર્ષ ગાળ્યા ૭૦ વર્ષ ૭૫ વર્ષ. એમાંથી જ્યારે ભગવાન નીકળે, માન્યું હોય આ. હવે આ છે એ હું છું, આ રાગ છે તે હું છું એમ માન્યું છે. નીકળતા ભીડ પડીને ભીંસમાં નીકળી જાય. રાગની એકતાની બુદ્ધિમાં નીકળશે અસમાધિમાં. એમ કહે છે. એણે સ્વદ્રવ્યનો વિશ્રામ લીધો નથી. સમજાણું કાંઈ?

ભારે! માર્ગ. ઓલા કહે, આ તમે એકલું નિશ્ચય કરો છો. પણ સાચું આ છે ભાઈ! વ્યવહાર છે એ તો પરદ્રવ્ય છે. તને ખબર નથી. આ એકલી સત્ય નિશ્ચયની વાત, સત્યની વાત, એમાં ખોટી થોડી વાત નાખવી જોઈએ. જગજીવનભાઈ! આ શું કરવા દેરાસર ને કરાવ્યા? મહારાજ ઢોંગી લાગે છે આ. બહારમાં પોતાનો પ્રચાર કરવા રાખે ને મનમાં માને કે એનાથી લાભ થાય. હવે સાંભળને. કોણ કહે છે એનાથી લાભ થાય? એ તો હોવા કાળે એ હોય છે. એમાં જ્યારે શુભભાવ હોય ત્યારે પર ઉપર લક્ષ જાય છે. પણ એ શુભભાવ અને પરનું લક્ષ એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એવો માર્ગ ભગવાનનો. ઓલામાં એમ કહે, એવો માર્ગ વિનય તણો. ક્યાં ગયા રવિભાઈ? રવિન્દ્ર. નથી? રવિન્દ્ર. ગયા? રવિન્દ્ર આજે સવારે હતો. એ સવારે પ્રશ્ન કરતો હતો. બુદ્ધિવાળો છે. આવું કેમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થયું હશે? કેવળીનો વિનય કેમ સ્થાપ્યો? એમ પૂછયું. 'એવો માર્ગ વિનય તણો ભાખ્યો શ્રી વીતરાગ.' પાછું. ભગવાન કેવળી છદ્મસ્થનો વિનય કરે એવું વીતરાગે ભાખ્યું. ભારે! એ .. શ્વેતાંબરમાં એવું હતું. વાત આવી ગઈ છે. સવારે વાત ચાલતી હતી. .. નોકરી કરે છે એ? ભાવનગર? ભણે છે. ઠીક. અરે..! નોકરી તો પરાધીન. નોકરી ન-કરી. આત્માનું કરે એણે કર્યું કહેવાય. અહીં તો કહે છે.

ભગવાન આત્મા જેમાં પુણ્ય-પાપના રાગથી પણ જેનું રહેવું અને ટકવું નથી. એવો શુદ્ધજ્ઞાનમય ભગવાન, એવા આત્માનો આશ્રય કરી અને શુદ્ધતા પ્રગટ થાય તેને ભગવાન ધર્મી અને તે ભાવને ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- એકાંતવાદી આત્માને સર્વદ્રવ્યમય માનીને,...**' એટલે બધું જે કાંઈ રાગ આવે, દેહ સાથે અનુકૂળ કાંઈ પણ હોય તો આ મને ઠીક પડે છે. આત્માના જ્ઞાનાનંદ સ્વભાવ સિવાય કોઈપણ વિકલ્પ, કોઈપણ પુણ્ય-પાપ, કોઈપણ શરીરની અવસ્થા આદિ, બહારની અવસ્થા, બહારના દેવ-ગુરુની અવસ્થા અનુકૂળ આદિ. મંદિરમાં મરે, આમ માળા ગણતો મરે તો સમાધિમરણ કહેવાય લ્યો. એમ કહે છે લોકો. લ્યો, અહીં નહોતા મર્યા હમણાં? સણોસરાવાળા અમરચંદભાઈ. સણોસરાવાળા નહોતાં? દેરાસરમાં માળા ગણતા હતા ત્યાં દેહ છૂટી ગયો. પાલિતાણે. મોટા દેરાસરમાં. અમરચંદભાઈ. આપણે આવતા ને? સણોસરાવાળા. ઉમરાળામાં મકાન છે. એમાં શું થયું પણ? એ તો રાગ હતો. માળા પણ જડ છે અને એમાં વિકલ્પ ઉઠ્યો એ રાગ છે. ભગવાન છે એ પર છે. એમાં મૃત્યુ સારું થયું એમ કોણે કહ્યું પણ એમાં?

મુમુક્ષુ :- લોકો એમ કહે છે.

ઉત્તર :- લોકો તો મૂરખ છે બધા. પંડિતજી! આહાહા..!

અરે..! પોતાના નિજ મહિમાની જેને ખબર નથી અને બહારની મહિમા કરીને દેહ છૂટે એ તે કાંઈ સ્વ તત્ત્વમાં આવ્યો કહેવાય? આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! સમેટ, રાગ અને પરથી ભિન્ન તારી ચીજ છે. આહાહા..! એમાં અંતરમાં જા તો તારું હોવાપણું તેં માન્યું કહેવાય અને ત્યારે તને ધર્મ થાય અને ત્યારે તને શાંતિ થાય. આમ છે. એવો માર્ગ છે, ભાઈ! આ તો એકલા નિયમો મૂક્યા છે ને. સિદ્ધાંત તો કાઢવા એ તો એમાં ઘણા પ્રકારે નીકળે.

'**એકાંતવાદી આત્માને સર્વદ્રવ્યમય માનીને,...**' સર્વદ્રવ્ય એટલે? પોતાના આનંદ અને જ્ઞાનની મહિમા છોડીને અનેક પ્રકારના રાગાદિ અને પરાદિની અનુકૂળતા દેખીને, એની મહિમા કરીને પોતાને ઠીક પડે છે એમ અજ્ઞાની માને છે. '**આત્મામાં જે પરદ્રવ્ય-અપેક્ષાએ**

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**નાસ્તિત્વ છે તેનો લોપ કરે છે;...**' ભગવાન આત્મામાં પુણ્ય-પાપના રાગાદિ અને શરીરાદિ નથી એને લોપ કરે છે. એ તો એ છે માટે હું છું. એમ કરીને પરનો પોતામાં અભાવ છે એનું નાસ્તિત્વ કરે છે. નાસ્તિત્વ એટલે લોપ કરે છે.

'**સ્યાદ્વાદી તો સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ માનીને...**' મારામાં ત્રણ લોકના નાથ તીર્થંકરનો પણ અભાવ, સમવસરણનો પણ મારામાં અભાવ, તીર્થંકરની પ્રતિમાનો પણ મારામાં અભાવ, મંદિરનો પણ મારામાં અભાવ, આ એને લક્ષે થતો રાગ એનો પણ મારામાં અભાવ. કહો, બાબુભાઈ! આનું નામ સમ્યક્... સમજાણું કાંઈ? '**સર્વ પદાર્થોમાં પરદ્રવ્ય-અપેક્ષાએ નાસ્તિત્વ...**' મારા હોવાપણામાં કોઈપણ શુભ-અશુભ રાગ ઉત્પન્ન થાય કે બહારની અવસ્થા બધાનું મારામાં હોવાપણું નથી, મારામાં એ નથી, મારામાં નથી પછી એનાથી મને લાભ થાય એ વસ્તુ છે નહિ. ઝીણું કામ ભારે ભાઈ!

'**આ પ્રમાણે પરદ્રવ્ય-અપેક્ષાથી નાસ્તિત્વનો (-અસત્‌પણાનો) ભંગ કહ્યો.**' અસત્‌નો કહ્યો. આ ચાલે છે ને. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ. સ્વદ્રવ્ય-ક્ષેત્રથી સત્ અને પરદ્રવ્ય-ક્ષેત્રથી અસત્. ભગવાન આત્મા પોતાના જ્ઞાનાનંદ નિર્મળાનંદ મહિમાથી સત્ અને પુણ્ય-પાપનો રાગ અને શરીરથી અસત્. સમજાણું કાંઈ? એ પુણ્ય-પાપના ભાવપણે આત્મા નથી. અસત્ છે, પુણ્યથી અસત્ છે. આત્મા પોતાના પવિત્રતાના જ્ઞાનાનંદથી સત્ છે, પણ પુણ્ય-પાપના પરિણામથી એ તો પરદ્રવ્ય છે, એનાથી તો એ અસત્ છે, નાસ્તિ છે. એને ઠેકાણે એને લઈને મને લાભ થાય એમ જે પરલક્ષ છે એ પરલક્ષને જ આત્મા માને છે. કહો, જગજીવનભાઈ! ઝીણું બહુ ભાઈ! ઓહોહો..! એના ઘરમાં શું છે અને એના ઘરમાં શું નથી એની એને ખબર નથી, એમ કહે છે. એના ઘરમાં રાગાદિ નથી એમ કહે છે. વ્યવહારાદિ એના ઘરમાં નથી. નાસ્તિ છે. એને ઠેકાણે તું 'છે' એમ કહેનાર પરથી નાસ્તિનો લોપ કરે છે. એમ કહે છે.

સાતમા ભંગનો કળશ. એ છઠ્ઠો થયો. હવે ક્ષેત્રનો આવ્યો. છ ભંગ થયા. ભગવાન આત્મા પોતાના જ્ઞાનથી તત્ છે અને પરજ્ઞેય રાગાદિથી અતત્ છે. એ પહેલો બોલ આવ્યો બે. સમજાય છે? પછી? પછી શું આવ્યું? વસ્તુપણે આત્મા એક છે અને ગુણ અને પર્યાયથી અનેક છે એમ આવ્યું. વસ્તુ જે આત્મા પોતાપણાનું સ્વરૂપ અભેદથી એક છે અને ગુણની પર્યાય, પર્યાય બધી નિર્મળ આદિ હોં! રાગાદિ નહિ. પોતાના ગુણો અને એની નિર્મળ પર્યાયથી અનેક છે. એક છે તે અનેક છે અને અનેક છે તે એક છે. ચાર. અને આત્મા પોતાની ચીજ દ્રવ્ય જે ગુણ-પર્યાયનો પિંડ એનાથી છે. એ અસ્તિ. પોતાનાથી છે એ અસ્તિ. એ છઠ્ઠો ભંગ પરથી નથી. એ અતત્. છ ભંગ કહ્યા. હવે ક્ષેત્ર.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



૨૫૪ કળશ માથે છે.

**भिन्नक्षेत्रनिषण्णबोध्यनियतव्यापारनिष्ठः सदा**
**सीदत्येव बहिः पतन्तमभितः पश्यन्पुमांसं पशुः।**
**स्वक्षेत्रास्तितया निरुद्धरभसः स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातबोध्यनियतव्यापारशक्तिर्भवन्।।२५४।।**

બે વાર તો નિયત આવ્યું. બે વાર. અરે..!

'**શ્લોકાર્થ :-પશુ...**' એક પક્ષને માનનારો. એક પક્ષને માનનારો એ પશુ. '**એકાંતવાદી અજ્ઞાની, ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં જે જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો,...**' જુઓ! જ્યાં જાય ત્યાં એ ક્ષેત્રાકાર પ્રવૃત્તિ દેખાય એને. મકાનમાં, બંગલા, મકાન જે થાય ને એ ક્ષેત્રમાં જાણે એ ક્ષેત્રને લઈને હું છું. '**ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થો...**' એટલે મકાનો, બધા આકારો આદિ બહાર વસ્તુ. પરનું ક્ષેત્ર બધાનું લેવું. મકાનનું, પૈસાનું, બાયડીનું, છોકરાનું ક્ષેત્ર છે ને પર? આ જમીન એ પણ પર. એ '**ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થો...**' એટલે જણાવાયોગ્ય જે ચીજો '**જે જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ...**' એ પરક્ષેત્ર છે તે જ્ઞેય છે અને પોતે છે તે એનો જાણનાર છે. ભગવાન આત્મા તો જાણનાર છે. ક્ષેત્ર-જ્ઞ છે. એ ક્ષેત્રનો જાણનાર છે, ક્ષેત્રમય નથી. સમજાણું કાંઈ?

'**નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, આત્માને સમસ્તપણે બહાર પડતો દેખીને...**' આહાહા..! હું તો પરક્ષેત્રમાં ચાલ્યો ગયો. બધા પરક્ષેત્રમાં (ગયો). '**(-સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને) સદા નાશ પામે છે;...**' મારા સ્વક્ષેત્રમાં છું. પરક્ષેત્ર મને જણાવા છતાં પરક્ષેત્રથી હું નથી. સમજાણું કાંઈ? જુઓને! એક મકાન સારું હોય, ૫૦ વર્ષ રહ્યો હોય તો કેવી વૃત્તિ એમાં થઈ જાય? એ જ્ઞેયાકાર હું, એ ક્ષેત્રને લઈને હું છું. અને એ જો ક્ષેત્ર ફરે.. હાય.. હાય.. એ મકાન સૂવાના બધા કરેલા, ટાણે હવા આવે, આમ આવે, આસપાસમાં મકાનનો ખાલી ભાગ રાખેલો હોય, મકાન છેટું હોય એ બધા આકાર ક્ષેત્રમાં ૨૫-૫૦ વર્ષ રહ્યો હોય, ક્ષેત્રાકાર વૃત્તિ થઈ જાય એની. પરક્ષેત્રને લઈને જ હું છું. આ ક્ષેત્ર છોડીશ તો હવે દુઃખી થઈશ. સમજાણું? નાગનેશનું વેચી નાખ્યું લાગે છે. એ .. એની. હવે બંગલા હોય એમાં આ ક્યાં? બંગલામાં ગર્યો તો ઈનું ઈ પાછું છે. આહાહા..!

અહીં કહે છે, પોતાનું ક્ષેત્ર ભગવાન આત્માનું સ્વ છે અંદર અનંત આનંદનું ધામ એ સ્વક્ષેત્ર છે. આનંદનું ધામ અસંખ્ય પ્રદેશ પોતાના છે એ એનું ક્ષેત્ર છે. એવા ક્ષેત્રને પોતામાં છે એમ ન માનતો, હું પરક્ષેત્રને લઈને છું. શરીર, કર્મ આદિ પરવસ્તુનો આકાર ક્ષેત્ર દેખાયને, એને લઈને હું છું. મારું સ્વક્ષેત્ર ભિન્ન છે એમ અજ્ઞાની માનતો નથી. ભાઈ! આમાં રહ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



હતા ૫૦-૧૦૦ વર્ષ આ મકાનમાં લ્યો. જ્યાં નીકળે ત્યાં અમારા બાપ-દાદા અહીં રહેતા, અમારા બાપ-દાદાના મકાન. આ એ ક્ષેત્ર કહ્યું. કોના ક્ષેત્ર હતા? એ તો પર છે. સમજાણું કાંઈ? મકાનનું બારણું સરખું હોય અને બારણા પાસે ખાવા બેસે, હવા આવતી હોય ત્યાં બધું નક્કી કરેલું પહેલેથી કે જ્યાં હવા આવે ત્યાં બારણું રાખવું, આમ રાખવું, છેટું રાખવું, સામે ભીંત રાખવી. કોઈ જતાં દેખે નહિ, એવા જે મકાન બનાવ્યા હોય અને એમાં ક્ષેત્રાકાર વૃત્તિ થઈ જાય, આને લઈને હું છું, આને લઈને હું સુખી છું. એમ મૂઢ માને છે. આહાહા..!

કહે છે કે '**જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો, આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને...**' ફક્ત ઓલું પરક્ષેત્ર તો જણાવાયોગ્ય છે. જણાવાયોગ્યમાં પરક્ષેત્રમય થઈ ગયો નથી. પણ એને એમ થઈ ગયું આ પરક્ષેત્ર તે આહાહા..! સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ છે એની તો ખબર નથી. મારું સ્વક્ષેત્ર જેમાં અનંત આનંદ અને જ્ઞાનધામ છે, એવું તો સ્વક્ષેત્ર મારું છે. એ તો એની ખબર નથી. એટલે આ પરક્ષેત્ર તે મારું. શરીર પાતળું તો હું, જાડો તો હું, ફાંદ મોટી થઈ હોય તો હું. એ પરના ક્ષેત્રનો (આકાર). પરક્ષેત્ર છે આ તો. એ ક્ષેત્ર જ્ઞેય છે અને આત્મા જ્ઞાયક છે. એટલો સંબંધ છે. છતાં એ જ્ઞેયપણે હું છું, એ ક્ષેત્રપણે હું થઈ ગયો. હું જાડો, હું પાતળો, હું આવો, મારું નાક હરણિયા જેવું. હરણિયા જેવી તો આંખ. ગરૂડ જેવું, કાન કુંડળ જેવા. આ આકાર આકારની વાત ચાલે છે. સમજાણું કાંઈ? એ તો પણ પરક્ષેત્રનો આકાર છે, એમાં તારો ક્યાં આવ્યો એમાં? સમજાણું?

મુમુક્ષુ :- આંખ એની છે.

ઉત્તર :- આંખ ધૂળ એની છે? એ તો જડની છે. આંખ તો જડની છે. સદાય જડની છે અને આંખ જડપણે થઈને રહી છે. આત્માની થઈને રહી છે આંખ? આંખ આત્માની થઈને રહી છે? આ તો જડ છે. પણ એની આંખ મોટી હોય, શેરડા પડે કમળના જેવા. આંખ મોટી, મોઢું.. આહાહા..! એ આકાર માને, એ ક્ષેત્ર તે મારું માને.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા, એ આવે છે ને શાસ્ત્રમાં બધું આવે છે, ઘણું આવે છે. શાસ્ત્રમાં તો બધી વાત આવે ને. આહાહા..! અરે..! ભગવાન આ તો જડનું ક્ષેત્ર છે. આ ક્યાં તારું છે? આ તો માટી છે. હવે સંકોચાઈ જાય, વળી ફોલ્લા પડી જાય. જુઓ! જીવતા ફોલ્લા પડે. આંખ આમ થઈ જાય. એ તો જડનું ક્ષેત્ર છે, એમાં તારું ક્ષેત્ર ક્યાં ત્યાં ગરી ગયું છે? એને લઈને હું છું. આવું આંખ હોય સરખું ક્ષેત્ર એને જ્ઞાનમાં જણાય. એટલી વાત અહીં લઈ જવી છે ને? જ્ઞેયજ્ઞાયકસંબંધ નિશ્ચિત વ્યાપાર છે, પણ એ પરરૂપે થઈ ગયો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ માને છે. આહાહા..! હું એનો જાણનાર ભિન્ન છું, મારામાં એ પરક્ષેત્ર નથી એમ અજ્ઞાની માનતો નથી. આ સૂક્ષ્મ શલ્ય પડ્યા છે એની વાત કરે છે.

શરીર સ્થુળ હોય તો સ્થુળ આકારવાળો માને. પોતાને માને. એ તો જ્ઞેય છે. તું તો જ્ઞાન છો. આમ થઈ જાય ટેટા જેવું. ક્ષય થઈ જાય ને ક્ષય? શરીર પણ આમ ટેટા જેવું ઉં..ઉં..ઉં.. (થઈ જાય). એ ક્ષેત્ર એનું ફર્યું તો એ માને કે હું ફરી ગયો. આ તો જડ છે. થાય છે ને ક્ષય થઈ જાય તો? ચકલા જેવું આમ. મરવાની તૈયારી હોય પછી બોલી ન શકે બહુ સાધ્ય હોય. ઉં..ઉં.. એ ક્ષેત્ર તો જડનું છે. તું તો જાણનાર છો. એ ક્ષેત્રમાં હું છું એમ માન્યું છે એ વાત જૂઠી છે. તું તારા ક્ષેત્રમાં છો, એ ક્ષેત્રમાં નથી, એ આકારના ક્ષેત્રમાં તું નથી. મકાનના આકારમાં, શરીરના આકારમાં. સમજાય છે? પરના આકારનું ક્ષેત્ર છે એ તો જ્ઞેય છે. તારા જ્ઞાનનો સંબંધ છે કે એ જેવું છે એવું જાણે. એને ઠેકાણે આ જાણતા મારું જ્ઞાન એ આકારે થઈ ગયું ને મેં જાણ્યું. એટલે જાણે પરમાં વયો ગયો, પરમાં વયો ગયો. આખો ઉડીને ત્યાં ગરી ગયો. પરક્ષેત્રમાં ગયો. આહાહા..!

'**ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેયપદાર્થોમાં...**' જુઓ! એની સાથે '**જ્ઞેયજ્ઞાયકસંબંધરૂપ નિશ્ચિત વ્યાપાર તેમાં પ્રવર્તતો થકો,...**' પરમાં. '**આત્માને સમસ્તપણે બહાર (પરક્ષેત્રમાં) પડતો દેખીને (-સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને)...**' એટલે પોતાના સ્વક્ષેત્રમાં મારું સ્વરૂપ સદાય પોતાની સત્તા સ્વક્ષેત્રમાં વર્તી રહી છે. પરક્ષેત્રમાં કોઈ દી વર્તતી નથી. પરના આકારના પરક્ષેત્રમાં કોઈ દી સ્વસત્તાનો આકાર ગયો નથી. સમજાણું કાંઈ? કહો, શરીરના ક્ષેત્ર પ્રમાણે આના જે અવયવો હોય એ જ પ્રમાણે ત્યાં આત્માનો આકાર થાય અને જ્ઞાનમાં એમ જણાય. લ્યોને. જ્ઞાનમાં જણાય. વળી એ દલીલ લાવી છે હમણાં. જુઓ! શરીર ફરે એ પ્રમાણે આત્માને ક્ષણે ક્ષણે અવસ્થા બદલવી પડે છે, નિમિત્તને આધીન. શરીર આવું થાય ત્યારે એને ક્ષેત્ર ફેરવવું પડે છે. જુઓ! આમ આકાર એનો ફરે, વળી આકાર ફરે. એ શું પોતાથી છે? એ નિમિત્તને અનુસરીને છે. ખોટી વાત છે. સમજાણું કાંઈ? એ ક્ષણે ક્ષણે આકૃતિની પર્યાય જે ફરે છે આત્મામાં એ શરીરને કારણે નહિ. એ પોતાનો આકાર જ એ આત્માનો છે અસંખ્ય પ્રદેશી, તે પ્રમાણે પોતે રહેલો છે. પરના આકારમાં એ ગયો નથી. છતાં એ પર આકાર ક્ષેત્રને જ્ઞાન જાણે, જાણતા જાણે આ જ્ઞાન પરક્ષેત્રમય થઈ ગયું, એમ માનીને પોતાના સ્વક્ષેત્રના અસ્તિત્વને માનતો નથી. સમજાણું કાંઈ?

અથવા ઘણા એમ માને છે ને કે હું સર્વમાં વ્યાપું છું. એમ માને છે ને? એ પરક્ષેત્રમાં વ્યાપક છે એમ માને છે. આત્મા સર્વવ્યાપક છે. ત્યારે મોટો કહેવાય. નહિતર નિત્ય ન રહે. અલ્પ ક્ષેત્રમાં નિત્ય શી રીતે હોય? સર્વવ્યાપક હોય તો નિત્ય હોય. એવા પ્રશ્ન છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ જૂઠી વાત છે. પોતાના સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં છે અહીંયાં એ નિત્ય છે, એનું લાંબુ વ્યાપક ક્ષેત્ર હોય તો નિત્ય છે એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ? બહુ વ્યાપક પહોળો હોય. જુઓ! આકાશ વ્યાપક છે તો નિત્ય છે. એમ આત્મા વ્યાપક હોય તો નિત્ય હોય એમ દલીલ છે. ખોટી વાત છે. એ કહે છે. સર્વ ક્ષેત્ર તો પર છે. તારું ક્ષેત્ર અંદર તો એટલા અસંખ્ય પ્રદેશમાં છે. તું પણ ધ્યાન કરવા લાગ અથવા વિચાર તો આમ અંદર એકાગ્ર એટલામાં કરે છો. તારું ક્ષેત્ર તો એટલામાં છે. બહારમાં છે? વિચાર કરે તો અંદર એકાગ્ર થાય છે ને? અંદર એકાગ્ર (થાય છે). આમ બહાર કરે છે એકાગ્ર? એટલે ખરેખર ક્ષેત્ર તો રાગનું ક્ષેત્ર પણ તારું નથી એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? પુણ્ય-પાપના પરિણામનું ક્ષેત્ર પણ તારાથી ભિન્ન છે. ઓહોહો..! સમજાણું?

'**(-સ્વક્ષેત્રથી આત્માનું અસ્તિત્વ નહિ માનીને) સદા નાશ પામે છે;..**' પોતાના અસંખ્ય પ્રદેશમાં પોતાના અનંત ગુણના આકારનું પરિણમન પોતાના અસંખ્ય પ્રદેશમાં છે. એની સ્વસત્તાનું અસ્તિત્વ એ રીતે ન માનતો પરક્ષેત્રથી પોતાનું અસ્તિત્વ માનનારો, પોતાના અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રનો તે નાશ કરે છે. શ્રદ્ધામાં નાશ કરે છે, બાકી વસ્તુ તો છે ઈ છે. વસ્તુનો નાશ ક્યાં થાય?

'**સ્યાદ્વાદનો જાણનાર તો,...**' પણ ધર્મી જીવ '**સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે...**' જુઓ! '**रभसः**' છે ને? '**रभसः**' છે ને? '**निरुद्ध-रभसः**' '**निरुद्ध-रभसः**' ત્રીજી. એટલે કે પરક્ષેત્રને લઈને હું છું એવું જ્ઞાનીએ રોકી દીધું છે. હું તો મારા સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનો ધામ મારા ક્ષેત્રમાં છું. મારું ક્ષેત્ર પરરૂપે કોઈ દી થતું નથી અને પરક્ષેત્રરૂપે હું થતો નથી. કહો, આકાશમાં રહે છે ને જીવ? એટલે પરક્ષેત્રમાં રહ્યો કહેવાય કે નહિ? આકાશમાં રહેતો જ નથી. એ તો અસંખ્ય પ્રદેશમાં છે. અસંખ્ય પ્રદેશ પોતે ભગવાન અનંત ગુણનો કંદ એક એક પ્રદેશ એવા અસંખ્ય પ્રદેશના પિંડમાં એનું સ્વક્ષેત્ર છે. એનું સ્વઘર ઈ છે. પરના ઘરના ક્ષેત્ર તારામાં ક્યાંથી આવી ગયા? આહાહા..! ગામ સંભારે ને. અમારા ગામ, અમારું આ જન્મગામ. એઈ..! નાગનેશનું નામ પડે ત્યાં. નાગનેશના અમે છીએ, નાગનેશ અમારું ગામ, અમારા બાપ-દાદા નાગનેશના.

મુમુક્ષુ :- બાપ-દાદાના ને?

ઉત્તર :- એ પણ નાગનેશના. અમારો જન્મ નાગનેશમાં એમ કહે. કહે કે નહિ? એ તો ક્ષેત્ર પર છે. ત્યાં ક્યાં તારો જન્મ? જન્મ તો અસંખ્ય પ્રદેશમાં પર્યાયની ઉત્પત્તિ થાય એ તારો જન્મ છે. શેઠ! શેઠી! કહો, મકાન બનાવ્યું છે ને નવું હમણા. નહિ? મોટું એય.. મકાન બનાવ્યું છે. જયપુરમાં બનાવ્યું છે અને પાછી ભગવાનની મૂર્તિ રાખી છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મકાન પરક્ષેત્ર એમ કહે છે. હું પરક્ષેત્રમાં રહું છું એ આવ્યું ક્યાંથી? તારું ક્ષેત્ર છૂટી ગયું છે? માને છે કે હું છૂટીને પરક્ષેત્રમાં રહું છું. એ તો એની માન્યતાનો ભ્રમ છે. આહાહા..! ભારે!

ચૌદ ભંગ સૂક્ષ્મ તત્ત્વને પરથી ભિન્ન પાડીને, પોતાનું દ્રવ્ય અસ્તિત્વ પોતાથી છે. અને સ્વક્ષેત્રથી છે આત્મા, એ પહેલો બોલ છે આ. અસંખ્ય પ્રદેશી છે. અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનું ધામ એવું સ્વક્ષેત્ર એનું છે. રાગાદિ, પુણ્યાદિ, શરીરાદિનો આકાર અને પર મકાન આદિના આકારનું ક્ષેત્ર એ આત્મામાં નથી. એ એને જાણે ખરો. એ પરક્ષેત્રને જાણે ખરો. જાણવા છતાં એ કાંઈ પરક્ષેત્રમય થતો નથી અને પરનું જાણપણું નથી. ખરેખર તો એ ક્ષેત્રનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. સ્વપરપ્રકાશક છે. એટલે પોતાના ક્ષેત્રને પોતે જાણે અને પરક્ષેત્રને જાણે એવો સ્વપરપ્રકાશક પોતાનો સ્વભાવ છે. પરક્ષેત્રમય થઈને જાણે છે અને પરક્ષેત્ર છે એમાં આત્મા જાય છે એમ છે નહિ. સમજાણું કાંઈ? કહો, સમજાણું કે નહિ? હવે ચેલા યાદ આવે અંદરથી પહેલું. જન્મ ચેલા. પછી શું કહેવાય તમારું? આફ્રિકા. ક્યાં પણ ક્ષેત્ર હતો? ક્યાં હતો? તારું ક્ષેત્ર તો અહીં છે ને ભાઈ, ત્રણે કાળે. એને ઠેકાણે અહીં છીએ. સમજાણું કાંઈ? આહાહા..!

જ્યાં છે ત્યાં નજર નાખ. ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી ત્યાં નજર નાખ. પરક્ષેત્રમાં તું છો એનું તો જ્ઞાન તારામાં છે. એ સંબંધીનું પોતાનું જ્ઞાન હોં! એ પરક્ષેત્રમાં કાંઈ ચાલ્યો નથી ગયો. પરક્ષેત્રનું જ્ઞાન થયું એટલે કાંઈ પરક્ષેત્રમાં ચાલ્યો ગયો છે? એવું જ્ઞાન કેમ થયું? ત્યારે યથાર્થ જ્ઞાન થાય કે અયથાર્થ થાય? જેવું ક્ષેત્ર હોય શરીરનું, આકારનું, જેવું પરનું એવું જ્ઞાન કરે. જ્ઞાન તો યથાર્થ કરે. જ્ઞાન કાંઈ આકાર ફેર હોય એવું જ્ઞાન બીજું થાય? તો એ જાતનું જ્ઞાન થયું માટે નક્કી પરક્ષેત્રમાં હું ચાલ્યો ગયો. એમ અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે. એમ કહે છે.

જ્ઞાની '**સ્વક્ષેત્રથી અસ્તિપણાને લીધે જેનો વેગ રોકાયેલો છે...**' એટલે પરમાં હું નથી ગયો એમ જેના અનુભવમાં આવે છે. '**એવો થયો થકો (અર્થાત્ સ્વક્ષેત્રમાં વર્તતો થકો), આત્મામાં જ આકારરૂપ થયેલાં...**' આત્મામાં આકારરૂપ થયેલા '**જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને,...**' દેખો! એ શરીર આદિના જે આકાર છે એ સંબંધીનું જ્ઞાન પોતામાં થાય. એના આકારનું જ્ઞાન પોતામાં થાય. '**આત્મામાં જ આકારરૂપ થયેલાં જ્ઞેયોમાં નિશ્ચિત વ્યાપારની શક્તિવાળો થઈને, ટકે છે–**' હું તો એ ક્ષેત્ર જે છે એનું જ્ઞાન અને મારું જ્ઞાન બેય એક મારું જ્ઞાન. એમ થઈને એ '**જીવે છે...**' પોતાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આત્માને જીવતો, ટકતો ક્ષેત્રથી રાખે છે. ઘણા વર્ષ મકાનમાં રહે, ઘણા વર્ષ શરીરમાં રહે. તો એ આકારમય જાણે ક્ષેત્રાકારે થઈ ગયો એમ લાગે. ક્ષેત્રાકાર વૃત્તિ થઈ નથી, ક્ષેત્રાકારે જ્ઞાન તને થયું છે. ક્ષેત્રાકાર કોઈ દી થઈ ગયો નથી.

અસંખ્ય પ્રદેશી ભગવાન આ શરીરના આકારમાં પડ્યો, પણ એ આકારનું જ્ઞાન તારામાં છે. એ આકારમાં તું ગયો નથી. શરીરનો કોઈ આકાર નાકનો, આનો આકારમાં તું ગયો જ નથી. પાંચ ઈન્દ્રિયના જે આકાર છે ને બધા? શાસ્ત્રમાં છે ને વર્ણન? ઈન્દ્રિયનો આવો આકાર હોય, આનો આકાર એવો હોય, એવા બધાના આકાર હોય છે હોં! એ બધા આકારો તો જડના છે. આત્મા એને જાણે છે એટલો સંબંધ છે. પણ જાણતા જાણે એ આકારમય થઈ ગયો એમ માને છે. એ પોતાના સ્વક્ષેત્રમાં હોવાપણું ભિન્ન માનતો નથી. સમજાણું?

'**ભાવાર્થ :- એકાંતવાદી ભિન્ન ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને જાણવાના કાર્યમાં પ્રવર્તતાં આત્માને બહાર પડતો જ માનીને,...**' અરે..! હું વયો ગયો બહારમાં. પોતાના '**(સ્વક્ષેત્રથી અસ્તિત્વ નહિ માનીને,) પોતાને નષ્ટ કરે છે; અને સ્યાદ્‌વાદી તો, પરક્ષેત્રમાં રહેલાં જ્ઞેયોને જાણતાં પોતાના ક્ષેત્રમાં રહેલો...**' એ પરને જાણતાં પણ મારા ક્ષેત્રમાં હું છું. હું ઊડીને બહાર વયો ગયો નથી. '**આત્મા સ્વક્ષેત્રથી અસ્તિત્વ ધારે છે...**' અસંખ્ય પ્રદેશમાં અનંત ગુણનું ધામ તે પોતાનું અસ્તિત્વ છે એમ ધારે છે. '**એમ માનતો થકો ટકી રહે છે-**' લ્યો એ '**સ્વક્ષેત્રથી અસ્તિત્વનો ભંગ કહ્યો.**' પોતાના સ્વક્ષેત્રે પોતે છે. પરક્ષેત્રમાં નથી. આકાશના ક્ષેત્રમાં નહિ, ધર્માસ્તિમાં નહિ, મકાનમાં નહિ, શરીરના આકારમાં નહિ, ઈન્દ્રિયના આકારમાં નહિ એમ કહે છે. એનું જ્ઞાન એ પોતાનું છે તેમાં પોતે છે. પરમાં છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ ૧૦, ગુરુવાર તા. ૬-૬-૧૯૬૮**
**શ્લોક-૨૫૫-૨૫૬, પ્રવચન-૫૨૯**

૨૫૫.

**स्वक्षेत्रस्थितये पृथग्विपरक्षेत्रस्थितार्थोज्झनात्**
**तुच्छीभूय पशुः प्रणश्यति चिदाकारान् सहार्थैर्वमन्।**
**स्याद्वादी तु वसन् स्वधामनि परक्षेत्रे विदन्नास्तितां**
**त्यक्तार्थोऽपि न तुच्छतामनुभवत्याकारकर्षी परान्।।२५५।।**

'**શ્લોકાર્થ :- પશુ...**' એકાંતવાદીને અહીં તો પશુ કહ્યા છે. એટલે કે આ આત્મા પોતાના સ્વક્ષેત્રમાં રહીને પરના ક્ષેત્રના જે પદાર્થો છે પરક્ષેત્રમાં, તેના પદાર્થપણે પોતાના જ્ઞાનમાં જ્ઞેયાકાર ક્ષેત્રપણે પરિણમવાનો એનો સ્વભાવ છે. પરક્ષેત્ર એટલે આંખ, શરીરાદિ આ બધા પરક્ષેત્ર છે ને? એ પરક્ષેત્રનું જ્ઞાન સ્વક્ષેત્રમાં રહ્યું છે. છતાં એ સ્વ-પોતાના અસ્તિમાં રહ્યા છતાં સ્વક્ષેત્રમાં તે જ્ઞાનની પર્યાયમાં પરક્ષેત્રની વિશેષતાઓ, આકારો ક્ષેત્રના જે જ્ઞાનમાં જણાય તેને અજ્ઞાની એમ માને છે કે આ પરક્ષેત્રપણે હું થઈ ગયો. એ એકાંતવાદી છે. પરક્ષેત્રથી નાસ્તિ આત્મામાં છે એમ માનતો નથી. મારા સ્વક્ષેત્રમાં મારા જ્ઞાનમાં, ભાવમાં એ પછી આવશે. અત્યારે સ્વક્ષેત્ર. આત્મા પોતાના સ્વક્ષેત્રમાં અસંખ્ય પ્રદેશમાં રહ્યો છે. છતાં એને પરક્ષેત્રને જાણવાનો, પર્યાયનો એ રૂપે આકાર થવાનો સ્વભાવ છે. અજ્ઞાની એ પરક્ષેત્રના આકારે થયેલું જ્ઞાન, એમ જાણે છે કે આ તે હું પરરૂપે થઈ ગયો,

'**એકાંતવાદી અજ્ઞાની, સ્વક્ષેત્રમાં રહેવા માટે જુદા જુદા પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને છોડવાથી,...**' એ પરક્ષેત્રનું જે જ્ઞાન છે એ પોતામાં આવવાની લાયકાત છે, એ એમ માને છે કે આ પરક્ષેત્રનું જ્ઞાન એ મારું નહિ. બાકી પરક્ષેત્ર સંબંધી મારા જ્ઞાનમાં આવે એને છોડી દઉં. સમજાય છે કાંઈ? પરક્ષેત્રમાં રહેલા પદાર્થોને પોતાના ક્ષેત્રમાં રહેતા પરને જાણે. પણ એ કહે છે કે આ પરક્ષેત્રનું જ્ઞાન મને આવ્યું ક્યાંથી? એટલે છોડી દઉં એને. પરક્ષેત્ર સંબંધીનું પોતાનું જ્ઞાન છે પણ એને છોડી દઉં. એમ માનીને પરક્ષેત્રમાં રહેલા જ્ઞેયને છોડવાથી, પરને આકારે થયેલું જ્ઞાન એને છોડવાથી '**જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને પણ વમી નાખતો થકો...**' પોતાના જ્ઞાનમાં પરના ક્ષેત્રને જાણવાનો અને સ્વના ક્ષેત્રને જાણવાનો પોતાનો સ્વભાવ છે. પરના ક્ષેત્રને જાણવું છોડી દેતાં પોતાના જાણવાના ભાવને જ એ છોડી દે છે. આ વિષય ચૌદે બોલ જરી સૂક્ષ્મ છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આમાં મિથ્યાત્વ અને સમ્યક્ બેય આવે છે એમાં. અસ્તિપણું મારું મારામાં છે, મારા જ્ઞાનાદિ ગુણધામ હું અસંખ્ય પ્રદેશી મારું સ્વક્ષેત્ર છે. એમાં મારામાં રહ્યા, હું પરક્ષેત્રના પ્રકારો, વિશેષો મારું જ્ઞાન એને પરક્ષેત્રનો જે સ્વભાવ (છે) તેવું જાણે. એમ ન માનતા એ જાણવું પરક્ષેત્રનું છે એને છોડી દઉં તો એટલો ખાલી રહું તો મારું અસ્તિત્વ થયું કહેવાય. એમ માનીને એ પરને ક્ષેત્રના જાણવાના ભાવને છોડતાં પોતાની દશાને છોડી દે છે. સૂક્ષ્મ વાત છે આમાં જરી.

જુઓને! આ આંખ છે, આ શરીર છે બધા એના આકારો છે ને જડના? આ બધા જડના આકાર અને જડના ક્ષેત્ર છે આ. અને જે આકારો શરીરના થાય, આ પ્રકારે આમ થાય.. આમ થાય.. ઈન્દ્રિયોના થાય એ આકારો પરક્ષેત્રના છે. પણ જ્ઞાન પોતામાં જાણે કે એ જ્ઞેય છે તેવું જાણે. પણ એવું જાણતાં અજ્ઞાનીને એમ થઈ જાય કે આ પરક્ષેત્રનું જ્ઞાન મારું નહિ. એ પરથી થયેલું માટે પરથી નથી એમ નહિ, પણ પરથી છું એમ માનીને પોતાના જ્ઞાનાકારને છોડવા માગે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? આવો તે ધર્મ કઈ જાતનો? આ તો કોઈ દયા પાળવી હોય, વ્રત પાળવા હોય, અપવાસ કરવા હોય,.. શેઠી!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના ક્યાં પાડે છે? શું એનું સ્વરૂપ છે એ બતાવે છે.

મુમુક્ષુ :- આપ ના કહો છો.

ઉત્તર :- ના ને હા બેયમાં ક્યાં છે અહીં? ના અને હા. એનું સ્વરૂપ શું છે? સમજાય છે? વ્રતાદિના પરિણામ જે રાગ છે અને રાગાદિનું જે જ્ઞાન થાય એ જ્ઞાન પોતાનું છે. પણ એ રાગ છે એ મારો માનીને રાગની ક્રિયાને પોતાની માને છે એથી તે મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વપણાને સેવે છે. એમ છે.

મુમુક્ષુ :- આપ ના કેમ કહો છો?

ઉત્તર :- પ્રશ્ન તો એમ જ પૂછે ને. મીઠાલાલજી છે ને એ તો. અરે.. ભગવાન! આ બધા વાંધા. હજી આજે પણ લખાણ આવ્યું છે. અરે..! ન રાખો. શાંતિને સભા કરવી પડી આ સોનગઢને માટે. એકાંતવાદ ઊભો થયો. આહાહા..!

અરે.. ભગવાન! ભાઈ! એ ભગવાન ચૈતન્યસ્વરૂપ છે એની પર્યાયમાં પરક્ષેત્રનું જ્ઞાન થાય એ જ્ઞાન પોતાથી થયું છે. જુઓ! અહીં તો એનાથી નહિ લ્યો. જુઓ! અહીં તો નિમિત્ત ઊડી જાય છે. ઊડી જાય છે એટલે આમાં એનાથી અહીં થાય એમ ઊડી જાય છે. ત્યાં રહે છે. આ શરીર છે આમ થાય.. આમ થાય.. આમ થાય.. ઈન્દ્રિયના આકારો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ફરે. એ બધા આકારો છે એ પરક્ષેત્રના છે, જડના છે. આત્માના નહિ. સમજાય છે? આ શરીર આમ થાય, આમ થાય, આમ વળે, ઈન્દ્રિય આકાર થાય, એને ઈન્દ્રિયોના આકાર પ્રત્યેકના એ આકાર પરક્ષેત્રના જડના છે. આત્માના નહિ અને આત્મામાં નહિ. પણ એ પરક્ષેત્રના જે આકાર છે, એને આત્મા પોતામાં રહ્યો જાણવાની પર્યાયનો એનો ધર્મ છે. પોતાનું સ્વરૂપ અને એનું સ્વરૂપ જાણવાનો ધર્મ છે. પણ અજ્ઞાની એમ માને છે કે આ પરક્ષેત્રનો આકાર મને જણાય. ઉંહું..ઉં..હું..હું.. એટલે એ આકારને છોડી દઉં. પણ શું છોડીશ? એ સંબંધીનું જે જ્ઞાન તારું પરિણમન છે એને છોડતાં તો પર્યાય રહેશે નહિ, પર્યાય રહેશે નહિ તો દ્રવ્ય પણ રહેશે નહિ. બે વાત.

આ ક્ષેત્રો આવા આમ થાય છે માટે અહીં જ્ઞાનની પર્યાય થાય છે એમ નહિ. એક વાત. કહો, સમજાણું કાંઈ? મકાન મોટું હોય, આ બધું આમ દેખાય. ઘડિયાળના આકાર ને એ બધાય. એ આકારો ત્યાં છે અને એવું અહીં જ્ઞાન થાય છે, માટે એ આકારોને લઈને અહીં થાય છે એમ પણ નહિ અને તે આકારોનું જ્ઞાન નથી, જ્ઞાન પોતાની પર્યાયનું છે એ. સમજાય છે કાંઈ? એટલે અજ્ઞાની એમ માને છે કે આ બધા આકારો અને ક્ષેત્રો મને જણાય છે એ એને લઈને જણાય છે. એક તો એ ભૂલ. બીજી. એનું જ્ઞાન થાય છે એ જ્ઞાન તો એમાં હું ખાલી છું, એનું જ્ઞાન છે, એ તો મારું નથી. માટે છોડી દઉં એને. પરક્ષેત્રનું જ્ઞાન પોતાથી થયું છે એક તો. એનાથી નહિ. પણ એ થયેલું પણ છોડી દઉં એમ કહે છે. સમજાય છે કાંઈ?

આકાર આવે છે ને વિશેષ? ઓલા બંધ અધિકારમાં નહિ? હિંસા કરે છે એમાં આવે છે. વૈસ્રસિક શું કહેવાય? બોલ આવે છે ને? કરણ. કરણ ઈન્દ્રિયો આદિ ફલાણું ઉઠબેસ કરે. દેહની ક્રિયા થાય એ જાણે આત્માથી થાય છે અને એનાથી આ હિંસા થાય છે. એ ક્રિયા તો પર છે. સમજાણું? આ ઈન્દ્રિયો.. એ આકારો ફરે છે એ શરીરના રજકણના ફરે છે, આત્માના નહિ. અને એ જ આકાર જેવા ફરે છે એવું જ્ઞાન પર્યાયમાં થાય છે. એ આકારને લઈને નહિ. અને જે જ્ઞાન થાય છે એ પરનું નહિ, પોતાનું છે. એક અજ્ઞાનીના બે પ્રકાર : એક તો એ આકાર છે માટે જ્ઞાન થાય છે. એક વાત. અને આકારનું અહીં જ્ઞાન થયું એ હું હણાઈ ગયો, પરમાં વયો ગયો એમ માનીને એ આકારને છોડવા માગે છે. પણ મારું અસ્તિત્વ મારામાં જ્ઞાનસ્વરૂપ હું છું. એ તો જે આકાર થાય તેને હું મારામાં રહીને એનો હું જાણનાર છું. એનો અભાવ કરું એના સંબંધીના જ્ઞાનનો એ હું નથી. સમજાય છે કાંઈ?

**'જ્ઞેય પદાર્થોની સાથે ચૈતન્યના આકારોને પણ વમી નાખતો થકો...'** આકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એટલે વિશેષ. સૂક્ષ્મ વાત છે એમાં. ધરમચંદજી! આ વાંચ્યું છે કે નહિ તમે? વાંચ્યું છે. રાતે પૂછે તો સરખું આવશે કે નહિ? આવશે. હા તો પાડે. જોર દઈને અટપટું કરે તો એં..એં.. થઈ જશે. આમ ચૈતન્ય ભગવાન પોતાના સ્વક્ષેત્રમાં રહેલો છે. એ પરક્ષેત્રને અડ્યો પણ નથી. આ પરક્ષેત્ર જે છે આ. આ બધા આ દાળ-ભાત-લાડવા થાય, આમ જુઓને એનું ક્ષેત્ર છે ને લાડવાનું આવું? કપડાનું આવું ક્ષેત્ર છે. આવું આવું. આમ લાંબુ પહોળું થાય એ ક્ષેત્ર કપડાનું છે. સમજાણું કાંઈ? એમાં આ શરીરનું ક્ષેત્ર પાતળું થાય, ક્ષય થાય, આમ થાય એ બધું ક્ષેત્ર એ જડનું, પર, માટીનું છે. એને જ્ઞાન પોતામાં રહીને તે પ્રકાર છે એ તેને લઈને નહિ, પોતાને લઈને જાણે છે. એક તો ઈ. અને તેનું જ્ઞાન પણ નથી, જ્ઞાન છે પોતાનું. પણ અજ્ઞાનીને એમ થાય છે, અરે..! આ ક્ષેત્રથી. પહેલો તો એ ક્ષેત્ર છે માટે જ્ઞાન થાય છે, એક વાત એ તો. સમજાય છે? બીજો કહે છે કે એ ક્ષેત્રનું જ્ઞાન થાય છે એ મારું નહિ. માટે જ્ઞાનને કાઢી નાખું. અંતર્મુખ આત્મા ચૈતન્યમૂર્તિ છે તેનો સ્વભાવ સ્વપરને આકારને જાણવાનો છે એમ માનતો નથી. પર્યાયબુદ્ધિ છે એમ કહે છે. સમજાણું કાંઈ?

‘**(અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે...**’ જુઓ! ‘**ચૈતન્યમાં જે આકારો થાય છે...**’ જુઓ! નિમિત્ત આવ્યું. ક્ષેત્ર જેવા છે, જેવો આમ લાડવો, આ કપડું આમ ફરે આમ થાય જુઓને. એ પ્રકારે અહીં જ્ઞાન થાય. જ્ઞાનમાં એ પ્રકારે જેવું ક્ષેત્ર, જેવા કપડા પહેર્યા હોય એવા (જણાય). જુઓ! બંડી, ફલાણા ને આ શું કહેવાય તમારા આવડા આવડા? આવડા કપડા કાપીને નાખે છે. પહેરણ. આટલો કોટ અહીં થાય વળી આમ આવું. એ બધા આકાર જડના ક્ષેત્રના આકાર જડના છે. જ્ઞાનમાં જણાય તે સમયે જે સમયે એની જાણવાની પોતાના આકારને જાણવાની પર્યાયનો ધર્મ છે. છતાં એ એનાથી થાય એ માન્યતા ખોટી. એટલે નિમિત્તથી કીધું ને? ‘**જ્ઞેય પદાર્થોના નિમિત્તે ચૈતન્યમાં...**’ તો નિમિત્તનો અર્થ કે થયા છે પોતાથી. એમાં એ નિમિત્ત છે. પણ એ પદાર્થને ‘**તેમને પણ છોડી દેતો થકો)...**’ એ સંબંધીનું જ્ઞાન એ છોડવા માગે છે. પણ છોડશે શું? તારો પર્યાય ધર્મ છે એ તો. સમજાણું કાંઈ?

‘**તુચ્છ થઈને નાશ પામે છે;...**’ પોતાના અસ્તિત્વમાં પોતાના આકારનું જ્ઞાન અને પરના આકારનું જ્ઞાન (થાય) એ પોતાનું અસ્તિત્વ છે, એનાથી પોતે ભરેલો છે. એને ઠેકાણે પરના આકારનું જ્ઞાન છોડીને પોતાની જ્ઞાન અવસ્થામાં પરનું જ્ઞાન છે એને છોડે છે, ખાલી થઈ જાય છે, શૂન્ય થઈ જાય છે. ‘**અને સ્યાદ્વાદી...**’ ધર્મીજીવ અપેક્ષિત જ્ઞાનને જાણનારો ‘**સ્વક્ષેત્રમાં રહેતો,...**’ હું તો મારા સ્વક્ષેત્રમાં છું. કોઈ દી પરક્ષેત્રમાં આવ્યો નથી. કહો,

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org

આ બંગલામાં, આ શરીરના આકારમાં કોઈ દી આવ્યો જ નથી એમ કહે છે. બારી-બારણા, બંગલાના મકાનના, પુસ્તકના આકારો કેવા પડે જુઓને! એના પરના આકારોમાં હું રહ્યો નથી. હું તો સ્વક્ષેત્રમાં રહું છું. મારું સ્વક્ષેત્ર અસંખ્ય પ્રદેશ તે મારું સ્વક્ષેત્ર છે. ક્યાંના? નાગનેશના. એ ક્ષેત્ર ક્યાંથી આવ્યું કહે તારું? ક્યાંના? લાઠીના. ક્યું ક્ષેત્ર? કહે કે લાઠી. એ અહીં કહે છે કે લાઠી ક્યાંથી આવ્યું? એ લાઠી લાકડી ક્યાંથી આવી અહીં? લાઠીને લાકડી કહે છે ને? લાઠી-લાઠી. એ ક્યાં આવ્યું ક્ષેત્ર તારું? ભાઈ! અમારે ત્યાં મકાન છે, બધું ખેતર છે, ફલાણું છે. એમ કેટલાક કહે છે. ખેતર છે, મકાન છે, વાડીયું છે, સમજ્યાને? જંગમ મિલકત અને સ્થાવર મિલકત બેય ત્યાં છે અમારે. એ બધા અમારા ક્ષેત્ર છે. એક તો એ મૂઢતા.

બીજું, એ ક્ષેત્રનું જ્ઞાન થાય છે જ્ઞાનમાં, એ એને લઈને થાય છે, એ પણ મૂઢતા, ત્રીજું. એ ક્ષેત્રનું અહીં જ્ઞાન થતાં એ જ્ઞાનને છોડી દઉં તો એકલો રહી શકું. એ પણ ત્રીજી મૂઢતા. સમજાણું કાંઈ? કહો, તમારા પૂનમચંદને બંગલામાં હશે કે નહિ? બંગલામાં કેટલું હશે? છૂટથી. આવું નહિ હોય તમારે બંગલામાં આટલામાં રહેવાનું. છૂટથી રહેવાનું હોય, કાંઈક પંખા હોય બધા ઓલા હોય, બારી-બારણા સરખા. એ આકાર જડનો છે, એ ક્ષેત્ર આત્માનું નથી. છતાં આ ક્ષેત્ર મારું એ મિથ્યાત્વ છે. બીજું, એ ક્ષેત્ર છે તો મારે જ્ઞાનની અવસ્થામાં એ પ્રકારે જણાય છે એ પણ ભ્રમ અજ્ઞાન છે. અને ત્રીજું, એ ક્ષેત્ર છે તેવું જ અહીં જણાય છે માટે એ મારું નહિ, પણ પરનું છે. એમ છોડવા માગે છે એ પણ મિથ્યાત્વ અને મૂઢતા છે. સમજાણું કાંઈ?

કહો, ફૂલબાગમાં બેઠા હોય. બાગ-બાગ કરે છે ને માણસો તમારે જુઓને. અહીં પણ હવે બાગ થયા છે ને હળવે-હળવે. ફૂલઝાડ આમ કેવા અંદર આકાર ને આમ. બેઠા હોય તો આમ. જાણે આ બધા આકારનું જ્ઞાન એને લઈને થતું હોય. આ કરે છે કે નહિ શું તમારે મહેંદી? મહેંદીમાં મોરને કરે છે. જોયું છે કે નહિ? કાપીને. મોર, સિંહ, માણસ, સ્ત્રી, પુરુષ એવા કરે. મહેંદી સમજો છો? મહેંદી નથી સમજતા? વનસ્પતિ આ મહેંદી થાય છે ને? એ મહેંદી વનસ્પતિ હોય છે ને બાગમાં? મહેંદીની ઘણી આકૃતિ કરે છે. મોરની આકૃતિ કરે છે, કટીંગ કરે. અહીં પણ અમારે કટીંગ ચાલે છે. કટીંગ કરે, મોર કરે, પુરુષ કરે, સ્ત્રી કરે. સમજ્યાને? વાઘ ચીતરે, કૂતરો ચીતરે એમાં ને એમાં. એ આકારમાં જાણે એક તો આકારને હું કરું છું. એક મૂઢતા. એ આકાર મારા છે એ પણ મૂઢતા અને એ આકાર સંબંધીનું જ્ઞાન આકારો છે માટે થાય છે એ પણ મૂઢતા અને ચોથું એ આકારે જ્ઞાન પોતાનું થયું છે, પોતાથી થયું છે એ જ્ઞાન પોતાનું છે, છતાં એને કાઢી નાખવા માગે છે એ પણ મૂઢતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કહો, સમજાય છે કે નહિ? ભૂલભૂલામણી હોય છે ને? વડોદરામાં એક છે. ભૂલભૂલામણી. મુંબઈમાં છે.

અહીં કહે છે કે જ્ઞાની તો પોતાના સ્વક્ષેત્રમાં છું. મારા જ્ઞાનની અવસ્થા પરક્ષેત્રમાં નથી, પરક્ષેત્રથી નથી, પરક્ષેત્રમાં હું નથી અને પરક્ષેત્રની જે સંબંધીનું જ્ઞાન તે પરક્ષેત્રનું નથી પણ મારા ક્ષેત્રનું છે. '**સ્વક્ષેત્રમાં રહેતો, પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ જાણતો થકો,...**' જુઓ! પરક્ષેત્રમાં પોતાનું નાસ્તિત્વ. એટલે શરીરનું ક્ષેત્ર, મકાનના ક્ષેત્રો, બાગ-બગીચાના ક્ષેત્રો એ બધા પરક્ષેત્રથી હું નથી. પરક્ષેત્રથી હું નથી. લ્યો, ગિરી ગુફામાં મુનિ હોય, કેટલું એને ગિરીગુફામાં શાંત વાતાવરણ લાગે, અને એને લઈને શાંતિ થાય કે નહિ? ક્ષેત્ર એવા અનુકૂળ હોય તો. એકાંત છે રે એકાંત છે એમ માણસ પોકાર કરે. પણ ગિરી ગુફાનો આકાર એનામાં રહ્યો અને ગિરી ગુફા આત્મામાં છે નહિ. પરક્ષેત્ર આત્મામાં છે નહિ. હું તો મારા ક્ષેત્રમાં છું. પરક્ષેત્રનું પોતામાં નાસ્તિપણું જાણતો ધર્મી પરક્ષેત્ર ગમે તે ઠેકાણે હો, પરના ક્ષેત્રનો ભાવ મારામાં નથી, હું તો મારાથી છું. આકરું કામ. બંગલામાં કેવા બંગલા બનાવે આમ ત્રણ-ત્રણ માળ, ચાર-ચાર માળ, બાવીસ માળના તમારે નહિ? આહાહા..! ઝાઝામાં ઝાઝો સલવાય અંદર.

મુમુક્ષુ :- બંગલાના કારણે?

ઉત્તર :- પોતાની મમતાને કારણે. .. કરવા આવ્યો હોય. શું કહેવાય? ઊંચી લઈ જવાની આઠ માળે.

મુમુક્ષુ :- લિફ્ટ.

ઉત્તર :- ગુજરાતી ભાષા શું એની?

મુમુક્ષુ :- ઊંચે ચડવાનો સંચો.

ઉત્તર :- એ ઊંચે ચડવાનો સંચો. આમ જાણે. શરીર જરી આમ કરતો આમ કરતો ફરે. એ બધા પરક્ષેત્ર છે. સંચાનું એ... સમજ્યાને? પરક્ષેત્ર છે. એ પરક્ષેત્રમાં ધર્મી માને છે કે હું પરમાં ક્યાંય નથી. એ ક્ષેત્રમાં નીચે બેઠો, અહીં બેઠો, આમાં બેઠો. ના. શરીરનો આકાર આમ થઈને બેઠો. ના. કહો, શરીરમાં સંકોચીને બેસે ને. આ તો કાંઈ.. આમાં છે આકાર તારો આ? ના. એ ક્ષેત્રમાં હું છું જ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એમાં...

ઉત્તર :- પણ એમાં બેસે કોણ? શું છે આ? આહાહા..! ઓલા કહે, નિમિત્તના જોરથી ઉપર ચડે છે. ઉપાદાનની અનેક યોગ્યતા હોય પણ નિમિત્ત જેવું આવે તેવું અંદર થાય છે. તો પછી નિમિત્તમાં પણ અનેક યોગ્યતા છે, ઉપાદાનમાં અનેક યોગ્યતા છે એમ જો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કહે તો નિમિત્ત-ઉપાદાન એમાં અનેક યોગ્યતા તો કઈ યોગ્યતતા આને નિમિત્ત થશે એમ નિર્ણય ન રહ્યો. આહાહા..! નિમિત્ત પણ અનેક યોગ્યતાવાળું છે ને? એ ઉપાદાન છે કે નહિ? એમાં ક્યું આ નિમિત્તની અનેક યોગ્યતાવાળું એ કઈ યોગ્યતાને નિમિત્ત થશે એનો નિશ્ચય નહિ, ઉપાદાનમાં કઈ પર્યાય યોગ્યતાવાળી બહાર આવશે એનો કોઈ નિશ્ચય નહિ. આ ઉપાદાન-નિમિત્તના મોટા ઝઘડા આના નામે ચાલે છે અત્યારે. જ્યાં જ્યાં બધે લખે ઉપાદાન અને નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર. અને ક્રમબદ્ધ સોનગઢનું વિરોધ એકાંત છે. ભગવાન બાપુ! પરથી થાય તો તમે નિમિત્તને માન્યું કહેવાય, નહિતર માન્યું કહેવાય નહિ. કહો. એમાં પાછી ભલામણ કરે. છે ને ઓલામાં? ફૂલચંદજીને ભલામણ કરી હતી. પુરુષાર્થ કરો, ધીરજ રાખો, વિવેકી બનો, ગંભીર બનો, સફળતા ન મળે તો ખેદ ન કરો અને એ રીતે અનેકાંત પુંજ ને તમે આદરો. એવું આવ્યું છે. વાંચ્યું છે? ચર્ચામાં આવ્યું છે. પણ નિમિત્ત આવે એ પ્રમાણે થાય તો પછી પુરુષાર્થ કરવો ક્યાં રહ્યો પછી? જેવું નિમિત્ત આવે એવું અહીં થાય તો પુરુષાર્થ કરવાનો રહ્યો નહિ. પુરુષાર્થ કરો ક્યાં? પછી તમારું વિરૂદ્ધ પડી ગયું. નિમિત્તવાદીને પુરુષાર્થ હોતો નથી. શું કીધું સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કરશે ત્યારે થાશે. તારે આધીન તો કાંઈ છે નહિ.

અહીં એ કહે છે કે પણ નિમિત્ત આવ્યું ત્યારે થયું ને? અને નિમિત્ત સંબંધીનું અહીં આકારે જ્ઞાન છે? ના. એ તો મારો આકાર પોતાનો સ્વકાળમાં તે ક્ષેત્રનો આકાર મારો છે. આહાહા..! સમય સમયની આકૃતિની વાત કરે છે હોં! સમય સમય ભિન્ન ક્ષેત્ર પડે અને તે તે પ્રકારે જ્ઞાન પરિણમે એ આકારરૂપે એટલે પોતાનો પર્યાય ધર્મ જ છે એનો. એને કાઢી નાખવા માગ અથવા એનાથી થાય એમ માન એ મિથ્યાભ્રમ છે તને. વસ્તુના અસ્તિત્વની ખબર નથી.

'**જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં...**' પરક્ષેત્રનું જ્ઞાન છોડતા છતાં '**તે પરપદાર્થોમાંથી ચૈતન્યના આકારોને ખેંચતો હોવાથી...**' કોણ? જ્ઞાની. શું કહે છે જુઓ જરી ભાષા. ધર્મી પરક્ષેત્ર સંબંધીનું જ્ઞાન પોતામાં છે. એ પરક્ષેત્રનું જ્ઞાન નહિ. એમ કરીને '**આકારોને ખેંચતો હોવાથી (અર્થાત્ જ્ઞેય પદાર્થોના નિમિત્તે થતા ચૈતન્યના આકારોને છોડતો નહિ હોવાથી)...**' એમ. ખેંચતો થકો એનો અર્થ એ. એને ખેંચતો એટલે જ્ઞાનમાં પરક્ષેત્ર સંબંધી જે જ્ઞાન છે એ મારું છે. પરને લઈને નથી. એ પરપણું નથી એમાં. એમ પર સંબંધીના જ્ઞાનને પોતામાં રાખતો. એમ. પોતામાં રાખતો એને ખેંચતો થકો કહેવામાં આવ્યું છે. '**તુચ્છતા પામતો નથી.**' એકલા ન્યાય. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

પોતાની જ્ઞાન અવસ્થામાં પરક્ષેત્રના જે આકારો જણાય એ મારો સ્વભાવ છે એમ જાણીને તેને છોડતો નથી તેથી તે પોતાના જ્ઞાનપર્યાયમાં ખાલી થાતો નથી, પોતાના સ્વપરના પ્રકાશથી અસ્તિત્વથી તે જીવતો રહે છે. કહો, સમજાણું આમાં? એ ભાવાર્થ એ સંબંધીનો છે.

'**ભાવાર્થ :- પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોના આકારે ચૈતન્યના આકારો થાય છે...**' જુઓ! જ્ઞેયપદાર્થના આકારે ચૈતન્યના આકારો થાય છે. થાય છે પોતાને કારણે પણ પરના આકારે થાય છે એટલે એ સંબંધીનો આકાર ક્ષેત્ર પોતામાં જણાય છે. '**તેમને જો હું પોતાના કરીશ...**' અજ્ઞાની માને છે. એ પરક્ષેત્રનું જે જ્ઞાન છે એ મારું કરીશ '**તો સ્વક્ષેત્રમાં જ રહેવાને બદલે પરક્ષેત્રમાં પણ વ્યાપી જઈશ...**' પરક્ષેત્રનું જ્ઞાન મારું કરીશ તો હું પરક્ષેત્રમાં ચાલ્યો જઈશ એમ અજ્ઞાનીને ભ્રમ પડે છે.

'**એમ માનીને અજ્ઞાની એકાંતવાદી પરક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોની સાથે સાથે ચૈતન્યના આકારોને પણ છોડી દે છે;...**' પોતાની જ્ઞાન અવસ્થા પરક્ષેત્રને જાણે તે અવસ્થાને છોડતા પોતે ખાલી શૂન્ય થઈ જાય છે. જીવની હયાતી માનતો નથી. '**એ રીતે પોતે ચૈતન્યના આકારો રહિત તુચ્છ થાય છે, નાશ પામે છે.**' ધર્મી '**સ્યાદ્વાદી તો સ્વક્ષેત્રમાં રહેતો,...**' પોતાના અસંખ્ય પ્રદેશમાં પોતાની દૃષ્ટિ ત્યાં પોતામાં છે. '**પરક્ષેત્રમાં પોતાની નાસ્તિતા જાણતો થકો,...**' સમજાણું? કેટલાક એમ માને કે બધા પરક્ષેત્રમાં હું છું એક માને. બીજો વળી એમ માને કે પરક્ષેત્રનું જ્ઞાન છે એ પરનું છે એમ માને. સમજાણું કાંઈ? સર્વવ્યાપક. પરક્ષેત્ર છે. એમાં ક્યાંથી વ્યાપી ગયો તું? એ સંબંધીનું જ્ઞાન છે એમાં તું વ્યાપ્યો છો. એ તો વ્યાપ્યો છો. એ જ્ઞાન વ્યાપવું એ તો તારો સ્વભાવ છે. પણ એને એમ થઈ જાય છે કે પરક્ષેત્રનું જ્ઞાન (થયું) તો પરમાં વ્યાપી ગયો, પરમાં પ્રસરી ગયો, પરમાં લાંબો થઈ ગયો.

'**જ્ઞેય પદાર્થોને છોડતાં છતાં ચૈતન્યના આકારોને છોડતો નથી; માટે તે તુચ્છ થતો નથી, નાશ પામતો નથી.**' આઠ થયા. નવ-નવ. હવે કાળનો છે. સ્વકાળની અસ્તિ. આત્મા વર્તમાન અનંત ગુણની વર્તમાન અવસ્થા જે થાય તેનાથી આત્મા અસ્તિ છે. પરકાળની અવસ્થાથી આત્મા નથી. એ વાત છે જુઓ. ૨૫૬.

**पूर्वालम्बितबोध्यनाशसमये ज्ञानस्य नाशं विदन्**
**सीदत्येव न किञ्चनापि कलयन्नत्यन्ततुच्छः पशुः।**
**अस्तित्वं निजकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुनः**
**पूर्णस्तिष्ठति बाह्यवस्तुषु मुहुर्भूत्वा विनश्यत्स्वपि।।२५६।।**

બહુ સરસ વાત. ઘણી વાત લીધી. જુઓ! આ સ્વકાળે આત્માની પર્યાય થાય એ

પર્યાય પરકાળની નથી. આત્મામાં અનંત ગુણ છે એ અનંત ગુણની વર્તમાન અવસ્થા થાય એ જીવનો સ્વકાળ છે. એ નિમિત્તો જે પરકાળ છે માટે અહીં સ્વકાળ થાય છે એમ નથી. અને નિમિત્ત પલટતાં પોતાની પર્યાય પલટી (ઈ) એને લઈને પલટી એમ નથી. સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ ઝીણો છે, ભાઈ! સૂક્ષ્મ મગજ કરવું પડે. સ્વાધીન સૂક્ષ્મતા. સૂક્ષ્મ સ્વાધીન. એક એક સમયની અવસ્થા આત્માના અનંત ભાવરૂપી ગુણ એ પછી લેશે. દ્રવ્ય લઈ લીધું, ક્ષેત્ર લઈ લીધું. પોતાના દ્રવ્યથી અસ્તિ છે, પરદ્રવ્યથી અસત્ છે. પોતાના સ્વક્ષેત્રથી સત્ છે, પરક્ષેત્રથી અસત્ છે. એ ચાર બોલ લઈ લીધા અને ચાર ઓલા લઈ લીધા. તત્, અતત્ એક. અનેક એમ આઠ થયા. આ શું કહે છે? ધરમચંદજી! સમજાય છે? બહુ સૂક્ષ્મ વાત છે ને.

'**શ્લોકાર્થ :- પશુ...**' ભગવાન! તને વિવેક નથી ને. છે તો ભગવાન પણ થઈ ગયો ભગુ પશુ. સમજાણું કાંઈ? છે તો ભગવાન. ચિદાનંદ ભગવાન પૂર્ણાનંદનો નાથ, પૂર્ણ પરમાત્મા પોતે હોં. આહાહા..! પણ ભગવાન થઈ ગયો ભગુ-પશુ. કહ્યું હતું ને? દાખલો સાંભળ્યો હતો કે નહિ? દાખલો નહોતો સાંભળ્યો? દાખલો અહીં તમે કેટલા વર્ષથી આવો છો ને સાંભળ્યો નથી? (સંવત) ૧૯૭૦માં દીક્ષા લઈને જેતપુર ગયા હતા. ૭૦-૭૦. ૭૦નો પોષ માસ. કેટલા વર્ષ થયા? આ ૫૫ ચાલે છે. ૭૦. ૭૦ સમજ્યા શું કહે છે તમારે? સત્તર. ૭ ને ૦. ૧૯૭૦, માગશર સુદ ૯, દીક્ષિત થયા ઉમરાળા. પછી ત્યાં ગયા. જેતપુર. જેતપુર ગયા હતા તો એક હતો કંદોઈ. કંદોઈનો છોકરો ૨૫-૩૦-૩૫ વર્ષની ઉંમર. એનું નામ ભગવાન. એનું નામ ભગવાન હતું. ભગવાનભાઈ! પણ ભોળો બહુ. ભોળો બહુ ને કાંઈ બિચારાને... આમ તોફાન નહિ હોં! કાંઈ નહિ. મૂર્ખાઈ નહિ. પણ ભોળો બહુ. એટલે ઘરના માણસો એના મા-બાપ કહે. બૈરા મોટા ભાઈ વહુને એમ કહે કે જુઓ ભાઈ! ભગુ પશુ છે. ભગુ પશુ છે. ભગવાન નામને એનું? એટલે ભગુ પશુ છે એનું ધ્યાન રાખો. એનું ધ્યાન રાખો. તોફાન કાંઈ નહિ, માણસ બહુ સરળ. મગજ ભોળું. કાંઈ ન મળે. એટલે મા-બાપ કહે ને દીકરાઓને, દીકરાની વહુને જો ભાઈ! આપણો ભગુ પશુ છે. એટલે પછી આવે પગે લાગવા આવે. મહારાજ! વંદના કરું છું. હું ભગુ પશુ છું. પહેલું તો મેં સાંભળ્યું કીધું આ શું કહે છે? અમારે મૂળચંદજી ને બધા હતા. ... મહારાજ! વંદના કરું છું. ભગુ પશુ છે. મેં કીધું, આ શું કહે છે તું ભાઈ? પંડિતજી! સમજાણું કાંઈ? કુટુંબમાં એના પિતાજી અને મા ઘરમાં કહે કે આ બહુ ભોળો છે. પશુ છે. એટલે ધ્યાન રાખવું એમ. ખાવા-પીવામાં. એ પગે લાગવામાં કહે, મહારાજ! હું ભગુ પશુ છું. શેઠી!

એ અહીં કહે છે. છે તો ભગવાન. આહાહા..! ભગ નામ લક્ષ્મીવાન. ભગવાન જ્ઞાનની

લક્ષ્મીની મૂર્તિ પ્રભુ છે. જેમ સ્ફટિકની મૂર્તિ હોય આમ આકૃતિવાળી અને સુંદર... સુંદર... સુંદર... એના કાન ને આંખ. એવો ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ અંદર અરૂપી છે. જ્ઞાનરૂપી સ્ફટિકની મૂર્તિ એવો ભગવાન પોતે જ્ઞાનલક્ષ્મીવાળો છે. પણ એને ભાન નહિ હોવાથી પોતાની વર્તમાન દશામાં જે કાંઈ સામે વર્તમાન દશા સામા દ્રવ્યમાં વર્તે છે તેનું પલટવું થતાં મારી અવસ્થા પણ પલટી ગઈ તો એને લઈને પલટી ગઈ એમ માને છે.

જ્ઞાનની વર્તમાન અવસ્થામાં જ્ઞેયોની અવસ્થા તે અવસ્થામાં તે પ્રકારે જણાતું. જુઓ! '**એકાંતવાદી અજ્ઞાની, પૂર્વાલંબિત જ્ઞેય...**' પૂર્વ અવલંબિત જ્ઞેય. એટલે જે જ્ઞાનની અવસ્થામાં પૂર્વે ખ્યાલમાં આવતું તે જ્ઞેય, '**પદાર્થોના નાશ સમયે...**' સામી અવસ્થા બદલી ગઈ. સમજાય છે? '**જ્ઞાનનો પણ નાશ જાણતો થકો,...**' અરે..! મારા જ્ઞાનમાં જે આલંબન... ભાઈ! આલંબન શબ્દ લીધો ને? આલંબનનો શું સંબંધ છે? પૂર્વ આલંબિત. આલંબિત છે ને? આલંબિત એટલે નિમિત્ત કાંઈક આવે છે ને. પ્રવચનસારમાં. આલંબન છે નિમિત્તનું. અહીં એ લીધું અમૃતચંદ્રાચાર્યે. કેમ કે આ વસ્તુ છે ભગવાન આત્મા એની જે જ્ઞાન અવસ્થા છે, એ જ્ઞાન અવસ્થામાં આમ બાહ્ય પદાર્થની જે વર્તમાન અવસ્થા છે, એને આલંબિત છે. આલંબિત એટલે નિમિત્ત છે. એ બાહ્ય અવસ્થા નિમિત્ત છે. એ નિમિત્તનું જ્ઞાન અહીંયાં પોતાનું છે. પણ એ નિમિત્ત પલટતાં આમ લક્ષ ત્યાં છે, નિમિત્ત પલટતાં હું પલટી ગયો અને મારો નાશ થઈ ગયો એમ પોતે માને છે. સમજાણું કાંઈ? એ અવસ્થા જે શરીરની, વાણીની, કર્મની આ બધી અવસ્થા વર્તમાન પર્યાય, એ અવસ્થાને અવલંબતો એટલે જ્ઞાનમાં તેનું નિમિત્ત હોવાથી તે જ્ઞાન તે પ્રકારનું જ્ઞાન કરે છે અને નિમિત્તની અવસ્થા જ્યાં બદલી એટલે જ્ઞાન અવસ્થા ત્યાં લક્ષવાળી છે. આ બદલી એટલે હું નાશ થઈ ગયો. પણ મારી પર્યાય પણ તે કાળે બીજી જાતની જાણવાની પલટી એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? 'સમય બદલાય છે જ્યારે બુદ્ધિ બદલાઈ..' શું કાંઈક કહે છે ને? એવું કહે છે ને? ગાયન સાંભળ્યું હતું ૭૫માં. બુદ્ધિ બદલાઈ જાય. સમય બદલાય એટલે બુદ્ધિ બદલાઈ જાય એમ કહે છે.

મુમુક્ષુઃ- ...

ઉત્તર :- હા, પણ ઈ કહે છે અહીં. બહારનું બદલ્યું એમાં તારી બુદ્ધિ ક્યાંથી બદલી ગઈ એને લઈને? એમ કહે છે. સમજાણું કાંઈ? ભાઈ! જ્યારે કાળ હતા અમારા, એ તે કાળે અમારે હાકેમની જેમ અમારે ત્યાં હાજર માણસો રહેતા. અને અમારો કાળ હતો...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધું પલટાય. બધું એટલે બધુંનો અર્થ એ એમ માને છે કે આ બધું ગયું

માટે હું પણ ભેગો (ગયો). મારી બુદ્ધિ ગઈ, મારું જ્ઞાન ગયું, મારી હુંફ ગઈ, મારી મહત્તા ગઈ. આહાહા..! ખેતશીભાઈ! મૂઢ છો કહે છે. પરદ્રવ્યની પર્યાય બદલતાં એમાં તને શું મહત્તા ગઈ તારી? સમજ્યાને? તું ક્યાં ત્યાં વયો ગયો છો? તારી અવસ્થા પણ તે સ્વકાળે જે થવાની હતી, પરની અવસ્થાનું નિમિત્ત છે અને તે નૈમિત્તિક તો તારી સ્વકાળની પર્યાય તારી છે અને આ નિમિત્ત પલટાય એ જાતનું જ્ઞાન હતું એટલે આમ જતાં એ આમ બદલ્યું એટલે હું પણ નાશ થયો. તે સમયે તે પ્રકારની જાણવાની અવસ્થાની યોગ્યતા હતી, બીજે સમયે બીજી સમયની યોગ્યતા આવી એમાં નાશ થયું શું? સમજાણું કાંઈ? આ તો એકલા ન્યાયના વિષય છે ને ભાઈ!

'**પૂર્વાલંબિત જ્ઞેય પદાર્થોના નાશ સમયે...**' નાશ સમય એટલે? એ પદાર્થની અવસ્થા પલટવાના કાળે. જે જ્ઞાનની વર્તમાન અવસ્થામાં જે સામી ચીજ છે વર્તમાન તેનું અહીં જ્ઞાન થાય એટલે આ જ્ઞાનમાં એ નિમિત્ત છે. અને એ નિમિત્તનું જ્યાં પલટવું થયું, અવસ્થાનું પલટવું, ત્યાં હું પલટી ગયો, એનું પલટતાં હું પલટી ગયો, પણ મારી અવસ્થા મારે કારણે થઈ હતી અને એ અવસ્થા પણ પલટી છે એ મારે કારણે પલટી છે. નિમિત્તના પલટવાથી પલટી છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**પૂર્વાલંબિત...**' એટલે નિમિત્તરૂપ '**જ્ઞેય પદાર્થોના નાશ સમયે જ્ઞાનનો પણ નાશ જાણતો થકો,...**' આહાહા..! એ સંબંધીનું જ્ઞાન એ જતાં મારું જ્ઞાન પણ નાશ થઈ ગયું. પણ જ્ઞાન તો તારો પર્યાય બદલ્યો છે. નાશ થયું નથી. તારો પર્યાય તે સમયે બીજો જાણવાનો એ બીજું આવ્યું. જ્ઞાન પહેલું એ સમયે જાણવાનું એ હતું અને બીજે સમયે બીજું જાણવાનું. એ પર્યાય પોતે પર્યાય પલટી, એ પલટતાં તારી પર્યાય વઈ ગઈ છે એમ છે નહિ. સમજાણું કાંઈ?

જુઓ! અહીં તો કેવળજ્ઞાનાદિ પર્યાય થાય. અહીં તો સાધકની વાત છે. સમ્યક્ મતિ, શ્રુતજ્ઞાનાદિ થાય એ પોતાનો પર્યાયધર્મ છે. પરને એ જાતનો જાણવાનો એનો સ્વભાવ છે. મતિ શ્રુતજ્ઞાન પણ જ્યાં પલટ્યું, વિશેષ થયું, વિશેષ થયું બીજે સમયે ત્યાં એને એમ લાગે છે કે આ બધું પલટ્યું ને માટે હું પલટ્યો. પણ મારો સ્વકાળ જે જ્ઞાનને જાણવાનો હતો તેને અને મને મારે લઈને, એ પર્યાય પલટી અને બીજે સમયે મારો પર્યાય મારાથી થયો છે, નિમિત્તથી થયો નથી. નિમિત્તથી થયો નથી, નિમિત્તનો નથી. જ્ઞેયના અવલંબે નિમિત્તે થયું તે એનું નથી અને એ જ્ઞાન એનું નથી, એનાથી થયું નથી અને એ જ્ઞાન એનું નથી. સમજાણું કાંઈ?

છતાં એમ માને છે કે '**એ રીતે જ્ઞાનને કાંઈ પણ નહિ જાણતો થકો...**' જ્ઞાનગુણ

ત્રિકાળ છે. તેની વર્તમાન અવસ્થા તે પ્રકારની પરને જાણવાની જે નિમિત્ત છે તે પ્રકારના નિમિત્ત છે. એને જાણવાની પોતાની જ્ઞાન અવસ્થા છે. તો જ્ઞાન કાયમ છે એમ ન જાણતો એ પરવસ્તુ બદલી, એની અવસ્થા બદલી એટલે જ્ઞાન અવસ્થા પણ બદલી ગઈ એટલે હું જાણે આ અવસ્થામાં નાશ પામી ગયો એમ માને છે. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગ માર્ગ જાણવા માટે જરી સૂક્ષ્મ બુદ્ધિ જોઈશે. એ કાંઈ બહારથી પકડાય એવું નથી. આહા..!

ચૈતન્ય ભગવાન અહીં તો એકલી જ્ઞાનથી જ આત્માની વાત લીધી છે હોં! અહીં વિકાર-બિકારની વાત છે નહી આમાં. સમજાણું? લ્યોને, રાગાદિ થયો એનું જ્ઞાન થયું અહીં. જ્ઞાનમાં એ રાગ નિમિત્ત. એ રાગ પલટીને પાછો કોઈ દ્વેષ આવ્યો. સમજાય છે? ક્રોધ આવ્યો, અરે..! આ જ્ઞાન મારું એને લઈને હતું. બદલાઈ ગયું. પણ બદલે ક્યાં? એ તો ક્રોધ ગયો ત્યારે માન આવ્યું કે માન ગયું અને ક્રોધ થયો, એ તો એની અવસ્થા જડની. એને અવલંબીને તારું જ્ઞાન હતું એ તારે લઈને હતું. એ અવસ્થા બદલી. એ પ્રકારે જાણવાનું જ્ઞાન સ્વકાળમાં આવ્યું. સમજાણું કાંઈ? ધરમચંદજી!

આ કેવો ધર્મ વીતરાગનો આવો! એ એવો ધર્મ છે કે તારું જે દ્રવ્ય છે, એનો વર્તમાનકાળનો જે પર્યાય છે, અનંત ગુણની પર્યાય હોં! અહીં તો જ્ઞાનની પ્રધાનતાથી વાત લીધી છે. એ તારી પર્યાય તે સ્વકાળે તે કાળે તે તારે કારણે થયેલી છે. અનંત ગુણની અવસ્થા સ્વકાળ એટલે એનો પર્યાય તે અનંત ગુણનો સ્વકાળ પોતાથી છે. એ સ્વકાળ પરને લઈને નથી. પરના સ્વકાળ એટલે પરનો સ્વકાળ એટલે પરની પર્યાય. આની અપેક્ષાએ પરકાળ. એ પરકાળની અપેક્ષાએ એટલે પરપર્યાયની અપેક્ષાએ સ્વપર્યાય નથી. સમજાણું કાંઈ?

જ્ઞાનની પર્યાયમાં એવું જણાયને? ઓલા સ્વપ્ના એવા આવે માઠા. ભૂતડાના ફલાણા ને ઢીકણા. તેને લઈને જ્ઞાનમાં પહેલું કાંઈક જાણતો હતો એ કહે હાય.. હાય.. આ શું થયું? આ શું થયું? સમજાણું? પણ થયું શું? તારો પર્યાય જાણવાનો એ પ્રકારનો છે એ તારે લઈને થયો છે. ભૂતડાને લઈને નહિ. અહીં થયું હતું ને છોકરાને નહિ તમારા? પોપટભાઈનો છોકરો મોટો. એવું થયું હતું. એવા સ્વપ્ના આવે ત્યાં હતા. રાતે બધાને એમ થયું ઓય મારું આ તો! એ પોતે કહેતો હતો એવા સ્વપ્ના આવે છે કે મરી જવાના બધા આવે છે, ભૂતડાના. મોટો મોટો છોકરો હતો ને? મોટો હતો પોપટભાઈનો. માંદો પડી ગયો હતો. કોણ જાણે અમે ગયા અને કુદરતે સરખું થઈ ગયું એટલે એમ થયું ઓહોહો.. આ તો મહારાજના દર્શનથી થયું.

મુમુક્ષુ :- અનેકાંત થયું.

ઉત્તર :- અનેકાંત થયું છે એનાથી? એવું થયું. છોકરાને લાગી ગયું હતું. બધાને લાગ્યું

હતું. બહુ નહોતો કહેતો? કે બહુ સ્વપ્ના માઠા આવે છે. ભયંકર સ્વપ્ના એવા આવે છે કે આ તો કોઈ.. આ શું? આ રોગ આ રોગ આવી વાત.. પણ એ તો એ જ્ઞાનમાં પર્યાય તે પ્રકારના આકારો તે છે એ જાણવાનો સ્વકાળ તે પોતાથી છે. એ કાંઈ પરને લઈને નથી. એની દૃષ્ટિ જેને જ્ઞાન ઉપર છે એ તો પોતાના સ્વકાળથી પોતે પોતાને ભાળે છે, પરને ભાળતો નથી. સમજાણું કાંઈ?

મોહનભાઈ એમ કહેતા. નહિ? આપણા મોહનલાલ કાળીદાસ મહારાજ! કોઈ નરકનું આયુષ્ય બંધાઈ ગયું હશે કે આ પરિણામ સરખા નથી. એ વળી એમ કહેતા. એ કહેતા. પછી છેલ્લે બહુ .. હોં. છેલ્લે તો એક મહિના કહે, આહાહા..! મારું જીવન પલટો થઈ ગયો. મહિનો, એક મહિનો. એ પછી દક્ષિણમાં ને મહારાષ્ટ્ર ગયા. એક મહિનો સાથે રહ્યા હતા. આ જીવન બદલાઈ ગયું. મહિના પહેલા અને અત્યારે મારું જીવન બદલાઈ ગયું. પણ એ બદલાણું એ પોતાને કારણે છે. સમજાણું કાંઈ? એ મોહનલાલ કાળીદાસ હતા, નહિ? તમે નહિ ઓળખતા હો. નાનાલાલ કાળીદાસ ગૃહસ્થ છે ને આપણે ત્યાં મંદિર બનાવ્યું છે રાજકોટ. એના ભાઈ હતા. ત્રણે કરોડપતિ છે. પણ એમ થયું કે હું શું નરકમાં જઈશ? કે નરકમાં હોઈશ? અરે..! આ કેમ પરિણામ બગડે છે બધા? હવે પણ પરિણામ તો એ જાતના હોય એ જાણ. સમજાય છે કાંઈ? એઈ..!

અજ્ઞાની પૂર્વના નિમિત્તનું જ્ઞાન છોડતો જ્ઞાન વસ્તુનું અસ્તિત્વ જ નહિ માનતો. પણ મારી હયાતી ત્રિકાળ રહીને જ્ઞાનની અવસ્થા સ્વકાળે મારે કારણે થાય છે. પર કારણે નહિ. પર બદલ્યું છતાં હું કાંઈ એને કારણે બદલ્યો નથી. મારી પર્યાય બદલે પણ ગુણ કાયમ રહીને બદલે છે. સમજાણું? આહાહા..! ખરેખર તો એ સમયનું જ્ઞાન તે જ ગુણમાંથી આવવાની લાયકાત હતી. લ્યો, એવી વાત છે. એ ગુણમાં જે સમયની પર્યાય એ પ્રકારની આવવાની લાયકાત હતી. નિમિત્તને લઈને નહિ, પૂર્વ પર્યાયને લઈને નહિ, ખરેખર ગુણ આખાને લઈને નહિ. એવી એક વાત છે. સમજાણું? એવી એની યોગ્યતાનો જે અંશ છે એ જ અંશ બહાર આવવાનો છે પોતાને. એમ ન માનતા આ અંશ પરને લઈને થયો અને પરને લઈને થયો માટે એને કાઢી નાખું મારામાં રહેવા માટે. પણ એ તો પરનું જ્ઞાન તારું છે, એ પર સંબંધીનું જ્ઞાન કાંઈ પરનું નથી. એને કાઢી નાખતા તું આખો નીકળી જઈશ. સમજાણું કાંઈ?

**'અત્યંત તુચ્છ થયો થકો નાશ પામે છે;...'** અજ્ઞાની તો ખાલી થઈ જાય છે. હાય.. હાય.. અરે..! હું કાંઈ રહ્યો નથી. ચૈતન્યમાત્ર ભગવાન એની વર્તમાન અવસ્થામાં, શ્રદ્ધાની અવસ્થા, જ્ઞાનની અવસ્થા, શાંતિની જે અવસ્થા વીર્યની, એ બધી પરને લઈને છે એમ માનનાર અને પર બદલ્યું એટલે હું પણ એને લઈને, એને લઈને બદલ્યો. મારે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



લઈને બદલ્યો, મારું ત્રિકાળ લઈને બદલ્યો એમ માનતો નથી. તેથી તુચ્છ થઈને રહે છે, એટલે અજ્ઞાની થઈને રહે છે એટલે પશુ થઈને રહે છે વિવેક વિનાનો. એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

**'અને સ્યાદ્વાદનો જાણનાર તો આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો,...'** ભાષા જુઓ! ભગવાન આત્મા અનંત ગુણ જે ત્રિકાળ છે એ તો એનો ત્રિકાળ સ્વકાળ છે. પણ એના વર્તમાન પર્યાયથી હું જીવું છું. એ મારા સ્વકાળથી હું છું. '**નિજકાળથી અસ્તિત્વ જાણતો થકો,...**' મારા ગુણની જે એક એક સમયની પર્યાય સ્વકાળે (થાય) એ મારાથી છે. શ્રદ્ધાની પર્યાય મારાથી છે, શાંતિ મારાથી છે, આનંદ મારાથી છે, અનંત ગુણનો સ્વકાળ વર્તમાનના તે સમયના અસ્તિત્વનું સત્ એ મારાથી છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં સમય સમયની વ્યાખ્યા છે આમાં. સમય સમયના અનંત ગુણનો સ્વકાળનો પર્યાય એનું અસ્તિત્વ મારાથી છે. પૂર્વની પર્યાયથી નહિ, નિમિત્તથી નહિ. એમ.

આમ વસ્તુ છે અનંત ગુણનો પિંડ એમાં જ્ઞાયક આખો વ્યાપક છે. એ જ્ઞાનની પર્યાય થતાં એમાં અનંત ગુણની સાથે એના મારા સ્વકાળથી મારું હોવાપણું છે. આ જ્ઞાનની વિશેષતા થઈ એ કાંઈ પરના નિમિત્તને લઈને થઈ નથી. એમ નિમિત્તનું જ્ઞાન થયું એ કાંઈ નિમિત્તનું જ્ઞાન નથી. નિમિત્ત સંબંધી પોતાનું જ્ઞાન છે. નિમિત્ત સંબંધીનું પોતાનો કાળ એ સ્વકાળ છે. સમજાણું કાંઈ?

**'આત્માનું નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો,...'** જેની જ્ઞાનીની નજર દ્રવ્ય ઉપર છે, ત્રિકાળ ટકતા ઉપર છે. માટે તેની અવસ્થા વર્તમાન તે મારાથી છે, તે પરથી છે નહિ. આહાહા..! કેટલાક એમ પૂછે કે પણ આવું જ્ઞાન પશુને તો હોતું નથી. એને સમ્યગ્દર્શન થાય ને? ભાઈ! એને બધું આમ થાય છે. સાંભળને. બધી સ્વતંત્રતાનો ઢંઢેરો અંદર ભાસે છે એને પણ. સમજાણું કાંઈ? પશુ સમકિત પામે. અમારે માણસને આટલું બધું મુશ્કેલીવાળું! સમકિત પામે એને બધી આ રીતે જ ભાન હોય છે. ભલે વ્યક્તપણે અંદર વિશેષતા ન હોય, પણ એને અવ્યક્તપણે આ રીતે જ ભાસ છે. મારા જ્ઞાનની અવસ્થા પરના નિમિત્તને લઈને થઈ નથી. નિમિત્ત બદલ્યું માટે હું બદલી ગયો એમ નથી. મારો કાયમનો ગુણ રહીને હું બદલ્યો છું એ મારા સ્વકાળને લઈને બદલ્યો છું. પરકાળને લઈને બદલ્યો નથી. સમજાય છે કાંઈ?

જુઓ! આ સાંભળતા જ્ઞાન થાય. કહે છે કે એ તો જ્ઞાનમાં અવલંબન શબ્દો નિમિત્ત હતા અવલંબન. અને એ શબ્દો જ્યાં બીજા આવ્યા ત્યાં બદલી ગયો શબ્દ ત્યાં પર્યાય બદલી એટલે મારું જ્ઞાન બદલી ગયું એને લઈને. એમ નથી. પ્રત્યક્ષ છે કે નહિ? કે વિશેષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ્ઞાન બીજે સમયે થાય છે અને પહેલા સામાન્ય હતું. એ સામાન્ય પહેલો ખ્યાલ આવ્યો, પછી વિશેષ ખ્યાલ આવ્યો તો પોતાને પરના અવલંબે વિશેષ ખ્યાલ આવ્યો. એમ નથી. પરને અવલંબે થયો નથી. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'**નિજ કાળથી અસ્તિત્વ જાણતો થકો, બાહ્ય વસ્તુઓ વારંવાર થઈને નાશ પામતાં છતાં પણ,...**' દેખો! આત્મા સિવાય બીજા પદાર્થોની અવસ્થા અનેકપણે ભિન્ન ભિન્ન થઈને નાશ પામતાં છતાં '**પણ, પોતે પૂર્ણ રહે છે.**' જુઓ! ભાષા એમ છે ને? '**પૂર્ણઃ તિષ્ઠતિ**' હું તો પૂર્ણ જ્ઞાનાનંદ છું. મારો સ્વભાવ પૂર્ણ છે અને પર્યાય પણ મારાથી પૂર્ણ એટલે ખંડ વિનાની. આની એમ નથી. હું મારું અને પરનું (જ્ઞાન) પર્યાય પૂર્ણ મારાથી છે બધું. પર સંબંધીનું અવલંબનનું જ્ઞાન એ મારું અને મારું જ્ઞાન એ બધાથી પૂર્ણ હું મારાથી છું. પરને લઈને નથી. સમજાણું કાંઈ? ઓલો તુષ્ઠ થઈ જાય છે. આ મિથ્યાત્વ અને સમકિતની બેની વાતું છે આમાં.

'**ભાવાર્થ :- પહેલાં જે જ્ઞેય પદાર્થો જાણ્યા હતા તે ઉત્તર કાળમાં નાાશ પામી ગયા;...**' કોણ? પર્યાય હોં! પદાર્થ કાંઈ નાશ પામી જતા નથી. પહેલાં જે જ્ઞાનમાં આવ્યા હતા શરીર, વાણી, શબ્દો એ જ્યાં પલટે એ જ્ઞાનને અવલંબન એ હતું નિમિત્ત અને નિમિત્તની અવસ્થા પલટી તો હું પલટી ગયો. '**ઉત્તર કાળમાં નાશ પામી ગયા; તેમને દેખી એકાંતવાદી...**' પરથી પોતાનું જ્ઞાન માનનારો. કાં પરથી જ્ઞાન છે એ પરનું છે એમ માનનારો, પરથી જ્ઞાન માનનારો અને કાં પરનું જ્ઞાન પરથી થયું છે એમ માનનારો અને પરનું જ્ઞાન પરનું છે એમ માનનારો '**પોતાના જ્ઞાનનો પણ નાશ માની અજ્ઞાની થયો થકો આત્માનો નાશ કરે છે.**' આ તો મોટા પંડિતોની વાતું હશે એમ હશે? .. જાણે. .. જાણે છે. મારું જ્ઞાનસ્વરૂપ વર્તમાનમાં તે પ્રકારના નિમિત્તોને અવલંબીને એટલે નિમિત્ત છે તેને લક્ષે થયું છે છતાં તે જ્ઞાન છે મારું. એનું નહિ અને તે જ્ઞાન પરનું નહિ, માટે એને કાઢી નાખું તો હું ચોખ્ખો રહું એમ છે નહિ.

જ્ઞાની '**સ્યાદ્વાદી તો, જ્ઞેય પદાર્થો નષ્ટ થતાં પણ...**' જણાવા યોગ્ય પદાર્થની અવસ્થા બદલતાં પણ '**પોતાનું અસ્તિત્વ પોતાના કાળથી જ માનતો થકો...**' ત્રિકાળથી હું છું અને વર્તમાન અવસ્થાથી પણ હું છું. શબ્દ ફરે ત્યારે જ્ઞાન ફરે કે નહિ? શબ્દ ફરે તો એક એક શબ્દ ફરતો જાય. જુઓ! અહીં શબ્દ ફરે તો ત્યાં તેમ જ્ઞાનની પર્યાય ફરતી જાય છે કે નહિ? જ્ઞાનને શબ્દો નિમિત્ત છે કે નહિ? એ પર્યાય બદલી તો અહીં બદલી જાય છે તો એને લઈને બદલે છે?

અહીં તો કહે કે તારી પર્યાય અનંત ગુણની જે છે એ તારા હોવાથી સ્વકાળના તે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાળે તે જ પર્યાય તે જ પ્રકારનો તારો પોતાનો છે. એક એક સમયના અનંત ગુણનો જે પર્યાય છે, જ્ઞાનનો, શ્રદ્ધાનો, શાંતિનો, અસ્તિત્વનો છે એ તારો તારાથી છે. એ પર્યાય પરનું ભલે જ્ઞાન કરતું હોય છતાં એ પરથી નહિ અને પરનું નહિ. સમજાણું? એ તો તારું છે. મારા સ્વકાળનું અસ્તિત્વ છે. જ્ઞાનસ્વભાવમાં હું મારામાં સ્વકાળમાં, મારા સ્વકાળને જાણું અને પરકાળ સંબંધીનું મારા સ્વકાળમાં જાણું, બે થઈને હું આખો છું. સમજાય છે? મારા પર્યાયમાં સ્વકાળમાં મને હું જાણું અને મારા સ્વકાળમાં પરના કાળને હું મારામાં રહીને, પરને લઈને નહિ અને મારામાં રહીને જાણું એવું એ બેનું એકરૂપ મારું છે. સમજાણું કાંઈ?

દયા, દાનના પરિણામનું જ્ઞાન, એ દયા-દાનના પરિણામે થયું નથી અને દયા-દાનના પરિણામ બદલીને જરી હિંસાના આવ્યા માટે હું જ્ઞાન પર્યાય એને લઈને બદલી ગઈ એમ નથી. તે પ્રકારે તે કાળમાં મારું જ્ઞાન મને જાણે અને તે પ્રકારનો ભાવ તેને પોતામાં રહીને, તેને અડ્યા વિના, તેના સંબંધ વિના પોતાને જાણે. એ આખું જ્ઞાન પોતાનું પૂર્ણ છે. બાબુભાઈ! ઝીણું તો ખરું. સવારમાં આવ્યું એથી ઝીણું વળી અત્યારે. આજે સવારમાં કહે ઝીણું બહુ આવ્યું. સવારમાં તો હજી બહુ ઓલું સહેલું હતું.

મુમુક્ષુ :- એના કરતા અત્યારે વધારે છે.

ઉત્તર :- ઝીણું છે અત્યારે. સવારે કહેતા હતા. અહીં તો છેટેથી આવ્યા તો કાંઈક સારું સાંભળવું જોઈએ ને. આહાહા..!

તારા હોવામાં અનંતા ગુણો છે એ પછી કહેશે. અને પ્રવાહ ક્યાંથી આવ્યો એ. આ તો આવ્યો એ કાળ મારો છે એમ સિદ્ધ કરે છે. અનંત ગુણની એક સમયની અવસ્થા, એમાં ભલે કહે છે કે ઘણા લોક જણાય. ઘણા દ્રવ્ય, ઘણા ક્ષેત્ર, ઘણા કાળ અને ઘણા ભાવ. એની સામી અવસ્થા હોં! એ વર્તમાન અવસ્થા ત્યાં હોય એની એ અહીં જણાય. અને એ અવસ્થા બદલતા આ બદલે પણ એ કાંઈ એને લઈને બદલ્યો નથી. એ તો કહે, એય..! મારા જ્ઞાનમાં આ જ પ્રકારનું જ્ઞાન હતું ને નિમિત્તનું? એ જ પ્રકારનું હતું તો નિમિત્ત બદલ્યું તો બીજા પ્રકારનું થઈ ગયું માટે મારી અવસ્થાનો નાશ થઈ ગયો. સમજાણું કાંઈ?

ધર્મી તો પોતાનું હોવાપણું પોતાના સ્વકાળથી માનતો થકો પોતાને નષ્ટ થવા દેતો નથી. જીવતો જ્ઞાની રાખે છે જ્ઞાનને. જ્ઞાનને જીવતું-ટકતું રાખે છે એમ કહે છે. પરનું જ્ઞાન પરસંબંધીનું જ્ઞાન એ મારો સ્વકાળ છે. એમ સ્વકાળને જીવતો ને ટકતો રાખે છે. અજ્ઞાની એ ટકતો રાખતો નથી. લ્યો, બે શ્લોક કહ્યાં. ત્રીજો આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ ૧૧, શુક્રવાર તા. ૭-૬-૧૯૬૮**
**શ્લોક-૨૫૭, પ્રવચન-૫૩૦**

નવ કળશ થયા. દસમો ચાલે છે. ૨૫૭ કળશ છે.

**अर्थालम्बनकाल एव कलयन् ज्ञानस्य सत्त्वं बहि-**
**र्ज्ञेयालम्बनलालसेन मनसा भ्राम्यन् पशुर्नश्यति।**
**नास्तित्वं परकालतोऽस्य कलयन् स्याद्वादवेदी पुन-**
**स्तिष्ठत्यात्मनिखातनित्यसहजज्ञानैकपुञ्जीभवन्।।२५७।।**

'**શ્લોકાર્થ :- પશુ...**' ચૌદ બોલમાં પશુ કહ્યા છે. જેને વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જેવો આત્મા કહ્યો સ્વતંત્ર એવી જેને ખબર નથી. ભગવાન કેવળજ્ઞાનીએ આત્માને દ્રવ્યથી સ્વતંત્ર, ક્ષેત્રથી સ્વતંત્ર, કાળથી સ્વતંત્ર અને ભાવથી સ્વતંત્ર (જોયો છે). એ રીતે પોતાથી સ્વતંત્ર છે અને પરથી એ નથી. એમ જે માનતો નથી એ પરથી મારું હોવાપણું છે એમ માનનારને અહીંયા પશુ અને મિથ્યાદૃષ્ટિ કહ્યો છે. સમજાણું કાંઈ? આત્મા એક સમયમાં અનંત ગુણનો પુંજ એવું દ્રવ્ય, અસંખ્ય પ્રદેશી એનું ક્ષેત્ર, એક સમયમાં અનંતા ગુણની વર્તમાન થતી પોતાને કારણે પોતાની અવસ્થા અને અનંતા ગુણરૂપ ભાવ એવો આત્મા છે. એવો આત્માને ન માનતા પરને લઈને મારું કાંઈક છે આત્મામાં એમ માનનારને મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અને પશુ કહેવામાં આવ્યો છે. પશુ કીધો પહેલા જુઓ!

'**અજ્ઞાની એકાંતવાદી,...**' ત્રણ વિશેષણ આપ્યા. '**જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો,...**' ઝીણી વાત છે થોડી. આ આત્મા છે એની જે જ્ઞાનની અવસ્થા થાય છે વર્તમાન એમાં સામું જ્ઞેય જે ચીજ છે એ અવસ્થાનું અવલંબન એના જ્ઞાનમાં નિમિત્ત છે. એથી અજ્ઞાનીને એમ થાય છે કે આ જ્ઞાનની અવસ્થા પરને લઈને થઈ. સમજાણું કાંઈ? જુઓ! શબ્દ તો આલંબન પડ્યો છે. છે ને? આલંબન આલંબન માણસ કહે છે. ભાઈ! ભગવાનની પ્રતિમાનું તો આલંબન છે ને? એને લઈને આત્માની પર્યાય થાય કે નહિ?

મુમુક્ષુ :- જરાય નહિ.

ઉત્તર :- તો પછી પ્રતિમા રાખી શું કરવા? ભગવાનજીભાઈ! ઝીણી વાત છે ભાઈ!

આત્મા પોતામાં અનંત ગુણ અનાદિઅનંત છે. એની વર્તમાન પ્રવાહ, અનંત ગુણની અવસ્થાનો સ્વકાળ પોતાની અવસ્થાથી તે થાય છે. એ સામાની અવસ્થાનું અવલંબન એમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દેખીને અજ્ઞાનીને એમ થાય છે કે એને લઈને આ થયું, એને લઈને આ થયું. તો પોતાના વર્તમાન અસ્તિત્વના જ્ઞાનની એણે નાસ્તિ કરી. પંડિતજી! ભારે માર્ગ! લ્યો, અહીં તો આલંબન કાળમાં તો આલંબન જ નાખ્યું છે બેયમાં. પહેલામાં હતું ને? આમાં પણ આલંબન, ઓલામાં નહિ? આમાં પણ આલંબન આવ્યું. '**पूर्वालम्बितबोध्यनाश**' એમાં પણ હતું. કાળમાં પણ આમ આલંબન શબ્દ વાપર્યો છે. વર્તમાન નિમિત્ત છે ખરું ને. બેય કાળમાં. શું કહ્યું સમજાય છે કાંઈ?

આત્મામાં અનંત ગુણની વર્તમાન અવસ્થા જે જ્ઞાનની થાય, જ્ઞાનગુણ છે આત્મામાં, એની વર્તમાન અવસ્થા થાય એ પોતાથી થાય છે. પણ સામું જેવું જ્ઞેય છે એવું જ અહીં જ્ઞાન પોતામાં થાય છે. એથી અજ્ઞાનીને ભ્રમ પડી જાય છે કે આ જ્ઞેય છે ત્યાં સુધી આ મારું જ્ઞાન થાય છે. એ જ્ઞેય બદલી જાય તો મારું જ્ઞાન પણ રહેશે નહિ. સમજાય છે કાંઈ? જુઓ!

'**અજ્ઞાની એકાંતવાદી,...**' એક જ પક્ષે જોનારો. પોતાનું હોવાપણું નહિ જાણનારો. '**જ્ઞેય...**' એટલે આ શરીર... આમાં તો એ નાખ્યું છે ભાઈ! સમયસારમાં શરીરને નાખ્યું. એમ કે શરીર છે એટલે હું છું. શરીર છે એટલે હું છું એવું નાખ્યું છે. એ નાખ્યું છે. બનારસીદાસે. ... આવે છે. આ શરીર થયું અવસ્થા આવી એટલે હું છું એને લઈને. શરીરની અવસ્થાને લઈને હું છું. પણ મારી અવસ્થાને લઈને હું છું, શરીરની અવસ્થાને લઈને નહિ.

મુમુક્ષુ :- શરીર સાજું હોય તો..

ઉત્તર :- શરીર ધૂળેય સાજું હોય તો એની અવસ્થા. એમાં આત્માને શું? શરીરની નિરોગ અવસ્થા હોય તો આત્માની જ્ઞાન અવસ્થા સારી રહે અને ઊપજી શકે એમ માનનાર મૂઢ છે એમ અહીં કહે છે. કેમકે પરવસ્તુની અવસ્થા એ તો જડની છે. આ તો માટી શરીરની છે. એ અવસ્થા એના જ્ઞાનમાં આવી કે આમ છે. એટલે એ એમ માને છે કે આ શરીરની અવસ્થા આવી રહે તો હું સરખો રહું, શરીર નિરોગી રહે, શરીર અનુકૂળ રહે, પાંચ ઈન્દ્રિયો સરખી રહે તો હું સરખો (રહું)-મને જ્ઞાનની અવસ્થા મારી સરખી થાય. એમ માનનાર પરના નિમિત્તથી થાય છે અને એ હોય તો મારી અવસ્થાની હયાતી છે એમ માનનાર પોતાની સ્વતંત્ર હયાતીનો નાશ કરે છે, મિથ્યાત્વપણું સેવે છે. ભગવાનજીભાઈ! ઝીણું ભારે ભાઈ! વીતરાગનો માર્ગ એટલો ઝીણો. એક કોર વળી આ કહે આલંબન. વળી અહીં આલંબનના શબ્દો આવ્યા. વળી આલંબનથી થાય નહિ. એઈ..! આહાહા..!

'**જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ...**' એમ. એટલે આત્મામાં જ્ઞાનની અવસ્થા થાય છે એમાં નિમિત્તપણું જે સામે છે તેના નિમિત્તપણાના કાળને લઈને, '**જ્ઞાનનું અસ્તિત્વ...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મારી અવસ્થા જ્ઞાનની વર્તમાન એને લઈને અહીં થયેલી છે. મારું હોવાપણું જ્ઞાનની અવસ્થાનું એ ચીજ છે તો છે. શરીર છે તો છે, ભગવાન છે તો છે, વાણી છે તો છે. કહો, સમજાણું કાંઈ? આ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય અને ત્યાં અજ્ઞાની ગયો હોય સમવસરણમાં. પણ એ એમ જાણે છે કે આ ભગવાન છે ને આ આવી અવસ્થા, એ અવસ્થાને લઈને મને અહીં જ્ઞાનની અવસ્થા થઈ. પણ મારી જ્ઞાન અવસ્થા મારાથી થઈ છે, એનાથી નહિ એમ અજ્ઞાની માનતો નથી. સમજાણું કાંઈ?

'**જ્ઞેય પદાર્થોના આલંબન કાળે...**' એટલે નિમિત્તની વર્તમાન અવસ્થાના કાળે. '**જ્ઞાનનું...**' એટલે પોતાની અવસ્થાનું હોવાપણું જાણતો થકો. '**બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા...**' શું કહે છે? એને તો બાહ્ય પદાર્થ બહુ અનુકૂળ હોય ને જાણવામાં, તો એ રહે તો હું રહું, એ રહે તો હું રહું એમ માનનારો બાહ્ય પદાર્થને અનુકૂળ રાખવાનો લાલસાવાળો છે. શરીર ઠીક હોય, ભગવાન સામે હોય, વાણી સામે હોય, કહો સમજાણું કાંઈ? શાસ્ત્ર સામે હોય, ગુરુ સામે હોય તો મારી અવસ્થા સારી થાય, મારી દશા-અવસ્થા સારી થાય એમ અજ્ઞાની બાહ્ય જ્ઞેયની લાલસાવાળો ચિત્તમાં પરમાં ભમ્યા કરે છે. પંડિતજી! ઝીણું બહુ ભાઈ! આહાહા..! ભગવાન! તો પછી આ જાત્રામાં જાવું શું કરવા? એમ કહે છે. પંડિતજી! ભાઈ! એ વખતે પોતાની જ્ઞાન અવસ્થા પોતાને કાળે થઈ છે. પરને લઈને નહિ. કારણ કે પરવસ્તુ સ્વતંત્ર એની અવસ્થાવાળો છે. આ પણ પોતાના ગુણની વર્તમાન અવસ્થાથી સ્વતંત્ર છે. એ પોતાની અવસ્થા તે જ પ્રકારનું નિમિત્ત છે અને આલંબન છે માટે તેવી થઈ, માટે તેને લઈને થઈ અને તેને લઈને મારું હોવાપણું છે જાણવાની અવસ્થાનું, એ જૂઠી વાત છે. ઝીણું બહુ ભાઈ! વીતરાગ માર્ગ એવો. વળી એમાં નિમિત્ત હોય પાછું. નિમિત્તથી થાય નહિ અને નિમિત્ત હોય. આ ભારે! એય.. વજુભાઈ!

મુમુક્ષુ :- વજુભાઈ આમાં સ્વાધ્યાય મંદિરમાં નિમિત્ત હતા.

ઉત્તર :- સ્વાધ્યાય મંદિરમાં નિમિત્ત હતા, આ પુસ્તકમાં એમના ભાઈ હતા નિમિત્ત. બે નિમિત્ત આ ઊભા.

મુમુક્ષુ :- નિમિત્ત ન હોય તો થાય?

ઉત્તર :- નિમિત્ત ન હોય તો પણ થયું છે આ. ઈ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? પદાર્થ છે કે નહિ? આ વસ્તુ પદાર્થ છે કે નહિ? અને છે તો એનો કોઈ વર્તમાન અવસ્થાનો કાળ છે કે નહિ? અને વર્તમાન અવસ્થા છે તો એ વર્તમાન અવસ્થા એનાથી થાય છે. પરથી થાય છે?

મુમુક્ષુ :- એમાં નિમિત્તનું શું કામ છે?

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- કોણે કીધું કામ છે? હો. સામે હોય છે. હોય એટલે શું? પરથી થાય છે? એમ છે નહિ. પોતાના જ્ઞાનગુણની જે વર્તમાન અવસ્થામાં જે અવસ્થા, જે પ્રવાહ પરિણમે છે એ પોતાને કારણે છે. સામા નિમિત્તોનું લક્ષ હોવા છતાં એ લક્ષને લઈને આ અવસ્થા છે એમ નથી. બહુ ઝીણું. આલંબન શબ્દ મૂકીને તો આચાર્યે (ગજબ કામ કર્યા છે). આમ નિમિત્તનું આલંબન છે કે નહિ? આલંબન છે કે નહિ? આમ ત્યાં જાય છે. આ છે તો આ છે, આ છે તો આ છે. એ નિમિત્ત છે તો છે, આલંબન છે તો છે. જ્ઞાન પાછું જેવું નિમિત્ત હોય અને આલંબન હોય એવું જ અહીં જ્ઞાન થાય. છતાં એ નિમિત્તને આલંબનને લઈને નહિ. સમજાણું કાંઈ?

'**બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી (બહાર) ભમતો થકો...**' એટલે શું? આમ નિમિત્તો અનુકૂળ હોય એનું આલંબન લઉં તો મને જ્ઞાન સારું થાય. એટલે બહાર ચિત્ત ભમ્યા કરે એનું. બહારમાં જ એનું ચિત્ત (ભમ્યા કરે). અંતરમાં મારી અવસ્થા મારે લઈને થાય માટે અંતરમાં હું આનંદ છું, મારો જ્ઞાનનો ખાણ આત્મા છે, એમાં જોઉં. એને લઈને મારી અવસ્થા થાય છે. એમ અજ્ઞાનીને અંતર્મુખ થવાનો અવકાશ છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

'**પશુ અર્થાત્ અજ્ઞાની એકાંતવાદી, જ્ઞેય પદાર્થોના આલંબન કાળે જ જ્ઞાનનું અસ્તિત્વ જાણતો થકો, બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી (બહાર) ભમતો થકો...**' એ તો બહાર જ ચિત્ત એનું જાય છે. એને લઈને થાય છે? હા, એને લઈને થયું ને. જેમ જેમ નિમિત્તો સારા હોય એમ મારું જ્ઞાન સારું થાય. સમયસાર સામે સારું પુસ્તક હોય. પદ્મપુરાણ હોય તો એવું જ્ઞાન થાય?

મુમુક્ષુ :- અનુવાદ સારો હોય તો દેવાય ને નહિતર દેવાય?

ઉત્તર :- અનુવાદ સારો ત્યાં હોય તો એવું જ્ઞાન ત્યાં આવે અંદરમાંથી. એને લઈને. તો બરાબર સમજાય. વાત જ ખોટી છે, કહે છે. એ શાસ્ત્રના અર્થોનું અવલંબન જ્ઞાનની અવસ્થામાં નિમિત્ત હો, પણ એ અવલંબનને લઈને જ્ઞાન અવસ્થા થઈ છે એમ નથી. ભારે વાત આકરી. એ પોતાનું હોવાપણું જે રીતે છે એવું એણે માન્યું જ નથી. આમ આત્મા આત્મા કરે છે. અમે આત્મા માનીએ છીએ. પણ શી રીતે માનો છો? તારી વર્તમાન અવસ્થા નિમિત્તના અવલંબનને લઈને નથી, તારે લઈને છે એમ જે માનતો નથી એ વર્તમાન અંશના અસ્તિત્વને સ્વીકારતો નથી. તો ત્રિકાળી અસ્તિત્વ અનાદિઅનંત છે એને તે સ્વીકારી શકતો નથી. સમજાણું કાંઈ?

'**બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા...**' શરીર સારું રાખું, ઇન્દ્રિય સારી રહે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


તો મને જ્ઞાન કામ કરે, પાંચ ઈન્દ્રિય સરખી રહે તો જ્ઞાન કામ કરે. ઈન્દ્રિય સરખી રહે નહિ. તો જ્ઞાન કામ કરશે નહિ. જુઓ! ચશ્મા-બશ્માના દાખલા આપે છે કે નહિ બધા? દેખીતું છે ને. ભ્રમ અજ્ઞાનીનો કે આ ચશ્મા હોય તો જ્ઞાન થાય. લ્યો, આ ન હોય તો ન થાય જુઓ. સાંભળને! જ્ઞાન થાય જ છે ત્યાં. નથી થાતું કોણે કીધું? જ્ઞાનની અવસ્થાને કાળે પોતાને કારણે જ્ઞાન થાય છે. ચશ્મા ન હોય તો પણ પોતાને કારણે અને હોય તો પણ પોતાને કારણે (થાય છે). પરને કારણે જ્ઞાન અવસ્થા થતી નથી. પંડિતજી! ભારે વાત ભાઈ! આસ્થાવાળો શ્રદ્ધાવાળો કોને કહેવો એની ખબર નથી.

ભગવાન પરમેશ્વર કેવળીએ આત્માને એવો જોયો અને છે કે એની વર્તમાન જ્ઞાનાદિ અનંત ગુણની અવસ્થા એ સમયની પોતાને કારણે, પોતાને કાળે તે પ્રકાર થવાનો તે થયો છે. છતાં અજ્ઞાની એમ કહે કે આવું નિમિત્ત છે, આ મારું આલંબન એવું છે માટે એવું જ્ઞાન થાય છે. એમ માનનારા બાહ્ય પદાર્થની લાલસા છોડતા નથી. એથી બાહ્ય પદાર્થમાં ચિત્તનું ભ્રમણ ખસતું નથી અને અંદરમાં આવતું નથી. સમજાણું કાંઈ? લાવ બે પાના, દસ પાના વાંચી લઉં વધારે તો જ્ઞાન થાશે. જુઓ! આમાં તો એ કહે છે. એક પુસ્તક વાંચી લઉં તો જ્ઞાન થાશે. કહે છે કે એની જ્ઞાનની અવસ્થા તે કાળે, તે તે કાળે સમયે સમયે પોતાથી થાય છે, છતાં તે તેનાથી થાય છે એમ માનીને ભ્રમણામાં પડ્યો છે.

મુમુક્ષુ :- આ બધો પ્રચાર શેનો?

ઉત્તર :- કોણ પ્રચાર (કરે) છે? ક્યાંનો પ્રચાર છે? એઈ..! ઓલા કહેતા હતા એનો.

અહીં તો વાત (ઈ છે કે) જે સમયમાં વસ્તુ ભગવાન આત્મા છે એ તો ત્રિકાળ અને એનો ગુણ પણ ત્રિકાળ અને એ ત્રિકાળનું વર્તમાન પણ સ્વતંત્ર ત્રિકાળ. તે ત્રિકાળ વર્તમાન... વર્તમાન... વર્તમાન... વર્તમાન.. ત્રિકાળ વર્તમાન પોતાથી ન માને તો ત્રિકાળ વર્તમાન પોતાથી નહિ એટલે ત્રિકાળી આત્મા પણ પોતાથી ન માન્યો. સમજાય છે કાંઈ?

એક સમયની અવસ્થા તે પ્રકારની પોતાથી ન માનતા નિમિત્તને અવલંબનને લઈને માને તો બીજા સમયની એને લઈને, ત્રીજા સમયની, એમ કરીને ત્રણ કાળની અવસ્થા પરને લઈને એટલે પોતાનું હોવાપણું પરને લઈને છે. મારાથી હોવાપણું માન્યું નહિ. સમજાણું કાંઈ? પંડિતજી! એઈ..! શું તો પછી આ બધા જાત્રા કરવા નીકળી ગયા હતા. ચાલો જાત્રા. ત્યાં બહુ લાભ થશે. એય..! આ રહ્યા. નવું આને કરવું છે. મંદિર કરે છે ને અમદાવાદમાં. કોઈ મંદિર હોય અને પ્રતિમા સરખી હોય અને મોટી પ્રતિમા હોય લ્યો છ ફૂટની, આઠ ફૂટની. કેટલા ફૂટની કરવાની છે તમારે? છ ફૂટની. દેખાય બધાને. ઓહોહો..! બાહુબલીજી કેટલે દૂરથી દેખાય છે. જોયું છે? બાહુબલી જઈ આવ્યા છો કે નહિ? છેટેથી માથુ આવડું દેખાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

૫૭ ફૂટ. આ બાહુબલીજી. ૫૭ ફૂટ. છેટેથી આટલું દેખાય છે ઉપરનું. નગ્ન મૂર્તિ ૫૭ ફૂટની છે. જુઓ! એ છે ત્યારે એની જ્ઞાનની અવસ્થામાં તેવું જ જ્ઞાન થયું ને? એને લઈને થયું ને? એ પહેલા કેમ નહોતું?

મુમુક્ષુ :- બન્યું નહોતું.

ઉત્તર :- ભાઈ! એ કોયડો કઠણ છે. એ કાળે પોતાની જ્ઞાનની અવસ્થા જ તે રૂપે થઈ છે. એને એ જાણવાનું નિમિત્તપણું એનું ભલે હો, પણ એને લઈને અહીં થઈ નથી. કારણ કે એ વસ્તુની તો અહીં નાસ્તિ છે અને પોતાના જ્ઞાનની ત્યાં અસ્તિ છે. કહો, સમજાણું કે નહિ? આ પગલા બધા જોઈ આવે લ્યો. શું કહેવાય? પગલા પહેલા સવારે ઉઠીને પહેલું દર્શન કરે ને એને બહુ લાભ થઈ જાય. આ શું આ પગલા છે ને સમ્મેદશિખર. ભગવાન.. આહા..! હું પહેલા પગલાને અડી આવ્યો. શું છે? અડ્યો પણ નથી તું. અને તે કાળની અવસ્થા તેને લઈને થઈ નથી, કહે છે. ઈ કહેવું છે. એઈ.. શેઠી! શું છે? આ એકાંત નથી થઈ જતું? અનેકાંત માર્ગ હોવો જોઈએ. પરથી પણ થાય અને પોતાથી પણ હોય. એવું અનેકાંત જોઈએ. અરે.. સાંભળને! તારા અનેકાંતની તને ખબર નથી. તારી અવસ્થા તારાથી થાય. એથી આ અસ્તિ-નાસ્તિની વાત કરે છે. પહેલો ભંગ અસ્તિનો હતો, આ નાસ્તિનો છે. પણ નાસ્તિવાળો પોતે પરથી અસ્તિ માને છે એ પહેલો બોલ લે છે અહીં તો હજી. સમજાય છે કાંઈ? અનેકાંત તો એમ સિદ્ધ કરે છે.

ભગવાન આત્મા પોતાનું હોવાપણું જેમ ત્રિકાળ છે એમ એનો ગુણ પણ ત્રિકાળ છે, એમ એની વર્તમાન અવસ્થા પણ તે કાળની તે સમયે તે જ પ્રકારની પોતાને લઈને પોતાની છે. પરને લઈને નથી. એનું નામ અનેકાંત છે. અહીં અનેકાંતની વ્યાખ્યા ચાલે છે આ તો. પરને લઈને પણ છે અને મારે લઈને છે એ અનેકાંત નથી. એ તો એકાંત છે. એકાંત મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની એને તો કહ્યા ત્યાં. કહો, પંડિતજી! કહો, અનેકાંતવાળો કહે. પરથી પણ થાય છે અને પોતાથી પણ થાય છે. ક્યારેક નિમિત્તથી થાય છે, ક્યારેક ઉપાદાનથી થાય છે. શેઠી!

મુમુક્ષુ :- એકાંત છે.

ઉત્તર :- એ એકાંત છે? તો અનેકાંત.. બેયથી અમે તો માનીએ છીએ. લ્યો, એ અનેકાંત. અહીં તો કહે છે, પોતાથી થાય અને પરથી ન થાય એનું નામ અનેકાંત છે. આહાહા..! ભારે ગડબડ ભાઈ!

**'બાહ્ય જ્ઞેયોના આલંબનની લાલસાવાળા ચિત્તથી (બહાર) ભમતો થકો નાશ પામે છે;...'** પોતાની વર્તમાન અવસ્થા પોતાથી છે એમ માનતો નથી. માનતો નથી એટલે પોતાને વર્તમાન અવસ્થાથી શૂન્ય માને છે. શૂન્ય માને છે તો વર્તમાન અવસ્થાને શૂન્ય માનતા

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ત્રિકાળને પણ શૂન્ય માને છે. મારું ત્રિકાળપણું મારામાં છે નહિ એમ છે. ઝીણું બહુ. એ અજ્ઞાનીની વાત કરી.

અનાદિથી મિથ્યાદષ્ટિ જૈનમાં આવ્યો છતાં, જૈનમાં અવતર્યો છતાં, જૈનને નામે ક્રિયા કરતો છતાં દયા, દાન, વ્રત, પૂજાના ભાવ એવો કરતાં છતાં અજ્ઞાની, એ અવસ્થા મારી થઈ એ આને લઈને છે એમ માનનાર જૈનમાં રહ્યો છતાં તે મિથ્યાદષ્ટિ છે. એને જૈન કહેતા નથી. સમજાણું કાંઈ? જૈન તો જીતે. જીતે એટલે? અજ્ઞાન પરથી થાય એવા ભાવને ન માને અને મારાથી થાય એમ માને એનું નામ જૈન કહેવાય છે. સમજાણું કાંઈ?

હવે સ્યાદ્વાદી. જુઓ, હવે જૈન. એ અજ્ઞાનીની વાત કરી હતી પહેલા. આ છે પરકાળથી નાસ્તિની વાત. પણ અજ્ઞાની પરથી છું એમ માનનારો એમ પહેલું લખ્યું. હવે પરથી નથી એમ જ્ઞાની માને છે. '**સ્યાદ્વાદનો જાણનાર તો પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો,...**' દેખો! જે જે પદાર્થ વર્તમાન અવસ્થામાં સામે દેખાય તે તે પ્રકારનું જ્ઞાન મારામાં મારાથી થાય પણ પરથી નહિ એમ પોતાના આત્માની અવસ્થાને પોતાથી થાય એમ જાણતો થકો, પરથી નાસ્તિત્વ જાણતો થકો, પરના નિમિત્તને અવલંબનવાળું જ્ઞાન હોવા છતાં, પરનું નહિ અને પરને લઈને નહિ. ઓહોહો..! ઉપદેશમાં ફેર પડે કે નહિ? ઉપદેશ સારો હોય તો જ્ઞાનમાં ફેર પડે. ફેર પડે છે કે નહિ ત્યાં? માણસે માણસે ફેર છે તો નિમિત્તે નિમિત્તે ફેર છે કે નહિ? એક ઉપદેશ સરસ મળે અને સામે જ્ઞાન થાય, એક વિપરીત મળે ને અજ્ઞાન થાય. એ બધી વાત ખોટી છે એમ કહે છે અહીં તો. જગજીવનભાઈ! અરે..! ભારે આકરી વાત.

વીતરાગનો માર્ગ જૈન પરમેશ્વરને શું કહેવું છે સ્વતંત્ર એની વાત ખબર નથી. અને બસ અમે ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ. પૂજા કરીએ, ભક્તિ કરીએ, સામાયિક કરીએ છીએ. ધૂળેય ધર્મ નથી. સાંભળને! ધર્મ કોને કહેવો એ હજી તને ખબર નથી. ધર્મ એટલે પર્યાય છે. ધર્મ એક આત્માની શુદ્ધ ચૈતન્યની પર્યાય છે. હવે એ શુદ્ધ ચૈતન્યની પર્યાય પોતાના દ્રવ્યને આશ્રયે વર્તમાન પોતાથી અસ્તિત્વમાં થાય. એમ ન માનતા મારી ધર્મની પર્યાય આને લઈને થાય (એમ માને છે) એને ધર્મની પર્યાય નથી પણ અધર્મની પર્યાય છે. એમ કહે છે. આવો ઉપદેશ ભાઈ ઝીણો માણસને. પહેલો ન લેવું... પહેલો સાચું ન લેવું તો ખોટું લેવું? નહિતર પછી કોઈ આ ભક્તિ કરશે નહિ, પૂજા કરશે નહિ, કોઈ જાત્રાએ નહિ જાય. એઈ..! ભાઈ! આ બધા ઘણા ગયા તો ગયા હતા. આ શ્રીચંદજી બે વાર ગયા હતા તો પણ ત્રીજી વાર ગયા હતા, લ્યો. ત્યાંથી કાંઈક.. કારણ કે એક તો ત્યાં ખાવાનું મળે મફત અથવા વિધવિધ ખાવાનું મળે અને વળી ત્યાં ભગવાનના દર્શન થાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને એનાથી આત્માને લાભ થાય. થાય કે નહિ? કેટલો લાભ થાય!

અરે..! ભગવાન! બાપુ! તું આત્મા છો. પ્રભુ! સર્વજ્ઞ પરમેશ્વરે કેવળજ્ઞાનીએ આત્મા આમ જોયો કે વસ્તુ અનંત ગુણનો પિંડ તું છો. '**सव्वण्हूणाणदिट्ठो**' લ્યો (૨૪મી ગાથામાં) આવ્યું. ભગવાને તો તને ઉપયોગમય જોયો છે. હવે એ ઉપયોગની વર્તમાન પર્યાય ઉપયોગની તારી તારાથી થઈ છે એમ કહે છે. એમ જોયું ભગવાને. સમજાય છે? કેવળજ્ઞાની પરમાત્માએ પરમેશ્વરે, અનંત કેવળીઓએ દરેક આત્માને ઉપયોગમય જોયો. '**सव्वण्हूणाणदिट्ठो जीवो उवओगलक्खणो णिच्चं**' નિત્યં હોં! ત્રિકાળ. ત્રિકાળ એ તો સવારમાં આવ્યું હતું ચેતના. ત્રિકાળ જ્ઞાન-દર્શનની ચેતનાના ઉપયોગવાળું તારું તત્ત્વ છે. રાગવાળું અને પુણ્યવાળું નહિ. હવે એ ઉપયોગરૂપ જે તત્ત્વ છે ભગવાન, એની વર્તમાન અવસ્થા ઉપયોગની એ ચૈતન્યને અનુસરીને પર્યાય ત્યાં થાય છે. એને ઠેકાણે એ પર્યાય નિમિત્તને અનુસરીને થાય છે એ માન્યતા મિથ્યાદષ્ટિની એકાંત પશુ જેવાની છે એમ કહે છે. કહો, પંડિતજી! આ તો સીધી સાદી વાત છે. આમાં તો કોઈ પલાખા મોટા શીખવા પડે એવા નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ વસ્તુ એવી છે ત્યાં. આહાહા..!

'**સ્યાદ્વાદનો જાણનાર તો પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો,...**' એટલે? હું તો જાણનાર-દેખનાર ઉપયોગવાળો છું. તેથી ઉપયોગનું કાર્ય તો તે સમયે હોય જ. મારી વર્તમાન અવસ્થામાં ઉપયોગશક્તિવાળું આખું ત્રિકાળ સત્ત્વ. તો એ ઉપયોગનું કાર્ય વર્તમાન હોય. એ વર્તમાન કાર્ય મારાથી, મારું, મારાથી છે કે વર્તમાન કાર્ય પરને અનુસરતું પરને લઈને છે? સમજાણું કાંઈ? ચશ્મા આમ અનુકૂળ હોય તો જ્ઞાન એવો જ ઉપયોગ કામ કરે. આમ ન હોય તો એવો કામ કરે. કામ કરે એ એને લઈને નથી. એ જ્ઞાનના ઉપયોગની અવસ્થા ઉપયોગના કારણને લઈને ઉપયોગનું કાર્ય છે. નિમિત્તના કારણને લઈને એ કાર્ય છે એમ છે નહિ. આહાહા..! ભારે વાત! એક એક ગાથા કેટલી ઉડાડી દે છે વાતને! પણ માણસને બેસતું નથી. અને હોય ખરું સામે પાછું એવું જ તે. સમજાણું? શુભભાવ આવે ત્યારે ભક્તિનું નિમિત્તપણું દેખાય ભગવાનની પાસે. છતાં એ શુભભાવને જાણવાનું જ્ઞાન શુભભાવને લઈને થયું નથી.

મુમુક્ષુ :- ચશ્માથી ભગવાનનું ક્યાંય રહી ગયું.

ઉત્તર :- ભગવાનનું ક્યાંય રહી ગયું. શેઠી!

ફરીથી, જુઓ! અહીંયાં ભગવાન આત્મા ઉપયોગ એટલે જાણવા-દેખવાના સ્વભાવવાળું ત્રિકાળી તત્ત્વ છે. એનો વર્તમાન પર્યાય જાણવા-દેખવાનો થયો. એ જાણવા-દેખવાને કાળે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એક શુભભાવ થયો. ભગવાનની ભક્તિ ઉપર લક્ષ ગયું પ્રતિમા આદિ. સમજ્યાને? એ લક્ષ થયું અને શુભભાવ (થયો). હવે ખરેખર એ શુભભાવ અને પરને લક્ષે એ જ્ઞાનની પર્યાય થઈ નથી એમ કહે છે. એ ઉપયોગનું કાર્ય પોતાને અનુસરીને પોતાથી પોતાના કાળે થયું છે. શુભરાગ આવ્યો માટે થયું છે તેનું તે પ્રકારનું જ્ઞાન, તેવું એમાં નથી. રાગનું અવલંબન હોવા છતાં રાગના અવલંબનનું જ્ઞાન રાગથી થયું નથી.

મુમુક્ષુ :- આનું નામ અનેકાંત છે?

ઉત્તર :- આનું નામ અનેકાંત છે. આહાહા..! આ તો આને લઈને છે અને આને લઈને છે, એ અનેકાંત કરો, કહે છે. ઢસડ્યું છે બધું એનામાં ખાણિયા ચર્ચામાં. એને બિચારાને એ રીતે બેઠું હોય ને. આનો સ્વકાળ... બેઠું છે ને. જ્યાં બેઠો છે ત્યાં બેઠું છે. એના અવલંબનમાં બેઠો છે શ્રદ્ધામાં એટલે એ વાત પછી આવે. શું થાય?

ભગવાન આત્મા..! અહીં તો કહે છે કે, ભાઈ! તારા જાણવા-દેખવાનો જે વેપાર છે ત્રિકાળી તારું સ્વરૂપ, એની કોઈ વર્તમાન અવસ્થા ચૈતન્યને અનુસરીને, ચૈતન્યને અનુસરીને પરિણામ થાય? પરિણામ એટલે ઉપયોગ કે એ તે નિમિત્તને અનુસરીને ઉપયોગ એટલે જ્ઞાન-દર્શનના પરિણામ થાય? ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો કથન વ્યવહારનું જ્ઞાન કરાવે છે. સમજાય છે કાંઈ? એક સત્ય હોય. બે સત્ય હોય? આ જુઓ! આમ જોવે ત્યાં જ્ઞાન એ જાતનું થાય. એ જાતનું જ્ઞાન તે સમયે થયું છે એ પોતાથી થયું છે. આને લઈને નહિ એમ કહે છે અહીંયાં. એવો જ પરમાત્માએ કહેલો સ્વતંત્ર વસ્તુનો સ્વભાવ છે. અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ ભલે એ પોતે ધર્મને નામે શુભ, દયા, દાન, વ્રતાદિ હો પણ એ બધું એને પર્યાયમાં અધર્મદૃષ્ટિ છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! દૃષ્ટિમાં તો મિથ્યાત્વ છે. મિથ્યા અસત્ દૃષ્ટિ છે. એ શુભરાગ થયો માટે જ્ઞાન થયું અથવા શુભરાગ છે એથી મને અહીં લાભ થયો, અને શુભરાગ છે એટલે સામી ચીજ છે માટે શુભરાગ થયો, અને સામી ચીજ છે ને શુભરાગ છે માટે અહીં જ્ઞાન થયું? બધો ગોટો છે. આહાહા..!

મારી જ્ઞાનની ઉપયોગ અવસ્થા મારાથી છે એવી દૃષ્ટિ હોય એને દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય અને આ પર્યાય પરથી થાય એની દૃષ્ટિ નિમિત્તમાં જાય, એમ કહે છે. સમજાય છે કાંઈ? નિમિત્તવાદીઓને સ્વ તરફનો પુરુષાર્થ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? કારણ કે એને તો એને લઈને થાય, એને લઈને થાય એટલે એ એના તરફ તણાવું રહ્યું એને. મારાથી મારું જ્ઞાન અને મારાથી મારી શ્રદ્ધા અને મારાથી મારી શાંતિ અને મારાથી મારો આનંદ એ મારાથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. પરને લઈને છે નહિ. એમ નથી માનતો તે મિથ્યાદષ્ટિ પછી જૈનમાં હોય, જૈનનો સાધુ નામ ધરાવતો હોય તો એને મિથ્યાદષ્ટિ પશુ કહ્યો છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- કોઈ દલીલ કામ આવતી નથી.

ઉત્તર :- ખોટી દલીલ શેની કામ આવે? દલીલ ખોટી શેની કામ આવે?

અહીં તો કહે છે કે જેમ તું આત્મા ત્રિકાળ છો તેમ તારી શક્તિઓ ત્રિકાળ છે. તેમ તારી પર્યાય પણ તે કાળે તારે લઈને તારામાં છે કે નહિ? આવું જ્યારે ન માને કે ના, ના, જ્ઞાનની અવસ્થા આને લઈને થઈ છે. શબ્દો સામે પડ્યા એને લઈને થઈ. પોતાથી થાય એ પણ બરાબર છે અને પરથી થાય એ પણ બરાબર છે. પણ એક પોતાથી થાય એ બરાબર છે. પરથી થાય એ બરાબર નથી, જૂઠું છે. એમ થતું નથી. કહો, જગજીવનભાઈ! શું કરવું આમાં? સ્થાનકવાસી-દેરાવાસી બેને આલંબનમાં વાંધા. ઓલો કહે, આલંબન મૂર્તિ જોઈએ. ઓલો કહે, આલંબન ન હોય. પાછા મૂર્તિના આલંબન લે. ભાઈ! કોઈને આલંબન નથી. સાંભળ તો ખરો. વ્યવહારે લખ દોહ્યલા કાંઈ ન આવે... હોય, હોય એને કારણે હોય છે, ભાઈ! તે કાળે તે તે ચીજ તેને કાળે હોય અને તે તે કાળે પોતાની જ્ઞાનની અવસ્થા પોતાને કાળે તે તે કાળે પોતાથી થાય છે. પરને કાળે અને પરને કારણે છે નહિ. એવી જ્ઞાનની અવસ્થા અનેકાંત ભગવાન વર્ણવે છે એ અનેકાંતમાં અમૃતપણું છે. આહાહા..! પરથી નહિ અને મારાથી છે એવી અવસ્થાનો માનનાર તે અવસ્થાની દષ્ટિ છોડીને દ્રવ્ય ઉપર દષ્ટિ એની હોય છે કે દ્રવ્યને કારણે પ્રવહતો પર્યાય મારાથી છે. પરથી નથી, રાગથી પણ નથી એટલે ત્યાં શાંતિ ને આનંદથી છે એમ આવ્યું છે એમાં. સમજાણું કાંઈ?

એ શુભરાગથી પણ મારી જ્ઞાનની અવસ્થા નહિ, શુભરાગથી પણ મારી શ્રદ્ધાની અવસ્થા નહિ, શુભરાગથી પણ મારી શાંતિની અવસ્થા નહિ. મારી શાંતિની, શ્રદ્ધા-જ્ઞાનની અવસ્થા મારાથી, મારામાં મારે લઈને થઈ. એટલે એનો અર્થ ત્યાં દષ્ટિ દ્રવ્ય ઉપર છે. આહાહા..! આની દષ્ટિ છે ઓલા નિમિત્ત ઉપર. આને લઈને થયું, આને લઈને થયું. એટલે એને દ્રવ્યદષ્ટિનો અવકાશ છે નહિ. પર્યાયની સ્વતંત્રતા નિમિત્ત વિના થાય છે એટલી કબુલાત નથી, એને પર્યાયની દષ્ટિ દ્રવ્ય ઉપર જાય એને અવકાશ હોતો જ નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ! ત્યારે આ બધા છેતરે છે બધાને? એમ કહે છે. મોટા મંદિરો કરીને મોટા શું કહેવાય? વરઘોડા, શું કહેવાય રથ-રથયાત્રા. એવી રથયાત્રા. જયપુરમાં ૨૫-૩૦ હજાર માણસો. આહાહા..! માણસ માણસ. લોકો કહે, ઓહોહો..! બાપુ! એ પરમાણુની પર્યાયો એ કાળે તેને કાળે તે અવસરે પોતાથી થઈ છે. કહો, હીરાલાલજી!

મુમુક્ષુ :- ..

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- એ તો બધું.. એ તો એમ કહે, મહારાજ આવ્યા માટે. એમ લોકો બોલે. પણ અહીંથી ન હોય ભાઈ! આત્માની અવસ્થા આત્માથી અને પરની અવસ્થા પરથી. ભાઈ! તને તત્ત્વની ખબર નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દૃષ્ટિ જ બધાને... પૂછો. નિમિત્તવાળાને એ જવાબ આપશે ઉપાદાનનો. જવાબ આપ્યો. મારી વાત પૂછો બધાને. તને તો પૂછતું જ નથી કોઈ. ઉપાદાનથી થાય એ વાત તો. આવે છે કે નહિ?

મુમુક્ષુ :- આર્ષ ગ્રંથમાં.

ઉત્તર :- આર્ષ ગ્રંથમાં આ છે. આ શું છે? આર્ષ ગ્રંથ શું છે આ? આર્ષનું વાક્ય સત્યનું અને સ્વતંત્રનું હોય કે આર્ષનું વાક્ય અસત્યનું અને પરાધીનનું હોય? સત્ય અને સ્વતંત્રતાથી હોય, પરથી હોઈ શકે નહિ. એવું ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરનું વાક્ય અને આગમ છે. ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગદેવ જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન (થયું છે). એનો 'કેવળી પણ્ણંતો ધમ્મો' એ એને કહે છે પરમેશ્વર કે તારી જ્ઞાનની અવસ્થા, શ્રદ્ધાની અવસ્થા તારે લઈને દ્રવ્યને લક્ષે થયેલી છે. પરને લક્ષે થયેલી અવસ્થા તારી છે નહિ. એ પરને લક્ષે થયેલી અવસ્થા એનાથી થઈ નથી, છતાં એ ખરી તારી નથી એમ કહે છે અહીં તો. શું વળી આવ્યું? બીજું આવ્યું.

પરના લક્ષવાળું જે જ્ઞાન પરથી તો થયું નથી. પણ એ પરના લક્ષવાળું જ્ઞાન એ ખરેખર તારું જ્ઞાન નથી. આહાહા..! દ્રવ્યને આશ્રયે અંદર ચિદાનંદ ભગવાનને આશ્રયે થતું જ્ઞાન એ તારું છે એમ અહીં સિદ્ધ કરવું છે, હોં! આહાહા..! હજી તો સામું નિમિત્ત હોય તેવું જ્ઞાન થાય એને લઈને અડે છે. એને તો કહે છે કે મોટી ભ્રમણા છે. પણ સામા નિમિત્તના વખતે પોતામાં પણ રાગની મંદતાને કારણે જ્ઞાનનો ક્ષયોપશમ પરલક્ષી થયો એ પણ ખરેખર પોતાની જ્ઞાન અવસ્થા છે જ નહિ. અહીં તો જ્ઞાનસ્વભાવ ભગવાનનો વર્ણવ્યો છે કે નહિ? સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન એના ખાણમાંથી વહેતો પર્યાય પોતાનો તે પોતાના અસ્તિત્વથી થયેલું છે. ત્રિકાળ અસ્તિત્વથી તે પર્યાય આવી છે. બહારના નિમિત્તના અસ્તિત્વથી તે અવસ્થા થાય છે? એ અવસ્થા એનાથી થઈ નથી. સમજાય છે કાંઈ? ઓહોહો..! ઝીણું તે પણ ઝીણું. અનાદિથી ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ પ્રવાહ એમાં પરલક્ષી જેટલું જ્ઞાન થાય તે પણ થાય છે તો પોતાથી છતાં એ પણ જ્ઞાનની ખરી અવસ્થા નહિ. સમજાણું કાંઈ?

અહીં તો એટલું સિદ્ધ કરવું છે કે એ અવસ્થા પરની નાસ્તિ છે. એટલે પરથી તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



થયું નથી, પણ પરના લક્ષે જે થયેલું પોતાનું (જ્ઞાન) એની પણ મારા સ્વભાવમાં નાસ્તિ છે. આહાહા..!

ફરીને. આ તો વીતરાગ માર્ગના નિયમો છે. કેવળીની કહેલી કળા છે. એ કળા સૂક્ષ્મ છે. એમ સ્થૂળરૂપે પકડાઈ ગઈ હોય તો અનંત કાળમાં જન્મ-મરણ કેમ મટે નહિ? સમજાય છે? એને પકડવાની કળા સૂક્ષ્મ છે. ભગવાન આત્મા..! અહીં તો કહે છે કે જે આ બહાર છે નિમિત્તો માટે મને આ અવસ્થા મારી થઈ એ તદ્દન પરની લાલસાવાળો, દૃષ્ટિ ત્યાં પર ઉપર છે, બહિર્બુદ્ધિ છે. બહિર્બુદ્ધિ છે. બહિર્બુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ પશુ અને એકાંતી છે. બીજી રીતે પોતાના સ્વના લક્ષે થયેલા જ્ઞાન વિના પરના લક્ષે થયેલું પણ પોતાની પરલક્ષી જે જ્ઞાનની અવસ્થા એ પણ ખરેખર પોતાની અવસ્થા નથી. કારણ કે જે અવસ્થા પરલક્ષીવાળી પોતાથી થઈ એ પણ બંધનું કારણ છે. બંધનું કારણ તે આત્માના પરિણામ નહિ. એઈ..! આ તો આઘું ગયું.

મુમુક્ષુ :- પરલક્ષીજ્ઞાન એ પોતાનું જ્ઞાન નહિ...

ઉત્તર :- બંધનું કારણ એ પોતાની અવસ્થા નહિ. એ એના ગુણની ત્રિકાળી ભગવાન અબંધ પરિણામી પ્રભુ, એની જે જ્ઞાન અવસ્થા સમ્યક્ ચૈતન્યના અવલંબે અબંધ પરિણામનું જ્ઞાન તે તેના અસ્તિત્વનો કાળ છે એનો. આહાહા..! ગજબ વાત છે! સમજાય છે કે નહિ? થોડું સમજાય, હળવે-હળવે સમજાય પણ સમજવું સાચું જોઈએ. એમ ને એમ હાંકે જાય ગાડા ને.. આવું શું વ્યાખ્યાન કરે છે? આ તો હળવે હળવે વાત થાય. પણ એ વસ્તુ જ એવી છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય પ્રવાહ ભગવાન આત્માનો, ચૈતન્યગુણથી ભરેલો ભગવાન, કહે છે કે એ ચેતન દ્રવ્ય, ચૈતન્યગુણ અને એની પર્યાય એને લક્ષે થયેલી પર્યાય એના સ્વકાળનું અસ્તિપણું છે. એ સિવાય એની અવસ્થા પરને લઈને થઈ અને દ્રવ્યના લક્ષ વિના, પરના લક્ષના લાલસાવાળા રાગવાળું જ્ઞાન થયું, એ જ્ઞાન પણ ખરેખર પોતાથી થયું નથી. એટલે પરથી થયું છે એ. એ આત્માનું જ્ઞાન નહિ. આહાહા..! ઝીણું આવી ગયું.

'**પરકાળથી આત્માનું નાસ્તિત્વ જાણતો થકો, આત્મામાં દૃઢપણે રહેલા...**' જુઓ ભાષા! આત્મામાં '**નિત્ય સહજ જ્ઞાનના એક પુંજરૂપ વર્તતો થકો ટકે છે-**' ભાષા. ભગવાન આત્મા નિત્ય દૃઢપણે જે જ્ઞાન રહ્યું છે. છે ને? '**નિત્ય સહજ જ્ઞાનના એક પુંજરૂપ...**' એટલે જ્ઞાયક સ્વભાવમાં એકાકાર થઈને જે જ્ઞાનની અવસ્થાનો પુંજ થયો એકાકાર તે જ્ઞાનની અવસ્થા છે.

મુમુક્ષુ :- જ્ઞાયક..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ઉત્તર :- હા, એ જ્ઞાયક તરફમાં એકાકારની જે સ્વકાળ અવસ્થા તે જ્ઞાનપુંજમાં એકાકાર થાય છે. એમાં અભેદ થાય છે તે એની અવસ્થા છે. તે એનો સ્વકાળ છે. સમજાણું કાંઈ? એક શ્લોકમાં તો પોણો કલાક ચાલ્યું આજે. આઘું ચાલતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- બહારગામ બીજી રીતે થાય.

ઉત્તર :- બહારગામ કાંઈ ચાલે આવું? વાંકાનેરમાં આવું ચાલે ત્યાં? તો પણ ત્યાં ગાથા ચાલી હતી. ૭૫મી લીધી હતી ત્યાં.

અહીં તો કહે છે, ભગવાન! ભાઈ! તું પ્રભુ છો ને. અને તારામાં પ્રભુત્વ નામનો ગુણ છે તો દ્રવ્ય-ગુણ ને પર્યાય ત્રણેમાં વ્યાપી ગયેલો છે. અને એ જ્યાં દૃષ્ટિ દ્રવ્યની થઈ એટલે એ પ્રભુ નામના ગુણની પર્યાય પણ પ્રભુત્વ થઈ. પોતાને કારણે તે પર્યાય પરિણમી છે. રાગ અને નિમિત્તને કારણે નહિ. એવા એ પ્રભુત્વ ગુણનું કાર્ય આવું પરમેશ્વરનું છે. સમજાણું કાંઈ? અને નિમિત્તને લઈને થાય એ તારી પામરતા છે, કહે છે. એ પામરતા તે મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે કામ! ઈ તો કહે, થોડું થોડું વાંચી લઉંને અહીંથી તો જ્ઞાન આવે. શાસ્ત્રનું અવલંબન લઈ લઉં ને. અવલંબન શબ્દ પડ્યો છે ને? શાસ્ત્રનું ખૂબ અવલંબન લઉં તો જ્ઞાન આવે. જુઓ, જ્ઞાન આવે. કહે છે, એ એની દૃષ્ટિ પણ બાહરમાં ભમ્યા કરે છે. એને અંતર્મુખ ભગવાન ચૈતન્ય આત્મા એમાંથી પર્યાય જે આવવી જોઈએ તેની નિર્મળ પર્યાયનું વહન, પરિણમન થવું જોઈએ એમ ન કરતાં અજ્ઞાનીને પરના લક્ષવાળી પર્યાય થાય અને જે થાય એનાથી છતાં તેને પોતાનું સ્વરૂપ માને છે. એનું નામ પર્યાયબુદ્ધિવાળો, એકાંતી, મિથ્યાદૃષ્ટિ કહેવામાં આવે છે.

‘**આત્મામાં દૃઢપણે રહેલા નિત્ય સહજ જ્ઞાન...**’ છે ને? ત્યાં સુધી તો નિત્ય લીધું. એમાં ‘**એક પુંજરૂપ વર્તતો થકો...**’ એમ. એમાં એકાકાર વર્તતો થકો એમ કહે છે. જ્ઞાનના એક પુંજરૂપ વર્તતો થકો. એમાં એકરૂપ વર્તતો થકો એ પર્યાય આવી. સમજાણું કાંઈ? આવો ધર્મ ભારે ઝીણો ભાઈ! જાત્રા-બાત્રા કરી નાખીએ, બે-પાંચ-દસ લાખ ખર્ચી નાખીને ધર્મ થાતો હોય ને આ માથાકૂટ મટે લ્યો. ધૂળેય થાય નહિ તારા દસ કરોડ, કરોડ તારા ક્યાં હતા? આ મારા કહે છે, અહીં તો શરીર મારું ને કર્મ મારા અને વિકાર, વિકલ્પ છે પુણ્ય મારા એને અહીં મિથ્યાત્વ કહે છે. શુભરાગ છે એ મારું. અહીં જ્ઞાનસ્વરૂપે આત્મા વર્ણવ્યો છે. એમાં શુભરાગ મારો એ મિથ્યાદૃષ્ટિ છે. પણ શુભરાગ તરફના લક્ષવાળું જ્ઞાન એ મારું એ પણ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? બહુ ભર્યું છે ચૌદ બોલમાં તો ઓહોહો..! એકલા સિદ્ધાંતો છે. પછી દાખલા કાઢવા હોય એટલા નીકળે. અઢી મણનું.. અઢી રૂપિયાનું શેર તો ચાર પૈસાનું.. અઢી રૂપિયાનું મણ તો ચાર પૈસા શેર. પછી દાખલા કાઢવા હોય એટલા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નીકળે. આ તો મહાસિદ્ધાંતો ભગવાન પરમેશ્વરના કહેલા. અને તે વસ્તુના સ્વભાવમાં રહેલા. ભારે વાત.

કહે છે, ધર્મી પોતે પોતાનું જ્ઞાનસ્વરૂપ '**આત્મામાં દૃઢપણે રહેલા નિત્ય સહજ જ્ઞાન...**' જોયું! એમાં એકાકાર થઈને સ્વકાળની અવસ્થા ઈ. દ્રવ્ય આત્મા અને એમાં જ્ઞાન ત્રિકાળ રહેલું. એમાં એકાકાર થઈને વર્તતો થકો તે પોતાની અવસ્થાની સત્તાના દ્રવ્ય, ગુણ અને પર્યાયની ઉત્પત્તિ કરીને પર્યાયમાં નાશ થતો નથી. સમજાણું કાંઈ? ભારે ભાઈ વાત! અજાણ્યા માણસને તો ગામડાના માણસ હોય એને તો આ શું લાગે આ શું કહે છે આ? એય..! સાંભળ્યું કોઈ દી ન મળે. વીતરાગ શું કહે છે એ વીતરાગનો માર્ગ સાંભળ્યો નથી. આ કરવું ને આ કરવું. ઓલા કહે, સામાયિક કરવી, પોષા કરવા, પડિક્કમણા, ઓલા કહે પૂજા કરવી ને ભક્તિ કરવી. આ સાંભળ્યું હોય. એ પૂજા આમ થાય આત્માની. આહાહા..! આહાહા..! ઓલા તો હજી બહારમાં અટક્યા. ઓલા કહે ભાઈ ભગવાનને ફૂલ ચડાવવા, ઓલો કહે, ફૂલ ચડાવવા નહિ. ત્યાં અટક્યા હજી. આ ફૂલ ચડાવું છું એ મારું કાર્ય છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે અહીં તો ઈ કહે છે. એ તો જડની અવસ્થા છે. આહાહા..! ભારે ભગવાન બાપુ! વીતરાગનો માર્ગ લોકોને સાંભળવા મળ્યો નથી. એક બાઈ અહીં આવી હતી. અરે..! ભગવાનને ફૂલ પણ નહિ? જાણે કે ઓહોહો..! ભગવાનનો અનાદર કરી નાખ્યો. પોતે ફૂલ ચડાવે તો ભગવાનનો આદર થઈ ગયો. એક બાઈ આવી હતી. અરે..! ભગવાનની પૂજા પણ નહિ? આહાહા..! જાણે એમ કે અરે..! છોકરાને કાંઈ ખાવાનું નહિ? એવી રીતે. આ છોકરો ત્રણ દીથી ભૂખ્યો છે એને ખાવાનું નહિ? એમ ભગવાનને ફૂલ પણ નહિ? શું છે પણ તારે હવે? આહાહા..! આવા ને આવા મૂઢ જીવો ભેગા થયા અને માને કે અમે ધર્મ કરીએ છીએ. મિથ્યાત્વને સેવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છોડ્યું છે, સમકિત છોડ્યું છે.

ભગવાન આત્મા જ્ઞાતા-દૃષ્ટાના પર્યાયવાળો છે એ પોતાને લઈને છે, પરને લઈને નથી. એવું જેણે જાણ્યું નથી અને મિથ્યાત્વ છોડ્યું નથી એણે કાંઈ છોડ્યું નથી. એણે સમકિત છોડ્યું છે.

મુમુક્ષુ :- અનાદિનું છોડેલું છે.

ઉત્તર :- બસ! અનાદિનું છે એ એમ ને એમ છે એની પાસે. સમજાણું કાંઈ? આહાહા..! સ્વકાળની અવસ્થા તો અલૌકિક વાત છે! એ ત્રિકાળી સ્વકાળ વસ્તુ છે એમાં એકાકાર થાય એ એની સ્વકાળ અવસ્થા છે એમ કહે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**ભાવાર્થ :- એકાંતી જ્ઞેયોના આલંબનકાળે જ જ્ઞાનનું સત્પણું જાણે છે...**' છે ને ભાવાર્થ? આત્મા ભગવાન ચૈતન્ય જ્યોત છે અને તેના જ્ઞાનની પર્યાય તે કાળે પોતાના પ્રવાહમાં પોતાથી જ થાય છે એમ ન જાણતાં જ્ઞેયોના આલંબન કાળે જ્ઞેયનું જે નિમિત્ત છે તે કાળે, તે જ વખતે જ્ઞાનનું સત્પણું એને કારણે માની રહ્યો છે. '**તેથી જ્ઞેયોના આલંબનમાં મનને જોડી...**' જુઓ! ઓલામાં ભમતો કીધો હતો ને? '**તેથી જ્ઞેયોના આલંબનમાં મનને જોડી બહારમાં ભમતો થકો નષ્ટ થાય છે.**' ચિત્તને બહારમાં ભમાવ્યા કરે છે, આનાથી થાય... આનાથી થશે... આનાથી થશે... આનાથી થશે. સમજાણું કાંઈ? ભગવાનની મૂર્તિથી થાશે, ભગવાનના દર્શનથી થાશે મારી જ્ઞાનની પર્યાય, આ શાસ્ત્રના વાંચવાથી થાશે, શાસ્ત્રને સાંભળવાથી થાશે. વાતું આવી કરે અને વળી પાછી મૂર્તિ-પ્રતિમા પાસે જઈને જય ભગવાન કરે. ત્યાં ઢળે. એમ કહે છે. અરે..! ભગવાન! સાંભળને ભાઈ! એ અવસ્થાના કાળે શરીરની અવસ્થા તેમ હો અને તે કાળે શુભભાવ તે હો. તેને કાળે તે શુભનું જ્ઞાન કરનારો પોતાનો આશ્રય કરીને જ્ઞાન કરે છે. આહાહા..! એ તો એના માટે તો વાત ચાલે છે આ.

કહે છે, અજ્ઞાની જ્ઞેયોના નિમિત્તમાં. આલંબનમાં એટલે નિમિત્તમાં '**મનને જોડી બહાર ભમતો થકો...**' બસ! અહીંથી થાશે, અહીંથી થાશે, મારી શ્રદ્ધા અહીંથી થાશે, મારું જ્ઞાન અહીંથી થાશે, મને શાંતિ અહીંથી છે, મારો ધર્મ બહારથી થાશે. બહાર ક્ષેત્રમાંથી થાશે, પર્વતમાંથી થાશે, ગુફામાં જાઉં તો થાશે. બધું આવ્યું કે નહિ? ભગવાન પાસે જાઈશ તો થાશે, ગુરુ પાસે જાઈશ તો થાશે. પણ પરમાંથી ક્યાં થાશે તારું? તારું તારાથી થાશે. શેઠી! અટપટી વાત છે.

મુમુક્ષુ :- આપ જે એક વાત ફરમાવો છો...

ઉત્તર :- એ સમયે એ જ્ઞાનની પર્યાય એની થવાની છે એમાં એ નિમિત્ત થાય છે. નિમિત્તનો અર્થ એનાથી થતું નથી.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- પણ એની પર્યાયનો એ કાળ હોય તે કાળ થયા વિના રહે નહિ. જે ક્ષેત્રે જે પ્રકારે તે કાળ થવાનો હોય એ થયા વિના રહે જ નહિ. અરેરે..! ભારે વાત ભાઈ! કહો, ખેતશીભાઈ! શું કરવું આ?

મુમુક્ષુ :- પોતાની અસ્તિને ભૂલી જાય છે.

ઉત્તર :- ભૂલી જાય છે. ભગવાન એમ કહે છે, બાપુ! તારું હોવાપણું વસ્તુનું, એના ગુણોનું અને એની અવસ્થાનું, એના હોવાપણાને ભૂલીને તું બીજી વાતું કરે એ બધી તારી મિથ્યાત્વમાં જાય છે, લે. આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ વાત કહે છે. ભૂલ છે એને સમજાવામાં તો આવે છે કે આ પ્રકારની ભૂલ છે. એ માટે તો આ શ્લોક છે, કળશ છે. આહાહા..!

‘**તેથી જ્ઞેયોના આલંબનમાં મનને જોડી...**’ મનને જોડી. ‘**બહાર ભમતો થકો...**’ પોતાના અસ્તિત્વનો, પોતાના ત્રિકાળી હોવાપણાનો, ત્રિકાળી હોવાપણામાં વર્તમાન હોવાપણાનો પણ નાશ કરે છે. ‘**સ્યાદ્વાદી તો પર જ્ઞેયોના કાળથી પોતાનું નાસ્તિત્વ જાણે છે,...**’ ધર્મી જીવ, જ્ઞાની જીવ, ધર્મી જીવ મારી વર્તમાન અવસ્થા તે મારા ત્રિકાળ દ્રવ્યને આશ્રયે થયેલી છે. મારી વર્તમાન અવસ્થા એ ત્રિકાળ દ્રવ્ય વસ્તુ એને આશ્રયે થયેલી છે. પરને આશ્રયે (નથી થઈ), પરથી નાસ્તિ છે. પરના અસ્તિત્વથી નથી પણ મારા અસ્તિત્વથી મારામાં છે. મારું જે હોવાપણું ત્રિકાળ આત્મા છે એને લઈને મારી અવસ્થા છે. પરના હોવાપણાથી મારી અવસ્થા નથી. આહાહા..!

‘**પર જ્ઞેયોના કાળથી પોતાનું નાસ્તિત્વ જાણે છે, પોતાના જ કાળથી પોતાનું અસ્તિત્વ જાણે છે;...**’ પોતાનો કાળ ભગવાન આત્મા ત્રિકાળ જ્ઞાયકભાવ, એને આશ્રયે વર્તમાન થતી અવસ્થા એ પોતાનો સ્વકાળ છે. સમજાણું કાંઈ? ‘**તેથી જ્ઞેયોથી જુદા એવા જ્ઞાનના પુંજરૂપ વર્તતો થકો નષ્ટ થતો નથી.**’ લ્યો! જાણવાયોગ્ય શુભરાગને જ્ઞેય પામે એનાથી ભિન્ન પોતે પોતાનો જ્ઞાનસ્વભાવ તેના તરફ એકાગ્ર થઈને, જ્ઞાનના પુંજરૂપમાં વર્તતો થકો એટલે ખંડ ખંડ અને પરને લઈને નહિ વર્તતો, પોતામાં એકાગ્ર થતો જ્ઞાનની અવસ્થાને પુષ્ટ કરે છે. મોં-માથુ હાથ આવવું કઠણ છે. આ શું કહે છે? આવો ધર્મ કેવો હશે? ઓલા કહે, અમે માંડ મૂર્તિમાં નહોતા માનતા હવે મૂર્તિને પગે લાગવા જઈએ, ત્યાં વળી અહીં તો કહે એનાથી થાય નહિ. વળી એ આવ્યું. ત્યાં કહેતા હતા ન થાય, અહીં કહે ન થાય. ત્યારે ફર્યા શું કરે છે આ? શેઠી!

ભાઈ! એ જ્યારે એને ધર્મી આત્માનું જ્ઞાન અને આત્મદર્શન અને ભાન થવા છતાં, પોતાને તે કાળે જ્યાં સુધી ઠરી ન શકે તેને શુભભાવનો કાળ હોય છે એને. પણ તે શુભ કાળે એનું રાગનું લક્ષ પર ઉપર જાય છે. બસ એટલું. છતાં તે શુભરાગ અને પરને લઈને તે જ્ઞાનની અવસ્થા થઈ નથી. આનું ધર્મ અને આનું નામ હોવાપણાની માન્યતા છે. એઈ..! જગજીવનભાઈ! કહ્યું કે ધર્મની દૃષ્ટિ આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે, એવું જ્ઞાન આત્માનું થયું, ધર્મદશા થઈ, છતાં તે દશામાં સ્થિર ન હોઈ શકે અંદરમાં, પ્રગટી છે એટલી છે. પણ વિશેષ સ્થિર ન થઈ શકે ત્યારે એને શુભરાગ હોય તે કાળે. તે શુભરાગ પણ પોતાની પર્યાય નિશ્ચય છે તે કારણે નહિ. એ કાળે એ શુભરાગ આવે ત્યારે એનું લક્ષ પર ઉપર જાય કે આ

ભગવાન છે. હવે એ લક્ષ જાય છે ત્યારે આ પૂજા કરે છે ભગવાનની એમ કહેવામાં આવે છે. પણ ખરેખર તો તે કાળે શુભભાવ ને નિમિત્ત, એના અવલંબન વિનાનું અહીં જ્ઞાન થાય છે, તે જ્ઞાનની દશા એ આત્માની છે. સમજાણું કાંઈ?

અરે..! અગાધ ગંભીર ભગવાન આત્મા એના પેટ કર્યા વિના એ ધર્મ થાય એ ત્રણ કાળમાં થાય નહિ. આમ બહારથી તો બધા માનીને તૂટી મર્યા છે બધા. બાપુ! ધર્મકળા એવી છે કે એની એક સમયની આ કળાના ભાને અનંતા જન્મ-મરણના અંત (આવે). કારણ કે આત્મા જ્ઞાયકમૂર્તિ એકલો ચૈતન્યસ્વભાવ (છે) એવું જ્યાં ભાન થયું ત્યાં એને ભવ નહિ. ભવના કારણના ભાવ નહિ અને ભાવ સંબંધીનું જ્ઞાન પણ એ મારું મારાથી થયેલું છે. આહાહા..! વાહ પ્રભુ વાહ! એ આ માર્ગ એનો છે. જુઓ! પણ આ રીતે બેસે નહિ બીજી રીતે. કોઈ રીતે બેસવું જોઈએને પાછું? ન્યાયમાં એને ખ્યાલમાં, ભાવમાં આવવું જોઈએ કે નહિ?

ભગવાન ચૈતન્યસત્તા જેનું હોવાપણું જ્ઞાનસ્વરૂપે ભગવાન આત્મા એનો પ્રવાહ જે જ્ઞાનની પર્યાયરૂપ થાય, એ પોતાના ગુણને અવલંબીને થયેલી દશા છે. રાગને, નિમિત્તને અવલંબીને થયેલી નથી. આહાહા..! ભારે! છતાં એમાં વ્યવહાર આવે એ વ્યવહારનું જ્ઞાન કરે છે. વ્યવહાર એનામાં આવતો નથી એમ કહે છે. એમાં આવતો નથી અને વ્યવહાર છે માટે જ્ઞાન થયું એમ નહિ, એનામાં વ્યવહાર આવ્યો નથી, એનામાં નિમિત્ત આવ્યું નથી, એનામાં વ્યવહાર આવ્યો નથી. ધર્મીને તો જ્ઞાનની અવસ્થા જે નિર્મળ સ્વપરપ્રકાશક સ્વને આશ્રયે થઈ એ એનામાં છે. ઝીણી વાત છે આ.

'**પોતાના જ કાળથી પોતાનું અસ્તિત્વ જાણે છે; તેથી જ્ઞેયોથી જુદા એવા જ્ઞાનના પુંજરૂપ વર્તતો થકો નષ્ટ થતો નથી.**' કહ્યું ને એ? ભગવાન આત્મા પોતાના ચૈતન્યના લક્ષે દોરે ચડેલો, ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા છે, રાગ અને પરરૂપે નથી. એક વાત. જ્ઞાનના લક્ષે ચડેલો ધર્મી, રાગ ને નિમિત્તને કારણે મારી અવસ્થા છે એમ છે નહિ. તે વખતે શુભરાગ અને નિમિત્ત સામું છે માટે આ જ્ઞાન થયું છે એમ નથી. હું એક ત્રિકાળ છું માટે મારી જ્ઞાનની અવસ્થા એવી થઈ છે. એમ માને તે સમ્યગ્દૃષ્ટિ ને જ્ઞાની ને ધર્મી કહેવાય છે. બાકીને ધર્મી નહિ પણ પશુ કહેવાય છે એમ છે અહીં તો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૧૨, શનિવાર તા. ૮-૬-૧૯૬૮**
**ગાથા-૨૫૮-૨૫૯, પ્રવચન-૫૩૧**

૧૦ ભંગ થયા. ૧૧મો ભંગ છે.

‘**(હવે અગિયારમાં ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)**’ ૨૫૮.

**विश्रान्तः परभावभावकलनान्नित्यं बहिर्वस्तुषु**
**नश्यत्येव पशुः स्वभावमहिमन्येकान्तनिश्चेतनः।**
**सर्वस्मान्नियतस्वभावभवनज्ञानाद्विभक्तो भवन्**
**स्याद्वादी तु न नाशमेति सहजस्पष्टीकृतप्रत्ययः।।२५८।।**

એકલો અનેકાંત સિદ્ધ કરે છે. અનેકાંત તે આત્માનું અમૃત છે. અનેકાંત એટલે આત્માનો જે સ્વભાવ શુદ્ધ ધ્રુવ ચૈતન્ય આનંદ, એવો જે ત્રિકાળી સ્વભાવ એ હું છું અને વિભાવ આદિ બીજા ભાવો હું નહિ. સમજાય છે કાંઈ? શુદ્ધ આનંદ ને જ્ઞાનાદિ ભાવ સ્વરૂપે હું છું અને પુણ્ય ને પાપ, હરખ, શોક, રાગ-દ્વેષાદિના વિકલ્પો, સુખ-દુઃખની કલ્પના એવા ભાવરૂપે હું નથી. એનું નામ વસ્તુનું સ્વરૂપ અને અનેકાંત સમ્યક્ ધર્મ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભાવની વ્યાખ્યા છે ને આ? ૧૧મો ભાવ.

‘**શ્લોકાર્થ :- પશુ અર્થાત્ એકાંતવાદી...**’ એક પક્ષે સ્વભાવના ભાવની મહિમાને નહિ જોનાર. ભગવાન આત્મા અનંત બેહદ જ્ઞાન, આનંદના સ્વભાવથી ભરેલો આત્મા છે. એવા સ્વભાવના ભાવને ન જોનાર એકપક્ષી એટલે સ્વભાવથી વિરુદ્ધ, હરખ-શોક, સુખ-દુઃખની કલ્પના એવા ભાવને જોનાર. સમજાય છે કાંઈ? એને ‘**એકાંતવાદી અજ્ઞાની, પરભાવોના ભવનને જ જાણતો...**’ પર એટલે વિકારી શુભ-અશુભરાગ, પુણ્ય-પાપના, હરખ-શોકના ભાવ, પર તરફના ઉલ્લાસનો હરખનો, શોકનો આદિ ભાવ તેને જ પોતાપણાના અસ્તિત્વે માનતો અને તે રૂપે પરિણમન (થાય) એ મારું પરિણમન છે, અવસ્થા છે એમ માનતો હોવાથી ‘**એ રીતે પરભાવોથી જ પોતાનું અસ્તિત્વ માનતો હોવાથી),...**’ ૧૧મો છે ૧૧મો. શેઠી!

ભગવાન આત્મા એમાં અતીન્દ્રિય આનંદવાળો એ આત્મા છે. અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય અનંત શાંતિ, અતીન્દ્રિય અમૃત આનંદ અનંત એવા એવા અનંત ભાવસ્વરૂપ ભગવાન આત્મા છે એને ન માનતો, એને ન જોતો, એની આસ્થા નહિ કરતો, એકાંતી એટલે આવું છે તેને મૂકી દે છે અને એમાં નથી એવા શુભ-અશુભરાગ, હરખ-શોકના ભાવ, સુખ-દુઃખની

કલ્પનારૂપ ભાવ કે આ લીલા-પીળા ભાવ, ગળ્યા-મીઠા જડના ભાવને દેખીને એ હું છું એમ માને છે અને એમ માનીને એ વિકારરૂપે હું છું એમ વિકારરૂપે પરિણમે છે તે એકાંત મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની (છે). એને અહીંયાં પશુ કહેવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ? બીજી રીતે કહીએ તો એને અધર્મી કહ્યો.

આ આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, જેમાં શાશ્વત જ્ઞાન ને આનંદ એનો ભાવ છે. અને એ ભાવમાંથી અંદર પ્રવહે છે દશા. એમ ન માનતા બાહ્ય કોઈ અનુકૂળ સંહનન, શરીર, ગળી, મીઠી અવસ્થા સામે દેખી અને એ અવસ્થાનું જ્ઞાન થાય તેમાં હું ગળ્યો થઈ ગયો અથવા રાગી થઈ ગયો અથવા પુણ્યવાળો થઈ ગયો, સુખની કલ્પના પરમાં ઈન્દ્રિયો આદિ અનુકૂળ દેખી, શરીર પુષ્ટ અનુકૂળ આદિ (દેખી), આ બાહ્યની સામગ્રી આ શરીરની, માટીની, ધૂળની, રૂપાળી સુંદર આદિ ભાવની આકૃતિ દેખી એના ભાવમાં ઉલ્લાસિત થયેલો પોતાના નિજ સ્વભાવને ભૂલેલો એ ભાવમાં ઉલ્લસિત પરિણામને પોતાના માની અને અજ્ઞાની એકાંતપણાને સેવે છે, અધર્મને સેવે છે. કહો, શેઠી! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- આખું જગત આવું હોય તો શું થાય?

ઉત્તર :- આખું જગત જ એમ છે એમ કહે છે અહીં. જ્ઞાની સિવાય. દેવચંદજી! આહાહા..!

કહે છે કે, ભગવાન આત્મા ભાઈ! તારામાં ભાવ પડ્યા છે ને. અનંત બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ જ્ઞાન. શાંતિ એટલે ચારિત્ર-વીતરાગતા. એવો ભાવ બેહદવાળું તારું તત્ત્વ છે એનો આશ્રય અથવા તેની મહિમામાં ન જતાં બાહ્ય પદાર્થના ભાવની અનુકૂળતા દેખીને ઉલ્લાસિત વીર્યવાળો રાગ ને પુણ્યના ભાવ અને પાપના ભાવ કરી અને એટલો હું છું એના અસ્તિત્વમાં હું છું અને એ પરિણમન તે મારું છે એમ માનનાર એકાંતી અધર્મમાં પડેલો છે. ભગવાનજીભાઈ! ભારે વાતું આકરી. આહાહા..!

ભગવાન આત્મા પોતાનો સ્વભાવ વસ્તુ, અને વસ્તુ છે એ પોતે આત્મા અને એનો વસેલો વસતાનો સ્વભાવ, વસેલો અંદર રહેલો શાંતિ, આનંદ, જ્ઞાનાદિ અનંત ભાવ. એવા ભાવની મહિમા ન કરતો અજ્ઞાની એ પુણ્ય ને પાપ ને બાહ્ય સામગ્રીની અનુકૂળતામાં મહિમામાં વેગે દોડતો મિથ્યાદૃષ્ટિ એવા રાગરૂપે પરિણમી, વિભાવરૂપે પરિણમી અને આ મારું અસ્તિત્વ છે આ ભાવવાળું એમ અજ્ઞાની માને છે. કહો, સમજાય છે આમાં કાંઈ? મલૂકચંદભાઈ! આ તો સમજાય એવું છે. આ તો ભાવની વ્યાખ્યા છે. બધું સમજાય એવું છે. સમજાય એવું નથી એમ નથી. સમજાવવા માટે તો વાત છે આ.

‘**પશુ...**’ અરે..! એકાંત પક્ષને જોનારો! તારા અંદરમાં ભાવ આનંદ ને જ્ઞાનસ્વરૂપે સમૃદ્ધિ તારી સંપદા, તારા સ્વભાવમાં અનંતી સંપદા શાંતિ ને આનંદની છે. એવી નિજ સંપદાના

વૈભવને ન જોતો, ન ઓળખતો, ન મહિમા કરતો એના નિજભાવના મહિમા વિનાની જે ચીજ, બાહ્ય પદાર્થ ધોળી કોઈ ચીજ દેખે રૂપાળી, લીલી દેખે, પીળી દેખે, સુંદર સંસ્થાનના આકૃતિવાળી દેખે. એક એક અવયવો આ સુંદર આકૃતિ આદિ, એવા ભાવને દેખી અને હરખના ઉલ્લાસમાં ત્યાં એના તરફ ઢળી અને જે વિકારરૂપે પરિણમે છે એને અહીંયાં મિથ્યાદષ્ટિ કહે છે. સમજાણું કાંઈ? નટુભાઈ! આવું શું હશે આ? કઈ જાતની છે વકીલાત આ? આહાહા..!

ભગવાન! તારા સ્વભાવમાં અનંત મહિમા છે ને! ઓહો..! જેની જ્ઞાનસંપદા અનંત છે, ભાવ લેવો છે ને અહીંયાં? જેમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય આનંદ, અંતરમાં અનંત ને બેહદ જેમાં છે, જેમાં સ્વચ્છતા અને શુદ્ધતા પરિપૂર્ણ જેમાં અનંત ગુણની જેના વસ્તુના સ્વભાવમાં પડી છે, એવા સ્વભાવની રુચિ નહિ, સ્વભાવની મહિમા નહિ, સ્વભાવ તરફનું વલણ નહિ અને આ પુણ્ય ને પાપ, હરખ ને શોક ને પરપદાર્થની અનુકૂળતાના હરખના હોંશમાં જે રાગરૂપે થાય છે એ ભાવ પરભાવ વિકારી છે. એ પરભાવને પોતાનો માને છે. સમજાય છે કાંઈ? લ્યો! અહીં તો શુભરાગ એ પરભાવ છે એમ કહે છે. શુભરાગ એ પરભાવ. આત્માના સ્વભાવની મહિમા વિનાનો ભાવ છે. એવા ભાવ પ્રત્યે જેને રુચિ છે, જેને એમાં પ્રેમ છે અને એવા ભાવનું અસ્તિત્વ જે એ એમાં હું છું, એમ માનનાર પશુ જેવો એકાંતી મિથ્યાદષ્ટિ છે. એને જૈન પરમેશ્વર જૈન કહેતા નથી. આવી વાત છે. કહો, વજુભાઈ! ભારે વાત આવી. ઓહોહો..!

‘**પરભાવોના ભવનને...**’ એટલે પરભાવના હોવાપણાને એટલે હરખ-શોક ને સુખ-દુઃખની કલ્પનાનું હોવાપણાને પોતાનો ભાવ માનતો, એને પોતાના ભાવ માનતો, પોતાના સ્વભાવ મહિમાથી ખસી ગયેલો પોતાના આત્માની હિંસા કરે છે. એટલે કે આ ન હો, આવો ભાવ નહિ પણ આ ભાવ હો. એમ પોતાનું જીવન જે આનંદ ને જ્ઞાનમય ચૈતન્યભાવ છે એનો અનાદર કરી અને આ વિકારના ભાવનો આદર કરી સુખ-દુઃખની કલ્પના અને સુંદર આદિ ચીજોને દેખી તેમાં ઉલ્લસિત વીર્યે રાગાદિમાં પરિણમતો પોતાના ભાવ-સ્વભાવનો એ અનાદર એટલે હિંસા કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? એટલે એ અધર્મને સેવે છે.

‘**સદાય બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો,...**’ જુઓ! ભગવાન આત્મા, અહો..! જેની સંપદા, જેનું સુખ અને જેનું સ્વરૂપ અનંત અનંત સ્વરૂપ જેમાં છે એમાં અંતર વિશ્રામ ન પામતો, શુભ-અશુભભાવ કરીને એમાં વિશ્રાંતિ લેતો આ મને ઠીક છે. આહાહા..! આમાં મને મજા છે. ઓહો..! શરીરાદિ અને વિષયભોગની સામગ્રી એની સુંદરતાના રાગમાં વિશ્રામ લેતો પોતાની અંતર આનંદ સુંદરતાનો નાશ કરતો ‘**વિશ્રામ કરતો થકો,...**’ બાહ્ય વસ્તુ એ બધી એમાં વિશ્રામ કરતો થકો.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન (જડ) વર્તતો થકો,...**' ભાષા જુઓ! ભગવાન આત્મા જ્ઞાન ને આનંદની મૂર્તિ પ્રભુ આત્મા. તેના તરફ તેના મહિમામાં, તેના તરફના વલણમાં '**અત્યંત નિશ્ચેતન (જડ) વર્તતો થકો,...**' જાણે મારો સ્વભાવ ને આનંદ એ છે જ નહિ. આ જ વસ્તુ છે. સમજાય છે કાંઈ? જુઓ! આમાં કોઈ પરજીવને માર્યો કે ન માર્યો એનો અહીં પ્રશ્ન નથી. ભગવાન આત્માનું સ્વરૂપ ને રૂપ ને ભાવ એ અનંત બેહદ ભાવનો ભંડાર ભગવાન. એવા ભાવમાં અજ્ઞાની નિશ્ચેતન છે. એટલે કાંઈ આ જાણે છે જ નહિ. સ્વભાવભાવ ત્રિકાળ આનંદ છે એ તો કાંઈ છે જ નહિ. એટલે નિશ્ચેતન જેવો વર્તતો '**સ્વભાવના મહિમામાં અત્યંત નિશ્ચેતન વર્તતો થકો,...**' અને રાગાદિના, પુણ્યાદિના હરખ-શોકની કલ્પનામાં જાગતો એ મારો ભાવ છે એમ વર્તતો '**નાશ પામે છે;...**' પોતાનો સ્વભાવ અનંત આનંદ આદિ છે. તેનો એ શ્રદ્ધામાં નાશ કરે છે. શ્રદ્ધામાં નાશ કરે? એ નાશ એટલે કે નથી એમ માને છે તો નાશ કરે છે. એમ. નથી. આ આનંદ આદિ મારો સ્વભાવ ધ્રુવ છે એ નથી અને આ રાગાદિ શુભ-અશુભભાવમાં ઉલ્લાસિત થઈને પરિણમ્યો એટલે કે આ સ્વભાવભાવ નથી, આ હું છું. એમ પોતાના છતા સ્વભાવનો અભાવ કરે છે એટલે નાશ કરે છે. સમજાણું કાંઈ?

ભાષા છે ને? '**બાહ્ય વસ્તુમાં વિશ્રામ કરતો થકો,...**' એ બાહ્ય વસ્તુ શબ્દે? ભગવાન આત્મામાં આનંદ ને સુખ જ છે. એ સિવાય દુઃખની કલ્પના, રાગની કલ્પના, પરમાં હોંશની કલ્પના એ બધી બાહ્ય વસ્તુઓ છે. સમજાણું કાંઈ? એમાં વિશ્રામ નામ ઠીક છે, આ છું, આ હોવાવાળું તત્ત્વ હું છું, એમ માનીને ભગવાન આત્મા પૂર્ણાનંદનો સ્વભાવભાવ એમાં નિશ્ચેતન એટલે તેને ન જાણતો, આમાં જ પરિણમતો આત્માના સ્વભાવનો શ્રદ્ધામાં, જ્ઞાનમાં નાશ કરે છે. સમજાણું કાંઈ? પંડિતજી! આ શી વ્યાખ્યા આવી ઝીણી? આવું તે તત્ત્વ વીતરાગનું?

અરે..! ભગવાન! ભાઈ! તારામાં તો પ્રવાહ આનંદનો વહે એવો તું ભાવ છો. તારી ખાણમાં... ઈન્દ્રોના સુખમાં કલ્પના છે એ તો જડની વિકારની છે. આ તો મહા ચૈતન્ય આનંદસ્વરૂપ છે. અતીન્દ્રિય આનંદના રસનો કૂંપો આત્મા છે. એવા અતીન્દ્રિય આનંદના નિજભાવનો અનાદર કરી, તેનો મહિમા ન કરી અને તેનામાં જે નથી એવા બીજા પદાર્થો અને પુણ્ય- શુભ-અશુભભાવો એ બાહ્ય વસ્તુમાં મને ઠીક છે એમ વિશ્રામ લેતો, પોતાના મહિમાને નહિ કરતો જડ જેવો થઈને પોતાના ચૈતન્યના ભાવનો નાશ કરે છે. આહાહા..!

અરે..! એ વાત ક્યાં એને બેસે? કેમકે આમ જાણે લાગે રખડતું. જાણે આમ ક્યાંક ક્યાંક આમ અહીંથી છે ને અહીંથી છે ને અહીંથી છે. લ્યો! અહીં તો કહે છે કે તારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સિવાય બાહ્ય પદાર્થમાં ક્યાંય મહિમા ગયો તો તારી મહિમા ગઈ. બાહ્ય પદાર્થના મહિમામાં ગયો તો તારી મહિમા ગઈ. આહાહા..! સંતોની વાણી કથની તો જુઓ! જુઓ! મહિમા શબ્દ વાપર્યો છે ને જુઓ! '**स्वभावमहिमन्येकान्तनिश्चेतनः**' ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સમુદ્ર પ્રભુ છે, એમાં તો જાણે નિશ્ચેતન એટલે કે એ નથી એમ માને છે અને આ પુણ્ય-પાપના હરખ-શોકની હોંશુ થાય છે એની એને મહિમા છે. સમજાય છે કાંઈ? આ શરીર સુંદર લાગે, રૂપાળું લાગે, આંગળીઓ, શરીર, નાક આમ પુષ્ટ લાગે. કહે છે કે એવા ભાવની એને મહિમા લાગી જાય છે. ભગવાનમાં ભરેલો ભાવ આનંદનો એની મહિમા એને લાગતી નથી. સમજાણું કાંઈ? અરે..! પોતાને મૃત જેવો બનાવે છે. અને જેમાં નથી એવા ભાવને પોતાનું હોવાપણું તેમાં માની એને જાણે હું છું એમ માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતાના સ્વભાવના મહિમામાં અત્યંત...**' એકાંત '**નિશ્ચેતન...**' એમ. એકાંત શબ્દ વાપર્યોને? આમ એકાંત ગયો. એમ. આમ એકાંત રાગના વિકલ્પના ભોગની વાસના વૃત્તિ. સમજાય છે? એવી ઉલ્લાસિત લાગણી થઈ. એમાં એકાંત થઈ ગયો એટલે કે સ્વરૂપ તરફ ન ઢળતા એ તો આ જ છે એમ જઈને પોતાના સ્વભાવને નિશ્ચેતન માને છે. એટલે માલ વિનાની ચીજ, હું તો માલ વિનાનો છું. અને આ પર વસ્તુમાં હોંશ ને હરખ એ વસ્તુ માલવાળી છે. આહાહા..! સમજાણું કાંઈ? કાંઈક શરીર સુંદર મળે, ઇન્દ્રિયો પુષ્ટિ મળે, ખાવા-પીવાના સાધનોમાં જરી હોંશું વર્તે. આહાહા..! આમ જોવે માગે ત્યાં કેટલું આમ શિખંડ, પુરી અને પતરવેલીયા તળેલા ઘીમાં. દહીંથરા મોળા અને ગળ્યા. દહીંથરા સમજો છો? સાટા સાટા કહે છે. સાટા નથી હોતા? ખાજા. મોળા-ગળ્યા ખાજા. દાંત ન હોય તો આમ... આહાહા..! અને એ પેંડા, એવી ઊંચી ચીજો હોય, એમાં એલચી-બેલચી નાખેલી. આહાહા..! મહિમા એની આવી જાય છે.

મુમુક્ષુ :- મહિમા નથી?

ઉત્તર :- કેમ છે એમાં મલૂકચંદભાઈ? મહિમા નથી? પણ આમ પાંચ-પાંચ હજાર, દસ-દસ હજાર રૂપિયા રોકડ દેખાય દરરોજ લ્યો. આમ લગડીયું ચાલી આવતી હોય. કો'ક કહેતું હતું, બે સોનાના ઈંડા ઘરે. એમ કહેતું હતું. બે સોનાના ઈંડા. શિવલાલભાઈ ક્યાં ગયા ગાંધી? નથી? આવ્યા નથી. ગયા હશે ક્યાંક. બે ઈંડા એમ કે સોનાના બે ઈંડા મળે છે. સમજ્યાને? એટલી પેદાશ દિવસની. કો'ક કહેતું હતું. સમજાણું? ધૂળમાંય નથી કહે છે ઈંડા. એનો અર્થ શું? બે-બે હજાર, ત્રણ-ત્રણ હજાર પેદા થતા હોય એક દિવસના.

અરે..! ભગવાન! એ માંસના હાડકામાં અને જડમાં તને મહિમા (આવે)? એવા ભાવની

તને મહિમા અને તેનું તને માહાત્મ્ય! ભગવાન આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ, એના તને મહિમા અને માહાત્મ્ય નહિ. આહાહા..! એ અહીં કહે છે, હોં!

આ બંગલા મોટા હોય, મખમલના ગાદલા, આમ જુઓ તો ચારે કોર, માથે પંખા ફરે અને વેશ્યાઓ નાચતી હોય સામે. નખરા કરતી હોય એની સામે. રાજા હોય મોટા એની સામે વેશ્યા નાચે. જમવા ટાણે નાચે. અમથા અમથા જ્યારે બપોરે નવરા બેઠા હોય બધા રાજાઓ ત્યારે નાચે. ત્યાં આપણે જોયું હતું ને? એક ફેરી લગન હતા ને રાજાના. આપણા રાજકુમાર તમારે રાજકોટ. .. હતા કાંઈક. તમે ક્યાં હતા? મોટો ઓલો નીકળ્યો હતો.. આ શું કહેવાય? ખટારો. બધા રાજાઓ બેઠા હતા. આમ એક બાઈ નાચતી હતી, વેશ્યા નાચતી હતી. નખરા કરતી હતી. અપાસરામાંથી દેખાતું હતું. ઘણા સાલની વાત છે. (સંવત) ૧૯૯૦ની સાલ હશે. રાજકોટ હોં. આહાહા..! બધા દરબારો હતા હોં! ખટારો હોય ખટારો એમાં જરી ઓલું પાટીયું ઊંચું હતું આમ બધા બેઠા હોય, પગ હેઠે. ઓહો..! અને ઘરે ખાવા જાય ત્યાં કેવા ઊંચા ઊંચા દારૂ કેવા ઊંચા હોય. એક એક શીશી સો રૂપિયાની સવા સો રૂપિયાની. દારૂના રસ અને એમાં ખાવાના માંસ. એવા માંસ પોચા. આમ શીરો જોઈ લ્યો. કટકી કટકી કરીને ઘીમાં તળેલો હોય માંસ અને એ પછી ખાય. એને મજા લાગે. આહાહા..! અહીં આ દહીંથરા ખાય ને અથવા ખાજા ખાઈને મજા (માને). આહા..! ભગવાન! એ તો પરવસ્તુમાં ક્યાં તારી શાંતિ છે? એ પરવસ્તુને દેખી અને એને જે મહિમા આવે છે, કહે છે કે એ મિથ્યાત્વભાવ છે. અને મિથ્યાત્વભાવમાં એકાંત રાગનું સેવન છે. આત્મા જ્ઞાનાનંદ ભગવાન રહી જાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે કે મહાવ્રતના પરિણામ એ શુભ છે એનું જો માહાત્મ્ય આવે છે, ચૈતન્યના માહાત્મ્યને ભૂલી ગયો છે. એમ કહે છે. કારણ કે એ પરભાવ છે. એ કાંઈ સ્વભાવ નથી, સ્વભાવ નથી. આહાહા..! અશુભભાવની તો શું વાત કરવી? પણ શુભભાવના માહાત્મ્યે ગયો, ચૈતન્યના માહાત્મ્યને ચૂક્યો. સમજાણું કાંઈ? એવી માર્ગની રીત બાપુ! વસ્તુનો સ્વભાવ એવો છે, અનાકુળ સચ્ચિદાનંદ પ્રભુ છે. એને આવા પરમાં મહિમા અને માહાત્મ્ય આવી જાય, કહે છે કે તારા સ્વભાવનો અનાદર થઈને તારું ખૂન થાય છે. ત્યાં મિથ્યાત્વભાવના સેવનથી, જૂઠા ભાવના સેવનથી સાચો ભાવ રહી જાય છે. સમજાણું કાંઈ?

**'અને સ્યાદ્વાદી...'** હવે લીધો ધર્મી. જ્ઞાની સમ્યગ્દ્રષ્ટિ ભલે ચોથે ગુણસ્થાને હો. ધર્મી એને કહીએ, જ્ઞાની એને કહીએ. ધર્મી કહો કે જ્ઞાની કહો કે સ્યાદ્વાદી કહો. એટલે કે મારા સ્વભાવમાં એ વિકારાદિ નથી. સ્વભાવમાં આનંદ આદિ છું. એ વિભાવ આદિ દુઃખના પરિણામ અને હોંશના રાગ એ મારામાં નથી. એવો જે અનેકાંત નામ સ્યાદ્વાદને માનનારો, એવા વસ્તુના

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ભગવાન આત્મા અમૃતનું ઝરણું ભગવાન આત્મા છે. જેમ ડુંગરમાં પાણી ઝરે ઠંડા. સમજાય છે? એમ ભગવાન આત્મા એ તો અમૃતનું ઝરણું છે. અતીન્દ્રિય આનંદનું ઝરણું છે, એમાં પરના હોંશનો રાગ મારામાં નથી. પરની હોંશ જ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**સ્યાદ્વાદી તો (પોતાના) નિયત સ્વભાવના ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે...**' દેખો! પોતાનો જે નિશ્ચય સ્વભાવ છે આનંદ, જ્ઞાન, શુદ્ધતા, સ્વચ્છતા, પ્રભુતા તેવો આત્માનો નિજ સ્વભાવ છે એ ચોથે ગુણસ્થાનથી પણ '**નિયત સ્વભાવ...**' સ્વભાવ. ઓલો પરભાવ, આ સ્વભાવના '**ભવનસ્વરૂપ જ્ઞાનને લીધે...**' મારા જ્ઞાનાનંદ સ્વભાવની હયાતીને લીધે દૃષ્ટિ ત્યાં ગઈ છે એટલે આખા પૂર્ણ સ્વભાવની અસ્તિની પ્રતીતિ થઈ છે. સ્વભાવ વસ્તુ છે આનંદ અને જ્ઞાનાદિ, એના ઉપર દૃષ્ટિ જતાં આખો ભાવ તો હું પૂર્ણાનંદ અને જ્ઞાનસ્વરૂપ છું. એમ '**સ્વભાવના ભવનસ્વરૂપ...**' એટલે સ્વભાવની હયાતીસ્વરૂપ અને સ્વભાવ સન્મુખ થવાથી સ્વભાવના પરિણમનસ્વરૂપ. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા બેહદ જ્ઞાન અને આનંદ એવો મારો સ્વભાવ (છે). એ સ્વભાવને... નિયત સ્વભાવ. એ નિશ્ચય સ્વભાવ કીધો. ઓલો વ્યવહાર સ્વભાવ રાગાદિ ખોટો. આ તો ત્રિકાળ મારામાં ત્રિકાળ આત્મા છે એવો ત્રિકાળ નિયત નિશ્ચય આનંદ ને જ્ઞાન ને શાંતિનો મારો સ્વભાવ છે. એના હોવાપણાની માન્યતાને લઈને અને એના હોવાપણાની માન્યતારૂપે પરિણમ્યો હોવાને લઈને. સમજાણું કાંઈ? આ ધર્મી. આ જૈન. આ ચોથા ગુણસ્થાનવાળો જ્ઞાની, ધર્મી. હવે શ્રાવક તો હજી ક્યાંય રહી ગયો હોં! આહાહા..! અહીં તો શરૂઆત અહીંથી થાય છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદનો મહિમા છે. એને વ્યવહારના વિકલ્પનો નાસ્તિભાવ છે અને તેથી તેનો મહિમા એને નથી. એ ચક્રવર્તીના રાજમાં પડ્યો સમકિતી, મહિમા એને ક્યાંય નથી. મહિમા અંતરમાં પડી છે. આહાહા..! મસાણમાં જેમ મડદા બળતા હોય ને અગ્નિના ભડકા ઉઠતા હોય રાતના બાર વાગે અને જે માણસ પ્રવેશ કરે અને જેમ લાગે આહાહા..! એમ જ્ઞાનીને અંતરના સ્વભાવના આનંદના મહિમા આગળ બહારમાં લક્ષ જતાં બધું મસાણ જેવું લાગે. સળગતા મડદાં. સમજાય છે કાંઈ? આહાહા..! ક્યાંય એને હોંશ નથી એમ કહે છે. મસાણમાં પ્રવેશ કરે તો હોંશથી જાતો હોય? એમાં એકલો ગયો હોય અને મડદાં બળતા હોય હડહડાટ. કોઈ અડદા બળ્યા હોય ને કોઈ ભડકા થાતા હોય.

ધર્મી એને કહીએ કે વસ્તુમાં અનંત ધર્મ જે સ્વભાવ છે તેના સન્મુખ થઈને એવા અસ્તિત્વના ભાવને સ્વીકાર્યો છે. વિકારના પરિણામ અને નિમિત્તો જેનામાં નથી એવા આત્માનો જેને અનુભવ છે એને ધર્મી કહેવામાં આવે છે. ધરમચંદજી! ભારે વ્યાખ્યા ધર્મની ભાઈ! આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**સ્યાદ્વાદી તો (પોતાના) નિયત સ્વભાવના...**' હોવાપણું અને પરિણમનને લીધે એટલે જ્ઞાનને એમાં જાણપણાને લીધે એમ કહેવું છે. ત્રિકાળી આનંદ ને જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી છું એનું એને જ્ઞાન છે. એમ. ત્રિકાળી હયાતીનું જ્ઞાન છે અને ત્રિકાળી હયાતીનું પરિણમન છે તેનું એને જ્ઞાન છે. '**સર્વથી (-સર્વ પરભાવોથી)...**' જુઓ! એ આને? '**सर्वस्म**' ત્રીજું પદ. '**सर्वस्म**' '**द्विभक्तो**' ત્રીજા પદમાં છે. સર્વ. એક શુભરાગથી માંડી અને બધું. અશુભરાગ, શરીર, વાણી, સ્ત્રીઓ ઈન્દ્રાણીઓ એ બધાને સર્વભાવથી '**ભિન્ન વર્તતો થકો,...**' એ જ્ઞાની ચોથા ગુણસ્થાનમાં પણ. આહાહા..! એ રાગ શુભ ને અશુભ ને બાહ્ય સામગ્રીથી ભિન્ન વર્તતો થકો. સમજાણું કાંઈ? ભારે! સર્વ શબ્દ પડ્યો છે ને? એક ભગવાન આત્મા અતીન્દ્રિય રસનો કંદ પ્રભુ, તેના હોવાપણાનો સ્વીકાર દૃષ્ટિમાં આવતા અનેકાંતપણું પ્રગટ્યું એટલે કે સ્વભાવપણે છું અને આવા વિકાર-વિભાવપણે નથી. એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ અમૃતનો અનુભવ, એનું નામ અનેકાંતનો અનુભવ. સમજાય છે કાંઈ?

'**સર્વથી (-સર્વ પરભાવોથી)...**' પરભાવ શબ્દે તો ઉદયભાવ ચારેય પ્રકારનો હોય, ગતિ આદિનો, મનુષ્યાદિનો, રાજાના કુંવરપણે, સર્વાર્થસિદ્ધના દેવપણે. સમજાય છે? સમકિતી તે તેની ગતિ અને તેના બાહ્ય સંયોગો અને અંદરનો શુભ-અશુભભાવ સર્વથી ભિન્ન વર્તે છે. સમજાણું કાંઈ? આ ભિન્ન વર્તે તો એમાં કેમ પડ્યો દેખાય છે? પણ તને ક્યાં જોવાની નજર ન મળે. સમજાણું કાંઈ? જ્યાં હોવાપણામાં વર્તે છે અને એનામાં નથી એમાં એ નથી વર્તતો એમ કહે છે. એ તને ખબર નથી એ અંતરના મહિમાની.

ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એવો જ્યાં અનુભવ અને સમ્યગ્દર્શન થયું, કહે છે કે એ વ્યવહાર સર્વ ભાવથી તે ભિન્ન વર્તે છે. કોઈપણ રાગાદિમાં એકપણે વર્તતો નથી. આહાહા..! કનુભાઈ! જુઓ આ વસ્તુ. આહાહા..! અહીં તો એક જરી છોકરો કમાઉ થયો પાંચ હજારનો-દસ હજારના પગારવાળો તો એને હોંશ (આવે). સાળાનો સાળો હુશિયાર થાય. સાળાનો સાળો તો બીજો હશે કે નહિ? વજુભાઈ! એ હુશિયાર થાય ને કોઈ પાંચ-દસ હજારનો પગાર લાવતો હોય અને માન હોય મોટું શહેરમાં કલકત્તા, દિલ્હી, મુંબઈ આદિમાં, એનો રસ થાય એને લ્યો. એ તો હરખ થાય જ ને. આવી ચીજ ક્યાંથી હોય અમારે? ઓહોહો..! મૂરખ છો, કહે છે. એય..! અને જેને છોકરા સારા પાકે અને પાંચ પાંચ હજારની પેદાશું દિવસની અને રૂપાળા હોય અને એના મકાનો પણ એકે એકના સ્વતંત્ર પાંચ પાંચ દસ દસ લાખના કર્યા હોય. કેટલી સામગ્રીમાં પડ્યો છે ઈ.

કહે છે, ભગવાન! એ બાહ્ય પદાર્થમાં તારું તો નાસ્તિપણું છે. છતાં એ બાહ્ય પદાર્થ અને વિકારી ભાવનું અસ્તિપણું સ્વીકારીને પડ્યો છે તે નાસ્તિક છે. આત્માનો નાસ્તિક છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એ તો. ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવથી ભરેલો એની અંદર આસ્તિકતાનો અનુભવ થયો, એ મારી આસ્તિકતામાં તો મારો આનંદ અને શાંતિ ભરેલી એની મને આસ્થા છે. પુણ્ય-પાપના આ એની આસ્થા કે એ આસ્થાનું જ્ઞાન વર્તે છે કે એ બીજી ચીજ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એને ધર્મી કહેવાય. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભિન્ન વર્તતો થકો,...**' એમ છે ને? '**विभक्तो भवन्**' એનો અર્થ કર્યો ને? ભવનનો અર્થ. ભગવાન આત્મા ભાવથી ભરેલો પ્રભુ છે. કેવા ભાવ? જેનામાં અનંત શુદ્ધ ભાવ (ભરેલા છે) એવા ભરેલા સ્વભાવને અનુભવતો, જાણતો, તે તરફના વલણથી તેનું પરિણમન શુદ્ધતામાં વર્તતું, વર્તતો થકો અને તે પરથી ભિન્ન વર્તતો થકો. સમજાણું કાંઈ? '**જેણે સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું...**' ભગવાન.. અહીં ભાવની વ્યાખ્યા છે ને? સહજ સ્વભાવ ત્રિકાળી. ત્રિકાળી સહજ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત ગુણ-સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું. એની શ્રદ્ધાનું પ્રતીતિ કરીને જાણપણું. અને તે પણ કેવું? '**સ્પષ્ટ-પ્રત્યક્ષ-**' મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન દ્વારા આ આત્મા પ્રત્યક્ષ આવો છે એમ જેણે પ્રત્યક્ષ કર્યું છે. એ ભાવને પ્રત્યક્ષ કર્યા છે એમ કહે છે. આહાહા..!

'**સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ જાણપણું....**' '**सहजस्पष्टीकृतप्रत्ययः**' પ્રતિનો અર્થ પ્રતીતિ કર્યો, એમ ને? ઠીક. એનું જાણપણું એમ બેય થયું. પ્રતીતિરૂપ જાણપણું એમ કર્યું. '**प्रत्ययः**'નો અર્થ કર્યો છે ને. '**સહજ સ્વભાવનું પ્રતીતિરૂપ...**' શ્રદ્ધા તે એનાથી જાણ્યું એમ. '**સ્પષ્ટ-પ્રત્યક્ષ અનુભવરૂપ કર્યું છે...**' ઓહોહો..! ભગવાન આત્મા..! એ આઠ વર્ષની બાલિકા ચક્રવર્તીની દીકરી એવી જે સમ્યક્ પામે, કહે છે કે આત્મા પ્રત્યક્ષ સહજ પ્રતીતિ આનંદમય છે એમ પ્રતીત કરી છે. આહાહા..! જે પરોક્ષ હતો અજ્ઞાનમાં એને જ્ઞાનમાં પ્રત્યક્ષ કર્યો છે. આ આત્મા આનંદ ને શુદ્ધ ચૈતન્ય છે. પૂર્ણ વીતરાગી શાંતરસની મૂર્તિ આત્મા, એમ જેણે જ્ઞાનમાં સ્પષ્ટ કર્યું છે, પ્રત્યક્ષ કર્યું છે અને અનુભવરૂપ કર્યું છે. એ તરફનું વલણનું વેદન કર્યું છે એમ કહે છે. સ્વભાવભાવના વલણનું વેદન છે. વળ્યો એ બાજુ એટલે એનું વેદન છે. વિભાવનું વેદન જ્ઞાનીને નથી, એમ કહે છે. આ અનેકાંત ભારે. સમજાણું કાંઈ? લ્યો, નિત્ય છે ને અનિત્ય છે, ફલાણું છે એમ જ્ઞાનમાં રાખવું એ હજી જાણ્યું નથી એમ કહે છે.

સ્વભાવ ધ્રુવ ચૈતન્ય ભગવાન, એના સ્વભાવ તરફ ઢળીને પોતાના પૂર્ણ સ્વભાવને પ્રતીતરૂપ જ્ઞાનને પ્રત્યક્ષ કર્યું છે અને વિભાવભાવ આદિનો જેમાં અભાવ છે એમ જાણ્યું છે. એને પોતાના ભાવની પ્રતીતિ, હું સ્વભાવપણે છું એવા અસ્તિત્વને સિદ્ધ કરીને સમ્યગ્દર્શન જ્ઞાન પ્રગટ કર્યું છે. એ આ ૧૧મો ભંગ છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


'**ભાવાર્થ :- એકાંતવાદી પરભાવોથી જ પોતાનું સત્‌પણું માનતો...**' છે ને સત્? પોતાના ભાવથી સત્ છે એમ નહિ પણ પરભાવથી મારું હોવાપણું છે. એમ. તો પછી આ રાગાદિ ન થાય તો શું કરવું? એમ કહે છે કેટલાક. જાણે રાગના હોવાપણાથી જ જાણે હોવાપણું હોય. લ્યો! પુણ્યાદિ ધર્મ નહિ? દયા, દાન, પૂજા, ભક્તિ એ ધર્મ નહિ? તો એ નહિ તો પછી હવે કરવું શું ત્યારે એને? આહાહા..! અરે..! વાંધા તે ક્યાં. પોતાનું સત્‌પણું ત્યાં માને છે એકલા રાગાદિ (હોય) તો આ કર્યું કહેવાય. દેખાય બહારમાં આ. એના વિનાનો ભગવાન ભાવ સત્ છે એવો એને પ્રતીતમાં આવતો નથી. સમજાણું કાંઈ?

એકપક્ષી અજ્ઞાની '**પરભાવોથી જ પોતાનું સત્‌પણું માનતો...**' એટલે એ શુભ-અશુભભાવ અને હરખ-શોકના રાગ અને બાહ્યની ચીજોથી જ પોતાનું હોવાપણું માનતો. આ બધું જાય તો પછી મારે રહેવું ક્યાં? ત્યારે મારું શરણ શું? ભગવાનનું સ્મરણ કરવું એ પણ રાગ? એય..! શું રહ્યું મારે? ભાઈ! એ કાઢી નાખીએ તો પછી અમારે શું કરવું? એને તું સત્ માને છો? એના વિનાનો આખો ભાવ પડ્યો છે અનંત ગુણનો પિંડ એને તો સત્ માનતો નથી. ધરમચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શું કરવું છે? ઊડાડવાની ક્યાં વાત છે? એ છે એવો એને જાણ, તારામાં નથી. વસ્તુ તો જગતમાં છે બધી.

ભગવાન આત્મા જ્યાં રાગ વિનાની ચીજ છે, વિકલ્પ વિનાની ચીજ છે એમાં વિકલ્પ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? અરે..! આ માર્ગ બાપા! સાંભળવા પણ કઠણ છે. સમજાણું કાંઈ? બધી પ્રથા એવી થઈ ગઈ છે ને. ચોર કોટવાળને દંડે એવું કર્યું છે. માન માને હોં! એમાં કાંઈ વાંધો નથી. આમ જાણે લજ્જામાં બીજાને નાખી દે એમ માને. શરમમાં, લજ્જામાં જુઓ! તમને કાંઈ આવડ્યું નહિ. અરે.. ભગવાન! સાંભળ ભાઈ! આવડવાની વાતું બીજી, શબ્દોની વાત બીજી, વિકલ્પ બીજો. સમજાય છે?

જ્ઞાનાનંદ ભગવાન ચૈતન્યનો પિંડ પ્રભુ એ વિકલ્પથી જુદો (છે) એમ જ્ઞાની પરથી ભિન્ન વર્તતો અજ્ઞાની રાગાદિમાં એકપણે વર્તતો, પોતાના સ્વભાવનો અભાવ માને છે. જ્ઞાની પોતાના સ્વભાવમાં એકપણે વર્તતો, સત્‌પણે વર્તતો. સમજાય છે? આ સત્‌પણું માનતો હોવાથી અજ્ઞાની. '**બાહ્ય વસ્તુઓમાં વિશ્રામ કરતો થકો...**' બાહ્યમાં ઢળીને પડ્યો છે. બસ! આ છે. '**આત્માનો નાશ કરે છે; અને સ્યાદ્‌વાદી તો, જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં...**' એ જ્ઞાનમાં રાગાદિ અને પરભાવ જણાવા છતાં એ પરભાવ મારામાં છે નહિ. સમજાણું કાંઈ? ભાઈ! આવી ધર્મ કથા કેવી? ઓલું તો સમજાય. ઘરે જઈને કહેવું હોય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો કહેવાય કે આ કથા. આમાં કહે શું ઘરે જઈને. કો'ક માદું સાજુ હોય ને કહે શું સાંભળી આવ્યા? કાંઈક આમ કહેતા હતા, આમ હોય ને આમ હોય. ભાઈ! તારી વાર્તા જ એવી છે, બાપુ! સ્વરૂપની વાર્તા એ પણ એણે પ્રીતિથી કોઈ દી સાંભળી નથી. હોંશથી, હરખથી ઓહોહો..! આ! એમ મહિમા લાવીને સાંભળ્યું નથી એમે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાદિનું એ જ કર્યું છે ને માન્યું છે. માન્યું છે એણે. જાણ્યું નથી કે આ શું છે બીજી ચીજ. એમાં પણ શું છે એની એને ખબર નથી. એ ઓઘે ઓઘે, ઓઘે ઓઘા કૂટ્યા. સમજ્યાને? ફોતરા કૂટ્યા ફોતરા. આહાહા..!

ધર્મી '**જ્ઞાનભાવ જ્ઞેયાકાર થવા છતાં...**' એટલે કે જ્ઞાનમાં રાગાદિ, ભાવાદિ પર છે એ જણાવા છતાં. સમજાણું? '**જ્ઞાનભાવનું સ્વભાવથી અસ્તિત્વ જાણતો થકો,...**' જેટલું જાણવું-દેખવું અને આનંદ એ મારું અસ્તિત્વ છે. એમાં જણાતો રાગાદિ એ અસ્તિત્વ મારામાં નથી. સમજાણું કાંઈ? '**આત્માનો નાશ કરતો નથી.**' એટલે જેવો એનો ભાવ છે આત્માનો, તેવો સ્વભાવમાં આદર કરીને તેમાં વર્તે છે એટલે એને આત્માનો નાશ કરતો નથી. પણ આત્માનું જેવું જીવન છે તેવું જીવે છે.

**'આ પ્રમાણે સ્વ-ભાવની (પોતાના ભાવની) અપેક્ષાથી અસ્તિત્વનો ભંગ કહ્યો.'**

**'(હવે બારમાં ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)'**

**अध्यास्यात्मनि सर्वभावभवनं शुद्धस्वभावच्युतः**
**सर्वत्राप्यनिवारितो गतभयः स्वैरं पशुः क्रीडति।**
**स्याद्वादी तु विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-**
**दारूढः परभावभावविरहव्यालोकनिष्कम्पितः।।२५९।।**

'**શ્લોકાર્થ :- પશુ...**' આ નવમી ગ્રૈવેયકનો દિગંબર મિથ્યાત્વી સાધુ થાય એને પશુ કીધો છે. જેને એ મહાવ્રતાદિના પરિણામ મારા છે એ માનનાર એકાંતી મિથ્યાદષ્ટિ અજ્ઞાની કહ્યો છે. શેઠી! આહાહા..! '**અજ્ઞાની એકાંતવાદી,...**' એટલે ભગવાન શુદ્ધ ચૈતન્યભાવસ્વરૂપ, એને નહિ જાણતો અજ્ઞાનમાં રહીને એકાંત નામ પોતામાં નથી તેવા રાગને પોતાનો માનતો '**સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...**' દેખો! રાગાદિ હું, પુણ્યાદિ હું, વિકલ્પ હું, હિંસા, જૂઠાના ભાવ હું, વિષય-ભોગની વાસના હું, સર્વ ભાવો. કોઈ બાકી રાખ્યા વિના.

'**સર્વ ભાવોરૂપ ભવનનો...**' એટલે હોવાપણું એવો '**આત્મામાં અધ્યાસ કરીને...**' બધા ભાવોમાં હું છું. બધા ભાવોમાં હું, રાગમાં હું, પુણ્યમાં હું, પાપમાં હું, પાપના પુણ્યના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ફળમાં હું. કહો. સમજાય છે કાંઈ? પવિત્રતામાં હું એમ ન માનતા, ભગવાન પવિત્ર સચ્ચિદાનંદ પ્રભુ છે એને પોતામાં આમાં હું છું એમ ન માનતા, શુભ-અશુભ રાગ, પુણ્ય-પાપભાવ, શરીર, એના ફળ બધા ભાવોરૂપે ભવન એટલે હયાતીને માનતો અથવા તે રૂપે પરિણમતો **'આત્મામાં અધ્યાસ કરીને...'** ટેવ પડી ગઈ છે. **'(અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે આત્મા છે એમ માનીને)...'** જ્ઞાનમાં જણાતા કેટલા જ્ઞેયો એ બધા જાણે હું છું એમ માનીને. સમજાણું? અહીં તો સ્ત્રી, કુટુંબ, પરિવાર પણ પર છે. રાગ એમાંથી ઉત્પન્ન થાય તે મારા એ પર છે. એને પોતાના માનતો. અને દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પરદ્રવ્ય છે. ઈ પર હશે કે નહિ? દેવ-ગુરુ-શાસ્ત્ર પર? એમ પ્રશ્ન થયો. શુદ્ધ છે ને? પણ શુદ્ધ છે એટલે? તારામાં નાસ્તિ છે. એ પરદ્રવ્યની તારામાં નાસ્તિ છે. પરદ્રવ્યની અસ્તિ છે તારામાં? સમજાણું? સર્વ ભાવોમાં શું બાકી રહ્યું?

જગતના બધા પદાર્થો જેટલા જ્ઞાનમાં જ્ઞેય તરીકે થઈ શકે એવા અનંત. એ અનંત જ્ઞાનમાં જ્ઞેય થવા લાયક છે, પણ એ મારા તરીકે માનવા લાયક નથી અને આત્મામાં પણ પરને મારા માનવા એવો એનો સ્વભાવ નથી. તેથી મિથ્યા ભાવથી માને છે. **'સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં...'** ટેવાઈ ગયો. અધ્યાસ કરીને એટલે માનીને. સમજાણું કાંઈ? જ્યાં જ્યાં એની નજર પડે ત્યાં તે તે ભાવ છે એ મારા છે એમ એ માને છે. એવી ટેવ પડી ગઈ છે. કહો, આ કેળવણી પામીને એક છોકરો પાંચ હજારનો પગાર લાવે તો બાપને હોંશ તો થાય કે નહિ? એય.. વજુભાઈ! કહો, પાંચ હજારનો પગાર લાવે, આઠ હજારનો સુમનભાઈ. પૈસા થોડા ખર્ચ્યા હશે. કોણ જાણે કેટલા.. અત્યારે કેટલા લાવે છે પૈસા જુઓ. ભલે એને ન આપે પણ લાવે છે એમ તો કહે ને લોકો. એય..! મલૂકચંદભાઈ! એ તો મલૂકચંદનો છોકરો ક્યાં આપે છે એને? આપે છે? પણ મારા એમ થાય તો ખરું ને. જ્યોતિ! ક્યાં ગયા તારા બાપ? પાછળ બેઠા છે. ઠીક. એકનો એક દીકરો સારો થાય તો હોંશ થાય કે નહિ? બે-ચાર હોય તો તો વળી રાગ વહેંચાઈ જાય. આહાહા..! કોના દીકરા ને કોણ દીકરા? ક્યાં હતા તારે? તારી પ્રજા તો નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ તારી પ્રજા છે. આ પ્રજા ક્યાંથી લાવ્યો તારી? એમ કહે છે. એ પણ ટેવ પડી ગઈ છે અનાદિથી. આહાહા..!

**'સર્વ ભાવોરૂપ...'** હયાતીપણાનો અભ્યાસ. આ હું... આ હું... આ હું... **'(અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોને ભાવોરૂપે આત્મા છે એમ માનીને) શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો,...'** લ્યો! સ્વભાવનો બોલ છે ને? પરભાવથી નાસ્તિનો બોલ છે આ. પરભાવથી અસત્‌નો બોલ છે આ. પહેલો ૧૧મો હતો એ સ્વભાવથી અસ્તિ-સત્‌નો બોલ હતો. આ પરભાવની (નાસ્તિથી) છે. પરભાવની નાસ્તિથી છે એને પરભાવની અસ્તિથી અજ્ઞાની માને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે. એ પહેલો બોલ એ લ્યે છે ને. સમજાણું કાંઈ? હવે ભાઈ, આવું બધું ન સમજાય તો કાંઈ ધર્મ નહિ થાય? દેવચંદભાઈ! આવું અત્યારે ગામડામાં ક્યાં સમજવા જાય? ત્યાં તો સાંભળવા મળે પણ નહિ આવી વાત. તો એને બિચારાને કાંઈક ધર્મ થાતો હશે નહિ?

મુમુક્ષુ :- બાપ-દાદા મંદિરમાં જાતા.

ઉત્તર :- બાપ-દાદા મંદિરમાં જાતા એને ધર્મ થાતો (નહિ હોય)? આ ચર્ચા પહેલી હતી જ નહિ લ્યો. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધની વાત હતી નહિ. અને હતી તો ગોટાવાળી હતી.

મુમુક્ષુ :- આ એકાંત છે, પેલું અનેકાંત છે.

ઉત્તર :- અરે..! મિથ્યાત્વ છે એકાંત. આહાહા..! સમ્યક્ એકાંત અને મિથ્યા એકાંત. એમ આવે છે ને? મિથ્યા એકાંત છે. આહાહા..! એમ કે અમારા બાપ-દાદા તો આવું કાંઈ જાણતા નહોતા. આ બધી હવે આવ્યું હમણાં સોનગઢથી. તો આપણા બાપ-દાદા ભગવાનની પૂજા કરતા તો ધર્મ થાતો હશે કે નહિ? એમ પૂછયું. એય.. ભગવાનજીભાઈ! એમ પ્રશ્ન થયા. પ્રશ્ન બધા ઘણી જાતના થાય છે અત્યારે. કહે, હા. એ ભગવાન છે કે નહિ? ભગવાનની આસ્થા છે કે નહિ? પણ એ ભગવાન કે આ ભગવાન? સાંભળને! તને એની પણ નથી અને તારી પણ નથી. તને તારા સ્વરૂપના મહિમાનો જ્ઞાનાનંદ સ્વરૂપ છે એની અંદરમાં મહિમાનું ભાન નથી. ભગવાન આ છે અને ભગવાનને કહેવું છે એ કે તું મારાથી નથી અને મારા તરફનું લક્ષ રાગ એ પણ તારામાં નથી. ભગવાન તો એમ કહે છે. આ ભગવાન કહે છે, કોણ કહે છે આ? ભગવાનની પૂજા-ભક્તિનો ભાવ અને ભગવાન પોતે કહે છે કે હું અને મારા તરફનો ભાવ તારી પૂજાનો એ તારા ભાવમાં નથી. મોટા માણસ એટલે એમ કહે. એમ હશે ને? આહાહા..!

એ આવ્યું છે. એવું આવે છે ને? ભગવાને પૂજા નથી કરી, પ્રભુ આપના ભક્તોએ પછી ગોઠવી... અધિકાર આવે છે. ધવલમાં આવે છે ને. સ્તુતિમાં. વિદ્યાનંદસ્વામીનું. એ આવ્યું હતું હમણા લખાણ. એમ કે હે ભગવાન! તમે નથી કહ્યું આ પણ તમારા ભક્તોએ.. વળી પાછું તમે કહ્યું એ પણ આવે છે એમાં. આપે કહ્યું હતું અને ગણધરે જાણ્યું હતું અને એમાંથી આ રચના થઈ, એમ પણ આવે છે. શું નથી કહ્યું? બધું કહ્યું. ભગવાને શું બાકી રાખ્યું? સમજાણું કાંઈ? પણ એ કહે છે, ભગવાનની વાણીમાં એમ આવ્યું કે વાણી આત્મામાં નથી. અને એ વાણીમાં એમ આવ્યું કે તને જે ભાવ થાય અમારા તરફનો એ ભાવ તારામાં નથી. સમજાણું કાંઈ? જુઓ!

**'કોઈ પરભાવને બાકી રાખ્યા વિના સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી...'** જુઓ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


ભગવાને કહ્યું માટે સ્વચ્છંદતાથી કહ્યું નથી. '**નિર્ભયપણે ક્રીડા કરે છે;...**' બસ! ગમે તેવો રાગ, ભોગ, વિષય-વાસના બધા આપણે પર છીએ. પરથી હું છું, પરથી હું છું. શરીર હોય સારું, સ્ત્રી હોય સારી, ઘરમાં અનાજ હોય. સમજાણું ને? શું રહ્યું ચોથું? દીકરા. દીકરા ચાર હોય. તમારે તો બે જ છે. બે વચ્ચે બે. ચાર છોકરા હોય લ્યો! ઘરે સુકુળની નાર સારી હોય કહ્યાગરી. અને પૈસા ઠીક હોય કહ્યાગરા. કહ્યાગરા એટલે ધાર્યા પ્રમાણે આવે અને ધાર્યા પ્રમાણે ખર્ચાય. સમજાણું? શરીર અનુકૂળ હોય કહ્યાગરું. જેમ નાખો તો સરખું રહે. શરીર, પૈસા, અનાજ પણ એવા.

મુમુક્ષુ :- હવે બાકી રહ્યું શું?

ઉત્તર :- બાકી રહ્યો એનો આત્મા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે આ સ્વરૂપ કીધું ને? અહીં સ્વરૂપ. સર્વ ભાવને પોતાના માન્યા. રહી ગયો તારો આત્મા. આહાહા..! સમજાણું કાંઈ?

'**સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી નિર્ભયપણે ક્રીડા કરે છે;...**' રાગ ને પુણ્યભાવ ને પર મારા, એનાથી મારું સત્ છે એમ માનીને અજ્ઞાની પરમાં ક્રીડા કરે છે. જ્ઞાની પરથી પોતાને અસત્ માને છે. એ એક ટૂકડો રહી ગયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ ૧૪, રવિવાર તા. ૯-૬-૧૯૬૮**
**શ્લોક-૨૫૯-૨૬૦, પ્રવચન-૫૩૨**

સમયસાર છે. અનેકાંતનો ૧૨મો બોલ છે. ૧૨મો. ફરીને.

આ શું ભંગ છે? આત્મા પરભાવથી નથી. સ્વભાવથી છે એ ૧૧મો ભંગ આવી ગયો. આત્મા જ્ઞાન-દર્શન-આનંદ આદિ સ્વભાવ એનાથી પોતે છે અને પરભાવ-શુભ, દયા, દાન, વ્રત, ભક્તિ, તપાદિના જે રાગભાવ, પુણ્યભાવ, પરભાવ એનાથી આત્મા અસત્ છે. આત્મામાં એની નાસ્તિ છે. એમ ન માનતા અજ્ઞાની અનાદિથી પશુ કહીને બોલાવ્યા એને. ચાહે સો જૈનનો સાધુ બહારથી નગ્ન દિગંબર હોય, પણ અંદરમાં જેને એ શુભભાવ વર્તે છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ આત્માનો છે એ એમ માને છે કે મિથ્યાદૃષ્ટિ પશુ છે. અજ્ઞાની છે, એકાંતવાદી છે. જુઓ આ. એકાંતવાદી છે એ. કેમકે ચૈતન્ય સ્વભાવ આનંદના અનંત ગુણનો પિંડ પ્રભુ, એવું જેનું અસ્તિ-હોવાપણું જેનો સ્વભાવભાવ છે એમાં એ શુભભાવની નાસ્તિ છે. છતાં અજ્ઞાની (એમ માને છે કે) એ શુભભાવ મારામાં છે અને શુભભાવપણે પરિણમું એ હું આત્મા છું.

અજ્ઞાની એકાંતવાદી. જુઓ! એને એકાંત આમ કીધો. શું? '**સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...**' જેટલા પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ, એ રૂપે પરિણમવાનો અધ્યાસ નામ માનીને એ શુભરૂપે હું પરિણમું છું, પુણ્યરૂપે હું થાઉં છું, અસંખ્ય પ્રકારના શુભ-અશુભભાવરૂપે હું થાઉં છું એમ અજ્ઞાની માને છે એ મિથ્યાત્વ છે. કહો, સમજાય છે કાંઈ? શું કીધું? '**(અર્થાત્ સર્વ જ્ઞેય પદાર્થોના...**' સર્વ ભાવોરૂપ ભવન. ભગવાન આત્મા તો જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા ભાવસ્વરૂપ છે. એવું ન માનતા જે એમાં નથી એવા પુણ્ય-પાપના ભાવોને એટલે બધા ભાવો, અસંખ્ય પ્રકારના શુભ-અશુભભાવો આદિ પરવસ્તુ બધી, એ રૂપે જાણે હું છું એમ થવાનું આત્મામાં માનીને. માનીને. '**સર્વ જ્ઞેય પદાર્થોના ભાવોરૂપે આત્મા છે એમ માનીને)...**' ખરેખર એ વિકલ્પ રાગાદિ જ્ઞેય છે. આત્મા જ્ઞાન છે, તે અજ્ઞાન છે. પર એ જ્ઞાનનું જ્ઞેય છે. સમજાય છે કાંઈ? આત્મા ચૈતન્ય જ્ઞાનની મૂર્તિ જ્ઞાયકભાવ સ્વભાવ અને રાગાદિ, પુણ્યાદિનો જેટલો મહાવ્રતાદિ કે દયા, દાનના પરિણામ એ બધું પરજ્ઞેય છે, પરભાવ છે. એને અજ્ઞાની મારા છે એમ માની, શુદ્ધ જે ત્રિકાળ ચૈતન્ય સ્વભાવ છે તેનાથી ચ્યુત નામ ભ્રષ્ટ થાય છે. પંડિતજી! ભારે વાત! સમજાય છે કાંઈ? ચૈતન્ય અનંત સ્વભાવભાવથી ભરેલો પદાર્થ એવો સ્વભાવ હું છું એમ અસ્તિપણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ન માનતો, પોતાનું હોવાપણું એ શુભ અને પુણ્ય-પાપના ભાવમાં હોવાપણું છે એમ માનનાર, શુદ્ધ ત્રિકાળી સ્વભાવથી ચ્યુત થયેલો, ભ્રષ્ટ થયેલો મિથ્યાત્વભાવમાં આવીને શુભાદિ રૂપ પરિણમું છું એમ એ માને છે. સમજાણું કાંઈ?

'**શુદ્ધ સ્વભાવથી...**' એની સામે ઓલું શુભ લેવું બધું. જેટલા શુભભાવ દયાના, દાનના, ભક્તિના, પૂજાના, હિંસાના, જૂઠાના, ચોરીના, વિષયના, કામના, ક્રોધના એ બધા ભાવો ખરેખર આત્માના આનંદ અને જ્ઞાનસ્વરૂપની આગળ એ બધા અજ્ઞાન છે. એટલે ખરેખર તો જ્ઞાનસ્વભાવના એ પરજ્ઞેય છે. એમ પરજ્ઞેયને પરજ્ઞેય તરીકે પોતામાં ન માનતો એ પરજ્ઞેય તે જ મારું સ્વરૂપ છે એમ આત્મામાં અનુભવ કરીને... સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ ચૈતન્યનું હોવાપણું, તેનાથી ચ્યુત નામ ભ્રષ્ટ થયો થકો. જુઓ! આમાં એમ નથી લીધું કે કર્મે એને ભ્રષ્ટ કરાવ્યો છે.

મુમુક્ષુ :- બીજા શાસ્ત્રમાં લખ્યું હોય.

ઉત્તર :- બીજા શાસ્ત્રમાં લખ્યું હોય, નિમિત્તથી કથન હોય. પંડિતજી! દેખો અહીં તો એટલી વાત.

અજ્ઞાની આત્માના શુદ્ધ સ્વરૂપના ભાવના ભાન વિનાનો એકાંતવાદી એટલે જે સ્વરૂપમાં નથી એવા ભાવને પોતામાં માનનારો, એનું નામ અંકાતી. અને એ ભાવ મારામાં નથી અને મારો ભાવ શુદ્ધ છે અને આ નથી એનું નામ અનેકાંતી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ માટે તો કાલે એક શબ્દ તો નીકળ્યો. અનેકાંતની મર્યાદા એવો શબ્દ નીકળ્યો. અને એનું પૂર્વે હું કહી ગયો છું. પૂર્વે ક્યાં છે એ ન નીકળ્યું પાછું. અનેકાંતની મર્યાદા તો નીકળ્યું. નહિ આ? બતાવ્યું હતું. શબ્દ ટૂકડો છે. આવ્યું છે આવ્યું. નીકળ્યું આજે નીકળ્યું છે ને. હમણાં બતાવ્યું હતું ને. કેટલામું પાનું છે? અનેકાંતકી અપની મર્યાદા હૈ, અપને પિછલે ઉત્તર મેં લિખા હૈ કિ અનેકાંતકી અપની મર્યાદા હૈ. એટલું. આજે જોયું છે. એને હાથ આવવું હોય ત્યારે આવે ને. આ પણ અત્યારે હાથ આવ્યું બપોરે હમણાં. ... તમે આવ્યા ને તે પહેલાં આવ્યું, એક મિનિટ પહેલાં.

અનેકાંત પણ એની હદ છે. એમ નહિ કે આત્મા શુદ્ધ પણ છે અને આત્મા અશુદ્ધ પણ છે દ્રવ્યે, ભાવે. એ અનેકાંત નહિ. સમજાણું કાંઈ? આમ વસ્તુ તરીકે ત્રિકાળી શુદ્ધ છે અને પર્યાયના લક્ષે પોતે અશુદ્ધ છે એટલી વાત. પણ એનો ત્રિકાળી ભાવ શુદ્ધ છે અને વળી ત્રિકાળી ભાવમાં અશુદ્ધ પણ ભેગું છે એમ નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા જેનો ભાવ એટલે સ્વ-ભાવ એટલે પોતાનો અવિનાશી અવિનાભાવી. અવિનાશી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવિનાભાવી, આત્મા અવિનાશી અને કાયમ રહેનારો તો એની સાથે અવિનાશી ભાવ. જ્ઞાન, દર્શન, આનંદ આદિ અનંત શુદ્ધ સ્વભાવ તે એનો ભાવ. એ એનું અસ્તિપણું. અને પુણ્ય-પાપના રાગ ને વિકલ્પ તેમાં નાસ્તિ. એનું નામ અનેકાંત છે. એને ઠેકાણે એમ ન માનતો. ભાષા જુઓને ચોખ્ખી છે. આ રાગ છે એ હું છું એમ એકાંત માનનારો એમ થયું અહીં તો જુઓને. સ્પષ્ટ તો આ રીતે કર્યું હવે.

એક પક્ષનો એક બાજુ જે શુભભાવ છે અંદરમાં, આ દેહાદિ વાણીની ક્રિયા કરું એ તો વળી તીવ્ર મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? પણ અહીંયાં તો જે શુભભાવ, પુણ્યનો ભાવ, દયાનો, દાનનો, ભક્તિનો, વ્રતનો, પૂજાનો, નામ સ્મરણનો વગેરે જે ભાવ છે એ કૃત્રિમ શુભ અશુદ્ધ છે. એ ભાવ ત્રિકાળી સ્વભાવભાવમાં નાસ્તિ છે. નથી. એને ઠેકાણે એ હું છું. એમ આવ્યું જુઓને ચોખ્ખું.

**'સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં અધ્યાસ કરીને...'** છે નહિ એમ. છતાં પણ એ રાગ ને પુણ્યના પરિણામ મારા છે એમ માનીને શુદ્ધ સ્વભાવથી ભ્રષ્ટ થાય છે અજ્ઞાની. સમજાણું કાંઈ? એકાંત છે તે ઝેર છે, અનેકાંત છે તે અમૃત છે. એનો અર્થ શું? કે એકાંત.. અહીં એકાંતી લીધોને અહીંયાં? સમજાણું કાંઈ? પશુની વ્યાખ્યા જ અહીં ઈ કરી. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સમયમાં દ્રવ્ય તો છે, પણ એનામાં ભાવ જે અસલી ચૈતન્ય, જ્ઞાન, આનંદ આદિ ભાવ એ રૂપે એનું હોવાપણું છે અને પુણ્યાદિના ભાવ પણ એનામાં નથી. એવી દૃષ્ટિ થતાં અનેકાંતરૂપી અમૃતનો સ્વાદ આવે છે ત્યાં. એથી અનેકાંતને અમૃતસ્વરૂપ કહ્યું છે. વસ્તુ ભગવાન આત્મા શુદ્ધ આનંદની મૂર્તિ આત્મા, એમાં આ રાગ અને પુણ્ય નથી એટલે તેની રુચિ છૂટીને, તેનું લક્ષ છૂટીને અહીં લક્ષ ગયું ત્યારે એનામાં રાગની નાસ્તિ થઈ અને સ્વભાવ છે તેની શક્તિની પ્રગટતા થઈ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થોડું ઝીણું પડે છે.

ઉત્તર :- ઝીણું પડે છે થોડું હળવે હળવે કહીએ છીએ. આ કાંઈ એકદમ ઉતાવળથી નથી આવતું. જુઓ!

કહે છે કે ભગવાન આત્મા શુદ્ધઘન, આનંદઘન ચૈતન્યમૂર્તિ આત્મા છે. એનાથી પોતાનું હોવાપણું છે તે જ એનું હોવાપણું છે. અને પુણ્યના ભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ છે એનું એનામાં અહોવાપણું છે-નથી. એમ નથી જ્યાં કરવા જાય છે અને પોતાની અસ્તિ ઉપર દૃષ્ટિ પડે છે ત્યારે શક્તિનો વિકાસ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ અને આનંદનો અનુભવ થાય એ અનેકાંતનું ફળ છે. સમજાણું કાંઈ? અને એવા શુદ્ધભાવરૂપી ધ્રુવ ચૈતન્ય પ્રભુ એ હું નહિ. જે છે એ હું નહિ અને જે એનામાં નથી એવા પુણ્યના, દયાના, દાનના, વ્રતના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


પરિણામ તે રૂપે હું છું એમ માનીને શુદ્ધના આનંદસ્વભાવથી ભ્રષ્ટ થઈ અને દુઃખને-ઝેરને વેદે છે.

મુમુક્ષુ :- એ એકાંતી?

ઉત્તર :- એ એકાંતી. શેઠી!

મુમુક્ષુ :- જયપુરમાં તો આવું ન ચાલ્યું હોય.

ઉત્તર :- જયપુરમાં ક્યાં ત્યાં હતું? આહાહા..!

ભગવાન આત્મા..! ભાઈ! આ તો ત્રિકાળી વસ્તુ છે ને. તું છો ને. છો તો દ્રવ્ય છો. તો વસ્તુ છે તો કોઈ ભાવ એમાં હોય કે નહિ? ભાવ હોય કે નહિ? એ ભાવ એટલે એનો સ્વભાવ. સ્વ(ભાવ) એટલે પોતાનું સ્વરૂપ, પોતાનો ભાવ. એ વસ્તુ છે એનો સ્વભાવ જ્ઞાન, આનંદ, શાંતિ એનો ત્રિકાળી સ્વભાવ છે. અર્થાત્ વીતરાગી સ્વભાવ એનો ત્રિકાળ છે. એવા વીતરાગી સ્વભાવનું હોવાપણું અને રાગાદિ, દયા, દાનના વિકલ્પનું નહિ હોવાપણું એનામાં છે. એનું નામ અનેકાંત કહેવાય છે. એ અનેકાંતી તે સમ્યગ્દૃષ્ટિ છે. કહો, સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિ એકાંતી છે, સમ્યગ્દૃષ્ટિ અનેકાંતી છે. ભગવાનજીભાઈ! ભારે ઝીણી વાતો ભાઈ! ભગવાન! પણ તું કેટલો ઝીણો ભાઈ! તારી નજરુંમાં સૂક્ષ્મપણું આવ્યા વિના તને નહિ જણાય એ. આ વિકલ્પ છે એ તો સ્થૂળ રાગ, ઝેર છે. એના વડે તું જણાય? એનામાં નથી એ વડે તું જણા? એમ કહે છે. જેટલો વ્યવહાર કહેવામાં આવ્યો ને. જૈનદર્શનનો વ્યવહાર હોં! એ બધો વ્યવહાર રાગ છે અને એ સ્વરૂપમાં નથી એમ કહે છે અહીં તો. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાન, આનંદ, શાંતિ એટલે વીતરાગતા એવા ભાવથી ભગવાન આત્મા છે, છે. અને એ રાગાદિ ભાવથી વીતરાગભાવ છે નહિ. એવું જે અનેકાંત વસ્તુનું સ્વરૂપ, તેને અનુભવનાર સમ્યગ્દૃષ્ટિ જ્ઞાનીને આનંદનું વેદન છે. અને એમ ન માનનાર એ શુદ્ધ ત્રિકાળી ભાવથી ખસી, ખસી અને શુભભાવ મારો છે અને એ મને લાભદાયક છે અથવા એ મારો છે એનો અર્થ જ કે એ મને લાભદાયક છે. એટલે એ જ હું છું. પછી શું પ્રશ્ન? એ જ હું છું. શુદ્ધ ભાવ તે હું નહિ, એ શુભભાવ હું છું. એનું નામ મિથ્યાત્વનું ઝેર છે. એ ઝેરને વેદે છે. સમજાણું કાંઈ? ચાહે તો નવમી ગ્રૈવેયકે ગયેલો 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ દુઃખને-ઝેરને અનુભવે છે. આહાહા..!

કહે છે કે એને સર્વ ભાવોની ટેવ પડી ગઈ છે, અનાદિનો અધ્યાસ થઈ ગયો છે. આ ચિદાનંદ આત્મા છું એના ભાન વિના એને એ પુણ્યના પરિણામ અને ભાવમાં મનાઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



ગયું છે કે આ હું છું અને આ મારું આચરણ છે અને આ મારું કર્તવ્ય છે અને એ જ હું છું. એમ માનનાર મિથ્યાદષ્ટિ, અજ્ઞાની, એકાંત પક્ષે બેઠેલો જે ત્રિકાળી શુદ્ધ સ્વરૂપમાં એ નથી, એનાથી ભ્રષ્ટ થયેલો એકલા મિથ્યાત્વને વેદે અને અનુભવે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! એક મહાવ્રતના પરિણામ. એ કહે, અમે મહાવ્રત પાળીએ છીએ, અમે આસ્રવ પાળીએ છીએ. ભગવાન! કહે છે, અનેકાંતપણું એમાં ન આવ્યું. તારા ભાવમાં એ નથી. અને નથી તેને વેદું અને પાળું છું એ માન્યતા એકાંત મિથ્યાદષ્ટિની છે. આહાહા..! 'પ્રભુનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ.' સમજાય છે કાંઈ? અહો..! સચ્ચિદાનંદ પ્રભુ પોતે શાશ્વત આનંદનું ધામ, એમાં કહે છે કે વસ્તુ રાગાદિ નથી, એવા ભાવને પોતાપણે માની, એ હોવાપણે નથી એને હોવાપણે માની અને એકાંતી અજ્ઞાનથી ઝેરને-દુઃખને ભોગવે અને વેદે છે અને આનંદને વેદતો નથી. થઈ ગયો એકાંતી થઈ ગયો.

'**સર્વ ભાવોરૂપ ભવનનો આત્મામાં...**' આત્મા છે એમ અનુભવીને '**શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો,...**' ઓહોહો..! કેટલી સૂક્ષ્મતામાં કેટલી ભૂલ! એક રાગ ઉઠ્યો. ગુણી ભગવાન આત્મા અને એનો અંદરમાં ગુણ છે આ. ભગવાન આત્મા અવિનાશી, એના સ્વભાવો અવિનાશી, એ સ્વભાવ આધેય છે અને આધાર આત્મા છે. એવો ભેદરૂપી વિકલ્પ ઉઠે એ પણ મારો છે એમ માનીને અનુભવે, તો કહે છે કે મિથ્યાત્વને-ઝેરને અનુભવે છે. આહાહા..! શેઠી!

આમ તો બહારમાં એવું લાગે. હજારો રાણીને છોડી હોય, રાજકુમાર હોય, સુંદર શરીર હોય, એકવાર આહાર લે, જંગલમાં ચાલ્યો જાય, અઠ્ચાવીશ મૂળગુણ પાળે. પણ જે વિકલ્પ છે મૂળગુણના વ્રતાદિના એ સ્વભાવની શુદ્ધતાના ભંડારમાં એ નથી, એમાંથી એ નીકળ્યો નથી. એ કર્મના સંગે ઉત્પન્ન થયેલો કર્મનો વિકારનો ભાવ છે શુભ. એને પોતાનો માની એટલે પર્યાયબુદ્ધિમાં તેનું એકાંતપણું થઈને, એમ કહે છે. એ પોતાનો ધ્રુવ સ્વભાવ એવી દ્રવ્યબુદ્ધિથી ચ્યુત થયેલો છે. આહાહા..! આમ જુઓ તો જૈનદર્શનને માને વ્યવહારે, વીતરાગ સાચા પંચ મહાવ્રત (પાળે). પણ વીતરાગ પોતે કોણ છે? પોતે વીતરાગ છે. આ વીતરાગ સાચા, સર્વજ્ઞદેવ સાચા. સમજાય છે? એવો એને શુભરાગ પરદ્રવ્ય સંબંધીની શ્રદ્ધાનો. પણ કહે છે કે એ હું છું એ મારો ભાવ છે શુભ, એ માનનાર (એકાંતી) મૂળ પોતે વીતરાગભાવ છે ત્યાંથી ચ્યુત થઈ ગયો છે. આહાહા..! સમજાણું કાંઈ?

એ અકષાય સ્વભાવભાવ એવો આત્મા, અકષાયસ્વભાવ વીતરાગભાવ એવો આત્મા, બધા ગુણો વીતરાગભાવસ્વરૂપ એવો આત્મા, એને આવા રાગભાવવાળો માની અને પોતાનો વીતરાગસ્વભાવ સ્વ પરમાત્મા એનાથી ભ્રષ્ટ થાય છે. એની માન્યતાથી ભ્રષ્ટ થાય છે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શુભરાગની માન્યતામાં આવે છે એ મિથ્યાદષ્ટિ અજ્ઞાની એકાંતવાદી છે. .. આવું આકરું કામ છે. ઓલા કહે કે દયાથી ધર્મ થાય. પરની દયા પાળી શકું એ તો વળી મિથ્યાત્વ છે. અહીં તો પર સંબંધીનો શુભરાગ આવ્યો દયાનો. એને પોતાનો માનીને હું આત્મા છું એમ માને છે તે મિથ્યાદષ્ટિ ઝેરને અનુભવે છે, એમ કહે છે. ભારે વાત ભાઈ! આહાહા..!

ભગવાન અમૃતનો પિંડ છે ને. અતીન્દ્રિય આનંદની ગાંગડી ભગવાન. એમાં વળી આ દુઃખનો રાગનો ભાવ એ મારો માની તેની દૃષ્ટિ અંશ ઉપર પડી છે. ત્રિકાળી ધ્રુવ સ્વભાવ ભગવાન તેને એ અડતો નથી, સ્પર્શતો નથી. પણ સ્પર્શવું છોડી દઈને ચ્યુત થઈ ગયો છે. અને એ રાગના ભાવને સ્પર્શે છે એટલે હું એ છું એમ અનુભવે છે. એને અહીંયાં મિથ્યાદષ્ટિ પશુ જેવો કહ્યો છે. તને વિવેક નથી, ભગવાન! રાગ અને વીતરાગ સ્વભાવની વહેંચણીની તને ખબર નથી. સમજાણું કાંઈ? ચીમનભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા..! મોહનભાઈ! ભારે વાતું આવી. આહાહા..!

'**કોઈ પરભાવને બાકી રાખ્યા વિના...**' શબ્દ છે જુઓ આ. છે ને? '**सर्वत्राप्यनिवारितो**' એ ને? આહાહા..! '**કોઈ પરભાવને બાકી રાખ્યા વિના...**' કારણ કે એકપણ શુભભાવને પોતાનો માન્યો તો એણે બધા શુભભાવને, અશુભભાવને પોતાના માન્યા. અને શુભ-અશુભમાં નિમિત્ત થાય એ બધા મારા છે એમ એણે માન્યું. ઓહોહો..! દેવ-ગુરુ ને શાસ્ત્ર એ પરદ્રવ્ય છે એ પણ મારા છે એમ એણે કોઈ વાત છોડી નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાને પોતાના ભાવને પોતે છોડ્યો, કહે છે. પોતાના સ્વભાવને. પણ પરભાવમાં કોઈને બાકી નથી રાખ્યું કે આ પરભાવ મારો ન હોય. બધા મારા.. મારા... એ દયા, દાનનો ભાવ મારો, ભગવાન પર મારા, ગુરુ મારા, એ બધા ડુંગરા જાત્રાના મારા, આ બધા મારા.

'**કોઈ પરભાવને બાકી રાખ્યા વિના...**' કારણ કે આત્માનો શુદ્ધ અનંત ભાવ છે એમાં કોઈ ભાવનો આદર નથી અને એનાથી વિરુદ્ધ ભાવ કોઈ આદર કર્યા વિના રહ્યો નથી એમ કહે છે. '**કોઈ પરભાવને બાકી રાખ્યા વિના સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી નિર્ભયપણે ક્રીડા કરે છે;...**' આહાહા..! જુઓ! પાછી નિર્ભયપણે ક્રીડા કરે છે. આ ઝેરની ક્રીડા કરે છે. આહાહા..! એ અજ્ઞાનમાં રમે છે, કહે છે. અરે..! '**કોઈ પરભાવને બાકી રાખ્યા વિના સર્વ પરભાવોમાં સ્વચ્છંદતાથી...**' એટલે શું? એ પરભાવ એનામાં નથી. સ્વચ્છંદી એમ માને છે કે મારા છે. એમ નિર્ભયપણે, નિઃશંકપણે. જેમ જ્ઞાની નિઃશંકપણે જ્ઞાનાનંદ હું છું અને રાગ નહિ, એમ નિઃશંકપણે, નિર્ભયપણે આત્માને વેદે છે. અજ્ઞાની નિઃશંકપણે પરભાવ મારા એમ વેદે છે. સમજાણું કાંઈ? આહાહા..!

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કારણ કે સર્વ જ્ઞેય કહ્યા હતા ને? આત્મા તો સર્વ બધા પદાર્થને જાણનારો છે. વિકલ્પથી માંડીને બધું લોકાલોક, એને જાણનારો એમ ન માનતા એ બધા મારા છે એ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનો અંશ પણ મારો માન્યો એણે આખી દુનિયાના પદાર્થો મારા છે એમ માન્યું અને ત્રિકાળી સ્વભાવ છે એમાંથી ચ્યુત થઈ ગયો છે. દેવચંદજી! આહાહા..! એના ઘરમાં શું છે અને એના ઘરમાં શું નથી એની એને ખબરું નથી અને કહે કે અમારે ધર્મ થાય છે. કોણ ના પાડે છે? સ્વચ્છંદી માને છે, કહે છે. સમજાય છે કાંઈ?

'**પરભાવોમાં સ્વચ્છંદતાથી...**' એટલે પોતાની દૃષ્ટિના સ્વચ્છંદથી '**નિર્ભયપણે...**' એ શુભરાગ તે હું, એ મને લાયક છે, મારું સ્વરૂપ છે, એ ધર્મ છે એમ નિર્ભયપણે તેમાં લેપાઈ ગયો છે. એ લેપાઈ ગયો છે, રમે છે રાગમાં. આખો વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા તેનો અનાદર થઈ ગયો. સમજાણું કાંઈ? હવે સવળું લીધું. હવે મૂળ ભંગ તો આ કહેવો છે. મારામાં નથી એ. પણ નથી પહેલાં જે નથી તેને પોતાનું માન્યું એવો પહેલો ભંગ બતાવ્યો.

'**અને સ્યાદ્વાદી...**' અનેકાંતવાદી એટલે સમ્યગ્દૃષ્ટિ '**તો પોતાના સ્વભાવમાં...**' એ રાગ અને પુણ્યના રાગ વિનાનો પોતાનો જે સ્વ-કાયમનો ભાવ, જ્ઞાન, દર્શન, આનંદ આદિ કાયમનો સ્વભાવ, તેમાં અજ્ઞાની ચ્યુત થતો. '**અત્યંત આરૂઢ થયો થકો,...**' ધર્મી એમાં અત્યંત આરૂઢ થયો થકો. સમજાણું કાંઈ? પોતાનો ધ્રુવ સ્વભાવ અનાકુળ અમૃતનું ઝરણું એવો ભગવાન, એવા અમૃતમાં આરૂઢ થયો થકો. આ જુઓ અનેકાંત! શુભથી પણ લાભ અને શુદ્ધથી લાભ એમ ન રહ્યું આમાં. બે એક થઈ જાય છે તો તો. એ એકાંત થઈ ગયું. આહાહા..! આવી શૈલી છે. હવે અનેકાંતને બીજી રીતે કહે, શું થાય? આહાહા..! ઘણા કહે ભાઈ! વ્યવહાર હોય ને, એ વ્યવહારમાં જરી આવે ને તો એને થાક ઉતરે પછી વળી શુદ્ધમાં જાય. પણ એ શુભ પોતે દુઃખ અને ઝેર, અવિશ્રામ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવે છે ખરું ને પંચાસ્તિકાયમાં. સમયે સમયે શુભ.. અર્થ કરે. એ તો સ્વતંત્ર પ્રાણી છે. આહાહા..! એમ છે નહિ. વ્યવહારથી વાત કરી છે તે એમ નથી. ભગવાન આત્મા ત્યાં સાધન કહ્યું છે જુઓ વ્યવહારે.

અહીં કહે છે કે એ સાધન સ્વભાવના આરૂઢ વિના એને માનીને સેવે છે એ એકાંત મિથ્યાદૃષ્ટિ છે. પણ એ રાગાદિ શુભભાવ એનાથી ખસી, એનાથી ખસ્યો એટલે આવ્યો ચૈતન્યસ્વભાવમાં આરૂઢપણું. દૃષ્ટિ જ્યાં રાગ ઉપર અને રાગમાં પોતાપણે હતી એ દૃષ્ટિ આમ ગઈ એટલે આરૂઢ થયો સ્વભાવ ઉપર. ચૈતન્ય શુદ્ધ ધ્રુવ સ્વભાવ તે હું એમ સ્વભાવનો આશ્રય લીધો એ સ્વભાવમાં આરૂઢ થયો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો,...'** **'विशुद्ध एव लसति स्वस्य स्वभावं दारूढः'** **'विशुद्ध एव लसति स्वस्य स्वभावं भरा-दारूढः'** '**भरा**'નો અર્થ કર્યો? '**भरा-दारूढः**' '**भरा-दारूढः**' અત્યંત આરૂઢ એમ એનો અર્થ કર્યો. '**भरा**' શબ્દ પડ્યો છે ને. '**स्वस्य स्वभावं दारूढः**' કહે છે કે ધર્મી-જ્ઞાની પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવ ઉપર અત્યંત આરૂઢ છે. એટલે તેના તરફ જેની એકાગ્રતા છે. અત્યંત એટલે? થોડી રાગમાં એકાગ્રતા છે અને થોડી સ્વભાવમાં એકાગ્રતા છે એમ નથી એમ કહે છે. તદ્દન સ્વભાવમાં એકાગ્રતા તે તેનું સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? અરે..! આવી વાત ઈ પણ એને.. મીઠી અમૃત જેવી છે. પણ એને એને જરાય એમ ન થાય અને આકરું પડે અને ઓલી વાત એવી લાગે દયા પાળો, અપવાસ કરો, પોષા કરો, આ કરો ને આ કરો, ભક્તિ કરો. એઈ.. જયંતિભાઈ! એવી વાત લાગે. આ કરો. ભાઈ! અપવાસ કરો કર્મ લાગ્યા છે. અઠમ કરો, અઠાઈ કરો, માસખમણ કરો, ભાઈ! તપ વિના કાંઈ કર્મ ખપે? ભગવાને પણ સખે કરીને અન્ન ખાધા નથી બાર વર્ષ. ત્યારે તો કેવળ પામ્યા છે. એમ વાતું કરે.

મુમુક્ષુ :- દુઃખી થયા હતા?

ઉત્તર :- દુઃખી થયા હતા. તપ કરીને સૂતા નથી, સખ કરીને સૂતા નહોતા, અન્ન કરીને અન્ન ખાધા નથી, પાણી કરીને પાણી પીધા નથી. ત્યારે આવી આરૂઢ તપસ્યા કરી ત્યારે કેવળ થયું? ઓલા જોડે સાંભળનારા (કહે), હા મહારાજ! એ વાત સાચી. આ અમારા શેઠિયા હતા ત્યાં. એમ અનાદિનું કર્યું છે ને. ઈ નવું ક્યાં છે? આહાહા..!

ભગવાન! તને તારી ખબર નથી ને. એ બધા વિકલ્પોની ક્રિયાઓમાં કહે છે કે આરૂઢ થયેલો, પોતાને ઓજલ કરી નાખ્યો. ભગવાન શુદ્ધ ચિદાનંદને ઓજલમાં નાખી દીધો. એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વને સેવે છે. એની તપસ્યા મિથ્યાત્વની છે. ભગવાને એવી તપસ્યા કરી નહોતી. ભગવાન તો આનંદસ્વરૂપના અનુભવમાં હતા અને એમાં એટલા અતીન્દ્રિય આનંદમાં મશગુલ થઈ ગયા કે જેને ઈચ્છા આવી જ નહિ. અને એ પ્રકારનો આહારનો એને યોગ હતો નહિ. અતીન્દ્રિય આનંદમાં આરૂઢ હતા. એટલો અતીન્દ્રિય આનંદ અંદર ઉછળી ગયેલો, ભરતી પર્યાયમાં (આવતી કે) જેને વિકલ્પ આહારની વૃત્તિ ઉઠી નહિ. કેમ ઉઠી નહિ? આનંદ જ્યાં ઉઠ્યો, જાગ્યો ત્યાં વૃત્તિ થઈ નહિ. આહાહા..! એને તપસ્યા કહે છે. છોટાભાઈ! બાકી લાંઘણુ કહે છે. મરીને સૂકાઈ જા, મિથ્યાત્વનું સેવન છે, કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! મહિના-મહિનાના અપવાસ, એની સાંજી કરે. શું કહેવાય? સાંજી ગાય. એણે બહુ ધર્મ કર્યો. ઓહોહો..!

અહીં તો કહે છે, પ્રભુ ભાઈ! તારામાં આનંદ અને જ્ઞાનની મૂર્તિ એવો ધ્રુવ છે, એનામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



તો તારું લક્ષ નથી, તારું લક્ષ આ રાગ ને આ કર્યું ત્યાં છે. એ ત્યાં છે એ તો મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વની પુષ્ટિ છે. ધર્મી ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોવા છતાં એના આરૂઢપણાનો આશ્રય તો ચૈતન્ય દ્રવ્યનો છે. રાગાદિ આવ્યો એનું સ્વરૂપ એમાં માનતો નથી, એમાં હું છું એમ માનતો નથી. વિકલ્પમાં હું છું એ માનતો નથી તો ઘરમાં ને બાયડી, છોકરામાં હું છું એમ તો માનતો નથી. ભારે. છ ખંડના રાજમાં દેખાય ને? દેખાય એટલે શું? પણ એ છે નહિ એમાં. સમજાય છે કાંઈ? જેનાથી પર રાગ મારો, આ મારો એવો જે મિથ્યાત્વભાવ એનાથી વિરક્ત થયો છે. એટલી વિરતી થઈ ગઈ છે, લ્યો. અને સ્વભાવમાં આરૂઢ થયો છે એમ કીધું.

'**પરભાવોરૂપ ભવનના અભાવની દૃષ્ટિને લીધે...**' જુઓ! જેટલો વિકલ્પ છે એનું થવું એ મારામાં નથી. એ પરિણમન જ મારામાં નથી એમ કહે છે અહીં તો. આહાહા..! પરભાવોરૂપ.. એ દયા, દાનના, વ્રતોના વિકલ્પો, તપનો વિકલ્પ છે રાગ એ પણે પરિણમવું. પહેલી ભાષા એ છે. પરભાવરૂપ ભવન એટલે અસ્તિ. એનો અભાવ છે મારામાં. બીજું, એના પરિણમનનો અભાવ છે મારામાં. સમજાણું કાંઈ? ભવનની વ્યાખ્યા કરી આ બાજુ. અસ્તિત્વ અથવા પરિણમન. આ બાજુ છે નીચે ફૂટનોટ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પોતાનો શુદ્ધ ધ્રુવ સ્વભાવ, પવિત્રનો પિંડ પ્રભુ. ધર્મીની દૃષ્ટિ ત્યાં પડી છે કહે છે. એમ કહ્યું જુઓને. '**અભાવની દૃષ્ટિને લીધે...**' એટલે કે રાગના અભાવની દૃષ્ટિને લીધે અને ત્રિકાળ સ્વભાવના આરૂઢની દૃષ્ટિને લઈને. સમજાણું કાંઈ? કેટલાક એમ કહે, પણ એમ કાંઈ તરત થતા હશે? કાંઈક એનો માર્ગ હોય કે નહિ? વળી એમ કહે. એના પગથિયા હશે કે નહિ? વળી એમ કહે. માર્ગ જ આ છે, ભાઈ! બીજો કોઈ માર્ગ નથી. રાગાદિનો વિકલ્પ છે એ મારામાં નથી. એ રૂપે પરિણમનની દૃષ્ટિ મારી નહિ. પરિણમન જ મારું નહિ. એક જ પરિણમનમાં શુદ્ધપણે આરૂઢ થયો એ શુદ્ધ પરિણમનનું અસ્તિત્વ તે પર્યાયનું અસ્તિત્વ છે. અશુદ્ધનું પરિણમન જ મારામાં નથી એમ સમ્યગ્દૃષ્ટિ પોતાના સ્વભાવના આરૂઢમાં પરિણમન કરતો, અશુદ્ધમાં પરિણમું છું એની દૃષ્ટિ છે નહિ. અશુદ્ધનું અસ્તિત્વ મારામાં છે એમ દૃષ્ટિ નથી, તેથી અશુદ્ધનું પરિણમવું એ પણ મારામાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ ચોથા ગુણસ્થાનથી વાત છે હોં આ. અહીં અસ્તિમાં ચડ્યો, તો નથી તે રૂપે પરિણમતો નથી એમ કહે છે.

'**પોતાના સ્વભાવમાં અત્યંત આરૂઢ થયો થકો,...**' આમાં ક્યાંય કર્મનું નામ લીધું નથી કે સ્વભાવમાં જરી કર્મ મોળા પડે તો આરૂઢ થાય. આકરા પડે તો એકાંત વેદે. સીધે સીધી વાત છે. એકાંત અનુભવે છે એ તારા સ્વચ્છંદના સ્વતંત્ર છે. અનેકાંતને અનુભવે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એ પણ તારા સ્વતંત્રથી. સમજાણું કાંઈ? જ્યાં ત્યાં કર્મ નાખે છે ને. પણ કર્મનું કામ શું છે તારે? તેં ભૂલ કરી છે એકાંતની એ ભૂલ તારે અનેકાંત દૃષ્ટિ કરીને ટાળવી છે. બીજી વાત છે નહિ. સમજાણું કાંઈ?

'**(અર્થાત્ આત્મા પરદ્રવ્યોના ભાવોરૂપે નથી-એમ દેખતો હોવાથી) નિષ્કંપ વર્તતો થકો,..**' ધર્મી પોતાના શુદ્ધ ધ્રુવ સ્વભાવમાં અસ્થિર વિના, નિષ્કંપ સ્થિર થતો શુદ્ધ જ બિરાજે છે. ધર્મીનું શુદ્ધ જ પરિણમન છે એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એ વ્યવહારનું એનામાં વ્યવહારનું પરિણમન જ નથી એમ કહે છે. સમજાણું? પંડિતજી! શું છે? આ તો એકાંત છે એમ કહે છે લોકો. લ્યો! અનેકાંતને એકાંત કહે છે અને એકાંતને અનેકાંત કહે છે. અરે..! ભગવાન! આહાહા..! આ અનેકાંત છે. પુણ્ય-પાપનો વિકલ્પ મારામાં નથી અને સ્વભાવને આરૂઢ થઈને અનુભવવું એનું નામ અનેકાંત છે. અને રાગ મારો અને મારો આત્મા છે એમ એને અનુભવવું એ એકાંત મિથ્યાત્વ છે. એમ અનેકાંતનો અનાદર છે. લ્યો ઓલા કહે કે નહિ. કથંચિત્ શુભભાવથી અબંધ પણ હો, સર્વથા શુભભાવથી બંધ છે એમ નહિ. શુભભાવમાં નિર્જરા પણ છે, શુભભાવમાં નિવૃત્તિ છે. આ જુઓ દ્રવ્યસંગ્રહમાં. ... શુભની પ્રવૃત્તિ તે વ્યવહારચારિત્ર છે. પણ એ વ્યવહારચારિત્ર એ જ કહે છે રાગ છે. એ આત્માનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ? લ્યો! અહિંસા, સત્ય, દત્ત આદિ મહાવ્રત ચારિત્ર છે. અહીં કહે છે કે એ રાગ છે. એ રાગ પરભાવ છે, એને પોતાનો માને છે એ એકાંતી મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે.

ધર્મી '**નિષ્કંપ વર્તતો થકો, શુદ્ધ જ વિરાજે છે.**' શુદ્ધ જ પાછો. શબ્દ એમ છે ને. '**परभावभावविरहव्यालोकनिष्कम्पितः**' 'જ' પછી નાખ્યું છે. ઠીક. '**विशुद्ध एव**' ત્રીજી લીટી. '**विशुद्ध एव लसति**' શુદ્ધ કહ્યું. શુદ્ધના અર્થમાં વિશુદ્ધ શબ્દ આવે છે. શુદ્ધના અર્થમાં વિશુદ્ધ શબ્દ આવે છે. અને શુભભાવના અર્થમાં પણ વિશુદ્ધ આવે છે. શુભભાવને વિશુદ્ધ કહે છે અને ક્યાંક શુદ્ધને વિશુદ્ધ કહે છે. એટલે વિશુદ્ધ શબ્દ આવે એટલે કાંઈ શુભ જ છે એકલું એમ નહિ. જે ઠેકાણે જે હોય એ પ્રમાણે લેવું જોઈએને. એમ દયા આવે ત્યાં સ્વની દયા છે કે પરની એમ પણ જાણવું જોઈએ ને. દયા આવી ત્યાં જુઓ દયા આવી, જુઓ! દયાને ધર્મ કીધો. એ પરદ્રવ્યને છે કે સ્વદ્રવ્ય છે? પરદ્રવ્યને ધર્મ કીધો હોય તો વ્યવહાર પુણ્ય કીધું છે. સ્વદયાને કીધું હોય તો એની એ દયાના બે ભાવ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમાં આરૂઢ થઈને સ્વની દયા કરી એને સાચી દયા અને એ અહિંસા પરમો ધર્મ.

મુમુક્ષુ :- આવું દયાનું સ્વરૂપ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- આ દયાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ? પોતાની નિજ દયા અને પરદયાના બે ભાવ છે. પરદયા કરી શકતો નથી પણ પરદયાનો ભાવ આવે છે એ રાગ છે. એ આત્માને લાભદાયક નથી, નુકસાનદાયક છે અને એ આત્માનું સ્વરૂપ નથી. ત્યારે ઓલા કહે કે દયા એ કરુણા જીવનો સ્વભાવ છે. એવી વાતું કરે છે. અરે.. ભગવાન! શું કરે છે? ભાઈ! એ દયા જીવનો સ્વભાવ કીધો હોય તો એ વીતરાગીભાવ તે દયા જીવનો સ્વભાવ. ભાઈ! રાગ એ જીવનો સ્વભાવ,.. આહાહા..! વિકલ્પ એ જીવનો સ્વભાવ (હોય) તો છૂટો કેમ પડી ગયો? સર્વજ્ઞ થયા તો છૂટો પડી ગયો. સમજાણું કાંઈ?

ધર્મી જીવ પોતાના શુદ્ધ સ્વરૂપને દૃષ્ટિમાં લઈને આરૂઢ થયો થકો, શુદ્ધપણે બિરાજે છે. આહાહા..! શુદ્ધથી એની શોભા છે. શુદ્ધથી એની.. બિરાજે છે કીધું ને? રાજ્યતે બિરાજતે ઈતિ શુદ્ધ. શુદ્ધથી ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ, એમાં આરૂઢ થઈને જે શુદ્ધતા પ્રગટી તે તેની શોભા છે. શુભભાવ પ્રગટે એ એની શોભા નથી, એ તો અશોભા છે. છોટાભાઈ! એવી વાતું છે, ભાઈ! એ શોભા નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બગાડનાર છે. આનંદને લૂંટીને રાગ ઉત્પન્ન થયો છે.

ભગવાન આત્મા અનાકુળ આનંદમા વૃત્તિનું ઉઠવું એ શાંતિનો ઘાત કરે છે. શાંતિને મરડીને મચોડી નાખે છે. આહાહા..! હવે એને ધર્મ માને અને ધર્મનું કારણ માને. ભગવાન મોટી ભૂલમાં પડ્યો છે.

મુમુક્ષુ :- ભગવાન ભૂલ્યા.

ઉત્તર :- હા, ભગવાન ભૂલ્યો છે. ભગવાન ભૂલાની ખડકીએ ચડી ગયો. ભગવાન ભૂલાની ખડકી છે કલોલમાં. આપણે આત્મારામ છે ને? ત્યાં ભગવાન ભૂલાની ખડકી છે. ત્યાં રામજીભાઈ બેઠા તા સોમચંદભાઈને ત્યાં ભગવાન ભુલાની ખડકી છે. સોમચંદભાઈ બેઠા હતા. ત્યાં બેઠા હતા. ખબર છે. આહાહા..! અરે.. ભગવાન! પણ ભૂલ્યો તે કેવો ભૂલ્યો? માર્ગ નથી ત્યાં ભીંતે માથું પછાડીને નીકળવા માગે છે. એમ રાગમાં માર્ગ નથી તારો. ત્યાં અડી હવે એમાંથી હું છૂટો પડીશ. રાગને પોતાનો માની, પુણ્યને પોતાનું માની અને હવે હું છૂટો પડીશ. એવી વાત છે. જયંતિભાઈ! બહુ આકરી વાત છે હોં! ભાઈ કહેતા હતા. વલ્લભદાસભાઈની વહુ છે ને. આવી શક્યા નથી. માંદા છે. ભોગીભાઈને કહેતા હતા. ભોગીભાઈ મિલ માલિક. જુઓ! બીજી વાત નથી હોં આ સિવાય વાત. મહારાજ કહે છે એ માર્ગ સિવાય બીજે ક્યાંય માર્ગ નથી. પાછા ઓલા કહે, થોડું બીજે ક્યાંક હોય ને. આહાહા..! આકરો માર્ગ લોકોને લાગે. લાગે હોં. આકરો છે નહિ.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સ્વભાવ સ્વભાવ, જેને વિકલ્પની પણ જરૂર નથી એવો સ્વતંત્ર માર્ગ છે. જેને પૈસાની જરૂર નહિ, શરીરની જરૂર નહિ, મનની જરૂર નહિ, વાણીની જરૂર નહિ અને શુભરાગની પણ જેને જરૂર નહિ એવો માર્ગ ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- એકાંતવાદી...**' જુઓ! એને જ એકાંતવાદી કહ્યો. '**સર્વ પરભાવોને પોતારૂપ જાણીને...**' સર્વ પરભાવોને એટલે વિકલ્પ રાગાદિ શુભભાવ આદિને. પછી એક શુભને માન્યો એટલે આખી દુનિયા મારી છે એમ માન્યું. દુનિયાના ભાવ બધા. વ્રજનારાચય સંહનન હોય ને તો એમાં તાકાત છે કે મને કેવળજ્ઞાન ઊપજાવે. મનુષ્યગતિ હોય ને, મનુષ્યગતિ હોય તો કેવળજ્ઞાન થાય. લ્યો, મનુષ્યગતિ વિના ક્યાંય થાય? મનુષ્યગતિ વિના ક્યાંય સાધુપણું હોય? પંડિતજી! લાવો મનુષ્યગતિ ન હોય અને સાધુપણું બતાવો ક્યાંય. લાવો એક દાખલો કે કર્મનો ઉદય ન હોયને વિકાર થયો હોય, એવો બતાવો એક દાખલો. ભારે વાત! એમ લાવો એક દાખલો મનુષ્યગતિ ન હોય ને કેવળ પામ્યા હોય. હવે ગતિ-બતિ નથી, અહીં એમ કહે છે સાંભળને. મનુષ્યગતિ નથી આત્મામાં. ગતિ તો પરભાવ છે, વિકલ્પ છે, ઉદયભાવ છે. સમજાણું કાંઈ? એ તો પરભાવ છે. મનુષ્યનો ગતિનો ભાવ જે ચાર ગતિનો ઉદયભાવ છે એ તો પરભાવ છે. એ પરભાવમાં કેવળ થાય? પરભાવને લઈને આત્મામાં જ્ઞાન થાય છે? સમજાણું કાંઈ? ઓલો કુચામણનો એક આવ્યો હતો ને પંડિત. એ કહેતો હતો. ઘણા વર્ષની વાત છે કુચામણનો કોક નહિ? શું નામ કાંઈક? ઘાસીલાલજી પંડિત. ઘણા વર્ષ પહેલાં. મનુષ્યપણા વિના કેવળ થયું છે કોઈકને? એમ પ્રશ્ન કરે. અરે..! ભગવાન! વ્યાખ્યાનમાં બે-ત્રણ દી હતા. એ ક્યાંય દેખાણો નહિ હોં! કુચામણમાં નહોતો. ક્યાંક બીજે હશે. આહાહા..!

'**સર્વ પરભાવોને પોતારૂપ...**' આ રાગને પોતાનો માનવો એને એકાંતી કહ્યો છે. વીતરાગભાવ પણ હું છું અને રાગભાવ પણ હું છું એમ અનેકાંત નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? રાગવાળો પણ છું અને શુદ્ધભાવ વીતરાગ પણ છું. એમ અનેકાંત. એમ નથી. આહાહા..! '**સર્વ પરભાવોને પોતારૂપ જાણીને પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો...**' પોતાનો જે શુદ્ધ વીતરાગી સ્વભાવ છે એમાંથી ચ્યુત થઈને રાગસ્વભાવને, રાગભાવને પોતાનો માને છે. '**સર્વત્ર (સર્વ પરભાવોમાં) સ્વેચ્છાચારીપણે...**' સ્વચ્છંદપણે, વીતરાગની આજ્ઞા એ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અને એ આત્માની આજ્ઞા નથી. રાગની. એ રાગભાવ છે. '**નિઃશંક રીતે વર્તે છે;...**' બસ! નિઃશંકપણે. બરાબર હું ધર્મમાં છું. મારો ધર્મ આ જ છે. કહો, સમજાણું કાંઈ?

'**સ્યાદ્વાદી તો, પરભાવોને જાણતાં છતાં,...**' જુઓ! એમ લીધું. પરભાવની હયાતી છે એમ જ્ઞાનમાં, જ્ઞાનમાં રહીને પર તરીકે જાણતાં છતાં. જાણે ખરા કે છે. જ્ઞાનસ્વભાવમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એ નથી, પણ એ ભાવ છે. ભાવ છે એને જાણે છે કે આ એ છે એમ. મારામાં છે એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? કહે છે ને કે ભાઈ! જ્ઞાનીને વ્યવહાર હોય છે કે નહિ? ફલાણું હોય છે કે નહિ? જ્ઞાનીને વ્યવહાર નથી. એ વ્યવહાર છે એને જ્ઞાની જાણે છે. કરતો નથી. સમજાણું કાંઈ? વ્યવહાર કરતો નથી એમ કહે ને વળી વ્યવહાર આખો દી કરે. પૂજા કરે, ભક્તિ કરે. આ જુઓ પ્રચાર કેટલો કરે છે. બીજાને છોકરાઓને બોલાવે, સમજાવે, ૩૫૦ છોકરા આવ્યા છે લ્યો. કેટલા ખર્ચ કરતા હશે? પંદર-પંદર હજાર રૂપિયા ખર્ચ થાય, આવું કરે બધું. કરે ને કરતા નથી (કહે). અરે..! ભગવાન! સાંભળ તો ખરો ભાઈ! જેની જે સમયે અવસ્થા છે તેને જ્ઞાની જાણે છે એમ કહે છે. છે એ છે. એટલે છે એ તો છે એને કારણે છે. સમજાણું કાંઈ? એ કીધું ને.

'**સર્વત્ર (સર્વ પરભાવોમાં) સ્વેચ્છાચારીપણે નિઃશંક રીતે વર્તે છે; અને સ્યાદ્વાદી તો, પરભાવોને જાણતાં છતા,...**' જ્ઞાની તો જાણે છે. આમ થાય છે, આમ થાય છે. આ રાગ છે, આમ થાય છે. સમજાય છે? '**પોતાના શુદ્ધ જ્ઞાનસ્વભાવને...**' ધર્મી તો પોતાના શુદ્ધભાવ સ્વભાવને '**સર્વ પરભાવોથી ભિન્ન...**' એ રાગાદિ વિકલ્પથી જુદો '**અનુભવતો થકો શોભે છે.**' લ્યો! શુદ્ધ જ બિરાજે છે એની વ્યાખ્યા કરી. એ શોભે છે. આહાહા..! એ શુભભાવથી તો અશુભભાવ .. એમ કહે છે. એ તો હવે ઠેકાણે પડ્યું નહિતર પહેલાં તો ધ્રૂજી ઉઠે એવું હતું આ. શેઠી પણ પુણ્યભાવથી ધર્મ આમ હાય હાય કરતા હતા. એ તો હળવે હળવે આવ્યું. આવું જો પહેલું સાંભળેને શેઠી તો એમ જ થઈ જાય.

મુમુક્ષુ :- અધર્મ...

ઉત્તર :- અધર્મ ન કહો. ઓલો એક કહેતો હતો. તર્ક તર્ક કર્યો હતો. રમણલાલજી. મોટી ઉંમરના, મહારાજ! એને અધર્મ (ન કહો). ભાઈ! ધર્મ નહિ તે અધર્મ. એમાં શું? વાંધો શું છે તને? પુણ્ય કહો, નિશ્ચયથી અધર્મ છે. અધર્મથી જીવ શોભતો નથી. એમ કહે છે. શુભભાવથી જીવને શોભા નથી. ભગવાન આત્મા એ પરભાવથી રહિત એવો શુદ્ધ સ્વભાવમાં આરૂઢ થયો દૃષ્ટિ, પોતાના સ્વભાવની શુદ્ધતાથી, વસ્તુ શુદ્ધ, ગુણ શુદ્ધ, આરૂઢ થયો એ પરિણતિ શુદ્ધ એનાથી શોભે છે. કહો, સમજાણું કાંઈ?

'**આ પ્રમાણે પરભાવ-અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.**' જુઓ! પરભાવ નથી એમ કહ્યું આમાં તો. સ્વભાવમાં છું અને પરભાવ નથી એનું નામ અનેકાંત છે. સ્વભાવમાં એ સ્વભાવ પણ છું અને પરભાવ પણ છું, નિશ્ચય પણ છું અને વ્યવહાર પણ છું એ અનેકાંત ન કહ્યું ભાઈ આમાં. નિશ્ચય પણ છું અને વ્યવહાર પણ છું. નિશ્ચય છું અને વ્યવહાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



નથી. એને અનેકાંત કીધું. સમજાણું કાંઈ? એનામાં ક્યાં ખજાને ખોટ છે તે વ્યવહારનો આશ્રય લે? અને આશ્રય આપે શેનો? એનામાં ક્યાં માલ છે તે આશ્રય આપે? માલ તો અહીં દ્રવ્યમાં પડ્યો છે. સમજાણું કાંઈ? આહાહા..! એને પરદ્રવ્યની પર્યાય કીધી છે, લ્યો. વ્યવહારના રાગ શુભ વિકલ્પ દયા, દાન, વ્રત પરદ્રવ્યની પર્યાય, ચેતનની નહિ. ઓહોહો..!

**'આ પ્રમાણે પરભાવ-અપેક્ષાથી નાસ્તિત્વનો ભંગ કહ્યો.'** બાર ભંગ થઈ ગયા. ૧૩મો.

**प्रादुर्भावविरामुद्रितवहज्ज्ञानांशनानात्मना**
**निर्ज्ञानात्क्षणभङ्गसङ्गपतितः प्रायः पशुर्नश्यति।**
**स्याद्वादी तु चिदात्मना परिमृशंश्चिद्वस्तु नित्योदितं**
**टङ्कोत्कीर्णघनस्वभावमहिम ज्ञानं भवन् जीवति।।२६०।।**

**'શ્લોકાર્થ :- પશુ અર્થાત્ એકાંદવાદી અજ્ઞાની,...'** બધામાં એ લીધો છે. **'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા જ્ઞાનના અંશો...'** દેખો! હવે ઉત્પાદ વ્યય જે છે જીવમાં. દરેક ગુણના ઉત્પાદ-વ્યય છે પર્યાયમાં. એ અનિત્યપણું છે. સમજાણું કાંઈ? ભગવાન વસ્તુએ ધ્રુવ છે, પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય છે. કહે છે કે અજ્ઞાની ઉત્પાદ-વ્યયના લક્ષે વહેતો થકો તે હું છું એમ માનતો થકો, **'વહેતા જ્ઞાનના અંશો...'** એટલે જ્ઞાનની પર્યાયમાં ઉત્પાદ-વ્યય થાય છે **'તે-રૂપ અનેકાત્મકપણા વડે જ...'** અનેક આત્મપણા વડે **'(આત્માનો) નિર્ણય અર્થાત્ જ્ઞાન કરતો થકો,...'** એટલે શું કહે છે? એ ઘણા ઘણા અંશો તે રૂપે હું છું એમ માનતો થકો. અનિત્ય છે ને અનેક. જ્ઞાનના અંશો ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય અનેક પ્રકારના. એમ સમજ્યાને? વીર્યના અંશો અનેક પ્રકારના ગુણોના અંશો, જ્ઞાનપ્રધાન વાત છે ને. જ્ઞાનના અંશો... અંશો... અંશો... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય જે અનિત્ય છે તેના ઉપર દૃષ્ટિ છે અજ્ઞાનીની. એટલે ત્યાં વહે છે એટલે જાય છે. અનિત્યમાં તણાતો જાય છે. ઉત્પાદ-વ્યયની પરિણતિની પર્યાયમાં તણાતો જાય છે અજ્ઞાની. દૃષ્ટિ ત્યાં છે. નિત્ય ઉપર દૃષ્ટિ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ?

આ નિત્યનો ભંગ છે, હોં! પણ પહેલો નિત્યને નહિ માનનારો અનિત્ય માને છે એની વ્યાખ્યા પહેલી કરે છે. નહિતર તો આ નિત્યની વ્યાખ્યા સિદ્ધ કરી. અજ્ઞાની **'ઉત્પાદ-વ્યયથી લક્ષિત એવા જે વહેતા જ્ઞાનના અંશો...'** એમ. જ્ઞાનની પર્યાય ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય થયા કરે છે. ત્યાં **'તે-રૂપ અનેકાત્મકપણા વડે જ...'** એટલે ભિન્ન ભિન્ન અંશો વડે, પોતે તે ભિન્ન ભિન્ન અંશો વડે છું એમ નિર્ણય જ્ઞાન કરતો થકો, એમ નિર્ણય અજ્ઞાની કરતો થકો. આ ભિન્ન ભિન્ન અંશો તે હું છું એમ અજ્ઞાની નિર્ણય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કરતો થકો. આહાહા..!

'**ક્ષણભંગના સંગમાં પડેલો,...**' ભાષા જુઓ! ક્ષણે ક્ષણે થતો નાશ ક્ષણભંગની અનિત્યતા છે. એ '**ક્ષણભંગના સંગમાં પડેલો,...**' એ પર્યાયના સંગમાં પડ્યો. અનિત્યના સંગમાં પડ્યો આમ ગયો. ભગવાન નિત્યાનંદ પ્રભુ ધ્રુવ દૃષ્ટિમાં રહ્યો નહિ. સમજાણું? '**ક્ષણભંગના સંગમાં પડેલો, બાહુલ્યપણે નાશ પામે છે;...**' પ્રાયઃ શબ્દ પડ્યો છે ને. બાહુલ્યપણે એટલે શું? પોતાની નિત્યતાનું એને ભાન નથી. એકલો જાણે અંશરૂપ જ છું એમાં પોતાનું અસ્તિત્વ માને છે. અનિત્યના અંશો તે જ હું છું. ઉત્પાદ-વ્યયની પર્યાય થાય તેટલો અનેક પ્રકારના અંશો તે હું છું. એમ તેમાં દૃષ્ટિ જતાં એ પર્યાયમાં તણાઈ ગયો, ખેંચાઈ ગયો, વહી ગયો. ભગવાન નિત્યાનંદ છે તેમાં એ દૃષ્ટિ કરતો નથી. એનું નામ એકાંતવાદી કહેવામાં આવે છે. '**બાહુલ્યપણે નાશ પામે છે;...**' જ્ઞાની શું કરે છે? એ વાત રહી ગઈ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જેઠ સુદ ૧૫, સોમવાર તા. ૧૦-૬-૧૯૬૮**
**શ્લોક-૨૬૦ થી ૨૬૨, પ્રવચન-૫૩૩**

૧૩મો ભંગ ફરીને. અડધું ચાલ્યું છે. મળ્યું શેઠી? ૧૩-૧૩. ૧૩ ક્યાં આવ્યું? ૨૬૦. બરાબર છે. આ નિત્યનો ભંગ છે. એની સામે અનિત્યવાળા નિત્ય માનતા નથી એમ પહેલી વાત કરે છે.

'**શ્લોકાર્થ :- પશુ અર્થાત્...**' એક પક્ષ દષ્ટિવાળા અજ્ઞાની.. આ આત્મા વસ્તુ છે ધ્રુવ નિત્ય એની અવસ્થામાં ઉત્પાદ-વ્યય એટલે અવસ્થા થાય છે પર્યાય. એના '**લક્ષિત એવા જે વહેતા...**' એ સમયે સમયે અવસ્થા થાય છે એ જ હું છું એમ અજ્ઞાની માને છે. પર્યાય માને છે એમ કહે છે. એકલી અવસ્થા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય.. વસ્તુ ધ્રુવ ચિદાનંદ અનંત આનંદકંદ છે. નિત્યાનંદ આત્મા છે એને એ માનતો નથી. વર્તમાનમાં એની અવસ્થામાં ઉત્પાદ-વ્યય.. ઉત્પાદ-વ્યય પર્યાય બદલાય છે, એમાં લક્ષિત એવા જે. એમ. ઉત્પાદ-વ્યયથી લક્ષ એવા જે વહેતા જ્ઞાનના અંશો. એમ. ઉત્પાદ-વ્યયથી લક્ષ થવા લાયક એવા જે જ્ઞાનના અંશો. અહીં જ્ઞાનપ્રધાન વાત છે ને? '**તે-રૂપ અનેકાત્મકપણા વડે જ...**' અનેકપણા વડે '**(આત્માનો) નિર્ણય...**' કરતો. એ અનેક અવસ્થા તે જ હું છું. '**નિર્ણય અર્થાત્ જ્ઞાન કરતો થકો, ક્ષણભંગના સંગમાં પડેલો,...**' સમય સમયની અવસ્થા ભિન્ન ભિન્ન થાય તેના સંગમાં, તેના પરિચયમાં, તેની પ્રતીતમાં, તેના લક્ષમાં, તેના આશ્રયમાં પડેલો '**બાહુલ્યપણે નાશ પામે છે;...**' પોતાના આત્માને અનુભવી શકતો નથી. સમજાણું કાંઈ? નિત્ય આત્મા ત્રિકાળ છે એની દૃષ્ટિ એને નથી.

'**સ્યાદ્વાદી તો ચૈતન્યાત્મકપણા વડે...**' જુઓ! પહેલા અનેકાત્મકપણા વડે (હતું), અહીં ચૈતન્યાત્મકપણા વડે (છે). '**ચૈતન્યવસ્તુને...**' ચૈતન્ય ભગવાન નિત્ય વસ્તુ છે નિત્ય. અનેકપણું એ પર્યાયનું સ્વરૂપ છે. આ ચૈતન્યપણું એ ચૈતન્યનું વસ્તુનું સ્વરૂપ છે. ત્રિકાળ એકરૂપ વસ્તુ. '**ચૈતન્યાત્મકપણા વડે ચૈતન્યવસ્તુને...**' શું કીધું એમાં? આત્મા જ્ઞાનાનંદાદિ ચૈતન્ય વસ્તુ વડે નિત્ય છે. ચૈતન્ય વસ્તુ છે. એવો નિત્ય, ભગવાન આત્મા નિત્ય '**ઉદિત અનુભવતો થકો,...**' ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વરૂપ છે એમ અંતર દૃષ્ટિમાં આત્માને નિત્ય પ્રગટ અનુભવતો થકો. આત્મા આનંદ અને નિત્ય શાંતસ્વરૂપ છે, જ્ઞાનરૂપ છે, ત્રિકાળ જ્ઞાયક છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એવી દૃષ્ટિ ધર્મી રાખતો. પોતાના જ્ઞાનની ધારા '**ટંકોત્કીર્ણઘનસ્વભાવ જેનો મહિમા છે...**' અનુભવતો થકો કીધું ને? પર્યાયમાં એનો ત્રિકાળ શુદ્ધ આનંદ છે તેને અનુભવે છે અને રાગાદિનો અનુભવ જ્ઞાનીને નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનસ્વરૂપ આત્મા ચિદાનંદ અનાદિઅનંત એવા આત્માની દૃષ્ટિ હોવાથી તેને વર્તમાન પર્યાયમાં જ્ઞાન અને આનંદની ધારાનું વહન છે. સમજાય છે કાંઈ?

'**નિત્ય-ઉદિત અનુભવતો થકો,...**' એમ. ત્રિકાળ શુદ્ધ ચૈતન્ય ધ્રુવ એને અનુભવતો એટલે પર્યાયમાં એને અનુભવતો. જ્ઞાન-આનંદ આદિની એકાગ્રતા. અનંતા ગુણની શુદ્ધિના અંશને વેદતો. એમ કહે છે. કેમકે ચૈતન્યાત્મક ચૈતન્ય વસ્તુ આખી અનંત ચૈતન્યના સ્વભાવવાળી ચીજ છે. એમાં રાગ ને પુણ્ય ને વિકલ્પ છે નહિ. એવો ચૈતન્યાત્મક ભગવાન આત્મા એમાં દૃષ્ટિ કરીને, અનંત ગુણના અંશોની નિર્મળતા એને અનુભવતો થકો. કહો, આનું નામ ધર્મી. કહો, શેઠી! આહાહા..!

અહીં તો કહે છે કે વિકારને વેદતો નથી ધર્મી એમ કહે છે. પરને તો વેદવું છે જ ક્યાં? એ તો જડ ને પર છે. શરીર, વાણી એ તો પર જડ, કર્મ એ જડ છે. વિકારના પરિણામ એ જડ છે, એ આત્માનું વેદન નથી. એકલો જ્ઞાયકભાવ, જ્ઞાનસ્વરૂપ એમાં અંતર્મુખ થઈને, અંતર્મુખ થઈને એની પર્યાય જે નિર્મળ છે એને અનુભવતો, વેદતો આત્માને નિત્ય માને છે. કહો, સમજાય છે કાંઈ? નિત્ય ત્યારે માન્યું કહેવાય કે નિત્ય તરફ દૃષ્ટિ થઈને અનુભવ કરે ત્યારે. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

'**ચૈતન્યાત્મકપણા વડે ચૈતન્યવસ્તુને નિત્ય...**' ત્રિકાળ એવી ચીજને નિત્ય પ્રગટ છે એને '**અનુભવતો થકો, ટંકોત્કીર્ણઘનસ્વભાવ (-ટંકોત્કીર્ણપિંડરૂપ સ્વભાવ) જેનો મહિમા છે...**' સ્વભાવની એકાગ્રતા-ત્રિકાળ વસ્તુ છે એની એકાગ્રતા '**એવા જ્ઞાનરૂપ વર્તતો,...**' થકો. લ્યો! જ્ઞાનરૂપ એટલે આનંદરૂપ, જ્ઞાનરૂપ, શ્રદ્ધારૂપ, શાંતિરૂપ, સ્વચ્છતારૂપ, પ્રભુતારૂપ. લ્યો, આનું નામ ધર્મ. ભગવાનજીભાઈ! ભારે ધર્મ આવો કહે છે. અજ્ઞાની અનાદિથી એકલા અનિત્યના પ્રવાહના લક્ષે રાગ ને દ્વેષ ને વિકારને વેદે છે એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાની નિત્યના લક્ષે નિત્યના સ્વભાવને અનુભવતો શાંતિ ને જ્ઞાનને અનુભવે છે. સમજાણું?

'**એવા જ્ઞાનરૂપ વર્તતો, જીવે છે.**' જીવે છે એટલે જેવું છે તેવું એનું જીવન ટકે છે. શુદ્ધ જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ધ્રુવ છે, તેને અવલંબીને અનુભવે તે જીવતો ધ્રુવ છે તેને જીવતો માને છે. અનુભવથી તેને જીવતો-ટકતો માને છે. ભારે વાત! અહીં વિકારની વાત નથી હોં! એકલો જ્ઞાન નિર્મળ અને ધ્રુવ અને એની પર્યાયનો અનુભવ નિર્મળ. એ જ જ્ઞાનીનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


કર્તવ્ય છે. અહીંયાં વિકાર-ફિકારની વાત છે નહિ. વ્યવહારની વાત જ નથી એમ કહે છે. ક્યાં છે? વસ્તુમાં નથી એટલે. કારણ એટલે વસ્તુમાં નથી વ્યવહાર. રાગાદિ વિકલ્પ છે એ વસ્તુમાં દ્રવ્યમાં નથી, ગુણમાં નથી તો એના અનુભવની પર્યાયમાં પણ એ નથી.

વસ્તુ જ્ઞાન એવો જ્ઞાતા-દૃષ્ટા ભગવાન, શુદ્ધ ચૈતન્યધાતુ, ચૈતન્યાત્મક વસ્તુ, એને માનતો એટલે કે એને જાણતો, એટલે કે એને અનુભવતો. સમજાય છે કાંઈ? એ વસ્તુ ધ્રુવ આનંદમૂર્તિ પ્રભુ, આનંદનું ધામ. દ્રવ્યમાં આનંદ, ગુણમાં આનંદ, એની દૃષ્ટિ કરતાં પર્યાયમાં આનંદ. એમ કહે છે. ચીમનભાઈ! જુઓને! આ હેરાન-હેરાન થાય છે કે નહિ આ બહારમાં? દુઃખી છે કે નહિ? ક્યાંય સુખ હશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળેય નથી સુખ ત્યાં. હેરાનગતિ છે. પૈસામાં, આબરુમાં...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ મમતા છે ને એના તરફની એ હેરાનગતિ છે. એમ. નહિ? જુઓને એના ગામમાં આવી શક્યા નહિ. લ્યો. કેટલી વાટ જોતો હતો. લીંબડીવાળો કહે અહીં તો આવશે જ. કેમ ચીમનભાઈ! ચીમનભાઈ અહીં તો આવશે લીંબડી, પહેલા કહે જોરાવર આવશે, બીજા કહે વઢવાણ હશે, ત્રીજા કહે લીંબડી આવશે. ત્રણે ન આવ્યા.

મુમુક્ષુ :- બાપ-દાદાના ગામમાં આવ્યા ને.

ઉત્તર :- એનું ગામ તો લીંબડી કહેવાય. એના બાપ-દાદાનું. એવી જગતની ચીજ. મમતાની ચીજ એવી છે, કહે છે. આ તો ભગવાન પોતા પાસે જ પડ્યો છે કહે છે. આહાહા..! એને વેદવામાં ક્યાંય પર ઉપર લક્ષ કરવા જેવું નથી. મેળવવા જેવું તો નથી પણ લક્ષ કરવા જેવું નથી એમ કહે છે.

અહીં તો ભગવાન પોતે નિત્યાનંદ પ્રભુ જ્ઞાયકમૂર્તિ આત્મા, એનું લક્ષ અને આશ્રય કરતાં જે અનુભવ થાય તે શુદ્ધતાનો જ હોય. એને ધર્મ કહે છે. કહો, સમજાણું કાંઈ? એને ધર્મ કહે છે અને એને ધર્મી જીવ કહે છે. એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સ્યાદ્વાદી જ્ઞાની. સ્યાદ્વાદી કહો કે જ્ઞાની કહો કે ધર્મી કહો.

‘**ભાવાર્થ :- એકાંતવાદી...**’ એક જ પક્ષ જોનારો. અનિત્યના પક્ષને (જોનારો). ‘**જ્ઞેયોના આકાર અનુસાર જ્ઞાનને ઊપજતું-વિણસતું દેખીને,...**’ એમ. જે કોઈ જાણવાયોગ્ય વસ્તુ એને લક્ષે જ્ઞાનની અવસ્થાને પણ ઊપજતી-વિણસતી દેખીને ‘**અનિત્ય પર્યાયો દ્વારા...**’ ક્ષણે ક્ષણે અવસ્થા પલટે એ દ્વારા, હોં! બહારની વાત તો અહીં છે જ નહિ. આત્મામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અવસ્થા જે ક્ષણે ક્ષણે નવી નવી (થાય), જાણવાયોગ્ય વસ્તુના લક્ષે અનેક આકાર જ્ઞાનની અવસ્થા ઉત્પાદ-વ્યય થાય તે '**દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો...**' બૌદ્ધ ક્ષણિક માને છે ને? એ બૌદ્ધનો તો દાખલો છે. અહીં બધા અનિત્ય માને આ રીતે. જેને નિત્યની દૃષ્ટિ નથી અને પર્યાયબુદ્ધિમાં અંશ તરફ વળેલો છે એ બધા બૌદ્ધમતવાળા જ છે.

મુમુક્ષુ :- જૈન ધર્મમાં?

ઉત્તર :- જૈનમાં પડ્યો હોય તો જૈનની ખબર નથી તો જૈન શું? બૌદ્ધમતિ છે એમ કહે. ભગવાન ત્રિકાળ નિત્યાનંદ છે એને ભૂલી વર્તમાન અવસ્થાના વેદનના પ્રવાહમાં લક્ષે પડ્યો છે એ અનિત્યને (માનનાર) બૌદ્ધમતિ છે. શ્રીચંદજી! સમજાણું કાંઈ?

'**જ્ઞાનને ઊપજતું-વિણસતું દેખીને, અનિત્ય પર્યાયો દ્વારા આત્માને સર્વથા અનિત્ય માનતો થકો,...**' બિલકુલ પર્યાય કથંચિત્ પર્યાય અનિત્ય છે અને દ્રવ્યે ધ્રુવ છે એમ જાણતો નથી. '**પોતાને નષ્ટ કરે છે;...**' પોતાની ત્રિકાળ ચીજ છે એને એટલા અવસ્થા પૂરતો જાણી ધ્રુવનો અભાવ કરે છે. દૃષ્ટિમાં ત્રિકાળ ચિદાનંદ સ્વરૂપ છે એનો દૃષ્ટિમાં અભાવ કરે છે. દૃષ્ટિનો અભાવ કરે એનું નામ આત્માને નષ્ટ કરે છે. છે ધ્રુવ એને માનતો નથી. અનુભવતો નથી, જાણતો નથી માટે ધ્રુવનો અનાદર કરે છે એટલે નાશ કરે છે એમ કહે છે. છતી ધ્રુવ ચીજ તેનો અભાવ કરનાર શ્રદ્ધામાં આત્માનો નાશ કરે છે.

'**સ્યાદ્વાદી તો, જોકે જ્ઞાન જ્ઞેયો અનુસાર ઊપજે-વિણસે છે તોપણ, ચૈતન્યભાવનો નિત્ય ઉદય અનુભવતો થકો...**' જ્ઞાનસ્વભાવ તે નિત્ય ત્રિકાળ ધ્રુવ છે, એમ '**અનુભવતો થકો જીવે છે-**' એટલે પોતાના સ્વરૂપને આશ્રયે પોતાની શાંતિનું વેદન (કરતો) એનાથી જીવને જીવાડે છે. ધ્રુવ છું એમ અનુભવે છે. એકલું આ તો અનેકાંતનું છે ને આમાં? ઝીણી વાત છે.

'**આ પ્રમાણે નિત્યત્વનો ભંગ કહ્યો.**' લ્યો! છેલ્લો ભંગ રહ્યો હવે એક.

'**(હવે ચૌદમા ભંગના કળશરૂપે કાવ્ય કહેવામાં આવે છે :-)**'

**टङ्कोत्कीर्णविशुद्धबोधविसराकारात्मतत्त्वाशया**
**वाञ्छत्युच्छलदच्छचित्परिणतेर्भिन्नं पशुः किञ्चन।**
**ज्ञानं नित्यमनित्यतापरिगमेऽप्यासादयत्युज्जवलं**
**स्याद्वादी तदनित्यतां परिमृशंश्चिद्वस्तुवृत्तिक्रमात्।।२६१।।**

'**શ્લોકાર્થ :- પશુ...**' આહાહા..! ચૌદે બોલમાં પશુ શબ્દ વાપર્યો છે. આહાહા..! ભગવાન! તને વિકળતા છે અને વિવેક નથી. વિકળતા છે અને વિવેક નથી. મૂર્ખાઈ છે ને સાચું જ્ઞાન નથી. એથી એને પશુ કહ્યો છે. આહાહા..! પશુ.. .. એવું કંઈક આવે છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



યશોવિજયમાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા .. આવે છે. એમાં આવે છે. સ્તવનમાં આવે છે. આહાહા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિની હયાતી પોતાની હોવા છતાં એને ન માનતા એકલી ક્ષણિક પર્યાયોને માનીને પોતાના સ્વરૂપનો નાશ કરે છે.

અહીં હવે અનિત્યના ભંગની વાત કરે છે. એકાંતી આત્માને તદ્દન એકાંતે નિત્ય માનતા. એ સિદ્ધ કરે છે હવે. એકાંતે નિત્ય જ છે. એમાં આ અવસ્થાઓ થાય એ એનું સ્વરૂપ નથી. '**વિશુદ્ધ જ્ઞાનના ફેલાવરૂપ એક-આકાર આત્મતત્ત્વની આશાથી,...**' મારું સ્વરૂપ તો એકરૂપ જ્ઞાનાનંદ એકરૂપ હોવું જોઈએ. એમ અજ્ઞાની માની અને અવસ્થામાં થતાં અનિત્યની નિર્મળતાની ધારા, તેને આત્મા માનતો નથી. અહીં નિર્મળ ધારાની વાત છે. જુઓ! ઉછળતી નિર્મળ કહ્યું ને? ચૈતન્ય પરિણતિ. ઓલી વાત લીધી જ નથી.

અહીં તો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય છે. એની પરિણતિ એટલે અવસ્થા, ચૈતન્યની શુદ્ધ અવસ્થા તે ચૈતન્યની પરિણતિ છે. અવસ્થા. પુણ્ય-પાપના વિકાર એ કાંઈ ચૈતન્યની અવસ્થા નથી. એ વાત અહીં લીધી છે. સમજાય છે કાંઈ? '**(સર્વથા નિત્ય) આત્મતત્ત્વની આશાથી,...**' એકલો કૂટસ્થ આત્મા છે. ઓલો (અનિત્ય) બૌદ્ધનો મત હતો, આ એકલો કૂટસ્થ માનનારનો છે. એકલો કૂટસ્થ. પણ કૂટસ્થ છે એનો નિર્ણય કોણ કરે? અનિત્ય પર્યાય નિર્ણય કરે છે એનો. નિત્યનો નિર્ણય નિત્યમાં હોય નહિ. સમજાય છે? કૂટસ્થ છું. પણ કૂટસ્થ કોણે એણે કર્યો? ધ્રુવે? એ નિર્ણય કરનાર પર્યાય છતાં એને માનતો નથી. ના... ના... ના... એ બધો ભ્રમ છે એમ. પર્યાય છે ને અવસ્થા છે ને..

'**આત્મતત્ત્વની આશાથી,...**' એકાકારરૂપ કલ્પતો. આ બધી અનેકાકાર અવસ્થાઓ થાય એ શું? જાણવાની દશામાં અનેકરૂપે જ્ઞાન થાય એ શું? હું તો એકાકાર થવા માગું છું અને અનેકાકારને છોડવા માગું છું. એમ અજ્ઞાની માને છે. સમજાણું કાંઈ? '**ઊછળતી-નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું...**' એને તો ખબર નથી હોં! અહીં પાછી ભાષા કેવી આવી છે ભાઈ! ભાષા તો એમ લીધી ને ઊછળતી નિર્મળ પરિણતિ. પણ એનો અર્થ કે જ્ઞાનની અવસ્થા નિર્મળ જ વહેતી હોય. જ્ઞાનની અવસ્થા જ્ઞાનરૂપે હોય, જ્ઞાનની અવસ્થા કાંઈ રાગરૂપે ન હોય. એમ. અહીં તો અજ્ઞાની છે તો પણ એમ લીધું છે. સમજાણું કાંઈ?

'**ઊછળતી-નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું...**' એટલે જ્ઞાનની અવસ્થા ક્ષણે ક્ષણે જ્ઞાનરૂપે થાય છે. પણ એ અવસ્થાને ન માનતો, એનાથી જુદું કોઈ તત્ત્વ ભિન્ન છે એમ માનીને પોતાની અવસ્થાને કબુલતો નથી, પોતાની અવસ્થાને જાણતો નથી, માનતો નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને અનુભવતો નથી. સમજાણું કાંઈ? **'ચૈતન્યપરિણતિથી જુદું...'** **'ઊછળતી-નિર્મળ ચૈતન્યપરિણતિથી જુદું...'** એમ લીધું. **'(આત્મતત્ત્વને) ઈચ્છે છે...'** આ જ્ઞાનના અંશો જાણવાની અવસ્થારૂપે ભિન્ન ભિન્ન થાય. આ શું? હું તો એકાકાર રહેવા માગું છું. મારી વસ્તુ એકરૂપ હોવી જોઈએ. પણ એ એકરૂપ વસ્તુ નિત્ય ધ્રુવે એકરૂપ છે, પણ પર્યાયે તો અનેકપણું છે. એ અનેકપણાને ન માનતો, જ્ઞાનની અનેક અવસ્થાઓ વડે જાણવું છે એને ન માનતો ધ્રુવને તે અવલંબી શકતો નથી, ધ્રુવનો અનુભવ કરી શકતો નથી.

**'(પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ);...'** એમ કહે છે. અવસ્થાની નિર્મળ અવસ્થા ધારા વિનાનું કોઈ તત્ત્વ છે એમ છે નહિ. ઝીણી વાત છે અનેકાંતની. **'કાંઈક ઈચ્છે છે (પરંતુ એવું કોઈ આત્મતત્ત્વ છે નહિ);...'** નિર્મળ અવસ્થા જ્ઞાનની થયા કરે છે એ અવસ્થા છે અને વસ્તુ ધ્રુવ ત્રિકાળ છે. અને એ અવસ્થા છે એ કબુલ કરે છે કે આ નિત્ય છે. એ કબુલ કરનારી તો અવસ્થા છે. એને ઠેકાણે કહે એ અવસ્થા નથી, મારે એકાકાર થાવું છે. પણ એકાકાર થાવું એ શેમાં તેં લક્ષ કર્યું? એકાકાર થાવું છે, મારે એકરૂપે રહેવું છે. પણ એકરૂપ રહેવું એ તેં નિર્ણય શેમાં કર્યો? સમજાય છે? પર્યાયમાં. એકરૂપ થઉં, એકરૂપ રહું એવો નિર્ણય પર્યાયમાં થાય છે અને એ પર્યાય છોડી દે છે. એટલે થાય છે છતાં છોડી દે છે. સમજાણું કાંઈ?

**'સ્યાદ્વાદી તો, ચૈતન્યવસ્તુની વૃત્તિના (-પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા...'** દેખો! ધર્મી જીવ ચૈતન્ય વસ્તુ નિત્ય હોવા છતાં તેની વૃત્તિ ક્ષણે ક્ષણે ક્રમે ક્રમે નિર્મળ ધારા વહે છે તે મારી છે અને એ મારામાં છે એમ અનુભવે છે. સમજાણું કાંઈ? જુઓ! અહીં ચૈતન્યવસ્તુની પરિણતિના પર્યાયના ક્રમ. **'તેની અનિત્યતાને અનુભવતો થકો,...'** જ્ઞાન વસ્તુ ત્રિકાળ છે. એની અવસ્થા વર્તમાન જ્ઞાનરૂપ છે, શ્રદ્ધારૂપ છે. એ જ્ઞાનની અવસ્થા જ્ઞાનરૂપ છે. તેને ક્ષણે ક્ષણે અનેક પ્રકારે જાણતો છતાં તે પર્યાયથી એકલો મુંઝાતો નથી. મારું દ્રવ્ય ધ્રુવ નિત્ય છે અને પર્યાયને અનિત્ય અનુભવે છે. સમજાણું કાંઈ?

આવી ધર્મની રીત. ઓલો કહે કે ભાઈ ભગવાનની ભક્તિ કરીએ, બસ! ભજન કરીએ તંબુરો વગાડીને. લ્યો! એવી દેશી બોલે.. ઓલો છોકરો નહોતો કાલે મોરબીમાં. એવું બોલે ગાયન બોલે કે આમ ધ્રુજાવી દે. મોરબી-મોરબી. છોકરો નથી ઓલો મન્સુર મીર. એવી બોલે પણ આમ. ત્રણ કડી બોલેને પછી તમે હતા કે નહિ? ચોથી કડી બોલે તો વાહ વાહ લોકો એમ કરી નાખે. એવી દેશી. પણ એ તો કંઠ છે અને કંઠની ધ્રુજા છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાય છે? એમાં જાણનારી જ્ઞાનની પર્યાય છે એ પર્યાય એની છે. કંઠ ને ફંઠ તો... એ જ્ઞેયાકારે જ્ઞાનની પર્યાય થાય, પણ જ્ઞાનની પર્યાય એ એની છે.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



આ એની નથી. સમજાણું કાંઈ? ભક્તિમાં એમ મજા કરે ને ખૂબ ભક્તિ ગાન. આહાહા..! ધૂન લાગી છે. શેની પણ લાગી? એ તો રાગની ધૂન છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય બંધાય નહિ. કહ્યું હતું એક ફેરી. (સંવત) ૧૯૯૪માં અહીં આવતો હતો. ભાઈ બોલેલા, તીર્થંકર ગોત્ર... બાંધ્યા. આને કહેવું શું? ૯૪માં આ જેઠ સુદ પાંચમનું છે ને ત્યાં? .. હતા. ..માં છે, સુરતનો નથી એક ચીમન? ગળગળીયો છે. બહુ હુશિયાર હતો. હુશિયાર એટલે લોકોને એં..એં. કર્યા કરતો હતો. દી.. દી.. કરતો હતો. દીવાળી હોય ને દીવાળી? દીવાળી બોલે દીવાળી એટલે દી દી કરીને પછી વાળી ન બોલે એટલે .. હવે પણ એમાં શું છે? ભાવ તો સમજ. અરે..! વાણી ક્યાં? કંઠ ક્યાં? એ તો જડ છે. કંઠનો ધ્રુજારો એ માટી-ધૂળ છે. એમાં મીઠાશ આવી કે દી? એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ? અને એના તરફનો વિકલ્પ ઉઠે છે એ રાગ છે, વિકાર છે. એ આત્માની પરિણતિ નથી. એમ અહીં કહે છે. જ્ઞાનસ્વરૂપ છે એની જ્ઞાનની પરિણતિ તે એની છે. રાગ પરિણતિ જ્ઞાનસ્વરૂપની એની નથી. સમજાણું કાંઈ?

ચૈતન્ય જ્ઞાનમૂર્તિ છે. એમ સિદ્ધ કર્યું છે ને. અહીં તો પહેલા ત્યાંથી શરૂઆત કરી છે. જ્ઞાનસ્વરૂપ છે એની અવસ્થા જ્ઞાનરૂપ છે, એની અવસ્થા કોઈ રાગરૂપ કે પરરૂપ તો છે નહિ. અજ્ઞાની અવસ્થાની અનેકતાને ન માનતો ત્રિકાળ ધ્રુવને અવલંબવા જતા પણ વસ્તુ રહેતી નથી. વસ્તુ અવસ્થા છે એની. અને એ અવસ્થા ત્રિકાળને અવલંબે છે. એની તો એને ખબર નથી.

જ્ઞાની '**ચૈતન્યવસ્તુની વૃત્તિના (પરિણતિના, પર્યાયના) ક્રમ દ્વારા તેની અનિત્યતાને અનુભવતો થકો,...**' ભગવાન આત્મા જ્ઞાનની પર્યાયથી-અવસ્થાથી ક્ષણે ક્ષણે ભિન્ન ભિન્ન અનિત્ય છે. આ અનિત્યપણું કેટલાકને ગોઠે નહિ. લ્યો! કીધું ને એક ફેરી કે આત્મા પર્યાય અનિત્ય છે. એક બાવો ભાગ્યો. સાંભળીને આવ્યો હતો કે ઓહોહો..! કેવા આધ્યાત્મિક છે મહારાજ. એમાં રાતે ત્યાં વાંકાનેરના ઉતારામાં. આત્માની પર્યાય અનિત્ય છે, ક્ષણે ક્ષણે બદલે છે. એ બદલે છે તે આત્માનો નિર્ણય કરે છે. અરે..! આ અનિત્ય આત્મા! ત્યાં ભાગ્યો. પર્યાય અનિત્ય ન હોય તો વસ્તુનો નિર્ણય કરે કોણ? પહેલી મિથ્યા શ્રદ્ધા છે, પછી સાચી શ્રદ્ધા કરે એ કરે કોણ? સમજાણું કાંઈ? એકલો કૂટસ્થ આત્મા હોય તો નિર્ણય કરે કોણ? દુઃખને વેદે કોણ? સુખને વેદે કોણ? અવસ્થામાં ક્ષણે ક્ષણે જ્ઞાનની અવસ્થા નિર્મળ થાય છે. ચૈતન્યનો સ્વભાવ જ્ઞાયક છે તો એ અવસ્થા એ ક્ષણે ક્ષણે જ્ઞાનની અવસ્થા, શ્રદ્ધાની અવસ્થા વિગેરે નિર્મળ અવસ્થા થાય છે. એ અવસ્થાને જ્ઞાની જાણે છે કે એ અવસ્થા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મારી છે. આ અવસ્થા થતાં હું કાંઈ ખંડ ને ભંગ થઈ ગયો છું એમ માનતો નથી.

'**એવા જ્ઞાનને અનિત્યતાથી વ્યાપ્ત છતાં ઉજ્જ્વળ માને છે-**' જુઓ! ભલે નિર્મળ અવસ્થા અનેક થાય પણ એ બધી છે ઉજ્જ્વળ. એ કાંઈ અનેક છે માટે મેલી છે એમ નથી. આવું કામ છે. જ્ઞાનસ્વરૂપ આત્મા નિત્યાનંદ પ્રભુ એની વર્તમાન અવસ્થા ઉજ્જ્વળ છે. કારણ કે વસ્તુની પર્યાય ઉજ્જ્વળ છે અહીં કહે છે. એ એની પર્યાય છે. ઉજ્જ્વળ એની દશા છે. એને જ્ઞાની અનુભવે છે. અજ્ઞાની એને માનતો નથી. કહો, સમજાણું?

'**ભાવાર્થ :- એકાંતવાદી જ્ઞાનને સર્વથા એકાકાર-નિત્ય પ્રાપ્ત કરવાની વાંછાથી,...**' ધ્રુવ છું એ મારે જોવે છે. ભાવના, પણ એ ભાવના છે એ જ પોતે પર્યાય છે. નિત્ય ત્રિકાળ ભગવાન છે એવી જે ભાવના છે એ પર્યાય છે-અવસ્થા છે, અનિત્ય છે. એ અવસ્થા અનિત્ય છે એ વિચાર કરે છે. સમજાણું કાંઈ? '**ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિથી જુદું...**' જ્ઞાનની અવસ્થાથી તદ્દન જુદી કોઈ ચીજ ઇચ્છે છે. '**પણ જુદું કાંઈક જ્ઞાનને ઈચ્છે છે; પરંતુ પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી તો હોતો નથી.**' અવસ્થા જે થાય છે એ પરિણામ. એ પરિણામથી જુદી કોઈ ચીજ નથી. એ પરિણામ જેનું છે એ પરિણામી ત્રિકાળ છે. જેની અવસ્થા છે એ ત્રિકાળ છે. એકલો જ પરિણામ છે અને પરિણામી નથી એમ છે નહિ. અને પરિણામ વિનાનું એકલું ત્રિકાળ વસ્તુ હોય એમ હોઈ શકે નહિ. પરિણામ વિના દ્રવ્ય નહિ અને દ્રવ્ય વિના પરિણામ નહિ. પર્યય વિજુત્તં આવે છે ને. સમજાણું? '**પરંતુ પરિણામ સિવાય જુદો કોઈ પરિણામી તો હોતો નથી.**' ભારે!

'**સ્યાદ્વાદી તો એમ માને છે કે-જોકે દ્રવ્યે જ્ઞાન નિત્ય છે...**' વસ્તુ તો ત્રિકાળ નિત્ય છે દ્રવ્યે. '**તોપણ ક્રમશઃ ઊપજતી-વિણસતી ચૈતન્યપરિણતિના ક્રમને લીધે જ્ઞાન અનિત્ય પણ છે;...**' એ આત્મા અનિત્ય પણ છે એમ કહે છે. શેઠી! પર્યાયે-અવસ્થાએ. 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય...' આવે છે ને? 'બાળાદિ વય ત્રણનું જ્ઞાન એકને થાય.' આત્મસિદ્ધિમાં આવે છે. બહારથી વાત લીધી છે. લ્યો, આ ચૌદ ભંગ થયા. એ છઠથી શરૂ કર્યા હતા. નહિ? પાંચમે પૂરું થયું. છઠથી. સોમવાર. અને આજે શું? આજે સોમવાર છે. સોમવારે શરૂ કર્યું હતું. રવિવારે નહિ? તમારે રવિવાર હતો ને? શનિવાર હતો? રવિવારે શરૂ કર્યું. રવિવારે શરૂ કર્યું લ્યો! આઠ દી થયા. આ ચૌદ બોલ થયા.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો .. ભાષા બહારથી કરી હોય... બોલે છે ક્યાં? એ તો જાણનાર છે કે આ હું છું. એ કાંઈ ક્ષણિક નથી એમ. ત્રિકાળ છે. એ ભાષા બહારથી બોલાય.

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**આ પ્રમાણે અનિત્યત્વનો ભંગ કહ્યો.**' લ્યો! હવે એનો સરવાળો.

**इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।**
**आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।२६२।।**

જુઓ! અનેકાંતની પણ મર્યાદા છે એમ આવ્યું. અનેકાંત આત્મા નિત્ય છે તો તે આત્મા દ્રવ્યે પણ નિત્ય છે અને દ્રવ્યે પણ અનિત્ય છે, એમ હોય અનેકાંત? દ્રવ્યે નિત્ય છે અને તે જ પાછો કથંચિત્ અનિત્ય છે દ્રવ્યે, એમ અનેકાંત હોય નહિ. પર્યાયે અનિત્ય છે અને એ જ આત્મા પર્યાયે નિત્ય છે એમ ન હોઈ શકે. અનેકાંત એમ ન કહેવાય. અનેકાંત તો દ્રવ્યે નિત્ય છે અને પર્યાયે અનિત્ય છે એનું નામ અનેકાંત છે. બે ધર્મથી પરસ્પર વિરૂદ્ધ ધર્મ છે નિત્ય અને અનિત્ય. છતાં પરસ્પર વિરૂદ્ધ ધર્મ વસ્તુની નિપજાવનારી શક્તિઓ છે. સમજાણું કાંઈ? એકલા જ્ઞાન જ્ઞાન કરે ને, શુદ્ધની વાતું કરે એથી આચાર્યે જરી અનેકાંતને સ્પષ્ટીકરણ કર્યું છે. આમ આખું સમયસાર વાંચે તો એક જ આત્મા છે, શુદ્ધ જ છે એમ લઈ જાય. પછી એની પર્યાયો છે, એમાં અનેક ગુણ છે. એ અનેક ગુણો એમાં જ આવશે ને આમાં? આમાં જ આવશે સ્યાદ્વાદ. આ વર્ણવ્યું, હવે અનેક ગુણ છે. એક જ વસ્તુ નથી પણ એક વસ્તુમાં અનેક ગુણ છે એમ અનેકાંત છે. દ્રવ્યે એક છે, ગુણે અનેક છે. એવું જ એ વસ્તુનું સ્વરૂપ છે. દ્રવ્યે અનેક છે અને ગુણે એક છે એમ નહિ. દ્રવ્યે અનેક છે અને ગુણે એક છે એમ નહિ, પણ દ્રવ્યે એક છે અને ગુણે અનેક છે. દ્રવ્યે એક છે તો એક જ છે. દ્રવ્યે પણ અનેક છે એમ નહિ. અને ગુણે અનેક છે તો ગુણે પણ એક જ છે એમ નહિ. અનેકાંત. ભારે તકરાર સમજ્યા વિનાની. એ બધા કહે ને વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય, નિમિત્તથી થાય, ઉપાદાનથી થાય. કર્મની પર્યાય પણ એના ક્રમમાં આવે નહિ. જુઓ! સ્થિતિ ઘટાડી દે છે પુરુષાર્થથી. સ્થિતિ વધી જાય છે, કર્મનો રસ ઘટી જાય છે એ આત્મા નિમિત્ત થયું એને કારણે ત્યાં ફેરફાર થઈ જાય છે.

શાસ્ત્રમાં આવે કે નહિ એમ? અપકર્ષણ, ઉત્કર્ષણ, સંક્રમણ. જીવ એવા પરિણામ કરે ત્યાં ફેરફાર થઈ જાય આને કારણે ત્યાં. એમ નથી. એ કાળે ત્યાં થવા યોગ્ય છે ઉપાદાનમાં ત્યારે આવું નિમિત્ત એને કહેવામાં આવે છે. પરમાણુમાં પણ તે કાળે તે અવસ્થા ઘટવાની હોય, વધવાની હોય એવી એની પોતાની યોગ્યતા છે. આત્માને કારણે ત્યાં સ્થિતિ વધે-ઘટે છે એમ નથી. પંડિતજી! શાસ્ત્રમાં તો એમ આવે. પુરુષાર્થ કરે તો કર્મની સ્થિતિ તોડી નાખે. જુઓ! એમાં સ્થિતિ હતી. આ નિમિત્ત દ્વારા તુટી. એમાં ક્રમ નિયત ક્યાં રહ્યું? એ જ ક્રમ નિયત છે. સાંભળને! કેટલાક પરમાણુની સ્થિતિ નહોતી ઘટવાની એ ન ઘટી, જેની ઘટવાની હતી એ ઘટી. એનો અર્થ એ થયો. સમજાણું કાંઈ? ઘણા પરમાણુ પડ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એમાંથી અમુકની ઘટી અને અમુકની ન ઘટી એનું કારણ? સમજાય છે? થઈ રહ્યું. એ તો પોતાની યોગ્યતા છે. પરને લઈને શું થયું છે એમાં?

પૂર્વોક્ત રીતે અનેકાંત અજ્ઞાનમૂઢ થયેલા જીવોને ભાન નથી કે આત્મા શું છે, ગુણો શું છે? અવસ્થા શું છે? એક જ પક્ષ માનનારા એકાંતી એને આ અનેકાંત અજ્ઞાનથી મૂઢ થયેલા જીવોને. જુઓ! ભાષા એમ લીધી છે. અજ્ઞાનથી મૂઢ થયેલા જીવો. કર્મના, દર્શનમોહના જોરથી મૂઢ થયેલા જીવો એમ નથી. આચાર્યનું છે આ. આ અમૃતચંદ્રાચાર્યનું છે. '**इत्यज्ञानविमूढानां**' જુઓ! એનો અર્થ ચાલે છે અહીં તો. છે ને? એનો અર્થ છે આ. એઈ..! કોનો અર્થ છે આ? એનો અર્થ છે, જુઓને! '**इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।**' એનો જ શબ્દ છે આચાર્યનો.

'**શ્લોકાર્થ :- આ રીતે અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદથી અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ...**' કરીએ છીએ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે. રાગ-વિકાર નિમિત્તસ્વરૂપે નથી. એમ જ્ઞાનસ્વરૂપ કહેતા પણ આવા તત્-અતત્ આદિના બોલો એમાં સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાત્ર આત્મા કહેતાં પણ આવું અનેકાંત સિદ્ધ થાય છે એમ કહે છે. જ્ઞાન છે એમ કીધું. છે. નિત્ય છે અને અનિત્ય છે. બેય સિદ્ધ કર્યું. એક છે અને અનેક છે બેય સિદ્ધ થયું.

'**અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ અજ્ઞાનમૂઢ પ્રાણીઓને...**' જુઓ! હેઠે અર્થ છે હોં એ. '**એવા અર્થનું કાવ્ય હવે કહેવામાં આવે છે :-**' '**અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.**' ભગવાન આત્મા જ્ઞાનમાત્ર હોવા છતાં જ્ઞાનનું નિત્યપણું, જ્ઞાનનું અનિત્યપણું, જ્ઞાનનું એકપણું, જ્ઞાનનું અનેકપણું એ જ્ઞાનમાત્ર કહેતાં સ્વથી તત્પણું, પરથી અસત્પણુ એવું જ્ઞાનમાત્ર કહેતાં જ એમાં બધું સિદ્ધ થાય છે. સ્વયમેવ કીધું ને જુઓને! '**સ્વયમેવ અનુભવાય છે.**'

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એમ કહેતા જ્ઞાનસ્વરૂપે છે અને જ્ઞેયરૂપે નથી. એમ થઈ ગયું કે નહિ? જ્ઞાન પ્રસિદ્ધ કરતાં કે આત્મા જ્ઞાન છે. એમ કહેતાં જ અનેકાંત થઈ ગયું. જ્ઞાન જ્ઞાનસ્વરૂપે છે, એ જ્ઞેય અતત્ જ્ઞેયપણે નથી. જ્ઞાન વસ્તુ તરીકે એક છે જ્ઞાન અને અવસ્થા તરીકે અનેક છે. એમ જ્ઞાન દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્પણે છે. પોતાના વસ્તુથી સત્ છે, પોતાના ક્ષેત્રથી સત્ છે, પોતાના કાળથી સત્ છે, પોતાની શક્તિથી સત્ છે. છે એમ કહેતાં પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નથી-અસત્ છે એ એમાં આવી જાય. સમજાણું કાંઈ? આવું બધું શીખવું પડે. ભૂલ કાઢવી હોય તો શીખવું પડે, કહે છે. અનાદિની ભૂલ છે ને એમાં? જેને આત્માનું જ્ઞાન કરવું છે ને આત્માનો ધર્મ કરવો હોય એને આ બધું

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



સમજવું પડશે. નહિતર ભૂલ નીકળશે નહિ. નહિતર એકાંતમાં ક્યાંક ચાલ્યો જશે, અવતાર ચાલ્યો જશે. ક્યાંક ગરી ગયો એકાંતમાં તો વસ્તુદૃષ્ટિ આવશે નહિ. વસ્તુની દૃષ્ટિએ પ્રાપ્ત થયા વિના એના જન્મ-મરણ મટશે નહિ. કહો, બરાબર છે? ચીમનભાઈ! રળવા માટે કેટલા માથા ફોડે છે, જુઓને! તે પણ પાછું ત્યાં મળે તો પુણ્ય હોય તો મળે છે. કાંઈ રળવાના પ્રયત્નથી મળે છે?

મુમુક્ષુ :- પ્રયત્ન કર્યા વિના મળે છે?

ઉત્તર :- પ્રયત્ન કર્યા વિના જ મળે છે. ત્યાં શું રાગ કરે માટે મળે છે?

મુમુક્ષુ :- સુઈ રહે.

ઉત્તર :- સુઈ કોણ રહે પણ? રાગી છે તો રાગ આવ્યા વિના રહે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મળે છે એમ ક્યાં કીધું. મોહી છે તો રાગ આવે એમ કીધું. પણ રાગ આવે માટે મળે એમ કોણે કહ્યું? ભગવાનજીભાઈ! ભગવાનજીભાઈ કેટલા હેરાન થાય છે ને હજી ઘણે ઠેકાણે, જુઓને! છોકરાઓ પાસે જાય છે ને. એની પાસે જાય છે. હાથોહાથ જાય ને ત્યાં. મુંબઈથી લાવ્યા છે ઓલાને ત્યાંથી. જાવું તો પડે ને મહિનો, બે મહિનો સંભાળ રાખવા. ખેતશીભાઈ! એની પાસે તો બહુ પૈસા ઘણા થઈ ગયા છે ૪૦-૫૦ લાખ. તોપણ સખ નથી હજી. હજી છોકરાને સાચવવા ત્યાં કરવા જાય છે ને. એ મમતા એવી છે કહે છે. એય..! કહે છે કે એ મમતા તારા સ્વરૂપમાં નથી એમ કહે છે અહીં તો. તારું સ્વરૂપ એ છે જ નહિ એમ કહે છે. મમતા એ તારું સ્વરૂપ જ નથી. મમતા કરવી એ સ્વરૂપ તો નથી, પણ મમતા પણ તારું સ્વરૂપ નથી. અહીં તો તારું સ્વરૂપ જ્ઞાનાનંદ એકલું સ્વરૂપ તારું છે. આહાહા..! સમજાય છે કાંઈ? જગજીવનભાઈ! આહાહા..! વિકલ્પ જે શુભ-અશુભ એ તારું સ્વરૂપ જ નથી. એ આત્મા જ નથી એમ કહે છે અહીં તો. પૈસો આત્મા નથી, શરીર આત્મા નથી, કર્મ આત્મા નથી, પણ પુણ્ય-પાપનો ભાવ થાય એ આત્મા નથી. અહીં આત્માની વાત કરી જ નથી એને.

અહીં શું કીધું? '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વને પ્રસિદ્ધ કરતો...**' દેખો! '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વને પ્રસિદ્ધ કરતો...**' અનેકાંત. સમજાય છે? આહાહા..! એકલો જ્ઞાનપિંડ પ્રભુ અને એની અવસ્થા પણ જ્ઞાનની. એમ. જ્ઞાનની. રાગાદિ વિકારની અવસ્થા એ એની અવસ્થા નહિ. સમજાણું કાંઈ? વિકારની નાસ્તિ એ ભાઈ અહીં લીધી નથી. એની પર્યાયની નાસ્તિ દ્રવ્યમાં. એ વાત લીધી છે ફક્ત.

ભગવાન આત્મા, એને આત્મા કહીએ એની વાત છે ને અહીં તો. પુણ્ય-પાપના વિકલ્પો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


એ આત્માં ક્યાં છે? સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યમૂર્તિ આત્મા એના આ ચૌદ બોલ છે. એટલે જેને એ અનેકાંતપણે સમજાણા નથી (કે) પોતાપણે છે અને પરના વિકારાદિપણે નથી. સમજાણું કાંઈ? એવું જ એનું સ્વરૂપ છે. વિકારસહિત છે અને પછી વિકારરહિત છે એમ વિકાર એનામાં છે જ નહિ. સમજાણું કાંઈ? એવો આત્મ ભગવાન જ્ઞાનસ્વરૂપી આત્મા, એની દૃષ્ટિ દેતાં અનેકાંત એમાં સિદ્ધ થઈ જાય છે. ત્રિકાળ જ્ઞાનરૂપ છે. જ્ઞેયને જાણતાં પણ કાંઈ જ્ઞેયરૂપ થતો નથી. જ્ઞાનરૂપમાં અનેકતા શક્તિઓની અને અવસ્થાની હોવા છતાં તેનું એકરૂપ ટળતું નથી દ્રવ્યે. દ્રવ્યે એક છે, પર્યાયે અનેક છે. જ્ઞાન છું એમ કહેતા એક ને અનેક અનેકાંત એમાં સિદ્ધ થઈ જાય છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન જ્ઞાનમાત્ર આત્મા એમ જ કહેતા, એમ જ ભાવમાં લેતા, એ છે અને પરપણે નથી એમાં આવી જાય છે અનેકાંત. એમ કહે છે જુઓને. '**અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.**' અનેકાંત. એવો સ્વયમેવ અનુભવાય છે એના જ્ઞાનમાં આ જ્ઞાન ચૈતન્યસૂર્ય તે એમ કહેતાં અનેકાંતથી તે આત્મા જ્ઞાનમાત્ર અનુભવમાં આવે છે. ધરમચંદજી! આ પોતાની મેળાએ વાંચ્યું હશે કેટલી વાર. શેઠી! વાત ઝીણી છે ભાઈ! મુનિઓના વાક્ય છે. જંગલમાં પડ્યા સિંહની પેઠે, એને એક વિકલ્પ આવ્યો અને આ શાસ્ત્ર રચાઈ ગયા. એવી ગુફામાંથી નીકળ્યા. સમજાય છે? આહાહા..! સાધારણ વાત નથી. એક એક શ્લોકમાં ઘણું ગૂઢ ભર્યું છે.

કહે છે, ભાષા તો એમ લીધી છે. અનેકાંત, સ્યાદ્વાદ. અનેકાંતનો અર્થ સ્યાદ્વાદ. અજ્ઞાન મૂઢ પ્રાણીઓને વસ્તુનું સ્વરૂપ અનેકાંત એટલે અનેક ધર્મવાળું છે. અનેક અંત, આત્મામાં અનેક અંત-અનેક-ઘણા ધર્મો છે. અનેક ધર્મો છે. નિત્ય, અનિત્ય, એક, અનેક, સત્, અસત્ આદિ. એવું નહિ જાણનાર પ્રાણીને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ. જુઓ! '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ...**' જ્ઞાન તે આત્મતત્ત્વ. જાણનાર જણાય, જાણનાર એ આત્મતત્ત્વ. એમ પ્રસિદ્ધ કરતો અનેકાંત સ્વયમેવ જ્ઞાનમાત્ર કહેતાં જ અનેકાંત પોતાની મેળાએ અંદર અનેકપણું, એકપણું અનુભવવામાં આવે છે. સમજાણું કાંઈ? આચાર્યે અમૃતચંદ્રાચાર્યે આ વાત લીધી છે.

'**ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મવસ્તુ અનેકાંતમય છે. પરંતુ અનાદિ કાળથી પ્રાણીઓ પોતાની મેળે...**' વાસ્તવિક ભગવાન આત્માનું સ્વરૂપ જ્ઞાનાનંદ અને એની પર્યાય અનિત્ય આદિ, એક ને અનેક, સત્ ને અસત્ આદિ. એવું અનાદિથી કાં પોતાની મેળાએ વિરુદ્ધ માન્યું છે સ્વયમેવ. અથવા તો '**એકાંતવાદનો ઉપદેશ સાંભળીને...**' સાંભળીને એમ કહ્યું. '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી અનેક પ્રકારે પક્ષપાત કરી...**' અનેક પ્રકારે પક્ષપાત કરે છે. કાં એક જ છે, કાં અનેક જ છે, કાં નિત્ય જ છે, કાં અનિત્ય જ છે, સત્ જ છે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



અસત્ નહિ. અસત્ જ છે, સત્ નહિ. એમ અનેક પ્રકારે પક્ષપાત કરી '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે.**' જેવું એનું સ્વરૂપ છે તે દૃષ્ટિમાં લેતો નથી અને અનેકાંત છે એવું લક્ષમાં લેતો નથી એટલે અનેકાંત તત્ત્વ એને શ્રદ્ધામાં આવતું નથી એટલે નાશ કરે છે.

'**તેમને (અજ્ઞાની જીવોને) સ્યાદ્વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું...**' જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું '**અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે-સમજાવે છે. જો પોતાના આત્મા તરફ દેખી...**' જુઓ! આવ્યું પાછું. પોતાના.. પોતાના હોં! પાછા પરની અહીં વાત નથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એમ પોતાના આત્મ તરફ દેખી '**અનુભવ કરી જોવામાં આવે તો (સ્યાદ્વાદના ઉપદેશ અનુસાર) જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે.**' શું કહે છે સમજાય છે? પોતાના આત્મા તરફ દેખી, પોતે આત્મા છે એવી અંતર નજર કરી, અનુભવ કરી, એના તરફના વલણ કરીને એનો અનુભવ કરી, જો '**અનુભવ કરી જોવામાં આવે...**' શેઠી! આહાહા..! જ્ઞાન ભગવાન આત્મા એકલો જ્ઞાનસ્વભાવ આત્મા જ્ઞાનસ્વરૂપ જ છે. એવી જ્ઞાનમાત્ર ઉપર નજર કરી, જો એનો આશ્રય કરી એની સન્મુખ થઈ અનુભવ કરવામાં આવે તો '**(સ્યાદ્વાદના ઉપદેશ અનુસાર)...**' જે આ ઉપદેશ કહ્યો અને એમાં છે એવો '**જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ...**' આપોઆપ. '**અનેક ધર્મોવાળી...**' તત્-અતત્ આદિ. '**પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે.**' જોયું! જ્ઞાનધારામાં પ્રત્યક્ષ વેદન થાય છે કે આ વસ્તુ આવી છે. પર્યાય ભિન્ન ભિન્ન થાય છે, વસ્તુ એકરૂપ છે. પર્યાય અનેક છે, વસ્તુ એકરૂપ છે. પર્યાયથી છે કે દ્રવ્યથી છે, પરથી નથી. અને દ્રવ્યથી છે અને તે પર્યાયથી નથી. સમજાણું કાંઈ? દ્રવ્યથી દ્રવ્ય છે તે દ્રવ્ય પર્યાયથી નથી. કારણ કે દ્રવ્ય ધ્રુવ એકરૂપ રહે છે અને પર્યાયનો અનુભવ ભિન્ન ભિન્ન થાય છે. એવો પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે એમ કહે છે. પ્રત્યક્ષ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના વેદનમાં સ્વભાવ સન્મુખ થઈને આત્માને જોવે તો.. જુઓ! એની સામે જુઓ તો. વાંચીને સાંભળીને સાંભળવા સામું જોવે તો મળે એવું નથી એમ કહે છે. આહાહા..!

અંદર વસ્તુ છે એની સામું જોઈને જો એનો અનુભવ કરવામાં આવે એટલે વર્તમાન અવસ્થામાં સ્વભાવ સન્મુખ થઈને અવસ્થા પ્રગટ કરવામાં આવે તો પ્રત્યક્ષ અનુભવ થાય. આપોઆપ અનેક ધર્મોવાળી એમ પ્રત્યક્ષ તને ખ્યાલ આવશે. વસ્તુ કાયમની રહે છે, અવસ્થા બદલે છે. વસ્તુ અનેક છે પર્યાયે, વસ્તુ તે એક છે, હું છું તે છું, રાગાદિથી નથી. મારું પરિણમન વ્યવહારથી નથી, નિશ્ચયથી છે. એવું તને આપોઆપ અનુભવમાં આવશે, એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે.**' અનેક ધર્મોમાં અહીં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



વિકાર ન લેવા. પોતાના અનંત આનંદ આદિ જે ગુણો છે અથવા તત્-અતત્ આદિ જે સ્વભાવ છે એ બધા જ્ઞાનના ખ્યાલમાં તને આવી જશે. પ્રત્યક્ષ આવશે એમ કહે છે અહીં તો. આહાહા..! જે એનામાં નથી એવા રાગથી લક્ષ છોડી, જે એનામાં પર્યાય-ગુણ-દ્રવ્ય છે. પણ રાગ ને નિમિત્ત એમાં નથી. એનું લક્ષ છોડીને પોતાના લક્ષમાં જો જાય તો તેને આપોઆપ પોતે અનેક ધર્મવાળી અનુભવમાં આવે છે. કહો, સમજાણું આમાં? આ તો બહુ થોડા માણસમાં ચાલે એવું ઝીણું બહુ છે.

'**માટે હે પ્રવીણ પુરુષો!**' લ્યો, છે ને? હે ડાહ્યા પુરુષો! જુઓ! ડાહ્યા પુરુષો કરીને સંબોધન કર્યું છે. '**તમે જ્ઞાનને તત્સ્વરૂપ...**' જુઓ! એ ભગવાન આત્મા તત્ નામ જ્ઞાનરૂપે છે. એ '**અતત્સ્વરૂપ,...**' જ્ઞાન પરથી, રાગથી નથી. આહાહા..! '**એકસ્વરૂપ,...**' વસ્તુરૂપે એકરૂપ. અવસ્થાથી '**અનેકસ્વરૂપ,...**' તને ખ્યાલમાં આવશે કહે છે. '**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ,...**' પોતે વસ્તુ છે તેથી તેની વસ્તુ તરીકે સત્, એના ક્ષેત્ર તરીકે સત્, તેની અવસ્થા તરીકે સત્, તેની શક્તિ તરીકે સત્. અને '**પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ,...**' એ શરીર, કર્મ અને રાગાદિના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તું અસત્ છો. કારણ કે એ નિર્મળાનંદમાં મલિનતાનો અભાવ છે. માટે અસત્પણે આત્મા છે એમ તને અનુભવમાં આવશે. નિર્મળ જ્ઞાનની અવસ્થાથી સત્ અને મલિન અવસ્થાથી અસત્ એમ તને આત્મા તરફ દૃષ્ટિ આપતા અનુભવમાં આવશે એમ કહે છે. સમજાણું? આ ચૌદ બોલ થઈ ગયા છે એના નામ આપ્યા છે.

પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્ છે. પરવસ્તુ, પરભાવ, પરઅવસ્થા, પરક્ષેત્ર એનાથી નથી. કારણ કે આટલામાં છે એમ તને ખ્યાલ આવે છે ને. આ અહીં છે. આ અહીં છે. દ્રવ્યે અહીં છે, ક્ષેત્રે અહીં છે, કાળે અહીં છે અને ભાવ પણ અહીં છે. અને એનામાં પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નથી. આ છે તો પર નથી એમ અંદર ખ્યાલમાં આવે. ભેગો રાગ ન આવ્યો. સ્વના લક્ષે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અસ્તિ છે એમ અનુભવમાં આવતા રાગનો અનુભવ ન આવ્યો એટલે પરવસ્તુ એનામાં નથી એમ નક્કી થઈ ગયું. શેઠી! કઠણ ભારે ભાઈ! માણસને.. આહાહા..! વસ્તુ તો એવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થાય છે તો ખરું ને થોડું થોડું.

વસ્તુ છે એ જ્ઞાનાદિ ગુણનો પિંડ છે. એને જ્ઞાનમાત્ર કહ્યું. કેમ કે જ્ઞાનમાં બધા જણાય છે તો જ્ઞાન આખું તત્ત્વ છે એમ કહ્યું. એ જ્ઞાનમાત્ર આત્મા તેની સન્મુખ થઈને જોતાં આ ચૌદ બોલ સ્વરૂપ તને ભાસશે. આ આ રૂપે છું, અસ્તિરૂપે છું, એમાં રાગાદિ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


આવતો માટે એ રૂપે હું નથી. એમ તને અનુભવમાં આવશે. કર્મરૂપે નથી, શરીરરૂપે નથી, વાણીરૂપે નથી, આ રૂપે નથી. કારણ કે એના અનુભવમાં એ કાંઈ આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ?

ખાવા જાય ને તો ખબર ન હોય કે શું કર્યું છે? શું શું કર્યું હશે? ખાવા બેસે ત્યાં જે પીરસ્યું કે આ છે અને બીજું કાંઈ નથી એમ નક્કી થઈ જાય. નક્કી થઈ જાય કે નહિ? ઘરમાં જતાં પણ શું કર્યું હશે? આ સાંજ છે તે. પુરી કરી હશે? ભજીયા કર્યા હશે? શું કર્યું હશે? અત્યારે બહુ ટેવ છે ને. પુડલા-ફુડલાની. છોકરાઓને ખબર પણ ન હોય. શું કર્યું હશે આજે. ખાવા બેસે. જ્યાં આવે ત્યારે એમ જાણે કે આ છે અને આ નથી. બીજું રંધાણું નથી. છોકરાને પૂછયું એલા શું આજે છે? કહે, મને ખબર નથી શું રાંધ્યું હશે. ખાવા બેસે ત્યારે ખબર પડે કે આ છે અને આ નથી.

એમ આત્માનો અનુભવ કરે ત્યારે ખબર પડે કે મારામાં આ છે ને આ નથી. એમ કહે. છોકરાને પૂછીએ ને સાંજે કો'ક દી એલા શું કર્યું છે આજે? ખાઈને આવે પછી.. ખાધું નથી, શું કર્યું ખબર નથી. પહેલાં તો ખીચડી ને રોટલા થાતા. હવે આ બધું થઈ ગયું છે ને? ફરસાણ બહુ થાય છે ને સાંજે. ઢેબરા ને કાં પુડલા ને બહાર નીકળીએ તો કાંઈક ગંધાતું હોય કાંઈક તેલ. કાંઈક રંધાતું હશે. તમારા ઘર પાસે નીકળીએ તો પણ ખબર પડે કે કાંઈક રંધાય છે. પ્રવચનમાં જઈએ ને. પ્રવચન હોલમાં. હમણાં બહાર નીકળાતું નથી. પહેલા નીકળતા હતા. કાંઈક થાતું લાગે છે. તેલ ગંધાય. એમાં પાછા તેલમાં કાંઈ ઢોકળા-બોકળા ખાટા હોય તો એની ગંધ પણ તેલમાં એવી આવે. ખટાશ એવી લાગે કે ઠીક ઢોકળા-બોકળા તળાતા લાગે છે ખાટા. એ બધું આવે ને એમાં ગંધાય. એ હવામાં ખ્યાલ આવે. ઠીક, અહીંયાં ખાટા ઢોકળા (થતા લાગે છે). એ છે ને બીજું નથી. એમ નક્કી થાય કે નહિ? એમ આત્મા જ્ઞાનાનંદ ભગવાન આત્મા શું હશે એમાં? એમ જેને નક્કી કરવું હોય તો એના સ્વરૂપ તરફ જઈને અનુભવ કરે તો આ આનંદ ને જ્ઞાન છે અને રાગાદિ હું નથી. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નથી એમ આવ્યું. આ છે એટલે બીજું એમાં નથી એમ જ્ઞાન આવ્યું. સમજાણું કાંઈ? જુઓ! એમ કીધું હતું ને?

તમે જ્ઞાનને આ રીતે અનુભવો. '**અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર કરી પ્રતીતમાં લાવો.**' જ્ઞાનમાં લાવો કે આ વસ્તુ આ છે અને બીજી નથી એમ તને ખ્યાલ આવી જશે. આહાહા..! સમજાય છે કાંઈ? જ્ઞાન આદિ, આનંદ આદિ બધું જ્ઞાનમાં જાય છે. જેવો આત્મા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



છે એને તમે અનેક ધર્મવાળો પ્રત્યક્ષ અનેક ધર્મસ્વરૂપ.. છે ને? '**પ્રત્યક્ષ અનુભવગોચર કરી,...**' તમારા જ્ઞાનમાં તેના સન્મુખ જઈને અનુભવ કરો અને પછી પ્રતીતમાં લાવો. ઓહો..! આત્મા જ્ઞાને પૂર્ણ છે. રાગાદિથી નથી, કર્મથી નથી, શરીરથી નથી, વિકારથી નથી. કહો, સમજાણું કાંઈ? આમ પ્રતીતમાં લાવવું એને ભગવાન ધર્મ કહે છે. પંડિતજી! ભારે કામ.

ઓલા કહે છે, એણે લખ્યું છે. તમે એમ કહો છો કે, કૈલાસચંદ, આવી નિશ્ચયની વાતથી વ્યવહાર લોપ થાય છે એમ તમે કહો છો. પણ આ તમે વ્યવહારમાંથી આખો આત્મા લોપ થાય છે એમ કેમ નથી સમજતા? એમ લખ્યું છે. વ્યવહારનો લોપ થાય, વ્યવહારનો લોપ થાય એમ કહો છો, પણ આખા આત્માનો આ વ્યવહારના આડમાં આખા આત્માનો લોપ થાય એની કેમ માંડી નથી તમે? અને શાસ્ત્રનું જ્ઞાન હજી છે. કાંઈ નથી એમ નહિ. એમ લખે છે. શાસ્ત્રજ્ઞાન વયુ નથી ગયું, હજી છે એમ કહે છે. વ્યવહારનો અભાવ છે એ તો વસ્તુનું સ્વરૂપ છે. વ્યવહારનો લોપ થઈ જાય વ્યવહારનો. પણ એમ કહેતા નથી. નિશ્ચયનો લોપ થઈ જાય છે. આ વસ્તુસ્થિતિ એકલા વ્યવહાર માંડ્યે નિશ્ચયનો લોપ થઈ જાય એ કેમ માંડી નથી? પણ વ્યવહારનો લોપ તો છે એમાં. અહીં તો આવ્યો ને. એનો લોપ છે. એનામાં નથી એમ કહેવું છે. એનામાં છે નહિ એટલે લોપ છે. નિશ્ચયનો લોપ થાય છે? અહીં તો રાગના આડે આ જ છે એમાં નિશ્ચયનો લોપ થઈ જાય છે. શેઠી!

વસ્તુની સ્થિતિ આમ છે અને વ્યવહારને જ નિશ્ચય માને છે એને મૂઢ કહ્યા છે. પણ નિશ્ચયને જ કોઈ વ્યવહાર માને છે એમ કોઈએ કાંઈ કહ્યું છે? સત્‌ને અંદર કોઈ અસત્ માને છે? વસ્તુ સત્ છે ત્રિકાળી જેમ છે તેમ. જ્ઞાન ભગવાન આત્મા. એમાં વ્યવહારનો લોપ જ છે કે વ્યવહાર એમાં નથી. વ્યવહારની એકલી માંડી એમાં આખો આત્મા વયો જાય છે એનું શું કર્યું તેં? ધર્મચંદજી! એમ કહે છે. પ્રતીતમાં '**એ જ સમ્યગ્જ્ઞાન છે. સર્વથા એકાંત માનવું તે મિથ્યાજ્ઞાન છે.**'

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


**જેઠ વદ ૧, મંગળવાર તા. ૧૧-૬-૧૯૬૮**
**શ્લોક-૨૬૩, પ્રવચન-૫૩૪**

૨૬૨ સુધી આવ્યું છે.

**एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयन् स्वयम्।**
**अलङ्घ्यं शासनं जैनमनेकान्तो व्यवस्थितः।।२६३।।**

શું કહે છે? '**આ રીતે અનેકાંત...**' એટલે આત્મામાં અનંત જે ધર્મ છે, ગુણો છે, શક્તિ છે, સ્વપણે છે અને પરપણે નથી. એમ નિત્ય છે દ્રવ્યે અને પર્યાયે અનિત્ય છે. વસ્તુએ એક છે અને ભેદે અનેક છે, આનંદમય છે અને દુઃખ નથી. આનંદમય છે આત્મા. દુઃખ નથી. એવો અનેકાંત સ્વભાવ જીવનો છે. સમજાણું કાંઈ? અનેક એટલે ઘણા. અંત એટલે ધર્મ. પણ એમાં છે એ ધર્મ. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે તો એ જ્ઞેયસ્વરૂપ નથી. આનંદસ્વરૂપ છે તો દુઃખરૂપ નથી. એવા અનેક અંતો. શાંતિસ્વરૂપ છે એટલે અકષાય સ્વભાવ છે, કષાયભાવ નથી. શુદ્ધ સ્વભાવભાવ છે તો અશુદ્ધભાવ એમાં નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે એ અનેકાંત છે. અનેક અંત એટલે ધર્મ. આવું જ વસ્તુનું સ્વરૂપ છે '**કે જે જિનદેવનું અલંઘ્ય શાસન છે...**' સર્વજ્ઞદેવે કહેલું. સર્વજ્ઞ પરમેશ્વર જેને એક સમયમાં પોતાની પૂર્ણ પર્યાયનું (ત્રિકાળવર્તી) જ્ઞાન થઈ ગયું એવા સર્વજ્ઞ પરમેશ્વરનું વસ્તુના આ સ્વરૂપમાં આ રીતે છે એવું જે અલંઘ્ય શાસન-ઓળંગી શકાય નહિ એવી એની આજ્ઞા, એવો વસ્તુનો સ્વભાવ અને એવો જ વસ્તુનો માર્ગ છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું. જિનદેવ એટલે સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું શાસન. શાસન એટલે શિખામણ, એનું જ્ઞાન, આજ્ઞા, વસ્તુનું સ્વરૂપ એ અલંઘ્ય છે. કોઈથી તોડી શકાય એવું નથી. કુતર્ક દ્વારા કે કુયુક્તિથી તેનો નિષેધ થઈ શકે, અનેકાંત વસ્તુ છે એનો કુતર્કથી નિષેધ થાય એવું છે નહિ. સમજાણું કાંઈ?

'**તે વસ્તુના યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ વડે...**' ભગવાન આત્મા વસ્તુ છે. જુઓ! વસ્તુ છે. એની યથાર્થ સ્વરૂપની વ્યવસ્થા. વ્યવસ્થિતિ એટલે વ્યવસ્થા. '**યથાર્થ સ્વરૂપની વ્યવસ્થિતિ...**' જેવું એનું સ્વરૂપ છે એવી જ વ્યવસ્થા અને એ જ વ્યવસ્થાથી ભગવાને કહ્યું છે. '**પોતે પોતાને સ્થાપિત કરતો...**' એટલે પોતે આનંદરૂપ છે, દુઃખરૂપ નથી, નિત્ય છે, પર્યાય અનિત્ય છે, વસ્તુ એક છે, ગુણ-પર્યાયે અનેક છે. એ રીતે વસ્તુ પોતે જ પોતાને સ્થાપિત કરતી, એમ કહે છે. પોતે જ પોતાને આ હું છું એમ સિદ્ધ કરે છે એમ કહે છે. આવી જ વસ્તુ હું છું. એવું ભગવાને કહ્યું છે એવી જ વસ્તુની સ્થિતિ છે. સમજાય છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



'**વ્યવસ્થિતિ વડે પોતે પોતાને સ્થાપિત કરતો થકો સ્થિત થયો-નિશ્ચિત ઠર્યો-સિદ્ધ થયો.**' ભગવાન આત્મા પોતાની અનિત્ય પર્યાય દ્વારા નિત્યને અવલંબતો. નિત્ય અને અનિત્ય બેય સિદ્ધ થઈ ગયું. અનિત્ય પર્યાય પલટતી એ ત્રિકાળ નિત્યને અવલંબે છે. નિત્ય-અનિત્ય એ વ્યવસ્થિત સિદ્ધ થઈ ગયું. એ જ રીતે વસ્તુનું સ્વરૂપ સિદ્ધ થયું અને સ્થાપિત થયું. વસ્તુ એવી છે એવું આ કહ્યું. કહ્યું એવું છે. એ અનેકાંત વસ્તુ પોતે એ રીતે સાબિત થઈ જાય. એમ કહે છે. વસ્તુનો સ્વભાવ આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે અને દુઃખ નથી. એમ જે જ્યાં વર્તમાન લક્ષથી લક્ષ અંદર જતાં વસ્તુ પોતે એમ પોકારે છે કે આનંદ છું, દુઃખ નથી. સમજાય છે કાંઈ? એવો જ વસ્તુનો સ્વભાવ તે અનેકાંત અનેક ધર્મવાળી ચીજ પોતે પોતાને સિદ્ધ કરે છે કે હું આવો છું.

'**ભાવાર્થ :- અનેકાંત અર્થાત્ સ્યાદ્વાદ,...**' કથનથી વાત લીધી છે પણ વસ્તુમાં અનેક ધર્મો છે. '**જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું જ સ્થાપન કરતો થકો,...**' ઓલું વાણી લેવું છે ખરું ને? ભગવાન આત્મા એવો છે. આ કાંઈ કલ્પનાથી નથી. લોકોએ કલ્પનાથી માન્યું છે કે આવો આત્મા, આવો આત્મા એમ કરીને આત્માનું જ્ઞાન અને ધ્યાન કરવા જાય છે એને વસ્તુની ખબર નથી. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો એવો છે. એવો જોયેલો અને એવો કહેલો. એવું વસ્તુનું સ્વરૂપ છે તેવું સ્થાપન કરતો. વાણી દ્વારા અનેકાંતમાં જેવી વસ્તુની સ્થિતિ છે. એક એક પદાર્થ(ને) આત્મા પોતે હોં! એને એ સ્થિત-સ્થાપન કરતો આપોઆપ સિદ્ધ થયો. વસ્તુ પોતે સિદ્ધ એમ થાય છે. સમજાણું કાંઈ? આમાં ધર્મ શું આવ્યો? એમ કહે છે.

ધર્મ એ આવ્યો કે વસ્તુ પોતે શુદ્ધ અને જ્ઞાનઘન અને આનંદ છે આત્મા. એને વર્તમાન ક્ષણિક અવસ્થાના અંતરમાં એ દ્વારા લક્ષ કરી ધ્રુવનું અને અવસ્થા બદલતી છે અને વસ્તુ ધ્રુવ છે એમ અંતરના આનંદમાં પોતે પરિણમતો દુઃખરૂપ નથી અને આનંદરૂપ છું એમ વસ્તુને નિર્બાધ સિદ્ધ કરે છે. આપોઆપ આત્મા એ રીતે સાબિત થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**તે અનેકાંત જ નિર્બાધ જિનમત છે...**' આવું વસ્તુનું સ્વરૂપ છે, આનંદ ભગવાન છે અને એમાં શરીર, વાણી, કર્મ ને રાગ છે જ નહિ. એવું વસ્તુનું સ્વરૂપ છે. એવું ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યું હતું. એવું જેને અંતરમાં બેઠું એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય છે. પર્યાયની અનેકતા થાય છે, વસ્તુમાં આનંદ છે. તેની પર્યાયમાં આનંદનો અનુભવ આવે છે, દુઃખનો અભાવ થાય છે એ આપોઆપ વસ્તુ અનેકાંતથી આ રીતે સાબિત થાય છે. સમજાણું કાંઈ? આ રીતે ધર્મ થાય છે એમ કહે છે. પંડિતજી!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**'અને યથાર્થ વસ્તુસ્થિતિનો કહેનાર છે.'** વસ્તુનું સ્વરૂપ જ એવું છે એવું સર્વજ્ઞે જાણ્યું, વાણીમાં એવું આવ્યું. વાણીમાં એવું આવ્યું. **'કાંઈ કોઈએ અસત્ કલ્પનાથી વચનમાત્ર પ્રલાપ કર્યો નથી.'** આમ પણ હોય ને આમ પણ હોય એમ કરીને અનેકાંત સિદ્ધ કર્યું નથી. એના સ્વરૂપમાં એ એવું કાંઈ નથી. આ કલ્પનામાત્રથી ઊભું કર્યું એવું આ નથી. આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે.

મુમુક્ષુ :- કલ્પનામાં નથી.

ઉત્તર :- હા. કલ્પના એટલે કે આવું હશે ને આમ હશે. કલ્પનાથી સિદ્ધ કર્યું. એમ છે નહિ. વસ્તુનું સ્વરૂપ જ એવું (છે). ભગવાન આત્મા અનંત ધર્મ ને ગુણનો ધરનાર પોતે છે. એમાં શરીર, વાણી, કર્મ એનામાં છે જ નહિ. સર્વથા નથી. સર્વથા પોતાના શુદ્ધ સ્વભાવે ભરેલો છે અને અશુદ્ધ અને પરવસ્તુ સર્વથા નથી એનામાં. એનું નામ અનેકાંત વસ્તુની સિદ્ધિ. જુઓ! એમાં આવી ગયું. ધર્મને પ્રગટ થતાં એ હું શુદ્ધ અને અભેદ ત્રિકાળ છું એવી દૃષ્ટિ થતાં એની પર્યાય રાગને કરતી નથી, રાગને કરતી નથી, પરને કરતી નથી અને પરને પોતામાં રહીને જાણે છે એવો એનો સ્વભાવ છે. અનેકાંત આ રીતે સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ?

**'માટે હે નિપુણ પુરુષો!'** જુઓ! હે ડાહ્યા પુરુષો! **'સારી રીતે વિચાર કરી...'** આ ભગવાન આત્મા સર્વજ્ઞે અનેકાંતમય જે કહ્યો તેનો સારી રીતે વિચાર કરવા જતાં પણ સારી રીતે વિચાર કરી. વિચાર તો ઘણા કરે છે કે અમે બહુ વાચ્યું છે ને બહુ વિચાર કર્યો છે. ઓલા ભેંસના શિંગડા જેવું. અહીં તો સારી રીતે-એ વસ્તુ છે તે રીતે એમ કહે છે. સમજાણું કાંઈ? દૃષ્ટાંત છે એક. એક માણસ હતો તે દાતણ કરતો હતો હંમેશા. ત્યાં ભેંસનું ધણ ચાલતું હતું. એમાં એક પાડો એવો હતો સિંગડાવાળો ગોળ બરાબર. તો ઘણો વિચાર કર્યો કે આમાં મારું માથુ પેસી શકે કે નહિ? માથુ પેસી શકે કે નહિ? છ મહિના સુધી વિચાર કર્યો. એમાં આવ્યું ધણ નીકળ્યું પાડો. ભેંસનું દળ, સાથે પાડો. પાડો સમજ્યાને? ભેંસા. ભેંસની સાથે ભેંસા. ઉભો થઈને એકદમ માથું નાખ્યું. છ મહિના સુધી વિચાર કર્યો, કેમ બેસશે? નાખ્યું માથું. અને પછી ભેંસ ભાગી અને ભડકી અને પગ લટકે ને માથું. અરે..! પણ વગર વિચાર્યે નાખ્યું? અરે..! પણ છ મહિના વિચાર કર્યો હતો. ઊંધા. આ વિચાર આવા તારા? ભગવાનજીભાઈ! વિચાર.. છ મહિના સુધી વિચાર કર્યા પછી માથું નાખ્યું એણે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા વિચાર કર્યા હતા. મૂર્ખ છો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



એમ આત્મા જે રીતે સર્વજ્ઞ કહેલો અને જે રીતે છે તે રીતે વિચાર કરીને આત્માને સિદ્ધ કરે તો એ સાચું કહેવાય. પોતાની કલ્પનાથી સિદ્ધ કરે તો આ ઓલા જેવું થાય. સમજાણું કાંઈ? ભેંસના પાડા જેવું થાય. ફસાઈ જાય, ફસાઈ જાય અને રખડે પછી.

'**સારી રીતે વિચાર કરી પ્રત્યક્ષ અનુમાન-પ્રમાણથી...**' જુઓ ભાષા. બે વાત છે એક તો પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપના વેદનથી જાણ કે આ આત્મા છે. અને અનુમાનથી જાણે કે આ આત્મા સર્વજ્ઞ થવાને લાયક છે, અલ્પજ્ઞ થવાને લાયક નથી. એવું અનેકાંત સ્વરૂપ છે. સમજાણું કાંઈ? પ્રત્યક્ષથી જાણ કે આ ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ છું. અનુમાનથી જાણ કે આ સર્વજ્ઞસ્વરૂપી જ આત્મા છે તો અલ્પજ્ઞ રહેવાને લાયક નથી. એ સર્વજ્ઞ થવાને લાયક છે એમ અનુમાનથી પણ એમ નિર્ણય કર. સમજાણું કાંઈ?

'**પ્રત્યક્ષ અનુમાન-પ્રમાણથી અનુભવ કરી જુઓ.**' અનુભવ કરીને જુઓ એમ કહે છે. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ એના સ્વસંવેદનથી પ્રત્યક્ષ જો અને એમાંથી પછી અનુમાન કર કે આ તે આવડી ચીજ છે એ પ્રગટમાં ભલે ન હોય પૂરી, પણ પ્રગટ થવાને લાયક જ છે એવો એનો સ્વભાવ છે. એમ પ્રત્યક્ષ અને અનુમાનથી એનો નિર્ણય કરો. સમજાય છે કાંઈ? શાસ્ત્રથી નહિ એમ કહે છે અહીં તો. અનુભવથી પ્રમાણ કરો. આવે છે ને પાંચમી ગાથામાં? '**तं एयत्तविहत्तं दाएहं**' કુંદકુંદાચાર્ય મહારાજ પહેલેથી કહેતા આવ્યા છે. '**तं एयत्तविहत्तं**' ભગવાન પોતાના સ્વભાવથી એકત્વ છે અને વિકલ્પ અને રાગ અને પરથી પૃથક્ છે. પૃથક્ કહો કે એમાં નથી કહો. સમજાય છે? એ અનેકાંત ત્યાં સ્વરૂપ પહેલેથી કહી દીધું છે.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ શુદ્ધ સ્વભાવની સત્તાવાળો પોતે સ્વભાવથી એકત્વ છે, વિકલ્પ અને નિમિત્તથી પૃથક્ છે. એવું જે.. ત્રીજી ગાથામાં છે ને? '**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।**' અથવા પાંચમી ગાથામાં '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण। जदि दाएज्ज पमाणं...**' જો હું આ રીતે બતાવું તો તું અનુભવથી પ્રમાણ કરજે. એકલી વાણીમાં અને વાણીનો વિકલ્પ કરીને માનું એટલામાં રહીશ નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? પહેલું તો એમ કહ્યું હતું. '**तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।**' મારા વૈભવથી હું કહીશ, મારા પ્રત્યક્ષ વર્તમાન વેદનથી હું કહીશ કે આવો આત્મા છે. પણ જો હું કહું '**जदि दाएज्ज**' દેખાડું તો ધ્યાન રાખ, અનુભવથી પ્રમાણ કરજે. જેવું સ્વરૂપ કહું છું, ભગવાન આત્મા આનંદમૂર્તિ પૂર્ણાનંદ સ્વરૂપ, પરથી પૃથક્, સ્વથી એકત્વ એવું જે સ્વરૂપ એમાં અનંતા ગુણોવાળો એવું એકરૂપ એવું જે કહું છું એનો અંતર્મુખ જઈને વસ્તુના સ્વરૂપનો પ્રત્યક્ષ અનુભવ કરી પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? જુઓ! અહીં તો પહેલા શિષ્યને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જ એમ કહે છે. પહેલેથી એમ કહે છે, પ્રમાણ કરજે અનુભવથી. એમ કહે છે. આમ જ છે. અમે કહીએ છીએ તે રીતે વસ્તુ છે અને એ વસ્તુ પ્રમાણ એ રીતે તારા અનુભવથી કરજે. સમજાણું કાંઈ? વસ્તુ અનંત અનંત શાંત વસ્તુથી ભરેલી ચીજ વીતરાગી બિંબ પ્રભુ છે. જિનબિંબ કહે છે ને? એ જિનબિંબના દર્શન એટલે આ વીતરાગબિંબના દર્શન. જિનબિંબ, વીતરાગનું બિંબ વીતરાગી આત્મા છે. એમાં કષાયનો અભાવ છે, વીતરાગ સ્વભાવનો સદ્ભાવ છે. એવા આત્માને અમે કહીએ છીએ, તેનો વીતરાગી પર્યાય દ્વારા અંતર અવલંબીને અનુભવથી હા પાડજે. અનુભવથી પ્રમાણ કરજે. પંડિતજી! એમ કહ્યું છે. પાંચમી ગાથામાં. આહાહા..! એનું નામ સમ્યગ્દર્શન અને એનું નામ આત્મા જાણ્યો કહેવામાં આવે છે. અનુભવથી પ્રમાણ કરજે. આત્મા જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવથી ભરેલો એકરૂપ. વિકલ્પ અને રાગ એવા અધર્મ એવા સ્વભાવથી રહિત એમ જે કહીએ છીએ તેને એ રીતે (નિર્ણય) કરીને પ્રયોગ કરીને અનુભવ કરીને પ્રમાણ કરજે. સમજાણું કાંઈ? '**અનુમાન-પ્રમાણથી અનુભવ કરી જુઓ.**'

'**(આચાર્યદેવ અનેકાંતને હજુ વિશેષ ચર્ચે છે :-)**'

'**પ્રશ્ન :- આત્મા અનેકાંતમય હોવા છતાં પણ અહીં તેનો જ્ઞાનમાત્રપણે કેમ વ્યપદેશ કરવામાં આવે છે?**' શું પ્રશ્ન છે? ભગવાન તમે તો એમ કહો છો કે આત્મા અનેકાંતમય અનંત ધર્મવાળો છે. અનેક એટલે અનંત. અંત એટલે ધર્મ. અનેકમાં બેથી અનંત સુધી સમાય જાય છે. અનેકાંત અનેક ધર્મવાળો છે. એવું હોવા છતાં પણ તેનું જ્ઞાનમાત્રપણે કેમ કથન કરવામાં આવ્યું? એક ધર્મ થઈ ગયો એ તો. સમજાણું કાંઈ? તમે કહો છો કે આત્મામાં અનંત ધર્મ છે, અનંત શક્તિ છે, અનંત ગુણ છે, અનંત ભાવ છે. વળી એને તમે જ્ઞાનમાત્ર કહ્યો. તો જ્ઞાનમાત્ર તો એકાંત થઈ ગયો, એક ધર્મ થઈ ગયો. આ શિષ્યનો પ્રશ્ન છે, જુઓ સમજીને પણ. એક બાજુ અનેકાંત ધર્મ આત્મામાં અનેક ધર્મો છે અસ્તિપણે, સત્તાપણે હોવાપણે, વળી એને જ્ઞાનમાત્ર એકલા ગુણવાળો જ્ઞાનમાત્ર કહ્યો. તેમાં અનેકાંત ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? આહાહા..!

'**વ્યપદેશ = કથન; નામ.**' '**(આત્મા અનંત ધર્મોવાળો હોવા છતાં તેને જ્ઞાનમાત્રપણે કેમ કહેવામાં આવે છે? જ્ઞાનમાત્ર કહેવાથી તો અન્ય ધર્મોનો નિષેધ સમજાય છે.)**' જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર.. જ્ઞાનમાત્ર કહેતા બીજા ધર્મો એમાં નથી એમ થાય છે. સમજાણું કાંઈ? ઓહોહો..! જંગલમાં રહીને મુનિઓએ કેટલું કામ કર્યું છે! અંદર દશામાં હોં! આ કામની વાત નથી. આહાહા..! પ્રશ્ન મૂક્યો શિષ્યના મુખમાં. ભાઈ! પ્રભુ! તમે આત્માને અનંત ગુણવાળો એટલે ધર્મવાળો અનેકાંત સ્વભાવવાળો કહો, વળી તમે કહો કે જ્ઞાનમાત્ર છે, વળી કહો કે જ્ઞાનમાત્ર છે. એક જ જ્ઞાનમાત્ર. એ તો પાછું એકાંત થઈ ગયું. અનંત

ધર્મ રહ્યા નહિ. ભાઈ! સાંભળ!

'**ઉત્તર :- લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યવપદેશ કરવામાં આવે છે.**' શું કીધું? જુઓ! ન્યાયથી વાત કરે છે. '**લક્ષણની પ્રસિદ્ધિ વડે...**' કેમકે જ્ઞાન જાણવું.. જાણવું.. એ પ્રસિદ્ધ છે. લોકમાં પ્રસિદ્ધ છે. આ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર.. એ કોણ? જાણનાર એ લક્ષણ પ્રસિદ્ધ છે. એ લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યને પ્રસિદ્ધિ કરવા. લક્ષણ તો એક જ્ઞાનનું છે પણ એનાથી લક્ષ્ય જે આત્મા ત્રિકાળ વસ્તુ એનું લક્ષ કરાવવા '**જ્ઞાનમાત્રપણે વ્યવપદેશ કરવામાં આવે છે.**' શું કીધું સમજાણું કાંઈ? જ્ઞાનલક્ષણ એ પ્રસિદ્ધ છે જગતમાં. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જાણે છે.. આ જાણે છે.. જાણે છે... આત્મા જાણે છે.. એ જાણવાનું લક્ષણ પ્રસિદ્ધ છે, પણ એના દ્વારા લક્ષ્ય શું છે? એ એને પ્રસિદ્ધ નથી. કારણ કે જ્ઞાન જાણે છે.. જાણે છે... તો રાગને જાણે, આને જાણે છે.. આને જાણે છે... આને જાણે છે.. એમ એ તો વયું જાય છે. પણ જેનું લક્ષણ છે એ લક્ષણથી લક્ષ્ય પ્રસિદ્ધ કરવું છે. લક્ષણથી કાંઈ રાગ ને પુણ્ય પ્રસિદ્ધ કરવું નથી. કારણ કે એનું લક્ષણ નથી એ તો. સમજાય છે? આખો દ્રવ્ય પ્રસિદ્ધ કરવો છે એમ કહે છે. આહાહા..! ભારે વાતું!

જુઓ! એમ કહીને તો એમ કહ્યું કે કાંઈ રાગ ને વિકલ્પ ને નિમિત્તને લક્ષે, જ્ઞેયને આશ્રયે લક્ષ્ય દ્રવ્યનું લક્ષ નહિ થઈ શકે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એને રાગથી, વ્યવહારથી, વિકલ્પથી એ લક્ષણ એનું નથી. એથી વળી દ્રવ્ય લક્ષમાં નહિ આવે. જ્ઞાન એનું લક્ષણ છે અને એ પ્રસિદ્ધ છે. રાગથી પ્રસિદ્ધ છે એમ નથી. અહીં તો જાણવાથી પ્રસિદ્ધ છે. જાણે છે... જાણે છે... જાણનારનું વસ્તુ શું છે, જાણનાર લક્ષણનું લક્ષ્ય શું છે એ અપ્રસિદ્ધ છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ? જાણનાર લક્ષણ પ્રસિદ્ધ છે, પણ લક્ષ્ય હજી શું છે એ પ્રસિદ્ધ નથી. એના ખ્યાલમાં એ વાત કોઈ દી લીધી નથી. અનંત કાળમાં લીધી નથી. જેનું લક્ષણ છે એને એના લક્ષમાં કોઈ દી વાળ્યું જ નથી. સમજાણું કાંઈ? બાકી બધું કર્યું. રાગ કર્યો, વ્યવહાર કર્યો, આ કર્યો ને તે કર્યું, સાંભળ્યું બધું, પણ ઓલું લક્ષણ છે એનું લક્ષ્ય જ દ્રવ્ય છે એ એને અપ્રસિદ્ધ રાખ્યું છે. લક્ષણમાંથી પ્રસિદ્ધ કર્યું નથી. માટે લક્ષણથી લક્ષ્યને પ્રસિદ્ધ કરાવવા તે લક્ષણ જ્ઞાન છે તેમ કહેવામાં આવે છે.

'**આત્માનું જ્ઞાન લક્ષણ છે,...**' જુઓ! જાણનાર.. જાણનાર... જાણનાર.. જુઓ! આમાં કોઈ રાગ ને વ્યવહાર લક્ષણ એ આવ્યું નહિ આમાં. સમજાણું કાંઈ? છે જ નહિ. નિમિત્ત ને રાગ એ લક્ષણ જ નથી. જાણવામાં આ જાણે છે.. જાણે છે.. જાણવાની જે અવસ્થા છે તે આ લક્ષ્ય એ આનું છે. એ જાણનાર લક્ષણ આનું છે. એ લક્ષ્યને પ્રસિદ્ધ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરે છે. જ્ઞાન 'આ આત્માનું છે' એમ લક્ષણ એટલે દ્રવ્યને સિદ્ધ કરે છે. દ્રવ્ય નામ વસ્તુ શું છે એને જ્ઞાનલક્ષણ દ્વારા પ્રતીત થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ચીમનભાઈ! સોનગઢમાં તો ઝીણી વાત ચાલે છે. બહાર તો .. જાતની શૈલી આવે. અહીં બધા આવ્યા હતા તો આ પણ મૂકી દીધું. ઝીણું પડ્યું. કર્તા-કર્મ લીધું. આહાહા..!

અહીં તો કહે છે કે જ્ઞાનમાત્ર કહેવાનો આશય એ છે કે એ જ્ઞાનલક્ષણ છે અને એ દ્વારા લક્ષ્ય આત્મા થઈ શકે છે આ આત્મા. જ્ઞાન આ દ્રવ્યનું લક્ષણ. ભેદ નથી હોં! એ આગળ કહેશે. આ લક્ષણ દ્વારા આ આત્મા એમ અભેદ લક્ષ્ય કરવા માટે જ્ઞાનનું લક્ષણ પ્રસિદ્ધ છે એ દ્વારા અપ્રસિદ્ધ એવો દ્રવ્ય તેને પ્રસિદ્ધ કરવા જ્ઞાનના લક્ષણમાત્ર કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે એક વાત. એ જ્ઞાનલક્ષણ છે, એ પણ કોઈ એમ કહે કે એ તો કર્મનો ક્ષયોપશમ પ્રમાણે લક્ષણ ઉઘડે. હવે એને તો એ લક્ષણની વર્તમાન સ્વતંત્રતા છે પ્રસિદ્ધિ એની એને ખબર નથી. શું કહ્યું સમજાણું? જ્ઞાનલક્ષણ અહીં.. એમાં કાંઈ એમ નથી કહ્યું કે એ કર્મ ખસ્યું છે માટે જ્ઞાનલક્ષણ છે. એનું લક્ષણ છે ત્યાં. હવે એ જ્ઞાનલક્ષણ છે એ લક્ષ્ય કરાવવા માટે કહ્યું છે. હવે એ પણ જ્ઞાનલક્ષણને જ કોઈ માને, પરને અનુસારે જ્ઞાન પ્રગટે. વર્તમાન લક્ષણ જે જાણવાનું છે એ પરને અનુસારે પ્રગટે. હવે પરને અનુસારે પ્રગટે તો લક્ષણ છે સ્વતંત્ર સિદ્ધ એ પ્રસિદ્ધ થતું નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું?

અહીં તો આચાર્ય કહે છે, લક્ષ્યની પ્રસિદ્ધિ છે. પર્યાયનો એટલો વિકાસની પ્રસિદ્ધિ છે કે જાણે.. જાણે.. જાણે... જાણે... એ તો પ્રસિદ્ધ છે એમ કહે છે. એ પ્રસિદ્ધિ કોઈ કર્મને લઈને છે કે પરને લઈને એમ છે જ નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? કર્મ જેટલો ખસે એટલું લક્ષણ ખ્યાલમાં આવે. ચૈતન્ય લક્ષણ પ્રગટ છે એની પ્રસિદ્ધિ સ્વતંત્રતાની પણ તને ખબર નથી. એમ કહે છે. અહીં તો એટલું ભાઈ સિદ્ધ કર્યું. લક્ષણ તો પ્રસિદ્ધ છે એમ સિદ્ધ કર્યું. લક્ષણ એટલે જ્ઞાન છે એ તો પ્રસિદ્ધ જ છે. એના ખ્યાલમાં છે આ જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન... એ કોઈ પરને લઈને અનુસરીને એ વાત પણ અહીં લીધી નથી. એટલો તો એ જીવને ખ્યાલ છે કે આ જ્ઞાન છું.. જ્ઞાન છું.. એ પ્રસિદ્ધ છે એને એટલું તો. સમજાણું કાંઈ?

'**લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે...**' લ્યો! ભગવાન એ લક્ષણથી તો વસ્તુ દ્રવ્ય જે છે એ લક્ષ્ય કરાવવું છે. સમજાણું કાંઈ? આ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણવાનો જે ભાવ. પણ એ ભાવ કોને જણાવે છે? એ ત્રિકાળ દ્રવ્યને જણાવે છે, લક્ષ્યને જણાવે છે, એ આનું લક્ષણ છે એમ જણાવે છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કાંઈ? લક્ષણની સ્વતંત્રતા પ્રસિદ્ધિ કરે છે એમ કહ્યું અને એ લક્ષણ દ્રવ્યને લક્ષ્ય કરાવવા માટે લક્ષણની પ્રસિદ્ધિ કરીને લક્ષ્યને બતાવવું છે. આમાં કર્મને લઈને ઉઘાડ થયો માટે લક્ષણ છે અને ફલાણું એ વાત પણ અહીં લીધી નથી. એમ છે નહિ માટે લીધી નથી એમ કહે છે. કોઈ એમ કહે, એટલા પ્રમાણમાં જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય એટલા પ્રમાણમાં ઉઘડે. હવે ઉઘડેલો તારે કારણે એટલા પ્રમાણમાં છે એમ માન પહેલો. એ જાણવાનું કામ કરે છે એ સ્વતંત્ર કરે છે. એ જાણવાનું... જાણવાનું... જાણવાનું... સ્વતંત્ર કરે છે. કોઈની મદદથી કરે છે? રાગની, કર્મની મદદથી જાણવાનું કામ કરે છે? જાણવાનું હજી લક્ષણની માત્રની વાત છે. એ લક્ષણ પ્રસિદ્ધ છે તેને પ્રસિદ્ધિ કરાવવી છે દ્રવ્યની.

ભગવાન આત્મા એના તળમાં જતાં, એ જ્ઞાનનું લક્ષણ એના તળિયે જતાં એ દ્રવ્ય શું છે એનું ભાન થાય છે એને. સમજાણું કાંઈ? એ લક્ષણને દોરે લક્ષ કરાવવું છે. આહાહા..! લ્યો, આમાં એમ કાંઈ કહ્યું નહિ કે એને દયા, દાનના વ્રત કરાવીને એને લક્ષ્યની પ્રસિદ્ધિ કરવી છે અને પછી લક્ષણની પ્રસિદ્ધિ (કરી) લક્ષ્યમાં લઈ જવું છે. સમજાણું કે નહિ?

‘**આત્માનું જ્ઞાન લક્ષણ છે, કારણ કે જ્ઞાન આત્માનો અસાધારણ ગુણ છે (-અન્ય દ્રવ્યોમાં જ્ઞાનગુણ નથી)**.’ ભગવાન આત્મા સિવાય કોઈ જડમાં, રાગમાં ક્યાંય જ્ઞાનગુણ નથી. ‘**માટે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...**’ જાણવું જાણનાર છું આ, જાણવાના લક્ષણની પ્રસિદ્ધિ વડે એની પ્ર-વિશેષે સિદ્ધિ સાબિતી વડે, ‘**તેના લક્ષ્યની...**’ તેના લક્ષ્યની એટલે કે ‘**આત્માની પ્રસિદ્ધિ થાય છે**.’ આ તો જ્ઞાનલક્ષણે આત્મા જણાય છે, બાકી કોઈ ઉપાય એનો છે નહિ એમ કહે છે. એના લક્ષણથી લક્ષ્યમાં આવે. એનું જે લક્ષણ જ્ઞાન, આમ અંતર્મુખ જતાં જેનું લક્ષણ છે તે દ્રવ્ય છે, એમ લક્ષ જતાં એ લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે લક્ષ્યને પ્રસિદ્ધ કરે છે. ધર્મચંદજી! શું વાત ચાલે છે? કથા ચાલે છે? આહાહા..! ભારે વાત આખી. આ શું કહે? બહુ ટૂંકામાં અને મૂળ સાધનરૂપે કહે છે. અને તે પાછું એમ પણ કહે છે કે જેનું લક્ષણ છે એને લક્ષ્ય કરાવે છે એટલે અંતર્મુખ જવા કહે છે એમ કહે છે. જુઓ! વસ્તુ જેનું લક્ષણ છે એ તો અંતર્મુખ વસ્તુ છે દ્રવ્ય. સમજાણું કાંઈ?

‘**જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેના લક્ષ્યની-આત્માની-પ્રસિદ્ધિ થાય છે**.’ જ્ઞાન લક્ષણ છે આનું એમ અંતરમાં જતાં તે આત્માની પ્રસિદ્ધિ થાય છે. આત્મા પ્રસિદ્ધમાં આવે છે કે હું આત્મા જ્ઞાનમય જ છું, આનંદમય છું. એમ પ્રસિદ્ધ થાય છે. હું આત્મા રાગમય છું, પુણ્યમય છું, કર્મમય છું એમ પ્રસિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ? ભારે! આ ક્રિયા આકરી લાગે ને માણસને. એ પકડવામાં ગ્રાહ્ય આ જાણે શું કહે છે? ભાઈ! તારી ચીજને ધર્મ કરવો હોય તો આ ચીજ છે એમ કહે છે. જાણવાના લક્ષણ દ્વારા પ્રસિદ્ધ કરવું છે લક્ષ્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org


દ્રવ્ય. આત્મખ્યાતિ છે ને આ? લ્યો! ટીકાનું નામ આત્મખ્યાતિ છે. ખ્યાતિ કહો કે પ્રસિદ્ધિ કહો.

જાણનાર જણાય છે, જે જાણે છે જેમાં એ લક્ષણ જ્ઞાન, એની પ્રસિદ્ધિ તો છે જગતમાં. પણ એ પ્રસિદ્ધિ એણે લક્ષ્યમાં વાળી નથી. માટે એના પ્રસિદ્ધ દ્વારા લક્ષ્યની પ્રસિદ્ધ કરાવવા માટે જ્ઞાનલક્ષણને જ્ઞાનમાત્ર આત્મા એમ કહેવામાં આવે છે. પછી જ્ઞાનમાત્ર આખો આત્મા એમાં બધા અનંતા ગુણો ભેગા લક્ષમાં આવી ગયા. સમજાણું કાંઈ? જ્ઞાન છે, આનંદ છે, અસ્તિ છે, એમાં પરથી નાસ્તિ છે વગેરે વગેરે ધર્મો જ્ઞાનલક્ષણ દ્વારા અંતર લક્ષ્યમાં જતાં તેને દ્રવ્યનો અનુભવ થાય છે. કહો, આનું નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. ત્યારે એને ધર્મની શરૂઆત થાય છે.

હવે '**પ્રશ્ન :- એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે?**' એવા ભેદ પાડીને લક્ષણથી બતાવવું છે? પાધરા લક્ષ્યને બતાવોને. '**માત્ર લક્ષ્ય જ પ્રસાધ્ય અર્થાત્ પ્રસિદ્ધ કરવાયોગ્ય છે.**' આત્મા દ્રવ્ય છે એ જ સિદ્ધ કરવા યોગ્ય છે એટલે દ્રવ્ય કહો ને પાધરો. લક્ષણ વડે પ્રસિદ્ધ થાય એ શું કરવા કહો છો? ભારે ટીકા કરી છે. ૭૨માં એમ આવે છે ને. લક્ષણ એટલે જ્ઞાન જે આત્મા એવી પ્રસિદ્ધિથી શું પ્રયોજન છે? માત્ર પ્રયોજન તો દ્રવ્યને લક્ષમાં લેવું છે. આહાહા..! '**માત્ર લક્ષ્ય જ પ્રસાધ્ય અર્થાત્ પ્રસિદ્ધ કરવાયોગ્ય છે. (માટે લક્ષણને પ્રસિદ્ધ કર્યા વિના માત્ર લક્ષ્યને જ-આત્માને જ પ્રસિદ્ધ કેમ કરતા નથી?)**' શિષ્યનો પ્રશ્ન છે. આહાહા..! કહે છે કે જ્ઞાનના પ્રસિદ્ધ લક્ષણ દ્વારા જ્યારે તમારે તો લક્ષ પ્રસિદ્ધ તો દ્રવ્ય કરવું છે. લક્ષ્ય દ્રવ્ય પ્રસિદ્ધ કરવું છે તો દ્રવ્યને પ્રસિદ્ધ કરોને પહેલું. લક્ષણને પ્રસિદ્ધ કરવાનું શું કામ છે? સમજાણું કાંઈ?

'**ઉત્તર :- જેને લક્ષણ અપ્રસિદ્ધ...**' છે. અજ્ઞાનીને લક્ષણ અપ્રસિદ્ધ છે. '**(અર્થાત્ જે લક્ષણને જાણતો નથી...**' આ જ્ઞાનલક્ષણ આત્માનું છે એમ એ જાણતો નથી. '**લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી.**' લક્ષણ અપ્રસિદ્ધ હોય તેને-લક્ષણને જાણતો નથી એવા અજ્ઞાનીને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જ્ઞાનલક્ષણ છે એવું જે જાણતો નથી એને લક્ષણ દ્વારા લક્ષ્યની પ્રસિદ્ધિ એને હોતી નથી. '**જેને લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે.**' જ્ઞાન તે લક્ષણ છે પ્રસિદ્ધ, એમ પ્રસિદ્ધ થતાં તેને લક્ષ્ય પ્રસિદ્ધ થાય, દ્રવ્ય પ્રસિદ્ધ થાય. આવી ધર્મ કથા કેવી આ તે! કાંઈ નહિ? છ કાયની જીવદયા પાળવી, ચોવિહાર કરવા, કંદમૂળ ન ખાવા, આ કરવું, અપવાસ કરવા એવી વાતું હોય, લ્યો. હવે ધૂળેય નથી સાંભળને. એ આત્માની ક્રિયા જ ક્યાં છે? એય..!

અહીં તો જ્ઞાનમય આત્મા ને જ્ઞાનલક્ષણ ને જ્ઞાનથી પ્રસિદ્ધ કરવું છે દ્રવ્ય લક્ષ્ય. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? એ બધી ક્રિયાઓ અને આ છે એ આત્મામાં છે જ નહિ એમ કહે છે. જ્ઞાનલક્ષણ છે એ દ્વારા બસ લક્ષ થઈ શકે એવો એ આત્મા છે. ત્યારે કહે છે, સીધું કહોને પણ. જ્ઞાનની પ્રસિદ્ધિ નથી કે આ જ્ઞાનલક્ષણ છે આનું એમ (નક્કી) નથી, અજ્ઞાનીને અનાદિથી લક્ષ્યને આ લક્ષણ છે આનું-એવું નક્કી કર્યું જ નથી એણે. સમજાય છે? આત્માનું જ્ઞાનલક્ષણ છે અને આ લક્ષ્ય છે એનું. (એમ નક્કી) કર્યું જ નથી કોઈ દી એણે. એણે તો આ રાગ કરો, દયા પાળવી, વ્રત કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, કંદમૂળ ન ખાવા, આ ખાવા એ બધી ક્રિયાકાંડમાં રાગમાં પડ્યો અજ્ઞાની. એમ કહે છે. એય..! ચીમનભાઈ! એને આત્મા જ્ઞાનલક્ષણવાળો છે એનું, રાગ પુણ્ય વ્યવહાર એનું લક્ષણ જ નથી. એવું જેને જ્ઞાનલક્ષણની પ્રસિદ્ધિ નથી એને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી.

**'જેને લક્ષણ પ્રસિદ્ધ થાય છે...'** પહેલી નાસ્તિ કરી. જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય, જે જ્ઞાનલક્ષણ જાણતો નથી એવા અજ્ઞાનીજનને લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. જાણનાર લક્ષણ છે આત્માનું એ લક્ષણ જ પ્રસિદ્ધ નથી એને તો લક્ષ્ય થતું નથી. **'જેને લક્ષણ પ્રસિદ્ધ થાય...'** કે આ જ્ઞાનલક્ષણ આત્માનું છે, રાગનું નહિ, એ રાગનું લક્ષણ નહિ, રાગ આત્માનું લક્ષણ નહિ. સમજાણું કાંઈ? એવા **'લક્ષણ પ્રસિદ્ધ થાય તેને જ લક્ષ્ય પ્રસિદ્ધિ થાય છે. (માટે અજ્ઞાનીને પહેલાં લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્યને ગ્રહણ કરી શકે છે.)'** જો ભાઈ! આ જ્ઞાનલક્ષણ તે આત્માનું લક્ષણ છે. તારા પુણ્ય-પાપ અને દેહની ક્રિયા એ એનું લક્ષણ નથી. એમ કહે છે. આહાહા..!

**'અજ્ઞાનીને પહેલાં લક્ષણ બતાવીએ ત્યારે તે લક્ષ્યને ગ્રહણ કરી શકે છે.'** ત્યારે શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો એમાંથી લક્ષણ ને લક્ષ્યમાંથી. જુઓ કેટલો **'પ્રશ્ન :- ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે તેનાથી (-જ્ઞાનથી) ભિન્ન પ્રસિદ્ધ થાય છે?'** એવું તે ક્યું લક્ષણ છે? એના વડે ભિન્ન લક્ષ્ય તે પ્રસિદ્ધ થાય છે? જ્ઞાન લક્ષણથી ભિન્ન ચીજ એ પ્રસિદ્ધ થાય છે એ તે કોણ છે? એમ કહે છે. સમજાણું? એમ કીધું ને જ્ઞાનના લક્ષણથી લક્ષ્ય-દ્રવ્ય પ્રસિદ્ધ થાય છે. જાણનારા... જાણનાર... જાણનાર... જાણનાર... એ લક્ષ્ય પ્રસિદ્ધ થાય છે. ત્યારે શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો કે એ તે વળી જ્ઞાનલક્ષણ શું છે કે જેનાથી ભિન્ન લક્ષ્ય છે એ પ્રસિદ્ધ થાય છે? લક્ષણથી જુદું દ્રવ્ય પ્રસિદ્ધ થાય એ શું છે આ?

**'ક્યું તે લક્ષ્ય છે કે જે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે...'** એવું તે ક્યું લક્ષ્ય છે તે જ્ઞાનની પ્રસિદ્ધિ વડે એ જ્ઞાનના લક્ષથી કે લક્ષ્ય જે દ્રવ્ય એ જુદું પ્રતીતમાં આવે? એ તો કોણ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? એકલા ન્યાયથી વાત લીધી છે. **'ઉત્તર :- જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી, કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.'** એને જાણવું

એ લક્ષણ લક્ષ્ય નામ દ્રવ્યથી કાંઈ જુદું નથી. સમજાણું કાંઈ? જાણે છે... જાણે છે... જાણે છે... એવું લક્ષણ એનાથી કોઈ લક્ષ્ય જુદું છે એ નથી. જ્ઞાનલક્ષણ દ્વારા આત્મા બધો અભેદ એક જ છે. સમજાણું કાંઈ? આહાહા..! આ તો કોઈ આત્માર્થી હોય તેને બેસે એવું છે. અંતરમાંથી હોં! આ વસ્તુ જ કોઈ જુદી જાત છે.

કહે છે કે જ્ઞાનની પ્રસિદ્ધિ દ્વારા એવું તે ક્યું લક્ષ્ય જ્ઞાનથી જુદી ચીજ છે જેને તમે પ્રસિદ્ધ કરવા માગો છો? એમ શિષ્યનો પ્રશ્ન છે. ત્યારે કહે છે કે એ જ્ઞાનથી પ્રસિદ્ધ થાય એવું લક્ષ્ય કોઈ વસ્તુ જુદી નથી. જ્ઞાન ને દ્રવ્ય કાંઈ જુદા નથી. બે એક જ છે. સમજાણું? **'કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે અભેદ છે.'** લ્યો! એ જ્ઞાન અને આત્મા વસ્તુપણે તો એક છે. જ્ઞાનવસ્તુ જુદી છે અને આત્મદ્રવ્ય જુદો છે એમ કાંઈ છે નહિ. આહાહા..! ત્યાં અંદરમાં વાળ્યો છે એને. બહારથી કાઢી, પુણ્ય-પાપના વિકલ્પો, નિમિત્ત, શરીર ને વાણી આ બધા હોય તો આમ થાય ને દેવ-ગુરુ-શાસ્ત્ર હોય તો આ થાય, ડુંગરાની જાત્રા હોય તો આ થાય એ બધું કાઢી નાખ્યુ અહીં તો. એ બધા વિકલ્પો અને એ બધું તારું લક્ષણ નથી એટલે તારા સ્વભાવમાં નથી. આહાહા..!

**'પ્રશ્ન :- તો પછી લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવે છે?'** જ્યારે તમે એમ કહો કે જ્ઞાનલક્ષણ તે લક્ષ્ય નામ દ્રવ્યથી જુદું નથી, એકરૂપ છે. જ્ઞાનલક્ષણથી લક્ષ્ય વસ્તુ અભેદ એક જ છે, તો પછી જ્ઞાનથી ભિન્ન લક્ષ્ય નથી. કારણ કે જ્ઞાન અને આત્માને દ્રવ્યપણે એક છે. તો પછી ભાગ શેના પાડ્યા ભાગલા આટલા બધા? કે જ્ઞાન લક્ષણ છે ને લક્ષ્ય દ્રવ્ય છે. આહાહા..! સર્વજ્ઞ સિવાય આ વસ્તુની સ્થિતિ ક્યાંય બીજે હોઈ શકે નહિ આવી. અને એ રીતે આત્મા છે એ રીતે ન જાણે ત્યાં સુધી એને કલ્યાણ થાય નહિ. મરી જાય તોય કલ્યાણ ન થાય, સુકાઈને, એમ કહે છે.

લક્ષણ અને લક્ષ્યનો વિભાગ શા માટે કરવામાં આવે છે? બે ભાગલા શું પાડ્યા? આ જ્ઞાન લક્ષણ છે અને દ્રવ્ય લક્ષ્ય છે. એવા ભાગલા શું કરવા પાડ્યા? **'ઉત્તર :- પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે...' 'પ્રસિદ્ધ કરવામાં આવતું હોય તે (જ્ઞાન પ્રસિદ્ધ છે અને આત્મા પ્રસાધ્યમાન છે.)'** સાધ્ય નામ લક્ષ્ય ને ધ્યેય કરવા લાયક છે. સાધવાલાયક છે આત્મા અને આ જ્ઞાન છે તે પ્રસિદ્ધ છે. પ્રસિદ્ધ દ્વારા પ્રસાધ્યમાન. પ્રસિદ્ધ દ્વારા પ્રસાધ્યમાન. લક્ષણ પ્રસિદ્ધ છે એ દ્વારા પ્રસાધ્યમાન આત્મા સિદ્ધ કરવા માટે આવો ભાગ પાડ્યો છે. બાકી ભાગ છે નહિ. સમજાણું કાંઈ?

**'પ્રસિદ્ધત્વ અને પ્રસાધ્યમાનત્વને લીધે લક્ષણ અને લક્ષ્યનો વિભાગ કરવામાં આવ્યો છે. જ્ઞાન પ્રસિદ્ધ છે,...'** જોયું! જાણવાની અવસ્થા.. અવસ્થા.. અવસ્થા.. તે

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



પ્રસિદ્ધ છે. આ જાણું છું તે આત્મા, જાણે છે તે આત્મા એમ જ્ઞાનલક્ષણ હોં ફક્ત એટલું. '**કારણ કે જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે. (અર્થાત્ જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે);...**' આ જ્ઞાન છું એવું બધાને ખ્યાલમાં આવે છે અહીં તો એ લે છે. રાગ છું કે શરીર છું કે એમ નથી ખ્યાલમાં આવતું એને. જાણનાર છું એ સ્વસંવેદન લક્ષણ દરેક પ્રાણીને છે એમ કહે છે. ભલે અજ્ઞાની હોય પણ જાણવું છે એ તો આવે છે ને એમ કહે છે. સમજાણું કાંઈ?

જાણનાર.. જાણનાર એવી પર્યાય હોં જાણનારી. એ લક્ષણ જ્ઞાનમાત્રને સ્વસંવેદનથી સિદ્ધપણું છે. '**(જ્ઞાન સર્વ પ્રાણીઓને સ્વસંવેદનરૂપ અનુભવમાં આવે છે); તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે...**' જ્ઞાન લક્ષણ એને લક્ષમાં-ખ્યાલમાં આવે છે. આ જાણે છે.. જાણે છે... રાગને જાણે, એની પર્યાયમાં જાણે છે ને? આ શરીર છે, આ છે એમ જાણે છે કે નહિ? પણ જેનું લક્ષણ છે એને જાણતો નથી. સમજાણું કાંઈ? જાણવાનું તો પ્રસિદ્ધ છે એને. જાણે છે... જાણે છે... જાણે છે... જાણે છે... રાગ થયો તો જાણ્યું, દ્વેષ થયો તો જાણ્યું, વિકલ્પ આવ્યો વાસના થઈ તો જાણ્યું, શરીરની અવસ્થા થઈ તે જાણી. જાણવું-જાણવું તો પ્રસિદ્ધ જ છે.

'**તે પ્રસિદ્ધ એવા જ્ઞાન વડે...**' આ રીતે સ્વસંવેદનમાં જ્ઞાનની અવસ્થા લોકમાં સાધારણ પ્રાણીને પણ આવે છે તેથી '**પ્રસાધ્યમાન, તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબધવાળા) અનંત ધર્મોના સમુદાયરૂપ...**' લ્યો! જ્ઞાનથી અવિનાભૂત, અવિનાભાવી જાણવાના લક્ષણથી જુદો નહિ, જ્યાં જ્યાં જાણનાર ત્યાં ત્યાં જાણવાવાળો એ જાણવાનું લક્ષણ ત્યાં જાણનાર અને જાણનાર ત્યાં જાણવું લક્ષણ બેનું અવિનાભૂત છે. એ એકબીજા વિના હોઈ શકે નહિ. આહાહા..!

'**અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે.**' જ્ઞાન લક્ષણથી લક્ષ્ય થવા લાયક અભેદથી અનંત ધર્મવાળી આ મૂર્તિ એટલે સ્વરૂપ આત્મા છે. અનંત ધર્મવાળું સ્વરૂપ જે હું છું એમ પ્રસિદ્ધ જ્ઞાન દ્વારા પ્રસાધ્યમાન આત્મા છે માટે જ્ઞાનની પ્રસિદ્ધિ દ્વારા પ્રસાધ્યમાન આત્માને સિદ્ધ કરવા માગે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માં આમાં શું કામ હશે? આવી .. વાતું! વેપારી જેવી વાતું હોય તો. પણ આ એના જ્ઞાનના ન્યાયની વાત કાઢે છે. વેપારી વેપાર કરવાની વાત છે. કેટલાક કહે, આવી બધી આવી વાતું એકદમ ભગવાનને? ભગવાને એમ કહ્યું છે. બાપુ! તને ખબર નથી. એ જ્ઞાન જાણનાર... જાણનાર... જાણનાર... જે આત્મામાં થાય છે ને? એ જાણનાર તે પ્રસિદ્ધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે એનાથી લક્ષ્ય પ્રસિદ્ધ કરવું છે અને એ લક્ષણ ને લક્ષ્ય કોઈ જુદી ચીજ નથી, પણ એ દ્વારા એને જાણવાનું પ્રસિદ્ધપણું છે અને જેનું લક્ષ્ય છે એ જાણનાર જે વડે જણાય લક્ષણ દ્વારા એ લક્ષમાં નથી એને. લક્ષમાં રાગ ને પુણ્ય ને શરીર એ લક્ષમાં છે. સમજાણું કાંઈ? એથી લક્ષણ આ દ્વારા અંદરમાં વાળતા અનંત ધર્મની મૂર્તિ ભગવાન આત્માથી પ્રસિદ્ધ થાય છે એમ કહે છે.

'**(-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો) અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ...**' લ્યો! સમુદાયરૂપ મૂર્તિ. સમુદાય મૂર્તિ શબ્દ પડ્યો છે. અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ, સમુદાયસ્વરૂપ આત્મા એમ. આખી મૂર્તિ એવો છે આત્મા કહે છે. '**અનંત ધર્મોના...**' જ્ઞાન, દર્શન, આનંદ એક, અનેક, નિત્ય, અનિત્ય આદિ આ બધા ધર્મો આવ્યા હોં. અનિત્ય ધર્મ આમાં છે. નિત્ય, અનિત્ય આદિ, એક, અનેક આદિ અને શક્તિઓ પછી લેશે હવે. એવા અનંત ધર્મનો, અનંત ગુણનો, અનંત સ્વભાવનો સ્વરૂપ, રૂપ એવો આત્મા. જ્ઞાન દ્વારા જાણવાના લક્ષણ દ્વારા એ લક્ષ્યને પ્રસિદ્ધ થતાં એની સાથે અવિનાભૂત છે, અવિનાભાવી એવો આત્મા અનંતધર્મની મૂર્તિ એવો ભગવાન આત્મા અનુભવમાં આવે છે. પ્રસિદ્ધમાં થાય છે. કહો, સમજાણું કાંઈ?

'**જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળા અનંત ધર્મોના સમુદાયરૂપ મૂર્તિ આત્મા છે. (જ્ઞાન પ્રસિદ્ધ છે; અને જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી સંબંધ છે...**' અવિનાભાવી એટલે જ્ઞાન છે ત્યાં આત્મા અને આત્મા છે ત્યાં જ્ઞાન એમ. આત્મા વિના જ્ઞાન નહિ અને જ્ઞાન વિના આત્મા નહિ. એવા '**અનંત ધર્મોના સમુદાયસ્વરૂપ આત્મા તે જ્ઞાન વડે પ્રસાધ્યમાન છે.)**' એ લક્ષણ દ્વારા સાબિત અને અનુભવ કરવાલાયક છે. ભારે વાત! આ જાણવાનું લક્ષણ છે. એ દ્વારા અંતર્મુખ લક્ષ્ય દ્રવ્ય અવિનાભાવી છે. એનું લક્ષ્ય જે દ્રવ્ય એ પ્રગટ થાય છે. દૃષ્ટિમાં આખું દ્રવ્ય પ્રગટ થાય છે એમ કહે છે. લક્ષણ દ્વારા વસ્તુને જોતાં, એના લક્ષ્યને જોતાં આખું દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય છે, અનંતધર્મવાળી ચીજ છે, નિત્ય-અનિત્ય છે, એક-અનેક છે, શુદ્ધ છે, અશુદ્ધ આદિ નથી. એવા ધર્મથી અનંતગુણનો પિંડ પ્રભુ પ્રસિદ્ધ થાય છે. એના જ્ઞાનમાં પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? આ લુખું લાગે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- .. આમાં કાંઈ કરી શકાય, ન કરી શકાય એવી વાત હોય તો.. આ તો કહે લ્યો! ભાઈ આ ખાઈ શકાય નહિ, લ્યો આ વાણી જડનું કરી શકાય નહિ એ તો ઠીક સમજાય. આ શું કહે છે? બાપુ! તારા ઘરની વાત કરે છે. ભાઈ! તું જ્ઞાનના લક્ષણે તો પ્રસિદ્ધ છે. અને એ પ્રસિદ્ધ જેને લક્ષ્ય નથી એને પ્રસિદ્ધ દ્વારા પ્રસાધ્યમાન સિદ્ધ

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



કરવા આત્મા એને જણાવે છે. જો ભાઈ! આ જ્ઞાનલક્ષણ આ લક્ષ કરાવે છે. એનું એ લક્ષ્ય છે. આ લક્ષ્યનું લક્ષણ. આ દ્રવ્યનું એ લક્ષણ છે, આ વસ્તુનું એ લક્ષણ છે એમ જ્ઞાન લક્ષણ દ્વારા અંતર જોતા આખા દ્રવ્યને સિદ્ધ જ્ઞાનની પર્યાયમાં આખું દ્રવ્ય અનુભવમાં આવે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ એ તો અનંતાગુણો આવી ગયા અનુભવમાં. આખું દ્રવ્ય કીધું ને? અનંતધર્મોનો સમુદાય એવો ભગવાન.. થયું તો જ્ઞાનમાત્રમાં એવો સંબંધ છે કહે છે. જ્ઞાનપ્રસિદ્ધ છે, જ્ઞાન સાથે જેમનો અવિનાભાવી જ્ઞાન હોય ત્યાં આત્મા અને આત્મા હોય ત્યાં જ્ઞાન. જ્ઞાન ન હોય ત્યાં આત્મા નહિ અને આત્મા નહિ ત્યાં જ્ઞાન નહિ. એવો જ્ઞાન હોય ત્યાં આત્મા અને આત્મા હોય ત્યાં જ્ઞાન. રાગ હોય ત્યાં આત્મા અને આત્મા હોય ત્યાં રાગ એમ નહિ. વ્યવહાર હોય ત્યાં આત્મા અને આત્મા હોય ત્યાં વ્યવહાર એમ નહિ. જુઓ એમ કહે છે.

જ્ઞાનના લક્ષણે પ્રસિદ્ધ પ્રસાધ્યમાન સિદ્ધ કરવા લાયક, અનુભવ કરવા લાયક, અનંતધર્મનો પ્રભુ ભગવાન એ સિદ્ધ થાય છે. અનુભવમાં અનંત ધર્મવાળો આત્મા ગુણથી અને પર્યાયથી છે તેમ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? '**માટે જ્ઞાનમાત્રમાં અચલિતપણે સ્થાપેલી દૃષ્ટિ વડે,...**' જુઓ! આ જ્ઞાન જાણનાર છે આ લક્ષણ, એમાં જઈને અચલિતપણે-ચળે નહિ એ રીતે, સ્થાપેલી દૃષ્ટિ વડે અંતરમાં દૃષ્ટિ કરતાં, જ્ઞાન લક્ષણ વડે અંતરમાં દૃષ્ટિ કરતાં. જુઓ બધો આ જ ખ્યાલમાં આવે છે એમ કહે છે. '**ક્રમરૂપ અને અક્રમરૂપ પ્રવર્તતો,...**' એકલો દ્રવ્ય ધ્રુવ એમ નહિ. ક્રમે પ્રવર્તતી પર્યાયો અને અક્રમે પ્રવર્તતું ગુણ અને દ્રવ્ય.

જ્ઞાન લક્ષણ દ્વારા, લક્ષ્ય નામ અનંતધર્મનું રૂપ ભગવાન આત્મા પ્રસાધ્યમાન અનુભવમાં આવતા એને ક્રમ અને અક્રમ બધા ગુણોનું સ્વરૂપ ભાન આવે છે. '**તદ્-અવિનાભૂત (-જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો)...**' ક્રમે ક્રમે પર્યાય થાય અને અક્રમે ગુણ આદિ તે દ્રવ્ય એ બધું જ્ઞાનના અનુભવમાં આવે છે. સમયસાર જિનરાજ હૈ. આવે છે ને? સ્યાદ્વાદ જિનવેણ... પછી શું છે? '.. જિન નિર્ગ્રંથતા...' મુનિ. '.. કરે સુખ ચેન.' દેવ-શાસ્ત્ર અને ગુરુ. એમ લઈ લીધા ત્રણ.

કહે છે કે ભગવાન આત્મા આ ધર્મ કેમ થઈ શકે એની વાત ચાલે છે. જ્ઞાન જાણનાર જે છે અહીં લક્ષણ હો પર્યાયનું, એ લક્ષણ આ દ્રવ્યનું છે એમ દ્રવ્યની પ્રસિદ્ધિ થતાં ક્રમે ક્રમે થતી અવસ્થાઓ અને અક્રમે રહેતા અનંતાગુણો એ બધાનો દ્રવ્યસ્વભાવ અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ? '**(જ્ઞાનની સાથે અવિનાભાવી સંબંધવાળો) અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો...**' અનંત ધર્મ શબ્દે બધા હોં! નિત્ય, અનિત્ય, એક, અનેક, જ્ઞાનદર્શન અનંત અને એની પર્યાય જુઓ! આખો આત્માનુભવ એમ કહે છે અહીં તો. '**અનંતધર્મસમૂહ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Updates at http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org



**જે કાંઈ જેવડો લક્ષિત થાય છે,...**' જેવડો જે લક્ષમાં આખો આત્મા આવે છે અંદર '**તે સઘળોય ખરેખર એક આત્મા છે.**' પર્યાયનું અનેકપણું, ગુણોનું અનેકપણું, બધો થઈને એકરૂપ આત્મા અનુભવમાં આવે છે. બધો થઈને એક એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

'**અનંતધર્મસમૂહ જે કાંઈ જેવડો લક્ષિત...**' લક્ષમાં ધ્યેયમાં આવે છે '**તે સઘળોય...**' પર્યાય અને ગુણ, ક્રમ અને અક્રમ બધો તે એક આત્મા છે. એને રાગ અને પરની સાથે કાંઈ સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? આ એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. આહાહા..! જ્ઞાનમાત્રથી આત્મામાં અંતર જતાં જ્યાં સ્થિર થયો એથી ક્રમે ક્રમે થતી અવસ્થા અને અક્રમે બધો એવડો આખો આત્મા અનુભવમાં આવે છે એને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહે છે. લ્યો! ભારે કામ! પંડિતજી!

'**આ કારણે જ અહીં આત્માનો જ્ઞાનમાત્રપણે વ્યપદેશ છે.**' લ્યો! સરવાળો કર્યો. હવે પ્રશ્ન કરશે. આગળ વિશેષ સ્પષ્ટ કરવા માટે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com